वर्ष २६ मुं
ग्रंथांक
२९३ थी २९८

विविध ग्रंथमाळा

सं० १९९३
फाल्गुनथी
श्रावण

વાર્ષિક રૂ. ૫) પોસ્ટેજ માફ.

તંત્રી ભિક્ષુ-અખંડાનંદ

वैदिक-विनय

खंड १,२,३-सचित्र

સારાં પુસ્તકો વાંચવાં, વાંચવા પ્રેરવાં,
એ સજ્જનોનું ભૂષણ છે.

प्रसिद्धिस्थान-सस्तु साहित्य वर्धक कार्यालय

अमदावाद
ભદ્ર પાસે

મૂલ્ય રૂપિયા ૨॥।

मुंबई-२
કાલબાદેવી

સં ૧૯૯૪
ગ્રંથાંક
૨૯૩ થી ૨૯૫

विविध ग्रंथमाला

ઈ০ ૧૯૩૮
જાન્યુઆરી
પ્રથમ

વાર્ષિક રૂ. ૫) ગ્રાહકોને મળે.
યોજી ભિક્ષુ—અખંડાનંદ

वैदिक-विनय

खंड १,२,३—सचित्र

સારાં પુસ્તકો વાંચવાં, વાંચવા પ્રેરવાં,
એ સજ્જનોનું ભૂષણ છે.

प्रसिद्धिस्थान—सस्तु साहित्य वर्धक कार्यालय

अमदावाद
ભદ્ર પાસે

મૂલ્ય રૂપિયા ૨॥

मुंबई—२
કાલબાદેવી

20

ना वर्जित
क पुस्तक
रखने के

अगत्यनो सुधारो

આ પુસ્તકના પૃષ્ઠ ૧૮૮ ની ૮ મી લીટીમાં તેમજ તેજ પૃષ્ઠની લીટી ૨૭ માં (અવાજ કરનાર) એમ છપાયું છે તે સુધારીને (સાધનમાં અપ્રવૃત્તિ) એ પ્રમાણે વાંચવું.

[illegible] दिये [illegible]
देवशर्मा
७-६-५८

१६५२०
३०.६.५८

ग १५
५

स्टाक प्रमाणीकरण १९८४-१९८५
पुस्तकालय
गुरुकुल कांगड़ी

५

१५ ग
५

'વિવિધ ગ્રંથમાળા' સળંગ અંક ૨૯૩ થી ૨૯૮, વર્ષ ૨૬ મું, સં. ૧૯૯૩

वैदिक-विनय

खंड १,२,३-सचित्र

१५ ग
५

પં. શ્રી. દેવશર્મા 'અભય' વિદ્યાલંકારના મૂળ હિંદી ગ્રંથ પરથી

अनुवादकः-श्री. सेवानंद-मु. शिंकियारी

पुस्तकालय
गुरुकुल कांगड़ी

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशकः भिक्षु-अखंडानंद
અમદાવાદ અને મુંબઈ-૨

CHECKED 1973
Initial

આવૃત્તિ પહેલી, પૃષ્ઠ ૮૪૦, પ્રત ૫૩૦૦, સં. ૧૯૯૩
મૂલ્ય રૂ. ૨ાા, ટપાલખર્ચ જુદું

અમદાવાદ–“ સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ” માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

प्रकाशकनुं निवेदन

"વિવિધ ગ્રંથમાળા"ના છવીસમા (સં. ૧૯૯૩ના) વર્ષના ગ્રંથાંક ૨૯૩ થી ૨૯૮ તરીકેનું આ બીજું પુસ્તક છે.

આ ગ્રંથ મૂળ હિંદી ભાષામાં ગુરુકુલ વિશ્વવિદ્યાલય, કાંગડી તરફથી જુદા જુદા ત્રણ ખંડોમાં સં. ૧૯૮૮, ૧૯૮૯ અને ૧૯૯૦માં પ્રકટ થયો હતો અને તે "શ્રી શ્રદ્ધાનંદ સ્મારક નિધિ"ના સભાસદોને ઉપર્યુક્ત સંસ્થા તરફથી ભેટ આપવામાં આવ્યો હતો. તે ત્રણે ખંડોનો આ ગુજરાતી અનુવાદ એક ગ્રંથરૂપે સાદર રજુ થાય છે.

આ ગ્રંથના મૂળ લેખક પં. શ્રી. દેવશર્માં "અભય" વિદ્યાલંકારની અન્ય પ્રસાદી "હૃદયતરંગ અને બ્રાહ્મણની ગૌ" 'વિવિધ ગ્રંથમાળા'ના વાચકો આ અગાઉ પ્રાપ્ત કરી ચૂક્યા છે. આજે તેજ લેખકનો આ ઉત્તમ ગ્રંથ મેળવવાને વાચકવર્ગ ભાગ્યશાળી થાય છે.

આ ગ્રંથમાં વેદમાંના ઉત્તમોત્તમ મંત્રો ચૂંટી કાઢીને આધુનિક દેશકાળને અનુરૂપ પ્રાર્થનારૂપે આપવાનો લેખકે સ્તુત્ય અને વિદ્વત્તાભર્યો પ્રયાસ કર્યો છે. તેમાં અનેક ઉચ્ચ કોટિના આદર્શો અપાયેલા જણાશે. વેદમંત્રોનો માત્ર મુખપાઠ કરી જવા કરતાં તે તે મંત્રોના અર્થ જાણીને તેનું ખરૂં રહસ્ય સમજવું એજ વેદના યથાર્થ અધ્યયનનો મુખ્ય હેતુ છે. અસ્તુ.

આ ગ્રંથની ઉપયોગિતા તેમજ તેને લગતું મૂળલેખકનું જરૂરી વિસ્તૃત વિવેચન પુસ્તકની શરૂનાં પૃષ્ઠોમાં આપેલું છે તે અવશ્ય વાંચવા વિનંતિ છે. કારણ કે તેમાં તેઓશ્રીએ ગ્રંથનો ઉદ્દેશ, રચના ઇત્યાદિને લગતી જરૂરી હકીકતો આપેલી છે. વળી આ ગ્રંથ હિંદીમાં જુદા જુદા ત્રણ ખંડોમાં પ્રસિદ્ધ થયેલો તેથી તેના બીજા-ત્રીજા ખંડ માટે મૂળ લેખકનું જે આવશ્યક નિવેદન તે તે ખંડોમાં છપાયેલું તે પણ આ પછીના પૃષ્ઠમાં આપેલું છે.

મંત્રોનો ભાવ ચિત્રો દ્વારા પ્રદર્શિત કરવાના હેતુથી મૂળ ગ્રંથકારે છ ચિત્રો તૈયાર કરાવીને મૂળ હિંદી પુસ્તકોમાં આપેલાં તેમાંનાં ચાર ત્રિરંગી ચિત્રો આ ગ્રંથમાં યથાસ્થાને અપાયાં છે.

પુસ્તકના ભાષાંતર માટે નિષ્કામ ભાવે પરવાનગી આપવા બદલ તેમજ તેમાંનાં ચિત્રોના બ્લોક પણ છાપવા આપવા બદલ મૂળ લેખક મહાશય પં. શ્રી. દેવશર્મા "અભય" વિદ્યાલંકારનો અંતઃકરણપૂર્વક અત્રે આભાર માનવામાં આવે છે.

અંતે વેદના મધુરૂપ એવા આ ગ્રંથનું અધ્યયન-મનન કરીને વાચક તે સત્ય માર્ગને શોધી તેના મૂળ નિર્માતાને (વેદ ભગવાનને) પામવા પ્રયત્નવાન થશે એવી અભિલાષાપૂર્વક **ૐतत्सत्**

શ્રાવણી પૂર્ણિમા-સં. ૧૯૯૩ **ભિક્ષુ-અખંડાનંદ**

मूळलेखकनुं आवश्यक निवेदन

(દ્વિતીય તેમજ તૃતીય ખંડ માટેનું)

આ પુસ્તક વાંચવાની શરૂઆત કરતા પહેલાં વાચકે જે જે જાણવાનું જરૂરી છે તે બધું 'પ્રારંભિક વિવેચન' એ મથાળા હેઠળ કહી દીધું છે. તેનું ફરીથી પુનરાવર્તન કરવું ઉચિત નથી, તેમ તેનો સારાંશ આપવો પણ વાજબી નથી; કેમકે જે કાંઇ લખ્યું છે તે બધુંજ જરૂરી છે, તેનો કોઇ પણ અંશ છોડી દેવા જેવો નથી. માત્ર વાચકને એટલીજ પ્રાર્થના છે કે, બીજા ભાગનું વાચન શરૂ કરતા પહેલાં "પ્રારંભિક વિવેચન"માં જે કાંઈ લખ્યું છે તેનું ફરીથી એક વાર જરૂરી વાચન કરી જવું. તેના વિના આ ભાગનું વાચન વ્યર્થ જશે; કેમકે તેનું તાત્પર્ય જરા પણ નહિ સમજાય. એ ભૂમિકામાં કયી કયી બાબતોનો સમાવેશ કર્યો છે તેનો વાચકની જાણ માટે અત્ર ઉલ્લેખજ માત્ર થઈ શકે છે. એ બાબતો નીચે પ્રમાણે છેઃ-

(૧) આ પુસ્તકની રચનાનો ક્રમ કેવા પ્રકારનો છે? આ પુસ્તક લખવાનો પ્રારંભ કેવી પરિસ્થિતિમાં અને કેટલી તૈયારી કર્યા પછી કર્યો છે?

(૨) આ પુસ્તકનો સ્વાધ્યાય કેવી રીતે કરવો જોઇએ? સ્વાધ્યાય કરવા માટે પાંચ બાબતો જે ઘણીજ જરૂરી છે તે બતાવી દીધી છે.

(૩) મંત્રોના છંદની પસંદગીનું અને ક્રમનું શું ધોરણ રાખ્યું છે અને શા હેતુથી તેમ કર્યું છે?

(૪) આ પુસ્તકની દૈનંદિની (રોજનિશી) ને માટે સૌર વર્ષ પસંદ કરવાનાં શાં કારણો છે?

(૫) પ્રત્યેક ઋતુના પ્રારંભમાં જે ઋતુચર્યા લખી છે તેને યથાવત્ સમજી લેવા માટે તથા તેનો અમલ કરવા માટે કયી કયી બાબતો ખાસ જાણી લેવી જોઇએ?

(૬) પ્રત્યેક મહિનાને માટે જે પ્રાણદાયક કસરતની રીત બતાવી છે તે કયા સિદ્ધાન્તો ઉપર રચાઇ છે? એ કસરતોનો પૂરેપુરો લાભ લેવા સારૂ કયી કયી જરૂરી બાબતો ઉપર ખાસ લક્ષ આપવું જોઇએ અને તે શા માટે?

કૃષ્ણ ભવન, લાહોર
૯-૧૨-૧૯૯૦

સ્વાધ્યાયશીલ જનોનો સેવક-
'અભય'

हवेनुं पुस्तक वी. पी. थी मोकलाशे.

૧–વિવિધ ગ્રંથમાળાનું સં. ૧૯૯૩ નું છેલ્લું પુસ્તક બાકી રહ્યું તે સં. ૧૯૯૪ ના કારતક વદીમાં વી. પી. થી મોકલાઈ તે વર્ષનું મૂલ્ય રૂ. ૫) મંગાવી લેવાશે. માટે એ વિષે જેમને નીચલામાંનું કે એવું બીજું કાંઇ લખવું હોય તેઓને આ પુસ્તક પહોંચેથી આસો વદી ૦)) સુધીમાં લખી મોકલવા વિનંતિ છેઃ—

क–જેમને નવા વર્ષથી નવા ગ્રાહક થવું હોય,

ख–જેમને ગ્રાહકમાંથી નીકળી જવું હોય,

ग–જેમને પોતાના શિરનામામાં ફેરફાર કરાવવો હોય,

घ–જેમને પુસ્તકો રજીસ્ટર પોસ્ટથી મેળવવા માટે રૂ. ૦॥ વધુ ભરવો હોય.

૨–આમ પ્રથમથી સૂચના અપાયા છતાં એ વિષે જે સવેળા નહિ લખે અને વી. પી. પાછું વાળશે, તે એ છેલ્લું પુસ્તક ગુમાવશે.

૩–જે ગ્રાહકો ઉપલું વાર્ષિક મૂલ્ય સં. ૧૯૯૩ના આસો વદી ૦)) સુધીમાં પોતાના રજીસ્ટર નંબર સાથે મની ઑર્ડરથી અથવા બીજી રીતે **અમદાવાદ** કે **મુંબઈ**ના કાર્યાલયમાં ભરીને પાવતી મેળવશે, તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી. નહિ પણ સાદી રીતે મોકલાશે.

વળી જેમણે નવા વર્ષથી ગ્રાહકમાં રહેવાની ના લખી હશે, તેમજ જે લાયબ્રેરીઓ વગેરે **વડોદરા**ના "પુસ્તકાલય સહાયક સહકારી મંડળ" દ્વારા પૈસા ભરે છે તેમને, તથા જ્યાં જ્યાં વી. પી. જઇ શકતાં નથી ત્યાં ત્યાં પણ ઉપલું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે; અને લવાજમ મળ્યેથી નવા વર્ષનાં પુસ્તક મોકલવાં જારી થશે.

૪–આફ્રિકા વગેરે દેશાવરના ગ્રાહકોને વી. પી. મોકલી શકાતાં નહિ હોવાથી તેમને છેલ્લું પુસ્તક નિયમ પ્રમાણે રજીસ્ટર બુકપોસ્ટથી મોકલાશે. તેમને દરેક પુસ્તક રજીસ્ટર કરાવીનેજ મોકલાતાં હોવાથી તેમજ પોસ્ટેજ ખર્ચ પણ વધારે થતું હોવાથી અને અહીં શીલીંગ દીઠ ૦॥≈॥ ઉપજતા હોવાથી તે સજ્જનોએ રૂ. ૮) અથવા શીલીંગ ૧૨) મોકલી આપવા, જેથી નવા વરસનાં પુસ્તકો મોકલવાં ચાલુ રહી શકે.

૫--બ્રહ્મદેશ માટેના પોસ્ટના દર આફ્રિકા જેટલાજ થયા હોવાથી ત્યાંના ગ્રાહકોનું લવાજમ આફ્રિકા જેટલું રૂ. ૮) રાખવામાં આવ્યું છે એટલે તેમને રૂ. ૫)ને બદલે રૂ. ૮)નું વી. પી. મોકલાશે અને હવેથી તેમને દરેક પુસ્તક રજીસ્ટર બુકપોસ્ટથી મોકલી અપાશે.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે–**અમદાવાદ** અને કાલબાદેવી રોડ–**મુંબઇ**

अनुक्रमणिका

માસ ... પૃષ્ઠ

પ્રથમ ખંડ

પ્રારંભિક વિવેચન ... ૧
વસંત ઋતુ ... ૨૭
વસંતની ઋતુચર્યા ... ૨૮
ચૈત્ર માસ ... ૩૧
ચૈત્ર માસ (મીન રાશી) માટે પ્રાણવર્ધક વ્યાયામ ... ૩૨
વૈશાખ માસ ... ૯૯
વૈશાખ માસ (મેષ રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૧૦૦
ગ્રીષ્મ ઋતુ ... ૧૭૧
ગ્રીષ્મની ઋતુચર્યા ... ૧૭૨
જ્યેષ્ઠ માસ ... ૧૭૫
જ્યેષ્ઠ માસ (વૃષ રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૧૭૬
આષાઢ માસ ... ૨૪૭
આષાઢ માસ (મિથુન્ રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ... ૨૪૮

દ્વિતીય ખંડ

વર્ષા ઋતુ ... ૩૨૭
વર્ષાની ઋતુચર્યા ... ૩૨૮
શ્રાવણ માસ ... ૩૩૧
શ્રાવણ માસ (કર્ક રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૩૩૨
ભાદ્રપદ માસ ... ૪૦૭
ભાદ્રપદ માસ (સિંહ રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૪૦૮
શરદ્ ઋતુ ... ૪૭૩
શરદ્‌ની ઋતુચર્યા ... ૪૭૪
આશ્વિન માસ ... ૪૭૬
આશ્વિન માસ (કન્યા રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૪૭૭
કાર્તિક માસ ... ૫૩૯
કાર્તિક માસ (તુલા રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૫૪૦

માસ **પૃષ્ઠ**

તૃતીય ખંડ

હેમંત ઋતુ ૫૯૯
હેમંતની ઋતુચર્યા ૬૦૦
માર્ગશીર્ષ માસ... ... ... ૬૦૧
માર્ગશીર્ષ માસ (વૃશ્ચિક રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ... ૬૦૨
પૌષ માસ ૬૫૯
પૌષ માસ (ધનુ રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૬૬૦
શિશિર ઋતુ ૭૧૫
શિશિરની ઋતુચર્યા ૭૧૭
માઘ માસ ૭૧૯
માઘ માસ (મકર રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૭૨૦
ફાલ્ગુન માસ ૭૭૩
ફાલ્ગુન માસ (કુંભ રાશિ) માટે પ્રાણદાયક વ્યાયામ ... ૭૭૪
અધિક ફાલ્ગુન ૮૨૬

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૯	૫	વિરાજી માન	વિરાજમાન
૬૪	૧૯	પ્રાણકેન્દ્રા	પ્રાણકેન્દ્ર
૭૮	૧	વદિક વિનય	વૈદિક વિનય
૯૩	૪	ચતન્યયુકત	ચૈતન્યયુક્ત
૧૦૨	૮	**पानीम**	**पानीमें**
૧૧૦	૧૫	જનાતાની	જનતાની
૧૪૭	૧૨	અગ્નિચર્યા	અગ્નિચર્યા
૧૪૮	૧૬	**अग्नि**	**अग्निं**
૧૫૨	૨૭	**(हमं)**	**(हवं)**
૧૬૯	૧૨-૧૩	**(मृडय ति**	**(मृडयाति)**
૧૭૭	૧૯	તેથા	તેથી
૨૭૦	૧	।વનય	વિનય
૨૭૦	૧૩	સિવાવ	સિવાય
૨૭૪	૨૬	ચાખ્ખેચોખ્ખે	ચોખ્ખેચોખ્ખો
૩૦૭	૩૬	**केवलाघो**	**केवलाद्यो**

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૫૫	૧૬	સાકર	સાકાર
૩૬૧	૨૮	દ્રાહ	દ્રાહ
૩૬૭	૧૩	સ્થળ	સ્થૂળ
૩૭૮	૭	સ્થળ	સ્થૂળ
૩૯૧	૧૦	દ્ય અને	દ્યુ અને
૩૯૩	૧૮	સ્થળ	સ્થૂળ
૩૯૬	૩૧	કરવોને	કરવાને
૪૪૦	૨૨	(तन्तं)	(तन्तुं)
૪૪૯	૫	।વનય	વિનય
૪૪૯	૬	દ્યલોકમાંથી	દ્યુલોકમાંથી
૪૫૨	૧૨	સા ભાઇઓ !	સૌ ભાઇઓ !
૪૫૪	૨૬	દૈવ મનથી	દૈવ્ય મનથી
૪૬૬	૮	વ્યતીક	વ્યતીત
૪૬૭	૨૦	રહુ,	રહું,
૪૭૫	૧	ભાદ્રપદ	શરદ્દની ઋતુચર્યા
૪૯૬	૩૦	સ્થલ અગ્નિની	સ્થૂલ અગ્નિની
૫૨૧	૯	ખૂબઉં ધ્યો	ખૂબ ઉંધ્યો
૫૨૧	૧૨	વ્યતીતક યોં;	વ્યતીત કર્યો;
૫૭૬	૧૫	વાર્યનું	વીર્યનું
૫૮૮	૧૪	સમાધિઓ	સમિધાઓ
૬૫૨	૧૫	અશાક્ત	અશક્તિ
૬૫૩	૨૭	છિદ્રાને,	છિદ્રોને,
૬૮૦	૩૬	અભાતિક	અભૌતિક
૬૯૧	૨૭	ગારવયુક્ત	ગૌરવયુક્ત
૭૦૯	૩	ગૌએ	ગૌઓ
૭૧૩	૯	મોટા મોટ	મોટામોટા
૭૧૩	૨૬	આધષ્ઠાતા	અધિષ્ઠાતા
૭૨૫	૭	દ્યૌ–દ્યલોક	દ્યૌ–દ્યુલોક
૭૨૬	૧૪	દ્યલોક	દ્યુલોક
૭૪૯	૨૭	આગ્નસંદીપન	અગ્નિસંદીપન
૭૮૫	૨૩	હારતો	હરિતો

श्री रामायणनुं महत्त्व

प्रीति करै रामायण माहीं, तेही सम भाग्यवंत कोउ नाहीं ॥

“રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે.” **વિવેકાનંદ**

“રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે, તેટલો કોઈ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી.” **બંકિમચંદ્ર**

“કાવ્યનાં બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઇ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી. તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના “ઇલિયડ” તથા “ઇનીડ” અને મિલ્ટન કવિનો ‘પેરેડાઇઝ લૉસ્ટ’ પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે! કદાચ કોઇ કાવ્યશક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે, પણ તેઓના કાવ્યનાયકો ઍકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં બહુ ઉતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરે છે તે યોગ્યજ છે.” **ચિં. વિ. વૈદ્ય**

“રામાયણને વાંચીને અમે કંઇકના કંઇક બની રહીએ છીએ. અમારામાં ઉંચા ઉંચા ખ્યાલ ઉપજી મનુષ્યના ભૂષણરૂપ સદ્ગુણો આવી હાજર થાય છે. સત્યાચરણ, પિતૃભક્તિ, પતિવ્રતાધર્મ, પતિકર્તવ્ય, પિતા–માતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા, સારાંશ કે માનુષી ગુણોનું એવું કોઇ ચિત્ર નથી કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં આલેખ્યું નથી.” **મિ. ગ્રેફ્ટ**

“રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવનચરિત્ર છે; પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનારા અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રોનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો સુખદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં રાખીને જે કોઇ તેના પ્રકાશમાં ચાલે છે તે જીવનયુદ્ધમાં કદી પણ હારવાનો નહિ.” **સંતરામ શર્મા**

“એમાં સ્ત્રીસમાજની શક્તિ, પવિત્રતા તથા મહત્તા વિષે જેવો

પ્રકાશ સમાયેલો છે; તેવો બીજા કોઇ પણ ગ્રંથમાં નથી દેખાતો.”

“ મેં મારી કોમના કેટલાય વિવાહોમાં કન્યાઓને રામાયણ દહેજમાં આપી છે, કે જેથી તે પતિવ્રત ધર્મ પાળનારી થઇને સ્ત્રીજાતિની મહત્તા માટે ગર્વ રાખે. આથી જો કે મારી જ્ઞાતિએ તો મને કલંકિત કરવાનું બીડું ઉઠાવેલું, પરંતુ મેં સ્પષ્ટ કહી દીધું કે રામાયણ કંઇ માત્ર હિંદુ સમાજનોજ ગ્રંથ નથી, પણ આખી દુનિયાના માણસોની સંપત્તિ છે. × × હાલમાં પશ્ચિમની સભ્યતાએ ભારતીય આદર્શની ભવ્યતાને ટાળવા–ભૂંસવામાં કસર નથી રાખી; અને તેથી અમારી નૈતિક શક્તિ પ્રાયઃ બધાંજ ધર્મકાર્યોને માટે ક્ષીણ થતી ચાલી છે.” **સૈયદ કાસીમઅલી સાહિત્યાલંકાર**

ग्रंथसेवननो महिमा

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના–સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

“તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે.” **સ્વામી વિવેકાનંદ**

“પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર થાત નહિ; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર્વિચાર પણ કરી શકશો.” **મહાત્મા ગાંધીજી**

“જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે ને પુસ્તકો તે એ સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો એ આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો એ તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી

નોટો છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો એ આપણને રહેવા લાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર થયેલા રોટલા છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે તથા પુસ્તકો તે એ પરમાત્માનો રસ્તો દેખડનારા પૂજનીય દેવો છે."

"સ્વર્ગનાં રત્નો"

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઇ પણ કામમાં નથી મળતો. × × × માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી. × × × બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં છે, પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. × × × સાહિત્ય–ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે."

બંકિમચંદ્ર

"ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી." **માર્ડન**

"પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઇશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શું તફાવત ?"

"સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે, તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષે અનુમાન થાય છે."

"એકાદ ઉત્તમ ગવૈયો ઇચ્છે ત્યારે જેમ પોતાના વાજીંત્રમાંથી

ચહાય તે સ્વર કાઢી આનંદ લે છે, તેમ એક વાંચનાર પણ જ્યારે ઇચ્છે ત્યારે એકાદ ઉત્તમ ગ્રંથમાંથી પોતાને મનગમતો અવાજ કાઢી આનંદમગ્ન થઇ શકે છે.”

“અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લેડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓએ તો ખુલ્લી વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ ?”

“ખોરાક વિનાના શરીરની પેઠે જ્ઞાન વિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર ઘર નહિ પણ નિર્માલ્ય તન–મનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોરજ છે.”

એક વિદ્વાન ઠીકજ કહે છે કે “વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઇ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદી છોડું નહિ.”

“પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મન રંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે.”

“એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કે ‘માણસને લૂગડાં–લત્તાંની જેટલી જરૂર નથી તેટલી પુસ્તકોની છે.’ તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાં સુધી લૂગડાં લેવાનું મુલતવી રાખતો. તેને સિસેરોનાં પુસ્તકો બહુ ગમતાં. તે વાંચતો ત્યારે ત્યારે ‘હું વધારે સારો થયો છું’ એમ તેને લાગતું.”

“ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકાર વૃત્તિને વિસ્તારે છે, અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે, તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે.”

“સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર પુસ્તકોનો શોખ રાખવો જોઇએ.”

“ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તોપણ એ ગ્રંથોજ માનસવાણીથી તમને કહેશે કે ‘અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લ્યો અને વાપરો, એટલે તમારૂં કલ્યાણ થશે.” શું આ માનસવાણી ઓછી કિંમતી છે ?

* * *

प्रारंभिक विवेचन

૧–અનુકૂળ સંયોગો

કાનપુરની જેલ બરાબર ગંગાના કિનારા ઉપરજ આવેલી છે. ગયા વર્ષના (સંવત ૧૯૮૭ના) શિયાળામાં મને ઉપરોક્ત ×'કૃષ્ણમંદિર'ની અંદર છ મહિના રહી આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. સૌભાગ્ય હું એટલા માટે કહું છું કે જ્યાં સુધી હું ત્યાં રહ્યો ત્યાં સુધી જેલનું સ્વાભાવિક કઠોર જીવન ગાળતાં તેમજ જેલના સ્વાભાવિક એકાંતવાસનું સેવન કરતાં હું મારા મનમાં હમેશાં એકજ વાતનો અનુભવ કર્યા કરતો હતો કે, ગંગાજીને કિનારે આવેલી આ તપોભૂમિમાં હું તપશ્ચર્યા કરવાને માટે આવ્યો છું; અથવા પરમાત્માએ મને એટલા માટેજ આ જગ્યાએ રહેવા મોકલ્યો છે. આવી રીતે તપ કરવાને માટે અનુકૂળ સ્થિતિ તો મને પ્રાપ્ત થઈજ હતી તેમાં વળી પૂરા એક મહિના સુધી મારે પગે લોખંડની બેડીઓ પહેરાવનાર કાનપુર જેલના ખાનબહાદૂર જેલર સાહેબ તથા જેલ સુપરિન્ટેન્ડન્ટ કર્નલ ઓ'નીલ સાહેબ, બેઉએ મારા હાથમાં લેખનસામગ્રી પણ મૂકી દીધી તે પ્રસંગે એ બેઉ સજ્જનોએ મારા ઉપર દર્શાવેલી કૃપાને માટે હું તેમનો સદાને માટે કૃતજ્ઞ રહીશ. કારણ કે આ **"વૈદિક વિનય"** નામનું પુસ્તક તે એ કૃપાનુંજ પરિણામ છે. વર્ષના પ્રત્યેક દિવસને માટે જેમાં એક એક વૈદિક પ્રાર્થના હોય એવું એક પ્રાર્થનાપુસ્તક રચવાનો સંકલ્પ તો મારા મનમાં ચાર–પાંચ વર્ષ થયાં હતોજ. ખરૂં કહીએ તો પંજાબ પ્રાંતની આર્ય–પ્રતિનિધિ–સભાની અંતરંગ સભાને આવી જાતના એક પ્રાર્થના–પુસ્તકની જરૂર જણાઈ અને એ કાર્ય મને

× શ્રીકૃષ્ણનો જન્મ મથુરાના કારાગૃહમાં થયેલો તે ઉપરથી જેલનું એક નામ કૃષ્ણમંદિર, કૃષ્ણ શબ્દના ઉપર શ્લેષ કરીએ તો બીજો એક લાક્ષણિક અર્થ પણ થાય. **—અનુવાદક**

સોંપવામાં આવ્યું. ત્યારથીજ આવું એકાદ પુસ્તક તૈયાર કરવાની મને ઇચ્છા થયા કરતી હતી. હવે કાનપુર જેલમાં રહેવા આવ્યા પછી પૂરા બે મહિના સુધી માગણી કર્યા બાદ જ્યારે જેલના અધિકારીઓએ મને લખવાની પરવાનગી આપી અને લખવાની સામગ્રી પણ મને તેમણે અપાવી તથા એ બે મહિના દરમ્યાન અરજીઓ કર્યા છતાં મેં સહારનપુર જેલમાં શરૂ કરેલા મારા "અગ્નિહોત્ર રહસ્ય" નામના પુસ્તકનાં કાગળિયાં મને પાછાં મળ્યાં નહિ અને મળવાની આશા પણ રહી નહિ ત્યારે મેં વિચાર કર્યો કે, હવે તો ઉપર કહ્યું તેવા પ્રકારનું પ્રાર્થના–પુસ્તક તૈયાર કરવાના સંકલ્પનેજ અમલમાં મૂકવો. આ રીતે ૧૬ મા નંબરની 'બરાક'માં રહ્યાં રહ્યાં આ કાર્યની શરૂઆત થઇ અને પહેલા ચાર મહિનામાં "વૈદિક વિનય"નો અડધા ઉપરનો ભાગ લખી પણ નાખ્યો. અડધા ઉપરનો એટલા માટે કે આખા વર્ષને માટે જેટલા જોઇએ તેટલા વેદમંત્રોની પસંદગી કરી નાખી હતી અને લગભગ છ મહિના સુધીના મંત્રોના અર્થ પણ હું લખી ચૂક્યો હતો.

૨–મારી તૈયારી

આ વૈદિક વિનય (પ્રાર્થનાઓ)ની તેના લેખકે કેટલા યત્નપૂર્વક અને કેટલા પ્રેમથી રચના કરી છે તે વાચકોએ જાણી લેવા જેવું છે.

પહેલાં તો મંત્રોના અર્થ ઉપર લક્ષ રાખીને અને અર્થનું ચિન્તન કરતા રહીને લેખકે ચારે વેદ એક વાર વાંચી લીધા; ત્યાર પછી એજ પ્રમાણે–અર્થાત્ અર્થ ઉપર સતત લક્ષ્ય રાખીને ઋતુ ઋતુને યોગ્ય છંદ અનુસાર ૩૬૫ વેદમંત્રો ચૂંટી કાઢીને તેમનો સંગ્રહ કર્યો. પછી મંત્રોના અર્થ લખવાની શરૂઆત કરતા પહેલાં યાસ્ક મુનિકૃત નિરુક્ત ગ્રંથ પહેલેથી છેવટ સુધી ખૂબ ઉંડા લક્ષપૂર્વક બે વાર સારી રીતે વાંચી લીધો. લેખક માને છે કે, તપશ્ચર્યા તેમજ અધ્યયનની ખામી, અગાઉથી બંધાઇ ગયેલા અભિપ્રાયને

હબસીની મૂઠની માફક વળગી રહેવાનો દુરાગ્રહ, પક્ષપાત અથવા ઉતાવળિયાપણું વગેરે કોઇ પણ કારણને લીધે વેદના મંત્રોના અશુદ્ધ અર્થ થઇ જાય તો તે મહાપાપ છે; એટલા માટે મંત્રોના સાચા અર્થ સમજી લેવાને માટે લેખકે પોતાની પૂરેપુરી શક્તિનો ઉપયોગ કરીને થઇ શકે તેટલો બધોજ પરિશ્રમ કર્યો છે. વળી જે વખતે જે મંત્રનો અર્થ લખવાનો હોય તે મંત્રનો અર્થ વિચારી લીધા પછી લખવાનો આરંભ કરતા પહેલાં તેને કંઠે કરીને હરતાં-ફરતાં ઘણા વખત સુધી તેનું મનન કરવાની ટેવ રાખી હતી. એ પ્રમાણે મોઢે કરેલા મંત્રનું વારંવાર મનમાં રટણ કરતાં કરતાં તેમજ ઉચ્ચ સ્વરે તેનું પારાયણ કરતાં કરતાં સૂઇ જવું અને બીજે દહાડે વળી પાછું સવારમાં પોતાની નિત્યની સંધ્યા, પ્રાર્થના અને અગ્નિહોત્ર વગેરે કર્યા પછીજ મંત્રનો અર્થ લખવાનો પ્રારંભ કરવો. આવા નિયમનું લેખકે બહુધા પાલન કર્યું છે. પોતાના મનને પૂરેપુરો સંતોષ થઇ જાય એટલો સ્પષ્ટ અર્થ આંખ આગળ આવીને ઉભો ન રહે ત્યાં સુધી અર્થનો એક અક્ષર પણ કદી લખ્યો નથી. કોઇ કોઇ વાર તો મનમાં જરા તરા સંદેહ પડી જવાથી અર્થ લખવાનુંજ થોડી વાર સુધી મુલતવી રાખી દીધેલું. લેખક પોતાના તરફથી બેધડક એટલી ખાત્રી આપી શકે છે કે, મંત્રોના વાસ્તવિક અભિપ્રાય સમજી લેવાને માટે તેણે બની શકે તેટલા વિકારશૂન્ય અને નિર્મળ મન વડે પોતાની બુદ્ધિ દોડાવી છે; ત્યાર પછી એક એક મંત્રના સાચા અર્થના બોધને માટે સર્વપ્રેરક પ્રભુની પ્રાર્થના કરીને અને માનસિક પવિત્ર સ્થિતિ ઉત્પન્ન કરીનેજ આ લેખનકાર્ય કરેલું છે. એટલા માટે વાચકોને પણ વિનવું છું કે, જો તમે પણ કંઇક આવા નિર્મળ ભાવથી આ પ્રાર્થનાઓનો પાઠ કરશો, તેમનું અધ્યયન તેમજ મનન કરશો તો વધારે લાભ થશે.

૩–પાઠ કરવાની રીત

સ્વાધ્યાયપ્રેમી વાચકોને પૂરતો અવકાશ હશે કે કેમ

તે તો શું કહી શકાય, પણ લેખક એવું ઇચ્છે છે કે વાચકો નીચે બતાવેલી રીત પ્રમાણે મંત્રોનો સ્વાધ્યાય કરે તો ઘણું સારૂં.

(૧) સ્વાધ્યાય દરરોજ થવો જોઇએ; એમાં કદી એક દિવસ પણ પડે નહિ.

પ્રત્યેક મંત્રને મથાળે તિથિઓનો આંક લખ્યો છે તે ઉપરથી કોઇએ એવું ન માની લેવું કે, અમુક તિથિએ અમુક મંત્રનો પાઠ કરવાનું ખાસ માહાત્મ્ય છે, પણ એ આંક એટલા માટે લખ્યા છે કે વાચક દરરોજ એક એક વૈદિક પ્રાર્થનામાં થઇને અચૂકપણે પસાર થાયજ; સ્વાધ્યાયમાં એક દિવસ પણ પડવા દે નહિ. આખું વર્ષ સ્વાધ્યાય અખંડભાવે ચાલ્યાજ કરે. પ્રસ્તુત પ્રાર્થનાપુસ્તક રચવાનું આ જાણે સૌથી પહેલું પ્રયોજન.

(૨) બની શકે તો સ્વાધ્યાયનો મંત્ર પહેલે દહાડે મોઢે કરી લેવો. આગલા દિવસનો સંધ્યાસમય આ કાર્યને માટે ઘણોજ ઠીક થઇ પડશે.

લેખકનો અભિપ્રાય એવો છે કે, વાચક વેદમંત્રો દ્વારા–વેદમંત્રોના શબ્દોમાંજ—પ્રાર્થના કરવા ટેવાઇ જાય. વેદની અંદર લગભગ તમામ ઉપદેશ અથવા જ્ઞાન પ્રાર્થનાના રૂપમાંજ આપેલાં દેખાય છે. તેથી કરીને લેખકને મનથી તો વેદનો પ્રચાર થએલો ત્યારે જ કહેવાય કે જયારે તે સમયના લોકો વેદના મંત્રોદ્વારા પ્રાર્થના કરતા થઇ ગયા હોય; તેમજ વેદના મંત્રોનો આશ્રય લઇ પોતાના સંકલ્પ–બળની જમાવટ કરવાની તથા તેનો સફળ પ્રયોગ કરવાની આવડત લોકોમાં આવી ગઇ હોય. એટલા માટે આપણે, વેદનો પ્રચાર થતો જોવાની ઈચ્છા રાખનારાઓએ, સમાજમાં એવી સ્થિતિ ઉત્પન્ન કરવી ઘટે છે કે જેથી લોકોને વેદના શબ્દોમાંજ ઈશ્વર--સ્તવન કરતાં આવડી જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે, જો વાચકોએ મંત્રને બરાબર મોઢે કરી લીધો હશે તોજ તેઓ વેદમંત્રોના શબ્દોમાં પ્રાર્થના

કરી શકશે. વળી અગાઉથી મંત્ર મોઢે કરી રાખ્યાથી મંત્રનો આશય સમજવામાં અને મનથી તે આશયના આનંદનો ઉપભોગ કરવામાં–અર્થાત્ મંત્રનો યથાવત્ સ્વાધ્યાય કરવામાં તેમને ખૂબ સહાયતા મળી રહેશે.

(૩) બીજે દહાડે સવારમાં સ્વાધ્યાય કરતી વેળા પુસ્તકમાંથી વેદમંત્ર વાંચવો અને તેની નીચે આપેલી વિનય–પ્રાર્થના વાંચીને સ્વાધ્યાય કરી લેવો.

ઉપર કહ્યો તેવા પ્રકારનો દૈનિક સ્વાધ્યાય બની શકે ત્યાં સુધી તો પતિ પત્ની તથા કુટુમ્બનાં બીજાં બધાં માણસો સાથે બેસીનેજ કરે એવું સ્પષ્ટ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. વળી જે કુટુંબોમાં નિત્ય અગ્નિહોત્ર કરવાનો નિયમ પળાતો હોય તે કુટુંબનાં માણસોએ તો અગ્નિહોત્ર કર્યા પછી અગ્નિકુંડની આસપાસ ભેગાં બેસીનેજ દરરોજ સ્વાધ્યાય કરી લેવો જોઇએ. ગમે તે એક જણ વાંચે અને બીજાં બધાં સાંભળતાં જાય. આવી રીતે સ્વાધ્યાય કરવાથી મંત્રોના અર્થ સમજવામાં તથા એકબીજાને સમજાવવામાં સહાયતા મળી રહેશે.

(૪) વિનયનું વાચન કરી રહ્યા પછી મંત્રના શબ્દાર્થનું ખૂબ ધ્યાનપૂર્વક વાચન કરવું જોઇશે. મંત્રનો શબ્દાર્થ વિચારતી વેળા સાથે સાથે એ પણ સારી રીતે જોઇ લેવું અથવા સમજી લેવું જોઇએ કે, મંત્ર રચનારે આટલા થોડામાં થોડા શબ્દોમાં આખા વિનયનો સંપૂર્ણ ભાવ કેવી ખુબીથી સમાવી લીધો છે.

વિનયમાં વિસ્તારપૂર્વક દર્શાવેલા તમામ વિચારો અને ભાવોને વાચક છેવટે મંત્રના શબ્દોમાંજ સમાવેલા જોઇ લે એવા હેતુથી આ પુસ્તકમાં મંત્રનો શબ્દાર્થ વિનયની પછી આપ્યો છે. ઉપર કહ્યો તે ઉદ્દેશ સિદ્ધ કરવાને માટે ઘણું કરીને વિનયનું વાચન ફરીથી એક અથવા બે વાર મનમાં કરી લેવું પણ પડે; વધુ નહિ તો ઓછામાં ઓછું એક વાર તો વિનયનું વાચન ફરીથી કરી લેવુંજ જોઇએ. એટલું કરશે તોજ આખા મંત્રનો અર્થ હૃદયંગમ થઇ જશે.

વિનયના શબ્દો પણ લેખકે ખૂબ વિચાર કરી કરીને ઘણીજ કાળજી રાખીને એવે પ્રકારે યોજ્યા છે કે મંત્રોના તમામ શબ્દોના અર્થ અને તેમનો પૂરેપુરો અભિપ્રાય વિનયની પ્રાર્થનામય ભાષામાંજ વાચકની આગળ સુસ્પષ્ટ થઈ જાય. વિનયના શબ્દો દ્વારા ઈશ્વરની પ્રાર્થના પણ કરી છે અને તેની સાથે સાથે મંત્રના એકે એક શબ્દના અર્થ અને અભિપ્રાયને પણ સ્પષ્ટ રીતે દર્શાવ્યા છે. વિનયના લેખનમાં ઘણે ઠેકાણે તેના પ્રાર્થનામય કલેવરમાં અને તેની ભાષામાં થોડોક બગાડો થાય તો ભલે થાય, પરંતુ મંત્રના શબ્દોના અર્થ અને અભિપ્રાયના પૂરેપુરા સ્પષ્ટીકરણમાં જરા પણ કચાશ ન રહે એ ધ્યેયને તો આંખ આગળથી કદી આઘું કર્યુંજ નથી. એટલા માટે વાચકોએ પણ વિનયના શબ્દોનું એક કરતાં વધારે વાર વાચન કરવું પડે તો કરવું, પરંતુ જ્યાંસુધી આખા મંત્રનો ભાવ મંત્રનાજ શબ્દો દ્વારા હૃદયમાં ન ઉતરી જાય ત્યાંસુધી સ્વાધ્યાયની સમાપ્તિ કરવી નહિ. વળી એ બધું કરી લીધા પછી—

(૫) તે મંત્રને—માત્ર વેદમંત્રનેજ—વાચક પુનઃ પુનઃ ગાય, આનંદપૂર્વક તેનું પારાયણ કરતો રહે. વધારે નહિ તો સાત વાર તો જરૂર ફરી ફરીને વાંચે અને મંત્રના અર્થનો એવી સરસ રીતે અનુભવ કરતાં કરતાં મંત્રગાન કરે કે જાણે એ મંત્ર તેના પોતાનાજ હૃદયમાંથી નીકળી રહ્યો છે અથવા તે પોતેજ જાણે તે મંત્રનો દ્રષ્ટા—ઋષિ છે; અને એમ કરતાં કરતાં મંત્રમાં દર્શાવેલ ભાવ, ભાવાવેશ તથા ભક્તિ વગેરે રસનો મનમાં પૂરેપુરો ઉદય થઈ જાય ત્યાં સુધી મંત્રનું પુનઃ પુનઃ રટણ કરતા રહેવું જોઇએ.

વેદમંત્રનો આશય વાચકે પૂરેપુરો ઝીલી લીધો છે કે નહિ તેની પરીક્ષા કરવાની ચાવીજ એ છે કે, જો તેણે પૂરેપુરો ભાવ ઝીલ્યોજ હશે તો મંત્રનું ફરી ફરીને રટણ કરવાની, ફરી ફરીને ગાયા કરવાની મનમાં કુદરતી રીતેજ ઇચ્છા થયા કરશે અને એવી રીતે ફરી ફરીને મંત્રગાન કરવામાં ખૂબ રસ પડતો જશે.

આર્ય સમાજમાં ભક્તિભાવની વૃદ્ધિ કરવાની ઘણીજ

જરૂર છે. વેદવર્ણિત ભગવદ્ભક્તિનો ફેલાવો કરવાના હેતુથી–અથવા એ દિશામાં કાંઇ ને કાંઇ સેવા કરવાના ઉદ્દેશથી–આ પુસ્તક તૈયાર કર્યું છે. ખરી વાત કહેવા જઇએ તો લેખકે પોતે આ મંત્રોનું મનન કરતાં કરતાં ભારે આનંદ અનુભવ્યો છે. ૧૯મા નંબરની બરાકમાં રહ્યાં રહ્યાં તેણે જે ઉંચા પ્રકારનું સાત્ત્વિક સુખ અનુભવ્યું છે તે તો તેનાથી જિંદગીભર ન વિસરાય એવું છે. તેટલો વખત મંત્રોના અર્થ સમજવાને માટે મંત્રોનું ધ્યાન અને મનન કરવામાંજ તેનું ચિત્ત નિમગ્ન થઈ જતું હતું અને એવી અવસ્થામાં મંત્રગાન કરતાં કરતાં એટલા વખત સુધી તો તેનું માનસ ઘણી ઉંચી ભૂમિકા ઉપર ચઢી જઇને ત્યાંજ અવસ્થિત થઇ જતું હતું. એમ છે તો પછી તો એના એજ વેદમંત્રોનો સ્વાધ્યાય બીજા કોઇ સહૃદય બંધુને તેના આત્માને ઉંચી સ્થિતિએ લઇ જવામાં મદદગાર નીવડે અને તેને પ્રેમરસમાં તરબોળ કરી દે તો તેના કરતાં બીજું રૂડું પણ શું ? સાચી વાત એ છે કે, કાંઇક આવી આશા અંતરમાં સેવીને અને તે ફળીભૂત થાય એવી પ્રાર્થના કરીને આ સંગ્રહને પ્રસિદ્ધિમાં મૂકવાનું–તેને છપાવીને કાંઇક સ્થાયી સ્વરૂપ આપવાનું–લેખકને મન થયું છે. તેની એ આશા–એ પ્રાર્થનાને કોઇ વાચક સફળ કરશે ?

૪–છંદ

આ વેદમંત્રોને ગાવાનું વર્ણન હમણાંજ કરી ગયા છીએ. લેખકને પોતાને સ્વરશાસ્ત્ર તેમજ સંગીત–વિદ્યાનું કાંઇજ જ્ઞાન નથી તો પણ આ સંગ્રહ તૈયાર કરતી વખતે તેણે મંત્રોના છંદ ઉપર લક્ષ આપ્યું છે. આ પુસ્તકમાં પ્રત્યેક ઋતુના મંત્રો તે તે ઋતુને અનુકૂળ છંદોમાં રચાયા હોય એવાજ આપ્યા છે. નિરુક્તના દૈવત કાંડમાં ઋતુઓ અને છંદોના સંબંધને વિષે નીચે પ્રમાણે કથન છેઃ—

૧...वसन्तो गायत्री त्रिवृत्स्तोमो रथन्तरं साम ।

(नि० दैवत ७-३-१)

२...ग्रीष्मः त्रिष्टुप् पंचदशस्तोमो बृहत्साम...॥
(नि० दैवत ७-३-२)

३...वर्षा जगती सप्तदशस्तोमो वैरूपं साम...॥
(नि० दैवत ७-३-४)

४...शरदनुष्टुप् एकविंशस्तोमो वैराजं साम...॥
५...हेमन्तः पंक्तिः त्रिणवस्तोमः शाक्करं साम इति॥
६...शिशिरोऽतिच्छन्दाः त्रयस्त्रिंशो सोमो रैवतं साम
(नि० दैवत ७-३-५)

નિરુક્ત સિવાય વેદની અંદર પણ કોઇ કોઇ ઠેકાણે ઋતુઓ અને છંદોના પરસ્પર સંબંધને વિષે ચર્ચા કરી છે. જેમકે યજુર્વેદના નીચેના મંત્રોમાંઃ—

१ अयं पुरो...वसन्तः प्राणायनो गायत्री वासन्ती...।
(य. १३-५४)

२ अयं दक्षिणा...ग्रीष्मो मानसः त्रिष्टुप् ग्रैष्मी...।
(य. १३-५५)

३ अयं पश्चात्...वर्षाः चाक्षुष्यो जगती वार्षी...।
(य. १३-५६)

४ इदमुत्तरात्...शरत् श्रात्र्यनुष्टुप् शारदी ...।
(य. १३-५७)

५ इदमुपरि...हेमन्तो वाच्यः पंक्तिर्हैमन्ती...।
(य. १३-५८)

ઉપર ટાંકેલા વેદમંત્રોનો તથા નિરુક્તનો ઋતુઓ અને છંદોના પરસ્પર સંબંધને વિષે બરાબર એકસરખોજ અભિપ્રાય છે. તફાવત જોવા જઇએ તો ફક્ત એટલોજ છે કે, નિરુક્તમાં છઠ્ઠી ઋતુનો 'અતિચ્છંદા' નામનો એક છંદ ગણાવ્યો છે, ત્યારે વેદના મંત્રોમાં માત્ર પાંચજ ઋતુઓનું વર્ણન છે. એટલા માટે લેખકે વસન્ત વગેરે પહેલી પાંચ ઋતુઓને માટે ગાયત્રી આદિ અનુક્રમે પાંચ છંદોના મંત્રો પસંદ કર્યા છે અને છઠ્ઠી શિશિર ઋતુને માટે નાના પ્રકા-

રના છંદોમાં રચાએલા મંત્રો આપ્યા છે. કયા છંદની કેવી રચના છે તે જાણવા માટે નીચે એક કોષ્ટક આપીએ છીએ:

ઋતુ	છંદ	પદ	અક્ષર	કુલ અક્ષર
વસંત	ગાયત્રી	૩	૮	૨૪
ગ્રીષ્મ	ત્રિષ્ટુપ	૪	૧૧	૪૪
વર્ષા	જગતી	૪	૧૨	૪૮
શરદ્	અનુષ્ટુપ	૪	૮	૩૨
હેમંત	પંક્તિ	૪ ૫	૧૦ ૮	૪૦
શિશિર	વિવિધ	....	....	....

૫—સૌર વર્ષ

આ પુસ્તકની દૈનંદિની (ડાયરી)ને માટે ‘સૌર વર્ષ’ પસંદ કર્યું છે. એક રાશિમાંથી બીજી રાશિમાં પસાર થતાં સૂર્યને જેટલો વખત લાગે તેટલા વખતનો એક મહિનો ગણીને એવા બાર મહિનાનું વર્ષ ગણ્યું છે. આવા મહિનાને સંક્રાન્તિ માસ અથવા સૌર માસ કહે છે. આપણા દેશમાં કેટલાંક કામોને માટે ચાન્દ્રતિથિઓ મુજબ કાર્ય કરવાનો રિવાજ ઘણો પ્રચલિત છે ખરો, પણ એક તો ચાન્દ્રમાસની તિથિઓની સંખ્યા હમેશાં ચોક્કસ નથી હોતી, વળી કશા ચોક્કસ ક્રમ વગર ગમે ત્યારે બેવડાય છે અથવા કોઈ કોઇ વાર લુપ્ત પણ થઈ જાય છે. આવું હોવાથી રોજનો નિયમિત સ્વાધ્યાય કરવાનું પુસ્તક એવા અચોક્કસ મહિના પ્રમાણે લખવાથી તેનો ઉપયોગ કરવામાં ઘડી અડચણ પડે; નિયમિતતા જળવાયજ નહિ. તેથી એવું પુસ્તક કોઇ પણ રીતે વ્યવહારૂ થઇ શકેજ નહિ. એથી કરીને પુસ્તકની રચના સૌર તિથિઓ મુજબ કરી છે. આપણા દેશમાં જ્યાં જ્યાં સૌર માસ ચાલે છે ત્યાં પણ અંગ્રેજી જાનેવારી, ફેબ્રુઆરી વગેરેની માફક દરવર્ષે અમુક મહિનાના અમુક ચોક્કસ દિવસ હોવાજ જોઇએ, એવું હજી સુધી થયું નથી. જુદાં જુદાં વર્ષોમાં એકના એક મહિનાની

તિથિઓમાં વધઘટ થયા કરે છે. સૌર માસની આ ખામી દૂર કરવાને માટે કાશીના જ્ઞાનમંડળ તરફથી પ્રસિદ્ધ થતા પંચાંગમાં તથા 'સૌર રોજનામચે'માં જે પદ્ધતિ અખ્તિયાર કરેલી છે તેનું અનુસરણ કરવાથી આ આખોજ પ્રશ્ન ઉકલી જાય છે.

આ લોકોએ પ્રત્યેક રાશિના અથવા સૌર માસના દિવસ હમેશને માટે મુકરર કરી દીધા છે અને દરેક મહિનાની વધ–ઘટના અપૂર્ણાંકને બીજા મહિનાની વધઘટમાં ઉમેરી દઇને પૂર્ણાંકમાંજ મહિનાના દિવસનો હિસાબ કરી નાખ્યો છે. આ રીતે એકસરખી સૌર તિથિઓનો વ્યવહાર આખા દેશમાં અથવા આખા જગતમાં પણ કરવા ધારીએ તો થઇ શકે તેમ છે. બધેજ સૌર તિથિઓનુંજ ચલણ થઈ જાય એવું જો આપણે ઇચ્છતા હોઇએ તો એ તિથિઓને વ્યવહારૂ કરવા માટે એટલું તો કર્યેજ છૂટકો. પ્રસ્તુત પુસ્તકમાં ઉપર સૂચવેલી રીત પ્રમાણે લેખકે દરેક માસના દિવસ ચોક્કસ ઠરાવી દીધા છે. કયા સૌર માસના કેટલા દિવસ તે યાદ રાખવા સારૂ નીચે આપેલો દોહરો સૌ મોઢે કરી લે:—

માર્ગ પૌષ ઉનતીસ કે, કામાફાચૈ તીસ;
આ બત્તીસ, ફાચૌથસન, ઔ બાકી ઇકતીસ.

અર્થાત્ માગશર અને પોષના ૨૯ દિવસ; કાર્તિક, માઘ, ફાગણ અને ચૈત્ર, એ ચાર મહિનાના ત્રીસ ત્રીસ દિવસ ગણવા. એકલા આષાઢના ૩૨ દિવસ. દર ચોથે ચોથે વર્ષે ફાગણ એકત્રીસો આવે અને બાકી મહિના રહ્યા તે બધાય એટલે વૈશાખ, જ્યેષ્ઠ, શ્રાવણ અને ભાદરવો, એ ચાર મહિના ૩૧ દિવસના ગણવા.

પંજાબ, બંગાળા, ગઢવાલ વગેરે પ્રદેશોમાં સૌર માસનું ચલણ તો છેજ, પરંતુ બે સંક્રાન્તિઓની વચ્ચેના સંક્રમણકાળમાં થોડો થોડોક ફેર પડી જવાથી કોઇ વાર એક કે બે દિવસનો વધારો અથવા ઘટાડો થઈ જાય છે. જ્ઞાન મંડળના પંચાંગમાં બતાવેલી રીત મુજબ મહિના

ગણવાથી આ ગૂંચવાડો ટળી જાય છે.

સૌર વર્ષનો પ્રારંભ તો વૈશાખ માસમાંજ થાય છે, પરંતુ આ પુસ્તકમાં વર્ષનો પ્રારંભ ચૈત્ર માસથી કર્યો છે. એમ કરવાનું એક કારણ તો એ છે કે, અગાઉ ટાંકેલા વેદમંત્રોમાં સૂચવેલો ઋતુઓનો ક્રમ જાળવવો હતો અને બીજું કુદરતી રીતે વર્ષની પહેલી ઋતુ વસંત ઋતુ હોય એજ યોગ્ય છે. એટલા માટેજ અમે વસંત ઋતુની અંદર ચૈત્ર માસની સાથે વૈશાખને પણ ગણી લીધો છે.

આ પુસ્તક દ્વારા સૌર તિથિઓનો વ્યાપક રીતે પ્રચાર કરવામાં થોડી ઘણી પણ આડકતરી રીતે મદદ મળશે એવી આશા રાખીશું.

૬–ઋતુચર્યા

દરેક ઋતુના સ્વાધ્યાયમંત્રોનો પ્રારંભ કરતા પહેલાં તે તે ઋતુમાં આયુર્વેદના ગ્રંથોમાં બતાવ્યા મુજબ શું શું કરવું ઉચિત છે અને તે તે ઋતુમાં શું પથ્ય છે અને શું અપથ્ય છે તે પ્રથમથીજ આ પુસ્તકમાં બતાવી દીધું છે. એ ઋતુચર્યાઓ મુજબ વર્તવાનો જેમનો ઇરાદો હોય તેમના ધ્યાન ઉપર એક વાત ખાસ લાવવાનું અમને ઇષ્ટ લાગે છે. તે વાત એ છે કે, ઋતુચર્યાનું વર્ણન કરતી વખતે જે જે ઋતુનાં જે જે લક્ષણ બતાવ્યાં છે, તે તે લક્ષણો જે જે સમયને લાગુ પડતાં હોય તેટલા સમયને માટેજ તે ઋતુચર્યા સમજવી. એટલા માટે તો પ્રત્યેક ઋતુચર્યાના પ્રારંભમાંજ અમે તે તે ઋતુનાં લક્ષણો પણ બતાવી દીધાં છે. કહેવાની મતલબ એ છે કે, ચૈત્ર અને વૈશાખ, જેમને વસંત ઋતુના મહિના ગણ્યા છે, તે મહિનાઓમાં જ્યાં સુધી વસંતનાં લક્ષણ જોવામાં ન આવે ત્યાં સુધી વસંત ઋતુની ચર્યા નજ કરવી જોઈએ; અને જો એ લક્ષણ ફાલ્ગુન માસમાં જોવામાં આવે તો તે મહિનાથી વસંતની ચર્યાનો આરંભ કરીજ દેવો ઘટે છે. સારાંશમાં એટલુંજ કહેવાનું કે, આ ઋતુઓ અમુક અમુક મહિનાઓનીજ છે એવું

કદાપિ માની લેવું નહિ. પરંતુ ગમે તે મહિનામાં જ્યારે જે ઋતુનાં લક્ષણ જોવામાં આવે ત્યારે તે ઋતુના નિયમોનું અનુસરણ કરતા રહેવું જોઇએ. સુશ્રુત મહારાજે તો એટલે સુધી કહ્યું છે કે, દરરોજ છએ છ ઋતુઓનો અમલ થયાજ કરે છે; જેમકે સવારમાં વસંત ઋતુનો, મધ્યાહ્ન કાળમાં ગ્રીષ્મનો અને સાયંકાળમાં વર્ષાનો, એ પ્રમાણે દરરોજ છએ છ ઋતુઓનો પ્રભાવ પડયાજ કરે છે. બીજી ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, દરેક જણે ઘણી વાર ઋતુઓનાં લક્ષણ કરતાં પોતાના શરીરની પ્રકૃતિ ઉપર વિશેષ લક્ષ આપવું વધારે જરૂરી છે. દાખલા તરીકે જેમની પિત્ત-પ્રકૃતિ હોય તેમણે તો વસંત અને વર્ષા ઋતુઓમાં પણ પિત્તજનક પદાર્થોથી સાવધાન રહેવું જોઇએ.

કયા મહિનામાં કયી કયી વસ્તુઓ નિષિદ્ધ છે-ત્યાગ કરવા જેવી છે તે પ્રત્યેક ઋતુચર્યાના છેવટના ભાગમાં તે તે ઋતુના બે મહિનાના સંબંધમાં અમે બતાવી દીધું છે. આ વિધિ-નિષેધને જે પ્રચલિત હિન્દી લોકકથનનો આધાર છે તે નીચે મુજબ છે:—

ચૈતે ગુડ, વૈશાખે તેલ; જેઠે પન્થ, અસાઢે બેલ;
સાવન દૂધ (સાગ), ન ભાદોં મહી,
અસૌજ કરેલા, ન કાતિક દહી;
મગસિર જીરા, પૂસે ધના,
માઘે મિસરી, ન ફાગુને ચના. ×

૭–બાર સૌર માસ અથવા બાર આદિત્ય

સૌર વર્ષના સંબંધમાં બીજી ઉલ્લેખ કરવા યોગ્ય

× કયા મહિનામાં કયી કયી વસ્તુઓથી અથવા કામોથી દૂર રહેવું તેની યાદી:-ચૈત્રમાં ગોળ, વૈશાખમાં તેલ (ખાવામાં તથા શરીરે ચોળવામાં), જેઠમાં મુસાફરી, આષાઢમાં બીલાં (બીલીનાં ફળ), શ્રાવણમાં દૂધ અને ભાજી, ભાદરવામાં દૂધ, આશ્વિનમાં કારેલાં, કાર્તિકમાં દહીં, માગશરમાં જીરૂ, પોષમાં ધાણા, માઘમાં સાકર અને ફાગણમાં ચણા. આ વિધ-નિષેધ સંયુક્ત પ્રાન્તની આબોહવાને માટે છે તે લક્ષમાં રાખવું.—**સેવાનંદ**

બાબત એ છે કે, સૌર વર્ષના બાર માસ એ પ્રસિદ્ધ તેત્રીસ દેવતાઓ પૈકીના બાર આદિત્ય દેવતાઓ છે. એ મહિનાઓને દેવતાઓ કેમ કહ્યા તે વાચકોને સમજાવી દેવું જરૂરનું છે. કારણ કે દરેક મહિનાને માટે એક એક પ્રાણાયામયુક્ત વ્યાયામ કરવાની રીત બતાવી છે. તેનો તે તે મહિનાની સાથે કેવો સંબંધ છે તેનો પણ સાથે સાથે ખુલાસો થઇ જશે.

આદિત્ય (સૂર્ય) પૃથ્વીની પ્રદક્ષિણા કરતો નથી એ વાત ખરી, પણ એક વર્ષમાં પૃથ્વી સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી કરે છે તેને લીધે આપણને તો જાણે સૂર્યજ આકાશની અંદર ચોક્કસ ગોળ માર્ગમાં આખું વર્ષ ભ્રમણ કરતો હોય એવું દેખાય છે. આ સૂર્યમાર્ગને “ જ્યોતિર્મંડળ ” અથવા “ રાશિચક્ર ” કહે છે. એના બાર પેટાભાગ કર્યા છે અને એવા એક એક ભાગની અંદર દેખાતાં આકાશસ્થ બાર નક્ષત્રસમૂહને લઇને મીન, મેષ, વૃષ એવાં બાર રાશિઓનાં બાર નામ પડ્યાં છે. હવે જેટલા વખત સુધી સૂર્ય એક રાશિમાં હોય, જેમકે–મીન રાશિમાં–તેટલા વખતને સૌર વર્ષનો એક માસ–અર્થાત્ ચૈત્ર માસ કહ્યો છે. પછી જ્યારે સૂર્ય મીન રાશિમાંથી સંક્રાંત થઇને–પસાર થઇને–તેના પછીની મેષ રાશિમાં પ્રવેશ કરે અને તે રાશિમાં જેટલો વખત રહે તેટલો વખત વૈશાખ માસ ગણાય. એ પ્રમાણે બાકીની રાશિઓનું સમજી લેવું. હવે આ બાર સૌર મહિના બાર આદિત્ય દેવતાઓ કેવી રીતે કહેવાયા તે વાત જોઇ લઇએ. ઉપર બતાવ્યા પ્રમાણે જેના બાર વિભાગ કર્યા છે એવા મંડળમાં–રાશિચક્રમાં–સૂર્ય તો જાણે ફરતો નથી એ વાત નિઃસંદેહ છે. પણ પૃથ્વી જ્યારે આદિત્યની–સૂર્યની–પ્રદક્ષિણા કરે છે ત્યારે આપણને, પૃથ્વી ઉપરના નિવાસીઓને, સૂર્ય વારાફરતી એક એક રાશિમાં થઇને પ્રકાશતો દેખાય છે–અર્થાત્ સૂર્યના તરફથી જે પ્રાણશક્તિ–જીવનશક્તિ આપણને સૌને મળતી રહે છે તે અમુક અમુક રાશિઓથી ઓળખાતા બાર વિભાગ પૈકીના

એક એક ભાગમાં થઈને આપણા તરફ આવે છે. આથી કરીને તેની આપણા ઉપર જુદી જુદી બાર પ્રકારની અસર થાય છે. આ હિસાબે ભિન્ન ભિન્ન પ્રકારની પ્રાણશક્તિ આપનાર એકનો એક આદિત્ય બાર ભિન્ન ભિન્ન પ્રકારનો બની જાય છે. બાર માસના બાર આદિત્ય અથવા આકાશસ્થ બાર આદિત્યદેવ કહેવાય છે તેનો ખરો મર્મ આજ છે.×

દેવતાઓમાં આદિત્યનું સ્થાન સૌથી ઉંચું છે. શરીરમાં જીવાત્મા છે તેમ સૌર મંડળનો જીવાત્મા આદિત્ય છે. નિરુકતના પરિશિષ્ટમાં આ બાબત ઘણીજ સ્પષ્ટ કરીને સમજાવી દીધી છે. વેદનું પણ એ વિષે સ્પષ્ટ કથન છે કેઃ—

"सूर्य आत्मा जगतस्तस्थुषश्च।" (ऋ० १-११५-१)

"તમામ સ્થાવર જંગમ જગતનો આત્મા સૂર્ય છે" એવો આ સૂર્યદેવતાના મંત્રનો આધિદૈવિક અર્થ થાય છે.

"प्राणः प्रजानामुदयत्येष सूर्यः ॥ (प्रश्नोनिषद् १-८)

અર્થાત્ "તમામ પ્રાણીઓનો, તમામ સૃષ્ટ વસ્તુઓનો પ્રાણરૂપ થયેલો આ સૂર્ય ઉદય પામે છે. પ્રશ્નોપનિષદ્‌માં આ મંત્રનો ઉપદેશ કરતી વખતે ઋગ્વેદના વચનનો ઉલ્લેખ કર્યો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, અખિલ સંસારના જીવનનું, સંસારમાં વસતાં તમામ પ્રાણી-પદાર્થની ગતિ, ચેષ્ટા, ક્રિયા તથા તેમની તમામ પ્રકારની શકિતઓનું ઉત્પત્તિસ્થાન એક સૂર્યજ છે. ભૌતિક વિદ્યાના પંડિતો પણ પ્રકાશ, ઉષ્ણતા, વિદ્યુત્, ચુમ્બક વગેરે શકિતઓનો તેમજ વનસ્પતિ, પશુ, મનુષ્ય વગેરેમાં રૂપાન્તરિત થએલી સર્વ શકિતઓનો એક માત્ર આધાર સૂર્યનેજ માને છે. પરંતુ તે છતાં સૂર્યમાંથી ચાલી આવતી પ્રાણશકિત સ્થળ, કાળ, અવસ્થા

× એક બીજી વાતનું સ્પષ્ટીકરણ પણ કરીજ દેવું જોઇએ કે, એ મહિમા બાર રાશિઓનો પોતાનો નથી, પણ સૂર્યનાં કિરણ આપણી પૃથ્વીની સપાટીની સાથે જે ચોક્કસ પ્રકારનો ખૂણો કરે છે તેનો છે.—**સેવાનંદ**

વગેરે નાના પ્રકારના અન્તરાયોની વચ્ચે થઇને આપણને મળતી હોવાથી એકની એક પ્રાણશક્તિના જુદા જુદા પ્રકાર થઇ જાય છે. એ જુદા જુદા પ્રકારને લઇનેજ આકાશસ્થ દેવતાઓ અનેકરૂપે ઓળખાય છે અને એક આદિત્યની જગ્યાએ બાર જુદા જુદા આદિત્યો બની જાય છે. આવા પ્રસિદ્ધ બાર આદિત્યો ઉપરાંત બીજા સાત આદિત્યોનું વર્ણન નીચે ટાંકેલા વેદમંત્રમાં છેઃ—

> “सप्तदिशो नानासूर्याः सप्त होतार ऋत्विजः ।
> देवा आदित्या ये सप्त तेभिः...॥” (ऋ. ९, ११४, ३)

ઉપર ટાંકેલા મંત્રમાં નાના પ્રકારના સૂર્યોયુક્ત–નાના પ્રકારના એટલા માટે કે તેમાંથી નાના પ્રકારની પ્રાણશક્તિનું વહન થાય છે અથવા તેઓ પ્રાણીઓને નાના પ્રકારની પ્રાણશક્તિનું દાન કરે છે–સાત દિશાઓનું વર્ણન કર્યું છે અને એ પ્રમાણે સાત આદિત્યોનુંજ વર્ણન થયેલું છે. વસ્તુતઃ એકનો એક આદિત્ય જુદી જુદી સાત દિશાઓમાં થઇને જુદા જુદા પ્રકારની પ્રાણશક્તિ આપતો હોવાથી એકને ઠેકાણે સાત આદિત્ય માન્યા છે. પ્રશ્નોપનિષદ્‌ના નીચેના ફકરામાં આ વાતનું વિશેષ સ્પષ્ટીકરણ કરેલું જણાશેઃ–

> “अथादित्य उदयन् यत् प्राचीं दिशं प्रविशति, तेन प्राच्यान् प्राणान् रश्मिषु संनिधत्ते । यद्दक्षिणां यत् प्रतीचीं यदुदीचीं यदधो यदूर्ध्वं यदन्तरा दिशो यत्सर्वं प्रकाशयति, तेन सर्वान् प्राणान् रश्मिषु संनिधत्ते ।” (प्रश्नोपनिपद्, १–६)

અર્થાત્ સૂર્ય જયારે પ્રાચી (સામેની–પૂર્વ) દિશામાં ઉદય પામે છે, ત્યારે તે પોતાનાં કિરણમાં (૧) પ્રાચ્ય પ્રાણને ધારણ કરે છે; જયારે તે દક્ષિણ (જમણી) દિશામાં ઉદય પામે છે ત્યારે તે પોતાનાં કિરણો દ્વારા (૨) દક્ષિણ પ્રાણનું દાન કરે છે. એ પ્રમાણે તે (૩) પાછળની બાજુએ (૪) ડાબી બાજુએ (૫) નીચે (૬) ઉપર તથા (૭)અન્તરાલમાં એમ અનુક્રમે સાત દિશાએથી સાત પ્રકારના પ્રાણ આપે છે—મતલબ એ કે, સાત પ્રકારના પ્રાણ તેના કિરણની

મારફતે જગતને મળે છે. એ સાત જુદી જુદી દિશાઓના સાત આદિત્ય થયા. પરંતુ આ તો દિશાભેદને લીધે પ્રાણના જુદા જુદા ભેદ થયા. એ ઉપરાંત કાળ તેમજ અવસ્થાના ભેદને લીધે બીજા બાર પ્રકારના પ્રાણ થવા જાય છે અને એને લીધેજ બાર મહિનાના બાર આદિત્ય મનાયા છે.

“कतमे आदित्या इति द्वादश वै मासाः संवत्सरस्य एते आदित्याः......।” (बृहदारण्यक उपनिषद्–३, ९, ५)

અર્થાત્ “ આદિત્ય કોણ અને કેટલા હોય ? વર્ષના બાર માસના બાર આદિત્યો થાય છે. ”

સાર એ નીકળે છે કે, સૂર્ય દરેક મહિનામાં જુદા જુદા પ્રકારની પ્રાણશક્તિ આપતો હોવાથી તે એકનો એક છતાં જુદા જુદા સૂર્ય તરીકે ઓળખાય છે. દરેક મહિનામાં સૂર્યનાં કિરણ આપણાં તન–મન ઉપર કાંઈક જુદી જુદી અસર ઉત્પન્ન કરે એવાં ચાલ્યાં આવે છે. આ તત્ત્વને લક્ષમાં રાખીને પ્રસ્તુત પુસ્તકમાં દરેક મહિના માટે જુદી જુદી એવી બાર મહિના માટે બાર જાતની પ્રાણવર્ધક કસરત કરવાની રીત બતાવી છે.

૮–શરીરના બાર અવયવોને માટે બાર પ્રકારની પ્રાણવર્ધક કસરતો

સૂર્ય પ્રાણશકિતનો ભંડાર છે એ વાત તો અગાઉ કહીજ ગયા છીએ. પૃથ્વી ઉપર વસતા જીવમાત્રનાં પ્રાણમય શરીર ઉપર સૂર્યનાં કિરણની સીધી અસર થાય છે. વળી સૂક્ષ્મ દૃષ્ટિવાળા યોગી લોકો એથી પણ વધારે ઉંડી દૃષ્ટિ કરીને કહે છે કે, બાર રાશિઓના બાર આદિત્યોમાંથી વહન કરતી પ્રાણશકિત મનુષ્યનાં નીચે બતાવેલાં બાર અંગોના ઉપર ખાસ અસર ઉત્પન્ન કરે છે; અથવા બીજા શબ્દોમાં કહીએ તો સૂર્ય–શરીરનાં બાર અંગોનો, મનુષ્ય-શરીરનાં નીચેના કોષ્ટકમાં બતાવેલાં અંગોની સાથે સંબંધ છે, આકર્ષણ છે, મેળ છે અથવા ઐક્ય છે:—

આદિત્ય	રાશિ	મહિનો	અવયવ
૧લો આદિત્ય	મીન	ચૈત્ર	માથું અને મોઢું
૨જો ,,	મેષ	વૈશાખ	ગરદન અને ગળું
૩જો ,,	વૃષ	જયેષ્ઠ	ભુજા, ખભા અને ફેફસાં
૪થો ,,	મિથુન	આષાઢ	છાતી અને જઠર
૫મો ,,	કર્ક	શ્રાવણ	હૃદય, વાંસો અને કરોડ
૬ઠ્ઠો ,,	સિંહ	ભાદ્રપદ	આંતરડાં અને પેટ
૭મો ,,	કન્યા	આશ્વિન	મુત્રાશય અને કેડ
૮મો ,,	તુલા	કાર્તિક	જનનેન્દ્રિયો
૯મો ,,	વૃશ્ચિક	માર્ગશીર્ષ	ફૂલાં અને જાંઘ
૧૦મો ,,	ધનુ	પૌષ	ઢીંચણ અને પગ
૧૧મો ,,	મકર	માઘ	પગના નળા
૧૨મો ,,	કુંભ	ફાલ્ગુન	પગ અને પગના અંગૂઠા

આવી રીતે કુદરતી અનુકૂળતા મળી જાય છે તેને લક્ષમાં રાખીને યોગી લોકોએ ઉપરોકત બારે અંગોને લાભ પહોંચે એવા પ્રાણાયામ અથવા પ્રાણવર્ધક કસરતોની યોજના કરી છે. પણ આ ઠેકાણે અમે ફરીથી ચેતવણી આપીએ છીએ કે, ચૈત્ર માસને માટે બતાવેલી કસરત માત્ર ચૈત્રમાંજ કરવી જોઇએ અને બીજા મહિનામાં થાયજ નહિ, એવો અંધ વિશ્વાસ કોઇજ ન કરે. એનું એક કારણ તો એ છે કે, સંક્રાન્તિનાં માપમાં પણ થોડાક દિવસનો ફેરફાર થવાનો સંભવ છે. તેથી કરીને પહેલો આદિત્ય બરાબર ચૈત્ર માસના આરંભથી તે બરાબર એજ માસના અંત સુધીમાં આવી રહેશે એવું ચોક્કસપણે નથી કહી શકાતું. પણ મહિનાના કરતાં આ કસરતોનો અમુક અમુક અવયવોની સાથે વધારે સંબંધ છે એમાં કાંઇજ શંકા નથી. દાખલા તરીકે જેમને પોતાના મસ્તકને વિશેષ આરોગ્યયુક્ત રાખવાની ઈચ્છા હોય તેઓ ચૈત્ર માસને માટે બતાવેલી કસરત બારે બાર મહિના કર્યાજ કરે તો ઘણું સારૂં. એટલુંજ નહિ પરંતુ તેમણે તો ચૈત્ર માસની કસરતની નીચે

આપેલી ત્રણ ગૌણ કસરતો પણ બારે માસ કરવીજ. એટલા માટે તો એક એક અવયવને માટે બીજી ત્રણ ત્રણ ગૌણ કસરતો પણ દરેક મહિનાની કસરતના છેવટના ભાગમાં બતાવી છે. એની સાથે આ વાત પણ તદ્દન સાચી છે કે, મસ્તકની કસરત ખાસ કરીને ચૈત્ર માસમાં ખૂબજ ફાયદાકારક નીવડશે. કેમકે ચૈત્ર માસના આદિત્યનો (આ મહિનામાં પૃથ્વી ઉપર પડતા સૂર્ય–પ્રાણનો) મનુષ્યના પ્રાણમય શરીરના એક એવા ભાગ ઉપર સીધો પ્રભાવ પડે છે કે જે તેના સ્થૂળ શરીરના મસ્તક અને મુખની સાથે સંબંધ રાખે છે. ચૈત્ર માસની કસરતને માટે જે કહ્યું તેવું બાકીના મહિનાની કસરતોને માટે પણ સમજી લેવું.

૯–પ્રાણાયામ (પ્રાણવર્ધક કસરતો) કરવાની રીત

આ પ્રાણાયામ અથવા પ્રાણવર્ધક કસરતો ઉપર ઉપરથી જોનારને ઘણીજ સાદી દેખાશે. પણ તેની સાદાઈ જોઇને કોઇએ તેની કિંમત ઓછી ન આંકવી; કારણકે બતાવેલી રીત મુજબ કરવાથી તનમન ઉપર ઘણી ભારે અસર કરે એવી છે.

આ પ્રાણદાયક કસરતોની તમામ ખુબી, તેમનું તમામ રહસ્ય તથા મહત્ત્વ નીચે જણાવેલી ત્રણ બાબતોમાં છે. એ ત્રણે બાબતો ઉપર જો લક્ષ અપાશે તો આ સાધારણ જેવી દેખાતી કસરતો અત્યંત લાભદાયક અને ઘણીજ અદ્‌ભુત સિદ્ધ થશે.

(૧) દરેક કસરત કરતી વેળા વિધિમાં બતાવેલા અવયવની માંસપેશીઓને તંગ કરવી અને શિથિલ કરવી.

(૨) દરેક કસરત કરતી વેળા વિધિમાં બતાવ્યા મુજબ જે વખતે શ્વાસ લેવો જોઇએ તે વખતેજ શ્વાસ લેવો, ફેફસાંમાં રોકી રાખવો તથા બરાબર બતાવેલે વખતેજ શ્વાસને બહાર કાઢવો.

(૩) દરેક કસરત માનસિક ધ્યાનસહિત કરવી–અર્થાત્

વિધિમાં બતાવ્યા પ્રમાણે જે અવયવ ઉપર મનને સ્થિર કરવું જોઇએ ત્યાંજ બરાબર સ્થિર કરી દેવું. આ ત્રણે બાબતો વિષે વાચકને થોડીક વિશેષ માહિતીની જરૂર છે, એમ ધારીને ત્રણેનું ક્રમવાર થોડુંક વધારે વિવેચન કરૂં છું.

(૧) જે જે કસરતમાં શરીરની માંસપેશીઓને ખેંચીને તંગ કરવાનું કહ્યું છે તે પ્રમાણે બરાબર તંગ કરીને થોડીકજ મિનિટ સુધી તે તે કસરતો કરવામાં આવે તો ઢીલી ઢસ માંસપેશીઓ રાખીને કરેલી અડધા કલાકની કસરતના કરતાં પણ વધારે ફાયદાકારક નીવડે છે. વ્યાયામકળામાં જેઓ પ્રવીણ છે તેઓ તો ઘણી વાર શરીરને બિલકુલ હલાવ્યા ચલાવ્યા વગર એમ ને એમ બેઠાંબેઠાંજ ફક્ત પોતાના શરીરની માંસપેશીઓને ખૂબ ખેંચીને અને પછી ઢીલી કરી દઇને થોડીક મિનિટોની અંદર પૂરતી કસરત કરી લે છે. હકીકત એવી છે કે, જ્યારે આપણે આપણા શરીરની માંસપેશીઓને તંગ કરીએ છીએ ત્યારે શરીરની નાડીઓના અસંખ્ય જીવન–કોશોને એકસરખી રીતે ખેંચીએ છીએ, તેમાં ભરાઇ રહેલાં મલિન તત્ત્વોને બહાર કાઢી નાખવાનો રસ્તો કરી દઇએ છીએ અને તેની સાથે તે તે અવયવમાં પ્રાણશક્તિનો મનમાન્યો સંચાર પણ કરી લઇએ છીએ. જે જે વ્યાયામપદ્ધતિઓમાં કેવળ શરીરના અવયવોનું કદ વધારવા તરફજ લક્ષ અપાય છે અને તેની સાથે સાથે શરીરમાં જામી ગયેલા મલને બહાર ધકેલી કાઢવા તરફ લક્ષ નથી અપાતું, તે પદ્ધતિએ વ્યાયામ કરનારાઓના અવયવોનો સ્થૂળ ભાગ તો અલબત્ત ખૂબ મોટો થાય છે, પણ તેમાં જોઇએ તેટલા પ્રમાણમાં બળ, પ્રાણ તથા જીવનશક્તિ નથી હોતાં; વળી તેમનાં શરીરમાં પ્રાણ અને રુધિરનું સંચલન અટકી જવાથી નાના પ્રકારના વ્યાધિની ઉત્પત્તિ પણ થયા વગર રહેતીજ નથી.

(૨) બીજી લક્ષમાં રાખવા જેવી બાબત એ છે કે, આ વ્યાયામનીક્રિયા હમેશાં શુદ્ધમાં શુદ્ધ હવા હોય એવી જગ્યાએજ કરવી જોઇએ. સૂર્યમાંથી ચાલી આવતી પ્રાણ-

શક્તિ આપણને ઘણામાં ઘણા પ્રમાણમાં વાયુ મારફતેજ મળે છે. આથી ફલિત એ થાય છે કે, યોગ્ય રીતે શ્વસનક્રિયા કરવાથીજ જેટલી જોઇએ તેટલી પ્રાણશક્તિ આપણને મળી રહે છે. સારાંશ કે, આપણે હમેશાં ઉંડા અને દીર્ઘ શ્વાસ લેવાની ટેવ પાડવી જોઇએ. શ્વાસ ઉંડો અને દીર્ઘ હશે તો તે ઠેઠ પેટ સુધી પહોંચી જતો જણાશે અને તેના દબાણથી પહેલું પેટ ફૂલવા માંડશે અને પછી છાતી પહોળી થશે. એજ પ્રમાણે શ્વાસ બહાર કાઢતી વખતે પ્રથમ છાતી ખાલી થશે અને છેવટે પેટ સંકોચાશે. વળી આવો દીર્ઘ શ્વાસ, દૃઢતાપૂર્વક અને શ્વસનક્રિયામાં વપરાતી માંસપેશીઓ વગેરે ઉપર કાબુ જાળવીને લેવો જોઇએ. તેની સાથે સાથે શ્વાસ મૂકતી વખતે પણ શ્વાસ એકસરખી રીતે, તૂટયા વગર અને ખાસ પ્રયત્ન વગર સહેલાઇથી બહાર નીકળી જાય એવો અભ્યાસ કરવો જોઇએ. ઉપર કહી ગયા તે રીતે પૂર્ણ શ્વાસ લેવાની તેમજ શ્વાસ–પ્રશ્વાસની ક્રિયા વિધિસર થતીજ રહે એવી ટેવ પાડવી જોઇશે. વ્યાયામ એટલે શરીરના અવયવોનું ફક્ત હલનચલનજ નહિ, પણ શરીરમાં બળ અને આરોગ્યની વૃદ્ધિ કરનારી પદ્ધતિસરની શ્વસનક્રિયાજ છે. પોતાના શરીરની માંસપેશીઓનીજ ખિલવણી કરનારા પહેલવાનો શરીરની પ્રાણશક્તિ અને નીરોગતા ઉપર લક્ષ નથી આપતા. ખરૂં જોવા જઇએ તો પ્રાણ મારફતે પ્રાપ્ત થતી જીવનશક્તિ (નીરોગતા અને કાર્યક્ષમતા) એ બે વસ્તુઓજ ખૂબ જરૂરી છે; શરીરની મજબૂતી અને સુપ્રમાણતા વગેરે તો તદ્દન ગૌણ વસ્તુઓ છે. એટલા માટે અમે એટલે સુધી કહેવાને તૈયાર છીએ કે, દરેક મહિનાની જુદીજુદી કસરતો કોઇને ન કરવી હોય તો ભલે ન કરે, પણ દિવસમાં પાંચ સાત વાર બરાબર પદ્ધતિસર ફક્ત દીર્ઘ શ્વાસ–પ્રશ્વાસની ક્રિયાજ કરે તો તે પણ પૂરતું છે. આપણે તો પદ્ધતિસરની પ્રાણની સાધના કરીને શરીરને શુદ્ધ ને બળવાન–અર્થાત્ પ્રાણપૂર્ણ બનાવવાનું છે. શ્વસન–પ્રશ્વસનની ક્રિયા

गुरुकुल कांगड़ी पुस्तकालय

१५ग ५

કરતી વખતે હમેશાં એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે, જ્યારે આપણે શ્વાસ લઇએ ત્યારે આપણા શરીરના એકેએક જીવન–કોશ પ્રાણશકિતથી ચેતનવંત અને પરિપૂર્ણ બની જાય; એવીજ રીતે જ્યારે આપણે શ્વાસને બહાર કાઢીએ, ત્યારે તેની સાથે શરીર માંહેનો તમામ મેલ બહાર ધકેલાઇ જાય અને તાજા નવા પ્રાણનું શોષણ કરવાને માટે શરીર શુદ્ધ બની ગયેલું હોય. આ પ્રાણાયામની કસરતો કરનારે હમેશાં એટલું લક્ષમાં રાખવું કે, જેટલો વખત તે પોતાના હાથપગ વગેરે શરીરના અવયવોને ઉંચા કરવાની ક્રિયા કરતો હોય તેટલા વખત સુધી શ્વાસને અંદર ખેંચવાની ક્રિયા કરવાની છે અને શરીરના અવયવોને નીચા નમાવતી વખતે શ્વાસને બહાર કાઢવાની ક્રિયા કરવાની છે. આવી રીતે અભ્યાસ કરવાથી બળની પ્રાપ્તિ અને શરીરની શુદ્ધિ, એ બેઉ ક્રિયાઓ કરવામાં ખૂબ સહાયતા અને અનુકૂળતા મળી રહેશે. સંક્ષેપમાં કહીએ તો શ્વાસ લેવાનો અને મૂકવાનો આજ સામાન્ય નિયમ છે.

(૩) પરંતુ મન તો પ્રાણ કરતાં પણ ઉંચા પ્રકારની વસ્તુ છે. આજે આપણે જેવા છીએ, જે સ્થિતિમાં છીએ, તે બધું આપણા મનના વિચારોનુંજ પરિણામ છે. આપણી માનસિક શક્તિઓ જો જાગ્રત થઇ ગઈ હોય ત્યારે તો હાથ, પગ અથવા માંસપેશીઓને પણ હલાવ્યા વગર માત્ર મનના સંકલ્પથીજ વ્યાયામનું બધુંજ પરિણામ ઉપજાવી લઇએ. એથી ઉલટું વ્યાયામની ક્રિયાની અંદર જો મન બરાબર ન પરોવાયું હોય તો હાથ–પગ હલાવવાની એક કલાકની કસરત પણ વ્યર્થજ છે. એટલા માટે પ્રસ્તુત પુસ્તકમાં માનસિક વ્યાયામોના પ્રકારની સાથે સાથે ધ્યાન અને સંકલ્પ કરવાના વિષય અને રીત પણ કેટલાક મહિનાના પાઠોમાં અમે ચૂંટી કાઢેલા સરસ શબ્દોમાં દર્શાવ્યાં છે. આગળ ચાલતાં વાચક પોતે એજ રીતે પોતપોતાને રુચે એવાં ધ્યાન અને સંકલ્પ પોતપોતાનાજ શબ્દોમાં ઘડી લે અને એવા સંકલ્પોની સાથે સાથે અત્યંત મનોયોગપૂર્વક

વ્યાયામની ક્રિયાઓ કરે. ધ્યાનની કેટલી જબ્બર અસર થાય છે તે વાચકને ધીમે ધીમે સ્વાનુભવથી સમજાતું જશે. માંદગી વગેરે કોઈ કારણને લીધે પ્રાણના વ્યાયામ કરવાનું કદાચ ન બની શકે તો પણ ધ્યાન કરવાનું કદી ચૂકવું જ નહિ. બીજું કાંઇ ન થઈ શકે તો માત્ર ધ્યાન અને સંકલ્પ કરવાથી પણ ઘણો લાભ થશે. એટલું ચોક્કસ સ્મરણમાં રાખવું કે, આપણા શરીરનો એકેએક અવયવ એ છેવટે બીજું કાંઇજ નહિ પણ પરિપકવ અને મૂર્તિમંત થએલું આપણું પોતાનું મનસ્તત્ત્વજ છે. માટે જો આપણી માનસિક શક્તિઓ જોઇએ તેવી બળવાન હોય તો આપણે આપણાં શરીરમાં તો મરજીમાં આવે તેવો ફેરફાર કરી શકીએ. અથર્વવેદનાં ઘણાં સૂકતો માત્ર સંકલ્પબળથી વ્યાધિનું નિવારણ કરવાના હેતુથીજ લખાયેલ છે. વેદના અધ્યયનથી ખરેખરો લાભ તો આપણને ત્યારેજ થયો કહેવાય કે જ્યારે આપણું મન ખૂબ જાગ્રત અને બળવાન બન્યું હોય.

અહીં અમે ફરીથી પુનરાવર્તન કરીને કહીએ છીએ કે, ખરી અગત્યની વસ્તુ તો સ્વાસ્થ્ય છે–પ્રાણશક્તિથી ભરેલું નીરોગી શરીર છે. આપણાં શરીર પુષ્ટ થાય છે કે નહિ તેના ઉપર લક્ષ આપવા કરતાં આપણા શરીરનું ઘડતર કેવાં પરમાણુઓથી ઘડાય છે તેના ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર છે. જો આપણા શરીરમાંનું લોહી અશુદ્ધ હશે તો તેનાથી પોષાયલા–ઘડાએલા અવયવો પણ મલિનજ હશે. શરીરનું સ્વાસ્થ્ય પણ આદાન–પ્રદાન (યજ્ઞ) ના સિદ્ધાંત ઉપરજ ટકી રહે છે. જૂનાં અશુદ્ધ પરમાણુઓને શરીરની બહાર કાઢી નાખવાં અને તેમની જગ્યાએ નવાં શુદ્ધ પરમાણુઓનું શોષણ કરવું, એ બે ક્રિયાઓના યથાવત્ પાલન કરવા ઉપરજ સ્વાસ્થ્યનો ખરેખરો આધાર છે. પણ એ નવાં અને બળવાન પરમાણુઓને આકર્ષવાનું કામ આપણા પોતાના વિચારોનું અથવા આપણા મનનું છે; અને એ બધી ક્રિયાઓનો મૂળ આધાર તો આપણા શરીરના અવયવો પ્રાણાભ્યાસ દ્વારા જેવાં જોઇએ તેવાં પરમાણુઓ-

નું શોષણ કરવાને ટેવાઇ ગયા છે કે નહિ તેના ઉપર છે. એટલા માટે આપણા વિચારોને ખૂબ બળવાન, ઉત્સાહપૂર્ણ અને શુદ્ધ કરવા માટે મનને એવું સતેજ રાખવું કે શરીર ઉપર અધિકાર ચલાવી શકે અને પ્રાણાયામના અભ્યાસ વડે વિશ્વવ્યાપક મહાપ્રાણની સાથે શરીરની પૂર્ણ એકતાનતા (ઈન ટયૂન) જાળવી રાખવી, એ ત્રણ વાતો સૌથી વિશેષ અગત્યની છે. મનોબળ વડે પ્રાણાયામની (પદ્ધતિસરની શ્વસન–પ્રશ્વસનક્રિયાઓનો અભ્યાસ) સાધના કરીને શરીરને હમેશાં શુદ્ધ અને તાજા પ્રાણથી ભર્યું ને ભર્યુંજ રાખવું, એજ ખરેખરી શરીરસાધના (ફિઝિકલ કલ્ચર) છે અને એ હેતુને લક્ષમાં રાખીનેજ આ પુસ્તકમાંહેની વ્યાયામની ક્રિયાઓની યોજના કરી છે.

આ વ્યાયામની ક્રિયાઓ પ્રાણાભ્યાસપૂર્વક મનોયોગ સહિત નિત્ય દિવસમાં બે વાર કરવાની છે–પ્રથમ સવારમાં ઉઠતાંવારનેજ. જો મળ–મૂત્રનો ત્યાગ કરવાની હાજત તે વખતે થઇ હોય તો તે કરીને; અને બીજી વાર રાત્રે સૂતા પહેલાં, પણ સૂતી વખતે જો પેટમાં ખોરાકનો ભાર હોય, જો કે ભાર હોવો તો નજ જોઇએ, તો સાંજનું વાળુ કરતાં પહેલાં, કરી લેવી. વ્યાયામ શરૂ કરતા પહેલાં ઉપર બતાવેલી રીત પ્રમાણે પાંચ સાત પૂર્ણ શ્વાસ–પ્રશ્વાસની ક્રિયા કરી લેવી અને પછી પોતાના મનને સ્વાસ્થ્ય, બળ, પવિત્રતા વગેરે ભાવોથી પરિપૂર્ણ કરીને બહુજ મનોયોગપૂર્વક યથારીતિ તમામ કસરતો કરતા રહેવું.

૧૦–બે ચિત્રો

વેદમંત્રોના આશયને હૃદયમાં ધારણ કરી રાખવા માટે ચિત્રોનો ઉપયોગ કરવો એ પણ એક ઉત્તમ ઉપાય છે. આથી પ્રત્યેક ઋતુનો પહેલો મંત્ર, બલ્કે પ્રત્યેક માસનો પહેલો મંત્ર ચિત્ર વડે સ્પષ્ટ કરવાનો અમારો વિચાર છે. એટલે પ્રત્યેક ઋતુ અને પ્રત્યેક માસનો પહેલો મંત્ર એવોજ રાખેલો છે કે જેનું ચિત્ર બનાવી શકાય. આ

ખંડમાં આવતી બન્ને ઋતુઓનો શરૂઆતનો મંત્ર—અર્થાત્ ચૈત્રના તથા જયેષ્ઠના પ્રથમ મંત્રને સચિત્ર રજુ કરવામાં આવ્યો છે. ચિત્રકાર મહોદયનો આભાર માનતાં પણ અમારે એટલું કહેવું પડે છે કે, એ ચિત્રો સંપૂર્ણ ભાવથી એટલાં વેગળાં છે કે તેને પુસ્તકમાં આપતાં સંકોચ થાય છે; છતાં પણ એટલી આશા રાખીને એ ચિત્ર આપ્યાં છે કે કોઇ ઉત્સાહી ચિત્રકાર એ ચિત્રો જોઇને આ પુસ્તકની આ મહાન ખામીને દૂર કરવામાં મને, ગુરુકુળને સહાય કરવા પ્રેરાય.

૧૧—ધન્યવાદ

છેવટે, મારા મિત્ર પં. દેવનાથજી વિદ્યાલંકાર જેમણે આ પુસ્તકની છાપવા માટેની સમજપૂર્વકની નકલ તૈયાર કરી આપવા ઉપરાંત છપાવવા સુધીનું સઘળું કઠિન કાર્ય પોતાની મેળેજ અનન્ય ભાવે ઉપાડયું છે તેમનો આભાર માનું છું.

આ પુસ્તકના સ્વાધ્યાયનો લાભ પ્રાપ્ત કરનાર સજ્જનોએ હાલના વેદભાષ્યકારોમાંના પં. શ્રી. પા. દા. સાતવલેકરજી તથા પં. શ્રી. જયદેવજી વિદ્યાલંકારનો પણ હૃદયપૂર્વક આભાર માનવો જોઇએ. કારણકે મંત્રોની પસંદગી તથા તેના અર્થ નક્કી કરવામાં મને એ બન્ને મહાનુભાવોના ભાષ્યની સારી મદદ મળી છે.

* * * *

ગુરુકુળ કાંગડી,
૧ માઘ ૧૯૮૯

સ્વાધ્યાયશીલ જનોનો સેવક—
'અભય'

वैदिक-विनय

(प्रथम खण्ड)

व. ३

वसन्त ऋतु

(ગાયત્રી છંદ)

वसंतनी ऋतुचर्या

લક્ષણઃ—સાધારણ રીતે ચૈત્ર અને વૈશાખ માસની ઋતુ વસંત ઋતુમાં ગણાય છે. વળી કેટલાક લોકો ફાલ્ગુન અને ચૈત્ર માસને વસંત ઋતુમાં ગણે છે. સખત ઠંડીની ઋતુ અને સખત ગરમીની ઋતુ, એ બેની વચગાળામાં બે ઋતુઓ આવી જાય છે; એક ઠંડીની સમાપ્તિ કરનારી અને બીજી ગરમીની શરૂઆત કરનારી. તેમાંની પાછલી ઋતુ તે વસંત ઋતુ મનાય છે. આ ઋતુમાં ગરમીની શરૂઆત થાય છે, પણ તેનો પૂરેપુરો અમલ જામ્યો હોતો નથી.

મહિમાઃ—વસંત ઋતુમાં જગતના નવા જીવનનો પ્રારંભ થાય છે. શિશિર ઋતુની ભૂખર હવાને લીધે શીર્ણ બની ગયેલી વનસ્પતિને નવા અંકુર ફૂટવા માંડે છે અને ફરીથી નવપલ્લવિત નવપુષ્પિત બનીને નવા જીવનમાં પ્રવેશ કરે છે. શિયાળામાં જે જે વૃક્ષવેલીઓનાં પાંદડાં ખરી પડયાં હોય છે તેમને વસંત ઋતુ બેસતાંજ નવી પાંદડીઓ ને નવાં અંકુર, નવાં ફૂલ વગેરે ફૂટવા માંડે છે. આ ઋતુમાં વનસ્પતિ તથા બધુંજ સ્થાવર–જંગમ જગત પાછું નવું જીવન શરૂ કરે છે. ત્યારે આપણે પણ આપણા નવા જીવનનો પ્રારંભ એજ ઋતુમાં કરવો ઘટે. આવાં આવાં કારણોને લીધે વસંત ઋતુને વર્ષની સૌથી પહેલી ઋતુ ગણી છે અને તેને "ઋતુરાજ" એવું નામ આપેલું છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે '**ऋतूनां कुसुमाकरः**'—અર્થાત્ તમામ ઋતુઓમાં સૌથી વિશેષ દિવ્યતાનું, પરમાત્માના સૌથી વિશેષ વૈભવનું દર્શન વસંત ઋતુમાંજ થાય છે. આ ઋતુમાં જેવા પ્રકારના જીવનની શરૂઆત કરીશું તેની અસર બાકીના આખા વર્ષ સુધી ચાલુ રહેશે. માટે આ ઋતુમાં આપણે આપણા આહાર–વિહાર, આચાર–વિચાર વગેરેને ખૂબ સાવધાનીથી યત્ન કરીને પવિત્ર અને સુંદર બનાવી દેવા જોઇએ.

યોગાભ્યાસ કરનારાઓ પણ આજ ઋતુમાં અથવા શરદ્ ઋતુમાં સાધનની કોઈ પણ ક્રિયાની શરૂઆત કરે છે. પ્રાણાયામના નવા અભ્યાસની શરૂઆત વસંત અથવા

શરદ્, એ બે ઋતુઓમાંજ કરાય છે. બાકીની બીજી ઋતુઓમાં પ્રાણાયામની શરૂઆત કરવાથી નાના પ્રકારના વ્યાધિ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. આનો અર્થ કોઇ એવો નજ કરે કે વસંત અને શરદ્ સિવાયની બીજી ઋતુઓમાં પ્રાણાયામ કરવાનુંજ માંડી વાળવું. કહેવાની મતલબ એ છે કે, વસંત અથવા શરદ્ ઋતુમાં પ્રાણાયામ કરવાનો પ્રારંભ કર્યા પછી આખું વર્ષ તેનો ચાલુ અભ્યાસ તો રાખવોજ; પણ જેમણે અત્યાર પહેલાં પ્રાણાયામ ન કર્યા હોય અને તેની પહેલ વહેલી શરૂઆતજ કરવા ઇચ્છતા હોય તેમણે પ્રાણાયામની અથવા પ્રાણ સંબંધી કોઇ પણ સાધનાની શરૂઆત વસંત અથવા શરદ્, એ બેમાંથી ગમે તે એક ઋતુમાંજ કરી લેવી. આનું કારણ એ છે કે, પ્રાણને લગતી ક્રિયાઓનો વાતની સાથે સંબંધ છે, તેથી કરીને જે ઋતુઓમાં કફ અને પિત્તનું જોર હોય તે ઋતુઓમાં એ ક્રિયાઓનો પ્રારંભ કરવાથી વાતવિકાર થવાની બીક રહેતી નથી.

હઠયોગી લોકો નેતિ, ધોતી, બસ્તી આદિ 'ષટ્કર્મ' દ્વારા પોતાના શરીરની શુદ્ધિ કરવાને માટે પણ આ ઋતુઓનેજ પસંદ કરે છે. એવા યોગીઓ વસંત અને શરદ્ની શરૂઆતમાં ઉપર કહી તે યોગક્રિયાઓ દ્વારા પોતાનાં શરીરની શુદ્ધિ કરી લેવા ચૂકતા નથી.

વસંત ઋતુમાં જેમ વૃક્ષવેલીઓને નવા અંકુર ફૂટે છે, તેમ શરીરની અંદર ભરાઇ રહેલા દોષ, મળ (ફોરેન મૅટર) પણ બહાર નીકળવાને જોર કરે છે. માટે આ ઋતુનો જો બરાબર લાભ લઇ લેવાય તો શરીરને મલરહિત, શુદ્ધ અને પવિત્ર બનાવવામાં ખૂબ સફળતા મળશે.

ગુણઃ—આ ઋતુનો સ્વભાવ પદાર્થમાત્રમાં મધુરતા ઉત્પન્ન કરવાનો છે; તેમજ તે સ્નિગ્ધ અને કફની વૃદ્ધિ કરે એવી છે. શિયાળામાં જામી ગયેલો કફ આ ઋતુમાં પ્રકુપિત થાય છે.

પથ્યાપથ્યઃ—વસંત ઋતુમાં કફ પ્રકુપિત થાય છે તેટલા વાસ્તે કફને દૂર કરવાના જે જે ઉપાય બની શકે તે બધાજ આ ઋતુમાં કરી લેવા જરૂરી છે. શિશિર ઋતુમાં સ્નિગ્ધ (ઘીવાળા) અને ઠંડા પદાર્થોનું સેવન કરવાથી શરીર-

માં એકત્ર થયેલી શ્લેષ્મા (કફ) વસંત ઋતુની ગરમી લાગતાં વેંતજ એકદમ પ્રકુપિત થઇ જાય છે અને તેનાથી સળેખમ, ઉધરસ, ગળાના રોગ, ખોરાકની ઉપર અરુચિ, મંદાગ્નિ, શરીર ભારે ભારે લાગવું વગેરે કફજન્ય વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. માટે આ ઋતુ આવે કે તરતજ શ્લેષ્માનો નાશ કરવાને માટે બનતો પ્રયન કરી લેવો જોઇએ. પોતાની પ્રકૃતિને અનુકૂળ આવે એવી રીતે એક વાર સારી રીતે વમન (ઉલટી) ક્રિયા કરી લેવી. ઉલટી કર્યાથી જઠરમાં એકઠી થયેલી શ્લેષ્મા ઓછી થઈ જશે. એજ પ્રમાણે કફનાશક દવાના કોગળા કરીને ગળાની શ્લેષ્માનો, કફનાશક અંજનો આંજીને આંખની શ્લેષ્માનો અને કફનાશક નસ્યો (સૂંઘવાની દવા) સૂંઘીને નાકની શ્લેષ્માનો નાશ કરી લેવો. એવીજ રીતે આંતરડાંમાં જામેલી શ્લેષ્માને એકાદ હલકો જુલાબ લઇને બહાર કાઢી નાખવી.

આ ઋતુમાં હલકા, લૂખા અથવા થોડા ઘીવાળા, તીક્ષ્ણ અને ગરમ પદાર્થો ખાવા ફાયદાકારક છે. ઘઉં, મગ, ચિત્રક, મધ, સૂંઠ, આદુ વગેરેનું સેવન ખૂબ લાભદાયી નીવડશે.

એથી ઉલટું જેનાથી કફમાં વધારો થવાનો સંભવ હોય એવી ચીજો બિલકુલ ખાવી નહિ; જેમકે ખાટી, પચવામાં ભારે, ગળી, ખૂબ ઘીવાળી અને શીતવીર્ય વસ્તુઓ તેમજ દહીંવડાં, મિઠાઇઓ, પકવાન્નો અને ગળપણવાળી તમામ ખાદ્ય વસ્તુઓ કફવર્ધક હોવાથી ખાવાલાયક નથી.

આ ઋતુમાં કવચિત્ કવચિત્ ઉપવાસ કરી લેવાથી પણ લાભ થશે.

વ્યાયામ કરીને પણ શ્લેષ્માને દૂર કરવી જોઇએ. આ ઋતુમાં ભ્રમણ કરવું–અર્થાત્ શુદ્ધ હવામાં થોડું થોડું ફરવું હિતકારક કહેવાય છે. **"वसन्ते भ्रमणं पथ्यम्"**

દિવસના ઊંઘવાથી કફમાં વધારો થાય છે, માટે કદી દહાડે ઊંઘવાની ટેવ ન પાડવી.

વળી હિન્દી લોકકથન પ્રમાણે ચૈત્રમાં ગોળ ખાવો અને વૈશાખમાં તેલ ખાવું અથવા શરીરે ચોળવું, એ ત્રણેને નિષિદ્ધ સમજવાં.

चैत्र मास

चैत्र मास (मीन राशि) माटे

प्राणवर्धक प्राणायाम

જેનાથી માથાની નીરોગતા અને સ્વાસ્થ્ય જળવાય છે.

વિધિઃ–બેઉ પગની એડીઓ એકબીજીને અડકે અને તેમની વચમાં ૩૦ થી ૩૫ અંશનો ખૂણો થાય એવી રીતે પગને ગોઠવીને સીધા ટટાર ઉભા રહેવું. પછી ડાબો હાથ ડાબી તરફ અને જમણો હાથ જમણી તરફ જ્યાં સુધી પહોળા થઈ શકે ત્યાં સુધી બેઉ હાથને પહોળા કરવા અને હાથને એવા સીધા રાખવા કે હાથ અને ખભા બેઉ એકસરખી સપાટી ઉપર રહે, જેથી કરીને ખભાની સપાટીથી હાથ ઉંચા ન રહે, તેમ નીચા પણ ન રહે. હથેળીઓને ઉપરની બાજુ તરફ રાખવી. છાતી જરાક આગળ નીકળેલી હોય. આવી રીતે ઉભા રહ્યા પછી બેઉ હાથની મુઠ્ઠીઓ એટલા જોરથી દબાવીને ભીડી દેવી કે જેથી હાથની નાની મોટી તમામ માંસપેશીઓ અને તેની સાથે આખા શરીરની બીજી બધી માંસપેશીઓ પણ તંગ બની જાય. પછી એવી ને એવીજ અવસ્થામાં મતલબ કે માંસપેશીઓને સહેજ પણ ઢીલી કર્યા વગર ખૂબ ધીમે ધીમે બેઉ હાથને ઉંચા કરતાં કરતાં બેઉ હાથની મુઠ્ઠીઓ એકબીજાને અડકે ત્યાં સુધી ઉંચા કરવા. હાથને ઉંચા કરવાની ક્રિયા થતી હોય તેટલો વખત એક દીર્ઘ શ્વાસ અંદર લેતા રહેવું. એવીજ રીતે પાછા બેઉ હાથ નીચે આવતા આવતા પોતાની અસલ સ્થિતિમાં–અર્થાત્ ખભા સરસા થઇ જાય તેટલા વખતમાં ધીરે ધીરે શ્વાસને બહાર કાઢી નાખવો. આટલું કરી રહ્યા પછી હાથની મુઠ્ઠીઓને તથા માંસપેશીઓને ઢીલી કરી દઈને પૂર્વસ્થિતિમાં આવી જવું. ઉપર પ્રમાણે આઠ–દસ મિનિટ સુધી વારંવાર કરતા જવું. આ કસરત કરતી વખતે મનને મસ્તકમાં પરોવી રાખવું અને મનમાં

સતત એવો વિચાર કર્યા કરવો કે પ્રાણવાયુ મારા મસ્તકમાં ને મસ્તકમાંના એકેએક જીવનકોશમાં પ્રવેશ કરીને તેમને સર્વને પ્રાણશક્તિથી ભરપૂર બનાવી દે છે. આવું ધ્યાન કરવાથી મસ્તકની દિશામાં રુધિરનું અભિસરણ વધુ ત્વરાથી થવા માંડે છે અને મનમાં ધારણ કર્યા મુજબ પ્રાણશક્તિને મસ્તક સુધી પહોંચાડી દેવામાં ખૂબ સહાયતા મળી રહે છે.

ધ્યાન:—આ પ્રાણાયામથી મને ઘણો લાભ થઇ રહ્યો છે. રુધિર મારા મસ્તકમાં—મારા મસ્તકના ખૂણેખૂણામાં, રગેરગમાં સારી રીતે ફરી વળે છે. તેમાં ભરાઈ રહેલો તમામ દૂષિત મલ બહાર ચાલ્યો જાય છે અને પ્રાણશક્તિનો પ્રવાહ ધડધડાટ અંદર ચાલ્યો આવે છે. મારૂં મસ્તક બિલકુલ મલરહિત શુદ્ધ થઈ ગયું છે અને તેમાંનો એકેએક જીવન-કોશ સ્વાસ્થ્ય અને જીવનશક્તિથી પરિપૂર્ણ બની ગયો છે.

આષાઢ, આશ્વિન અને પોષ માસની પ્રાણદાયક કસરતોને ઉપર બતાવેલી મુખ્ય કસરતથી બીજા નંબરની માનીને તે તે કસરતો કરી લેવાથી પણ બહુજ લાભ થશે

भूर्भुवः स्वः

तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात्॥
(ऋ० ३-६२-१०। यजु० ३-३५। साम० उ० ६-३-१०)

વિનય

મારે શું શું કરવું જોઇએ તેમજ શું શું ન કરવું જોઇએ, તેનું મને કાંઇજ જ્ઞાન નથી. કયે વખતે મારૂં શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે; મારો શો ધર્મ છે અને શો અધર્મ છે; તે હું નથી સમજી શકતો. મારા સાંભળવામાં આવ્યું છે કે, ઘણી વાર ભલભલા જ્ઞાનીઓ પણ શું કરવું અને શું ન કરવું તેનો યોગ્ય નિર્ણય કરી શકતા નથી અને તેથી કિંકર્તવ્યવિમૂઢ બની જઇને ગુંચવાતા મુંઝાતા ઉભા થઈ રહે છે. ત્યારે શું આ મૂંઝવણનો કશો ઉપાયજ નહિ હોય? અમારા જન્મદાતા ભગવાન સવિતઃ દેવ! અમને કદાપિ ભુલાવો ન ખવરાવે અને આબાદ સીધો રસ્તો બતાવે એવો કોઇ પ્રકાશ તમે અમને નથીજ આપ્યો? શું તમે અમને ઉત્પન્ન કરીને આ અંધકારમય જગતમાં એમ ને એમ ગોથાં ખાવા રવડતા મૂકી દીધા છે? ના, ના, એવું તે બનેજ કેમ! ખરેખર, તમે તો સદાએ તમારા અનંત પ્રકાશ સહિત અમારી સાથેના સાથેજ છો. જો અમે માત્ર મનથી ઇચ્છા કરીએ અને પ્રયત્ન કરીએ તો તમે અમને તમારા પ્રકાશથી નવરાવીને પાવન કરી શકો છો. એમ છે તો અમે આજથીજ પ્રયત્ન કરવા માંડીશું અને તમારૂં તે 'ભર્ગ' (વિશુદ્ધ તેજ) જે વરણીય છે—જેને સૌએ ગ્રહણ કરવુંજ જોઇએ—હરકોઇ માનવજન્મધારી જીવાત્માએ જેને પોતાની અંદર અવશ્ય પધરાવવુંજ જોઇએ, તેને અમે આજથીજ ધારણ કરવા માંડીશું. આવા તમારા વરણીય શુદ્ધ સ્વરૂપનું અમે જેમ જેમ વધારે વધારે શ્રવણ,



भर्गो देवस्य धीमहि।

મનન અને નિદિધ્યાસન કરતા રહીશું–અર્થાત્ તમારા ગુણોનાં કીર્તન સાંભળીશું, તમારાજ વિચારો કરીશું, તમારામાંજ ચિત્ત એકાગ્ર કરીશું, તમારા નામનો જપ કરીશું, તમનેજ અમારો પ્રેમ અર્પણ કરીશું, તેમ તેમ તમારા શુદ્ધ સ્વરૂપને અમે અમારી અંદર ધારણ કરતા જઇશું. પછી તો ઉપરથી ચાલ્યું આવતું તમારૂં તેજજ અમારી બુદ્ધિને અને ત્યારપછી અમારાં કર્મને યોગ્ય:દિશામાં પ્રેર્યા કરશે. આ શુદ્ધ સ્વરૂપની સાથે તમે પોતેજ અમારાં અંતઃકરણમાં બિરાજ્યા હશો અને તમે જાતેજ અમારી બુદ્ધિ, અમારૂં મન તથા અમારા આ શરીર વગેરે સૌના સંચાલક બની ગયા હશો! પછી શો ધર્મ છે અને શો અધર્મ છે તેનો વિચાર કરવાની અમારે કશી ભાંજગડજ નહિ રહે! કેમકે તમારા પવિત્ર સ્પર્શથી અમારા શરીરની એકે એક ક્રિયામાંથી શુદ્ધ ધર્મનુંજ વર્ષણ થયા કરતું હશે. આટલા માટે હે પ્રભો! અમે આજથી તમારા શુદ્ધ તેજને અમારા હૃદયમાં સર્વદા ધારણ કરવાનો યત્ન આદરીએ છીએ. આજથી અમે અમારા એક એક માનસિક વિચારની સાથે, એક એક જપની સાથે તમારા તેજનું આવાહન કરીશું અને એ પ્રમાણે રોજ રોજ એ તેજનો અમારામાં અધિક અધિક જમાવ કરતા જઈશું. અમને દૃઢ વિશ્વાસ છે કે, આ 'ભર્ગ' ની અમને જેમ જેમ પ્રાપ્તિ થતી જશે, તેમ તેમ તેની સાથે સાથે ધર્મનો નિર્ણય કરવામાં કુશળ બનતી જતી અમારી બુદ્ધિ તમારી સર્વજ્ઞતાને પ્રતાપે એક દિવસ બિલકુલ ભૂલ કર્યા વગર બરાબર યોગ્ય માર્ગ ઉપરજ વળી જશે.

શબ્દાર્થ

(सवितुः) પ્રેરણા કરનાર–ઉત્પન્ન કરનાર **(देवस्य)** પરમાત્મદેવનું **(तत्)** તે **(वरेण्यं)** વરવા યોગ્ય **(भर्गः)** શુદ્ધ તેજ **(धीमहि)** અમે ધારણ કરીએ છીએ, ધ્યાન કરીએ છીએ. **(यः)** એવી રીતે ધારણ કરેલું તેજ **(नः)** અમારી **(धियः)** બુદ્ધિ કર્મ વગેરેને **(प्रचोदयात्)** હમેશાં સન્માર્ગ તરફ પ્રેરણા કરતું રહો.

२ चैत्र

उप त्वाग्ने दिवे दिवे दोषावस्तर्धिया वयं।
नमो भरन्त एमसि॥ (ऋ. १-१-७; साम० पू० १-१-४)

વિનય

અમે ઉત્પન્ન થયા ત્યારથીજ દિવસના પછી રાત્રિ અને રાત્રિના પછી દિવસ એમ ચાલ્યાજ કરે છે. દરરોજ એક એક નવો દિવસ અને એક એક નવી રાત્રિ ચાલ્યાં આવે છે અને ચાલ્યાં જાય છે. એવી રીતે કાલચક્ર અનવરત–અવિશ્રાન્તપણે ઘૂમ્યાજ કરે છે. એ કાલચક્રમાં અમે ક્યાં જતાં હોઇશું? હે મારા પ્રભુ અગ્નિદેવ! તમે તો આ અહોરાત્રની રચના એટલા માટેજ કરી છે કે પ્રત્યેક અહોરાત્રની સાથે અમે અમારી આત્મિક ઉન્નતિના ડાબા અને જમણા પગને આગળ ધપાવતા ધપાવતા અમે રોજ રોજ તમારી નજીક અને નજીક આવતા જઇએ. જો પ્રત્યેક અહોરાત્રના આરંભમાં–અર્થાત્ પ્રાતઃકાળ ને સાયંકાળની સંધ્યાને સમયે અમે અમારી બુદ્ધિ વડે તમને નીચા નમીને વંદન કરીએ, તમને નમન કરીને અમારાં કર્મોદ્વારા તમને અમારા નમસ્કાર સહિત ભેટ ચઢાવતા રહીએ, તમારે માટે સ્વાર્થત્યાગ કરતા રહીએ તો આ દિવસ–રાત્રિનું ચક્ર અમને એક દિવસ તમારાં ચરણો આગળ જરૂર પહોંચાડી દેશે. એટલા માટે હે અગ્નિરૂપ પરમદેવ! અમે આજથી નિશ્ચય કરીએ છીએ કે, અમે દરરોજ અહોરાત્રને વિષે (પ્રાતઃકાળમાં તથા સાયંકાળમાં) અમારી બુદ્ધિ તથા કર્મો વડે તમને અમારા નમસ્કારની ભેટ અર્પણ કરતા રહીને (આત્મસમર્પણ અને સ્વાર્થત્યાગ કરતા રહીને) અમારૂં બાકીનું આયુષ્ય પૂરૂં કરીશું અને એવી રીતે દરરોજ દિવસના પરિશ્રમયુક્ત સમયમાં અમારો જમણો પગ તમારી

તરફ આગળ ધપતો રહેશે, ત્યારે રાત્રિના વિશ્રાન્તિકાળમાં અમારી ઉન્નતિનો ડાબો પગ દિવસે કરેલી ઉન્નતિને સ્થિર કરતો જશે. હે પ્રભુ ! એટલા માટેજ દિવસ અને રાત્રિ એક એકની આગળ પાછળ દરરોજ ચાલ્યાં આવે છે. હવે આજથી પ્રત્યેક અહોરાત્ર અમને તમારી નજીક લાવતાં જશે. આજથી દરરોજ સ્વાર્થત્યાગ કરતા રહીને અમે અમારાં અંતઃકરણ પવિત્ર રાખીએ છીએ અને એવા પવિત્ર અંતઃકરણ વડે દરરોજ સાંજ–સવાર તમને વંદન કરતા કરતા રોજ ને રોજ તમારી તરફ પ્રગતિ કરતા જઇએ છીએ. હે પ્રભો ! દરરોજ અમે તમારી નજીક આવતા જઇએ છીએ.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ ! **(वयं)** અમે **(दिवे दिवे)** દરરોજ **(दोषावस्तः)** રાત્રિ અને દિવસના વખતમાં **(धिया)** બુદ્ધિ તથા કર્મ વડે **(नमो भरन्तः)** નમસ્કાર સહિત ભેટ અર્પણ કરતા કરતા **(त्वा)** તારી **(उप)** નજીક **(एमसि)** આવતા જઇએ છીએ.

३ चैत्र

अग्ने यं यज्ञमध्वरं विश्वतः परिभूरासि ।
स इद् देवेषु गच्छति ॥ (ऋ० १, १, ४)

વિનય

કંઇ કંઇ શુભ અભિલાષાઓને મનમાં સેવીને અમે કેટલીક જાતના યજ્ઞો કરવાનો પ્રારંભ કરીએ છીએ અને મનમાં ઇચ્છીએ છીએ કે, અમારા યજ્ઞ સફળ થાય. પરંતુ હે દેવાધિદેવ અગ્નિદેવ! જ્યાં સુધી તે યજ્ઞોમાં તમે પોતે પૂરેપુરા વ્યાપી ન જાઓ ત્યાં સુધી લાખ ઉપાય કરતાં પણ તે કદી સફળ થતા નથી; કારણ કે તમારા અટળ નિયમો અને તમારી દિવ્ય શક્તિઓ–અર્થાત્ દેવો દ્વારાજ જગતમાં બધાં કાર્યો સિદ્ધ થઇ શકે છે. તમારા વિના અમારો કોઇ પણ યજ્ઞ સફળ થાયજ કેવી રીતે? વળી જે યજ્ઞમાં તમે વ્યાપ્ત થઈ રહ્યા હો તે યજ્ઞ અધ્વર (ધ્વરા એટલે કુટિલતા અને હિંસા, તેનાથી રહિત) તો જરૂર હોવોજ જોઇએ. પણ થાય છે એવું કે, જ્યારે જ્યારે અમે યજ્ઞનો આરંભ કરીએ છીએ, કોઇ શુભ કાર્ય કરવા માંડીએ છીએ, કોઇ સમાજ, સભા, સમિતિ અથવા સંગઠન કરવા માંડીએ છીએ, કોઈ પરોપકારનું કાર્ય હાથમાં લઇએ છીએ, ત્યારે મોહને વશ થઇને અમે તમનેજ ભૂલી જઇએ છીએ. અમારૂં આરંભેલું કાર્ય ઝટ ઝટ સફળ થઇ જાય તેટલા વાસ્તે અમે હિંસા અને કુટિલતા સહિત કામ કરવા તૈયાર થઇ જઇએ છીએ. એટલે પછી તમારો હાથ અમારા ઉપરથી ખસી જાયજ ને? આવી રીતે કરેલા યજ્ઞનો તમારા દેવો સ્વીકાર કરેજ નહિ–તેમના સુધી પહોંચેજ નહિ, એટલે પછી સફળ પણ શાના થાય? હે પ્રભો! આજ પછી જ્યારે જ્યારે અમે અમારી નિર્બળતાને અધીન

થઈને અમારા યજ્ઞમાં કુટિલતાને તથા હિંસાને પ્રવેશ કરવા દઈએ અને તમને ભૂલી જઈએ ત્યારે હે પ્રકાશક દેવ ! અમારા અંતરમાં ફરીથી એક વાર પેલું વૈદિક સત્ય જગાડી દેજો કે જેથી અમારો અંતરાત્મા બોલી ઉઠે કે, હે અગ્નિ ! જે કુટિલતા અને હિંસારહિત યજ્ઞને તમે ચારે દિશાએથી ઘેરી વળો છો, જેમાં તમે વ્યાપ્ત થઈ જાઓ છો, તેજ યજ્ઞ દેવો સુધી પહોંચે છે–અર્થાત્ તેજ યજ્ઞ સફળ થાય છે અથવા દિવ્ય ફળ ઉત્પન્ન કરે છે.” ખરેખર, તમને ભૂલી જઇને, તમને આઘા ખસેડીને કોઈ પણ સંગઠનશક્તિ દ્વારા કુટિલતા અને હિંસાના બળનો ઉપયોગ કરીને કોઈ પણ કાર્ય કરવા જઈશું તો ગમે તેવો ઉગ્ર પરિશ્રમ કરતાં પણ અમને કદી પણ સફળતા નહિ મળે.

શબ્દાર્થ

(अग्ने) હે પરમાત્મન્ **(त्वं)** તમે **(यं)** જે **(अध्वरं यज्ञं)** કુટિલતા અને હિંસા રહિત યજ્ઞને **(विश्वतः परिभूः असि)** બધી તરફથી ઘેરી વળો છો **(स इत्)** તેજ યજ્ઞ **(देवेषु गच्छति)** દિવ્ય ફળ ઉત્પન્ન કરે છે.

४ चैत्र

यद् अंग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि।
तवेत् तत् सत्यमंगिरः॥ (ऋ० १-१-६.)

વિનય

હે પ્રકાશમય દેવ ! સ્વાર્થત્યાગી પુરુષનું કલ્યાણજ થાય છે. એ સત્ય તો છેજ; પણ દુનિયામાં એવું હમેશાં અમારી નજરે પડતું નથી. દુનિયામાં તો ઉલટું એવું દેખાય છે કે, સ્વાર્થમગ્ન લોકો લીલા લહેર કરે છે ત્યારે બિચારા સ્વાર્થત્યાગી લોકો નર્યું દુઃખજ વેઠયા કરે છે. સ્વાર્થી લોકો ઉપરાઉપરી ફતેહ મેળવ્યાજ જાય છે, બીજાઓના ઉપર અત્યાચાર કર્યાજ જાય છે, ત્યારે સ્વાર્થત્યાગી લોકોને ચાલુ સતામણીજ સહન કરવી પડે છે. પરંતુ હે મારા પ્રિય દેવ ! મારા જીવનના સારરૂપ દેવ ! તારી પરમ કૃપા વડે કરીને આજે મને સૂર્યની જ્યોત જેવું સાફ સાફ દેખાય છે કે, આત્મબલિદાન દેનારાંઓનું તો સર્વદા કલ્યાણજ થાય છે. એમાં હવે મને કશોજ સંશય રહ્યો નથી; એ વાત તદ્દન અટળ છે, પૂરેપૂરી સ્પષ્ટ છે. જગતમાં રોજ રોજ બનતા બનાવો, જેમનું સ્વરૂપ અમારી આંખે અવળુંજ દેખાય છે, તેઓ પણ આજ મારી ઉઘાડી આંખોની આગળથી નીચે બતાવેલું મહાન્ સત્ય છુપાવી શકતા નથી. ‘આત્મસમર્પણ કરનારાઓનું તો સર્વદા કલ્યાણ ને કલ્યાણજ થાય છે.’ એ સત્ય હું દીવાની જ્યોત જેવું સાફ જોઇ શકું છું. જગતમાંથી ધારો કે કદાચ સૂર્યનો નાશ થઇ જાય, ઋતુઓનાં ગુણ તેમજ લક્ષણ બદલાઇ જાય, પૃથ્વી અવળી દિશામાં ફરવા માંડે અથવા એવી તેવી બીજી અસંભવિત વાતો સંભવિત થઇ જાય, પણ આત્મબલિદાન દેનારાઓનું તો કોટી કાળે પણ અકલ્યાણ

થાય જ નહિ, એ તારૂં સત્ય અવિચળ અને ત્રિકાળસત્ય છે, એ હવે હું ચોખ્ખેચોખ્ખું જોઈ શકું છું. "**न हि कल्याणकृत् कश्चित्‌दुर्गतिं तात गच्छति ।**" (બાપુ ! કલ્યાણ કરનારાની કદાપિ દુર્ગતિ થાયજ નહિ.) કૃષ્ણ ભગવાનના ગાએલા આ સાંત્વનામય શબ્દો તદ્દન સાચા છે.

હે જીવનના જીવનદાતા ! મનુષ્ય જ્યારે પોતાના સ્વાર્થનો ત્યાગ કરે છે, આત્મબલિદાન દે છે ત્યારે તે પોતાના ત્યાગ અને બલિદાન દ્વારા, હે કલ્યાણસ્વરૂપ દેવ ! તારી અને તેની વચ્ચે જે અંતર છે, જે પડદો છે તેનોજ ત્યાગ કરે છે, તેનુંજ નિવારણ કરે છે અને તેમ કરીને તારા કલ્યાણસ્વરૂપની પ્રાપ્તિ કરે છે. અરે ! આત્મબલિદાનમાં અકલ્યાણની છાયા પણ કેવી રીતે હોઇ શકે ? સાચી વાત તો એ છે કે, સ્વાર્થરહિત પવિત્ર મનુષ્યો ઉપર આવી પડતાં કષ્ટ, દુઃખ, વિપત્તિઓ, બધાંજ ક્ષણિક છે. એમના સંબંધમાં જે કાંઇ શાશ્વત છે, સત્ય છે, અટળ છે તે તો તેમનું કલ્યાણજ છે.

શબ્દાર્થ

(**अंग**) હે પ્રિય ! (**अंगिरः**) મારા જીવનના સારરૂપ (**अग्ने**) પ્રકાશક દેવ ! (**यत् त्वं**) જે તું (**दाशुषे**) આત્મબલિદાન દેનારાઓનું (**भद्रं**) કલ્યાણ (**करिष्यसि**) કરે છે (**तत्**) તે (**तव**) તારો (**सत्यं इत्**) સાચો અટલ નિયમ છે.

५ चैत्र

स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव।
सचस्वा नः स्वस्तये॥ (ऋ. १-१-९)

વિનય

આ સંસારમાં જે અમોને જન્મ આપે છે, તેને અમે પિતા કહીએ છીએ. વળી વડીલ વૃદ્ધ પુરુષો, ગુરુજનો વગેરે જેઓ અમારૂં ઉત્કૃષ્ટ રીતે પાલન કરે છે, તેઓ પણ અમારા પિતા કહેવાય છે. પરંતુ હે પ્રભો! હે અગ્નિદેવ! અમને સૌને કોઇ ને કોઈ વાર જરૂર એવો અનુભવ થઇ જાય છે કે અમારા સાચા પિતા તો તમે એકલાજ છો. કોઇ કોઇ વાર એવો વખત આવીને ઉભો રહે છે કે જ્યારે અમારો સાંસારિક પિતા આંખો ચોળતો એક બાજુએ ઉભો થઈ રહે છે અને અમારૂં રક્ષણ, પાલન નથીજ કરી શકતો. સાચી હકીકત તો એવી છે કે, આ અખિલ વિશ્વના તમામ નિવાસીઓ-સાંસારિક પિતાઓ અને સાંસારિક પુત્રો બધાજ-તારા એક સમાન પુત્રોજ છે. હે અમારા સૌના પિતા! હે અમારા પરમ પિતા! અમે જ્યારે તારા પુત્રોજ છીએ ત્યારે અમે હમેશાં તારા સુધી નથી આવી શકતા તેનું કારણ શું? પુત્રનો તો એવો અધિકાર હોવોજ જોઇએ કે, જ્યારે મરજી થાય ત્યારે પોતાના પિતાની પાસે જઇ શકે. વળી જ્યારે આવડા મોટા આ સંસારમાં અમારૂં રક્ષણ કરનાર, અમારાં દુઃખભર્યાં રુદન સાંભળનાર કોઇ છેજ નહિ, ત્યારે હે પિતા! અમે બીજે જઇએ પણ ક્યાં? તું તો અમારે માટે '**સુ ઉપાયન**'-જેની પાસે અમે સુગમતાથી દોડી જઇએ-એવો થા. હે એકમાત્ર પિતા! એટલું કર કે અમે જ્યારે જે જગ્યાએ તને મળવાની ઇચ્છા કરીએ તે વખતે તને મળી શકીએ, તને અમારાં દુઃખની

વાતો સંભળાવી શકીએ અને અમારી બાલ-કામનાઓ પૂર્ણ કરી શકીએ. અમે તારાં બાળકો તારી આગળ એટલીજ પ્રાર્થના-એટલીજ યાચના કરીએ છીએ.

વળી અમારૂ કલ્યાણ શામાં છે તે અમે મૂર્ખ નાદાન બાળકો સમજીએ પણ શું? અમારી આંખને અત્યારે જેમાં અકલ્યાણ દેખાય છે તેજ કલ્યાણકારી હતું એવું પાછળથી સમજાય છે. હે પિતા! અમારૂં-તમારાં બાળકોનું કલ્યાણ શામાં છે તે તો તમે એકલાજ જાણો છો. તમે અમારા સ્વસ્તિને માટે-અમારા કલ્યાણને માટે અમને તમારાં બાળકોને પાળો, પોષો અને અમારૂં લાલન કરો. અમે તો તમારાં બાલુડાં છીએ-તમારાં છોરૂ છીએ!

શબ્દાર્થ

(अग्ने) હે પ્રભો! હે અગ્નિદેવ! **(स)** તે તું **(पिता सूनवे इव)** પિતાની પેઠે હું કે જે તારો પુત્ર છું તેને માટે **(सु उपायनः भव)** સહેલાઇથી પહોંચી જવાય એવો **(भव)** થા અને **(स्वस्तये)** કલ્યાણ થાય તે માટે **(नः)** અમને **(सचस्व)** પાળો-પોષો.

६ चैत्र

मा प्रगाम पथो वयं मा यज्ञादिन्द्र सोमिनः ।
मान्तः स्थुर्नो अरातयः ॥

(ऋ. १०-५७-१ ॥ अथर्व १३-१-५९)

વિનય

હે પરમ ઐશ્વર્યવાન ઈંદ્ર! અમે તમારી પાસેથી ઐશ્વર્ય નથી માગતા, પણ અમારી તો એટલીજ યાચના છે કે અમે સર્વદા સન્માર્ગ ઉપરજ ચાલીએ, અમે સન્માર્ગ ઉપરથી કદી પણ લટીએ નહિ. સન્માર્ગ ઉપરજ પગલાં ભરતાં ભરતાં અમને જે કાંઈ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય તેજ અમારે માટે સાચું ઐશ્વર્ય નીવડશે. ગમે તે આડે અવળે રસ્તે મેળવેલું 'ઐશ્વર્ય' ઐશ્વર્ય નજ કહેવાય; કારણ કે તેમાં ઈશ્વરત્વ નથી હોતું–સામર્થ્ય પણ નથી હોતું. સન્માર્ગ ઉપર રહીને, હે ઇંદ્ર! જે કાંઇ ઐશ્વર્ય મને તમારા તરફથી પ્રાપ્ત થાય તે ગ્રહણ કરીને હું કદી પણ યજ્ઞથી વિચલિત ન થાઉં એટલી મારી પ્રાર્થના છે. હું યજ્ઞ કરતો રહીને–પરોપકાર કરતો રહીને–તમારા આપેલા ઐશ્વર્યનો ઉપભોગ કરૂં. મને જે કાંઇ તમારી મારફત (તમારા દેવોની મારફત) મળ્યું હોય તે તમને (તમારા દેવોને) અર્પણ કર્યા વિના ભોગવવું એ તો ચોરી કહેવાય.* સ્વાર્થને વશ થઇને અમે એવું પાપાચરણ કદી પણ ન કરીએ. અમે યજ્ઞને, આત્મત્યાગને, પરોપકાર અર્થે આત્મવિસર્જન કર-

---

* જુઓ ગીતા, અધ્યાય ૩, શ્લોક ૧૨-૧૩.

इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायेभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥
यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्व किल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥

વાના અમારા ધર્મને કદી પણ ભૂલી ન જઇએ. યજ્ઞ કર્યા વિના ભોગ ભોગવવા એ વિષપાન કર્યા બરોબર છે. માટે અમારી બીજી પ્રાર્થના એ છે કે અમે યજ્ઞને કદી પણ વિસરીએ નહિ.

તમે અમારા શત્રુઓનો નાશ કરો, એવી પ્રાર્થના તો અમે તમારી આગળ કરતાજ નથી. અમે તો માત્ર એટલુંજ માગીએ છીએ કે અમારી અંદર કોઈ *'અરાતિ' વાસો ન કરે. જો અમારી અંદર કોઈ અરાતિ ન હોય તો પછી બહાર કોઈ અરાતિ હોઈ શકેજ શી રીતે? અરાતિ એટલે અદાનભાવ—દાન કરવાનો, આત્મવિસર્જન કરવાનો પ્રસંગ આવે ત્યારે તેમ નહિ કરવાની વૃત્તિ—અમારી અંદર એક ક્ષણ વાર પણ ન ટકે, એક ક્ષણ વાર પણ અમારી અંદર પ્રવેશ કરવા ન પામે. અદાનભાવ હોય ત્યાં સુધી યજ્ઞ અસંભવિત છે. માટે અમારો જો કોઇ સાચો શત્રુ હોય તો તે એકલો અદાનભાવજ છે. અમારી અંદરનો એ શત્રુજ અમારો ખરેખરો શત્રુ છે. હે પ્રભો! એ શત્રુથી અમારૂં રક્ષણ કરો. એટલું કરશો તો પછી બહારના શત્રુની અમને જરા જેટલીય ચિંતા નથી.

શબ્દાર્થ

(**इन्द्र**) હે પરમેશ્વર ! (**वयं**) અમે (**पथो मा प्रगाम**) સન્માર્ગ છોડીને આડા અવળા ન જઇએ (**सोमिनः**) ઐશ્વર્યયુક્ત થઇને (**वयं यज्ञात् मा प्रगाम**) અમે યજ્ઞને છોડી દઇએ નહિ (**अरातयः**) અદાનભાવ (**नः अन्तः मा स्थुः**) અમારી અંદર ટકવા ન પામે.

---

* 'અરાતિ' શબ્દનો પ્રસિદ્ધ અર્થ શત્રુ થાય છે. એનો શબ્દાર્થ 'દાન ન દેવુ" એવો થાય છે. —**મૂળ લેખક**

૭ ચૈત્ર

प्राग्नये वाचमीरय वृषभाय क्षितीनाम् ।
स नः पर्षद् अति द्विषः ॥
(ऋ० १०-१८७-१ । अथर्व. ६-३४-१.)

વિનય

હે માનવી ! દ્વેષભાવથી પર થઈ જવાનું-તેનાથી ઊંચે ઉઠવાનું હવે તને મન થાય છે ? અત્યાર સુધી તારા પોતાના જાતિભાઈઓનો દ્વેષ કરી કરીને અને તેના બદલામાં તેમના દ્વેષનાં કડવાં ફળ ચાખી ચાખીને તું હવે વાજ આવી ગયો છે ? તારા અંગત સુખમાં બીજાઓને વિઘ્નકર્તા માનીને તેં કાંઇ થોડા લોકોનો દ્વેષ કર્યો છે ? પણ તેં તેમનો જેટલા પ્રમાણમાં દ્વેષ કર્યો છે—વેરનો બદલો વેરથી વાળ્યો છે, તેટલાજ પ્રમાણમાં તેમનો દ્વેષ પણ શું નથી વધતો ગયો ? એ રીતે વેરના બદલામાં વેર અને દ્વેષના બદલામાં સામો દ્વેષ કરવાથી પરસ્પર દ્વેષનું પ્રમાણ એટલી હદ સુધી વધી ગયું છે કે તું આજે તારા પોતાનાજ પેદા કરેલા દ્વેષસમુદ્રમાં ડૂબી ગયો છે. હવે જો તું પૂરેપુરો કાયર કાયર થઈ ગયોજ હોય અને આ દ્વેષના કુંડાળાની બહાર નીકળી જવા તું ઇચ્છતો હોય તો ઉઠ, ઉભો થા અને સારાય સંસારમાં વ્યાપી રહેલા અગ્નિદેવ જે સર્વની કામનાઓ પૂર્ણ કરે એવા છે તેમના કાન સુધી તારો અવાજ પહોંચાડ. અરે ! તે કાંઇ જેવા તેવા નથી. તે તો ‘ વૃષભ ’ છે—અર્થાત્ આપણા ઉપર દયા લાવીને કામનાઓની પરિતૃપ્તિનો વરસાદ વરસાવી રહ્યા છે. બસ, તું તેમના કાન સુધી તારો અવાજ પહોંચાડે એટલીજ વાર છે. જ્યાં તેમણે તારો પોકાર સાંભળ્યો એટલે તરતજ તારી કામના પૂર્ણ કરી દેશે. જો તારી ઇચ્છા તારા ખરા

અંતઃકરણની સાચી ઇચ્છા હશે તોજ તારી પ્રાર્થના, તારો પોકાર વેગથી, પ્રકૃષ્ટતાપૂર્વક ત્યાં પહોંચશે. આપણી વાણીને પ્રકૃષ્ટતાપૂર્વક પ્રેરવાનું જો આપણામાં સામર્થ્ય હશે તો આપણી પ્રાર્થનાની વાણી અગ્નિદેવ સુધી પહોંચી જઇને તેમની પાસે શું ન કરાવે! કયી કામનાની પરિતૃપ્તિ ન કરાવે? આપણી માગણીને પૂર્ણ કરાવવાનું સામર્થ્ય આટલી નાની સરખી વાતમાંજ રહેલું છે—બસ, એટલામાંજ રહેલું છે કે અગ્નિદેવ સુધી આપણી વાણીને પ્રેરવી. પછી તો તે પોતેજ આપણને દ્વેષ–સમુદ્રની પેલે પાર લઈ જશે. એટલા માટે હવે તું કોઇને પણ તારા સુખમાં વિઘ્નકર્તા ગણીને તેના ઉપર દ્વેષ રાખતોજ નહિ. પણ તારા ઉપર સુખની વૃષ્ટિ વરસાવનાર પ્રભુની પ્રાર્થના કરજે. એટલું કરી તો જો. પછી જો તો ખરો દ્વેષ કયાંનો કયાં ચાલ્યો ગયો હશે! તું તારી પ્રાર્થના દ્વારા તો પ્રભુની સન્મુખ જઇને ઉભો રહીશ, એટલે તારામાં દ્વેષની છાયા પણ નહિ રહી હોય.

શબ્દાર્થ

(**क्षितीनां**) મનુષ્યોની (**वृषभाय**) ઇષ્ટ વસ્તુઓની વૃષ્ટિ કરનાર (**अग्नये**) અગ્નિદેવ પ્રતિ (**वाचम्**) તારી વાણીને (**प्र ईरय**) પ્રકૃષ્ટતાપૂર્વક મોકલ. (**स**) તે (**नः**) આપણને (**द्विषः**) દ્વેષભાવોની (**अति पर्षत्**) પેલે પાર લઇ જશે.

८ चैत्र

सोम गीर्भिष्ट्वा वयं वर्धयामो वचोविदः ।
सुमृडीको न आविश ॥ (ऋ. १, ९१, ११)

વિનય

હે પ્રશાંતસ્વરૂપ સોમદેવ ! તમે અખિલ સંસારના સારરૂપ છો, તમે જીવનરસ છો; છતાં પણ પ્રકૃતિના વિષયોમાં લુબ્ધ થએલ માનવસંસાર તમને નથી ઓળખતો, તમે કાંઇક છો એવો કદી અનુભવ પણ નથી કરી શકતો. એટલા માટે અમારામાંથી જેમણે તમારી દયાને લીધે તમારા થોડાક અનુભવનો સ્વાદ ચાખ્યો છે, તેમણે તો પોતાનો માત્ર એકજ ધર્મ નિશ્ચયપૂર્વક માની લીધો છે કે, બીજું કાંઈજ ન કરતાં ગાંડાની માફક જ્યાં ત્યાં તમારાજ ગુણ ગાતા ફરવું–તમારાંજ કીર્તનો સૌને સંભળાવતા ફરવું. તમારી ભક્તિએજ અમને '**वचोविद्**' પણ બનાવી દીધા છે–તમારી ભક્તિને પ્રતાપે અમે વાણીના સામર્થ્યને, તેના છુપા રહસ્યને ઓળખી શકયા છીએ; એટલુંજ નહિ પણ એ સામર્થ્યનો પ્રયોગ કરતાં પણ શીખી ગયા છીએ. એટલા માટેજ અમે અમારી વાણી વડે તમારાં કીર્તનો કરીએ છીએ, તમારો યશ ગાઇએ છીએ, તમારા સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. વિષયરસમાં લદબદ બની ગએલાં માનવહૃદયોએ તમને જે જે ઠેકાણેથી આઘા ખસેડી દીધા છે, અને જ્યાં જ્યાં જડ પ્રકૃતિવાદે, કુદરતની જડ અંધ શક્તિઓની ઉપાસના કરવાના મોહે તમારે માટે ખાલી જગ્યાજ રહેવા દીધી નથી ત્યાં જઇને પણ અમે તમારા નામનો મહિમા ગાઇએ છીએ, તમારા નામનો પ્રચાર કરીએ છીએ, તમારી પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરાવીએ છીએ. અરે ! એમજ કહોને કે, જાણે અમે તમારા સિપા-

ઇએ બનીને સાંસારિક દૃષ્ટિએ તમારા સામ્રાજ્યની સીમાનો વિસ્તાર કરવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ હે દેવ ! એટલું વરદાન આપો કે તમે અમારી અંદર સાત્વિક સુખનું સિંચન કરતા રહીને સર્વદા અમારી અંદર વિરાજી માન રહો. બસ, અમે તમારી પાસે માત્ર એટલુંજ માગીએ છીએ.

અરે ! અમે તુચ્છ, ક્ષુદ્ર જીવડાંઓ તમારા રાજ્યનો વિસ્તાર કરનાર કોણ ? અમારી શી ગુંજાશ ? અમે તમારો પ્રચાર કરીએ છીએ, તમારા રાજ્યની સીમા વધારીએ છીએ એમ કહેવું એ અમારે માટે કેટલી ધૃષ્ટતા છે ! હે સર્વશક્તિમાન્ ! હે અનંત અપાર ! ખરી વાત તો એ છે કે, તમે પોતેજ જેટલા પ્રમાણમાં અમારી અંદર પ્રવેશ કરો છો તેટલાજ પ્રમાણમાં તમારા અવર્ણનીય સાત્ત્વિક સુખનો સ્વાદ અમે ચાખીએ છીએ અને પછી એ સુખનો નશો ચઢવાથી મસ્ત બનીને અમે તમારા ગુણ ગાતા ફરીએ છીએ. એમ થાય છે ત્યારે તો અમારાં એકેએક અંગ-પ્રત્યંગમાંથી અમારી એક એક ક્રિયામાંથી તમારા પ્રકાશનું પ્રતિબિંબ પડે છે. વાસ્તે અમારી તો એટલીજ પ્રાર્થના છે કે તમે અમારી અંદર પ્રવેશ કરો, તમે અમારામાં આવિષ્ટ થઇ જાઓ. જેટલા પ્રમાણમાં તમે અમારી અંદર પ્રવેશ કરશો, તેટલાજ પ્રમાણમાં અમારી મારફતે સંસારમાં તમારો પ્રચાર થશે, તમારા પ્રકાશનો ફેલાવો થશે. હે પ્રભો ! આવા સાત્ત્વિક સુખ દ્વારા અમારામાં ચેતન અને પ્રાણનું સિંચન કરતા રહીને તમે અમારામાં આવિષ્ટ થાઓ.

શબ્દાર્થ

(सोम) હે સોમદેવ ! **(वयं वचोविदः)** વાણીને જાણનારા અમે **(त्वा)** તને **(गीर्भिः)** અમારી વાણીઓ વડે **(वर्धयामः)** વધારીએ છીએ. **(सुमृडीकः)** ઉત્તમ પ્રકારનાં સુખ આપતા રહીને તમે **(नः आविश)** અમારી અંદર પ્રવેશ કરો.

१ चैत्र

तुंजे तुंजे य उत्तरे स्तोमा इन्द्रस्य वज्रिणः ।
न विन्धे अस्य सुष्टुतिम् ॥
(ऋ. १-७-७ ॥ अथर्व० २०-७०-१३)

વિનય

ભગવાને મારા ઉપર જે કૃપા વર્ષાવી છે તેનું વર્ણન તો હું નથીજ કરી શકતો. જ્યારે જ્યારે મને મારા કલ્યાણને વાસ્તે કોઇ પણ વસ્તુની આવશ્યકતા જણાઇ, ત્યારે ત્યારે તે વસ્તુ ગમે ત્યાંથી પણ આવીને મારી સામે ઉભીજ હોય. મારી કલ્યાણસ્વરૂપિણી જનની પોતાના પુત્રની એકેએક જરૂરીઆતને પૂરેપુરી જાણી લઇને યોગ્ય વખતે કાળજીપૂર્વક પૂરી પાડતીજ રહે છે. અહા ! તેની દયા અપાર છે ! એવા ભગવાને રચેલા સંસારમાં રહેનારા ઘણા ખરા માણસો કોણ જાણે શાથી સંતોષનો પરિત્યાગ કરે છે અને ગભરાતા ફરે છે ! કાં તો પ્રાણીમાત્રને ભગવાને આપી મૂકેલી સ્વાભાવિક બક્ષિસોનું મૂલ્ય તેઓ સમજતાજ નહિ હોય અથવા તો જાણી જોઇનેજ અકૃતજ્ઞ થતા હશે. આ બેમાંથી પહેલું કારણ મને વધારે બંધબેસતું લાગે છે. પણ હું તો એક વાત કહેવાનોજ અને કહેતાં કહેતાં કદી થાકવાનોજ નહિ કે, પાપમાંથી ઉદ્ધાર કરનાર પરમ ઐશ્વર્યયુક્ત ઈન્દ્ર ભગવાને મને ન્યાલ કરી દીધો છે, મને પાપ અને દુઃખના ખાડામાંથી બહાર કાઢ્યો છે. મને તો એક પછી એક આન્તરિક સુખ એવાં મળતાં ગયાં છે કે તેમનું હું વર્ણનજ નથી કરી શકતો. મને એની આપેલી બક્ષિસોનું જ્યારે જ્યારે સ્મરણ થાય છે ત્યારે ત્યારે આનંદાશ્રુથી હું ગદ્ગદ્ બની જાઉં છું અને મારા મોઢામાંથી એની સ્તુતિનાં કૃતજ્ઞતાભર્યાં ગાન નીકળી પડે

છે. હું એવાં સ્તોત્રો એક પછી એક ગાતોજ જાઉં છું, પણ ગાતાં ધરાતો નથી, મનને તૃપ્તિ થતી નથી. હૃદયમાં અનુભવેલા ભાવોને મારી અપૂર્ણ વાણી પ્રકટ કરી શકેજ શી રીતે ? છતાં પણ પૂર્ણતા પ્રાપ્ત કરવાની આશામાં ને આશામાં વારંવાર એનાં ગુણગાન ગાયા કરૂં છું–બસ, ગાયા કરૂં છું. પણ એનું સ્તવન કદી પૂરૂં થતુંજ નથી. મનને એવું એક વાર પણ નથી થતું કે આજે તો બસ તૃપ્તિપર્યંત સ્તુતિ કરી. અરે ! એની સ્તુતિનો અંત કોઇએ કદી દીઠો છે ? કોઈ કદી સ્તુતિ કરતાં કરતાં ધરાયો છે ? હે પ્રભુ ! તારી દયા અપાર છે, નિરવધિ છે !

શબ્દાર્થ

(**तुंजे तुंजे**) એક એક બક્ષિસ પામીને હું (**वज्रिणः इन्द्रस्य**) પાપનો નાશ કરનાર ઇન્દ્રની (**ये उत्तरे स्तोमाः**) વધારે વધારે સ્તુતિ કરતો જાઉં છું તોપણ (**अस्य सु स्तुतिं**) તેની સ્તુતિનો પાર (**न विन्धे**) પામી શકતો નથી.

૧૦ चैत्र

आत एतु मनः पुनः क्रत्वे दक्षाय जीवसे ।
ज्योक् च सूर्यं दृशे ॥ (ऋ. ૧૦–૫૭–૪)

વિનય

હે મનુષ્ય ! તું આટલો બધો નિર્બળ, ઉત્સાહરહિત અને ઢીલો ઢસ બની ગયો છે તેનું કારણ તારા પોતાના મનનુંજ નિર્જીવપણું છે. તારૂં મનજ નિર્જીવ થઈ ગયું છે. અરે ! તારે મનજ નથી એમ કહીએ તો પણ ચાલે. તારા વ્યાધિનું બીજું કાંઇજ કારણ નથી. તું તારી મન્દતાને–તારી નિર્બળતાને–દૂર કરવાને માટે પ્રકૃતિ વિરુદ્ધ દવાઓ ખાતો ફરે છે. એ દવાઓથી કશોજ ભલીવાર થતો નથી. વહેમનું તો ઓસડજ નથી. તું જરાક વારને માટે તો તારા વહેમના પંજામાંથી છૂટો થા અને જગદ્વ્યાપી મન જે અખિલ વિશ્વમાં વ્યાપી રહ્યું છે, આખા સંસારને ગતિ આપી રહ્યું છે—પ્રત્યેક મનુષ્યના મનને ગતિમાન કરી રહ્યું છે, તેના પ્રવાહને તારા મનમાં લગાર પ્રવેશ તો કરવા દે. આ મનોમય પ્રવાહને તું તારા મનમાં જેમ જેમ ધારણ કરતો જઇશ, તેમ તેમ તારૂં મન સચેત બનતું જશે. એમ થશે એટલે તું યથાયોગ્ય રીતે '**क्रतु**'–કર્મ કરતો થઇશ, તારી અંદર '**दक्ष**' બળ ઉત્પન્ન થશે અને તારામાં એક નવીન પ્રકારની ચેતનાનો સંચાર થશે. વળી જગતને પ્રાણ અર્પનાર સૂર્યદેવનાં દર્શન કરતો રહીને–તેનામાંથી વહન કરતા પ્રાણનું શોષણ કરતો રહીને–તું દીર્ઘ કાળપર્યન્ત જીવિત રહીશ. આ બધું ચમત્કારિક પરિણામ મનઃશક્તિના પ્રવેશનુંજ છે. માટે અમારી તો પરમેશ્વરનાં ચરણોમાં એકજ પ્રાર્થના છે કે, તારામાં મનઃશક્તિનો પ્રવેશ થાઓ. એમાંજ તારૂં કલ્યાણ છે. મનઃ-

શક્તિ સિવાય બીજા કોઈ પણ જાતના ઉપચારથી કશોજ લાભ થવાનો સંભવ નથી. માટે તું તારા મનનેજ બળવાન બનાવ, મનનેજ જાગ્રત કર, મનનેજ ચેતનવંત કરી દે.

શબ્દાર્થ

(मनः) મનનો **(ते)** તારામાં **(पुनः)** ફરીથી **(आ एतु)** પ્રવેશ થાઓ, જેના વડે તું **(क्रत्वे)** કામ કરવા માંડે, **(दक्षाय)** તારામાં બળનો સંચાર થાય, **(जीवसे)** તારામાં જીવન આવી જાય, **(ज्योक् च)** અને તું ચીરંજીવ થઇને **(सूर्यं दृशे)** નિરંતર સૂર્યનું દર્શન કરતો રહે.

११ चैत्र

इन्द्र आशाभ्यस्परि सर्वाभ्यो अभयं करत् ।
जेता शत्रून् विचर्षणिः ॥
(ऋ० २-४१-१२। अथर्व० २०-५७-१०)

વિનય

અરે ! હું શા વાસ્તે ડરતો હોઇશ ? આ (**इन्द्रनी**) પરમેશ્વરની સૃષ્ટિમાં કોઇ પણ કાળમાં, કોઈ પણ સ્થળમાં ભય પામવાનું લેશમાત્ર પણ કારણ હોયજ નહિ. શું હું મારા શત્રુઓથી ડરૂં છું ? આ ઈંદ્રની સૃષ્ટિમાં તો કોઇ મારો શત્રુ હોવોજ ન જોઇએ. મારો કોઈ શત્રુ છેજ નહિ. હા, પાપાચરણ કરનારાં મનુષ્યોને એક રીતે શત્રુ કહી શકાય, કેમકે પાપ કરવું એટલે ઈશ્વરના શાસનની સામે બળવો કરવો—અર્થાત્ પરમાત્માની સાથે શત્રુતા કરવી એવો અર્થ થાય; પણ એવાં પાપ કરનારા ભાઈઓથી પણ મારે બ્હીવાની શી જરૂર ? એટલી વાત ખરી કે, જ્યારે પાપ કરનારાઓના પાપનો વિરોધ કરવાનો મારો ધર્મ ઉભો થશે, ત્યારે તે ભાઇઓ મને પોતાનો શત્રુ ગણવા લાગશે અને મને પોતાનો શત્રુ ધારીને અનેક રીતે સતાવવાને, દુઃખ દેવાને તૈયાર થશે; પણ એ પાપી ભાઇઓ મને ભલેને ગમે તેટલો સતાવે, પજવે, દુઃખ દે; પણ તેથી મારૂં શું બગડી જવાનું હતું ? તે તો બિચારા પોતેજ પરમાત્માને હાથે મરી ચૂકેલા છે. પરમાત્મા તો સ્વાભાવિક રીતેજ "**शत्रून् विजेता**"—શત્રુઓને જીતનારા છે. તેમની સામે દુશ્મનાવટ કરીને-અર્થાત્ પાપ કરીને કોણ જીવતો રહ્યો છે ? આપણા મનમાં આટલી એકજ વાત પર દૃઢ વિશ્વાસ જામી જાય કે, પરમાત્મા તો "**शत्रून् जेता**" છે તો પછી અજ્ઞાની પાપી માણસો તરફથી આવી પડતાં ભારેમાં ભારે કષ્ટ-સંતાપને, ભયંકરમાં ભયંકર જુલ્મોને પણ આપણે પી જઇએ. થોડીક વારને માટે

પણ મનમાં આવા વિચારનો ઉદય થવાથી એકદમ નિર્ભય બની જવાય છે. તો પછી ઈશ્વર જે ખરેખર "**विचर्षणि**" છે એવું ભાન થતાં તો કોઈ પણ જાતના ભયને માટે સ્થાનજ ન રહે. "**विचर्षणि**" પરમેશ્વર પ્રાણીમાત્રનાં તમામ કર્મો ઉપર બરાબર નજર રાખીને સૌને તેમનાં પાપ અને પુણ્યનાં યોગ્ય ફળ આપ્યાજ કરે છે. તે ઉત્તમ રીતે યોગ્ય વખતે હરકોઈ પાપનો વિનાશ કરેજ છે—પાપનો પરાજય કરેજ છે. ત્યારે પછી મારે ભય રાખવાની જરૂરજ ક્યાં રહી ? મને તો દુઃખ અથવા ક્લેશ ત્યારેજ પ્રાપ્ત થશે, કે જ્યારે મારા પોતાના કોઈ પાપકર્મનો ઉદય થશે. બીજા કોઈના કહેવાથી કે ઇચ્છવાથી મને કદી પણ ક્લેશ થવાનો નથી અને જો મારા પોતાના પાપને લીધે મારે ક્લેશ ભોગવવાનો ઠરે તે તો મારે ભોગવવોજ જોઈએ. તેને હું ઘણીજ ખુશીથી સહન કરી લઈને નિષ્પાપ બની જઈશ, પાપનું ઋણ ધોઈ નાખીશ. એવે ટાણે મને જે ક્લેશ થશે તે મારા શત્રુનો મોકલેલો નહિ હોય, પણ મારા પ્યારા પ્રભુનો મોકલેલો હશે અને મારો માલિક જે મોકલે તેનો તો મારે સત્કાર કરવોજ જોઈએ ને ? મારી તો હવે ખાત્રી થઈ ચૂકી છે કે અખિલ સંસારમાં, ચારે દિશાઓમાં, મને દુઃખી કરી શકે એવો કોઈ મારો શત્રુ રહ્યોજ નથી. જ્યારથી મેં મારા પ્રભુને "**विचर्षणि**" અને "**शत्रून् जेता**" તરીકે ઓળખી લીધો છે ત્યારથી હું તો નિર્ભયજ થઈ ગયો છું–ચારે દિશાઓથી નિર્ભય બની ગયો છું–કોઈ પણ દિશાઓથી મારે ભય પામવાનું રહ્યુંજ નથી. બસ, હું અભય, અભય થઈને ફરૂં છું.

શબ્દાર્થ

(**इन्द्रः**) ઇન્દ્ર પરમેશ્વર મને (**सर्वाभ्यः आशाभ्यः परि**) તમામ દિશાઓથી (**अभयं करत्**) નિર્ભય કરી દે. (**शत्रून् जेता**) જે પરમેશ્વર શત્રુઓને જીતનારા છે (**विचर्षणिः**) અને [હરેક પ્રાણીના હરેક કર્મને] પૂરેપુરા જોનારા છે.

१२ चैत्र

आत्वा रम्भं न जिव्रयो ररम्भा शवस्पते।
उश्मसि त्वा सधस्थ आ॥ (ऋ. ८-४५-२०)

વિનય

હે ભગવન્ ! હું ઘરડો છું અને તમે મારા સરખા ઘરડાની, અપંગની લાકડી છો, આધાર છો, તમેજ મારા મદદગાર છો, આશ્રયદાતા છો. મારા આ અવતારમાં મને મળેલો મારો દેહ ભલે વૃદ્ધ, જીર્ણ ન દેખાતો હોય તોપણ ખરી રીતે તો હું ઘરડોજ છું, જીર્ણ થયેલો છું, ઘણી લાંબી ઉંમર મેં ભોગવી છે અને તેથી કરીને હું ઘણા અનુભવો લઈ લઇને ઘડાયો છું. કોણ જાણે કેટલીય જાતની યોનિઓ મને પ્રાપ્ત થઈ હશે ? ઓહો ! સારોય સંસાર હું ભોગવી ચૂક્યો છું; પણ અત્યારે તો હું તમને **“शवस्पते”** કહીને બોલાવું છું; કારણ કે મારા લાંબા સમયના અનુભવોથી મેં જાણી લીધું છે કે તમામ પ્રકારની શક્તિઓના એકમાત્ર સ્વામી તમેજ છો. મારા અગણ્ય જન્મો પૈકીના એકાદ જન્મમાં જ્યારે હું ખૂબ ધનવાન હતો તે વખતે મને મારા ધનબળનું ઘણું અભિમાન હતું. કોઇ જન્મમાં મારી પાસે સૈન્યબળ હોવાથી મેં એવું માની લીધું હતું કે, આટલું બધું સૈન્ય મારી પાસે છે તો પછી મારે શી ફિકર છે ? હું ધારૂં તે કરી શકું છું. આ પ્રમાણે મેં કોઇ વાર મારા સૈન્યબળને, કોઈ વાર મારા બુદ્ધિબળને, કોઇ વાર મારી ચતુરાઇને વારાફરતી અજમાવી જોયાં છે. હરેક વખતે હું મનમાં એમજ ફુલાયા કરતો હતો કે, આખી દુનિયા મારી આગળ જખ મારે છે, મારી ચતુરાઇનું સામર્થ્ય કાંઈ જેવું તેવું છે ? મારા અંગબળની, મારા સૈન્યબળની તો વાતજ શી ? મારા અભિમાનમાં હું કોઇને લેખવતો ન હતો. આખી આલમને હું તૃણ બરોબર સમજતો હતો. પરંતુ આટલા બધા

લાંબા વખત સુધી અગણિત યોનિઓના પાર વિનાના અનુભવો લઇ લઇને આખરે હું જીર્ણ વૃદ્ધ થઈ ગયો છું, અને હવે મને બરાબર સમજાઇ ગયું છે કે, તમામ પ્રકારનાં બળના એકમાત્ર સ્વામી તમેજ છો. એટલા માટે તો હવે બીજાં બધાં બળનો આશ્રય લેવાનું છોડી દઇને તમારે એકલાનેજ શરણે આવ્યો છું, તમારો એકલાનોજ આશ્રય લઉં છું. હે મારા એકમાત્ર બળ ! હવે તો તમે મારાથી એક પળ વારને માટે અળગા થશો નહિ. હવે તો ફક્ત એક ક્ષણ વાર પણ જો હું તમને ભૂલી જાઉં છું—મારાં માનસ ચક્ષુની આગળથી એક ક્ષણ વારને માટે પણ તમે અદૃશ્ય બની જાઓ છો—તો હું એકદમ આકુળ-વ્યાકુળ થઇ જાઉં છું, તદ્દન અસહાય-બળહીન બની જાઉં છું. માટે અત્યારે તો મારી એકજ યાચના છે કે, તમે સદાકાળ નિરંતર મારી સાથે ને સાથેજ રહો. ઘરડા અને અશક્ત માણસની લાકડી તેની નજર આગળ ભલે પડી હોય, પણ તેનો હાથ ન પહોંચે એટલે છેટે હોય-ઉઠીને ઉભા થવાને માટે લાકડીનો ટેકો તેને મળી શકતો ન હોય—ત્યારે તો તે લાકડીનું દર્શન તે ઘરડા માણસને માટે વિશેષ દુઃખદાયક થઇ પડે છે. એટલા માટે હે મુજ નિર્બળના આધાર! મારા સરખા ઘરડાની લાકડી જેવા પ્રભુ! મારા એકમાત્ર મદદગાર! હવે તો તમે સદાય મારી સાથે ને સાથેજ રહેજો-હમેશાં **"સધસ્થ"** થઇને રહેજો. તમારાથી વિખૂટા પડીને એક પળ વાર પણ હું નથી જીવી શકતો.

શબ્દાર્થ

(**शवसः पते**) હે તમામ શક્તિઓના સ્વામી ! (**जिव्रयः**) ઘરડો માણસ (**रम्भं न**) જેમ લાકડીનો આધાર લે છે (**त्वा**) તેમ મેં તારો (**आररम्भ**) આધાર લીધો છે. અને હવે હું (**त्वा**) તને (**सधस्थे**) મારો હાથ પહોંચે એટલે પાસે (**आ**) બરાબર સન્મુખ આંખ આગળજ (**उश्मसि**) ઇચ્છું છું-જોવાની ઇચ્છા રાખું છું.

१३ चैत्र

इच्छन्ति देवाः सुन्वन्तं न स्वप्नाय स्पृहयन्ति।
यन्ति प्रमादं अतन्द्रा॥ (ऋ ८-२-१८। अथर्व २०-१८-३)

વિનય

આળસ એ મનુષ્યનો મોટો શત્રુ છે. આપણે રોજ રોજ જે જે પાપ કરીએ છીએ, તેમાંનાં ઘણાંખરાં પાપનું કારણ આપણાં મનની કુટિલતા નહિ પણ આપણું આળસજ છે. આપણે ઘણી વાર આળસ અથવા સુસ્તીને વશ થઇને પાપી બનીએ છીએ. એવીજ રીતે કેટલાંય લાભદાયક શુભ કાર્યોનો આરંભ કર્યા પછી માત્ર આળસને તાબે થઇને આપણે તે તે કાર્યોને પડતાં મૂકીએ છીએ અને આત્મકલ્યાણથી વંચિત થઇએ છીએ. માટે આળસને તાબે થનારા લોકો કદી પણ પરમાત્માને પ્રિય થઇ શકતા નથી. પરમાત્માને અધીન દેવતાઓ આળસુ લોકોને ચાહતાજ નથી; કારણ કે તેવા માણસો દેવતાઓએ પ્રવર્તાવેલા સંસારયજ્ઞમાં પોતાનો ફાળો આપતા નથી, દેવતાઓની સાથે સહકાર કરવો જોઇએ તે કરતા નથી. પરમાત્મા પોતાને અધીન દેવતાઓની મારફતે જગતમાં સંપૂર્ણ વ્યવસ્થા જાળવે છે—દેવતાઓની મારફતે જગતનું નિયમન કરે છે અને અનુશાસન (તાલીમ) પળાવે છે. આપણી ભૂલચૂકની, અનુચિત આચરણની, અપરાધની, પાપની આપણને ઈશ્વરના નિયમ મુજબ સજા મળતીજ રહે છે–બેચેની, મંદવાડ, પીડા, વેદના, કલેશ, મૃત્યુ વગેરે દ્વારા આપણને સજા મળે છે, આપણને સુધારવાને માટે એ બધું થાય છે, કે જેથી આપણે ચેતીને ચાલીએ અને પરમાત્માની આજ્ઞાઓનું ઉલ્લંઘન ન કરીએ. પરમાત્માનાં અનુશાસનોનું પાલન કરવામાં દેવતાઓ તદ્દન અતન્દ્ર–અર્થાત્ ખૂબ સાવધાન રહે છે અને જરા જેટલી પણ ભૂલચૂક કર્યા વગર યથાનિયમ

પોતાને સોંપેલું કાર્ય કર્યે જાય છે. આ સંસારનું નિયમન કરનારા દેવતાઓ એવા સત્વગુણના બનેલા છે કે જેમણે તમોગુણને જીતીને રજોગુણને પણ પોતાને તાબે કરી લીધો છે. તેથી કરીને તમોગુણથી દબાઇ ગએલા, આળસ-પ્રમાદ કરનારા તમોગુણી લોકો દેવતાઓને વહાલા હોયજ શી રીતે? એટલા માટે તો એ લોકોને તેમના પ્રમાદને માટે દેવતાઓ વારંવાર સજા કરી કરીને, વારંવાર લાતો મારી મારીને સાવધાન કરતા રહે છે. પરમાત્માને અધીન દેવતાઓ આ સંસારરૂપી યજ્ઞનું અનુષ્ઠાન કરી રહ્યા છે તેમની ઇચ્છાને, તેમની યજ્ઞક્રિયાને અનુકૂળ થઇને મનુષ્ય જે જે કાર્યો કરે છે તે બધાની યજ્ઞકર્મમાંજ ગણના થાય છે. યજ્ઞાર્થે કર્મ કર્યા સિવાય માણસે બીજું કોઇ પણ કામ કરવુંજ ન જોઇએ. યજ્ઞાર્થે કરેલાં કર્મજ શુભ છે, પુણ્ય છે, યજ્ઞીય કર્મ કહેવાય છે; કેમકે તેમની મારફતે સંસારને કંઈક ઉંચે લઇ જવામાં, સંસારને પવિત્ર બનાવવામાં, શ્રેયસ્‌ના માર્ગ ઉપર લઈ જવામાં સહાયતા મળી રહે છે. આવા હેતુથી કોઇ પણ કામ કરવું એનો અર્થ એ થાય છે કે, આ સંસારયજ્ઞ માટે સોમરસનું સેવન કરવું. જરાક આ તરફ નજર કરો—દેવોને પ્રિય લોકોને નિહાળો કે જેઓ પોતાના પ્રત્યેક કર્મ દ્વારા આ સંસારયજ્ઞને પોષણ આપે એવા યજ્ઞની વૃદ્ધિ કરે. એવા ઉપર કહ્યા તેવા સોમરસને ઉત્પન્ન કરતા રહીને પોતપોતાનાં કર્તવ્યોના પાલનમાં હમેશાં જાગ્રત, કાર્ય કરવાને તત્પર અને ઉત્સાહપૂર્ણ બનીને દેવતાઓના જેવું જીવન વીતાવે છે.

શબ્દાર્થ

(**देवा:**) દેવતાઓ (**सुन्वन्तं**) યજ્ઞકર્મ કરનારાઓની (**इच्छन्ति**) ઇચ્છા રાખે છે. (**न स्वप्नाय स्पृहयन्ति**) ઉંઘણસી સુસ્ત લોકોને તેઓ ચાહતા નથી.(**अतन्द्राः**) જે દેવતાઓ પોતે આળસરહિત છે તેઓ (**प्रमादं**) ભૂલોનું અથવા ભૂલ કરનારાઓનું (**यन्ति**) નિયમન કરે છે.

१४ चैत्र

जीवान्नो अभिधेतन आदित्यासः पुरा हथात्।
कद्ध स्थ हवनश्रुतः ॥ (ऋ. ८-६७-५)

વિનય

હે આદિત્ય દેવતાઓ! દોડો! અમારી વ્હારે ધાઓ! અમને ઉગારી લો. મોત જડબું પહોળું કરીને અમારી સામેજ આવી ઉભું છે. બીજી ક્ષણેજ મોત અમારો કોળીઓ કરી જશે. ભોગ ભોગવતી વખતે અમે જાણ્યુંજ નહિ કે સહેલાઇથી હસતાં હસતાં ભોગવાતા ભોગ આગળ જતાં એક દહાડો અમારાજ ભોક્તા બનીને અમનેજ ખાઇ જશે. ભોગ ભોગવતી વખતે અમે અમારી જાતેજ રાજીખુશીથી વિષયબંધનોની જાળમાં બંધાતા ગયા. તે વખતે અમે એટલો વિચાર ન કર્યો કે અમે અમારી જાતને મોતની જાળમાં બાંધી રહ્યા છીએ. પણ આજની એક ક્ષણ, મોતના મોઢામાં જઇ પડવાની એક ક્ષણ, ધગધગતા પશ્ચાત્તાપથી ધીકતી એક ક્ષણ પાછલી આખી જીન્દગીના કુલ સરવાળાની બરોબરી કરે એવી આવી પહોંચી છે. બસ, અમારે માટે આ એકજ ક્ષણ હવે બાકી રહી છે. એવી અણીને ટાંકણે, હે આદિત્યો! હું તમારી મદદને માટે પોકાર કરી રહ્યો છું. મેં સાંભળ્યું છે કે, તમે જગદીશ્વરની અખંડનીય શક્તિઓ છો, અમને બંધનજાળમાંથી છોડાવે એવી શક્તિઓ છો, અમને પ્રકાશ આપનારી શક્તિઓ છો. અરે! તમે અત્યારે ક્યાં છો? મારો પોકાર કેમ કાને ધરતા નથી? મારો જીવ તો નીકળું નીકળું થઇ રહ્યો છે. એક ક્ષણની વાર લગાડશો તો મારો જીવ ગયોજ જાણજો. તમે '**हवनश्रुत**' પોકાર સાંભળનાર તરીકે પ્રસિદ્ધ છો. તમે ભલભલા પાપીઓના સાચા અંતઃકરણના પશ્ચા-

ત્તાપને, તેમના ખરા જિગરના પોકારને સાંભળીને તેમની વ્હારે ધાયા છો અને તેમને છેક છેલ્લી ઘડીએ તમે ઉગારી લીધા છે. તમને મારૂં અત્યારનું રુદન, મારો આ વખતનો પશ્ચાત્તાપમય વિલાપ અકૃત્રિમ નથી લાગતાં ? મારા અંતઃકરણના ઉંડાણમાંથી નીકળતાં હોય એવું તમને નથી લાગતું ? જો લાગે છે તો કેમ મારી વહારે નથી દોડી આવતા ? કેમ મારા પોકાર નથી સાંભળતા ? એક ક્ષણનીજ હવે વાર છે. અત્યાર પછીની બીજીજ ક્ષણે હું મરી ગયો હોઇશ, મારો પૂરેપુરો વિનાશ થઇ ચૂકયો હશે, મારા પૂરેપુરા બાર વાગી ગયા હશે. મારો બધો ખેલ ખલાસ થઇ ગયા પછી આવવાનો તમારો વિચાર છે ? પછી તો તમે આવીને કરવાનાય શું હતા ? જો તમારે મને ઉગારવોજ હોય તો હજી મારા આયુષ્યની છેલ્લી બે-ચાર ક્ષણ બાકી છે; તેટલી પૂરી થાય તે પહેલાં દોડી આવો, મને બચાવો, અરે ! મને બચાવો ! મારી વહારે ધાઓ ! હું મરી ચાલ્યો ! મને ઉગારી લ્યો.

શબ્દાર્થ

(आदित्यासः) હે આદિત્યો ! **(अभिधेतन)** દોડો **(जीवान् नः)** અમે જીવતાઓની પાસે **(हथात् पुरः)** અમે મરી જઇએ તે પહેલાંજ દોડી આવો. **(हवनश्रुतः)** હે પોકાર સાંભળનારાઓ ! **(क्व स्थ)** તમે કયાં છો ?

१५ चैत्र

तरत् स मन्दी धावति धारा सुतस्यान्धसः ।
तरत् स मन्दी धावति ॥

(ऋ. ९–५८–१ । साम० पू. ६–१–२–४)

વિનય

દુઃખ અને પાપને તરી જવાની ઇચ્છા રાખનારા ભાઇઓ ! જુઓ ! વાસ્તવિક રીતે તરી પાર ઉતર્યા હોય એવા અવશ્ય કોઇ છે તો ખરા. આ સંસારરૂપી મહાસાગર જે દુસ્તર દેખાય છે તેને પણ તરનારાઓ તરી જાય છે—ખરેખર, તેને તરીને પેલે પાર ચાલ્યા જાય છે. પણ જેઓ ‘ **मन्दी** ’ છે તેઓ એકલાજ તરી શકે છે. જેઓ ભગવાનના ભજનમાંજ આનંદ માનનારા છે તેઓજ તરી શકે છે. તમે ખરેખરા ભજનરસમાં મસ્ત બની ગયા છો ? ભક્તિરસથી તમારૂં અંતઃકરણ પૂરેપુરૂં પરિતૃપ્ત થઇ ગયું છે ? તમને એટલી હદ સુધી આન્તરતૃપ્તિ થઇ ગઇ છે કે સંસારની કોઈ પણ વસ્તુને માટે તમને કદી કામના થાયજ નહિ ? તમારૂં અંતઃકરણ આંતરિક આનંદથી એવું છલોછલ ભરાઈ ગયું છે કે સંસારના કોઇ પણ પદાર્થને માટે તમને મનમાં કદી પણ લાલચ થાયજ નહિ ? તમે ખરેખર એવા મસ્ત અથવા આત્મારામ બની ચૂકયા છો ? જેમને ‘ **मन्दी** ’ કહ્યા છે તેમનાં તો હમણાં કહી ગયા તેવાં લક્ષણો હોય છે. એવા વિરલાઓ દુઃખ અને પાપને તરી ગયા છે અને આજે પણ તરી જાય છે.

એવી અવસ્થા શાં શાં સાધનોથી પ્રાપ્ત થાય છે ? એવી અવસ્થા તો ત્યારેજ પ્રાપ્ત થાય છે, કે જ્યારે ઇશ્વરનું ભજન કરતાં કરતાં શરીરની અંદર અત્યારસુધી સૂઇ રહેલી શક્તિ જાગ્રત થઇ જાય અને જાગ્રત થઇને પ્રાણ,

વાણી તથા મનને સચેતન કરતી કરતી ઉપર ચઢવા માંડે. હઠયોગીઓની પરિભાષામાં જેને કુંડલિનીનું જાગરણ અથવા પ્રાણનું વ્યુત્થાન કહે છે તે આજ ક્રિયા છે. કુંડલિની શક્તિ તેના ખરા અર્થમાં જાગ્રત થાય એટલેજ સંસારને ‘ તરવાની ’ શરૂઆત થવા માંડે. પ્રાણનો પ્રવાહ મૂળાધાર આગળથી જાગ્રત થઈને ઉંચે ચઢવા માંડે એટલે તે હૈમવતી–શક્તિ નાચતી ઉછળતી, ઈશ્વરનું ભજન–સ્તુતિ કરતી કરતી—રસ્તામાં પ્રાણ, વાણી અને મનના અદ્‌ભુત ચમત્કાર બતાવતી—ઉપર પોતાના શિવરૂપી પતિના તરફ ગતિ કરવા માંડે છે.* આવી રીતે ‘ આદ્યાન ’ અથવા

---

* યોગવિદ્યાના આ અતિ ગૂઢ અને રહસ્યમય વિષય ઉપર મૂળ ગ્રંથકારે પોતાની યોગ્યતા અને અનુભવ અનુસાર ટિપ્પણી લખી હોત તો વાચકની ગૂંચવણ બેશક ઓછી થઇ જાત; પણ જ્યારે તેમણે કાંઇજ નથી લખ્યું ત્યારે આ ગહન વિષય ઉપર એક શબ્દ પણ લખવાની મારી યોગ્યતા નહિ જેવી હોવા છતાં વાચકના હિતનો વિચાર કરીને કાંઇક સંક્ષેપમાં લખવાની હિંમત કરૂં છું. એ વિષયની વધારે સવિસ્તર માહિતીને માટે વાચકને **घेरण्ड संहिता**, હઠયોગ પ્રદીપિકા, યોગદિવાકર, ષટ્ચક્ર–નિરૂપણ, અંગ્રેજીમાં ‘જોન–વુડ રૉફ’ કૃત “ધી સર્પન્ટ પાવર” એ પૈકી કોઈ પુસ્તક જોઇ લેવાની ભલામણ કરૂં છું. યોગવિદ્યાના આદિગ્રંથ પાતંજલ યોગદર્શનમાં નાડીઓ અને ચક્રો વિષે કશો ઉલ્લેખ નથી, તેમજ શસ્ત્ર વડે મનુષ્યના નિર્જીવ અને સજીવ શરીરને પણ ચીરી જોતાં ચક્રો, નાડીઓ વગેરે જોવામાં નથી આવતાં એ વાત ખરી છે; છતાં પણ હઠયોગીઓએ સ્વાનુભવથી ઓળખેલી અને સિદ્ધ કરેલી એ વસ્તુઓ છે એ વાત પણ તેટલીજ નિઃશંક છે. નરી આંખે તો નજ દેખાય, પણ ઉંચામાં ઉંચાં સૂક્ષ્મદર્શક યંત્ર પણ જેને ન બતાવી શકે એટલી બધી એ સૂક્ષ્મ વસ્તુઓ છે. એ સ્થૂળ નાડીઓ નથી, પણ પ્રાણશક્તિને વહન કરવાના રાજમાર્ગ છે અને જ્યાં જ્યાં ચક્રોનાં સ્થાન બતાવ્યાં છે તે તે ઠેકાણે ખૂબ મહત્ત્વનાં પ્રાણનાં કેન્દ્રો બન્યાં છે. મનુષ્યશરીરની અંદરના ઘણા ચમત્કારો સૂક્ષ્મદર્શક યંત્રે આપણને બતાવ્યા છે, પણ હજી ઘણા જોવાના બાકી છે તે તો કદાચ યોગવિદ્યા અને ભૌતિક વિજ્ઞાનનો સરવાળો કરનાર કોઇ મહાયોગીરાજ આપણને બતાવે ત્યાં સુધી આપણે શ્રદ્ધાપૂર્વક રાહ જોવાનીજ રહી. ટુંકામાં

માનસિક ચેતનાયુક્ત પ્રાણના પ્રવાહના રૂપમાં કુંડલિની શક્તિ ક્રમશઃ ઉપર ચઢતી હોય એવો અનુભવ થાય છે. ઉત્પન્ન કરેલા ' **अन्धस्** 'ની–સોમરસની ધારા તે આ શક્તિનો પ્રવાહજ. તેની ઊર્ધ્વ ગતિની સાથે આત્મા પણ ક્રમશઃ ઉન્નત થતો જાય છે. આ પ્રવાહ જેમ જેમ ઉંચે ચઢતો જાય છે, તેમ તેમ જેમને ' **मन्दी** ' કહ્યા છે એવા ભક્તજનો પણ ઊર્ધ્વ ગતિ કરે છે. શાસ્ત્રપ્રસિદ્ધ સાતે સાત લોક શરીરની અંદરજ છે. આત્મા ઉંચે ચઢતો ચઢતો એક એક

ટુંકા શબ્દોમાં કહીએ તો આ પ્રકરણમાં લખ્યા પ્રમાણે આપણી કરોડના મધ્યમાં જે જ્ઞાનરજ્જુ (સ્પાઇનલ કૉર્ડ) છે તેની અંદર ઇડા, પિંગલા અને સુષુમ્ણા નામની ત્રણ પ્રાણવાહક નાડીઓ છે. ઇડા અને પિંગલા તો પ્રાણીમાત્રમાં આજે પણ કાર્ય કરે છે અને પ્રાણનો પ્રવાહ તેમાં થઇને વારાફરતી વહન કરે છે. પણ સુષુમ્ણા નાડીનો માર્ગ માત્ર યોગસાધના વડેજ ખુલ્લો થાય છે. એ નાડીનો એક છેડો મળદ્વારથી જરાક ઉપર આવેલો છે અને બીજો છેડો માથાની ખોપરીના મધ્યભાગમાં આવેલો છે. વચમાં થોડે થોડે અંતરે મૂળાધાર, મણિપૂરક, સ્વાધિષ્ઠાન, આજ્ઞા, અનાહત અને સહસ્રાર એમ એક એકથી ચઢીઆતાં છ ચક્રો અથવા પ્રાણકેન્દ્રો છે. સૌથી નીચે મૂળાધાર ચક્ર છે અને સૌથી ઉપરનું સહસ્રાર ચક્ર છે, તેમને કમળ–પદ્મ પણ કહ્યાં છે. કમળની પેઠે તેમને પાંદડીઓ છે. પરંતુ એ બધી બીડાએલી છે અને તેમનાં મોઢાં ઉંધાં છે. યોગાભ્યાસ વડે સુષુમ્ણાનો માર્ગ ઉઘડે છે ત્યારે એ છ ચક્રો અથવા કમળો પણ ખીલે છે. કુંડલિની નામની એક પ્રાણશક્તિ સાપણની પેઠે ગૂંચળું વળીને મૂળાધાર ચક્ર આગળ સૂતી પડી છે. તે જાગ્રત થઇને સુષુમ્ણા નાડીને રસ્તે ચક્રોને વિકસાવતી ઠેઠ સહસ્રાર ચક્ર સુધી જઈ પહોંચે ત્યારે યોગસિદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે. એ સ્થિતિ હઠયોગીઓ યોગની પ્રક્રિયા વડે, જ્ઞાનીઓ જ્ઞાનવિચાર કરીને, ભકતો ઇશ્વરની ઉપાસના કરીને અને નિષ્કામ કર્મયોગીઓ ભૂતમાત્રની સેવા કરતા રહીને અંતે પ્રાપ્ત કરે છે. એ કુંડલિની શકિતને આદ્યાશકિત કહી છે અને સહસ્રાર ચક્ર આગળ તે પોતાના પતિ શિવને–આત્મદેવને–જઇ મળે છે. હર–ગૌરીનું, પુરુષ અને પ્રકૃતિનું શક્તિ અને શકિતમાનનું મિલન યોગસિદ્ધિની ઉચ્ચતમ અવસ્થા છે, જેનું પુરાણો અને તંત્રશાસ્ત્રોમાં રૂપકની ઢબે વર્ણન કર્યું છે.—**સેવાનંદ**

લોકનું અતિક્રમણ કરતો કરતો અંતે સત્યલોકમાં જઇ પહોંચે છે ત્યારે તે પૂરેપુરો સ્વતંત્ર થઇ જાય છે અથવા દુઃખ, શોક, પાપ ઇત્યાદિને ઓળંગીને–તરીને–સામે કિનારે ચાલ્યો જાય છે. સત્યલોક જે મસ્તકના સૌથી ઉપરના ભાગમાં આવેલો છે ત્યાં આગળ પહોંચતાંજ પ્રાણ, મન, વાણી વગેરે શક્તિઓ સ્થિર થઇ જાય છે એટલે સમાધિની અવસ્થા પ્રાપ્ત થાય છે. આ રીતે ' **मन्दी** ' ઈશ્વરના ભક્તજનો દુઃખસાગરને તરી જઇને છેક ઉંચે પરમધામમાં પહોંચી જાય છે. અરે ! આ પવિત્ર ઘટનાનો માત્ર વિચાર કર્યાથી પણ, કલ્પનાનાં નેત્રો વડે એ અવસ્થાનું ધ્યાન કર્યાથી પણ, કેટલી ઉન્નતિ સધાય છે ! વેદ કહે છે કે—

“ तरत् स मन्दी धावति, ” “ तरत् स मन्दी धावति ” ॥

શબ્દાર્થ

(**मन्दी**) જેઓ ઇશ્વરની ભકિત, સ્તુતિ કરનારા સ્વયં તૃપ્ત, આત્મારામ, આનંદમગ્ન પુરુષો છે (**स**) તેઓ (**तरत्**) તરી જાય છે. (**स**) તેઓ (**सुतस्य**) ઉત્પન્ન કરેલી (**अंधसः**) આધ્યાનયુકત પ્રાણ અથવા વાણીની (**धारया**) ધારાની સાથે (**धावति**) વેગભેર ઉંચે ચઢી જાય છે. (**स मन्दी**) તે આનંદતૃપ્ત ભકત (**तरत्**) તરી જાય છે, (**धावति**) ઊર્ધ્વ ગતિ દ્વારા ઉપર ચઢી જાય છે.

१६ चैत्र

नयसीद्वति द्विषः कृणोष्युक्थशंसिनः ।
नृभिः सुवीर उच्यते ॥ (ऋ. ६-४५-६)

વિનય

'સુવીર'–સર્વશ્રેષ્ઠ વીર પુરુષ–કોણ કહેવાય? છેવટે તો દરેક ગુણનો સર્વોત્તમ આદર્શ તો એક પરમેશ્વરજ છે, પરિપૂર્ણ વીરતાનો એકમાત્ર આધાર તે એકજ છે. ઈશ્વરની વીરતાનું અનુકરણ કરનારા મનુષ્યો—અર્થાત્ ખરેખરા મર્દ લોકો—સાચા અર્થમાં જેઓ પુરુષ છે—જેઓ પૌરુષયુક્ત છે–તેઓ એકલા ઈશ્વરનેજ 'સુવીર' એવા સંબોધનથી બોલાવે છે. પણ તેની વીરતા કેવી છે તે બરાબર સમજી લેવાની જરૂર છે. અજ્ઞાની લોકો એવું માને છે કે પોતાના, શત્રુને અથવા પોતાનો દ્વેષ કરનારને નુકસાન કરવામાં સફળ થવું એનું નામ બહાદુરી. આ તો હડહડતું અજ્ઞાનજ છે. ક્રોધને તાબે થવું એટલે જીતવું નહિ, પણ હારી જવું. ક્રોધને વશ થનાર માણસ ફક્ત પોતાનાજ શરીરને વિષમય બનાવે છે, અથવા પોતાના શરીરનેજ બાળીને ખાક કરી દે છે. અને વળી જે ક્રોધી છે તેનાથી પોતાના શત્રુનો નાશ થાયજ શી રીતે? તે તો ઉલટો સૌથી પહેલો પોતાનોજ નાશ કરી નાખે છે. કારણ કે આપણા ઉપર દ્વેષ કરનારનું આપણે ભૂંડું તાકતા જઇએ છીએ, તેનું અનિષ્ટ કરવાના વિચારને જેમ જેમ મનમાં પોષતા જઇએ છીએ, તેમ તેમ આપણે તેના દ્વેષને, તેની વૈરવૃત્તિને ઉલટા વધારતાજ જઇએ છીએ. આપણા પ્રત્યે તેનો દ્વેષ, તેની શત્રુતા વધતીજ જાય છે. તેને ગમે તેટલું નુકસાન કરીએ, તેના શરીરને ગમે તેટલી ઇજા કરીએ, અરે! તેને જાનથી મારી નાખીએ તો પણ તેની શત્રુતાનો તો નાશ નથીજ

થતો. તે તો ઉલટી વધતીજ જાય છે. આંપણે ધારીએ તો શત્રુના શરીરનો, તેની સંપત્તિનો, તેના સ્વમાનનો અને તેની તમામ વસ્તુઓનો નાશ કરવામાં સફળ થઈએ; પણ એટલું બધું કરીએ તે છતાં પણ આપણો ખરો શત્રુ તો તેથી નાશ ન પામતાં ઉલટો વધારે પ્રબળ બનતો જશે, તેનો વૈરભાવ ઉલટો વધારે ઉગ્ર થતો જશે. ત્યારે પરિણામ શું આવ્યું ? આપણા શત્રુનો તો નાશ નજ થયો. એટલા માટે સાચી વીરતા–ખરી બહાદુરી (પરમાત્માની સાચી વીરતાનું અનુકરણ) તો ત્યારેજ બતાવી કહેવાય, કે જ્યારે શત્રુની કોઈ બાહ્ય વસ્તુનો નાશ કરવાને બદલે, તેમજ ક્રોધને તાબે થઈને આપણો પોતાનો પણ નાશ કરવાને બદલે કોઈ પણ રીતે આપણા ખરા શત્રુનો–આપણા શત્રુમાં રહેલા શત્રુભાવનો નાશ કરવામાં સફળ થઈએ. તેના હૃદયમાં આપણે પ્રવેશ કરીએ, તેના હૃદયની ઉપર આપણે એટલી હદે અધિકાર જમાવીએ કે તે આપણો શત્રુ મટીને મિત્ર બની જાય, ત્યારે તો શત્રુનો નાશ કર્યો કહેવાય. આપણે આપણા ક્રોધને જીતીને, ધૈર્ય ધારણ કરીને આપણા ઉપર દ્વેષ રાખનારના હૃદયમાંથી દ્વેષભાવને જડમૂળમાંથી કાઢી નાખીએ, તેના દ્વેષની જડ એટલી હદ સુધી કાઢી નાખીએ કે તે આપણી નિંદા કરવાનું તો ભૂલી જાય એટલુંજ નહિ પરંતુ ઉલટો આપણી પ્રશંસા કરવા મંડે ત્યારે તો ખરી બહાદુરી, સાચી વીરતા બતાવી કહેવાય. એનું નામ તે શત્રુ ઉપર વિજય મેળવવો. પરંતુ એવો વિજય મેળવવાને માટે આપણા પોતામાં અતિશય બળ હોવું જોઈએ, આપણામાં બલિદાન દેવાનું અખૂટ સામર્થ્ય હોવું જોઈએ, પાર વિનાનું ધૈર્ય હોવું જોઈએ અને ભારેમાં ભારે વીરતા હોવી જોઈએ. કટ્ટા દુશ્મનો પણ જેનાં વખાણ કરે તેજ ખરેખરો વીર પુરુષ છે, એવું જ્યારે આપણે કહીએ છીએ ત્યારે પણ 'વીર' શબ્દને આપણે તેના સંકુચિત અર્થમાંજ વાપરીએ છીએ. પરંતુ આપણે તો વીરતાનો અત્યંત વ્યાપક અને અપરિમિત અર્થ આપણા આદર્શ

તરીકે આપણી સન્મુખ રાખવો ઘટે, પરમાત્માની વીરતાનું આપણે ધ્યાન કરવું ઘટે, પરમાત્માને વિષે તો ભક્તજનો હમેશાં કહેતા આવ્યા છે કે, આજે સંસારમાં જે માણસો પરમાત્માથી તદ્દન વિમુખ છે, તેનાથી તદ્દન ઉલટે રસ્તે ચાલે છે, તેઓ પણ એક દિવસ પોતાની ભૂલ સુધારશે, કુમાર્ગેથી પાછા વળશે, પરમાત્માના ભક્ત બનશે; તેનાં સ્તુતિગાન ગાતા થશે અને એમ કરતાં કરતાં એક દિવસ તદ્દન મુક્ત બનીને ઉભા રહેશે. એવી લોકોત્તર વીરતાના આદર્શનું આપણે અનુસરણ કરવું જોઈશે. પરમાત્માની અપરિમિત વીરતામાંથી, પોતાના વિરોધીઓનો હૃદયપલટો કરી દેવાની પરમાત્માની અદ્ભુત શક્તિમાંથી અને તેમના અદ્ભુત ધૈર્યમાંથી તેનો અલ્પ અંશ આપણે મનમાં ધારણ કરતા થઈએ અને સાચા વીર બનીને ઉભા રહીએ.

શબ્દાર્થ

હે ઇન્દ્ર! તું **(द्विषः)** દ્વેષ કરનારાઓના દ્વેષભાવને **(इत् उ)** ખાત્રીપૂર્વક **(अति नयसि)** ઉખાડી નાખે છે. **(तान्)** તું તેમને **(उक्थ शंसिनः)** પોતાના પ્રશંસક **(कृणोषि)** બનાવી દે છે. **(नृभिः)** સાચા પુરુષોને મોઢેથી તું **(सुवीर उच्यते)** સુવીર કહેવાય છે.

१७ चैत्र

रारन्धि नो हृदि गावो न यवसेष्वा ।
मर्य इव स्व ओक्ये ॥ (ऋ. १-९१-१३)

વિનય

હે દેવ ! તમે મારા હૃદયમાં વિરાજમાન થાઓ. તમે મારા હૃદયમાં રમણ કરો. આવી મોઢા મોઢાની પ્રાર્થના તો મેં અત્યાર આગમચ કેટલીય વાર કરી હશે તથા બીજાઓને મોઢેથી પણ આવી પ્રાર્થનાઓ સાંભળી છે. પણ ખરી વાત એ છે કે, તેવખતે હું ભાગ્યેજ મારા હૃદયને ઓળખતો હોઇશ; તમને પણ ઓળખતો ન હતો. તમે તો મારા હૃદયમાં ત્યારેજ આવીને વિરાજમાન થાઓ કે જ્યારે તે તદ્દન સ્વાર્થરહિત નિર્મળ બની ગયું હોય. એટલા માટે મેં ભગીરથ પ્રયત્ન કરીને મારા હૃદયને પવિત્ર કર્યું છે, કે જેથી કરીને હું સાચું જીવન જીવી શકું. મેં મારા અંતઃકરણમાંથી અસત્ય, હિંસા, કુટિલતા, અસંયમ વગેરે વિકારોના મેલને ઘસી ઘસીને કાઢી નાખ્યા છે; એટલુંજ નહિ પણ અત્યંત ચાનક રાખીને હું વારંવાર આત્મનિરીક્ષણ કરતો રહું છું અને રાગ તથા દ્વેષના બારીકમાં બારીક મેલને પણ ખોતરી ખોતરીને બહાર કાઢી નાખું છું. આટલું કર્યાથી મારૂં હૃદય નિર્મળ થયું છે અને તેની અંદર ભક્તિની ઝરણી પણ વહેતી થઇ ગઈ છે. માટેજ હવે તમને મારા હૃદયમંદિરમાં પધારવાનું નિમંત્રણ દેવાની મારી હિંમત ચાલે છે. હે મારા જીવનસાર ! હું તમને વિનવું છું કે, જેમ લીલાં છમ જવનાં ખેતરોમાં ગાયો હરખાતી હરખાતી ચાલી આવે છે અને રસભર્યા જવ ખાવાનો આનંદ ભોગવે છે, તેમ તમે મારા હૃદયમાં ચાલ્યા આવો; કેમકે મેં મારા હૃદયને તમારા સત્કારને માટે જેવું

જોઇએ તેવું નિર્મળ તો બનાવ્યુંજ છે, પણ તે ઉપરાંત તમને સંતોષવા માટે ભક્તિરસ પણ ભરી રાખ્યો છે. મારા હૃદયના સાચા પ્રેમનું રસાસ્વાદન કરવાને માટે તમે ચાલ્યા આવો. મારો પ્રેમ મને કહે છે કે, હવે તો તમેજ મારા પ્રાણના પ્રાણ છો, તમારો સ્પર્શજ મને સજીવન રાખી શકે છે અને તમારો વિયોગ એ મારે માટે મૃત્યુ છે. એટલા માટે મારૂં હૃદય હવે તમારે માટે ઝંખી રહ્યું છે, તમને સાદ કરીને બોલાવી રહ્યું છે કે, તમે હવે તેમાં પધારીને રમણ કરો. મારો સાચો જ્ઞાનયુક્ત પ્રેમ તમને મારા હૃદય સુધી નહિ ખેંચી લાવે? નહિ, નહિ, હું ભૂલ્યો; મારે તો એવું કહેવું જોઇએ કે તમે મારા હૃદયમાં આવો એટલુંજ પૂરતું નથી, પણ જેમ હરકોઈ માણસ પોતાના ઘરમાં રહે છે અને ત્યાં આનંદ કરે છે, તેમ તમે મારા હૃદયને તમારૂં નિવાસસ્થાન બનાવો, મારી ભક્તિ આર્ત, જિજ્ઞાસુ અથવા અર્થાર્થીની ભક્તિ નથી; કેમકે મેં તો મારા હૃદયમાંથી 'અહંભાવ'ની જડ કાઢી નાખી છે. હવે તો આ શરીર તમારૂંજ છે, તમારૂં પોતાનું ઘરજ છે. હવે તો "હું" અને "મારૂં" એવું કશું રહ્યુંજ નથી. હે આત્માના આત્મા સોમદેવ! મારૂં હૃદય જે તમામ રીતે વિશુદ્ધ થયું છે તેમાં આવીને તમે યથેચ્છ રમણ કરો. હવે તો એ તમારૂં ઘરજ બની ગયું છે.

શબ્દાર્થ

(गावः न यवसेषु) જેમ જવનાં ખેતરોમાં ગાયો આનંદપૂર્વક આવીને રમણ કરે છે અને **(मर्यः स्व ओक्ये इव)** માણસો પોતપોતાનાં ઘરમાં આવીને વસે છે તેમ **(त्वं)** તું **(नः हृदि)** અમારા હૃદયમાં **(आ)** આવીને **(रारन्धि)** હમેશાં આવીને વસી જા અને રમણ કર.

१८ चैत्र

बृबदुक्थं हवामहे, सृप्रकरस्न मूतये ।
साधु कृण्वन्तं अवसे ॥ (ऋ० ८-३२-१०)

વિનય

હે પરમેશ્વર ! તમે અમારૂં રક્ષણ કરો એવી આશાએ અમે તમને સાદ કરીએ છીએ. આ સંસારમાં અનેક પ્રકારના કલેશ, દુઃખ તથા વિપત્તિઓ અમારી ઉપર આવી પડે છે. અનેક જાતના ભય પેદા કરે એવા બનાવ અમારી સામે આવીને ઉભા રહે છે. એવે વખતે હે પરમેશ્વર ! અમે તમારૂં સ્મરણ કરીએ છીએ. જે વખતે કલેશ અમને ઘેરી વળે તે વખતે અમે તમને યાદ ન કરીએ તો કરીએ પણ કોને ? મદદને માટે અમે તમારા તરફ જોઇએ છીએ; કેમકે અમે સારી રીતે જાણીએ છીએ કે અમારા એકમાત્ર રક્ષક તમેજ છો. તમે એવા સમર્થ છો કે અમારૂં રક્ષણ કરવાનો માત્ર સંકલ્પજ કરો એટલે અમારા ઉપર ઘેરાએલાં સેંકડો પ્રકારની વિપત્તિઓનાં વાદળ એક ક્ષણમાં વેરાઇ જાય, સેંકડો બંધન કપાઇને વેગળાં થઇ જાય. જ્યારે અમારા ઉદ્ધારનો એક પણ ઉપાય અમને દેખાતો ન હોય, અમારૂં મૃત્યુ–અમારો વિનાશ અમારી નજર આગળ આવીને ઉભાં રહ્યાં હોય, અમારા સર્વનાશ સિવાય બીજું કાંઇજ અમને દેખાય નહિ, અને ઉગરી જવાની અમે કલ્પના પણ ન કરી શકીએ, એક ખૂણે પણ આશા ન હોય, એવે વખતે પણ તમારા અદૃશ્ય હાથ અમને ઉગારી લેવાને આવી પહોંચ્યાજ હોય છે અને અણધારી રીતે અમને બચાવી લે છે. અમારૂં સર્વદા રક્ષણ કરનારા તમારા હાથ હરકોઇ પ્રસંગે, હરકોઈ જગ્યાએ અમને ઉગારી લેવા તૈયારજ હોય છે. એટલા માટે હે “ **सृप्रकरस्न !** ” તમે અમારૂં રક્ષણ નહિજ કરો એવી નિરાશા અમને કદી પણ થતી નથી. અમારી આશા કદી શિથિલ થતી નથી.

માટેજ અમે તમને વારંવાર સાદ કર્યાજ જઇએ છીએ. એમ કરતાં આખરે કદાચ તમે અમારૂં રક્ષણ ન પણ કરો તો પણ અમે ગભરાઇ જતા નથી, નિરાશ થતા નથી, કારણ કે અમને વિશ્વાસ છે કે, તમારી અરક્ષાની અંદર પણ રક્ષા છુપાએલી છે. તમે અમારૂં અંતિમ કલ્યાણજ કરનાર છો, એવી અમારી અટળ શ્રદ્ધા છે. અકલ્યાણ તો તમારાથી કદાપિ થાયજ નહિ. અમારી નજરે ચોખ્ખે-ચોખ્ખી દેખાતી વિપત્તિ કેવી રીતે કલ્યાણના રૂપમાં ફેરવાઇ જશે, અમારો દેખીતો વિનાશ કેવી રીતે આખરે શુભ પરિણામજ લાવી મૂકશે તેની તો અમને અત્યારે સમજ નથી પડતી; તો પણ પાછલા અનુભવો ઉપરથી અમારાં અંતઃકરણના ઉંડાણમાં એવો અટળ વિશ્વાસ ઘર કરી બેઠો છે કે તમે તમારી પ્રત્યેક કૃતિ વડે, પ્રત્યેક ઘટના વડે અમારૂં રક્ષણજ કરશો, અમારૂં શુભજ કરશો, અમને આખરે બચાવીજ લેશો. અમારો આત્યંતિક વિનાશ તો તમે કદાપિ થવા દેવાનાજ નથી. માટેજ અમારૂં રક્ષણ કરવાને વાસ્તે તમને પુનઃ પુનઃ સાદ કરીએ છીએ. હમેશાં તમારી વિલક્ષણ અનોખી રીતે સર્વનું કલ્યાણજ કરનારા તમે અમારૂં નિશ્ચયપૂર્વક રક્ષણ કરનારજ છો. અમારૂં કલ્યાણ કરવાને માટે સર્વદા તૈયાર એવી તમારી રક્ષક ભુજાઓ પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક સ્થળે, ચારે તરફ ફેલાએલીજ છે. તમારા સિવાય અમારી સ્તુતિને યોગ્ય બીજું હોય પણ કોણ? તમને મૂકીને માણસ બીજા કોનાં ગીત ગાય? માત્ર તમારી એકલાનીજ સ્તુતિ કરીને મનુષ્ય પોતાની વાણીને સાર્થક કરી શકે છે.

શબ્દાર્થ

(**बृबदुक्थं**) સ્તુતિ કરવાને યોગ્ય ઇન્દ્રને (**ऊतये**) રક્ષણ કરવાને માટે (**हवामहे**) અમે સાદ કરીએ છીએ કે જે ઇન્દ્ર (**सूप्रकरस्नं**) બધી જગ્યાએ ફેલાવેલી ભુજાઓવાળા છે અને (**अवसे**) પાલન–પોષણ કરવાને માટે (**साधु कृण्वन्तम्**) કલ્યાણજ કરનારા એવા ઇન્દ્રને અમે સાદ કરીએ છીએ.

१९ चैत्र

चोदयित्री सूनृतानां चेतन्ती सुमतीनाम् ।
यज्ञं दधे सरस्वती ॥ (ऋ. १-३-११)

વિનય

પોતાના જીવનને જેમણે યજ્ઞરૂપ બનાવી દીધું છે તેઓ સારી રીતે જાણે છે કે, જીવન-યજ્ઞને જ્યાં પરમેશ્વરની શક્તિઓરૂપી અન્ય દેવતાઓ ધારણ કરે છે ત્યાં સરસ્વતી દેવી પણ તેને ધારણ કરી રાખવા માટે આવેલીજ હોય છે. એ દેવી બે જાતનાં કાર્ય કરે છે. એક તો તે 'સૂનૃતા' વાણીને પ્રેરણા કરે છે અને બીજું સુમતિઓને જાગ્રત કરે છે. સૂનૃતા વાણી તેનેજ કહેવાય કે જે સાચી અને સાંભળનારને પ્રિય લાગે એવી હોય. ફક્ત પ્રિય લાગે એવી મીઠી મીઠી વાણી કશાજ કામની નથી; પણ તેની સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે ફક્ત સાચુંજ બોલી નાખવાથી વાણીનું કાર્ય અધૂરૂં રહી જાય છે. વાણીની અંદર સત્યની સાથે અહિંસા પણ હોવીજ જોઇએ. સત્ય અને અહિંસા બેઉનું વાણીની અંદર મિલન થાય ત્યારે તે સંપૂર્ણ થાય છે, ત્યારેજ વાણીની અંદર પ્રેમની જમાવટ થાય છે. સરસ્વતી દેવી આપણી સૌની અંદર એવી સત્યમયી અને મધુર વાણી પ્રેરે છે કે તેના વડે આપણો જીવન-યજ્ઞ અખંડિત રીતે સાંગોપાંગ પાર ઉતરી જાય છે. વળી સરસ્વતી દેવી જ્યારે આપણા અંતરમાં શ્રેષ્ઠ, સુંદર, કલ્યાણકારિણી બુદ્ધિને નિરંતર જાગ્રત રાખે છે ત્યારે તેના વડે આપણા જીવનયજ્ઞના એક ખૂબ ગહન અને સૂક્ષ્મ અંગને પણ પોષણ મળતું રહે છે. આપણો જીવન-યજ્ઞ યથાનિયમ થતો રહે છે ત્યારે સરસ્વતીદેવી આપણા મનમાં શુભ, સર્વનું કલ્યાણ કરનારી અને હિતકારી બુદ્ધિને ઉત્પન્ન કરે છે.

છે અને આપણી વાણીમાંથી સાચાં અને પ્રેમપૂર્ણ વચનોનોજ પ્રવાહ વહેવરાવે છે. આ ઉપરથી જ્યારે જ્યારે આપણા મનની અંદર દુર્મતિનો ઉદય થાય, આપણા મનમાં કોઈનું જરા પણ અહિત અથવા અનિષ્ટ કરવાનો વિચાર આવે ત્યારે સરસ્વતી દેવી આપણને ત્યજીને ચાલી ગઇ છે એવું આપણે માની લેવુંજ રહ્યું. જ્યારે આપણા મોઢામાંથી અનૃત–અસત્ય કઠોર અને હિંસક વચન નીકળી જાય ત્યારે સરસ્વતી દેવી આપણી યજ્ઞશાળામાંથી ચાલી ગઇ છે એવું નક્કી માનીજ લેવું. એવે વખતે શું કરવું ઘટે ? ફરીથી સુમતિ અને સૂનૃતા વાણી ઉચ્ચારવાનો સંકલ્પ કરીને આપણા હૃદયાસન ઉપર સરસ્વતી દેવીની પુનઃ પધરામણી કરાવવીજ જોઇએ અને આપણા યજ્ઞમાં ભંગાણ પડયું તે માટે ઘટતું પ્રાયશ્ચિત્ત પણ કરી લેવું જોઇએ.

માત્ર લખતાં વાંચતાં આવડી ગયું એટલે આપણે સરસ્વતી દેવીની કૃપા પ્રાપ્ત કરી લીધી એવી આપણામાંના ઘણાખરાની માન્યતા બંધાઈ ગઇ છે; પણ સરસ્વતીની કૃપાનો એવો અર્થ નથી. કોઇ માણસ ભલે પૂરેપુરો નિરક્ષર હોય પણ જો તેના હૃદયમાંથી નિરંતર સુમતિની ધારા વહેતી હોય, તેના મોઢામાંથી હમેશાં સત્ય અને મધુર વચનોનુંજ અમૃત ઝર્યા કરતું હોય તો નક્કી સમજી લેવું કે, તે સરસ્વતીનો કૃપાપાત્ર છે, તેના હૃદયમાં સરસ્વતીનો વાસો છે અને તેજ તેના જીવન–યજ્ઞને યથારીતિ ચલાવી રહી છે.

શબ્દાર્થ

(**सूनृतानां**) સાચી અને પ્રિય વાણીને (**चोदयित्री**) પ્રેરનારી (**सुमतीनां**) અને શુભ બુદ્ધિઓને (**चेतन्ती**) જાગ્રત કરનારી (**सरस्वती**) સરસ્વતી (**यज्ञं**) યજ્ઞને (**दधे**) ધારણ કરી રહી છે.

* * *

૨૦ चैत्र

केतुं कृण्वन् अकेतवे पेशं मर्या अपेशसे ।
समुषद्भिः अजायथाः ॥
(ऋ. ૧-૬-૩ । साम० ઉ૦ ૬-૩-૧૪ । અ૦ ૨૦-૬૯-૧૧)

વિનય

આ શરીર તો મર્ત્ય છે, મૂડદું છે. અત્યારે પણ મૂડદુંજ છે. શરીરને ઠાઠડી ઉપર બાંધી જકડીને બાળી દેવા સારૂ શ્મશાનમાં લઇ જતી વખતે તે જેવું મૂડદું હોય તેવુંજ તે અત્યારે પણ છે. પણ અત્યારે તે આપણને મૂડદાના જેવું દેખાતું નથી; કારણ કે ઇન્દ્રે–આત્માએ–પોતાનું ચૈતન્ય, પોતાનું સૌન્દર્ય તેની અંદર રેડયું છે.

હે આત્મન્ ! હે ઇંદ્ર ! જ્યારે આ શરીર સુષુપ્તિ અવસ્થામાં ઢળી પડે છે, ત્યારે પણ તમેજ તેમાં રહેલી ચેતનશક્તિઓને સંકેલી લો છો અથવા પોતાનામાં ખેંચી લો છો. એટલે પછી અમારૂં હલન–ચલન, બોલવું–વિચારવું બધીજ ક્રિયાઓ બંધ થઇ જાય છે. હમેશાં દોડાદોડ કરનારા મનના પણ તમામ સંકલ્પ–વિકલ્પો શાંત થઇ જાય છે. આખું શરીર બિલકુલ જડ સરખું બનીને પડયું રહે છે. ત્યાર પછી જ્યારે તમે પાછા તમારી ચેતનારૂપ કિરણોનો શરીરમાં ફરીથી સંચાર કરો છો, ત્યારે માણસ ઉઠીને બેઠો થાય છે, તેનું મન કામ કરવા મંડે છે, તેની વિચાર કરવાની ક્રિયા ફરીથી શરૂ થાય છે, માણસ પાછો પહેલાંની પેઠે હલન–ચલન કરવા માંડે છે. આ "अकेतु" શરીરમાં ફરીથી ચેતના પ્રકટી નીકળે છે, તેણે ગુમાવેલું જાગ્રત સ્વરૂપ ફરીથી પાછું તે પ્રાપ્ત કરે છે. હે ઇંદ્ર ! શરીરની સુષુપ્તિ અવસ્થામાં તમે તમારી ચેતનાને ફક્ત સંકેલીજ લો છો, પણ જ્યારે તમે આ શરીરને સદાને

માટે છોડીજ દો છો ત્યારે શું થાય છે? ત્યારે તો આ શરીર તેના મૂળ સ્વરૂપમાં–માટીના ઢગલાના રૂપમાં–આવી જાય છે. તેમાં નથી હોતું જ્ઞાન કે નથી હોતું રૂપ. હે ઈંદ્ર! માટીના આ પાત્રમાં અમૃત બનીને તમેજ ભરાયા છો. આ માટીના પૂતળામાં જે રૂપ ચમકે છે, જે સુગઠન દેખાય છે, નાના–મોટા અવયવોનો સુંદર સપ્રમાણ મેળ થયેલો છે તે બધુંજ તેની અંદર તમારા વ્યાપવાથી બન્યું છે. માટીની આ મૂર્તિમાં મૂડદાના કરતાં વિશેષ જે કાંઇ ચેતના દેખાય છે, તે બધીજ તમારા પ્રવેશથીજ ઉત્પન્ન થયેલી છે. આ શરીર જે મૂડદાની હાલતમાં એટલું બધું અપવિત્ર મનાય છે કે તેને અડકીને નાહી નાખવું પડે છે તેજ ખરૂં જોતાં મૂડદાલ શરીર, હે પરમપાવન ઈંદ્ર! તમે જેટલો વખત તેમાં વાસો કરો છો તેટલો વખત તમારા પવિત્ર સ્પર્શથી કેવું પવિત્ર બની રહે છે! ઓહો! કેવું અદ્ભુત તમારૂં માહાત્મ્ય છે! પરંતુ મનુષ્ય તમારા એ માહાત્મ્યને કેમ નહિ ઓળખતો હોય?

આજે અમને સ્પષ્ટ સમજાય છે કે, તમામ મૂડદાલ જડ શરીરોની અંદર ચેતના પ્રકટાવતા, રૂપવિહીન માટીના ઢગલાને રૂપ અર્પણ કરતા, તમેજ તમારી તમામ ચેતના શક્તિઓ સમેત તેમાં પ્રકટ થયા છો, તમેજ તેમાં આવીને વિરાજ્યા છો.

શબ્દાર્થ

હે ઈંદ્ર! હે આત્મા! તું (**मर्याः**) આ મરણશીલ અને (**अकेतवे**) જ્ઞાન રહિત અવસ્થાવાળા શરીરમાં (**केतुं कृण्वन्**) જ્ઞાન અને જીવન ઉત્પન્ન કરતા (**अपेशसे**) તથા આ રૂપવિહીન બદસૂરત શરીરમાં (**पेशं कृण्वन्**) રૂપ અને સૌંદર્ય ઉત્પન્ન કરતા (**उषद्भिः**) તારી ચેતનાશક્તિઓ સહિત (**सं अजायथाः**) ઉદય પામે છે—શરીરના પુનર્જાગરણ અથવા તેના પુનર્જન્મ વખતે ઉદય પામે છે.

२१ चैत्र

त्वं नः सोम विश्वतो रक्षा राजन् अघायतः ।
न रिष्येत् त्वावतः सखा ॥ (ऋ. १-९१-८)

વિનય

હે સોમદેવ ! ખરી રીતે તો તમેજ અમારા રાજા છો. અગર જો કે જગતના માનવી રાજાઓ અમારા જાન-માલનું રક્ષણ કરવાને માટેજ નિયુક્ત થયા હોય છે પણ એ અલ્પ શક્તિમાન રાજાઓ ભલેને ગમે તેટલી શાસન કરવાની સત્તા ધરાવતા હોય છતાં પણ તેઓ અમારૂં સંપૂર્ણ રીતે રક્ષણ નથીજ કરી શકતા. પરંતુ મને તો મારા જાનમાલની ઝાઝી દરકાર પણ નથી. મારા ધર્મના રક્ષણને માટે જો મારે તેમને છોડી દેવાં પડે તો હું ઘણી ખુશીની સાથે છોડી દેવા તૈયાર છું. એથી કરીને ખૂનીઓ અને લૂંટારાઓના આક્રમણની સામે મારૂં રક્ષણ કેવી રીતે કરવું તેની તો મને જરાય ચિંતા નથી. મને જેની ચિંતા રહ્યા કરે છે તે તો પાપના આક્રમણની સામે મારી જાતનો બચાવ કરવાની—મને જેની ખાસ અનિવાર્ય જરૂર છે તે તો પાપના હુમલામાંથી બચી જવાની છે. અને એ પાપના હુમલામાંથી તો, હે મારા અંતરતમ-હૈયાના ઉંડામાં ઉંડા સ્થાનના અધીશ્વર ! મારામાં પોતાનું આસન માંડીને મારા ઉપર શાસન ચલાવનારા મારા પ્રભુ ! મારા માલિક ! હે મારા વાસ્તવિક રાજા ! એ વિપત્તિમાંથી તો તમે ચારે દિશા-એથી મારૂં રક્ષણ કરવાને સમર્થ છો. મોટામાં મોટો રાજ-રાજેશ્વર પણ પોતાની બાહ્ય શાસનરીતિ વડે અમને પાપના હુમલામાંથી તો સર્વથા નથીજ બચાવી શકતો. એટલા માટે તો રાજાઓના પણ રાજા એવા હે પરમેશ્વર ! અમે તમને વિનવીએ છીએ કે, પાપ કરવાની ઇચ્છા રાખનારા-

ઓનાથી અમારૂં ચારે દિશાએથી તમેજ રક્ષણ કરો. હે સર્વશક્તિમાન્ ! મેં તો તમારી સાથે અંદરથી સંબંધ જોડી દીધો છે. હવે મારે ચિંતા કેવી અને ભય કેવો ? તારી સાથે જેનો સંબંધ બંધાઇ ગયો—તારા જેવા સર્વશક્તિમાન રાજાની સાથે જેની મૈત્રી બંધાઈ ગઇ—તેં જેને પોતાનો સખા કહ્યો તેનો કદાપિ નાશ થાયજ કેમ ! તારા સરખા સર્વશક્તિમાનને શરણે જનારનો નાશ કરે એવી તાકાત હોયજ કોનામાં ? તારા સખાને હણે એવી વસ્તુ સંસારમાં હોઇ શકેજ કેવી રીતે ? પણ તારા સખા થવાને-તારી એવી મૈત્રી પ્રાપ્ત કરવાને માટે-તારૂં અમૂલ્ય સખાપણું પામીને તેને કાયમ રાખવાને માટે-બસ, એકજ વસ્તુની જરૂર છે અને તે ફક્ત પાપથીજ સુરક્ષિત રહેવાની. એટલા વાસ્તે હે પ્રભો ! તમને અમે ફરી ફરીને પ્રાર્થના કરીએ છીએ કે, તમે અમને પાપમાંથી ઉગારી લ્યો, પાપ કે જે અમારી ઉપર ચારે દિશાએથી આક્રમણ કરે છે તેની સામે અમારૂં રક્ષણ કરો, ચારે દિશાએથી અમારૂં રખોપું કરો.

શબ્દાર્થ

(सोम) હે સોમ ! **(राजन्)** હે રાજા ! હે અમારા વાસ્તવિક રાજા ! **(त्वं नः)** તું અમને **(अघायतः)** પાપની ઇચ્છા રાખનારાઓથી **(विश्वतः)** ચારે દિશાએથી **(रक्षा)** બચાવી લે. **(त्वावतः सखा)** તારા જેવાની સાથે મૈત્રી રાખનાર **(न रिष्येत्)** કદાપિ નાશ પામતો નથી.

२२ चैत्र

प्रियं नो अस्तु विश्पतिर्होता मन्द्रो वरेण्यः।
प्रियाः स्वग्नयो वयम् ॥ (ऋ. १-२६-७ । सा. उ. ८-१-१)

વિનય

હે મારા માનવબંધુઓ ! આપણે આપણા પરમ આત્માને, પરમ અગ્નિને વિસરી ગયા છીએ. આપણે પોતે પણ આપણા મૂળ સ્વરૂપમાં આત્મા છીએ, આત્માગ્નિરૂપ છીએ, એ વાત પણ ભૂલી ગયા છીએ. આ ભૂલનું પરિણામ એ થયું છે કે, આ સંસારની કશીજ કિંમત વગરની તુચ્છ વસ્તુઓ–જેમકે ધન, દોલત, માલ, રાચરચીલાં, સ્ત્રીપુત્રાદિનું સુખ, આરામ, શરીર તથા શરીરનું સૌંદર્ય, એવી એવી વિનશ્વર વસ્તુઓ તરફ ખૂબ પ્રેમ રાખતા થઇ ગયા છીએ, તેમના ઉપર ખૂબ આસક્ત, અનુરક્ત અને લુબ્ધ બની ગયા છીએ; એ બધી વસ્તુઓ ઉપર આપણો મોહ એટલો બધો પ્રબળ થઇ ગયો છે કે આ ગંદકીમાંથી, કાદવમાંથી બહાર નીકળવાનું પણ આપણે માટે અશક્ય થઇ પડયું છે. એથી ઉલટું જે આપણો વાસ્તવિક માલિક છે, જે આપણું સર્વસ્વ છે, તે પવિત્ર પ્રભુને દિવસ અને રાત્રિ મળીને ચોવીસ કલાક દરમ્યાન થોડીક ક્ષણવાર પણ યાદ કરવાની આપણી વૃત્તિ થતી નથી ! હવે તો આપણે જાગીએ, હુંશીઆર બની જઇએ અને આપણા પરમ પ્રિય અગ્નિદેવને આપણા પોતાના માની લઇએ અને કરી લઇએ. આપણે બધા તેની પ્રજા છીએ અને તે એકલાજ પોતાની કુલ પ્રજાના એકમાત્ર પતિ છે, સ્વામી છે; એજ આપણને તમામ પ્રકારનાં સુખને આપનારા 'मन्द्र' છે, આપણા સૌના પ્રેમ, ભક્તિ અને આદરને યોગ્ય તે એકલાજ છે, અને પોતાના પરમ યજ્ઞ દ્વારા આપણને–પ્રજાઓને જે જોઇએ તે બધુંજ પૂરૂં પાડનાર પણ તેજ છે. અરે મારા પ્રિય ભાઇઓ ! એવા દેવને છોડીને આપણે કોના ઉપર પ્રેમ રાખતા થઇ ગયા છીએ ? ખરેખર, આપણે આપણી પ્રેમશક્તિનો અત્યંત ભયંકર દુરુપયોગ કરીએ છીએ. ઈશ્વરે આપણને પ્રેમ જેવી પવિત્ર વસ્તુની બક્ષિસ આપી તે શું

અપવિત્ર, તુચ્છ અને અનિત્ય વસ્તુઓને અર્પણ કરવા આપી હતી ? આવો, ભાઇઓ ! આવો, આપણે આપણી ભૂલ સુધારીએ. આપણા પ્રેમનું કોણ પાત્ર છે તેને બરાબર ઓળખી લઇએ. આપણો પ્રેમ બીજા કોઇને નહિ, પણ તે મન્દ્રને '**विश्पति**'ને વરેણ્ય '**होता**'ને અર્પણ કરીએ, તેનેજ આપણા પ્રેમનો અધિકારી બનાવીએ અને તેને એકલાનેજ પરમ પ્રિય, પરમારાધ્ય ગણીને તેની આગળ આપણો તમામ પ્રેમ ઠાલવી નાખીએ.

પણ મારા ભાઇઓ ! ઉપર કહ્યા પ્રમાણે પ્રેમપંથના પથિક થવાને માટે આપણે આપણા પ્યારાને પ્રસન્ન કરવો પડશે, તેને રીઝવવો પડશે અને તેના પ્રેમને આપણા તરફ ખેંચવો પડશે; મતલબ કે, આપણે પણ તેના પ્રેમપાત્ર બનવું પડશે. તેના પ્રેમપાત્ર તો આપણે ત્યારેજ બની શકીએ કે જ્યારે આપણે '**स्वग्नि**' બની જઇએ, ઉત્તમ પ્રકારના આત્મા બની જઇએ. માટે આવો, ભાઇઓ ! આવો, આપણા તે પરમ પ્રિય સ્વામીને માટે આપણા આત્માને શુદ્ધ કરીએ. તે બૃહત્ અગ્નિને માટે આપણી નાની નાની અગ્નિશિખાઓને ચેતાવીએ અને ઉત્તમ રીતે સળગતી કરી દઇએ. આજથી આપણા આત્મારૂપી અગ્નિમાંથી વિશ્વપ્રેમનાં સુંદર પુનિત કિરણોજ ચારે તરફ ફેલાતાં થઈ જાય, આપણી બુદ્ધિરૂપી અગ્નિમાંથી સત્યનો પ્રકાશજ ઝબૂકી નીકળે, આપણા માનસિક અગ્નિમાંથી સૌના કલ્યાણના ઉત્તમ વિચારોની ધારાજ પ્રકટ્યા કરે અને ચિત્તરૂપી અગ્નિમાંથી પવિત્ર ઇચ્છાઓ અને ભાવનાઓજ ઉત્પન્ન થાય. એવી રીતે આપણે ઉત્તમ અગ્નિવાળા '**स्वग्नयः**' બની જઇએ. આપણા પ્યારાને પ્રસન્ન કરવાનો આ એકજ ઉપાય છે. એવું કરીશું તોજ તે પ્રસન્ન થશે. આ રીતેજ આપણે તેને પ્રસન્ન કરવાનો છે, તેને રીઝવવાનો છે.

શબ્દાર્થ

તે (**विश्पतिः**) આપણે જે પ્રજાઓ છીએ તેનો સ્વામી (**मन्द्रः**) આનંદ આપનાર (**वरेण्य**) અને વરણીય વરવાને યોગ્ય (**होता**) દાતા અગ્નિ (**नः**) આપણને (**प्रियं अस्तु**) પ્રિય થાઓ તથા (**वयं**) આપણે પણ (**स्वग्नयः**) ઉત્તમ અગ્નિવાળા બનીને (**प्रियाः**) તેને પ્રિય થઇ જઇએ.

२३ चैत्र

गूहता गुह्यं तमो, वि यात विश्वमत्रिणम् ।
ज्योतिष्कर्त्ता यदुश्मसि ॥ (ऋ० १-८६-१०)

વિનય

હે મરુત્ દેવતાઓ ! હે પ્રાણવાયુઓ ! અમે બધા અંધારી ગુફામાં ઘેરાઇ ગયા છીએ. અમારી ચારે દિશાએ અંધકાર, અંધકાર અને અંધકારજ છે. આ અંધકારમાં અમને ફાડી ખાનારા રાક્ષસો રહે છે, તેઓ અમને ત્રાસ આપ્યા કરે છે, અમને ફાડી ખાય છે; તમે તેમને કાઢી મૂકો ને મારી હઠાવો. એ '**अत्रियो**' ને અમારાથી વેગળા કરો. અમારે પ્રકાશ જોઇએ છે, બીજું કાંઇજ નહિ. અમને પ્રકાશનું દાન કરો. અમારી આ ગુફામાં ચારે તરફથી પ્રકાશને દાખલ થવા દો એટલુંજ અમે માગીએ છીએ.

હું મારા* પાંચ કોશોની બનેલી અંધારી ગુફામાં કેદ પુરાયો છું. શરીર, પ્રાણ, મન વગેરેનાં બનેલાં પાંચ પ્રકારનાં શરીરોમાં અથવા આવરણોમાં કેદ પુરાઇ ગયો છું. હું આત્મા છું તે વાત હું ભૂલી ગયો છું—હું મારી જાતને, મારા અસલ સ્વરૂપને ભૂલી જઇને ઉપર કહેલાં આવરણોમાંથી ગમે તેમ તે એકને હું મારો આત્મા માની બેઠો છું. તેથી કરીને કામ ક્રોધ, લોભ વગેરે રાક્ષસો મને ફાડી ખાય છે. એ કામ, ક્રોધ વગેરેનો વાસો અજ્ઞાનની અંદરજ હોય છે. આત્મજ્ઞાન રહિત અંધકારમય વાતાવરણમાંજ એ લોકોને મનમાન્યું પોષણ મળ્યા કરે છે. માટે હે મરુતો ! હે પ્રાણવાયુઓ ! તમે મારી ગુફાના એ અંધકારનો નાશ કરો. જ્યાં અંધકાર જતો રહ્યો એટલે પેલા '**अत्रि**' લોકોથી ઉભાજ નહિ રહેવાય. તેઓ આપોઆપ પલાયન કરી જશે. જ્યારે અમારી ગુફામાં આત્મજ્યોતિ ઝળકી નીકળશે, જ્યારે ભૂતમાત્રમાં તમામ પ્રાણીઓમાં

---

* અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય, એ પાંચ પ્રકારના આવરણથી જીવાત્મા ઢંકાયેલો છે. —**સેવાનંદ**

અમને સર્વત્ર અમારા આત્માનુંજ દર્શન થવા માંડશે તો પછી અમે ક્રોધ કરવાનાજ કોના ઉપર ? અમારો પ્રેમ જ્યારે સર્વવ્યાપક બની ગયો હશે ત્યારે કોઇના ઉપર કામ ઉત્પન્ન થવાનો અવકાશજ નહિ રહે. પછી અમે કોઇ પણ અમુક મનુષ્યના ઉપર કામાસક્ત થઇએજ કેવી રીતે ? લોભ પણ અમે કરીશુંજ કોને માટે ? ઓહો ! આત્મજ્યોતિનો પ્રકાશ ફેલાઇ ગયા પછી ' अत्रि 'લોકોને ભરાઇ રહેવાની જગ્યાજ નહિ મળે. આત્મજ્યોતિનો પ્રકાશ એ એવી વસ્તુ છે, કે જેના વડે હજારો સૂર્ય, ચંદ્ર અને વીજળીઓ પ્રકાશમાન થાય છે, જેના પરમોજ્જવલ પ્રકાશને મુકાબલે હજારો સૂર્યનો એકસામટો પ્રકાશ પણ ઝાંખો પડી જાય છે—અમને એ પ્રકાશનું દાન દો. અમે એ પ્રકાશને માટે જંખ્યા કરીએ છીએ. એ પ્રકાશની અમને એક વાર પ્રાપ્તિ થઇ એટલે પછી જે કાંઇ કરવાનું છે તે બધુંજ આપોઆપ થઇ રહેશે, અમારાં હૃદયનો અંધકાર ટળી જશે અને અમને ફાડી ખાનારા રાક્ષસોથી અમારૂં રક્ષણ પણ થઇ જશે. હે પ્રાણવાયુઓ ! તમે પ્રકાશને આપનારા છો. અમે જાણીએ છીએ કે, તમે જાગ્રત થાઓ એટલે પ્રકાશના ઉપર જે જે આવરણો હોય છે તે બધાનો ક્ષય થઇ જાય છે.* આ સત્યમાં અમને શ્રદ્ધા છે. એટલા માટે હે પ્રાણવાયુઓ ! અમે તમારી પ્રાર્થના કરીએ છીએ. તમે અમારામાં પ્રવેશ કરો અને અમારા પ્રકાશનાં દ્વાર ઉઘાડી નાખો.

શબ્દાર્થ

(**मरुतः**) હે પ્રાણવાયુઓ ! હે મરુતો ! (**गुह्यं तमः**) ગુફાના અંધકારને (**गूहत**) દૂર કરી દો–વિલીન કરી દો. (**विश्वं अत्रिणम्**) ફાડી ખાનારા તમામ રાક્ષસોને (**वि यात**) ભગાડી મૂકો. (**यत् उश्मसि**) જેને અમે ઇચ્છીએ છીએ તે (**ज्योतिः**) જ્યોતિને (**कर्ता**) અમારે માટે તૈયાર કરી દો.

* * *

---

* યોગદર્શનમાં પ્રાણાયામની સિદ્ધિનું ફળ વર્ણવતાં કહ્યું છે કેઃ– " **ततः क्षीयते प्रकाशावरणम्** " અર્થાત્ પ્રાણાયામ સિદ્ધ થતાં પ્રકાશના ઉપર જામેલાં આવરણ ખસી જાય છે. મતલબ કે, પ્રકાશનો માર્ગ ખુલ્લો થઇ જાય છે. —**મૂળલેખક**

२४ चैत्र

निषसाद धृतव्रतो वरुणः पस्त्यास्वा ।
साम्राज्याय सुक्रतुः ॥ (ऋ. १-२५-१०)

વિનય

સમ્રાટ્ વરુણ દેવતા અમે જે તેમની પ્રજા છીએ તેમના હૃદયની અંદર આવીને વિરાજમાન થયા છે, એ વાત ઘણી વિચિત્ર તો લાગતીજ હશે; પણ એ વાત જેટલી વિચિત્ર છે તેટલીજ સાચી પણ છે. વરુણદેવનું સાચું સામ્રાજ્ય અંદરનુંજ છે. બાહ્ય પ્રદેશનો પણ સાચો સમ્રાટ્ તેજ થઈ શકે છે, કે જેણે પ્રથમ પોતાની રૈયતનાં હૃદયમાં પોતાનું સિંહાસન જમાવ્યું હોય. રૈયતના હૃદય ઉપર પોતાનો અધિકાર જમાવ્યા વગર કોઇ પણ સમ્રાટ્ વાસ્તવિક રીતે સમ્રાટ નથી બની શકતો. રાજા પોતાનું ખરેખરૂં શાસન તો પ્રજાના હૃદયમાં પેસીનેજ ચલાવી શકે છે. એટલે આ અખિલ બ્રહ્માંડના એકમાત્ર સમ્રાટ્—એકમાત્ર ચક્રવર્તી રાજા જે વરુણ દેવતા છે તે અમારામાં, પોતાની પ્રજાનાં હૃદયમાં આવીને વિરાજમાન થયા છે. એ આપણા સાચા સમ્રાટ્નાં દર્શન કરવાની ઇચ્છા હોય તો બાહ્ય જગતના સમ્રાટોની પાસે જવા માટે જેમ બહારના પ્રદેશમાં ફાંફાં મારવાં પડે છે, તેવું કશું કરવાની જરૂરજ નથી. તે તો પોતે જાતેજ આપણાં હૃદયમાં આવીને બેસી ગયા છે અને આપણને તેમનું સામ્રાજ્ય આપી દેવાને માટેજ પધાર્યા છે—“ **साम्राज्याय** ”

પણ આપણેજ એવા મૂર્ખ છીએ કે આપણને તેમની કશી ખબરજ નથી. આપણે નાની નાની ક્ષુદ્ર વસ્તુઓ ઉપર અધિકાર પ્રાપ્ત કરવાને માટે—પાર્થિવ રાજ્યના માલિક બનવાને માટે—બાહ્યજગતમાં ભટકતા ફરીએ છીએ, અંદર અંદર સ્પર્ધા કરીને ખૂબ લડીએ—ઝગડીએ છીએ; સત્ય, અહિંસા વગેરે નિયમોનો ભંગ કરીએ છીએ, મારામારી અને કાપાકાપી કરીએ છીએ. પણ એટલું નથી જાણતા કે સમ્રાટોના સમ્રાટ્ સર્વશ્રેષ્ઠ (વરુણ) રાજા તો આપણને

અખિલ બ્રહ્માંડના ચક્રવર્તી રાજા બનાવવાને માટે-આખા વિશ્વનું સામ્રાજ્યં આપણને આપી દેવાને માટે જાતેજ હાલી-ચાલીને ક્યારનાય આપણી અંદર આવીને વિરાજી ગયા છે અને આપણે તેમની પાસે જઇએ તેની રાહ જોતા બેઠા છે. પરંતુ આપણે એવા છીએ કે તેમની તરફ ફરીને જોતા પણ નથી !

પણ જેઓ તેમના તરફ જુએ છે તેઓ જાણે છે કે વરુણદેવ તો "धृतव्रत" અને "सुक्रतु" છે—તે વ્રતોને ધારણ કરે છે અને તેમનાં એ વ્રતો પણ અટળ છે. તેમના નિયમનો કદી ભંગ થતોજ નથી અને તે માત્ર શોભન-અર્થાત્ શુભ કર્મોજ કરે છે. તેમને હાથે અશુભ કર્મ તો કદાપિ થાયજ નહિ. આપણે પણ જો સત્ય નિયમોનો કદી ભંગ ન કરીએ અને હમેશાં શુભ કર્મોજ કરતા રહીએ તો અબઘડી સાચું સામ્રાજ્ય આપણા હાથમાં આવીને ઉભું રહે. સત્ય વ્રતોનું ઉલ્લંઘન કરવું અને અશુભ કર્મ કરવાં, એ બે કામ જેમને માટે અશક્યજ થઇ પડયાં હોય એવા મહાત્માઓ સાચા સામ્રાજ્યનો ભોગવટો કરી રહ્યા છે. તે એવું અલૌકિક સામ્રાજ્ય છે, કે જેની સૌથી પહેલી વાર ઝાંખી થતાંજ, તમામ કાળના અને તમામ સ્થળના આ પરમપદને પ્રાપ્ત કરનાર મહાપુરુષો બોલી ઉઠે છે કે× "મારે જે પ્રાપ્ત કરવાનું હતું તે મને પ્રાપ્ત થઇ ગયું," "હું બાદશાહ બની ગયો," "હું અમૃત બની ગયો."*

સંત પુરુષોએ જેની પ્રાપ્તિ કરી છે એવા આ મહાન્ સામ્રાજ્યને આપણે પણ "धृतव्रत" અને "सुक्रतु" બનીને પ્રાપ્ત કરી લઇએ એટલા વાસ્તેજ વરુણદેવ આપણા હૃદયની અંદર આવીને વિરાજ્યા છે અને આપણી વાટ જોયા કરે છે.

શબ્દાર્થ

(वरुणः) વરુણદેવ **(धृतव्रतः)** અટળ વ્રતોને ધારણ કરનારા અને **(सुक्रतुः)** હમેશાં શુભ કર્મોંજ કરનારા બનીને **(साम्राज्याय)** સામ્રાજ્યને વાસ્તે **(पस्त्यासु आ)** પ્રજાઓની અંદર આવીને **(निषसाद)** બેઠેલા છે.

× જુઓ યોગદર્શન, ૧-૧૬ વ્યાસભાષ્ય.

*જુઓ તૈત્તરીય ઉપનિષદ્ શિક્ષાધ્યાય, ૧૦-૧ **—મૂળલેખક**

२५ चैत्र

महो अर्णः सरस्वती प्रचेतयति केतुना ।
घियो विश्वा विराजति (ऋ. १-३-१२)

વિનય

જ્ઞાન મેળવવાની સાચી જિજ્ઞાસા મનમાં ઉત્પન્ન થતાંજ જિજ્ઞાસુ માત્રને એક સામાન્ય અનુભવ થવા લાગે છે કે, અરે ! સંસારમાં તો પાર વિનાનું જાણવા જેવું છે, એક એકથી ચઢીઆતી અદ્ભુત વિદ્યાઓનો સુમારજ નથી. કોઇ પણ એક બાબતનો અભ્યાસ કરવા માંડીશું એટલે માલૂમ પડશે કે, એકલા એજ વિષયના જ્ઞાનનું ક્ષેત્ર એટલું બધું વિશાળ છે કે કેટલાય જન્મ એના એજ વિષયના અભ્યાસ પાછળ ગાળતાંય કોઇથી તેનો પાર પામી શકાય એવું તે છેજ નહિ; ત્યારે આપણી ખાત્રી થાય છે કે, માણસની આગળ એક એવો અનંત જ્ઞાનનો સમુદ્ર ભર્યો પડયો છે કે જેનું તેને અત્યાર સુધી કશુંજ જ્ઞાન ન હતું. આવો અનુભવ થતાની સાથે મનુષ્ય તદ્દન નમ્ર બની જાય છે; તેનામાં પોતાના જ્ઞાનનું અભિમાન ઉત્પન્ન થતુંજ નથી. જેની એવી અવસ્થા થઈ છે તેજ સરસ્વતી દેવીને શરણ જઇ શકે છે. સરસ્વતી માતાના ધ્વજ નીચે આવીને ઉભા રહેનારમાં સૌથી પહેલી યોગ્યતા તો એ હોવી જોઇએ કે, જ્ઞેય અનંત છે તેની તેને પાકે પાયે ખાત્રી થઈ ગઇ હોય. જાણવા જેવા વિષયો બેસુમારજ છે, એક એક વિષયનું ક્ષેત્ર સીમા વિનાનું છે અને આપણે તુચ્છ માનવજીવડાંઓ આપણી અત્યંત ક્ષુદ્ર બુદ્ધિ અને ઇંદ્રિયોના સાધન વડે એ અનંત મહાસાગરને ઓળંગવાની ઉમેદ રાખીને તેને એક કિનારે આવીને ઉભાં થઇ રહ્યાં છીએ; આટલી બે બાબતો

તેને પૂરેપુરી સમજાઈ ગએલી હોવીજ જોઇએ. સરસ્વતી દેવીની જ્યારે કોઈના ઉપર કૃપા થાય છે, ત્યારે તે પ્રથમ પોતાના ભક્તની આગળ પથરાએલા જ્ઞાનના અનંત મહાસાગરનું તેને દર્શન કરાવે છે અને તેની પેલીપાર લઇ જવાનું કામ તો ત્યાર પછીજ કરે છે. આપણને સૌથી પહેલી તો એટલી ખાત્રી થઇ જવી જોઇએ કે, જ્ઞેય અનંત છે; જ્ઞાનની અનંતતાનું ભાન તો ત્યાર પછીજ થશે. સરસ્વતી માતા જે જે દિશાએ પોતાના "केतु"ને-પોતાની ધ્વજાને ફેરવે છે, તે તે દિશાએ પોતાની જ્ઞાનોદ્દીપન કરવાની શક્તિને પણ ફેરવતી જાય છે, અને એક પછી એક વિષય ઉપર તેની એ શક્તિનાં કિરણ પડતાં જાય છે, તેમ તેમ જોનારને ખબર પડતી જાય છે કે, આ એક ઉત્તમ અને બહોળું જ્ઞેયનું ક્ષેત્ર છે. પેલું પણ તેવુંજ ઉત્તમ જ્ઞેય-ક્ષેત્ર છે; એ પ્રમાણે એક એકને ટપી જાય એવાં જ્ઞેય-ક્ષેત્રો સરસ્વતીની ધ્વજાના પ્રકાશ વડે જોનારની સન્મુખ પ્રકટ થતાં જાય છે. આ રીતે જેટલાં જ્ઞેય ક્ષેત્રો છે તે સૌના ઉપર સરસ્વતીદેવી પોતાનો પ્રકાશ પાડતી જાય છે, પછી પોતાના ભક્તની બુદ્ધિઓનું પણ વિશેષ પ્રકારે ઉદ્દીપન કરતી જાય છે. મતલબ કે, જે જે વિષયમાં ખૂબ ઉંડા ઉતરવાની ભક્તની ઇચ્છા હોય તે તે વિષયના ગૂઢ તત્ત્વને, તેના સત્ય સ્વરૂપને ભક્તના હિતાર્થે તેની આગળ પ્રકટ કરતી જાય છે. પછી તો જે જે વિષયનું જ્ઞાન ગ્રહણ કરવાને યોગ્ય બુદ્ધિની જરૂર ઉભી થતી જાય, તેવી તેવી બુદ્ધિનું સરસ્વતી ઉદ્દીપન કરી દે છે અને એ રીતે એક પછી એક વિષયનું જ્ઞાન પ્રાપ્ત થતું જાય છે. આટલું થયા પછી સરસ્વતીના કૃપાપાત્ર ભક્તને અનુભવ થાય છે કે, તમામ પ્રકારની બુદ્ધિઓમાં સરસ્વતીજ પ્રકાશિત થઇ રહી છે, બુદ્ધિની અંદર જે પ્રકાશ ઝળકારા મારી રહ્યો છે તે પ્રકાશ તે દેવીનોજ છે, સર્વત્ર તેનુંજ રાજ્ય છે, તેનીજ સત્તા છે, સરસ્વતી દેવીના સાચા સ્વરૂપનો અથવા જ્ઞાનની અનંતતાનો-જે જ્ઞાનની તુલનામાં જ્ઞેય તો કશા હિસાબમાંજ નથી-તેનો અપરોક્ષ

અનુભવ તો હમણાં કહી તે અવસ્થા પ્રાપ્ત કર્યા પછીજ થાય છે.*

આ ઉપરથી નક્કી થયું કે, મારે જ્ઞાનનો એક અત્યંત વિશાળ મહાસાગર ઓળંગી જવાનો છે; એટલું જેને અત્યાર સુધીમાં સમજાયું નથી તેણે જાણી લેવું જોઇએ કે, મારા ઉપર સરસ્વતીદેવીની રજમાત્ર પણ કૃપા થઈ નથી. એવા માણસની તમામ પ્રકારની બુદ્ધિઓનું સરસ્વતી ઉદ્દીપન કરે તેને માટે હજી તેણે ઘણા દિવસ રાહ જોવી પડશે.

શબ્દાર્થ

(सरस्वती) જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી (**केतुना**) જ્ઞાન દ્વારા, પ્રજ્ઞાપક શક્તિ દ્વારા **(महः अर्णः)** ઘણા વિશાળ જ્ઞાન–સમુદ્રને **(प्रचेतयति)** પ્રકાશિત કરે છે અને **(विश्वा धियः)** પ્રકાશિત બનેલી તમામ બુદ્ધિઓનું **(विराजति)** વિશેષ પ્રકારે ઉદ્દીપન કરે છે.

* * *

---

* **तदा सर्वावरणमलापेतस्य ज्ञानस्यानन्त्यात् ज्ञेयमल्पम्।**
(યોગસૂત્ર ૪–૩૧)

२६ चैत्र

अतो विश्वान्यद्भुता चिकित्वाँ अभिविपश्यति ।
कृतानि या च कर्त्वा ॥ (ऋ. १-२५-११)

વિનય

આ સંસારમાં આપણે એવા એવા બનાવો દરરોજ જોઇએ છીએ, કે જેનાથી આપણને ખૂબ આશ્ચર્ય પેદા થયા વિના રહેજ નહિ. ત્યારે એ બનાવોનો કર્તા કોણ હશે? રોજની સામાન્ય ઘટનાઓનું પણ જો આપણે ધ્યાનપૂર્વક અવલોકન કરતા રહીએ તો તેમાં પણ આપણને ઘણી અદ્ભુતતા જણાશે. અંધકાર અને પ્રકાશ, જેનાં પરિવર્તન આપણે દરરોજ સવાર-સાંજ જોઇએ છીએ, તે કાંઇ થોડી અદ્ભુત વસ્તુઓ છે! નાનકડા બીજમાંથી મોટું કદાવર વૃક્ષ ઉત્પન્ન થાય છે; એક માણસ થોડી વાર ઉપર તો હરતો ફરતો હતો, હસતો રમતો હતો, પણ બીજીજ પળે એકદમ સૂઇ ગયો અને એવો સૂઇ ગયો કે ફરીથી ઉઠીને બેઠોજ થયો નહિ. એક જીવમાંથી બીજો જીવ ઉત્પન્ન થાય છે; આ બધી કાંઇ થોડી અદ્ભુત ઘટનાઓ છે! જરાક ઉંડા ઉતરીને વિચાર કરવા બેસીએ તો આપણા આશ્ચર્યનો પાર ન રહે એવી એ બાબતો છે. આ બધી તો જાણે રોજની બીનાઓની વાત થઇ; પણ લીલી છમ ટાઢી હીમ ધરતીમાંથી એકદમ આગ વરસવા લાગે છે, જવાળામુખી ફાટી નીકળે છે, તેનાથી સેંકડો શહેરોની ધૂળધાણી થઈ જાય છે; એકાએક ધરતીકંપ થાય છે; મોટાં મોટાં સામ્રાજ્યોના જોતજોતામાં ભુક્કા ઉડી જાય છે અને તેમનાં નામ-નિશાન નથી રહેતાં! એક માણસ જોતજોતામાં ઝળકતા તારાની માફક ઝપાટાબંધ ઊંચે ચઢે છે; ખૂબ યશ પ્રાપ્ત કરે છે; એથી ઉલટું જે આજે રાજા છે તે કાલે સવારે ભિખારી બનીને ઉભો રહે છે; આવા બનાવોની અંદર રહેલી અદ્ભુતતાનો તો સૌ અનુભવ કરી શકે છે. વળી આજના વિજ્ઞાનના ચમત્કારો તરફ દૃષ્ટિ કરીએ, સાધુ-મહાત્માઓની યોગસિદ્ધિના અદ્ભુત ચમત્કારોનો વિચાર કરીએ તો માલૂમ પડે છે કે, આ આખો

સંસાર એક એકથી ચઢી જાય એવી અદ્‌ભુત બીનાઓથી ભરપૂર છે. પણ પ્રશ્ન આવીને ઉભો રહે છે કે, એ અદ્‌ભુત ઘટનાઓનો કોઇ કર્તા તો હશેજ ને? તે કોણ હશે? કેવો હશે? આપણે એવું માની લઇએ છીએ કે, એ બધી ઘટનાઓનો કર્તા મનુષ્ય છે; મનુષ્ય પોતાની વૈજ્ઞાનિક શક્તિ વડે અથવા તો સંઘશક્તિની જમાવટ કરીને આ બધાં કાર્યો કરે છે. કોઇ વળી કહે છે કે ના, ના, એમ નહિ; એ તો ફક્ત કુદરતના ખેલ છે; એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? પરંતુ જે "**चिकित्वान्**" (જાણવાવાળો) છે તેની નજરે તો આ બધી આશ્ચર્યકારક ઘટનાઓનો કર્તા ઇન્દ્ર અથવા પરમેશ્વરજ દેખાય છે. સંસારમાં જે કાંઈ આશ્ચર્યકારક છે તે બધાંની ઉત્પત્તિ તેને પરમેશ્વરમાંથીજ થતી દેખાય છે. એ બધી અદ્‌ભુત વસ્તુઓને નિહાળતી તેની દૃષ્ટિ બધો વખત એકલા ઇન્દ્રના પરજ સ્થિર થઈ રહે છે. પછી આ બધી આશ્ચર્યકારક બીનાઓ તેને માટે આશ્ચર્યકારક નથી રહેતી. કારણ કે તે જાણે છે કે "ઈશ્વર તો મૂંગાને પણ વાચાળ બનાવી શકે છે અને લંગડાને પર્વત ઓળંગી જવા જેટલું બળ આપે છે." તે સમજી ગયો હોય છે કે, જગતમાં જે જે અદ્‌ભુત ઘટનાઓ બની ચૂકી છે તે સઘળી ઈશ્વરનીજ કૃતિ હતી અને આવતી કાલે જે અદ્‌ભુત બનાવો બનશે–જે કાંઇ ઉથલપાથલ થશે તે બધી તે લીલામય ભગવાનની સામાન્ય લીલામાત્ર છે. ભગવાનની અપાર લીલાનું દર્શન કરનાર જ્ઞાનીને આ સંસારના બનાવોમાં કશું આશ્ચર્ય જેવું નથી દેખાતું. અદ્‌ભુતથી પણ અદ્‌ભુત ઘટનામાંય તે તો કાર્ય–કારણના મહાનિયમનુંજ દર્શન કરે છે.

માટે હે મનુષ્ય! સંસારના આશ્ચર્યકારક બનાવો જોઇને આશ્ચર્ય પામવાનું ભૂલી જા; પણ એ બનાવો જોઇને તેના કર્તાને ઓળખતો થા. આખા સંસારને જે આવો અદ્‌ભુત નાચ નચાવી રહ્યો છે તે નટવરનેજ ઓળખ એટલે બસ.

શબ્દાર્થ

(**चिकित्वान्**) જ્ઞાની પુરુષ (**कृत्वानि या च कर्त्त्वा**) જે બીના બની ચૂકી છે અથવા બનવાની છે (**विश्वानि अद्भुतानि**) તે બધી અદ્‌ભુત બીનાઓને (**अतः**) તેનાથી અર્થાત્ પરમેશ્વરથીજ બનેલી (**अभिविपश्यति**) ચારે દિશાએથી જુએ છે.

२७ चैत्र

त्वं च सोम नो वशो जीवातुं, न मरामहे ।
प्रियस्तोत्रो वनस्पतिः ॥ (ऋ. १-९१-६)

વિનય

હે હૃદયેશ્વર ! હે સોમ ! હે દેવ ! જો તમારીજ ઇચ્છા અમને જીવતા રાખવાની હશે તો કોઇના પણ ભાર નથી કે અમને મારી શકે. આ આંધળા અક્કલહીન સંસારના લોકો તમારા ભક્તોનો દ્વેષ કરે છે, તેમને ત્રાસ આપે છે અને તેમને મારી નાખવાના વિચાર કરે છે. ભક્ત પ્રહ્લાદને મારી નાખવાને માટે તેના બાપે ઘણાય ઉપાય અજમાવ્યા; ભક્ત મીરાના પ્રાણ લેવાને માટે રાણાએ કેટલીય વાર ફાંફાં માર્યાં; ભક્ત દયાનંદને લોકોએ કેટલીય વાર ઝેર ખવરાવ્યાં; પરંતુ તારી ઇચ્છા સિવાય કોણ મારી શકે છે અને કોણ મરી શકે છે ? તારા ભક્તો આ તત્ત્વને જાણે છે અને તેથી તેઓ સદાય આનંદમગ્ન રહે છે. મોતનો ડર રાખનાર આ આખો સંસાર—તારા પ્રભુત્વને ન ઓળખનાર આ સંસાર—મિથ્યા ભય પામ્યા કરે છે અને મરણની શંકાથીજ જીવતે જીવત મૃત્યુ પામે છે; પણ ભક્તો તો જાણે છે, અને જુએ છે કે, જ્યાં સુધી તારી ઇચ્છા નહિ હોય ત્યાં સુધી કોઇનાથી પણ વાળ સરખો વાંકો થનાર નથી અને જ્યારે તારી ઈચ્છાજ હશે તો તારી ઇચ્છાનુસાર જીવન જેટલું આનંદદાયક લાગે છેતે ટલું મૃત્યુ પણ આનંદદાયકજ લાગશે. અહો ! આવા જ્ઞાનને લીધેજ ભક્તજનો જીવતા રહે છે અને અમર બની જાય છે. હમેશાં અભિનિવેશ અને કલેશથી પર થઇ જાય છે. તેઓ સંસારની ગમે તેવી ભયંકરમાં ભયંકર વસ્તુથી પણ જરાય ડરતા નથી અને તારાં સ્તવન ગાતા

ગાતા સંસારમાં નિર્ભય બનીને વિચર્યા કરે છે. તને પ્રિય લાગે એવાં સ્તોત્રો ગાઇને તને પ્રસન્ન કરવો અને તારાં સ્તુતિગાન ગાઇને સંસારમાં તારી ભક્તિનો પ્રચાર કરવો એ સિવાય તેમને માટે બીજું કશું કાર્યજ અવશિષ્ટ રહેતું નથી. પોતાની સલામતીનો અથવા ગેરસલામતીનો બધો ભાર તારા ઉપર મૂકી દઇને તેઓ તદ્દન નફિકરા બની જાય છે; અને તું તો તારૂં ભજન કરનારાઓનું રક્ષણ કરવાને હમેશાં હાજર ને હાજરજ હોય છે. પછી તેમને ફિકર કેવી અને ભય કેવો ? કેવી અદ્ભુત બેફિકરાઇની અને નિરાપદપણાની એ અવસ્થા છે ! એમાંથી અમૃત્યુતાનો (અમરતાનો) આનંદ કેવો ટપકે છે !

શબ્દાર્થ

(सोम) હે સોમ ! **(त्वं च)** જો તું **(नः)** અમારા **(जीवातुं)** જીવવાની **(वशः)** ઇચ્છા રાખે તો **(न मरामहे)** અમે નથી મરી શકતા. **(प्रियस्तोत्रः)** તું પ્રિય સ્તોત્રવાળો અને **(वनस्पतिः)** ભક્તોની રક્ષા કરનારો થા.

२९ चैत्र

आ हि ष्मा सूनवे पितापिर्यजत्यापये ।
सखा सख्ये वरेण्यः ॥ (ऋ. १-२६-३)

વિનય

સંસારમાં પોતાના પુત્ર ઉપરના પ્રેમને વશ થઇને પુત્રના હિતને માટે પિતા શું નથી કરતો ? બંધુ પોતાના બંધુને માટે પ્રાણપણે મદદ કરવાને તૈયાર થાય છે. ઉત્તમ મિત્ર પોતાના મિત્રને માટે સર્વસ્વ અર્પણ કરી દેવાને જરાય પાછી પાની નથી કરતો. પરંતુ હે પ્રભુ ! તમે તો મારા પિતા, બંધુ, મિત્ર, જે કહું તે તમેજ છો. તમારી સાથે મારો સંબંધ છે તે એવો ઘનિષ્ટ અને અખંડ છે કે તેની તુલનાજ થઇ શકતી નથી. તેથી હું તમને કયે નામે બોલાવું ? મારા અને તમારા પરિપૂર્ણ સંબંધને યોગ્ય મને કોઈ શબ્દજ જડતો નથી. અમારી માનવ ભાષાના શબ્દોની મદદ લઇને કોઈ વાર તમને પિતા કહું છું, કોઇ વાર બંધુ કહું છું, કોઇ વાર સખા કહીને બોલાવું છું. પણ હે પ્રિયવર ! હે મારા આત્મા ! એ શબ્દો વડે મારો અને તમારો સંબંધ પૂરેપુરો નથી દર્શાવી શકાતો. તમે મારા જન્મદાતા છો અને વળી મારૂં રક્ષણ–પાલન–પોષણ પણ તમેજ કરો છો, એવો વિચાર જ્યારે મારા મનમાં આવે છે ત્યારે હું તમને ''પિતા'' ''પિતા'' કહીને બોલાવું છું અને તમારા તરફથી પુત્ર–વાત્સલ્યરસ પામવાને અધીરો બની જાઉં છું. જ્યારે તમારી સાથેના મારા ઘનિષ્ટ સંબંધનું મને સ્મરણ થાય છે, તમારો અને મારો અખંડ અવિચ્છિન્ન સંબંધ જેની તુલના કોઇ પણ સાંસારિક સંબંધથી થઇ શકતીજ નથી અને એવો ઘનિષ્ટ સંબંધ આખા સંસારમાં મારે કોઇની સાથે પણ નથી, તેનો હું જ્યારે વિચાર કરૂં છું, ત્યારે હું બંધુભાવમાં લીન બની જઇને તમારી આગળ મારા અંતરની વાતો કરવા મંડી જાઉં

છું. વળી જ્યારે હું જોઉં છું કે, તમે ભલે મારાથી અનેકગણા મોટા હો–'वरेण्य' હો તો પણ હું તમારા જેવોજ આત્મા છું, તમારા જેવોજ ચૈતન્યયુક્ત છું, ત્યારે પછી હું તમારો સખા બનીને તમને "**वरेण्य सखा**" એવે નામે બોલાવવા મંડી જાઉં છું. હે પ્રભો! તમે મને તમારો પુત્ર ગણો, બંધુ ગણો, સખા ગણો અથવા ગમે તે ગણો, તોપણ હું દરેક રીતે તમારોજ છું અને તમે મારાજ છો. હે મારા! હે મારા પરમ સંબંધી! જો એવુંજ છે તો પછી તમે મને અળગો કરી શકોજ શી રીતે? હું અપૂર્ણ છું, અશક્ત છું, ગમે તેવો છું પણ તમારો બાળક છું. તેથી કરીને મને મદદ કર્યા વિના તમને ચાલેજ કેમ કરીને? તમે સંપૂર્ણ છો તેથી તમારૂં કામ તો મારી જરૂરીઆતો પૂરી કરવાનુંજ છે. એ સિવાય તમારે બીજું કામજ કયું છે? તમે જે જે આપતા જાઓ તે મારે લેતા જવું એ મારૂં ભજન, યજન, સાધના, જે કહો તે એજ. મારો અને તમારો સંબંધ એવીજ રીતનો સદાકાળથી ચાલ્યો આવે છે અને સદાકાળ ચાલુ રહેશે. જે વડીલ હોય તે નાનાંને આપ્યાજ કરે છે, વગર માગ્યે આપ્યાજ કરે છે, તેથી મારે તમારી પાસે માગવા જેવું પણ કાંઇ રહેતું નથી. મારે શાની શાની જરૂર છે તે જાણી લેવી અને તેને દરેક રીતે પૂર્ણ કરવી એ તો તમારૂં કામ છે અને તમે તે વિના માગ્યે કરતાજ રહેવાના. તમે પોતાના સ્વભાવને વશ થઇને કર્યાજ કરવાના. હે મારા! બસ, હું તમને હવે એજ નામથી બોલાવીશ. હે મારા! હું તમારો છું, હું તમારો છું, હું તમારો છું. વિશેષ કહું પણ શું? હે મારા સર્વસ્વ! હે મારા જે કહું તે! હું તમારોજ છું.

શબ્દાર્થ

(पिता सूनवे) પિતા પુત્રને **(हि स्म आयजति)** દરેક પ્રકારની મદદ આપતો રહે છે; જે જે જોઇએ તે આપતો રહે છે. **(आपिः आपये)** બંધુ પોતાના બંધુને **(वरेण्यः सखा सख्ये)** શ્રેષ્ઠ મિત્ર પોતાના મિત્રને તમામ પ્રકારની મદદ કરે છે.

२९ चैत्र

यच्चिद्धि शश्वता तना देवं देवं यजामहे ।
त्वे इत् हूयते हविः ॥ (ऋ. १-२६-६ । साम. उ. ७-३-१)

વિનય

હે દેવાધિદેવ ! એક–અદ્વિતીય દેવ ! આ સંસારમાં બે પ્રકારના નિયમ કાર્ય કરી રહ્યા છે. એક તો શશ્વત્ અથવા સનાતન નિયમ છે, જે સર્વ કાળમાં અને સર્વ દેશોમાં એકસરખી રીતે સત્ય છે, એકસરખી રીતે લાગુ પડે છે. બીજો નિયમ એવો છે કે અમુક અમુક સમયમાં અથવા અમુક અમુક અવસ્થામાંજ લાગુ પડે છે; જે સ્થાનિક અને સ્વલ્પ કાળને માટે સત્ય છે. શશ્વત્ નિયમો મુજબ વર્તવાથી, હે પ્રભો ! તમારૂં પૂજન થાય છે અને અશશ્વત્ અવિસ્તૃત નિયમોનું પાલન કરવાથી જે જે દેવનું યજન થતું હોય તે તે દેવનુંજ પૂજન થાય છે. પણ હે પ્રભો ! આ પરિમિત અશાશ્વત સંસારમાં વસનારાં અમે પોતેજ અપરિમિત અને અશાશ્વત દેહધારી પ્રાણીઓથી તમારી સીધી પૂજા થઈ શકેજ શી રીતે ? અમે તમારૂં યજન–પૂજન–જે કાંઇ કરીએ છીએ તે તમારા કોઇ ને કોઈ દેવો દ્વારાજ કરી શકીએ છીએ. હા, તમારા પૂજનમાં અને તમારા દેવોના પૂજનમાં ફરક એટલો છે કે, જે જે યજ્ઞ અમે વિસ્તૃત અને સનાતન દૃષ્ટિથી (ભાવનાથી) કરીએ છીએ, તે યજ્ઞ તો તે યજ્ઞના દેવો દ્વારા આખરે તમનેજ પહોંચે છે; અને જે યજ્ઞ અમે પરિમિત ભાવનાપૂર્વક કરીએ છીએ તે યજ્ઞ માત્ર તે યજ્ઞના દેવતા સુધીજ પહોંચે છે, તમને નથી પહોંચતા. જેમકે–અમે માત્ર હવા શુદ્ધ કરવાના હેતુથી જો અગ્નિહોત્ર કરીએ તો એ યજ્ઞ દ્વારા અગ્નિ અથવા વાયુદેવનુંજ યજન થયું કહેવાય; પણ એજ અગ્નિ-

હોત્રને જો સંસારચક્રને ચલાવવાના એક અંગ અથવા સાધન માનીને કરીએ તો તેનાથી તમારૂંજ યજન થશે. એજ પ્રમાણે જો અમારી જાતના સુખને માટે વિદ્યા પ્રાપ્ત કરીએ તો તેના વડે ફક્ત સરસ્વતી દેવીનુંજ યજન થશે; પણ એજ વિદ્યા, એજ જ્ઞાન તમને ઓળખવા માટે, તમને પ્રાપ્ત કરવાના હેતુથી પ્રાપ્ત કરીએ તો સરસ્વતી દેવીના પૂજન દ્વારા ખરી રીતે તમારૂંજ પૂજન થશે. એવીજ રીતે માતૃભૂમિરૂપી દેવીનું પૂજન ફક્ત પોતાના દેશના ઉદ્ધારને અર્થે પણ થઈ શકે છે અને આખા સંસારના ઉદ્ધારને અર્થે, બે રીતે, થઇ શકે છે. એટલે સુધી શરીરનું રખોપું કરવાની અથવા રોજનો ખોરાક ખાવા જેવી સામાન્ય ક્રિયાઓ પણ વાસ્તવિક રીતે તમારેજ માટે છે, એમ સમજીને કરીએ તો ઉપર ઉપરથી દેખાતી દેહપૂજા પણ તમારાજ પૂજનરૂપે ફેરવાઇ જાય. માટે જે છે તે ભાવનામાંજ અથવા હવિના પ્રકારમાંજ છે. આપણે સનાતન અથવા વિસ્તૃત ભાવનાથી ભલે ગમે તે દેવનું પૂજન કરીએ, તોપણ તે બધા દેવોને નામે અર્પેલા હવિ આખરે પહોંચશે તો તમનેજ. જો અમારૂં લક્ષ્ય તમારા ઉપરજ હોય, જો અમારૂં પ્રત્યેક કાર્ય શશ્વત્ દૃષ્ટિથી સનાતન નિયમો મુજબ થતું હોય તો પછી અમારા કર્મથી ભલે ગમે તે દેવની પૂજા થતી દેખાતી હોય તો પણ અમારી પૂજા, આરાધના અંતે તો તમારાજ ચરણોમાં અર્પણ થવાની છે.

શબ્દાર્થ

(शश्वता तना) સનાતન અને વિસ્તૃત હવિ વડે **(यत् चित् हि देवं देवं)** ગમે તે જુદા જુદા દેવોનું **(यजामहे)** યજન કરતા હોઇએ તોપણ **(हविः)** તે હવિ **(त्वे इत्)** તનેજ **(हूयते)** અર્પણ થાય છે, તનેજ પહોંચે છે.

३० चैत्र

यमग्ने पृत्सु मर्त्यं, अवा वाजेषु यं जुनाः।
स यन्ता शश्वतीरिषः॥ (ऋ. १-२७-७)

વિનય

આ સંસારની અંદર મનુષ્યને પોતાના ઇચ્છેલા ફળની પ્રાપ્તિને માટે લડાઇઓજ લડવી પડે છે. સંસારમાં નાના પ્રકારના સંઘર્ષો ચાલી રહ્યા છે. હે પ્રભો! આ બધી ચારે બાજુની લડાઇઓમાં જે મનુષ્યનું તમે રક્ષણ કરો છો—મતલબ કે, તમારા જે અનન્ય ભક્તને તમારા તરફથી મદદ મળતી રહે છે, તેને તો નિત્ય અક્ષય અન્ન મળ્યાજ કરે છે. તેને પોતાના નિર્વાહના સાધનને માટે—રોટલાને માટે, કોઇની સાથે લડાઇ લડવાની જરૂરજ પડતી નથી. તેને એક પ્રકારનું એવું નિત્ય અક્ષય અન્ન પ્રાપ્ત થયું હોય છે કે તે હમેશાં તૃપ્તિજ અનુભવે છે, તેથી કરીને તેને રોજ ઉઠીને શું ખાઇશું તેની ફિકર-ચિન્તાજ રહેતી નથી. તે પૂરેપુરો નિશ્ચિન્ત બની ગયો હોય છે. તે જાણતો હોય છે કે, તેં તેને શરીર આપ્યું છે, તું તેના શરીરની નાના પ્રકારના ઉપાય વડે રક્ષા કરી રહ્યો છે, તે તું તેના શરીરને માટે જોઇતું અન્ન પણ આપવાનોજ, એમાં વળી શંકા કેવી? આખા જગતનાં તમામ પશુપક્ષીઓની ચિંતા કરનાર તુંજ તેના શરીરને માટે કાળજી રાખવાનોજ અને નહિ તો તારા આપેલા શરીરને તું પાછું લઈ લઇશ. તારા ભક્તને પાકો વિશ્વાસ છે કે **“तेषां नित्याभियुक्तानां योगक्षेमं भजाम्यहम्”** એવી તેં પ્રતિજ્ઞા લીધી છે તે તારે પાળ્યેજ છૂટકો. પોતાના ભકતોના યોગ-ક્ષેમ પૂરા કરવાની જવાબદારી તેં તારે માથે લીધી છે. જેને લીધે ભક્તજનો નિશ્ચિન્ત અને સદા પરિતૃપ્ત રહે છે તે

આજ જ્ઞાન છે. એ જ્ઞાનજ "નિત્ય અખૂટ અન્ન" છે. સ્થૂળ અન્ન તો અનિત્ય છે. આજે ખાધું ને પેટ ભરાયું, પણ કાલે પાછા ભૂખ્યા ને ભૂખ્યા. તેનાથી જે તૃપ્તિ થાય છે તે કાયમની નથી હોતી; પણ આત્મજ્ઞાન એવું અન્ન છે કે જેને પામ્યા પછી મનુષ્ય સદાને માટે તૃપ્ત થઈ જાય છે. ભક્તો–જ્ઞાનીઓ આ આત્મજ્ઞાનને આધારે જીવે છે–રોટલા ઉપર નથી જીવતા. જો સ્થૂળ રોટલા તેમને મળતા બંધ થાય તો ભલે તેમનું શરીર છૂટી જાય, પણ તેઓ મરે તો નહિજ; કેમકે તેઓ અમર થઇ ચૂકયા છે. આપણે સામાન્ય કોટિના જીવો ફક્ત રોટલા ઉપરજ જીવીએ છીએ અને તે ન મળે તો મરી જઇએ છીએ. આ અનિત્ય અન્ન (રોટલા) આપણને હમેશાં મળતુંજ રહે એવો કાયમનો બંદોબસ્ત કરીને અનિત્ય અન્નને નિત્ય બનાવી દેવાની ભલે આપણે કોશિષ કરીએ, પણ તે કદાપિ નિત્ય બની શકતુંજ નથી; નિત્યની–કાયમની તૃપ્તિ આપી શકતુંજ નથી. કારણ કે રોજ રોજ પૂરતું અન્ન મળતું રહે તોપણ એક દિવસ તો શરીર ઘરડું થઈ જઇને અંતે મરી જવાનુંજ. તે વખતે રોટલો નહિ તેને તૃપ્તિ આપે કે નહિ તેની મૃત્યુથી રક્ષા કરે. માટે નિત્યનું અન્ન તો માત્ર જ્ઞાનથી થતી તૃપ્તિજ છે. હે પરમેશ્વર! આ યુદ્ધમય સંસારમાં જેના તમે સહાયક થાઓ છો તેને શશ્વત્ અન્ન આપીને–શશ્વત્ '**इष्**' ના માલિક બનાવીને–તેમને અમર પણ બનાવી દો છો.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ! તું **(यं मर्त्यं)** જે મનુષ્યની **(पृत्सु अवाः)** યુદ્ધમાંથી રક્ષા કરે છે અને **(यं वाजेषु जुनाः)** જેને યુદ્ધોમાં મદદ કરે છે, **(सः)** તે મનુષ્ય **(शश्वतीः)** નિત્ય સનાતન **(इषः)** અન્નોને **(यन्ता)** વશ કરે છે–પ્રાપ્ત કરે છે.

યાદ રાખો–

शुक्रोऽसि, भ्राजोऽसि, स्वरसि, ज्योतिरसि ॥

(अथर्ववेद २-११-१५)

તું શુદ્ધ છે, તું તેજરૂપ છે, તું આનંદમય છે,
તું પ્રકાશ સ્વરૂપ છે.

वैशाख मास

वैशाख (मेष राशि) माटे

प्राणदायक व्यायाम

ગળું તથા ગરદનની સ્વસ્થતા તેમજ નીરોગતા આપનારી કસરતો

ચૈત્ર માસને માટે બતાવેલી રીતે ઉભા રહીને બેઉ હાથને લાંબા કરવા, પણ આ વખતે બેઉ હથેળીઓ સામી બાજુએ રહે એવી રીતે હાથ લંબાવવા. મુઠ્ઠીઓ જોરથી એવી રીતે દબાવવી કે હાથની તમામ નાની મોટી માંસપેશીઓ તંગ થઈ જાય. ત્યાર બાદ બેઉ હાથને ધીમે ધીમે પણ માંસપેશીઓને ઢીલી કર્યા વગર છાતીની નજીક લાવતા જવું કે આખરે બેઉ હાથ એકબીજાની અડોઅડ આવી જાય. એવી સ્થિતિમાં થોડી વાર હાથને રહેવા દીધા પછી પાછા પહેલાંની સ્થિતિમાં લઇ જવા. જ્યારે બેઉ હાથ છાતી તરફ લાવતા હો તેટલો વખત એક દીર્ઘ શ્વાસ લેતા રહો અને ફેફસાંને પ્રાણવાયુથી પૂરેપુરાં ભરી દો. ત્યાર પછી જેટલો વખત હાથને છાતીથી વેગળા લઈ જતા હો તેટલા વખતમાં અંદર લીધેલો શ્વાસ ધીરે ધીરે બહાર કાઢતા જાઓ.

ત્યાર પછી શરીરને–તમામ માંસપેશીઓને–એકદમ શિથિલ કરી દો.

થોડી વાર આરામ લીધા પછી ફરીથી ઉપર મુજબ વ્યાયામ કરો. એ પ્રમાણે આઠ–દશ મિનિટ સુધી વારાફરતી કસરત અને શ્વસન–પ્રશ્વસન યથાવિધિ કરતા રહો.

આ પ્રાણાયામ અથવા વ્યાયામ કરો તેટલો વખત તમારા મનને ગળામાં તથા ગરદનમાં એકાગ્ર કરો અને

એ બેઉ અવયવો ખૂબ સ્વસ્થ તથા નીરોગ હોય એવી કલ્પના કરો અને એ કલ્પનામાં તલ્લીન બની જાઓ.

ધ્યાન—મારા ગળામાં તથા ગરદનમાં લોહીનું સંચરણ જેવું જોઈએ તેવું થાય છે. આ પ્રાણાયામ વડે મારા શરીરની એક એક નાડી તથા એક એક જીવનકોશ પરિપુષ્ટ થતાં જાય છે. શરીરમાંનાં તમામ જીર્ણ નિર્માલ્ય પરમાણુઓ મારા પ્રશ્વાસને રસ્તે બહાર નીકળી જાય છે અને મારૂં આખું શરીર નવીન બળથી, નવીન જીવનથી પરિપૂર્ણ બની જાય છે.

શ્રાવણ, કાર્તિક તથા માઘ માસની ગૌણ કસરતો વડે પણ ઉપર કહેલાં બેઉ અંગોને લાભ થાય છે.

* * *

१ वैशाख

अपां मध्ये तस्थिवान्सं तृष्णाऽविदत् जरितारम् ।
मृडा सुक्षत्र मृडय ।। (ऋ-७-८९-४)

વિનય

હે પ્રભો ! મારી આ દુર્દશા જોઇને તમને મારા ઉપર દયા નથી આવતી ? સંત પુરુષો મારા જેવાઓને જોઇને હસે છે અને કહે છે કે "**मुझे देखत आवत हांसी, पानीम मीन प्यासी.**" ખરેખર, હું બેઠો છું તો પાણીની અંદરજ અને છતાં હું તરસે મરૂં છું, પાણી વિના આકુળવ્યાકુળ બની ગયો છું ! તારા કરુણાસાગરની વચ્ચોવચ બેઠેલો છું, છતાં હું દુઃખી છું, સંતપ્ત છું. મારી ઇચ્છાઓ પૂર્ણ કરવાને માટેજ તેં તારો આ સંસાર તમામ પ્રકારનાં ઐશ્વર્ય વડે ભરી રાખ્યો છે, અને વળી હરેક ક્ષણે મારી એક એક જરૂરીઆત તું પોતેજ ઘણી સાવધાનીથી પૂરી કરતો રહે છે ત્યારે પછી મારે મનથી ઈચ્છા રાખવાની, કામના કરવાની જરૂરજ કયાં રહી ? છતાં કોણ જાણે શા કારણથી મારી અનેક તૃષ્ણાઓ મારો કેડો મૂકતી નથી ! સેંકડો કામનાઓ મને હર ક્ષણે સતાવ્યાજ કરે છે ! હે નાથ ! તમેજ કહો, મારે હવે શું કરવું ? આ વિષમ અવસ્થામાંથી મારો કોણ છૂટકારો કરશે ? હે ઉત્તમ શક્તિસંપન્ન ! હું તો એટલો અશક્ત–એટલો બળહીન લાચાર બની ગયો છું કે મારી સામે પડેલું પાણી પીને પણ મારી તૃષા છીપાવવા જેટલું બળ મારામાં હવે રહ્યું નથી. મારે શું કરવું જોઇએ તે હું જાણું છું તો ખરો, પણ મારી એટલી બધી નબળાઇ છે કે હું કાંઇજ નથી કરી શકતો. હે સચ્ચિ-

દાનંદરૂપ ! હું જાણું છું કે, આત્માની અંદર પાર વિનાનું બળ રહેલું છે, છતાં તે બળનો હું ઉપયોગ નથી કરી શકતો. હું જાણું છું કે, મારા આત્મામાં અમૂલ્ય જ્ઞાન–રત્નોનો ભંડાર ભર્યો પડયો છે, પણ એ રત્નાકરની વચ્ચોવચ્ચ બેઠેલો હું આજે રંક–ભિખારી બની ગયો છું. હું એ પણ જાણું છું કે, તમે આનંદમય પ્રભુ સર્વદા સર્વત્ર બિરાજો છો, મારી સાથેના સાથેજ છો; છતાં પણ આનંદનું એક બિંદુ હું ચાખી શકતો નથી. અરેરે ! અમૃતના મહાસાગરની વચ્ચે પડયો પડયો હું મરી જાઉં છું ! તારા અમૃતમય ખોળામાં બેઠેલો છતાં, હું પોતે પણ અમૃતત્વ છું તે છતાં, હું વારંવાર મોતના મોઢામાં જઇ પડું છું. હે નાથ ! હવે તો મારા ઉપર દયા લાવો. આ વિષમ અવસ્થામાંથી મને ઉગારી લો. હવે તો મને સુખી કરો. હે પરમ કરુણાનિધાન ! હે સુક્ષત્ર ! મને એટલું ક્ષત્ર, એટલું બળ તો આપો કે મારી સામેના ભર્યા સમુદ્રમાંથી જરાક જળની અંજલિ લઇને પી શકું અને તેટલા વડે મારી તૃષ્ણાને શાંત કરૂં તો મને જરાક કરાર વળે, મને જરાક સુખ થાય. હે શક્તિમાન્ ! મને આ પાણીના સમુદ્રની વચ્ચે રાખનાર તુંજ છે; તો તુંજ મને એટલું બળ પણ આપ કે તેમાંથી હું થોડુંક જળ પીને મારી તરસ છીપાવું અને સુખી થાઉં. હે નાથ ! મને સુખી કર, સુખી કર; તારી પોતાની શક્તિમાંથી મને જરાક જેટલી શક્તિ આપીને સુખી કર. આ તારો સ્તોતા–તારાં સ્તુતિગાન ગાનારો ક્યારનોય પોકાર કરી રહ્યો છે. હવે તો તું તેને સુખી કરીજ દે.

શબ્દાર્થ

(जरितारं) મને તારા સ્તોતાને **(अपांमध्ये तस्थिवांसं)** પાણીની વચ્ચોવચ્ચ બેઠાં બેઠાં પણ **(तृष्णा)** તરસ **(अविदत्)** લાગી છે. **(सुक्षत्र)** હે શુભ શક્તિવાળા ! **(मृड)** મને સુખી કર, **(मृडय)** સુખી કર.

२ वैशाख

क्रत्वः समह दीनता प्रतीपं जगमा शुचे ।
मृडा सुक्षत्र मृडय ॥ (ऋ. ७-८९-३.)

વિનય

મારા તેજસ્વી સ્વામિન્ ! મારી ગરીબની આટલી પ્રાર્થના સાંભળો. હું એટલો અશક્ત છું, એટલો લાચાર છું કે મારાથી મારા કર્તવ્ય વિરુદ્ધ આચરણ થઈ જાય છે. મારે એવાં કામ ન કરવાં જોઈએ તે હું જાણું તો છું, છતાં મારાથી થઇ જાય છે. હું કેટલીય વાર શુભ સંકલ્પ કરૂં છું કે આજથી હું નિત્ય અંગકસરત કરીશ, નિત્ય સંધ્યાવંદન કરીશ, પણ મારી નબળાઇને વશ થઇને મારા સંકલ્પને અમલમાં મૂકીજ નથી શકતો. મારા હૃદયમાં કેટલીય સારી સારી પ્રજ્ઞાઓ (બુદ્ધિઓ) રહેલી છે, પણ મિથ્યા લોકલજ્જાને તાબે થઇને હું તેમની પ્રેરણા મુજબ કામ કરવાનો પ્રારંભજ નથી કરતો. જે કાંઇ આચરણ કરૂં છું તે બધાં તેથી ઉલટાંજ કરતો આવ્યો છું. મારો 'क्रतु' શું છે તે હું જાણું છું—મારાં કર્તવ્ય કર્મ ક્યાં ક્યાં છે તે પણ હું જાણું છું. મારૂં મન પણ સાક્ષી પૂરે છે કે તું અવળે રસ્તે જાય છે, પણ હું શું કરૂં ? હું એવો દુર્બળ છું કે અમુક અમુક પ્રકારની બીકને તાબે થઇને મારી બુદ્ધિ બતાવે તેનાથી બરાબર અવળે રસ્તેજ વળું છું. હે દેદીપ્યમાન દેવ ! હે મારા માલિક ! તું મને એવું તેજ–એવું બળ કેમ નથી આપતો, કે જેના વડે હું ભયમુક્ત બનીને મારાં કર્તવ્યોમાંજ મંડ્યો રહું ? કોઈ ગમે તે કહે અથવા મશ્કરી કરે તો તેથી ડરીને હું અવળાં કામ કરવા તૈયાર ન થાઉં; કોઇ પણ જાતના ક્લેશથી ડરીને હું મારા 'क्रतु'નો ત્યાગ ન કરૂં. મને એવી અવસ્થા ગમે છે તો

ઘણીજ, પણ મારી લાચારીને લીધે હું તેને પ્રાપ્ત નથી કરી શકતો. હે સુક્ષત્ર ! હે શુભ શક્તિઓવાળા ! મને તમે અદીન બનાવી દો. હું મારી દીનતાથી હારી થાકીને તમારે શરણે આવ્યો છું. આ દીનતાજ મારે હાથે હમેશાં નહિ કરવાનાં કામ કરાવે છે અને પછી મારો અંતરાત્મા મને રાત–દહાડો ડંખ્યા કરે છે, તેના ચણચણાટને લીધે હું હમેશાં બેચેન રહું છું. હે પ્રભો ! મને સુખી કરો, મારામાં તેજ રેડો–બળ રેડો–અને તેમ કરીને મારી બેચેની દૂર કરી દો. આ મારી નબળાઇને લીધે મને મારા જીવનમાં ડગલે ને પગલે નરી નિષ્ફળતાજ મળે છે—મારૂં જીવન તદ્દન નિર્માલ્ય, નિરર્થક બની ગયું છે. હે પ્રભો ! મારા સુખના દહાડા કદી નહિજ આવે ? મારા 'क्रतु' ઉપર હું મક્કમ રહું, મારા સંકલ્પોને હું ચૂસ્તપણે વળગી રહું અને તેને અમલમાં મૂકું એવો મારો શુભ દિવસ કદી નહિજ ઉગે ! હે મારા માલિક ! મને એવી શક્તિ આપીને હવે સુખી કરી દો, મને સુખી કરી દો !

શબ્દાર્થ

(**समह**) હે તેજયુક્ત ! (**शुचे**) હે દેદીપ્યમાન ! (**दीनता**) દીનતા, અશક્તિને લીધે હું (**क्रत्वः**) મારા ક્રતુથી–મારા સંકલ્પથી, મારી પ્રજ્ઞાથી, મારા કર્તવ્યથી (**प्रतीपं**) અવળો (**जगम**) ચાલ્યો જાઉં છું. (**सुक्षत्र**) હે શુભ શકિતવાળા ! (**मृड**) મને સુખી કર, (**मृडय**) મને સુખી કર.

३ वैशाख

यस्मादृते न सिद्ध्यति यज्ञो विपश्चितश्चन ।
स धीनां योगमिन्वति ॥ (ऋ. १-१८-७)

વિનય

આપણામાંના ઘણા ખરા લોકોને પોતાની હુંશિયારીનું, પોતાની બુદ્ધિનું હદ કરતાં વધારે અભિમાન હોય છે. તેઓ એવું સમજતા હોય છે કે હરકોઇ કામમાં અમે અમારી અક્કલ અને ચતુરાઇ વડે વિજય મેળવીશું. અમારા બુદ્ધિબળ આગળ કોઈ પણ કાર્ય ગમે તેવું કઠણ હોય તો પણ તેના શા ભાર છે ! એવું એક પણ કાર્ય નથી કે જેને અમે અમારી બુદ્ધિના જોરે સાંગોપાંગ પાર ન ઉતારીએ. પણ તેમને એટલી ખબર નથી કે તેમને જે જે કાર્યોમાં ફતેહ મળી છે તેમાં થયું છે એવું કે દૈવયોગે તેમની બુદ્ધિ પરમાત્માના બુદ્ધિયોગની સાથે અનુકૂળ બની ગઈ હતી અને તેથી તેઓ સફળ થયા છે. એમાં તેમની બુદ્ધિએ નહિ, પણ પરમાત્માની બુદ્ધિએ સફળતા મેળવી છે. પરમાત્માના સંકલ્પથી તેમનો સંકલ્પ વિપરીત હોત તો કોટી કાળે પણ સિદ્ધિ થાત નહિ. ખરી મુદ્દાની વાતજ એ છે કે, સંસારનું પ્રત્યેક નાનું મોટું કાર્ય પરમાત્માના યોગબળ (બુદ્ધિયોગ) વડેજ થતું આવે છે. જ્યારે માણસની બુદ્ધિ પ્રભુના બુદ્ધિયોગને અનુકૂળ થઇ જાય છે–મતલબ કે, પ્રભુ જે પરિણામ લાવવા ઇચ્છે છે તેજ પરિણામ માણસને પણ મનગમતું હોય છે, (આવો સંયોગ અકસ્માત્ રીતે પણ થાય છે અને કોઇ કોઈ માણસો ઇચ્છાપૂર્વક પોતાની બુદ્ધિ ઈશ્વરની બુદ્ધિને અનુકૂળ કરી દે છે) ત્યારે તે તે કાર્ય સિદ્ધ થાય છે; તે ઉપરથી

માણસ એવું માની લે છે કે, મારી બુદ્ધિએ જોર કર્યું અને તેથી મારી કાર્યસિદ્ધિ થઇ ગઇ. પણ ઈશ્વરની બુદ્ધિની સાથે આપણી બુદ્ધિનો અકસ્માત્ રીતે યોગ થઇ જવાથી જે સફળતા મળે છે તે આપણી બુદ્ધિના જોરે મળી છે એવું માની લેવાથી પોતાના બુદ્ધિબળનું અભિમાન ઉત્પન્ન થાય છે, જે સોળે સોળ આની જૂઠું છે. તેનાથી આપણે ભૂલાવામાં ગોથાં ખાઇએ છીએ; એ સિવાય બીજું કશુંજ ફળ થતું નથી. પણ જો આપણે ઇચ્છાપૂર્વક ઈશ્વરની બુદ્ધિ સાથે આપણી બુદ્ધિનો યોગ કરી દીધો હશે તો તે યોગ સત્ય છે. માણસને પોતાનાં કાર્યોમાં ફતેહ મેળવવાની ઈચ્છા હોય–જો તે પોતાનાં કાર્યને સફળ યજ્ઞતુલ્ય બનાવવા ઇચ્છતો હોય તો તેણે યત્નપૂર્વક પોતાની બુદ્ધિનો ઈશ્વરની બુદ્ધિની સાથે મેળ કરી દેવો જોઇએ અથવા પોતાની બુદ્ધિનો ઈશ્વરમાં યોગ કરી દેવો જોઇએ. આપણી બુદ્ધિ ઈશ્વરની બુદ્ધિની સાથે યુક્ત થઇ ગઈ છે કે નહિ, ઈશ્વરની બુદ્ધિની સાથે એકતાન, એકસૂર બની ગઇ છે કે નહિ–તેની પરીક્ષા કરી જોવાનું તો આપણા અલ્પજ્ઞ અને અલ્પ શક્તિવાળા માણસો માટે બધે પ્રસંગે નહિજ બની શકે. આપણે બહુ બહુ તો એટલુંજ કરી શકીએ કે, આપણી બુદ્ધિનો યોગ કરવાને માટે આપણા તરફથી થાય તેટલો પ્રયત્ન કરી છૂટીએ અથવા સદાય એવો પ્રયત્ન કરતા રહીએ. ઈશ્વર સત્યમય છે. તે જોતાં આપણી બુદ્ધિ હમેશાં સત્ય અને ન્યાયને અનુકૂળજ રહે એટલો આપણા તરફથી નિષ્ઠાપૂર્વક પ્રયત્ન થાય તો તે પૂરતો છે. હમેશાં એટલું લક્ષમાં રાખવું જોઇએ કે, આપણને જે સત્ય અને ન્યાયયુક્ત લાગે, આપણા અંતઃકરણમાં જે જ્ઞાનવૃત્તિ છે તે જે નિર્ણય કરે તેનાથી ઉલટો નિર્ણય આપણી બુદ્ધિ ન કરી બેસે અથવા તેથી ઉલટું વર્તન આપણાથી ન થાય. હાલ તો આપણે માટે આટલુંજ પૂરતું છે. આપણી બુદ્ધિનો ઈશ્વરની સાથે યોગ કરવાનો યત્ન કરતાં કરતાં જ્યારે આખરે એક દિવસ એ યોગ પરિપૂર્ણ બની જશે–

મતલબ કે, એ યોગ ઈશ્વરમય થઇ જશે, ત્યારે આપણને પ્રત્યેક કાર્યમાં સોએ સો ટકા સફળતા મળશે; કેમકે તે વખતે આપણી બુદ્ધિમાં વ્યાપી ગયેલી ઈશ્વરની બુદ્ધિ કાર્ય કરી રહી હશે. માટે આપણું તો અત્યારે એજ કર્તવ્ય છે કે, આપણે આપણી બુદ્ધિનું અભિમાન મનમાંથી કાઢી નાખવું અને નમ્ર બનીને આપણી બુદ્ધિને સત્ય અને ન્યાયની દિશા તરફ યત્નપૂર્વક વાળી રાખવી અને એ રીતે આપણી બુદ્ધિનો ઈશ્વરની બુદ્ધિની સાથે યોગ કરવાનો અભ્યાસ કરતા રહેવું. ઈશ્વરના અધિષ્ઠાન વિના કોઈ પણ યજ્ઞ-કાર્યમાં સફળતા નથી મળતી. આપણે ગમે તેટલા બુદ્ધિમાન હોઇએ તોપણ આપણી બુદ્ધિનો ઈશ્વરની બુદ્ધિની સાથે મેળ કરી દેવો જોઇએ અને એમાંજ સફળતાની ચાવી છે.

શબ્દાર્થ

(यस्मात् ऋते) જે પ્રકાશદાતા પ્રભુના વિના **(विपश्चितः च न)** મોટા મોટા બુદ્ધિમાન પુરુષોના પણ **(यज्ञः)** યજ્ઞ **(न सिद्ध्यति)** સફળ થતા નથી. **(स)** તે પ્રભુ **(धीनां योगं इन्वति)** બુદ્ધિઓના યોગમાં વ્યાપ્ત થઇ જાય છે.

४ वैशाख

तमध्वरेषु ईडते देवं मर्त्ता अमर्त्यम् ।
यजिष्ठं मानुषे जने ॥ (ऋ० ५-१४-२)

વિનય

નાના પ્રકારના યજ્ઞોમાં જે તરેહ તરેહનાં કર્મો આપણે કરીએ છીએ તે તમામ કર્મો દ્વારા ખરી રીતે જોતાં તે એક અમર દેવનુંજ પૂજન થાય છે. આપણે મરણશીલ મનુષ્યોએ તો તે અમર દેવનુંજ યજન કરવાની જરૂર છે. પ્રત્યેક યજ્ઞ-કર્મનું માત્ર એકજ પ્રયોજન છે કે, આપણે તેના વડે મૃત્યુની પેલે પાર ચાલ્યા જઇએ—અમર બની જઇએ. યજ્ઞનો હેતુ મર્ત્યને-મરણશીલને-અમર બનાવવાનોજ છે. ત્યારે હવે આપણી સામે સવાલ એ ઉભો થાય છે કે, જે અમર દેવનું આપણે યજ્ઞો દ્વારા યજન કરીએ છીએ તે અમર દેવ રહે છે ક્યાં ? "**यजिष्ठं मानुषे जने ।**" પ્રત્યેક મનુષ્યની અંદર **यजिष्ठ**-પૂજન કરવા યોગ્ય બનીને તે અમર દેવ વિદ્યમાન છે. જો તેનું યજન-પૂજન કરવું હોય તો પ્રત્યેક મનુષ્યમાં તેનું પૂજન કરવું રહ્યું. એટલા માટે તો વેદ કહે છે કે, યજ્ઞનો હેતુ મનુષ્યમાત્રનું હિત સાધવાનો છે. યજ્ઞનો વાસ્તવિક અર્થજ પરોપકાર છે. યજ્ઞ એટલે એકેએક મનુષ્યનું કલ્યાણ—મનુષ્યોની સેવા કરવી એજ સાચો યજ્ઞ. આપણે જેમ જેમ આપણા માનવબંધુઓની સેવા કરીએ-મનુષ્યોનાં દુઃખ-સંતાપાદિ ઓછાં કરવા નિઃસ્વાર્થભાવે જેમ જેમ પ્રયત્ન કરતા રહીશું, તેમ તેમ આપણું પ્રત્યેક કાર્ય યજ્ઞનું રૂપ ધારણ કરતું જશે. અસલના વારામાં અગ્નિહોત્ર ઇત્યાદિ દ્વારા ઋતુ ઋતુને લગતા યજ્ઞયાગાદિ કરવાનો રિવાજ હતો. તેમનો હેતુ પણ આધિદૈવક દેવતાઓને અનુકૂળ કરી લઇને તેમની મારફતે માનવજાતિનું હિત સાધવાનોજ હતો. પરંતુ આટલું કર્યા છતાં પણ યજ્ઞનો હેતુ પૂરેપુરો સિદ્ધ નથી થતો. ગમે

તે પ્રકારે મનુષ્યોની સેવા કરીએ એટલે તે સેવા યજ્ઞરૂપ નથી બની જતી. પ્રત્યેક મનુષ્યમાં રહેલા અમર દેવનું યજન કરવું એ સેવાનું અથવા યજ્ઞનું રહસ્ય છે. જે સેવા દ્વારા મનુષ્યમાં રહેલા અમર દેવનું યજન ન થતું હોય તે વાસ્તવિક સેવાજ નથી. તેને યજ્ઞ તો કહીજ કેમ શકાય ? દાખલાતરીકે માણસોને ભોગવિલાસની વસ્તુઓ પૂરી પાડવાથી તેમને તૃપ્તિ થતી દેખાય તો ખરી, પણ એ તેમની સાચી સેવા નથી. એવો 'પરોપકાર' યજ્ઞ નથી, પણ અયજ્ઞ છે; સેવા નથી પણ અસેવા છે. જેમકે—ભૂખ્યાં માણસોને એવા પ્રકારનું અને એવી રીતે અન્નદાન કરીએ અથવા રોગીઓને એવી રીતે ઓસડવેસડ આપીએ કે જેથી તેમની સાચી ઉન્નતિ સાધવામાં—તેમને અમર બનાવવામાં—બાધા ઉત્પન્ન થાય તો તેવાં દાન યજ્ઞ ન કહેવાય.× કહેવાની મતલબ એ છે કે, જનાતાની ભૌતિક ઉન્નતિની સાધના યજ્ઞરૂપ ત્યારેજ નીવડે, કે જ્યારે ભૌતિક ઉન્નતિ આધ્યાત્મિક ઉન્નતિની સાધક હોય, બાધક ન હોય; માણસની આધ્યાત્મિક ઉન્નતિ કરવી—અથવા બીજા શબ્દોમાં કહીએ તો જે મર્ત્ય છે તેને અમર બનાવી દેવો એજ તેની સાચી સેવા છે અને એજ સાચો યજ્ઞ છે. માટે મારા ભાઇઓ ! આવો, આજથી આપણે મર્ત્ય શરીરોની અંદર રહેલા અમર દેવનું સાચું પૂજન કરીએ. મનુષ્યની એવા પ્રકારની સેવા કરવામાં આપણી પોતાની જાતને પણ ઓગાળી નાખીએ, કે જે સેવા તેને અમર બનાવામાં સહાયક હોય.

શબ્દાર્થ

(**अध्वरेषु**) તમામ યજ્ઞોમાં (**मर्त्ता**) આપણે મરણશીલ માણસો (**तं अमर्त्यं देवं**) તે અમર–કદી પણ મરે નહિ એવા દેવનીજ (**ईडते**) પૂજા કરીએ છીએ, કે જે દેવ (**मानुषे जने**) પ્રત્યેક મનુષ્યની અંદર (**यजिष्ठं**) પૂજવા યોગ્ય છે.

× દાખલા તરીકે માણસોને આખી જિંદગી સુધી ભિખારી ને ભિખારીજ બનાવી દે એવાં સદાવ્રત એ દાન નથી, પણ અદાન છે. એવાં દાન વડે દાન લેનારનો આત્મા હણાય છે.—**સેવાનંદ**

५ वैशाख

य एक इत् तमु ष्टुहि कृष्टिनां विचर्षणिः ।
पतिर्जज्ञ वृषक्रतुः ।। (ऋ. ६-४५-१६)

વિનય

હે મનુષ્ય! તું કોની કોની સ્તુતિ કરતો ફરે છે? જગતમાં તો માત્ર એકજ તારી સ્તુતિને યોગ્ય છે. સંસારભરમાં આપણો સૌનો એકજ પતિ, એકજ સંરક્ષક અને એકજ પાલનકર્તા છે. અરે મૂર્ખ માનવા! તું કોણ જાણે કોને કોને તારો પાલનકર્તા માની બેઠો છે અને એવા તેવાની મિથ્યા સ્તુતિ કરતો ફરે છે! કોઈ કોઇ વાર તું પૈસેટકે પૂરા એવા ધનવાન લોકોને તારા રક્ષક માની લે છે, કોઇ કોઇ વાર તું સંસારમાં ખૂબ મોટા કહેવાતા, આબરૂદાર અને રૂઆબવાળા લોકોને તારા પ્રભુ બનાવી દે છે. વળી કોઇ વાર તું એકાદ દાર્શનિક પંડિત કે કવિની બુદ્ધિ અને પ્રતિભાના તેજથી અંજાઈ જઇને તેનાંજ સ્તુતિગાન ગાવા મંડી જાય છે, તેનાજ જ્ઞાન ઉપર અથવા તેનીજ કવિત્વશક્તિ ઉપર તું મોહિત થઈ જાય છે. સંસારમાં એવાય ઘણા માણસો પડયા છે કે જેઓ સજીવ અથવા નિર્જીવ આકૃતિઓના રૂપ ઉપર એવા વારી જાય છે કે તેમનાં રૂપનાં વખાણ કરતાં કરતાં કદી ધરાતાજ નથી. પરંતુ ખરૂં જોવા જઇએ તો મનુષ્યની સ્તુતિને યોગ્ય એટલી બધી અનેક વ્યક્તિઓ નહિ પણ માત્ર એકજ વ્યક્તિ છે. એકજ વ્યક્તિ, ફક્ત એકજ, બે નહિ, બીજી જે જે વસ્તુઓની કે વ્યક્તિઓની આપણે સ્તુતિ કરીએ છીએ તે બધીમાં જે ખુબી રહેલી છે તેનું મૂળ તે એકજ વ્યક્તિ છે, તે બધીનું ઉત્પત્તિસ્થાન પણ તેજ છે. ત્યારે એમ બધે ફાંફાં મારવાનું છોડી દઇને તું મૂળનેજ કાં નથી પકડતો? શાખાઓ અને ડાળી-ડાળખાંને વળગ્યાથી તારૂં કલ્યાણ નહિ થાય, તને રક્ષણ નહિ મળે. રૂપ, રસ વગેરે ઇન્દ્રિયોની સાથે સંબંધ રાખનારા વિષયોની સ્તુતિ કર્યાથી તો માણસનો અંતે વિનાશ થાય છે, રક્ષણ થવાની તો આશાજ શી? જેઓ અત્યંત પામર અને અજ્ઞાની છે તેઓજ વિષયોની આરાધના કરે છે. પણ એ

સિવાય બીજી કેટલીક વસ્તુઓ છે, જેઓ આ સંસારમાં આપણું કંઇક રક્ષણ કરે છે. જેમકે–બળ, જ્ઞાન, આનંદ (બળવાન, જ્ઞાનવાન અને સુખી લોકો) છે. તેઓ પણ '**विचर्षणि**' અથવા '**वृषक्रतु**' તો નજ કહેવાય. તેમનું જ્ઞાન અથવા બળ પૂરતાં નથી હોતાં. સંસારમાં આપણે જ્યાં જ્યાં બળ, જ્ઞાન અથવા આનંદ જોઇએ છીએ, તે તો એક સચ્ચિદાનંદરૂપી મહાન સૂર્યનાં નાનાં નાનાં ક્ષુદ્ર કિરણોજ માત્ર છે. એવાં કિરણોની સ્તુતિ કરવા જતાં તો ભારે ભુલાવામાં પડી જવાનો સંભવ રહે છે. હે માનવી! તું એટલું યાદ રાખજે કે, આ સંસારમાં તું જે ક્ષુદ્ર બળ અને જ્ઞાનને જોઇને મોહિત થાય છે તે તારૂં રક્ષણ નહિ કરી શકે, તને કૂવાની અંદર અડધે રસ્તે ઉતારીને છોડી દે એવા છે. એમનામાં નથી પૂરૂં જ્ઞાન અને નથી પૂરૂં બળ. માટે મારા ભાઈ! તું એમના ઉપર આસક્ત થા મા અને એમની સ્તુતિ કરવાનું ભૂલી જા. તારે સ્તુતિ કરવી હોય તો જે 'મનુષ્યમાત્રનો એક માત્ર પતિ' છે, જે 'વિચર્ષણિ' હોઇને ગમે તે સંજોગોમાં રક્ષણ કરી શકે છે, અને જે 'વૃષક્રતુ' હોઇને સર્વદા પાલન કરી શકે છે, તેની સ્તુતિ કર. તે એકેએક માણસ ઉપર ખાસ નજર રાખ્યા કરે છે. એકેએક માણસની તથા પોતાની ઉત્પન્ન કરેલી કુલ સૃષ્ટિની તે એટલી બધી કાળજીપૂર્વક તપાસ રાખ્યા કરે છે કે, દરેક જણને એમજ થાય કે મારો પ્રભુ મારી એકલાનીજ ખાસ કાળજી રાખે છે, મારૂં એકલાનુંજ જતન કરી રહ્યો છે અને તે આપણા પાલક પતિના એકેએક ક્રતુ, એકે એક સંકલ્પ, એકે એક કર્મ એટલાં તો '**वृष**' અર્થાત્ બળવાન છે કે કોઇ પણ ઇચ્છાની કે કર્મની સિદ્ધિને માટે એકથી બીજી વાર સંકલ્પ કરવો પડતોજ નથી. હે મૂર્ખ માનવી! તારે સ્તુતિ કરવી હોય તો તારા આવા 'પતિ'નીજ સ્તુતિ કર્ય ને! નકામાં નાનાં નાનાં કિરણોની સ્તુતિ કર્યે તારૂં શું વળવાનું છે? તું કિરણોને છોડીને એકલા સૂર્યનેજ પકડજે. તેની એકલાનીજ સ્તુતિ કરજે.

શબ્દાર્થ

(य एक इत्) જે એકજ છે અને જે **(कृष्टीनां)** મનુષ્યોનો **(विचर्षणिः)** સર્વદ્રષ્ટા અને **(वृषक्रतुः)** સર્વશક્તિમાન **(पतिः)** પાલનકર્તા **(जज्ञे)** થયો છે **(तं उ)** તેની એકલાનીજ **(स्तुहि)** તું સ્તુતિ કરજે.

६ वैशाख

महीरस्य प्रणीतयः पूर्वीरुत प्रशस्तयः ।
नास्य क्षीयन्त ऊतयः ।। (ऋ. ५-४५-३)

વિનય

પરમેશ્વર કેવી કેવી આશ્ચર્યકારક રીતે મનુષ્યની ઉન્નતિ કરતો રહે છે તેનું તે હું શી રીતે વર્ણન કરૂં! માણસ જ્યારે નિરાશ બનીને રડે છે, માથું કૂટે છે, જ્યારે તેના હૃદયમાં ભારે તોફાન મચી રહ્યું હોય છે, જ્યારે તેના બધા પાસા અવળા પડે છે અને તેને નિષ્ફળતા ઉપર નિષ્ફળતા મળતી જાય છે, તે વખતે તે દુઃખના, વિપત્તિના, નિષ્ફળતાના દિવસમાં તેણે પોતાની ઉન્નતિનો ઘણો લાંબો રસ્તો કાપી નાખ્યો હોય છે એ વાત તેને પાછળથીજ સમજાઇ જાય છે. પરમેશ્વરની કાર્યપદ્ધતિનું રહસ્ય માણસ સમજી શકતો નથી. ઈશ્વરની કલ્યાણમયી ઘટનાઓનો ભેદ તે નથી ઉકેલી શકતો. પોતાના જીવનના પ્રત્યેક બનાવ દ્વારા કોઇ વાર પણ–કોઇ આવેના ભવિષ્યમાં પણ આખરે તેનું કેવી રીતે કલ્યાણ થવાનું છે તેની તેને તે બનાવ બનતી વખતે ખબર નથી પડતી. પ્રભુ જે માર્ગે મનુષ્યને ઉન્નતિ તરફ લઇ જાય છે તે એટલો મહાન અને વિશાળ છે કે ટૂંકી દૃષ્ટિવાળો મનુષ્ય તેને એક છેડાથી બીજા છેડા સુધી નથી જોઇ શકતો. તેથી કરીને જો કે તે ઉન્નતિ તરફજ આગળ વધતો હોય છે તો પણ મનમાં ગભરાયા કરે છે. દરેક માણસ પોતપોતાની પ્રકૃતિ–સ્વભાવ–અનુસાર પોતપોતાના અનોખા માર્ગે ઉન્નત અને વિકસિત થતોજ રહે છે. જ્યારે માણસ પોતેજ પોતાની ઉન્નતિનો રસ્તો નથી જોઇ શકતો, ત્યારે તે કોઇ બીજા માણસની ઉન્નતિ અથવા વિકાસ કરવાનો દાવો કરે, બીજાને ઉન્નત થવાનો માર્ગ બતાવવા જાય તો તેને માટે તો એ હદ ઉપરાંતનું સાહસજ કહેવાય ને! અગમ્ય લીલા કરનાર પરમેશ્વરની જે 'प्रणीति' (રીત) વડે જેણે પોતાની ઉન્નતિ કરી હશે તે વ્યક્તિ પોતાના પ્રભુનાં ગીત તે પ્રણીતિ અનુસારજ ગાતો ફરશે. એ પ્રમાણે અનાદિકાળથી મનુષ્ય પરમેશ્વરની નાના પ્રકારની પ્રશસ્તિઓ રચતો જાય છે,

ગાતો જાય છે અને અનાદિ કાળ સુધી રચતો જશે અને ગાતો જશે. પરમેશ્વરની સ્તુતિનો તેનાથી પાર પમાયજ કેવી રીતે? જે ભક્ત છે તે તો પોતાના પ્રભુની રક્ષા કરવાની તરેહ તરેહની યુક્તિઓનો, તેના તરેહ તરેહના પ્રકારોનો અંતજ નથી જોઇ શકતો. પરમેશ્વરની રક્ષણશક્તિ કદી ખૂટતીજ નથી. રક્ષણોનો એક સનાતન પ્રવાહ તેનામાંથી વહ્યાજ કરે છે અને તેમાંથી મનુષ્ય માત્ર, પશુપક્ષી કીટ-પતંગ તમામ જીવો, ચરાચર જગત એકકે વખતે, કલ્પનામાં પણ ન આવી શકે એવી અજાયબ જેવી રીતે રક્ષણ પામે છે. માણસ પોતાના પાછલા અનુભવોને આધારે માની લે છે કે 'આવું આવું થાય તો સારૂં રક્ષણ થઇ જાય' તેથી તે, 'આવું થાઓ, આવું થાઓ' એવું ઈશ્વરની પાસે માગે છે અને એવું થશે એવી આશા પણ રાખે છે. પણ ઈશ્વરે તેનું રક્ષણ કરવાની કોઇ નવીન રીત ધારી મૂકેલી હોય છે, તે રીતે તેને બચાવી લઇને તેને આશ્ચર્યચકિત કરી દે છે. એ પ્રમાણે દર વખતે નવી નવી અજાયબ જેવી, કલ્પનામાં પણ ન આવે એવી અનોખી યુક્તિઓ અજમાવીને પરમેશ્વર માણસનું રક્ષણ કરતોજ રહે છે. આવા આવા અનુભવો ઉપરથી સમજનાર સમજી જાય છે કે, પરમેશ્વર સમસ્ત સંસારનું સર્વ પ્રકારે કલ્યાણજ કરે છે. આપણે જાણતા હોઇએ કે ન જાણતા હોઇએ, આપણા માન્યામાં એ વાત આવે કે ન આવે, પણ પરમેશ્વર તો એવો ચતુર છે કે તે આપણુને મારતો જાય છે અને મારતાં મારતાંય કરે છે તો રક્ષણ અને કલ્યાણજ. અહાહા! જરા જુઓ, જુઓ! આપણા પ્રભુએ રચી રાખેલો ઉન્નતિનો માર્ગ કેટલો મહાન્ છે! આપણું રક્ષણ કરવાની તેની રીતો કેટલી અનંત છે! તેના પ્રકાર કેટલા અનંત છે! એ બધું જાણનાર સંસાર તે મહાન પ્રભુની બધો વખત સ્તુતિઓ અને સ્તુતિઓજ ગાયા કરે તો તેમાં કાંઈ નવાઈ છે!

શબ્દાર્થ

(अस्य) આ પરમેશ્વરના **(प्रणीतयः)** આગળ લઈ જવાના—ઉન્નતિ કરવાના—માર્ગ **(महीः)** મોટા છે. **(उत प्रशस्तयः पूर्वीः)** અને એની પ્રશંસાઓ સનાતન છે. **(अस्य ऊतयः न क्षीयन्ते)** તેની રક્ષાઓ કદી ક્ષીણ થતી નથી.

७ वैशाख

उत नः सुभगाँ अरिर्वोचेयुर्दस्म कृष्टयः ।
स्यामेत् इन्द्रस्य शर्मणि ॥ (ऋ. १-४-६)

વિનય

પાપ અને મલિન વૃત્તિઓનો ક્ષય કરનાર જગદીશ્વર ! તમારી કૃપાથી હવે હું એટલી ઉંચી અવસ્થાએ જઈ પહોંચ્યો છું કે મારા ગુણનાં મારા શત્રુઓને પણ વખાણ કરવાં પડે છે. મારા તરફથી તો મારો કોઇ શત્રુ હોવોજ ન જોઇએ; પરંતુ જેઓ મારા પ્રતિસ્પર્ધી છે, જેમના અને મારા વિચારોનો મેળ મળતો નથી, જેઓ મારાથી તદ્દન ઉલટાજ પ્રકારના વાતાવરણમાં રહે છે, એવા મારા કેટલાક વિરોધી ભાઇઓ છે, તેમને કાને સ્વાભાવિક રીતે મારા અવગુણોજ હમેશાં સાંભળવામાં આવે અને તેમનો દૃષ્ટિકોણજ એવો થઇ ગયો છે કે તેમની નજરે હમેશાં મારા દોષજ દેખાય. પરંતુ હે પ્રભો ! જો મારૂં જીવન તદ્દન નિષ્પાપ અને પવિત્રજ હશે, મારાં આચરણ હમેશાં સત્યમય શુદ્ધજ હશે તો મારા જીવનની અસર પેલા મારાથી ઘણે દૂર રહેનારા (વિચારોમાં મારાથી ઘણે છેટે રહી ગએલા) ભાઇઓ ઉપર થયા વગર રહેવાનીજ નથી. હે પ્રભો ! હું તો તમારી પાસે એટલુંજ માગું છું કે, મારા હૃદયમાં જ્યાં જ્યાં મલિનતા હોય, અસદ્વૃત્તિઓ હોય તે બધાનો તું સમૂળો નાશ કરી દે અને મને એવો ઉન્નત બનાવી દે કે મારાથી તદ્દન વિપરીત પરિસ્થિતિમાં જીવન ગાળનારા ભાઇઓ ઉપર મારા સત્યની, મારી પવિત્રતાની અને મારી ઉચ્ચતાની આબાદ છાપ પડી જાય. સામાન્ય કોટિના લોકો તો મને સારોજ કહે છે અને કહેશે; તેઓ તો મારાં વખાણજ કરશે; પણ જેઓ આજે મારા વિરોધીઓ છે તેમનાં

અંતઃકરણ પણ મારી પવિત્રતાની કદર કરતાં થાય એટલી મારી ઇચ્છા છે. મારા કટ્ટા વિરોધીઓ મને જે યશ આપે તેનેજ હું સાચો યશ માનું છું; કેમકે તેમાં અતિશયોક્તિ વગેરે દોષ હોવાનો સંભવ નહિ હોય. મારા મિત્રો અને તટસ્થ લોકોના તરફથી તો મને યશ મળતોજ રહે છે, પણ તેમાં કશી વિશેષતા નથી, તેમ તેની કશી કિંમત પણ નથી હોતી.

પણ હે પ્રભો ! તેની સાથે હું બીજું એ પણ માગી લઉં છું કે, એવો યશ પ્રાપ્ત કરીને હું અભિમાનથી ફૂલાઇ ન જાઉં, તમને ભૂલી ન જાઉં; નહિ, નહિ, એ યશને ભૂલી જઇને સદા તમારાજ સ્મરણમાં સુખી રહું. એ યશ તો મારી પવિત્રતાનું પ્રમાણપત્રજ છે, મારા સુખનું કારણ તો કદાપિ ન થઈ શકે. મારૂં સુખ તો એક તમારા શરણમાંજ છે. બહારની દુનિયા ભલે સારી હડહડતી નિંદા કરે, મારૂં થાય તેટલું અપમાન કરે, પણ હું તો તારી કૃપાનો પ્રસાદ પામીને તેના આનંદમાં એવો સુખી રહીશ કે જેવો આખા જગતનો યશ અને સન્માન પામીને પણ સુખી ન થયો હોઉં. મારાં સુખદુઃખ બહારની દુનિયાના યશ કે અપયશ ઉપર આધાર નથી રાખતાં. હે પ્રભો ! મારા ઉપર એટલી કૃપા કરો કે આપ પરમેશ્વરની પ્રસન્નતામાંથી પ્રાપ્ત થતા સુખમાં સદાય સુખી, આનંદી અને સંતુષ્ટ રહું. બહારનો યશ મેળવીને સુખી થવાની લાલસા મને કદી ન લલચાવે, બહારનો યશ મળતો રહે તો પણ તેનાથી સુખી થવાની ઇચ્છા મને કદી પણ ન થાઓ. હું તો તમારાજ સુખમાં સુખી રહું.

શબ્દાર્થ

(दस्म) હે પાપનો નાશ કરનાર ઇન્દ્ર ! **(अरिः उत)** શત્રુઓ પણ **(नः सुभगान् वोचेयुः)** અમારા સદ્ગુણોનાં અમારાં સૌભાગ્યનાં વખાણ કરે, **(कृष्टयः वोचेयुः)** સાધારણ લોકો તો કરેજ. તેમ થાય તોપણ અમે **(इन्द्रस्य इत्)** તું પરમેશ્વરનાંજ **(शर्मणि)** સુખમાં **(स्याम)** રહીએ.

૮ वैशाख

वयं सोम व्रते तव मनस्तनूषु बिभ्रतः ।
प्रजावन्तः सचेमहि ॥ (ऋ. १०-५७-६)

વિનય

હે સોમ! તમારૂં આપેલું, તમારી મહાશક્તિનું અંશભૂત મન અમારાં શરીરમાં રહેલું છે. એ મનનું–એ તમારી અમૂલી બક્ષિસનું–અમને અભિમાન છે. એ મનને લીધેજ અમે મનુષ્ય કહેવાઇએ છીએ. આ મનનશક્તિને લીધેજ પશુઓથી અમારૂં સ્થાન ઉંચું છે. તો પછી અમારાં શરીરમાં મનના જેવી બળવાન શક્તિને ધારણ કરનારા હોવા છતાં પણ શું અમે તમારા વ્રતમાં–તમારા નિયમોના પાલનમાં–દૃઢ ન રહી શકીએ? અલબત્ત, તમારાં વ્રતનું પાલન કરવાનું છે તો ઘણુંજ કઠણ. તમે જગતની ઉન્નતિને માટે જે નિયમો રચ્યા છે, તે પ્રમાણે બરાબર વર્તન કરવાનું કામ ઘણુંજ દુઃખસાધ્ય છે. પણ એક બાજુએ તમે અમારે માટે અઘરા અઘરા નિયમો ઘડયા છે, ત્યારે બીજી બાજુએ તમે અમને અતુલ શક્તિશાળી મન પણ આપી મૂકયું છે. એ જોતાં તો અમારો દૃઢ વિશ્વાસ છે કે, અમારી મનઃશક્તિનો ઉપયોગ કરીએ તો અમે તમારાં વ્રતમાં દૃઢ રહી શકીએ–તેનો કદી પણ અમારે હાથે ભંગ ન થાય–ભારેમાં ભારે પ્રલોભન અને વિપત્તિઓ વખતે તમારી આપેલી મનઃશક્તિ અમને અમારાં વ્રતમાંથી ચલાયમાન નહિ થવા દે.

પણ એ બધાં વ્રતોનો ઉદ્દેશ શો છે? એકજ ઉદ્દેશ કે, એ વ્રતો દ્વારા તમારી સેવા કરવી. તમારૂં આપેલું મન માત્ર આ કામને માટેજ છે. અમે તો ઇચ્છીએ છીએ કે,

ફક્ત અમારૂં મનજ નહિ પણ અમારા મનની પ્રજા પણ તમારી સેવામાંજ વપરાય. અમારા મનની અંદર સર્જક શક્તિ (ક્રિયેટિવ પાવર)-કાંઇક નવું ઉત્પન્ન કરવાની શક્તિ-રહેલી છે. એ શક્તિ વડે કાંઇ ને કાંઇ નવું કામ કરવું, કાંઇક નવીન રચના-નવું નિર્માણ કરી જવું એ માણસમાત્રની ફરજ છે. એવી રચનાનેજ મનની પ્રજા-મનની સંતતિ કહી છે. હે સોમ! અમે હમેશાં તમારાં વ્રતના પાલનમાંજ દૃઢ રહ્યા હોઇશું તો અમારી રચના (પ્રજા) પણ જરૂર તમારી સેવામાંજ વપરાઈ હશે-તમારી સેવાને અર્થેજ સમર્પિત થઇ હશે. અમે એટલું માગીએ છીએ કે, અમે અને અમારી પ્રજા તમારી સેવામાંજ રહે, તમારી સેવામાંજ અમારૂં જીવન વ્યતીત કરીએ. હવે તો આજ અમારો સંકલ્પ છે, આજ અમારી ઇચ્છા છે અને આજ અમારી પ્રાર્થના છે.

શબ્દાર્થ

(सोम) હે સોમદેવ! **(तनूषु)** અમારાં શરીરોમાં **(मनः)** મનને, મનની શક્તિઓને **(बिभ्रतः)** ધારણ કરીને **(वयं)** અમે **(तव व्रते)** તમારાં વ્રતમાં રહીએ છીએ, તમારાં વ્રતનું પાલન કરીએ છીએ અને **(प्रजावन्तः)** પ્રજા સહિત અમે સઘળા **(सचेमहि)** તમારી સેવા કરતા રહીએ.

९ वैशाख

अहमिद्धि पितुःपरि मेधामृतस्य जग्रभ ।
अहं सूर्य इवा जनि ॥
(ऋ० ८-६-१० । साम० पू० २-२-६-८ । अथर्व,२०-११५-१)

વિનય

હું સૂર્ય સરખો બની ગયો છું. હું મનથી અનુભવ કરૂં છું કે, મનુષ્યોમાં હું સૂર્ય સમાન થઇ ગયો છું. હું જે સૂર્ય છું તેમાંથી નીકળીને સત્ય જ્ઞાનનાં કિરણો ચારે દિશાએ ફેલાઇ ગયાં છે. જેવી રીતે અમારા આકાશસ્થ સૂર્યમાંથી પ્રાણીમાત્રને ગરમી, પ્રકાશ અને પ્રાણ મળ્યાજ કરે છે, સૌની જીવનરક્ષા થયાજ કરે છે, તેવીજ રીતે હું પણ એવો બની ગયો છું કે જે કોઇ મારા સમાગમમાં આવે તે મારામાંથી જ્ઞાન, ભક્તિ અને આત્મિક બળ પ્રાપ્ત કરે છે. હું પોતે તો કશુંજ કરતો નથી તો પણ મને એવો અનુભવ થાય છે કે મારામાંથી સ્વાભાવિક રીતેજ જીવનશક્તિનાં કિરણો ચારે દિશાએ ફેલાયા કરે છે અને ચારે દિશાઓનાં મનુષ્યોને ઉચ્ચ, પવિત્ર અને ચેતનવંત બનાવ્યા કરે છે. એમાં મારો પોતાનો કશો પ્રભાવ નથી. મેં તો ફક્ત પરમેશ્વરના આદિત્ય (સૂર્ય) રૂપની યથાવિધિ ઉપાસના કરી છે. એનું પરિણામ એ થયું છે કે, ઈશ્વરનું સૂર્યસ્વરૂપ મારી મારફત પ્રકટ થવા લાગ્યું છે. મેં મારી બુદ્ધિ દ્વારા સૂર્યની ઉપાસના કરી છે. મનુષ્યનું મસ્તક જે તેની બુદ્ધિનું સ્થાન છે, તેજ મનુષ્યશરીરમાં દ્યુલોક (સૂર્યલોક) છે. મેં મારી બુદ્ધિ વડે ચારે દિશાએથી કેવળ સત્યનેજ ગ્રહણ કર્યું છે અને ગ્રહણ કરીને તેને ધારણ કર્યું છે. બુદ્ધિઓ પૈકી જે બુદ્ધિ ધારણ કરવાનું કામ કરે છે, તેને **'મેધા'** કહે છે. ઉપર કહી તે રીતે મેં મેધાને

પ્રાપ્ત કરી લીધી છે. પછી દ્યુલોકની સાથે મારો સંબંધ જોડીને મેં દ્યુલોકને મારામાં ગ્રહણ કરી લીધો છે. આ કારણથી હું સૂર્ય સમાન બની ગયો છું. દ્યુલોકવાસી પરમાત્માનું રૂપ **ऋत** છે. **સત્ય** છે. મેં મારી તમામ બુદ્ધિઓ, મારૂં તમામ જ્ઞાન તે સત્યસ્વરૂપ પરમ પિતાની પાસેથીજ ગ્રહણ કર્યાં છે. મેં એટલો આગ્રહ રાખ્યો છે કે, હું ફક્ત શુદ્ધ સત્યનેજ—એકલા સત્યનેજ મારી બુદ્ધિમાં સ્થાન આપું. એ રીતે મેં પરમાત્માના દ્યુરૂપની નિરંતર ઉપાસના કરી છે, ઋતની મેધાનો પરિગ્રહ કર્યો છે. આવી સત્ય બુદ્ધિને ધારણ કરતાની સાથે સાથે મારામાં ભક્તિ અને આત્મિક બળનો ઉદય થયો છે; મારૂં મન અને શરીર પણ તેજસ્વી બનતું ગયું છે. મારા પાલક પિતાના તમામ ગુણ મારામાં પ્રકટી નીકળ્યા છે. હું સાક્ષાત્ સૂર્ય બની ગયો છું. મને સૂર્ય સમાન બનાવનારા હે મારા પરમ કરુણાનિધાન પિતા! તારા **ऋत**ની મેધાને—બુદ્ધિને ચારે તરફથી પકડી રાખીને હું તારા ચરણોમાંજ પડી રહ્યો છું.

શબ્દાર્થ

(अहं इत्) મેં તો **(हि)** નિશ્ચયપૂર્વક **(पितुः)** પાલન કરનાર પિતાની **(ऋतस्य)** સત્યસ્વરૂપ પરમેશ્વરની **(मेधा)** ધારણા કરનારી બુદ્ધિને **(परिजग्रभ)** ચારે તરફથી પકડી રાખી છે તેથી **(अहं)** હું **(सूर्य इव)** સૂર્ય સમાન **(अजनि)** બની ગયો છું.

१० वैशाख

समस्य मन्यवे विशो विश्वा नमन्त कृष्टयः ।
समुद्रायेव सिन्धवः ॥

(ऋ. ८-६-४ । साम० पू० २-१-५-३। अथर्व० २०-१०७-१)

વિનય

ઇન્દ્ર પરમેશ્વર આપણા પિતા છે, જન્મદાતા અને પાલનકર્તા છે, ત્યારે તેની સાથે તે આપણા કલ્યાણને માટે સંહારકર્તા રુદ્ર પણ બને છે. સંસારમાં કોઈ પણ સ્થળમાં જ્યારે સંહાર કરવાની જરૂરીઆત ઉભી થાય છે ત્યારે પ્રભુ પોતાના 'मन्यु'ને-ક્રોધને, તેજને-પ્રકટ કરે છે. બીજી રીતે કહીએ તો તે પોતાનું ત્રીજું નેત્ર ઉઘાડી દે છે અથવા પોતાનું ત્રીજું રૂપ પ્રકાશિત કરે છે. આ કલ્યાણકારી શિવજીના મન્યુનું તેજ જ્યારે દેદીપ્યમાન થવા લાગે છે ત્યારે જે નાશ પામવાને યોગ્ય છે તે આખો સંસારજ દીવામાં પડવાને દોડી આવતાં પતંગીઆંની માફક આવી આવીને તે તેજરાશિમાં ઝંપલાવે છે અને બળીને ભસ્મ થઇ જાય છે. જે મન્યુને યોગ્ય છે તેમાંનો કોઇ પણ નથી બચી જતો. બધાજ તે તરફ ખેંચાતા તણાતા ચાલ્યાજ આવે છે. જુઓ, દુનિયામાં વખતોવખત મોટાં મોટાં મહાયુદ્ધો મંડાય છે, દુષ્કાળ પડે છે, પ્લેગ વગેરે મહામારીઓ ફેલાય છે; એવાં એવાં કેટલાંય રૂપમાં ઈશ્વરનો મહાબળવાન મન્યુ જગતમાં પ્રકટ થયાજ કરે છે. બધાજ લોકો પોતાના વિનાશ તરફ ઘસડાતા ચાલ્યાજ આવે છે, પણ તેની કોઇને ખબર નથી હોતી. જેવી રીતે નાની મોટી નદીઓ સાગરની તરફ ચાલી જાય છે અને અંતે તેમાં સમાઇ જઇને લય પામી જાય છે, તેવી રીતે જેમનો વખત આવી પહોંચ્યો છે એવાં તમામ મનુષ્યોને, પ્રાણીઓને પ્રભુનો મન્યુ કાળ-સમુદ્ર બનીને પોતાના તરફ ખેંચ્યાજ કરે છે. માણસોએ કરેલાં પાપ તેમને તેમના વિનાશની તરફ ખૂબ વેગપૂર્વક ઘસડી લાવે છે. આ સંસારની અંદર જરાક ઊંડી નજર કરીને જેમણે જોઈ લીધું છે તેઓ

જાણે છે કે, કેવી વિચિત્ર રીતે માણસો પોતપોતાના મોતની જગ્યા તરફ ખેંચાતા--ઘસડાતા ચાલ્યા આવે છે. અર્જુનના જેવી દિવ્ય દૃષ્ટિની જેમને પ્રાપ્તિ થઇ છે તેમને ધન્ય છે! કાળનું આકર્ષણ તેઓ પોતાની નજરોનજર જુએ છે. તેઓ જોઈ શકે છે કેઃ–

यथा नदीनां बहवोम्बुवेगा समुद्रमेवाभिमुखं द्रवन्ति ।
तथा तवामी नरलोक वीरा विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥

પણ આપણે તો મોતના મોઢામાં પેસીએ છીએ અને છતાં તેની આપણને કશી ખબર પડતી નથી! આપણામાંથી કોઇ કોઇ લોકો જેમને પોતાની શક્તિઓનો ભારે ગર્વ છે, જેઓ મોટા મોટા પ્રખ્યાત લોકોમાં ગણાય છે, તેઓ જ્યારે ભારે અભિમાન સહિત જગતને પોતાનાં પરાક્રમો બતાવી રહ્યા હોય છે, બરાબર તેજ વખતે તેટલીજ ત્વરાથી તેઓ તેમના મોત તરફ ગતિ કરી રહ્યા હોય છે, પણ તે વિષે તેમને ખબર નથી હોતી. અરે! ત્યાર પછીનીજ પળે તેમની સામે મોત આવીને ઉભું રહેનાર છે; તેમનું અભિમાન, બળ બધુંજ માટીમાં મળી જનાર છે, પણ તેમને તે ઘડીએ તેનું જ્ઞાન નથી હોતું. એ તો જ્યારે મોત તેમને બરાબર ઝડપી લે છે, ત્યારે છેલ્લી ઘડીએ તેમને પરમાત્માના રુદ્ર રૂપનાં દર્શન થાય છે. મારા પ્રિય ભાઇઓ! પ્રભુના જે મન્યુની સામે આખો સંસાર નમી પડે છે–પાપ કરીને કોઇની પણ જેની આગળ ઉભા રહેવાની છાતી ચાલતી નથી–તેને તમે અત્યારથીજ જોઇ લો તો કેવું સારૂં! એટલું કરો તો તમને એવી સદ્બુદ્ધિ સાંપડે કે તમારે તેના મન્યુના પાત્રજ ન થવું પડે.

શબ્દાર્થ

(अस्य) આ પરમેશ્વરના **(मन्यवे)** મન્યુ, ક્રોધ, તેજની આગળ **(विश्वा विशः)** તમામ પ્રજાઓ **(कृष्टयः)** તમામ મનુષ્યમાત્ર **(संनमन्त)** એવાં નમી પડે છે કે **(समुद्राय इव सिन्धवः)** જેમ સાગરમાં સમાઇ જવા માટે પોતાની મેળેજ તેના તરફ વહી જતી નદીઓ.

११ वैराग्य

नामानि ते शतक्रतो विश्वाभिः गीर्भिः ईमहे ।
इन्द्र अभिमातिषाह्ये ॥ (ऋ. ३-३७-३ । अथर्व० २०-१९-३)

વિનય

હે પરમેશ્વર ! તેં મને વાણીનું દાન કર્યું છે તે તારાં નામનું ઉચ્ચારણ કરવાને માટેજ કર્યું છે. તારાં પવિત્ર નામોનું ઉચ્ચારણ હું નિરંતર કરતોજ રહું છું. તારી આપેલી વાણી વડે મારાથી બીજું કશુંજ થતું નથી. મારી વાણીનો એ એકજ વ્યાપાર થઇ પડયો છે. બીજી કોઇ પણ નિરર્થક વાતો, જેનો ઈશ્વરની સાથે સંબંધ ન હોય એવી અનીશ્વરીય વાતો મારા મોઢામાંથી નીકળતીજ નથી, મારા ઉચ્ચારેલા એક એક શબ્દમાં તારા નામનીજ ધૂન નીકળે છે, મારી વાણીના સ્થાનમાં તારોજ નિવાસ છે. હે ઇન્દ્ર ! આવી રીતે હું મારી તમામ ×વાણીઓ દ્વારા નાના પ્રકારે તારાંજ નામનું કીર્તન કરતો રહું છું. એવું ન કરૂં તો મારા શત્રુઓનો પરાજય કેવી રીતે કરૂં ? તેમના હુમલામાંથી મારી જાતનું રક્ષણ પણ કેવી રીતે થાય ? તારા પવિત્ર નામનો ઉચ્ચાર કરીનેજ હું મારા તમામ શત્રુઓ ઉપર નિરંતર વિજય મેળવતો આવ્યો છું અને મેળવતો રહીશ. મારા શત્રુઓમાં સૌથી મોટો શત્રુ '**अभिमाति**'–અભિમાન છે. હાલમાં તો એ મહાન્ શત્રુનો વધ કરવાને માટે ખાસ કરીને તારૂં નામજ મને બ્રહ્માસ્ત્રનું કામ આપે છે. માણસ જ્યારે તેના કામક્રોધ વગેરે બીજા બધા શત્રુઓને જીતી વળે છે, જ્યારે તે આત્મિક ઉન્નતિની ઘણી ઉંચી અવસ્થાએ જઇ પહોંચે છે, તેવે વખતે પણ

× જુઓ આ ૧૨૫ મા પૃષ્ઠ નીચે આપેલી ટિપ્પણી.

આ અભિમાન, અહંકાર, અસ્મિતા, તેનો કેડો મૂકતાં નથી. એ અભિમાન એવો શત્રુ છે કે માણસમાં અવિદ્યાનો તલમાત્ર પણ અંશ રહી ગયો હોય ત્યાં સુધી તે તેના આત્માની સાથે યુદ્ધ કરવાનું છોડતો નથી. હે મારા પરમેશ્વર ! એ તો તેજ મારો કટ્ટો દુશ્મન છે, કે જે મને તમારાથી છેવટની ઘડી સુધી જુદો ને જુદોજ કરી રાખે છે. એ પોતાની સત્તા છેક છેલ્લી ઘડી સુધી અજમાવતો રહે છે. માણુસ જ્યારે સાધના કરતો કરતો ખૂબ ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરે છે, ત્યારે તેને બીજા કશાનું નહિ તો છેવટે પોતાની ઉન્નત અવસ્થાનું, પોતાની ઉંચા પ્રકારની આત્મિક સ્થિતિનું, પોતે પુણ્યાત્મા છે તેનું અભિમાન થયાજ કરે છે. આટલું અભિમાન પણ માણુસને ગમે તેવી ઉંચી અવસ્થામાંથી છેક નીચે અવનતિના ખાડામાં પટકી નાખવાને પૂરતું છે. એટલા માટે હે શતક્રતો ! હે અનન્તવીર્ય ! હે અનન્તપ્રજ્ઞ ! હું તારા નામનો નિરંતર જપ કરતો રહું છું, મારી જીભ ઉપર તારા પરમ પવિત્ર નામનું કવચ ઓઢાડું છું અને એવી રીતે મારી જાતને તારા નામના આશ્રય નીચે સુરક્ષિત રાખીને જીવું છું. જ્યારે જ્યારે મારા મનમાં અભિમાનનો લેશ માત્ર પણ ઉદય થવા જાય છે, 'આવું મહત્ત્વનું કાર્ય હું કરી રહ્યો છું,' 'આ કામ મેં કર્યું,' એવો વિચાર મનમાં ઉત્પન્ન થતાની સાથેજ એકદમ મારાથી બેઉ હાથ જોડી દેવાય છે અને મોઢામાંથી તારૂં નામ નીકળવા માંડે છે. આ રીતેજ હું મારા પેલા મહાન્ શત્રુના હુમલાથી મારી જાતને જાળવી રહ્યો છું. તારૂં નામ મને તરતજ નમ્ર બનાવીને નીચો નમાવી દે છે. તારૂં સ્મરણ થતાંજ મારૂં મસ્તક નીચું નમાવીને હું ભોંય સાથે લગાડી દઉં છું–બસ, એટલું થતાની સાથેજ તે મહાબળવાન શત્રુ કોણ જાણે ક્યાંનો ક્યાં પલાયન કરી જાય છે, ચારે દિશાએ સેંકડો ગાઉ સુધી તેની એંધાણી પણ શોધી જડતી નથી અને આખા જગતમાં ચારે તરફ તમેજ અને તમારા ચરણોમાં

ઢળી પડેલો બીજો હું, એ સિવાય બીજું કશું મારી આંખે દેખાતું નથી. એવે વખતે આ પૃથ્વીરૂપી તારા સુબૃહત્ ચરણોને ચોંટેલી ધૂળની હું એક નાનામાં નાની તુચ્છમાં તુચ્છ કણિકા બની જાઉં છું અને આવી હાલતમાં હું પરમ-પરમ સાત્ત્વિક-સુખનો સ્વાદ ચાખું છું. હે મારા નાથ! તારા નામના અપાર મહિમાનું હું તે શું વર્ણન કરૂં!

શબ્દાર્થ

(शतक्रतो) હે અનન્ત કર્મવાળા! હે અનન્ત પ્રજ્ઞાવાળા! **(विश्वाभिः गीर्भिः)** હું મારી તમામ વાણીઓ* વડે **(ते नामानि)** તારાં નામોનો **(ईमहे)** ઉચ્ચાર કરૂં છું. **(इन्द्र)** હે પરમેશ્વર! **(अभिमातिषाह्ये)** શત્રુનો-અભિમાનરૂપી શત્રુનો પરાભવ કરવાને માટે તારૂં નામ લઉં છું.

---

* પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી, એ પ્રમાણે વાણીના અતિસૂક્ષ્મ, સૂક્ષ્મ અને સ્થૂળ પ્રકાર છે. યોગસિદ્ધ થએલો ભક્ત ઉંડામાં ઉંડી અને સૂક્ષ્માતિસૂક્ષ્મ પરા વાણી વડે પણ ઇશ્વરના નામનો જપ કરવા સમર્થ થાય છે. વધારે વિવેચન માટે જુઓ "બ્રાહ્મણની ગૌ" (સ૦ સા૦ કાર્યલય) —સેવાનન્દ

१२ वैशाख

सदा व इन्द्रश्चर्कृषत् आ उपो नु स सपर्यन् ।
न देवो वृतः शूर इन्द्रः ॥ (साम. पू. ३-१-१-३)

વિનય

હે મનુષ્યો ! તમે તમારા પરમાત્મા પ્રત્યે પ્રેમ કેમ નથી રાખતા ? જ્યાં હરિકથા થતી હોય ત્યાંથી તમે કેમ અવળું મોઢું કરીને ભાગવા માંડો છો ? વિષયભોગની વાતો સાંભળવાને માટે તો તમારૂં મન હમેશાં આતુર ને આતુરજ રહે છે, ત્યારે ઈશ્વરની વાતો થતી સાંભળીને તમે કેમ સૂગાઈ ઉઠો છો ? તમારા પોતાના પિતાની સાથે તમારો આટલો બધો અણબનાવ હોવાનું શું કારણ ? ભલે, તમે જેમ કરો તેમ, પણ તે પ્રભુ તો તમને કોઈ કાળે પણ ભૂલવાનો નથી. તમે તેનાથી આઘા ને આઘા જવા ભલે મથો, પણ તે તો તમને પ્રેમની દોરી વડે સદાય પોતાના તરફ ખેંચ્યાજ કરે છે. તમે જાણો કે ન જાણો, પણ તે તો તમારી નજીકનો નજીકજ રહે છે અને માતા પુત્રનું રખોપું કરે, તેમ તે તમારૂં-પોતાનાં બાળકોનું-નિરંતર રખોપું કરતોજ રહે છે. તે પરમાત્મા આપણાં રોમેરોમમાં રમી રહ્યો છે, આપણા એક એક શ્વાસની સાથે આપણી અંદર આવ-જાવ કરે છે, આપણા મનના એક એક વિચારની સાથે તદ્રૂપ બનીને-અરે ! આપણા પ્રાણનો પ્રાણ, આત્માનો આત્મા બનીને આપણી સાથે અકલ્પનીય એકતા સાધીને એવો તો એકરસ બનીને રહે છે કે કાંઇ કહેવાની વાતજ નહિ. આ સંસારમાં આપણે યત્કિંચિત્ પ્રેમ, સુખ, વાત્સલ્ય, ભોગ, સેવા, આરામ, શાંતિ ભોગવીએ છીએ તે આપણને મિત્રો તરફથી, સગાં-સ્નેહીઓ તરફથી, પ્રાકૃતિક વસ્તુઓમાંથી મળે છે એમ માની લેવું એ મોટી ભૂલ છે;

એ તો આપણા અનન્ય સંબંધી પરમ દયાળુ પ્રભુન તરફથીજ મળી રહી છે. તે આપણને સૌને પોતાના તરફ ખેંચી રહ્યો છે, એટલુંજ નહિ પણ આપણી કલ્પનામાં ન આવે એટલો નજીક રહીને આપણી રાત–દહાડો સેવા કરે છે, પોતાના પ્રેમને વશ થઇને આપણું જતન કરે છે, પાલન કરે છે, પોષણ કરે છે, રક્ષણ કરે છે, દુઃખનું નિવારણ કરે છે અને એવી એવી નાના પ્રકારની આપણી પરિચર્યા કરતોજ રહે છે. અરે ! તે આપણાથી ગુપ્ત રહેતો નથી, કોઇ ઠેકાણે સંતાઈ બેઠો નથી. આપણી અને તેની વચ્ચે લેશ માત્ર પણ આવરણ નથી, પડદો નથી, કાંઇ નથી. એવા પ્રભુને ઢંકાયલો, છુપાયલો પણ કેમ કહેવાય !

હે મનુષ્યો! મૂળ મુદ્દાની વાતજ એ છે કે, જો આપણને તેના પ્રેમાકર્ષણની જાણ થઇ જાય, આપણે તેને અનુભવતા થઇ જઇએ–તે પ્રભુ પરમાત્મા આપણને પોતાના તરફ ખેંચી રહ્યો છે એટલીજ વાતનો આપણે ખરેખરો અનુભવ કરતા થઇ જઇએ તો તે આપણાથી કેટલો નજીક છે, તે આપણાથી અત્યંત નિકટ રહીને આપણી સેવા–શુશ્રૂષા કરે છે તેનો પણ આપણને ચોખ્ખો અનુભવ થઇ જાય. પછી તો આપણને સમજી જતાં વારજ ન લાગે કે અખિલ બ્રહ્માંડનો રચનાર મહાપરાક્રમી ઇન્દ્ર પ્રભુ જેના સંબંધમાં આપણે પરોક્ષ રીતે ઘણું ઘણું સાંભળતા હતા, તે આપણાથી છૂપો નથી, તેની—આપણી વચ્ચે કોઇ પણ જાતનું આવરણ નથી, પણ તે પ્રત્યક્ષ આપણી સન્મુખજ છે. એટલી એક વાતનો પાકો અપરોક્ષ અનુભવ કરવો એનુંજ નામ પ્રભુનું દર્શન, એનુંજ નામ પરમાત્માનો સાક્ષાત્કાર.

શબ્દાર્થ

હે મનુષ્યો ! (**इन्द्रः**) પરમેશ્વર (**वः**) તમને (**सदा**) હમેશાં (**आचर्कृषत्**) પોતાના તરફ ખેંચી રહ્યો છે. (**स**) તે (**नु**) નિઃસંદેહ (**उप उ**) પાસેજ, પાસેજ રહીને (**सपर्यन्**) તમારી સેવા કરી રહ્યો છે. (**शूरः इन्द्रः देवः**) તે મહાપરાક્રમી ઈન્દ્રદેવ (**न वृतः**) ઢંકાયલો નથી, તેના ઉપર કશાનું આવરણ નથી.

१३ वैशाख

जुहुरे वि चितयन्तो अनिमिषं नृम्णं पान्ति ।
आ दृढां पुरं विविशुः ॥ (ऋ. ५-१९-२.)

વિનય

એક એવી નગરી છે કે જે તદ્દન દૃઢ છે, અભેદ્ય છે; એક વાર તેમાં દાખલ થઈ જઈએ એટલે પછી કોઇ પણ શત્રુની તાકાત નથી કે આપણા ઉપર આક્રમણ કરીને આપણને ત્રાસ આપી શકે. બોલો, છે કોઈને એવા સ્થાન ઉપર પહોંચી જવાની મરજી ? ત્યાં જવાનો રસ્તો પણ છે; પણ તે રસ્તો સહેલો નથી, ખૂબ વિકટ છે, કઠણ છે, પરિશ્રમ કરવો પડે એવો છે. એ રસ્તા ઉપર પગ મૂકવાનો વિચાર હોય તેણે પ્રથમ તો જ્ઞાનપૂર્વક સ્વાર્થત્યાગ કરવો પડશે. બીજું સદાકાળ જાગ્રત રહીને પોતાના '**नृम्ण**'ની–આત્મબળની–રક્ષા કરવી પડશે. આવી બે પ્રકારની સાધનાઓ સાધીને આગળ વધવાનું છે. કેટલાક લોકો પોતાના કર્તવ્યનો તેમજ ઉદ્દેશનો કશો વિચાર કર્યા વગર એમ ને એમ વગર વિચાર્યે જુસ્સાના આવેશમાં આવી જઇને 'આત્મબલિદાન' કરી દે છે. એવું કરી નાખવું કઠણ નથી, પણ એ સાચું બલિદાન ન કહેવાય. એનાથી મનવાંચ્છિત ફળ નથી મળતું. અમુક પવિત્ર ઉદ્દેશને પોતાની નજર આગળ રાખીને, તે ઉદ્દેશની તુલનામાં અમુક વસ્તુ તદ્દન તુચ્છ છે માટે તેનો ત્યાગ કરવો, એ મારો ધર્મ છે એમ સમજી લઇને, જ્ઞાનપૂર્વક, લેશમાત્ર પણ આવેશની આંધીમાં ભ્રમિત થયા વગર આત્મબલિદાન દેવાય તેજ સાચું આત્મબલિદાન છે. આવા જ્ઞાનપૂર્વક બલિદાનની જગ્યાએ ગમે તેમ વગરવિચારે બલિદાન દઈ નાખીને આપણે ઘણી વાર આત્મઘાત કરી બેસીએ છીએ. પેલા સ્થાનમાં પહોંચી જવાને માટે આત્મઘાત નહિ પણ આત્મરક્ષા કરવી પડે છે. ઘણી વાર આપણે બધા ક્રોધ કરીને, અસત્ય બોલીને,

ભોગવિલાસ તરફ ઇન્દ્રિયોરૂપી ઘોડાને બેલગામ દોડાવી મૂકીને, આપણા આત્મતેજને, આત્મવીર્યને, આત્મબળને ગુમાવી દઇએ છીએ. પણ જેને પેલા સ્થાન તરફજ જવું છે તે તો પોતાના '**નૃમ્ણ**'ની આત્મબળની ખૂબ સાવધાનીથી, સદા જાગ્રત રહીને, ખૂબ કાળજીપૂર્વક રક્ષા કરે છે. તે તો ક્ષણે ક્ષણે પોતાના મનની ગતિ તરફ–મનનાં કાર્યો તરફ સખત ચૉકી પહેરો રાખે છે અને આત્મબળનો ક્ષય થાય એવું કામ પોતાનાથી રખેને થઇ બેસે તેની ખૂબ ઝીણવટથી તપાસ રાખતો રહે છે. આવી રીતે સાચવેલું આત્મબળજ પેલી અભેદ્ય અને સુરક્ષિત નગરીમાં આખરે જઇ પહોંચવાનું છે. ખરી રીતે જોવા જઇએ તો આ બે સાધનાઓ જુદી જુદી નથી, પણ એકજ છે. સ્વાર્થત્યાગ અને આત્મબળનું રક્ષણ, એ બેઉ પરિણામ એકજ પ્રકારની કાર્યપદ્ધતિથી નીપજે છે. બેઉનો પરસ્પર સંબંધ લક્ષમાં લઇએ તો આ વાત ઝટ લઇને સમજાઇ જાય એવી છે. આત્મબળની રક્ષા કરવાને માટે તેના સિવાય બાકીની તમામ વસ્તુઓને હોમી દેવી પડે છે અને જેમ જેમ સત્ય જ્ઞાનયુક્ત આત્મબલિદાન અપાતાં જાય છે, તેમ તેમ પરિણામે આત્મબળ વધતુંજ જાય છે. ત્યારે આવો, મારા ભાઇઓ ! આવો, આપણે પણ આજથી આત્મહવન કરવા માંડીએ અને આત્મબળની રક્ષા કરતા કરતા આપણો પંથ કાપવા માંડીએ. આપણે પણ પેલી નગરીના યાત્રાળુઓના સંઘમાં જોડાઈ જઇએ. ત્યાં જવાને માટે હમણાં બતાવ્યો તેજ માર્ગ છે. એ માર્ગે મજલ કરતાં કરતાં આપણે એક દિવસ અભયતા, અજાતશત્રુતા, અમરતા અને અભેદ્યતાની દૃઢ સુરક્ષિત નગરીમાં જઈ પહોંચીશું.

શબ્દાર્થ

જે (**वि चितयन्तो जुहुरे**) જ્ઞાનપૂર્વક સ્વાર્થત્યાગ કરે છે અને (**अनिमिषं नृम्णं पान्ति**) નિરંતર જાગ્રત રહીને પોતાના આત્મબળનું રક્ષણ કરતા રહે છે (**ते**) તેઓ (**दृढां पुरं**) દૃઢ અભેદ્ય નગરીમાં (**आविविशुः**) દાખલ થઇ જાય છે.

१४ वैशाख

कदु प्रचेतसे महे वचो देवाय शस्यते।
तदिद्धि अस्य वर्धनम्॥ (साम. पू. ३-१-४-२)

વિનય

પરમાત્માની જરા જેટલી ભક્તિ પણ મહાન ફળ ઉત્પન્ન કરે છે. આપણે એવું ધારીએ છીએ કે, થોડીક સંધ્યા કરવાથી, જરાક વાર ભજન-પ્રાર્થના કર્યાથી અથવા એકાદ મંત્ર કે શ્લોકની કડી દ્વારા ઈશ્વરનું સ્મરણ કર્યાથી શો મોટો ફાયદો થઈ જવાનો છે? અથવા કોઈ દિવસ એમાંનું કાંઇ સમૂળગુંય ન કરીએ તો તેથી મોટું નુકસાન પણ શું થઇ જવાનું છે! પણ એ મોટી ભૂલ છે. આપણી ઉપાસના ભલેને ગમે તેવી તુચ્છ અને સ્વલ્પ હોય, પણ આપણો ઉપાસ્ય દેવ તો મહાન છે ને? તેનું જ્ઞાન અને તેની શક્તિ આપણાં જ્ઞાન અને શક્તિના કરતાં એટલાગણાં મોટાં છે કે આપણે તેની મોટાઇને યોગ્ય ભક્તિ તો કદાપિ નથી કરી શકવાના. વળી તેની તુલનામાં આપણે એટલા બધા તુચ્છ છીએ કે તે જો ધારે તો આપણને જરાક જેટલું દાન કરીને એક ક્ષણવારમાં આપણને તૃપ્ત કરી દે-પરિપૂર્ણ કરી દે. એક ક્ષણવારને માટે પણ જો આપણે તેની સાથે આપણો સંબંધ જોડી દઈએ તો તે મહાન દેવ એટલી થોડી વારમાં પણ આપણને તેની શક્તિથી ભરપૂર બનાવી દે. સંત પુરુષોએ અનુભવેલી બીના એવી છે કે પ્રભુનું એકજ ક્ષણવાર ધ્યાન કરતાની સાથેજ તેના આશીર્વાદનો ધોધ ધ્યાન કરનારના તરફ વહેતો થઈ જાય છે અને એટલી થોડી વારમાંજ તેને પ્રભુના આશીર્વાદના નીરમાં નવરાવી જાય છે. પ્રભુના નામનો માત્ર એકજ વાર ઉચ્ચાર કરવાથી પણ ભકતોના મનમાં અપૂર્વ પ્રેમાવેશનો ઉદય થાય છે, તેમને આખે શરીરે રોમાંચ પેદા થાય છે અને તેમનાં મન તેમજ આત્મા આનંદરસથી પવિત્ર અને પ્રફુલ્લિત બની જાય છે. આપણા જેવા સાધારણ માણસોની પ્રાર્થનામાં, ભક્તિમાં અત્યારે એટલું બળ નથી કે તેના વડે આપણે મહાપ્રભુની પાસેથી ઉપર કહ્યું તેટલું બધું

ઐશ્વર્ય પ્રાપ્ત કરી શકીએ. તેથી તો આપણે થોડી વારનાં ભજન–પ્રાર્થનાનું ઉલટું વધારે મૂલ્ય આંકવું જોઇએ. એક દિવસ પણ પડવા ન દેવો જોઇએ. એક વાર પણ પ્રાર્થનાની ધારા તૂટવાથી આપણો અને ઈશ્વરનો સંબંધ છૂટી જાય છે, તેને પાછો જોડવો પડે છે. પ્રાર્થનામાં એક દિન પણ પડે તો પ્રાયશ્ચિત્ત કરવાનું વિધાન શાસ્ત્રમાં બતાવ્યું છે તેનું કારણ એજ છે કે, પ્રાયશ્ચિત્ત કર્યાથી તૂટેલો સંબંધ જોડાઇ જાય છે. પણ તેમાં બે વાર સંબંધ જોડતાં જેટલી વાર લાગે તેટલો વિલંબ થાય છે. માટે નિત્યની સંધ્યા–પ્રાર્થના વગેરે જે કાંઇ કરવાનો નિયમ રાખ્યો તેમાં ગાળો પડવા દેવો નહિ. કદાચ કોઇ વાર એવું બને કે ભજનમાં પૂરેપુરૂં ચિત્ત ન ચોંટે, તો પણ તે દહાડે કાંઈ ને કાંઇ ઉપાસના તો કરવીજ, ચિત્ત પરોવવાનો પ્રયત્ન તો કરી છૂટવુંજ. આગળ જતાં આપણને ખબર પડી જશે કે, તે દહાડે કરેલો પ્રયત્ન છેક વ્યર્થ તો નથીજ ગયો. એક એક દિવસની ઉપાસનાએ આપણને આગળ ધપાવ્યા છે–આપણાં શરીર, મન અને આત્મા, ત્રણેને ઉન્નત કર્યાં છે.

ઓછામાં ઓછી એક વાત તો બિલકુલ નિઃસંદેહ છે કે, સાંસારિક બાબતો પાછળ આપણે જેટલો સમય આપીએ છીએ, સાંસારિક વસ્તુઓની જેટલી ઉપાસના કરીએ છીએ અને તેમાં સમય તથા શ્રમના પ્રમાણમાં આપણને જેટલું ફળ મળે છે તેના કરતાં અનંતગણું વધારે ફળ પેલાના કરતાં ઘણોજ થોડો સમય અને શ્રમ ઈશ્વરની ઉપાસના અર્થે ગાળ્યાથી આપણને સહેલાઇથી ચોક્કસપણે મળી શકે છે, અને જેમણે એ પ્રયોગ અજમાવ્યો છે તેમને મળ્યું પણ છે. એનું કારણ તો દેખીતુંજ છે; કારણ કે ઈશ્વર મહાન્ છે, જ્ઞાનનો અખૂટ ભંડાર છે, સર્વશક્તિમાન્ છે અને સાંસારિક વસ્તુઓ અલ્પ છે, તુચ્છ છે, સારહીન છે, જ્ઞાનશક્તિ વિનાનો કેવળ વિકાર માત્ર છે.

શબ્દાર્થ

(**महे**) મહાન્ (**प्रचेतसे**) મોટા જ્ઞાની (**देवाय**) ઇષ્ટદેવ પરમેશ્વરને માટે (**कत् उ**) થોડુંક પણ (**वचः शस्यते**) વચન–સ્તુતિના રૂપમાં કહેવાય (**तत् इत् हि**) તો તે જરૂર (**अस्य**) કહેનારને (**वर्धनं**) આગળ ધપાવે છે.

१५ वैशाख

आ घा गमत् यदि श्रवत् सहस्रिणीभिः ऊतिभिः ।
वाजेभिः उप नो हवम् ॥
(ऋ. १-३०-८ । साम. उ. १-२-११ । अथर्व. २०-२६-२)

વિનય

જો ઈશ્વરને કાને આપણો અવાજ જાય તો તે આવે છે, જરૂર આવે છે, જરૂર આપણી પાસે આવીને હાજર થઇ જાય છે. બસ, તેને કાને આપણો અવાજ પહોંચે, તે આપણો પોકાર સાંભળે એટલીજ વાર. પણ હા, તેને કાને આપણો અવાજ પહોંચાડવો અથવા તે સાંભળી શકે એવી રીતે તેને સાદ કરવો એ કામ છે તો ઘણુંજ અઘરૂં. તેના કાન સુધી આપણો અવાજ પહોંચી જાય તેને માટે આપણામાં કાંઇક યોગ્યતા હોવી જોઇએ, કાંઇક સામર્થ્ય પણ હોવું જોઇએ. પણ એક વાત તો બિલકુલ સંદેહ વગર માની લેવીજ જોઇએ કે, પરમાત્મદેવ જો આપણો પોકાર એકજ વાર સાંભળી લે, જો આપણી પ્રાર્થનાને તે એક વાર સ્વીકારી લે તો તે જરૂર આપણી સન્મુખ આવીને ઉભા રહે છે–આવે છે એટલુંજ નહિ પણ પોતાની સાથે હજારો પ્રકારની રક્ષણ કરનારી શક્તિઓને લઇને આવી પહોંચે છે. એમજ માની લો કે, જાણે આપણું રક્ષણ કરવાને વાસ્તે પોતાની અનંત મહાશક્તિશાળી સેના લઇનેજ આવી ઉભા છે. આપણા રક્ષણને માટે પરમાત્માની શક્તિનો જરા જેટલો અંશ પણ પૂરતો છે. એમની રક્ષણ કરવાની તાકાત કેટલી અનંત છે તેનું તો આપણને તે વખતેજ ભાન થાય છે, કે જ્યારે આપણા **'हव'** ને–પોકારને સાંભળીને, પોતાના **'वाज'** સહિત—પોતાના જ્ઞાનબળ સહિત આપણી કુમકે આવીને ઉભા રહે. ત્યારે તે આપણા સમાન પીડિતોનું રક્ષણ કરી જાય છે. આપણે જ્યારે અજ્ઞાનાંધકારમાં ઠોકરો ખાતા ફરતા હોઇએ ત્યારે પોતાના જ્ઞાન-પ્રકાશથી આપણો માર્ગ અજવાળી દે છે–બધુંય કરી દે છે. પણ ક્યારે? આપણી પ્રાર્થના તેને કાને અથડાય

ત્યારે. એ પરમાત્મદેવ તો વગર કાને બધું સાંભળી લે એવા છે. જો આપણી પ્રાર્થના આપણા સાચા કલ્યાણની પ્રાર્થના હોય અને જો તે ખરા હૃદયની હોય–સર્વાત્મભાવથી કરેલી હોય–તો એ પ્રાર્થનામાં એવી શક્તિ ઉત્પન્ન થઈ હોય છે કે તે સીધી તત્ક્ષણ પ્રભુના દરબારમાં જઇ પહોંચે છે. અહો ! આપણા જેવાની પ્રાર્થના અખિલ બ્રહ્માંડના અધીશ્વર પ્રભુના દરબારમાં જઇ પહોંચે એ કાંઇ થોડા સૌભાગ્યની વાત છે ? પણ તેને માટે આપણામાં એટલી સ્વાર્થશૂન્યતા હોવી જોઇએ, આત્મત્યાગ અને પવિત્રતાનો એટલા પ્રમાણમાં વિકાસ થયો હોવો જોઇએ કે આપણો અવાજ પ્રભુના હૃદયમાં જઇને અથડાય ! આપણી પ્રાર્થનામાં એટલું બળ આવી જાય, પછી ભલેને આપણે અંધકારમાં સબડતા હોઇએ, ભલે આપણે દુઃખી હોઇએ; પીડિત હોઇએ પણ શી ફિકર છે ? દુર્બળના ખરા અંતઃકરણનાં કરુણ ક્રન્દનમાં એટલું બળ આવી ગયું હોય કે તેનો પડઘો ઇન્દ્રદેવના કાન સુધી જઇ પહોંચે; પછી બાકીજ શું રહે ? પોકાર સાંભળતાની સાથેજ તે કરુણાસિન્ધુ આપણને ડૂબતાને ઉગારવાને આવી પહોંચ્યાજ જાણોને. એક વાર તેના કાન સુધી આપણી પ્રાર્થના જઇ પહોંચે એટલું બળ જો આપણા અવાજમાં આવી ગયું હોય તો પછી જોઇ લો કે શું થાય છે. તે મહાપ્રભુ પોતાના સાંગોપાંગ અસ્ત્રશસ્ત્ર સહિત, પોતાના જ્ઞાન, બળ અને તમામ પ્રકારનાં ઐશ્વર્યોના ભંડાર સહિત, પોતાની તમામ દિવ્ય વિભૂતિઓથી સજ્જ બનીને આપણને ડૂબતાંને તારવાને, મરતાંને જીવનદાન દેવાને, આપણા જેવા નિર્બળોમાં બળનો સંચાર કરવાને, આપણા જેવા આંધળાઓને પોતાના તેજથી અંજાવી નાખવાને માટે તેજ ઘડીએ આવીને ઉભાજ જાણો.

શબ્દાર્થ

(यदि) જો **(नः हवं)** આપણા પોકાર **(श्रवत्)** તે ઇન્દ્ર સાંભળી લે તો તે **(सहस्रिणीभिः ऊतिभिः)** પોતાની હજારો પ્રકારની બળશાલિની રક્ષાશક્તિઓના સૈન્ય સહિત અને **(वाजेभिः)** હજારો જ્ઞાનશક્તિઓ સહિત **(उप आगमत् घ)** જરૂર–જરૂર આવી પહોંચે છે.

१६ वैशाख

पवमानस्य ते वयं पवित्रं अभ्युन्दतः ।
सखित्वं आ वृणीमहे ॥ (ऋ. ९-६१-४ । साम. उ. २-१-५)

વિનય

હે ત્રિભુવનપાવન પ્રભુ ! તમે તમારા સ્પર્શથી સમસ્ત જગતને પવિત્રતાનું દાન દઇ રહ્યા છો. તમારા વિના આખો સંસાર મલિન થઇ જાય છે, એ વાત તદ્દન સાચી છે. આ સંસાર તો સ્વાભાવિક રીતેજ સદાય મલિન છે, વિકૃત છે અને હમેશાં ફક્ત ગંદકીઓનીજ ઉત્પત્તિ કર્યા કરે એવો છે. પણ તમારીજ નાના પ્રકારની પવિત્રતા અર્પનારી ધારાઓ અનેક રીતે સંસારનાં તમામ ક્ષેત્રોમાંથી અપવિત્રતાને, મલિનતાને નિરંતર દૂર કરતીજ રહે છે. હે **'પવમાન'** ! સમસ્ત જગતને પોતાના અનવરત પ્રવાહ વડે પવિત્ર કરનારા ! જે મનુષ્યો તમારા સ્વરૂપની આવી પવિત્રતાને ઓળખે છે, તેઓ તો પોતાની જાતને—પોતાનાં અંતઃકરણોને પણ—પવિત્ર કરવાના કામમાં મંડયા રહે છે. તેઓ પોતાનાં અંતઃકરણોમાંથી કામક્રોધાદિ વિકારોને દૂર કરીને ખૂબ કાળજીપૂર્વક નિર્મળ બનાવી દે છે. અંતઃકરણ જયારે તદ્દન પવિત્ર બની જાય છે, ત્યારે એવી રીતે પવિત્ર થએલા અંતઃકરણમાં તમારી સાત્વિક ધારાઓ જે આનંદરસનું સિંચન કરે છે, હૃદયને એવું સરસ બનાવી દે છે કે તેનું વર્ણન તો અમારી માનવ વાણીથી નથી થઇ શકતું. એ અવસ્થાનો અનુભવ તો પવિત્ર અંતઃકરણવાળા એકલા ભક્તજનોજ કરી શકે છે. પણ જેમનાં હૃદય દ્વેષ, ક્રોધ, જડતા વગેરે કચરાથી–મેલથી ભરપૂર થઇ ગએલાં હોય તેમનાં સૂકાં ભાઠા જેવાં હૃદય, અથવા જેમણે પ્રેમશક્તિનો દુરુપયોગ કરીને હૃદયમાં અમૃતને બદલે નર્યું

ઝેરજ ભરી દીધું હોય તેમનાં મલિન ગંધાતાં હૃદય, આવા પવિત્ર આનંદરસનો સ્વાદ કેમ કરીને ચાખી શકે ? જ્યારે મનોવિકારોનો લીલો સૂકો તમામ મેલ બહાર નીકળી જાય, ત્યાર પછીજ મનુષ્યના હૃદયમાં તમારા પવિત્ર રસની ઝરણી વહેતી થાય છે; અને પછી તેમાં રોજ રોજ વધારે ને વધારે સાત્વિક રસ ભરાતો જાય છે. ભક્તિભાવની ભરતી ચઢવાથી જ્યારે ભક્તજનોનાં હૃદય–માનસ આનંદના તરંગોમાં હિલોળા લેવા માંડે છે, ત્યારે તો તે એક દર્શન કરવા યોગ્ય પવિત્ર દૃશ્ય થાય છે. હે સોમદેવ ! એવી સ્થિતિ થતાં તો ભકતોનાં પવિત્ર હૃદયનો તમે **'पवमान'**ની સાથે યોગ થઇજ ગયો હોય છે. આ સંબંધ, આ સખિત્વ, આ ઐક્યને લીધે ભકતોનાં પવિત્ર હૃદય તમારા ભક્તિરસને ટપકાવનારાં ઝરણાં સમાન બની જાય છે. હે પ્રભો ! અમને એવા સંબંધનું, એવા તમારા સખિત્વનું દાન કરો. હે સોમ ! અમે તમારી આગળ આ સખિત્વની ભિક્ષા માગીએ છીએ. હે જગતને પવિત્ર કરનારા ! જે સખ્યની પ્રાપ્તિ થવાથી તમારી પવિત્રકારક ધારા મનુષ્યનાં હૃદયને સદા ભક્તિરસથી રસમય બનાવી દે છે, તે સખિત્વની અમને ભિક્ષા આપો. અમારાં હૃદયને પવિત્ર બનાવવાની ચેષ્ટા કરતા રહીને અમે તમારી આગળ એટલું એકજ વરદાન માગીએ છીએ કે, અમને તમારૂં સખિત્વ તમારો મૈત્રીભાવ તમારો પ્રેમ–સંબંધ અર્પણ કરો, અમને એટલુંજ વરદાન આપો.

શબ્દાર્થ

(पवित्रं अभि उन्दत:) અમારાં પવિત્ર થએલાં અંતઃકરણોને ભક્તિરસથી આર્દ્ર કરનારા **(पवमानस्य ते)** તમે પરમ પાવનના **(सखित्वं)** સખ્યને, મિત્રભાવને **(वयं)** અમે **(आवृणीमहे)** માગીએ છીએ.

१७ वैशाख

अभ्रातृव्यो अना त्वं अनापिः इन्द्र जनुषा सनादसि ।
युधेदापित्वमिच्छसे ॥ (ऋ. ૮-૨૧-૧૩ । अ. ૨૦-૧૧૪-૧)

વિનય

હે પરમેશ્વર! તમારે નથી કોઇ શત્રુ અને નથી કોઇ બંધુ. તમે જે ઉચ્ચ સ્વરૂપમાં વિરાજી રહો છો તેમાં શત્રુતા અથવા બંધુતાનો કશો અર્થજ હોતો નથી. પછી તમારે માટે વળી કોઇ નાયક કે નિયામક તો હોયજ શી રીતે? અખિલ વિશ્વના તમેજ એકલા નિયંતા છો, નેતા છો. તમે જન્મથીજ, સ્વભાવથીજ એવા છો. '**जनुषा**' શબ્દનો એવો અર્થ તો નજ કરી શકાય કે તમારો કોઈ વાર જન્મ થયો હોવો જોઇએ. તમારે જન્મ કેવો? તમે તો સનાતન છો. તમે તમારા સનાતનરૂપેજ શત્રુરહિત અને બંધુરહિત છો. પણ તમે સનાતન રહીને પણ તમારા '**आपित्व**'ને-બંધુત્વને ચાહો છો. અને વળી આ બંધુત્વને તમે યુદ્ધ દ્વારા ચાહો છો-યુદ્ધ દ્વારાજ ચાહો છો! વાહ! કેવી સુંદર તમારી યોજના છે! કેવું સુંદર તમારૂં રચનાચાતુર્ય છે! તમે ઇચ્છો છો કે, સંસારનાં તમામ પ્રાણીઓ પરસ્પર સાંસારિક યુદ્ધ કરતાં રહીનેજ આખરે એક દિવસ તમારાં બંધુ બની જાય અથવા તમારા બંધુત્વનો સાક્ષાત્કાર કરતાં થઈ જાય. વાત પણ ખરી છે કે, વગર લડાઇએ થયેલી સુલેહ, સંઘર્ષ વિના એમ ને એમ થઇ ગયેલી પ્રીતિ, વગર સંગ્રામે જોડાયેલી મૈત્રી નીરસ, ફીકી અને અવાસ્તવિક હોય છે, તેનું કશું મૂલ્ય નથી હોતું. બંધુતા, મૈત્રી, એ બધી સાપેક્ષ ભાવનાઓ છે. લડાઇની સાપેક્ષતામાંજ તેમનો અનુભવ થઈ શકે છે. એટલા માટે હે જગદીશ્વર! હવે મને સમજાય છે કે, તમે પરમ કલ્યાણસ્વરૂપ હોવા છતાં તમે તમારા રચેલા સંસારમાં દુઃખ, દર્દ, પીડા, વ્યાધિ, કલેશ, વિપત્તિ, ગૂંચવણો, એ બધાંને

શા માટે ઉત્પન્ન થવા દો છો. તમે આવી આવી અનેક મુશ્કેલીઓ ઉભી કરીને પ્રાણીમાત્રના જીવનને નિરંતર યુદ્ધમય, સંઘર્ષમય બનાવી રાખવામાં તમારો શો હેતુ છે, તે હવે મને સમજાય છે. ખરેખર, આ બધી નાના પ્રકારની મુશીબતોને જીતીને, ગૂંચવણોને ઉકેલીને, મુશ્કેલીઓને ઓળંગીને તમારા બંધુત્વનો રસાસ્વાદ લેવાને માટે અમે યોગ્ય બનીએ તેટલા માટે તમે જાણી જોઇને તેમની સર્વની રચના કરી છે. તું તો અત્યારે પણ અમારો સૌનો બંધુજ છે, અમારામાંથી જેઓ તારા દ્રોહી કહેવાય છે—જેઓ નાસ્તિક છે—તેમનો પણ તું અત્યારે પણ એક સમાન બંધુ છે, (ખરી વાત જોવા જઇએ તો તો તું કોઇનો બંધુય નથી અને શત્રુ પણ નથી) તો પણ તારી આવી બંધુતાનો અનુભવ–તને અમારા બંધુ તરીકે પ્રાપ્ત કરવાનો પરમાનંદ–અમને ત્યારેજ મળી શકે છે, કે જ્યારે આ સંસારના મહાઘોર યુદ્ધમાં વિજયી બનીને તારી પાસે ચાલ્યા આવીએ. તું તો મનમાં એવુંજ ઇચ્છતો હોય છે કે, જેઓ આજે તારાથી ઘણે છેટે છે, જેઓ આજે તારો હડહડતો દ્વેષ કરે છે તેઓ યુદ્ધ કરીને આખરે એક દિવસ તેટલાજ તારી પાસે આવી જાય અને તેટલાજ તારા જીવજાન બંધુ બની જાય. માટેજ હું પણ તારા બંધુત્વનો ઉમેદવાર બનીને આ યુદ્ધમાં કેડ બાંધીને ઉભો રહ્યો છું. જેટલી વાર મરીશ તેટલી વાર આજ રણમેદાનમાં લડતો લડતોજ મરીશ અને આખરે તારા બંધુત્વને પ્રાપ્ત કરીશ ત્યારેજ ઠરીને બેસીશ. તારી પણ આવીજ ઇચ્છા છે, એવીજ તું મારા પ્રત્યે પ્રેમમય ઇચ્છા રાખે છે.

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર! **(त्वं)** તમે **(जनुषा)** જન્મથીજ, સ્વભાવથીજ **(अभ्रातृव्य:)** શત્રુરહિત **(अनापिः)** બંધુરહિત **(अना)** નિયંતારહિત **(असि)** છો, **(सनात्)** તમે સનાતન છો, સનાતન કાળથીજ એવા છો; પણ તમે **(युधा)** યુદ્ધ દ્વારા **(इत्)** જ **(आपित्वं)** બંધુત્વને **(इच्छसे)** ઇચ્છો છો.

१८ वैशाख

ये ते पवित्रमूर्मयो अभिक्षरन्ति धारया ।
तेभिर्नः सोम मृडय ॥ (ऋ. ९-६१-५ । सा. उ. २-१-५)

વિનય

માનસ સરોવરમાં હમેશાં કાંઇ ને કાંઇ તરંગો તો ઉત્પન્ન થયાજ કરે છે. માણસની આસપાસ બનતા બનાવો તેના માનસ સરોવરને અનેક રીતે ક્ષુબ્ધ-વિક્ષુબ્ધ કર્યાજ કરે છે. પરંતુ હે સોમ ! હું મારા માનસને પવિત્ર કરવા લાગ્યો છું. હું તેને એટલા માટે પવિત્ર કરૂં છું કે તારા વિશ્વવ્યાપક પ્રવાહોના ધક્કાથીજ મારા માનસમાં તરંગો ઉત્પન્ન થાય અને બીજા નકામા ક્ષુદ્ર તરંગો તેમાં ઉત્પન્ન થાયજ નહિ. હે સોમ ! તમે તમારી શીતળ સુખદાયક અને જ્ઞાનામૃતવર્ષિણી ધારાઓ વડે આખા જગતને ચારે દિશાએ સ્નાન કરાવી રહ્યા છો. એના આધારે આ જગત સ્થિર રહ્યું છે, જીવિત રહ્યું છે; નહિ તો જગતનો તમામ જીવન-રસ કોણ જાણે કયારનોય સૂકાઇ ગયો હોત ! હું એ પણ જાણું છું કે, તમારી આ જીવનરસને આપનારી ધારાઓનું મનુષ્યોનાં પવિત્ર અંતઃકરણો તરફ એક જાતનું સ્વાભાવિક આકર્ષણ છે. જેવી રીતે ચંદ્રના (સ્થૂળ સોમના) આકર્ષણથી સમુદ્રના જળમાં ભરતી આવે છે, તેવી રીતે હે સાચા સોમ ! મનુષ્યોનાં નિર્મળ માનસ સરોવરમાં પણ તારી સોમધારાના પ્રબળ આકર્ષણને લીધે મોટા મોટા તરંગો ઉત્પન્ન થતાજ રહે છે. એક એકથી ઉંચા પ્રકારના સનાતન ભાવાવેશ (ઇમોશન્સ) ઉત્પન્ન થયા કરે છે. વિશ્વપ્રેમ, વીરતા, અદમ્ય ઉત્સાહ, સર્વાર્પણ કરવાની તત્પરતા, દીન-દુઃખીઆં પ્રત્યે દયા, એવા એવા કેટલાય સનાતન અને વ્યાપક ભાવાવેશ છે કે જેઓ તારી જગતને

ધારણ કરનારી મહાન ધારાને અનુકૂળ છે-પવિત્ર થયેલાં અંતઃકરણોમાં તારી મહાશક્તિમતી ધારાના પ્રભાવથી તારી ઊર્મિઓ, તારા તરંગો ચાલ્યાં આવે છે. હે સોમ! હવે તો જ્યારે મારા મનમાં તારા સત્યમય વ્યાપક તરંગો ઉત્પન્ન થાય, ત્યારેજ મને સુખ થાય છે. રાગ-દ્વેષરૂપી પવનના ધક્કાથી ઉત્પન્ન થતા ક્ષુદ્ર ભાવાવેશ (ઇમોશન્સ)નાં મોજાં વડે, મનને વિક્ષુબ્ધ કરે એવા એકપક્ષીય જ્ઞાનનાં નાનાં નાનાં ક્ષુદ્ર મોજાં, જેમકે-અનુરાગ, મોહ, શંકા, ભય, ઉત્કંઠા, કામના ઇત્યાદિ મનોવિકારના તરંગો વડે હવે મને સુખ મળવાને બદલે ઉલટો ક્લેશજ થાય છે. એટલા માટે હે સોમ! મારા માનસમાં તો તમે એવા તરંગો ઉત્પન્ન કરીને મને સુખ આપો કે જેવા તરંગો પવિત્ર હૃદયોમાં તમારી ધારાના પ્રભાવથી ઉત્પન્ન થયા કરે છે. હું એટલું માગું છું કે, મારા માનસમાં એવાજ ઉચ્ચ ભાવાવેશ, એવાજ વ્યાપક સનાતન મહાન ભાવાવેશ ઉત્પન્ન થયા કરે, વારંવાર ખૂબ વેગથી, અત્યંત બળપૂર્વક ઉછળે, ઉંચા ને ઉંચા ઉછળે અને પછી એ આનંદદાયક ભાવાવેશની સાથે હું પણ ઉંચો થતો થતો તેમાં રસબોળ બનતો બનતો તારી ઉંચાઇને સ્પર્શ કરવાનો અનુભવ પ્રાપ્ત કરૂં.

શબ્દાર્થ

(ते ये ऊर्मयः) તારા જે તરંગો **(धारया)** જગતને ધારણ કરનારી તારી જગદ્વ્યાપક જ્ઞાનધારા દ્વારા **(पवित्रं अभिक्षरन्ति)** મનુષ્યનાં પવિત્ર થયેલાં અંતઃકરણમાં પ્રકટ થાય છે, **(सोम)** હે સોમ, **(तेभिः)** તે તરંગો વડે **(नः मृडय)** અમને આનંદિત કરો.

१९ वैशाख

यद् वीडाविन्द्र यत् स्थिरे यत्पर्शाने पराभृतम् ।
वसु स्पार्हं तदाभर ॥

(ऋ. ८-४५-४१ । सा० उ० ४-१-९ । अ० २०-४३-२)

વિનય

હે પરમ ઐશ્વર્યવાન્ ઈંદ્ર! આ સંસારમાં તમારૂં નાના પ્રકારનું ઐશ્વર્ય ભર્યું પડયું છે, પણ તમારાં એવાં અનેક પ્રકારનાં ઐશ્વર્યોમાંથી મને તો માત્ર એકજ જાતના ઐશ્વર્યની સ્પૃહા છે; અથવા એકજ જાતનું ઐશ્વર્ય જે હું તમારી પાસે માગું છું તે તો માત્ર વીર, દૃઢ (वीडु) પુરુષોમાંજ નજરે પડે છે, અથવા તો માત્ર સ્થિર બુદ્ધિવાળા વિચારવાન પુરુષોના ચરિત્રમાંજ અમે જોઇએ છીએ. સામાન્ય લોકો ઐશ્વર્યનો અર્થ દોલત, સાહેબી, સત્તા ઇત્યાદિ સમજતા હોય છે, પરંતુ એ કાંઇ સાચું ઐશ્વર્ય નથી. દોલત અથવા લોકો જેને સંપત્તિ માને છે તેમાંનો કોઈ પણ પદાર્થ ઐશ્વર્યરૂપ નીવડે અથવા ન નીવડે તેનો આધાર તો મનુષ્યના પોતાના ઉપરજ છે. મતલબ કે, મનુષ્યની શક્તિ ઉપર તેનો આધાર છે. માટે સાચું ઐશ્વર્ય કોઇ સ્થૂળ દોલત નહિ, પણ મનુષ્ય અને તેની શક્તિઓજ છે. 'अभय,' 'सत्वसंशुद्धि' ઇત્યાદિ સદ્‌ગુણોને ગીતામાં દિવ્ય સંપત્તિનું નામ આપ્યું છે તે યથાર્થજ છે; કારણ કે સાચી સંપત્તિ એ સદ્‌ગુણોમાંજ રહેલી છે. શમ, દમ, તિતિક્ષા વગેરે છ ગુણ 'ષટ્‌સંપત્તિ' કહેવાય છે તે આટલા માટેજ. હે ઈંદ્ર! મારે તો આ સાચી સંપત્તિજ જોઇએ છે. સંસારમાં સોના-રૂપાના ઢગલાથી ધનવાન-ઐશ્વર્યવાન ગણાતા લોકોને જોઇને મને તેમની

સ્થિતિ પ્રાપ્ત કરવાનો મનમાં જરા પણ મોહ થતો નથી; તેના તરફ મારૂં ચિત્ત જરાય આકર્ષાતું નથી; પણ હું જે સંપત્તિ ઉપર મોહિત થયો છું તે તો વીર પુરુષોની વીરતા છે, નિષ્કામ કર્મયોગીઓનો અદમ્ય ઉત્સાહ છે, તપસ્વીઓનું તેજ છે અને સંયમીઓની દૃઢતા છે. જેઓ દીર્ઘ કાળપર્યંત દૃઢ શ્રદ્ધાપૂર્વક સ્થિરતા સહિત સાધના કરતા રહીને અંતે અવશ્ય વિજય પ્રાપ્ત કરે છે, તેમની સ્થિરતા ઉપર મોહિત થઇને હું તેમનો ભક્ત બની ગયો છું. વળી હમેશાં વિચારપૂર્વકજ કાર્ય કરનારા પુરુષોને જ્યારે હું જોઉં છું, જેઓ ગમે તેવી મનને ગૂંચવી નાખે એવી વિષમ સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે પણ જરાય ક્ષોભ ન પામતાં પોતાના કર્તવ્યનો તત્કાળ ખરો નિર્ણય કરી દે છે; ત્યારે તેમની પ્રત્યુત્પન્નમતિ ઉપર હું આશક થઇ જાઉં છું અને મને પણ એવી વિચારશીલતા, એવી પ્રત્યુત્પન્ન મતિ પ્રાપ્ત થાય તો કેવું સારૂં, એવું મનમાં થાય છે. ઉપરોક્ત ત્રણ સદ્‌ગુણ જેમની પાસે નથી હોતા તેમના હાથમાં સોના-રૂપાની સ્થૂળ સંપત્તિ કાં તો આવતીજ નથી, આવે છે તો ઝાઝો વખત ટકતી નથી અને કદાચ ટકે તો પણ શુભ શક્તિરૂપ ન બનતાં અશુભ શક્તિરૂપ બનીને તેમનાજ વિનાશનું કારણ નીવડે છે. આપણે સંસારમાં વારંવાર એવાં ઉદાહરણ જોઇએ છીએ કે મનની નિર્બળતા અથવા બુદ્ધિની અસ્થિરતાને લીધે અથવા વિચારશક્તિની ખામીને લીધે કેટલાય લોકો આખી જિંદગીની પેદા કરેલી ભારે દોલતનો એકજ દિવસમાં ધુમાડો કરી નાખે છે અથવા તો એ દોલત તેમના હાથમાં રહેવા છતાં તદ્દન ઉપયોગ વગરની સાબિત થાય છે. એટલા માટે હે પ્રભો! મારી પાસે ભલે તસુ જમીન પણ ન હોય, રહેવાને ઘર પણ ન હોય, કશું રાચરચીલું કે સરસામાન ભલે ન હોય, પહેરવાનાં કપડાં પણ ન હોય અને રોકડમાં એક દમડી પણ ન હોય તો તેની મને પરવા નથી; પરંતુ જો મારામાં સાચી વીરતા હોય, અજેય દૃઢતા હોય,

વિચારશીલતા હોય અને દીર્ઘ કાળ સુધી લાગલાગટ કામ કરતા રહેવાની શક્તિ અને લગની હોય તો હું મને પોતાને ખૂબ ધનવાન અને સંપત્તિવાન માનીશ અને ભારે ગર્વ સહિત આખા સંસારની સામે છાતી કાઢીને, ઉંચું મોઢું રાખીને ઉભો રહીશ. એટલા માટે હે મારા નાથ! મને તો તમે દૃઢતા, સ્થિરતા અને વિચારશીલતા, એટલાં ત્રણ વાનાંજ આપજો. એ ત્રણ સિવાય તમારી પાસે હું બીજું કાંઈજ માગતો નથી. તમારી પાસેથી જે ઐશ્વર્ય પામવાની હું ઇચ્છા રાખું છું તે આ ત્રણ સદ્ગુણોજ.

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર! **(यत्)** જે ધન તેં **(वीडौ)** દૃઢ અને વીર પુરુષોમાં, **(यत् स्थिरे)** જે ધન તેં સ્થિર બુદ્ધિવાળા પુરુષોમાં, **(यत् पर्शाने)** જે ધન તેં વિચારશીલ પુરુષોમાં **(पराभृतं)** રાખ્યું છે **(तत्)** તે **(स्पार्हं)** સ્પૃહણીય છે, ઇચ્છવા જેવું છે તે **(वसु)** ધન **(आभर)** તું મને પ્રાપ્ત કરાવ.

૨૦ वैराग्य

यदग्ने स्यामहं त्वं, त्वं वा घा स्या अहम् ।
स्युष्टे सत्या इहाशिषः ॥ (ऋ. ૮-૪૪-૨૩)

વિનય

હે નારાયણ ! તમારી મંગલ કામના પ્રાણીમાત્રના હિતને માટે અનવરત રીતે થતીજ હોય છે. તમારા આશીર્વાદ પ્રત્યેક જીવને માટે—તમારા પ્રત્યેક પુત્રને માટે એકસમાન વરસ્યાજ કરે છે. તે છતાં પણ તમારા આશીર્વાદની ધારા અમારા ઉપર નથી પડતી, અથવા અમારા ઉપર તેની અસર થતી નથી તેનું એકજ કારણ છે કે, અમે અમારી જાતેજ તેનાથી આઘે ને આઘે રહીએ છીએ. સ્વાર્થ, અહંકાર અને અસ્મિતા (હુંપણું)ના ત્રેવડા પડની નીચે અમે અમારી જાતને ચારે તરફથી એવી લપેટી લીધી છે કે અમે ખરી રીતે તમારાથી અત્યંત નજીક છીએ તે છતાં તમારાથી અમે એટલા દૂર નીકળી ગયા છીએ કે તમારા આશીર્વાદની ધારાની અમારા ઉપર કશી અસરજ થતી નથી. હે મારા પ્રિય ! હે પ્રકાશમય દેવ ! અમને તમારાથી દૂર રાખનારૂં, જુદા કરી રાખનારૂં આવરણ હવે મારાથી સહન થતું નથી. હવે કાં તો એ પડદો ફાટી જાય અથવા ખસી જાય, ગમે તે થાય, પણ હું તું બની જાઉં અથવા તું હું બની જાય, આપણી વચ્ચે પૂરેપુરૂં એકત્વ સ્થાપિત થઈ જાય ત્યારે તો અત્યાર સુધી તમે મારા ઉપર વરસાવેલા તમામ આશીર્વાદ એક ક્ષણમાં સફળ થઇ જાય અને મેં અત્યાર સુધીમાં કરેલી તમારી તમામ પ્રાર્થનાઓ તેજ ઘડીએ પૂર્ણ થઇ ગઇ હું માનું. હે મારા પ્રભુ ! એવો દિવસ હું કયારે જોઇશ, કે જયારે હું તારા ધ્યાનમાં મગ્ન બનીને મારી જાતનેજ તારામાં ઓગાળી દઉં અને તારા તરફથી તું પણ મને પોતાનો પ્રિય પુત્ર ગણીને દૃઢ આલિંગન દઇને તારા ખોળામાં બેસાડી દે ! એવું થશે ત્યારેજ મારા આત્માને પોતાના પરમ આત્માની પ્રાપ્તિ થઇ જશે; અથવા બીજા શબ્દોમાં

કહીએ તો તમે પરમાત્મા પોતાના ચિરકાળથી વિખૂટા પડી ગયેલા એક અંગને ફરીથી પોતાનામાં ધારણ કરી લેશો; અથવા મારા આત્મારૂપી અગ્નિની કણિકા તમારી બૃહત્ અગ્નિજ્વાલામાં સમાઇ જઇને પોતાના પૃથક્ "હું" નો નાશ કરી દેશે; અથવા તો તમે મારો સ્વીકાર કરી લો એટલે તમારૂં "તમારાપણું" ટળી જશે. આમાંનું ગમે તે એક પરિણામ આવી જાય એટલે પછી મારે કાંઇ માગવાનુંજ અવશિષ્ટ નહિ રહે; કેમકે તે વખતે મારે કશો સ્વાર્થ નહિ રહ્યો હોય, કોઇ કામ પણ બાકી નહિ રહી ગયું હોય અને તેથી કરીને તમારો કોઇ પણ આશીર્વાદ મેળવવાનું પણ મારે સારૂ અવશિષ્ટ રહ્યુંજ નહિ હોય. આપણા મંગળ મિલનની અંદરજ તમારા તમામ આશીર્વાદ મૂર્તિમંત, સત્ય અને સફળ બની ગયા હશે. મારી આખી જિંદગીમાં મેં તમારી જે જે ભક્તિમય પ્રાર્થનાઓ કરી હશે અને તેના બદલામાં તમારા તરફથી મને જે જે નાના પ્રકારના આશીર્વાદો મળ્યા હશે તે સર્વ આશીર્વાદ આ આખરના મંગલમય દિવસ માટેજ હતા. મારી તમામ પ્રાર્થનાઓનો અને તમારા તમામ આશીર્વાદોનો સાર એટલોજ છે કે, આખરે આપણું આવું શુભ મિલન થઇ જાય. તમારા તમામ આશીર્વાદની અને મારા શુભને માટે તમારી તમામ મંગલ કામનાઓની પરિપૂર્તિ આવી આત્મપ્રાપ્તિમાંજ થઈ જાય છે; કારણ કે એમાંજ મારૂં સર્વશ્રેષ્ઠ કલ્યાણ છે, એમાં તમામ પ્રકારનાં કલ્યાણોનો સાર છે, એમાં તમામ કલ્યાણોનો સમાવેશ થઇ જાય છે. હે પ્રભુ! એ મંગલ દિવસ ક્યારે ઉગે? ઓહો! એ શુભ દિનની એ મહાન દિનની ઝાંખી ક્યારે થાય?

શબ્દાર્થ

(अग्ने) હે પ્રકાશસ્વરૂપ! **(यत् अहं त्वं स्याम्)** જ્યારે હું તું થઇ જાઉં **(वा घ)** અથવા **(त्वं अहं स्याः)** તું મારારૂપ બની જાય તો **(ते इह आशिषः)** તારા આ સંસારના પેલા તમામ આશીર્વાદ **(सत्याः स्युः)** સત્ય, સફળ થઇ જાય.

૨૧ વૈશાખ

अभि प्र गोपतिं गिरा, इन्द्रमर्च यथाविदे ।
सूनुं सत्यस्य सत्पतिम् ॥
(ऋ. ८-६९-४ । साम. पू. २-२-८-४ । अ. २०-९२-१)

વિનય

હે મનુષ્ય ! જો તારે યથાર્થ સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવુંજ હોય તો તું ઇન્દ્રનું શરણ લે. તારી ઇન્દ્રિયો–જેને લોકો પ્રત્યક્ષ જ્ઞાનનું સાધન માને છે—તેમના વડે તને ઘણું તો પરિમિત જ્ઞાનજ પ્રાપ્ત થશે અને તે પણ ઘણી વાર તો સત્ય જ્ઞાન નહિ, પણ તેને ભ્રમમાં નાખે એવું જ્ઞાનજ પ્રાપ્ત થશે. તારૂં મન પણ જ્ઞાનપ્રાપ્તિ કરવામાં તને બહુ દૂર સુધી નહિ લઇ જાય અને વળી તારૂં રાગ–દ્વેષથી ભરેલું મલિન મન પોતાની તર્ક કરવાની શક્તિ વડે ફક્ત કુતર્કજ કરવા મંડી જશે. જે જ્ઞાન બહારથી પ્રાપ્ત થાય છે–અર્થાત્ વિદ્વાનોના ઉપદેશમાંથી અથવા તત્ત્વજ્ઞાનીઓએ લખેલા ગ્રંથોના વાચનથી પ્રાપ્ત થાય છે, તે જ્ઞાન, પણ નકામું છે. કારણ કે ઉપદેશ દેનારાઓ અને ગ્રંથો લખનારાઓ પોતપોતાની દૃષ્ટિ અનુસાર બોલે છે અથવા લખે છે; તેથી તેમના આપેલા જ્ઞાનથી તને શાન્તિ નહિજ થાય, પણ એ જ્ઞાન તને ઉલટું વધારે ગૂંચવણમાં નાખી દે એવોજ મોટે ભાગે સંભવ છે. જેનાથી તને શાંતિ મળે એવું સાચું યથાર્થ જ્ઞાન તો તારી પોતાની અંદરથી, તારા આત્માની પાસેથીજ તારી પોતાની મેળેજ પ્રાપ્ત કરી લેવાનું છે. માટે બહારથી જ્ઞાન મેળવવાનાં ફાંફાં ન મારતાં તું તારા આત્મામાંજ ડૂબકી મારીને ત્યાંજ જ્ઞાનને માટે જે શોધખોળ કરવી ઘટે તે કર. તારો આત્મા જે મન, ઇન્દ્રિયો વગેરેનો સ્વામી છે, જે મન, બુદ્ધિ ઇન્દ્રિયો વગેરેને પોતાની શક્તિ અર્પણ કરીને તેમને પોતાના સાધન તરીકે વાપરે છે, જે પોતેજ સત્ય જ્ઞાનસ્વરૂપ છે, જે પરમ સત્યસ્વરૂપ પરમાત્માનો પુત્ર છે અને એટલા વાસ્તે જે સ્વભાવે કરીનેજ સર્વદા સત્યનો પાલક છે, એવા તારા આત્માની અંદરજ તું શોધવા મંડી જા. હે મનુષ્ય ! તું એ સત્યનારાયણની પૂજા કર, તેનીજ તું આરાધના કર, તેને પ્રસન્ન કરવાને તું તારાથી

થાય તેટલો પ્રયત્ન કર. આ રીતે તેની ઉપાસના કરીશ તો તને સત્ય પ્રાપ્ત થશે. તારી પાસે જે વાણીરૂપી શક્તિ છે તેના વડે તું તેની અપરોક્ષ રીતે પૂજા કર. તે સત્યમય દેવની આરાધના કરવા માટે તારે સત્યમય વાણીની સાધના કરવી પડશે. બોલવામાં, વ્યવહારમાં, જીવનની પ્રત્યેક અભિવ્યક્તિમાં (એક્સપ્રેશનમાં) સત્યનું સંપૂર્ણ પાલન કરવું પડશે. તારી અંદરની મનોમય વાણી વડે પણ તારે સત્યનુંજ સર્વથા ચિંતન કરવુંજ રહ્યું. મનની આવી વિકટ તપશ્ચર્યા તારે સાધવીજ પડશે. જેમ જેમ તું તારામાં ઉંડો ઉતરતો જઇશ, તેમ તેમ તને ખબર પડતી જશે કે, પરિપૂર્ણ વાણી વડે સત્યની આરાધના કરવાનું કામ અત્યંત કઠિન છે. પણ તેની સાથે તારે એટલું હમેશાં ગોખી રાખવું કે, જ્યારે તારી આ સાધના પરિપક્વ થઇ હશે, ત્યારે તારો **'सत्य सूनु' 'सत्पति'** આત્મા પ્રકટ થઇ ગયો હશે. તારો પોતાનો અમૂલ્ય ભંડાર, તમામ પ્રકારનાં સત્યજ્ઞાનનો રત્નભંડાર તારે સારૂ ખુલ્લો થઈ ગએલો હશે. પછી તારે સારૂ કોઇ ગૂંચવણ નહિ રહે, કોઇ અણઉકલ્યો પ્રશ્ન નહિ રહે. તારૂં નિર્મળ મન જે કોઇ તર્ક કરશે તે તર્ક સાચોજ હશે. તારી ઇન્દ્રિયો પણ વધારે ચોખ્ખું જ્ઞાન ગ્રહણ કરતી થઇ ગઇ હશે. પણ તને સૌથી વિશેષ મહત્ત્વનો લાભ તો એ થયો હશે કે, તને સત્યમયી **'ऋतंभरा'** બુદ્ધિની પ્રાપ્તિ થઇ ગઈ હશે; તેના વડે તારે જે કોઇ વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હશે તે આખો વિષય તારી આગળ દીવાની જ્યોત જેવો સ્પષ્ટ બનીને ઉભો રહેશે. સત્યનું પાલન કરનાર સત્પતિ આત્મા પોતેજ તારે સારૂ હમેશાં સત્યની રક્ષા કરતોજ રહેશે. વાણી દ્વારા સત્યની સાધના કરવાનું સ્વાભાવિક રીતેજ આવું પરિણામ આવે છે. હે મનુષ્ય ! તું આવા સત્ય ઇન્દ્રની આરાધના કર, અપરોક્ષ રીતે સંપૂર્ણ આરાધના કર.

શબ્દાર્થ

હે મનુષ્ય ! (**यथाविदे**) યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તું (**गोपतिं**) ઇન્દ્રિયોના સ્વામી (**इन्द्रं**) આત્માનું (**गिरा**) વાણી વડે (**अभिप्र अर्च**) સંપૂર્ણ અને અપરોક્ષ રીતે પૂજન કર, જે આત્મા (**सत्यस्य सूनुं**) સત્યનો પુત્ર છે અને (**सत्पतिं**) હમેશાં સત્‌નો પાલક છે.

२२ वैशाख

अग्निमिन्धानो मनसा धियं सचेत मर्त्यः ।
अग्निमीधे विवस्वभिः ॥
(ऋ. ८-१०२-२२ । सा. पू. १-१-२-९)

વિનય

હું દરરોજ અગ્નિ પ્રદીપ્ત કરીને અગ્નિહોત્ર તો કરૂં છું, પણ તેથી શું વળ્યું ? જો મારા બહારના અગ્નિ-પ્રદીપન વડે મારી અંદરની આત્મજ્યોત જાગે નહિ તો એવો અગ્નિહોત્ર કર્યો તે ન કર્યા જેવોજ છે. મારા નિત્યના અગ્નિહોત્ર વડે મારા જીવનમાં કશો સુધારો ન થયો હોય, મારી સદ્બુદ્ધિ જાગૃત ન થઇ હોય અને હું સત્કર્મો કરવા તરફ પ્રેરાતો ન હોઉં તો મારી તમામ અગ્નિચર્ચા તદ્દન વ્યર્થ છે. બાહ્ય યજ્ઞનો ખરો હેતુ અંદરના યજ્ઞની પુષ્ટિને માટેજ છે. બાહ્ય અગ્નિ સળગાવવાનો એટલોજ ઉદ્દેશ છે કે, તેના વડે એક દિવસ અંદરનો આત્માગ્નિ પ્રદીપ્ત થઇ જાય. એટલા માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે, બહારના દ્રવ્યમય યજ્ઞના કરતાં અંદરનો માનસિક યજ્ઞ હજારગણો શ્રેષ્ઠ છે. એટલા માટે મનુષ્યનું કર્તવ્ય છે કે, તેણે પોતાના મન વડે અંદરના અગ્નિને પ્રજ્વલિત કરવો, આત્માગ્નિને પ્રદીપ્ત કરવો અને એવા યજ્ઞ દ્વારા 'ધી'ને, સદ્બુદ્ધિને પ્રાપ્ત કરીને સત્કર્મમાં પ્રેરાઇને આત્મકલ્યાણ સિદ્ધ કરવું. જે મનુષ્ય મનન કરે છે-અર્થાત્ આત્મનિરીક્ષણ, આત્મચિંતન, સદ્વિચાર અને સદ્ભાવના કરે છે, જપ કરે છે, ધ્યાન-ધારણા અને સમાધિ કરે છે, તે ઉપર કહેલી તમામ માનસિક પ્રક્રિયાઓ દ્વારા આત્મજ્યોતિને પ્રદીપ્ત કરે છે, સદ્બુદ્ધિ અને જ્ઞાનપ્રકાશની પ્રાપ્તિ કરે છે અને હમેશાં યોગ્ય કર્મમાંજ પ્રવૃત્ત કરાવે એવી નિર્મળ વિવેકબુદ્ધિ પણ તે પ્રાપ્ત કરી

લે છે. ત્યારે આજથી હું પણ એવા અગ્નિને પ્રદીપ્ત કરૂં. વિવસ્વતો દ્વારા—તમોવિનાશક જ્ઞાનરાશિ દ્વારા—ઉપર કહ્યો તેવા આત્માગ્નિને પ્રદીપ્ત કરવાનો આરંભ કરૂં. જેવી રીતે સૂર્યનાં કિરણ દ્વારા જગતના તમામ પ્રકારના તેજસમૂહ પ્રદીપ્ત અને પ્રકાશમાન થાય છે, તે પ્રમાણે જ્ઞાન-સૂર્ય, સવિતા, પરમ આત્માનાં કિરણ દ્વારા હું મારા આત્માગ્નિને પ્રદીપ્ત કરીશ. સત્ય જ્ઞાનનું દાન કરનારા વેદાદિ ગ્રંથો, સત્યનો ઉપદેશ દેનારા તમામ સદ્ગુરુઓ, આચાર્યો, મારા પોતાના મનની તમામ સાત્ત્વિક વૃત્તિઓ, એ બધાંજ પેલા જ્ઞાનસૂર્યનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં પથરાએલાં કિરણ છે, વિવસ્વત્ છે. હું તેમના વડે આજથી મારા આત્માગ્નિને દરરોજ પ્રદીપ્ત કરતો રહીશ. એજ મારા ઉદ્ધારનો સીધો, ચોખ્ખો અને વિશાળ રાજમાર્ગ છે.

શબ્દાર્થ

(मनसा) મન દ્વારા **(अग्नि)** અગ્નિને, આત્માને, **(इन्धानः)** પ્રજ્વલિત કરતો **(मर्त्यः)** મનુષ્ય **(धियं)** સદ્બુદ્ધિને અને સત્કર્મને **(सचेत)** પ્રાપ્ત કરે. હું **(विवस्वभिः)** અંધકારનો નાશ કરનારાં જ્ઞાનકિરણો દ્વારા **(अग्निं)** આ અગ્નિને **(ईधे)** પ્રદીપ્ત કરૂં છું.

२३ वैशाख

आ ते वत्सो मनो यमत्, परमात् चित्सधस्थात् ।
अग्ने त्वां कामया गिरा ॥ (ऋ.८-११-७। सा. पू. १-१-१-८.)

વિનય

હે પરમાત્મન્ ! તમારૂં સ્થાન ઘણું ઉંચું છે. તમારા એ ઉત્કૃષ્ટ પદની મને કેમ કરીતે પ્રાપ્તિ થાય ? જે દિવ્ય ધામમાં તમે રહો છો, જે સર્વશક્તિમય, સર્વજ્ઞાનમય, પરમાનંદમય લોકમાં તમારો નિવાસ છે, તે પરમ સ્થાન સુધી હું અલ્પજ્ઞ, અલ્પશક્તિમાન તુચ્છ જીવ પહોંચી શકવાનોજ શી રીતે ? પણ નહિ નહિ, આખરે હું તમારો પુત્ર તો ખરોજ ને ? હું ગમે તેવો પણ તમારો વત્સ છું, તમારો પ્રિય અમૃત આત્મજ છું. હું ગમે તેવો નીચ હોઉં, પતિત હોઉં તો પણ મારૂં અસલ સ્વરૂપ તો અમર ચિન્મય આત્મા છે. માટે જે તમારૂં ધામ તેજ મારૂં પણ ધામ છે. જે ઉંચામાં ઉંચા ધામમાં તમારૂં સ્થાન હોય તેના ઉપર મારો પણ તમારા જેટલોજ અધિકાર છે. ત્યાં મારૂં પણ સહસ્થાન છે, '**सधस्थ**' છે. તમારા દિવ્યથી દિવ્ય સ્થાન ઉપર મારો—તમારાજ પુત્રનો—અધિકાર કદી નષ્ટ થાય એમ છે ? હું તમને મારા પ્રેમના આકર્ષણ વડે તમારા ઉંચામાં ઉંચા સ્થાન ઉપરથી, તમે ગમે તેટલા છેટા હો તો ત્યાંથી પણ ખેંચી લાવીશ. હે પિતા ! મારે સર્વશક્તિમાન અને સર્વજ્ઞ બનવાની જરૂરજ શી ? હું તો મારા અગાધ પ્રેમ વડે, મારી અનન્ય ભક્તિ વડે તમારા મન ઉપર મારો અધિકાર જમાવી દઇશ. તમારા મનનેજ જીતી લઇશ. પછી મારે બીજું જોઇએજ શું ? હે મારા અગ્નિદેવ ! હે મારા જીવન ! હું તમને મારા પૂરા બળથી ચાહું છું, તમારી કામના કરૂં છું. મારા આત્મામાં તમે

વાણી નામની જે આત્મશક્તિ મૂકી છે તેના સંપૂર્ણ બળ વડે હું તમનેજ આકર્ષી રહ્યો છું. હું મારી આન્તર અને બાહ્ય વાણીની કુલ શક્તિ તમારા મિલનને માટેજ વાપરતો આવ્યો છું. મારા મનમાં જો કોઇ ઇચ્છા હોય તો તે તમને મળવાનીજ છે. મારી જીભ જો કશાનો જપ કરતી હોય તો તે તારા નામનોજ. મને એક તારીજ રઢ લાગી છે, તારીજ લગની લાગી ગઇ છે. મારી વૈખરી વાણી તારૂંજ નામ જપે છે, તારાંજ સ્તોત્રોનો પાઠ કરે છે. મારા શરીરની ચેષ્ટાઓ વડે જે કાંઇ અભિવ્યક્ત થાય છે તે પણ એક તારીજ લગની અને તને મળવાથી અદમ્ય તૃષા. મારૂં આખુંય અસ્તિત્વ એક તારોજ પોકાર કરી રહ્યું છે, તારે માટે તરફડી રહ્યું છે. આટલું છતાં પણ તું મને નહિ મળે એમ ! યાદ રાખજે, હું આખરે તારોજ પુત્ર છું. હે પિતા ! હું તારા મનને ખેંચી લીધા વગર છોડવાનો નથી. તું ભલેને ગમે તેટલા ઊંચા સ્થાનમાં બેઠો હોય પણ તારા મનને જીતી લઉં ત્યારેજ છોડું. મારો પ્રેમ, મારી ભક્તિ તારા મનને ખેંચી લેશે અને પછી મારા પ્રેમને અને વાત્સલ્યભાવને તારૂં મન ગ્રહણ નહિ કરે તો જશે કયાં ?

શબ્દાર્થ

(**वत्सः**) હું તારો વત્સ (**ते मनः**) તારા મનને (**परमात् चित्**) અતિ ઉત્કૃષ્ટ પણ (**सधस्थात्**) સહસ્થાનથી (**आ यमत्**) વશ કરૂં છું, પ્રાપ્ત કરૂં છું. (**अग्ने**) હે પરમેશ્વર ! હું (**त्वां**) તને (**गिरा**) વાણી દ્વારા (**कामये**) ચાહું છું, તને મળવા ઇચ્છું છું.

२४ वैशाख

इमं मे वरुण श्रुधी हवमद्या च मृडय ।
त्वामवस्युराचके ॥ (यजु. २१-१)

વિનય

હે વરુણદેવ ! હું આજકાલ કરતાં કેટલાય વખતથી તમને સાદ કર્યા કરૂં છું. તમને બોલાવતાં બોલાવતાં ઘણો વખત વીતી ચૂક્યો છે. હે દેવ ! મારા પોકારને સાંભળવાનો વારો આવશે કે નહિ ? અને આવશે તો ક્યારે ? હવે તો લોકો મારી મશ્કરી કરે છે. તમારા પ્રત્યેની મારી વ્યાકુળતા જોઇને લોકો મને હસે છે ને મને મૂર્ખ અથવા ગાંડો કહે છે. પરંતુ મેં તો તમારૂંજ શરણ લઈ લીધું છે. મારા રક્ષણને માટે એકલા તમારા ઉપરજ આશા અને ભરોસો રાખીને હું નિરંતર તમારી પ્રાર્થના કર્યા કરૂં છું અને કરતોજ રહીશ. મારી લાજ રાખવાનું કામ તો તમારૂં છે, અને તમારે મારી લજ્જા રાખવીજ પડશે. શું આ પ્રમાણે હું તમારે માટે પોકાર કરતોજ રહું અને તમે કાને ડાટા મારીને મારો પોકાર ન સાંભળો એમ ? નહિ, તેમ નહિ ચાલે. તમારે મારી પ્રાર્થના અને મારો પોકાર સાંભળવાંજ પડશે. હે સર્વશ્રેષ્ઠ ! હે પાપનિવારક ! હે મારા આત્મા ! તમારે મારો પોકાર સાંભળ્યા વિના ચાલવાનુંજ નથી. પણ હવે તો બહુ લાંબો વખત નીકળી ગયો. તમે વિચાર તો કરો કે, કેટલા લાંબા વખતથી મેં મારા મનથી તમારી આગળ મારી આવા પ્રકારની ઇચ્છાનું નિવેદન કર્યું છે અને તમારી આગળ ટહેલ નાખતો હું ઉભો રહ્યો છું. તેનો સ્વીકાર કરવાનો વખત હજી પણ નથી આવ્યો એમ ? હે નાથ ! હવે તો તમે મારા મનોરથ પૂરા કરી દો. બહુ દિવસ ખાલી ગયા, હવે આજનો દિવસ તો રખેને ખાલી

જવા દેતા. આજે મારી મનઃકામના પૂર્ણ થશે, કાલે પૂર્ણ થશે, એમ કરતાં કરતાં તો ઘણાય દહાડા નીકળી ગયા. રોજ રોજ આશા રાખી અને ભાંગી પડી, પણ આજે તો નિરાશ કરશો મા. જોજો, આજે પણ મારે નિરાશ ન થવું પડે. આજે તો મારા ઘણા લાંબા વખતની અભિલાષા પૂરી કરી દેજો, આજે તો મારા ઘણા દિવસથી વ્યાકુળ થઈ રહેલા–તરફડી રહેલા હૃદયને સુખથી નવાજી દેજો. આ મારૂં હૃદય તમારામાં અટળ શ્રદ્ધા રાખીને, તમે તેની કામના જરૂર અચૂક પૂરી કરશોજ કરશો, એવો દૃઢ વિશ્વાસ રાખીને કેટલાય વખતથી તપશ્ચર્યા કરી રહ્યું છે. અનેક નિરાશાઓના પ્રહારથી તે ઘાયલ થઈ ચૂક્યું છે, પણ તેની શ્રદ્ધા જેવી ને તેવીજ છે. તો હવે આજ તેના મુસીબતના દિવસનો અંત લાવી દો–તેના દુઃખનો, તરફડાટનો છેડો લાવી નાખો. તેની શુભાકાંક્ષાને આજે મૂર્તિમંત કરી દો કે જેથી કરીને તેને થયેલા જખમ રૂઝાઇ જાય અને તેની પીડા પણ એક ક્ષણવારમાં મરી જાય. બસ, આજનો વાયદો ખોટો પાડશો નહિ. આજ–આજ–જરૂર–જરૂર–તમારે મારી મનોકામના પૂર્ણ કરવી પડશે. તમને સાદ કરતાં કરતાં, તમારા નામનો પોકાર કરતાં કરતાં હવે તો ઘણા દિવસ વીતી ગયા. બસ, હવે તો હદ થઇ ગઇ. તમારા શરણમાં પડ્યો પડ્યો હું કાંઇ થોડા વખતથી ટહેલ નાખી રહ્યો છું ? થોડા વખતથી બૂમો પાડું છું ? બસ, આજે તો આ ગાંડીઆને તમારા ખોળામાં ઉંચકીને બેસાડી દો, આજે તો તેના દુઃખના દહાડા પૂરા કરીને તેને સુખનો દહાડો દેખાડો.

શબ્દાર્થ

(**वरुण**) હે વરુણ ! (**मे**) મારા (**इमं**) આ (**हमं**) પોકારને (**श्रुधी**) સાંભળો. (**अद्य च**) આજે તો મને (**मृडय**) સુખી કરી દો. (**त्वां अवस्यु:**) હું તમારે શરણે પડ્યો છું, તમારી પાસે રક્ષણ માગું છું, (**आचके**) તમારી પ્રાર્થના કરૂં છું.

२५ वैशाख

शिक्षेयमस्मै दित्सेयं शचीपते मनीषिणे ।
यदहं गोपतिः स्याम् ॥
(ऋ. ८-१४-२ । सा० उ० ९-२-९ । अ. २०-२७-२)

વિનય

હે શચિપતિ ! હે શક્તિના સ્વામી ! તમે સર્વોત્કૃષ્ટ જ્ઞાનમયી શક્તિના સ્વામી છો; અને તમે પોતે પરિપૂર્ણ હોવાથી તમારી આ જ્ઞાનમયી શક્તિને જગતના પાલન-પોષણને અર્થે સંપૂર્ણપણે વાપરો છો. હું છું તો અપૂર્ણ-અલ્પ શક્તિમાન જીવ; પરંતુ મારે પણ મારી શક્તિનો સર્વદા સદુપયોગ કરવામાં મારે યથાશક્તિ તમારૂં અનુકરણજ કરવું જોઇએ. એટલા માટે હું ઇચ્છું છું અને મારા મનમાં સંકલ્પ પણ કરતો રહું છું કે, જો હું **'ગોપતિ'** હોઉં, સાચો વૈશ્ય હોઈ ભૂમિ, ગૌ અને ધન, એ ત્રણ વૈશ્ય શક્તિઓનો માલિક હોઉં, તો હું તેમનો હમેશાં સદુપયોગજ કરૂં. હે સર્વાન્તર્યામી પરમેશ્વર ! તમે મને એવી બુદ્ધિ આપો, એવી વિવેકબુદ્ધિ અને યોગ્યતા આપો કે હું આ ધન સંસારના ફક્ત "આવા મનીષી પુરુષ"ને માટેજ ખર્ચવા ઇચ્છું અને તેમનેજ એ ધનનું દાન દઉં. એમના સિવાય બીજા કોઇને હું આપું નહિ, આપવાની ઇચ્છા અથવા લાલચ પણ ન થાય. 'મનીષી' પુરુષ તો તેનેજ કહેવાય, કે જે પોતાના મનનો ઈશ-ઈશ્વર-છે, જે જિતેન્દ્રિય છે, જેનો પોતાની જાત ઉપર પૂરેપુરો કાબુ છે અને જે એક ક્ષણવારને માટે પણ કદી પોતાના મનનો ગુલામ બનતો નથી. એવા પુરુષના હાથમાં સોંપેલા ધનનોજ સદુપયોગ થાય છે, એજ દાન હજારોગણું ફળ ઉત્પન્ન કરે છે અને સર્વનું, લોકમાત્રનું કલ્યાણ સાધે છે. આવા આત્મવશી પુરુષોજ આપણા ધનના એકમાત્ર અધિકારી છે, બીજા નહિ. ખરૂં કહીએ તો આપણું ધન આપણું

નથી, પણ એવા સંયમી મહાનુભાવ પુરુષોનુંજ છે. પણ હે પ્રભો ! અમે ઘણી વાર અમારા તુચ્છ સ્વાર્થ સાધવાની લાલચને વશ થઇને, અથવા ચાલુ રીતરિવાજને તાબે થઇને, અથવા અમારી કોઇ પણ નબળાઇને લીધે અજિતેંદ્રિય લોકોને–ભોગવિલાસી 'સન્તો'ને દાન દઇએ છીએ. અરે ! એ તો તમે અમને આપેલી ધનશક્તિનો ભયંકર દુરુપયોગ છે, મહાન પાપ છે. એ દાન નથી પણ લાંચ છે અથવા આત્મહત્યા કર્યા બરોબર છે. એટલુંજ નહિ પણ એ તો આખા માનવસમાજનો અને રાષ્ટ્રનો ઘાત કર્યા બરોબર છે. એ દાન નથી પણ માનવ બંધુઓનો દ્રોહ છે. જેઓ મનીષી નથી તેમને દાન દેવાનો વિચાર પણ ન આવવો જોઇએ. એવાને દાન દેવાની ઇચ્છા (**दित्सा**) પણ ન થવી જોઇએ. જેનો પોતાની જાત ઉપર કાબુ નથી તેના હાથમાં ગયેલું ધન સર્વનાશનું કારણ નીવડે છે. એટલા માટે હે શચીપતે ! મને એટલી શકિત આપો કે જેથી અનુચિત દાન દેવાનો પ્રસંગ મારી સામે આવીને ઉભો રહે ત્યારે હું ચોખ્ખો નન્નો સંભળાવી શકું, ભોગવિલાસીઓને આપવાના દાનમાં હું મારો ભાગ નહિજ આપું એવું કહેવાની હું હિંમત ચલાવી શકું. હે પ્રભો ! હું તો ફક્ત એવાનેજ દાન દઉં કે જે પોતાના મનનો ઈશ હોવાને લીધે આખી જનતાનાં હૃદયોનો પણ ઈશ હોય; જેથી કરીને તેના હાથમાં ગએલા ધનનો આખી જનતાના ભલાને માટેજ ઉપયોગ થતો હોય; જે પોતાને માટે નહિ, કોઇ ખાસ વ્યક્તિને માટે નહિ પણ સાર્વજનિક કલ્યાણને માટે મારું આપેલું ધન વાપરવાનો હોય એવાનેજ હું આપું.

શબ્દાર્થ

(**शचीपते**) હે શક્તિના સ્વામી ! (**यत् अहं**) જો હું (**गोपतिः स्याम्**) ધન ભૂમિ આદિ સંપત્તિનો માલિક હોઉં તો (મારી બુદ્ધિ એવી થાઓ કે) હું (**अस्मै मनीषिणे**) તે મનના ઈશ, પૂરેપુરા જિતેન્દ્રિય પુરુષને માટેજ (**दित्सेयं**) આ ધનશક્તિને આપવા ઇચ્છું અને (**शिक्षेयं**) એવાનેજ આપું.

२६ वैशाख

दृते दृंह मा, ज्योक्ते संदृशि जीव्यासम् ।
ज्योक्ते संदृशि जीव्यासम् ॥ (यजु० ३६-१९)

વિનય

હે જગદીશ્વર! હું ઈચ્છું છું કે, હવે મારી બાકીની જિંદગી હું તમારી અધ્યક્ષતા નીચેજ જીવું-તમારી દેખરેખ નીચે તમારી આંખો આગળજ હું મારા હવે પછીના દિવસો વ્યતીત કરૂં. તમે મને સદા જોઇ રહ્યા છો તેનું મને બધો વખત સ્મરણ થયાજ કરે. મારૂં એકેએક કાર્ય, મારી એકે એક ચેષ્ટા, મારી એકે એક ગતિ-ક્રિયા તમને સાક્ષી રાખીનેજ થયા કરે અને એવી રીતે તમારા સમ્યક્ દર્શનમાં-તમને જોતો રહીને-હું ઘણા વખત સુધી જીવિત રહું. ખરી વાત તો એવી છે કે, જે ઘડીથી હું તમારી બરાબર અધ્યક્ષતા નીચેજ મારું જીવન વ્યતીત કરવા માંડીશ ત્યારથી તે એવું બની ગયું હશે, કુદરતના નિયમોને એવું અનુકૂળ બની ગયું હશે કે આપોઆપજ તે દીર્ઘજીવી બની જશે. વાસ્તે હું તો માત્ર એટલુંજ ઇચ્છું છું કે હું તમારા સંદર્શનથી કદી પણ વિખૂટો ન થાઉં. પરંતુ તમારા સંદર્શનમાં રહીને જીવવું એ કાંઈ રમત વાત નથી. હું જાણું તો છું કે, તમે મારા જીવનના આધાર છો, મારી શક્તિ તમેજ છો, મારા આત્મા પણ તમેજ છો, પણ તે છતાં મારી નબળાઇઓને વશ થઇને હું તમને હમેશાં ભૂલતોજ આવ્યો છું. સાંસારિક વાયુના ઝપાટા લાગવાથી હું ભાનભૂલો બની જાઉં છું, તે એટલે સુધી કે, મારા મનમાં તમારૂં કદી સ્મરણજ જાગ્રત થતું નથી. એટલા માટે હે જગદીશ્વર! હું તો હવે તમારી પાસે માત્ર એટલુંજ માગી લઉં છું કે, પહેલાં તો તમે મને ખૂબ દૃઢ, મજબૂત બનાવી દો-પર્વત જેવો દૃઢ અને મજબૂત બનાવી દો. હે 'दृते'! હે સર્વશક્તિસ્વરૂપ! તમે

મને એટલી સ્થિરતા આપો કે સંસારના બનાવો મને ચલાયમાન ન કરે. હું હમેશાં તમને જોતા રહેવાનો યત્ન તો કરૂં છું–તમારા ઉપર નજર રાખીને હું મારાં તમામ કાર્ય કરવાનો પ્રયત્ન પણ કરૂં છું; પણ એવું બહુ થોડી વારજ ચાલે છે. સંસારને લગતા પ્રસંગોમાં કોઇ રાજી થવા જેવો પ્રસંગ બન્યો, કોઇ જરા જેટલું દુઃખ આવી પડયું, કાંઈ ચિન્તા કરવા જેવું થયું એટલે લાગલુંજ મારૂં સાત્વિક ધ્યાન ભાગી પડે છે. જરાક કોઇ નવો બનાવ બન્યો, કોઇક નવી બાબત નજરે પડી કે મારૂં ધ્યાન તરતજ તે તરફ ખેંચાઈ જાય છે અને તારા સંદર્શનની સુખમય અવસ્થામાંથી હું ભ્રષ્ટ થાઉં છું. એટલા વાસ્તે હે દૃતે ! હું તારી આગળ દૃઢતાની યાચના કરૂં છું. હું જાણું છું કે, જ્યારે હું દૃઢ થયો હોઇશ ત્યારે એ દૃઢતાને જોરે સુખમાં, દુઃખમાં, સંપત્તિમાં, વિપત્તિમાં હું તમારૂં પેલું સમ્યક્ સંદર્શન કરવાને ટેવાઇ જઇશ; પછી ધીરે ધીરે તમારું સમ્યક્ દર્શન મારો કાયમનો સ્વભાવ બની જશે, મારા જીવનમાં એવું વણાઇ જશે કે, ગમે તેવા આઘાતથી પણ છૂટી નહિ જાય. પછી તો મારે તમારૂં ધ્યાન કરવાની પણ જરૂર નહિ રહે. જેવી રીતે અમે બધો વખત સૂર્યના અજવાળાની મદદથીજ અમારાં બધાં કામ કરીએ છીએ પણ અમે સૂર્યના અજવાળાની અંદર રહીએ છીએ એવું ગોખ્યા કરવાની કે યાદ રાખવાની જરૂર પડતી નથી, તેવી રીતે હું કશો પણ પ્રયત્ન કર્યા વગર તદ્દન સ્વાભાવિક રીતેજ તમારા સંદર્શનનાં પ્રકાશમાં આઠે પહોર રહેતો અને મારૂં જીવન વ્યતીત કરતો બનીજ જઇશ. માટે હે દૃતે ! મને એવો દૃઢ બનાવી દો કે, હું તમારા સંદર્શનથી કદી અળગો ન થાઉં.

શબ્દાર્થ

(दृते) હે સમર્થ પરમ દૃઢ પરમેશ્વર ! **(मा)** મને **(दृंह)** દૃઢ બનાવી દે, કે જેથી હું **(ते संदृशि)** તારા સંદર્શનમાં, બરાબર તારી નજર હેઠળ **(ज्योक्)** લાંબા વખત સુધી **(जीव्यासं)** જીવતો રહું **(ते संदृशि ज्योक् जीव्यासं)** તારા સમ્યક્ દર્શનમાં દીર્ઘકાળ પર્યંત આયુષ્માન રહું—જીવતો રહું.

२७ वैशाख

न घेम् अन्यत् आपपन वज्रिन् अपसो नविष्टौ ।
तवेदु स्तोमं चिकेत ॥
(ऋ. ८-२-१७ । सा. उ. १-२-३ । अ. २०-१८-२)

વિનય

હે જગદીશ્વર ! હે પરમ મંગલકારી ! જ્યારે જ્યારે કોઇ નવીન કાર્યની હું શરૂઆત કરૂં છું, કોઇ નવો યજ્ઞ અથવા કોઈ નવું શુભ કાર્ય આદરૂં છું, ત્યારે ત્યારે હમેશાં તારૂં નામ લઇને, તારીજ મદદ ઉપર ભરોસો રાખીને અને તારાજ બળ ઉપર ઝૂઝીને તે તે કાર્યનો પ્રારંભ કરૂં છું. મારા પ્રત્યેક કામનું મંગળાચરણ તને નમન કરીને, તને માનસિક વંદન કરીને કરૂં છું. હે વજ્રને ધારણ કરનાર ! તારા સિવાય બીજા કોઇને નમન કરીને, કોઇની આગળ મારૂં મસ્તક ઝુકાવીને હું મારા મંગલની આશા નથી રાખતો, અથવા તેમ કર્યાથી મારૂં કલ્યાણ થશે એવો વિચાર પણ મારા મનમાં નથી આવતો. કારણ કે પાપનું નિવારણ કરવાને સમર્થ એવું વજ્ર તો એકલા તમારાજ હાથમાં છે—તમામ પ્રકારનાં અનિષ્ટ, અમંગલ અને વિઘ્નોનો વાસ્તવિક રીતે નાશ કરી શકે એવું એક વજ્ર માત્ર તમારાજ હાથમાં છે. માટે હે વજ્રપાણિ ! હે વજ્રને ધારણ કરનાર દેવ ! તમારા સિવાય બીજા કોઇની સ્તુતિ કરવાથી મને શો લાભ થવાનો હતો ? વળી જે કાર્ય એકલા તમારાજ આશ્રય ઉપર વિશ્વાસ રાખીને કરાય અને જે કાર્ય સર્વતોભાવે તમને એકલાનેજ સમર્પણ કરીને કરાય તેમાં નિષ્ફળતા, પરાજય અથવા અસિદ્ધિ જેવું હોઇ શકેજ કેમ ? આ વાત કદાચ ઘણાને જરાક વિચિત્ર જેવી ભલે લાગે, પણ એ અક્ષરશઃ સત્ય છે; એમાં તલ માત્ર જેટલી શંકાને

માટે સ્થાનજ નથી. એ બધો પ્રતાપ તમારા વજ્રનો છે. એમાં અસંભવ જેવું અથવા આશ્ચર્ય પામવા જેવું કાંઇજ નથી. તમારૂં નામ લઈને આદરેલું કાર્ય સફળજ નીવડે–તેમાં વાસ્તવિક રીતે કલ્યાણ કલ્યાણ ને કલ્યાણજ હોય, બીજું કાંઇ હોઇ શકેજ નહિ. જેઓ હમેશાં માત્ર તારા એકલાની મદદના ઉપર આધાર રાખીને પોતાના કાર્યની શરૂઆત કરે છે, પોતાના પ્રત્યેક કાર્યને તથા તેના ફળને પહેલેથી તનેજ અર્પણ કરીને, સર્વતોભાવે ત્વદર્પિત બનીને ડગલું ભરે છે, તેમની રક્ષા કરવાને, તેમનાં વિઘ્નોને મારી હઠાવવાને, તારૂં નિરંતર જાગૃત વજ્ર સદા તૈયાર ઉભેલુંજ હોય છે. માટે હે પરમ મંગલકારી '**वज्रिन्**'! આ અખિલ સંસારમાં એક તુંજ સ્તુતિને યોગ્ય છે. હું તો તારી એકલાનીજ સ્તુતિ કરી જાણું છું. તારી જગ્યાએ કોઇ ધનવાન વ્યક્તિની હું સ્તુતિ કરૂં તો કદાચ તે મારા કાર્યને માટે મને થોડુંક ધન આપે અથવા કોઇ પ્રભાવશાળી વ્યક્તિની સ્તુતિ કરૂં તો તેનો પ્રભાવ, તેની લાગવગ કદાચ મારા કાર્યમાં ઘણી સહાયતા આપે એ વાત ખરી; પણ હે જગદીશ્વર ! એ બધું ત્યારેજ થાય કે જ્યારે તને તે મંજૂર હોય, તારી ઈચ્છા પણ તે વ્યક્તિઓની ઇચ્છાની સાથે એક થઇ ગઈ હોય. હું એક વાત સારી રીતે સમજી ગયો છું કે, તું અનુકૂળ હોય તોજ બધું જગત અનુકૂળ થઈ જાય છે, નહિ તો નહિ. સંસારનાં તમામ પ્રાણી, અમીર ઉમરાવ અને ગરીબ કંગાલ, મોટાં તેમજ નાનાં, સૌ તારાંજ ઘડેલાં પૂતળાં છે. સંસારનો મોટામાં મોટો માણસ પણ તારેજ આધારે તારીજ મદદ ઉપર જીવે છે. તો પછી એવા માણસોનો આધાર લઇને હું કરૂં પણ શું? અમુક કાર્યમાં ધનની મદદ મળે, લાગવગની મદદ મળે, બુદ્ધિમાનની બુદ્ધિનો આશ્રય મળે, એ જો તને મંજૂર હોય, તો એ બધાં સાધનો ગમે ત્યાંથી આવીને ઉભાં રહે છે. એથી ઉલટું અમારા અનુભવો તો અમને એવું કહે છે કે ધન, લાગવગ, માન વગેરે પ્રાપ્ત કરવાને માટે અમે

જેમનો ભરોંસો રાખીએ છીએ, જેમની ફોકટની ખુશામત કરતા ફરીએ છીએ, તેમના તરફથી અમને કાંઇજ મદદ નથી મળતી; પણ જેના તરફથી મદદની અમે આશાજ ન રાખી હોય અથવા મદદ મળવાનો જરા જેટલો પણ સંભવ ન હોય ત્યાંથી અકસ્માત્ રીતે તમામ પ્રકારની મદદ, અનુકૂળતા વગેરે આવી મળે છે. માટેજ હું તો મારા કોઇ પણ કામનો આરંભ કરતી વેળા બીજા કોઇના ઉપર ભરોંસો નથી રાખતો, બીજા કોઇની મદદની પરવા પણ નથી કરતો; પણ મને તો ફક્ત તારોજ પાલવ પકડીને ઉભા રહેતાં આવડે છે, હું તો તારી એકલાનીજ સ્તુતિ કરી જાણું છું.

શબ્દાર્થ

(वज्रिन्) હે વજ્રને ધારણ કરનાર! હું **(अपसः)** કાર્યના **(नविष्ठौ)**આરંભમાં **(अन्यत् घ ईं)** બીજા કોઇની પણ **(न आपपन)** સ્તુતિ કરતો નથી. **(तव इत् उ)** ફકત તારીજ **(स्तोमं)** સ્તુતિ કરવાનું **(चिकेत)** મને આવડે છે–હું તારીજ સ્તુતિ કરી જાણું છું.

२८ वैशाख

मा त्वा मूरा अविष्यवो मोपहस्वान आ दभन् ।
माकीं ब्रह्माद्विषो वनः ॥
(ऋ. ८–४५–२३ । सा. उ. १–२–७ । अ. २०–२२–२)

વિનય

હે મારા આત્મા ! તું જ્યારે આત્મસુધારણા કરવા તૈયાર થાય છે અને સાધનમાર્ગ ઉપર ડગલાં ભરવા માંડે છે, ત્યારે આ સંસારની કેટલીય વિરોધી શક્તિઓ તારી સામે ટક્કર લેવાને તૈયાર થઇ જાય છે; અને તને આગળ વધતો અટકાવવા ઇચ્છે છે. જ્યારે તું તારી પોતાની ઉન્નતિ સાધવાને માટે આત્મસુધારણા કરવાનો કોઈ માર્ગ ગ્રહણ કરીને તે માર્ગે ચાલવા માંડીશ ત્યારે તારા કેટલાક અજ્ઞાની મૂઢ ભાઇઓ, તારો શુભ ઉદ્દેશ સમજવા જેટલી બુદ્ધિ તેમનામાં ન હોવાથી, તારો વિરોધ કરશે અથવા તારી નિંદા કરવા માંડશે. અથવા તારી આત્મસુધારણાને લીધે જે ભાઇઓના અંગત સ્વાર્થને હાનિ પહોંચતી હશે અથવા હાનિ પહોંચશે એવો તેમના મનમાં કાલ્પનિક ભય પણ લાગતો હશે તો તેવા 'અવિષ્યુ' લોકો, (પોતાના સ્વાર્થની સલાસતી ઇચ્છનારા લોકો) સ્વાર્થ–પીડિત પુરુષો તારા માર્ગમાં જરૂર વિઘ્નો ઉભાં કરશે, તારી બદનક્ષી કરશે, તારે વિષે લોકોમાં ખોટી અફવાઓનો ફેલાવો કરશે, તારા ઉપર જૂઠાં આળ ચઢાવશે અને તને કનડગત કરવાને, તને ત્રાસ આપવાને નાના પ્રકારની ખટપટો કરશે. પણ ઓ મારા જીવ ! તું રખેને તેમનાથી ગભરાઇને હિમ્મત હારી જતો, રખેને તું તેમનાથી ડરીને દબાઈ જતો, રખેને તું તારો શુભ ઉદ્દેશ પડતો મૂકીને નષ્ટ થઈ જતો. જતે દહાડે તો તુંજ વિજયી થઇશ, તારા સર્વ

વિરોધીઓને તું એક વાર જરૂર જીતી લઈશ. તારૂં બળ, તારૂં વીર્ય અદમ્ય છે, અપરાજિત છે. એજ પ્રમાણે તારાં કેટલાંક તદ્દન વિલક્ષણ કાર્યોને જોઈને–સાધારણ લોકોની નજરે એવાં કાર્યો તથા એવાં કાર્યો કરનારા આજ સુધીમાં નહિ આવેલા હોવાથી, તને નવાં સુધારણાનાં કાર્યોનો અમલ કરતો જોઈને–કોઈ કોઈ અજ્ઞાની લોકો તારી પેટ ભરીને મશ્કરીઓ કરશે, તને મૂર્ખ–ચક્રમ્ કહેશે, તારા ઉપર ટીકાઓ કરશે, તને મર્માળાં કડવાં મીઠાં કટાક્ષવચનો સંભળાવશે, તારી તરેહ તરેહની ફજેતી કરશે. પરંતુ ઓ મારા મન! તેથી કરીને તું તારો ઉત્સાહ ભાંગી પાડીશ મા, તેમની તારા ઉપર અસર થવા દઈશ મા. તું પ્રસન્ન ચિત્તે, વિના ઉદ્વેગે બધુંજ સહન કરી છૂટજે. એક દિવસ જરૂર આવી પહોંચશે કે જ્યારે એ મૂઢ અજ્ઞાની લોકો પણ સત્યને ઓળખતા થઈ જશે અને જેઓ તારી મશ્કરી કરતા હતા તેઓજ તારા અનુયાયી બની જશે. એવું તો દુનિયામાં સદાકાળ બનતુંજ આવ્યું છે. જ્યારે જ્યારે કોઈ ક્રાન્તિકારી વીર પુરુષ જગતની આગળ નવો વિચાર અથવા નવી આચારનીતિનું દૃષ્ટાંત મૂકે છે ત્યારે મૂર્ખ જડસુ લોકો પ્રથમ તેની મશ્કરીજ કરે છે, તેને મૂર્ખ ગણીને હસી કાઢે છે અને તેટલાથી પણ જો તે નથી દબાતો તો તેને નાના પ્રકારના ત્રાસ પણ આપે છે. સુધારણાના પ્રત્યેક નવા પ્રયોગ તરફ–ઉન્નતિસાધક પ્રત્યેક નવી નીતિ તરફ જગતના લોકો હમેશાં આવુંજ વર્તન રાખતા આવ્યા છે. હરકોઈ સંસારસુધારકને, હરકોઈ ઉન્નતિસાધક આત્માને આવી કસોટીમાંથી પસાર થવું પડયું છે. માટે તું તેમનાથી દબાઈ ન જતાં નિર્ભયપણે આગળ ધપતોજ જા; તું તારૂં કામ કરતોજ જા. તેમના ઉપદ્રવોને પૂરેપુરા ઉદ્વેગ રહિત સહન કરી લેવા જેટલું આત્મબળ તારામાં ન હોય તો ભલે તું એવા 'ब्रह्मद्विष्' લોકોથી–જેઓ બ્રહ્મના પ્રતિ (જ્ઞાન અથવા પરમેશ્વરના પ્રતિ) પ્રીતિ નથી રાખતા, જેઓ તારાથી તદ્દન ઉલટે રસ્તે જાય છે–તેમનાથી

આઘે ચાલ્યો જજે; તેમના સંપર્કમાં આવતોજ નહિ; તું તેમની ઉપેક્ષા કરજે, તેમની સાથે વાતચીત કરવાનો સંબંધ પણ રાખતો નહિ, વિનાપ્રયોજન તેમના સમાગમમાં આવવાનુંજ છોડી દેજે. આવું કરવાથી તું તેમની સાથેની બિનજરૂરી અથડામણથી બચી જઇશ અને તને તારૂં આત્મબળ નિર્વિઘ્ને ખીલવવાનો પૂરતો અવકાશ મળી જશે. તું એક વાર ખૂબ દૃઢ અને બળવાન બની જઈશ ત્યારે તો તું તેમની બધાની વચ્ચોવચ તેમનો ગુરુ બનીને ઉભો રહીશ.

શબ્દાર્થ

(હે મારા આત્મા ! હે મારા મન !) **(त्वा)** તને **(मूराः)** મૂઢ લોકો **(अविष्यवः)** પોતાનાજ પેટની જેમને ફિકર છે એવા સ્વાર્થપીડિત લોકો **(माद् भन्)** રખેને દબાવી દે, રખેને તને નષ્ટ કરે અને **(उपहस्वानः)** તારી મશ્કરી કરનારા, તારા ઉપર કટાક્ષ કરનારા લોકો પણ **(मा)** તને રખેને દબાવી દે– તું **(ब्रह्मद्विषः)** જ્ઞાન અને પરમેશ્વરના પ્રતિ પ્રીતિ નહિ રાખનારા લોકોનું **(माकीं वनः)** સેવન ન કર, તેમનો સંગ કરીશ નહિ.

२९ वैशाख

इन्द्र इत् नो महोनां दाता वाजानां नृतुः ।
महाँ अभिज्ञु आयमत् ॥ (सा. उ. १-२-१ । ऋ. ८-९२-३)

વિનય

જગતમાં પ્રતિભાવાન મહાપુરુષો, હજારો લાખો મનુષ્યોના નેતા બનીને મોટાં મોટાં મહાભારત કાર્ય કરી બતાવે છે, તેમનામાં જે પ્રતિભા, તેજ અને બળ ચમકે છે તેમને ઉત્પન્ન કરનાર ઇન્દ્ર પરમેશ્વરજ છે. સંસારમાં નાના પ્રકારનાં આન્દોલનો ઉભાં થાય છે, શમી જાય છે, કોઇ એક પ્રકારની ક્રાન્તિનું મોજું ઉત્પન્ન થાય છે તો કોઇ વાર બીજા પ્રકારની ક્રાન્તિનું. એ પ્રમાણે સંસારમાં તરેહ તરેહનાં આન્દોલનો, હિલચાલો મચી રહે છે, બધા લોકો તેમના પ્રતિ બળાત્કારે ઘસડાઇ જાય છે—એ બધા ખેલ કરાવનાર—આપણને વિવિધ નાચ નચાવનાર તે ઇંદ્રજ છે. તે ઇંદ્ર આપણને સૌને પોતાના તેજમાંથી થોડો ઘણો અંશ આપીને, પોતાના બળમાંથી થોડા બળનો આપણામાં સંચાર કરીને આપણને વિવિધ નાચ નચાવે છે. અમુક માણસ જે આજે ઘણોજ તેજસ્વી છે, સૌ જેની પ્રતિભા આગળ પોતાનાં મસ્તક નમાવે છે, તેજ માણસ થોડાજ વખતમાં એવો નિસ્તેજ અને નિર્માલ્ય બની જાય છે કે કોઇ તેનો ભાવ પણ પૂછતું નથી; ત્યારે વળી એક બીજો માણસ જે ગઇ કાલેજ સાવ તુચ્છ હતો તે થોડાજ દિવસમાં એકદમ કીર્તિની ટોચ ઉપર ચઢીને બેસી જાય છે. ત્યારે ચાલો, આપણે આપણા તેજનું, બળનું, બુદ્ધિનું તમામ અભિમાન છોડી દઇને નમ્ર બની જઇએ અને તે મહાન ઇંદ્રને શરણે જઇએ. જરા વિચાર કરો, જે આપણા જેવા અનંત કોટિ જીવોને લાકડાની પૂતળીઓની માફક નચાવી રહ્યો છે, જે

સ્થાવર જંગમ અસંખ્ય પ્રકારની સૃષ્ટિને ગતિ આપી રહ્યો છે, તે કેટલો મહાન્ હોવો જોઇએ ! તે મહાન્ ઇન્દ્ર અખિલ બ્રહ્માંડને નચાવી રહ્યો છે, તેનો અર્થ એવો નથી કે તેની સૃષ્ટિમાં અવ્યવસ્થા છે, અંધેર છે, અંધાધુંધી છે. નહિ, નહિ, તે આપણને નચાવે છે પણ બરાબર વ્યવસ્થાપૂર્વક નચાવે છે, પોતાના અટળ સત્ય નિયમો મુજબ નચાવે છે. એનું કારણ એ છે કે, તે **'अभिज्ञु'** છે, સૌના મનના અભિપ્રાયને એકદમ જાણી જાય છે, તે સર્વાન્તર્યામી છે; આ બ્રહ્માંડનો આત્મા તે છે. આપણા જેવા અનંત પ્રાણીઓના હૃદયમાં સૌના આત્માનો આત્મા બનીને, અંતર્યામી બનીને, તે એકલો બેઠો બેઠો અનંત કોટિ જીવોરૂપી અનંત ચક્રોના બનેલા આ વિરાટ્ યંત્રને તે ચલાવી રહ્યો છે. ઓહો ! તે ઇંદ્ર પરમેશ્વર કેટલો મહાન છે ! કેટલો મહાન્ છે !

શબ્દાર્થ

(इन्द्रः इत्) ઇન્દ્રજ **(नः)** અમને **(महोनां, वाजानां दाता)** તેજ અને બળ આપનાર તથા **(नृतुः)** નચાવનાર તે **(महान्)** મહાન્ છે અને **(अभिज्ञु)** અભિપ્રાયને જાણનારો, અંતર્યામી થઇને **(आयमत्)** આ જગતનું વ્યવસ્થાપૂર્વક નિયમન કરે છે.

૩૦ વૈશાખ

इन्द्रो अङ्ग महद् भयम् अभीषत् अप चुच्यवत् ।
स हि स्थिरो विचर्षणिः ॥ (ऋ. २-४१-१०)

વિનય

હે પ્રિયવર ! તું કેમ ગભરાઇ જાય છે ? તારી સામે જે ભય ઝઝૂમે છે તે તો કાંઇજ હિસાબમાં નથી. એના કરતાં તો મોટા મોટા ભય, ભારે ભારે વિપત્તિઓ મનુષ્યના ઉપર પડી શકે છે અને પડી પણ છે. એના શા ભાર છે? આપણો પરમેશ્વર એવો સમર્થ છે કે એવી વિપત્તિઓને તો તે એક ક્ષણમાં ટાળી શકે છે અને ટાળે છે પણ ખરો. તેની આગળ, તેની તુલનામાં ભારેમાં ભારે ભય એક પળવાર પણ ઉભો રહી શકતો નથી. હે પ્રિય ! તું એટલુંજ જોઈ લે કે, આ સંસારમાં જો કોઇ સ્થિર હોય, જો કોઇ સત્ય હોય, જો કોઇ સનાતન અટલ અચ્યુત હોય, જો કોઇ ત્રણે કાળમાં અવિનાશી હોય તો એક ઈન્દ્રજ છે. બાકીનું બીજું બધુંજ— બીજું બધુંજ ક્ષણભંગુર છે, વિનશ્વર છે, અશાશ્વત છે, આજે છે અને કાલે નથી. આ એકજ મહાન સત્યનો પાઠ આપણને ભણાવવા માટે આ સંસારની ચોવીસે કલાકની તમામ ઘટનાઓ થયા કરે છે. હે મનુષ્ય ! તું આ સત્યને શ્રદ્ધાપૂર્વક સમજી લે અને પછી નિર્ભય બનીને જીવ. સત્ય જોવા જઈએ તો સંસારનાં તમામ દુઃખ, ક્લેશ, ભય, સંકટ આવે છે અને જાય છે; સ્થિર રહી શકતાંજ નથી. સંસાર જેવો નશ્વર છે તેવાં તે પણ નશ્વર છે; કેમકે તેઓ સંસારની નશ્વર વસ્તુઓમાંથી અને અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે. સંસારમાં જો કોઇ અનશ્વર હોય, અટળ હોય તો તે એક પરમેશ્વરજ છે. કદાચ અત્યારે તું તારી આસપાસ ચારે તરફ જ્યાં નજર કરે ત્યાં કેવળ ભય ને ભયજ જોતો હોય, પણ તું એક વાર

તે અટલ ઇન્દ્રનું શરણ તો લઇ જો. જેમ સદા શાશ્વત રહેનાર સૂર્ય (ઇન્દ્ર)ના પ્રકાશ આગળ થોડી વારમાં નષ્ટ થઇ જનાર વાદળોનો ઘાડામાં ઘાડો સમૂહ પણ ક્યાંનો ક્યાં ચાલ્યો જાય છે, છિન્નભિન્ન થઇ જાય છે, ઝાઝો વખત તેઓ સૂર્યને ઢાંકી શકતાંજ નથી, તેજ પ્રમાણે તારા માથા ઉપરનો ભય, તારૂં દુઃખ, તારો કલેશ—બધુંજ ટળી જશે. એટલા માટે હે પ્રિય ! તું હવે તે પરમેશ્વરનું શરણ લે, જે સ્થિર છે અને જે ‘ **विचर्षणि** ’ છે—જે હમેશાં કાયમ રહેનાર છે અને આ જગતનું યથાવત્ નિરીક્ષણ કર્યાજ કરે છે, આટલી એકજ વાત જો તું બરાબર સમજી લઇશ તો તારો તમામ ભય ટળી જશે. ઇન્દ્ર સ્થિર અને વિચર્ષણિ છે એટલું બરાબર સમજી લેવું એનું બીજું નામ તેને શરણે જવું. જેણે એક વાર બરાબર નિશ્ચયપૂર્વક જોઇ લીધું હોય કે, પરમેશ્વર એકજ નિત્ય અને સર્વજ્ઞ છે તો પછી તે માણસ પરમેશ્વરને મૂકીને બીજી કયી વસ્તુનો આશ્રય લઇ શકવાનો હતો અને જેને પરમેશ્વરના આવા રૂપનું એક વાર દર્શન થયું હોય તેની સામે ભય ઉભોજ કેવી રીતે રહે? માટે હું તને કહું છું કે, મારા પ્રિય! તું ગભરાઈશ નહિ. તું ફક્ત તેનુંજ શરણ ગ્રહણ કર. તે તારા માથા પરના નાના સરખા ભયને તો ટાળશેજ પણ એક દિવસ એવો પણ આવશે કે જ્યારે તે જગદીશ્વર તને સંસારનો જે સૌથી મોટામાં મોટો ભય, સંસારબન્ધનનો મહાભય, ફરી ફરીને જન્મમરણ પ્રાપ્ત કરવાનો મહાભય, તેમાંથી મુક્ત કરીને તને સદાને માટે અજર, અમર અને અભય બનાવી દેશે.

શબ્દાર્થ

(**अङ्ग**) હે પ્રિય! (**इन्द्रः**) ઇન્દ્ર પરમેશ્વર તો (**अभीषत्**) સામે આવેલા (**महद् भयं**) મોટા ભયને પણ (**अप चुच्यवत्**) વિનષ્ટ કરી દે છે. (**स हि**) તેજ નિશ્ચયપૂર્વક (**स्थिरः**) સ્થિર છે, અચળ છે, શાશ્વત છે અને (**विचर्षणिः**) આખા જગતનું યથાવત્ નિરીક્ષણ કરે છે.

३१ वैशाख

इन्द्रश्च मृडयाति नो न नः पश्चात् अघं नशत् ।
भद्रं भवाति न पुरः ॥ (ऋ. २-४१-११)

વિનય

ભાઇઓ ! એક વાત તો તદ્દન નિ:સંદેહ છે કે, ઈન્દ્ર ભગવાન તો આપણને હમેશાં ફક્ત સુખ ને સુખજ આપ્યા કરે છે, તે તો આપણું નિરંતર કલ્યાણજ કરતા રહે છે; છતાં પણ દુ:ખ આપણી સામે આવીને ઉભાં રહે છે, આપણા મનને ઘણી વાર કલેશ, સંતાપ થાય છે, તેનું કારણ શું હશે ? કારણ એજ કે, આપણા કર્મના ચોપડામાં આપણે ખાતે જે પાપ નોંધાયાં છે, તે પાપ આપણી પેઠે દોડયાં દોડયાં ચાલ્યાં આવે છે અને પાપનું પરિણામ દુ:ખ અને કલેશ ન હોય તો બીજું શું હોય ? એ અટળ અનિવાર્ય નિયમ છે. આપણી પાછળ પાપ લાગુ પડેલાં ન હોત તો આપણી સામે ફક્ત સુખ, આનંદ અને કલ્યાણનેજ આપણે જુઅત. આપણે જયારે કોઇ પાપાચરણ કરીએ છીએ ત્યારે તે કરતી વેળા મનમાં એવું સમજતા હોઇએ છીએ કે, પાપ થઈ ગયું અને તેનો અહીંથી છેડો આવી ગયો. આપણે એવું માની લઈએ છીએ કે, બે કલાક પહેલાં આપણે જે પાપ કર્યું હતું તે પોતાનાં કર્મનાં બીજની સાથે બે કલાક થયાં ખલાસ થઇ ગયું–નાશ પામી ચૂકયું–હવે તેમાંનું કશુંજ રહ્યું નથી; હવે આપણો તેની સાથે કશો સંબંધ રહેતો નથી. પણ અહીંજ આપણી ભૂલ થાય છે. આપણે જે ઘડીએ પાપ કર્યું તે ઘડીએ તેની સમાપ્તિ નથી કરતા, પણ માત્ર શરૂઆત કરીએ છીએ, ભવિષ્યમાં ફળ આપનારા ઝાડનું બીજ વાવીએ છીએ. એ પ્રમાણે આપણે એક પછી એક પાપ કરતા કરતા કર્મનાં એક પછી એક બીજ વાવતા વાવતા આગળ જતા

જઇએ છીએ અને છતાં મનમાં આશા રાખીએ છીએ કે, આપણી સામે સુખ, આનંદ અને કલ્યાણજ આવ્યા કરે. પણ આપણે એટલું ગોખી રાખવું જોઇએ કે, આપણાં કરેલાં પાપ ભલે આપણી આંખોની સામે આવીને ઉભાં ન રહે પણ તેમનો નાશ તો નથીજ થતો. તેઓ તો આપણી પૂંઠે લાગેલાંજ હોય છે, આપણો કેડો મૂકતાંજ નથી અને જયાં સુધી તેઓ આપણી સામે અભદ્ર, અકલ્યાણ, દુઃખ, કલેશ વગેરે રૂપોમાં ખડાં થઇને આપણી કરણીનો પૂરેપુરો સ્વાદ ન ચખાડે ત્યાં સુધી નથી તેઓ ઠરીને બેસતાં અને નથી આપણને ઠરીને બેસવા દેતાં. માટે એટલું બરાબર યાદ રાખવું કે, આપણી નજરે ન ચઢે એવાં આપણાં પાછલાં પાપ આપણી પૂંઠ પાછળ ઉભાં ઉભાં જરૂર એક દિવસ આપણી સામે કલેશના રૂપમાં આવીને ઉભાં રહેવાનાંજ–જરૂર આવી પહોંચવાનાં. એવી રીતે આપણાં પુણ્ય પણ આપણી પાછળ પાછળ ચાલ્યાં આવે છે અને આપણી નજરે ન પડે એવી રીતે એક દિવસ આપણી સામે આપણા ભદ્ર, કલ્યાણ અને સુખના રૂપમાં પ્રત્યક્ષ થઈ જાય છે. એથી કરીને જયારે આપણે મનથી ઇચ્છા રાખીએ કે, હમેશાં આપણી સામે સુખ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિજ આવ્યા કરે, પણ સાથે સાથે આપણે નિત્ય લાગલાગટ પાપ પાપ અને પાપજ કરતા જઇએ, ત્યારે આપણી તે ઇચ્છા કેટલી મૂર્ખતાભરેલી છે, કેટલી અસંભવિત છે ! એ ઇચ્છા પરિપૂર્ણ થાયજ કેવી રીતે ? કલેશનાં બીજ વાવીને સુખની આશા રખાયજ શી રીતે ? આપણો નાશ કરનારાં પાપ આપણી પૂંઠે ચાલ્યાં આવતાં હોય અને બીજી બાજુએ આપણે સુખસમૃદ્ધિની વાટ જોઇએ એના જેવી મૂર્ખતા બીજી શી હોઇ શકે ? એ બિલકુલ અસંભવિત વાત છે. માટે આવો, આજથી આપણે ઓછામાં ઓછું ભવિષ્યને માટે નવાં પાપનો ઉમેરો કરવાનું તો જરૂર છોડી દઇએ. કદાચ વિશેષ પુણ્યનો સંચય કરવાનું આપણે માટે શકય ન હોય તો પણ ઓછામાં ઓછો એટલો પાકો નિશ્ચય તો કરીજ નાખીએ

કે, આજથી પછી આપણે હાથે એક પણ પાપ તો નહિજ થાય. એટલું કરવાથી પણ ઈન્દ્ર ભગવાનની દયાથી થોડા વખતમાં આપણે માટે શુભ દિવસ આવી પહોંચશે, આપણે પાપની બલામાંથી છૂટા થઇશું અને આપણા ભદ્રને માટે રસ્તો ચોખ્ખો થઇ જશે. પણ જો આપણે એટલું પણ ન કરીએ તો ઇંદ્રદેવની મોકલેલી સુખ અને કલ્યાણની ઝડી આપણા ઉપર આઠે પ્રહર વરસતી રહે અને આપણે તે ઝડીની વચ્ચોવચ ઉભા હોઇએ તોપણ આપણા નસીબમાં તો સદાય દુખ, દુઃખ અને દુઃખજ વેઠવાનું રહેશે.

શબ્દાર્થ

(इन्द्रः) પરમેશ્વર **(च)** નિશ્ચયપૂર્વક **(नः)** આપણને **(मृडयति)** સુખજ આપતા રહે છે. **(नः)** આપણી **(पश्चात्)** પાછળ **(अघं)** પાપ **(न नशत्)** લાગુ પડયાં ન હોય તો **(नः पुरः)** આપણી સામે **(भद्रं)** ભદ્ર–કલ્યાણજ **(भवाति)** હોય, થતું રહે.

યાદ રાખો

भस्मान्तꣳ शरीरम्

(यजुर्वेद ४०–१५)

આ શરીર એક દિવસ ખાકમાં
મળી જવાનું છે.

ग्रीष्म ऋतु

(त्रिष्टुप् छंद)

ગ્રીષ્મની ઋતુચર્યા

લક્ષણ—ઠંડી અને ગરમી બેઉ જેમાં એક સાથે રહે છે અને ગરમીની જેમાં શરૂઆત થાય છે એવી વસંત ઋતુ પૂરી થઈ ચૂકયા પછી જેટલો વખત ગરમી પુરેપૂરા પ્રમાણમાં પડવા માંડે તેટલા વખતની ઋતુનું નામ ગ્રીષ્મ ઋતુ છે. સામાન્ય રીતે જયેષ્ઠ અને આષાઢ,* એ મહિના ગ્રીષ્મ ઋતુના ગણાય છે, પણ આષાઢમાં વરસાદનો થોડો થોડો પ્રારંભ થવા માંડે છે તેથી કેટલાક લોકો વૈશાખ અને જયેષ્ઠ માસને ગ્રીષ્મ ઋતુના મહિના માને છે.

મહિમા—આ ઋતુમાં સૂર્ય પોતાની પૂરેપુરી શક્તિ વડે જગતને તપાવે છે. સૂર્યની ગરમી, પ્રકાશ અને તેની પ્રાણશક્તિ આ ઋતુમાં આપણને ઘણામાં ઘણા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. તેથી સૂર્યના તરફથી પ્રાપ્ત થતી એ અમૂલ્ય વસ્તુઓનો આપણે પણ ઘણામાં ઘણો ઉપયોગ કરી લેવો જોઈએ. સૂર્યકિરણની મદદ લઈને આપણાં શરીરના મળ અને વિકારોને દૂર કરીને નિર્મળતા અને પવિત્રતા પ્રાપ્ત કરી લેવી ઘટે. આ સમયને “ આદાનકાલ ” કહે છે, કારણ કે સામાન્ય રીતે લોકોમાં એક એવી માન્યતા છે કે, ગરમ ઋતુમાં આપણા શરીરનું બળ, શક્તિ વગેરે ક્ષીણ થાય છે. પણ જો આપણે આ ઋતુનો યથોચિત ઉપયોગ કરી લઈએ તો ઋતુમાં ખાસ એવું તત્ત્વ નથી કે જેથી આપણા કોઈપણ વાસ્તવિક બળમાં જરા પણ ઘટાડો થાય. ઉલટું, સૂર્યનારાયણનાં પવિત્રતાદાયક અને મલશોધક કિરણોનો ઉપયોગ કર્યાથી જો કશાનો ઘટાડો થતો હોય તો તે આપણા

---

* આ કથન સંયુક્ત પ્રાન્તને લાગુ પડે છે. આપણા ગુજરાતમાં તો–ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં–જયેષ્ઠ માસમાં (અંગ્રેજી જૂન માસમાં) વરસાદની મોસમ બેસી જાય છે, માટે ઋતુચર્યા પાળનારે આ તફાવત લક્ષમાં રાખવો.—**સેવાનંદ**

શરીરના મલ, દોષ અને વિકારોનોજ. સૂર્ય ભગવાન તો આપણાં શરીરમાંથી બળનું નહિ, પણ મલ અને દોષોનુંજ આદાન કરીને—શોષણ કરીને—આપણને દોષમુક્ત અને પવિત્ર બનાવવાનું ઉપકારક કામ કરે છે.

ગુણ—આ ઋતુ રૂક્ષ–સૂકી કહેવાય છે. તેનાથી પદાર્થોમાં તીક્ષ્ણતા ઉત્પન્ન થાય છે, પિત્તની વૃદ્ધિ થાય છે અને કફનો નાશ થાય છે. વાતનો શરીરમાં સંચય થાય છે. આ ઋતુમાં મનુષ્યનો જઠરાગ્નિ મંદ થવા માંડે છે અને બળ ક્ષીણ અવસ્થામાં રહે છે. શરીરમાંથી પરસેવો વગેરે નીકળવાથી શરીર શુદ્ધ થાય છે.

પથ્યાપથ્ય—વસંત ઋતુમાં વધી ગએલો કફ આ ઋતુમાં શાંત થઇ જાય છે, તેથી કરીને આ ઋતુમાં સ્નિગ્ધ, (ઘીવાળા), શીતવીર્ય, મધુર તથા સહેલાઇથી પચી જાય એવા હલકા પદાર્થોનું સેવન કરવું જોઇએ; જેમકે ઘઉં, મગ, જવ, *દલીઆ, સાથવો, લાપસી, શ્રીખંડ, દૂધ, ×સરદાઈ, મીઠાં રસદાર ફળ વગેરે પદાર્થોનું ભોજન પથ્ય છે. એથી ઉલટું આદુ, મરી, મરચાં વગેરે તીખા પદાર્થ, ખારી અને ખાટી વસ્તુઓ જેઓ ઉષ્ણ–વીર્ય કહેવાય છે, તેમનો થોડામાં થોડા પ્રમાણમાં ઉપયોગ કરવો જોઈએ.

આ ઋતુમાં શરીર અને વનસ્પતિઓમાં રૂક્ષતા અને લઘુતા ખૂબ વધી જવાથી વાતની વૃદ્ધિ થાય છે, પણ હવામાં ગરમી હોવાને લીધે વાતદોષ બેહદ વધી જઇને તેનો પ્રકોપ થવા પામતો નથી. આગળ જતાં વર્ષા ઋતુનો અમલ બેસી ગયા પછી વાત પ્રકુપિત થાય છે. માટે આ ઋતુમાં અતિ-

---

* આખા ઘઉંને જરાક શેકયા પછી જાડા જાડા ભરડીને બનાવેલા ચોખાની કણકી જેવા કટકા. ભાતની માફક રાંધીને દાળ સાથે ખાઇ શકાય.

× બદામનો મગજ, એલચી, ગુલાબનાં ફૂલ, વરીઆળી, મરી, કાકડી, તડબુચ વગેરેનો મગજ ખૂબ લસોટીને બનાવેલ શરબત.

—સેવાનંદ

શય વાયડા પદાર્થો ખાવા અથવા ગરમીથી કાયર થઇને ઠંડકને માટે અતિશય ઠંડા પદાર્થોનું સેવન કરવું અથવા ઠંડા ઉપચાર કરવા, એ પણ સારૂં નથી. એનાથી શરીરમાં વાતનો સંચય થાય છે, જે આગળ જતાં વર્ષાઋતુમાં પ્રકુપિત થઇને વાતજન્ય વ્યાધિઓને ઉત્પન્ન કરે છે.

દહાડે સૂવાથી જો કોઈ પણ ઋતુમાં લાભ થઇ શકતો હોય તો તે માત્ર આ એકલીજ ઋતુ છે.

આ ઋતુમાં ગરમી અતિશય વધી પડવાથી નસ્કોરી ફૂટે છે, લૂ લાગે છે, એવા કેટલાક ઉષ્ણતાજન્ય વ્યાધિઓ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. માટે રક્ત-પિત્ત તથા પિત્ત પ્રકૃતિવાળા લોકોએ ખૂબ સાવધાન રહેવું. તડકો અને ગરમ લૂ શરીરને ન લાગે તેની કાળજી રાખવી. બહાર નીકળવું પડે તો માથું (ખાસ કરીને ગરદન) સારી રીતે ઢાંકીને અને પગે પગરખાં પહેરીનેજ જવું. આ ઋતુમાં અતિશય શ્રમ પડે એવી કસરત ન કરવી, પરંતુ હલકી કસરતો તથા પાણીમાં તરવાની કસરત કરવાથી લાભજ થાય છે.

હિન્દી લોકમાન્યતા મુજબ જ્યેષ્ઠ માસમાં પ્રવાસ કરવાનો અને આષાઢ માસમાં બિલાં (બિલીનાં ફળ) ખાવાનો નિષેધ છે.

ज्येष्ठ मास

ज्येष्ठ मास (वृष राशि) माटे

प्राणदायक व्यायाम

ખભા, ભુજા અને ફેફસાંને સ્વસ્થ તથા નીરોગ બનાવનારી કસરતો

(૧)

અગાઉ બતાવેલી રીત મુજબ સીધા ટટાર ઉભા રહેવું. પછી બેઉ હાથને લાંબા કરવા. આ વખતે હથેળીઓ ઉપરની બાજુએ રહેવી જોઇએ. મુઠ્ઠીઓ વાળ્યા પછી માંસપેશીઓને ખૂબ તંગ કરવી. પછી હાથને કોણી આગળથી વાળીને ધીમે ધીમે પણ માંસપેશીઓને ઢીલી કર્યા વગર માથા ભણી લાવતા જવું. એમ કરતાં કરતાં છેવટે બેઉ હાથની મુઠ્ઠીઓ ખભાને અડકવી જોઇએ. પછી પાછા બેઉ હાથને ધીમે ધીમે પહેલાંની સ્થિતિમાં લઇ જવા. આ બેઉ ક્રિયાઓ કરતી વખતે આખા શરીરની તમામ માંસપેશીઓ તંગજ રહે તેની કાળજી રાખવી. હાથ ખભા તરફ જતા હોય તેટલો વખત એક પૂર્ણ શ્વાસ લેવો અને હાથને ખભાથી સામી દિશાએ લઇ જતી વખતે શ્વાસને ધીમે ધીમે બહાર કાઢી નાખવો. પછી થોડી વાર સુધી શરીરને શિથિલ કર્યા બાદ એની એજ કસરત થાય તેટલી વાર કર્યા કરવી.

(૨)

પ્રસ્તુત માસને માટે કરવાની કસરતની એક બીજી રીત નીચે મુજબ છે:—

અગાઉ બતાવેલી રીત મુજબ સીધા ટટાર ઉભા રહેવું. બેઉ હાથને નીચેની બાજુએ લટકતા રાખવા. માંસપેશીઓને તંગ કરવી. પછી જમણા હાથને કોણીમાંથી વાળીને ઉપરની બાજુ તરફ લઇ જવો. એમ કરતાં જ્યારે કોણી

ખભાની સમરેખામાં આવી જાય ત્યારે થોભી જવું. પછી પાછો તે હાથને અસલની સ્થિતિમાં લઇ જવો. એ ક્રિયા કરતી વખતે શરીરની માંસપેશીઓ તંગની તંગજ રહેવી જોઇએ. એ પ્રમાણે ડાબા હાથને પણ કસરત આપવી. જ્યારે હાથ ઉપરની બાજુ તરફ જતા હોય ત્યારે પૂર્ણ શ્વાસ લેવો અને હાથ ખભા સુધી આવી જાય તેટલા વખતમાં ફેફસાં શ્વાસથી ભરાઇ જવાં જોઇએ. હાથ જ્યારે નીચેની બાજુ તરફ જતા હોય ત્યારે શ્વાસને બહાર કાઢતા જવું. પછી થોડી વાર શરીરની માંસપેશીઓને શિથિલ કર્યા બાદ એજ કસરત થાય તેટલી વાર કરવી.

આ કસરત કરતી વખતે મનને ખભા, ભુજા અને ફેફસાં ઉપર એકાગ્ર કરવું અને એ ત્રણે અવયવોની પૂર્ણ સ્વસ્થ અવસ્થાનું માનસિક ચિત્ર રચીને તેના ધ્યાનમાં તન્મય બની જવું.

ધ્યાન—આ કસરતથી મારાં ફેફસાંની શ્વાસ ધારણ કરવાની શક્તિ વધતી જાય છે. મારાં ફેફસાં દિવસે દિવસે વધારે વધારે મજબૂત બનતાં જાય છે. આ કસરતથી હું સ્વસ્થ બનતો જાઉં છું અને મને તેથી વાસ્તવિક લાભ પ્રાપ્ત થાય છે.

ભાદ્રપદ, માર્ગશીર્ષ અને ફાલ્ગુન માસની કસરતો દ્વારા પણ ઉપર ગણાવેલા ત્રણ અવયવોને ગૌણ રીતે લાભ થાય છે.

१ ज्येष्ठ

कालो अश्वो वहति सप्तरश्मिः, सहस्राक्षो अजरो भूरिरेताः ।
तमारोहन्ति कवयो विपाश्चितः, तस्य चक्रा भुवनानि विश्वा ॥
(अथर्व० १९-५३-१)

વિનય

કાળરૂપી મહાબળવાન અશ્વ દોડયો જાય છે. તે આખા સંસારને ઘસડતો જાય છે. આ વિશ્વનાં તમામ પ્રકારનાં સ્તરોમાં–જગતોમાં સાત તત્ત્વો કાર્ય કરી રહ્યાં છે, (તમામ જગતોમાં સાત સાત લોક છે, સાત સાત ભૂમિકાઓ છે, સાત પ્રકારની સૃષ્ટિ છે, વળી પ્રત્યેક પ્રાણીમાં સાત પ્રકારના પ્રાણ, સાત પ્રકારનું જ્ઞાન તેમજ સાત પ્રકારની ધાતુઓ છે.) એ સાત ×દોરડીઓ લગામની પટ્ટીઓ (રશ્મિઓ) ની જગ્યાએ છે, જેના વડે આ વિશ્વ કાળરૂપી અશ્વની સાથે જોડાએલું છે. કાળરૂપી મહાશક્તિની સાથે જોડાઇને આ બ્રહ્માંડનાં તમામ ભુવનો, તે માંહેનાં તમામ મનુષ્યો, પ્રાણીઓ અને તમામ સૃષ્ટ પદાર્થો ચક્રની પેઠે ઘૂમ્યા કરે છે. આ બધાં અસંખ્ય ભુવનો ઉપર ઉત્પન્ન થએલા તમામ ચર અને અચર પદાર્થોરૂપી અસંખ્ય ધરીઓને (વ્યક્તિકેન્દ્રોને) ગતિ આપતો મહાશક્તિમાન કાળ પોતાનાં ઉપરોક્ત ભુવનોરૂપી ચક્રો દ્વારા આ વિશ્વને ગતિમાન કરી રહ્યો છે. આ

× મૂળ હિન્દીમાં 'રસ્સી' શબ્દ છે, જે સંસ્કૃત 'રશ્મિ' ઉપરથી ઉદ્ભવ્યો છે અને તે ઘણોજ બંધ બેસતો છે. ગુજરાતીમાં દોરડીને માટે 'રાસ' શબ્દ છે તો ખરો, પણ મૂળ રશ્મિ શબ્દથી ઘણો દૂર નીકળી ગયો છે. —**સેવાનંદ**



कालो अश्वो वहति सप्तरश्मिः सहस्राक्षो अजरो भूरिरेताः ।
तमा रोहन्ति कवयो विपश्चितः, तस्य चक्रा भुवनानि विश्वा ॥

પ્રમાણે આ સંસાર અનાદિ કાળથી ખેંચાતો ચાલ્યો જાય છે. આપણા જેવાં એકદમ તુચ્છ અને કશા હિસાબમાંજ નહિ એવાં માનવજીવડાંઓની તો વાતજ શી! પણ અસંખ્ય વર્ષો જેટલાં દીર્ઘ જેમનાં આયુષ્ય છે એવાં મોટાં મોટાં *સૌરમંડળો પણ એક દિવસ જીર્ણ થઇ જઇને આ અનંત કાળમાં લીન થઈ જાય છે. પરંતુ જે કદી પણ જીર્ણ ન થાય એવો આ કાળદેવ આજે પણ પોતાની અસલ હતી તેટલીજ અને તેની તેજ શક્તિથી આ વિશ્વ બ્રહ્માંડને ઘસડતો ચાલ્યો જાય છે. એ કાળદેવને મારા કોટિ કોટિ પ્રણામ. ભાઈઓ! જે કદી પણ જીર્ણ ન થાય, સદાય યુવાન ને યુવાનજ રહે અને જે આખા વિશ્વને ખેંચી જાય છે તે મહાવીર્યવાન અશ્વ તમે જોઈ શકો છો? પણ યાદ રાખજો કે, આ મહાવેગવાન અશ્વના ઉપર ફક્ત તેઓજ સ્વારી કરી શકે છે કે જેઓ જ્ઞાની છે–જેઓ સમયને ઓળખી લે છે–જેમની દૃષ્ટિ વિશ્વને ગતિ આપનાર કાળદેવનાં દર્શન કરીને વિશાળ બની ગઇ છે અને તેથી કરીને જેઓ ક્રાન્તદર્શી થઇ ચૂકયા છે, જેઓ ખૂબ આઘેના ભૂતકાળને તથા ભવિષ્યકાળને નજરોનજર જોઇ શકે છે. એથી ઉલટું અજ્ઞાની અને અતિ ચંચળ પ્રકૃતિવાળા લોકો, જેમને જ્ઞાનનો સ્થિર પ્રકાશ પ્રાપ્ત થયો નથી, તેમની દૃષ્ટિ ક્ષુદ્ર અને સાંકડી હોય છે. તેઓ કાળના મહત્ત્વને નથી ઓળખી શકતા. એવા લોકોથી કાળના રથ ઉપર ચઢી શકાયું નથી અને નહિ ચઢી શકાવાથી કાં તો તેઓ રથની નીચે છૂંદાઇ મરે છે અથવા તો થોડેક દૂર સુધી રથની સાથે સાથે ઘસડાયા પછી ગમે ત્યાં આઘે જઇ પડે છે અથવા માર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે અને તેમ ન થાય તો રસ્તા ઉપરજ પડયા રહે છે અને એવી ને એવી હાલતમાં છેવટે તેમનું મૃત્યુ થાય છે. કાળનો એક અર્થ મૃત્યુ થાય છે અથવા કાળનું એક નામ મૃત્યુ પડયું છે તે આ કારણને લીધેજ. પણ વાસ્તવિક રીતે કાળ તો મહાશક્તિશાળી, મહાવેગવાળું વિમાન છે, જેના ઉપર સ્વારી કરતાં આવડે તો

---

* સૂર્ય અને તેની આસપાસ ફરતા ગ્રહોનું કુટુંબ. —સેવાનંદ

આપણે આપણા માર્ગમાં અત્યંત ત્વરાથી આગળ વધી શકીએ અને થોડામાં થોડા વખતમાં આપણા લક્ષ્ય સુધી જઈ પહોંચીએ. માટે આવો, આજથી આપણે કાળરૂપી અશ્વ ઉપર સ્વારી કરીએ, આપણી પળેપળનો અને ક્ષણે ક્ષણનો સદુપયોગ કરતા થઇએ, આ મહાશક્તિને કદી પણ વ્યર્થ વહી જવા દઇએ નહિ અને કાળની વિશાળતાને ઓળખીને હમેશાં ઊંચી અને વિશાળ દૃષ્ટિ રાખતા રહીને સમયાનુસાર પોતપોતાનાં કર્તવ્યોનો યોગ્ય નિર્ણય કરીએ, અને તે પ્રમાણે અમલ કરતા થઇ જઇએ. કાળરૂપી અશ્વ પર સ્વારી કરનારનાં ઉપર ગણાવ્યાં તેજ લક્ષણ છે. એ લક્ષણો ધારણ કરીને જો આપણે તેના ઉપર સ્વારી કરતાં નહિ શીખીએ તો કોઇ કાળે પણ આપણા લક્ષ્યને પ્રાપ્ત કરી શકવાના નથી, કાળ-અશ્વ આપણે સારૂ ઉભો રહેનાર નથી. તે આપણને તેની સાથે ઘસડતો, અફાળતો, છૂંદતો, ફાવે ત્યાં પટકતો ચાલ્યો જશે અને અંતે આપણો વિનાશ કરીને આગળ નીકળી જશે.

શબ્દાર્થ

(सप्तरश्मिः) સાત દોરીની લગામવાળો **(सहस्राक्षः)** હજારો ધરીઓને ચલાવનાર **(अजरः)** કદી પણ જીર્ણ થાય નહિ એવો, કદી પણ ઘરડો થાયજ નહિ એવો **(भूरिरेताः)** મહાબળવાન **(कालः अश्वः)** સમયરૂપી ઘોડો **(वहति)** ચાલ્યો જાય છે, સંસારરૂપી રથને ખેંચી જાય છે **(विश्वा भुवनानि)** સર્વ ભુવન, તમામ સૃષ્ટ વસ્તુઓ **(तस्य)** તેનાં **(चक्राः)** પૈડાં છે–તેના વડે ચક્રની પેઠે ફરે છે. **(तं)** તે ઘોડા ઉપર **(विपश्चितः)** જ્ઞાનીઓ અને **(कवयः)** ક્રાન્તદર્શી લોકોજ **(आरोहन्ति)** સ્વારી કરી શકે છે.

२ ज्येष्ठ

त्वां जना ममसत्येषु इन्द्र, सन्तस्थाना वि ह्वयन्ते समीके ।
अत्रा युजं कृणुते यो हविष्मान्, नासुन्वता सख्यं वष्टि शूरः ॥
(ऋ० १०-४२-४ । अथर्व० २०-८९-४)

વિનય

હે પરમેશ્વર ! મનુષ્યો બે વિરુદ્ધ પક્ષમાં વહેંચાઇ જઇને એકલા રાજનૈતિક ક્ષેત્રમાંજ પરસ્પર સંઘર્ષ કરે છે એવું નથી, પણ સાહિત્યિક, વૈજ્ઞાનિક, સામાજિક, ધાર્મિક, તમામ વિષયોમાં મનુષ્યોનો પરસ્પર સંઘર્ષ મચી રહ્યો છે. અને વળી ખરી ખુબીની વાત તો એ છે કે, બેઉ પક્ષના લડવૈયાઓ તમારા નામની આણ દઈ દઇને લડે છે. બેઉ પક્ષના લોકો કહે છે કે "અમારો પક્ષ સાચો છે, માટે પરમેશ્વર અમારી તરફ છે, તેથી અંતે વિજય તો અસારોજ થવાનો છે." પરંતુ હે મનુષ્યો ! સત્યની સાથે આવી છોકરવાદી ન કરો. જરાક અંતર્મુખ બનીને–હૃદયની અંદર પ્રવેશ કરીને, તમારી સાચી અવસ્થાને જુઓ તો ખરા. 'સત્ય', 'પરમેશ્વર' વગેરે પરમ પવિત્ર શબ્દો એમ છોકરવાદીપણે ને વગરવિચાર્યે બોલી નાખવા એ સારૂં ન કહેવાય. એ તો પાપ છે. જરાક ઉંડા ઉતરીને, ઉંડા પાણીમાં ડૂબકી મારીને, તત્પરતા સહિત સત્ય વસ્તુની ખોળ કરી જુઓ. સત્યસ્વરૂપ ઈન્દ્ર હમેશાં સાચા (વાસ્તવિક) સત્યનોજ સહાયક થાય છે તે વાત તમને ત્યારેજ સમજાશે. આ સંસારની અંદર જે લોકો હાથમાં 'હવિઃ' લઇને ઉભા રહ્યા છે, આત્મબલિદાન દેવાને તૈયાર થઇ રહ્યા છે, જેઓ પોતાની હથેળી ઉપર માથાં લઇને ફરે છે, તેવા ત્યાગી પુરુષોનેજ પરમેશ્વર પોતાના સાથી બનાવે છે અને તેમનેજ સહાય થાય છે. કોણ કેટલા સાચા છે તેની ખરી પરીક્ષા આ ત્યાગવૃત્તિમાંજ છે. જેને સત્યના ઉપર સાચો પ્રેમ છે, તે તો સત્યને વરવાને માટે કેસરીઆં કરીનેજ ઉભો હોય છે. જે સત્યનો સાચો પૂજારી છે તે તો આ

ક્ષણભંગુર શરીરનુંજ બલિદાન નહિ પણ સારાય સંસારની તમામ અસત્ય અને અસાર વસ્તુઓનું બલિદાન દેવું પડે તો તે દઈને પણ સત્યની રક્ષા કરે છે. તેથી કરીને એવા પુરુષોજ શૂરવીર, મહાપરાક્રમી અને સર્વશક્તિમાન ઇન્દ્રની મિત્રતા (સખ્ય) અને સહાયતા પ્રાપ્ત કરે છે. શૂરવીર ઇંદ્રના મિત્ર બનવાની ઇચ્છા હોય તો **'हविष्मान्'** બનો, **'सवन'** કરતા થઇ જાઓ. જેઓ **'असुन्वत्'** છે–અર્થાત્ જેઓ યજ્ઞને માટે સોમરસનું સવન નથી કરતા—જેઓ કઠોર પરિશ્રમ કરીને સાર વસ્તુનું, સત્યનું, તત્ત્વનું નિષ્પાદન (નીચોડ) નથી કરતા—તેમની સાથે મૈત્રી કરવા ઇંદ્ર ચાહતોજ નથી. માટે ભાઇઓ ! ઢોંગ જવા દો, જાણ્યા વગર, ઉંડા ઉતર્યા વગર ગમે તેમ 'સત્ય' 'પરમેશ્વર' એવા શબ્દોની ડીંગ મારવાનું છોડી દો. સત્ય કદી ગુપ્ત રહેતુંજ નથી. જ્યારે તમે સત્યને ધારણ કરશો, તમારા પક્ષમાં સત્ય હશે તો તેને માટે સર્વસ્વનું બલિદાન દેવાની પણ તમારી તૈયારી થઈ ચૂકી હશે. વળી આગળ જતાં સત્ય રસને, તત્ત્વસારને નીચોવીને પ્રાપ્ત કરવાની પણ ઉત્કટ લગની તમને લાગીજ હશે. તે વખતે તે પરમ સૌભાગ્ય તમારા હાથમાં આવી ગયું હશે—તે વખતે તમે જોશો કે, તે શૂરવીર સર્વશક્તિમાન ઈન્દ્રની મૈત્રી તમને ક્યારનીય પ્રાપ્ત થઇ ગઇ છે અને તમે તેના **'युज'** સાથી–સખા–ક્યારનાય બની ચૂક્યા છો.

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર ! **(मम सत्येषु)** 'મારો પક્ષ સાચો છે' 'મારો પક્ષ સાચો છે' એવા ઝગડાઓમાં, પરસ્પરની સ્પર્ધાઓમાં **(जनाः)** લોકો **(त्वां)** તને **(वि ह्वयन्ते)** નાના પ્રકારે પોતાને મદદ કરવા સારૂ બોલાવે છે. વળી (**समीके**) યુદ્ધમાં, સંગ્રામમાં **(संतस्थानाः)** સ્થિત થએલા, દૃઢતાપૂર્વક ઉભેલા લોકો પણ તને પોતાના પક્ષમાં આવવા બોલાવે છે. પરંતુ **(अत्र)** આ સંસારમાં, હે મનુષ્યો ! **(यो हविष्मान्)** જે બલિદાન દેવા તૈયાર છે તેનેજ તે ઇંદ્ર **(युजं कृणुते)** પોતાનો સાથી બનાવે છે **(शूरः)** મહાપહાક્રમી ઇન્દ્ર **(असुन्वता)** યજ્ઞને માટે સવન નહિ કરનારા અનુદ્યમી લોકોની સાથે **(सख्यं न वष्टि)** કદી મૈત્રી કરવા ઇચ્છતો નથી.

३ ज्येष्ठ

उरुं नो लोकं अनुनेषि विद्वान्, स्वर्वत् ज्योतिरभयं स्वस्ति।
ऋष्वात इन्द्रस्थविरस्य बाहू, उपस्थेयाम शरणा बृहन्ता ॥
(ऋ० ६–४७–८। अथर्व० १९–१५–४)

વિનય

હે પરમેશ્વર ! હે સર્વજ્ઞ ! તમે અમને જ્ઞાન આપીને કોઇ વાર તમારા વિસ્તીર્ણ, ખુલ્લા અને સીમારહિત પ્રદેશમાં મોકલી દો છો—જ્યાં કેવળ આનંદ, આનંદ અને આનંદજ છે અને તે આનંદ એવા વિશેષ પ્રકારનો છે કે તેની પ્રતિક્રિયારૂપે દુઃખ, સંતાપ વગેરેની કદી ઉત્પત્તિ થતીજ નથી; તમે અમને એવા જ્યોતિર્મય પ્રદેશમાં મોકલી દો છો કે જ્યાં કેવળ પ્રકાશનુંજ સામ્રાજ્ય ચાલે છે, જ્યાંના વિસ્તીર્ણ શુભ પ્રકાશ–સાગર ઉપર અજ્ઞાન અને અંધકારનો ઓળો પણ નથી પડી શકતો; જ્યાં પરિપૂર્ણ અખંડ નિર્ભયતા વ્યાપી રહે છે, જે નાના પ્રકારની ભયની ભૂતાવળ અમને અહીં બધો વખત ત્રાસ આપ્યાજ કરે છે તેનું જ્યાં નામ કે નિશાન પણ નથી હોતું; જ્યાં સદાકાળ કલ્યાણ ને કલ્યાણનીજ વૃષ્ટિ થયા કરે છે અને અકલ્યાણની જ્યાં કોઇને કલ્પના પણ હોતી નથી. હે ઇન્દ્ર ! એવા લોકમાં તમારો નિવાસ છે. તમે અમને મનુષ્યને–જીવમાત્રને–ત્યાં લઈ જવાને સમર્થ છો. હે મારા માલિક ! તમે જરા તમારા હાથ લંબાવો અને અમને તમારા મહાન શરણમાં ઉઠાવી લો. હે મહાન દેવ ! તમારા બાહુ તમામ પાપ–તાપ–સંતાપનો નાશ કરી નાખે એવા છે, ક્લેશ કષ્ટને નસાડી મૂકે છે, વિઘ્નો–બાધાઓને દૂર હઠાવી દે છે. તેમના મહાન શરણમાં જઇને જેઓ બેઠા છે તેમને દુઃખ, અજ્ઞાન,

ભય અને અકલ્યાણ સ્પર્શ પણ નથી કરી શકતાં. હે કરુણામય ! લંબાવો, લંબાવો તમારો એ બાહુ ! અમને ઉપાડી લેવા માટે તમારા એ વાત્સલ્યભર્યા બાહુ લંબાવો કે જેનો આધાર લઈને અમે તમારા પરમ શરણમાં આવીને બેસી જઈએ, અમે તે ખોળામાં જઈને બેસીએ, કે જ્યાં નથી ક્લેશ, નથી ભ્રમ, નથી ભય અને નથી આમય.

શબ્દાર્થ

(इन्द्र) હે ઇન્દ્ર ! **(त्वं विद्वान्)** તું સર્વજ્ઞ છે, **(नः उरं लोकं अनुनेषि)** તું અમને તે મહાન વિસ્તૃત લોકમાં પહોંચાડી દે છે કે જ્યાં **(स्वर्वत्)** આનંદ **(ज्योतिः)** પ્રકાશ **(अभयं)** અભય અને **(स्वस्ति)** કલ્યાણજ છે. હે પરમેશ્વર ! **(ते स्थविरस्य चाहू)** તું જે મહાન દેવ છે તેના બાહુ **(ऋष्वा)** તમામ વિઘ્નોનો, બાધાઓનો નાશ કરનારા છે. **(बृहन्ता शरणा)** હવે તે તમારા (બાહુઓના) અપાર શરણમાં **(उपस्थेयाम)** બેસી જઈએ.

४ ज्येष्ठ

ऋतस्य हि शुरुधः सन्ति पूर्वीः ऋतस्य धीतिर्वृजिनानि हन्ति ।
ऋतस्य श्लोको बधिराततर्द कर्णा बुधानः शुचमान आयोः ॥
(ऋ. ४-२३-८)

વિનય

પ્રિય ભાઇઓ ! સત્યનું માહાત્મ્ય કેવું છે તે તો જુઓ ! સત્યમાં એવું સનાતન ઐશ્વર્ય અને બળ છે કે જેનાથી શોકનું નિવારણ થઈ જાય છે. એક વાર જ્યાં સત્યનું જ્ઞાન થઈ ગયું એટલે સંસારનાં તમામ દુઃખ, શોક–ભયંકરમાં ભયંકર દુઃખ ભલેને હોય, તોપણ તે નાનાં છોકરાંની રમત જેવું થઇ જાય છે. અનાદિકાળથી ચાલ્યો આવતો મહાનિયમ એવો છે કે જેઓ શોકસંતાપની પેલે પાર ચાલ્યા ગયા હોય છે તેમને ગમે તે રીતે સત્યજ્ઞાન થયું હોય છેજ.

તમારે કોઇ પણ નહિ ઇચ્છવા જેવી બલામાંથી છૂટા થવું હોય, પાપના પંજામાંથી છૂટવું હોય તો સત્યની મદદ લો. આપણી અંદર જેટલા પ્રમાણમાં સત્યનો અભાવ હોય છે, તેટલાજ પ્રમાણમાં અનિષ્ટને–પાપને આપણી અંદર ઘુસી જવાનો અવકાશ મળે છે. જે સોળેસોળ આની સાચો છે, તેની અંદર પાપ અનિષ્ટ વગેરેને પેસવાની જગ્યાજ નથી મળતી. માટે એકજ વાતનો દૃઢ આગ્રહ રાખીએ કે, આપણે તો ગમે તેમ કરીને પણ સત્યનુંજ પાલન કરવું, તો તેટલુંય ઘણું છે. કારણકે તેમ કર્યાથી આપણી અંદર પેસી ગએલી તમામ ત્યાજ્ય વસ્તુઓનો--જે કાંઈ ત્યાગ કરવા યોગ્ય છે તે વસ્તુ ગમે તેવી હોય પણ આખરે વાસ્તવિક રીતે તો પાપજ છે—આપોઆપજ નાશ થઇ જશે.

વળી જો આપણે સાચા હોઇશું તો આપણી વાત એક વાર આપણા હરિફને પણ સાંભળવી પડશે. આપણા સત્ય-

ની તેના ઉપર અસર થયા વિના રહેવાનીજ નથી. સત્યનો પ્રભાવ ન પડે એવું કદી બનેજ નહિ. સત્યનો અવાજ **'શુચમાન'** હોય છે, તેનામાં એક પ્રકારનું વિશેષ બળ હોય છે, જે બીજાને જાગ્રત કરનાર **'બુધાનઃ'** નીવડે છે. આ તેજની આગળ સ્વાર્થી માણસોને (જેઓ પોતાના સ્વાર્થની હાનિ થશે એવા ભયને લીધે પ્રથમ સત્યને સાંભળ્યું નહિ સાંભળ્યું કરવા ઇચ્છે છે) પોતાના કાનના ડાટા ઉઘાડી નાખવા પડે છે. સત્ય એ એવી જાગ્રત કરી દેનારી શક્તિ છે કે જેઓ પોતાના અજ્ઞાનને લીધે અત્યાર સુધી ખરી વસ્તુ સમજવાને અશક્ત હતા તેમનામાં પણ ચેતના ને જાગૃતિ ઉત્પન્ન કરી દે છે. સત્યનો અવાજ સીધો હૃદયના ઉપર જઇને અથડાય છે અને આરપાર નીકળી જાય છે. એક વાર જ્યાં કોઈ સત્યને કાને સાંભળવા પણ તૈયાર ન હતું ત્યાં આખરે સૌ સત્યને નમતા આવે છે, સૌને આવવુંજ પડે છે. સત્યમાં ખરેખર એવી તાકાત છે કે ગમે તેવા બહેરા માણસના પણ કાનના પડદાને ફોડીને તેમાં ઘૂસી ગયા વગર રહેતું નથી.

શબ્દાર્થ

(ऋतस्य हि) સત્યની **(शुरुधः)** શોકનિવારક સંપત્તિઓ **(पूर्वीः)** સનાતન **(सन्ति)** છે. **(ऋतस्य धीतिः)** સત્યને ધારણ કરવાથી **(वृजिनानि)** પાપોનો ત્યાગ કરવા જેવી વસ્તુઓનો **(हन्ति)** નાશ થાય છે. **(ऋतस्य)** સત્યનો **(बुधानः)** જગાડનાર અને **(शुचमानः)** દીપ્યમાન **(श्लोकः)** અવાજ **(बधिरा)** બહેરા **(आयोः)** માણસોના **(कर्णा)** કાનમાં પણ **(आततर्द)** બળજબરાઇથી પેસી જાય છે.

५ ज्येष्ठ

पदं देवस्य नमसा व्यन्तः, श्रवस्यवः श्रव आपन् अमृक्तम् ।
नामानि चित् दधिरे यज्ञियानि, भद्रायां ते रणयन्त सन्दृष्टौ ॥
(ऋ० ६-१-४)

વિનય

હે દેવ ! અમને તમારા પદની, તમારા પ્રાપ્તવ્ય સ્વરૂપની, તમારા ચરણના દર્શનની પ્રાપ્તિ થઈ ગઈ છે. તમને વારંવાર નમસ્કાર કરતા રહીને, તમારી સ્તુતિ ગાતા રહીને, તમારી આગળ મસ્તક નમાવતા રહીને અને ભક્તિભાવપૂર્વક તમને આત્મસમર્પણ કરતા રહીને અમને તમારા આ દુર્લભ પદનાં દર્શન કરવાનું સુખ મળ્યું છે. એ બધો તમારી ભક્તિનોજ મહિમા છે. વળી એની સાથે સાથે યશ મેળવવાની ઇચ્છા જે મારા મનમાં ઘણો વખત થયાં હતી તે પણ પૂર્ણ થઈ ગઈ. તમારી કૃપાથી હું એવો યશ કમાયો છું કે જે કોઇ કાળે પણ ઝાંખો થાય નહિ એવો છે, બીજા માણસો તરફથી મળતો યશ તો તેમને અધીન છે–મતલબ કે, તેઓ આપે તોજ મળે; વળી તે સદાકાળ ટકી નથી રહેતો; કાળે કરીને ઝાંખો પડી જાય છે. પણ તમારા પદના દર્શનથી જે યશ મને મારી પોતાની અંદરથી મળ્યો છે તે એવો અક્ષય છે કે તેને પ્રાપ્ત કર્યા પછી મને બહારનો યશ મેળવવાની આકાંક્ષા રહીજ નથી. તારા સેવકોને સજ્જન પુરુષો દ્વારા મનમાન્યો યશ મળ્યાજ કરે છે. પરંતુ તે પાણ તારી મારફતે મળેલા આન્તર યશની છાયાજ છે. હે અગ્નિદેવ ! તારી ભક્તિ વડે હું તરી પાર ઉતર્યો છું. તારી ભક્તિનો એવો પ્રતાપ છે કે જો કોઈ વ્યકિત તારા યજ્ઞાર્હ (યજ્ઞ વખતે ઉચ્ચારણ કરવા યોગ્ય) પવિત્ર પુણ્ય નામને માત્ર ધારણજ કરે–મતલબ કે મોઢેથી તારા નામનો

ઉચ્ચાર કરતા રહીને તેનું ભક્તિપૂર્વક હૃદયમાં ગુંજન કરતો રહે તો આટલા નામજપ અને નામધારણ વડે તેનું અંતઃકરણ એટલું શુદ્ધ બની જાય છે કે આખરે તેના ઉપર તારી કલ્યાણમયી દૃષ્ટિ પડયા વિના રહેતી નથી. પછી તે વ્યક્તિ તારી કલ્યાણમયી દૃષ્ટિની છાયા નીચે રહીને ઘણોજ સુખપૂર્વક આગળ ને આગળ ઉન્નતિ કરતો જશે, તેના* વ્યાધિ, સ્ત્યાન (અવાજ કરનાર) વગેરે વિઘ્નોનો નાશ થતો જશે અને તે પરમ સુખપૂર્વક નિર્વિઘ્ને ઉન્નત થતોજ રહેશે.

જો એમજ હોય તો હે અગ્ને! તારા પવિત્ર નામને માત્ર ધારણ કરવા જેવું સહેલું કામ પણ શું અમે ન કરી શકીએ? તમારા સુધી જઇ પહોંચવાને માટે જો ઓછામાં ઓછું અને સહેલામાં સહેલું કોઇ કામ અમારે કરવા જેવું હોય તો તે આ નામધારણજ છે. અમારે તો તમારા પ્રેમના માર્ગની છેક છેલ્લામાં છેલ્લી સીમાપર્યંત પહોંચી જવું છે અને એક દિવસ એવું કહેવાને યોગ્ય બનવું છે કે "અમને તારા પદનાં દર્શન થઇ ચૂકયાં છે અને અવિનાશી યશના અમે ભોકતા થઇ ગયા છીએ."

શબ્દાર્થ

(**श्रवस्यवः**) યશની ઇચ્છાવાળા અમે (**देवस्य**) તું દેવના (**पदं**) પ્રાપ્તવ્ય સ્વરૂપને (**नमसा व्यन्तः**) નમસ્કાર દ્વારા જોતા રહીને (**अमृक्तम्**) કદી નહિ કરમાય એવો (**यशः**) યશ (**आपन्**) પ્રાપ્ત કર્યો છે. જે લોકો (**यज्ञियानि**) યજ્ઞાર્હ-યજ્ઞને યોગ્ય- (**नामानि चित्**) નામોનેજ (**दधिरे**) ધારણ કરે છે તેઓ પણ (**ते भद्रायां सन्दृष्टौ**) તારી કલ્યાણમયી દૃષ્ટિમાં (**रणयन्त**) રહીને સુખ ભોગવે છે.

---

* પ્રણવના જપથી વ્યાધિ, સ્ત્યાન (અવાજ કરનાર) વગેરે નવ પ્રકારનાં વિઘ્ન દૂર થઈ જાય છે, એના સંબંધમાં જુઓ યોગદર્શન, ૧-૨૯, ૩૦. —**મૂળલેખક**

६ ज्येष्ठ

उप ह्वये सुदुघां धेनुमेतां, सुहस्तो गोधुक् उत दोहदेनाम्।
श्रेष्ठं सवं सविता साविषन्नः, अभीद्धो घर्मस्तदु षु प्रवोचम् ॥
(ऋ. १-१६४-२६। अथर्व. ७-७३-७)

વિનય

ગ્રીષ્મ ઋતુ પ્રચંડપણે ધગી રહી છે, વૃષ્ટિને અભાવે તમામ વૃક્ષ–વનસ્પતિઓ પણ સૂકાઇ જાય છે, એટલા માટે હું આ મેઘરૂપી ધેનુ (માધ્યમિક વાણી)ને બોલાવું છું. તે આકાશમાં વિચરણ કરનારી અને પુષ્કળ ઉદકને આપનારી મેઘ–ધેનુ (માધ્યમિક વાણી) ચાલી આવે અને અંતરિક્ષ-નિવાસી મધ્યમ દેવ (ઇન્દ્ર) એક કુશળ દોહનારાની રીતે તેને દોહી લે. અરે ! પરમાત્માની ઈચ્છા વિના એ બધું બની શકેજ શી રીતે ? ભગવાનની પ્રેરણા વિના જગતની કોઇ પણ ક્રિયા થઈ શકતીજ નથી. એટલા માટે તો હું તેમની કૃપાની ભિક્ષા માગી રહ્યો છું. તેમની કરુણામય પ્રેરણા વડે આ ધેનુ અમને સર્વશ્રેષ્ઠ રસનું દાન કરે, વર્ષારૂપી દૂધ પાઇને આ ધગધગી ગયેલી ભૂમિને તૃપ્ત કરી દે. અરે ! આ પૃથિવીરૂપી [1]ધર્મ તપી રહ્યો છે, સળગી જાય છે, અને એટલા માટે તો હું તમને સાદ કરીને બોલાવું છું. ચારે બાજુએથી તપી રહેલો સંસાર ‘વરસાદ’ ‘વરસાદ’ એવો પોકાર કરી રહ્યો છે.

હું પણ ખૂબ તપ તપી ચૂકયો છું, ભારે ભારે કલેશ સહન કરી ચૂકયો છું, હવે તો હું જ્ઞાન–પિપાસાને લીધે આકુળ વ્યાકુળ થઇ ગયો છું. હવે તો હે જ્ઞાનદુગ્ધામૃત દેનારી સરસ્વતી દેવીરૂપી ધેનુ ! તમે પધારો, મારા હૃદય-

---

[1] ધર્મ=યજ્ઞનો ચુલો, યજ્ઞકુંડ.

ના અન્તરિક્ષમાં નિવાસ કરનાર દેવ-જે તમને દોહવાની કળામાં કુશળ છે એવા મનોદેવ-તમને દોહી લે. તે સર્વાન્તર્યામી પ્રભુ દયા કરે અને તે સરસ્વતી ધેનુનો રસ જે સંસારમાં સર્વોત્તમ રસ મનાય છે એવું જ્ઞાન-દુગ્ધ મારે માટે દોહી દે. મને તપ તપતાં તપતાં હવે ઘણો લાંબો કાળ વીતી ગયો છે. ગરમીના પછી હમેશાં વર્ષા ઋતુ આવ્યાજ કરે છે, તેથી હું આશા રાખું છું કે મારે માટે હવે જ્ઞાનામૃતપાન કરવાનો સમય આવી લાગ્યો હશે. એટલા માટે તો હું પોકાર કરી રહ્યો છું. મારા હૃદયમાં જ્ઞાન-પિપાસારૂપી અગ્નિ ખૂબ પ્રચંડપણે ધગધગી ઉઠયો છે. આ વખતે જો મને જ્ઞાનામૃત પીવા ન મળ્યું તો ખરેખર હું બળી મરવાનો. મને જો એકલું જ્ઞાનામૃતજ મળી જાય તો બીજા બધા તાપને હું સહેલાઇથી પી જઇશ. મારી જ્ઞાન-પિપાસાનો ઘર્મ તમને સાદ કરી રહ્યો છે.

શબ્દાર્થ

(**एतां सुदुघां धेनुं**) આ સારી રીતે દોહી શકાય એવી ધેનુને હું (**उपह्वये**) બોલાવું છું (**उत एनां सुहस्तः गोधुक्-दोहत्**) અને સારી રીતે કુશળ દોહનારો આ ધેનુને દુહે. (**सविता नः श्रेष्ठं सवं साविषत्**) પ્રેરક પરમાત્મા આ શ્રેષ્ઠ રસને અમારે માટે પ્રેરિત કરે. (**घर्मः अभीद्धः तत् उ सु प्रवोचम्**) ઘર્મ ખૂબ તપી રહ્યો છે, માટે આ ઉચિત વિનતિ કરૂં છું.

७ ज्येष्ठ

अप्रतीतो जयति सं धनानि, प्रतिजन्यानि उत या सजन्या ।
अवस्यवे यो वरिवः कृणोति, ब्रह्मणे राजा तमवन्ति देवाः ॥
(ऋ० ५-५०-९)

વિનય

કદી પણ પાછાં પગલાં ભરે નહિ એવો માણસજ વિજય પ્રાપ્ત કરે છે. એવોજ માણસ વિજયી થઇને અંતે ઐશ્વર્યને પામે છે. દરેક જણનું પોતપોતાનું વ્યક્તિગત ઐશ્વર્ય તથા આખા જનસમૂહનું સામાજિક તેમજ રાષ્ટ્રીય ઐશ્વર્ય તેજ માણસોને અથવા તેજ જનસમૂહોને પ્રાપ્ત થાય છે, કે જેમનામાં લાંબા વખત સુધી અખંડ કાર્ય કરતા રહેવાની શક્તિ હોય, જેમનામાં કામ કરવાની લગની હોય, જેમનામાં ધૈર્ય હોય, જેમનામાં મંડયા રહેવાનો અધ્યવસાય હોય અને કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી એકસરખી રીતે ઉદ્યોગ ચાલુ રાખવાની દૃઢતા અને ચીવટ હોય અને પાછાં પગલાં ભરવાનું જેઓ કદી જાણતાજ ન હોય. જેમનામાં ઉપર કહ્યા તે ગુણ નથી તે લોકોને માટે અથવા તેવા લોકોના બનેલા રાષ્ટ્રને માટે આ સંસારમાં ઐશ્વર્ય છેજ નહિ; તેમણે ઐશ્વર્યની આશા મૂકીનેજ વાત કરવી. માટે હે વ્યક્તિઓ ! તમે ધૈર્ય રાખતાં શીખો; હે રાષ્ટ્રો ! તમે સંપ સંપીને આખર સુધી તમારા કાર્યની પાછળ મંડયા રહેતાં શીખો.

પણ આ વાતની એક બીજી બાજુ પણ છે. મંડ્યા રહેવાનું ક્યાં અને શાને અર્થે ? અન્યાયની વિરુદ્ધમાં અને ન્યાયના પક્ષમાંજ મંડ્યા રહેવું જોઇએ; પરંતુ બને છે એવું કે દુનિયાના ઘણાખરા સત્તાધારી લોકો સ્વાર્થને વશ થઇને અન્યાયની પાછળ પણ મંડ્યા રહે છે. એવા ધૈર્યવાન લોકો—પછી તેઓ ગમે તેવા ભારેમાં ભારે શક્તિશાળી

હોય તો પણ-અંતે નાશજ પામે છે. જગતનું નિયમન કરનારા દેવતાઓ માત્ર એવાજ શક્તિસંપન્ન રાજાનું રક્ષણ કરે છે, કે જે હમેશાં ન્યાયનું સન્માન કરતો હોય, પોતાને સત્યનો ઉપદેશ દેનારના કથનને નમ્રતાથી સાંભળતો હોય, હઠાગ્રહી ન હોય-એટલે કે દેવતાઓ તરફથી સંરક્ષણ ઈચ્છનારા સાચા બ્રાહ્મણોનું હમેશાં પૂજનજ કર્યા કરતો હોય. સત્તાધારી લોકો જો પોતાનું કલ્યાણ ઈચ્છતા હોય તો જેમની પાસે કોઇ પણ જાતની લૌકિક સત્તા નથી, જેઓ સૌનું ભલું અને સંરક્ષણજ ઇચ્છે છે, એવા નમ્ર અને જ્ઞાની પુરુષો તેમની પાસે આવીને લોકહિતની જે કાંઇ વાત કહે તે તેમણે નમ્રતાપૂર્વક સાંભળી લેવી અને તેમની શુભ સલાહ મુજબ તરતજ વર્તન કરવું.

બે વાત અતિ આવશ્યક છે: એક તો નિર્બળ અને પદદલિત લોકો સત્યને માટે મરી ફીટતાં શીખે, સત્યાગ્રહ કરતાં શીખે; અને બીજી એ કે, સત્તાધારી લોકો સત્યની આગળ નમતાં શીખે, પરંતુ એ બેના કરતાં પણ વધારે જરૂરની બાબત એ છે કે, દરેક જણે હમેશાં સાવધાનતાપૂર્વક જોતા રહેવું જોઇએ કે, કોઇ અન્યાયી અને બળવાન માણસની સત્તાથી દબાઈ જઇને તેની આગળ આપણે નમી પડતા તો નથી ને? કર્તવ્યમાંથી પાછાં પગલાં તો ભરતા નથી ને? તેમજ સત્તાહીન પણ સાચા પુરુષોની સામે ખોટી હઠ તો નથી કરતા ને?

શબ્દાર્થ

(अ+प्रति+इत:) પાછાં પગલાં નહિ ભરનારાજ **(धनानि)** ઐશ્વર્યોને **(सं जयति)** જીતે છે, પ્રાપ્ત કરે છે, તે ઐશ્વર્ય કાં તો **(प्रति-जन्यानि)** વ્યકિતગત હોય અથવા **(या सजन्या)** સામુદાયિક હોય અને **(देवा:)** દેવતાઓ **(तं)** તે સત્તાધારી રાજાની **(अवन्ति)** રક્ષા કરે છે **(यः राजा)** જે રાજા **(अवस्यवे)** રક્ષણ ચાહનારા **(ब्रह्मणे)** સાચા બ્રાહ્મણોની **(वरिव: कृणोति)** પૂજા કરે છે, તેમનું કહેણ માને છે, તેમની આગળ નમે છે.

८ ज्येष्ठ

मृत्योः पदं योपयन्तो यदैत, द्राघीय आयुः प्रतरं दधानाः ।
आप्यायमानाः प्रजया धनेन, शुद्धाः पूता भवत यज्ञियासः ॥
(ऋ. १०-१८-२ । अथर्व. १२-२-३०)

વિનય

સંસારનાં પ્રાણીમાત્રના ઉપર મૃત્યુનો પંજો તો ખરો જ. મૃત્યુને જે દહાડે જે પ્રાણીને મારવાની ઇચ્છા થાય તે દહાડે તે પોતાનો પંજો જરાક વધારે જોરથી દબાવીને તે પ્રાણીને છૂંદી નાખે છે અને સમાપ્ત કરી દે છે. પણ હે નરશરીરને ધારણ કરનારા મનુષ્યો ! તમારામાં એક એવી શક્તિ છે કે જેના વડે તમે મૃત્યુના પંજાને ખસેડી દઇને અમર બની શકો છો. તમે આ સંસારમાં મૂડદાની પેઠે અથવા મરવા સૂતેલાં પ્રાણીની પેઠે ન રહેતાં, મૂડદાની પેઠે ગંધાઇ ઉઠયા વગર ઈશ્વરના અમર પુત્રોની માફક દૃઢતાપૂર્વક જીવતા થઇ જાઓ; શુદ્ધ, પવિત્ર અને યજ્ઞિય બની જાઓ. તસે એવા થશો એટલે તમારામાં પેલી આત્મશક્તિ જાગ્રત થઈ જશે અને તેના વડે તમે તમારા ઉપરના મૃત્યુના પંજાને આઘો ખસેડી શકશો. યોગ્ય આહાર, વ્યાયામ અને તપશ્ચર્યા ઇત્યાદિ વડે શરીરને શુદ્ધ રાખો; મનની અંદર સત્વશુદ્ધિ, સૌમનસ્ય વગેરે ગુણોને ભરીને તમારા અંતઃકરણને પવિત્ર બનાવી દો; પછી એવી રીતે શુદ્ધ થએલા શરીર તથા મન વડે માત્ર યજ્ઞિય કર્મજ કરો–યજ્ઞાર્થે કર્મ કરતા જાઓ–દેશના, રાષ્ટ્રના, જનસમૂહના હિતાર્થે નિષ્કામભાવે કર્મ કરતા જાઓ–એટલે તમે નિઃસંદેહ અમર બનીજ જવાના. ઉપર કહ્યું તેવું યજ્ઞિય જીવન ગાળવાથી મૃત્યુ મરી જાય છે, એ વાત તદ્દન સાચી છે. પછી મનુષ્યનું આયુષ્ય–તેનું આખુંય જીવન–સો વર્ષના અખંડ યજ્ઞ જેવું બની જાય છે. પછી તે મનુષ્ય સો વર્ષના લાંબા આયુષ્યને યજ્ઞરૂપે ધારણ કરીને ભોગવતોજ જાય છે. આપણે અત્યારે મૂડદાંની હાલતમાં આયુષ્યને ‘ધારણ’ નથી કરતા, પણ

જિંદગીને એક ભારે બોજારૂપ બનાવી દઇને તે ભાર જેમ તેમ કરીને ઉંચકતા ફરીએ છીએ. જયારે આત્મા શરીરને યથોચિત રીતે ધારણ કરે છે, ત્યારે આત્મા શરીરને પૂરાં સો વર્ષ સુધી નિરામય અને સ્વસ્થપણે જીવિત રહેવાની–જીવનયજ્ઞને પૂરાં સો વર્ષ સુધી અખંડિત રીતે ચાલુ રાખવાની–આજ્ઞા કરે છે. પછી તે પોતાના જીવન દરમિયાન પ્રજાની ઉત્પત્તિ કરીને તથા ધનની વૃદ્ધિ કરીને પોતાનો વિકાસ કરવાની ઇચ્છાને પરિતૃપ્ત કરીને યજ્ઞની પૂર્ણાહુતિ કરે છે. આત્મા પોતાની આત્મિક શક્તિઓને પ્રકટ કરવાને માટેજ શરીરને ધારણ કરે છે. એટલા માટે શરીર ધારણ કરવાનો વાસ્તવિક ઉદ્દેશ એજ હોવો જોઇએ કે, શરીર દ્વારા જગતને ઉપયોગી નીવડે એવી કોઇ ને કોઇ વસ્તુનું પ્રજનન કરવું–ઉત્પત્તિ કરવી તથા જગતના સાચા ઐશ્વર્યમાં (ધનમાં) પોતાના તરફથી કાંઇક નવું ઉમેરીને તેની વૃદ્ધિ કરવી. આ જગતની અંદર જે જે મહાન આત્માઓ જન્મ ધારણ કરે છે તેઓ હમેશાં સંસારને કોઇ રીતે ઉપકારક નીવડે એવું કાંઇ કાંઇ પેદા કરીને તેની જગતને ભેટ કરતા જાય છે, તેમજ જગતના ઉત્તમમાં ઉત્તમ ઐશ્વર્યમાં પણ પોતાના તરફથી કાંઇક ઉમેરો કરતા જાય છે. માટે હે મનુષ્યો ! તમે પણ ઉઠો, જાગ્રત થઇ જાઓ, શુદ્ધ, પૂત અને યજ્ઞિય બની જાઓ; તમારા ઉપર પડેલા મૃત્યુના પંજાને આઘો ખસેડી નાખો અને તમારા અમરત્વની ઘોષણા કરી દો.

શબ્દાર્થ

હે મનુષ્યો ! **(यदा)** જ્યારે તમે **(मृत्योः पदं योपयन्तः)** મૃત્યુના પંજાને ખસેડતા રહીને **(एत)** આગળ ચાલશો ત્યારે **(द्राघीय आयुः प्रतरं दधानाः)** તમે લાંબા વિસ્તૃત આયુષ્યને ધારણ કરનારા તથા **(प्रजया धनेन आप्यायमानाः)** પ્રજા અને ધન વડે પરિતૃપ્ત થશો. એટલા માટે તમે **(शुद्धाः)** બહારથી શુદ્ધ **(पूताः)** અંદરથી પવિત્ર અને **(यज्ञियासः)** યજ્ઞમય જીવન ગાળનારા **(भवत)** થઇ જાઓ.

९ ज्येष्ठ

ऋचो अक्षरे परमे व्योमन्, यस्मिन्देवा अधिविश्वे निषेदुः ।
यस्तन्न वेद किमृचा करिष्यति, य इत् तत् विदुः त इमे समासते
(ऋ. १-१६४-३९ । अथर्व. ९-१०-१८)

વિનય

હે મનુષ્ય ! તું વેદની ઋચાઓ ભણી ભણીને કરવાનો છે શું ? એ બધી ઋચાઓનો જે એક વસ્તુ ઉપર આધાર છે તેને ઓળખ્યા વગર વેદનું વાચન નિષ્ફળ છે, ખાલી વખતની બરબાદી કર્યા બરાબર છે. જે એક અક્ષર તત્ત્વ વેદના તમામ મંત્રોનો એકમાત્ર પ્રતિપાદ્ય વિષય છે, જે **'परमव्योम'** છે, એક પરમાકાશ છે તેને ઓળખવાની જેને લગની લાગી હોય તે એકલો વેદ ભણવાનો અધિકારી છે. જે પદાર્થને આપણે આકાશ તરીકે ઓળખીએ છીએ તેના કરતાં આ પરમવ્યોમ–પરમ આકાશ–ઉત્તમ છે. તે એટલું વિશાળ છે કે નાના પ્રકારનાં અસંખ્ય બ્રહ્માંડો તેની અંદર ઓતપ્રોત બનીને રહેલાં છે. એટલા માટે તે પરમવ્યોમ કહેવાય છે. જ્ઞાની લોકો તેને 'ૐ' એવા એક અક્ષરથી પણ સંબોધન કરે છે. તે જુદીજુદી રીતે સર્વની રક્ષા કરે એવું (વ્યોમ) અને અવિનાશી તત્ત્વ છે. તમામ દેવતાઓ--આખોય સંસાર એ એક તત્ત્વની અંદર સમાઈ ગયો છે. વેદનો પ્રત્યેક મંત્ર કોઇ ને કોઇ દેવતાની સ્તુતિ ગાય છે. પણ વેદ જે જે દેવતાઓનું પ્રતિપાદન કરે છે તે તમામ દેવતાઓ આ એક દેવની અંદર સ્થિત છે. એટલા માટે જો તે એક દેવને જાણવાની અને તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તોજ વેદમંત્રોનું વાચન કરવું, નહિ તો નહિ. વેદના મંત્રોમાંથી આપણને ફાવતા આવે એવા કેટલાક અભિપ્રાયો, વિચારો તારવી કાઢીશું અથવા તેના ગમે તેમ અર્થ બેસાડી અમુક લાભ લઇશું એવી જો તમારી દાન-

ત હોય તો તમારે વેદના મંત્રોને નજ વાંચવા. એવા ઉદ્દેશથી જે વેદનું વાચન કરે છે તેનું વાચન નિષ્ફળ તો છેજ, પણ ઉલટું પાપ છે. વેદમંત્રોને તે એકમાત્ર દેવના પવિત્ર ચરણો આગળ જઇ પહોંચવાના સાધન તરીકે ગણીને એવા પવિત્ર ઉદ્દેશથી વેદના મંત્રોની ઉપાસના કરવી ઘટે છે. પ્રત્યેક વેદમંત્રમાં આપણને તે અક્ષર પ્રભુના પ્રતિબિંબનું દર્શન થવું જોઇએ. એથી કરીને જે લોકોએ આ તત્ત્વને સારી રીતે જાણી લીધું છે, અને વળી જેઓ જાણે છે કે વેદની તમામ ઋચાઓ આ એક અક્ષરમાંજ સમાએલી છે, એવા જ્ઞાની પુરુષો તો સમાસીન બની જાય છે—અર્થાત્ જોઇએ તેવા સ્થિત થઇ જાય છે. એવા જ્ઞાની પુરુષોનેજ શાંતિ પ્રાપ્ત થાય છે; તમામ સંશયમાત્રનો નાશ થયા પછી સ્વસ્થતા અને આનંદની જે વિશેષ અવસ્થા ઉત્પન્ન થાય છે તે અવસ્થાનો જ્ઞાની પુરુષો ઉપભોગ કરે છે. વેદમંત્રોનું ધ્યાન કરતાં કરતાં એ લોકો સમાહિત (સમાધિસ્થ) બની જાય છે અને તે અક્ષરમાં લીન થવાથી પ્રાપ્ત થતા પરમાનંદનું સુખ ભોગવે છે. વેદની ઋચાઓના વાચનની ત્યારેજ સાર્થકતા થાય છે.

શબ્દાર્થ

(ऋचः) ઋચાઓ, વેદના મંત્રો **(अक्षरे)** તે અક્ષર અવિનાશી **(परमेव्योमन्)** પરમ આકાશમાં આશ્રિત છે, **(यस्मिन्)** જેમાં **(विश्वेदेवाः)** તમામ દેવતાઓ **(अधि निषेदुः)** સ્થિત છે. એટલા માટે **(यः)** જે મનુષ્ય **(तत्)** તે અક્ષરને **(न वेद)** નથી જાણતો, તે **(ऋचा)** ઋચાઓ વેદના મંત્રો ભણીને **(किं करिष्यति)** શું કરશે ? અને **(ये)** જે **(तत् विदुः)** તેને જાણે છે **(ते इत् इमे)** તે જ્ઞાની લોકોજ **(समासते)** સમાસીન બની જાય છે—સ્વસ્થ, સ્વરૂપસ્થ બનીને આત્માનંદમાં સ્થિત થઇ જાય છે.

१० ज्येष्ठ

न दक्षिणा वि चिकिते न सव्या, न प्राचीनमादित्या नोत पश्चा ।
पाक्याचित् वसवो धीर्याचिद्, युष्मानीतो अभयं ज्योतिरश्याम् ।
(ऋ. २-२७-११)

વિનય

અત્યારે તો હું ઘોર અંધારી રાત્રિમાં ઘેરાઈ ગયો છું. મારાં માનસિક નેત્રોની આગળ એક એવો દુર્ભેદ્ય કાળો પડદો આવી પડયો છે કે જેના વડે મારી આંખો ઉપર આવતો તમામ પ્રકાશ ઢંકાઈ ગયો છે. હું તો અત્યારે મારી આધ્યાત્મિક સમસ્યાનો ઉકેલ કરવામાંજ રાત ને દિવસ મશગૂલ બની ગયો છું, પણ કોઇ દિશાએથી પ્રકાશનું એક પણ કિરણ મારી નજરે પડતું નથી. ચારે દિશાએ અંધકાર ને અંધકારજ છવાઇ રહ્યો છે, ઘોર ઘાડો અંધકાર વ્યાપી ગયો છે. ડાબા–જમણી, કોઈ પણ દિશાએ કશુંજ સૂઝતું નથી. આગળ ને પાછળ ગમે તે દિશાએ આથડીઆં ખાતાં પણ આ ઘોર અંધકારની ગૂંચવણમાંથી બહાર નીકળવાનો રસ્તોજ મળતો નથી. હવે મારે શું કરવું ? શું આ ભયંકર કાળરાત્રિનો કદી અંતજ નહિ આવે ? આવું આંધળાનું જીવન ગાળવું તે કરતાં તો મરવુંજ સારૂં. હું ખાઉં છું, પીઉં છું, હરૂં છું, ફરૂં છું, પણ વાસ્તવિક રીતે હું મૂઆ જેવોજ છું. ચોવીસે ચોવીસ કલાક વિચારમાં ને વિચારમાંજ મશગૂલ થઇને ચિંતન કર્યાજ કરૂં છું, ગાંડા જેવો થઈ ગયો છું, પ્રકાશ પ્રાપ્ત કરવાને માટે નિરંતર ઘોર યુદ્ધ મચાવું છું, પરંતુ આ કાળરાત્રિનો કોઈ દહાડો ય છેડો આવશે એવું એક ચિહ્ન મારી નજરે પડતું નથી. હે દેવગણો ! ભગવાનના દિવ્ય સંદેશા સંભળાવનારા આદિત્ય નામના સંદેશવાહકો ! હું તમને યાદ કર્યા કરૂં

છું, તમારી વાટ જોઇ રહ્યો છું. તમે મને આ રાત્રિને પેલે પાર જલદી જલદી લઇ જાઓ, નહિ તો હવે મારે માટે જીવવાનુંજ મુશ્કેલ થઇ પડવાનું છે. મેં સાંભળ્યું છે કે બુદ્ધ, ઇસુ, દયાનંદ વગેરે મહાત્માઓને દિવ્ય પ્રકાશ પ્રાપ્ત થયો તે પહેલાં તેઓ પણ મારી પેઠે આવી અંધારી રાત્રિઓમાં થઇનેજ પસાર થયા હતા. હું તો તદ્દન કાચો, અપરિપકવ જ્ઞાનવાળો, એકદમ નબળો અને ધૈર્યહીન છું. અરે ! મને આ અંધકારની પાર કોણ લઈ જશે ? હે વાસક આદિત્યો ! તમે ગમે તેમ કરીને પણ મને બચાવી લો, આ અંધકારમાંથી બહાર કાઢીને મને મરતો ઉગારો. હું ભલે ગમે તેવો અજ્ઞાની હોઉં, કાચો હોઉં અને ધૈર્યહીન હોઉં, તો પણ જો તમે મારો હાથ ઝાલીને મને લઇ જશો–તમે મારા નાયક બની જશો–તો હું જરૂર અંધકારને ઓળંગીને પ્રકાશની પાસે જઈ પહોંચીશ, પ્રકાશને પ્રાપ્ત કરીશ અને ત્યારે આ મહાભયની પેલી પાર ચાલ્યો જઇશ. એ જ્યોતિને પ્રાપ્ત કરીશ ત્યારેજ મારી આ ભયભીત અવસ્થાનો અંત આવશે. અરે ! તે અભય જ્યોતિ ! તે અભય જ્યોતિ ! !

શબ્દાર્થ

(न दक्षिणा वि चिकिते) મને મારી જમણી બાજુએ કશું સૂઝતું નથી. **(न सव्या)** ડાબી બાજુએ પણ સૂઝતું નથી **(न)** નથી **(आदित्याः)** હે આદિત્યદેવો **(प्राचीनं)** મારી સામેની બાજુએ કાંઈ દેખાતું **(न उत पश्चा)** તેમ પાછળ પણ કાંઇ દેખાતું નથી. એટલા માટે **(पाक्याचित्)** હું ગમે તેવો અપરિપકવ હોઉં, કાચો હોઉં, **(धीर्याचित्)** ગમે તેટલો ધૈર્યહીન દીન હોઉં **(वसवः)** હે વાસક આદિત્યો ! **(युष्मानीतः)** કોઇ પણ રીતે તમારા વડે દોરાએલો હું **(अभयं ज्योतिः)** તે ભયરહિત પ્રકાશને **(अश्याम्)** પ્રાપ્ત થઇ જાઉં.

११ ज्येष्ठ

न तं विदाथ य इमा जजान, अन्यद् युष्माकं अन्तरं बभूव ।
नीहारेण प्रावृता जल्प्या चासुतृप उक्थशासश्चरन्ति ।।
(ऋ. १०-८२-७. यजु. १७-३१।)

વિનય

અરે મનુષ્યો ! આ તમામ ભુવન જેણે પેદા કર્યાં છે તેને તમે નથી ઓળખતા ? અરે ! એ કેટલી બધી આશ્ચર્યની વાત છે ! તે તમારો પિતા છે, પણ તમે તમારા પિતાથી જુદા (**अन्यत्**) થઇ ગયા છો, તમારે અને તેને ઘણું છેટું પડી ગયું છે, તેની અને તમારી વચ્ચે ઘણો ફરક પડી ગયો છે. ઓહો ! કેટલો બધો તફાવત પડી ગયો છે ! મનુષ્ય અને તેનો પ્રભુ, એ બેની વચ્ચે ખરી રીતે કશોજ તફાવત ન હોવો જોઇએ. તે પ્રભુ તો આપણ સૌનો, મનુષ્યમાત્રનો આત્માનો પણ આત્મા છે. એના કરતાં વધારે નિકટની વસ્તુ કોઇ છેજ નહિ, અને હોઈ શકે પણ નહિ. ખરેખર, તે પરમાત્મા આપણા આત્માની અંદર વ્યાપી રહ્યો છે. એનાથી વળી વધારે નિકટનું બીજું હોય પણ શું ! તે છતાં પણ તે આપણાથી આટલો બધો દૂર હોવાનું કાંઇ કારણ ? કારણ એજ કે, તેની અને આપણી વચ્ચે પ્રકૃતિનો પડદો આવી ગયો છે. આપણે બે પ્રકારના પડદાની નીચે ઢંકાઈ ગયા છીએ, તેથી કરીને તે આપણાથી આટલો બધો નજીક છે તો પણ આપણાથી આટલો બધો દૂર થઇ ગયો છે. આપણામાંથી એક જાતના લોકો તમોગુણબહુલ છે–જેમનામાં તમોગુણ ખૂબ વિશેષ પ્રમાણમાં છે તેવા લોકો **'नीहार'** અજ્ઞાનરૂપી ધુમ્મસની નીચે ઢંકાઇ ગયા છે, એ ધુમ્મસને લીધે તેઓ પોતાની ખૂબ નજીકની વસ્તુને પણ જોઇ શકતા નથી. વળી બીજા પ્રકારના લોકો રજોગુણબહુલ હોય છે; તેમનામાં રજોગુણનું જોર ઘણું હોય છે. તેઓ **'जल्पि'** વડે વિદ્યાના ખાલી શબ્દાડંબર વડે, ભણ્યા છતાં મૂર્ખ જેવા રહીને, નિરર્થક બકવાદના બનેલા પડદાની નીચે પોતાની જાતને ઢાંકી દે છે. આ બેઉ પ્રકારના લોકો પોતપોતાની દિશામાં એટલા બધા આગળ નીકળી ગયા છે કે

દહાડેદહાડે પ્રભુથી દૂરના દૂરજ જતા હોય છે. **'नीहार'** થી ઢંકાએલા લોકો તો સંસારમાં **'असुतृप'** (પોતાના પિંડનેજ પોષનારા) બનીને જીવે છે. તેઓ ખાઇ-પીને મોજ ઉડાવીને નિરંતર પોતાના પ્રાણોને તૃપ્ત કરવાના કામમાં મંડ્યા રહે છે. કામનાઓ અને ઇચ્છાઓ મનુષ્યના શરીરની અંદરના સૂક્ષ્મ પ્રાણમાંજ રહે છે. એવા લોકો જેમ જેમ પોતાની નિત્ય વધતી જતી અગણિત કામનાઓને તૃપ્ત કરતા જાય છે, તેમ તેમ એ કામનાઓ વધારે વધારે તીવ્ર બનતી જાય છે અને તેમ તેમ તેઓ પ્રભુથી આઘે ને આઘે જતા જાય છે. એ પ્રમાણે બીજા પ્રકારના લોકો જેઓ **जल्पावृत** (ખાલી બકવાદ કરનારા) છે તેઓ **उक्थशास्'** બની જાય છે, મતલબ કે, મોટાં મોટાં શાસ્ત્રોનાં પોથાં ભણીને વાદવિવાદમાં, વિતંડાવાદમાં પ્રવીણ બનીને બીજાઓને સંભળાવવામાટે છટાદાર ભાષણો આપતા ફરે છે, પણ પોતાની જાતને ઓળખવાની તો વાતજ નથી કરતા. પોતે જેટલો છટાદાર વક્તા, લેખક અને શાસ્ત્રાર્થ કરવામાં કુશળ બને છે, તેટલોજ તે બાહ્ય શબ્દોની જાળમાં ગૂંચવાતો જાય છે, પોતાની અંદર રહેલી વસ્તુને જોવાને તેટલોજ અયોગ્ય થતો જાય છે. સારાંશ કે, તે પોતાની અંદરના આત્મસ્થ પ્રભુથી ઘણો આઘે નીકળી જાય છે.

એટલા માટે ચાલો, આપણે પાછા વળીએ. આપણે અંતર્મુખ થવા માંડીએ અને આપણા આત્માનો આત્મા જેની સાથે આપણે નિરંતર જોડાઇજ રહેવું જોઇએ તેની આપણે પ્રાપ્તિ કરી લઇએ.

શબ્દાર્થ

હે મનુષ્યો ! **(तं न विदाथ)** તમે તેને નથી ઓળખતા **(य इमा जजान)** જેણે આ બધાં (ભુવનો) બનાવ્યાં છે. **(अन्यत्)** તમે તેનાથી જુદા પ્રકારના બની ગયા છો અને **(युष्माकं अन्तरं बभूव)** તેની અને તમારી વચ્ચે ઘણો તફાવત પડી ગયો છે. **(नीहारेण)** અજ્ઞાનના ધુમ્મસ વડે **(प्रावृताः)** ઢંકાએલા અને **(जल्प्या च)** જૂઠી અને નિરર્થક શબ્દજાળથી ઢંકાએલા મનુષ્યો **(असुतृपः)** પ્રાણની તૃપ્તિ પાછળ મંડયા રહીને અથવા **(उक्थशासः)** આડંબરયુક્ત મોટાં મોટાં ભાષણ કરનાર બનીને **(चरन्ति)** ભટકતા ફરે છે.

१२ ज्येष्ठ

वयः सुपर्णा उपसेदुरिन्द्रं, प्रियमेधा ऋषयो नाधमानाः ।
अप ध्वान्त मूर्णुहि पूर्धि चक्षुर्मुमुग्धि अस्मान्निधयेव बद्धान् ॥
(ऋ० १०-७३-११ । सा० पू० ४-१-३-७)

વિનય

આપણા શરીરમાં પાંચ ઇંદ્રિયો છે. તેઓ પક્ષીઓની પેઠે બહાર ઉડતી ફરે છે. એ ઋષિ ઇંદ્રિયો કહેવાય છે, કેમકે બહારથી જ્ઞાનને ગ્રહણ કરીને આત્માની આગળ પહોંચાડી દેવાનું કામ આ ઇંદ્રિયો કરે છે. એટલા માટે તેમને જ્ઞાનેન્દ્રિય પણ કહે છે. તેમને પોતપોતાના રૂપ-રસાદિ વિષયની સાથે સંગમન કરવું ઘણું ગમે છે. તેમનું ઉડવું (પતન કરવું) ઘણું સુંદર દેખાય છે. બહારની દુનિયાનાં સુંદર સુંદર રૂપોને, રસોને, ગંધને કેવી વિલક્ષણતાપૂર્વક લઇ આવે છે! અહો! એમનામાં કેવા કેવા અદ્ભુત ગુણ છે! જરાક આંખ ઉઘાડો એટલે જગતનાં વિવિધ રૂપો તમારી નજર આગળ ખડાં થઇ જાય છે; આંખ બંધ કરી દો એટલે જાણે કશું છેજ નહિ. આંખમાં કેટલી વિલક્ષણ શક્તિ છે! એજ પ્રમાણે કાન, જીભ વગેરે ઇંદ્રિયોમાં કોણ જાણે કયી જાતનું વિચિત્ર જાદુ ભર્યું છે કે તેઓ આપણે સારૂ નાના પ્રકારની આનંદદાયક સંવેદનાઓ-અનુભૂતિઓ લાગણીઓ તૈયાર કરી દે છે!

પણ આખરે એક એવો વખત હરકોઇ મનુષ્યના જીવનમાં આવીને ઉભો રહે છે, કે જ્યારે ઇંદ્રિયો તેની જ્ઞાનપિપાસાને તૃપ્ત નથી કરી શકતી. બહારની દુનિયામાંથી જે જ્ઞાનનો પ્રકાશ ઇંદ્રિયો લઇ આવે છે તે ઘણોજ તુચ્છ લાગવા માંડે છે. પણ એવી અવસ્થા ત્યારેજ થાય છે કે જ્યારે મનરૂપી છઠ્ઠી ઇંદ્રિયની મારફતે આપણી પોતાની અંદરના પ્રકાશ તરફ આપણું ધ્યાન ખેંચાય, પ્રત્યાહાર કરવાની-ઇંદ્રિયોને વિષય ઉપરથી પાછી ખેંચવાની ક્રિયાની શરૂઆત થાય અને તેને પરિણામે ઇંદ્રિયો ઉડાઉડ કરતી બંધ થઇ જાય. મનના પ્રકાશની તુલનામાં પોતાનો અંધકાર કેટલો છે અને પોતાની શક્તિઓની સીમા કેટલી સાંકડી છે તેનો અનુભવ ઇંદ્રિયો મનના પ્રકાશની સહાયતાથી કરી શકે છે! ત્યારે માલૂમ પડે છે કે, ઇંદ્રિયો જે

જ્ઞાન પૂરૂં પાડે છે તે જ્ઞાન પણ કેટલું થોડું, અધૂરૂં અને ચારે બાજુએથી અત્યંત મર્યાદિત છે! અંદરની અથવા બહારની જરાક જેટલી અડચણ આવી એટલે તરતજ ઇંદ્રિયોની જ્ઞાન ગ્રહણ કરવાની ક્રિયા એકદમ અટકી પડે છે. આંખ નથી ઘણે આઘેની વસ્તુને જોઇ શકતી, તેમ નથી બહુ પાસેની વસ્તુને પણ જોઇ શકતી; અત્યંત સૂક્ષ્મ વસ્તુને પણ નથી જોઇ શકતી; કોઇ અપારદર્શક વસ્તુની પાછળ પણ નથી જોઇ શકતી. આ અંધકારનો, આ બંધનનો માણસને અનુભવ ત્યારેજ થાય, કે જ્યારે તેને તેની પોતાની અંદરના, સીમા વગરના, જે કાંઇ જાણવા યોગ્ય છે તે બધુંજ જાણી લેવાને સમર્થ એવા પ્રકાશની ભાળ લાગી જાય. એ પ્રકાશ ઇંદ્રનો છે, આત્માનો છે. આ પ્રકાશને પ્રાપ્ત કરવાની તૃષાથી વ્યાકુળ થઇને ઇંદ્રિયો તે પ્રકાશને માટે આત્માની પ્રાર્થના કરવા મંડી જાય છે, આત્માને જગાડવા મંડી જાય છે કે "અમારા અંધકારના પડદાને ખસેડી દો; અમારાં નેત્રોને પ્રકાશથી ભરી દો; અમે અંધ છીએ, અમને જોવાની શક્તિ આપો; અમે અમારા ખૂબ સાંકડા ક્ષેત્રોમાં બંધાઈ ગયેલી છીએ, અમને દેશ-કાળની સીમાની પેલી પાર જોવાની શક્તિ આપો; અમારાં બંધનો કાપી નાખો; અમારે જે દેશમાં જે કાળમાં, જે કોઈ વસ્તુને જોવાની ઇચ્છા હોય તે વસ્તુને અમે તમારા આ પ્રકાશની અંદર (×પ્રજ્ઞાલોકની અંદર) જોઈ શકીએ."

પોતાની તમામ શક્તિઓનું જે મૂળ છે એવા ઇંદ્રનું આત્માનું--ઇંદ્રિયો શરણ ન લે તો બીજા કોનું લેવાની હતી?

શબ્દાર્થ

તે (**सुपर्णाः**) સુંદર પાંખોવાળાં, જેમને ઉડવું સુંદર લાગે છે એવાં (**वयः**) પક્ષી (**प्रियमेधाः**) જેમને મેધ (સંગમન) પ્રિય છે અને (**ऋषयः**) જેઓ જ્ઞાન લાવનારી છે, (**इन्द्रं**) ઇન્દ્રની આગળ (**नाधमानाः**) આ રીતે પ્રાર્થના કરતી (**उपसेदुः**) આવીને બેઠી છે કે (**ध्वान्तं**) અમારા અંધકારને (**अप ऊर्णुहि**) દૂર કરો; (**चक्षुः पूर्धि**) અમારી આંખો ભરી દો અથવા અમને નેત્રો આપો અને અમે જે (**निधया इव**) બંધનોથી (**बद्धान्**) બંધાએલી છીએ (**अस्मान्**) એવી અમોને (**मुमुग्धि**) મુક્ત કરી દો.

× **तजयात् प्रज्ञालोकः ।** યોગદર્શન, ૩-૫—**મૂળ લેખક**

१३ ज्येष्ठ

भद्रं कर्णेभिः शृणुयाम देवाः, भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैः अङ्गैः तुष्टुवांसः तनूभिः व्यशेम देवहितं यदायुः ॥
(ऋ. १-८९-८ । यजु. २५-३१ । सा. उ. ९-३-९)

વિનય

મન, વાણી અને ઇંદ્રિયોને અગોચર એવા ભગવાન તો અમને દેખાતાજ નથી. હે દેવતાઓ! અમે તો ભગવાનના હાથને ઠેકાણે, તેમના હાથરૂપે માત્ર તમનેજ જોઇ શકીએ છીએ. તે ભગવાન તમારી મારફતેજ અખિલ બ્રહ્માંડોને ગતિ આપે છે. માટે, હે દેવો! અમે તમનેજ બોલાવીએ છીએ. આ સંસારમાં જન્મ્યા પછી અમને કાંઇક ભાન આવ્યું એટલે અમે જાણી લીધું કે, એક દિવસ તો સૌને મરવુંજ પડશે. અમારે સૌને મુકરર કરેલા આયુષ્યની હદ સુધીજ જીવવાનું છે. હે દેવો! તમે મનુષ્યનું સામાન્ય આયુષ્ય એકસો વર્ષનું ઠરાવ્યું છે. હે 'यजत्रा !' હે યજનીય દેવો! અમારે તમારૂં યજન કરતા રહીને ૧૦૦, ૧૧૬ અથવા ૧૨૦ વર્ષ સુધી જીવતા રહેવું તો જોઇએ. એટલા માટે હે દેવો! અમે અમારા કાનવડે માત્ર જે ભદ્ર હોય તેજ સાંભળીએ, જે યજનીય હોય, ઉચિત હોય, કલ્યાણકારી હોય, તેનેજ અમે સાંભળીએ. તેવી રીતે અમારી આંખો વડે જે ભદ્ર હોય તેટલુંજ જોઇએ. અભદ્ર વસ્તુ, નઠારી મલિન અનુચિત વસ્તુ તરફ અમારા કાન ને અમારી આંખો કદી પણ ન જાય. હે દેવો! એજ તમારૂં સાચું યજન છે—સાચું પૂજન છે અને એજ તમારી મારફતે ભગવાનનું પણ યજન છે.

હે દેવો! અમારા શરીરની એકએક ઇંદ્રિય અને અમારો એકએક અવયવ તમારા અંશમાંથી ઉત્પન્ન થએલ છે. જે જે દેવના અંશમાંથી અમારા શરીરની જે જે ઇન્દ્રિય

અથવા અવયવ બન્યાં હોય તે તે ઇંદ્રિયો ને અવયવો દ્વારા હમેશાં ભદ્રનુંજ સેવન કરવું; એજ તે તે દેવતાઓનું સાચું યજન અથવા પૂજન છે. હે દેવો ! એ રીતે અમારી પ્રત્યેક ઇન્દ્રિયદ્વારા અમે તમારૂં યજન કરતા રહીએ. અમારા હાથ-પગ વગેરે અવયવો હમેશાં ભદ્રનુંજ સેવન કરતા હોવાને લીધે અમારા આયુષ્યની પૂર્ણ અવધિ આવતા સુધી પોતપોતાનાં કાર્ય કરવાને સમર્થ રહેશે, દૃઢ રહેશે અને બળવાન રહેશે. એવા સુદૃઢ અને બળવાન હાથ–પગ વડે અમે કાંઈ પણ ગ્રહણ કરીશું, હાલીશું, ચાલીશું અથવા જે કાંઇ ક્રિયા કરીશું, તે તમામ કાર્યો તમારી મારફતે પ્રભુની સ્તુતિજ કરવા બરોબર છે. હે દેવો ! એ રીતે અમે અમારા એક-એક બલિષ્ઠ, સુદૃઢ ને સ્વસ્થ અવયવ વડે જે કાંઇ ભદ્ર ચેષ્ટા અથવા ક્રિયા કરીએ તે બધીજ પ્રભુના યજનરૂપ છે. અમે એટલુંજ માગીએ છીએ કે એ રીતે અમે અમારા એકએક અવયવ વડે હમેશાં ભદ્ર કાર્ય કરતા રહીને તમારૂં આપેલું યજ્ઞિય આયુષ્ય અમે પૂર્ણ કરીએ.

અહો ! પોતાનાં સ્વસ્થ, પવિત્ર અને બળવાન અંગો દ્વારા હમેશાં ભદ્રનુંજ સેવન કરનારા અને ભદ્રનેજ ગ્રહણ કરનારા લોકોને માટે તેમનું જીવન કેવું પવિત્ર અને યજ્ઞસ્વરૂપ બની જાય છે !

શબ્દાર્થ

(देवाः) હે દેવો ! અમે **(कर्णेभिः)** અમારા કાન વડે **(भद्रं)** ભદ્રનુંજ **(शृणुयाम)** શ્રવણ કરીએ. **(यजत्राः)** હે યજનીય દેવો ! **(अक्षभिः)** અમે આંખો વડે **(भद्रं पश्येम)** ભદ્રનેજ જોઇએ. **(स्थिरैः अंगैः)** અમારા મજબૂત અવયવો વડે **(तनूभिः)** અમારાં શરીર વડે **(तुष्टुवांसः)** સદા સ્તુતિ–પૂજન કરતા રહીનેજ **(यत् देवहितं आयुः)** દેવો વડે મુકરર કરાએલું જે આયુષ્ય છે તેને **(व्यशेम)** અમે પ્રાપ્ત કરીએ.

१४ ज्येष्ठ

अज्येष्ठासो अकनिष्ठास एते, सं भ्रातरो वावृधुः सौभगाय ।
युवा पिता स्वपा रुद्र एषां, सुदुघा पृश्निः सुदिना मरुद्भ्यः ॥
(ऋ. ५-६०-५)

વિનય

આખા સંસારના તમામ મનુષ્યો (**मरुत्**) સગા ભાઈઓ છે. મનુષ્યમાત્ર એકજ માતાપિતાના પુત્રો છે. કોઇ પણ માણસ ભલે તે દુનિયાના એક આઘેના ખુણામાં રહેતો હોય તોપણ જેવો **'रुद्र'** પરમેશ્વર આપણો પિતા છે, તેવોજ તે તેનો પણ પિતા છે અને જેવી **'पृश्नि'** પ્રકૃતિ આપણી માતા છે તેવી તે તેની પણ માતા છે. માનવતાની દૃષ્ટિએ કોઈ પણ માણસ બીજાના કરતાં મોટો નથી અને કોઇ પણ માણસ બીજાના કરતાં તુચ્છ પણ નથી. કાળા, ગોરા, અસભ્ય હબસી અને સભ્ય આર્ય; પૂંજીપતિ અને મજૂર, પૂર્વ દેશના લોકો તેમજ પશ્ચિમ દેશના લોકો, બ્રાહ્મણો અને અંત્યજો, હિન્દુ અને મુસલમાન, જાપાની અને અમેરિકન, અંગ્રેજ અને હિન્દુસ્તાની, નગરનો રહેવાસી અને ગામડીઓ ખેડૂત, સૌ એકબીજાના ભાઇઓ છે, સૌ એકબીજાની બરોબર છે. માણસ માણસની વચ્ચે ઊંચ અને નીચ એવો ભેદ કરવો, એ અજ્ઞાન છે. માનવતાની દૃષ્ટિએ સૌનો દરજ્જો એક સમાન છે. કોઇને નીચ માનવો અને કોઇને ઊંચ માનવો એ અનુચિત છે. આખી દુનિયાના માનવીઓએ **'मरुत् देवों'**ની પેઠે, સૌના ઉત્તમ કલ્યાણને અર્થે હળી મળીને, સંગઠિત થઇને યત્ન કરવો જોઇએ. સૌએ ભેગા મળીને આખા માનવકુળની ઉન્નતિને માટે ચેષ્ટા કરવી જોઇએ. માણસો જ્યારે અંદર અંદર ઘૃણા કરે છે, જુદા જુદા દેશોના વતનીઓ હોઈ અથવા જુદા જુદા ધર્મના અનુયાયી હોઇ એક-બીજાની સાથે લડવા મંડી જાય છે, એક બીજાની તોપ બંદૂક અથવા ઝેરી વાયુ વડે હત્યા કરવા મંડી જાય છે, અમે મોટા અને બીજા હલકા એવું

વ.૧૮

અભિમાન લાવીને ગરીબના ઉપર અત્યાચાર કરવા માંડે છે, ત્યારે તેઓ પોતાનાં—સૌનાં એકસમાન—માતાપિતાને ભૂલી જાય છે. શું અંગ્રેજ ભાઇઓને પેદા કરનાર પરમેશ્વર ભારતવાસીઓને પેદા કરનાર પરમેશ્વરથી જુદો છે? એક રુદ્ર, એક પરમેશ્વર આપણો સૌ મરુતોનો જન્મદાતા છે. તે આપણો પિતા કદી ઘરડો થતો નથી અને કદી મરણ પામતો નથી. તે પિતા આપણે સૌને માટે સદા કલ્યાણ કર્મજ કરતો રહે છે. અને આપણી સૌની પ્રકૃતિ માતા આપણે સૌને માટે ઉત્તમ પ્રકારનાં ઐશ્વર્યોરૂપી દૂધ ઉત્પન્ન કરીને તેનું આપણને સૌને દાન કરી રહી છે અને સૌને સુખ આપી રહી છે. માટે આવો, ભાઇઓ! આજે આપણે તમામ જૂઠા ભેદ—ભાવોને ભૂલી જઇએ—કાળા અને ગોરા, પૂંજીપતિ અને મજૂર, સ્પર્શ્ય અને અસ્પર્શ્ય, આ દેશનો અને પરાયા દેશનો—એવા તમામ ભેદભાવને દફનાવી દઇએ અને આપણે મનુષ્યો—માનવ ભાઇઓ—બધાજ ભેગા મળીને મનુષ્યમાત્રના હિતનું ધ્યાન કરીએ, એકબીજાના હિતનું ધ્યાન કરીએ. સદા શોભન કર્મ કરનારા આપણા અમર પિતાના આશીર્વાદો ઝીલતા રહીને અને આપણી કલ્યાણમયી સુખ આપનારી માતાની મારફતે આપણી તમામ કામનાઓ પૂરી કરતા રહીને આપણી ઉન્નતિ સાધીએ અને એકબીજાને સગા ભાઇની પેઠે મદદ કરતા રહીને માનવતાના ઉદ્દેશની પૂર્ણતા તરફ આગળ ધપતા જઇએ.

શબ્દાર્થ

(अज्येष्ठास:) જેમાં કોઇ મોટો નથી અને **(अकनिष्ठास:)** જેમાં કોઇ નાનો નથી એવા **(एते)** આ બધા **(भ्रातरः)** એકબીજાના ભાઇઓ **(सौभगाय सं वावृधु:)** ઉત્તમ ઐશ્વર્યને માટે સૌ મળીને ઉન્નતિ કરનારા છે. **(एषां)** સૌનો **(युवा पिता)** સદાકાળ યુવાન પિતા **(स्वपा रुद्रः)** કલ્યાણ-કર્મ કરનાર રુદ્ર પરમેશ્વર છે અને **(मरुद्भ्यः)** આ મરુતો—મનુષ્યોને માટે ×**(सुदिना)** સુખ આપનારી **(सुदुघा)** ઉત્તમ દૂધ આપનારી માતા **(पृश्निः)** પ્રકૃતિ છે.

× **सुदिन इति सुखनामसु पठितम् । —મૂળલેખક**

१५ ज्येष्ठ

का त उपेतिर्मनसो वराय, भुवदग्ने शं तमा का मनीषा ।
को वा यज्ञैः परिदक्षं त आप, केन वा ते मनसा दाशेम ॥
(ऋ० १-७६-१)

વિનય

હે અનંત દેવ ! અમે અલ્પશક્તિમાન, અલ્પબુદ્ધિમાન મનુષ્યો કોઇ પણ રીતે તારા સંપૂર્ણ રૂપને તો કદી ગ્રહણ નથીજ કરી શકતા. અમે અમારાં અપૂર્ણ સાધનો વડે તારી સમીપ આવવાને–તને વરી લેવાને માટે–જીવનભર પ્રયત્ન કરતાજ રહીએ છીએ. અમારા મનમાં એવું સામર્થ્ય નથી, કે જેથી અમે તારા પરિપૂર્ણ રૂપનું કોઇ કાળે પણ ધ્યાન કરી શકીએ. જો એમજ છે તો તારી સમીપ આવવાને માટે અમારી પાસે કયું સાધન છે, કયો ઉપાય અમારે માટે શકય છે? કોઈકોઇ વાર અમારા મનમાં એવો વિચાર આવે છે કે ખરા અંતઃકરણની ભક્તિ કરીને અમે તને કદાચ પ્રસન્ન કરી શકીશું; પણ એ તો માત્ર અમારી સાંસારિક ભાષામાં અમે તારે વિષે બોલીએ એટલુંજ. તારી ભક્તિથી અમને બેશક ઘણો લાભ તો થાય છે. પણ અમારી હાર્દિક પ્રાર્થનાઓની અને અમારી સ્તુતિઓની તારા ઉપર ખરી રીતે કશીજ અસર થતી નથી. તું તો શુદ્ધસ્વરૂપ અને અલિપ્ત છે. માણસો એવું માને છે કે, યજ્ઞ એક ભારે વ્યાપક પ્રયોગ છે; માટે તારી પરિપૂર્ણ વૃદ્ધિ અને બળને ગ્રહણ કરવામાં કદાચ યજ્ઞ વડે સફળતા મળી શકે એમ સમજીને અમે યજ્ઞ કરીએ છીએ. પણ તેથીય મારૂં કશું વળતું નથી. તું તો તારા પોતાનાજ પરિપૂર્ણ યજ્ઞ વડે તને પોતાને પ્રાપ્ત કરી શકે છે; પણ માણસના આદરેલા કોઇ પણ યજ્ઞમાં એટલી પરિપૂર્ણતા નથી હોતી કે જેના વડે તારી અનંત મહત્તાનો, તારા અનંત બળનો પાર પામી શકાય. એ બધાજ યજ્ઞો માત્ર થોડા ઘણા અંશમાંજ તને માપી શકે છે. પણ અમારે માટે તો તારો

એટલો નાનો સરખો અંશ પણ ઘણો છે. અમને તેટલો થોડો અંશ મળી જાય તો તેથી પણ અમે તો કૃતકૃત્યજ થઇ જઇએ. “ જેને તરસ લાગી હોય તેની તરસ છીપાવવાને માટે તો એક લોટો પાણી પણ ઘણું છે; સમુદ્ર કેટલો ઉંડો છે અને તેમાં બધું મળીને કેટલું પાણી છે તેનો હિસાબ કાઢવાની તરસ્યા માણસને જરૂરજ શી ? તેને તો તરસ છીપાવવા સાથે કામ છે. ”* પણ આટલી વાત તો તદ્દન સાચીજ છે કે, અમે તારા ઉંડાણનું માપ નથી કાઢી શકતા, તેમ યજ્ઞ પણ એ કામને માટે અસમર્થ છે. એમ ન થાય તો બીજું થાય પણ શું ? કારણ કે અમે સ્તુતિ, ભક્તિ, યજ્ઞ, જે કાંઈ કરીએ છીએ તે બધું અમે અમારા મન વડેજ કરીએ છીએ અને મનની શક્તિ તો અત્યંત અલ્પજ છે. માટે અમારે કબૂલ કરી દેવું જોઇએ કે, અમારૂં મનજ તમારે લાયક નથી—તમને જાણવાને લાયક નથી. મનુષ્યનું ક્ષુદ્ર મન તમને અગમ્યને ગ્રહણ કરી શકેજ શી રીતે ? અને જેના વડે અમારી સ્તુતિ, અમારી ભક્તિ, અમારા યજ્ઞ, અમારૂં જ્ઞાન, એ પૈકી ગમે તે દ્વારા તને અર્પેલી આહુતિ તારા સુધી પહોંચી જાય એવું મન અમારે લાવવુંજ ક્યાંથી ? અરેરે ! આ સ્થૂળ અને સૂક્ષ્મ શરીરોની અંદર કેદ પુરાઇ ગએલો માનવી તારી પરિપૂર્ણ ઉપાસના–તારી પરિપૂર્ણ આરાધના કદી નથી કરી શકતો–કદી નથી કરી શકતો.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્ને ! **(तं मनसो वराय)** તારા મનને વરવાને માટે **(का उपेति भुवत्)** કયો ઉપાય છે ?–તારી પાસે પહોંચવાને માટે કયું સાધન છે ? **(का मनीषा शं तमा)** અને અમારી કયી હાર્દિક ઇચ્છા અથવા સ્તુતિ તને સુખ આપી શકે છે ? **(को वा)** અથવા એવો કયો મનુષ્ય છે જે **(यज्ञैः तं दक्षं परि आप)** યજ્ઞકર્મો દ્વારા તારી વૃદ્ધિને અથવા બળને વ્યાપ્ત કરી શકે છે, તેમને માપવા માટે પૂરતાં છે ? **(केन वा मनसा ते दाशेम)** અથવા અમારી પાસે એવું કયું મન છે કે જેના વડે અમે તને હવિ આપી શકીએ ?

---

* શ્રી રામકૃષ્ણ પરમહંસ પણ આવુંજ કહ્યા કરતા.—**મૂળલેખક**

१६ ज्येष्ठ

सुविज्ञानं चिकितुषे जनाय, सच्चासच्च वचसी पस्पृधाते ।
तयोर्यत्सत्यं यतरद्ऋजीयः, तदित्सोमो अवति हन्त्यासत् ॥
(ऋ. ७-१०४-१२ । अथर्व. ८-४-१२)

વિનય

મનુષ્યને ઉંચા અને વાસ્તવિક જ્ઞાનને વિવેકપૂર્વક જાણવાની જ્યારે ઇચ્છા થાય છે, જ્યારે તે સત્ય જ્ઞાનની શોધ કરવા મંડે છે, ત્યારે એવા વિવેકશીલ પુરુષની આગળ સત્ અને અસત્ બેઉ વસ્તુઓ તેના મનને લોભાવવાને સારૂ સ્પર્ધા કરતી ઉભી રહે છે. બેઉ તેની આગળ પોતપોતાની શ્રેષ્ઠતા બતાવવા અને તેના હૃદયને પોતાના કબજામાં કરી લેવા ઇચ્છે છે. કોઇ વાર સત્ ફાવી જાય છે, તો કોઈ વાર અસત્ ફાવી જાય છે. એ પ્રમાણે ઘણા વખત સુધી આ સ્પર્ધા, આ લડાઇ ચાલ્યાજ કરે છે. જ્યારે જ્યારે તે મનુષ્યના ઉપર કોઇ કુટિલ અને જૂઠ-પ્રપંચ વડે પોતાનું કામ કાઢી લેનાર માણસની છાયા પડે છે, ત્યારે તે અસત્યનેજ ઘણી મૂલ્યવાન વસ્તુ માની લે છે અને કોઈ સત્ય ગ્રંથ તેના વાંચવામાં આવે છે અથવા સાચા નિષ્કપટ અને પવિત્ર લોકોના સમાગમમાં આવે છે ત્યારે તેટલો વખત તે સત્યનું મહત્ત્વ સમજતો થાય છે. વળી પાછો કોઇ મહાચતુર, કૂટનીતિનિપુણ મુત્સદ્દીનો પ્રભાવ તેના ઉપર પડે છે એટલે વળી તેનું મન પલટો ખાય છે અને તેને એમ થાય છે કે, દુનિયામાં જૂઠ વિના કોઇ પણ કામ પાર ઉતરેજ નહિ; ત્યાર પછી વળી કોઇ મહાન સત્યનિષ્ઠ પુરુષના સમાગમમાં આવે છે તે તેને સત્યનો પૂજારી અને સત્યની પાછળ દિવાના જેવો બનાવી દે છે. એ રીતે સત્ય અને અસત્ય બેઉ બાજુનાં વચન (જ્ઞાન) તેના મન ઉપર પોતાનો પ્રભાવ બેસાડવા માટે અંદરઅંદર સ્પર્ધા કર્યા કરે છે. પણ માણસે એટલું બરાબર સમજી લેવું જોઇએ (અને વિવેકી

પુરુષને એટલું તો ધીરે ધીરે સમજાઇ જાય છેજ) કે, મનુષ્યના હૃદયમાં બેઠેલો સોમ–પરમેશ્વર–તો હમેશાં સત્નું, અકુટિલનું રક્ષણ અને અસત્નો નાશ કર્યાજ કરે છે. આ સત્ય જેમના હૃદયમાં વસ્યું હોય છે તેઓ તો તત્ક્ષણ સોમના શરણમાંજ જવા ઇચ્છે છે. જેમને સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની ભૂખ લાગીજ હોય અને તેની પાછળ શોધ કરવાની જેમને ચેષ્ટા કરવીજ હોય તેમણે તો પોતાના હૃદયમાં બેઠેલા સોમદેવને શરણે જવુંજ જોઇશે. એમ કર્યાથીજ તેઓને તેમની ઇચ્છેલી વસ્તુની પ્રાપ્તિ થશે. કારણ કે ભૂતમાત્રના હૃદયમાં બેઠેલા સોમ–ઈશ્વર–નો આશ્રય માણસ જેટલા અધિક પ્રમાણમાં સર્વતોભાવે લેતો જાય છે તેટલાજ પ્રમાણમાં તેના અસત્યનો નાશ થાય છે, સત્ય અને નિષ્કપટતા વધતાં જાય છે અને સુવિજ્ઞાન ભરાતું જાય છે. માટે સત્ અને અસત્ની જ્યારે લડાઇ ચાલતી હોય ત્યારે માણસ જેટલો સોમનો આશ્રય લેતો જશે તેટલોજ સત્યનો વિજય થતો જશે અને તેને તેટલીજ અધિક શાંતિ મળતી જશે. જીવમાત્રમાં ચાલી રહેલી સત્ અને અસત્ની લડાઇમાં અંતે વિજય તો સત્યનોજ થાય છે એમાં કાંઇ શક નથી, પણ કોઈની બાબતમાં વહેલો વિજય થાય છે અને કોઈની બાબતમાં થોડો અથવા વધારે વિલંબ થાય છે એટલુંજ. કારણ કે સોમ હમેશાં સત્યનું, સત્ય વચનનું અને સત્ય વ્યવહારનું રક્ષણ કરે છે અને અસત્યનો, અસત્ય ભાષણનો અને અસત્ય વ્યવહારનો નાશજ કરતો રહે છે.

શબ્દાર્થ

(सुविज्ञानं) ઉત્તમ વિશેષ જ્ઞાનને (**चिकितुषु**) જાણવાની ઇચ્છા રાખનાર વિવેકી **(जनाय)** માણસને માટે **(सत् च असत् च)** સત્ય અને અસત્ય (**वचसी**) વચન અથવા જ્ઞાન (**पस्पृधाते**) પરસ્પર સ્પર્ધા કરે છે. **(तयोः)** આ બેમાંથી (**यत्सत्यम्**) જે સત્ય છે **(यतरत् ऋजीयः)** જે સરળ, અકુટિલ અને છળકપટ રહિત છે (**तत् इत्**) તેનીજ (**सोम**) સોમ પરમેશ્વર **(अवति)** રક્ષા કરે છે **(असत् हन्ति)** અને અસત્નો નાશ કરે છે.

१७ ज्येष्ठ

वि मे कर्णा पतयतो मे चक्षुः, वीदं ज्योतिर्हृदय आहितं यत् ।
वि मे मनश्चरति दूर आधीः, किं स्विद् वक्ष्यामि किमु नू मनिष्ये
(ऋ० ६-९-६)

વિનંય

હે પ્રભો ! હું મનથી ઈચ્છું છું કે, સંપૂર્ણ રીતે એકાગ્ર ચિત્તે મારી માનસિક વાણી દ્વારા તારા નામનો જપ કરૂં અથવા તારૂં ધ્યાન કરૂં અથવા તારે વિષે મનન કરૂં. પરંતુ જ્યારે જ્યારે એવું કાંઇક કરવા બેસું છું, ત્યારે ત્યારે હમેશાં એવું બને છે કે, જરાક કોઇ શબ્દ મારે કાને પડતાંજ મારા કાન તે દિશા તરફ દોડી જાય છે, અથવા મારી આંખોની આગળ કોઇ વસ્તુ આવીને ઉભી રહે છે કે તરતજ હું તેનેજ જોવા મંડી જાઉં છું. મારા કાન કાંઇ કાંઇ સાંભળવા મંડી જાય છે, મારી આંખો કાંઇ કાંઇ જોવા મંડી જાય છે. કોઇ એવી જગ્યાએ જઇને બેસું છું કે જ્યાં મારે કાને કશો અવાજ ન આવે અને મારી નજરે કાંઇ જોવા જેવુંજ ન હોય; ત્યારે મારૂં મન અંદર બેઠું બેઠું બધું સાંભળ્યા કરે છે અને બધુંય જોયા કરે છે. રાત હોય કે દહાડો હોય, પણ જ્યાં કોઇ વાતનું જરાક પણ સ્મરણ થયું એટલે લાગલુંજ મારૂં મન તે વિષય તરફ દોડી જાય છે અને ત્યાંની વાતોનો વિચાર કરવા મંડી જાય છે. મારૂં મન કેટલું દૂર ચાલ્યું ગયું છે તેની મને ત્યારેજ ખબર પડે છે. વળી કોઇ વાર મનને આઘાત પહોંચે એવી બીના બની ત્યારે તો થઇજ રહ્યું. વારંવાર મન તે ને તે વિષય ઉપર જઇ જઇને ચોંટે છે—રોકવાનો ઘણોય યત્ન કરૂં છું, પણ મન ઘડીએ ઘડીએ ત્યાંનું ત્યાંજ જાય છે. મારા હૃદયમાં પ્રકાશમાન રહેલો જ્યોતિ—જે વાતરહિત સ્થાનમાં રાખેલા દીવાની શિખાની માફક તદ્દન નિષ્કંપ અને સ્થિરજ રહેવો જોઇએ, જરા જેટલો પણ હાલવો ન

જોઇએ, એકસરખો સળગતો રહેવો જોઇએ-તે જ્યોતિ પણ, તે જ્ઞાન-જ્યોતિ પણ હમેશાં ઘડીમાં આમ અને ઘડીમાં તેમ હાલ હાલ થયાજ કરે છે, મારી મનોવૃત્તિઓની હવાનો જરાક ધક્કો લાગ્યો એટલે તરત હાલમડોલ થઈ જાય છે. તો પછી હું તમારૂં ધ્યાન કરી શકુંજ શી રીતે? એકાગ્રતાપૂર્વક તારા નામનો જપ થાયજ કેવી રીતે? અને દરરોજ તારૂં આટલું થોડુંક ભજન પણ જો મારાથી ન થયું તો જે દહાડે મારી આ જીવન-સાધના સમાપ્ત થઈ જશે, તે દહાડે તને હું શો જવાબ આપું? તારી આગળ મારાથી કયી વાતનું અભિમાન કરી શકાય? આ જિંદગી, આ જ્ઞાનેન્દ્રિયો, આ કર્મેન્દ્રિયો તેં મને તારી સમીપ જઇ પહોંચવાના સાધન તરીકે આપેલાં છે. પછી જ્યારે તારૂં આપેલું આ શરીર તું પાછું માગી લે ત્યારે મારે તને શો જવાબ આપવો? શું મોઢું લઇને મારે તારી આગળ ઉભા રહેવું? હે પ્રભો! મને એટલું બળ આપો કે મારી આજ્ઞા વિના મારી આંખો અને મારા કાન વગેરે ઇંદ્રિયો જરા પણ આડી અવળી ભટકે નહિ અને મારૂં મન પણ હૃદયના જ્યોતિની સાથે મળી જાય-તે જ્યોતિ એકસરખો પ્રકાશ આપ્યા કરે. આવી અવસ્થા વધારે વાર નહિ તો દિવસમાં સવારસાંજ બે વાર સંધ્યોપાસના કરતી વેળા તો થવીજ જોઇએ, નહિ તો હું તને શું મોઢું બતાવીશ?

શબ્દાર્થ

(मे कर्णा वि पतयतः) મારા બેઉ કાન આમતેમ દોડી જાય છે **(चक्षुः वि)** મારી આંખો ચારે બાજુએ વિવિધ વસ્તુઓ ઉપર પડયા કરે છે. **(हृदये आहितं यत् ज्योति [तत] इदं वि)** હૃદયમાં સ્થાપિત કરેલો જે જ્ઞાનરૂપ જ્યોતિ છે તે પણ વિવિધ સ્થાનો ઉપર દોડી જાય છે. **(मे मनः दूरे आधीः विचरति)** મારૂં મન દૂર દૂર વિચાર કરવા જેવા વિષયોમાં વિચરણ કરતું રહે છે. આવી અવસ્થામાં હે પ્રભો! **(किं स्वित् वक्ष्यामि)** હું શું કહીશ? હું શો જવાબ દઇશ? **(किं उ नु मनिष्ये)** હું શું મનન કરીશ અથવા હું શાનું અભિમાન કરીશ?

१८ ज्येष्ठ

पृच्छे तदेनो वरुण दिदृक्षु, उपो एमि चिकितुषो वि पृच्छम् ।
समान मिन्मे कवयश्चिदाहुः, अयं ह तुभ्यं वरुणो हृणीते ॥
(ऋ. ७-८६-३)

વિનય

હે પ્રભો ! હું તારા દર્શન માટે વ્યાકુળ થયો છું. તારા સાક્ષાત્ મેળાપ માટે હું રાત-દિવસ તારી રાહ જોતો બેઠો છું. એને માટે યત્ન કરતાં કરતાં પણ ઘણા દિવસ વહી ગયા. તને પ્રાપ્ત કરવાનાં જે જે પ્રસિદ્ધ સાધનો છે તે બધાં હું અજમાવી વળ્યો, એક પણ સાધન છોડયું નથી. આકરામાં આકરાં તપ પણ હું ઘણીજ ખુશીથી તપી ચૂકયો છું, છતાં મને તમારૂં દર્શન થયું નહિ ત્યારે ઓ મારા પ્રભુ ! એવું મારૂં કયું પાપ હજી પણ બાકી રહી ગયું છે કે જેને લીધે મને તારા ચરણનું દર્શન થતુંજ નથી ? હે વરુણ ! હવે તો હું તમનેજ પૂછું છું. તમે બતાવો, મને તો યાદ આવતું નથી. મને મારૂં કોઇ પાપ યાદ આવતું હોત તો હું તેનું પણ પ્રાયશ્ચિત્ત કરીને તેને ધોઈ નાખવા ચૂકત નહિ. હે પાપનું નિવારણ કરનારા ! મારા જે અપરાધને લીધે તમે મારા ઉપર નારાજ થઇને મને દર્શન નથી દેતા, તે મારો અપરાધ તમેજ મને-તમારા દર્શનના ભૂખ્યાને બતાવી દો. માણસોમાં જે જે જ્ઞાનીઓ, ભકતો, વિદ્વાનો, મહાત્માઓ મારી નજરે પડે છે, તેમની પાસે જાઉં છું અને જઇને એજ સવાલ પૂછું છું કે, વરુણદેવનાં દર્શન મને કેમ નથી ? પણ એ બધાજ ક્રાન્તદર્શી મહાત્માઓ મને એકનો એકજ ઉત્તર દે છે કે તે વરુણદેવજ તારા પર નારાજ છે. તે બધાજ સાચા જ્ઞાનીઓ મને એકસ્વરે એનો એજ ઉત્તર દે છે. તેથી હે દેવ !

હવે તો હું તમારા સિવાય બીજા કોને પૂછું ? હવે તો બીજા કોઇને પૂછવુંજ નકામું છે. હે દેવ ! હવે ગમે તો મને મારૂં પાપ બતાવી દો, તમે શાથી મારા ઉપર નારાજ થયા છો તેનું કારણ બતાવી દો, અથવા મને દર્શન દો. હે મારા સ્વામી ! મારૂં કયું પાપ બાકી રહી ગયું છે તેની મને જ્યાં સુધી ખબર ન પડે ત્યાં સુધી હું તેનો પ્રતિકાર કરી શકુંજ કેવી રીતે ? મેં નિશ્ચય કર્યો છે કે, હું તમને પ્રસન્ન કરીને ત્યારેજ છોડીશ. મારાં પાપના પ્રતિકારને માટે આકરામાં આકરૂં પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું. મારી જાતને પૂરેપુરી પવિત્ર કરી દેવાને માટે મારે કશુંજ બાકી રાખવું નથી. હવે તો હું તમને મળવાને માટે એટલો બધો વ્યાકુળ બની ગયો છું કે તેને માટે જે કાંઇ કરવું પડશે તે બધુંજ હું કરી નાખીશ. માટે હે મારા અંતર્યામી પ્રભુ ! મારાં શાં શાં પાપ છે તે મારે તમારી પાસેથી જાણી લેવું છે. તમારો મેળાપ કરવામાં જો કોઈ વાતની નડતર હોય તો તે એકલાં મારાં પાપજ છે; એ સિવાય તો આ જગતમાં બીજું કશું હોઈજ ન શકે.

શબ્દાર્થ

(वरुण) હે પાપનિવારક દેવ ! **(तत् एन: पृच्छे)** હું તે પાપને વિષે તને પૂછું છું [જેને લીધે હું તારૂં દર્શન નથી કરી શકતો] **(दिदृक्षु:)** હું તમારા દર્શનનો અભિલાષી છું. **(वि पृच्छं)** આ બાબત વિવિધ પ્રશ્નો પૂછવાને માટે હું **(चिकितुष:)** વિદ્વાનોની **(उपो एमि)** પાસે જાઉં છું, પરંતુ **(कचय: चित्)** એ બધા જ્ઞાની પુરુષો પણ **(समानं इत् मे आहु:)** મને એકનો એકજ ઉત્તર દે છે-મને એકની એકજ વાત કહે છે કે “ **(अयं वरुण: ह)** તે વરુણદેવ નિશ્ચયપૂર્વકજ **(तुभ्यं हृणीते)** તારા ઉપર અપ્રસન્ન થયા છે; માટે તેમને તું પ્રસન્ન કર.”

१९ ज्येष्ठ

य आपिर्नित्यो वरुण प्रियः सन्, त्वां आगांसि कृणवत्सखा ते।
मा त एनस्वन्तो यक्षिन् भुजेम, यन्धि ष्मा विप्रः स्तुवते वरुथम्
(ऋ. ७-८८-६)

વિનય

હે જગદીશ્વર ! આ મારો જીવ તમારો સનાતન બન્ધુ છે, તે તમારાથી અળગો થઈ શકતોજ નથી. એ જીવ ભલે ગમે તેવો પતિત થઈ જાય, પણ તે મૂળસ્વરૂપે તો ચેતન આત્માજ છે. આ જીવાત્માની અંદર તમે તેના સ્વામી (સંચાલક) બનીને નિત્ય વ્યાપ્ત છો, તમે તેના આશ્રયદાતા છો અને તે તમારો સદાકાળ આશ્રિત છે. એટલા માટે જીવાત્મા હમેશાં તમને પ્રાપ્ત કરનાર તમારો 'आपिः' છે, હમેશાં તમારી સાથે જોડાએલો અને બંધાએલો તમારો બન્ધુ છે, તમારો સખા છે. એ તમારો સાથી તમને એટલો વહાલો પણ છે કે તમે પોતે તમારા ઐશ્વર્યનો ઉપભોગ ન કરતાં એ જીવના ભોગને માટે ઐશ્વર્યથી ભરપૂર આ આખો સંસારજ તમે તૈયાર કરીને ખુલ્લો મૂકી દીધો છે. આટલું છતાં પણ તે જીવ–તમને જે આટલો બધો વહાલો છે તેવો તમારો સખા જીવ–આ સંસારમાં તમારા નર્યા અપરાધજ કરતો રહે છે, તમારા નિયમોનો ભંગ કરીને તમને હમેશાં દુભવતોજ રહે છે.

હે યજનીય દેવ ! અમે બધા જીવો આ રીતે તમારા અપરાધી તો થઇ ચૂકયા છીએ, ત્યારે અમારે હવે કરવું શું ? અમારે કરવાનું એજ કે, અમે પાપી છીએ તેટલા સારૂ તમે આપેલા ભોગોનો અમે ઇચ્છાપૂર્વક ત્યાગ કરીએ. હે યક્ષિન્ ! જ્યાં અમારે હાથે પાપ થઇ ગયું એટલે તરતજ અમારી મારફતે તમારા યજ્ઞમાં ભંગાણ પડી જાય છે અને

યજ્ઞ કર્યા વગર ભોગ ભોગવવાનો મનુષ્યને અધિકારજ નથી. અમે પાપી તો છીએજ અને છતાં ભોગ ભોગવીએ તો વિશેષ પાપી થઇએ, એટલા માટે અમારે ભોગનો તો ત્યાગજ કરી દેવો જોઇએ; કોઈ પણ ભોગનો ત્યાગ કરીને એ રીતે અમારા તે પાપનું પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઇએ, પાપ થઈ ગયું એટલે પછી ભોગ ભોગવવાનો મનમાંથી વિચારજ કાઢી નાખવો જોઇએ. એવું કરવાથી પાપનો પ્રતિકાર થઇ જાય છે–આગળ ઉપર પાપ થતાં અટકે છે, પાપ કરવાની વૃત્તિનો ક્ષય થઈ જાય છે. એવું કરવાથી તમે અમને એક પ્રકારનું **‘વરુથ’** અર્થાત્ સુરક્ષિત ઘર અથવા આશ્રયસ્થાન આપી દો છો. હે જગદીશ્વર ! તમે સર્વજ્ઞ છો, મારા હૃદયને જાણો છો, હું જે તમારો ઉપાસક છું તેના હૃદયના તમામ સાચા ભાવોને તમે જાણો છો. માટે આજ પછી જ્યારે કોઇ વાર મારાથી તમારા કોઇ નિયમનો ભંગ થઇ જશે ત્યારે હું ગમે તે કોઇ ભોગનો ત્યાગ કરીને તારા શરણમાં આવવાને માટે હું મારા હાથ લંબાવીશ. હે વિપ્ર ! હે સ્વામી ! તમે મને તમારા **‘વરુથ’** નું અવશ્ય દાન કરશો, હું મારા હાથ લાંબા કરૂં ત્યારે તમે મને તમારા ખોળામાં ઉંચકી લઇને મને સુરક્ષિત કરશો; થોડા વખત માટે મને તમારા ઘરમાં આશરો આપશો; જેમાં રહીને હું પવિત્ર થાઉં અને ભવિષ્યમાં તમારા નિયમોનો ભંગ કરતો બચું.

શબ્દાર્થ

(वरुण) હે વરુણ ! **(यः नित्यः आपिः)** જે તારો સનાતન બન્ધુ છે, જે **(ते सखा)** તારો સખા છે, **(प्रियः सन्)** જે તને વહાલો હોવા છતાં પણ **(त्वां आगांसी कृणवत्)** તારા પ્રતિ પાપ–અપરાધ કર્યાંજ કરે છે. **(यक्षिन्)** હે યજનીય દેવ ! **(एनस्वन्तः)** પાપી થવાથી અમે **(ते मा भुजेम)** તારા આપેલા ભોગ ન ભોગવીએ. **(विप्रः स्तुवते वरुथं यन्धि स्म)** આ રીતે તમે સર્વજ્ઞ મારા સરખા ઉપાસકને તમારૂં શરણ અથવા તમારૂં ઘર આપી દો.

२० ज्येष्ठ

न वा उ सोमो वृजिनं हिनोति, न क्षत्रियं मिथुया धारयन्तम् ।
हन्ति रक्षो हन्त्यासद् वदन्तं, उभाविन्द्रस्य प्रसितौ शयाते ।।
(ऋ० ७-१०४-१३ । अ० ८-४-१३)

વિનય

જગદીશ્વર પ્રભુ સોમરૂપે આખા જગતનું પાલન-પોષણ કરી રહ્યા છે. સોમ પ્રભુના જીવનદાયક રસનું શોષણ કરીને આખો સંસાર વૃદ્ધિ પામે છે, પુષ્ટિ મેળવે છે. પણ જે ભગવાન પાપની કદી પણ વૃદ્ધિ કરતા નથી તેમનો સોમરસ પાપને-પાપીઓને-કદી મળતો નથી. વળી તમામ પાપોનું મૂળ-આદિકારણ-અસત્યતા છે, તેને તો પરમેશ્વરનો જીવન-રસ કદી મળી શકેજ નહિ.

મનુષ્ય જ્યારે સદા વર્તમાન એવા '**सत्**'ની વિરુદ્ધ, તેનાથી વિપરીત કાંઇક બીજાની રચના કરીને તેને પોતાની અંદર ધારણ કરે છે, ત્યારે તેમ કરીને તે પોતાની અંદર કંઇક પ્રતિકૂળ અસ્વાભાવિક તત્ત્વને પોતાના મનમાં સ્થાન આપે છે; એવી '**मिथुया धारयन्**' (જૂઠને ધારણ કરનારો) મનુષ્ય પોતાની જાતને તે '**असत्**' વડે એવી ઢાંકી લે છે કે જેથી કરીને સત્યની સોમ-ધારા તેના તરફ આવતી અટકી જાય છે. કોઇ પણ જાતનું પાપ કરવું એટલે આપણી ક્રિયાદ્વારા સત્નો ઇન્કાર કરવા બરોબર છે. તાત્પર્ય એ છે કે, માણસ જેમ જેમ પોતાની અંદર અસત્ને સ્થાન આપતો જાય છે, તેમ તેમ તે એવું કરીને પોતાની ક્રિયા વડે સત્યથી વિપરીત કર્મ (**पाप=वृजिन**) કરે છે, અને તેટલા પ્રમાણમાં તેનું પોતાનું સત્સ્વરૂપ જીવનરસદાયક સોમથી જુદું-અળગું-થઇ જાય છે, તે ઈશ્વરીય જગતની બહાર નીકળી જાય છે; તે પરમેશ્વરના કેદખાનામાં જઇ પડે છે. પોતા-

નાજ અસત્ વડે ચારે બાજુએથી ઢંકાઇ જાય છે, કેદ થઈ જાય છે; એવું કહીએ તોપણ ખોટું નથી. સોમરસને અનુકૂળ રહીને આચરણ કરનારાઓને જીવન અર્પીને પરમેશ્વર તેમની એક બાજુએ વૃદ્ધિ કરે છે, તેવીજ રીતે તે બીજી બાજુએ ઇન્દ્ર (**इदं दारयिता**) બનીને વિપરીત રીતે આચરણ કરનારાઓને અળગા કરીને તેમને બાંધી પણ લે છે. આ રીતે અસત્ય બોલનારા, પાપ કરનારાઓ પરમેશ્વરના આપેલા જીવન–રસથી વંચિત રહી જાય છે, સૂકાતા જાય છે અને નાશ પામે છે. એટલા માટે તો પાપનું એક નામ ‘ **वृजिन** ’ છે; કારણ કે તે વર્જનીય–ત્યાગ કરવા યોગ્ય છે. વળી પાપનુંજ બીજું એક નામ* ‘**रक्षः**’ છે; કેમકે એનાથી હમેશાં આપણી જાતને રક્ષિત રાખવી જોઇએ. પરમેશ્વર એ વૃજિનનો–એ રક્ષઃનો નાશજ કરે છે, કદી પણ તેની વૃદ્ધિ થવા દેતા નથી.

માણસ જો સત્યનો મહિમા સમજતો થઇ જાય, સત્યના સામર્થ્યમાં એને જરા પણ શંકા ન હોય, તો તે પોતે પાપ કરતી વખતે ગભરાઇ જાય અને અસત્ય કહી નાખતી વખતે તેનું કાળજું ફફડી ઉઠે. કદાચ જગતમાં આપણી આંખે એવું દેખાય કે પરમેશ્વર પણ પાપને મદદ કરે છે, જૂઠાને વિજય અપાવે છે, તેની વૃદ્ધિ કરે છે તો તે આપણી ક્ષુદ્ર બુદ્ધિવાળાં અને અલ્પજ્ઞ માનવીઓની દષ્ટિનો ભ્રમજ છે. કયા પાપનું ફળ કયારે અને કેવી રીતે મળે છે તે આપણને અલ્પજ્ઞ માનવીઓને દેખાતું નથી. પાપીના કર્મના હિસાબમાં પણ તેનાં આગલાં પુણ્ય જમા થએલાં હશે તેને લીધે તેની ચઢતી કળા થતી હશે તે આપણે નથી જોઇ શકતા. આપણી આવી અલ્પ દષ્ટિને લીધે આપણા મનમાં ભ્રમ ઉત્પન્ન થાય છે. એટલા માટે (એ ભ્રમના નિવારણને માટે) એક વાત કહી રાખવી જરૂરની છે કે, સોમ કદી પાપની વૃદ્ધિ કરેજ નહિ, પણ

---

* જુઓ **रक्षितव्यं यस्मात्**—નિરુક્ત, ૪–૩–૨.—**મૂળલેખક**

તે તો ગમે તેવો બળવાન પણ જૂઠો હોય તેનો તો નાશજ કરે છે. હરેક પ્રકારના જૂઠની, હરેક પ્રકારના અસત્યાચરણ (પાપ)ની સજા એ છે કે, તેના વડે માણસ જીવન-રસથી વંચિત થાય છે અને જીવન-રસ મળતો બંધ થયો એટલે નાશ થયો એમ સમજીજ લેવું. આ વાતમાં જરા પણ સંદેહ નથી. વાસ્તવિક રીતે જૂઠું બોલવું એટલે મરવું અને પાપ કરવું એટલે આત્મહત્યા કરવી, એ સિવાય બીજું કાંઇજ નહિ.

શબ્દાર્થ

(सोमः) સોમરૂપ પરમેશ્વર **(वै)** નિઃસંદેહ **(न उ)** ન તો **(वृजिनं)** વર્જનીય પાપની **(हिनोति)** વૃદ્ધિ કરે છે અથવા પાપનું સમર્થન કરે છે તેમ **(न)** ન તો **(मिथुया धारयन्तम्)** જુઠને ધારણ કરનારા **(क्षत्रियं)** બળવાનની વૃદ્ધિ કરે છે પણ તે તો **(रक्षः)** પાપરૂપી રાક્ષસને **(हन्ति)** હણે છે અને **(असद् वदन्तं)** જૂઠું બોલનારને **(हन्ति)** હણે છે જે **(उभौ)** બેઉ **(इन्द्रस्य)** ઇન્દ્ર-રૂપ પરમેશ્વરના **(प्रसितौ)** બંધનમાં **(शयाते)** પડે છે.

२१ ज्येष्ठ

य ईं चकार न सो अस्य वेद, य ईं ददर्श हिरुगिन्नु तस्मात् ।
स मातुर्योना परिवीतो अन्तः, बहुप्रजा निर्ऋति माविवेश ।।
(ऋ० १-१६४-३२। अथर्व० ९-१०-१०)

વિનય

માણસ સંસારસાગરમાં ડૂબતોજ જાય છે. જેમ જેમ 'बहुप्रजा' થતો જાય છે, તેમ તેમ તે 'निर्ऋति' માં ભયંકર કષ્ટમાં ફસાતો જાય છે. વિષયવાસનાનો દાસ થયેલો માણસ સંસારમાં પુષ્કળ છોકરાં પેદા કરવાં એ એકલુંજ મારૂં કર્તવ્ય છે એમ સમજીને 'બહુપ્રજા' બનતો જાય છે, સંતાનોત્પત્તિ કરતો રહે છે અને પ્રકૃતિની અંદર પોતાની જાતને હરેક પ્રકારે વધારે ને વધારે બાંધતો જાય છે. આથી કરીને તેને ફરી ફરીને જન્મ ધારણ કરવો પડે છે, અને જન્મમરણનાં ભયંકર દુઃખોનો તેને વારંવાર અનુભવ કરવો પડે છે. ઋષિઓએ જોઈ લીધું કે, માતાના ગર્ભમાં પ્રવેશ કરનાર જીવને વારંવાર પુષ્કળ માનસિક વેદના સહન કરવી પડે છે. તે ગર્ભમાં રહે છે તેટલો વખત ફક્ત ઓળથી ઢંકાયેલો રહે છે, એટલુંજ નહિ પણ અજ્ઞાનનું આવરણ પણ તેની ઉપર ફરી વળેલું હોય છે. કારણ કે 'बहुप्रजा' થવાના રસ્તા તરફ વળવું એનો અર્થજ એ કે અજ્ઞાનના આવરણથી ઢંકાઇ જવું. માણસ જ્યાં 'ઢંકાઇ ગયો' (परिवीत થયો) એટલે પછી તે સંસારની અંદર ગાંડા અથવા આંધળાની માફક આથડિયાં ખાયાજ કરે છે. તેને ગાંડો એટલા માટે કહ્યો છે કે, રાત-દહાડો તે આંખો મીંચીને કામ તો કરતોજ રહે છે તોપણ પોતે શું કરે છે, શા માટે કરે છે તે જાણ્યા વગરજ ઊંધું ઘાલીને કામ ઢસડયોજ જાય છે.

તે ખાય છે, પીએ છે, હરે છે, ફરે છે, કોઈના ઉપર પ્રેમ કરે છે, કોઈના ઉપર દ્વેષ રાખે છે, એવું બધું કરે છે તો ખરો, પણ પોતે શું કરે છે, શા વાસ્તે કરે છે, તેનું પરિણામ શું થશે–એમાંનું કાંઇ પણ જાણ્યા વગર તે માત્ર કામજ કર્યો જાય છે. પણ મારા એકેએક કામનું ફળ મારે ભોગવવું પડશે તેની તેને ખબર નથી હોતી. પોતાના આગલા જન્મોમાં તેણે શાં શાં કામ કર્યાં હતાં તેની ખબર તો તેને ક્યાંથીજ હોય ? બસ, આંખો મીંચીને કામ કર્યો જાય છે. તે આખા સંસારને પણ આવી ગાંડાની અથવા આંધળાની દૃષ્ટિથીજ જુએ છે. તે માણસ સ્ત્રી, પશુ, પર્વત, નદી, આકાશ, સભાઓ અને સમાજો, કેટલાંય આનંદદાયક અને હૃદયવિદારક દૃશ્યો જુએ છે, સૌને જાગતો છતાં જાણે ઊંઘમાં હોય એમ જુએ છે, પણ એ બધી વસ્તુઓનું ખરૂં સ્વરૂપ તો તેની નજરેજ પડતું નથી. એ બધીજ વસ્તુઓ તેની આગળ વાસ્તવિક રીતે ગુપ્તજ છે–નિઃસંદેહ ગુપ્તજ છે. તે ઉઘાડી આંખ રાખીને જુએ છે, પણ તે છતાં તે કોઇ પણ વસ્તુનું તત્ત્વ જોઇ શકતોજ નથી. આથી કરીને તે **'बहुप्रजा'** બનવાનો–પ્રકૃતિમાં બંધાઇ જવાનો–માર્ગ લે છે અને તેથી **'निर्ऋति'*** માં ફસાઇ પડે છે, નિર્ઋતિ (પૃથિવી)ના અંધકારમાં ધસી જવાને બદલે જો તે **"द्यौः"** (પ્રકાશ)ની તરફ જવા લાગે તો આ સંસારમાં જે કાંઇ જુએ તેનો તેને સાક્ષાત્કાર થાય અને પોતે જે કાંઈ કરે તેનું તાત્પર્ય–ફળ તેને સમજાઇ જાય.

ત્યારે શું આપણે આ સંસારમાં આવીને એમના એમ આંખો મીંચીને કામ કરતા જઇશું ? એમ ને એમ વગર સમજ્યે કર્મના સરવાળામાં ઉમેરો કરતા જઇશું ? કર્મરહસ્ય અને કર્મફળના નિયમોને સમજ્યા વિના આંધળાની પેઠે ગમે તેમ આડાંઅવળાં કામજ કરતા જઇશું ?

---

* નિર્ઋતિ શબ્દના બે અર્થ (૧) ભયંકર કષ્ટ અને (૨) પૃથ્વી.

—મૂળલેખક

અને આ સંસારને આપણે ઉઘાડી આંખે દેખતા છતાં પણ નહિ દેખીએ ? ઉઘાડી આંખોવાળા આંધળા બનીને જીવન પૂરૂં કરીશું ? ત્યારે તો આપણો 'बहुप्रजा' થવા વિના આરોજ નથી અને પછી આપણા નસીબમાં ભયંકર કષ્ટ ભોગવવાનુંજ રહેશે.

શબ્દાર્થ

(यः) જે માણસ **(ईं)** જે કાંઈ **(चकार)** કરે છે **(अस्य)** તે પોતાનાં કરેલાં કામને **(स न वेद)** જાણતો નથી. **(यः)** તે માણસ **(ईं ददर्श)** પોતે જે કાંઇ જુએ છે તે **(तस्मात्)** પેલા જોનારા માણસથી **(नु हिरुक् इत्)** નિઃસંદેહ છુપાયેલુંજ છે. **(स)** એવો તે માણસ **(मातुः योना अन्तः)** માતાના ગર્ભાશયમાં **(परिवीतः)** (ઓળથી તેમજ અજ્ઞાનથી) ઢંકાયેલો **(बहुप्रजा)** વારંવાર જન્મ ધારણ કરતો રહીને અને સંતાનોત્પત્તિ કરતો રહીને **(निर्ऋतिं आविवेश)** ભારે ભયંકર કષ્ટમાં પ્રવેશ કરે છે.

२२ ज्येष्ठ

उदुत्तमं वरुण पाशमस्मद्, अवाधमं वि मध्यमं श्रथाय ।
अथा वयमादित्य व्रते तव, अनागसो अदितये स्याम ॥
(ऋ. १-२४-१५ । यजु० १२-१२ । सा. पू. ६-३-१०-४ ।
अथर्व. ७-८३-३)

વિનય

હે પાપનિવારક દેવ! તેં અમને ત્રણ બંધનોથી બાંધી રાખ્યા છે. જે ઉત્તમ બંધન છે તે તેં અમારા માથા ઉપર બાંધ્યું છે, જેનાવડે અમારો આનંદ, અમારી બુદ્ધિ બંધાઈ ગયાં છે, ઢંકાઈ ગયાં છે અથવા રોકાઇ ગયાં છે. એને સત્વગુણનું (કારણશરીરનું) બંધન કહી શકાય છે. વચલું બંધન અમારા હૃદય ઉપર છે. તેના વડે અમારૂં મન અને અમારા સૂક્ષ્મ પ્રાણ બંધાઇ ગયા છે. એ બંધન રજોગુણ અને સૂક્ષ્મશરીર મળીને બને છે. ત્રીજું અને સૌથી કનિષ્ઠ પ્રકારનું જે બંધન છે તે અમારી નાભિની નીચેનું છે, જે તમોગુણ અને સ્થૂળ શરીરનું બનેલું છે, જેના વડે અમારા સ્થૂળ પ્રાણ અને સ્થૂળ શરીર બંધાઇ જાય છે. હે વરુણ! આવાં ત્રેવડાં બંધનોથી અમે બંધાએલા છીએ તેથી કરીને અમારે હાથે તારા નિયમોનો વારંવાર ભંગ થયા કરે છે અને અમે પાપી બનતાજ જઇએ છીએ. ઉત્તમ બંધન અમને સાચું જ્ઞાન ગ્રહણ કરવા દેતું નથી; મધ્યમ બંધન અમને રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરેને અધીન બનાવી દે છે; અને અમારૂં કનિષ્ઠ બંધન અમારી કાર્ય કરવાની શારીરિક ત્રુટિઓને પેદા કરે છે; આ ત્રણ રીતે અમે પાપી બનતા જઇએ છીએ. હે દેવ! તું અમારૂં સૌથી ઉપરનું બંધન જે અમારા મસ્તક ઉપર છે તેને છોડી નાખ; તેની ગાંઠ ઉકલી જશે એટલે મારી બુદ્ધિનો દ્યુલોકની સાથે સંબંધ જોડાઇ જશે; એમ થતાંજ મારામાં સત્ય જ્ઞાનને પ્રવેશ કરતાં વાર નહિ લાગે. મારા વચલા બંધનની ગાંઠને તું વચ્ચેથી છોડી નાખ; તે છૂટી જશે એટલે મારૂં મન અંતરિક્ષ લોકના સમુદ્રમાં પ્રવેશ કરી શકશે; તેમ થશે એટલે તે સમુદ્રના જળથી મારા મનના રાગ-દ્વેષાદિ મળ ધોવાઇ જશે અને તે સામ્યાવસ્થા પ્રાપ્ત કરશે. તું મારા સૌથી નીચેના બંધનને નીચેની બાજુએથી સરકાવી દે કે જેથી કરીને મારા પાર્થિવ શરીરનાં તમામ મલિન પર-

માણુઓ પૃથ્વીતત્ત્વની સાથે મળી જાય અને પછી જે નવું શરીર ઘડાય તે એવું સ્વસ્થ અને નીરોગ હોય કે તેના વડે હું પ્રભુનાં કાર્ય, પ્રભુની સેવા વિના ત્રુટિએ, વિના દોષે કરી શકું. હે પ્રકાશમય બંધનરહિત દેવ! આ બંધનો છૂટી જશે એટલે અમે તારા વ્રતોના પાલનમાં સ્થિર અને દૃઢ રહી શકીશું અને અમારે હાથે તારા નિયમોનો ભંગ થાય છે તે ત્યાર પછી નહિ થાય. ત્યાર પછી અમે સ્વતંત્ર અથવા આત્મતંત્ર બનીને જગતમાં વિચરીશું. એમ કરતાં કરતાં આખરે હું 'अदिति' (મુક્તિ)ને માટે એવો યોગ્ય બની જઇશ કે એક દિવસ મારા સ્થૂળ શરીરરૂપી બંધનને પૃથ્વી ઉપર ફેંકી દઇશ, મારા માનસિક સૂક્ષ્મશરીરને અંતરિક્ષમાં ઓગાળી દઇશ અને સૌથી ઉપરનું બંધન પણ ઢીલું થઇને છૂટી જશે એટલે હું દ્યુલોકમાં દાખલ થવાને યોગ્ય બની જઇશ. એ ત્રણે બંધનો ઢીલાં થઇને ખરી ન પડે ત્યાં સુધી હું મુક્તિ તરફ પગલું ભરી શકુંજ કેવી રીતે? માટે હે વરુણ! આ મારાં બંધનોને તું એક વાર છોડી નાખ–તેની ગાંઠો ઢીલી કરી નાખ જેથી કરીને મારો રસ્તો ચોખ્ખો અને સરળ બની જાય અને હું તારા નિયમો અનુસાર જીવન વ્યતીત કરવાને પ્રયત્નવાન થતો થતો આખરે નિષ્પાપ અને મોક્ષને માટે યોગ્ય બની જાઉં.

શબ્દાર્થ

(वरुण) હે પાપનિવારક દેવ! તું **(अस्मद्)** અમારા **(उत्तमं पाशं उत्)** ઉત્તમ બંધનને ઉપરની બાજુએથી અને **(मध्यमं वि)** મધ્યમ બંધનને વચ્ચેથી અને **(अधमं अव)** અધમ બંધનને નીચેની બાજુએથી **(श्रथाय)** ઢીલાં કરી દે **(अथ)** જેથી કરીને—આ બંધનો છૂટી જવાથી–**(आदित्य)** હે પ્રકાશમય બંધનરહિત દેવ! **(वयं तव व्रते)** અમે તારા નિયમોની મર્યાદામાં રહીને—તારાં વ્રતોને પાલન કરતા રહીને—**(अनागसः)** પાપરહિત બનીને **(अदितये)**× બંધનરહિત અવસ્થા, સ્વતંત્રતા, મુકિતને માટે યોગ્ય **(स्वाम)** થઇ જઇએ.

* * *

× આ ઠેકાણે મનુષ્યનાં ત્રણ શરીર–સ્થૂળ, સૂક્ષ્મ અને કારણશરીરની સાથે તેના પાંચ કોશ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોશ—એમનો પરસ્પરનો સંબંધ વિચારવા જેવો છે. પહેલા બે કોશનો સંબંધ સ્થૂળશરીરની સાથે છે, ત્રીજા અને ચોથાનો સૂક્ષ્મ શરીરની સાથે છે અને પાંચમાનો કારણશરીરની સાથે છે.—**સેવાનંદ**

२३ ज्येष्ठ

अनुत्तमा ते मघवन्न किर्नु, न त्वावाँ अस्ति देवता विदानः ।
न जायमानो नशते न जातो, यानि करिष्या कृणुहि प्रवृद्ध ॥
(ऋ० १-१६५-९)

વિનય

હે સર્વૈશ્વર્યશાલી દેવ ! હું આજે જોઉં છું-અનુભવ કરૂં છું કે, આ વિશ્વમાંનું બધુંજ-નાનાથી નાનું અને મોટાથી મોટું તમામ-તારૂંજ હલાવ્યુંજ હાલે છે. એવી કોઇ પણ વસ્તુ આ જગતમાં નથી, કે જે તારી પ્રેરણાથી પ્રેરિત થતી ન હોય. આ બ્રહ્માંડરૂપી મહાસાગરની નાનામાં નાની અને મોટામાં મોટી તમામ લહરિઓને તુંજ ઉત્પન્ન કરી રહ્યો છે. જગતનાં અનંત પરમાણુઓ પૈકીનું એક એક પરમાણુ જે પ્રતિક્ષણ ગતિમાન થઇ રહ્યું છે, કીડીથી માંડીને કુંજર સુધીનાં તમામ નાનાં-મોટાં પ્રાણીઓ જે સતત ચેષ્ટા-ક્રિયા આદિ કરી રહ્યાં છે, મનુષ્યના વ્યક્તિગત જીવનમાં તથા આખી માનવજાતિના સામુદાયિક, સમષ્ટિગત જીવનમાં થઇ રહેલાં એકેએક પરિવર્તનો, ભૂકંપ, વર્ષા, વાયુ, અગ્નિ અને ઋતુઓ વગેરે આધિદૈવિક જગતમાં નિરંતર ચાલી રહેલા ફેરફારો-અરે ! આ એકજ જગતમાં નહિ પણ એવાં કોટિ કોટિ અનંત જગતોમાં, જેમાં અસંખ્ય સૂર્યો અને તેમની આસપાસ ઘૂમતા પૃથ્વીના જેવા અગણિત ગોળાઓ-એ બધાંજ તારી આપેલી ગતિ વડે ગતિમાન છે, તારી પ્રેરેલી શક્તિ વડે શક્તિમાન છે અને તારી અર્પેલી ચેતના વડે ચેતનવંત છે. તુંજ તારી પૂર્ણ જ્ઞાનમયી ગતિને તારા યોગ્ય વિધાન મુજબ સૌની અંદર પ્રેરીને આખા સંસારને તારી ઇચ્છાનુસાર નચાવી રહ્યો છે. અમે મનુષ્યો તો શા હિસાબમાં, પણ મોટા મોટા જ્ઞાની મહર્ષિઓ, દેવો પણ તારા સીમારહિત જ્ઞાનનો પાર

નથી પામી શકતા. તેઓ બધાજ તારા જ્ઞાનને અનંત અને સીમારહિત કહીને પોતાનું અજ્ઞાન, પોતાની અશક્તિ જાહેર કરે છે. અમારૂં જ્ઞાન જેમ જેમ વધતું જાય છે, તેમ તેમ અમને ખબર પડતી જાય છે કે તું તો ઘણોજ મહાન છે–અમાપ મહાન છે. હે મહાન ! હે પરમ મહાન ! તારી મહત્તાનું આકાશ એટલું વિશાળ છે કે અમારી કલ્પનારૂપી પંખીડું ગમે તેટલું ઉંચે ઉડે તોપણ તેનો અંત કદી માપી શકતું નથી. તે આખરે હારીને, થાકીને, શાંત થઈ જાય છે અને પોતાની અલ્પ શક્તિનો અનુભવ કરે છે. પછી તો તારી મહત્તા અનંત છે, તારી લીલા અગમ્ય છે એવું મનથી માની લઇને ચૂપ બની જાય છે. અમે તો માત્ર એટલુંજ કહી શકીએ કે, આ જગતમાં જે કાંઇ પેદા થયું છે, થાય છે અને થશે, તેમાંના કોઇ પણ પદાર્થમાં, પ્રાણીમાં એવી શક્તિ નથી કે જે તારી લીલાનું રહસ્ય સમજી શકે, તારાવડે થઈ રહેલી અથવા ભવિષ્યમાં થનારી કોઇ પણ લીલાના એક અલ્પાંશને પણ સમજી શકે. જે કોઈ ઋષિ અથવા દ્રષ્ટા તારી લીલાની ઘણામાં ઘણી અને સાચામાં સાચી ખબર લાવે છે, તારી નજીક જઈ પહોંચીને પૂરી ખબર લઇ આવે છે, તેઓ ઘણું તો એટલુંજ કહી શકે છે કે, તારી લીલા અગમ્ય છે ! તારી લીલા અગમ્ય છે !

શબ્દાર્થ

(आ) અહો ! આ વાત સત્ય છે કે **(मघवन्)** હે સર્વૈશ્વરયુક્ત ! **(नु ते [1]अनुत्तम् न किः)** નિઃસંદેહ એવી કોઇ વસ્તુ નથી કે જે તારી પ્રેરણાથી પ્રેરિત ન હોય; **(त्वावान् विदानः देवता न अस्ति)** તારા સમાન જ્ઞાનવાળો કોઇ દેવતા પણ નથી, **(प्रवृद्ध)** હે પરમ મહાન્ ! **(न जायमानः न जातः)** ન તો કોઇ વસ્તુ ઉત્પન્ન થનાર છે અથવા ન તો કોઇ ઉત્પન્ન થઈ છે **([तानि] नशते)** કે જે તારાં તે કર્મો સુધી પહોંચી શકે **(यानि करिष्या, कृणुहि)** જે તું કરે છે અને ભવિષ્યમાં કરીશ.

---

[1] अनुत्तम्+आ=अनुत्तमा —મૂળલેખક

२४ ज्येष्ठ

यस्मान्न ऋते विजयन्ते जनासो, यं युध्यमाना अवसे हवन्ते ।
यो विश्वस्य प्रतिमानं बभूव, यो अच्युतच्युत् स जनास इन्द्रः
(ऋ. २-१२-९ । अथर्व. २०-३४-९)

વિનય

‘ હે ઈશ્વર ! હે ઈશ્વર ! ’ એવું લોકો વારંવાર બોલે છે તો ખરા, પણ હે માનવીઓ ! તમે કદી ઈશ્વરનો અનુભવ કરો છો ? ઈશ્વર ઇન્દ્રિયોથી પર હોવાને લીધે આપણી આંખો, આપણા કાન પૈકી કોઇ પણ ઇન્દ્રિય તેને ગ્રહણ નથી કરી શકતી એ વાત ખરી, તોપણ હરકોઈ માણસ ધારે તો ઈશ્વરનો અનુભવ કરી શકે છે. આ સંસારમાં કોઇ પણ માણસને કોઇ પણ કામમાં જ્યારે વિજય મળે છે ત્યારે તે વિજય ઈશ્વરની કૃપાથીજ મળે છે એવું નક્કીજ માની લેવું. આથી કરીને આપણે એટલું તો જરૂર કરી શકીએ કે, આપણા હરેક વિજયમાં આપણે ઈશ્વરની મહત્તાનો અનુભવ કરીએ અને આપણા પ્રત્યેક પરાજયમાં પણ તેની મહત્તાનોજ વિચાર કરીએ; કેમકે તેનો સ્વીકાર ન કર્યાના અપરાધને લીધેજ આપણને દરેક વખતે હાર ખાવી પડી છે. આ યુદ્ધના મેદાનરૂપી સંસારની અંદર જ્યારે માણસ પોતાની તમામ પ્રકારની શક્તિઓની નિષ્ફળતાનો અનુભવ કરતો કરતો આખરે નિરાશ બની જાય છે અને હારી થાકીને હતાશ અને લાચાર બનીને પોતાનાથી અજ્ઞાત છતાં પોતાના કરતાં ઘણી ઉંચી એવી જે કોઇ શક્તિને યાદ કરે છે, તેને પોતાની મદદે બોલાવે છે, તે શક્તિ પરમેશ્વર છે. નાસ્તિક લોકોના હૃદયમાં પણ તેમની આખરની, નિઃસહાયતાની પરાકાષ્ઠાની અવસ્થા વખતે પોતાનાથી કોઇ જુદી શક્તિ તરફથી મદદ મેળવવાની અત્યારસુધી દબાઇ રહેલી, છુપાઈ રહેલી આશા પ્રકટ થઈ જાય છે. ત્યારે હે મનુષ્યો ! તમે તે શક્તિને કેમ નથી જોતા ? જેની મદદ વિના આ સંસારમાં કોઇ પણ કામની સિદ્ધિ થતી નથી તે શક્તિને તમારી આખરની પરમ નિઃસહાય અવસ્થામાં હારી જઇને, નિરાશ બનીને, લાચાર

બનીને અનુભવ તો કરી જુઓ; પરમેશ્વરને યાદ તો કરી જુઓ. જુઓ, જુઓ, યુદ્ધમાં પોતાનું રક્ષણ કરવાને વાસ્તે મનુષ્યમાત્ર તેને સાદ કરે છે. અને તમે જો ધારો તો આ જગતની એકેએક વસ્તુમાં, એકેએક બનાવમાં તમે તેનો અનુભવ કરી શકો. આખા વિશ્વની આંખ તેના એકલાના ઉપરજ ઠરી છે. આખો સંસાર સ્થિર રહ્યો છે કોને આધારે? સંસારની સ્થિતિ છે કોની અંદર? તેને કોણ ધારણ કરી રહ્યો છે? એજ તે પરમેશ્વર છે, કે જે અખિલ વિશ્વનો એકમાત્ર આધાર છે, જે સંસારનો સાર છે, સૌનો આત્મા છે અને જે સૌનો આત્મા હોઇ સંસારની હરેક વસ્તુમાં એવો તદ્રૂપ (એવો તત્પ્રતિમ) બનીને બેઠો છે કે માણસ સંસારની વસ્તુઓને જુએ છે અને છતાં તેને નથી જોઇ શકતો. પણ જે ખરી વસ્તુ છે તે આ ન જોઇ શકાય એવી વસ્તુ છે, જે કાંઇ છે તે તેજ છે. આ સંસારમાં અસંભવિત સંભવિત બની જાય છે, જેનો નાશ થવાનો કદી સંભવ પણ ન હોય એવી વસ્તુઓ એક ક્ષણમાં હતી ન હતી થઇ જાય છે, એ બધું કામ તેની ન દેખી શકાય એવી શક્તિજ કરે છે. જગત જેને અચળ માની લે છે તેને તે એક ક્ષણમાં ગબડાવી પાડે છે. એ '**अच्युतच्युत्**' ને જરાક જુઓ તો ખરા. સંસારની એકેએક વસ્તુમાં રમી રહેલાને જુઓ. તે વિશ્વમય બનીને આપણી સામે ઉભો રહ્યો છે, અરે મનુષ્યો! તમે તેને કેમ જોતા નથી? તેને જુઓ, જુઓ, તે ઇન્દ્ર છે, તે પરમેશ્વર છે.

શબ્દાર્થ

(जनासः) હે મનુષ્યો! **(इन्द्रः स)** પરમેશ્વર તે વસ્તુ છે **(यस्मात् ऋते जनासः न विजयन्ते)** જેના સિવાય મનુષ્યોને કદી વિજય નથી મળતો અને **(यं युध्यमानाः अवसे हवन्ते)** જેને તમામ માણસો યુદ્ધ કરતી વખતે પોતાના રક્ષણને માટે સાદ કરે છે અને **(यो विश्वस्य प्रतिमानं बभूव)** જે વિશ્વનો પ્રતિમાન–અર્થાત્ જગતના પ્રત્યેક પદાર્થનો નિર્માણકર્તા બનીને, આખા વિશ્વને પોતાની અંદર સમાવી રાખીને, તદ્રૂપ બનીને **(यः अच्युतच्युत्)** જે કદી પણ ન ડગે એવા મોટા મોટા સુદૃઢ પદાર્થોને પણ ગબડાવી દે છે.

२५ ज्येष्ठ

यं स्मा पृच्छन्ति कुह सेति घोरं, उतेमाहुर्नैषो अस्तीत्येनम् ।
सो अर्यः पुष्टीर्विज इवामिनाति, श्रदस्मै धत्त स जनास इन्द्रः
(ऋ० २-१२-५ । अथर्व० २०-३४-५)

વિનય

માણસો જ્યારે ગંભીરતાપૂર્વક તે પરમેશ્વરની સત્તાને વિષે વિચાર કરવા માંડે છે, ત્યારે તેઓમાંથી કોઇ કોઇ પૂછે છે કે, જેણે આ નાના પ્રકારના સુખભોગને આપનાર જગતમાં દુઃખ, વ્યાધિ, મૃત્યુ વગેરેની ઉત્પત્તિ કરીને અમારા રંગમાં ભંગ પાડયો છે ‘ તે ઈશ્વર છે કયાં ? ’ જે ઈશ્વર મોટા મોટા દુષ્ટ રાક્ષસોનું દલન કરનાર અને પોતાના વજ્રના પ્રહારથી પાપનો સંહાર કરનાર કહેવાય છે તે વિકટ ભયંકર ઈશ્વરને વિષે લોકો પૂછે છે કે ‘ તે ઈશ્વર છે કયાં ? ’ અમને બતાવો તો ખરા કે તે કયાં છે ? બીજા કેટલાક વળી એવા છે કે, તેઓ તો એકદમ નિશ્ચયજ કરી બેસે છે કે ‘ ઈશ્વર બીશ્વર જેવું કાંઇ છેજ નહિ ’–‘ ઈશ્વર હતો તો ખરો, પણ આ વીસમી શતાબ્દિમાં મરી ગયો ’– ‘ અરે ! ઈશ્વર તો મૂર્ખ લોકોને માટે છે. ’ પણ ભાઇઓ ! જરાક સાવધાનીથી તો જુઓ. સત્યની શોધ કરો અને તેને ધારણ કરો. જરાક જુઓ તો ખરા કે, જે લોકો પોતાના ધાર્યા પ્રમાણે પ્રકૃતિમય ઈશ્વરવિહીન જગતમાં જીવે છે, અને તેથી કરીને જેઓ એવુંજ માની બેઠા છે કે સંસારમાં કોઇ પણ રીતે, કોઇ પણ ઉપાય વડે ઘણામાં ઘણું સુખ ભોગવવું એજ અમારૂં લક્ષ્ય છે અને સ્વાભાવિક રીતેજ અવળે રસ્તે ચઢી જઇને ધર્મ, દયા આદિ સત્ય માર્ગનો તિરસ્કાર કરીને નિરંતર પોતાની પુષ્ટિની, પોતાના ભોગનાં સાધનોની વૃદ્ધિ કરવાની ધૂનમાં જેઓ મસ્ત છે, જેઓ ધન, સ્ત્રી, પુત્ર, પ્રતિષ્ઠા, લાગવગ, સત્તા વગેરે વડે પોતાને સમૃદ્ધ અને પુષ્ટ કરતા જાય છે એવા ‘ अरि ’ નામના સ્વાર્થી લોકોના જીવનમાં પણ એક એવો સમય આવીને ઉભો રહે છે કે તેમણે પોતાના સાંસારિક ઉપભોગનો રચેલો આખો મહેલજ કોણ જાણે કેવી રીતે અચાનક તૂટી પડીને તેના ભુક્કા થઇ જાય છે ! તેમના જીવનમાં એક જબ્બર ધરતીકંપના જેવો આંચકો લાગે છે, તેમને એક એવો પ્રચંડ ધક્કો લાગે છે કે તેમણે આખી જિંદગીમાં એકઠી કરેલી

તમામ ભૌતિક પુષ્ટિ એક ક્ષણવારમાંજ માટીમાં મળી જાય છે, તેમનો તમામ ઠાઠમાઠ ક્યાંનો ક્યાં ઉડી જાય છે ! એવે વખતે ઘણી વાર તેમનું અભિમાન ઓગળી જાય છે, અને તેઓ નમ્ર બની જાય છે. અહો ! તેમને લાગેલો એ ધક્કો પણ કલ્યાણકારી છે ! તેમનો સર્વનાશ થયો તે પણ પરિણામે કલ્યાણકારી છે; કારણ કે તેના વડે તેઓ નમ્ર બની ગયા, તેમનું અભિમાનનું પડ ખરી પડ્યું. જેમને એવા કલ્યાણકારી ધક્કા લાગ્યા હોય તેઓને ધન્ય છે, તેઓ ભાગ્યવંત છે; કેમકે એવી ક્ષણો તો પ્રભુનાં દર્શન પામવાની ધન્ય ક્ષણો છે. હે મનુષ્યો ! ઈશ્વર કાંઇ એવો પદાર્થ નથી કે જેને તમારી સ્થૂળ આંખો વડે જોઇ શકો; તેને તો શ્રદ્ધાની આંખો વડે જુઓ તોજ દેખાય. જેની ઇચ્છા વડે માણસની ઘડેલી ભારે ભારે યોજનાઓ એક પલકમાં ધૂળધાણી થઇ જાય છે, જે કાંઇનું કાંઇ કરી નાખે છે, તેને જરાક જુઓ, નમ્ર થઇને જુઓ; તેજ પરમેશ્વર છે. આ સંસારના ભારેમાં ભારે ભોગદાયક પદાર્થોનાં સુખ આપણે ભોગવીએ છીએ તે તેનાં છે, અને તેનાં આપેલાં આપણે ભોગવીએ છીએ. એ પરમ ઐશ્વર્યયુક્ત ઇન્દ્રને શ્રદ્ધાપૂર્વક જુઓ. હમણાં ઉપર કહી તેવી નમ્રતા ભરેલી અવસ્થા ધારણ કરીને હૃદયમાં સત્યની ધારણા કરનારી એક શક્તિ છે, જેને શ્રદ્ધા કહે છે, તેના વડે જુઓ. આપણાં પાપોને સુધારનાર તેજ છે; આપણો વિનાશ કરનારી આપણી *અસ્વસ્થ્યકરી પુષ્ટિને તોડી પાડનાર પણ તેજ છે. એવી રીતે આપણું કલ્યાણ કરનાર પણ તેજ છે. ઓ મનુષ્યો ! તેના ઉપર શ્રદ્ધા રાખો. અરે ! તમે તેના ઉપર શ્રદ્ધા રાખો.

શબ્દાર્થ

(यं) જે **(घोरं)** અદ્ભુત ભયંકર વસ્તુને વિષે **(पृच्छन्ति स्म)** લોકો પ્રશ્ન પૂછ્યા કરે છે કે **(कुह स इति)** “ તે ક્યાં છે ?” **(उत ईं एनं)** અને જેના વિષયમાં **(आहुः)** ઘણા લોકો કહે છે કે **(न एष अस्ति इति)** “ તે છેજ નહિ ” **(स)** તે **(अर्यः)** અરિની, અવળે રસ્તે જનાર સ્વાર્થી પુરુષની **(पुष्टीः)** પુષ્ટિને, તમામ સાંસારિક સમૃદ્ધિને **(विज इव)** ધરતીકંપની માફક **(आमिनाति)** વિનષ્ટ કરી દે છે. **(जनासः)** હે મનુષ્યો ! **(अस्मै श्रत् धत्त)** તે પરમેશ્વરના ઉપર શ્રદ્ધા રાખો. **(स इन्द्रः)** તેજ પરમ ઐશ્વર્યવાન પરમેશ્વર છે.

---

* ‘અનહેલ્થી ડેવેલપમેન્ટ’–જે સાચી પુષ્ટિ નહિ પણ રોગી માણસની પુષ્ટિ છે.—**મૂળલેખક**

२६ ज्येष्ठ

इन्द्रं मित्रं वरुणमग्निमाहुः, अथो दिव्यः स सुपर्णो गरुत्मान् ।
एकं सद् विप्रा बहुधा वदन्ति, अग्निं यमं मातरिश्वानमाहुः ॥
(ऋ. १-१६४-४६ ॥ अथर्व० ९-१०-२८)

વિનય

હે મનુષ્યો ! આ આખા સંસારમાં પરમાત્મા તો એકજ છે. આપણો, સૌ માણસમાત્રનો તે એકજ પ્રભુ છે. ભલેને આપણે ગમે તે ધર્મના, સંપ્રદાયના અથવા પંથના અનુયાયી હોઇએ, કોઇ પણ મતને માનતા હોઇએ તોપણ આપણો સૌનો, તમામ મનુષ્યોનો ઈશ્વર તો એકજ છે. જુદા જુદા દેશના લોકો, જુદા જુદા સંપ્રદાયના લોકો તેને જુદાં જુદાં નામથી બોલાવે છે, પણ તે છે તો એકજ. જે માણસ જે દેશમાં જન્મ્યો હોય, જે ધર્મના વાતાવરણમાં રહીને ઉછર્યો હોય, તે માણસને તેના દેશમાં અને ધર્મ અથવા સંપ્રદાયમાં પ્રચલિત થએલું ઈશ્વરનું નામ ઝટ મોઢે ચઢી જાય છે અને તે નામથી ઈશ્વરને બોલાવવાનો તેને અભ્યાસ પડી જાય છે. પરંતુ તેને ગમે તે નામથી બોલાવો તોપણ તે જે છે તે છેજ; તે એકનો એકજ છે. કોઇ તેને 'રામ' કહે છે, કોઇ 'શિવ' કહે છે, કોઇ 'અલ્લાહ' કહે છે, કોઇ 'લૉર્ડ' કહે છે. પણ તે છે તો એકજ. 'विप्रो'એ–જ્ઞાની તત્ત્વદર્શી પુરુષોએ–પ્રભુના જે રૂપનું દર્શન કર્યું અથવા તેના અનંત ગુણોમાંથી જે એકાદ ગુણનો વિશેષ અનુભવ કર્યો, તે રૂપ અથવા તે ગુણનો વાચક શબ્દ જે તેમની ભાષામાંથી મળી આવ્યો તે શબ્દ વડે તેઓ પ્રભુને બોલાવવા લાગ્યા; અને એવાં નામોનો તે તે સમાજમાં તથા સંપ્રદાયોમાં પ્રચાર થયો તે પણ તે વિપ્રો અથવા ઋષિઓ દ્વારાજ. વળી કોઇ વિપ્રે પોતાના ગુરુને મોઢેથી 'ॐ' અથવા 'નારાયણ'

એવો નામોચ્ચાર સાંભળીને તેઓ ઈશ્વરને તે તે નામથી બોલાવતા થયા; કોઈ પોતાના દેશના મહાત્માઓ અથવા પોતાના દેશમાં પ્રચલિત સદ્ગ્રંથોની મારફતે ઈશ્વરને 'ખુદા' અથવા 'રહીમ' કહેતાં શીખ્યા, પરંતુ તે ઈશ્વર તો એકનો એકજ છે.

આપણે સામ્પ્રદાયિક લોકોએ દુનિયામાં ઘણોજ ભારે ઉપદ્રવ મચાવી મૂકયો છે અને ખુબી તો એ છે કે, માણસ માણસની વચ્ચે જેટલી લડાઇઓ, ટંટાઓ, હુલ્લડો થાય છે તે બધાજ પોતપોતાના ધર્મને ખાતર–પોતપોતાના પ્રભુના નામની ખાતર થયાં કહેવાય છે. આપણા દેશમાં શૈવો અને વૈષ્ણવોની વચ્ચે લડાઇઓ થઇ છે. હિન્દુઓ અને મુસલમાનોએ લડી લડીને એકબીજાનાં લોહી રેડયાં છે, યહૂદીઓ અને ખ્રિસ્તીઓનાં યુદ્ધો થયાં છે. આ બધાનું કારણ શું ? '**एकं सत् विप्रा बहुधा वदन्ति**' એ મહાવાકયને ભૂલી જવાથીજ આ બધા કલહ ઉત્પન્ન થયા છે. ઈશ્વર તો એકજ છે; પણ જ્ઞાની લોકોએ પોતપોતાના જુદા જુદા અનુભવો અનુસાર તેને જુદાં જુદાં નામ આપ્યાં છે. તેને કોઇએ "**इन्द्र**" કહ્યો કારણ કે તે ઈશ્વર છે–ઐશ્વર્યયુક્ત છે; તે મૃત્યુથી સૌનું રક્ષણ કરે છે માટે તેને બીજા કોઇએ "**मित्र**" કહ્યો; તે પાપનિવારક છે તેટલા માટે તેને "**वरुण**" નામ આપ્યું; તે પ્રકાશક છે માટે તેને "**अग्नि**" પણ કહ્યો છે. એ પ્રમાણે વેદના મંત્રોમાં તેને ભિન્ન ભિન્ન નામો વડે સંબોધ્યો છે, પણ તે છતાં એ બધાંજ નામ એકજ ઈશ્વરને લાગુ પડે છે. એજ પ્રમાણે વેદના મંત્રોમાં કોઇ કોઇ જગ્યાએ "**दिव्य, सुपर्ण**" (રૂડી પાંખોવાળો અથવા સુંદર રીતે ઉડનાર), '**गरुत्मान्**' (ગુરુઆત્મા), '**अग्नि**' '**यम**' (નિયન્તા), '**मातरिश्वा**' (અંતરિક્ષમાં શ્વસન કરનાર) વગેરે ભિન્ન ભિન્ન દેવ–નામો વડે તે એકજ પ્રભુની સ્તુતિ કરી છે. પોતાના દેવળમાં સાચો ખ્રિસ્તી ભક્ત જે ઈશ્વરની ઉપાસના કરે છે, પોતાની મસ્જિદમાં ભક્તિભાવપૂર્વક નીચો–ઉંચો થઇને, ઘૂંટણીએ પડીને મુસલમાન ભક્ત જે પ્રભુની પ્રાર્થના કરે

છે, તેજ ઈશ્વરનું ભજન આર્યસમાજી ભાઇ પોતાના સમાજમંદિરમાં બેસીને કરે છે. જે હિન્દુના ‘સવિતા’ ને અને મુસલમાનના ‘ખુદા’ ને જુદો માને છે, તે હિન્દુ સાચો (જ્ઞાની) હિન્દુ નથી અને તે મુસલમાન સાચો (જ્ઞાની) મુસલમાન નથી. જ્ઞાની પુરુષો તે એક અદ્વિતીય પરમાત્માને ભિન્ન ભિન્ન નામોથી બોલાવે છે તે ઉપરથી અજ્ઞાની લોકોએ તેનાં જુદાં જુદાં નામોને લીધે તેને જુદો માન્યો અને જુદા જુદા ધર્મના જુદા જુદા ઈશ્વર બનાવી દીધા. માટે ‘તે એક છે’ ‘તે એક છે’, એવો જે વેદ આદેશ કરે છે તેને કાને ધરો. વેદ કહે છે: ‘एकं सत्’ ।

શબ્દાર્થ

(विप्राः) જ્ઞાની પુરુષો **(एकं सत्)** જે એકજ છે તેને **(बहुधा वदन्ति)** અનેક રીતે બોલાવે છે. તે એકનેજ **(इन्द्रं, मित्रं, वरुणं, अग्निं आहुः)** ઇન્દ્ર, મિત્ર, વરુણ, અગ્નિ, એવાં નામો આપે છે, **(अथो स दिव्यः सुपर्णः गरुत्मान्)** વળી તેને દિવ્ય, સુપર્ણ, ગરુત્માન્ પણ કહે છે, **(अग्निं, यमं, मातरिश्वानं आहुः)** તે એકનેજ અગ્નિ, યમ અને માતરિશ્વા કહે છે.

२७ ज्येष्ठ

यो जागार तमृचः कामयन्ते, यो जागार तमु सामानि यन्ति ।
यो जागार तमयं सोम आह, तवाहमस्मि सख्ये न्योकाः ॥
(ऋ. ५-४४-१४। सा. उ. ९-२-५)

વિનય

સંસારમાં જો કોઈ પરિપૂર્ણ રીતે જાગૃત હોય તો તે એકજ છે; તે અગ્નિ છે, તે પરમાત્મા છે. તે સર્વથા અનિદ્ર (નિદ્રારહિત) છે. તે ત્રણે કાળમાં સદા જાગૃત છે. તેનામાં તમોગુણની (અજ્ઞાન અને આળસની) છાયા સરખી નથી, જરા જેટલો સ્પર્શ પણ નથી. એટલા માટેજ વેદની ઋચાઓ, સંસારભરના ધર્મોની પ્રાર્થનાઓ તેને અનુલક્ષીને ગવાઇ છે, તેના એકલા તરફજ દૃષ્ટિ રાખીને રચાઇ છે. વેદની તમામ સામોનો (સામ=સ્તુતિ), મનુષ્યોએ રચેલાં અથવા ગાએલાં યશોગીતોનો, તમામ પ્રકારની પ્રાર્થનાઓ, સ્તુતિઓ અને ભજનોનો એક માત્ર વિષય તે પરમ–જાગૃત દેવજ છે. અરે ! જુઓ ! જુઓ આ આખો ભોગ્ય સંસાર–ભોગવવા લાયક થએલું સોમરૂપ બ્રહ્માંડ–તે સદા જાગૃત અગ્નિદેવના ચરણો આગળ ઢળી પડીને કહે છે કે “ હું તારૂં છું, તારા આધાર વડેજ મારૂં અસ્તિત્વ છે, તારી મિત્રતામાંજ મારો નિવાસ છે, તારાથી અળગું થાઉં તો મારે માટે ઉભા રહેવાનું કોઇ ઠામ ઠેકાણુંજ નથી.”

એજ પ્રમાણે આપણે મનુષ્યો આપણા તરફથી થઇ શકે તેટલો પૂરેપુરો પ્રયત્ન કરીને સદા જાગૃત રહીએ, હમેશાં સાવધાન અને કર્તવ્ય બજાવવાને તત્પર રહીએ, તમોગુણને મારી હઠાવીને હમેશાં ચૈતન્યયુક્ત અને અતંદ્ર રહીએ, કદી પણ આળસને તાબે ન થતાં આપણાં કર્તવ્ય તે ને તેજ ક્ષણે કરી નાખવાને માટે તૈયાર ને તૈયારજ રહીએ, સદા ઉદ્યત રહીએ, કદી પણ પ્રમાદ ન કરીએ–વગર ભૂલે પોતપોતાનાં કર્તવ્યો યથાવત્ કરવાને ટેવાઇ જઇએ, તો આપણે પણ તેટલા પ્રમાણમાં ‘अग्नि’ રૂપ બની જઇશું અને એવી રીતે જાગૃત થએલા આપણે તેટલા પ્રમાણમાં સૌની સ્તુતિને પાત્ર થઇશું; સૌનાં યશોગાનના અધિકારી

થઇશું. વળી અગ્નિ અને સોમની વચ્ચે ભોક્તા અને ભોગ્યનો સંબંધ હોવાથી આપણી જાગૃત દશાના પ્રમાણમાં સંસારના તમામ ભોગ્ય પદાર્થો આપણી આગળ હાથ જોડીને ઉભા રહેશે અને કહેશે કે "અમે તમારા છીએ."

પણ વાસ્તવિક રીતે ભોક્તા થવું એ કાંઇ રમત નથી. સંસારના વિષયી લોકો ભોગોના ભોક્તા થવાને બદલે ભોગોજ તેમના ભોક્તા બની જાય છે; તેઓ ભોક્તા ન થતાં પોતેજ ભોગ્ય બની જાય છે. પરંતુ ઐશ્વર્ય, સુખ, ભોગવિલાસ, વગેરે જેમની પાછળ આખો સંસાર ગાંડો બનીને દોડતો ફરે છે અને છતાં કોઈ તેને પ્રાપ્ત કરી શકતું નથી, તે ઐશ્વર્ય ઇત્યાદિ (સોમ) જાગૃત પુરુષની આગળ હાથ જોડીને, તેનાં દાસ બનીને, તેનું શરણ લેવાને આજીજી કરતાં ઉભાં રહે છે. જેણે અગ્નિપણાની પ્રાપ્તિ કરી છે, અગ્નિદેવના ગુણનો જેનામાં ઉદય થયો છે, તેની આગળ તો આખા સંસારના તમામ ભોગ્ય પદાર્થો તેની મૈત્રીની ભિક્ષા માગતા, તેની સેવા કરવાને સદા તૈયાર થઇને, તેનું હિત સાધવાને માટે આતુર બનીને પોતપોતાના મુકરર સ્થાનમાં આવીને ઉભાજ રહ્યા હોય છે; એ પદાર્થોના ઉપર તેનું પ્રભુત્વ એવું સ્થાપિત થઇ ચૂકેલું હોય છે કે, તેની ઇચ્છા ન હોય તોપણ બધુંજ તેની આગળ આવી આવીને ખડું થઇ જાય છે. માટે હે મનુષ્યો! જાગૃત થાઓ, જાગૃત થાઓ અને સર્વદા જાગૃત રહો. તામસિકતાનો ત્યાગ કરો અને આળસરહિત જીવન ગાળવાનો અભ્યાસ પાડો. યાદ રાખો, આ સંસાર આળસુઓને માટે નથી, નિરુદ્યમીને માટે નથી, ઉંઘણસીને માટે નથી. પરંતુ જાગૃત લોકોને માટે છે. સ્તુતિ, લોકપ્રિયતા, યશ, ભોક્તૃત્વ એ બધું જાગૃત રહેનારા લોકોજ પ્રાપ્ત કરી શકે છે.

શબ્દાર્થ

(यः जागार) જે જાગતો રહે છે **(तं)** તેને **(ऋचः)** ઋચાઓ, સ્તુતિઓ, **(कामयन्ते)** ચાહે છે. **(यः जागारः)** જે જાગતો રહે છે **(तं उ)** તેનેજ **(सामानि)** સામ, સ્તુતિગાન **(यन्ति)** પ્રાપ્ત થાય છે અને **(यः जागार)** જે જાગતો રહે છે **(तं)** તેને, તેની આગળ આવીને **(अयं)** આ **(सोमः)** સોમ, ભોગ્ય સંસાર **(आह)** કહે છે કે **(तव अहं अस्मि)** હું તારો છું **(सख्ये न्योकाः)** તારી મૈત્રીમાંજ મારો નિવાસ છે, તારા સખ્યને માટે હું હમેશાં મારા મુકરર સ્થાન ઉપર હાજર રહું છું.

२८ ज्येष्ठ

ये भक्षयन्तो न वसुन्यानृधुः, यानग्नयो अन्वतप्यन्त धिष्णयाः ।
या तेषामवया दुरिष्टिः स्विष्टिं, न स्तां कृणवद् विश्वकर्मा ॥
(अथर्व० २-३५-१)

વિનય

આ સંસારમાં ભોગને ભોગવનારા મનુષ્યોનું સાથે સાથે એવું પણ એક કર્તવ્ય છે કે, ભોગથી ક્ષીણ થઇ જનારા ઐશ્વર્યમાં દહાડે દહાડે ઓછી થઇ જતી જગતની સંપત્તિમાં પોતાના તરફથી કાંઇક ઉત્પાદક કામ કરીને ઉમેરો કરતા જવું. જેઓ અન્ન ખાય છે તેમની ફરજ છે કે, નવા અન્નને ઉત્પન્ન કરવામાં કાંઇ ને કાંઇ ફાળો અવશ્ય આપવોજ; એનું નામજ સાચો યજ્ઞ. જે લોકો ઉપર કહ્યું તેવું યજ્ઞકર્મ નથી કરતા, માત્ર બીજાનું પેદા કરેલું અન્ન ખાયાજ કરે છે, તેમને પરમાત્માના અગ્નિની જવાલા બાળવા માંડે છે, તેમને નાના પ્રકારનાં દુઃખોનો તાપ વેઠવો પડે છે. પરમાત્માએ આ જગતમાં સ્થાપિત કરેલા અગ્નિઓ, જેઓ આપણે માટે, મનુષ્યોને માટે ભોગ્ય ઐશ્વર્યો ઉત્પન્ન કર્યા કરે છે, તેમને નવી આહુતિઓ દઇને સતેજ નહિ રાખીએ, ભોગ ભોગવ્યા પછી બીજા નવા ભોગ્ય પદાર્થોને ઉત્પન્ન કરવાના કામમાં સહાયતા નહિ આપીએ, જ્યાંથી ભોગ્ય પદાર્થ ગ્રહણ કર્યો ત્યાં નવું કર્મ કરીને પદાર્થની ઉત્પત્તિમાં મદદ નહિ કરીએ તો તે અગ્નિ આપણને બાળવા લાગશે. આ સંસારમાં દુઃખની ઉત્પત્તિનું ખરૂં ઉંડું કારણ આજ છે. થોડા બેઠાખાઉ લોકો બાકીના બીજા બધા માણસોની સામટી મહેનતનું ફળ ખાઇ જાય છે તેથી તેઓ પોતે દુઃખી થાય છે અને બીજાઓને પણ દુઃખી કરે છે. ભોગની સાથે યજ્ઞ–ઉત્પાદક કર્મ–સદા જોડાએલુંજ છે. મનુષ્યસમાજનો વ્યવહાર એ રીતેજ ચાલી રહ્યો છે. મનુ-

ષ્યો પરસ્પર સહકારપૂર્વક ઉદ્યમ કરીને ભોગ્ય વસ્તુઓના જથ્થામાં વૃદ્ધિ કરે છે અને તેમાંથી ભોગવતા પણ જાય છે. પણ માનવસમાજમાં કેટલાક લોકો એવા એકલપેટા છે કે જેમને ભોગ તો ભોગવવા છે, પણ યજ્ઞ-કર્મ નથી કરવું-પરિશ્રમ નથી કરવો-બીજાઓ પાસે મહેનત કરાવીને તેનું પેદા કરેલું પોતે એકલાં એકલાં ખાયા કરવું છે. આવા લોકોની 'દુરિષ્ટિ' (દુષ્પ્રવૃત્તિ-દુષ્ટ યજન) દ્વારા માનવસમાજરૂપી યજ્ઞમાં ભંગાણ પડે છે. તેમની આવી દુષ્પ્રવૃત્તિનું પરિણામ એવું થાય છે કે, તેમાંથી તેમનું પતન થાય છે, તેમનું આત્મતેજ દબાઇ જાય છે. તેઓ સંસારચક્રને અવળી દિશામાં ફેરવવાનો યત્ન કરે છે તેથી કરીને તેમને સંસારનો તાપ વેઠવો પડે છે, તેમના ઉપર દુઃખ પણ આવી પડે છે. તેમને અંગત હાનિ થવા ઉપરાંત તેમના આવા આચરણથી મનુષ્યસમાજને પણ ખૂબ હાનિ પહોંચે છે. કારણ કે આવા બેઠાખાઉ લોકોના ભાગનો બોજો બીજા લોકોને સહન કરવો પડે છે. બીજાઓને પોતાના ભાગનું અને પેલા આળસુ બેઠાખાઉઓના ભાગનું બેવડું અન્ન પેદા કરવું પડે છે અથવા તેમ ન બને તો તેટલું થોડું ખાઇને નીભાવી લેવું પડે છે.* બેઠાખાઉ લોકોને માથે ઈશ્વર એટલા માટે કષ્ટ નાખે છે કે તેઓ સમજે, સાવધાન થાય અને પોતાની ભૂલ સુધારે; તેઓ સમજી જાય કે, અમારે મનુષ્યસમાજરૂપી યજ્ઞમાં મદદ કરવી જોઇએ, તેનામાં ભંગાણ પાડવું ન જોઇએ. માત્ર પોતે જાતેજ ભોગ ભોગવવાની દુષ્પ્રવૃત્તિ **(દુરિષ્ટિ)** ને બદલીને તેને **'સ્વિષ્ટિ'** (સુપ્રવૃત્તિ અથવા સુયજન)ના રૂપમાં ફેરવી નાખવી જોઇએ. અહાહા ! મનુષ્યસમાજ પૈકીના બધાજ લોકો આ સત્યને સમજતા થઇ જાય અને બધાજ પોતપોતાના યજ્ઞકર્મદ્વારા જગતના ઐશ્વર્યની વૃદ્ધિ કરવામાં પોતાના ભાગનો ફાળો આપતા થઇ જાય તો જગતના સુખમાં કાંઇ બાકી

---

* ચીની ભાષામાં એક કહેવત છે કે, જો એક જણ બેઠો બેઠો રોટલા ખાય તો તે બીજા એક જણને ભૂખે મારે છે. —**સેવાનંદ**

રહે! બધા લોકો સુખી સુખી થઈ જાય; કોઇને દુઃખ વેઠવું ન પડે, કોઇને પાછળથી પશ્ચાત્તાપ પણ કરવો ન પડે અને આખા સંસારની ક્રમશઃ ઉન્નતિજ થતી જાય.× અમે તો અખિલ વિશ્વના સર્જક વિશ્વકર્મા પ્રભુની પાસે એટલુંજ માગીએ છીએ કે, તે કૃપા કરીને સ્વાર્થી લોકોની 'દુરિષ્ટિ'ને ફેરવીને તેની 'સુરિષ્ટિ' કરી દે, તેમને દુષ્ટ યજન કરનારાઓની જગ્યાએ સુયોગ્ય—યથોચિત યજ્ઞ કરનારા બનાવી દે.

શબ્દાર્થ

મનુષ્યસમાજમાં **(ये)** જે લોકો **(भक्षयन्त:)** ખાય છે, નિરંતર ભોગ ભોગવ્યા કરે છે અને છતાં પણ **(वसूनि न आनृधुः)** ભોગ્ય ઐશ્વર્યોમાં વૃદ્ધિ નથી કરતા, જેટલું ખાય તેટલું નવું પેદા નથી કરતા અને તેથી કરીને **(यान्)** જેમને **(धिष्ण्या: अग्नय:)** (પરમાત્મા દ્વારા) જગતમાં સ્થાપિત કરાએલા પ્રાણાદિ અગ્નિઓ **(अनु अतप्यन्त)** ભોગ ભોગવી રહ્યા પછી તેમને સંતાપ આપે છે, બાળે છે, **(तेषां)** તેમની **(या अवया दुरिष्टि:)** જે નીચે ઉતારી પાડનાર આ દુષ્પ્રવૃત્તિ અથવા દુષ્ટ યજન છે **(तां)** તેને **(न:)** આપણે માટે **(विश्वकर्मा)** વિશ્વને ઉત્પન્ન કરનાર પરમેશ્વર **(स्विष्टिं)** સુપ્રવૃત્તિ અથવા સુયોગ્ય યજનના રૂપમાં **(कृणवत्)** કરી નાખે, ફેરવી નાખે.

× આ વેદમંત્રમાં સામ્યવાદ–સોશિયાલિઝમ–નું રહસ્ય બતાવી દીધું છે. જગતનાં તમામ દુઃખોનો નિકાલ કરવાની ચાવી આ એકજ સિદ્ધાંત ઉપર અવલંબે છે કે, કોઇ પણ માણસ સીધી યા આડકતરી રીતે ઉત્પાદક કામ ન કરે ત્યાંસુધી તેને રોટલો ખાવા ન મળે. એમ થાય તો બાવનલાખ બાવાઓ, વ્યાજખોર મારવાડીઓ, જમીનનાં ગણોત ખાનારા જમીનદારો, વકીલો, જોષીઓ અને એવા બીજા બેઠાખાઉઓનું શું થાય? —સેવાનંદ

२९ ज्येष्ठ

यज्ञस्य चक्षुः प्रभृतिर्मुखं च, वाचा श्रोत्रेण मनसा जुहोमि।
इमं यज्ञं विततं विश्वकर्मणा, देवा यन्तु सुमनस्यमानाः ॥
(अथर्व. २-३५-५)

વિનય

મારા જીવનયજ્ઞને પોષણ આપનારી મારી દર્શનશક્તિ છે. તેના વડે મને નિત્ય નવું નવું સત્ય જ્ઞાન મળતું રહે છે અને તેથી મારૂં મનુષ્યજીવન નિરંતર ઉન્નત ને ઉન્નત બનતું જાય છે. આ યજ્ઞનું સાધનભૂત મારૂં સ્થૂળ શરીર છે; મારા મુખ દ્વારા જે અન્ન હું ગ્રહણ કરૂં છું તેના વડે તે સ્થૂળ શરીરને પોષણ મળતું રહે છે. પણ મારૂં માનસિક પોષણ તેમજ મારૂં શારીરિક પોષણ મને મળે છે તે માત્ર યજ્ઞ કરવાને માટેજ મળે છે. આવી રીતે ઉન્નત બનેલા મન વડે, સુદૃઢ શરીર વડે તેમની નીરોગ ઇન્દ્રિયો વડે હું જે કાંઇ ક્રિયા કરૂં છું તે બધી ક્રિયાઓ એક પ્રકારનો હવનજ છે. હું વાણી વડે જે કાંઇ બોલું છું તે વાણીનો હવન છે. હું એવો એક શબ્દ પણ નથી બોલતો કે જેને હું ઈશ્વરને સાક્ષી રાખીને ન બોલતો હોઉં; અથવા જે બીજાઓને હિતકર ન હોય. એજ રીતે મારા કાન વડે હું જે કાંઇ સાંભળું છું તે ઈશ્વરને સમર્પિત કરેલી બુદ્ધિ વડે સાંભળું છું; જે શ્રેષ્ઠ હોય, જે પવિત્ર હોય તેટલુંજ સાંભળું છું, જે પરિણામે ભૂતમાત્રના હિતની વાત હોય તેજ હું મારે કાને સાંભળું છું. એજ પ્રમાણે મારા મનના એક એક વિચાર અને ચિંતનને સદા પવિત્ર અને નિર્વિકાર રાખીને તેમને હવનરૂપ બનાવી દેવાનો યત્ન કરતો રહું છું. વિશ્વકર્મા પ્રભુએ મને મનુષ્યજીવન આપ્યું છે તે માત્ર યજ્ઞરૂપ બનાવવાના ઉદ્દેશથીજ આપ્યું છે, એ વાતને હું મારા સ્મરણમાંથી જરા પણ ખસવા દેતો નથી. આ જીવનરૂપી યજ્ઞનો પ્રારંભ મારા પ્રભુને હાથે થયો છે અને તેજ તેને ચલાવી રહ્યો છે, એ વાતનું હું નિરંતર

ધ્યાન કરતો રહું છું. જે યજ્ઞસ્વરૂપ પરમાત્માએ આ આખા વિશ્વ-બ્રહ્માંડની રચના કરી છે, તેમણેજ મારા આ નાના સરખા જીવન-યજ્ઞને પણ સો વર્ષ સુધી ચાલુ ને ચાલુ રાખવાના શુભ ઉદ્દેશપૂર્વક જગતની વચમાં રાખ્યો છે એ વાતનું હું વિસ્મરણ થવા દેતો નથી. મારે હાથે થતા નાના મોટા પ્રત્યેક કાર્યને સંયમપૂર્ણ, પવિત્ર અને ત્યાગમય બનાવવાની મને સતત પ્રેરણા આપ્યા કરનાર આજ વિચાર છે. એટલા માટે હું સર્વદા સાવધાન, સચિંત અને જાગૃત રહું છું કે રખેને મારે હાથે કોઇ એવું અણઘટતું કાર્ય થઇ બેસે, કે જેથી વિશ્વકર્માએ પ્રવર્તાવેલો વિસ્તૃત અને પવિત્ર યજ્ઞ કોઇ રીતે ભ્રષ્ટ ન થાય. હે દેવો ! પ્રભુના સંસાર-યજ્ઞને ચલાવનારી દિવ્ય શક્તિઓ ! હું તમને સૌને વિનવું છું કે, તમે સૌ પ્રસન્ન મનથી મારા યજ્ઞને સહાયક થવા આવી પહોંચો અને તેને રોજ રોજ વધારે પવિત્ર અને યજ્ઞિય બનાવો. યજ્ઞ વખતે હાજર થવું અને તેમાં સહાયતા આપવી એ તો તમારૂં કામજ છે. માટે હે દિવ્ય ગુણો ! દિવ્ય શક્તિઓ ! તમે મારામાં પ્રવેશ કરો-પ્રસન્ન ચિત્તે પ્રવેશ કરો. મારા જીવનને યજ્ઞરૂપ બનાવવાની ઇચ્છાથી હું તમારૂં આવાહન કરૂં છું. માટે હે પવિત્ર યજ્ઞપ્રિય દેવભાવો ! તમે પ્રસન્નતાપૂર્વક મારામાં વાસો કરો. હું એટલું માગું છું કે, દેવોના તમામ ગુણ, તમામ દેવભાવ, તમામ દેવત્વ મારામાં આવી જાય, સ્વાભાવિક રીતે તેમનો મારામાં પ્રવેશ થાય અને મારામાં સદાને માટે ઘર કરીને રહે.

શબ્દાર્થ

(यज्ञस्य) મનુષ્યજીવનરૂપી યજ્ઞની **(प्रभृतिः)** પુષ્ટિનું, ભરણ-પોષણનું સાધન **(चक्षुः)** દર્શનશક્તિ છે **(मुखं च)** અને મોઢું પણ છે. **(वाचा श्रोत्रेण मनसा)** મારી વાણી વડે કાન વડે અને મન વડે **(जुहोमि)** હું હવનજ કરૂં છું. **(इमं यज्ञं)** આ મારો જીવન-યજ્ઞ **(विश्वकर्मणा)** જગતને પેદા કરનાર પરમાત્માએ **(विततं)** વિસ્તૃત કર્યો છે, તેમાં **(देवाः)** તમામ દેવતાઓ, દિવ્ય ભાવો **(सुमनस्यमानाः)** પ્રસન્ન થતા રહીને **(आ यन्तु)** આવી જાઓ.

३० ज्येष्ठ

इयं समित् पृथिवी द्यौ र्द्वितीया, उतान्तरिक्षं समिधा पृणाति।
ब्रह्मचारी समिधा मेखलया, श्रमेण लोकाँस्तपसा पिपर्त्ति॥
(अथर्व ११-५-४)

વિનય

આ સંસારને બ્રહ્મચર્યજ પાળે છે, પોષે છે અને પરિપૂર્ણ કરે છે. આ જગતને આધાર આપનાર બ્રહ્મચર્ય-રૂપી પરમ વીર્ય ન હોત તો તે કયારનુંય ખાલી ખોખું, દુર્બળ અને નિર્જીવ બની જઇને તેનો અંત આવી ગયો હોત. પોતાના શારીરિક વીર્યની, બ્રહ્મતેજની અને આત્મ-તેજ (આત્મિક વીર્ય)ની રક્ષા કરનારા સંયમી અને બ્રહ્મચારી લોકોજ ત્રણે લોકને નિરંતર જીવન અને તેજથી પરિપૂર્ણ કરીને નિભાવે છે. બ્રહ્મચારી પોતાનું શરીર, મન અને આત્મા (વિજ્ઞાનમય કોશ) એ ત્રણની ત્રેવડી સમિધાઓ બનાવીને તેમને બૃહત્ અગ્નિમાં (આચાર્યાગ્નિ અને પરમાત્માગ્નિમાં) હોમીને તેમને સમર્પણ કરી દે છે. એનું પરિણામ એ થાય છે કે, તેની એ ત્રણે સમિધાઓ પ્રદીપ્ત થઇ જાય છે–તેના શરીરમાં વીર્યનું તેજ ઝળકી નીકળે છે, તેનું મન બ્રહ્મતેજ વડે સમિદ્ધ બની જાય છે અને તેનો આત્મા આત્મતેજ વડે સૂર્યના જેવો જાજવલ્યમાન પ્રકાશપૂર્ણ થઇ જાય છે. પોતાના શરીરની સમિધા વડે તે આ સ્થૂળ પૃથ્વીના લોકને તૃપ્ત અને પરિપૂર્ણ કરે છે, પોતાના મનના પ્રકાશવડે અંતરિક્ષલોકને ભરી દે છે, અને આત્મપ્રકાશ વડે દ્યુલોકને અજવાળે છે. આ રીતે સંસારનો પ્રત્યેક સાચો બ્રહ્મચારી પોતાના સંચિત અને સુરક્ષિત ત્રેવડા તેજ (સમિધા) વડે ત્રણે લોકનું પરિપાલન કરતો રહે છે. આપણામાં એવો તે કોણજ હોય કે જેને આ

ત્રણે પ્રકારના તેજના રક્ષણની આવશ્યક્તાજ ન હોય ? એ ત્રણમાંથી કોઇ પણ એક તેજને ગુમાવીને કોઇ જીવિત રહી શકેજ કેવી રીતે ? માટે ચાલો ભાઇઓ ! આપણે પણ આજથી આપણી કેડે મેખલા (કંદોરો) કસીને અનવરત શ્રમ અને તપ કરવાને તૈયાર થઇ જઈએ અને યથાશક્તિ તપ તપીને આપણાં એ ત્રણે તેજને સુસમિદ્ધ બનાવી દઇએ. બ્રહ્મચારી જે ઘડીએ સમિદ્ધ થવાનું (ત્રણે ત્રણ સમિધાઓનું) વ્રત ધારણ કરે છે, તે ઘડીએ તે મેખલાની સાથે શ્રમ અને તપ કરવાનું પણ વ્રત લે છેજ.* મેખલા પહેરવાનો અર્થજ એ છે કે, તે હમેશાં કટિબદ્ધ રહે, શ્રમ અને તપ કરવાને સદા તૈયાર ને તૈયારજ રહે, સાવધાન રહે, આલસ્ય રહિત રહે, પ્રમાદ ન કરે, તન્દ્રાને વશ ન થાય. કારણ કે આળસ, પ્રમાદ, તંદ્રા, કામ વગર ખાલી નવરા બેસી રહેવાની ઇચ્છા, શિથિલતા, એ બ્રહ્મચારીના ભયંકર શત્રુઓ છે. આ રીતે ખૂબ શ્રમ કરવો, શરીર અને મનની પાસે ખૂબ કામ લઇને તેને થકવી નાખવું અને પછી વિશ્રાન્તિ લેવી એ બ્રહ્મચારીનો ધર્મ છે. હાડકાંના ખોટા, કામના ચોર, આરામ લેવાનુંજ ઇચ્છનારા મનુષ્યોના નશીબમાં બ્રહ્મચર્યનું સુખ છેજ નહિ. તપ કરવું, તમામ પ્રકારનાં દ્વંદ્વોને સહન કરવાં, ટાઢ તાપ, ભૂખ તરસ, સુખ દુઃખ, એ બધાંને પ્રસન્નતાપૂર્વક સહન કરી લેવાની ટેવ પાડવી એ બ્રહ્મચારીને માટે ત્રીજું-ઘણુંજ જરૂરનું વ્રત છે. કટિ-

---

* પ્રાચીન કાળમાં બ્રહ્મચારીએ હાથમાં ખાખરાનો દંડ અને કેડે મુંજ નામના ઘાસનો કંદોરો ધારણ કરવાનો રિવાજ હતો, તે તપ અને શ્રમયુક્ત જીવનની સંજ્ઞાઓ હતી. માથે પટીઆં પાડનારા, સીગારેટો ફૂંકનારા અને હરેક પ્રકારની મોજશોખની ચીજો વાપરનારા આજના કૉલેજોના વિદ્યાર્થીઓ પ્રાચીન બ્રહ્મચારીના આદર્શથી કેટલા નીચે ઉતરી પડયા છે, તેની કૉલેજોના સંચાલકોને તેમજ તે તે વિદ્યાર્થીઓનાં માબાપને પણ પરવા નથી. કારણ કે તેઓ બધાજ વિષયાધીન થઈ ગયા છે અને ભણવું એટલે વિષયભોગ કરવાનાં સાધન મેળવતા થવું એવું સમજી બેઠા છે. —**સેવાનંદ**

બદ્ધતા, શ્રમ અને તપ, એ ત્રણનું યથાયોગ્ય પાલન થાય તોજ બ્રહ્મચારીની અંદર ત્રિવિધ તેજનું (વીર્યનું) રક્ષણ થઇ શકે; અને એ ત્રણનું અનવરત અનુષ્ઠાન કરતો રહે તોજ તે બ્રહ્મચારી પોતાના ઉપરોક્ત તેજનો ઉપયોગ કરીને લોકોનું (ત્રિવિધ સંસારનું અને સંસારના લોકોનું) પાલન–પોષણ અને પૂરણ કરવા સમર્થ થાય. આ વ્રતોના પાલનમાં બ્રહ્મચર્યના અપાર મહિમાનું રહસ્ય રહેલું છે.

શબ્દાર્થ

(**इयं समित्**) આ પહેલી સમિધા (**पृथिवी**) પાર્થિવ જગતની, (**द्वितीया**) બીજી સમિધા (**द्यौः**) દ્યુલોકની, આત્મિક જગતની, (**उत**) અને તે (**समिधा**) તેની ત્રીજી સમિધા વડે (**अन्तरिक्ष**) વચલા મનોમય અંતરિક્ષ લોકને (**पृणाति**) પૂર્ણ કરે છે. આ રીતે (**ब्रह्मचारी**) બ્રહ્મચારી (**समिधा**) સમિધા વડે-ત્રિવિધ તેજ વડે (**मेखलया**) મેખલા વડે, કટિબદ્ધતા વડે (**श्रमेण**) શ્રમ વડે અને (**तपसा**) તપ વડે (**लोकान्**) ત્રણે લોકને સંસારના તમામ લોકોને (**पिपर्त्ति**) પાળે છે, પોષે છે અને પૂર્ણ કરે છે.

૩૧ જ્યેષ્ઠ

य आत्मदा बलदा यस्य विश्व, उपासते प्रशिषं यस्य देवाः ।
यस्य च्छायाऽमृतं यस्य मृत्युः, कस्मै देवाय हविषा विधेम ॥
(ऋ० १०-१२१-२। यजु० २५-३२। अथर्व० ४-२-१)

વિનય

ચાલો, આજે આપણે આપણું સર્વસ્વ સમર્પણ કરીને પણ તે સુખસ્વરૂપ દેવનું પૂજન કરીએ, જે આપણને આપણા આત્મસ્વરૂપનું દાન દે છે. આપણે આપણી જાતનેજ, આપણા સાચા સ્વરૂપને (આત્માને) ભૂલી જઇને અવળે રસ્તે અથડાતા ફરીએ છીએ. એ દેવ આપણને આપણી પોતાની જાતની પ્રાપ્તિ કરાવી દે છે. આપણને બળ આપનાર પણ તેજ છે. આપણા ખરા સ્વરૂપને ભૂલી જવાથી આત્મશક્તિહીન થએલા આપણા સરખા લોકોના ઉપર કરુણા લાવીને તેમને શક્તિ પણ પ્રદાન કરે છે. પછીથી જ્યારે આપણે તેની આપેલી તમામ શક્તિઓના ભંડારનો કાંઇક સ્વાનુભવ કરતા થઇએ છીએ ત્યારે આપણને સમજાઇ જાય છે કે, આખું વિશ્વ તે એકલાનેજ આધારે રહ્યું છે, તમામ પ્રાણીઓને જે જોઇએ તે બધું તેજ આપી રહ્યો છે અને પ્રાણીમાત્ર તેનાજ પ્રકૃષ્ટ શાસનની મર્યાદામાં રહીને જીવે છે. કોઇ જ્ઞાનપૂર્વક અને કોઇ અજાણતાં પણ સૌ કોઈ એનોજ આશ્રય લઇને જીવે છે. એના પરિપૂર્ણ શાસનનું કોઈથી ઉલ્લંઘન થઇ શકતુંજ નથી. એના ઘડેલા નિયમો પણ અટલ છે. આ સંસારમાં જે જે બળવાન શક્તિઓ (દેવતાઓ) કાર્ય કરતી દેખાય છે, તે બધી તેની આજ્ઞામાં રહીનેજ પોતપોતાનાં કાર્યો કરે છે. તેની પ્રેરણાથી પ્રેરિત થઇને પૃથ્વી, સૂર્ય, અગ્નિ, વાયુ વગેરે દેવો પોતપોતાનાં મહાન કાર્ય યથાનિયમ કરતા રહે છે. ઋષિઓ તો જુએ છે કે, મૃત્યુને પણ તેની ધાક લાગે છે ને હમેશાં તેની આજ્ઞામાં રહીને બધે દોડતું ફરે છે. મૃત્યુની કાંઈ જેવી તેવી શક્તિ છે! તેનાથી આખો સંસાર ભય પામે છે. જગતમાં જ્યાં જ્યાં સુખભોગ છે, ત્યાં ત્યાં તે સુખભોગને ક્ષણિક બનાવી દેનાર દુઃખ અને સંતાપ પણ જગતમાં ક્યાં નથી! અને

જન્મ ધારણ કરનાર કોઇ પણ એવો મનુષ્ય નથી કે જેને જ્યારે ત્યારે એક વાર મૃત્યુ ઝડપી ન લે. જુઓ, જુઓ, આ 'રામચક્કી' રાતદિવસ ફરતી ને ફરતીજ રહે છે અને એમાં સૌ પીસાય છે, દળાય છે અને નષ્ટ થઇ જાય છે. એવા મૃત્યુના ભયાનક કાળચક્રને ચલાવનાર ઇજનેર તેજ પરમાત્મા છે. આખો સંસાર નાના પ્રકારનાં દુઃખોથી સંતપ્ત થતો અને મોતથી નાશ પામતો એ ચક્રની અંદર દળાતો જાય છે. અરે મનુષ્યો ! જો આ વિકરાળ મોઢાવાળી, ભયંકર આકૃતિવાળી મૃત્યુદેવીથી ગભરાઇ ચૂકયા હો તો પ્રભુને શરણે જાઓ અને જુઓ કે શું થાય છે ! આશ્ચર્યની વાત તો તમે પ્રભુનું શરણ લેશો ત્યારેજ જોશો કે એજ મૃત્યુ તત્કાળ અમૃત બનીને ઉભું રહે છે ! એ પ્રભુની મંગળમય છાયાની નીચે જઇને જ્યાં તમે ઉભા રહ્યા એટલે તમારે માટે દુઃખ, શોક, સંતાપ, એમાંનું કાંઇ હોયજ નહિ. તે વખતે 'મૃત્યુ' મૃત્યુ નહિ રહે. તે પ્રભુ આપણને આપણું આત્મસ્વરૂપ આપીને એક ક્ષણમાં અમર બનાવી દે છે. માટે ચાલો, એવું આત્મસ્વરૂપ આપનાર દેવને શરણે જઇને આપણે અમર થઇ જઇએ, તેની પાસે બળની યાચના કરીએ, કે જેથી આપણે સર્વદા તેની છાયામાં રહીને સુખમાં જીવન વ્યતીત કરીએ અને કૃતકાર્ય બની જઇએ. આવો, આવો, જેને જેને આપણે આપણું પોતાનું માની લીધું છે તે બધાનો હવિ તેને અર્પણ કરીને તે સુખસ્વરૂપ દેવની પ્રાપ્તિ કરીએ અને એવી યજ્ઞમય ભક્તિ દ્વારા તે પ્રભુની નિરંતર સેવા કરતા રહીએ.

શબ્દાર્થ

(यः आत्मदाः) જે આત્મસ્વરૂપને આપનાર અને **(बलदाः)** શક્તિને આપનાર છે **(यस्य विश्व उपासते)** આખું વિશ્વ જેની ઉપાસના કરે છે અને **(यस्य देवाः प्रशिषं [उपासते])** દેવો જેના પ્રશાસનના આશ્રિત છે–જેની સર્વશ્રેષ્ઠ આજ્ઞામાં રહીને કાર્ય કરે છે **(यस्य छाया अमृतं)** જેને શરણે જવું અથવા જેનો આશ્રય લેવો એટલે અમર થવા બરાબર છે અને **(यस्य मृत्युः)** જેનું [જેનાથી અળગા થવું એટલેજ] મૃત્યુ છે **(कस्मै देवाय)** તે 'ક' [ક=સુખસ્વરૂપ] દેવનું આપણે **(हविषा विधेम)** આત્મત્યાગરૂપી હવન દ્વારા પૂજન કરીએ છીએ.

સાવધાન રહે, રખેને કોઈ

मा वः स्तेन ईशत माघशंसः

(यजुर्वेद १–१)

ચોરી છૂપીને ધન લૂંટનારા અને પાપોનો
ફેલાવો કરનારા તારા ઉપર અધિકાર
ન જમાવી દે.

आषाढ मास

આષાઢ માસ (મિથુનરાશિ) માટે

प्राणदायक व्यायाम

છાતી, જઠર અને પેટને સ્વસ્થ તથા બળવાન બનાવનારી કસરતો

(૧)

અગાઉની કસરતમાં બતાવેલી રીત મુજબ સીધા ઉભા રહો. પછી તમારા હાથ છાતીની સામી બાજુએ એવી રીતે લાંબા કરો, કે જેથી હાથ ખભાની સાથે કાટખૂણો કરે અને એક બીજાની સમરેખામાં આવી જાય. હાથની હથેળીઓ જમીન તરફ રહેવી જોઇએ. મુઠ્ઠીઓને જોરથી દબાવવી અને આખા શરીરની તમામ માંસપેશીઓને યથાશક્તિ તંગ કરવી.

આટલી તૈયારી કર્યા પછી પેટ સુધી પહોંચે એવો એક ઉંડો શ્વાસ લેવો, અને શ્વાસ લેતા હો તેટલા વખતમાં બેઉ હાથને ધીરે ધીરે એટલા અને એવી રીતે વાળવા કે હાથની મુઠ્ઠીઓ ઉપરની બાજુ તરફ આવી જાય. પછી પેટને અંદરથી જરાક સંકોચી લઇને શ્વાસને ધીરે ધીરે છોડતા જવું અને તેમ કરતી વખતે ઉપર લીધેલા હાથને ધીરે ધીરે એવી રીતે નીચે લાવવા, કે જેથી કરીને તે પહેલાંની સ્થિતિમાં આવી જાય—અર્થાત્ હાથની મુઠ્ઠીઓ નીચેની બાજુ તરફ આવી જાય. આ બધી ક્રિયા ચાલે તેટલો વખત આખા શરીરની માંસપેશીઓ ખૂબ ખેંચાયેલી અને તંગ રહેવી જોઇએ. ત્યારપછી શરીરને થોડી વાર સુધી શિથિલ કરવું અને વળી પાછી એની એ કસરત થાય તેટલી વાર કર્યા કરવી.

આ મહિનાને માટે લાભદાયક એક બીજી કસરત નીચે પ્રમાણે છેઃ—

(૨)

અગાઉ બતાવેલી રીત પ્રમાણે ઉભા રહ્યા પછી કેડની ઉપરના ભાગને એવી રીતે નીચે નમાવતા જવો કે તે ભાગ અને પગ કાટખૂણે આવી જાય અને હાથ નીચે લટકતા રહે. પછી કેડની નીચેના ભાગની સ્થિતિમાં જરા પણ ફેરફાર કર્યા વગર ફક્ત બેઉ હાથને એવી રીતે ઉપર લઇ જવા કે બેઉ હાથનો પાછળનો ભાગ ખભાની સાથે મળી જાય. આ હાલતમાં હાથની મુઠ્ઠીઓ ખૂબ તંગ રહે. શરીરની બીજી માંસપેશીઓ ભલે શિથિલ હોય તો તેથી હરકત નથી. જ્યારે હાથ ઉપરની દિશા તરફ જતા હોય તેટલો વખત એક દીર્ઘ શ્વાસ લેવો અને હાથ નીચેની બાજુ તરફ આવતા હોય તેટલા વખતમાં અંદર લીધેલા શ્વાસને ધીરે ધીરે બહાર કાઢતા જવું.

ત્યાર પછી શરીરને શિથિલ કરીને થોડીક વાર આરામ લેવો અને એ પ્રમાણે કેટલીક વાર સુધી ઉપર મુજબ કસરત કરવી.

આ બેઉ કસરતો કરતી વખતે મનને છાતી, જઠર અને પેટ ઉપર એકાગ્ર કરવું અને એ ત્રણે અવયવોની ખૂબ સ્વસ્થ અવસ્થાનું ચિત્ર મનમાં રચીને તેમાં તન્મય બની જવું.

ધ્યાનઃ—મારી છાતી, મારો જઠર અને પેટના અવયવો પોતપોતાનાં કાર્ય બરાબર રીતે કરી રહ્યાં છે અને ખૂબ સ્વસ્થ અને બળવાન બનતાં જાય છે. આવી મતલબના શબ્દો મનમાં ગોઠવીને તેનું એકાગ્રતાપૂર્વક ધ્યાન કરતા રહેવું.

વળી આ ત્રણે અવયવોને ચૈત્ર, આશ્વિન અને પૌષ માસની પ્રાણદાયક કસરતો પણ ગૌણપણે ઠીક ઠીક ફાયદો પહોંચાડે છે.

१ आषाढ

अश्मवन्ती रीयते संरभध्वं, उत्तिष्ठत प्र तरता सखायः ।
अत्रा जहीमो अशिवा ये असन्, शिवान् वय मुत्तरेमाभिवाजान् ॥
(यजु० १५-१० । ऋ. १०-५३-८ । अथर्व. १२-२-२६)

વિનય

મારા ભાઇઓ ! સાંસારિકતાની નદી ભારે વેગસહિત વહી જાય છે, જે જે સુખ આપણને અભિષ્ટ છે, જે સાચા ભોગ આપણે ભોગવવા જોઇએ, જે સાચા બળની આપણે પ્રાપ્તિ કરવી જોઇએ તે બધું આપણને ત્યારેજ મળે, કે જ્યારે આપણે એ નદીને ઓળંગીને તેને સામે કિનારે જઇ પહોંચીએ. પણ આપણને ઘસડી જનાર વિષયોથી ભરેલા જબ્બર પ્રવાહને ચીરીને પેલી પાર જવું એ કાંઇ સહેલ વાત નથી. એ તો ઘણી વિકટ નદી છે. એની અંદર ભોગ્ય પદાર્થોરૂપી એવા મોટા મોટા અને ચીકણા પથ્થરો છે કે તેઓ આપણા પગને ટકવાજ નથી દેતા. વળી તેમની સાથે ઠોકરાઇને ડગલે ને પગલે પાણીમાં ગબડી પડવાની પણ દહેશત રહે છે. આ બાજુએ નદીનો વેગ પણ એવો જબરો છે કે પગ ઠરે તે પહેલાં તો ઘૂમરીમાં લઇને ઘસડી જાય છે. પરંતુ એ વાત પણ ખરી કે, જ્યાંસુધી એ નદીને સામે કિનારે ન જઇએ ત્યાંસુધી શાંતિ પણ નથી મળવાની. માટે ભાઇઓ ! થાઓ ઉભા અને એકબીજાને ટેકો આપતા આગળ વધવા માંડો. હિમ્મત ધરીને ઉભા થઇ જાઓ અને દૃઢતાપૂર્વક પ્રયત્ન કરતા કરતા નદી ઓળં-

ગીને સામે કિનારે જઇ પહોંચો. પણ સૌથી ભારે મુસીબત તો એ છે કે, નદી ખૂબ વેગવાળી અને ચીકણા લપસણા પથ્થરોથી ભરેલી તો છેજ; તેમાં વળી આપણે આપણા માથા ઉપર કેટલીય જાતના “**अशिव**” પદાર્થોનાં ભારે ભારે પોટલાં ચઢાવી દીધાં છે. ભોગેચ્છા, કુસંસ્કાર, અધર્મની વાસનાઓ તથા પાપ, એ બધાંનો પુષ્કળ બોજો આપણા માથા ઉપર આપણે પોતેજ લાદ્યો છે, અને તેથી આપણું નદી ઓળંગવાનું કામ હોય તેના કરતાંય વધારે મુશ્કેલ થઇ ગયું છે અથવા આપણે કરી દીધું છે. આવી સ્થિતિમાં તો નદી ઓળંગવાનું કામ અસંભવિતજ કહેવાય. માથા ઉપર બોજો હોય ત્યાં સુધી તો નદી પાર કરવાની વાતજ ન કરાય. માટે ભાઈઓ ! પહેલાં તો એ ‘**अशिव**’ વસ્તુઓનાં પોટલાં માથા પરથી ઉતારીને અહીં ને અહીંજ નાખી દઇને હલકા ફૂલ જેવા થઇ જઇએ. માથા ઉપરનો ભાર હલકો થઇ જશે એટલે પછી નદી ઓળંગવાના કામમાં આપણે આપણી શક્તિઓનો પૂરેપુરો ઉપયોગ કરતા થઇ જઇશું. જે કાંઇ શુભ છે, કલ્યાણકારી ‘**वाज**’ (સુખ-બળ-જ્ઞાન ઇ.) છે, સાચા ભોગ છે, સાચું બળ અને જ્ઞાન છે, તે તો બધાં નદીને સામે કિનારે પડયાં પડયાં આપણી રાહ જોતાં બેઠાં છે. છતાં આપણે બધા મૂર્ખ લોકો આ **अशिव** વસ્તુઓનાં પોટલાં અત્યાર સુધી ઉંચકી ઉંચકીને ફરતા હતાજ શા માટે ? એ બોજો તો આપણે ફક્ત આપણને ડૂબાડી દેવાને કામ આવે એવો છે. આપણે એ બોજાની સાથે નદીમાં ડૂબી મરવું ન હોય અથવા નદીમાં તણાઇ જવું ન હોય તો એ બધોજ બોજો અહીં ને અહીંજ ફેંકી દેવો રહ્યો. આ રીતે એ ‘**अशिव**’ વસ્તુઓનો ભાર ઉતારી દીધા પછી એકબીજાને મદદ આપતા આપતા આપણે આગળ વધવુંજ જોઇએ. વિષયોના જબ્બર પ્રવાહમાં આપણે ઘસડાઇ ન જઇએ તેટલા વાસ્તે એકબીજાના ‘**संरम्भ**’ની (આશ્રયની-ટેકાની) ખૂબ જરૂર છે. માટે આપણે મનુષ્યસમાજના બધાજ ભાઇ-ભાંડુઓ ઉઠીને ઉભા થઇએ, મનમાં હિંમત

રાખીએ, મેલા કચરાનાં પોટલાંને ફેંકી દઇએ અને એકબીજાના હાથ પકડી પકડીને સદાને માટે આ ભયંકર નદીને ઓળંગીને તેને સામે કિનારે જઇ પહોંચીએ. એ તો ત્યાં ગયા પછી આપણને અનુભવથી સમજાઇ જશે કે, જે સ્વર્ગની આપણને ભૂખ હતી, જે કલ્યાણકારી બળ અને જ્ઞાનની આપણામાં ત્રુટિ હતી તે બધાં અહીંજ છે.

કલ્યાણને ઈચ્છનારાઓ ! નદી ગમે તેટલી વિકટ હોય પણ એને ઓળંગ્યા વિના છૂટકોજ નથી.

શબ્દાર્થ

(अश्मवन्ती) પથ્થરો અને શિલાઓથી ભરેલી નદી **(रीयते)** વેગ સહિત વહી જાય છે. **(सखाय:)** હે સાથીઓ ! હે મિત્રો ! **(उत्तिष्ठत)** ઉઠો, **(संरभध्वं)** ભેગા મળીને એકબીજાને મદદ કરો અને **(प्र तरत)** આ નદીને પ્રબળતા સહિત તરી જાઓ. આવો, **(ये अशिवा: असन्)** આપણી પાસે જે અકલ્યાણકારી વસ્તુઓનો સંગ્રહ છે તેને આપણે **(अत्र जहीम:)** અહીંજ છોડી દઇએ અને **(शिवान् वाजान् अभि)** કલ્યાણકારી સુખ, બળ તેમજ જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે **(वयं)** આપણે **(उत्तरेम)** આ નદીની પાર ચાલ્યા જઇએ.

२ आषाढ

यस्तिष्ठति चरति यश्च वञ्चति, यो निलायं चरति यः प्रतङ्कम् ।
द्वौ संनिषद्य यन्मंत्रयेते, राजा तद् वेद वरुणस्तृतीयः ॥
(अथर्व. ४-१६-२)

વિનય

પાપની ખરેખરી બીક રાખે એવાં માણસો આ દુનિયામાં બહુજ વિરલ હોય છે. સાધારણ રીતે લોકો પાપથી ડરતા નથી, પણ પાપ કરતાં પકડાઇ જવાથી અથવા લોકોમાં પાપી તરીકે જાહેર થઈ જવાથી ડરે છે. જ્યાં કોઇ જોનાર ન હોય ત્યાં પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ થઇ જવું અથવા પાપ કરી લેવું એ તો સાધારણ વાત છે. પાપ અથવા અપરાધથી દૂર રહેવાનો તો કોઈ પ્રયત્નજ નથી કરતું, પણ પાપ કરીએ અને છતાં પાપ કરતાં પકડાઇ ન જઇએ તે તરફજ સૌ લક્ષ આપે છે અને તે અર્થેજ સૌ પ્રયત્ન કરે છે. એટલા માટે લોકો પોતાનાં ઘણાં કામ એકલા, એકાંત જગ્યાએ, કોઈ દેખે નહિ એવી રીતે છુપાઇને કરવા જાય છે; પણ આ દુનિયાનો એકમાત્ર સાચો રાજા વરુણદેવ છે એટલીજ વાતની જો તેમને જાણ હોય તો તેઓ આવા ઘોર અજ્ઞાનમાં રહે નહિ. આખા જગતનો ઈશ્વર વરુણ ભગવાન સર્વવ્યાપક અને સર્વદ્રષ્ટા છે એ વાતની જો તેમને ખબર હોય તો તેઓ પાપ કરતાં જરૂર ડરે. તેઓ એકાંતમાં પણ પાપ કરવા કદી તૈયાર ન થાય. અમુક કામ તો આપણે ગુપ્તપણે કર્યું છે, તેને કોઇજ જાણતું નથી એવું જ્યારે આપણે માની લઇએ છીએ, ત્યારે આપણે ભારેમાં ભારે ભૂલ કરીએ છીએ. સર્વવ્યાપક, સર્વદ્રષ્ટા વરુણની આગળથી કોઇ પણ કામ છૂપું રાખવું એ તદ્દન અશક્યજ છે. જ્યારે બે જણ કાંઇક છૂપી મસલત કરવા બેસે છે તે વખતે બેઉ મનમાં એવું સમજતા હોય છે કે, અમારા બેના સિવાય કોઇ ત્રીજો માણસ આ વાત જાણતોજ નથી; તે વખતે પણ એ વાતને સાંભળી લેનાર ત્રીજો માણસ વરુણદેવ તો ત્યાં

બેઠેલોજ છે. ત્યાંથી ઉઠીને કોઈ કિલ્લામાં કે ભોંયરામાં જઇને ભરાઈ જઈએ અથવા કોઈ અત્યંત નિર્જન વનમાં ચાલ્યા જઇએ તો ત્યાં પણ ત્રીજા માણસ તરીકે આપણી છૂપી વાતના સાક્ષી થવા સારૂ વરુણદેવ તો આપણી આગળ આગળ જઇને બેઠેલાજ હોય છે. હવે એમનાથી છૂપું રહેજ શી રીતે ? એમની નજર ચોરીને કામ કરી શકાયજ કેવી રીતે ? કદાચ આપણા બીજા કોઇને પણ આપણા મનનો ભેદ ન બતાવીએ, બધી વાત આપણા મનમાં રાખીને કાંઇક ઘાટ ઘડીએ, તોપણ વરુણદેવ તો તે જાણે છે અને બધુંજ જરેજર સાંભળે છે. આપણે જ્યારે બીજા કોઇને ઠગીએ છીએ, ફસાવીએ છીએ, ત્યારે આપણે મનમાં ફૂલાઇએ છીએ કે, આ વાત તો કોઇજ જાણતું નથી. પણ તેમ કરીને આપણે પોતેજ ઠગાઇએ છીએ, ફસાઇએ છીએ અને ભારેમાં ભારે ભૂલ કરીએ છીએ; કેમકે વરુણદેવ તો બધુંજ જાણતા હોય છે અને જે કાંઈ કર્યું તેનું ફળ આખરે ભોગવવુંજ પડે છે. એ રીતે આપણે જે જે કામ ચોરી–છૂપીને કરીએ છીએ, કોઇનો દ્રોહ કરીને તેને દુઃખ દઇએ છીએ, સતાવીએ છીએ, ત્યારે ભલે બીજો કોઈ ન જાણતો હોય પણ સૌનાં પાપના સાચા દંડવિધાયક આપણા વાસ્તવિક રાજા વરુણે તો બધુંજ પ્રત્યક્ષ દીઠું હોય છે. અરે ! માણસોને ફક્ત વરુણરાજાની સર્વવ્યાપકતાનું અને સર્વદર્શિતાનું ભાન થઈ જાય–એ વાત તેમના હૈયામાં ઉતરી જાય–તો તે એકજ દિવસમાં પરમધાર્મિક અને તદ્દન નિષ્પાપ બની જાય.

શબ્દાર્થ

(यः तिष्ठति, चरति) જે માણસ ઉભો છે, જે ચાલે છે, **(यः च वञ्चति)** જે બીજાને ઠગે છે, **(यः निलायं चरति)** જે ગુપ્ત રીતે ઘાટ ઘડે છે, **(यः प्रतङ्कं [चरति])** જે બીજાને ખૂબ દુઃખ દઇને તેના ઉપર અત્યાચાર કરે છે અને **(द्वौ सन्निषद्य)** જ્યારે બે માણસ મળીને, એક જગ્યાએ બેસીને **(यत् मंत्रयेते)** જે કાંઇ ગુપ્ત મસલત કરે છે **(तत्)** તેને પણ **(तृतीयः)** ત્રીજા માણસરૂપે **(वरुणः राजा)** સર્વશ્રેષ્ઠ સાચો રાજા પરમેશ્વર **(वेद)** જાણે છે.

३ आषाढ

उत यो द्यामतिसर्पात् परस्तात्, न स मुच्यातै वरुणस्य राज्ञः
दिवः स्पशः प्र चरन्तीदमस्य, सहस्राक्षा अति पश्यन्ति भूमिम्
(अथर्व. ४-१६-४)

વિનય

એક રાજ્યમાં કોઇ રાજદ્રોહનો અપરાધ કરી બીજા રાજ્યમાં નાસી જાય તો તે માણસ પોતાના અપરાધની સજામાંથી બચી જાય છે. પણ આ આખા સંસારનો એક-માત્ર પરિપૂર્ણ રાજા–પાપનિવારક સાચો રાજા–વરુણદેવ, તેનો અપરાધ કરીને, આ સંસારના અટળ નિયમોનો ભંગ કરીને–અર્થાત્ અસત્ય, દ્રોહ, હિંસા આદિ પાપ કરીને કોઇ તેની સજામાંથી બચી જવા માટે કોઇ બીજે ઠેકાણે નાસી જવાનો મનસૂબો કરે તોપણ વરુણના રાજ્યની હદ છોડીને કોઇનાથી બહાર જઇ શકાતું નથી અને કરેલાં કામનાં ફળ ભોગવ્યા વિના કોઇનો છૂટકો થતો નથી. વરુણ રાજાનું રાજ્ય એવું સર્વવ્યાપક છે કે તેના રાજ્યની સીમા કોઈ ઓળંગી શકેજ નહિ. આવડી મોટી વિશાળ, દુર્ગમ પૃથ્વીના ગમે તે આઘેના પ્રદેશમાં ચાલ્યા જાઓ તો ત્યાં પણ વરુણનું રાજ્ય તો ખરૂંજ; એટલુંજ નહિ પણ જો તમારાથી ઉડી શકાતું હોય તો ઉડીને મંગળ, શુક્ર વગેરે કોઈ આઘેના ગ્રહ ઉપર જઇને વસો અથવા આ સૂર્યમાળાને (दिवः ને) છોડીને તેની મર્યાદાની બહાર જઇ શકાતું હોય તો તેનાથી પણ આઘેની બીજી સૂર્યમાળામાં ચાલ્યા જાઓ તો ત્યાં પણ રાજ્ય તો વરુણ રાજાનુંજ છે. ગમે ત્યાં જાઓ પણ કરેલાં કામની યોગ્ય સજા તો મળ્યા વગર રહેવાનીજ નહિ, કર્મનાં બંધનમાંથી કદી છૂટકારો થવાનોજ નહિ. આ દુનિયાના રાજાઓ (જેઓ માત્ર

‘રાજા’ કહેવાય છે એટલુંજ)ના છુપા જાસુસો તો આપણા જેવા અજ્ઞાની મનુષ્યોજ હોય છે, તેમની આંખોમાં ઘણી વાર ધૂળ નાખી શકાય છે. વળી તેઓ પોતે પણ અસંખ્ય વાર ભૂલો કરી બેસે છે. પણ આ વરુણ રાજાના છુપા જાસુસો એવા છે કે તેમની નજરમાંથી કોઇ પણ માણસ છટકી જઇ શકતો નથી. તેમની આગળ કાંઈજ છૂપું રહી શકતું નથી. તેઓ બધુંજ જરેજર જાણે છે, જુએ છે અને યાદ રાખે છે અને એવા જાસૂસો આખા બ્રહ્માંડમાં જ્યાં જુઓ ત્યાં ખરાજ. એક નાની સરખી જગ્યા પણ તેમના વિનાની ખાલી નહિ! સ્વયંપ્રકાશ વરુણદેવરૂપી સૂર્યનાં અનંત કિરણો બનીને તેઓ અખિલ બ્રહ્માંડમાં સર્વત્ર ફેલાઇ ગએલા છે; તેઓ વરુણની અનંત જ્ઞાનેન્દ્રિયો છે એમ કહીએ તોપણ ચાલે. એટલા માટે આપણામાંથી કોઈ પણ માણસ જ્યારે જ્યારે ઈશ્વરના ઘડેલા કોઇ પણ એક અથવા વધારે નિયમોનો ભંગ કરે છે (શરીર વડે, વાણી વડે અથવા મન વડે માત્ર વિચાર કરીને પણ કોઇ પણ અનિષ્ટ આચરણ કરે છે), ત્યારે ત્યારે તેજ ઘડીએ, તેજ જગ્યાએ વરુણદેવના દિવ્ય જાસૂસો તેને ઓળખીને પકડી લે છે અથવા પોતાના અદૃશ્ય પાશ—બંધન—વડે તેને તેજ ઘડીએ મુશ્કેટાટ બાંધી લે છે, પણ પોતે બંધાઇ ગયો હોવાની તે વખતે તેને ખબર નથી પડતી. વરુણદેવના **‘स्पशो’**—જાસૂસો—પોતાનું કામ કેવી અદ્ભુત કુશળતાપૂર્વક કરે છે તે તો જરા જુઓ! ઓહો! આખા વિશ્વમાં સચરાચર વરુણદેવના સી. આઇ. ડી. વિભાગનાં થાણાં મંડાઇ ગયાં છે અને તેમના હજાર આંખોવાળા અસંખ્ય રીતે જોઈ શકે એવા **‘स्पशो’** દેશકાળાદિ સર્વ પ્રકારની મર્યાદાઓનું અતિક્રમણ કરીને તમામ ઘટનાઓ પર બરાબર નજર રાખતા આખા બ્રહ્માંડમાં સર્વત્ર ફરતાજ હોય છે અને જ્યાં જરાક નિયમનો ભંગ થયો એટલે તરતજ બાંધી લીધાજ જાણો અને એવા બાંધી લે છે કે જ્યાં સુધી કરેલા કામની પૂરેપુરી સજા ન ભોગવી

રહીએ ત્યાં સુધી એ બંધન જરા પણ ઢીલું થતુંજ નથી, તેમનો પાશ તૂટતોજ નથી. વરુણ રાજાની રાજ્યવ્યવસ્થા આવી પરિપૂર્ણ અને ખોડ-ખાંપણ વિનાની છે. માટે હે મનુષ્ય ભાઇઓ ! જો આપણે બધા આપણા પાપનિવારક રાજાના રાજ્યમાં કેવી અટળ વ્યવસ્થા છે તે એક વાર બરાબર સમજી લઇએ, એ તત્ત્વ આપણા હૃદયમાં બરાબર વસી જાય તો એટલું કરવાથી પણ આપણામાં તમામ પાપની નિવૃત્તિ થઇ જાય-અર્થાત્ આપણાથી પાપ થઇ શકેજ નહિ.

શબ્દાર્થ

(यः उत) જે કોઇ જીવ **(द्यां अति)** દ્યુલોકને ઓળંગીને **(परस्तात्)** તેની પણ પેલે પાર **(सर्पात्)** ચાલ્યો જાય **(स)** તે પણ **(वरुणस्य राज्ञः)** વરુણ રાજાથી **(नमुच्यातै)** મુક્ત થઇ શકતો નથી, બચી શકતો નથી. **(दिवः अस्य)** પ્રકાશસ્વરૂપ આ વરુણના **(स्पशः)** જાસૂસો **(इदं)** આ આખા બ્રહ્માંડમાં **(प्र चरन्ति)** સારી રીતે બધે ફરતા રહે છે અને જેઓ **(सहस्राक्षाः)** હજારો આંખોવાળા બનીને **(भूमिं)** આ ભૂમિને **(अति पश्यन्ति)** અતિક્રમણ કરીને બધું જોઇ રહ્યા છે—જેને બીજા કોઇ નથી જોઇ શકતા તેને પણ તેઓ જોઇ શકે છે.

४ आषाढ

शिवास्त एका अशिवास्त एकाः, सर्वा बिभर्षि सुमनस्यमानः।
तिस्रो वाचो निहितारन्तरस्मिन्, तासामेका वि पपातानुघोषम्
(अथर्व. ७-४३-१)

વિનય

હે મનુષ્ય ! તું તારે મોઢેથી જે જે વાણી બોલે છે, તેમાંની કોઈ કોઇ તારૂં કલ્યાણ કરે એવી હોય છે અને કોઇ કોઇ અકલ્યાણ કરનારી પણ હોય છે. જે વાણી સાચી અને સાંભળનારને પ્રિય લાગે એવી હોય, જે બીજાના કલ્યાણને માટે, બીજાનું હિત કરવાને અથવા સત્યનો પ્રચાર કરવાને માટે બોલાતી હોય તે વાણી કલ્યાણકારિણી હોય છે અને જે વાણી છળકપટવાળી, દ્વેષ, ક્રોધ અને વેરઝેરથી ભરેલી તથા બીજાને દુભાવવાને માટે અથવા તેને હાનિ કરવાના હેતુથી, બોલાતી હોય તેના વડે તારું પોતાનું ભારે અકલ્યાણ થાય છે. પણ તું તારી જુદી જુદી જાતની વાણીઓના આવા મહાન ભેદને સમજતો ન હોવાથી તું જેવી મોઢે આવે તેવી બધાજ પ્રકારની વાણીઓ બોલતો જાય છે–સારી અને માઠી–કલ્યાણકારી અને અકલ્યાણકારી બધીજ વાણીઓને એકસરખી રીતે પ્રસન્નતાપૂર્વક બેધડક બોલતોજ જાય છે. તું કદાચ તારા મનમાં એવું સમજતો હોઇશ કે, તારા મોઢામાંથી જે શબ્દો નીકળે છે તેમનો તો તેજ ઘડીએ અંત આવી જતો દેખાય છે તેથી કરીને તેમની અસર તારા ઉપર થતી નથી અથવા તો થઇ શકતીજ નથી. પણ તું જે વાણી બોલે છે તેને તું ફક્ત બોલે છે એટલુંજ નહિ પણ તેને સાથે સાથે ધારણ પણ કરી લે છે તેની તને ખબર નહિ હોય. તું જે વાણીને તારા શબ્દોના રૂપમાં પ્રકટ કરે છે તે તો વાણીનો એક ભાગ (ચોથો ભાગ)જ છે. તેના બાકીના ત્રણ ભાગ તો તારી અંદર ગુપ્ત રહે છે, તારી પોતાની અંદર તારા વડે ધારણ કરાઇ રહ્યા હોય છે. જે વિચાર તું શબ્દો વડે (તારી ચોથી એટલે વૈખરી વાણી વડે) પ્રકટ કરે છે, તે વિચાર તારા મનમાં

(તારી ત્રીજી એટલે મધ્યમા વાણીરૂપે) સમાઇ રહે છે; અને વળી મનમાં બોલાતા પહેલાં પણ તે વિચાર તારી પોતાની અંદર સાકાર અથવા નિરાકાર જ્ઞાનરૂપે રહી જાય છે (જેને અનુક્રમે બીજી અને પહેલી, પશ્યન્તી અને પરા વાણી એવાં નામ આપ્યાં છે). સારાંશ એ છે કે, તારી સારી અને માઠી બેઉ વાણીઓના ત્રણ ભાગ તારી પોતાની અંદરના અંદર સમાઇ રહે છે અને માત્ર ચોથો ભાગ શબ્દરૂપે બહાર પડે છે. આ શબ્દરૂપી ચોથા ભાગની વાણી તારા પોતાના ઉપર કશી પ્રત્યક્ષ અસર કરતી દેખાતી ન હોય તો પણ જો તું તારી વાણીના એક સળંગ રૂપ ઉપર લક્ષ આપીને જુએ–વાણીનાં અંદરનાં ત્રણ રૂપો ઉપર પણ તું જો ધ્યાન આપવા લાગે–તો તારી અંદર સ્થિર બનીને બેઠેલી તારી કલ્યાણકારિણી પરા, પશ્યન્તી અને મધ્યમા વાણીઓ તારા ઉપર કેટલી બધી કલ્યાણકારક અસર રેડી રહી છે અને તારા અશુભ વિચાર વડે પરા, પશ્યન્તી અને મધ્યમાના રૂપમાં ધારણ કરાયેલી તારી અકલ્યાણકારી વાણી તારૂં કેટલું ભારે અકલ્યાણ કરી રહી છે તે બધું તને સમજાઇ જાય. પોતાની અંદર ધારણ કરેલાં વાણીનાં ત્રણ રૂપો વડેજ તે તે વાણીને અનુસરીને માણસનું કલ્યાણ અથવા અકલ્યાણ (પુણ્ય અને પાપ) થયાજ કરે છે; ચોથું વૈખરી રૂપ તો અંદરનાં ત્રણ રૂપોનો કેવળ સ્થૂળ પ્રકાશમાત્રજ છે. જે કાંઇ છે તે તો અંદરનાં ત્રણ રૂપોજ છે. આપણી ઉન્નતિ અથવા અવનતિ કરનાર, આપણું ભલું અથવા ભૂંડું કરનાર જો કોઇ હોય તો આપણી પોતાની અંદર ગુપ્તપણે રહેલી પેલી ત્રણ વાણીઓજ છે.

શબ્દાર્થ

હે મનુષ્ય ! **(ते)** તારી **(एकाः)** એક–એક જાતની **(शिवाः)** કલ્યાણકારી વાણીઓ છે. **(ते एकाः अशिवाः)** અને વળી તારી એક–એક જાતની અકલ્યાણકારી વાણીઓ પણ છે. પણ તું **(सर्वाः)** તે બધી વાણીઓને **(सुमनस्यमानः)** પ્રસન્ન ચિત્તથી **(बिभर्षि)** ધારણ કરે છે. વાણીના **(तिस्रः वाचः)** ત્રણ ભાગ **(अस्मिन् अन्तः निहिता)** તારા આ શરીરની અંદર ગુપ્તપણે રાખેલા છે. **(तासां एका)** તેનો માત્ર એકજ ભાગ **(घोषं अनु)** શબ્દ અથવા અવાજના રૂપમાં **(विपपात)** બહાર પ્રકટ થાય છે.

५ आषाढ

अनृणा अस्मिन्ननृणाः परस्मिन्, तृतीय लोके अनृणाः स्याम।
ये देवयानाः पितृयाणाश्च लोकाः, सर्वान् पथो अनृणा आक्षियेम॥
(अथर्व. ६-११७-३)

વિનય

મનુષ્ય તો તેના જન્મસમયથીજ કેટલાંય ઉંચી જાતનાં ઋણથી બંધાએલો છે. તે જન્મે છે ત્યારથીજ ઋણી છે અને એ સાચા કરજથી મુક્ત થવામાંજ મનુષ્યજીવનની સાર્થકતા છે. સંસારના ત્રણે લોકને ભોગવવાને માટે માણસને ત્રણ જાતનાં શરીર મળ્યાં છે તેથી કરીને તેના માથા ઉપર ત્રણ જાતનું કરજ પહેલેથીજ ચઢેલું છે. હે પ્રભો ! અમે પિતૃયાનના કે દેવયાનના, બેમાંથી ગમે તે એક માર્ગના પ્રવાસી હોઇએ તો પણ અમે આ ત્રણે લોકોના કરજમાંથી સર્વદા મુક્ત રહીનેજ જીવીએ. અમે અમારી તમામ તાકાત અને અમારો તમામ પુરુષાર્થ આ કરજને ફેડવા પાછળજ વાપરતા રહીને જીવન વ્યતીત કરીએ. આ સ્થૂળ ભૂલોકનું કરજ બીજા લોકોને ભૌતિક સુખ આપીને તથા સમાજને પોતાના તરફથી શ્રેષ્ઠ પ્રકારનાં ભૌતિક* સંતાનની ભેટ કરવાથી ફેડી શકાય છે. એજ રીતે પ્રાકૃતિક અગ્નિ આદિ કુદરતી શક્તિઓ દ્વારા મનુષ્યને જે સુખ પ્રાપ્ત થાય છે તથા પોતાની સાથે રહેનારા બીજા મનુષ્યોની નિઃસ્વાર્થ

---

*આની મતલબ એવી નથી કે, માત્ર છોકરાંને જન્મ આપીને દેશની જનસંખ્યામાં વધારો કરવો, જો કે સારી સંતતિ એ પણ દેશની એક સેવા તો છેજ. પણ જેનાથી સંસારનું હિત સધાય એવી કોઈ પોતાની માનસિક સંતતિની જગતને ભેટ કરવી એ વધારે કિંમતી અને સ્થાયી સેવા છે. કોઈ ઉત્તમ ગ્રંથ, કોઈ લોકોપકારક યંત્ર અથવા ઔષધિ–એવી વસ્તુનું દાન એ ઉત્તમ દાન છે. (જુઓ જ્યેષ્ઠ–૮.)—**સેવાનંદ**

સેવા દ્વારા જે સુખ, આરામ અને અનુકૂળતાઓ મળ્યા કરે છે તે બધાનું ઋણ ફેડવાને માટે સંસારનાં યજ્ઞ-ચક્રો ચાલુજ રાખવાં જોઇએ. અને જેવું સુખ પોતાને મળ્યું તેવું પોતાની પાછળનાંઓને મળતું રહે તે વાસ્તે યજ્ઞકર્મ (સંસારની નિષ્કામ સેવા) કરતા રહેવું જોઇએ. વળી ત્રીજા એટલે જ્ઞાનના લોક દ્વારા મનુષ્યને જ્ઞાનરૂપી પરમ લાભ મળ્યા કરે છે, તેની સંતતિની પરંપરાને ચાલુ રાખવા સારૂ દરેક જણે પોતે વિદ્યાનો વ્યાસંગ રાખવો જોઈએ, હમેશાં સદ્ગ્રંથનો સ્વાધ્યાય કરતા રહેવું જોઇએ અને પોતાના અધ્યયનનું ફળ બીજાને મળે તે સારૂ જાહેર *પ્રવચન ઇત્યાદિ કરીને તે ઋણમાંથી પણ મુક્ત થવું જરૂરનું છે. જે સર્વત્યાગી લોકો સંસારના કોઇ પણ ભોગની કામના રાખતા નથી એટલે કે જેમને ત્રણમાંથી કોઇ પણ જાતના ઋણનું બંધન રહ્યું નથી એવા મહાત્માઓ જોકે બ્રહ્મચર્ય, શ્રદ્ધા અને તપની ત્રિવિધ શ્રેણી ઉપર થઇને દેવયાન માર્ગના પ્રવાસી સિદ્ધ થઈ ચૂકયા હોય છે, છતાં તેમણે પણ પોતાનાં ત્રણે શરીરોના વ્યવહારનિમિત્તે ચઢેલું ઋણ ફેડી દેવુંજ જોઇએ. તેઓ ભલે પોતાના ભૌતિક શરીર દ્વારા સંતાનોત્પત્તિ ઇત્યાદિ કર્મ ન કરે પણ પોતાના શરીર દ્વારા લોકસેવાનાં બીજાં સ્થૂળ કર્મો તો તેમણે કરવાંજ જોઇએ અને પોતાના પ્રાણ અને મનના બીજા નંબરના પ્રાણમય શરીર દ્વારા પ્રેમ, દયા ઇત્યાદિ સાત્ત્વિક ભાવનાઓના પ્રવાહ જગતના તરફ વહેવરાવવાજ જોઇએ. ત્યાર પછી દ્યુલોકની સાથે સંબંધ રાખનારા પોતાના વિજ્ઞાનમય શરીર દ્વારા જ્ઞાન-સૂર્યરૂપ બની જઇને ચારે દિશાએ જ્ઞાનનાં કિરણોનો ફેલાવો કરીને ત્રીજા લોકના કરજમાંથી પણ મુક્ત થઇને અનૃણ બની જવું.

અરેરે ! માણસ તો સર્વદા કરજના બોજા નીચે દબાએલોજ છે. પોતાને ત્રણ પ્રકારનાં શરીરો હોવા છતાં જેને

---

* જગતની ઉન્નતિ થાય એવા ઉપકારક ગ્રંથો સેવાભાવે લખવા લખાવવા અને નફા ઉપર દૃષ્ટિ ન રાખતાં સ્વલ્પ મૂલ્યે વેચવા અથવા મફત આપવા એ પણ ઋણમુક્તિનો એક ઉપાય છે. **—સેવાનંદ**

પોતાના માથા ઉપરના કરજનું ભાન નથી અને હું કરજદાર છું એવો કદી મનથી અનુભવ પણ કરતો નથી તે માણસ કેટલો અજ્ઞાની છે! હે સ્વામિન્! અમને તો એવી બુદ્ધિ અને શક્તિ આપો કે અમે દેવયાની હોઇએ અથવા પિતૃયાની હોઇએ–બેમાંથી ગમે તે એક માર્ગના પ્રવાસી હોઇએ તોપણ અમે વિવિધ ભૂમિકાઓમાં રહેવા છતાં, અને તમામ માર્ગો ઉપર રહીને વિચરતા છતાં અમે કરજમાંથી સર્વદા મુક્તજ રહીએ. આગળ ઉપરના લોકમાં પ્રવેશ કરતા પહેલાં તેની નીચેના લોકનું દેવું પૂરેપુરૂં ચૂકવી દઇએ અને આગળ ઉપરના માર્ગ ઉપર પગ મૂકતા પહેલાં તેની અગાઉના માર્ગનું તમામ દેવું ચૂકતે કરી દીધુંજ હોય. આ રીતે કરજમુક્ત થવાને લાગલાગટ ઘોર પ્રયત્ન કરતા રહીને અમે તમામ લોકોમાં સર્વદા ઋણમુક્ત દશામાંજ રહીએ.

હે પ્રભો! અમને હમેશાં ઋણમુક્ત રાખો, અમને અનૃણ બનાવી દો.

શબ્દાર્થ

(अस्मिन् अनृणाः) આ લોકમાં અમે અનૃણ–કરજમુક્ત–થઇએ **(परस्मिन् अनृणाः)** તેની આગળના લોકમાં અમે અનૃણ રહીએ અને **(तृतीये लोके अनृणाः स्याम)** ત્રીજા લોકમાં પણ અનૃણ રહીએ. **(ये देवयानाः पितृयाणाश्च लोकाः)** જે દેવયાન અને પિતૃયાનના માર્ગોના લોક છે તે લોકમાં **(सर्वान् पथः)** તમામ માર્ગો ઉપર ચાલતા રહીને અમે **(अनृणाः आक्षियेम)** ઋણમુક્ત બનીને રહીએ, જીવીએ.

६ आषाढ

दिवो नु मां बृहतो अन्तरिक्षात्, अपां स्तोको अभ्यपप्तद् रसेन।
समिन्द्रियेण पयसाहमग्ने, छन्दोभिर्यज्ञैः सुकृतां कृतेन ॥
(अथर्व. ६-१२४-१)

વિનય

હે મહાન્ પ્રભુ ! અમે ક્ષુદ્ર મનુષ્યો અમારી તુચ્છ કામનાઓને મિથ્યાજ મોટી મોટી માનતા ફરીએ છીએ. અમને જે વખતે જે વસ્તુને માટે મનમાં કામના ઉત્પન્ન થાય છે તેને તે વખતે અમે એટલું બધું મહત્ત્વ આપી દઇએ છીએ અને એવુંજ માની લઇએ છીએ કે, જો અમારી એ ઇચ્છા તૃપ્ત નહિ થાય તો અમે જરૂર મરીજ જવાના; અને જો પૂરી થઇ ગઇ તો બસ, સદાને માટે એવા કૃતકાર્ય અને પૂર્ણ રીતે પરિતૃપ્ત થઇ જવાના કે જાણે બીજી કોઇ વસ્તુને માટે અમને જિંદગીમાં ફરીથી ઇચ્છાજ નહિ થાય ! પણ અમે અમારી કામનાઓને આટલું મહત્ત્વ આપીએ છીએ તેનું ખરૂં કારણ એ છે કે, અમે તમારા અનંત મહત્ત્વનો કદી મનમાં અનુભવ કરતાજ નથી. અમે મનમાં એટલો પણ કદી વિચાર નથી કરતા કે, તમે તો જળના અપાર અને અગાધ સમુદ્ર સમાન છે. અને અમારી પ્રબળ તૃષા (જેને લીધે અમે મરી જઇએ છીએ તેને તો તમે ફક્ત એક નાની સરખી લોટીમાં આવે એટલા પાણીથી બુઝાવી શકો છો. નહિ, નહિ, એમ પણ નહિ, તમે તો કામનાઓની વૃષ્ટિ વરસાવનાર ચારે દિશામાં વિસ્તરેલા અસીમ '**अन्तरिक्ष**' છો અને તમારી અનંત વૃષ્ટિમાંથી માત્ર એક ટીપુંજ અમારા ઉપર ટપકાવીને તમે અમને પરિતૃપ્ત કરી શકો છો—અમે ધરાઇ જઇએ અને છતાં વધી પડે એટલું તમારા એક બિન્દુમાં સામર્થ્ય છે. તમારા દિવ્ય જ્ઞાનમય બૃહત્ આકાશમાંથી વરસતાં જ્ઞાનબિન્દુઓમાંનું એક બિન્દુ પણ એટલો બધો રસ અને એટલી બધી શક્તિ ધરાવે છે કે એટલાંજ જ્ઞાનબિન્દુઓ પામીને અમે પૂરેપુરા ધરાઇ જઇએ છીએ. હે મારા પ્રભુ ! મને કોણ જાણે કેટ-

લીય કામનાઓ હતી, મને મારામાં નરી ન્યૂનતા ને ન્યૂનતાજ નજરે પડતી હતી અને હું મનમાં એવું સમજતો હતો કે, ગમે તેટલો પ્રયત્ન કરવા છતાંય મારાથી અનેક જન્મોમાં પણ એ ન્યૂનતા પૂર્ણ નથીજ થવાની; પણ હે પિતા ! હું શું કહું ? તારા જ્ઞાનપ્રકાશમય દિવ્ય અન્તરિક્ષમાંથી તારા જ્ઞાનનું એક નાનું સરખું ટીપુંજ મારા ઉપર પડયું; પણ એટલા નાના ટીપામાં પણ એટલો બધો રસ ભર્યો હતો કે તારા એટલાજ શક્તિકણદ્વારા મારામાં ઇંદ્રિયની (ઇન્દ્રવીર્ય=આત્મશક્તિ) જાગૃતિ થઇ ગઇ, મને સ્થિર અને પોષક રસ મળી ગયો, મારામાં છન્દોબદ્ધ દિવ્ય જ્ઞાન પ્રકટ થવા લાગ્યું, મને યજ્ઞોનું દર્શન થવા માંડયું–અર્થાત્ મારે કયે વખતે કયા પ્રકારનું આત્મત્યાગમય શુભ કર્મ કરવું જોઇએ તેની મને મનમાં પ્રેરણા થવા લાગી અને પુણ્ય કર્મ દ્વારા જે જે સુખની પ્રાપ્તિ કરવાની સંસારના લોકો ઇચ્છા રાખે છે તે બધાં સુખ મને આવી મળ્યાં. આટલી બધી વસ્તુઓ મને એકે વખતે એકસામટી મળી ગઇ. લોકોને આ વાત સાંભળીને આશ્ચર્ય થશે, તેમને આ વાત સાચી પણ નહિ લાગે તોપણ તદ્દન સાચીજ છે. એ તદ્દન નિઃસંદેહ વાત છે કે, તારા જ્ઞાનભંડારનો એક કણ, તારા બળરાશિનું એક અણુ, અમ ક્ષુદ્ર માનવીઓને સર્વથા પરિપૂર્ણ કરી શકે છે. મનુષ્યોની જન્મજન્માંતરની ભારેમાં ભારે કામનાઓ એકજ ક્ષણમાં તારા એકજ દાનબિન્દુ વડે પરિપૂર્ણ થઈ જાય છે. માત્ર અમારૂંજ દુર્ભાગ્ય છે કે અમે તારા મહિમાને નથી ઓળખતા.

શબ્દાર્થ

(**दिवः**) તારા જ્ઞાનપ્રકાશમય દ્યુલોકરૂપી (**बृहतः अन्तरिक्षात् नु**) મહાન્ અન્તરિક્ષમાંથીજ (**अपां स्तोकः**) તારા જ્ઞાનકર્મ–શકિતરૂપ જળનો એક સ્વલ્પ કણ (**रसेन**) પોતાના તૃપ્તિદાયક રસથી યુકત (**मां अभि**) મારા ઉપર (**अपप्तत्**) પડયો; અને (**अहं**) હું (**अग्ने**) હે પરમેશ્વર ! તારા આ સ્વલ્પ જળકણ દ્વારા (**इन्द्रियेण**) ઇન્દ્રવીર્ય=આત્મબળ વડે (**पयसा**) પોષક જ્ઞાન વડે, (**छन्दोभिः**) વેદમંત્રો વડે (**यज्ञैः**) યજ્ઞો વડે, શુભ કર્મો વડે અને (**सुकृतां कृतेन**) પુણ્ય કર્મોનાં ફળ વડે–અર્થાત્ સુખ વડે (**सं**) સંયુક્ત બની ગયો છું.

७ आषाढ

सहस्राह्ण्यं वियतौ अस्य पक्षौ, हरेर्हंसस्य पततः स्वर्गम् ।
स देवान्त्सर्वानुरस्युपदद्य, संपश्यन् याति भुवनानि विश्वा ॥
(अथर्व० १०-८-१८)

વિનય

મનુષ્ય પ્રતિક્ષણ કાંઈ ને કાંઇ ચેષ્ટા તો કરતોજ રહે છે. જીવમાત્રને કોઇ ને કોઇ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરવાની તલબ લાગુ પડેલીજ હોય છે અથવા કોઈ ને કોઇ દુઃખને દૂર કરવાની ઇચ્છા તેના મનમાં સદા થયાજ કરે છે. સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ એ બે વૃત્તિઓથી પ્રેરાઇને મનુષ્ય હમેશાં કાંઇ ને કાંઇ ક્રિયા કરતોજ રહે છે. જીવ જ્યાંસુધી એવી વિશેષ અવસ્થા પ્રાપ્ત ન કરે કે જ્યાં તેને કોઈ વાતની ત્રુટિ અથવા અભાવજ ન રહે, જ્યાં તેના મનની તમામ કામનાઓની પૂર્તિ થઇ જાય અને તેનાં તમામ દુઃખોની નિવૃત્તિ થઇ જાય ત્યાં સુધી તેને ચેનજ પડતું નથી. આવી અવસ્થા જ્યાં જઇ પહોંચવાથી પ્રાપ્ત થાય એવા સ્વર્ગલોકની પ્રાપ્તિ કરવાને આ 'હરિ' (અહીં તહીં ગમન કરનાર) હંસ કોણ જાણે કેટલાય યુગ થયાં ઉડાઉડ કરીજ રહ્યો છે! જે લોકમાં જઈ પહોંચવાની તેને ઈચ્છા છે ત્યાં તે કયારે જઇ પહોંચશે? એ બિચારો જ્ઞાન અને કર્મની મદદ લઇને સ્વર્ગલોકની કોણ જાણે કેટલાય વખતથી લાગલાગટ ખોળ કરતોજ ફરે છે! સુખની પ્રાપ્તિ કરવાની બાબતમાં તેને જે જ્ઞાન મળે છે, તેને અનુસરીને તે કર્મ કરતો રહે છે; કર્મ કર્યા પછી તેને કાંઈ જરા જુદી જાતનો નવો અનુભવ (જ્ઞાન) મળે છે એટલે વળી પાછો તે નવા અનુભવને અનુસરીને કર્મ કરવા માંડે છે. એ પ્રમાણે આ હંસ પોતાનાં જ્ઞાન અને કર્મ (અંદરથી બહારની બાજુ તરફની ચેષ્ટા અને બહારથી અંદર તરફની ચેષ્ટા; પ્રાણ અને અપાન)ની પાંખો વીંઝતો વીંઝતો આગળ ને આગળ ઉડતો ચાલ્યો જાય છે. હજારો દિવસ વીતી ગયા પણ તેની પાંખો તો હજી પહોળી ને પહોળીજ છે. નથી હજી તેને

તેનું ઇચ્છેલું સ્વર્ગ મળ્યું તેમ નથી તેણે હજી પોતાનું ઉડવાનું થાકી જઇને છોડી દીધું. પણ ખરેખરી ખુબીની વાત તો એ છે કે, એ હંસ સ્વર્ગના તમામ દેવોને, તમામ દૈવી ગુણોને–અજરત્વ, અમરત્વ, નિષ્કામત્વ, પૂર્ણત્વ ઈત્યાદિ તમામ દેવતત્ત્વોને–પોતાનાજ હૃદયમાં ધારણ કરતો છતાં તેમની શોધમાં વિચરણ કરતો ફરે છે, તે લાખો યોનિઓમાં થઇને, લાખો લોકોમાં લાખો પ્રકારના દેશદેશાન્તરોમાં થઇને ઉડતો ફરે છે. આ જગતની તમામ વસ્તુઓને તથા તમામ ભુવનોને જોતો જોતો ચાલ્યો જાય છે. પણ એ તમામ દેશો, એ તમામ વસ્તુઓ તેના પોતાના હૃદયની અંદરજ છે. એટલા માટે એને જ્યારે પણ કોઇ દહાડો સ્વર્ગની પ્રાપ્તિ થઈ જશે ત્યારે તે તેને તેના પોતાના હૃદયમાંથીજ થશે. પણ તેવું થાય ત્યાં સુધી તો તે હંસ અસંખ્ય સ્થાનોમાં, નાના પ્રકારના દેશદેશાન્તરોમાં, પ્રભુની રચેલી આ અગમ્ય સૃષ્ટિમાંનાં કરોડો ભુવનોને વારાફરતી જોતોજોતો ચાલ્યો જાય છે, ચોવીસે કલાક જ્ઞાન અને કર્મ દ્વારા કાંઇ ને કાંઈ ચેષ્ટા કરતો કરતો સ્વર્ગને ખોળતો ફરે છે, પોતાની ઉપરોક્ત બે પાંખોને વીંઝતો વીંઝતો નિરંતર ગતિ કર્યાજ કરે છે. પણ અરેરે ! એ બિચારો હંસ કોણ જાણે ક્યારે પોતાના લક્ષ્ય આગળ જઇ પહોંચશે ! ક્યારે તે પોતાની પાંખોને સંકેલી લઇને એક જગ્યાએ નિશ્ચિન્ત બનીને બેસી જશે ! આ પાંખો તો આજે હજારો દિવસ થયા પહોળી ને પહોળીજ છે.

શબ્દાર્થ

(स्वर्गं पततः) સ્વર્ગ તરફ જનારા **(अस्य)** આ **(हरेः हंसस्य)** હ્રિયમાણ અથવા *હરણશીલ જીવાત્મારૂપી હંસની **(पक्षौ)** પાંખો **(सहस्राह्ण्यं)** હજારો દિવસ થયાં **(वियतौ)** પહોળી ને પહોળીજ છે. **(सः)** તે હંસ **(सर्वान् देवान्)** તમામ દેવોને **(उरसि)** પોતાના હૃદયમાં **(उपदद्य)** ધારણ કરીને **(विश्वा भुवनानि)** તમામ ભુવનોને **(सं पश्यन्)** જોતો જોતો **(याति)** ચાલ્યો જાય છે.

*** हरय इति मनुष्य नामसु पठितम् ।**

हरिः=ભોગોને હરણ કરનારો અથવા અહીં તહીં ગમે ત્યાં હ્રિયમાણ અર્થાત્ ઘસડાઇ જનારો. **—મૂળલેખક**

९ आषाढ

या मा लक्ष्मीः पतयालूरजुष्टा, अभिचस्कन्द वन्दनेव वृक्षम् ।
अन्यत्रास्मत् सवितस्तामितो धाः, हिरण्यहस्तो वसु नो रराणः
(अथर्व. ७-११५-२)

વિનય

હે જગદીશ્વર ! મારી પાસે એવી લક્ષ્મી પડી રહી છે કે જે '**अजुष्टा**' છે–અર્થાત્ જે કોઇના ઉપયોગમાં આવી નથી, જેના વડે કોઇની પણ પ્રીતિયુક્ત સેવા થઈ શકી નથી. તો પછી એવી લક્ષ્મીનું કામ પણ શું ? એ લક્ષ્મીને 'લક્ષ્મી' કહેવાયજ નહિ. એ તો માત્ર દુરાચારની વૃદ્ધિ કરવાનું કારણ થાય છે. '**अजुष्टा**' લક્ષ્મી તેના માલિકને અવનતિ તરફ ઘસડી જનાર ભારે પ્રલોભનરૂપ બને છે. એવું ધન હમેશાં ખરાબ કામોમાં વપરાઇને બરબાદ થઇ જાય છે અને તેના માલિકને પણ ઘણો નીચે ઉતારી પાડે છે. મોહને વશ થઇને મારાથી એવી લક્ષ્મીનો ત્યાગ પણ થતો નથી (પરહિતનાં કાર્યોમાં વપરાતી નથી) અને એટલા બધા ધનને હું મારી પોતાની જાતના સુખને માટે વાપરૂં પણ કેવી રીતે ? એનું પરિણામ એવું થાય છે કે, કાં તો એ લક્ષ્મી મારા ઘરમાં પડી પડી સડી જાય છે અથવા નઠારા કામમાં વપરાઇને વ્યર્થજ નષ્ટ થઈ જાય છે. પણ સૌથી ખરાબમાં ખરાબ બાબત તો એ છે કે, મારી એવી '**अजुष्टा**' લક્ષ્મી મને વળગી પડીને મને હરેક રીતે પાયમાલ કરે છે. મારા જીવનરસનેજ ચૂસી ખાય છે. એટલા માટે હે મારા પ્રેરક પ્રભો ! મને એવી હિંમત આપો કે હું એ લક્ષ્મીને–તે પોતે સડવા માંડે અથવા મને પતિત કરવા માંડે તે પહેલાંજ—કોઈ બીજે ઠેકાણે વળગાડી દઉં, કોઇ સારા કાર્યમાં ખરચી નાખું અને તેનો બોજો મારા માથા ઉપર લઇને ન ફર્યા કરૂં. હે સવિતઃ ! તમેજ એ દુર્લક્ષ્મીને મારા આગળથી વેગળી કરી દો. એ 'લક્ષ્મી'જ નથી, પણ એ તો મારો વિનાશ કરનાર શાપ છે. મારા

એના ઉપરના મોહને લીધે એ મને ચોંટી રહે છે અને મારા જીવનરસને ચૂસી ખાય છે. જેવી રીતે આંબાની ડાળના સાંધામાં ઉગેલો વાંધો આંબાનો રસકસ ચૂસી જાય છે અને આખરે આંબાને ખાલી ખોખા જેવો કરીને સૂકવી દે છે, તેવી રીતે આ અજુષ્ટા લક્ષ્મી મને ચારે તરફથી વળગીને મારો વિનાશ કરી રહી છે. હે પ્રભો ! તમે મને એના પંજામાંથી છૂટો કરો. મારા મોહનો ભંગ કરીને મને એને આઘી ફેંકી દેવાનું બળ આપો; નહિ તો એ અજુષ્ટા લક્ષ્મી મને ચૂસી ચૂસીને ખોખા જેવો બનાવી દેશે. મારી ઉન્નતિને અટકાવી દેશે અને મારા આત્મતેજને હરી લેશે.

હે પ્રેરક દેવ ! મારી પ્રાર્થના તો એ છે કે, એવું ધન મારી પાસે પહેલેથી આવેજ નહિ એવું કરો. મને થોડું ખપ પૂરતું ધન આપતા રહેજો, પણ તે ખાસ્સું ચકચકતું ડાઘ વિનાનું, તેજસ્વી, નિષ્કલંક હિરણ્યજ હોય અને મારૂં હિત કરે એવુંજ હોય. એ ધન પાછું આખું ને આખું કોઈ સારા ઉપયોગમાં આવી જાય, તેના એકેએક અંશ દ્વારા મારા તેજસ્વી, મારા આત્મવીર્યની વૃદ્ધિ થાઓ. હું તો તમારા પોતાના 'હિરણ્યહસ્ત'થી મળેલું ધનજ ઇચ્છું છું. તારા ચળકતા 'હિરણ્ય હસ્ત' દ્વારા મને આજ પછી સદા એવું તેજસ્વી ધન મળતું રહે કે જેનો એક એક કણ મારા આત્મતેજની વૃદ્ધિ કરવામાંજ વપરાય; અને વળી તે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પણ બીજાં માણસોના આત્મતેજની વૃદ્ધિને અર્થેજ વપરાતું રહે.

શબ્દાર્થ

(अजुष्टा) અસેવિતા–કામમાં ન આવે એવી **(पतयालूः)** દુરાચાર તરફ ઘસડાઈ જનારી, મને નીચે ઘસડી જનારી **(या)** જે **(लक्ष्मीः)** લક્ષ્મી **(मा)** મને **(अभिचस्कन्द)** ચોંટી રહી છે. **(वृक्षं वन्दना इव)** ઝાડને સૂકાવી નાખનાર વંદના નામની વેલ (વાંધો) જેમ ઝાડને વળગે છે તેમ **(तां)** એવી તે લક્ષ્મીને **(सवितः)** હે પ્રેરક પરમેશ્વર ! **(अस्मत् इतः अन्यत्र)** તું અમારાથી જુદી **(धाः)** કરી દે. **(हिरण्यहस्तः)** હિરણ્ય હાથ દ્વારા–તેજસ્વી ચળકતા હાથ વડે તું **(नः)** અમને **(वसु)** ઐશ્વર્ય **(रराणः)** આપતો રહે.

१ आषाढ

अकामो धीरो अमृतः स्वयंभूः, रसेन तृप्तो न कुतश्चनोनः।
तमेव विद्वान् न बिभाय मृत्योः, आत्मानं धीरमजरं युवानम्॥
(अथर्व. १०-८-४४)

વિનય

મૃત્યુના ભયને તરી જવાની ઈચ્છા રાખનારા હે મુમુક્ષુ ! તું તે સર્વવ્યાપક તત્ત્વના ઉપર તારી દૃષ્ટિ રાખ કે જે તત્ત્વ સર્વથા ' अकाम ' છે, જેનામાં કોઈ પણ જાતની કામનાની ગંધ પણ નથી અને તેથી કરીને જે કદી પણ ચલાયમાન થતું નથી, જે સદા સર્વથા ધીર છે; જે કદી ઉત્પન્ન થયું નથી અને જે કદી મરનાર પણ નથી; જે પોતે પોતાના આધારેજ સદા વિદ્યમાન રહે છે; જેને બીજા કોઇએ કદી જન્મ આપ્યો નથી; જે સદાતનની સત્તા બીજા કોઇની આશ્રિત નથી અને જેથી કરીને તેની અમૃત સત્તા કદાપિ ખંડિત થઈ શકતી નથી, જેનો કદી વિનાશ થઈ શકતો નથી; જે આનન્દરસ વડે સર્વથા પરિપૂર્ણ છે, જેવી રીતે આપણે કોઇ આનંદદાયક ભોજ્ય પદાર્થ તૃપ્તિપર્યંત આરોગ્યા પછી થોડા વખત સુધી આપણે જેવી તૃપ્તિનો અનુભવ કરીએ છીએ, એવી પરિતૃપ્ત અવસ્થામાં જે સર્વદા ત્રણે કાળમાં રહે છે, જે સંપૂર્ણ રીતે આપ્તકામ છે, જેનામાં કદી પણ કોઇ પ્રકારની ન્યૂનતા, અપેક્ષા અથવા આવશ્યકતા હોતી નથી, જે સર્વથા પરિપૂર્ણ છે, અખંડ છે અને તેથી કરીને જે અકામ છે તેને તું જો, તે એક અખંડ તત્ત્વને તું જો, તેને ઓળખ. તે તત્ત્વ તારી પોતાની અંદર છે તેની તું અન્તર્દૃષ્ટિ કરીને શોધ કર અને તેને ઓળખતો થઇ જા. કેમ ? તને તે દેખાય છે કે નહિ ? તું તારી પોતાની જાતને અજર અમર તત્ત્વરૂપ નથી જોઇ શકતો ? જ્યારે તું તારી પોતાની જાતનેજ અચલાયમાન, કદી પણ વૃદ્ધ થાય નહિ એવી, એકરસ, નિત્ય, હમેશાં એકસમાન યુવાન જોઇ શકીશ ત્યારે–માત્ર ત્યારેજ–તું મૃત્યુના ભયને તરી જઇશ. તારા એવા સાચા આત્મસ્વરૂપનું દર્શન કર્યા પછી તું શરીરજ નહિ રહે. ત્યારે તો તું પેલા તત્ત્વના જેવોજ ધીર, અજર, અમર, સનાતન બની ગયો હોઇશ. એટલે

પછી તારે માટે મૃત્યુ જેવું કાંઈ હોઇ શકેજ કેવી રીતે? પછી તો તારે માટે જીવન અને મૃત્યુ એ બેની વચ્ચે કશો ભેદજ નહિ રહ્યો હોય, જીવન અને મરણ બેઉજ તારે માટે જીવન બની ગયાં હશે. અથવા કોઇ નવીન ત્રિકાલાબાધિત નિત્ય જીવન તને પ્રાપ્ત થઇ ગયું હશે. હજારો મૃત્યુઓની વચમાં પણ આત્મા તો પોતાની અમરતાની ઘોષણા કરતોજ રહે છે. પણ જ્યાં સુધી એવા આત્મસ્વરૂપનો અપરોક્ષ અનુભવ થયો ન હોય, પોતે અજર અમર આત્મા છે એવો પાકો સાક્ષાત્કાર થયો ન હોય, જ્યાં સુધી પોતે પોતાના સ્વરૂપને દેહથી તદ્દન જુદું ન જોઇ શકાય ત્યાંસુધી મૃત્યુનો ભય મનમાંથી ખસતો નથી. મૃત્યુનાથી નિર્ભય થવું હોય તો આ એકજ ઉપાય છે, એ સિવાવ બીજો કોઇ ઉપાય આખા સંસારમાં છેજ નહિ. જ્યાં સુધી મનુષ્યને આવા આત્મસ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી ભલેને તે મોટો વિદ્વાન, શાસ્ત્રજ્ઞ પંડિત થયો હોય, હજારો અઘરા અઘરા ગ્રંથો ભણવા ભણાવવામાં અથવા રચવામાં કુશળ બન્યો હોય, ભલેને મોટો વ્યાખ્યાનવાચસ્પતિ બનીને બીજાઓને ઉપદેશ આપ્યા કરતો હોય પણ જેમ એક કીડી અથવા માંકણ મૃત્યુના ભયથી નાસભાગ કરે છે તેમ તે પણ મૃત્યુના ભયથી પામર જીવની માફક નાસભાગ કરતો ફરે છે. માટે તે અખંડ, એકરસ, સર્વથા અકામ, અચળ, અમર, અભય અને નિત્ય તત્ત્વને જોતા રહો. જો તમારે મૃત્યુના ઉપર વિજય મેળવવો હોય તો એ તત્ત્વને ઓળખો અને તેનું ધ્યાન કરો–તે તમારો પોતાનોજ ધીર, અજર, અમૃત આત્મા છે. તમે પોતેજ તે તત્ત્વરૂપ છો. ત્યારે હવે કહો, મૃત્યુ છેજ ક્યાં ? તમારે માટે મરણ કેવું અને વાત કેવી? અરે ! મારા ભાઇ ! તમારે તે મરવાનું હોય ? નહિ, નહિ, હોયજ નહિ, હોયજ નહિ ! !

શબ્દાર્થ

જે **(अकामः)** સર્વથા કામનારહિત **(धीरः)** ધીર **(अमृत)** કદી નહિ મરનાર (**स्वयंभूः**) પોતે પોતાના આધારેજ સદા વિદ્યમાન **(रसेन तृप्तः)** આનંદરસથી પરિતૃપ્ત **(कुतश्चन न ऊनः)** તથા કોઇ પણ જાતની ન્યૂનતા ન રાખે એવો છે, (**तं**) તે (**धीरं, अजरं, युवानं, आत्मानं एव विद्वान्**) ધીર, અજર, નિત્યયુવાન એવા આત્મસ્વરૂપને ઓળખીને મનુષ્ય **(मृत्योः न बिभाय)** મૃત્યુથી ડરતો નથી–તે મૃત્યુનાથી તદ્દન નિર્ભય બની જાય છે.

१० आषाढ

या स्ते शिवास्तन्वः काम भद्राः, याभिः सत्यं भवति यद् वृणीषे ।
ताभिष्ट्वमस्माँ अभिसंविशस्व, अन्यत्र पापीरपवेशया धियः ॥
(अथर्व० -९२-२५)

વિનય

હે કામ ! હે સંકલ્પમય દેવ ! ભગવાન તમારી મારફતેજ પોતાની કામનાની ક્રિયા કરતા રહીને અખિલ સંસારને ઉત્પન્ન કરે છે અને ચલાવે છે. હે જગદ્‌વ્યાપક સંકલ્પ ! અમ મનુષ્યોના મનમાં જે અસંખ્ય ઇચ્છાઓ, કામનાઓ, સંકલ્પો ઉઠયા કરે છે તે પણ વાસ્તવિક રીતે તમારાજ તરંગ છે, તમારાંજ અસંખ્ય સ્વરૂપો છે. પણ જે અગણિત રૂપ ધારણ કરીને તમે અમારામાં પ્રકટ થાઓ છો; અમારામાં જે અગણિત ઇચ્છાઓ પ્રકટ થાય છે, તે પૈકી કેટલીક પૂર્ણ થાય છે, કેટલીક સત્ય નીવડે છે; બાકીની ઘણી ખરી એમ ને એમ અપૂર્ણજ રહી જાય છે અને માત્ર અમને દુઃખી કરવા સિવાય બીજું કશુંજ કામ તેમનાથી સિદ્ધ થતું નથી; ફક્ત અમારા મનને કલેશ આપવાના કારણરૂપજ નીવડે છે, એટલા માટે હવે હું એવું ઇચ્છું છું કે, મારામાં માત્ર તેજ ઇચ્છા (સંકલ્પ) ઉત્પન્ન થાઓ કે જે નિશ્ચયપૂર્વક સાચી અને સફળજ નીવડવાની હોય. જે કદી પણ પૂર્ણ થવાનીજ ન હોય, વ્યર્થજ જવાની હોય તે ઇચ્છા મારા મનમાં પ્રકટજ ન થાઓ, ઉત્પન્નજ ન થાઓ. મારી તો એવી ઇચ્છા છે કે, હું **'सत्यसंकल्प'** બની જાઉં—એવો બની જાઉં કે મારા મનમાં જે જે સંકલ્પો ઉત્પન્ન થાય તે બધાય સત્યજ નીવડે; પણ તેની સાથે હું એ વાત પણ જાણું છું કે, હું સત્યસંકલ્પ ત્યારેજ થઇ શકીશ કે જ્યારે મારા મનમાં તમારૂં મંગલ રૂપજ (માત્ર મંગલ સંકલ્પોજ) ઉત્પન્ન થશે. તમામ ઋષિઓનો એવો અનુભવ છે કે, જ્યારે માણસનું હૃદય સર્વથા સત્યમય, સંપૂર્ણ રીતે સત્યનિષ્ઠ થઇ જાય છે, ટુંકામાં, જ્યારે તે પૂરેપુરૂં પવિત્ર બની જાય છે ત્યારે તેનામાં જે જે સંકલ્પો ઉત્પન્ન થાય છે, તે પોતાના સંકલ્પ વડે જેની જેની ઇચ્છા રાખે છે, તે બધુંજ તેને પ્રાપ્ત થાય છે, તેના બધા સંકલ્પો, તેની બધીજ ઇચ્છાઓ સિદ્ધ થઇ જાય છે. એનું કારણ એ છે

કે, સત્યનિષ્ઠ હૃદય સત્યસ્વરૂપ ભગવાનની સાથે સમરેખામાં આવી જાય છે. ભગવાનની ઇચ્છાશક્તિની સાથે તેની ઇચ્છાશક્તિ બરાબર મળી જાય છે. તેથી કરીને એવા માણસના હૃદયમાં જે જે સંકલ્પો ઉત્પન્ન થાય છે, તે બધાજ સર્વથા મંગલ હોય છે, જેનાથી જગતનું કલ્યાણ થાય એવાજ હોય છે. એવા મહાત્માઓનાં હૃદય ઈશ્વરના સંકલ્પનોજ પડઘો પાડે છે એમ કહેવું વધારે યોગ્ય છે. આ સંસારમાં જે કાંઇ થઇ રહ્યું છે, જે જે બાબતોમાં લોકોને સફળતા મળે છે તે બધું ઈશ્વરના સંકલ્પનુંજ પરિણામ છે અને મંગલમય કલ્યાણકારી ઈશ્વરના તમામ સંકલ્પો (આપણને તેમનું રહસ્ય સમજાતું હોય કે ન સમજાતું હોય તોપણ) સૌના—પ્રાણીમાત્રના પરમકલ્યાણ અર્થેજ હોય છે. એટલા માટે હું ઇચ્છું છું કે, મારા મનમાં પણ એવાજ ઈશ્વરીય, હમેશાં સાચાજ પડે એવા અને જે ભદ્ર હોય, કલ્યાણકારી હોય એવા સંકલ્પોજ ઉત્પન્ન થાઓ. અત્યારસુધીમાં તો મારા હૃદયમાં સારી અને માઠી, બેઉ પ્રકારની કામનાઓ ઉત્પન્ન થયા કરે છે, પરંતુ હે સંકલ્પદેવ! જેટલી પાપી બુદ્ધિઓ મારામાં હોય તે બધીને તમે બહાર ધકેલી મૂકો. જે જે સંકલ્પમાં જરા જેટલી પણ અહિતની કાળાશ હોય, મેલ હોય, તે મારા હૃદયમાં વાસો કરવા પામેજ નહિ એવું કરી દો. હું સત્યની સાધના કરીને મારા હૃદયને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરતો રહું છું, કે જેથી કરીને મારા સત્યાસત્યના જ્ઞાનની કસોટીએ કસી જોતાં જે સંકલ્પો અશિવ અને અભદ્ર પૂરવાર થાય તે મારામાં ઉદય થવાજ પામે નહિ. એટલા માટે હે દેવ! મારી એટલી પ્રાર્થના છે કે સદા સત્ય નીવડનારા તમારાં શિવ રૂપો દ્વારા—માત્ર શિવ રૂપો દ્વારાજ—તમે મારામાં પ્રવેશ કરો. મારા હૃદયમાં બધી બાજુએથી પવિત્ર અને કલ્યાણમયી આકાંક્ષાઓજ, મંગલમય કામનાઓજ પ્રવેશ કરવા પામો.

શબ્દાર્થ

(काम) હે સંકલ્પદેવ! **(याः ते शिवाः)** તારાં જે જે મંગલમય અને **(भद्राः)** કલ્યાણકારી **(तन्वः)** રૂપ છે, **(याभिः)** જે સ્વરૂપો વડે તું **(यद् वृणीषे)** જે કાંઇ ઇચ્છે છે તે **(सत्यं भवति)** સત્ય નીવડે છે. **(ताभिः)** તે તારાં સ્વરૂપોની સાથે **(त्वं)** તું **(अस्मान्)** અમારામાં **(अभि संविशस्व)** બધી તરફથી પ્રવિષ્ટ થાઓ અને જે **(पापी धियः)** પાપી બુદ્ધિઓ અને સંકલ્પો હોય તેમને **(अन्यत्र अपवेशय)** અમારાથી અળગા કરીને દૂર કરી દે.

११ आषाढ

ईजानाश्चितमारुक्षदग्निं, नाकस्य पृष्ठाद् दिवमुत्पतिष्यन् ।
तस्मै प्रभाति नभसो ज्योतिषीमान्, स्वर्गः पन्थाः सुकृते देवयानः
(अथर्व. १८-४-१४)

વિનય

દેવત્વ પ્રાપ્ત કરવાની તમને અભિલાષા થાય છે ? તે પ્રસિદ્ધ અને અતિ મહિમાવાન 'દેવયાન' માર્ગના મુસાફર બનવાની ઈચ્છા છે ? પણ અત્યારે તો તમને એ દેવોના માર્ગની પૂરી સમજ પણ નહિ પડે. એ માર્ગની તમને અત્યારે કલ્પના પણ આવવી મુશ્કેલ છે. જુઓ, ખરી વાત એ છે કે આ સંસારમાં થઈને બે માર્ગ જાય છેઃ એક માર્ગ ઉપર થઈને ચાલનારા લોકો ભોગ્ય પદાર્થોની પ્રાપ્તિ કરવામાં, પ્રકૃતિના ઉપર વિજય મેળવીને ઐહિક સુખસામગ્રીની વૃદ્ધિ કરવામાં મંડયા રહે છે—સંસારના એક એકથી ચઢીઆતા સુખ અને ભોગવિલાસનાં સાધનો પ્રાપ્ત કરવાને માટે દૃઢતાપૂર્વક આગળ ને આગળ ધપતાજ જાય છે. બીજો માર્ગ એવો છે કે, તેના ઉપર થઇને જનારા લોકો ભોગોથી નિવૃત્ત થઇને અપવર્ગની તરફ, આત્માની તરફ કૂચ કરતા હોય છે. પહેલો માર્ગ પિતૃયાણ અને બીજો દેવયાન માર્ગ કહેવાય છે. આ બેઉ માર્ગ દ્વારા પુરુષના ભોગ અને અપવર્ગ નામના બેઉ અર્થોને પ્રકૃતિ પૂરા પાડી રહી છે. પણ પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બેઉ એકસાથે તો રહી શકેજ શી રીતે ? એટલા માટે જે લોકોને હજી ભોગ ભોગવવાની ઈચ્છા છે, જેમને હજી ભોગ્ય પદાર્થો ઉપર શ્રદ્ધા છે અને તેથી કરીને જેઓ પોતાની મનઃકામના તૃપ્ત કરવાને માટે ભોગ તરફ દોડયા જાય છે તેમને લાખ વાર સમજાવીશું

તો પણ તેઓ આત્માની વાત નહિ સાંભળે તે નહિજ સાંભળે. દેવયાન માર્ગ તો ફક્ત તેમનીજ આંખે દેખાય કે જેમને ભોગવિલાસોની નિઃસારતા પૂરેપુરી સમજાઈ ગઈ હોય. ભલભલાના ચિત્તને ચકાવી નાખે એવા ઉંચામાં ઉંચા દિવ્ય ભોગોને (જે ભોગોનાં આપણે તો હજી દર્શન પણ નથી કર્યાં ને નામ પણ નથી સાંભળ્યાં) જોઇને તેમનાથી પણ જેઓ એટલા બધા વિરક્ત થઇ ગયા હોય કે સંસારના ઉંચામાં ઉંચા સુખોપભોગ તો શું પણ ઈન્દ્રાસનની અને સ્વર્ગના દિવ્ય ભોગોની પણ જેમના મનમાં જરા પણ કામના રહી ન હોય એવા વિરલા મહાત્માઓજ દેવયાનનો માર્ગ જોઇ શકે છે. જેઓ ભોગોમાં કેવળ અંધકાર ને અંધકારનોજ એવો અનુભવ કરીને જ્ઞાનમય લોકમાં પ્રવેશ કરવા ઇચ્છે છે એટલુંજ નહિ પણ જ્ઞાનસ્વરૂપ તત્ત્વનું શરણ લેવાને માટે જેમને તાલાવેલી લાગી હોય છે, એવા લોકોની આંખોજ દેવયાન માર્ગની પગદંડી જોઈ શકે છે. એથી કરીને ઉપર કહ્યા તેવા મહાત્માઓ પોતાનાં પુણ્યકર્મો દ્વારા ચેતાવેલી, પ્રદીપ્ત અને સુરક્ષિત કરેલી અંદરની ચિતાગ્નિની જ્વાલાનો આશ્રય લઇને તેની અંદરજ વાસ્તવિક યજ્ઞની આહુતિઓ આપવા માંડે છે. અંદરની અગ્નિજ્વાલાની ઉપેક્ષા કરીને બહારના અગ્નિમાં તો પિતૃયાણવાળાઓ પણ આહૂતિઓ આપે છે અને મોટા મોટા યજ્ઞો કરે છે. પણ જેઓ હમણાં કહ્યા તેવા વાસ્તવિક અને સાચા યજ્ઞરૂપી શોભન કર્મ કરનારા છે તે **'सुकृत'** લોકોનેજ દેવયાન નામનો માર્ગ ભોગથી ભરેલા સંસારના અંધકારમય આકાશમાં ચળકતી રૂપેરી રેખાની જેમ ચોખ્ખેચોખ્ખો નજરે પડે છે. એજ માર્ગ **'स्वः'** ની, આત્મસુખની, આત્મજ્યોતિની પ્રાપ્તિ કરાવે છે. જો તમારા મનમાં જરા પણ ભોગેચ્છા રહી ગઇ હશે તો તમારી નજરે તે ઝગમગતો અને જ્યોતિષમાન્ માર્ગ દેખાશે પણ નહિ, તો પછી તેના ઉપર પગ મૂકવાની તો વાતજ શી ? આખો સંસાર જેના પર મોહિત થાય છે એવા ચિત્તાકર્ષક અને પ્રાર્થનીય ઉંચા પ્રકારના સ્વર્ગીય ભોગો

અને દિવ્ય વિભૂતિઓ વડે પ્રાપ્ત થતા ભોગો પણ આત્મહીનતાને લીધે તમને ધૂળ જેવા શુષ્ક અને નિઃસત્વ દેખાય અને એવા દિવ્ય ભોગોથી ભરેલો પણ આત્મપ્રકાશવિહોણો આખો સંસાર તમને ઘોર અંધકારવત્ લાગવા માંડે ત્યારે તે અંધકારની વચમાં તમને દેવયાન માર્ગની સુવર્ણરેખા દેખાવા માંડશે. પછી તમે તે માર્ગે જરાક આગળ વધશો એટલે તે માર્ગ વીજળીની માફ આંખોને અંજાવી નાખે એવો જાજ્વલ્યમાન દેખાવા માંડશે અને ત્યાર પછી તો અનંત સૂર્યોના પ્રકાશને પણ ઝાંખો પાડી દે એવો તેજસ્વી દેવયાન માર્ગનો દિવ્ય પ્રકાશ તમારે સારૂ ઉત્તરોત્તર વધારે વધારે તેજોમય બનતો જશે. એટલું થયા પછી ભોગવાદીઓ તમારી આગળ ભોગવિલાસનાં ભલેને થાય તેટલાં વખાણ કરે, ગમે તેટલાં પ્રલોભનો તમારી આગળ ધરે પણ તમારૂં ચિત્ત તેથી ચલાયમાન નહિ થાય, તમને ભોગ ઉપર રાગ પેદા નહિ થાય. માટે જરા વાર થોભી જાઓ, ઉતાવળા ન થાઓ. અત્યારે તો ફક્ત એટલુંજ ગોખી રાખો કે, જ્ઞાન અને વિષયભોગ, એ બે વસ્તુઓ એક બીજાથી તદ્દન વિપરીત છે. જ્યાં એક હોય ત્યાં બીજી વસ્તુ રહી શકતીજ નથી. ભોગેચ્છાની કાળરાત્રિ ઓસરે નહિ ત્યાં લગી જ્ઞાનસૂર્યનો ઉદય થઇ શકતો નથી.

શબ્દાર્થ

જે માણસ (**नाकस्य पृष्ठात्**) સુખભોગના લોકથી (**दिवं**) પ્રકાશમય ‘**द्यौ**’ લોક તરફ (**उत्पतिष्यन्**) ઉંચે ચઢવા ઇચ્છે છે અને તેથી કરીને (**ईजानः**) વાસ્તવિક યજ્ઞ કરતો રહીને (**चितं अग्निं**) પુણ્યકર્મો દ્વારા ચેતાવેલા અગ્નિનો—અંતરાગ્નિનો (**आ अरूक्षत्**) આશ્રય લે છે (**तस्मै**) તેજ (**सुकृते**) શોભનકર્મ કરનારા મનુષ્યને માટે (**ज्योतिषीमान्**) જ્યોતિર્મય (**स्वर्गः**) આત્મસુખની પ્રાપ્તિ કરાવનારા (**देवयान पन्थाः**) ‘દેવયાન ’ માર્ગ (**नभसः**) આ પ્રકાશરહિત સંસારના આકાશની વચમાં (**प्रभाति**) પ્રકાશિત થઇ જાય છે.

१२ आषाढ

उतेयं भूमि र्वरुणस्य राज्ञः, उतासौ द्यौ र्बृहती दूरे अन्ता ।
उतौ समुद्रौ वरुणस्य कुक्षी, उतास्मिन्नल्प उदके निलीनः ॥
(અથર્વ. ૪-૧૬-૩)

વિનય

આ આખા સંસારનો જો કોઇ એક રાજા હોય તો તે વરુણ છે. પાપનિવારક પરમ શ્રેષ્ઠ પરમેશ્વર પણ તેજ છે. એના સિવાય આ વિશ્વનો પ્રભુ (સર્વશક્તિમાન શાસક) બીજો કોઇ છેજ નહિ. આ જગતના ઉપર બીજા કોઇનું આધિપત્ય–રાજ્ય કે સત્તા છેજ નહિ. એના સિવાય બીજો કોઈ આ જગતનો વાસ્તવિક રાજા હોઇ શકે પણ નહિ. કારણ કે તે એવા અદ્‌ભુત અને બધી વાતે પરિપૂર્ણ છે છે કે તે મહાનથી મહાન છે અને પાછા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. એવા અલખ સ્વરૂપની ભલે આપણી બુદ્ધિ ધારણા કરી ન શકે પણ વરુણદેવનું સ્વરૂપ છે તો એવુંજ. એમની મોટાઇ તો એટલી બધી છે કે આ વિશાળ અને વિસ્તૃત પૃથ્વી તો શું પણ એનાથી પણ લાખો કરોડોગણો મોટો દ્યુલોક પણ એ વરુણ રાજાના હાથ નીચે છે. આવડું મોટું સ્થૂળ જગતજ નહિ પણ એના કરતાંય અતિ ઘણો મોટો અને વિશાળ જે પ્રકાશમય (મનોમય, વિજ્ઞાનમય વગેરે સૂક્ષ્મ) સંસાર છે, તેના ઉપર પણ રાજ્ય તો વરુણ રાજાનુંજ ચાલે છે. આ ભૂલોકને વિષે તો આપણે કંઇક કંઇક જાણીએ છીએ પણ ખરા, પરંતુ વરુણ રાજાના અનંત સામ્રાજ્યના પેલા ઘણા મોટા અને પ્રકાશમય ભાગને વિષે તો આપણે હજી નામમાત્ર જેટલુંજ જ્ઞાન ધરાવીએ છીએ અને એ દ્યુલોક પણ એવો વિલક્ષણ છે કે તે ‘दूरे अन्ता’ છે એટલે તે આઘો પણ છે અને પાસેમાં પાસે પણ છે. આધિભૌતિકરૂપે તે ઘણો દૂર હોવા છતાં તેના આધ્યાત્મિક રૂપે તે આપણી પોતાની અંદરજ વિરાજમાન છે. એવીજ રીતે વરુણદેવ પણ આધિભૌતિકરૂપે આપણાથી આઘે રહેતા છતાં પોતાના આધ્યાત્મિક રૂપ વડે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ

બની જઇને આપણી અંદર પ્રવેશ કરીને બેઠેલા છે–અર્થાત્ વરુણ જેટલા ઉંડાણમાં અનંત છે તેટલા તે વિસ્તારમાં પણ અનંત છે. એટલે સુધી કે આ સંસારના બે મોટા વિશાળ મહાસાગર–એક તો પાર્થિવ સમુદ્ર, જે પૃથ્વીના ત્રણપંચમાંશ ભાગ જેટલો જળરાશિમય પારાવાર છે અને બીજો એના કરતાં પણ મોટો આકાશમાં વરાળથી ભરેલો પારાવાર છે–એ બેઉ મહાસાગર વરુણદેવની કૂખના એક ખૂણામાં સમાઇ જાય એવા છે. પણ વરુણદેવ એક બાજુએ કદમાં એવડા મોટા છે કે આવડા મોટા વિરાટ્શરીરવાળા બેઉ મહાસાગર એમની કૂખના એક ખૂણામાં સમાઇ જાય અથવા એક નાના સરખા પાણીના ટીપા જેવા દેખાય ત્યારે બીજી બાજુએ તે એવા સૂક્ષ્મ પણ છે કે આવડા મોટા વિરાટ્ શરીરને ધારણ કરનાર હોવા છતાં પાણીના એક કણમાં પણ સમાઇ જાય છે, સંતાઇ જાય છે અથવા તેમાં વ્યાપ્ત બની જાય છે. એવા અદ્ભુત વરુણ રાજા છે. અહો ! વરુણ પ્રભુના આવા મહાનથી પણ મહાન સ્વરૂપની સાથે સાથે તેમના સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપની પણ જો આપણે ઉપાસના કરતા થઇએ વિસ્તારની સાથે ઉંડાઇમાં પણ આગળ વધવાનો આપણે પ્રયત્ન કરીએ તો એ સાધના વડે પણ આપણે એટલા બધા શક્તિસંપન્ન બની જઇએ, એટલા બધા સમ બની જઇએ–અર્થાત્ ચિત્તની એવી સામ્યાવસ્થા પ્રાપ્ત કરી લઇએ કે આપણાં તમામ પાપનું આપોઆપ નિવારણ થઇ જાય, આપણે માટે પાપ કરવાનું જ અસ્વાભાવિક અને અસંભવિત બની જાય.

શબ્દાર્થ

(**इयं भूमिः**) આ ભૂમિ (**उत**) પણ (**वरुणस्य राज्ञः**) વરુણ રાજાની છે તથા (**असौ**) તે (**बृहती**) મોટો અને (**दूरे अन्ता**) દૂરતા તથા સમીપતાવાળો (**द्यौः**) દ્યૌલોક (**उत**) પણ વરુણરાજાનો છે, (**उत उ**) તેમજ (**समुद्रौ**) આ બેઉ સમુદ્રો (**वरुणस्य**) વરુણદેવની (**कुक्षी**) કૂખ સમાન છે (**उत**) અને વળી સાથે સાથેજ (**अस्मिन्**) આ (**अल्पे उदके**) પાણીના એક ક્ષુદ્ર ટીપામાં પણ (**निलीनः**) છુપાઈ જાય છે, વ્યાપ્ત છે.

१३ आषाढ

इदमुच्छ्रेयो अवसानमागां, शिवे मे द्यावापृथिवी अभूताम् ।
असपत्नाः प्रदिशो मे भवन्तु, न वै त्वा द्विष्मो अभयं नो अस्तु
(अथर्व० १९-१४-१)

વિનય

અરે મારા બંધુ ! મેં અત્યાર સુધી તો તારા ઉપર ઘણોય દ્વેષ કર્યો, તારી સાથે ખૂબ શત્રુતા બાંધી. તમે મને નુકસાન કર્યું તો મેં તેના બદલામાં તમને પણ તેટલું નુકસાન કર્યું. તમે વળી તેનું સાટું વાળ્યું તો મેં તેનું સાટું વાળીને તમારી શત્રુતાનો જવાબ આપ્યો. એમ કરતાં કરતાં આપણો દ્વેષાગ્નિ દહાડે દહાડે ખૂબ વધવા લાગ્યો અને ભયંકર રૂપ ધારણ કરતો ગયો. આ દ્વેષભાવને લીધે આપણને બેઉને પારવિનાનું નુકસાન થયું છે. આપણે બેઉ જણ ખૂબ લડી લડીને આખરે નરમ ઘેંસ જેવા બની ગયા છીએ. એક જણે કાંઇક કટુ વચન કહ્યું એટલે તેના જવાબમાં ક્રોધે ભરાઈને દાંત પીસીને તેને તેવુંજ કટુ વચન સંભળાવી દેવાનું, કોઈએ ઢેપું માર્યું તો તેના બદલામાં તેને પથ્થર મારવાનું પરિણામ ઘણું ખરાબ આવે છે અને આવી રીતે ઉત્પન્ન થએલા કલહનો કદી અંતજ નથી આવતો એ હું અત્યારે સાફ જોઇ શકું છું. એનો તો ત્યારેજ છેડો આવે, કે જ્યારે આપણે બેઉ જણ લડી લડીને એકદમ વિનષ્ટ થઈ જઇએ. એટલા માટે એની હમણાં ને હમણાંજ સમાપ્તિ કરી દેવામાંજ આપણું બેઉનું કલ્યાણ છે. આપણે એવું કરીએ કે બેમાંથી ગમે તે એક જણ ગાળના બદલામાં ગાળ દેવાનું, ઉત્તરના બદલામાં પ્રત્યુત્તર દેવાનું, ક્રોધને સાટે ક્રોધ કરવાનું છોડી દે અને

શાન્તિ ધારણ કરીને આ કજીઆ ઉપર પૂર્ણવિરામનું નિશાન લગાવી દે. એમાંજ આપણું કલ્યાણ છે—જરૂર, એમાંજ આપણું કલ્યાણ છે. બીજા કશામાં નથી. એમ કરવાથીજ આપણો ક્રોધાગ્નિ જે ઉત્તરોત્તર વધ્યા કરતો હતો તે વધવાને બદલે ઉલટો હોલવાઈ જઇને શાન્ત થઈ જશે. દ્વેષના બદલામાં દ્વેષ કર્યાથી વૈરભાવનો અંત આવતો નથી, કદી અંત આવતો નથી. માટે તમે ભલે મારા ઉપર અત્યારે પણ દ્વેષ રાખો, મને ગમે તેટલું નુકસાન કરો પણ હવેથી હું તેનું સાટું વાળીશ નહિ. આપણી દ્વેષ-પરંપરા ઉપર આજથી હું છેલ્લો પડદો પાડી દેનાર છું. આજથી તમે મારા શત્રુ નથી, પણ મારા ભાઈ છો. મારા હૃદયના કોઇ એકાદ ખુણામાં પણ હવે તમારે માટે દ્વેષ, વૈરભાવ, ક્રોધ, એમાંનું કાંઈ રહ્યું નથી. ત્યારે હવે બોલો, તમે પણ મારા ઉપર ક્યાં સુધી દ્વેષ કરી શકવાના? ક્યાં સુધી વૈરભાવ રાખ્યા કરવાના? નહિ, નહિ, તમારાથી પણ હવે દ્વેષ નહિ રાખી શકાય. કારણ કે હું તો હવે તમારા ક્રોધને અને ક્રોધે ભરાઇને તમે મને જે જે નુકસાન કરો તે બધાને પ્રેમપૂર્વક સહન કરતોજ જઇશ, અને તેના બદલામાં હું તમારા ઉપર પ્રેમજ વરસાવતો જઇશ. મેં તો આજથી મારા દ્વેષનાં તમામ શસ્ત્ર ફેંકી દીધાં છે અને એ દિશામાં મારો પૂરેપુરો પરાજય સ્વીકારીને હું તો નિશ્ચિન્ત બની બેઠો છું. મારા તરફથી દ્વેષની સમાપ્તિ કરતાની સાથેજ હું તો એવી વિશ્રાન્તિનો અનુભવ કરવા લાગ્યો છું કે, કાંઇ કહેવાની વાતજ નહિ. હવે જ્યારે હું કલ્યાણકારી માર્ગનું અવલંબન કરવા લાગ્યો છું, ત્યારે હે દ્યૌ અને હે પૃથિવિ! તમે પણ આજથી મારે માટે કલ્યાણકારી બની જાઓ. મારા અંતઃદ્વેષને લીધે આ આખો સંસાર પણ મને ધગધગતા અંગાર જેવો લાગતો હતો. પણ હવે તો મારે સારૂ આકાશ અને પૃથ્વી, આખી પ્રકૃતિ, આખુંય વિશ્વ મારે માટે કલ્યાણમય બની જાઓ. હે મારા ભાઇ! આજથી તમારા એકલા ઉપરજ નહિ પરંતુ કોઇ પણ

વ્યક્તિના ઉપર મારા મનમાં દ્વેષ રહેવાનો નથી. એટલા માટે આજથી મારે માટે સુવિશાળ ચારે દિશાઓ તદ્દન **'असपत्न'** (શત્રુવિનાની) બની ગઈ છે, શાન્ત થઇ ગઇ છે, સુખદાયિની બની ગઇ છે. અત્યાર સુધી તો હું મારા શત્રુઓના ભયથી, ત્રાસથી, કોઈ મને પીડા કરશે એવી આશંકાથી સંતપ્ત થયા કરતો હતો, પણ જ્યારથી મેં દ્વેષ કરવાનું છોડી દીધું અને સૌની ઉપર પ્રેમ પ્રેમ ને પ્રેમજ કરવા લાગ્યો ત્યારથી હું સર્વથા નિર્ભય બની ગયો છું. આજે તો હું ચારે દિશાએથી, આખા સંસારમાં સર્વત્ર પ્રેમ, અદ્વેષ, મીઠાશ, આનંદ, નિશ્ચિંતતા અને નિર્ભયતાનોજ અનુભવ કરી રહ્યો છું.

શબ્દાર્થ

(इदं उत् श्रेय:) હવે તો એજ કલ્યાણકારક છે કે **(अवसानं आ अगां)** હું હવે સમાપ્તિ કરી દઉં, દ્વેષ–પરંપરાનો પૂર્ણ વિરામ કરી દઉં. માટે હે શત્રુ! **(त्वां)** તારા ઉપર **(न वै द्विष्मः)** હું તો દ્વેષ રાખવાનું છોડી દઉં છું. **(द्यावा पृथिवी)** દ્યૌ અને પૃથ્વી પણ **(मे)** મારે માટે **(शिवे अभूताम्)** હવે કલ્યાણકારી બની જાઓ, **(प्रदिशः मे असपत्नाः भवतु)** તમામ દિશાઓ મારે માટે શત્રુરહિત થઇ જાઓ. **(नः अभयं अस्तु)** મારે માટે હવે બધું અભય ને અભયજ બની જાઓ.

१४ आषाढ

अभयं मित्रादभयममित्रात्, अभयं ज्ञातादभयं पुरो यः ।
अभयं नक्तमभयं दिवा नः, सर्वा आशा मम मित्रं भवन्तु ॥
(अथर्व. १९-१५-६)

વિનય

હે જગદીશ્વર! તારા રચેલા આ જગતમાં, તારા ન્યાયપૂર્ણ સાચા અમલમાં હવે મારે કોઇનો પણ ભય હોયજ કેમ ? તું આખા જગતમાં સદા કલ્યાણ ને કલ્યાણજ કરતો રહે છે તો પછી મારે કોઇ પણ વખતે ભય પામવાનું કારણજ શું હોય ? મનમાં ભય રાખવો એટલે નાસ્તિક બનવું, તારા ઉપર અવિશ્વાસ કરવો. તારૂં વિસ્મરણ કરવું, તારો દ્રોહ કરવો. એટલા માટે હે મારા પરમપ્રિય કલ્યાણસ્વરૂપ સ્વામી ! આજથી હું મારા મનની તમામ નિર્બળતાઓને કાઢી મૂકીને નિર્ભયતાનું વ્રત ધારણ કરૂં છું. મારૂં બનશે ત્યાં સુધી તો હું કોઈ પણ પ્રકારના ભયને તાબે નહિ થાઉં. હે મારા જગદીશ્વર ! આ વ્રતનું મારાથી બરાબર પાલન થાય તે માટે તમે મને મદદ કરો. જ્યાં સુધી હું મનમાંથી ભયને કાઢી ન નાખું ત્યાં સુધી તો હું સંસારનું કોઇ પણ કાર્ય નથી કરી શકવાનો, સત્યના રસ્તા ઉપર પણ નથી ચાલી શકવાનો અને તારૂં દર્શન પણ કદી નથી કરી શકવાનો. માટે હે પ્રભો ! તું મને એવું બળ આપ કે આખા જગતમાંના કોઇ પણ માણસનો મને ભય ન લાગે; મને મિત્રોનો ભય ન રહે તેમ અમિત્રનો પણ ભય ન રહે; કોઇનો પણ જરા સરખો ભય ન રહે; સત્યના રાહ પર પગલાં ભરતી વખતે મને મારા મિત્રોની નારાજીનો ભય ન રહે, તેમ મારા અમિત્રો તરફથી ક્લેશ થવાનો ભય પણ ન રહે. તારી આગળ તો મિત્ર અને અમિત્ર સૌ એકસમાનજ છે. તારા

રાજ્યમાં રખેને મિત્ર અમિત્ર બની જશે એવો ડર મારે શા માટે રાખવો જોઇએ ? અને અમિત્રોની મારફતે જો તું પોતેજ મારા ઉપર કાંઇ વિપત્તિ લાવે તો તેથી મારે ગભરાવું પણ શા માટે જોઇએ ? તારે જો અનિષ્ટ કરવું હોય તો તું મિત્ર અને અમિત્ર, ગમે તેની મારફતે કરાવી શકે છે અને કરાવે પણ છે. માટે તું મને મિત્ર અને અમિત્ર બેઉના ભયથી બચાવ–અર્થાત્ તું મને એવું બળ આપ કે મારે માટે અનિષ્ટ જેવું કાંઈ રહેજ નહિ. હે કલ્યાણમય પ્રભુ ! સંસારમાં અનિષ્ટ જેવું છે પણ શું ? તને ભૂલી જવો અને ત્યારપછી મનમાં કલ્પિત ભયનાં ભૂત ઉભાં કરવાં, પોતાના મનથીજ ક્લેશ અને અનિષ્ટની ઉત્પત્તિ કરવી એ સિવાય આ સંસારમાં બીજું ક્લેશ અને અનિષ્ટ જેવું કાંઈ છેજ નહિ. જે કાંઇ થાય છે અને થશે તે બધુંજ નિઃસંદેહ મારે માટે શુભજ છે. મારૂં મન એવું નિર્બળ છે કે ઘણી ખરી બની ચૂકેલી, જાણેલી અને જેનો સારી રીતે પરિચય હોય એવી બાબતોને પણ અનિષ્ટકર માની લઇને તેનાથી તો ભયત્રસ્ત થયાજ કરે છે, પણ જે બીનાઓ ભવિષ્યમાં બનનારી છે તેમાં પણ અનિષ્ટની શંકાઓ કરીને ખાલી ખાલી ગભરાઇને ભયપીડિત થયા કરે છે. “ ભવિષ્યમાં કોણ જાણે શું ને શું થશે ” “ મારા આ કાર્યમાં મને સફળતા મળશે કે નહિ,” “ એમાંથી કાંઇ માઠું પરિણામ તો નહિ આવે,” આવી આવી કુશંકાઓ કરીને મનમાં ભય પામ્યા કરવું એ ઘણુંજ આત્મઘાતક કામ કહેવાય. માટે હે મારા અંતર્યામી ! તું હવે મારામાં એવું જ્ઞાન પ્રદીપ્ત કર કે મારા મનમાંથી તમામ પ્રકારનો મોહ નીકળી જાય અને હું તારા કલ્યાણસ્વરૂપને નિરંતર મારી આંખની સામે દેદીપ્યમાન જોતો રહીને સદાકાળ દહાડે અને રાત્રિને વિષે, સર્વકાળમાં, સર્વ અવસ્થાઓમાં અભય–નિર્ભય બની જાઉં. તું મને એવું બળ અર્પણ કર કે અંધકાર હોય કે અજવાળું હોય, વિપત્તિ આવી પડે કે સંપત્તિ સાંપડે, અનુકૂળતાઓ આવી મળે કે પ્રતિકૂળતાઓ આવીને ઉભી રહે પણ હું તો તમામ

અવસ્થાઓમાં, તમામ દિશાઓમાં સદા નિર્ભય ને નિર્ભયજ રહું. આખા સંસારમાં, ચારે દિશાઓમાં, કોઇ પણ સ્થાનમાં હવે કોઇ પણ વસ્તુ મને ભય અથવા સંકટ ઉત્પન્ન કરાવે એવી ન રહે, સર્વત્ર મારે માટે મિત્રતા ને મિત્રતાજ રહે, કલ્યાણ ને કલ્યાણજ હોય, અભય ને અભયજ હોય.

શબ્દાર્થ

(मित्रात् अभयं, अमित्रात् अभयं)) મને મિત્રથી ભય ન રહે, મને અમિત્રથી પણ ભય ન રહે. (**ज्ञातात् अभयं**) જે મેં જાણ્યું છે તેનાથી ભય ન રહે અને (**यः पुरः अभयं**) જે હજી આગળ છે, જે હજી આવનાર છે તેનાથી પણ ભય ન રહે. (**नः नक्तं अभयं, दिवा अभयं**) અમને રાત્રિમાં પણ ભય ન રહે, દિવસના પણ ભય ન રહે. (**सर्वा आशाः**) તમામ દિશાઓ, તમામ દિશાઓમાં વસનાર પ્રાણીઓ (**मम मित्रं भवन्तु**) મારા મિત્ર બની જાઓ, મારા મિત્ર બનીને રહો.

१५ आषाढ

भद्रमिच्छन्त ऋषयः स्वर्विदः, तपो दीक्षामुपनिषेदुरग्रे ।
ततो राष्ट्रं बलमोजश्च जातं, तदस्मै देवा उपसंनमन्तु ॥
(अथर्व० १९-४१-१)

વિનય

હે મારા રાષ્ટ્રીય (સ્વદેશવાસી) બંધુઓ ! આ રાષ્ટ્રની ઉત્પત્તિ કેવી રીતે થઇ છે તેની તમને ખબર છે ? આપણે બધા વ્યક્તિઓ એકત્ર થઇને સમૂહાત્મક રાષ્ટ્ર–પુરુષનો કેવી રીતે જન્મ થયો તે તમારે જાણવું છે ? આપણા પૂર્વ-પુરુષો જે ઋષિઓ હતા તેમનાં ‘**तप**’ (પિતા) અને ‘**दीक्षा**’ (માતા) એમનો એ પુત્ર છે. શરૂઆતમાં આ સત્યદર્શી ઋષિઓ, જેમને આત્મસુખ તો પ્રાપ્ત થયું હતુંજ, જેઓ આપ્તકામ થઈ ચૂકયા હતા અને તેથી કરીને જેમને પોતાનો કશોજ અંગત સ્વાર્થ હતો નહિ અને જેઓ માત્ર લોક-કલ્યાણને ખાતરજ જીવતા હતા, તેમણે ભદ્રને માટે (લોક-કલ્યાણને માટે) તપનું અનુષ્ઠાન કર્યું. તેમણે જોઈ લીધું કે, સર્વ લોકહિતને માટે વૈયક્તિક શક્તિ (વ્યક્તિમાત્રનું બળ અને ઓજસ્) ના કરતાં વધારે ઉંચી, વધારે શ્રેષ્ઠ શક્તિ દરેક વ્યક્તિની સામે હોવી જોઇએ. દરેક વ્યક્તિના ઉપર તે શક્તિનો અધિકાર હોય એ આવશ્યક છે. એટલે તે ઋષિઓએ પોતાની ભદ્ર કામનાનો વિસ્તાર કર્યો; બધા માણસો એકબીજાનું ભલું ઇચ્છે, સૌના મનમાં એક સામુદાયિક શુભની, સાર્વજનિક હિતની ભાવના ઉત્પન્ન થાય તે અર્થે તેમણે ઘણોજ ઉગ્ર પ્રયત્ન કર્યો. એમ કરવાનું કારણ એ હતું કે, માણસોનો પોતપોતાનો ક્ષુદ્ર અંગત સ્વાર્થ સામુદાયિક હિતની ઉચ્ચ ભાવનાનો વિરોધી છે. એથી કરી-

ને મનુષ્યોનાં મન ઉપર સાર્વજનિક હિત સાધવાની આવશ્યકતા ઠસાવવાને માટે ઉપરોક્ત ઋષિઓને ઘણાં ઘણાં કષ્ટ સહન કરવાં પડયાં, ભારે ભારે તપશ્ચર્યાઓ કરવી પડી. પરંતુ એ ઋષિઓ તો દૃઢસંકલ્પ હતા. તેઓ વ્રત લઇ ચૂકયા હતા, લોકહિત સાધવાની દીક્ષા પણ તેમણે લીધી હતી. એમજ કહેવું ઉચિત છે કે, તેઓ આ કાર્યને અર્થેજ જન્મ્યા હતા. એથી કરીને કષ્ટ સહન કરીને, તપ તપીને તેમણે લીધેલું વ્રત પૂર્ણ કર્યું. લોકોના મનમાં સાર્વજનિક હિતની ભાવના તેમણે ઉત્પન્ન કરી. તમામ વ્યક્તિઓમાં ઉત્પન્ન થએલી ઉપરોક્ત ભાવનાની મૂર્તિનેજ રાષ્ટ્ર કહે છે. એટલા માટે હે રાષ્ટ્રીય ભાઇઓ ! આવી રીતે આ આપણું રાષ્ટ્ર ઉત્પન્ન થયું છે અને એ રાષ્ટ્ર-પુરુષનું અભીષ્ટ બળ અને ઓજસ્ પણ પ્રકટ થઇ ચૂકયાં છે અને તેમના વડે રાષ્ટ્રનું કાર્ય નીભે છે. માટે હે દેવો ! ઋષિઓએ તપશ્ચર્યા કરીને ઉત્પન્ન કરેલા આ બળવાન અને તેજસ્વી રાષ્ટ્રદેવની આગળ તમે પણ શિર નમાવો. આ રાષ્ટ્રાત્મા મહાદેવતા દેવોનો પણ પૂજનીય છે. રાષ્ટ્રની એક વ્યક્તિ, ભલે તે મોટામાં મોટી વ્યક્તિ હોય, વિદ્વાનોમાં પણ સૌથી શ્રેષ્ઠ વિદ્વાન હોય, મોટામાં મોટો મહાત્મા અથવા દેવોનો પણ દેવ કેમ ન હોય પરંતુ તે એવો મહાન હોવા છતાં આખા રાષ્ટ્રની એક વ્યક્તિ છે, આખા સમૂહનો એક અંશ છે અને તેથી આખા સંઘાત્મક રાષ્ટ્રની તુલનામાં અતિ તુચ્છ છે. હે. રાષ્ટ્રના વ્યક્તિ દેવો ! તમે સૌ આ રાષ્ટ્રદેવને વંદન કરો. તમારી સર્વના કલ્યાણની દિવ્ય ભાવનાઓમાંથીજ, તમારા આ દેવત્વમાંથીજ, આ મહાન દેવ ઉત્પન્ન થયો છે. માટે પોતાના રાષ્ટ્રને દેવ માનનારા હે પ્રજાજનો ! તમે પણ દેવ છોજ પણ તપશ્ચર્યામાંથી જન્મેલા આ તમારા બળવાન, તેજસ્વી, પરમ પ્રિય મહાન દેવની આગળ નમો. તમારી વ્યક્તિગત ઇચ્છાઓ આ રાષ્ટ્રદેવની આગળ સમર્પિત કરતા જાઓ. એ દેવની આજ્ઞાને, એના આદેશને હમેશાં મસ્તક નમાવીને તેમનું પ્રેમપૂર્વક, આદર-

પૂર્વક, સત્ય નિષ્ઠા સહિત પાલન કરો. તમારી પોતાની ઇચ્છાઓ, તમારી અંગત તુચ્છ લાભ–હાનિઓ, તમારાં શારીરિક અથવા માનસિક સુખો, તમારાં ધન–દોલત, તમારા અંગત સ્વાર્થો, તમારી પોતાની મોટામાં મોટી અને પ્રિયમાં પ્રિય અભિલાષાઓ, એ સર્વનું રાષ્ટ્રહિતની વેદીમાં બલિદાન ચઢાવવાને માટે હમેશાં તૈયાર રહો. એનુંજ નામ રાષ્ટ્રદેવનું પૂજન અને એનુંજ નામ ઉપસંનમન. આ રીતે આપણા આ રાષ્ટ્રદેવતાને યથોચિત રીતે નમન કર્યાથી, તેનું યથાવિધિ પૂજન–અર્ચન કર્યાથી આપણું સૌનું (યાદ રાખો, આપણું સૌનુંજ) કલ્યાણ થશે, સદાય ભલું ને ભલુંજ થશે.

શબ્દાર્થ

(**स्वर्विदः**) જેમણે આત્મસુખ પ્રાપ્ત કર્યું છે એવા (**ऋषयः**) ઋષિઓએ (**भद्रं इच्छन्तः**) લોકકલ્યાણની ઇચ્છાથી (**अग्रे**) શરૂઆતમાં (**तपः उपनिषेदुः**) તપનું અનુષ્ઠાન કર્યું અને (**दीक्षां उपनिषेदुः**) તેમણે દીક્ષા લીધી. (**ततः**) એ તપ અને દીક્ષા વડે (**राष्ट्रं जातं**) રાષ્ટ્રનો જન્મ થયો–જુદી જુદી છૂટી છવાઇ વ્યક્તિઓ મળીને એક રાષ્ટ્રનું સંગઠન થયું. (**बलं ओजश्च जातं**) અને તેમાંથી રાષ્ટ્રીય બળ અને ઓજસ્ પણ ઉત્પન્ન થયાં. (**तत्**) તેટલા માટે (**अस्मै**) આ રાષ્ટ્રની આગળ (**देवाः**) દેવો પણ (**उपसंनमन्तु**) સમ્યક્ પ્રકારે, યથોચિત રીતે નમે, તેનો સત્કાર કરે, તેનું પૂજન કરે.

१६ आषाढ

उपस्थास्ते अनमीवा अयक्ष्मा:, अस्मभ्यं सन्तु पृथिवि प्रसूता: ।
दीर्घं न आयु: प्रतिबुध्यमाना:, वयं तुभ्यं बलिहृत: स्याम ॥
(अथर्व. १२-१-६२)

વિનય

હે પૃથ્વી માતા ! અમે તારા પુત્રો છીએ, તારે પેટે અમારો જન્મ થયેલો છે. અમારો આ સ્થૂળદેહ તારાંજ રજકણો વડે ઘડાયો છે, એ તારીજ આપેલી બક્ષિસ છે. હે જનનિ ! અમને તારા ખોળામાં બેસાડી દે. તારા આનંદમય ખોળામાં બેસીને અમે સંપૂર્ણ માતૃસુખનો અનુભવ કરીએ અને તારા દુગ્ધામૃતનું પાન પણ કરીએ. તું અમને સુખમય આશ્રયસ્થાનો આપે છેજ, પણ તે ઉપરાંત તેં એ સર્વ સ્થાનોમાં અમને ઉપયોગી થઇ પડે એવા વિવિધ પ્રકારના ભોગ્ય પદાર્થો પણ ભરી રાખ્યા છે. તારા આવા મીઠા ખોળાનો આશ્રય લેવો એટલે સર્વદા રોગરહિત થવું, નિરંતર નિર્બાધ પુષ્ટિ પ્રાપ્ત કરવી અને ઉત્તરોત્તર ઉન્નત થતા જવું. હે વિસ્તૃત માતૃભૂમિ ! તારા આશ્રયે રહીને અમને તારાં પકવેલાં અન્ન, ફળ, ઔષધ, જળ, વાયુ, ધન, પશુ, માન, રક્ષા, વિદ્યા, સુખ ઇત્યાદિ પ્રાપ્ત થાય છે તે અમને એવા શુદ્ધ અને ઉચિત રૂપમાં પ્રાપ્ત થાઓ કે જેથી તેઓ અમારા રોગ, ભય અને દુઃખ વગેરેને મારી હઠાવીને અમને સ્વાસ્થ્યકર પુષ્ટિજ આપતાં જાય અને જેથી અમારી શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિજ સધાતી જાય. હે માતા ! આ તારા આપેલા તમામ ભોગ્ય પદાર્થોરૂપી તારૂં પુષ્ટિકારક દૂધ અમે તારાં સંતાનને માટેજ છે—અમારી તારાં સંતાનોની રોગ અને ભયરહિત પુષ્ટિને માટેજ છે. તેમના વડે અમારી શારીરિક ઉન્નતિ એવી અખંડ રીતે સધાતી જાઓ, કે જેથી અમે પૂર્ણ દીર્ઘ આયુષ્યને ભોગવીએ. અમારી માનસિક અને આત્મિક ઉન્નતિ પણ એવી અખંડ થતી રહે કે જેથી અમે ક્રમશઃ **'प्रतिबुध्यमान'** બનતા જઇએ, ઉત્તરોત્તર અધિક અધિક જ્ઞાન અને બોધ

(આત્મજાગૃતિ)યુક્ત થતા જઇએ. અને વળી અમારૂં તારાં અજ્ઞાની બાળકોનું જ્ઞાન જેમ જેમ વધતું જશે, અમે તમામ પ્રકારનાં જ્ઞાનોમાં જેમ જેમ ઉન્નતિ કરતા જઇશું, તેમ તેમ હે માતા ! અમારા ઉપર તેં કરેલા અપાર ઉપકારોનો પણ–તારા માતૃત્વનો પણ અમને વધારે ને વધારે અનુભવ થતો જશે અને તારા પ્રત્યે અમારાં કર્તવ્યોનું પણ અમને વિશેષ સ્પષ્ટ ભાન થવા માંડશે. એવું થતાંજ રાષ્ટ્ર–કરરૂપી તુચ્છ ધનનું બલિદાન કોઇના ભયથી નહિ પણ **'प्रतिबुध्यमान'** બનીને, જાણીને, અમારું કર્તવ્ય છે એમ સમજીને અમે પ્રેમપૂર્વક તારા ચરણોમાં ચઢાવતા જઇશું. આ અતિ સાધારણ તુચ્છ અને હમેશ આપવાના બલિની વાત તો સામાન્ય જેવી છે, પરંતુ હે માતા ! અમારામાં અમારાં કર્તવ્યોનું એવું તીવ્ર ભાન થઈ જાઓ કે વખત આવ્યે તારે માટે અમારૂં બધુંજ હોમી દેવાને અમે હમેશાં તૈયાર ને તૈયારજ રહીએ. તારૂં આપેલું આ શરીર, આ આયુષ્ય, આ પ્રાણ, આ પુષ્ટિ, આ ધન અને બીજું બધુંય બીજા શા કામમાં આવવાનાં હતાં ? તારી આપેલી એ વસ્તુઓ જરૂર પડે ત્યારે તને અર્પણ ન થાય–તેં ધવરાવેલા દૂધનું ઋણ અદા કરવાનો વખત આવે અને તે વખતે તને એ વસ્તુઓની ભેટ ચઢાવતાં અમે અચકાઇએ–તો ધિક્કાર હોજો એ ધનને, એ જ્ઞાનને અને એ જીવતરને. એ પાપમય વસ્તુઓ આ ભૂમિ ઉપર રહેવા યોગ્યજ નથી. તેમનું અસ્તિત્વ વ્યર્થ છે. નહિ, નહિ, અમે તારા પુત્રો એવા જ્ઞાની થયા હોઇશું કે તારે માટે અમારા સર્વસ્વનું બલિદાન દેવાને માટે અમે હમેશાં તૈયારજ રહીશું.

શબ્દાર્થ

(पृथिवि) હે ભૂમિ ! અમે **(ते प्रसूता:)** તારાથી ઉત્પન્ન થયેલા, તારા પુત્રો છીએ તેથી કરીને **(उपस्था:)** તારો ખોળો અને તારાં આશ્રયસ્થાનોના તમામ પદાર્થો **(अस्मभ्यं)** અમારે માટે હોજો અને **(अनमीवा: अयक्ष्मा: सन्तु)** આરોગ્યવર્ધક તથા રોગનાશક નીવડો. **(न: दीर्घं आयु:)** અમારૂં આયુષ્ય દીર્ઘ થાઓ. **(वयं)** અમે **(प्रतिबुध्यमाना:)** જાગતા રહીને, જ્ઞાનસંપન્ન થઇને **(तुभ्यं)** તારે માટે **(बलिहृत:)** પોતાનું બલિદાન ચઢાવનારા **(स्याम)** થઇએ.

૧૭ आषाढ

यदचरस्तन्वा वावृधानो, बलानीन्द्र प्रब्रुवाणो जनेषु ।
मायेत्सा ते यानि युद्धान्याहु:, नाद्य शत्रुं न नु पुरा विवित्से ॥
(ऋ० १०-५४-२)

વિનય

હે ઇન્દ્ર પરમેશ્વર! વેદોમાં પણ જે જે યુદ્ધોનાં વર્ણનો અમે વાંચીએ છીએ કે, ઇન્દ્રે વૃત્રને માર્યો, ઇન્દ્રે પોતાના વજ્ર વડે અમુક અમુક અસુરોનો સંહાર કર્યો, ઇન્દ્ર સોમરસ પીને ખૂબ મસ્ત બની જઇને મોટાં મોટાં પરાક્રમો કરી નાખે છે, ઇન્દ્ર હવિને ખાઈ જાય છે અને પોતાને હવિ આપનારને હવિના બદલામાં ધન આપે છે, એ બધાંજ વર્ણનો આલંકારિક છે. અમે મનુષ્યો સ્થૂળજગતમાં રહીએ છીએ, અમારી બુદ્ધિ પણ સ્થૂળ છે તેથી કરીને હે ઇન્દ્રદેવ! જેમાં તમારા શરીરનું વર્ણન હોય અથવા જેમાં તમારાં યુદ્ધોનું વર્ણન હોય તેવા આલંકારિક વર્ણનોની છાપ અમારાં મન પર વધારે સહેલાઇથી પડી જાય છે. જે વર્ણન અમારા જેવું હોય, તે અમારી બુદ્ધિમાં ઝટ લઇને ઉતરી જાય છે. અમે માયાના પ્રદેશમાં વસનારાઓને માયાના રૂપમાં કરેલું તમારૂં વર્ણનજ સમજવા યોગ્ય નીવડે છે. વાસ્તવમાં તમારે શરીર પણ નથી, તેમ તમે કોઇ સ્થૂળ વજ્રને પણ ધારણ કરતા નથી. વળી ત્રણે કાળમાં તમારો કોઇ શત્રુ નથી, હોઇ શકે પણ નહિ. તમારી પ્રકૃતિ, તમારી માયા, બધા સંસારને તમારા ઘડેલા અટળ નિયમો અનુસાર ચલાવી રહી છે. પાપના ફળમાં દુઃખ અને પુણ્યના ફળમાં સુખ સ્વાભાવિક રીતેજ આવી મળે છે. તમે પોતે તો કોઇના શત્રુ નથી અને મિત્ર પણ નથી. તમારી વાસ્તવિક શક્તિની અમે તો કલ્પના પણ નથી કરી શકતા.

તે તો અમારે માટે અવિજ્ઞેયજ છે. અમે તો માત્ર એટલુંજ જોઇ શકીએ છીએ કે, જગતમાં જે જે ગતિઓ કામ કરી રહી છે, જે જે પરિવર્તનો થઇ રહ્યાં છે, તે બધામાંજ તમારી નાના પ્રકારની શક્તિઓ કામ કરી રહી છે, કે જે શક્તિઓ તમારી એક માત્ર શક્તિના નાના નાના અંશ છે. સ્થૂળરૂપે તમારી એ તમામ શક્તિઓ અમને સફળતા અથવા વિજયના રૂપમાં દેખાય છે, તેથી કરીને અમારી આ સંસારની અપૂર્ણ ભાષામાં તમારી અનંત શક્તિનું માત્ર ભાગ્યું તૂટયું વર્ણનજ અમે કરી શકીએ છીએ અને તે પણ અમારાં માનવીઓનાં યુદ્ધોનાં રૂપકોની સહાયતા લઇને યુદ્ધોના રૂપમાંજ કરી શકીએ છીએ. તમારી અવર્ણનીય શક્તિઓનું, બળોનું વર્ણન અમે મનુષ્યો બીજી કઇ રીતે કરવાના હતા !

પણ સાથે સાથે એમ પણ કહી દેવુંજ જોઇએ કે, અમારાં એ બધાંજ વર્ણનો માયા છે, અધૂરાં છે, જે અવર્ણનીય છે તેનું વર્ણન કરવાના ભાગ્યા તૂટયા પ્રયત્નો છે, જે અજ્ઞેય છે તેનું કામચલાઉ જ્ઞાન કરાવવાનો પ્રયત્ન માત્ર છે.

શબ્દાર્થ

(इन्द्र) હે ઇન્દ્ર ! **(यत् तन्वा वावृधान:)** તું જે શરીરની સાથે વૃદ્ધિ પામતો **(अचर:)** વિચરે છે, **(जनेषु बलानि प्रब्रुवाण:)** જાણે મનુષ્યોની અંદર પોતાનાં બળોનાં વખાણ કરતો કરતો વિચરે છે, **(यानि युद्धानि आहु:)** તેં યુદ્ધ કર્યાં એવાં જે વર્ણનો છે, **(सा ते माया इत्)** તે બધાંજ તારી માયા છે. **(न अद्य शत्रुं)** વાસ્તવમાં આજે તારો કોઇ શત્રુ નથી **(न पुरा विवित्से)** તેમ કદી પહેલાં પણ તારો કોઇ શત્રુ હતો એવું અમે જાણતા નથી.

१९ आषाढ

ऋतं शंसन्त ऋजु दीध्यानाः, दिवस्पुत्रासो असुरस्य वीराः ।
विप्रं पदमङ्गिरसो दधानाः, यज्ञस्य धाम प्रथमं मनन्त ॥
(ऋ. १०-६७-२ । अथर्व. २०-९१-२)

વિનય

સૌ કોઈ 'યજ્ઞ' 'યજ્ઞ' કહેતા તો ફરે છે, પણ યજ્ઞના મૂળતત્ત્વને જાણનારા તો કોઇ વિરલાજ હોય છે. અમે તો એટલુંજ સમજીએ છીએ કે, જગતના ભલાને માટે જેમાં આપણા અંગત સ્વાર્થનો ત્યાગ કરવો પડે એવાં કાર્યો કરવાં એનું નામ યજ્ઞ એટલો અર્થ યોગ્ય પણ છે; પરંતુ યજ્ઞનું જે પ્રથમ સ્વરૂપ છે તેનાથી તો આપણે ઘણાજ આઘે જતા રહ્યા છીએ. જો એ રૂપનું આપણને કાંઇ કરતાં પણ દર્શન થઇ જાય તો આપણને સમજાઇ જાય કે, યજ્ઞ તો આપણો પ્રાણ છે, આપણું જીવન છે; યજ્ઞની ક્રિયા તો આપણા શ્વાસોચ્છ્વાસમાં ચાલુ રહેવી જોઇએ. યજ્ઞના આવા **'प्रथम धाम'** (મુખ્ય સ્થાન)ને જેઓ જોઇ શકે છે, તેઓ **'अंगिरस्'** કહેવાય છે; કારણ કે એવા લોકો જગતના વિરાટ શરીરનાં અંગોના રસરૂપ થઇ ગયા હોય છે. એ મહાત્માઓ તો એવા પુરુષો હોય છે, કે જેઓ સંસારને યોગ્ય માર્ગે દોરતા રહીને સંસારના પ્રાણરૂપ બની જાય છે. સંસારની અંદર નિત્ય પાપ, અધર્મ અને સ્વાર્થની શક્તિઓની પ્રવૃત્તિ એવી ચાલી રહી છે કે જો આ **'अंगिरस्'** મહાત્માઓ સંસારની અંદર નિરંતર ધર્મની ધારા વહેવડાવતા રહેતા ન હોત તો તેનો જીવનરસ કયારનોય સૂકાઇ ગયો હોત! એવા અંગિરસોને અમો પુનઃ પુનઃ પ્રણામ કરીએ છીએ.

પણ એવા 'अंगिरस्' મહાત્માઓ કેવી રીતે ઘડાઇને તૈયાર થાય છે તે આપણે સમજી લેવાની જરૂર છે. એવા પુરુષો કયાં કયાં લક્ષણથી ઓળખાળ છે? એમનાં ચાર લક્ષણ છેઃ—(૧) તેઓ સત્યજ બોલે છે અને સત્યનુંજ વર્ણન કરે છે. (૨) તેઓ ફક્ત વાણીથીજ સત્ય બોલે છે એમ નહિ, પણ તેમના ધ્યાનમાં અને વિચારમાં પણ કુટિલતાની છાયા નથી હોતી. તેમના મનમાં–વિચારમાં પણ અસત્યતા નથી આવતી. આથી કરીને તેમની બુદ્ધિ એટલી સાચી અને પ્રકાશપૂર્ણ બની ગઈ હોય છે કે સમષ્ટિ બુદ્ધિ જેને 'द्यौ' કહે છે તે દ્યૌનાજ તેઓ પુત્રો છે, એમ કહેવું જોઇએ. (૩) વળી તેઓ વીર–પુત્રો બનીને સંસારમાં અજ્ઞાનરૂપી શત્રુના ઉપર વિજય મેળવવાને માટે હમેશાં અગ્રસર રહેતા હોય છે. (૪) અને એવા 'દ્યૌના પુત્રો' પોતાનામાં 'વિપ્રપદ'ને, જ્ઞાનમય વ્યાપક પદને ધારણ કરે છે–ઈશ્વરને, ઈશ્વરના એક જ્ઞાનમય વ્યાપક રૂપને તેઓ પોતાની અંદર ધારણ કરીને સંસારમાં વિચરે છે.

યજ્ઞકર્મો દ્વારા ઉંચે ઉંચે ચઢવાની ઇચ્છા રાખનારા અને એ દિશામાં યત્ન કરનારા ભાઇઓ! ઉપર બતાવેલાં અંગિરસોનાં આ ચાર લક્ષણોને તમારામાં ધારણ કરતા જાઓ, તેમને તમારા જીવનના તાણાવાણામાં વણતા જાઓ અને ઉન્નત થતા જાઓ.

શબ્દાર્થ

(ऋतं शंसन्त:) સત્યજ કહેનારા, **(ऋजु दीध्याना:)** અકુટિલ ધ્યાન કરનારા, **(असुरस्य)** પ્રજ્ઞાવાન **(दिव:)** દિવના–'દ્યૌ'ના **(वीरा: पुत्रासः)** વીર પુત્રો **(विप्रं पदं दधाना:)** અને જેઓ જ્ઞાનમય વ્યાપક પદને ધારણ કરે છે એવા **(अंगिरस:)** અંગિરસ લોકો **(यज्ञस्य प्रथमं धाम)** યજ્ઞના પરમ મુખ્ય સ્થાનને **(मनन्त)** જાણે છે.

१९ आषाढ

त्रातारमिन्द्रमवितारमिन्द्रं, हवे हवे सुहवं शूरमिन्द्रम् ।
ह्वयामि शक्रं पुरुहूतमिन्द्रम्, स्वस्तिर्नो मघवा धात्विन्द्रः ॥
(ऋ० ६-४७-११ ॥ य.२०-५० ॥ सा० पू० ४-१-५-२ ॥
(अथर्व० ७-८६-१)

વિનય

આ સંસાર એક રણસંગ્રામ છે. સંસારની અંદર દરેક જણ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે કોઇ ને કોઇ પ્રકારનો વિજય મેળવવા પાછળ મંડયોજ રહે છે અને એ અર્થે રાતદહાડો સંઘર્ષ મચાવતોજ રહે છે. આ સંઘર્ષોમાં વિજય મેળવવાને માટે માણસ ઘણું કરીને પોતાના શરીરબળનો, બુદ્ધિબળનો, સંગઠનબળનો, વિજ્ઞાનબળનો, મિત્રબળનો, સૈન્યબળનો ઇત્યાદિ બળોનો ઉપયોગ કરતો રહે છે અને અભિમાનથી ફૂલાઇને મનમાં ધારણ રાખે છે કે, મારી કુમકે આવાં આવાં બળ છે; પછી મારે શી ફિકર છે? એ બળોની મદદથી હું તમામ લડાઇઓમાં વિજયજ મેળવીશ. પણ એક સમય એવો આવી પહોંચ્યો છે, કે જ્યારે તે માણસને આ બધાં બાહ્ય બળોની નિષ્ફળતાની વ્યર્થતાની ખાત્રી થઇ જાય છે, તે હારીને થાકીને નિરાશ બની જાય છે, ત્યારે તે સંસારની અંદર છુપાઇ રહેલી કોઇ અજ્ઞાત શક્તિની ખોળ કરવા લાગે છે અને તેને બોલાવવાને માટે પોકાર કરવા લાગે છે. તેવે વખતે તેના મોઢામાંથી ‘ હે રામ!’ ‘યા અલ્લાહ!’ ‘ ઓ માઇ ગૉડ્’ ઇત્યાદિ ઉદ્ગાર નીકળી જાય છે. પણ તે ગમે તે નામથી પોકાર કરે તોપણ હે ઇન્દ્ર! ખરી રીતે તે તને એકલાનેજ સાદ કરે છે. ઉપર કહી તેવી અવસ્થા થાય છે, ત્યારે હે સંસારની અદૃશ્ય અજ્ઞાત શક્તિ! અમને સમજાઈ જાય છે કે, એકમાત્ર સાચી શક્તિ તુંજ છે. સંસારનાં બાકીનાં બીજાં બધાં બળ તારા બળના આધાર વડેજ ‘ બળ ’ કહેવાય છે. વાસ્તવિક રીતે તેમનું તારાથી સ્વતંત્ર અસ્તિત્વજ નથી. તારી ઇચ્છા થાય ત્યારે તેઓ બળ બની જાય છે; તારી ઇચ્છા ન હોય ત્યારે

તેમાંના કોઈ પણ બળમાં કશી શક્તિજ નથી રહેતી. એટલા માટે હે ઇન્દ્ર! તું એકલોજ મારો સાચો પાલક છે, મારો રક્ષક છે અને તુંજ તમામ પ્રકારની વિપત્તિઓમાંથી મારૂં પરિત્રાણ કરે છે. ખરી રીતે હરેક સંગ્રામ વખતે તને એકલાનેજ, મહાપરાક્રમીનેજ મદદને માટે પોકાર કરવો જોઇએ. તને પોકાર કરવો એજ યોગ્ય છે, સુશોભિત છે અને એજ સુફળદાયક છે. બીજા કોઇને સાદ કરવો એ મિથ્યા છે અને નિષ્ફળતા વહોરી લેવા બરાબર છે. તને સાદ કરનાર તારા ભક્તોનાં સંકટ માત્ર તું એક ક્ષણવારમાં દૂર કરી દે છે. માત્ર તને બોલાવે એટલીજ વાર. તું સર્વશક્તિમાન છે એટલા માટે તું '**पुरूहूत**' છે. સૃષ્ટિનો પ્રારંભ થયો ત્યારથીજ સંત પુરુષો વિપત્તિને વખતે તારૂંજ સ્મરણ કરે છે, તનેજ સાદ કરે છે. હે શક્ર! માણસ તારા સિવાય બીજા કોને સાદ કરે? બીજો મદદગાર છે પણ કોણ? એટલા માટે હે ઇન્દ્ર! હું પણ તનેજ સાદ કરીને બોલાવું છું. તારે માટેજ પોકાર મચાવી રહ્યો છું. હે મઘવન્! તું મારો કલ્યાણકારી બનીને મારા પોકાર કાને ધર. હું પૂરા વિશ્વાસસહિત નિશ્ચયપૂર્વક માનું છું કે, તારૂં પવિત્ર નામ જો મારી જીભપર ધારણ કરીશ તો તે નામનો જપ કરતો કરતો હું જગતના તમામ સંગ્રામોમાં વિજય પામતો પામતો આગળ વધ્યે જઇશ, કોઈ પણ યુદ્ધમાં મારે બીજા કશા હથિયારની જરૂરજ નથી. હું તો એટલુંજ માગી લઉં છું કે, તું મારી વાણી પર તારૂં આસન માંડીને બેસ. તારા નામનો પોકાર કરીશ એટલે તારૂં નામજ મને તમામ પ્રકારની વિપત્તિઓને પેલે પાર ઉતારી દેશે.

શબ્દાર્થ

(**त्रातारं इन्द्रं**) પાલન કરનારા ઇંદ્રને, (**अवितारं इन्द्रं**) રક્ષા કરનારા ઈન્દ્રને, (**हवे हवे सुहवं**) એકેએક સંગ્રામમાં જે સુખથી પોકરવા યોગ્ય છે એવા (**शूरं इन्द्रं**) પરાક્રમી ઇન્દ્રને અને (**शक्रं इन्द्रं**) તે સર્વશકિતમાન ઈન્દ્રને (**पुरूहूतं इन्द्रं**) જેને અસંખ્ય સત્પુરુષો વખતોવખત પોકારતા આવ્યા છે—એવા ઇંદ્રને હું પણ (**ह्वयामि**) પોકારૂં છું, સાદ કરૂં છું, (**मघवा इन्द्रः**) તે ઐશ્વર્યવાન ઇન્દ્ર (**नः स्वस्तिधातु**) અમારૂં કલ્યાણ કરો!

२० आषाढ

न विजानामि यदि वेदमस्मि, निण्यः सन्नद्धो मनसा चरामि ।
यदामागन्प्रथमजा ऋतयस्य, आदित् वाचो अश्नुवे भागमस्याः
(ऋ. १-१६४-३६ । अथर्व. ९-१०-१५)

વિનય

હું શું કહું ? શું હું આ શરીર છું ? એ શરીરમાં જે ચેતના છે તે આવી ક્યાંથી ? શું હું ખરી રીતે અમર છું ? આ બાબતોમાં મને કાંઇ સમજ પડતી નથી. અથવા શુંહું મારી પરિસ્થિતિઓનો ગુલામજ છું ? મારી મર્યાદાઓના બંધનમાંથી મારો કદી છૂટકારો થઇ શકે એમ છે ખરૂં ? આ સંસારનું પ્રયોજન શું છે ? સંસાર જાય છે કયી દિશા તરફ ? વળી એ સંસારની સાથે મારો કયી જાતનો સંબંધ છે ? કશાનીજ સમજ પડતી નથી. એકેય પ્રશ્નનો સંતોષકારક ઉકેલ મળતોજ નથી. આપણાં છ દર્શનો છે, તેમાં એક દર્શન એક વાત કહે છે અને બીજું વળી બીજીજ વાત કહે છે. વળી પશ્ચિમના દાર્શનિકો અને વૈજ્ઞાનિકો એથી જુદીજ વાત કરે છે. જાણે હું બધી બાજુએથી બંધાઈ ગયો હોઉં એવું મને લાગ્યા કરે છે. શંકાઓથી દબાએલો ગુંગળાએલો હું છૂટકારાને માટે ચારે દિશાએ ભટકતો ફરૂં છું, પણ જ્ઞાનતૃપ્તિ મળતીજ નથી. કોઇ કહે છે કે **'ऋतंभरा प्रज्ञा'** નો ઉદય થાય ત્યારે મનના તમામ સંશય ટળી જાય છે. એ પ્રજ્ઞાનો પ્રકાશ પડે એટલે બધી વસ્તુઓ તેમના અસલ સ્વરૂપમાં દેખાવા માંડે છે અને પછી કોઇ પણ સંશય, ભ્રમ વગેરેનો સંભવજ રહેતો નથી. એ *યૌગિક

---

* **"ऋतम्भरा तत्र प्रज्ञा" "श्रुतानुमानप्रज्ञाभ्यामन्यविषया विशेषार्थत्वात्"** । (યોગદર્શન ૧, ૪૭-૪૮)—**મૂળલેખક**

પ્રત્યક્ષ છે, જેની સહાયતાથી દરેક તત્ત્વનો સાક્ષાત્કાર થઈ જાય છે, દરેકે દરેક વસ્તુ આરસીના જેવી ચોખ્ખી દેખાઈ શકે છે. અહાહા ! એ 'ऋतंभरा' પ્રજ્ઞાની× મને પ્રાપ્તિ થઇ જાય તો પછી સંસારના સંતોનાં વચનો, વેદશાસ્ત્ર, દર્શનશાસ્ત્રો, વિજ્ઞાનશાસ્ત્રો, વગેરેમાં જે કાંઈ કહ્યું છે તે બધાનું તાત્પર્ય સમજાઇ જાય અને કશી વાતની ગૂંચવણ રહે નહિ. જુદાં જુદાં સંતવચનોનું, પ્રાચીન તેમજ નવા ગ્રંથોનું મૂળ રહસ્ય મારા હાથમાં આવી જાય; તેમની સૌની જે પ્રતિપાદ્ય વસ્તુ છે તેજ મને પ્રાપ્ત થઇ જાય. પછી પરસ્પર વિરુદ્ધ દેખાતાં શાસ્ત્રવચનો વાંચીને હું ભુલાવામાં ન પડું, હું ગૂંચવાઇ ન જાઉં. બસ, મારે એ ઋતંભરા પ્રજ્ઞાજ જોઇએ, બીજું કાંઈજ જોઇતું નથી. મને જે ભયંકર સંન્નિપાત વ્યાધિ થયો છે તેનો એજ એક માત્ર ઈલાજ છે. એ મને ન મળે ત્યાં સુધી કોઇ પણ સાંસારિક જ્ઞાનથી મને હવે ચેન પડનાર નથી. અહો ! ઋતંભરા પ્રજ્ઞા ! ઋતંભરા પ્રજ્ઞા ! બસ, તને પ્રાપ્ત કરવાને માટેજ મારી બધી શક્તિ હું વાપરૂં છું; હું જે કાંઇ ચેષ્ટા કરૂં છું તે તને પામવાને માટેજ.

શબ્દાર્થ

(यदि वा इदमस्मि) હું અમુક છું અથવા તે નથી તો હું કોણ છું **(न विजानामि)** એમાંનું મને કાંઇજ સમજાતું નથી. **(निण्यः)** દબાઇ ગએલો **(संनद्धः)** પૂરેપુરો બંધાઈ ગએલો **(मनसा चरामि)** શંકાયુક્ત મનથી ભટકું છું. **(यदा)** જો **(मा)** મને **(ऋतस्त प्रथमजाः)** સત્યસ્વરૂપની પ્રથમોત્પન્ના બુદ્ધિ **(आगन्)** પ્રાપ્ત થઇ જાય **(आत् ईत्)** તો હું **(अस्याः वाचः भागं)** વાણીમાત્રના પ્રતિપાદ્ય વિષયને **(अश्नुवे)** પ્રાપ્ત કરૂં.

× **ऋतं सत्यमेव विभर्तीति ऋतंभरा ।—મૂળ લેખક**

२१ आषाढ

उद्यानं ते पुरुष नावयानं, जीवातुं ते दशतातिं कृणोमि ।
आ हि रोहेमममृतं सुखं रथं, अथ जिर्विं विंदथमावदासि ॥
(अथर्व० ८-१-६)

વિનય

હે પુરુષ ! તું આ સૃષ્ટિની વચમાં ચીમળાઈ ગએલા જેવો-મૂડદાલ જેવો, ઢીલો ઢસ અને અશક્ત શામાટે રહે છે ? તું ઉઠ, ઉભો થા. તું આમ ક્યાં સુધી પડી રહીશ ? તારે તો દહાડે દહાડે ઉન્નત થવું જોઇએ. તું તારી જાતનો વિકાસ સાધવાને માટેજ આ સંસારમાં આવ્યો છે. તારે તો તારા જીવન દ્વારા તારા આત્માની શક્તિઓને ખીલવીને પ્રકટ કરવાની છે. તારા જીવનને, તારા પ્રાણને હું બળથી ભરપૂર કરી દઉં છું. તારા પ્રાણમાં મહાન શક્તિ ભરી પડી છે, તે શક્તિને જાગૃત કરીને તેની સહાયતા વડે તું લાગલાગટ ઉંચે ને ઉંચેજ ચઢવો જોઇએ, તારી ઉત્તરોત્તર ઉન્નતિજ થતી રહેવી જોઇએ. તારી પોતાની જાતને હલકી અને પતિત કરી દેવાનું અને પછી હિંમત હારીને બેસી રહેવાનું પ્રયોજનજ ક્યાં છે ? તું એ બળને જેમ જેમ જાગ્રત કરતો જઇશ, તેમ તેમ તારૂં 'जीवात्' (જીવન) ઉત્તરોત્તર વધારે ને વધારે આનંદદાયક યાત્રા બની જશે. માટે તું આ 'दक्ष'થી (બળથી) યુક્ત બનીને આ તારા શરીરરૂપી રથ ઉપર સ્વાર થઇ જા. અત્યાર સુધી તું તારા શરીર ઉપર સ્વારી કરતો ન હતો, પણ તારૂં શરીર ઘણું કરીને તારા ઉપર સ્વારી કરતું હતું અને તું તેનો બોજો ઉપાડી ઉપાડીને ચાલતો હતો. પણ હવે તું તારો અધિકાર સંભાળી લે, ઉઠીને ઉભો થા. તારા શરીરનો તો તું અધિષ્ઠાતા છે તે કેમ ભૂલી જાય છે ? આ રથ તો તારો છે. તેને તું એક વાર તારા કાબુમાં રાખીને ચલાવી તો જો. એક વાર એ શરીરરૂપી રથને તું તારી મરજી મુજબ ચલાવતો થઈશ ત્યારે તને સમજાઇ જશે કે, આ રથ તો ઘણોજ સુખપૂર્વક ચાલે એવો છે. એવું થશે એટલે શરીરના રોગ, કલેશ વગેરેની તારા મન ઉપર કશીજ અસર નહિ થાય. ઉલટું તારા પોતાના પ્રભાવથી

એ શરીર રોગ વગેરેથી રહિત અને તદ્દન સ્વસ્થ બની જશે. અરે ! એટલુંજ નહિ પણ જો તું તારા રથનો સાચો સ્વાર બની જશે, ખરેખરો રથી અને અધિષ્ઠાતા બની જશે તો તારો અમર આત્મા પોતાની પ્રાણશક્તિ વડે એ રથને પણ અમર બનાવી શકે અને તારી મરજીમાં આવે તેટલા વખત સુધી તું એની મારફતે કામ લઈ શકે; અણિમા આદિ તમામ સિદ્ધિઓ અને 'કાયસંપત્'ને તું તારા શરીરમાં પ્રકટ કરાવી શકે. એટલા માટે તો તને કહું છું કે, બાપુ ! તું ઉઠ ! આ સુખમય અમૃતરથના ઉપર ચઢી જા અને એની સહાયતાથી તારો ઉત્તરોત્તર વિકાસ સાધતો સાધતો તું ઉન્નતિને માર્ગે આગળ ને આગળ ધપતો જા. આ બળની પ્રાપ્તિ કરી લીધા પછી, એક વાર રથના ઉપર સ્વાર થઈ ગયા પછી શરીરના 'ક્રમિક હ્રાસ' (ધીમે ધીમે થતો ક્ષય)નો નિયમ તને લાગુ નહિ પડે. તારૂં પ્રાણબળ તો દહાડે દહાડે વધતુંજ જશે. વૃદ્ધાવસ્થામાં સામાન્ય માણસોના શરીરનો સ્વાભાવિક રીતે ક્ષય થાય છે, તેમ તારા શરીરનો નજ થવો જોઇએ. ઉત્તરોત્તર વધતું જતું પ્રાણબળ તો વૃદ્ધાવસ્થામાં પૂર્ણપણે ખીલી નીકળે છે, **'वसु'** અને **'रुद्र'**ની અવસ્થાઓથી ઉંચે ચઢીને પ્રાણ તે વખતે **'आदित्य'** રૂપ બની જાય છે. પ્રાણનો ભંડાર આદિત્ય જેવી રીતે પોતાનાં કિરણો ચારે દિશામાં ફેલાવે છે, તેવી રીતે તું પણ તારી વૃદ્ધાવસ્થામાં અક્ષીણશક્તિ બની જઇને તારા પોતાના વિશાળ અનુભવસિદ્ધ જ્ઞાનની લહાણી આખા માનવસમાજના હિતાર્થે છૂટે હાથે સૌને આપતો રહેજે.

શબ્દાર્થ

(पुरुष) હે જીવ ! **(ते उद् यानं)** તારૂં ઉત્થાનજ થાઓ, તારી ઉન્નતિજ થાઓ; **(न अवयानं)** નીચે પતન કદી પણ ન થાઓ. **(ते जीवातुं)** તારા જીવનને **(दक्षतातिं)** બળયુક્ત **(कृणोमि)** કરૂં છું. **(इमं)** આ **(अमृतं)** અમૃતયુક્ત **(सुखं)** સુખકારક **(रथं)** રથ ઉપર **(हि)** નિશ્ચયપૂર્વક **(आरोह)** તું સ્વાર થઇ જા. **(अथ)** પછી **(जिर्विः)** ઘડપણમાં પણ જીર્ણ થઇ જઇને **(विदथं)** જ્ઞાનનો **(आवदासि)** પ્રચાર કરતો રહે.

નોંધ—'जीवातुं ते दक्षतातिं कृणोमि' એ શબ્દો પરમાત્મા મને કહી રહ્યા છે અને તેમણે મારા શરીરમાં **दक्ष** (બળ)નો સંચાર કર્યો છે એવો મનમાં અનુભવ કરતા રહેવું જોઇએ. —**મૂળલેખક**

२२ आषाढ

सत्यं बृहदृतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति ।
सा नो भूतस्य भव्यस्य पत्नी, उरुं लोकं पृथिवी नः कृणोतु ॥
(अथर्व० १२-१-१)

વિનય

હે પ્રભો ! જે ભૂમિ ઉપર અમે વસીએ છીએ તે અમને ઉન્નત બનાવે, અમને વિશાળ બનાવે. અને તેને ધારણ કરવાને અમારા તરફથી થાય તેટલો પ્રયત્ન કરીએ છીએ. કદાપિ કોઈ વાર મોહને વશ થઇને અમે એવું માની લઇએ છીએ કે, કૂટનીતિ–અર્થાત્ અસત્ય, કપટ, પ્રપંચ, ચતુરાઈ વગેરે વડે અમે દેશની, રાષ્ટ્રની અથવા માતૃભૂમિની રક્ષા કરી શકીશું ત્યારે અમે ભારે ભૂલજ કરી હોય છે. પૃથ્વીને ધારણ કરવા માટે–અર્થાત્ તેની રક્ષા કરવા માટે જે જે ગુણ અતિ આવશ્યક છે તેમાં સૌથી પ્રથમ સત્ય છે. આ આખું વિશ્વ બ્રહ્માંડ જેને આધારે ટકી રહ્યું છે, જે આપણી પૃથ્વીને પણ ધારણ કરે છે, તે મહાન્ સત્ય છે. અલબત્ત, માત્ર સત્યના જ્ઞાન વડે નહિ પણ સત્યના આચરણ વડે, પાલન વડે રાષ્ટ્ર ટકી રહે છે. માટે આપણે તો અત્યંત દૃઢ સંકલ્પ કરીને, કઠોર તપશ્ચર્યા તપીને, ખૂબ આત્મબળપૂર્વક પૂરેપુરૂં સત્યાચરણ કરવું જોઈશે. જેટલા પ્રમાણમાં આપણે સત્યને ઝીલ્યું હશે, સત્યને જીવનમાં ધારણ કર્યું હશે, જેટલી ઉગ્ર તપશ્ચર્યા કરી હશે, લીધેલાં વ્રતને જેટલા પ્રમાણમાં દૃઢ સંકલ્પ કરીને નીભાવ્યાં હશે, રાષ્ટ્રહિતને માટે જેટલાં કષ્ટ સહન કરી શકતા હોઇશું, અનુભવસિદ્ધ જ્ઞાન જેટલા પ્રમાણમાં પ્રાપ્ત કર્યું હશે અને નિઃસ્વાર્થભાવે પરોપકાર કરવાની વૃત્તિ જેટલા પ્રમાણમાં આપણે કેળવી હશે, તેટલાજ પ્રમાણમાં આપણો દેશ અચળપણે સ્થિર રહેશે. યાદ રાખો, પૃથ્વીને કોઇ પણ રાજા ધારણ નથી કરી શકતો, તેમ કોઈ પણ રાજ્યતંત્ર અથવા રાજશક્તિ ધારણ નથી કરી શકતાં, તેમજ તેને પ્રજા પણ ધારણ નથી કરી શકતી. પરંતુ તેના ઉપર વસનારા લોકોમાં ઉપર ગણાવેલા છ ગુણ હોય તો તેજ તેને ધારણ કરી

શકે છે. આટલું જાણ્યા પછી એ છ ગુણને આપણામાં ધારણ કરવાનો આપણાથી થાય તેટલો પ્રયત્ન કરતા રહીને આપણે પ્રાર્થના કરીએ કે, આપણી પ્રિય માતૃભૂમિને આપણે વિસ્તૃત અને વિશાળ બનાવી દઇએ. આપણે એ છ ગુણોની સાધના કરતા રહીને આપણી માતૃભૂમિને ધારણ કરીએ અને એ ભૂમિ આપણા ભૂત તથા ભવિષ્યની રક્ષા કરનાર નીવડીને આપણને ઉન્નત બનાવે. આપણે ભૂતકાળના આધાર ઉપરજ ભવિષ્યમાં ઉન્નત બની શકીએ છીએ અને જેટલા પ્રમાણમાં આપણે રાષ્ટ્રની સાથે એકતા સાધી હશે, જેટલે અંશે રાષ્ટ્રની સાથે આપણું તાદાત્મ્ય સિદ્ધ કર્યું હશે તેટલા પ્રમાણમાં આપણે આપણા રાષ્ટ્રના ભૂતકાળમાં પ્રવેશ કર્યો હશે અને તેટલાજ પ્રમાણમાં આપણા ભવિષ્યને ઉજ્જવળ અને મહાન બનાવી શકીશું. એ રીતે આપણી માતૃભૂમિની ઉપાસના આપણને સુવિશાલ બનાવી દેશે. રાષ્ટ્રની વ્યક્તિ તેની માતૃભૂમિના જીવનની સાથે જીવે છે અને તેના મરણની સાથે મરણ પામે છે. માતૃભૂમિની અનન્યભાવે ઉપાસના કરવાથી મનુષ્યને એટલું દીર્ઘ આયુષ્ય મળે છે કે કાંઇ કહેવાની વાતજ નહિ ! અને તેની સાથે તે માતૃભૂમિનો ઉપાસક પણ ક્ષુદ્ર ભાવોથી કેટલો ઊંચે ચઢી જાય છે ! માટે આવો, આપણે આજથી એ સત્ય આદિ '**बृहत्**' (મહાન) ગુણો આપણામાં ધારણ કરતા રહીને આપણી માતૃભૂમિની સાચી પૂજા આદરીએ, જેથી કરીને એ ભગવતી માતૃભૂમિ આપણા ભૂતકાળરૂપી સુદૃઢ અને અચળ ખડકના ઉપર આપણા ઉજમાળા ભવિષ્યનો પાયો ચણે અને તેની ભવ્ય ઇમારતનું રક્ષણ કરતી રહીને આપણે માટે એવું વિશાળ ક્ષેત્ર ખુલ્લું કરી દે—તે ભૂત અને ભવિષ્ય બેઉને વ્યાપ્ત કરી લે એવા એક વિસ્તૃત લોકને આપણો બનાવી દે.

શબ્દાર્થ

(**बृहत् सत्यं**) મહાન્ સત્ય, (**उग्रं ऋतं**) કઠોર સત્યાચરણ, (**दीक्षा**) વ્રતધારણ (**तपः**) કષ્ટસહિષ્ણુતા (**ब्रह्म**) અનુભવસિદ્ધ જ્ઞાન (**यज्ञः**) નિઃસ્વાર્થ કર્મ—એટલા ગુણ (**पृथिवीं धारयन्ति**) પૃથ્વીને ધારણ કરે છે. (**भूतस्य भव्यस्य पत्नी**) ભૂત અને ભવિષ્યનું રક્ષણ કરનારી (**सा नः पृथिवी**) તે આપણી માતૃભૂમિ (**नः**) આપણે માટે (**उरुं लोकं**) વિસ્તૃત લોકને, વિશાળ ક્ષેત્રને (**कृणोतु**) કરે, ખુલ્લું કરી દે.

२३ आषाढ

यस्मिन्नृचः साम यजूंषि यस्मिन्, प्रतिष्ठिता रथनाभाविवाराः ।
यस्मिँश्चित्तं सर्वमोतं प्रजानां, तन्मे मनः शिवसंकल्पमस्तु ।।
(यजु. ३४-५)

વિનય

હે પ્રભો ! મારા મનનો મેલ આજ સુધી પૂરેપુરો નથી ધોવાઇ ગયો. સ્વાર્થની કામના, રાગદ્વેષ, મોહ ઇત્યાદિ મેલ એવા સૂક્ષ્મ સ્વરૂપમાં મારા મનની ઉપર ચોંટી બેઠા છે કે એ બધા સૂક્ષ્મ મેલને લીધે મારા મનની અંદર અશુભ વિચારો, સંકલ્પો, એમના એમજ મને ખબર પણ ન પડે એવી રીતે ઉત્પન્ન થઇ આવે છે. હે મારા નાથ ! મારા મનને એટલું મજબૂત બનાવી દો કે વધારે નહિ તો ઓછામાં ઓછું એટલું તો થાયજ કે એની અંદર કોઇ રાગદ્વેષાત્મક અશુભ સંકલ્પ તો ઉત્પન્ન થવા નજ પામે. મારે તો આ મનની સહાયતા વડે પરમ પુરુષાર્થ સિદ્ધ કરવો છે, સત્ય જ્ઞાનની પ્રાપ્તિ કરવી છે. પણ એ મન અત્યારે તો એટલું શુદ્ધ અને બળવાન નથી બન્યું કે તે સદાય શિવ સંકલ્પવાળુંજ હોય. બધું વેદજ્ઞાન પણ મનમાં તો ભર્યુંજ પડયું છે. ઋક્, યજુષ્ અને સામ, એ ત્રણે પ્રકારનું વેદજ્ઞાન મનનેજ આશરે રહ્યું છે. હું જોયા કરૂં છું કે, જેમ ગાડીના પૈડાને આરા જડયા હોય છે, તેવી રીતે ત્રણે વેદરૂપી આરા મનરૂપી પૈડાને જડેલા છે. હે પરમેશ્વર ! મહાપ્રલય વખતે પણ જેનો નાશ થઇ શકતો નથી એવું અનંત, નિત્ય, વેદજ્ઞાન તમારા સર્વવ્યાપક અને પરમ શુદ્ધ મનમાંજ રહે છે—'प्रकृष्ट चित्तसत्त्व'માંજ રહે છે. ઋષિઓને વેદજ્ઞાન પ્રાપ્ત થયું તે પણ તમારા મનમાંથી; તેમના મને વેદજ્ઞાનને ગ્રહણ કર્યું ત્યારેજ તેઓ મંત્રદ્રષ્ટા ઋષિ થઇ

શકયા. ખરૂં જોતાં વેદજ્ઞાન પુસ્તકોમાં નથી પણ મનમાં છે. હું એ પણ જાણું છું કે, સંપૂર્ણ વેદજ્ઞાનનો ભંડાર, ત્રણે પ્રકારનું વેદ–જ્ઞાન મારા મનમાં પણ ભર્યું પડયું છે. મારૂં મન જો પવિત્ર અને ઉચ્ચ બને તો મારી એવી ત્રણ અવસ્થાઓ થઇ શકે છે કે જેમાં ઋક્, યજુષ્ અને સામવેદનું જ્ઞાન મારા મનમાં સ્વાભાવિક રીતે પ્રકાશિત થઇ જાય. તમામ પ્રજાઓનાં તમામ મનુષ્યોના મનસ્તત્ત્વમાં જયાં આગળ તેમની સર્વ પ્રકારની મનોવૃત્તિઓ, તેમનું તમામ પ્રકારનું ચિત્ત, તેમના સંસ્કારોના મહાભંડાર, તેમની અનંત વાસનાની જટિલ જાળ, તેમની યુગ યુગની તમામ યોનિઓની વિવિધ પ્રકારની અસંખ્ય વાસનાઓ ભરી રાખી છે. ત્યાં આગળજ, એજ મનની અંદર સર્વ પ્રકારનું સત્ય જ્ઞાન પણ ભરી રાખ્યું છે. હું આ બધું જાણું છું છતાં લાચાર બની બેઠો છું. મારા મનના અનંત મહામૂલ્યવાન ભંડારની મને જાણ છે તેથી તો હું ઉલટો વધારે તરફડાટ કરૂં છું. મારે તો મારા મનમાંજ વેદજ્ઞાનનો પ્રકાશ કરવો છે. પણ થાયજ શી રીતે ? એ મનમાં તો હજી કેટલાય કુસંસ્કાર ભરાઈ રહ્યા છે ? મારે તો મારા મનને કેવળ સત્ય સંકલ્પ—ફક્ત સત્ય સંકલ્પજ કરે એવું—બનાવી દેવું છે, પરંતુ હજી તો એ પૂરૂં શિવ સંકલ્પ—શુભ સંકલ્પ કરે એવું—પણ નથી થયું. હે અંતર્યામી ! હે મારા મનના માલિક ! મારામાં એટલું બળ તો આવવુંજ જોઇશે, કે જે વખતે હું જે સંકલ્પ કરવા ઇચ્છું, બસ તેજ અને એકલો તેજ સંકલ્પ મારા મનમાં ઉત્પન્ન થાય અને એ સંકલ્પને પણ મારા મનમાં જેટલી વાર સુધી ધારણ કરી રાખવા ઈચ્છું તેટલી વાર હું તેને ધારણ પણ કરી શકું. પણ એ અવસ્થા તો હજી બહુ દૂર છે. હે મારા હૃદયનિવાસી ! અત્યારે તો હું એટલુંજ માગું છું કે, કૃપા કરીને મારા મનને એવું સુદૃઢ બનાવી દો કે મારા મનમાં ભલે ગમે તેટલા સંકલ્પ ઉત્પન્ન થાય, મારૂં મન જે વખતે જે સંકલ્પ ઘડવા ઇચ્છે તે ભલે ઘડે, પણ તે બધાજ શુભજ

હોય, એમાંનો એક પણ સંકલ્પ અશિવ (અશુભ) ન હોય, અશિવ–અકલ્યાણકારી સંકલ્પોની ઉત્પત્તિ તો આજથીજ આ ક્ષણથીજ–એકદમ બંધ થઇ જાય. મારૂં મન એટલું શુદ્ધ અથવા એટલું પ્રબળ થઇ જાય કે તેમાં અશુભ સંકલ્પ ઉત્પન્ન થવાજ ન પામે એટલી કૃપા તો આજેજ કરી દો.

શબ્દાર્થ

(यस्मिन्) જે મનસ્તત્ત્વમાં **(ऋचः सामः)** ઋક્‌નું અને સામનું જ્ઞાન તથા **(यस्मिन् यजूंषि)** જેમાં તમામ યજુર્વેદનું જ્ઞાન પણ **(प्रतिष्ठिता)** એવી રીતે સ્થાપિત કર્યું છે **(इव)** કે જેમ **(रथनाभौ अराः)** રથની ધરીમાં આરા જડયા હોય છે તેમ અને **(यस्मिन्)** જે મનસ્તત્ત્વમાં **(प्रजानां सर्वचित्तं)** પ્રજામાત્રનું સંપૂર્ણ ચિત્ત, તમામ સંસ્કારો વડે ચીતરાએલું અને તમામ વાસનાજાળથી યુક્ત ચિત્ત **(ओतं)** ઓતપ્રોત થએલું છે–પરોવાએલું છે, **(तत् मे मनः)** તે મારૂં મન **(शिवसंकल्पमस्तु)** હમેશાં શુભજ સંકલ્પ કરનારૂં થાઓ.

२४ आषाढ

वृत्रस्य त्वा श्वसथात् इषमाणाः, विश्वे देवाः अजहुः ये सखायः।
मरुद्भिः इन्द्र सख्यं ते अस्तु, अथेमा विश्वाः पृतना जयासि ॥
(ऋ. ८-९६-७)

વિનય

અરે મારા આત્મા ! તારા સાચા સાથી તો પ્રાણજ છે. જ્યાં સુધી એ પ્રાણ તારા સાથી નથી થતા ત્યાં સુધી બીજા દેવતાઓનો સાથ તારે હોય તો પણ તે નકામો છે, એટલુંજ નહિ પરંતુ ઉલટો તે તને ગોથું પણ ખવરાવી દે. જ્યારે હું કોઈ ઉત્તમ ગ્રંથ વાંચવા બેસું છું, સંતોની વાણી સાંભળું છું, મહાત્માઓના પવિત્ર ઉપદેશનું શ્રવણ કરૂં છું, ત્યારે તેટલો વખત મારૂં મન ઘણા ઉંચા પ્રકારના, દિવ્ય અને ઉત્તમ વિચારોમાં મગ્ન બની જાય છે; આંતરિક મનન અને ભાવનાઓને લીધે મનની એવી ઉંચી અવસ્થા થઇ જાય છે કે જાણે મારા હૃદયની અંદર જાણે દેવોનો સમાજજ એકઠો ન હોય એવું લાગે છે. તે વખતે હું જાણે તદ્દન નિર્વિકાર, નિષ્કામ અને પવિત્ર બની ગયો હોઉં એવું હું માની લઉં છું; પરંતુ પાપનું પ્રલોભન મારી સામે જ્યાં આવીને ઉભું રહે છે એટલે બધુંજ ઉલટપુલટ થઇ જાય છે; મારી નિર્વિકારતા, મારી નિષ્કામતા વગેરે કોણ જાણે ક્યાંનાં ક્યાંય ચાલ્યાં જાય છે ! જ્યાં વૃત્રાસુર સામો આવીને ઉભો રહ્યો એટલે તરતજ દેવસમાજમાં ભંગાણ પડી જાય છે, તેના પુંકારથી તમામ દિવ્ય વિચારો એક ક્ષણમાં ઉડી જાય છે, અને થોડી વારમાં હૃદયની ઉપર મહાબળવાન વૃત્રાસુરનો અધિકાર સ્થાપિત થઇ જાય છે. હું ભૂંડા વિચાર કરૂં છું, પાપ કરૂં છું, એ બધું હું તે વખતે જાણતો છતાં પણ પાપના તરફ ઘસડાતો-ખેંચાતો ચાલ્યો જાઉં છું. હવે આવી અવસ્થામાંથી માણસે કેવી રીતે બચી જવું ? એનો એકજ ઉપાય છે કે, મનુષ્ય પોતાના પ્રાણોની સમતા પ્રાપ્ત કરે. પ્રાણોની ગતિમાં સમતા આવી ગઇ એનો અર્થજ એ પ્રાણોની (મરુતોની) આત્માની સાથે મૈત્રી બંધાઈ ગઇ, આત્માની સાથે જોડાઈ

જવાથી, આત્માની નજીક આવી જવાથી પ્રાણ સમ અને શાંત બની જાય છે, અને સામ્યાવસ્થામાં આવી ગયેલા પ્રાણ કાર્ય કરવામાં અત્યંત પ્રબળ સાધન બની જાય છે. પ્રાણની સામ્યાવસ્થા વખતે મનની અંદર જે વિચાર ઉત્પન્ન થાય છે તે સ્થિર અને દૃઢ હોય છે અને એવી અવસ્થામાં ઘડેલા સંકલ્પોમાં પણ ખૂબ બળ આવી ગયું હોય છે. જ્યારે આત્માની શક્તિ પ્રાણોને પોતાની સાથે લઇને પ્રાણો દ્વારા પ્રકટ થાય છે, ત્યારે તેની આગળ કોઇનાથી પણ ટકી શકાતું નથી, તમામ વાસનાઓ એકદમ દબાઈ જાય છે. કોઈ પણ પાપી વિચાર પોતાનું માથું ઉંચુ નથી કરી શકતો. ભારેમાં ભારે પ્રલોભનો, પાપનાં જબરામાં જબરાં સૈન્યો આત્માના એકજ સંકલ્પની આગળ એવાં દબાઈ જાય છે કે ફરીથી ઉઠીને ઉભાં થવા નથી પામતાં; આત્માગ્નિની એકજ ઝપટમાં તેઓ બધાંજ બળીને ભસ્મ થઈ જાય છે. પરંતુ એ બધું ત્યારેજ થાય કે જ્યારે આત્મ-સંકલ્પ સમ બન્યા હોય, આત્માના સખા બનેલા પ્રાણો દ્વારા પ્રકટ થતા હોય અને જ્યારે આત્માની જ્વાલા પ્રાણની મારફતે સહસ્રગણી બનીને ભભૂકી ઉઠી હોય. પ્રાણોની આવી મૈત્રી–આવી સહાયતા પ્રાપ્ત કરીને એવું કયું કાર્ય છે કે જેને આત્મા સિદ્ધ કરી ન શકે? પ્રાણ મહાબળવાન છે. પ્રાણનું બળ જ્યાં સુધી અસમ અવસ્થામાં હોય છે ત્યાં સુધી તેને વૃત્રાસુર પોતાના દુષ્ટ કામમાં વાપરતો રહે છે; પણ જ્યાં એનામાં બરાબર સમતા આવી ગઇ એટલે તરતજ એ બળ આત્માનું થઇ જાય છે અને આત્મા તેનો સદુપયોગ કરે છે. આત્માના સખા બની ગયેલા પ્રાણની શક્તિ અજેય છે.

શબ્દાર્થ

(**इन्द्र**) હે આત્મન્! (**विश्वे देवा:**) તમામ દેવતાઓ, તમામ દિવ્ય ભાવો (**ये सखाय:**) જે તારા સાથી હોય છે તે બધાજ (**वृत्रस्य श्वसथात्**) પાપાસુરની એક ફુંકથી–તેના એક શ્વાસથી, તેના બળના પ્રદર્શનથી (**ईषमाणा:**) બ્હીને ભાગી જાય છે, (**त्वां**) તને (**अजहु:**) છોડી દે છે. હે ઇન્દ્ર! (**ते सख्यं**) તારી મૈત્રી, તારો સંગાથ (**मरुद्भिः**) પ્રાણોની સાથે (**अस्तु**) જો થાય (**अथ**) તો તું (**इमाः विश्वा: पृतना:**) પાપની તમામ મોટી મોટી ફોજોને (**जयासि**) જીતી શકે છે.

૨૫ આષાઢ

मोघमन्नं विन्द्रते अप्रचेताः, सत्यं ब्रवीमि वध इत् स तस्य।
नार्यमणं पुष्यति नो सखायं, केवलाद्यो भवति केवलादी ॥
(ऋ० १०-११७-६)

વિનય

સંસારમાં ધનવાન જેવા દેખાતા દુર્બુદ્ધિ (પાપબુદ્ધિ)વાળા માણસોની પાસે જે અન્નભંડાર અને નાના પ્રકારની ભોગસામગ્રી એકઠી થએલી દેખાય છે, તે શું ખરેખરી ભોગ-સામગ્રીજ છે ? અરે ! ભોગવિલાસનાં એ બધાં સાધનો તો ખરૂં જોતાં તેમના મોતનાંજ સાધનો છે. એ તેમનું ‘ મૃત્યુ ’જ છે. એ ભોગ્ય વસ્તુઓ નથી, પણ તેમને પોતાનેજ ખાઇ જનાર તેમના પોતાનાજ ભોક્તા અથવા ભક્ષકો છે. એ તો ભોગ્યસામગ્રીનું મનોહર રૂપ ધારણ કરીને તેમને સ્વાહા કરી જવા આવેલો તેમનો કાળ છે. હે મનુષ્યો ! તમને આ વિચિત્ર વાત ઉપર વિશ્વાસ નહિ આવતો હોય પણ હું તમને સાચુંજ કહું છું. તદ્દન સાચેસાચીજ વાત કહું છું, અને ફરી ફરીને એકની એક તદ્દન સાચીજ વાત કહું છું કે, દુર્બુદ્ધિવાળા માણસોની પાસે એકઠો થએલો સાંસારિક ભોગવિલાસનો સામાન તેમના મૃત્યુનો સામાન છે. ફક્ત મૃત્યુનોજ સામાન છે, એમાં તમે જરા પણ શંકા લાવશો નહિ. એનું કારણ એ છે કે, એ લોકો પોતાના ધન વડે, પોતાના ઐશ્વર્ય વડે ફક્ત પોતાના દેહનેજ પુષ્ટ કરે છે. પોતાના ધન વડે તે નથી તો પોતાના બીજા મનુષ્યભાઇઓનું પોષણ કરીને પોતાના સ્વાભાવિક યજ્ઞ-ધર્મનું પાલન કરતા, તેમ અર્યમા આદિ દેવોને માટે આહુતિઓ આપીને આધિદૈવિક જગતની સાથે પોતાનો સંબંધ પણ નથી જોડતા. તેઓ જો આધિદૈવિક વગેરે બીજાં જગતોને યજ્ઞદ્વારા-નિષ્કામ શુભ કર્મ દ્વારા-પોષિત કર્યા પછી યજ્ઞ કરતાં વધેલા યજ્ઞશેષ વડેજ પોતાની જાતનું પોષણ કરતા હોત તો એની એજ ભોગ-સામગ્રી તેમનેમાટે અમૃત બની જાત. પણ એ વસ્તુઓ જેમને તેઓ અમૃત સમાન બનાવી શકતા હતા તેમને તેઓ પોતાના મોતની સામગ્રી બનાવી રહ્યા છે. હે મનુષ્યો ! યાદ રાખજો કે, પોતાની સંપત્તિનો એકલા એકલા ઉપભોગ કરનારાઓ, બીજાંને પોષ્યા વગર

પોતાના એકલાનાજ પિંડનું પોષણ કરનારા પોતાનું પાપજ ખાય છે; અથવા ફક્ત પાપનોજ ઉપભોગ કરે છે. જ્યારે પોતાની આસપાસ અસંખ્ય માણસો દિવસમાં એક વાર પણ પેટ ભરીને ખાઈ શકતાં નથી, નાગાં અને ભૂખ્યાં માણસો ભાગ્યાંતૂટયાં, સડેલાં ગંદાં ઝૂપડાંઓમાં દહાડા કાઢે છે તે વખતે તેમનીજ વચમાં રહીને ભાતભાતનાં પકવાન્ન આરોગનારાઓ, મહેલાતોમાં રહેનારાઓ, છત્રપલંગ ઉપર પોઢનારાઓ, જેઓ '**अप्रचेता**' લોકો છે તેમના ભોગવિલાસને જોઇને તમે શા વાસ્તે ઈર્ષ્યા કરો છો? અલબત્ત, તમારી સ્થૂળ નજરે તેઓ નાના પ્રકારનાં સ્વાદિષ્ટ પકવાન્ન આરોગતા દેખાય છે ખરા, પણ જરાક ઝીણી નજરે જોશો તો તમને સમજાશે કે, તેઓ બાપડા પોતાનાં પાપનેજ ભોગવી રહ્યા છે, પાપનાજ કોળિયા ભરી રહ્યા છે, કેવળ શુદ્ધ પાપનાજ ભાગી થાય છે અને એવા અયજ્ઞના અતિ ભારે બોજાને તેઓ એકલાજ પોતાની ખાંધ ઉપર ઉપાડીને જીવે છે; એ કામમાં તેમના સિવાય બીજો કોઇ સાક્ષી છેજ નહિ. **केवलाद्यो भवति केवलादी**' એ સંસારનો મહાનિયમ છે. એ નિયમને તમે રખે ભૂલી જતા. શરીર, મન અને આત્મા, એ ત્રણેને પોષણ આપે એવું વાસ્તવિક ભોજન અને ત્રણેનો શીઘ્ર વિનાશ કરી દે એવું પાપમય ભોજન, એ બેની વચ્ચે જે તફાવત છે તેને પારખતાં શીખો. પાપથી ખરડાએલાં પકવાન્ન ખાવા કરતાં લૂખો અને સૂકો રોટલો ખાવો અથવા ભૂખ્યા પડી રહેવું એ હજારગણું શ્રેષ્ઠ છે; કારણ કે પહેલા પ્રકારનું ભોજન મોત છે અને બીજા પ્રકારનું ભોજન અમૃત છે.

શબ્દાર્થ

(**अप्रचेता:**) દુર્બુદ્ધિ મનુષ્ય (**मोघं**) વ્યર્થજ (**अन्नं**) ભોગસામગ્રીને (**विन्दते**) પ્રાપ્ત કરે છે. (**सत्यं ब्रवीमि**) હું સાચુંજ કહું છું કે (**स**) તે ભોગસામગ્રી (**तस्य**) એવા માણસને માટે (**वध इत्**) મૃત્યુતુલ્યજ નીવડે છે–તેનો નાશજ કરનાર થઇ પડે છે! આવો દુર્બુદ્ધિ માણસ (**न अर्यमणं पुष्यति**) યજ્ઞ દ્વારા અર્યમા આદિ દેવોને પુષ્ટિ નથી આપતો, તેમજ (**नो सखायं**) પોતાના માનવબંધુઓને પણ નથી પોષતો. ખરેખર, એ માણસ (**केवलादी**) એકલો એકલો ખાનારો–એકલો એકલો સંપત્તિનો ભોગ કરનાર માણસ (**केवलाघो भवति**) ફક્ત પોતાનાં પાપનોજ ભોગ કરે છે.

૨૬ આષાઢ

पृणीयादिन्नाधमानाय तव्यान्, द्राघीयांसं अनुपश्येत पन्थाम्।
ओ हि वर्तन्ते रथ्येव चक्रा, अन्यमन्यमुपतिष्ठन्त रायः ॥
(ऋ. १०-११७-५)

વિનય

ધનને ચાલ્યા જતાં કાંઈ વાર લાગે છે ? વેપારમાં ખોટ આવે, ચોર ચોરી જાય, લૂંટારા લૂંટી જાય, બેંક દીવાળું કાઢે, ઘર બળી જાય, એવેએવે સેંકડો રસ્તે થઈને લક્ષ્મી તેના માલિકને છોડીને એક પળવારમાં ચાલતી થઈ જાય છે. ખરી વાત એ છે કે, લક્ષ્મી અતિશય ચંચળ છે. મારી પાસે જે ધન છે તેમાંનું હું કોઇને આપીશ નહિ તો તે મારી પાસે ને પાસેજ રહેશે એવું માનનારો માણસ કેવો મૂર્ખ હોવો જોઇએ ! અરે ભાઇ ! ધન તો એવું છે કે જ્યારે તેને જવાનો વખત આવી પહોંચશે ત્યારે એક પળવારમાં તને હાથ ઘસતો કરીને ક્યાંનું ક્યાંય ચાલી જશે ? એટલા માટે હે ધનવાન પુરુષ ! તારાં પૂર્વનાં કોઇ શુભ કર્મના યોગથી તારા હાથમાં જે ધન-સંપત્તિ પ્રાપ્ત થઇ છે તેનો તું યથોચિત સદ્વ્યય કરવામાં, સુપાત્રને દાન દેવામાં સંકોચ ન કર. જીવનમાર્ગને જરાક વધારે વિશાળ દૃષ્ટિએ જોતાં શીખ અને સત્પાત્રને દાન દેવામાં તારૂં પોતાનુંજ કલ્યાણ રહેલું છે અને એજ તારી સાચી કમાઇ છે એવું સમજતો થઇ જા. યથોચિત દાન કરવું એ વાસ્તવિક રીતે જગત્પતિ ભગવાનને ઉધાર નાણું ધીરવા બરાબર છે કે જે ધીરનારને ભારે વ્યાજ સાથે જરૂર પાછું મળનાર છે. જે માણસ જેટલો ત્યાગ કરે છે, તેને તેના ત્યાગના બદલામાં અનેકગણો વધારે બદલો મળેજ છે. એ ઈશ્વરીય

નિયમ છે. દાન એ સંસારનો એક મહાન સિદ્ધાન્ત છે, પણ આટલી ચોખ્ખી ને ચટ વાત લોકોને સમજાતી નથી તેનું કારણ એજ છે કે, તેઓ પોતાના જીવનમાર્ગને ઘણે આઘે સુધી જોઇ શકતા નથી. જીવનમાર્ગ એટલો બધો લાંબો છે, આ સંસાર એટલો બધો વિસ્તૃત છે અને સંસારમાં જન્મ લેનાર જીવોને તેમનાં શુભ અશુભ કર્મનાં ફળ કોણ જાણે કયારે મળે છે, તેમાંનું કશુંજ આપણાથી હાલ જોઇ શકાતું નથી. એથી કરીનેજ આ સંસારમાં જીવન વીતાવતી વખતે આપણને સંસારના અટળ નિયમ પણ દેખાતા નથી. પણ એ નિયમો અચૂકપણે તેમનાં કાર્ય કરતાજ રહે છે અને દરેક જણને તેનાં શુભ અશુભ કર્મોનાં સારાં માઠાં ફળ અવશ્ય વગરભૂલે અપાયેજ જાય છે. આ સંસારની ગતિને જો આપણે જરાક લક્ષ્યપૂર્વક જોઇએ અને તેના ઉપર વિચાર કરીએ તો આપણને સમજાઇ જશે કે, ધન-સંપત્તિ એટલી અસ્થિર છે કે રથના પૈડાની પેઠે ફરતી ને ફરતીજ રહે છે; આજે એકની પાસે તો કાલે બીજાની પાસે. પણ આપણી દૃષ્ટિ એટલી ટુંકી છે કે આપણે ફક્ત ‘આજ’ ને જોઇ શકીએ છીએ અને ‘આજ’ માં એટલા ગૂંચવાઇ રહીએ છીએ કે ‘કાલ’ ને જોતા છતાં પણ જોતાજ નથી. સંસારમાં રોજ રોજ કેટલાય લોકોની સંપત્તિનો નાશ થતો આપણે જોઇએ તો છીએ, પણ આપણી પોતાની સંપત્તિનો નાશ થવાનો વખત આવી પહોંચે તે પહેલાં એક પળ આગમચ પણ આપણે એ ઘટનાને માટે કદી પણ તૈયારી કરતા નથી અને તેથી કરીને જયારે આપણા ધનનો ખરેખરો નાશ થઇ જાય છે, ત્યારે આપણે અકળાઇએ છીએ, રડીએ છીએ અને વિહ્વળ બની જઇએ છીએ. જો આપણે જીવનમાર્ગ ઉપર આઘે સુધી નજર નાખતાં શીખીએ તો ધનની પ્રાપ્તિ અને ધનનો નાશ એ બેઉ બીનાઓ આપણને ઘણીજ તુચ્છ લાગતી થઇ જાય. આ સંસારમાં ક્ષણે ક્ષણે દોડાદોડ કરતા, રથના ચક્રની પેઠે ઘૂમતા ફરતા ધનચક્રને જોઇએ, નદીના નીરની પેઠે વહેતા ધનપ્રવાહને

જોતા થઇએ તો આપણને ધનનો સંચય કરવાનો જરા પણ મોહ ન રહે, પણ તેનો વાજબી ઉપયોગ કરવા તરફ-તેનો સન્માર્ગે યોગ્ય રીતે વ્યય કરવા તરફ-આપણું લક્ષ રહે. એટલા માટે મારા ભાઈ! તમે તમારા જીવનમાર્ગ ઉપર જરા આઘે સુધી નજર દોડાવો, વિશાળ દૃષ્ટિથી જુઓ. તમે યાદ રાખો કે, જગતમાં ઈશ્વરનું ચલાવેલું જે ધનચક્ર ફર્યા કરે છે તે કોઇના બાપનું નથી, પણ જેના હાથમાં તેનો જેટલો અંશ આવે તે સદુપયોગ કરવાને માટેજ છે અને સત્પાત્રને અથવા યોગ્ય કાર્યને માટે તેનું દાન કરી દેવું એજ ધનનો સર્વશ્રેષ્ઠ સદુપયોગ છે. હે મારા ભાઇ! આજ પછી તારે આંગણે કોઈ સાચો ભિક્ષુક-કોઇ દેશસેવાને માટે ભિક્ષાઝોળી લઇને ફરનાર સાચો માગણ-આવે તો તેવા નિઃસ્વાર્થ સાચા ભિક્ષુકને તું કદી પણ ખાલી હાથે પાછો કાઢતો નહિ. તારી શક્તિ અનુસાર તું તેના ભિક્ષાપાત્રમાં અપાય તેટલું ધન ભરી આપજે અને વિશાળ દૃષ્ટિથી જોતાં તને આવડી ગયું હશે તો તને સમજાશે કે તેમ કરીને તેં તારૂં પોતાનુંજ હિત સાધ્યું છે, તારૂં પોતાનું એક આવશ્યક અને સ્વાભાવિક કર્તવ્ય બજાવીને તેં તારી પોતાની જાતનેજ લાભ પહોંચાડયો છે.

શબ્દાર્થ

(**तव्यान्**) ધનથી સમૃદ્ધ બની ગએલા માણસોનો ધર્મ છે કે તેમણે (**नाधमानाय**) ધન માગવા આવેલા સત્પાત્ર ભિક્ષુકને (**पृणीयात् इत्**) દાન આપવુંજ; (**पन्थां**) સુકૃત માર્ગને (**द्राघीयांसं**) લાંબામાં લાંબા અંતર સુધી (**अनुपश्येत**) જોવો જોઇએ. આ લાંબા માર્ગમાં (**रायः**) ધનસંપત્તિઓ (**उ हि**) નિશ્ચયપૂર્વક (**रथ्याः चक्रा इव**) રથનાં પૈડાંની પેઠે (**आवर्तन्ते**) ઉપર નીચે ફરતી ફરે છે-સ્થળાન્તર કર્યા કરે છે અને (**अन्यं अन्यं उपतिष्ठन्ते**) એકને છોડીને બીજાની પાસે ચાલી જાય છે.

२७ आषाढ

अपाम सोमं अमृता अभूम, अगन्म ज्योतिरविदाम देवान् ।
किं नूनमस्मान् कृणवदरातिः, किमु धूर्तिरमृत मर्त्यस्य ॥
(ऋ. ८. ४८-३.)

વિનય

અમરત્વ પ્રદાન કરનાર જ્ઞાનામૃતનું મેં પાન કરી લીધું છે, હું તૃપ્ત થઇ ગયો છું, અમર બની ગયો છું. હવે તો હું મૃત્યુને પેલેપાર ચાલ્યો ગયો છું, કેમકે હું અમર છું, અજર છું તે મેં સ્પષ્ટ જોઈ લીધું છે. હું નિત્ય છું, સનાતન છું, મારો જન્મ કદી થયો ન હતો અને મારૂં મરણ કદી થનાર નથી, એ તત્ત્વનો મેં સાક્ષાત્કાર કરી લીધો છે. મારા જ્ઞાનના પ્રકાશની સહાયતાથી આ બધું હું ચોખ્ખેચોખ્ખું જોઇ શકું છું. હું પ્રકાશના પ્રદેશમાં જઇ પહોંચ્યો છું, ત્યાં ભ્રમ અથવા સંશયને માટે જરા પણ સ્થાન છે જ નહિ. હવે હું મૃત્યુને અધીન થાઉં એવો મનુષ્ય રહ્યો નથી. હું તો હવે માણસ મટીને દેવ બની ગયો છું અને દેવલોકમાં જઇ બેઠો છું. હવે નથી કોઈ મારો મિત્ર અને નથી કોઇ શત્રુ. આ સંસારમાં મારેમાટે વિઘ્ન અને બાધા જેવું પણ કશું રહ્યું નથી. બિચારા મૂર્ખ અને અજ્ઞાની લોકો મને પોતાનો શત્રુ સમજે છે અને મને મદદ કરવાને બદલે ઉલટા હાનિ પહોંચાડવા ઇચ્છે છે. તેઓ પોતે શું કરી રહ્યા છે, કોની સાથે શત્રુતા કરી રહ્યા છે એમાંનું કશું જ જાણતા નથી. ભલે તેઓ થાય તેટલું કરી લે, પણ એમનાથી મારૂં શું બગડી જવાનું હતું ? હું જે પરિતૃપ્ત અને નિષ્કામ પુરુષ છું તેને તેઓ કયી રીતે નુકસાન કરવાના હતા ? હું જે અમર છું તેને બિચારા મરણશીલ માણસો કયા હિંસાભાવથી હણવાના હતા અને કયા શસ્ત્રથી મારવાના હતા ?

હે મારા અમૃતસ્વરૂપ પરમેશ્વર! અમૃતત્વ એ શી વસ્તુ છે તે તેઓ નથી જાણતા, જરાય નથી જાણતા. તું તેમને તારા અમૃતનો જરાક સ્વાદ ચખાડ તો ખરો. તેઓ ચાખશે એટલે સમજતા થઈ જશે કે, મરણશીલ મનુષ્ય તો અતિ તુચ્છ છે અને તેણે પોતાના હાથમાં ધારણ કરેલું ક્ષણભંગુર હથિયાર તો તેના કરતાંય અનેકગણું વધારે તુચ્છ છે! માણસ એક વાર પોતાના મર્ત્યપણાને તુચ્છ સમજતો થાય તો તેના હૃદયમાં અમર બનવાની, દેવત્વ પ્રાપ્ત કરવાની વ્યાકુળતા થઇ આવે. પછી તેને માટે હિંસા, દ્વેષ, ઈર્ષ્યા, કજીઆ-કંકાસ, એમાંનું કશું સંભવેજ નહિ. પછી કોઈને નુકસાન કરવાની તેને જરૂરજ ન રહે; તેની જગ્યાએ ઉલટું બની શકે તેટલું સૌનું ભલું કરવાની પોતાની ફરજ તેને સમજાઇ જાય. કોઈને મારવાની, કોઇનો નાશ કરવાની તેને જરૂર ન રહે, પણ તેને બદલે સૌને જીવિત કરવાનું કામજ તેને માટે બાકી રહી જાય. અરેરે! જે અમર છે તેને મારવાની ઇચ્છા રાખનારાઓ કેટલો વ્યર્થ પ્રયાસ કરી રહ્યા છે! જે પરિતૃપ્ત છે, જે જ્ઞાની છે, જે દેવસ્વરૂપ છે તેને નુકસાની પહોંચાડવાનું ઈચ્છનારા કેટલી ભારે ભૂલ કરે છે! અરેરે! તેઓ પોતાની શક્તિનો કેટલો ભારે દુરુપયોગ કરી રહ્યા છે! હે પરમેશ્વર! તું તેમના ઉપર દયા લાવ, દયા લાવ.

શબ્દાર્થ

(सोमं अपाम) મેં સોમરસ પીધો છે, **(अमृताः अभूम)** હું અમર બની ગયો છું. **(ज्योतिः अगन्म ।** મને પ્રકાશ પ્રાપ્ત થઈ ગયો છે. **(देवान् अविदाम)** હું દેવોને પ્રાપ્ત થઇ ગયો છું, હું દેવ બની ગયો છું, મેં દિવ્યતા, દેવપણું પ્રાપ્ત કરી લીધું છે તેથી કરીને હવે **(नूनं)** નિશ્ચયપૂર્વક **(अरातिः)** શત્રુ, દાનનો અભાવ **(अस्मान् किं कृणवत्)** અમારૂં શું બગાડી શકનાર છે? અને **(मर्त्यस्य धूर्तिः)** મરણશીલ માણસોની હિંસાવૃત્તિ **(अमृत)** હે અમૃત દેવ! **(किं)** મને શું કરનાર છે? મારૂં શું બગાડનાર છે?

२८ आषाढ

त्रातारो देवा अधिवोचता नो, मा नः निद्रा ईशत मोत जल्पिः ।
वयं सोमस्य विश्वह प्रियासः, सुवीरासो विदथमावदेम ॥
(ऋ. ४८–१४)

વિનય

હે પ્રાકૃતિક દેવતાઓ ! તમે અમારી સાથે વાર્તાલાપ કરો. તમે અમારા પ્રતિ એટલા સ્વાભાવિક બની જાઓ અને ઘનિષ્ટ સંબંધથી જોડાઇ જાઓ કે અમે તમારા મનના અભિપ્રાયોને હમેશાં સમજી જઇએ. હે રક્ષક દેવતાઓ ! તમે તો અમારા એટલા બધા આત્મીય છો કે અમે પ્રકૃતિના નિયમોની વિરુદ્ધ અમારાં જીવન વ્યતીત કરતા હોવા છતાં, અમારી જાતને હાનિ પહોંચાડવામાં કશીજ કસર ન રાખવા છતાં તમે તો છેવટની ઘડી સુધી અમારી રક્ષા કરવાનીજ પ્રવૃત્તિ કરતા રહો છો. અમને હાનિ ત્યારેજ પહોંચે છે કે જ્યારે અમે છેક છેલ્લી ઘડી સુધી તમારી ચેતવણી તરફ લક્ષ ન આપીએ, તમે અમને વારંવાર સચેત કરતા રહો તે છતાં અમે તમારી વાત કાને ન ધરીએ અને પ્રાકૃતિક નિયમોનો છડેચોક ભંગ કરતાજ રહીએ. તમે તો બહેરો પણ સાંભળે એવે મોટે સાદે અમને ચેતાવો છો, પણ અમે તમારી સાથે સમસ્વર (ઇન ટ્યૂન) નથી રહ્યા, અમારા યંત્રનો તમારા યંત્રની સાથે અમે મેળ નથી કર્યો તેથી કરીને અમે તમારો અવાજ સાંભળી શકતા નથી. પણ જે કાંઇ છે તે ઉપર કહી તે સમતામાંજ છે. કાં તો અમે સદાય તમોગુણમાંજ પડી રહીએ છીએ અથવા જો કદાચ તમોગુણથી ઉંચે ચઢીએ છીએ તો રજોગુણ અમને પોતાની ઘાણીની સાથે જોડી દઇને આંટા ખવરાવે છે; પણ એ બેઉની સમતામાં (સત્વગુણમાં) તો અમે સ્થિર રહી શકતાજ નથી. અમારી નિદ્રાને અથવા અમારી વાણી વગેરે ક્રિયાઓને કાબુમાં રાખવા જેટલું બળ પણ અ-

મારામાં રહ્યું નથી. જ્યારે અમારા ઉપર '**तमस्**' ચઢી આવે છે, ત્યારે અમે આળસને વશ બની જઇએ છીએ; વળી જ્યારે '**रजस्**' નું જોર ચઢી વાગે છે ત્યારે અમે બોલવા-ચાલવા લાગીએ છીએ. હે દેવતાઓ ! આ અસમતાને તમે દૂર કરી દો. એટલુંજ કરી દો કે હવેથી અમારા ઉપર '**निद्रा**' અને '**जल्पि**' બેઉમાંથી એક પણ અમને તાબે ન કરી શકે. અમને આરામ લેવાની જરૂર લાગે ત્યારેજ અમે આરામ લઇએ, નિદ્રા કરીએ અને ભાષણ વગેરે અમારાં કર્મો ઉપર અમે પૂર્ણ સંયમ રાખી શકીએ. શ્રેષ્ઠ પ્રકારની વીરતા-સુવીરતા—ઉપર કહ્યો તેવો સંયમ રાખવાની શક્તિમાં અને સમતામાંજ રહેલી છે. એટલા માટે હે દેવતાઓ ! જો અમે એવા બની શકીએ તો તમો સૌ દેવોના દેવ એવા સોમ પ્રભુને પણ અમે પ્રિય થઈશું. હવે અમારા મનમાં એજ ઇચ્છા છે કે, અમે તે સોમ પ્રભુને પ્રિય થઇને, સમતામાં સ્થિતિ કરીને, ઉપર કહ્યા તેવા સુવીર બનીને અમે અમારૂં જીવન વ્યતીત કરીએ. તમારા એવા ભાઇ બનીને જે કંઇ જ્ઞાન અમે તમારી પાસેથી પ્રાપ્ત કરીએ તેનો અમે અમારા જીવન દ્વારા, અમારા આચાર દ્વારા પ્રચાર કરતા રહીએ-તમારે મોઢેથી અમે જે કાંઇ સાંભળીએ તે અમે બીજાઓને પણ સંભળાવતા રહીએ. એટલા વાસ્તે હે દેવો ! તમે હવે અમારી સાથે વાર્તાલાપ કરો, તમારી તત્ત્વકથા અમને સંભળાવો.

શબ્દાર્થ

(त्रातारः देवाः) હે રક્ષક દેવો ! **(नः अधिवोचत)** તમે અમારી સાથે વાત કરો, અમને કાંઇક કહો. **(नः निद्रा मा ईशत)** અમે કદી પણ નિદ્રાને અથવા આળસને વશ ન થઇએ **(मा उत जल्पिः)** અને અમે મિથ્યા બકબક ન કરીએ, વ્યર્થ લવારો કરવાની ઇચ્છા અમને પોતાને તાબે કરે નહિ. **(वयं विश्वह सोमस्य प्रियासः)** અમે હમેશાં સોમદેવને વહાલા થઇને અને **(सुवीरासः)** શ્રેષ્ઠ વીર બનીને **(विदथं आवदेम)** જ્ઞાનનો પ્રચાર કરતા રહીએ.

२९ आषाढ

अक्षैर्मा दीव्यः कृषिं इत् कृषस्व, वित्ते रमस्व बहु मन्यमानः ।
तत्र गावः कितव तत्र जाया, तन्मे वि चष्टे सवितायमर्यः ।।
(ऋ. १०-३४-१३)

વિનય

કાંઇ પણ પરિશ્રમ કર્યા વિનાજ ફળ ચાખવાની ઇચ્છા રાખનારા ભાઇઓ ! પરસેવો પાડયા વગરજ સુખસંપત્તિના ભોક્તા થવાની ઉમેદ રાખનારાઓ ! તમે ભારે ભૂલ કરી રહ્યા છો. તમારી ઉપર કહી તે ઇચ્છા જગતના મહાન સિદ્ધાન્તથી તદ્દન વિપરીત છે. આ જગતના સ્વામી, સર્વાન્તર્યામી પ્રેરક પ્રભુએ મને આ વાત ચોખેચોખ્ખી સમજાવી દીધી છે, મારા અંતઃકરણની અંદર તેનો આજે પ્રકાશ થઇ ગયો છે. પહેલાં હું પણ સુખની પ્રાપ્તિ કરવાને માટે ઘણાય ટુંકા રસ્તા (શોર્ટ કટ્સ્) જોઇ વળ્યો હતો, પણ હવે આજે પ્રભુની કૃપા વડે સ્પષ્ટ સમજાઇ ગયું છે કે, જાતે પરિશ્રમ કર્યા વગર કોઈ પણ બાબતનું સાચું સુખ કદી પણ મળી શકતુંજ નથી. આવો આ જગતનો અટળ નિયમ છે. એટલા માટે આજે હું છાપરા પર ચઢીને આખા જગતને કહેવા ઇચ્છું છું, મનુષ્યમાત્રને સંભળાવી દઉં છું કે "હે મનુષ્યો! તમે જુગારીની પેઠે સટ્ટો ન કરો, પણ ખેતી કરો—મહેનત કરો." આજે સંસારી લોકો નાના પ્રકારના સટ્ટા કરી રહ્યા છે, નાના પ્રકારના જુગાર રમી રહ્યા છે. જુદી જુદી પ્રજાઓએ પોતપોતાની સભ્યતા અનુસાર જુગાર રમવાની સભ્ય અને અસભ્ય રીતો શોધી કાઢી છે. પરંતુ એ બધી રીતોના મૂળમાં બે મુદ્દા રહેલા છે. (૧) વગર મહેનતે સમૃદ્ધિમાન બનવાનો લોભ અને (૨) તેને માટે પોતાની જાતને ભાગ્યની અનિશ્ચિત અને સંશયયુક્ત સંભાવના ઉપર છોડી દેવી. સારાંશ કે, પરિણામ અચોક્કસ હોય તોપણ જે થાય તે ખરૂં એમ કરીને પાસો ફેંકી જોવો. એનું એકજ કારણ છે કે, લોકો એક બાજુએ લોભ અને બીજી બાજુએ આળસ એ બેઉ દુર્ગુણને તાબે થઇ જાય છે અને તેથી જુગાર રમવાનું, સટ્ટો કરવાનું પાપ

કરે છે. પણ લોભ અને આળસને લીધે એકલી વ્યક્તિગત સંપત્તિનો નાશ થાય છે એમ ન સમજવું, પરંતુ સામુદાયિક સંપત્તિનો પણ એજ કારણોને લીધે નાશ થાય છે અને કૌટુમ્બિક જીવન (જે મનુષ્યના વિકાસનું એક સાધન છે)ની પણ પાયમાલી થઇ જાય છે. માટે હે મનુષ્યો! તમને સંપત્તિનું સુખ (જેનું ઉપલક્ષણ **'गाव'** છે) અને કૌટુમ્બિક સુખ (જેનું ઉપલક્ષણ **'जाया:'** છે) તે તમને **'कृषि'** દ્વારાજ મળશે, પરિશ્રમ કર્યાથી મળશે;× જુગાર રમ્યાથી અથવા સટ્ટા કર્યાથી નહિ મળે. જાતે પરસેવો પાડીને રળશો તોજ તમને સુખ મળશે, બીજાને ઠગવાથી જે ધન કદાચ તમારા હાથમાં આવશે તેનાથી સુખ નહિ મળે. એટલા માટે ખરી મહેનતની થોડી કમાણીનેજ તમે તમારી સાચી કમાણી સમજી લેજો. પ્રામાણિકપણે ખરી મહેનતથી મેળવેલું થોડું ધન પણ તમને સુખી કરવાને પૂરતું છે; ખરી રીતે તો તમને જોઇએ તે કરતાં પણ વધારે છે. કોઇ પણ જાતના જુગાર **(द्यूत)**થી રહિત સાચી કમાઇનો એકએક પૈસો એકએક હીરા જેટલો કિંમતી છે, અને તેટલોજ સુખદાયક છે. એટલા વાસ્તે હે મારા પ્રિય બંધુ! તું તારી સાચી અને શુદ્ધ કમાઇ વડે મેળવેલો લૂખો રોટલો ખાઇને અમૃતભોજનનો આનંદ માણતાં શીખ અને તે પ્રમાણિકપણે મેળવેલી બે દમડી વડે મોટા બાદશાહના કરતાં પણ વધારે ગર્વ સહિત સાચા આનંદનો સ્વાદ ચાખ.

શબ્દાર્થ

(अक्षैः मा दीव्यः) તું કદી પણ જુગાર રમતો નહિ, પણ **(कृषिं इत् कृषस्व)** ખેતીનુંજ કામ મહેનતથી કર. **(वित्ते बहुमन्यमानः)** મહેનતથી મેળવેલા ધનને ઘણું કરીને માન અને તેના વડેજ **(रमस्व)** આનંદિત, પ્રસન્ન અને સંતુષ્ટ થઇને રહે. **(कितव)** હે જુગારી! **(तत्र)** આવી કમાઇમાંજ **(गावः)** ગૌ વગેરે તમામ સાચી સંપત્તિ છે અને **(तत्र जाया)** તેમાંજ તમામ પ્રકારનું કૌટુંબિક સુખ પણ છે. **(तत्)** આ વાત **(अर्यः अयं सविता)** મારા સ્વામી પ્રેરક પ્રભુએ **(मे)** મને**(वि चष्टे)** સારી રીતે સમજાવી દીધી છે.

× અહીં વપરાએલો 'જુગાર' શબ્દ તેના સામાન્ય અર્થમાંજ ન સમજવો, પણ પૈસા મેળવવાના સહેલા, આડકતરા અને મૂળમાં નીતિ તથા ધર્મથી વિરુદ્ધ જે જે રસ્તા આપણે લઇએ તે બધા જુગારજ કહેવાય. —**સેવાનંદ**

३० आषाढ

विधुं दद्राणं समने बहूनां, युवानं सन्तं पलितो जगार ।
देवस्य पश्य काव्यं महित्वा, अद्या ममार स ह्यः समान ॥
(ऋ. १०-५५-५। सा. उ. ९-१-७। अथर्व. ९-१०-९)

વિનય

અરે મનુષ્યો ! આ એક ચમત્કાર તો જુઓ કે જુવાનને ઘરડો ગળી જાય છે ! તે પરાક્રમી જુવાન જે રણમેદાનમાં ઘણાને મારી હરાવીને નસાડી મૂકે છે અને જે નાના પ્રકારનાં મોટાં મોટાં કામોને સિદ્ધ કરે એવો સમર્થ છે એવા જુવાનને કોણ જાણે કેટલાય જમાનાનો, સફેદ વાળવાળો એક ઘરડો ડોસો ગળી જાય છે ! અરે મનુષ્યો ! તમે કવિઓનાં રચેલાં કલ્પિત કાવ્યો ઘણાંએ વાંચ્યાં હશે, પણ આજે જરા આ તમારી સામેના પ્રત્યક્ષ અને દેવે રચેલા જીવતા અને જાગતા મહાકાવ્ય તરફ તો નજર કરો, અને તેમાં શું લખ્યું છે તે જરા વાંચી તો જુઓ. તેમાં લખ્યું છે કે “ જે હમણાં ગઈ કાલેજ જીવતો હતો તે આજે મરી ગયો છે. ” આ દિવ્ય મહાકાવ્યમાં બસ આટલાજ શબ્દો લખ્યા છે.

ભાઈ ! ત્યારે તમે જુવાનને ગળી જનાર ઘરડો ડોસો કોણ છે તે સમજી ગયા ? તમે તેને ઓળખ્યો ? તમે તમારી પોતાની આંખોની સામે આ દિવ્ય કાવ્ય રચાતું નથી જોતા ? આ દુનિયામાં એવાં દરરોજ હજારો માણસો મરણ પામે છે, જેઓ મરતા પહેલાં એક ક્ષણ અગાઉ બીજાઓને મારી હઠાવવાનું અભિમાન રાખતા હતા, તેમને કોણ ગળી જાય છે તે તમે નથી જોઇ શકતા ? જો તમે આટલું પણ ન જોઇ શકતા હો તો વેદની પોથીમાં એવી મતલબનાં વચનો છે કે, આત્મા પોતાનામાં પ્રાણોને અને ઇન્દ્રિયોને દરરોજ ગળી જાય છે, આદિત્ય શક્તિ ‘चन्द्रमस्’ને ગળી જાય છે અને તે પરમ વૃદ્ધ કાલરૂપ પરમેશ્વર આ અતિ મહાન, અગમ અને ઘણાજ ભારે વેગ સહિત કાર્ય કરનાર આખા

બ્રહ્માંડને પણ ગળી જાય છે, એવાં વચનો વાંચ્યા પછી પણ તમને તે વચનોનું તાત્પર્ય નહિ સમજાય. એક હજાર ચતુર્યુગોનો બનેલો એક કલ્પ, એવા એક કલ્પના અંતમાં વિલય થઇ જતો સંસાર અને હજાર ચતુર્યુગો જેટલો સુદીર્ઘ બ્રહ્માનો એક દિવસ, જે તેને આગલેજ દહાડે જીવતો હતો, પણ તેની 'કાલ' થતાં જ જે મરણ પામ્યો તે પણ તમને નહિજ સમજાય. અને વળી જો તમને આ સંસારની એકેએક ઘટનામાં તેની ક્ષણભંગુરતા દેખાતી ન હોય તો તમને તે દેવ ગમે ત્યારે એક દિવસ તેનું મહત્ત્વપૂર્ણ કાવ્ય ભણાવશે અને તમને પદાર્થપાઠ આપીને શીખવશે કે 'જે કાલે જીવતો હતો તે આજે મરી જાય છે.'

મારા ભાઇ! ઈશ્વરના આ સંસારમાં જન્મીને જો આપણે આ એક જ, સંસારની અનિત્યતાનો એકજ પાઠ બરાબર પાકો શીખી લઈએ, આ એક જ પાઠને ગોખી ગોખીને પાકો કરી લઇએ તો ઓછામાં ઓછો આપણને એક લાભ તો જરૂર થાય જ થાય અને તે લાભ એ છે કે, આપણામાં આપણા બળનું, આપણી નવજુવાનીનું, આપણી કાર્યકારિણી શક્તિનું અને બીજાઓને મારી હઠાવવાનું જે અભિમાન છે તે અભિમાન તો જરૂર ઓગળી જાય; અને એ લાભ કાંઇ જેવો તેવો છે! આટલો એક જ પાઠ શીખી લઇએ તો પણ પૂરતો છે. એટલું શીખ્યા હોઈશું તો નક્કી જાણજો કે, આપણે તમામ કાવ્યો ભણી ચૂકયા અને આપણને કેળવણીનું પૂરેપુરૂં ફળ મળી ચૂકયું.

શબ્દાર્થ

(युवानं सन्तं) એક એવા જુવાનને **(विधुं)** જે વિવિધ કામો કરે એવો છે અને **(समने)** યુદ્ધમાં **(बहूनां)** ઘણાને **(दद्राणं)** મારી હઠાવે એવો છે તેને **(पलितः)** એક ઘરડો ડોસો **(जगार)** ગળી જાય છે. **(देवस्य)** દેવના **(महित्वा)** આ ભારે મહિમાવાળા **(काव्यं)** કાવ્યને **(पश्य)** જુઓ કે **(ह्यः सम्+आन)** જે કાલે જીવતો હતો, શ્વાસ લઈ રહ્યો હતો, **(सः)** તેજ **(अद्य)** આજ **(ममार)** મરી ગયો છે.

३१ आषाढ

माता रुद्राणां दुहिता वसूनां, स्वसादित्यानां अमृतस्य नाभिः।
प्र नु वोचं चिकितुषे जनाय, मा गां अनागां अदितिं वधिष्ट ॥
(ऋ. ८–१०–१–१५)

વિનય

હે મનુષ્ય ! તું ગૌને કદી પણ હણતો નહિ. આ બિચારી નિરપરાધી *ગૌને કદી પણ મારતો નહિ. તું ચેતનયુક્ત છે, તને પરમાત્માએ કાંઈક સમજશક્તિ, અક્કલ, બુદ્ધિ આપી છે. એટલા વાસ્તે હું તને કહું છું કે, તું ગૌનો ઘાત કદી પણ કરતો નહિ. તું તારી બુદ્ધિનો જરાકજ ઉપયોગ કરીશ તો તને સમજાશે કે, આ ગૌ છે તો ઘણીજ ગરીબ, ભોળી અને તદ્દન નિર્દોષ. એટલા માટે એને હરકોઈ સહેલાઇથી હણી શકે છે, ગમે ત્યારે મારી શકે છે. મારવાથી એ મરી પણ જશે. સામી મારવા નહિ આવે; પણ તે એવી છતાં એટલી બધી મહત્ત્વશાલિની છે કે તમામ દેવતાઓની સાથે એનો સંબંધ છે અને અમરપણાનું તે એક કેન્દ્ર છે. તાત્પર્ય એ છે કે, એને મારવી એ આપણો પોતાનોજ નાશ કર્યા બરાબર છે, એનો ઘાત કરવો એટલે આત્મઘાત કરવો, બીજું કાંઇજ નહિ. એ ગૌ બીજે ક્યાંય નહિ પણ આપણી પોતાની અંદર છે. તે '**अदिति**' એટલે આત્મશક્તિ છે, તે આપણી વાણી છે, આપણા અંતરાત્માની શક્તિ છે, અંદરનો અવાજ છે. તેને તમે દબાવી દેશો તો તે દબાઇ જશે એમાં કાંઇજ શક

---

* વેદમાં 'ગૌ' એટલે વાણી, કિરણ, પૃથ્વી અને છેક છેવટે ગાય થાય છે. જુઓ '**બ્રાહ્મણની ગૌ**' (સ. સા. કાર્યાલય)—**સેવાનંદ**

નથી, પણ સાથે સાથે તમારો આત્મા પણ નષ્ટ થઇ જશે. આ 'अदिति' વાણી (આ આદિત્યોની બહેન) વસુઓ-આત્મામાં વસેલા અગ્નિઓ દ્વારા પ્રકટ થાય છે (એટલા માટે એ તેમની પુત્રી કહેવાય છે) અને મનુષ્યોના તમામ રુદ્રો-પ્રાણો-ની અને તેની તમામ ચેષ્ટાઓની એ માતા છે. તે એવી અમૃત વસ્તુ છે કે તેને મારવાનો યત્ન કરનાર પોતેજ મરી જાય છે અને તેનું રક્ષણ કરનાર પોતેજ સુરક્ષિત રહે છે. આ અંદરની 'ગૌ'ની આધિદૈવિક પ્રતિનિધિ ભૂમિ છે અને આધિભૌતિક અર્થમાં તે રાષ્ટ્રદેવી અથવા સ્વદેશજનની, માતૃભૂમિ છે, અને પશુઓમાં તે ગૌમાતા-ગાય છે. હે ચેતનયુક્ત મનુષ્ય! તું વિચાર કર કે, ગૌનાં હમણાં જે જે સ્વરૂપ કહ્યાં તેમાંના કોઇનો પણ ઘાત કરવાથી કેવાં ભયંકર પરિણામ આવે છે! ભૂમિ, રાષ્ટ્ર અને ગાયોની રક્ષા કરવામાંજ મનુષ્યની, મનુષ્યજાતિની રક્ષા છે; અને તેમનો ઘાત કરવામાં સૌનું મૃત્યુ છે. માટે તું સાવધાન રહેજે કે, રખેને તારે હાથે ભૂમિરૂપી ગૌની, રાષ્ટ્ર અથવા સ્વદેશરૂપી ગૌની તેમજ ગાય નામના પશુની જરા પણ હિંસા ન થઇ જાય, અથવા તેમને હાનિ પહોંચે એવું એક પણ કર્મ તારે હાથે ન થાય. કદી પણ પ્રતિરોધ ન કરનારી ગૌઓની હિંસા કરવાની લાલચ તારી સામે આવીને ઉભી રહે તો તે વખતે તું એટલું યાદ કરજે કે, એ બધીજ ગૌઓ અમૃતની નાભિઓ-કેન્દ્રો-છે અને પોતપોતાનાં ક્ષેત્રના આદિત્યો, વસુઓ અને રુદ્રોની સાથે સંબંધ ધરાવતી દિવ્ય શક્તિઓ છે. તેમને મારીને તું કદી પણ સુખી નહિ થાય, કદી પણ તારી ઉન્નતિ નહિ થાય. પણ છેવટે એ બધી બાહ્ય ગૌઓની પણ જે ગૌ છે તે તો અંતરાત્માની વાણી છે. એ ગૌને તો તું રખેને છેડતો. એનું તો તું હમેશાં પાલનજ કરજે અને તેની આજ્ઞાનું હમેશાં પાલન કરતો રહેજે. તારૂં બધુંજ હોમી દેવું પડે તો તે પણ હોમી દઇને તું એ ગૌની રક્ષા કરજે. અને

જરા પણ દબાવતો નહિ. આ અમૃતનાભિ 'અદિતિ' ગૌનું જો તું રક્ષણ કરીશ અને પાલન-પોષણ કરીને તેને પુષ્ટ કરીશ તો એક દહાડો તું પણ અમૃત બની જઇશ અને દેવોના રાજ્યની પ્રાપ્તિ કરીશ. તું સાવધાન રહેજે કે જેથી કરીને આ સર્વથી અપ્રતિરોધિની પરમ શાન્ત ગૌને તારે હાથે જરા પણ તિરસ્કાર ન થવા પામે, એને જરા પણ ક્ષતિ ન પહોંચે.

શબ્દાર્થ

હું **(चिकितुषे जनाय)** દરેક ચેતનાયુક્ત મનુષ્યને **(नु प्रवोचं)** કહી દઉં છું કે **(अनागां)** નિર્દોષ અને **(अदितिं)** જે મારવા યોગ્ય નથી એવી **(गां)** ગૌને **(मा वधिष्ट)** કદી પણ મારતો નહિ, કેમકે એ **(रुद्राणां माता)** રુદ્ર દેવોની માતા છે. **(वसूनां दुहिता)** વસુદેવની એ પુત્રી છે અને **(आदित्यानां स्वसा)** આદિત્યોની બહેન છે અને **(अमृतस्य नाभि:)** અમરપણાનું કેન્દ્ર છે.

* * *

૩૨ આષાઢ

अजीतये अहतये पवस्व, स्वस्तये सर्वतातये बृहते ।
तदुशन्ति विश्व इमे सखायः, तदहं वश्मि पवमान सोम ॥
(ऋ. ९-९६-४)

વિનય

અમે ઇચ્છીએ છીએ કે, અમે અજિત રહીએ. અમે કદી હારીએ નહિ, અમે કદી માર્યાં ન જઇએ, અમને કદી ક્ષતિ ન પહોંચે; અમારૂં કલ્યાણજ થાય, કદી અકલ્યાણ થાયજ નહિ. પરંતુ એ સર્વને માટે હે સોમ ! અમે તમારા રસની અપેક્ષા રાખીએ છીએ, તમારા રસના ભિક્ષુક છીએ, તમારો રસજ એકલો અમને મળી જાય તો બાકીનું બીજું બધું તો અમને આપોઆપ આવી મળશે. જેવી રીતે ગ્રીષ્મ ઋતુ પૂરી થયા પછી મેઘની વૃષ્ટિ વાડી–ખેતરોમાંનાં તમામ વૃક્ષ વનસ્પતિઓને જે વખતે ફરીથી પુનરુજ્જીવિત કરે છે તે વખતે તેમનામાં રસ ઉત્પન્ન થાય છે, લીલાશ આવે છે, નવા અંકુર અને પલ્લવ ફૂટે છે, ફૂલ બેસે છે અને ફળ લાગે છે, એ બધું ફક્ત તેમને માત્ર એક વર્ષાનો રસ મળવાથીજ થઇ જાય છે; એવી રીતે આ સંસારરૂપી મહાઉદ્યાન પણ હે રસને વરસાવનાર સોમ ! તમારો રસ પામીને ફાલે છે, ફૂલે છે અને જીવિત રહે છે. આ સંસારોદ્યાનનાં વૃક્ષરૂપી તમામ પ્રાણીઓ તમારામાંથી જીવન પ્રાપ્ત કરીને પોતાનો આત્મવિકાસ સાધે છે. અમારે કોઈ પણ પ્રકારની ઉન્નતિ સાધવી હોય, કોઇ પણ દિશામાં આત્મવિકાસ કરવો હોય તો હમેશાં અમને એકજ વસ્તુની જરૂર રહે છે અને તે તમારા તરફથી મળતો જીવનરસ અથવા સોમરસ. એટલા માટે હે પવમાન સોમ ! આ સંસારના મારા તમામ સાથીઓ તમારી આગળ તે જીવનરસની ભિક્ષા માગતા

ઉભા છે–તમારી પાસે તેઓ એ એકજ વસ્તુ માગે છે. હું પણ તમારી આગળ એ એકજ ચીજની ટહેલ નાખી રહ્યો છું. તો હે સોમ! હવે તમે મારા હિતાર્થે દ્રવિત થાઓ, આ મારા માનવબંધુઓના હિતાર્થે દ્રવિત થાઓ, તમારૂં અમૃત વરસાવો. અમારી અજીતિ, અહતિ, સ્વસ્તિ ઇત્યાદિ તમામ કામનાઓ પૂર્ણ કરવાને વાસ્તે તમે દ્રવો. હે અમૃતના વરસાવનાર! એકલાં મનુષ્યોને માટે નહિ પણ આ તમામ ચરાચર બૃહત્ સંસારને માટે તમારી અમૃતવર્ષાનું દાન કરો. તમારી અમૃતવૃષ્ટિ એવી વરસાવો કે તમારા અમૃતના સિંચનથી પ્રાણવાન થએલા આ વિશાળ બ્રહ્માંડના તમામ જીવો, નાનાં મોટાં તમામ પ્રાણીઓ હમેશાં ઉચિત દિશામાં, યોગ્ય રીતે પોતાની તમામ પ્રકારની ઉન્નતિ કરતાં જાય, સર્વનો સદા ઉદયજ થતો જાય. એવી રીતે આખા જગત ઉપર અને પ્રાણીમાત્ર ઉપર તમારા અમૃતનું સિંચન કરતા રહીને તમે હું સરખા એક અતિતુચ્છ પ્રાણીને પણ તમારો તે અમૃતરસ ચખાડજો. હે સોમ! જરા આ તરફ જુઓ. તમારો અમૃતરસ પીવાને આ આખો સંસાર કેવો વ્યાકુળ બનીને ઉભો છે અને હું પણ કેવો તરફડાટ કરી રહ્યો છું તે જરા જુઓ.

શબ્દાર્થ

(पवमान सोम) હે ક્ષરિત થનારા સોમ! **(अजीतये)** અમે અજિત થઇએ તે માટે, **(अहतये)** અમને કોઈ હણે નહિ તે માટે **(स्वस्तये)** અમારા કલ્યાણને માટે તથા **(बृहते सर्वतातये)** આ મહાન સંસારની સર્વ પ્રકારની ઉન્નતિને માટે સર્વના ઉદયને માટે **(पवस्व)** તમે ક્ષરિત થાઓ. **(तत्)** તેનેજ **(इमे विश्वे सखायः)** આ મારા બધા મનુષ્ય સાથીઓ **(उशन्ति)** ઇચ્છે છે, માગે છે અને **(तत्)** તેનેજ **(अहं)** હું **(वश्मि)** ચાહું છું–તેને માટે હું વ્યાકુળ છું.

યાદ રાખ

यदन्तरं तद् बाह्यं यद् बाह्यं तदन्तरम् ।
(अथर्ववेद २–३०–४)

જે તારી અંદર હોય તેજ બહાર હોય
અને જે બહાર હોય તેજ
અંદર હોય.

वैदिक-विनय

(द्वितीय खण्ड)

५. २८

वर्षा ऋतु

(જગતી છંદ)

वर्षानी ऋतुचर्या

લક્ષણ:—ગ્રીષ્મ ઋતુની સખત ગરમીને લીધે વરાળ બનીને આકાશમાં ગએલો પૃથ્વીનો રસ (જળ) દક્ષિણાયનનો સૂર્ય થતાં પાછો પાણીના સ્વરૂપમાં પૃથ્વી ઉપર વરસવા લાગે તેટલા સમયને વર્ષા ઋતુ કહે છે.

સાધારણ રીતે વર્ષા ઋતુના ચાર માસ (ચાતુર્માસ–ચોમાસું) ગણાય છે–આષાઢ, શ્રાવણ, ભાદ્રપદ અને આશ્વિન. એ ચાર પૈકી* વર્ષા ઋતુના મુખ્ય મહિના શ્રાવણ અને ભાદ્રપદ બેજ માનવા જોઇએ.

મહિમા:—ગ્રીષ્મ ઋતુમાં તો જાણે આખું જગત એક પ્રકારની તપશ્ચર્યા કરે છે એમજ કહેવું જોઇએ, અને આપણી તપશ્ચર્યા જાણે સફળ થઇ હોય તેમ તેના બદલામાં ઈન્દ્ર દેવતા આપણા ઉપર વરસાદના રૂપમાં અમૃત વરસાવીને આપણને કૃતકૃત્ય કરે છે. ગરમીને લીધે સૂકાઇ ગએલી, ચીમળાઇ ગએલી વનસ્પતિ તથા સ્થાવર–જંગમ તમામ પ્રાણીઓ વર્ષામૃતનું પાન કરીને ફરીથી પ્રફુલ્લિત થાય છે અને નવીન પ્રાણથી ભરપૂર બની જાય છે. મનુષ્ય, પશુ–પક્ષી અને વનસ્પતિ, સૌમાં નવીન પ્રાણ પ્રવેશ કરે છે. સમસ્ત ભૂલોક જુદાજ પ્રકારની પ્રાણશક્તિ પ્રાપ્ત કરે છે. તેને 'રયિસ્થ' પ્રાણ અથવા અપાન પ્રાણ પણ કહે છે. અન્ન, જળ ઇત્યાદિ દ્વારા આપણને જે પ્રાણ મળે છે તે મૂળ વરસાદની મારફતે પૃથ્વી ઉપર ઉતરી આવે છે. અથર્વવેદના પ્રાણસૂક્તમાં પ્રાણની વર્ષાનું સુંદર વર્ણન કર્યું છે. (અથર્વ, વેદ–૧૧–૪–૨, ૩, ૪, ૫, ૬)

---

* ગુજરાતની પરિસ્થિતિને ધ્યાનમા લેતાં આષાઢ અને શ્રાવણ એ બે મહિના વર્ષાઋતુના છે, કેમકે આષાઢમાં ચોમાસુ પૂરેપુરૂં બેસી જાય છે. સંયુક્ત પ્રાન્તમાં ચોમાસું મોડું બેસવાથી આષાઢ ગ્રીષ્મમાં ગણાય છે. ઋતુચર્યાનું પાલન કરનારે આ વાત લક્ષમાં રાખવી.

—સેવાનંદ

નવીન પ્રાણનું શોષણ કરીને તમામ વૃક્ષ વનસ્પતિઓ ફરીથી લીલાં છમ બની જાય છે, કુદરતની હરિયાળી શોભાને જોઈને પશુપક્ષી હરખાય છે, માટીનાં પડ નીચે દબાઇને પડી રહેલા દેડકા ફરીથી સજીવન થાય છે, મોર કળા કરીને નૃત્ય કરવા લાગે છે, માણસો પણ ટાઢક પામીને પ્રસન્ન થાય છે. જીવમાત્રને માટે ખોરાકની સામગ્રી ખેતરોમાં તૈયાર થવા લાગે છે. નદી–તળાવ જળથી ભરપૂર બની જાય છે. અસલના વખતમાં સાધુ–સંન્યાસીઓ આ ઋતુમાં ભ્રમણ ન કરતાં એક જગ્યાએ બેસીને ચાતુર્માસ વ્યતીત કરતા અને તેટલો વખત સ્વાધ્યાય કરવામાં ગાળતા. આશ્રમોમાં વેદપાઠનો પ્રારંભ થઇ જતો.

ગુણઃ—આ ઋતુ શીતળ, દાહકારક, જઠરાગ્નિને મંદ કરનારી અને વાતકારક છે. આ ઋતુમાં તમામ પ્રાણીઓનું બળ તથા જઠરાગ્નિ ન્યૂન અવસ્થામાં રહે છે.

પથ્યાપથ્યઃ—ગ્રીષ્મ ઋતુની લઘુતા અને રૂક્ષતાને લીધે શરીરમાં સંચિત થએલો વાત આ ઋતુમાં ગરમી અને ઠંડક બેઉના સમાગમથી એકદમ પ્રકુપિત થઇ જાય છે, તેથી કરીને આ ઋતુમાં વાતનાશક–અર્થાત્ મીઠા, ખાટા અને ખારા રસોનું સેવન કરવું ઉચિત છે. વળી આ ઋતુમાં શરીર ભીનું રહે છે તેથી કરીને તેની શાન્તિને માટે તીક્ષ્ણ તૂરા અને કડવા રસનું સેવન પણ કરતા રહેવું જોઇએ. ચોખા, જવ, ઘઉં, ઘી, દૂધ, અડદ, ગરમ અને સ્નિગ્ધ (પરંતુ વાતનાશક હોય તેટલાજ) પદાર્થોનો ઉપયોગ કરવાથી લાભ થાય છે. એથી ઉલટું અતિ પરિશ્રમ, લૂખા તથા શીત પદાર્થો વાતકારક હોવાને લીધે તેમનો ત્યાગ કરવો જોઇએ. નદીઓ અને તળાવોનાં પાણી મલિન હોવાથી તેમનો પીવાના કામમાં ઉપયોગ ન કરવો.

પરંતુ આ ઋતુમાં ગરમ અને સ્નિગ્ધ વસ્તુઓનો પણ ઝાઝો ઉપયોગ કરવો એ પણ ઠીક નથી. આ ઋતુમાં અમ્લવિપાકી જળ તથા એવી બીજી ઔષધિઓનું સેવન કર્યાથી

પિત્તનો સંચય થાય છે. વર્ષા ઋતુની ભીનાશને લીધે એ પિત્ત અત્યારે તો પ્રકુપિત થતું નથી, પણ શરદ્ ઋતુમાં પ્રકુપિત થઇને પિત્તજન્ય વ્યાધિઓને ઉત્પન્ન કરે છે. માટે આ ઋતુમાં ગરમ અને સ્નિગ્ધ પદાર્થોનું અધિક પ્રમાણમાં સેવન કરવાથી આગળ જતાં શરદ્ ઋતુના પ્રારંભમાં પિત્તનો અધિક પ્રકોપ થવાનો સંભવ રહે છે.

વળી આ ઋતુમાં આકાશમાં વાદળાંનો ઘટાટોપ રહેતો હોવાથી માણસોનો યકૃત (લિવર–તલ્લી) બરાબર કામ કરતો નથી, તેથી કરીને યકૃત્‌ને ઘણું કામ કરવું પડે એવા ભારે પદાર્થો નજ ખાવા. એટલાજ માટે જૂના વિચારના લોકો આ ઋતુમાં એકટાણાં કરતા હતા. આ ઋતુમાં કસરત ફાયદાકારક છે. પહેલાં કસરત કરીને શરીરમાંથી પરસેવો કાઢી નાખવો અને પછી શરીરને ખૂબ રગડવાથી –માલીશ કરવાથી ઘણો ફાયદો થાય છે.

હિંદી કહેવત મુજબ શ્રાવણ માસમાં દૂધ અને ભાજીપાલો નિષિદ્ધ છે; કેમકે આ ઋતુમાં ગાય–ભેંસનું દૂધ પાતળું હોય છે અને ભાજીપાલામાં પાણીનું પ્રમાણ વધારે પડતું હોય છે. વળી ભાદરવા મહિનામાં છાશ પીવાનો પણ નિષેધ કર્યો છે; કેમકે તેમાં ખટાશનો ભાગ વધારે હોય છે.

श्रावण मास

श्रावण मास (कर्क राशि) माटे

प्रायदायक व्यायाम

હૃદય, વાંસો અને પાંસળાંને આરોગ્ય તથા બળ આપનારી કસરત

અગાઉ બતાવેલી રીત પ્રમાણે ઉભા રહો. હાથ નીચેની બાજુ તરફ લટકતા રાખો અને છાતીને આગળ કાઢો. હથેળીઓ શરીરને અડકેલી રહેવી જોઇએ. હવે કેડને મધ્યબિંદુ બનાવીને ડાબા–જમણી બેઉ બાજુએ વારાફરતી જેટલા વાંકા વળાય તેટલા વળો. ડાબી બાજુએ નમતી વખતે જમણો હાથ એટલો ઉંચો કરતા જવું કે તે હાથની આંગળીઓ બગલને અડકે અને જમણી બાજુએ નમતી વખતે ડાબા હાથને પણ એજ રીતે એટલે સુધી ઉંચો કરવો. આ કસરત કરતી વખતે શરીરની માંસપેસીઓ ઢીલી રહે તો તેથી હરકત નથી. શરીરને જ્યારે સીધી દિશામાં લાવો તેટલા વખતમાં શ્વાસ અંદર ખેંચવો અને જયારે તે ડાબા–જમણી નમતું હોય તેટલા વખતમાં શ્વાસને બહાર કાઢી નાખવો. આ પ્રમાણે દશ બાર વાર હિલચાલ કરવી.

વળી આ મહિનાને માટે એક બીજા પ્રકારની કસરત નીચે મુજબ છે:—

જમીન ઉપર ચત્તા સૂઇ જવું અને બેઉ હાથ માથાની નીચે રાખવા. આખા શરીરની તમામ માંસપેશીઓને ખૂબ તંગ કરવી. પછી પેટ અને ફેફસાં પૂરેપુરાં વાયુથી ભરાઇ જાય અને ઘણામાં ઘણાં ફૂલી જાય એવો એક દીર્ઘ શ્વાસ લેવો. ત્યાર પછી અંદર ખેંચેલા વાયુને ધીરે ધીરે એવી રીતે બહાર કાઢવો કે છાતી તેમજ પેટ તદ્દન ખાલી થઇ જાય. આટલું કર્યા પછી માંસપેશીઓને ઢીલી કરીને જરા

વાર આરામ લેવો અને વળી પાછી ઉપર મુજબ ક્રિયા કરવી.

આ બેઉ કસરતો કરતી વખતે હૃદય અને કરોડના અવયવોની સ્વસ્થ નીરોગ અવસ્થાનું ધ્યાન કરતા રહેવું.

ધ્યાન—મારૂં હૃદય ખૂબ દૃઢતા અને પૂર્ણતા સહિત પોતાનું કાર્ય કરી રહ્યું છે. મારો એકે એક શ્વાસ મારા હૃદયને એવું ચેતનયુક્ત બનાવી દે છે કે તેના વડે મારા શરીરનો એકે એક જીવનકોશ પુષ્ટિ પામતો રહે છે.

એજ પ્રમાણે કરોડ અને પાંસળાંની બાબતમાં પણ આવુંજ ધ્યાન કરતા રહેવું.

વળી ગૌણ રીતે વૈશાખ, કાર્તિક અને માઘ માસ માટેની કસરતો પણ ઉપરના અવયવોને ફાયદો પહોંચાડે છે.

१ श्रावण

पृथक् प्रायन् प्रथमा देवहूतयोऽकृणवत श्रवस्यानि दुष्टरा।
न ये शेकुर्यज्ञियां नावमारुहमीर्मैव ते न्यविशन्त केपयः ॥
(ऋ. १०-४४-६। अथर्व. २०-९४-६)

વિનય

ભાઇઓ ! આ સંસારસાગરને તરાવીને પાર ઉતારે એવી નૌકા તો યજ્ઞમયીજ હોય છે. આપણે યજ્ઞકર્મ નહિ કરીએ તો મનુષ્યત્વથી ઉંચો દરજ્જો આપણે પ્રાપ્ત નહિજ કરીએ, એટલુંજ નહિ પણ આપણાથી મનુષ્યત્વ પણ સાચવી નહિ રખાય; તેનાથીય નીચે પશુત્વમાં ઉતરી પડવું પડશે. જુઓ, કેટલાય 'देव-हूति' પુરુષો આ ભૂલોકથી ઉંચે ચઢીને દેવલોક, પિતૃલોક, બ્રહ્મલોક વગેરે યશોમય અને દુષ્પ્રાપ્ય લોકોમાં જઇ પહોંચ્યા છે. અથાગ પરિશ્રમ કરીને તેઓ આ મનુષ્યાવસ્થાને ઓળંગીને દેવ બની ગયા છે. એ લોકો યજ્ઞિય નૌકાના ઉપર સવાર થઇનેજ ત્યાં જઈ પહોંચ્યા છે. તેમણે પોતાનામાં દેવોનું, દિવ્યતાઓનું, દૈવી ભાવોનું આવાહન કર્યું હતું અને 'प्रथम' થઈ ચૂકયા હતા, પહેલા નંબરના જ્ઞાની બની ચૂકયા હતા. હવે એથી ઉલટી દિશા તરફ નજર નાખો. જુઓ, કેટલાય ભાગ્યહીન લોકો જેમનાથી થોડોક પણ સ્વાર્થત્યાગ થયો નહિ તેથી કરીને તેઓ અયજ્ઞિય થયા, ઋણબદ્ધ બની ગયા અને તેથી તેમને પેલી નૌકામાં બેસવાનો અધિકાર મળ્યો નહિ. બીજાઓ ચાલ્યા ગયા ત્યારે આ બિચારા અહીંના અહીંજ બંધનમાં પડી



पृथक् प्रायन् प्रथमा देवहूतयोऽकृण्वत श्रवस्यानि दुष्टरा ।
न ये शेकुर्यज्ञियां नावमारुहमीर्मैव ते न्यविशन्त केपयः ॥

રહ્યા છે. અહીં પણ તેમનું ઠેકાણું લાગતું નથી. કેટલાક **'कैपि'**–નિંદ્ય અને નીચ આચરણ કરનારા લોકો તો હજીય વધારે ને વધારે નીચે ગબડતા જાય છે, મનુષ્યત્વમાંથી પશુત્વમાં જઇ પડે છે. ફરીથી પાછા પવિત્ર બનીને મનુષ્યત્વને પામવાનું તેમને માટે હવે ઘણું દોહ્યલું છે. માટે આવો મારા ભાઇઓ! આપણને મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે તેટલા વખતમાં કાંઇ ને કાંઇ યજ્ઞ–સ્વાર્થત્યાગ–તો જરૂર કરી લઇએ, એટલું યજ્ઞકર્મ પણ કરી છૂટીશું તો ઋણબદ્ધ અવસ્થા તો આપણી નહિજ થાય. આપણી ઉપર માતા–પિતાનું, આપણા ગુરુનું, સમાજનું, રાષ્ટ્રનું, માનવજાતિનું, પ્રકૃતિ–માતાનું અને પરમેશ્વર વગેરેનું જે જે ઋણ છે તેના બંધનમાંથી છૂટા થવાને આપણે આપણા અંગત સ્વાર્થોનો નિત્ય હવન કરતા રહેવું જોઇએ. એટલું પણ જો આપણે કરી છૂટીશું, પરમ આવશ્યક એવા પાંચ યજ્ઞોજ યથાશક્તિ કરતા રહીશું તોપણ પેલી યજ્ઞિય નૌકા ઉપર બેસવા જેટલી જગ્યા આપણને મળી રહેશે અને દેવયાન લોકોમાં નહિ તો ઓછામાં ઓછું પિતૃયાણ લોકોમાં તો જઇ પહોંચીશુંજ; આપણા મનુષ્યપણાને તો નહિ ખોઇ બેસીએ. માટે ભાઇઓ! સાવધાન થઇ જાઓ, યજ્ઞમયી નૌકા હજી ઉભી છે. આપણે ધારીએ તો દેવહૂતિ બનીને, દિવ્ય સ્વભાવ ધારણ કરીને, કર્મશીલ થઇને આ નૌકા દ્વારા સંસારરૂપી દુસ્તર સાગર ઓળંગીને જ્ઞાનૈશ્વર્યમય ઉંચામાં ઉંચા લોકો સુધી ગતિ કરી શકીએ છીએ. જો એ નૌકામાં બેસવાની જગ્યા નહિ મળે તો એવી કફોડી હાલતમાં ફસાઈ પડીશું, એવા નિર્લજ્જ થઈ જઇશું, આપણો સ્વભાવ એવો નીચો અને પામર બની જશે કે ફક્ત ગંદાં અને અપવિત્ર કર્મો કરવામાંજ આપણને મઝા પડતી જશે અને તેમ તેમ આપણે નીચતાના ખાડામાં વધારેને વધારે ઉંડા ગરકતા જઇશું. આવી અવસ્થામાંથી બહાર નીકળીને પવિત્ર બનવાનો ફરીથી આપણને સુયોગ મળશે કે નહિ અને મળશે તો તે કયારે મળશે તે કોણ જાણી બેઠું છે? પાપયોનિના

દુષ્ટ ચક્રમાંથી છૂટા થવાની અને યજ્ઞિય નૌકાનો આશ્રય પામવાની બીજી વાર તક ક્યારે મળશે તે કોણ ચોક્કસપણે કહી શકે એમ છે ?

શબ્દાર્થ

(**प्रथमा:**) જેઓ પહેલા નંબરના અથવા વિસ્તૃત જ્ઞાનીઓ છે, (**देवहूतय:**) જેઓ દેવો છે અથવા દિવ્ય ગુણોનું આવાહન કરનારા મનુષ્યો છે તેઓ (**पृथक्**) જુદાજ (**प्रायन्**) પ્રકૃષ્ટ માર્ગ દ્વારા (પોતપોતાના લોકોમાં) જઇ પહોંચે છે. તેઓ (**दुष्टरा**) ધણાંજ દુષ્પ્રાપ્ય (**श्रवस्यानि**) જ્ઞાનૈશ્વર્યોને, સાંભળવા યોગ્ય નાના પ્રકારના યશને (**अकृण्वत**) પ્રાપ્ત કરે છે. પરંતુ (**ये**) જેઓ (**यज्ञियां नावं**) આ યજ્ઞમયી નૌકા ઉપર (**आरुहं**) ચઢવાને (**न शेकु:**) અશક્ત છે (**ते**) તેઓ (**केपयः**) કુત્સિત, અપવિત્ર આચરણવાળા થઇને (**ईर्मा एव**) અહીં આ લોકમાંજ (**न्यविशन्त**) નીચા ને નીચા ઉતરતા જાય છે.

२ श्रावण

अहमिन्द्रो न पराजिग्य इद् धनं, न मृत्यवेऽवतस्थे कदाचन।
सोममिन्मा सुन्वन्तो याचता वसु, न मे पूरवः सख्ये रिषाथन॥
(ऋ. १०-४८-५)

વિનય

હું ઈન્દ્ર છું, હું આત્મા છું. મને કોઇ કદી પણ હરાવી શકેજ નહિ. મારૂં ઐશ્વર્ય કદી કોઇ હરી શકેજ નહિ. પ્રકૃતિની સાથે મારૂં યુદ્ધ જામ્યું છે. પ્રકૃતિ મારૂં ઐશ્વર્ય હરી લેવા ઇચ્છે છે; પણ હું એ પ્રકૃતિની સાથે જેટલી જેટલી લડાઇઓ લડયો છું તે બધીમાં અંતે હુંજ વિજયી નીવડયો છું અને જેમ જેમ વિજયી થતો જાઉં છું, તેમ તેમ મારામાં મારા નવા નવા ઐશ્વર્યનો વિકાસ થતો જાય છે. પ્રકૃતિની સાથેની લડાઈમાં મેં કદી હાર તો ખાધીજ નથી. એવું થવુંજ જોઇએ. ન કેમ થાય? હું કોણ છું? હું મોતને પણ ચાવી ખાઉં એવો છું. આખી દુનિયાને સ્વાહા કરી જનાર મૃત્યુ પણ મારી આગળ ઉભું રહી શકતુંજ નથી. હું અમર આત્મા છું. મૃત્યુના કરતાં વળી કયું બીજું શ્રેષ્ઠ શસ્ત્ર પ્રકૃતિ મારા ઉપર અજમાવવાની હતી? હે મનુષ્યો! તમે મારી પાસે આવીને ઉભા રહો, મને જુઓ અને બોલો કે "હું અમર છું," "હું અમર છું." અરે! આ તમને થયું છે શું? પ્રકૃતિની મોહિની મૂર્તિની આગળ ઐશ્વર્યોને માટે તમે ભીખ માગતા ફરો છો અને તેની પાછળ પાછળ દોડતા ફરો છો? એ તો માયા છે. એ તમને ઠગીને બનાવી કાઢે એવી છે. એ તમને શું ઐશ્વર્ય આપવાની હતી? એની પાસે છે શું? તમને એની પાસેથી જો કોઇ પણ ઐશ્વર્ય મળતું દેખાય તો નક્કી જાણજો કે, એ મારી શક્તિ વડેજ મળ્યું છે. એટલા વાસ્તે હે મનુષ્યો! તમે મારી પાસે આવો. તમારે ઐશ્વર્ય જોઇતાં હોય તો મારી પાસે માગી લ્યો. હું તમને જે જોઇએ તે બધુંજ આપી શકું છું; પણ એક શરતે કે, તમારે મારી પાસે ઐશ્વર્ય માગવું હોય તો સોમરસનું સવન કરતાં કરતાં-યજ્ઞાર્થે નિષ્કામ કર્મ કરતાં કરતાંજ માગવું જોઇશે.

સંસારમાં કોઈ સાચો સોમરસ હોય તો તે આત્માજ છે. સાચું જ્ઞાન, ભક્તિરસથી ભરપૂર આત્મજ્ઞાનજ છે. એ જ્ઞાનનું નિષ્પાદન કરવામાં તમારાં જે જે કર્મ તમને સહાયક થતાં હોય તે બધાંનેજ સોમરસનાં સવનરૂપ માની લેજો. જે જે કર્મો યજ્ઞાર્થે કરાય-નિષ્કામભાવે કરાય તે બધાંમાંજ સોમરસના ઘૂંટડા ભર્યા છે. એવાં યજ્ઞકર્મ તમને અમર બનાવી દે છે, તમને મારી પાસે ખેંચી લાવે છે, તમારી 'आत्मविशुद्धि'ને* અર્થેજ હોય છે. માટે તમે ખૂબ યત્નપૂર્વક ઉદ્યોગસહિત ઉપર કહ્યા તેવા સોમરસનું સવન કરતા રહીને—સોમરસને નીચોવતા રહીને—તમારે મારી પાસે જે કાંઇ માગવું હોય તે માગી લેજો. તમે જે કાંઇ માગશો તે બધુંજ હું તમને જરૂર આપીશજ. અરે! તમને એક પછી એક અણમૂલાં ઐશ્વર્યો મળતાંજ રહેશે. તમે આ માયાની પાછળ કાં દોડતા ફરો છો અને તેની પાસે પડેલી ઠીકરીઓ વીણતા ફરો છો? તમે મારી પાસેથી અંદરનો ખજાનો શા માટે નથી માગી લેતા? અરે મનુષ્યો! તમે મારી સાથે-આત્મા સાથે-મૈત્રી કરો. એટલું કરશો તો તમે વિનાશની પાર ચાલ્યા જશો. આ પ્રકૃતિના ગુણોની સાથે તમે બહુ દહાડા મૈત્રી કરી ચૂક્યા. હવે મારી સાથે મૈત્રી કરી જુઓ. મારી એ પ્રતિજ્ઞા છે કે, મારા મિત્રનો આ સંસારમાં કોઇથી નાશ થઈ શકતોજ નથી. આવો, મારી પાસે આવો, હું અમર આત્મા તમને અમર બનાવી દઇશ.

હે નરદેહ ધારણ કરનારાઓ! સાંભળી લો. તમારાજ આત્માનો આ સિંહનાદ છે, તમારાજ આત્માની એ ગર્જના છે. સાંભળી લો, સાંભળી લો.

શબ્દાર્થ

(अहं इन्द्रः) હું આત્મા છું **(धनं न पराजिग्ये इत्)** હું મારા ઐશ્વર્યને કદી ગુમાવી શકુંજ નહિ. **(मृत्यवे न कदाचन अवतस्थे)** મૃત્યુ કદી પણ મારી આગળ ફરકી શકતુંજ નથી. **(हे पूरवः)** હે મનુષ્યો! **(सोमं सुन्वन्तः इत् मा वसु याचत)** યજ્ઞાર્થ કર્મ કરતા રહીને તમે મારી પાસેથી ઐશ્વર્યો માગી શકો છો. **(मे सख्ये न रिषाथन)** મારી મૈત્રીમાં-મારા સખ્યમાં-રહેશો ત્યાં સુધી તમને કદી પણ કષ્ટનો અનુભવ થાયજ નહિ-થવોજ ન જોઇએ.

---

* ગીતા, અધ્યાય ૫, શ્લોક ૧૧ —મૂળલેખક

३ श्रावण

आ नो भद्राःक्रतवो यन्तु विश्वतोऽदब्धासो अपरीतास उद्भिदः ।
देवा नो यथा सदमिद्वृधे असन्न प्रायुवो रक्षितारो दिवे दिवे ॥
(ऋ १-८९-१ । यजु० २५-१४)

વિનય

* " મનુષ્ય " ક્રતુમય (સંકલ્પમય) છે, માટે મનુષ્યે ક્રતુ અર્થાત્ સંકલ્પ અને અધ્યવસાય કરતાં શીખવું જોઇએ. " પણ એ સંકલ્પ આપણે કરવા કયે પ્રકારે?

પહેલી જરૂરી વાત એ છે કે, આપણા ક્રતુ (સંકલ્પ) '**भद्राः**' હોવા જોઇએ. આપણે હરકોઇ સંકલ્પ કરીએ તે બધા શ્રેષ્ઠજ હોય. શુભ અને કલ્યાણકારીજ હોય. આપણા સંકલ્પોથી જેટલા અભદ્ર સંકલ્પો હશે તેમને દેવતાઓ સ્વીકાર કરતા નથી, એટલે તેઓ કદી ફળીભૂત થતાજ નથી. એટલા માટે આપણો હમેશાં એવોજ આગ્રહ હોવો જોઇએ કે, જે કોઈ સંકલ્પ આપણા મનમાં ઉત્પન્ન થાય તે બધા શુભજ હોય; તે એવા હોય કે જેમના વડે દેવતાઓ—અર્થાત્ આ સંસારને ચલાવનારી ઈશ્વરની દિવ્ય શક્તિઓ, આપણી સદાય ઉન્નતિ કરતી રહે. પણ સંકલ્પ ફક્ત શુભજ હોય તો તેટલાથી પણ કાંઇ વળતું નથી. સંકલ્પ શુભ તો હોવાજ જોઇએ, પણ ઉપરાંત બળવાન પણ હોવા જોઇએ. તેઓ '**अदब्ध**' હોવા જોઈએ કે જેથી કરીને કોઈ વિરોધી શક્તિ તેમને દબાવી ન દે. ત્યારપછી તે સંકલ્પો ઉદ્‌ભેદન કરે. મતલબ કે, પોતાના રસ્તામાં વિઘ્ન કરનારી તમામ ગૂંચવણોનું, વિઘ્નોનું, બાધાઓનું ઉદ્‌ભેદન કરે—ઉકેલ કરે—જે જે ગૂંચો હોય તેમને ઉકેલી નાખે અને તમામ બંધ બારણાંને ઉઘાડી નાખીને આપણને ઠેઠ સફળતાસુધી લઈ જાય એવા હોવા જોઇએ. આપણા શુભ સંકલ્પોમાં ખૂબ તાકાત પણ હોવી જોઇએ. તે ઉપરાંત એ સંકલ્પો '**परीत**' અર્થાત્ પહેલેથી ઘેરાઇ ગએલા, અવળી દિશાએ દોરવાઈ ગએલા તેમજ કોઈ મહાન શુભ હેતુના વિરોધી પણ ન હોવા જોઇએ. આપણા સંકલ્પો કોઈ મહાન સિદ્ધાન્તની સાથે અથડામણમાં આવે અથવા તેમાં દખલ કરે એવા પણ ન હોવા જોઇએ. જો આમાંનો કોઇ પણ દોષ

---

*છાન્દોગ્ય ઉપનિષદ્, ૩-૧૪-૧.—**મૂળલેખક**

આપણા કરેલા સંકલ્પમાં હશે તો દેવો તેમને તોડી પાડશે, સફળ નહિ થવા દે. એટલા માટે આજથી આપણે નિશ્ચય કરીએ કે, આપણા મનમાં માત્ર શુભ અને બળવાન સંકલ્પોજ ઉત્પન્ન થાય, જેઓ ઈશ્વરના નિયમોને સદા અનુકૂળ હોવાને લીધે દેવતાઓ જેમના વડે આપણી હમેશાં ઉન્નતિજ કરતા રહે અને રાત-દિવસ પ્રમાદરહિત આપણા રક્ષક બનીને ઉભા રહે. પ્રભુના નીમેલા એ દેવોનું કામ તો આપણી ઉન્નતિજ કરવાનું છે અને તેઓ નિરંતર જરાક પણ ભૂલચૂક કર્યા વગર આપણું રક્ષણ કરવાને માટે તૈયાર ને તૈયારજ હોય છે. પણ આપણે કાં તો બળવાન પણ અભદ્ર સંકલ્પો કરીને અથવા વ્યર્થ, નિષ્પ્રયોજન અને નિર્બળ એવા અનેક સંકલ્પો કરીને એવી સ્થિતિ ઉભી કરી દઇએ છીએ કે પેલા દેવોના તરફથી આપણને જે મદદ મળતી રહેવી જોઇએ તે આપણે હાથે કરીને ગુમાવીએ છીએ, તેનો લાભ આપણને જરાય મળતો નથી. એટલા માટે આપણે દૃઢ નિશ્ચય કરી દઇએ કે, આજથી આપણા મનમાં માત્ર ભદ્ર સંકલ્પોજ ઉત્પન્ન થાય, કોઈથી દબાઈ જાય નહિ એવા બળવાન સંકલ્પોજ ઉત્પન્ન થાય; વિઘ્નોને હઠાવતા, ગૂંચવણોને ઉકેલતા આગળ ને આગળ ચાલ્યા જાય એવાજ સંકલ્પો ઉત્પન્ન થાય. વળી તેઓ ક્ષુદ્ર ન હોય, પણ મહાન હોય, સૌનું કલ્યાણ ઇચ્છનારા હોય અને અપરીત હોય–કોઇથી ઘેરાએલા ન હોય. આવા પ્રકારના સંકલ્પો આપણા તરફ ચારે દિશાએથી આવે, જેમની સહાયતાથી આપણે જગતના નિયામક દેવતાઓને સદા અનુકૂળ રહીને જીવનમાર્ગના ઉપર રોજ રોજ આગળ ને આગળ ધપતા જઇએ.

શબ્દાર્થ

(**नः भद्रा क्रतवः विश्वतः आयन्तु**) અમારી પાસે માત્ર શ્રેષ્ઠ સંકલ્પોજ બધી દિશાએથી ચાલ્યા આવે, (**अदब्धासः**) જેઓ કદી પણ દબાઇ જાય નહિ એવા હોય, (**अपरीतासः**) જેઓ કોઇનાથી ઘેરાઇ ગએલા ન હોય, (**उद्भिदः**) જેઓ ઉદ્‌ભેદન કરે એવા હોય, (**यथा देवाः न सदमिद् वृधे असन्**) જેમના વડે દેવતાઓ હમેશાં અમારી ઉન્નતિજ કરતા રહે (**दिवे दिवे अप्रायुवो रक्षितारश्च आसन्**) અને દેવતાઓ જેથી દરરોજ પ્રમાદ રહિત બનીને અમારા રક્ષકનું કાર્ય કરતા રહે.

४ श्रावण

देवस्य वयं सावितुः सवीमनि श्रेष्ठे स्याम वसुनश्च दावने ।
यो विश्वस्य द्विपदो यश्चतुष्पदो निवेशने प्रसवे चासि भूमनः ॥
(ऋ. ६-७१-२)

વિનય

અખિલ વિશ્વની ઉત્પત્તિ અને સ્થિતિ કરનાર એકલા તમે જ છો. આ જગતમાં જે અસંખ્ય સચેતન પ્રાણીઓ નજરે પડે છે—જેઓ દ્વિપદ મનુષ્યો છે અને જેઓ ચોપગાં પશુઓ છે—તેમને સૌને પેદા કરનાર, તેમનું રક્ષણ અને પાલન કરનાર તમે જ છો. આ અખિલ બ્રહ્માંડની ઉત્પત્તિ તમારામાંથી થઈ છે. અને તેના ઉપર તમારૂંજ અખંડ રાજ્ય ચાલી રહ્યું છે. આ અપરિમેય સંસારમાં જે જે હિલચાલ, ક્રિયા, ગતિ, ચેષ્ટા ઇત્યાદિ થયા કરે છે તે સર્વના મૂળ પ્રેરક અને પ્રવર્તક તમે જ છો. પવન ઘાસના તણખલાને હલાવે છે તે પણ તમારી આજ્ઞાથી જ હલાવે છે. એટલા વાસ્તે હે સર્વપ્રેરક દેવ! હે સવિતા! અમારે તમારી આગળ એક પ્રાર્થના કરવાની છે, તે એ કે અમે હમેશાંજ તારી શ્રેષ્ઠ પ્રેરણાઓને અને તમારાં આપેલાં ઐશ્વર્યોરૂપી શ્રેષ્ઠ દાનને ઝીલતા રહીએ. આટલી અમારી ઇચ્છા છે. આ જગતમાં શ્રેષ્ઠ અથવા અશ્રેષ્ઠ જે કાંઇ થઇ રહ્યું છે તે બધું જ તમારી આપેલી શક્તિનું કાર્ય છે. પરંતુ અમે તો એવું માગીએ છીએ કે, અમારાં શરીર, વાણી તેમજ મનથી જે જે ક્રિયાઓ થાય તે બધી શ્રેષ્ઠજ હોય. અમારાં શરીર અને મન દ્વારા તમારી શ્રેષ્ઠ પ્રેરણાનો પ્રવાહ વહેતો થઇ જાય. આ સંસારનાં સારાં માઠાં બધાં જ ઐશ્વર્યો તમારામાંથી જ ચાલ્યાં આવે છે, પણ અમને તો તમારૂં જે શ્રેષ્ઠ ઐશ્વર્ય હોય તેજ મળવું જોઇએ. દુનિયામાં તો અધર્મ

વડે પ્રાપ્ત કરેલાં અને જેમનો ઉપયોગ અધર્મને રસ્તે થતો હોય એવાં ઐશ્વર્યો પણ છે, એવી જ રીતે પ્રામાણિકપણે મેળવેલાં અને જેમનો સદ્ઉપયોગ જ થતો હોય એવાં ઐશ્વર્યો પણ છે. અમને તો બીજા પ્રકારનું જ ઐશ્વર્ય મળે. વળી ઊંચો નીચો, સારો માઠો, ઉત્તમ અધમ, એવો નાના પ્રકારનો સંસાર છે. આ સમગ્ર વિશ્વ તમારી જ વિભૂતિ છે. પણ અમે તો તમારી ઊંચામાં ઊંચી વિભૂતિના જ અંશ બનીએ એવી અમારી ઇચ્છા છે. અમારી જાતને ઉન્નત કરે એવાં જે કંઇ સાધનો અમે જાણીએ છીએ તે સર્વનો અભ્યાસ અમે ભારે યત્નપૂર્વક કરીએ છીએ, અમારી યોગ્યતા વધારવાનો અમારા તરફથી અમે થાય તેટલો પ્રયત્ન કરતા રહીએ છીએ; એટલા વાસ્તે તમે અમને તમારી શ્રેષ્ઠ પ્રેરણાના પાત્ર બનાવો; અમને તમારા શ્રેષ્ઠ ઐશ્વર્યના અધિકારી બનાવો અને તમારૂં જે શ્રેષ્ઠ ઐશ્વર્ય હોય તેનું અમને દાન કરો.

શબ્દાર્થ

(यः विश्वस्य द्विपदः) તું જે સઘળાં બે પગવાળાંઓનો તથા **(चतुष्पदः)** તું જે ચાર પગવાળાં પ્રાણીઓનો **(निवेशने असि)** આશ્રયદાતા છે **(भूमनः प्रसवे च [असि])** અને આવડા મોટા વિશાળ સંસારનો પ્રેરક છે, ગતિ આપનાર છે, **(सवितुः देवस्य)** એવા તું પ્રેરક દેવની **(श्रेष्ठ सवीमनि)** શ્રેષ્ઠ પ્રેરણામાં **(वयं स्याम)** અમે હોઇએ **(वसुनश्च)** અને તારા ઐશ્વર્યના **([श्रेष्ठ] दावने)** શ્રેષ્ઠ દાનની અંદર અમે હોઇએ. (અર્થાત્ અમે તારી શ્રેષ્ઠ પ્રેરણાને ઝીલીએ અને અમને તારા શ્રેષ્ઠ ઐશ્વર્યનું દાન મળે.)

५ श्रावण

यो अस्मै घ्रंस उत वा य ऊधनि सोमं सुनोति भवति द्युमाँ अह ।
अपाप शक्रस्ततनुष्टि मूहति तनूशुभ्रं मघवा यः कवासखः ॥
(ऋ. ५-३४-३)

વિનય

સંસારમાં બે પ્રકારનાં માણસો હોય છે. તેમાં હું કયા પ્રકારનો છું ? મને રાત-દિવસ ઈશ્વરના ભજનમાં મસ્ત રહેવાનું ગમે છે ! શું હું ઈશ્વરના ભજનમાં ચોવીસ કલાક વ્યતીત કરૂં છું ? વારૂ, ચોવીસે ચોવીસ કલાક નહિ તોપણ દિવસે અને રાત્રે મળીને ઓછામાં ઓછો અડધોજ કલાક ઈશ્વરને મારા સાચા અંતઃકરણનાં પ્રેમ અને ભક્તિ અર્પણ કરવામાં ગાળું છું ? અથવા જેને **'ततनुष्टि'** કહે છે તેવો હું છું ? રાત અને દહાડો વિષયમાં ને વિષયમાંજ રચ્યો પચ્યો રહું છું ? જેમનો કદી છેડોજ ન આવે એવા વિષયોની તૃપ્તિમાંજ બધું લક્ષ આપું છું ? પોતાના સ્વાર્થને માટે પૈસા પેદા કરવામાં અને પોતાને પાંચ પૈસા મળે પણ તેથી બીજું કોઇ દુઃખી થાય છે કે નહિ, બીજા કોઇને નુકસાન થાય છે કે નહિ તેની લગાર પણ દરકાર રાખ્યા વિના, દગો-પ્રપંચ વગેરે કરીને અને પરધન મેળવવાની નાના પ્રકારની નવી નવી યુક્તિઓ અને યોજનાઓ ઘડવામાં અને તેમનો અમલ કરવાની પ્રવૃત્તિમાં તો હું મારો બધો વખત નથી વીતાવતો ને ? મારા શરીરની શોભામાં વધારો કરવામાં, તેને શણગારવામાં, તેને નાના પ્રકારનાં લાડ લડાવવામાં મારી જિંદગીના અમૂલ્ય સમયમાંથી દરરોજ અમુક કલાક હું બરબાદ તો નથી કરતો ને ? મારી અંદરના માનસિક અથવા સૂક્ષ્મ શરીરને સ્વચ્છ, બળવાન અને સુંદર બનાવવાને મેં કોઇ વાર જરાક પણ

પ્રયત્ન કરી જોયો છે? આ કામ માટે મેં જરા પણ વખત ફાજલ પાડયો છે? મારા મિત્રો, સોબતીઓ કેવા વિચારના અને કેવા આચરણવાળા છે? મારી આસપાસ હલકાં અને ગંદાં આચરણવાળા લોકોની ટોળી તો નથી એકઠી થતી ને? નિંદ્ય કર્મ કરનારા દુષ્ટ લોકો, જેઓ બહારથી ઘણા આકર્ષક હોય છે, તેમને મળવામાં–તેમની સોબતમાં મને રસ તો નથી પડતો ને? અહો! તે સર્વશક્તિમાન્ ઇન્દ્રના નિયમો અટળ છે! હું જેવાં કામ કરીશ તેવાં ફળ મારે ચાખવાં પડશે. કાં તો હું તેજસ્વી બનીશ અથવા તો હું નીચો પડીશ અને મારો વિનાશ થશે. ભગવાન તો સોમરસનું સવન કરનારાઓને–સોમરસને નીચોવનારાઓને રાતદિવસ વધારે ને વધારે તેજસ્વી બનાવતા રહે છે અને વિષયગ્રસ્ત માણસોનો નાશ કરતા રહે છે.

શબ્દાર્થ

(**यः**) જે (**ग्रंस उत वा यः ऊधनि**) રાત હોય કે દહાડો હોય પણ હમેશાંજ–બધો વખતજ (**अस्मै**) તે પરમેશ્વરને માટે (**सोमं सुनोति**) સોમરસનું સવન કરે છે–જ્ઞાનપૂર્વક ભક્તિમાં પોતાનો બધો વખત ગાળે છે અને ભક્તિ દ્વારા પરમેશ્વરનું યજન કરે છે (**अह द्युमान् भवति**) તે નિશ્ચયપૂર્વક તેજસ્વી (પ્રકાશવાન) થઈ જાય છે અને એથી ઉલટું (**ततनुष्टिं**) રાત અને દહાડો જેઓ વિષયોની તૃપ્તિમાંજ ડૂબ્યા રહે છે, દિવસે દિવસે વિષયોમાં વધારે વધારે ફસાતા જાય છે, જેઓ પોતાના સ્વાર્થમાંજ રચ્યા પચ્યા રહે છે, જેઓ અજયનશીલ છે–અર્થાત્ સ્વાર્થત્યાગ કદી કરતાજ નથી, (**तनूशुभ्रं**) શરીરને શણગારવામાં, શરીરની શોભાનો વધારો કરવામાંજ જેઓ બધો વખત ગાળે છે અને (**यः कवासखः**) જેઓ નઠારી સોબતમાં રહે છે, જેમના મિત્રો અને સોબતીઓ હલકાં અને નિંદાપાત્ર આચરણવાળા છે, તેવા લોકોનો પણ (**शक्रः मघवा**) સર્વશક્તિમાન ઐશ્વર્યયુક્ત ઇન્દ્રદેવ (**अप अप ऊहति**) નાશ કરી દે છે, જગતને ચોપડેથી તેમનાં નામ ભૂંસી નાખે છે.

६ प्रकरण

ये देवा देवेष्वधि देवत्वमायन् ये ब्रह्मणः पुर एतारो अस्य ।
येभ्यो न ऋते पवते धाम किंचन,न ते दिवो न पृथिव्या अधि स्नुषु
(यजु० १७-१४)

વિનય

જેઓ દેવોમાં પણ ઉંચા દરજ્જાના દેવ કહેવાય છે અને જેમના હાથમાં આ મહાન સંસારની લગામ રહે છે તે પૂર્ણ દેવોને પણ તમે ઓળખો છો ? એ દેવો કોણ છે ? તેઓ મુક્તાત્માઓ છે, તેઓ પોતે તો મુક્ત થઇ ગયા છે, છતાં જગતના કલ્યાણને માટે દત્તચિત્ત થઇને કાર્ય કરતા રહે છે. તેમણે તો દેવપણાનું બંધન પણ ફગાવી દીધું છે, પોતે સંપૂર્ણ બ્રહ્માંડના બની ગયા છે, આખાય બ્રહ્માંડની સાથે એકરસ બની ગયા છે, બ્રહ્માંડના આત્માની સાથે પોતાના આત્માની એકતા સાધીને દેવોથી પણ શ્રેષ્ઠ એવા 'પૂર્ણદેવ' થઈ ગયા હોય છે. આ આખો સંસાર જે પોતાના પરમ આત્માની તરફ ધીરે ધીરે ગતિ કરી રહ્યો છે, તેમાંથી સૌથી આગળ ચાલનારા એ લોકો છે. તેઓ પરમ આત્માના સૌથી વિશેષ નિકટના સાધનરૂપ થઇને આ સંસારનું સંચાલન કરતા રહે છે. જે ઈશ્વરીય શક્તિઓ સંસારના જીવોને અસત્માંથી સત્ તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને મૃત્યુમાંથી અમૃત તરફ હમેશાં દોરતી રહે છે, સંક્ષેપમાં કહીએ તો જે શક્તિઓ આ સંસારને હમેશાં પવિત્ર કરતી રહે છે તે આ પૂર્ણદેવોના આનંદમય અને વિજ્ઞાનમય કેન્દ્રોમાંથી પ્રવાહિત થયા કરે છે. આ ઉપરથી કોઇએ એવો અર્થ ન કરવો કે, એ દેવો કોઈ વિશેષ સ્થાનમાંજ રહે છે. જેવી રીતે સાધારણ દેવો દ્યુલોકમાં (પ્રકાશમય જગતમાં) રહે છે, તેમ આ દેવોને

રહેવાનું કોઈ ખાસ સ્થળ હોતું નથી. તેઓ કોઇ પણ જગ્યાએ રહેતા નથી, પરંતુ પોતાની શક્તિઓને પ્રવાહિત કરવાને માટે કોઇ પણ એક જગ્યાને પોતાનું કેન્દ્ર બનાવી શકે છે. એમના વિના કોઈ પણ સ્થાન (ધામ) પવિત્ર થઇ શકતું નથી, પણ તે છતાં તેઓ પોતે તો કોઇ પણ એક ખાસ જગ્યાએ રહેતાજ નથી. તેઓ બ્રહ્મમાં રહે છે. આખા બ્રહ્માંડમાં સર્વત્ર રહે છે અને પોતાની શક્તિના પ્રવાહ વડે આખા બ્રહ્માંડને પવિત્ર કરતા રહે છે. તેઓ તમને દ્યુલોકના કોઇ પ્રાન્તમાં નહિ મળે, તેમ પૃથ્વીના પણ કોઈ ભાગમાં દીઠા નહિ જડે. પણ તે છતાં આ સંસારનું કોઇ પણ ધામ, કોઇ પણ ક્ષેત્ર, કોઇ પણ લોક એવો નથી, કે જેની પવિત્રતાનું મૂળ કારણ આ દેવો ન હોય.

આપણે બદ્ધ જીવો એવા પરમ દેવોને પુનઃ પુનઃ નમસ્કાર કરીએ, મસ્તક નીચું નમાવીને તેમને નમન કરીએ.

શબ્દાર્થ

(**ये देवा:**) જે દેવો (**देवेषु अधि**) દેવોમાં પણ (**देवत्वं**) વધારે ઉંચા પ્રકારના દેવત્વને (**आयन्**) પ્રાપ્ત થયા છે, (**ये**) જે (**अस्य ब्रह्मण:**) આ બૃહત્ સંસારને (**पुर: एतार:**) આગળ ચલાવનારા, દોરનારા છે (**येभ्य: ऋते**) અને જેમના સિવાય (**किंचन धाम**) કોઇ પણ ધામ, કોઈ પણ સ્થાન (**न पवते**) પવિત્ર થઇ શકતું નથી (**ते**) તે પૂર્ણ દેવો (**न दिवो स्नुषु अधि**) દ્યુલોકના કોઇ પણ ભાગમાં નથી રહેતા (**न पृथिव्या:**) તેમ પૃથ્વીના પણ કોઇ ભાગમાં નથી રહેતા.

૭ શ્રાવણ

देवो देवानामसि मित्रो अद्भुतो वसुर्वसूनामसि चारुरध्वरे ।
शर्मन्त्स्याम तव सप्रथस्तमेऽग्ने सख्ये मा रिषामा वयं तव ॥
(अथर्व. १-९४-१३)

વિનય

હે પ્રભો ! અમે ઇચ્છીએ છીએ કે, અમે તારા વિસ્તીર્ણતમ શરણમાંજ આવીને રહીએ. તારૂં શરણ એટલું વિશાળ છે કે તેની અંદર આવી જનાર માણસને કોઈ પણ સ્થળમાં અને કોઇ પણ કાળમાં દુઃખ અડકી શકતું નથી. આવો ગુણ સંસારની બાજી કોઇ પણ વસ્તુમાં નથી. સંસારમાં એવી બીજી એક પણ વસ્તુ નથી, કે જેનો આશ્રય લેવાથી દુઃખમાંથી સદાને માટે પરિત્રાણ થઇ જાય. બીજાં તમામ સુખ, બીજાં તમામ આશ્રયસ્થાન, બીજાં તમામ શરણસ્થાન આની તુલનામાં અત્યંત તુચ્છ છે. એનું કારણ એ છે કે, સંસારના તમામ દેવોના પણ તમે દેવ છો. બીજા દેવોમાં જે દેવપણું છે તે પણ આવ્યું છે તો તમારામાંથીજ. તમારા આશ્રય વિના આ અગ્નિ વગેરે મહાન દેખાતા દેવો દેવોજ ન રહે. તમામ આશ્રયોના એક અંતિમ આશ્રયસ્થાન તમે છો. સર્વ પ્રકારનાં ધનના પણ ધન તમે છો. તમે મળો એટલે બીજાં બધાં ધન નકામાં બની જાય છે. તમામ પવિત્ર યજ્ઞોમાં તમેજ શોભાયમાન થઇ રહ્યા છો. યજ્ઞોની શોભા, સૌંદર્ય અને તેજ તમેજ છો. તમે જ્યાં ન હો તે યજ્ઞ યજ્ઞજ ન કહેવાય; અને વળી તમે અદ્ભુત મિત્ર છો. તમારા જેવો મિત્ર બીજો હોયજ કોણ ? હોઇ શકેજ કોણ ? એક તો સર્વશક્તિમાન અને બીજું ત્રણે કાળનું જેને જ્ઞાન છે એવો મિત્ર જેને મળી જાય તેને પછી બીજું જોઇએજ શું ? એટલા માટે અમે તારા સખ્યમાં (મૈત્રીમાં) દાખલ થવા ઇચ્છીએ છીએ. અમે તને દેવોનો દેવ અને વસુઓનો વસુ જાણી લીધો છે. એથી કરીને

અમને હવે તારા સિવાય બીજા કોઇ પણ દેવની અને કોઇ પણ વસુની પ્રાપ્તિની ઇચ્છા રહીજ નથી. તને અમે "તમામ યજ્ઞોના સૌંદર્ય"રૂપે જોઇ લીધો છે, ઓળખી લીધો છે; માટે તો અમને હવે કોઈ પણ કર્મકાંડમય યજ્ઞો કરવામાં રસ પડતો નથી અને તેવા યજ્ઞો પ્રત્યે અમારૂં મન પણ આકર્ષાતું નથી. તારૂં નિરંતર ધ્યાન કરવારૂપી યજ્ઞજ અમને તો સર્વોત્તમ યજ્ઞ લાગે છે. વળી અમે તને અદ્‌ભુત મિત્ર તરીકે પણ જાણી લીધો છે—વાહ! કેવો અદ્‌ભુત અને કેવો વિલક્ષણ મિત્ર! તારા જેવા સર્વશક્તિમાન અને સર્વજ્ઞ મિત્રની અદ્‌ભુતતા જેઓ તને ન ઓળખતા હોય એવાઓની આગળ અમારે શી રીતે વર્ણવવી અને તેમને શી રીતે સમજાવવી? અને તું કેવી વિલક્ષણ રીતે અમારી સર્વની સાથે આઠે પ્રહર, હર ઘડીએ અને હર પળે પરમ મિત્રતા નિભાવ્યા કરે છે! હવે એવા અદ્‌ભુત મિત્રને જોયા પછી, ઓળખ્યા પછી બીજા કોઇની મૈત્રીની અમને જરૂર હોયજ શાની? જેઓ બાપડા બીજા લોકોની મૈત્રી પ્રાપ્ત કરવાને વલખાં મારે છે અને વ્હીલે મોઢે ખુશામત કરતા ફરે છે તેઓ કેટલા અજ્ઞાની અને મૂર્ખ હશે! તારા વિસ્તૃત શરણની અંદર સૌનાં શરણ આવી જાય છે, સૌ આશ્રયસ્થાનોનો સમાવેશ થઈ જાય છે. માટે હે સ્વામિન્! તું અમને તારી મૈત્રીનું દાન કર. એક વાર જો તું અમને તારા મિત્રો તરીકે સ્વીકારીશ તો પછી અમારે માટે નહિ ભય, નહિ સંકટ કે નહિ વિઘ્ન. હે પ્રભુ! તું અમને તારા અનંત અપાર શરણમાં થોડીક જગ્યા દઈ દે. બસ, પછી અમને વિનાશનો લગાર પણ ભય નહિ રહે.

શબ્દાર્થ

(अग्ने) હે પરમેશ્વર! **(देवानां देव: असि)** તું દેવોનો દેવ છે, **(अद्‌भुत: मित्र:)** તું અદ્‌ભુત મિત્ર છે. **(वसूनां वसु: असि)** તું તમામ વસુઓનો વસુ છે અને ધનોનો ધન છે! **(अध्वरे चारु:)** યજ્ઞોમાં તું શોભાયમાન છે. માટે અમે ઇચ્છીએ છીએ કે **(वयं)** અમે **(तव)** તારા **(सप्रथस्तमे शर्मन्)** વિસ્તીર્ણતમ શરણમાં **(स्याम)** હોઇએ—આવી જઇએ અને **(तव सख्ये)** તારા સખ્યમાં **(मा रिषाम)** અમારો વિનાશ ન થાય.

८ प्रकरण

सप्त ऋषयः प्रतिहिताः शरीरे, सप्त रक्षन्ति सदमप्रमादम् ।
सप्तापः स्वपतो लोकमीयुस्तत्र जागृतो अस्वप्नजौ सत्रसदौ च देवौ॥
(यजु. ३४-५५)

વિનય

હે શરીરિ! તને આ તારૂં શરીર શા પ્રયોજનને માટે મળ્યું છે? આ શરીર તને ઈશ્વરે યજ્ઞ કરવાને વાસ્તે આપ્યું છે તેની તને ખબર છે? આ તારો દેહ તો પવિત્ર યજ્ઞશાળા છે. તેની અંદર બેઠા બેઠા સાત ઋષિઓ ભગવાનનું યજન કરી રહ્યા છે. જો, આંખો જોઇ રહી છે, કાન સાંભળી રહ્યા છે, નાક સૂંઘી રહ્યું છે, ત્વચા સ્પર્શ કરી રહી છે, જિહ્વા સ્વાદ લઇ રહી છે, મન વિચાર કર્યા કરે છે અને બુદ્ધિ નિશ્ચય કર્યા કરે છે. એ સાતે ઋષિઓ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના જ્ઞાનનો અનુભવ કરે છે, મનન કરે છે, અને તેના ઉપર નિશ્ચયો ઘડે છે તથા એ રીતે તેઓ પોતાની જ્ઞાનક્રિયા મારફતે ભગવાનનું યજન કરી રહ્યા છે. આ બધી જ્ઞાનશક્તિઓનું પ્રયોજન તેમની મારફતે ભગવાનનું યજન કરવાનું જ છે. આપણી જ્ઞાનપ્રાપ્તિની પ્રત્યેક ચેષ્ટાનું લક્ષ્ય ઈશ્વરપ્રાપ્તિના ઉપર જ હોવું જોઇએ અને એ અર્થેજ થવી જોઇએ. હવે આ સાત જ્ઞાનેન્દ્રિયો (બાહ્ય તેમજ અંદરનાં કરણો) ની સાથે સાથે એક એક પ્રાણશક્તિ પણ પોતાનું કાર્ય કરતી જ રહે છે, જેમને સાત શીર્ષણ્ય પ્રાણ કહે છે. એ સાતે પ્રાણો આ **'सद्'** ની–આ યજ્ઞશાળાની–રક્ષા પૂરેપુરી સાવધાની સહિત જરા પણ ભૂલચૂક કર્યા વગર કર્યા જ કરે છે, અને એ રીતે આ યજ્ઞશાળામાં નિરંતર યજ્ઞ ચાલુ ને ચાલુ જ રહે છે. આપણે હમેશાં કાંઇ ને કાંઇ જ્ઞાન (અનુભવ) પ્રાપ્ત કરતા જ રહીએ છીએ, આંખે જોઇએ છીએ, કાને સાંભળીએ છીએ અને એવી રીતે મેળવેલા અનુભવોના ઉપર મનન ઇત્યાદિ ક્રિયાઓ પણ કરતાજ રહીએ છીએ. સ્વપ્નાવસ્થામાં પણ આ બધી જોવાની, સાંભળવાની ઇત્યાદિ ક્રિયાઓ બંધ થતી નથી. માત્ર એક સુષુપ્તિ અવસ્થામાં જ જ્યારે આ

સાત ઋષિઓ ' **आप:** ' (જ્ઞાનપ્રવાહ) માં સુષુપ્તિના લોકમાં લીન થઇ જાય છે, જે વખતે આપણને કોઈ પણ વસ્તુનો જરા પણ અનુભવ નથી થતો, તે વખતે પણ શું પેલો યજ્ઞ બંધ થઇ જાય છે? નહિ, નહિ, તે વખતે પણ બે દેવ તો જાગતા જ બેઠા હોય છે. એ બે દેવ તો કદી સૂતા જ નથી, તેમને નિદ્રા કદી પોતાને તાબે કરી શકતી જ નથી. એ '**सत्रसदौ**'–યજ્ઞમાં બેઠેલા બે જણ તો જાગતા ને જાગતા જ રહે છે. એ બે દેવ કોણ કોણ છે? (૧) આત્મચૈતન્ય અને (૨) પ્રાણ. પહેલો દેવ પેલા સાતે ઋષિઓને દર્શન, સ્પર્શન વગેરે પોતપોતાનાં કાર્ય કરવાની શક્તિ આપે છે અને બીજો દેવ યજ્ઞશાળાનું–શરીરનું–રક્ષણ કરનાર પ્રાણોને પ્રાણશક્તિ આપ્યા કરે છે. આ બેઉ દેવ–જ્ઞાનશક્તિ અને કર્મશક્તિના દેવતાઓ, જ્યારે બીજા બધા ઊંઘી જાય છે ત્યારે પણ જાગતા રહે છે અને જ્ઞાન તથા કર્મ દ્વારા ચાલનારા પેલા યજ્ઞને આ બેઉ શક્તિઓ નિરંતર ચાલુ રાખે છે. છેક તેમ પણ નહિ, તેઓ એ યજ્ઞને ઉલટી વધારે પુષ્ટિ આપે છે. આ રીતે આ યજ્ઞ ચોવીસે ચોવીસ કલાક, સો સો વર્ષ સુધી ચાલુ રહે છે; જ્યાં સુધી જીવન ચાલુ રહે ત્યાંસુધી એ યજ્ઞ પણ ચાલતો જ રહે છે.

પણ અહીં જોવાનું એ છે કે, આ શરીરરૂપી યજ્ઞશાળા શું યજ્ઞશાળાના જેવી સદા પવિત્ર જ રહે છે? અને યજ્ઞ કરનારા પેલા સાત ઋષિઓ જ્ઞાનક્રિયા દ્વારા ભગવદ્‌ભજન કરવાનું પડયું મૂકીને પોતાના ઋષિપદથી ભ્રષ્ટ તો નથી જઇ જતા?

શબ્દાર્થ

(शरीरे सप्त ऋषय: प्रतिहिता:) શરીરની અંદર સાત ઋષિઓને બેસાડેલા છે. **(सप्त सदं अप्रमादं रक्षन्ति)** તેઓ સાત જણા આ સદને [સ્થાનને, યજ્ઞશાળાને] પ્રમાદ રહિત બનીને જાળવે છે, તેની રક્ષા કરતા રહે છે. **(स्वपतः सप्त आप: लोकं ईयु:)** સુષુપ્તિ અવસ્થામાં એ સાતે જ્ઞાનપ્રવાહ પોતપોતાના લોકમાં લીન થઇ જાય છે, **(तत्र च)** તો ત્યાં પણ **(सत्र-सदौ)** યજ્ઞમાં બેસી રહેનારા **(अस्वप्नजौ)** કદી પણ નહિ ઊંઘનારા **(देवौ)** બે દેવો **(जागृत:)** જાગતા જ રહે છે.

१ श्रावण

यत्रा सुपर्णा अमृतस्य भागमनिमेषं विदथाभिस्वरन्ति ।
इनो विश्वस्य भुवनस्य गोपाः स मा धीरः पाकमत्राविवेश ॥
(ऋ. १-१६४-२१ । अ. ९-९-२२)

વિનય

માણસ જ્યાં સુધી આત્મજ્ઞાનરૂપી ભઠ્ઠીમાં તપીને પાકો ન થાય, ત્યાં સુધી તો તે કાચા ઘડા સરખો છે. કાચા ઘડાના જેવો હું સંસારસાગરમાં પડ્યો પડ્યો ઓગળતોજ જાઉં છું અને એ રીતે નાશ પામતો જાઉં છું. હે જગદીશ્વર! તમારા જ્ઞાનરૂપી અગ્નિનો તાપ મને જલદી જલદી પાકો નહિ બનાવી દે તો થોડીજ વારમાં મારા બાર વાગી જશે, મારૂં અસ્તિત્વ પણ નહિ રહે. હું હજી 'पाक' છું, પકવવા યોગ્ય છું, કાચો છું. તમે પકવ છો, વિપકવપ્રજ્ઞ છો. તમે જલદી જલદી મારામાં પ્રવેશ કરો. તમે અમૃત છો, હું હજી મર્ત્ય છું. તમે આ ભુવનના ઈશ્વર છો અને હું અનીશ (પોતાનો અથવા કોઇનો ઈશ, માલિક નહિ એવો) છું. જે દહાડે મને આત્માનું જ્ઞાન થઇ જશે, તે દહાડે મને મારી અમરતાનું પણ જ્ઞાન થઈ જશે અને ત્યારે હું પણ પકવ બની જઈશ. પછી હું આત્મજ્ઞાની, અમર અને પરિપકવ બનીને ગમે તેટલો વખત સંસારમાં પડ્યો રહું તો પણ હું કદી ઓગળીશ નહિ, તેવો ને તેવોજ રહીશ. માટે તમે મારામાં પ્રવેશ કરીને મને અમર બનાવી દો, મને પકવ બનાવી દો. આ કાચા ઘડામાં (શરીરમાં) મારી (ઇન્દ્રિયો હમેશાં કાંઇ ને કાંઈ જ્ઞાન તો લાવતીજ રહે છે, પણ તેમના આણેલા જ્ઞાનમાં—એ આગીઆ કીડાના જેવા તુચ્છ પ્રકાશમાં—એવો અગ્નિનો તાપ નથી કે જે મને કાચાને પાકો બનાવી દે. સાચી વાત એ છે કે, આ મારી ઇન્દ્રિયો જે પૂર્ણ અને અમર જ્ઞાનના એક અંશને પોતાની

લાગણીઓની સાથે લેતી આવે છે તેનો મને સ્વાદ લાગી ગયો છે અને તેથી તેને પ્રાપ્ત કરવાની મારા મનમાં અભિલાષા પેદા થઈ છે. એટલા થોડા અંશનો અનુભવ થયાથી મને એટલી ખબર પડી ગઇ છે કે, એવું કોઇ અમૃત જ્ઞાન પણ છે તો ખરૂં, કે જે મને મળે તો હું તેના વડે પૂરેપુરો પાકો થઈ શકું. ઇન્દ્રિયોમાં જે લાગણીનો અનુભવ કરાવવાની શક્તિ છે તેનું મૂળ તમારા અપાર જ્ઞાનમાં અને અનંત ચૈતન્યમાં રહેલું છે. આટલું સમજી લીધા પછી આજે તો મારી એ ઇન્દ્રિયો જે થોડો ઘણો જ્ઞાનનો અંશ મારી આગળ લઇ આવે છે, તેમાં પણ મને અમરતાનો જે સંદેશ સંભળાય છે, તેઓ જે કાંઇ મારામાં સંવેદના ઉત્પન્ન કરે છે તેમાં પણ હું તો એકજ મહાવાકયને પડઘો સાંભળું છું કે "તું અમર થઇ જા, તું અમર થઈ જા; તારી જાતને પકવી દે, તારી જાતને પકવી દે." માટે હે તમામ બ્રહ્માંડોના સ્વામી! મને પાકો બનાવી દેવાને માટે તમે મારા આ શરીરના પણ સ્વામી બની જાઓ. હે ત્રિભુવનના રક્ષક! તમે મારા આ શરીરની પણ રક્ષા કરો. હે ધીર! હે જ્ઞાનમય! તમારો પ્રવેશ થયા વિના આ કાચો ઘડો કયાં સુધી સલામત રહેવાનો હતો?

શબ્દાર્થ

(यत्र) જ્યાં આ શરીરમાં **(सुपर्णाः)** જેમનું પતન (ઉડવું) સુંદર છે એવી ઇન્દ્રિયો **(अनिमेषं)** નિરંતર **(अमृतस्य)** અમૃત જ્ઞાનના **(भागं)** પોતાના ભાગને લાવીને **(विदथा)** વેદન સહિત (લાગણીઓ સહિત) **(अभिस्वरन्ति)** હલન–ચલન કરી રહી છે, જાણે કે બોલી રહી છે કે **(अत्र)** આ મારા શરીરમાં **(विश्वस्य भुवनस्य)** તમામ બ્રહ્માંડોનો **(इनः)** ઈશ્વર અને **(गोपा)** તમામ ભુવનોનો રક્ષક **(स धीरः)** તે ધીમાન્ અને જ્ઞાનમય **(पाकं मा)** હું જે પકવવા યોગ્ય છું તેની અંદર (કાયામાં) **(आविवेश)** પ્રવિષ્ટ થઇ જાઓ.

१० श्रावण

देवानां भद्रा सुमति ऋजूयतां, देवानां रातिरभिनो निवर्तताम् ।
देवानां सख्य मुपसेदिमा वयं, देवा न आयुः प्रतिरन्तु जीवसे ॥
(ऋ. १-८९-२ । यजु. २५-१५)

વિનય

સંસાર બે પ્રકારનો કહેવાય છે. એક દેવોનો સંસાર અને બીજો દૈત્યોનો, અસુરોનો. દેવોનું મુખ્ય લક્ષણ એ છે કે, તેઓ ઋજુગામી હોય છે. તેમનું ગમન, તેમનો વ્યવહાર સરળ, નિષ્કપટ, સીધી લીટીનો અને સાચો હોય છે. એથી ઉલટું અસુર લોકોનો વ્યવહાર અસરળ, કપટ-પૂર્ણ, કુટિલ અને જૂઠથી ભરેલો હોય છે. આપણને ઋજુતા પસંદ છે. એટલા વાસ્તે આપણને દેવોના સંસારમાં રહેવાનું ગમે છે. આપણી ચારે દિશાઓ, ઉપર નીચે, અંદર બહાર–બધેજ દેવને આપણી આંખે દેખાય છે. પોતાના સત્ય નિયમોને અનુસરીને ચાલનારા અને પોતાના સત્યધર્મોથી કદી પણ હટે નહિ એવા સૂર્ય, પૃથ્વી, અગ્નિ, વાયુ અને જળ એ બહારના દેવો છે. એવી રીતે સત્યનિષ્ઠ અને સત્ય-જ્ઞાનયુક્ત મનુષ્યો પણ દેવોજ છે. અંદરના ભાગમાં પ્રાણ, મન, બુદ્ધિ વગેરે ઈંદ્રિયો પણ દેવોજ છે. આ દેવોની વચ્ચે વસનારા આપણે ઋજુતાને (સરળતાને) ચાહનારા હોવાથી આપણે ઇચ્છીએ છીએ કે, ઋજુતાને પસંદ કરનારા દેવોની કલ્યાણમયી મતિ આપણા ઉપર સદાકાળ રહે—તેમાંથી આપણને હમેશાં સાચી જ્ઞાન-પ્રેરણા મળતી રહે. જે દેવો આપણને હમેશાં રક્ષા, શાન્તિ, તેજ, સ્વાસ્થ્ય, શક્તિ, અન્ન, પાન અને બીજાં નાના પ્રકારનાં સુખોનું દાન કરતા રહે છે, તે શુભ દાન આપણને ઋજુગામીઓને હમેશાં મળતું રહે, તેની વર્ષા આપણા ઉપર સદાકાળ થતી

રહે. એ દેવોની સાથે આપણો સખ્ય સંબંધ જોડાઈ જાય. એ દેવોના આપણે સાથીઓ બની જઇએ. તે એટલે સુધી કે આપણી અંદર એ દેવોની પધરામણી કરીને, પૂરેપુરા ઋજુ બની જઇને, આપણે પોતેજ સાક્ષાત્ દેવ થઈ જઈએ એવી આપણી તો ઇચ્છા છે. વળી જ્યારે આપણી અંદર એ દેવોની સાચેસાચી પધરામણી થઇજ હશે, આપણાં તમામ કાર્યો હમેશાં સત્ય નિયમાનુસારજ યથાવત્ થયા કરતાં હશે તો એ દેવોની સહાયતા વડે આપણે આપણા પૂર્ણ આયુષ્યની અવધિ સુધી રહીશું અને આપણું જીવન સાચું યથાર્થ જીવન બની ગયું હશે.

માટે આવો, આ પૃથ્વી ઉપર રહીને પણ આપણે દેવોના સંસારમાં પ્રવેશ કરીએ, આપણે દેવસંસારના નિવાસી બની જઇએ, દિવ્ય સુમતિ અને દિવ્ય દાનની પ્રાપ્તિ કરતા રહીને સાક્ષાત્ દેવજ બની જઇએ અને દેવોની માફક પરિપૂર્ણ આયુષ્માન બનીને આપણું સુદીર્ઘ જીવન આ પૃથ્વી ઉપર ભોગવીએ.

શબ્દાર્થ

(**ऋजूयतां देवानां:**) ઋજુગામી અથવા સરળ નિષ્કપટ સ્વભાવવાળા લોકોને ચાહનારા દેવોની (**भद्रा सुमतिः**) કલ્યાણમયી સુમતિ (**नः**) આપણા ઉપર રહે. (**देवानां रातिः**) એવા દેવોનું દાન (**नः**) આપણા ઉપર (**अभि निवर्ततां**) ચારે દિશાએથી નિરંતર વરસતું રહે. (**वयं देवानां**) આપણે એ દેવોની (**सख्यं उपसेदिम**) મૈત્રી પ્રાપ્ત કરીએ—તેમના સમાન બની જઇએ. (**देवाः**) જે દેવો (**जीवसे**) જીવનતત્ત્વથી ભરપૂર યથાર્થ જીવનને માટે (**नः आयुः**) આપણા આયુષ્યમાં (**प्रतिरन्तु**) વૃદ્ધિ કરે.

११ श्रावण

तमीशानं जगतस्तस्थुषस्पतिं धियंजिन्वं अवसे हूमहे वयम् ।
पूषा नो यथा वेदसा मसद्वृधे रक्षिता पायुरदब्धः स्वस्तये ॥
(ऋ० १-८९-५ । यजु० २५-१८)

વિનય

આ વિષમ સંસારની અંદર જ્યારે જ્યારે આપણા ઉપર કોઇ દુઃખ આવી પડે છે, ત્યારે ત્યારે આપણે રક્ષણને માટે, મુક્તિને માટે એક જગદીશ્વર પ્રભુનેજ સાદ કરીએ છીએ. તે જગદીશ્વર તમામ બ્રહ્માંડનો એકમાત્રજ ઈશ્વર છે. સ્થિર, અસ્થિર, ચર કે અચર–આ જગતમાં જે કાંઇ છે તે સર્વનો તેજ પતિ છે, તેજ સ્વામી છે. તેના સિવાય આ જગતમાં રક્ષણ કરનાર પણ બીજો કોઇજ નથી, કોઇથી રક્ષા થઈ શકતીજ નથી. તે ઈશ્વર જે "**धियंजिन्व**" છે, તે આપણું રક્ષણ કરવા સારૂ આવે છે તો ખરો, પણ કેવી રીતે આવે છે? તે આપણી પેઠે હાથપગ ઇત્યાદિ અવયવોવાળો સાકર તો છે નહિ કે જેથી કરીને આપણી પાસે ચાલીને આવે અને પોતાના હાથ વડે આપણું રક્ષણ કરે. તે તો સર્વગત છે–સર્વાન્તર્યામિ છે. તે આપણી બુદ્ધિ અને કર્મનું યથાવત્ 'પ્રીણન' કરીને આપણને બચાવી લે છે. તે પ્રભુ જે "સૌ ભૂતોના હૃદયદેશમાં બેઠો બેઠો સૌને ઘૂમાવી રહ્યો છે" તે આપણી બુદ્ધિને જેવું જોઇએ તેવું જ્ઞાન પ્રેરીને અને આપણી પાસે જે વખતે જે યોગ્ય હોય તેવું કર્મ કરાવીને–અર્થાત્ આપણી બુદ્ધિ અને કર્મનું 'પ્રીણન' કરીને આપણને વિપત્તિમાંથી ઉગારી લે છે. બુદ્ધિમાં અને કર્મમાં ખામી હોવાથી, તેઓ અધૂરાં રહી જવાથીજ માણસના ઉપર દુઃખ આવી પડે છે. જગદીશ્વર તેમને કોઇ ને કોઈ રીતે તૃપ્ત કરીને જે અપૂર્ણ છે તેને

પૂરૂં કરી દે છે. કાં તો આપણી અથવા આપણા કોઈ સાથીની બુદ્ધિ ફરી જાય છે અને તેનાથી કોઇ એવું કામ થઇ જાય છે, કે જેને લીધે વિપત્તિ કલ્યાણના રૂપમાં ફેરવાઇ જાય છે. તમામ સંત પુરુષોએ **“धियं-जिन्व”** પ્રભુની આવી કૃપાનો અનુભવ કર્યો છે. આખા બ્રહ્માંડને પણ પોતાના એક અંશવડે ધારણ કરનાર તે અનંત ઇશાન એવો છૂપો છૂપો આપણી બુદ્ધિમાં અને આપણાં કર્મોમાં પ્રવેશ કરીને આપણને એવો અજાયબ રીતે જાળવી લે છે કે તેની ચતુરાઈનાં શાં વખાણ કરીએ ?

અને એ ન બચાવે તો એના વિના બીજો બચાવનાર પણ કોણ છે ? તે **‘पूषा’** તો છેજ, ત્યારે વળી આપણો **‘रक्षिता पायु’** પણ તેજ થાય, બીજો કોણ થવાનો હતો? જેણે આપણે સારૂ આ જગતની અંદર જેવી રીતે આટલાં આટલાં ઐશ્વર્યો ભરી રાખ્યાં છે, જેણે આપણને શરીર, મન તેમજ બુદ્ધિ વગેરે આપીને આ તમામ ઐશ્વર્યમય જગતને આપણી આગળ ધર્યું છે તેવી રીતે વળી જ્યારે આપણે આ સંસારની અંદર કોઇ પ્રકારના સંકટમાં ફસાઈ પડયા હોઇશું અને તેણે આપણને આપેલાં ઐશ્વર્યોમાંથી કોઇ નષ્ટ થઇ ગયું હશે તો (જો એ ઐશ્વર્યના રક્ષણમાં તેને આપણું કલ્યાણજ દેખાતું હશે) તેની પૂરતી રક્ષા કરીને આપણું રક્ષણ પણ કરી લેશે. તેણે આપેલાં ધનની રક્ષા જો તેને કરવીજ હશે તો તે જરૂર કરી લેશે. એની આપણે શા સારૂ ચિંતા કરવી જોઇએ ? અને વળી જ્યારે આપણી સ્વસ્તિ (કલ્યાણ)ને માટે આપણને પ્રાપ્ત થએલાં ઐશ્વર્ય (ધન-શરીર વગેરે)નું રક્ષણ કરવાની તેને જરૂર જણાશે-મતલબ કે, તેમની રક્ષા થવાથી પરિણામે આપણું વાસ્તવિક કલ્યાણજ સધાવાનું હશે તો તે તેમની રક્ષા કરશે, જરૂર રક્ષા કરશેજ. વળી તે જ્યારે જેનું રક્ષણ કરે છે ત્યારે તે પૂર્ણ **‘अदब्ध’** રીતેજ કરે છે, એટલે તેણે જેનું રક્ષણ કર્યું તેનો વાળ પણ વાંકો કરવાની આ જગતમાં કોઇની તાકાત નથી. તેની રક્ષાને કોઇ ખાળી શકતું નથી.

એટલા માટે આપણે રક્ષણને સારૂ હમેશાં તે '**धियंजिन्व**'નેજ તે '**अदब्धरक्षिता**'નેજ સાદ કરીએ છીએ.

શબ્દાર્થ

(तं) તે **(जगत: तस्थुष: पतिं)** જંગમ અને સ્થાવર સંસારના પતિ **(धियंजिन्वं)** બુદ્ધિ અને કર્મનું પ્રીણન કરનારા (જે બુદ્ધિ અને કર્મને યોગ્ય જ્ઞાન અને યોગ્ય કર્મ કરવાની વૃત્તિ પ્રેરે છે) **(ईशानं)** ઈશ્વરને **(वयं)** અમે **(अवसे हूमहे)** રક્ષણને માટે પોકાર કરીએ છીએ. **(पूषा)** તે પોષક દેવ **(यथा)** જ્યાં **(नः)** અમારાં **(वेदसां)** ધનોની **(वृधे)** વૃદ્ધિને માટે **(असत्)** થયો છે (અર્થાત્ તેણે જેમ અમારાં ધનની વૃદ્ધિ કરી છે તેમ) ત્યાં તેજ **(स्वस्तये)** અમારા કલ્યાણને માટે **(अदब्ध: रक्षिता पायु:)** (અમારાં ધનોનો) કોઈથી દબાઇ જાય નહિ એવો રક્ષક અને પાલક થાઓ.

१२ श्रावण

इमे त इन्द्र ते वयं पुरुष्टुत ये त्वारभ्य चरामसि प्रभूवसो ।
न हि त्वदन्यो गिर्वणो गिरः सघत्क्षोणीरिव प्रति नो हर्यतद्वचः
(ऋ. १-५७-४ । अथर्व० २०-१५-४)

વિનય

હે મહાન ઐશ્વર્યવાળા પ્રભુ ! અમે તો તારો આધાર લીધો છે. અમે જોયું કે, બધા જ્ઞાની મહાત્માઓ તારીજ સ્તુતિ કરે છે તેથી અમે પણ બીજા સર્વનો આધાર–મદદ લેવાનું છોડી દઇને તારેજ આશરે આવી ઉભા છીએ, તારોજ હવે અમારે આધાર છે. આ સંસારમાં અમારૂં એક એક કામ, અમારો એક એક વ્યવહાર અમે તારે એકલાનેજ આધારે, તારા એકલાનાજ ભરોસા ઉપર કરીએ છીએ. બીજા લોકો શું કહેશે, તેઓ અમારે વિષે શું ધારશે, અમને અમુક કામમાં સુખ મળશે કે દુઃખ, સંસારમાં અમારી નિંદા થશે કે સ્તુતિ, તેનો અમે જરા પણ વિચાર કરતા નથી. બસ, તારી ઈચ્છા શી છે, તારી આજ્ઞા છે કે નહિ, તેટલુંજ માત્ર અમે યથાશક્તિ વિચાર કરીને જાણી લઇએ છીએ અને એટલું જાણી લીધા પછી અમે કેવળ તારા ભરોસા ઉપરજ અમારી નૌકા છોડી દઇએ છીએ. માટે હે ઇન્દ્ર પ્રભો ! હવે અમે તો તારાજ છીએ. તું અમારો છે અને અમે તારા છીએ. સંસારભરમાં હવે બીજો કોઇ અમારો નથી. અમારાં સગાં–સંબંધી, અમારાં ઘનિષ્ટથી ઘનિષ્ટ મિત્ર, અમારૂં ધન, અમારી બુદ્ધિ, અમારૂં શરીર, એમાંના કોઇની હવે અમને મદદ નથી, એમાંના કોઇની અમે સહાય માગતા નથી. એ બધાં તરફથી પણ જ્યારે જે પ્રકારની મદદ અમને મળતી રહેશે ત્યારે અમે તો એમજ સમજીશું કે, એ તારી આપેલીજ મદદ છે, એ તારી મારફતેજ આવેલી છે. માટે હે અમારા સ્વામી ! હે અમારા ! અમારી પ્રાર્થનાઓ હવે તારા સિવાય બીજા કોની આગળ થવાની હતી ? સંસારમાં એવો બીજો કોણ છે, કે જેની આગળ જઇને અમે વિનતિ કરીએ, વિનતિ કરવા જેટલા હલકા પડીએ ? હવે તો અમે બીજા કોઇની

આગળ દીન બનીને ઉભા રહી શકતાજ નથી. એટલા વાસ્તે હે અમારી પ્રાર્થનાઓને સાંભળનાર ! અમારી વાણીઓની પૂજાનો સ્વીકાર કરનારા ! અમે જે જે પ્રાર્થનાઓ તારા ચરણો સુધી પહોંચાડી રહ્યા છીએ તેમના તરફ તું પણ રુચિ અને પ્રીતિ રાખતો જા. તું પણ તેમને પોતાના તરફ ખેંચતો જા. જેમ આ વિશાળ પૃથ્વી તમામ પાર્થિવ વસ્તુઓને આકર્ષણશક્તિ વડે પોતાના તરફ ખેંચ્યા કરે છે, તેમ તું પણ સર્વની પ્રાર્થનાઓને તારા તરફ ખેંચતો રહે. અમે કોઇ પણ વસ્તુને ઉપરની તરફ અથવા ગમે તે વિરુદ્ધ દિશામાં પણ ફેંકીએ તો ત્યાંથી પણ તે ખેંચાઇને આખરે આવે છે તો પૃથ્વીની પાસેજ. તેવી રીતે હે અમારા દેવ ! અમારી પ્રાર્થનાઓમાં ખામી હોય, ભૂલચૂક હોય, ત્રુટિ હોય, તેમાં આત્મસમર્પણની ઉણપ હોય અને તેથી કરીને તે પ્રાર્થનાઓ બરાબર તારી પાસે પહોંચવાને યોગ્ય ન હોય તો પણ હે દેવ ! તું તેમને તારા તરફ ખેંચી લે. અમે જ્યારે તારી કામના કરીએ છીએ, ત્યારે તું અમારી ન કરે એ બનેજ કેવી રીતે ? નહિ, નહિ, તું પણ પૃથ્વીની માફક અમને તારા તરફ ખેંચી રહ્યો છે. અમે તો તારા તરફ ચાલ્યાજ આવીએ છીએ ત્યારે તું પણ અમારી કામનાઓને પામવાની તારા તરફથી પ્રતિકામના કર. અમે તારી પ્રાર્થનાઓ કરીએ છીએ ત્યારે તું પણ તેમનું પ્રતિગ્રહણ કર, પ્રતિગ્રહણ કર; તારા સિવાય હવે બીજું કોઈ અમારૂં રહ્યું નથી.

શબ્દાર્થ

(प्रभूवसो) હે મહાન ઐશ્વર્યવાળા ! **(पुरुष्टुत)** જેની ઘણા લોકો સ્તુતિ કરે છે એવા ! **(ये)** અમે જે **(त्वा)** તારૂંજ **(आरभ्य)** અવલંબન લઇને **(चरामसि)** ચાલીએ છીએ **(ते इमे वयं)** તે અમે **(इन्द्र)** હે ઇન્દ્ર ! **(ते)** તારા છીએ. **(गिर्वणः)** હે વાણીઓ વડે પૂજાવા યોગ્ય ઇન્દ્ર ! **(गिरः)** અમારી વાણીઓને, પ્રાર્થનાઓને **(त्वदन्यः)** તારા સિવાય બીજો કોઈ **(नहिसघत्)** નથી પ્રાપ્ત કરતો, નથી સાંભળતો **(नः तद् वचः)** માટે અમારી પ્રાર્થનાઓને **(क्षोणीः इव)**પૃથ્વીની માફક **(प्रतिहर्ष)** પ્રતિકામના કરો, આકર્ષિત કરીને ખેંચી લો.

१३ श्रावण

यत्किंचेदं वरुण दैव्ये जनेऽभिद्रोहं मनुष्याश्चरामसि ।
अचित्ती यत्तव धर्मा युयोपिम मा न स्तस्मादेवसो देव रीरिषः॥
(ऋ. ७-८९-५ । अथर्व. ६-५१-३)

વિનય

હે વરુણ ! તમે જન છો તોપણ 'दैव्य' જન છો-પણ અમે પડતા આખડતા, ફરીથી પાછા ઉભા થવાનો યત્ન કરનારા મનુષ્ય જન છીએ. હે દેવ ! અમ મનુષ્યો ઉપર દયા કરો. અમે તો તમારી દયાને પાત્ર છીએ. અલબત્ત, અમે તમારો દ્રોહ કરનારા હોઇ તમારા ભારે અપરાધી તો થયા કરીએજ છીએ; કારણ કે તમારા ધર્મોનો, તમારા નિયમોનો ભંગ કરવો એ વાસ્તવિક રીતે તમારો ભારે દ્રોહ કર્યા બરાબરજ છે. અમને જે કાંઇ મળ્યા કરે છે તે બધુંજ, જરેજર, તમારા તરફથીજ આવે છે અને તમારા ધર્મો સત્ય છે, અખંડ છે, માટેજ અમને મળ્યા કરે છે. જો તમારો ધર્મ કોઇ વાર પણ ખંડિત થતો હોત તો તમે તમેજ ન રહેત. પણ એજ તમારા સત્ય ધર્મોનો (જેમને પ્રતાપે અમને બધુંજ મળ્યા કરે છે) અમે અમારા વ્યવહારમાં ભંગ કરી બેસીએ છીએ, એ તમારો કાંઇ જેવો તેવો દ્રોહ છે ? તમારા એ સનાતન ધર્મો ધૈર્ય, ક્ષમા, દમ, અસ્તેય વગેરે રૂપોમાં અમારા રોજના વ્યવહારની અંદર પ્રકટ થાય છે. પણ અમે તેમનું પરિપાલન ન કરીને તમારા, સર્વદાતા પ્રભુના, અપરાધી થઇએ છીએ. એટલું થયા છતાં પણ હે દેવ ! તમારી આગળ અમારી એટલીજ પ્રાર્થના છે કે અમને ક્ષમા કરો; અમને સખ્ત સજા કરીને અમારો નાશ ન કરશો. કારણ કે અમે તમારા ધર્મોનો ભંગ તો કરીએ છીએ પણ જાણી જોઇને નથી કરતા. અમારાથી જ્યારે જ્યારે ધર્મનો લોપ થાય છે ત્યારે

હમેશાં અજ્ઞાનને લીધે, પ્રમાદને લીધે અથવા અસાવધાનીથી થઈ જાય છે. હવે અમે જાણી જોઇને તો અધર્માચરણ તરફ કદી પ્રવૃત્તિ નથીજ કરતા. પણ અજ્ઞાનને લીધે અજાણતાં અમારે હાથે ભૂલો થઈ જાય એ અમ મનુષ્યોને માટે અસ્વાભાવિક તો નજ કહેવાય. માટે તો અમે તમારી દયાને પાત્ર છીએ. હે વરુણ રાજા ! રાજદ્રોહ એ ઘણોજ ભારે અપરાધ છે એ અમે જાણીએ તો છીએ. તમારા સાચા અને પૂર્ણ કલ્યાણ-મય રાજ્યનો દ્રોહ કરવો એ આત્મઘાત કરવા બરાબર છે, એ પણ અમે જાણીએ છીએ. તેથી કરીને હવે અમારૂં ચાલે ત્યાં સુધી અને જાણી જોઇને ઈરાદાપૂર્વક તો તમારો, અમારા પરમ પ્રિયનો, દ્રોહ અમારાથી થઇ શકેજ શી રીતે ? પણ એ મારા અજ્ઞાનથી થએલા અપરાધોને માટે અમને ક્ષમા કરો. અથવા અમે ભૂલ્યા. અમને ક્ષમા કરો એવું આપ સરખાને કહેવાની જરૂરજ કયાં છે ? તમે તો અમારો વિનાશ કદાપિ કરોજ નહિ, કરી શકોજ નહિ. તમે જે કાંઇ કરશો તે અમારા કલ્યાણને માટેજ કરશો એમાં તો કશો સંદેહજ નથી. ત્યારે અમે તમારી પ્રાર્થના શા માટે કરીએ ? અમે એટલા માટે કરીએ છીએ કે, અમે હાલ છીએ તે કરતાં તમારી વધારે નજીક આવી જઇએ, અમારૂં હૃદય વધારે શુદ્ધ થઇ જાય. કેમકે તમારી આગળ રડીને હૈયું ખાલી કરી નાખવાથી હૃદયની શુદ્ધિ થઈ જાય છે અને તેથી ભવિષ્યને માટે અમારે હાથે ધર્મનો ભંગ થવાનો સંભવ ક્રમશઃ ઓછો ને ઓછો થતો જાય છે.

શબ્દાર્થ

(वरुण) હે વરુણ ! **(मनुष्याः)** અમે મનુષ્યો **(दैव्ये जने)** તું દિવ્ય જનમાં (દિવ્ય જનનો) **(इदं यत् किंच अभिद्रोहं)** જે કાંઇ દ્રાહ **(चरामसि)** કરીએ છીએ અને **(अचित्ती:)** અજ્ઞાન તથા અસાવધાનતાને લીધે **(यत् तव धर्मा युयोपिम)** તારા જે જે ધર્મોનો અમે ભંગ કર્યા કરીએ છીએ **(देव)** હે દેવ ! **(तस्मात् एवस:)** તે પાપને લીધે **(नः मा रीरिषः)** અમારો નાશ કરશો નહિ.

१४ श्रावण

युंजते मन उत युंजते धियो विप्रा विप्रस्य बृहतो विपश्चितः ।
वि होत्रा दधे वयुनाविदेक इन् मही देवस्य सवितुः परिष्टुतिः॥
(ऋ० ५-८१-१ । यजु० ५-१४-११-४-३७, २)

વિનય

વિપ્ર લોકો તે મહાન વિપ્રની સાથે પોતાના મનને જોડી દે છે, તેને યોગ કહે છે. યોગીઓ, જ્ઞાનીઓ, મહાત્માઓ ફક્ત પોતાના મનને ચિન્મય પ્રભુની સાથે જોડી દે છે, એટલું જ નહિ પરંતુ તેઓ પોતાની બુદ્ધિનો પણ તેની સાથે યોગ કરી દે છે. આપણા ક્ષુદ્ર મનને તે વિભુના મનની સાથે જોડી દેવાથી મન એકાગ્ર થઈ જાય છે, સ્થિર થઇ જાય છે; પરંતુ તેની સાથે સાથે જો આપણી બુદ્ધિનો પણ પ્રભુની જોડે યોગ કરી દઇએ તો તેના આત્મજ્ઞાનના ભંડારમાંથી આપણને ઉપયોગી નીવડે એવું સત્યજ્ઞાન પણ આપણને મળતું રહે. એ રીતેજ યોગીઓ અને સંત પુરુષો તે સર્વપ્રેરક દેવની પ્રેરણાથી પ્રેરિત થઇને પોતાનાં તમામ કર્મો કરતા રહે છે. તેથી કરીને તેમનાં શારીરિક-માનસિક તમામ કર્મો તે પરમદેવના યજનની આહુતિઓ જેવાંજ બની જાય છે, પ્રભુ તેમના એ તમામ હોત્રોનો સ્વીકાર કરી લે છે અને તેના બદલામાં તેમને તેમની જરૂરીઆત પ્રમાણે તેમની યોગ્યતાનુસાર પોતાના જ્ઞાનની પ્રેરણા કરતા રહે છે. આ રીતે તે એક મહાન આત્માની અંદર આખા જગતના તમામ વિપ્રો (તમામ સંતો, સાધુઓ, મહાત્માઓ, યોગીઓ) પોતપોતાની આહુતિઓ આપીને હવન કરતા રહે છે અને તેના બદલામાં પોતાની ઇચ્છેલી વસ્તુ મેળવતા રહે છે. તે એક દેવે એકલી જાતે પોતાનો અને આ

તમામ જીવાત્માઓનો સંબંધ બરાબર ન્યાયયુક્ત રીતે જોડી રાખ્યો છે એ થોડી આશ્ચર્યની વાત છે! અને એવો સંબંધ એક વાર જોડયા પછી તેને પરિપૂર્ણ રીતે નિભાવે છે એ પણ થોડું અદ્ભુત કાર્ય છે! તે દેવ કેવો '**वयुनावित्**' (તમામ મનુષ્યોનાં જ્ઞાન અને કર્મોને જાણનારો) છે? તે પોતે છે તો તદ્દન એકલો અને છતાં આટલાં બધાં અસંખ્ય પ્રાણીઓ પૈકી પ્રત્યેકનાં જ્ઞાનને અને કર્મોને જુદાં જુદાં પાડીને કેવી રીતે જાણી લેતો હશે? જરા જુઓ, વિચાર કરો કે એકલા જ્ઞાની પુરુષો જ નહિ પણ સંસારનાં તમામ પ્રાણીઓ અજાણપણે, અનિચ્છાએ તે એક યજ્ઞ પુરુષની સાથે જોડાઈ ગએલાં જ છે અને તે એકલો જ આ અગણિત જીવોની સાથે સંપૂર્ણ રીતે ન્યાયયુક્ત વ્યવહાર કોણ જાણે કેવી રીતે ચલાવી શકતો હશે! એવા અદ્ભુત દેવની, તે એકલા સર્વપ્રેરક દેવની આપણે જેટલી સ્તુતિ કરીએ તેટલી થોડી છે, જેટલી કરીએ તેટલી થોડી છે.

શબ્દાર્થ

(विपश्चितः) તે ચિત્ સ્વરૂપ **(बृहतः विप्रस्य)** મહાન જ્ઞાનીના **(मनसा)** મનની સાથે **(विप्राः)** સંસારના જ્ઞાની લોકો **(मनः युंजते)** પોતાનાં મનનો યોગ કરી દે છે, પોતાનાં મન જોડી દે છે. **(उत धियः युंजते)** અને તેની સાથે પોતપોતાની બુદ્ધિઓનો પણ યોગ કરી દે છે. **(वयुनावित्)** તમામ પ્રાણીઓનાં જ્ઞાન અને કર્મોને જાણનારો **(एक इत्)** તે એકલો જ **(होत्रा)** તે સૌનાં સત્કર્મોને, યજ્ઞ કર્મોને **(वि दधे)** વિવિધ પ્રકારે ધારણ કરે છે તે **(सवितुः देवस्य)** તે સર્વ પ્રેરક દેવની **(मही परिष्टुतिः)** મહાન સ્તુતિ, અદ્ભુત પ્રશંસાની વાત જુઓ–તેનું અત્યંત આશ્ચર્યયુક્ત અને અદ્ભુત પ્રશંસાપાત્ર કાર્ય જુઓ.

१५ श्रावण

प्र मंहिष्ठाय बृहते बृहद्रये सत्यशुष्माय तवसे मतिं भरे ।
अपामिव प्रवणे यस्य दुर्धरं राधो विश्वायु शवसे अपावृतम् ॥
(ऋ. १-५७-१ । अथर्व. २०-१५-१)

વિનય

હે પરમ દાતા ! હું તારી આગળ નમન કરૂં છું, તારા ચરણોમાં ઢળી પડું છું. મારૂં મન અને મારી બુદ્ધિ તારી આગળ નમી જાય છે. તારાં અપરિમિત ઐશ્વર્યોની અમારા ઉપર ચાલુ ને ચાલુ વર્ષા થતીજ રહે છે તે જોઇને હું અવાક્-સ્તબ્ધ બનીને ઉભો થઇ રહ્યો છું. તારી મહત્તા અને તારી અનંત અપાર ઐશ્વર્યતાને સમજી શકવાને પણ મારી બુદ્ધિ અસમર્થ છે એવું ભાન થવાને લીધે હું મારો પરાજય કબૂલ કરૂં છું. તારા ગુણો અનંત છે, તારા આકાર અનંત છે, તારાં ધન અનંત છે અને તારૂં બળ પણ કદી વ્યર્થ જતુંજ નથી. તારૂં બળ જયાં જયાં લાગુ પડે છે, ત્યાં ત્યાં હમેશાં સફળજ થાય છે. તુંજ સાચો બળવાન છે અને તે છતાં પાછો તું પરમ દાતા છે, એથી કરીને તું તારાં અનંત ઐશ્વર્યોની અમારા ઉપર વર્ષા વરસાવી રહ્યો છે, કે જેથી કરીને તેમાંથી અમે પણ અમારા બળમાં, આત્મશક્તિમાં વૃદ્ધિ કરતા જઇએ અને અમે પણ તારી માફક સાચા બળશાળી બની જઈએ. તારૂં ઐશ્વર્ય અમારે સારૂ નર્યું ઉઘાડુંજ પડયું છે; એકલા અમારે માટેજ નહિ, પરંતુ આખી આલમને માટે, સૌને માટે, જે લે તેને માટે સદા ઉઘાડુંજ પડયું છે. જેનાથી જેટલું લઇ શકાય તેટલું લઈને તે પોતાના બળમાં અને પોતાના તેજમાં વૃદ્ધિ કરી શકે છે. જરા જુઓ, વિચાર કરો, આ બ્રહ્માંડનું સ્થૂળ ઐશ્વર્ય, માનસિક અદ્‌ભુત ઐશ્વર્ય અને અલૌકિક અપાર શક્તિવાળું આત્મિક ઐશ્વર્ય એ બધાં એક એકથી ઉંચાં, એક એકથી શ્રેષ્ઠ, એક એકથી અધિક શક્તિ

આપી શકે એવાં ઐશ્વર્યો આપણી ઉપર વરસી રહ્યાં છે. ઐશ્વર્યો તો કદી ખૂટે એવાં છેજ નહિ. જો ખામી હોય તો તે માત્ર આપણી ગ્રહણશક્તિનીજ છે. એ ઐશ્વર્યોને તમારાથી લેવાય તેટલાં લ્યો, લૂંટાય તેટલાં લૂંટો અને તેમના વડે તમારી આત્મશક્તિને વધારતા જાઓ. અરે! એ તો નિર્બાધપણે આપણા ઉપર વરસીજ રહ્યાં છે. જેવી રીતે નદીનું પાણી સ્વાભાવિક રીતેજ નીચી સપાટી તરફ વહી જાય છે, તે રોકયું રોકાતુંજ નથી, તેવીજ રીતે પરમ પ્રભુનું ઐશ્વર્ય, તેની સર્વશક્તિમત્તા અને તેની બૃહત્તા એટલી બધી ઊંચાઇ ઉપર છે કે આપણે જે તેમનાથી ઘણીજ નીચી સપાટી ઉપર ઉભેલાં અલ્પશક્તિમાન પ્રાણીઓ છીએ તેમના તરફ સ્વાભાવિક રીતેજ વહેતાં વહેતાં ચાલ્યાં આવે છે. આપણી અપૂર્ણતાને પૂરી કરી દેવા માટે, આપણી નિર્બળતાના ખાડા ભરી દેવા માટે તેઓ ચાલ્યાં આવે છે. પ્રભુનો ઉદ્દેશજ એ છે કે, આપણામાં જે જે ત્રુટિઓ હોય, અભાવ હોય તે બધાં ભરપૂર થઇ જાય. આપણને ભરપૂર કરવાને માટેજ, આપણને પૂર્ણ બનાવી દેવાને માટેજ પ્રભુનું ઐશ્વર્યજલ નિરંતર ખુલ્લું વહી જાય છે. અહોહો! એ તો અનંત કાળથી વહી રહ્યું છે! એ ઐશ્વર્યનો છેડોજ નથી! હે પરમ દાતા! આ બધું જોઇને હું તારા ચરણોમાં ઢળી પડું છું–સર્વતોભાવે તારા ચરણોમાં ઢળી પડું છું. હે મહાદાની! મારી બુદ્ધિ સહિત મારૂં જે કાંઈ છે તે બધુંજ હું તારા ચરણમાં સમર્પિત કરી દઉં છું.

શબ્દાર્થ

(यस्य राधः) જે પ્રભુનું ઐશ્વર્ય **(प्रवणे अपामिव)** નીચી જમીન તરફ વહી જતા પાણીની માફક **(दुर्धरं)** દુર્ધર છે, જેને કોઈ ખાળી શકતું નથી અને જેનું ઐશ્વર્ય **(विश्वायु)** સૌને માટે **(शवसे)** સૌનું બળ વધારવાને માટે **(अपावृतं)** ખુલ્લું પડયું છે, તે **(बृहते बृहद्रये)** અનંત ગુણવાળા અને અનંત ધનવાળા **(सत्यशुष्माय)** સત્ય બળયુક્ત **(मंहिष्ठाय)** મહા દાની **(तवसे)** મહાન પ્રભુને **(मतिं प्रभरे)** હું મારી બુદ્ધિ સમર્પણ કરૂં છું.

१६ श्रावण

पवित्रं ते विततं ब्रह्मणस्पते प्रभुर्गात्राणि पर्येषि विश्वतः ।
अतप्ततनूर्न तदामो अश्नुते शृतास इद्वहन्तस्तत्समाशत ॥
(ऋ. ९-८३-१ । सा. पू. ६-२-७-१२ । सा. उ. २-२-१६)

વિનય

હે બ્રહ્માંડપતિ ! મારૂં શરીર અપવિત્ર શાને લીધે છે તે હવે મને સમજાયું. તમારૂં પવિત્રતાકારક સામર્થ્ય તો આખા જગતમાં સર્વત્ર ફેલાઇ રહ્યું છે, મારા શરીરના રોમેરોમમાં તમેજ તમારા પવિત્ર સામર્થ્ય સહિત રમી રહ્યા છો, તેમ છતાં આ શરીર તો અપવિત્રનું અપવિત્રજ રહે છે તેનું કારણ શું તે હવે મારા જાણવામાં આવી ગયું. એનું કારણ એ છે કે, તપના અગ્નિમાં મેં મારા શરીરને તપાવીને પાકું નથી કર્યું. આગમાં તપાવીને પાકો કર્યો ન હોય એવા કાદવના ઘડામાં પવિત્રકારક જળ રહી શકેજ કેવી રીતે ? એજ કારણથી મારા તપોરહિત શરીરમાં તમારી પાવની શક્તિ ટકીને રહી શકતી નથી. અને જ્યાં સુધી હું તેને મારા શરીરમાં ધારણ ન કરી શકું, ત્યાં સુધી મને તેનો લાભ પણ કેવી રીતે મળે ? એને ધારણ કરવાને માટે તો તપમાં પકવીને પાકું કરેલું શરીર જોઇએ અને એને ધારણ કરવાની મારી અશક્તિને લીધે હું અત્યાર સુધી તમામ પ્રકારના આનંદથી અને તમામ પ્રકારના રસથી વંચિત રહ્યો છું. સાચી વાત એ છે કે, તપોહીન મનુષ્યને માટે આ સંસારમાં નથી કશો રસ અને નથી કશું સુખ. હવે મને સમજાઇ ગયું છે કે, જો હું મારા અન્નમય શરીરને બ્રહ્મચર્ય, વ્યાયામ, આસન, પ્રાણાયામ ઇત્યાદિ તપમાં તપાવીને પાકું કરી દઇશ, તોજ તે મારૂં શરીર તારી પવિત્રતાને ધારણ કરીને સાચું શારીરિક સુખ પામી શકશે. ત્યાર પછી મને સમજાઇ ગયું છે કે, ચિત્તવૃત્તિનો નિગ્રહ, યોગ, એકાગ્રતા વગેરે તપરૂપી અગ્નિમાં મારા માનસિક

શરીરને તપાવીને પાકું કરી લઈશ તોજ તે તમારા પાવન જ્ઞાનરસને ધારણ કરવા યોગ્ય બનશે. તપના તાપ વડે જ્યારે સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના સ્થૂળ અને સૂક્ષ્મ મેલ દૂર થઇ જાય છે, ત્યારેજ તારી સર્વવ્યાપક શક્તિનો તેમાં પ્રવેશ થવા માંડે છે અને એમ કરતાં કરતાં તારી શક્તિ વડે તે ભરાઈ જાય છે. તપ વડે પવિત્રતા અને શક્તિ પ્રાપ્ત થાય છે તે આ રીતે થાય છે. શરીર પરિપકવ બની જાય છે. અહો ! એક વાર પવિત્ર બની ગયા પછી કેવો અદ્‌ભુત આનંદ–આહ્‌લાદ પ્રાપ્ત થાય છે ! શરીરમાં શક્તિ ભરાઈ ગયા પછી કેવું સુખ ઉપજે છે ! જેમણે તપજ નથી કર્યું તેમને એ આનંદની, એ સુખની શી ખબર ? અતપસ્વી લોકોનું સ્થળ શરીર જે કદી પણ ધાર્યું કામ આપે નહિ, જે રોગી અને મલિનજ હોય છે તે શા કામનું ? અને અતપસ્વીઓનું મન (માનસિક શરીર) જે ગમે ત્યાં આડુંઅવળું ભટકનારૂં, કાબુમાં ન રહે એવું, ભય, ચિંતા, ક્રોધ અને ઇચ્છા વગેરેથી પીડાયમાન હોય છે તે પણ કશા કામમાં આવતું નથી. પ્રભુના પવિત્રતાકારક સમુદ્રની વચમાં રહેવા છતાં તેના લાભથી વંચિત ન રહેવું હોય તો ઉઠો અને સવેળા તપ કરવા માંડો. તપ કરો, તપ કરો અને તપ કરીને તમારાં સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરોને પરિપકવ કરતા જાઓ. તપથી પાકાં બનેલાં શરીરો દ્વારાજ પ્રભુની પવિત્રતા અને સામર્થ્ય ધારણ થઈ શકે છે.

શબ્દાર્થ

(ब्रह्मणस्पते) હે બ્રહ્માંડના પતિ ! **(ते पवित्रं)** તારૂં પવિત્રતાકારક પવિત્ર જ્ઞાન સામર્થ્ય **(विततं)** બધે ફેલાઇ રહ્યું છે. **(प्रभुः)** [તે પવિત્રતાની સાથે] તું પ્રભુ **(गात्राणि)** મારા શરીરમાં અને અવયવોમાં પણ **(विश्वत: पर्येषि)** બધી તરફથી પ્રાપ્ત થયેલો છેજ, પરંતુ **(अतप्ततनुः)** જેણે પોતાના શરીરને તપ વડે તપાવ્યું નથી અને તેથી કરીને જે **(आमः)** કાચો છે તે **(तत्)** તે પવિત્રતાને **(न अश्नुते)** નથી પામતો. **(शृतास: इत्)** જેઓ પાકા થઇ ચૂકયા છે તેઓજ **(वहन्त)** તેને ધારણ કરતા રહીને **(तत् समाशत्)** તેને સરસ રીતે પ્રાપ્ત કરી શકે છે.

१७ श्रावण

सुत्रामाणं पृथिवीं द्या मनेहसं सुशर्माण मदितिं सुप्रणीतिम् ।
दैवीं नावं स्वरित्रा मनागसो अवीबन्ती मारुहेमा स्वस्तये ॥
(अथ. ७-६-३ । ऋ. १०-६३-१० । यजु. २१-६)

વિનય

આવો, આવો, આપણે અત્યારસુધીના વિકૃત જીવનને છોડીને પ્રકૃતિની ભણી પાછા વળીએ, ખંડિત અવસ્થાઓમાંથી નીકળીને અખંડિત અવસ્થા તરફ મુખ ફેરવીએ, દિતિના સંસારમાંથી બહાર નીકળીને અદિતિનું અવલંબન ગ્રહણ કરીએ. અપ્રાકૃતિક, કૃત્રિમ, વિકારમય જીવન ગાળી ગાળીને આપણે કાંઇ થોડાં કષ્ટ નથી વેઠયાં. આ ભવસાગરમાં ઘણાં ગોથાં ખાઇ ચૂકયા. હવે તો ચાલો, આપણા પ્રાણની રક્ષાને વાસ્તે આ પ્રાકૃતિક જીવનરૂપ દૈવી નૌકાનો આશ્રય લઇએ. આ દૈવી નૌકા આપણને ભવસાગરમાં ડૂબવા નહિ દે, આપણું યથાયોગ્ય રીતે સંરક્ષણ કરે એવી છે. જરા એના તરફ નજર કરો, એનો આશ્રય કેટલો બધો વિસ્તૃત છે ! પ્રાકૃતિક જીવન ગાળનારાઓને આ મહાન પ્રકૃતિનું સંપૂર્ણ અવલંબન મળી જાય છે અને તેને એક પ્રકારની મોકળાશનો, સ્વતંત્રતાનો આનંદદાયક અનુભવ મળે છે. એ ઉપરાંત જેમ જેમ આપણું જીવન નૈસર્ગિક બનતું જાય છે–પ્રાકૃતિક દેવોને અનુકૂળ થતું જાય છે, તેમ તેમ આપણામાં જ્ઞાનનો પ્રકાશ પણ વધતો જાય છે. આવું પ્રાકૃતિક જીવન આપણને કોઇ કાળે પણ હાનિ કરે એવો તો જરાય સંભવજ નથી. કારણ કે એ તો આપણું સ્વાભાવિક મૂળ જીવન છે, તેથી કરીને તે તો આપણને ખૂબ પ્રેમપૂર્વક પોતાના શરણમાં લઇ લે છે અને ખૂબ ઉત્તમ પ્રકારનાં સુખ આપણને ચખાડે છે. આપણે વિકૃત જીવનને પસંદ કરીએ છીએ તે સુખભોગની ઇચ્છાથીજ કરીએ છીએ, પણ એક મુદ્દાની વાત આપણે ભૂલી જઇએ છીએ કે, પ્રાકૃતિક જીવનમાં જે ઉંચા પ્રકારના સાત્વિક સુખનો સ્વાદ છે તેની સરખામણીમાં કૃત્રિમ જીવનનાં સુખ તો દુઃખ જેવાં ઠરે છે, અરે ! જુઓ, જુઓ, આ પ્રકૃતિ આપણી અંદર એવી અ-

ખંડિત અને પરિપૂર્ણપણે રહી છે કે જો આપણે ફક્ત શ્રદ્ધાપૂર્વક આપણી જાતને તેના હાથમાં માત્ર સોંપીજ દઇએ, આપણા જીવનને પ્રકૃતિના સાદા અને સરળ નિયમોને અનુસરતુંજ કરી દઇએ તો પછી આપણને કશી વાતની ચિંતા કરવાની જરૂરજ નહિ રહે. પ્રકૃતિ પોતાની સારામાં સારી પ્રણીતિઓ (રસ્તાઓ, રીતો) વડે જે કાંઇ કરવાનું બાકી હશે તે બધુંજ કરી લેશે. પરમૈશ્વર્યવાન દેવે પોતાના પ્રાકૃતિક દેવતાઓ દ્વારા રચાવેલી દૈવી નૌકા ઉપર એકજ શરતે ચઢી શકાય છે અને તે શરત એ છે કે, આપણે **'अनागस्'** અર્થાત્ નિષ્પાપ બની ગયા હોઇએ અને પ્રાકૃતિક નિયમોનું આપણે હાથે જરા પણ ઉલ્લંઘન ન થતું હોય. બસ, આપણે માત્ર આટલુંજ કરી લઇએ તો આપણે પેલી નૌકાના સૌભાગ્યશાળી યાત્રી થઇ શકીએ. આટલું કરીશું તો આપણે પૂરેપુરા નિશ્ચિંત બની જઇશું અને બીજું કશુંજ કરવાપણું રહેશે. નહિ કેમકે જેનાં પાટીઆંમાં કદી પણ પાણી પેસતું નથી અને જે સદ્ગુણોરૂપી ઉત્તમ હલેસાંવાળી છે તે નૌકા આપણને બેઠાં બેઠાંજ ક્ષેમકુશળ સામે કિનારે જરૂર ઉતારી દેશે. આથી ઉલટું અપ્રાકૃતિક જીવન ગાળવાથી કોઇ પણ જાતના સદ્ગુણોનો વિકાસ થવાનો સંભવ તો છેજ નહિ અને એવું અપ્રાકૃતિક જીવન ક્ષણભંગુર વિષયોને આશ્રિત હોવાથી તે આપણને વારંવાર દગોજ દે છે. એથી કરીને એનો આધાર લઇને આપણે અત્યાર સુધી ઘણી વાર પાણીમાં ડૂબકાં ખાઇ ચૂકયા. માટે ચાલો, હવે આપણે પેલી દૈવી નૌકા ઉપર સવાર થઇ જઇએ અને તે ભયંકર, દુસ્તર સાગરની પાર જઇને કલ્યાણની પ્રાપ્તિ કરી લઇએ.

શબ્દાર્થ

(सुत्रामाणं) યોગ્ય રીતે રક્ષણ કરનારી, **(पृथिवीं)** વિસ્તૃત આશ્રય દેનારી, **(द्यां)** જ્ઞાન-પ્રકાશવાળી, **(अनेहसं)** કદી પણ હાનિ કરેજ નહિ એવી, **(सुशर्माणं)** ઉત્તમ પ્રકારનાં સુખવાળી, **(सुप्रणीतिं)** શ્રેષ્ઠ માર્ગે લઇ જનારી, **(स्वरित्रां)** ઉત્તમ હલેસાંવાળી, **(अस्रवन्तीं)** કદી પણ કાણી ન થાય એવી-છિદ્ર વિનાની **(अदितिं)** પરિપૂર્ણ, અખંડિત પ્રકૃતિરૂપી **(दैवीं नावं)** દૈવી [દેવ ઈશ્વરની અથવા તેમના પ્રાકૃતિક દેવતાઓની] નૌકા ઉપર આપણે **(अनागसः)** નિષ્પાપ બનીને **(स्वस्तये)** કલ્યાણને માટે સ્વાર થઈ જઇએ.

१९ श्रावण

त्वं त्वमग्ने अमृतत्व उत्तमे मर्तं दधासि श्रवसे दिवे दिवे ।
यस्तातृषाणः उभयाय जन्मने मयः कृणोषि प्रय आ च सूरये॥
(ऋ. १-३१-७)

વિનય

હે પ્રભો! આ સંસારમાં એવા પણ મર્ત્ય (મનુષ્યો) છે, કે જેમને તમારી કૃપા વડે નિત્ય અમર પદની પ્રાપ્તિ થાય છે, જેમને તમે પ્રતિદિન અમૃતનો આનંદ ચખાડો છો. તેઓ કોણ હશે? એ તો તેજ મહાત્માઓ છે કે જેમને પ્રાણીમાત્રનું હિત સાધવાની લગની લાગી છે—એમને કોઇ કામના, કોઇ વાસના, કોઈ અતૃપ્ત અભિલાષા રહી નથી; સિવાય કે પોતાને હાથે હમેશાં પ્રાણીમાત્રનું (એકલાં મનુષ્યોનુંજ નહિ પણ પશુ જાતિનાં પ્રાણીઓનું પણ) ભલુંજ થતું રહે, જેઓ હમેશાં એકજ વસ્તુની પ્રાર્થના કરતા રહે છે કેઃ—

नाहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

વળી જેમને દીનદુઃખી અને દલિતોની પીડાનું શમન કર્યા વિના ચેનજ નથી પડતું, ટૂંકામાં જેમને પરદુઃખ-શમનની ઉત્કટ તૃષાજ લાગુ પડી ગઇ છે, એવા તરસ્યાઓને તમે નિત્ય અમૃતપાન કરાવીને તૃપ્ત કર્યા કરો છો. તેઓ છે તો મર્ત્ય તો પણ તમે તેમને નિત્ય અમર પદ આપો છો. એનું કારણ એ છે કે, બીજાની સેવા કરતાની સાથેજ તેમની અમૃતપાન કરવાની અભિલાષા તૃપ્ત થઈ જાય છે. પોતાના અમર આત્માની સાથે તેમની એકતા થઈ

જાય છે. અમે બધા મર્ત્ય એટલા માટે રહીએ છીએ કે અમે અમારી નાનીશી જાતમાંજ અમારા આત્માને જોઇએ છીએ, અમે સ્વાર્થી છીએ. પણ મનુષ્ય જ્યારે એકે એક પ્રાણીમાં પોતાના આત્માનું દર્શન કરવા લાગે છે, ત્યારે તેને તેના આત્માની અમરતાનું દર્શન થાય છે–ભૂતમાત્રમાં વ્યાપી રહેલો એક અમર આત્મા તેની આંખે દેખાવા લાગે છે. જ્યારે એવી અવસ્થા થાય છે, ત્યારે તે 'सूरि' (જ્ઞાની) બની જાય છે. તેવા જ્ઞાનીને તમામ પ્રાણીઓને થતાં દુઃખ, ક્લેશ, સંતાપ ઈત્યાદિ જાણે પોતાનાંજ દુઃખ, ક્લેશાદિ હોય એવું લાગવા માંડે છે. તેથી કરીને એ પરપીડા (જે હવે તેને માટે આત્મપીડાજ બની ગઈ છે) ને દૂર કર્યા વિના તેને પોતાના આત્માની અમૃતતા જાણે ખંડિત થતી હોય એવી દેખાય છે. તેને પારકાની સેવા કરવાની આટલી બધી તૃષા લાગી હોય છે તેનું મૂળ કારણ આજ છે. પારકાની સેવા કરવાથી તે પેલા પીડિત પ્રાણીના આત્માની સાથે એકતા અનુભવે છે અને તેમાંથી તેને અમૃતત્વની પ્રાપ્તિ થઇ જાય છે. હે પ્રભો! વળી એવા ધન્ય પુરુષોને તમે પોતે રોજ રોજ શ્રેષ્ઠ અમૃતત્વ આપતા રહો છો. સંસારના લોકોની મારફતે તેમને 'श्रवस्' (યશ) તો મળે છેજ, પણ આ પારકાની સેવાથી પ્રાપ્ત થતો અલૌકિક અવર્ણનીય **मय** (સુખ) તે પણ તમે તેમને આપો છો. અમે મૂડદાંના જેવું જીવન વ્યતીત કરનારા સ્વાર્થી લોકોને સ્વાર્થત્યાગના પરમ સુખના સ્વાદની શી ખબર? અમે મર્ત્ય હોવાથી હમેશાં ડરતા રહીએ છીએ કે, અમે પારકાની સેવામાં, સર્વભૂતમાત્રના આત્મામાં અમારા પોતાના આત્માને ઓગાળી દઇશું, અમારી જાતને સ્વાહા કરી દઇશું તો વખતે મરી જવાયું તો? વખતે ખાવાપીવાનું ન મળ્યું તો? પણ જેમણે અમૃતત્વની પ્રાપ્તિ કરી છે તેમણે તો પોતાના શરીરની ચિંતા પહેલેથીજ છોડી દીધેલી હોય છે. તેઓ જીવે છે અને શરીર ધારણ કરે છે તે માત્ર પારકાની સેવા કરવાને માટેજ જીવે છે. એટલા માટે તો હે પ્રભો!

તેમને અન્ન આપીને તેમના શરીરની રક્ષા કરવાની જવાબદારી તમારા ઉપર આવી પડે છે. વળી અમે એક બીજી વાત એ પણ જોઇએ છીએ કે, જગતને આવા પરોપકારની મૂર્તિઓ જેવા મહાત્માઓના શરીરની ગરજ હોય છે તેથી જગત પોતેજ તેમના શરીરની રક્ષાને માટે હમેશાં કાળજી રાખ્યા કરે છે. આ રીતે હે પ્રભો ! ઉપર કહ્યું તે અમૃતપાન કરનારા મહાત્માઓનાં મર્ત્ય શરીરોને માટે અન્ન ઇત્યાદિ જે જે યોગક્ષેમ જોઇએ તે બધું તમેજ પૂરૂં પાડતાં રહો છો.

શબ્દાર્થ

(अग्ने) હે પ્રકાશક દેવ! **(यः)** જે **(उभयाय जन्मने)** બે-પગાં ચોપગાં અથવા મનુષ્ય અને મનુષ્યેતર બેઉ પ્રકારનાં પ્રાણીઓના ભલાને માટે **(ततृषाणः)** અત્યંત તુષાતુર છે, જેને લગનીજ લાગી ગઇ છે, **(तं मर्त्यं)** તે મનુષ્યને **(त्वं)** તું **(श्रवसे)** યશને માટે **(दिवे दिवे)** રોજ રોજ **(उत्तमे अमृतत्वे)** શ્રેષ્ઠ અમૃતપદમાં, અમર અવસ્થામાં **(दधासि)** પહોંચાડી દે છે અને **(सूरये)** તે જ્ઞાની પુરુષને માટે તું **(मयः)** સુખ **(आकृणोषि)** આકૃષ્ટ કરે છે, આણી આપે છે **(प्रयः च)** અને અન્ન પણ આણી આપે છે.

१९ श्रावण

दितेः पुत्राणामदिते रकारिषमव देवानां बृहतामनर्वणाम् ।
तेषां हि धाम गभिषक् समुद्रियं नैनान् नमसा परो अस्ति कश्चन॥

(अथर्व० ७-८-१)

વિનય

દિતિ અને અદિતિ બેઉ મારામાં છે. ખંડિત થવાનો જેનો સ્વભાવ છે એવી વિકૃત માયા તે દિતિ છે અને જે કદી ખંડિત ન થાય એવી જે પ્રકૃતિ (મૂળ શક્તિ) છે તે અદિતિ છે. દૈત્યો અને આદિત્યો (દેવો)ની એ બેઉ અનુક્રમે માતાઓ છે. તેઓ પોતપોતાના પુત્રોની મારફતે મારા હૃદયની અંદર હમેશાં સંગ્રામ મચાવતી જ રહે છે. દિતિ મારા હૃદયમાં સ્વાર્થ, ઈર્ષ્યા, દ્વેષ, ભય, કામ, લોભ ઇત્યાદિ અસનાતન વિકારી ભાવોને જન્મ આપે છે, અને અદિતિને પેટે પરોપકાર, દયા, પ્રેમ, નિર્ભયતા, વૈરાગ્ય, નિષ્કામતા ઇત્યાદિ સનાતન ભાવોરૂપી પુત્રો જન્મ ગ્રહણ કરે છે. હવે એ બેઉની વચ્ચે મારા હૃદયની અંદર જ્યારે યુદ્ધ થાય છે ત્યારે હું પેલા દિતિના પુત્રોને, દૈત્યભાવોને અદિતિના બનાવી દઉં છું—અર્થાત્ પેલા મહાન સનાતન ભાવોની મદદથી આ દૈત્યોને દબાવી દઉં છું, ખૂબ હેઠે દબાવી દઉં છું. એ દેવો બૃહત્ છે, અપરાશ્રિત છે—અર્થાત્ તેઓ પોતાના અસ્તિત્વ અને બળ વગેરેને માટે કોઇના ઉપર આધાર નથી રાખતા. પણ જે દૈત્યભાવો (આસુરી ભાવો) છે તેઓને તો દેવોના ઉપર આધાર રાખવો પડે છે. સંસારમાં દેવભાવો ન હોય તો આસુરી ભાવોનું કશું વળે જ નહિ. સંસારમાં સત્ય છે તેથી તેને આધારે જૂઠ નભી શકે છે.* એટલા માટે હું સત્ય અને સનાતન દૈવી ભાવો (અક્લિષ્ટ

---

* જૂઠું બોલનારનાં જૂઠાં વચન ઉપર વિશ્વાસ રાખીને લોકો છેતરાય છે, કેમકે છેતરાનારાઓ તેમને સાચાં માને છે. અસત્ય સત્યનો વેશ પહેરે તોજ તેનું કાંઇક નભે છે.—**સેવાનંદ**

વૃત્તિઓ)ની મદદથી પેલા આસુરી વિચારો (ક્લિષ્ટ વૃત્તિઓ ને હમેશાં દબાવી દેતો રહું છું. તેઓ દબાય જ, કેમકે પેલા દેવોનું તેજ કાંઇ જેવું તેવું નથી, ઘણુંજ ગંભીર છે. દૈવી ભાવો પેલી અખંડ પ્રકૃતિ (પરમાત્મા) ના અક્ષય સમુદ્રમાંથી પોતાનું તેજ ગ્રહણ કરે છે. આથી કરીને મારા ક્ષુદ્ર નઠારા ભાવોનું, આસુરી ભાવોનું દૈવી ભાવોના 'ધામ' (તેજ) આગળ કાંઇ જ ચાલતું નથી. એ નઠારા ભાવોમાં પોતાનું તો કશું બળ હોતું જ નથી, તેને પોતાનો આધાર પણ નથી હોતો; તેથી કરીને તેઓ થોડી વાર કૂદાકૂદ કરીને પોતાની ઉત્તેજના અને અશાન્તિની સાથે આપોઆપ જ વિનષ્ટ થઇ જાય છે. બીજું દૈવી ભાવોની અંદર જે અગાધ નમ્રતા રહેલી છે તે એકલી જ આસુરી ભાવોને હરાવી દે છે. દૈવી ભાવોમાં રાજસિક ઉછાળા, કૂદકારા અને અશાન્તિ નથી હોતાં. તેમની સાત્વિક '**नमस्**' (નમ્રતા) માં સૌને નમાવી દે એવી અક્ષય શક્તિ હોય છે. દેવોમાં નમ્રતારૂપી જે અગાધ શક્તિ ભરી પડી છે તેને હરાવી શકે એવી કોઇ શક્તિ આખા વિશ્વમાં છે જ નહિ. એથી કરીને વાસ્તવિક રીતે તે નમ્ર, ગંભીર અને અચલપ્રતિષ્ઠ દૈવી ભાવોનો જ હમેશાં વિજય થાય છે. એ જ પ્રમાણે મારા હૃદયરૂપી રણમેદાનમાં જે દેવ–દાનવનો સંગ્રામ મચી રહે છે તેમાં દિતિથી ઉત્પન્ન થનારા પુત્રો અદિતિ (નિત્યશક્તિ)ની અખંડિત શક્તિ આગળ હારી જાય છે, તેમના દૈવી તેજની આગળ દબાઇ જાય છે અને ત્યાંના ત્યાં જ વિલીન થઇ જાય છે.

શબ્દાર્થ

(दितेः पुत्राणां) દિતિના પુત્રો (દૈત્યો)ને **(अदितेः अकारिषम्)** મેં અદિતિના કરી લીધા છે, **(बृहतां अनर्वणां देवानां)** તેમને મેં તે મહાન અને અપરાશ્રિત દેવોને **(अव [अकारिषम्])** તાબે [નીચે] કરી દીધા છે. **(तेषां हि)** તે દેવોનું **(धाम)** તે જ **(गभिषक्)** ઘણું ગંભીર છે; કેમકે તેઓ **(समुद्रियं)** નિત્યશક્તિના તેજઃસમુદ્રમાંથી ઉત્પન્ન થયા છે, **(नमसा)** નમ્રતાની શક્તિથી યુક્ત **(एनान्)** આ દેવોથી **(परः कश्चन न अस्ति)** ઉંચું, શ્રેષ્ઠ બીજું કોઇ જ નથી.

२० श्रावण

अनुव्रताय रन्धयन्नपव्रतात् आभूमिरिन्द्रः श्नथयन्नना भुवः ।
वृद्धस्य चिद्वर्धतो द्यामिनक्षतः स्तवानो वम्रो विजघान संधिहः
(ऋ० १-५१-९)

વિનય

પરમેશ્વર આ સંસારને હમેશાં નવજીવન આપતા રહીને સજીવન રાખ્યા કરે છે. સંસારના સાચા અને વ્રતનું પાલન કરનારા મનુષ્યોને માટે જગ્યા કરી આપવા સારૂ તે વ્રતનો ભંગ કરનારાઓનો વિનાશ કરી દે છે અને સાંકડા વિચારવાળા લોકોનો જલદી અંત આણી દઈને ઉદાર અને વ્યાપક વિચારવાળાઓની સ્થિતિ મજબૂત કરી દે છે. સંસારને આ રીતે નવું જીવન મળ્યા કરે છે અને તેનો વિકાસ થયા કરે છે. જેમને આંખો છે તેઓ તો સાફ જોઇ શકે છે કે, દુનિયામાં ઉંચા આદર્શોવાળાઓનો—ઉદાર ને વ્યાપક ભાવનાઓથી પ્રેરિત થઇને કર્મ કરનારાઓનોજ—પ્રભાવ પડે છે. સંસારના સાચા નિયમોનું અવલંબન કરનારાઓના હાથમાંજ સાચી વિજયદાયિની શક્તિ રહેલી છે અને જેટલા સાંકડી અનુદાર દૃષ્ટિવાળા છે તેમને કાળ મારતો છૂંદતો કચરતો ચાલ્યોજ જાય છે. જેની દૃષ્ટિ જેટલી ઉંચી અને વ્યાપક, તેટલી વારને માટેજ તે કાળના ઝપાટામાંથી જીવતો રહેવા પામે છે. પરંતુ આ સાચા ઈશ્વરીય નિયમમાં સાધારણ કોટિના લોકોના મનમાં સંદેહ રહ્યા કરે છે. કારણકે તેમની આંખે તો દુનિયામાં જેઓ સાંકડી દૃષ્ટિવાળા છે અને ઈશ્વરના નિયમોનો ભંગ કરનારા છે તેઓજ લગભગ બધે વિજયી થતા દેખાય છે. તેમને ઈશ્વરીય નિયમોમાં સંદેહ ઉત્પન્ન થાય એમાં નવાઇ પણ નથી. એ સંદેહ

તો ત્યારેજ ટળે, કે જ્યારે ઠેઠ દ્યુલોક સુધી વ્યાપી રહેલા તે અદ્ભુત વિશાળ ઇન્દ્રનાં દર્શન પ્રાપ્ત કરીને મનુષ્ય તેનો સાચો સ્તોતા '**वम्र**' બની જાય અને જ્યારે તેનાં દિવ્ય દર્શનમાં મસ્ત બનીને તેની વાણીમાંથી સ્વાભાવિક રીતેજ સ્તોત્રો ટપકવા લાગે. પછી તેની આગળ કોઇ વિઘ્ન-બાધા ટકી શકતાં નથી. તે વખતે તે ભક્ત પોતાના દ્યુલોકવાસી (**द्यां इनक्षत:**) ઇષ્ટદેવ સુધી જઇ પહોંચવાના તેના ઉડ્ડયનમાં જે જે વસ્તુઓ તેને વિઘ્નકર્તા દેખાતી હોય તે બધીને તે ઉડાવીને દૂર ફગાવી દે છે-પછી તે વસ્તુઓ ભલેને દુનિયાદારીની દૃષ્ટિએ ઘણીજ મૂલ્યવાન અને ઉપાદેય હોય અને દુનિયાના લોકો જેમને ખૂબજ જતન કરીને જીવને સાટે સાચવી રાખતા હોય-તે બધાં બંધનોને, વિઘ્નોને તે તોડી ફોડીને ફગાવી દે છે, એક લાત મારીને સો ગાઉ વેગળાં ફેંકી દે છે અને તેની સામે પાછું ભાળીને જોતો પણ નથી. આમાં તેને માટે કશું આશ્ચર્ય જેવું નથી, કશું કઠિન પણ નથી; કારણ કે તે તો પોતાની સગી આંખે જોઇ શકે છે કે, મારો ઇન્દ્ર કેવળ આ ભૂલોકમાંજ નથી, પણ ઠેઠ દ્યુલોક સુધી વ્યાપી ગએલ છે. વળી તે દ્યુલોકનું એક એક અદ્ભુત રહસ્ય પણ જોઇ શકે છે કે, ત્યાં વૃદ્ધ પુરુષના શરીરનો વિકાસ, ઉન્નતિ, પૂરાં થઇ ચૂકયાં હોય છે તોપણ તેની દૈવી (આધ્યાત્મિક) ઉન્નતિને માટે સીમારહિત ક્ષેત્ર ખુલ્લું પડયું છે, તેમાં તે ધારે તેટલી ઉન્નતિ સાધી શકે છે, જેટલે ઉંચે ચઢવું હોય તેટલો ચઢી શકે છે. ટૂંકામાં, તે અધ્યાત્મના એક અપૂર્વ મહિમાનું દર્શન કરે છે. આ વિશ્વમાં જો કે ભૌતિક (ભૂલોકની) ઉન્નતિની એક ચોક્કસ મર્યાદા છે, જેને લીધે હરકોઇ માણસ તે મર્યાદાના કરતાં વધારે ભૌતિક ઉન્નતિ નથી સાધી શકતો, મર્યાદાના કરતાં વધારે વિકસિત નથી થઇ શકતો તોપણ વિશ્વમાં એક એવો દ્યુલોક (જ્ઞાનનો લોક) પણ છે, જેમાં એવી કોઇ મર્યાદા છેજ નહિ. જ્યાં મનુષ્ય અનંતતા સુધી, અનંતરૂપે વધી શકે છે, ઉન્નતિ સાધી શકે છે, જે અદ્ભુત મહિમા તેની આંખે

દેખાય છે તે આ દ્યુલોકનો મહિમા છે. આ રીતે વૃદ્ધને પણ આગળ વધારનારા તે દ્યુલોકવ્યાપી દેવનું દર્શન પામીને તેના મુખમાંથી તે પ્રભુની સ્તુતિનાં સ્તોત્રોનો પ્રવાહ વહેવા માંડે છે, તે '**वम्र**' એવો મસ્ત બની જાય છે અને આવી મસ્ત અવસ્થામાં તેનામાં એક એવા બળનો સંચાર થઇ જાય છે કે જેની આગળ તેના મનના તમામ સંશયોની ગ્રંથિઓ એકદમ છૂટી જાય છે અને તેને આગળ વધતો અટકાવનાર અતિમૂલ્યવાન સ્થળ સમૃદ્ધિઓનાં બંધનો તડાતડ તૂટીને વેગળાં પડે છે.

શબ્દાર્થ

(**अनुव्रताय अपव्रतान् रन्धयन्**) નિયમ પાળનારાઓને માટે નિયમોનો ભંગ કરનારાઓનો નાશ કરનાર અને (**आभूभिः अनाभुवः श्नथयन्**) અસંકુચિત મનુષ્યો દ્વારા સંકુચિત મનુષ્યોનો નાશ કરનાર (**इन्द्रः**) પરમેશ્વર છે. તે (**वृद्धस्य चित् वर्धतः**) વૃદ્ધને પણ વધારનારા અને (**द्यां इनक्षतः**) દ્યુલોક સુધી વ્યાપી ગએલા પરમેશ્વરની (**स्तवानः**) સ્તુતિ કરનારા (**वम्रः**) સ્તોતા, સ્તોત્રોનો ઉદ્‌ગાર કરનારા (**संदिहः**) પોતાના સંદેહોને તથા પાર્થિવ સંગ્રહોને (**विजघान**) નષ્ટ કરી દે છે, સમાપ્ત કરી દે છે.

२१ श्रावण

यस्यास्त आसनि घोरे जुहोम्येषां बद्धानामवसर्जनाय कं ।
भूमिरिति त्वामि प्रमन्वते जना निर्ऋतिरिति त्वाहं परिवेद सर्वतः॥
(अथर्व० ६-८४ । य० १२-६४)

વિનય

હે નિર્ઋતે! હે સ્થૂળ જગતના દેવતા! તારામાં સ્થળ ભોગ ભોગવવાનો મનુષ્યોને ઘણો રસ પડે છે, તેઓ એમાં ઘણું સુખ માને છે. તેઓ તારી આ ભૂમિ ઉપર, આ સ્થૂળ જગતમાં ખાવું–પીવું અને સંતાન ઉત્પન્ન કરવાં તથા ઇન્દ્રિયોના અન્ય ભોગો પ્રાપ્ત કરવા, એમાં ઘણો આનંદ માને છે અને ભોગવે છે તથા એમાં જ તેઓ જીવનની સાર્થકતા સમજે છે. તેઓ તને, તારા રૂપી આ ભૂમિ (સ્થૂળ જગત)ને તમામ સુખની જન્મદાતા, તમામ ભોગોનો આશ્રય, તમામ આનંદોને ઉત્પન્ન કરનારી માની લે છે. પણ હું તો તને નિર્ઋતિજ સમજું છું, તને હું કૃચ્છ્રાપત્તિ (ભારે વિપત્તિ)રૂપે જ જોઉં છું. આ સ્થૂળ જગતમાં હું રહું ત્યાં સુધી હું મારી જાતને એક મહાન અને અતિગહન વિપત્તિમાં જ ફસાએલો જોઉં છું. મને સ્પષ્ટ દેખાય છે કે, હું ચારે દિશાએથી એક ભારે વિપત્તિની અંદર ગૂંચવાઇ ગએલો છું. સ્થૂળ જગતના ભોગ મને સુખદાયક નથી લાગતા; મને તો તેઓ પરિણામ, તાપ, સંસ્કાર વગેરે તમામ પ્રકારના કલેશરૂપ જ દેખાય છે. મને તો તેઓ ફસાવનારા, ગૂંચવી નાખનારા અને ગળું રૂંધી નાખનારા લાગે છે. સ્થૂળ ભોગને ભોગવવાને માટે આત્મા એક એકથી વધારે સ્થૂળ દેહોને ધારણ કરતોજ જાય છે. પણ જેમજેમ તે સ્થૂળતા તરફ આગળ વધતો જાય છે, તેમ

તેમ તે પરિમિત, બદ્ધ, નિરુદ્ધ અને મર્યાદિત શક્તિવાળો બની જાય છે. અને છેક છેવટે આ પાર્થિવ શરીર જે બધાં શરીરોમાં સૌથી વધારે સ્થૂળ છે તેને પામ્યા પછી તો તે તદ્દનજ બંધાઇ ગયો છે. જ્યાં સુધી આત્મા સ્થૂળ શરીરની અંદર વસતો હોય છે, ત્યાં સુધી તેને ઇન્દ્રિયોની પ્રણાલિકાની બહારનું કોઇ જ્ઞાન મળી શકતુંજ નથી અને હાથ--પગ વગેરે અવયવો વડે જે થોડું મર્યાદિત કામ થઈ શકે તે ઉપરાંત બીજું કોઈ કામ તેનાથી કરી શકાતુંજ નથી. ફક્ત પશુઓને સુલભ હોય એવા ભોગ તે જરૂર ભોગવી શકે છે. અરેરે ! અરે નિઋતિ ! જ્ઞાન અને શક્તિને બાંધી રાખનારાં,–રોકનારાં આ સ્થૂળ બંધનોથી હું તો ગભરાઈ ગયો છું. મનુષ્યજન્મ પામ્યા પછી મને મારા આત્માની બંધનરહિત અવસ્થાનું કાંઇક સ્મરણ જેવું થવા લાગ્યું છે, મને તેનો પ્રકાશ દેખાવા લાગ્યો છે. મારા મનમાં ઊંચા પ્રકારનાં, વિસ્તૃત અને શાંત સુખોને માટે લોભ ઉત્પન્ન થવા લાગ્યો છે. માટે હવે મને આ સ્થૂળ બંધનોને તોડીને ઉડી જવાનું મન થાય છે. પણ આ મારાં બંધનો એવાં છે કે તોડયાં તૂટે એવાં નથી. એમને તો એમનીજ મદદ વડે ખૂબ ધૈર્ય રાખીને તોડવાં પડશે. એટલા માટે હું તારા સ્થૂળ ભોગોનો ત્યાગની ભાવનાપૂર્વક જાણે હવન કરતો હોઉં તેમ ત્યાગ કરૂં છું, તેનો તને ભોગ ચઢાવું છું. ખાવું, પીવું, જોવું અને સાંભળવું વગેરે તમામ સ્થૂળ ભોગો જાણે હું સમર્પણબુદ્ધિથી ભોગવતો હોઉં એવો અનુભવ કરવાની મેં ટેવ પાડી છે, કે જેથી કરીને આ તમામ કર્મોનો જાણે હું તારા ભયંકર મુખમાં હવન કરતો હોઉં એવી રીતે તે બધાં મારે હાથે થયા કરે. એ ભોગ હવે મને રમણીય નહિ પણ ભયંકર દેખાય છે. તે છતાં હું એ બધાં કર્મોને ધૈર્ય સહિત અને હવનની ભાવનાપૂર્વક એટલા વાસ્તે કરૂં છું કે જેથી મને વળગેલાં આ બંધનોનું ક્રમશઃ 'અવસર્જન' થતું જાય, એક પછી એક ઉકલી જવા માંડે અને એમ કરતાં કરતાં તેમનાથી મુક્ત

બનીને હું સ્વાધીન હવાનો પ્રશ્વાસ લઇ શકું. માટે હે નિર્ઋતિ ! હું તને ‘ નિતરાં રમણ કરનારી ’ સમજી શકું-જ શી રીતે ? હું તો તને ‘ઋતિથી નિરોધ કરનારી’ જ જોઉં છું. તું તો મને ચારે તરફથી ઋતિથી (સત્ય ગતિથી જ્ઞાનમય ગતિથી) અળગો કરનારી, તેના તરફ જતો રોકનારી દેખાય છે; મારો સત્યનો માર્ગ રોકીને બેઠી હોય એવી મને તું સાક્ષાત્ દેખાય છે.

શબ્દાર્થ

(यस्याः ते) તું કે જેના **(घोरे आसनि)** ભયંકર મુખમાં **(जुहोमि)** હું હવન કરૂં છું કે જેથી **(एषां बद्धानां)** આ સ્થૂળતા વડે બંધાએલાં બંધનોમાંથી **(अवसर्जनाय कं)** હું છૂટકારો મેળવી શકું, **(त्वा)** એવી તને **(जनाः)**[1] માણસો તો **(भूमिः)** તું ભોગોની ભૂમિ છે **(इति अभिप्रमन्वते)** એવું માને છે પણ **(अहं)** હું **(त्वा)** તને **(निर्ऋतिः)**[2] કૃચ્છ્રાપત્તિ, ભારે વિપત્તિ **(इति)** ના જેવી **(सर्वतः)** ચારે તરફથી **(परिवेद)** સારી રીતે જાણું છું.

નોંધ:—(૧) વેદોમાં ‘ **निर्ऋति** ’ શબ્દનો અર્થ ભૂમિ પણ થાય છે; **(निरमति इत्ति)** (૨) તેનો બીજો અર્થ કૃચ્છ્રાપત્તિ, ખૂબ ભારે વિપત્તિ અથવા પાપ એવો પણ થાય છે.—**મૂળલેખક**

२२ श्रावण

यदाशसा वदतो मे विचुक्षुभे यद् याचमानस्य चरतो जनाँ अनु।
यदात्मनि तन्वो मे विरिष्टं सरस्वती तद् आपृणद् घृतेन ॥
(अथर्व० ७-५७-१)

વિનય

સાર્વજનિક જીવન વ્યતીત કરવું એ ઘણુંજ કઠિન કામ છે. તદ્દન નિઃસ્વાર્થભાવે લોકસેવા કરતાં પણ ઘણી વાર એવાં એવાં વચન સાંભળવાં પડે છે, લોકોના એવા દુર્વ્યવહારને સહન કરવા પડે છે કે જેનાથી મનને ઘણી વાર ભારે વિક્ષોભ પેદા થાય છે અને હૃદયને સખ્ત આઘાત પહોંચે છે. એથી કરીને મારૂં મન કોઇ કોઇ વાર તો એવું ખિન્ન થઇ જાય છે કે જાણે લોકસેવા કરવાનુંજ છોડી દઉં. પણ હૃદયવાસિની સરસ્વતી દેવીનું ધ્યાન કરીને મારા એવા સંકલ્પને કાઢી મૂકું છું. કારણ કે હું મનમાં સમજું છું કે જો હું ખરેખરો નિઃસ્વાર્થીજ હોઇશ, સાચો સેવકજ હોઇશ તો આવા ભારેમાં ભારે વિક્ષેપો અને આઘાતો પણ મારે માટે ક્ષણિકજ હશે, તેમની મારા મન ઉપર ઘણીજ થોડી વાર જેટલીજ અસર થશે અને તે મારી આત્મશુદ્ધિ કરનારી તથા મને બળવાન બનાવનારીજ નીવડશે. એવી રીતે જ્યારે જ્યારે મારા મનને આઘાત થાય ત્યારે તેવો આઘાત થતાની સાથેજ જો હું થોડીક વારને માટે મારા પોતાના હૃદયમંદિરમાં બેસીને આત્મચિંતન કરવા માંડીશ તો અંદર બેઠેલી જ્ઞાનમયી સ્નેહસ્વરૂપિણી સરસ્વતી દેવીની કૃપા વડે મને લાગેલો પ્રહાર એક ક્ષણવારમાં રૂઝાઇ જશે અને હું પહેલાં હતો તે કરતાં વધારે પવિત્ર અને વધારે બળવાન બનીને ઉભો રહીશ. એ સર-

સ્વતી દેવીની પાસે એવું એક ઘૃત છે, જ્ઞાન અને સ્નેહનો બનાવેલો એવો એક અદ્ભુત ગુણવાળો મલમ છે કે સાચા દિલના માણસને લાગેલા જખમ આત્મચિંતન કરવાથી જરાક વારમાં જાણે જાદુ કર્યું હોય તેમ ઝટ લઇને રૂઝાઇ જાય છે. મનુષ્ય વિક્ષુબ્ધ અને વ્યાકુળ બની જાય છે તેનું એકજ મૂળ કારણ છે કે, તે પોતાના આત્મસ્વરૂપને હમેશાં યાદ નથી રાખી શકતો. એટલા માટે જ્ઞાનવિચાર અને આત્મસ્વરૂપનું ચિંતન કરવાથી ભારેમાં ભારે માનસિક આઘાતોની પીડા ઘણી ખરી વાર થોડા વખતમાંજ ચાલી જાય છે અને તેની પાછળ કશી સ્થાયી અસર મૂકી જતી નથી, એવું ઘણાખરા દાખલામાં જોવામાં આવે છે. આથી કરીને જ્યારે લોકોને તેમના હિતની વાતો કહ્યા છતાં, ભાષણો આપ્યા છતાં પણ તેનું પરિણામ કશુંજ ન આવે, વળી જેમના તરફથી મેં વિરોધની જરા પણ વકી રાખી ન હોય એવા માણસો મારો વિરોધ કરવા ઉભા થઈ જાય ત્યારે મારા મનને વિક્ષોભ તો થાય છે; વળી જ્યારે લોકોની પાછળ પાછળ હું મારા ટાંટીઆ તોડતો ફરૂં, કાલાવાલા કરૂં, સમજાવું, શિખામણો દઉં અને છતાં પણ લોકો તેમના પોતાના હિતની, તેમના પોતાના કલ્યાણની વાતો મારે મોઢેથી ન સાંભળે; જ્યારે હું મારૂં પોતાનું કામ પડતું મૂકીને અથવા બગડવા દઇને પણ કોઇ યજ્ઞકાર્યને માટે (સ્વદેશહિતના કામને માટે) ઘેરે ઘેર ભિક્ષા માગવા નીકળું અને છતાં તેના બદલામાં મારે તરેહ તરેહનાં કુવાક્ય, મેણાં અને જૂઠા આક્ષેપોજ સાંભળવા પડે ત્યારે મારા હૃદયને ધક્કો લાગે છે, તેને દુઃખ થાય છે; વળી આવી રીતે મારી નાના પ્રકારની સારી સારી આશાઓનો ભંગ થાય અથવા મારી ભલાઈ અને મારી સેવાના બદલામાં મારૂં ઘોર અપમાન થાય અથવા મારા ઉપર જુલમ થાય, મને સતાવવામાં આવે ત્યારે મારા આંતરિક માનસિક શરીરના ચૂરેચુરા થઈ જાય છે, તે લોહીલુહાણ થઇ જાય છે; તો પણ હે સરસ્વતી દેવી ! મારી તો એટલી

પ્રાર્થના છે કે, તમે મારા તે તે જખમોના ઉપર તમારો સ્નેહરસથી ભરેલો, ચૈતન્ય અને શાન્તિનો આપનાર દિવ્ય મલમ હમેશાં ચોપડતાં રહેજો અને તેની જાદૂઇ અસરથી તે જખમોને રૂઝાવીને મારી પીડાને શાન્ત કરતાં રહેજો.

શબ્દાર્થ

(जनान् अनुचरत:) માણસોની સેવા કરવા છતાં, **(आशासा वदत:)** તેમના તરફથી આશાઓ રાખીને બોલવા છતાં, ભાષણો કર્યાં છતાં **(मे)** મારૂં મન **(यत्)** કોઇ કોઇ વાર **(विचुक्षुभे)** વિક્ષુબ્ધ થાય છે અને **(याचमानस्य)** લોકોના હિતને માટે તેમના કાલાવાલા કરવા છતાં, હાથ જોડીને તેમની આગળ ભીખ માગવા છતાં **(यत्)** મારૂં મન, જેને વિક્ષોભ થાય છે, જેને આઘાત પહોંચે છે અને **(आत्मनि तन्व:)** મારી અંદરના અંતઃશરીરના ઉપર મારા માનસિક શરીરના ઉપર મારા અંતઃકરણ ઉપર **(मे यत् विरिष्टम्)** મને આઘાત લાગે છે, જખમ વાગે છે, **(तत्)** તે સર્વને **(सरस्वती)** વિદ્યાદેવી **(घृतेन)** પોતાના જ્ઞાનપૂર્ણ અને સ્નેહમય મલમ લગાડીને **(आपृणत्)** જખમને ભરી દે, રૂઝાવી દે.

२३ श्रावण

शचीव इन्द्र पुरुकृद् द्युमत्तम, तवेत् इदमभितश्चेकिते वसु ।
अतः संगृभ्याभिभूत आभर, मा त्वयातो जरितुः काममूनयीः ॥
(ऋ. १-५३-३ । अथर्व २०-३-२१)

વિનય

હે પરમ ઐશ્વર્યવાન ઇન્દ્ર ! આ જગતમાં ચારે બાજુએ જે જે ઐશ્વર્યો અમારી નજરે પડે છે અને જે અનેક પ્રકારે ભોગવી શકાય છે તે બધું તારૂંજ ઐશ્વર્ય છે. પહેલાં હું એવું સમજતો હતો કે, એ બધાં ઐશ્વર્યો માણસોનાં હશે, પણ હવે મને સારી રીતે સમજાઈ ગયું છે કે, એ બધું તારૂંજ છે-કેવળ તારૂં-તારૂં એકલાનુંજ છે. તારાં આપેલાં અનંત ઐશ્વર્યોને સંસાર ભોગવી રહ્યો છે, એ બધી ભૌતિક સુખ આપનારી તમામ નાના પ્રકારની વસ્તુઓ, પ્રતિષ્ઠા, યૌવન, પ્રભુત્વ વગેરે ઐશ્વર્યો; અભય, સત્વસંશુદ્ધિ આદિ દૈવી સંપત્તિઓ; અને મોટી મોટી આત્મિક સિદ્ધિઓ અને વિભૂતિઓ, એ બધાં એક એકથી ચઢીઆતાં ઐશ્વર્યો, સંસાર તારી પાસેથીજ પ્રાપ્ત કરીને ભોગવી રહ્યો છે. હે સંપૂર્ણ ઐશ્વર્યના સ્વામી ! હે અતિશય જ્યોતિવાળા ! હે સર્વશક્તિમાન્ ! તને મેં એક વાર દીઠો ત્યારથી હું તારોજ થઇ ચૂક્યો છું, મારૂં સર્વસ્વ તને અર્પણ કરીને તારો થઇ ચૂક્યો છું. હવે તો જો કાંઇ મારૂં પોતાનું હોય તો એકલો તુંજ છે. આવડા મોટા વિશ્વમાં હવે જેને હું મારૂં કહી શકું એવું તારા સિવાય બીજું કાંઈજ રહ્યું નથી; ત્યારે હવે હું મારી પ્રાર્થના તારા સિવાય બીજા કોને સંભળાવું ? મારી અભિલાષાની પૂર્તિને માટે હવે હું બીજા કોના ભણી જોવાનો હતો ? હે સર્વૈશ્વર્યવાન્ ! હે સર્વશક્તિમય ! એક વાર તનેજ મારો

પોતાનો કરી લીધા પછી મારી કોઇ પણ શુભ અભિલાષા અપૂર્ણ રહી શકેજ કેવી રીતે? તું તો 'पुरुकृत्' (ઘણું કરનારો) છે. તેં ઘણાય ભક્તોને ન્યાલ કરી દીધા છે, આ સંસારની અંદર જે કાંઇ છે તે બધું તેંજ બનાવ્યું છે. તું તો એવો છે કે એક ક્ષણવારમાં મનધાર્યા ઐશ્વર્યને ખડું કરી દે. હે 'अभिभूते' (વિઘ્નવિનાશક)! તમામ વિઘ્નોને અને આવરણોને દૂર કરનાર! તું તારા અપરિમિત ઐશ્વર્યમાંથી જરાક જેટલું દઇને મારા મનને પરિતૃપ્ત કરી દે. તારા ઐશ્વર્યની એક કણિકાથી મારૂં મન ધરાઇ જશે. મારી અભિલાષા ભલે કઠિન હોય, ભલે અસંભવિત દેખાતી હોય પણ તું તમામ વિઘ્નોને–બાધાઓને દૂર કરીને તેને સફળ કરવા સમર્થ છે. તમામ પ્રકારનાં વિઘ્નોનો વિનાશ કરવાને સમર્થ એવા હે પ્રભુ! તારા જેવા સ્વામીને જેણે પોતાનો કરી લીધો છે એવા ભક્તની પ્રાર્થના અપૂર્ણ રહી શકેજ કેવી રીતે? હે પ્રભો! મારી અભિલાષાની પૂર્તિમાં જે જે વિઘ્નો હોય તેમને હઠાવી દઇને તેને પૂર્ણ કરી દો. તમારા અનંત ઐશ્વર્યમાંથી માત્ર એક મૂઠીમાં માય તેટલું ઐશ્વર્ય મને આપી દો. મારી આવડી મોટી ભારે અભિલાષા તમારી તો એક મૂઠીમાં સમાય તેટલીજ છે.

શબ્દાર્થ

(शचीव) હે સર્વશકિતમાન! **(पुरुकृत्)** હે ઘણું કરનારા! **(द्युमत्तम)** હે અતિશય દીપ્તિમાન, તેજસ્વી **(इन्द्र)** પરમેશ્વર! **(अभितः)** ચારે તરફ જે **(इदं)** આ **(वसु)** ઐશ્વર્ય છે તે **(तव)** તારૂં **(इत्)** જ છે એવું હું **(चेकिते)** ઘણી સારી રીતે જાણું છું. **(अतः)** એટલા માટે એ ઐશ્વર્યમાંથી **(अभिभूते)** હે વિઘ્નવિનાશક! **(संगृभ्य)** મારે લાયક ધન–ઐશ્વર્ય–લઇને **(आभर)** મને આપી દે. **(त्वायतः)** તને પોતાનો કરી દેનાર **(जरितुः)** હું જે તારો સ્તોતા, સ્તુતિ કરનાર છું, તેની **(कामं)** ઇચ્છાને, પ્રાર્થનાને **(मा ऊनयीः)** અપૂર્ણ રાખીશ મા.

२४ श्रावण

स इन्महानि समिथानि मज्मना कृणोति युध्म ओजसा जनेभ्यः।
अधाचन श्रद्दधति त्विषीमत इन्द्राय वज्रं निघनिघ्नते वधम् ॥
(ऋ. १-५५-५)

વિનય

કોઇ પણ લડાઇમાં, જીવનના કોઇ સંગ્રામમાં મનુષ્ય જ્યારે વિજયી થાય છે, ત્યારે તેનો હર્ષ માતો નથી, તેના ગર્વનો પાર નથી હોતો. તે મનમાં ફૂલાય છે કે, મારો વિજય થયો તે મારા શસ્ત્રબળથી થયો, અથવા મારા બુદ્ધિબળથી થયો અથવા તો મારા તપોબળથી થયો. પરંતુ સંસારના મોટા મોટા તમામ સંગ્રામોની બાબતમાં એક ઘણીજ સાચી પણ જેને ઘણાજ થોડા જણ જાણે છે એવી એક ગૂઢ બીના એ છે કે, ખરેખરો સાચો અને આખરનો વિજય તો એકલા પરમાત્માનોજ છે. આપણે જ્ઞાનનો વિશેષ પ્રકાશ પ્રાપ્ત કરીને જોઇએ તો આપણને દેખાશે કે, પરમેશ્વર પોતેજ મહાન યોદ્ધો બનીને આપણે મનુષ્યોને માટે તમામ લડાઇઓ લડી રહ્યો છે. માણસની સ્વાર્થપૂર્ણ આસુરી પ્રવૃત્તિઓને લીધે સંસારમાં જે જે લડાઇઓના પ્રસંગ ઉભા થાય છે તેમાં અંતે જગદીશ્વરની દૈવી શક્તિનો વિજય થાય છે અને આસુરી શક્તિ દબાઇ જાય છે. માણસની ન્યૂનતાના ઉપર પરમેશ્વરની પૂર્ણતાનો હમેશાં વિજય થયા કરે છે. આપણે જોઇએ છીએ કે, ઘણા લોકો સત્યના પક્ષમાં રહીને મોટા મોટા સંગ્રામો મચાવે છે અને અંતે વિજયી થાય છે. પરંતુ તેની અંદર જાણવા જેવી બીના તો એ છે કે, તે સત્ય પ્રેમી મનુષ્યોને માટે ભગવાન પોતેજ લડી રહ્યા હોય છે અને તેમની ફતેહ થાય છે તેનું ખરૂં કારણ ભગવાનનું બળ તેમના પક્ષે

કામ કરે છે તેજ છે. એટલા માટે સત્યનો અવશ્ય વિજય થાય છે. પરમાત્માનું પવિત્રતાકારક તેજજ ખરૂં જોતાં લડે છે અને જગતમાં તેનોજ વિજય થાય છે. જેઓ સત્યની લડાઇ લડતા હોય તેમણે સમજી લેવું જોઇએ, ચોખ્ખેચોખ્ખું જોઇ લેવું જોઇએ કે તેમના તરફથી લડાઇ લડનાર જગદીશ્વર પોતેજ છે-જગદીશ્વરજ છે. (स इत्) અહંકારથી વિમૂઢ બની ગએલો મનુષ્ય મિથ્યાજ પોતાને યોદ્ધો માને છે, હુંજ લડાઈ લડયો અને વિજયી થયો એવું મિથ્યા અભિમાન કરે છે. આખરે એક વાર જયારે તેના અહંકારનો પડદો તેના મન ઉપરથી ખસી જાય છે અને જગદ્વ્યાપક પ્રકાશની તેને પ્રાપ્તિ થાય છે, ત્યારેજ જે ખરેખરી સત્ય ઘટના છે તેમાં તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. પછી પાપનો વિજય થશે એવો ભ્રમ તેને કોઇ દહાડો થતો નથી, કારણ કે તેને આ બધી લડાઇઓનું મહાનપણું **(महानि समिथानि)** આરસી જેવું ચોખ્ખું દેખાય છે. એટલા માટે યુદ્ધ સમાપ્ત થતા પહેલાં પાપનો પક્ષ ક્ષણ વાર વિજયી દેખાય તેથી પાપની જિત થઇ એવું માની લેવાની ભૂલ તે નથી કરતો-અંતે સત્યનોજ વિજય થવો જોઇએ એવી તેની શ્રદ્ધાને ધક્કો નથી લાગતો. તેને પ્રાપ્ત થએલા નિર્બાધ વ્યાપક પ્રકાશમાં તેને તો તમામ સંગ્રામોનું આ સાચું સ્વરૂપ દૃષ્ટિગોચર થતુંજ રહે છે. તે જુએ છે કે, એક બાજુએ મનુષ્યોના સ્વાર્થ બીજાઓની નાના પ્રકારે હિંસા (વધ) કરવાની પ્રવૃત્તિઓના રૂપમાં ખડાં થઇ જાય છે અને જયાં સુધી ઈશ્વરે તેમને સ્વાધીનતા આપી છે-મતલબ કે, ઈશ્વર તેમને જયાં સુધી આગળ વધવાની, જોર કરવાની છૂટ આપે છે ત્યાં સુધી તેઓ કૂદાકૂદ કરે છે; પણ બીજી બાજુએથી જયાં મહાતેજસ્વા ઇન્દ્રનું તેજ આવ્યું એટલે તેની સામે તેમનો સર્વનો નાશ થઇ જાય છે—ઈન્દ્રનું પાપવર્જક અને કર્મનાં ફળ આપનારૂં વજ્ર તેમની હિંસકવૃત્તિની પણ હિંસા કરીને જગતમાં સમતાની સ્થાપના કર્યા કરે છે. ત્યારે તો તેને બીજું એ પણ દેખાય

છે કે, લડાઇઓ લડનાર ઇન્દ્રનું તેજ સંસારમાં પવિત્રતા પણ ઉત્પન્ન કરતુંજ રહે છે. સ્વાર્થી મનુષ્યોની હિંસાની તે એવી રીતે હિંસા (વધ) કરે છે કે ખરૂં જોતાં તેનો નાશ કરતાં કરતાં તેને પવિત્ર બનાવી દે છે. ભાઇઓ ! તમામ સંગ્રામોના આ સાચા સ્વરૂપનું જરાક દર્શન કરો.

શબ્દાર્થ

(स इत्) તે ઇન્દ્રજ **(युध्मः)** યોદ્ધો બનીને **(मज्मना ओजसा)** પોતાના પવિત્રતાકારક ઓજસ વડે **(महानि समिथानि)** મોટા મોટા સંગ્રામોને **(जनेभ्यः)** મનુષ્યોને માટે **(कृणोति)** કરે છે, મોટી મોટી લડાઇઓ લડે છે. પરંતુ લોકો **(अधा चन)** અનંતરજ, ત્યાર પછીજ **(त्विषीमते इन्द्राय)** તે મહાતેજસ્વી ઇન્દ્રના ઉપર **(श्रद्‌धति)** શ્રદ્ધા રાખતો થાય છે, જે **(वधं)** સંસારના તમામ વધને, સંસારમાં જ્યાં જ્યાં હિંસાવૃત્તિ પ્રકટ થાય તે સૌને **(वज्रं निघनिघ्नते)** પોતાનું વજ્ર મારે છે, પોતાના વજ્ર વડે તેમને મારી નાખે છે.

૨૫ શ્રાવણ

ब्रह्मचारीष्णन् चरति रोदसी उभे तस्मिन् देवाः संमनसो भवन्ति ।
स दाधार पृथिवीं दिवं च स आचार्यं तपसा पिपर्त्ति ॥
(अथर्व० ११-५-१)

વિનય

બ્રહ્મચારી તો તે જ છે કે જે બ્રહ્મને માટે (મહાન સત્ય જ્ઞાનને માટે અથવા પરમેશ્વરની પ્રાપ્તિને માટે) પોતાનાં તમામ આચરણ કરતો રહે છે, સદા તપશ્ચર્યા કરતો રહે છે. તે મહાન સત્યની શોધ કરવામાં તે કશીજ કચાશ રાખતો નથી, કોઇ પણ ઉપાય અધુરો મૂકતો નથી. આ સ્થૂળ બાહ્ય જગત જે પૃથ્વી કહેવાય છે તથા સૂક્ષ્મ, અંદરનું, જ્ઞાનમય જગત જે દ્યુલોક અથવા દ્યૌ કહેવાય છે, તે બેઉની અંદર તે સત્ય જ્ઞાનની ખોળ કરતો જ ફરે છે. તેને બ્રહ્મની અથવા સત્ય જ્ઞાનની જ્યાં પ્રાપ્તિ થઈ એટલે તે જ વખતથી તે તેને (બ્રહ્મને) અનુસરીને પોતાનાં તમામ આચરણ ઘડે છે. તેને ભયંકરમાં ભયંકર તપશ્ચર્યાઓ કરવી પડે તો તે કરીને પણ તે પોતાની જાતને બ્રહ્મ (સત્ય જ્ઞાન)થી વિપરીત દિશા તરફ જવા દેતો નથી. આવા સાચા બ્રહ્મચારીને તમામ દેવતાઓ અને તમામ ઈશ્વરીય શક્તિઓ ધીમે ધીમે અનુકૂળ થતી જાય છે. જ્યારે તે પોતાનું સર્વાર્પણ કરી દઇને દેવોના સત્ય નિયમોનું પૂર્ણપણે પાલન કરતો રહે છે ત્યારે તે દેવો પણ તેની સાથે એક મનવાળા, અનુકૂળ ન કેમ થાય? અગ્નિ, વાયુ, આદિત્ય વગેરે બહારના દેવતાઓ તેની વાણી, પ્રાણ, દર્શનેન્દ્રિય આદિ અંદરના દેવોની સાથે સમસ્વર બની જાય છે. એજ રીતે બહારના પૃથ્વી ને દ્યુલોકને તે પોતાની અંદર

સારી રીતે ધારણ કરી લે છે. સાચી હકીકત તો એ જ છે કે, જે કાંઇ આખા બ્રહ્માંડમાં છે તે બધું જ પિંડમાં છે. બ્રહ્મચારી પોતાના શારીરિક વીર્યનું રક્ષણ કરીને સ્થૂળ પૃથ્વીલોકને પોતાનામાં ધારણ કરે છે એટલે તે પોતાના આત્મવીર્ય (તેજ) દ્વારા તમામ દ્યુલોકને પણ પોતાની અંદર સમાવી લે છે. એવા સાચા બ્રહ્મચારી ધન્ય છે કે જે પોતાના આત્મવીર્યને પોતાની અંદર અક્ષુણ્ણ રીતે સ્થાપિત કરીને તેને ક્રમશઃ વધારે ને વધારે જાગૃત કરતો જાય છે! આવા લોકોને પ્રતાપે જ આ સંસાર–આ સ્થૂળ (દૃશ્ય) અને સૂક્ષ્મ (જ્ઞાનમય) સંસાર–આ પૃથ્વી અને દ્યૌ બેઉ સ્થિર રહે છે. જો કે અખિલ વિશ્વને ઉત્પન્ન કરનાર અને તેને ધારણ કરનાર તો વાસ્તવિક રીતે પરમ બ્રહ્મચારી ભગવાનજ છે, તો પણ તે વસુ, રુદ્ર, આદિત્ય વગેરે બ્રહ્મચારીઓને પોતાનાં સાધન બનાવીને તેમના દ્વારા જગતને ધારણ કરાવે છે. તેઓ સર્વથા '**अनश्नन्**' ત્રણે કાળમાં ભોગવાસના રહિત હોવાથી પરમેશ્વર તરફથી તેજને પ્રાપ્ત કરે છે. એ તેજ દ્વારા ઉપરોક્ત બ્રહ્મચારીઓમાં આત્મવીર્ય ઉત્પન્ન થાય છે અને તેના વડે તેઓ દૈવી નિયમોનું યથાવત્ પાલન કરી શકે છે. જગતમાં દૈવી નિયમોનું જેવું જોઈએ તેવું સંચાલન થાય છે અને આખું જગત જીવે છે અને ટકી રહે છે તેનું કારણ ઉપર કહ્યું તેજ છે. હે મનુષ્યો! તમે બ્રહ્મચર્યના આવા શ્રેષ્ઠ મહિમા તરફ લક્ષ આપો અને તમારી પૂરેપુરી શક્તિનો ઉપયોગ કરીને તે મહાન બ્રહ્મચર્યના તરફ આગળ વધતા જાઓ. ઉચ્ચ આદર્શ સુધી પહોંચી જવાને યત્નવાન બ્રહ્મચારીઓ! તમે આ આદર્શ તરફ જેટલું વધાય તેટલું વધો. જેટલા આગળ વધશો તેટલું થોડું છે. તમારામાં બ્રહ્મચર્યના તેજનો પ્રવાહ રેડનાર તમારા આચાર્યને તો ત્યારે જ તૃપ્તિ થશે, તેઓ ઋણમુક્ત પણ ત્યારે જ થશે, કે જ્યારે તમે તેમના જેવા દ્યૌ અને પૃથ્વી બેઉને ધારણ કરવાને સમર્થ બ્રહ્મચારી સિદ્ધ બની જશો. માટે તપ કરો, તપ કરો અને ઊંચા પ્રકા-

રના બ્રહ્મચારી બનતા જાઓ. ઓછામાં ઓછું એટલું તો જરૂર કરોજ કે, તમારે હાથે બ્રહ્મચર્યની પરંપરાનો ભંગ ન થાય, તમારાથી વધારે ન બને, તમે એ પરંપરાને વધારે આગળ ન લઇ જઇ શકો તો તમે તેને તૂટવા તો ન જ દેશો. તમે તપ દ્વારા 'બ્રહ્મનું ચરણ' કરતા રહીને તમારા આચાર્યદેવને તૃપ્ત કરો. તપ દ્વારા જ બ્રહ્મચર્યની સિદ્ધિ છે, તપ એ જ બ્રહ્મચર્ય છે.

શબ્દાર્થ

(ब्रह्मचारी)બ્રહ્મચારી **(उभे रोदसी)** દ્ય અને પૃથ્વી બેઉ લોકોમાં **(इषणन्)** બ્રહ્મની શોધ કરતો રહીને, બ્રહ્મને ઇચ્છતો રહીને **(चरति)** વિચરે છે. **(तस्मिन्)** તે બ્રહ્મચારીમાં **(देवाः)** તમામ દિવ્ય શક્તિઓ **(संमनसः)** અનુકૂળ મનવાળી **(भवन्ति)** થઈ જાય છે. તેથી કરીને **(स)** તે **(पृथिवीं दिवं च)** પૃથ્વી અને દ્યુલોકને **(दाधार)** પોતાની અંદર ધારણ કરે છે, અને બહારના બેઉ લોકોને પણ તે ધારણ કરે છે. **(सः)** એવો બ્રહ્મચારી **(तपसा)** આ તપ વડે **(आचार्यं)** પોતાના આચાર્યને પણ **(पिपर्त्ति)** પરિતૃપ્ત કરે છે, પૂર્ણ કરે છે, પાલન કરે છે.

२६ श्रावण

विपश्चिते पवमानाय गायत मही न धारात्यन्धो अर्षति ।
अहि र्न जुर्णामतिसर्पति त्वचं, अत्यो न क्रीडन्नसरद्वृषा हरिः ॥
(ऋ. ९-८६-४४ । सा. उ. ७-३-२१ ।)

વિનય

તે જ્ઞાનમય આત્માનાં સ્તુતિગાન ગાઓ, કે જે મહા અદ્ભુત છે. તે આત્મા સોમરસ બનીને પોતાના વિજ્ઞાનમય, મનોમય અને પ્રાણમય વિસ્તારોની અંદર નાના પ્રકારનાં રૂપમાં પવમાન થઇ રહ્યો છે. પોતાનાં ઉપર કહેલાં આંતરિક શરીરોની અંદર જેઓ એ આત્માના અદ્ભુત ખેલ જોઇ શકે છે, તેઓ પ્રેમાવેશમાં આવી જઇને વિવશ થઇ જઇને તેની સ્તુતિઓ ગાવા માંડે છે. અરેરે ! માણસ પોતાના આત્માનેજ નથી ઓળખતો ! જો માણસને પોતાના સામર્થ્યનું, તેનાં કાર્યોનું, તેની ગતિઓનું ભાન થઈ જાય તો તે સંસારની બાહ્ય વસ્તુઓની પ્રશંસા કરવાનું ભૂલી જાય અને પોતાના આત્માનાં સ્તોત્રગાન ગાવામાંજ મગ્ન થઈ જાય. ÷આધ્યાન ક્રિયા દ્વારા જ્યારે આત્માની શક્તિ મનુષ્યના વિજ્ઞાનમય શરીરમાં વિશેષરૂપે પ્રકટ થાય છે ત્યારે તેનામાં ચૈતન્ય (ઉંચા પ્રકારનું જ્ઞાન)ની જાણે મહારેલ આવી જાય છે. જેમ કોઈ નદીમાં ભારે પૂર આવે, બે કાંઠાની વચમાં પાણીનો સમાવેશ થાય નહિ ત્યારે તે

÷ આધ્યાન–કુંડલિની શક્તિનું જાગરણ–કેવી રીતે થાય છે તે વિષે પ્રથમ ખંડના એક વેદમંત્રમાં વિવેચન કર્યું છે અને જે વિશેષ લખવા જેવું હતું તે અનુવાદકે પોતાના એક ટિપ્પણમાં લખ્યું છે.
—સેવાનંદ

જેમ પોતાના બેઉ કિનારાની હદ ઓળંગીને આજુબાજુનાં ખેતરોમાં અને આવેના પ્રદેશમાં રેલછેલ કરી મૂકે છે, બરાબર તેજ પ્રમાણે આત્માની અંદર જ્ઞાનનો પ્રકાશ ભરપૂર થઇ જવાથી આત્મા તેના સ્થૂળ શરીરને અને ઈંદ્રિયોને ઓળંગીને શરીરની બહાર ઝળકવા લાગે છે, બહારથી જોનારને પણ તેના તેજનો સાક્ષાત્ અનુભવ થવા લાગે છે અને એવા માણસને અતીન્દ્રિય જ્ઞાન પણ પ્રાપ્ત થઈ જાય છે. તેનાં વિજ્ઞાનમય આદિ આંતરશરીરો એક વાર પરિપકવ થઇ ગયા પછી તેની દૃષ્ટિએ આ સ્થૂળ દેહ તો અતિ તુચ્છ જેવો દેખાય છે. આપણે તો સ્થૂળ દેહને છોડી દેવો પડશે એવો વિચાર આવતાંજ ભય પામીએ છીએ અને જયારે તેને છોડવાનો ખરેખરો વખત આવી લાગે છે, ત્યારે તો રોકકળ કરી મૂકીએ છીએ અને હાય હાય કરતા કરતા શરીર છોડીએ છીએ. પણ જેમ સાપ પોતાની અંદરની નવી ત્વચા તૈયાર થઈ ગયા પછી જૂની કાંચળીને સહેલાઈથી કાઢીને વેગળી મૂકી દે છે, તેમ જાગૃત થયેલો આત્મા પોતાના સ્થળ શરીરને સ્વાભાવિક રીતે અને સહેલાઈથી છોડી દઇને તેનાથી છૂટો થઇ જાય છે. જેમ કોઇ બળવાન અને વેગવાન ઘોડો દોડતો, કૂદતો–રમતો રમતો એક જગ્યાએથી બીજી જગ્યાએ ચાલ્યો જાય છે, તેમ જાગૃત આત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં અથવા સંસારના એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં સંચરણ કરે છે. તે બળવાન આત્મા પોતાની સાથે પાંચ પ્રાણ અને દશ ઇન્દ્રિયો વગેરેને સાથે લઇને આનંદપૂર્વક નવાં નવાં સ્થાનોમાં ચાલ્યો જાય છે, મરવું જીવવું વગેરે સંસારની તમામ ઘટનાઓ તેને મનથી તો લીલા અથવા રમત જેવી થઇ ગઈ હોય છે. ખરેખર, તે તો પોતાના આંતરસંસારમાં સદાય રમતો રમતોજ વિચરણ કરે છે, આ સ્થૂળ–શરીરને તો તે હમેશાં લગભગ ભૂલીજ ગયો હોય છે. જે શરીરને ખાતર આપણે સૌ મોતથી ડરીએ છીએ તે શરીર તેને ક્વચિતજ યાદ આવતું હશે. આવી અવસ્થા થયા

પછી તે પોતાના ભૂતકાળના ઇતિહાસ ઉપર એક લાંબી નજર ફેંકે છે અને જે જે ખેલ તેણે પોતાના અગાઉના સેંકડો હજારો જન્મોમાં ખેલ્યા હતા, તે બધી જાણે તેની કેવળ રમતોજ હતી એવો મઝાનો અનુભવ તે હવે લઈ શકે છે. તે મહાન પરમ દેવ આત્માને નમસ્કાર કરો. અરે ભાઇઓ! તેને ઓળખો, તેને જુઓ ને તેનાંજ ગીત ગાઓ.

શબ્દાર્થ

(**विपश्चिते**) જ્ઞાનમય (**पवमानाय**) સોમરૂપ આત્માનાં (**गायत**) સ્તુતિગાન ગાઓ. (**अन्धः**) તે આધ્યાયનીય આત્મા (**महीं धारां न**) જબ્બર જળપ્રવાહની જેમ (**अति अर्षति**) પોતાના કિનારારૂપી દેહનાં બંધનોને તોડીને છલકાઇ જાય છે. (**अहिः जूर्णां त्वचं न**) સાપ જેમ પોતાની જૂની કાંચળીને [કાઢીને વેગળી મૂકે છે] તેમ તે પોતાના જીર્ણ થઇ ગયેલા દેહને (**अतिसर्पति**) છોડી દઇને ચાલ્યો જાય છે, અને (**अत्यः न**) ઘોડાની માફક (**वृषा हरिः**) તે બળવાન અને ગતિશીલ આત્મા (**क्रीडन्**) રમતો રમતો (**असरत्**) એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં ચાલ્યો જાય છે.

२७ श्रावण

यानि चकार भुवनस्य यस्पतिः प्रजापति र्मातरिश्वा प्रजाभ्यः ।
प्रदिशो यानि वसते दिशश्च तानि मे वर्माणि बहुलानि सन्तु ॥
(अथर्व. १९-२०-२)

વિનય

કોઇ મને હાનિ કરશે તો હું મારો બચાવ કેવી રીતે કરીશ, તેની તો હવે મને ચિંતા રહીજ નથી. કેટલાક લોકો જેઓ અજ્ઞાનને વશ થઇને મને દુઃખ દેવાનો વિચાર કરશે તો તેમની સામે મારો બચાવ કરવા સારૂ હવે હું મારા ગજવામાં તમંચો નથી રાખતો કે મિત્રોને મારા અંગરક્ષક બનાવીને તેમની વચમાં નથી ભરાઇ રહેતો. આજ કારણને લીધે સાર્વજનિક જીવનમાં કોઇ પક્ષ (પાર્ટી)-ની રચના કરવાની મને જરૂર નથી લાગતી, તેમ જેઓ મારા વિરોધી જેવા દેખાતા હોય તેમની વિરુદ્ધમાં પ્રચાર-કાર્ય કરવાની (પ્રોપેગેન્ડાની) પણ મને જરૂર પડતી નથી. એવીજ રીતે મારા વિરોધીઓથી મારો બચાવ કરવા માટે કોઇ યોજનાઓ (સ્કીમ્સ) ઘડવાની અને તેમને અમલમાં મૂકવાની ચિન્તા પણ મને છેજ નહિ. કારણ કે મેં જોઇ લીધું છે કે, પ્રભુ જે આ તમામ ભુવનોનો પતિ અને રક્ષક છે તેણે આપણા સૌના રક્ષણને માટે જે કાંઈ કરવું જોઇએ તે બધુંજ તેણે પોતે કરી રાખ્યુંજ છે. તે પ્રજાપતિએ આપણા અર્થાત્ તેમની પ્રજાઓના રક્ષણને માટે તમામ જગ્યાએ **'वर्म'** (કવચ, બખ્તર) બનાવીજ રાખ્યાં છે. એજ તમે જોતાં શીખો. જુઓ, આ આવરણવિનાની ઉઘાડી દિશાઓ તેનું (પરમેશ્વરનું) અદૃશ્ય કવચ ધારણ કરીને કેવી સુરક્ષિત ઉભી છે? ખરેખરી મુદ્દાની વાતજ એ છે કે, જો આ સં-

સારમાં દુષ્ટ લોકો પોતાનું મનધાર્યું કરી શકતા હોત તો આ આખી દુનિયાનો ક્યારનોય વિનાશ થઈ ગયો હોત. પણ આ ભુવનપતિનાં અદૃશ્ય બખ્તરો આઠે દિશામાં એવાં પથરાઇ ગએલાં છે કે તેમના વડે આ વિશાળ જગતનું રક્ષણ થયા કરે છે અને દુષ્ટ લોકોના દુષ્ટ હેતુઓ હમેશાં નિષ્ફળજ જાય છે.

આ અદૃશ્ય બખ્તરોનું સ્વરૂપ, તેમનો ઘાટ કેવો હશે? આપણે જેઓ વ્યષ્ટિપ્રાણીઓ છીએ તેમના પ્રાણોમાં સમષ્ટિ પ્રાણો દ્વારા પ્રાપ્ત થતાં આપણા શુભ કર્મોનાં ફળ એ તે બખ્તરનું સ્વરૂપ છે. જગદ્વ્યાપક સૂક્ષ્મ પ્રાણ, માતરિશ્વા અથવા સૂત્રાત્મા વાયુ (આપણાં પોતાનાંજ પાપોનાં ફળસ્વરૂપ મળતી વિપત્તિઓ સિવાયની) તમામ વિપત્તિઓ, ક્લેશ, ભય વગેરેથી આપણું નિરંતર રક્ષણ કર્યાજ કરે છે. જો આપણાં પાછલાં પાપની સજારૂપે કોઇ દુઃખ આવી પડવાનું હોય તેની વાત જુદી; બાકી તે સિવાય કોઇની મગદૂર નથી કે આપણો એક વાળ પણ વાંકો કરી શકે. જ્યારે આપણે જોઇએ છીએ કે, આપણને ગોળી મારનારો નિશાન ચૂકી જાય છે, આપણને નુકસાન કરવાને માટે આપણા કોઈ શત્રુએ ઘડેલી તમામ યોજનાનું પરિણામ એવું આવે છે કે, તેના વડે આપણને નુકસાન થવાને બદલે આપણું કલ્યાણજ થયું હોય છે, તે વખતે સ્વાનુભવથી સમજાઇ જાય છે કે, માતરિશ્વા પ્રજાપતિના અદૃષ્ટ બખ્તર જેવું કાંઇક છે ખરૂં. એવાં ઈશ્વરીય બખ્તર વડે પોતાની જાતને સદા સુરક્ષિત માનનારા સત્યનિષ્ઠ આસ્તિક વીર પુરુષો હજારો વિરોધીઓના વ્યૂહની વચમાં થઇને નિર્ભયપણે ચાલ્યા જાય છે. દુનિયામાં તમામ સત્યપ્રિય અને આસ્તિક લોકોને સર્વથા નિર્ભય અને નિશ્ચિન્ત બનાવનાર પ્રજાપતિનું આ બખ્તરજ છે. તેને આપણે જોતા નથી અને નકામા કાલ્પનિક ભયથી પીડાઇએ છીએ અને ભયનો પ્રતિકાર કરવોને સારૂ હમેશાં ફિકરમાં ને ફિકરમાંજ રહીએ છીએ. હે ભુવનપતિ! મારી તો તમને એટલી પ્રાર્થના છે,

એટલી યાચના છે કે તમે પહેરાવેલું પેલું બખ્તર મારે સારૂ હમેશાં પૂરતુંજ રહે–બીજા બખ્તરના રક્ષણની મને ગરજ ન રહે. મને દુનિયાનાં નિરર્થક બખ્તરોની, રક્ષણ કરવાનાં સાધનોની કોઇ વાર પણ દરકાર ન રહે. તમારા મહાન, દુર્ભેદ્ય અને સમર્થ બખ્તરના રક્ષણ થકી હું સદાકાળ નિર્ભય રહું.

શબ્દાર્થ

(यः भुवनस्य पतिः) જે સંસારનો પતિ છે, તે **(मातरिश्वा प्रजापतिः)** પ્રાણસ્વરૂપ, સૂક્ષ્મ પ્રાણશક્તિ દ્વારા સંસારને ચલાવનાર પ્રજાના રક્ષકે **(प्रजाभ्यः)** આપણે તેની પ્રજાઓને માટે **(यानि)** જે કવચોને **(चकार)** બનાવ્યાં છે અને **(यानि)** જે કવચોને **(प्रदिशः दिशश्च)** દિશાઓ અને પ્રદિશાઓ **(वसते)** પહેરે છે **(तानि वर्माणि)** તે કવચ **(मे)** મારે માટે **(बहुलानि सन्तु)** ઘણાં થાઓ, પૂરતાં થાઓ, પ્રબળ થાઓ.

२८ श्रावण

न घा त्वद्रिक् अपवेति मे मनः त्वे इत् कामं पुरुहूत शिश्रिय।
राजेव दस्म निषदोऽधि बर्हिषि, अस्मिन् सुसोमे अवपानमस्तुते॥
(अथर्व. २०-१७-२। ऋ. १०-४३-२)

વિનય

હે દેવ! દુનિયામાં મેં મનમાની મોજ ઉડાવી, ઘણી ઘણી ઇચ્છાઓને અને કામનાઓને મેં પોષી અને ખૂબ ભટક્યો પણ ખરો; પણ જ્યારથી મારૂં મન તારા ભણી ખેંચાયું, જ્યારથી શાસ્ત્રશ્રવણ દ્વારા, તારા એક સાચા ભક્ત (ગુરુ) દ્વારા, તારા સ્વરૂપની જરાક ઝાંખી મને થઈ, ત્યારથી મારૂં મન મુગ્ધ બનીને ઠરી ગયું છે. હે દર્શનીય! તને દીઠો ત્યારથી મને બધુંજ મળી ગયું. જે પ્રિય અમર તત્ત્વ મને ન મળવાથી મન વ્યાકુળ રહેતું હતું તે મને મળી ગયું અને વ્યાકુળતા શમી ગઈ તથા તે તત્ત્વ મારે હાથ લાગી ગયું. હે પરમ સુંદર! તારી સુંદરતાને જોઇને મારૂં મન તારા ઉપર એવું મોહિત થઇ ગયું છે કે હવે તારાથી એક પળ વાર પણ આઘું ખસવાનું તેને ગમતુંજ નથી. તારા સિવાય બીજી કયી વસ્તુની હવે હું કામના કરૂં? કોઇ વસ્તુ ઉપર મારૂં મન લાગતુંજ નથી. મારી તમામ ઇચ્છાઓ, કામનાઓ, અભિલાષાઓ, મનોરથો, સૌ હવે તારા એકલામાંજ ઠર્યાં છે. તે બધાંનો હવે તું એકલોજ આશ્રય બની ગયો છે. હવે મારા મનમાં પ્રકટ થનારી કોઈ કોઇ સ્વાભાવિક કામનાઓ જેના ઉપર આધાર રાખે છે તે મૂળ કામના હવે તારે માટેજ રહી ગઇ છે. મારા હૃદયમાંની તમામ કામનાઓને શુદ્ધ કરનાર દેવ! હવે તો તમે મારા નિષ્કામ હૃદયાકાશને તમારા મનમોહક દૃશ્ય સ્વરૂપવડે પરિપૂર્ણ કરી દો, મારા અંતઃકરણના આસનના ઉપર બિરાજી જાઓ. રાજાધિરાજની માફક મારા હૃદયના સિંહાસન ઉપર આરૂઢ થઈ જાઓ. હે મારા અભીષ્ટ દેવ! હવે તમે મારા હૃદયના શાસક, નિયામક, રાજા અને કુલ

માલિક બની જાઓ. સમસ્ત પ્રજાઓ જેને સારૂ પોકાર કરી રહી છે એવા હે પુરુહૂત! મારા મહા ભાગ્યોદયને લીધે તમે મને એક વાર મળી તો ગયા, ત્યારે હવે હું તમને ગુમાવી દઉંજ કેમ? હવે તો તમે મારામાં સ્થિર થઇ જાઓ, મારામાં આવીને બેસી જાઓ. હે દર્શનીય! એક વાર તમારૂં રૂપ જોઇ લીધા પછી તમને મારી આંખોથી જરા પણ વેગળા કરવા હું ઇચ્છતો નથી. માટે તો તમને વારંવાર વિનતિ કરી રહ્યો છું કે, હવે તમે મારા હૃદયને તમારૂં નિવાસસ્થાન બનાવી દો. હે **'रसेन तृप्त'**! તમે તો તમારા પરિપૂર્ણ સ્વરૂપના સોમરસ વડે સદા તૃપ્તજ છો, ત્યારે હું તમને મારા હૃદયમાં નિમંત્રણ દઇને કયું નવું સુખ આપવાનો હતો? પણ એમ નહિ, મારૂં ભક્તમન એવું કહે છે કે, વિશુદ્ધ થયેલા આત્માઓને જોઇને તમને પણ જરૂર સુખ અને તૃપ્તિ થતાં હોવાંજ જોઇએ. માટે તમે મારા હૃદયમાં તમારૂં આસન જમાવીને મારા શુદ્ધ બનેલા, ઉત્તમ થયેલા આત્મામાંથી સ્વાભાવિક રીતે ઝરતા ભક્તિરસનો–સુસોમ રસનો–સ્વાદ લો. તમારા ઉંચા સિંહાસન ઉપરથી નીચા ઉતરીને મારા આપેલા આ તુચ્છ પાનને ગ્રહણ કરો. કામનારૂપી મળથી રહિત થયેલો મારો નિર્લેપ આત્મા તમારો સોમ બનીને તમને સર્વતોભાવે સમર્પિત થઇ ચૂકેલો છે, તેને તમે ગ્રહણ કરો, તેનો સ્વીકાર કરો, તેને તમે તમારો પોતાનો કરી લો.

શબ્દાર્થ

[હે ઇન્દ્ર!] **(मे)** મારૂં **(त्वद्रिक् मनः)** તારા તરફ ગયેલું મન **(न घ अपवेति)** હવે કદી પાછું ફરતું નથી, તારામાંથી ખસતુંજ નથી. **(पुरुहूत)** ઘણા લોકો જેને માટે પોકાર કરે છે એવા! **(कामं)** મારી તમામ ઇચ્છાઓ, મનોરથો, કામનાઓને **(त्वे इत्)** તારામાંજ **(शिश्रिय)** મેં આશ્રિત કરી દીધી છે. **(दस्म)** હે દર્શનીય! હે પરમ સુંદર! તું **(राजा इव)** રાજાની જેમ **(बर्हिषि अधि)** મારા હૃદયાસન ઉપર **(निषदः)** બેસી જા. **(अस्मिन् सुसोमे)** આ ઉત્તમ સોમરૂપ આત્મામાં હવે **(ते)** તારૂં **(अवपानं अस्तु)** અવપાન થાઓ, તું તેમાં ઉતરીને પાન કર.

२९ श्रावण

नमोऽस्तु ते निर्ऋते तिग्मतेजो, अयस्मयान् विचृता बन्धपाशान्
यमो मह्यं पुनरित् त्वां ददाति तस्मै यमाय नमो अस्तु मृत्यवे ॥
(अथर्व० ६-६३-२)

વિનય

મારા ઉપર આવી પડેલી હે ભારે વિપત્તિ! હું તને નમસ્કાર કરૂં છું. હું જાણું છું કે, આ સંસારમાં અમારા ઉપર જે જે કષ્ટ, ક્લેશ, દુઃખ, દર્દ આવી પડે છે તે બધાંજ અમારા ભલાને માટે—અમારા પરનો બોજો હલકો કરવાને માટે આવે છે. એટલા માટે હે વિપત્તિ! હું તને આવકાર દઉં છું. હે મોટામાં મોટી વિપત્તિ! તું આવ, આવ અને મારાં ભારેમાં ભારે બંધનોને, પાશોને કાપતી જા. તું આવે છે તે માત્ર અમારાં બંધનોને કાપવાને માટેજ આવે છે. તું અમને દુઃખ ભોગવાવીને અમને અમુક અમુક પાપોના બંધનમાંથી છોડાવી જાય છે. હે વિપત્તિઓ! તમે તો ઘણીજ કલ્યાણ અને મંગલકારક વસ્તુઓ છો. અમે અગાઉ કરેલાં ભારે ભારે પાપ વડે અમારી ઉન્નતિનો માર્ગ રૂંધાઈ ગયો છે, તેમના બોજા વડે અમે દબાઇ ગયા છીએ. એ બોજો જ્યાં લગી ઉતરી ન જાય, જ્યાં લગી એ દેવું ચૂકતે ન થઇ જાય, ત્યાંસુધી અમે આગળ વધી શકતાજ નથી. વિપત્તિઓ તો અમને આગળ વધતા અટકાવનારી અમારી બેડીઓને કાપી જાય છે. એટલા માટે હે વિપત્તિ! તું તારા ઘણામાં ઘણા બળ સહિત મારા ઉપર આવી જા. મેં અગાઉ કરેલા કોઈ ભારે પાપના, અપરાધના ફળરૂપ હું તને જોઉં છું. તું મને ઘણોજ તીક્ષ્ણ સંતાપ આપે છે તેનું આજ કારણ હોવું જોઇએ. પણ તે છતાં હું તને આવકાર દઉં છું. તું મને સંતાપે છે તો

ઘણીજ, પણ તું ચાલી આવ અને તારા જેવાંજ ભારે, તારા જેવાંજ તીક્ષ્ણ, સુદૃઢ અને કઠોર વિઘ્નો નાખનારા પાશને કાપી જા. મને વિશ્વાસ છે કે, તારો સંતાપ જેટલો તીક્ષ્ણ હશે તેટલીજ મારી ભારે બેડીઓ કપાઇ જવાની છે. તેથી તો હે ભયંકર વિપત્તિ ! હું તારાથી ગભરાતો નથી. હું તારૂં પ્રસન્નતાપૂર્વક સ્વાગત કરૂં છું. અગાઉ પણ મારા ઉપર કેટલાંએક ભયંકર સંકટ પડી ચૂકયાં છે. પણ તે સર્વ-નિયંતા પ્રભુ આજે ફરીથી તને મારી પાસે આવવાને પ્રેરે છે. મારા ઉપર અગાઉ વીતેલી વિપત્તિઓએ મને કાંઈક હલકો તો કર્યોજ હતો, પણ આજે તો તે યમ પ્રભુએ મારે સારૂ બીજી વાર એવી આકરી અને ભયંકર વિપત્તિ મોકલી છે કે તેની અસહ્ય તીક્ષ્ણ વેદનાને લીધે મારી તમામ લોહમય દુર્ભેદ્ય બેડીઓ જે અત્યાર સુધી ગમે તે કરતાં પણ છેદી શકાતી ન હતી તે આજે કપાઈ ગયા વિના રહેવાની નથી. એટલા વાસ્તે તે મૃત્યુરૂપ પ્રભુને હું આજે ફરીથી નમસ્કાર કરૂં છું. હું જાણું છું કે, તેનું રુદ્ર રૂપ પણ શિવજ છે, તેનું સંહારક રૂપ પણ કલ્યાણ-કારીજ છે. તેના સુખદ શાન્તિદાયક સૌમ્યરૂપને તો હું સદાય નમસ્કાર કરતોજ રહું છું, પણ આજે તો હે ઘોર વિપત્તિ ! તને મારી પાસે મોકલનાર તે મૃત્યુરૂપ ભગવાનને પણ નમસ્કાર કરૂં છું. મારા પ્રભુની મોકલેલી હે મારી વિપત્તિ ! તું આવી જા, આવી જા, તારૂં હું સ્વાગત કરૂં છું.

શબ્દાર્થ

(निर्ऋते) હે કૃચ્છ્રાપત્તિ ! હે ઘોર વિપત્તિ ! **(ते नमः अस्तु)** હું તને નમસ્કાર કરૂં છું. **(तिग्मतेजः)** હે તીક્ષ્ણ તેજવાળી ! તું મારી **(अयस्मयान् बंधपाशान्)** મોટી અને દૃઢ બેડીઓ જે મને બાંધી રહી છે તેમને **(विचृत)** કાપી નાખ. **(यमः)** નિયમન કરનાર પરમેશ્વર **(पुनः इत्)** ફરીથી પણ **(मह्यं)** મારે માટે **(त्वां)** તને **(ददाति)** આપી રહ્યો છે, મોકલી રહ્યો છે, **(तस्मै)** તે **(मृत्यवे)** મૃત્યુરૂપ, સંહારક, **(चमाय)** નિયમન કરનાર પરમેશ્વરને પણ **(नमो अस्तु)** મારા નમસ્કાર હો.

३० श्रावण

अध्यक्षो वाजी मम काम उग्रः कृणोतु मह्यं असपत्नमेव ।
विश्वेदेवा मम नाथं भवन्तु सर्वे देवाः हवमायन्तु मे इमम् ॥
(अथर्व. ९-२-७)

વિનય

હું ઇચ્છું છું કે મારામાં જે આત્માનું સંકલ્પબળ ભરી રાખ્યું છે તેના વડે હું 'સપત્નરહિત'–બિનહરીફ–બની જાઉં. મારો બધો વખત મારા પ્રતિસ્પર્ધીઓની સાથે લડવામાંજ જાય છે, મારૂં બધું ધ્યાન તેમની સાથે લડવામાંજ રોકવું પડે છે, તે મારી વિષમ અવસ્થા દૂર થઇ જાય. આવું ન થાય ત્યાં લગી હું દેવોની સાથે મારો સ્વાભાવિક સંબંધ નથી જોડી શકતો. માટે હું મારા સંકલ્પબળ વડે બીજું કોઇ કાર્ય સિદ્ધ કરવા નથી ઇચ્છતો. મારે માત્ર એકજ ઇચ્છા છે કે, હું મારામાં દેવોની સ્થાપના કરી શકું અને તેટલા માટે મારે સૌથી પ્રથમ તો તે દેવોના તમામ **'સપત્નોં'** ને (શત્રુઓને), તેમના તમામ પ્રતિસ્પર્ધીઓને, જેવા કે કામ–ક્રોધાદિને, નિર્મૂળ કરી દેવાની ઇચ્છા છે. એટલું એક કામ જો બરાબર સિદ્ધ થઇ જાય તો બાકીનું બીજું બધું તો આપોઆપજ થઇ રહેશે. જ્ઞાન, સત્ય, પ્રેમ, યજ્ઞ, સંયમ, ધૈર્ય વગેરે દેવોનો મારામાં નિવાસ થવોજ જોઇએ. મારા આત્માના જો કોઇ સ્વાભાવિક સાથીઓ હોય તો તેઓ એકલાજ છે. પણ તેમનું સ્થાન પચાવી પાડવા માટે, તેમને ખસેડીને મારા હૃદયમાં વાસો કરાવવા માટે અવિદ્યા, અસ્મિતા, રાગ, (કામ), દ્વેષ (ક્રોધ), લોભ ઇત્યાદિ નિરંતર હુમલા કર્યાજ કરે છે. મારા ખરેખરા શત્રુઓ તેઓજ છે અને તેમને ખસેડયા વગર મારામાં ઉપરોક્ત દેવોનો વાસો થઇ શકેજ નહિ. એટલા માટે હું પ્રબળ અને મહાન્ સંકલ્પવડે પેલા અવિદ્યા અને કામ–ક્રોધાદિ શત્રુઓને મારી કાઢયા વિના છોડવાનો નથી. પરંતુ સંકલ્પ કરવો એટલે ફક્ત મનથી ઇચ્છાજ કરવી એવું સમજી લેવાનું નથી. એકલી પ્રબળ ઇચ્છા વડે એ દુશ્મનો કાંઇ નાસી જાય એવા નથી. એને માટે જ્ઞાનની પણ ઘણી આવશ્યકતા રહે છે. જ્ઞાનનો ઉદય

થયા વિના કામ-ક્રોધાદિ શત્રુઓનો પરાભવ નથીજ થઈ શકતો. તેઓ એવા નથી કે જરાક અમસ્તા દબાવ્યા એટલે દબાઈ જાય. તેઓ તો એવા છે કે જો તેમને બળપૂર્વક દબાવવા જઇએ તો ઉલટા જોરથી ઉછાળો મારે છે. એટલા માટે જો કોઇની મારે ખરેખરી જરૂર હોય તો તે આત્મસંકલ્પ છે, આત્માનો સંકલ્પ અથવા '**काम**' છે. કારણકે આત્મસંકલ્પ '**वाजी**' છે, જ્ઞાનબળથી યુક્ત છે. વળી તે '**अध्यक्ष**' છે. મારા મસ્તકની અંદર બ્રાહ્મ સ્થાન આગળ આત્માની સાથે તે સ્થિતિ કરીને રહે છે અને ત્યાં રહીને તમામ ક્રિયાઓનું આધ્યક્ષપણું કરે છે. એજ માણસનું સાચું આત્મબળ છે; એજ તેનો સત્ય સંકલ્પ છે; માત્ર ઇચ્છવું એનો અર્થ સંકલ્પ થતો નથી. ઉપર કહ્યા તેવા વાજી-અધ્યક્ષ આત્મસંકલ્પ દ્વારા કામક્રોધાદિ શત્રુઓનાં ઉંડામાં ઉંડાં અને મજબૂતમાં મજબૂત મૂળીઆં ઉખડી જાય છે; કામ-ક્રોધ, રાગ-દ્વેષ તમામ નિર્મૂળ થઇ જાય છે, એટલા વાસ્તે હું મારી જ્ઞાનમય, બળવાન અને અધ્યક્ષ આત્મશક્તિને ઉપરથી પ્રેરિત કરૂં છું કે તે પોતાના અદમ્ય અમોઘ બળદ્વારા મારા કામક્રોધાદિ શત્રુઓને મારી હઠાવીને મને બિનહરીફ બનાવી દે, જેથી કરીને મારા આત્મીય દેવો મારી સાથે સહજ સંબંધથી યુક્ત થઈ જાય. એક વાર હું અસપત્ન (બિનહરીફ) બની જાઉં તો પછી મારા આવા સંકલ્પનું ઉચ્ચારણ થતાં જ તમામ દિવ્ય ભાવો મારામાં આવી જાય. તે દેવો મારી અંદર એવા વસી જાય, મારી સાથે એવા સંબદ્ધ બની જાય કે હું મારા સંકલ્પ વડે જે વખતે જે દિવ્ય ભાવને અથવા જે દેવને જાગૃત કરવા ઇચ્છું તે વખતે તે દિવ્ય ભાવ અને તે દેવ જાગૃત થઈ જાયજ.

શબ્દાર્થ

(मम उग्रः कामः) મારો પ્રબળ સંકલ્પ **(वाजी)** જ્ઞાનબળથી યુકત છે અને **(अध्यक्षः)** ઉપર રહીને બરાબર નિરીક્ષણ કરે એવો છે. એ સંકલ્પ **(मह्यम्)** મારે માટે સંસારને **(असपत्नम् एव)** સર્વથા પ્રતિસ્પર્ધી રહિત **(कृणोतु)** કરી દે. **(विश्वेदेवाः)** તમામ દેવો **(मम नाथं)** મારા સંબંધમાં **(भवन्तु)** થઇ જાઓ, **(सर्वे देवाः)** અને તે બધા દેવો **(मे इमम् हवम्)** મારો આ પોકાર થતાં જ **(आयन्तु)** આવી જાય.

૩૧ શ્રાવણ

अवधीत् कामो मम ये सपत्ना उरुं लोकमकरन् मह्यं मेधतुम् ।
मह्यं नमन्तां प्रदिशश्चतस्रो मह्यं षडुर्वीर्घृतमावहन्तु ॥
(अथर्व० ९-२-११)

વિનય

મારૂં સંકલ્પબળ જાગૃત થઇ ગયું છે. માણસના સંકલ્પની અંદર ઘણી ભારે શક્તિ ગૂઢરૂપે પડી રહેલી છે. ભગવાન પોતાના '**काम**' વડે- '**ईक्षणशक्ति**' વડે આખા બ્રહ્માંડને ઉત્પન્ન કરીને નિભાવે છે તે અસીમ શક્તિ મનુષ્યના સંકલ્પમાં પ્રવિષ્ટ થએલી છે, એ વાત મને મારી પોતાની સંકલ્પશક્તિ જાગૃત થઇ ત્યાર પછીજ સમજાઇ અને ત્યારેજ મને તે શક્તિનો અનુભવ થવા લાગ્યો. મારા જાગૃત થએલા સંકલ્પબળે, તે '**कामे**' સૌથી પહેલું કામ તો એ કર્યું કે, મારા માર્ગમાં જે વિઘ્નો હતાં, જે અંતરાયો હતા, તે બધાને મારી તોડીને મારો માર્ગ ચોખ્ખો ચટ કરી દીધો. તેમણે પોતાની બધી શક્તિ પ્રથમ એકલા એજ કામની પાછળ ખર્ચી નાખી. મારા કામ-ક્રોધ વગેરે તમામ રિપુઓને મારા સંકલ્પે મારી હઠાવ્યા અને મારી આગળ તેમનાથી ઉભા જ ન રહેવાય એવી તેમની હાલત કરી દીધી. મારા ઈચ્છામૂલક (વાસનામૂલક) કામ-ક્રોધાદિ દુષ્ટ ભાવો જ મારા શત્રુઓ હતા. તેઓ મારા આત્મમૂલક દેવભાવોની સાથે સ્પર્ધા કરીને તેમને દબાવી રાખતા હતા. પણ હવે મારા બળવાન સંકલ્પે ભારે પ્રયત્ન કરીને તેમને એવા માર્યા કે ફરીથી ઉઠીને ઉભા જ ન થાય. આ બધાં વિઘ્નોને દૂર કરીને મારા સંકલ્પે મને એક નિર્વિઘ્ન અને વિસ્તૃત લોકમાં દાખલ કરી દીધો છે. મારે સારૂ એક સીમા વિનાનું નવીન કાર્યક્ષેત્ર ખુલ્લું કરી દીધું છે. હવે હું ઘણો મોટો થઇ ગયો છું અને આ આખા વિસ્તૃત ક્ષેત્રમાં જાણે ફેલાઈ ગયો હોઉં એવો મને અનુભવ થવા લાગ્યો છે. હવે હું જે જે સંકલ્પ કરૂં છું, તે બધા જ વેગભેર પોતાના આઘેમાં આઘે આવેલા લક્ષ્યસ્થાન ઉપર સીધા પહોંચી જાય છે, કોઇ તેમને જરાય ખાળી શકતું નથી અને જેના ઉપર તેમનું નિશાન હોય છે ત્યાં પહોંચી જઇને તેમના ઉપર પોતાનો પ્રભાવ એકદમ બેસાડી દે છે.

જ્યારે ચારે બાજુએથી તૃષ્ણાઓ મને ઘેરી વળતી હતી અને તેમના હુમલાઓથી હું બહાવરો બહાવરો બનીને મનની વ્યાકુળ અવસ્થામાં જે કાંઇ સંકલ્પો ઘડતો તે બધા તરત જ તૂટી પડતાહતા. તેમનામાં બળ ન હતું, વેગ ન હતો, એક તરફ અમુક નિશ્ચય કરતો હતો પણ બીજી બાજુએ શું થાય છે તે તરફ મારાથી લક્ષ અપાતું નહિ; એટલે તે તરફથી તૃષ્ણાનો હુમલો આવી પહોંચતો અને હું ગભરાઇ જતો. આવી રીતે હું ઘણી જ મુસીબતની વચ્ચે કાળ યાપન કરતો હતો. પરંતુ હવે મારા આત્મસંકલ્પે મને આ સ્થિતિથી ઘણે ઉંચે લઇ જઇને બેસાડી દીધો છે અને એક ખુલ્લા મેદાનમાં મૂકી દીધો છે. હવે મારા દિન પ્રતિદિન વધતા જતા સંકલ્પબળની આગળ કોઈ શત્રુથી ઉભા રહી શકાય એમ છેજ નહિ. આ વિસ્તૃત લોકની વચ્ચે મારૂં દૃઢ આસન જમાવીને હું જે કાંઇ સંકલ્પ કરૂં છું તેને સફળ કર્યા વગર પ્રકૃતિનો આખા સંસારનો છૂટકો જ નથી. આ વિસ્તૃત છએ છ દિશાઓ અને ચાર ઉપદિશાઓને મારી આગળ નમવું પડશે અને જે કોઈ વસ્તુની મારા મનમાં ઇચ્છા હશે, જે કોઇ મારા દૃઢ સંકલ્પનો વિષય હશે તેને મારી આગળ લાવીને ધરવાનું કામ તમામ દિશાઓની વચ્ચે આવેલા સંસારનુંજ થઇ પડશે અને તે વસ્તુ તેણે મારી આગળ હાજર કરવી જ પડશે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, નીચે, ઉપર ગમે તે દિશામાં, ગમે તે વસ્તુને માટે હું મારા આત્મસંકલ્પના બળને પ્રેરૂં તો તે દિશાનો સંસાર મારા સંકલ્પમાંથી ઝરતા અભિષ્ટ ફળને (घृत) ને મારી આગળ હાજર કરી દેશેજ. આખા સંસારમાં હવે એવી એક પણ દિશા નથી અથવા એવું એક પણ સ્થાન નથી કે જ્યાંથી મારો મહાન સંકલ્પ પોતાની ધારેલી વસ્તુ ક્ષરિત ન કરાવી શકે.

શબ્દાર્થ

(कामः) મારા સંકલ્પબળે **(मम ये सपत्नाः)** જે જે મારા કામમાં બાધા ઉભી કરનારા પ્રતિસ્પર્ધીઓ હતા તેમને **(अवधीत्)** નષ્ટ કરી દીધા છે. **(मह्यं)** મારે સારૂ **(उरुलोकं)** વિશાળ ખુલ્લા લોકોને [પ્રદેશને] **(अकरत्)** મોકળા કરી દીધા છે. **(एधतुं [अकरत्])** મારે માટે તેની વૃદ્ધિ અથવા વિસ્તાર કરી દીધો છે. હવે **(मह्यं)** મારે માટે **(चतस्त्रः प्रदिशः)** ચારે ઉપદિશાઓ **(नमन्तां)** નમી પડો અને **(षट् उर्वीः)** છ વિસ્તૃત દિશાઓ **(मह्यं)** મારે સારૂ **(घृतं)** ક્ષરિત થએલા ઇષ્ટ ફળને **(आवहन्तु)** લઇ આવો, મારી આગળ ઉપસ્થિત કરી દો.

યાદ રાખજો કે

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्

(यजुर्वेद ४०-१७)

સત્યનું સ્વરૂપ સોનેરી રૂપાળા ઢાંકણાની
નીચે ઢંકાયેલું છે.

भाद्रपद मास

भाद्रपद मास (सिंह राशि) माटे

प्राणदायक व्यायाम

પેટ તથા આંતરડાંને સ્વસ્થ રાખનારી કસરત

અગાઉ બતાવેલી રીત મુજબ બેઉ હાથને નીચે લટકતા રાખીને અને મુઠ્ઠીઓ જોરથી ભીડીને ઉભા રહો, હથેળીઓ બહારની બાજુ તરફ રહેવી જોઇએ. બેઉ હાથ તથા પગની માંસપેશીઓને પણ ખૂબ તંગ રાખવી જોઇએ. પછી પેટ (ફેફસાં) સુધી પહોંચે એવો એક પૂર્ણ શ્વાસ લેવો અને તેને અંદરનો અંદર ભરી રાખવો. એવી અવસ્થામાં પેટ (ફેફસાં)ને વારાફરતી સંકોડતા જવું અને ફૂલાવતા જવું. આ પ્રમાણે સંકોડતી વખતે વાયુને પેટ (ફેફસાં)માંથી છાતી તરફ લઇ જવો અને ફૂલાવતી વખતે વાયુને છાતીમાંથી પેટ (ફેફસાં)માં ઉતારવો.

આવી રીતે પેટ (ફેફસાં)ની અંદર શ્વાસ ભરી રાખ્યો હોય તેટલો વખત ફુલાવવા તથા સંકોડવાને લીધે પેટ (ફેફસાં) વારાફરતી બહારની બાજુ તરફ તથા અંદરની બાજુ તરફ નીચું ઉંચું થવા લાગશે—અર્થાત્ દબાશે અને ફૂલશે.

શ્વાસને બહાર કાઢતા પહેલાં આઠ–દસ વાર ઉપર પ્રમાણે ક્રિયા કરવી. શ્વાસ છોડી દીધા પછી થોડીક વાર સુધી આખા શરીરને ઢીલું કરી દેવું અને પાછું પહેલાંની માફક કરતા જવું.

ધ્યાન—આ કસરત વડે મારા પાચક અવયવોને બળ મળતું જાય છે, વળી મારા આખા શરીરને પણ ખૂબ લાભ થાય છે અને તેની શુભ અસર મારા શરીરનાં નાનાં મોટાં તમામ અંગોની ઉપર થતી જાય છે.

પેટ અને આંતરડાંને ગૌણ રીતે જયેષ્ઠ, માર્ગશીર્ષ અને ફાલ્ગુન માસની કસરતો પણ ઠીક ઠીક ફાયદો કરે છે.

१ भाद्रपद

उलूकयातुं शुशुलूकयातुं जहि श्वयातुमुत कोकयातुम् ।
सुपर्णयातुं उत गृध्रयातुं दृषदेव प्रमृण रक्ष इन्द्र ॥
(अथर्व० ८४–२२ । ऋ. ७–१०४–२२)

વિનય

હે જીવ ! તને દુર્લભ મનુષ્યજન્મ મળ્યો અને છતાં તેં હજી તારામાંથી તારી પશુતાને દૂર કરી નહિ ! તારામાં આજે પણ છ જાતનાં પશુત્વ ઘર કરીને બેઠેલાં છે. મનુષ્યયોનિજ આ સંસારમાં એક એવી યોનિ છે, કે જેનામાં આત્મશક્તિની જાગૃતિ કરવાનું શકય છે. માટે ઓ માનવી ! તું તારા પોતાના ઇન્દ્રત્વને ઓળખ, તારી શક્તિઓનો અનુભવ કરતો થઇ જા અને તે આત્મિક શક્તિઓ વડે તારા 'છ રિપુઓને'–તારી છ પ્રકારની પશુતાઓને તારામાં ઘર કરી બેઠેલા છ રાક્ષસોને–વિનષ્ટ કરી દે. તારે તેમનાથી તારૂં પોતાનું રક્ષણ કરી લેવુંજ જોઇએ. તારે હણવા જેવા ખરેખરા રાક્ષસો તો પેલા તારા 'છ રિપુઓ'જ છે. તારામાં કોઇ કોઇ વાર કોકપક્ષીના સમાન પ્રબળ કામવિકારરૂપી રાક્ષસ દાખલ થઇ જાય છે, તેનો તું વધ કર. તું તો સંયમ કરવાને સમર્થ એવો મનુષ્ય છે. તું કોઇ કોઇ વાર ક્રોધના આવેશને વશ થઇને તારા પોતાના ભાઇઓના ઉપર નિર્દયપણે અત્યાચાર કરવા મંડી જાય છે, તે કામ તારામાં રહેલો વરૂનો સ્વભાવ કરાવે છે. તું જ્યારે જ્યારે કોઇનો દ્વેષ કરે છે અથવા કોઇની હિંસા કરે છે, ત્યારે ત્યારે તું માણસ હોવા છતાં બીજાં પ્રાણીઓને

મારીને ફાડી ખાઇ જનારા વરૂના જેવું આચરણ કરે છે. વળી ગીધ પક્ષી મરવાને છેલ્લા શ્વાસ લેતાં જાનવરોના માંસ ઉપરજ નજર તાકયા કરે છે, તેમ તારામાં પણ બીજાઓની પાયમાલીમાંથી તારી પોતાની પુષ્ટિ પ્રાપ્ત કરવાની ઘૃણિત લોભી વૃત્તિ ઘણી વાર જોર કરે છે તે પણ તારામાં વાસો કરનાર એક મોટો બળવાન રાક્ષસ છે તેને પણ તારે મારી નાખવો પડશે. ત્યાર પછી તું કોઈ કોઇ વાર ઘુવડના જેવું આચરણ કરે છે તે પણ તું છોડી દે. ઘુવડને અજવાળાની સાથે વેર છે, તેનાથી પ્રકાશ સાંખી શકાતોજ નથી, અને અંધારામાં ભરાઇ રહેવાનું તેને ગમે છે, તેમ તને પણ તારી તમોમય અવસ્થામાં પડી રહેવાની અને તેનાથી બહાર ન નીકળવાની ઇચ્છા થાય છે અને જ્યાં સાત્ત્વિક ભાવની તથા જ્ઞાનના પ્રકાશની ચર્ચા થતી હોય ત્યાંથી તું વેગળો ને વેગળોજ નાસતો ફરે છે, તે વૃત્તિનો પણ તું ત્યાગ કર. એવીજ રીતે તારામાં ‘ અહંકાર’ રૂપી એક ઘણોજ દુષ્ટ રાક્ષસ વસે છે. તારામાં ગરુડ પક્ષીની માફક હું સૌથી શ્રેષ્ઠ છું એવું મિથ્યાભિમાન છે તેને પણ તારે જડમૂળથી કાઢીજ નાખવું પડશે. અને તારામાં કૂતરાનો સ્વભાવ છે તે તું કયારે છોડી દઇશ ? કૂતરાની પેઠે એકબીજાની સાથે લડવાની, બીજાની આગળ પૂંછડી હલાવીને તેની ખુશામત કરવાની અથવા કૂતરો જેમ પોતાનું ઓકેલું પણ ખાઇ જાય છે, તેમ તારામાં પણ અમુક વસ્તુનો ત્યાગ કરવાનું વ્રત લીધા પછી પાછી તેનો ભોગ કરવાની જે વૃત્તિઓ છે તે બધી શ્વાનવૃત્તિઓ છે. તેમને તું હવે કયાં સુધી તાબે થયા કરીશ ? તું તો ઇન્દ્ર છે, આત્મા છે. તારી આત્મશક્તિની આગળ આ જાનવરો ઉભાં રહીજ કેમ શકે ? જેમ પથ્થરની શિલા સાથે અફળાઇને માટીના ઢેફાના ચૂરેચુરા થઇ જાય છે, તેમ હે આત્મા ! હે ઇંદ્ર ! તારામાં એક **‘मही दृषत्’** ભારે દારણશક્તિ છે, તેને તું ઓળખ. તારી આત્મિક દૃઢતાની સાથે અફળાઇને આ બધા માટીના વિકારો (પ્રાકૃતિક માયાની વસ્તુઓ) ભાગીને ભૂકો

થઈ જશે. તારા પુરુષપણા આગળ, તારી ઈન્દ્રતા આગળ આ પશુતાઓથી ટકી શકાયજ કેમ ? દેવરાજ ઇંદ્રની સામે કોઇ પણ રાક્ષસ ઉભો રહીજ કેમ શકે ? એક વાર તારા ઇંદ્રપણાને, તારી આત્મશક્તિને તું ઓળખતો થઇ જા; એટલે પછી તું જોજે કે, જ્યારે આમાંનો કોઇ પણ રાક્ષસ તારા ઉપર કદી આક્રમણ કરવા આવશે, ત્યારે તારી ખડકના જેવી સુદૃઢ આત્મશક્તિની સાથે અથડાઇને તે પોતેજ ચૂર્ણ-વિચૂર્ણ થઇ જાય છે કે નહિ ?

શબ્દાર્થ

[હે જીવ !] **(उलूकयातुं)** ઘુવડના જેવા આચરણને [મોહને] **(शुशुलूकयातुं)** વરૂના જેવા સ્વભાવને [ક્રોધને] **(श्वयातुं)** કૂતરાના જેવા વ્યવહારને [મત્સરને] **(उत)** અને **(कोकयातुं)** કોક પક્ષીના જેવી વૃત્તિને [કામને] **(जहि)** તું નષ્ટ કરી દે. **(सुपर्णयातुं)** બાજ અથવા ગરુડ પક્ષીના જેવા સ્વભાવને [મદને] **(उत)** તથા **(गृध्रयातुं)** ગીધ પક્ષીના જેવા આચરણને (લોભને) પણ **(रक्षः)** આ છએ છમાંથી એક એક રાક્ષસને **(इन्द्र)** હે આત્મન્! તું **(दृषदा इव प्रमृण)** તારી દારણશકિત વડે જેમ પથ્થરની શિલા માટીના ઢેફાના ચૂરેચુરા કરી નાખે છે અથવા માટીના વાસણને ભાંગી નાખે છે તેમ [તે રાક્ષસોને] વિનષ્ટ કરી દે.

२ भाद्रपद

अहमेतान् शाश्वसतो द्वा द्वेन्द्रं ये वज्रं युधयेऽकृण्वत ।
आह्वयमानाँ अव हन्मना हनं दृल्हा वदन्ननमस्युर्नमस्विनः ।
(अथर्व. १०-४८-६)

વિનય

હું અપરિમિત બળવાળો આત્મા છું. તે છતાં પણ સંસારનાં દ્વંદ્વો (રાગ-દ્વેષાદિ જોડકાંઓ) મારી સાથે યુદ્ધ કરવાને વાસ્તે ચાલ્યાં આવે છે. તેઓ મને દબાવી મારવા માગે છે. પરંતુ તેમને એટલી ખબર નથી કે, મારા હાથમાં વજ્ર છે, હું અમોઘ શક્તિયુક્ત સંકલ્પબળનો માલિક છું. એ દ્વંદ્વો દેખાય છે તો ઘણાં બળવાન અને ખરી રીતે આખાય સંસારને તેમણે પોતાના પંજા નીચે દબાવી રાખ્યો છે. તમામ પ્રાણીઓ શીત અને ઉષ્ણ, ભૂખ અને તરસ, પ્રિય અને અપ્રિય ઇત્યાદિ દ્વંદ્વો વડે સદાય સંતપ્ત રહે છે, આખો સંસાર સુખ-દુઃખના ચક્ર ઉપર ચઢીને ફર્યાજ કરે છે. સૂક્ષ્મ રાગ-દ્વેષના સ્વરૂપમાં રહેલાં આ દ્વંદ્વો ઘણી ઉંચી કોટિના પુરુષોને પણ છોડતાં નથી. પરંતુ જ્યાં સુધી તેમની સાથે મુકાબલો કરવા માટે આત્મબળ મેદાનમાં નથી આવતું, ત્યાં સુધીજ એ દ્વંદ્વોનું જોર ચાલે છે. એ દ્વંદ્વો-એ બબ્બેનાં જોડકાંઓ-નવાં નવાં રૂપ ધારણ કરીને મારા આત્માની સામે યુદ્ધ કરવા સારૂ પોતાનું ખૂબ જોર દાખવતાં અને મોઢેથી ગર્જનાઓ કરતાં ચાલ્યાં તો આવે છે, પણ મારી સન્મુખ આવતાની સાથેજ તેમને સમ બની જવું પડે છે. ઠંડી અને ગરમી, સુખ અને દુઃખ, જય અને પરાજય, માન અને અપમાન, એ બધાં દ્વંદ્વો આવે છે તો પોતાની દ્વંદ્વતાની અંદર મને બાંધી લેવાને માટે, પણ તેમને પોતાનેજ તેમની દ્વંદ્વતાને છોડી દઈને એક

થવું પડે છે, બેઉને સમ થઈ જવું પડે છે અને સમ થઇ ગયાં એટલે તેમનું પોતાનું અસ્તિત્વજ રહેતું નથી. તેઓ ભલેને ફાવે તેવાં બળવાન હોય, પણ આખરે એ બનેલાં છે તો વિકારી અનિત્ય પ્રકૃતિનાંજ ને ? તેથી કરીને તેમનામાં પરિણામ, પરિવર્તન થવું અથવા તેમનું હારી જવું એ સ્વાભાવિકજ છે. અને હું તો નિત્ય, અપરિણામી, અવિકારી અને કદી પણ જેનો પરાભવ થાયજ નહિ એવો આત્મા છું. મને તેઓ કેવી રીતે દબાવી શકે ? ઉલટું મારા તેજ આગળ, મારા વાગ્વજ્રની આગળ મારા સંકલ્પબળની આગળ તેમનેજ હાર ખાઇને નમી જવું પડે છે, તેમનેજ દબાઇ જવું પડે છે. શીતોષ્ણ, લાભહાનિ, હર્ષ–શોક, એ જોડકાંઓને મનુષ્ય સહન કરી નહિ શકે, એ તે કાંઇ વાત છે ? જે જે શરીરની અંદર વસનાર આત્મા તેમને સહન કરવાનો નિશ્ચય કરે છે, ત્યાં બધેજ આત્માની દૃઢ સંકલ્પમય સહનશક્તિની સામે એ દ્વંદ્વોથી ટકી શકાતુંજ નથી. હું આત્મા જ્યારે દૃઢતાપૂર્વક આજ્ઞા કરૂં કે “મને ગરમી અને શરદી વડે કશુંજ નુકસાન થવાનું નથી,” “હું સુખથી સુખી અને દુઃખથી દુઃખી જરા પણ થનાર નથી,” “હું સિદ્ધિ અને અસિદ્ધિ બેઉમાં સમાન ભાવે રહીશ.” બસ, એટલું કહેતાંની સાથેજ–મારાં આવાં દૃઢ વચનોના ઉચ્ચારણની સાથેજ–મારું પેલું બળવાન વાગ્વજ્ર અથવા સંકલ્પવજ્ર તેમને પોતાનો એવો પ્રતાપ બતાવે છે કે, તેના મારથી તે મહાબળવાન દ્વંદ્વો મરણને શરણ થઇ જાય છે. મારૂં તે વજ્ર અમોઘ શક્તિયુક્ત છે. તે વજ્ર વડે હું તમામ પ્રકારનાં દ્વંદ્વોને, તેઓ ગમે તેવું બલિષ્ઠમાં બલિષ્ઠ રૂપ ધારણ કરીને આવે તો પણ–હું તેમને મારી નાખું છું. આવી રીતે તે સૂક્ષ્મ રાગ–દ્વેષની પણ સમાપ્તિ કરીને, તેમને જડ–મૂળથી ઉખેડી નાખીને હું પૂર્ણ વિજયી બનીને ઉભો રહું છું.

માટે હે નરતનુ ધારણ કરનારાઓ ! સાંભળો, સાંભળો ! તમારો આત્મા એ દ્વંદ્વો ઉપર વિજય પ્રાપ્ત કરવાને માટે

ગર્જના કરી રહ્યો છે. સાંભળો તેની ગર્જના અને દ્વંદ્વોને તમારા પગ તળે દબાવીને તેના ઉપર ઉભા થઈ જાઓ.

શબ્દાર્થ

(ये द्वाद्वा) બબ્બેનાં જોડકામાં આવનારાં દ્વંદ્વો **(वज्रं इन्द्रं)** મને વજ્ર ધારણ કરનાર ઇંદ્રને **(युघये अकृण्वत)** તેમની સાથે લડવાની ફરજ પાડે છે, **(एतान् शाश्वसत: आह्वयमानान् नमस्विनः)** તે બધાં મોટાં અને બળવાન દેખાતાં, ખૂબ ગર્જનાઓ અને ચીત્કાર કરનારાં પણ આખરે હારી જઇને નમી પડનારાં દ્વંદ્વોને **(अहं अनमस्यु:)** હું જે કોઇનાથી કદાપિ હારતો નથી તે **(दृल्हा वदन्)** દૃઢ વાણીઓ બોલનારો હું આત્મા **(हन्मना)** મારા હથિયાર વડે, મારી વાક્શક્તિ અથવા મારા સંકલ્પબળરૂપી શસ્ત્ર વડે **(अव अहनं)** તેમને સૌને મારી નાખું છું.

३ भाद्रपद

आकूतिं देवीं सुभगां पुरो दधे चित्तस्य माता सुहवा नो अस्तु ।
या माशामेमि केवली सा मे अस्तु विदेयमेनां मनसि प्रविष्टाम् ॥
(अथर्व. १९-४-२)

વિનય

મારો પોતાનો શો અભિપ્રાય છે તે ઘણી વાર તો હું પોતેજ નથી સમજી શકતો. મારા પોતાના આન્તરિક અભિપ્રાયને હું મારા આગળ સ્પષ્ટ રૂપમાં રજુ નથી કરી શકતો. અસત્ય ભાષણ, અસત્ય ચિંતન કરતાં કરતાં, નાના પ્રકારના ભય અથવા રાગને વશીભૂત થવાનો અભ્યાસ પડી જવાથી મારો માનસિક વ્યાપાર એવો કલુષિત થઈ ગયો છે—એવો કૃત્રિમ બની ગયો છે કે તેના ગરબડ ગોટાળાને લીધે મારા પોતાના વાસ્તવિક અભિપ્રાયનેજ હું ખોઇ બેસું છું. મારા અંતરના સાચા આશયને બીજાઓ આગળ ગુપ્ત રાખવાની ટેવ પડી જવાથી આખરે તે મારી આગળ પણ છુપાઇ જતા રહે છે. પરંતુ હવે એવી આત્મવંચનાની અવસ્થાનો હું ત્યાગ કરી દઉં છું અને આજથી હું મારી પોતાની 'आकूति' (અભિપ્રાય) ને હમેશાં તેના સ્પષ્ટ રૂપમાં મારી નજર આગળ રાખ્યા કરીશ. આપણા મનની ઇચ્છાઓને, અભિપ્રાયો વગેરેને આપણે ત્યારેજ છુપાવીએ છીએ કે જ્યારે તેઓ મલિન હોય, દુર્ભગા અથવા આસુરી હોય. જ્યારે તે સુભગા અથવા દૈવી હોય, જ્યારે આપણા મનમાં ઉત્તમ પ્રકારનાં ઐશ્વર્ય પ્રાપ્ત કરવાની અથવા સૌના કલ્યાણની ઇચ્છા પ્રકટ થતી હોય અને છતાં જો તેને આપણે છુપાવીએ ત્યારે તો માત્ર આપણી પોતાની નિર્બળતાને વશ થઇને અથવા ખોટી લજ્જા અથવા બીકને લીધે તેમ કરતા હોઇએ. એ સિવાય તેમ કરવાનું બીજું કશું કારણ સંભવતું નથી. પરંતુ જો મારી આકૂતિ ખરેજ સુભગા અથવા દૈવી હોય તો પછી મારે ડરવાનું કારણજ શું? શા વાસ્તે હું તેમને ગુપ્ત રાખું? હું તો હવે તેમને મારી અને સૌની સામે ખુલ્લેખુલ્લી જાહેરજ મૂકી દઉં છું. હું

આજથી મારા જીવનને એટલું સત્યમય બનાવી દઇશ–મારા માનસિક ક્ષેત્રને સત્ય જ્ઞાનના પ્રકાશ વડે એવું અજવાળી દઇશ કે મારા મનની અંદર પેઠેલી મારી આકૃતિરૂપી દેવીને હું જ્યારે ઇચ્છું ત્યારે જોઇ શકું, જાણી શકું અને બીજાઓની આગળ વ્યક્ત કરી શકું. મન (અંતઃકરણ)-નો નીચલો ‘ચિત્ત’ નામનો એક વિભાગ છે. ત્યાં આગળ વિચાર, અભિપ્રાય વગેરે સુપ્ત અવસ્થામાં પડી રહે છે અથવા ચિત્ત તેમનુંજ બનેલું છે (જે ચિત્તની અભિપ્રાયરૂપી માતા છે). તે ઠેકાણેથી મને જ્યારે ઇચ્છા થાય ત્યારે હું મારા અભિપ્રાયને તરતજ બોલાવીને બહાર તેડી લાવું. મારી આકૃતિ મારે સારૂ સદાય ‘**सुहवा**’–સુગમતાથી બોલાવવા યોગ્ય થઇ રહે. મારે જ્યારે જરૂર પડે ત્યારે તેને બોલાવીને મારી વૈખરી વાણીના રૂપમાં હું તેને પ્રકટ કરી શકું. હે મારા પ્રભો ! હવે આજથી મારા મનોરાજ્યના તમામ ગરબડ ગોટાળાને દૂર કરો; જ્યાં અવ્યવસ્થા છે ત્યાં સુવ્યવસ્થા કરી દો. હું જે વખતે જે આશાને અથવા જે ઇચ્છાને ધારણ કરીને જે દિશામાં જાઉં તેટલો વખત તે એકજ આશા અથવા ઇચ્છાજ મારી આગળ તેના શુદ્ધ અવિકલ સ્વરૂપમાં ઉભી રહે. બીજા બધા વિચારો, ઇચ્છાઓ, તેટલો વખત ગૌણ બની જઇને પાછળ ઉભાં રહે અને મારા તે એક વિચારના ચિન્તનમાં જરા પણ ગરબડ ગોટાળો ઉત્પન્ન ન કરે. જો આટલી વ્યવસ્થા થઇ જાય તો મારી તમામ આકૃતિઓ (અભિપ્રાયો) સંકલ્પશક્તિજ બની જશે અને તેઓ પૂર્ણ અથવા સફળજ થયા કરશે.

શબ્દાર્થ

(**सुभगां**) ઉત્તમ ઐશ્વર્યને લગતી (**आकूतिं देवीं**) અભિપ્રાયરૂપી દેવીને (**पुरो दधे**) હું મારી સન્મુખ રાખું છું. તે (**चित्तस्य मातां**) ચિત્તવિભાગની માતા, તેનું નિર્માણ કરનારી, તેને ઘડનારી આકૃતિ (**नः सुहवा अस्तु**) મારે માટે સુગમતાથી બોલાવવા યોગ્ય થાઓ. (**यां आशां एमि**) હું જે આશાનું સેવન કરૂં, હું જે દિશામાં જાઉં (**सा मे केवली अस्तु**) તે એકલીજ શુદ્ધ સ્વરૂપમાં મારી સામે હોય (**मनसि प्रविष्टां**) અંતઃકરણમાં પેઠેલી (**एनां**) આ અભિપ્રાયરૂપી દેવીને (**विदेयं**) હું સદા જાણી શકું, પ્રાપ્ત કરી શકું.

४ भाद्रपद

रथे तिष्ठन्नयति वाजिनः पुरो यत्र यत्र कामयते सुषारथिः ।
अभीशूनां महिमानं पनायत मनः पश्चादनु यच्छन्ति रश्मयः ॥
(ऋ. ६-७५-६ । यजु. २९-४३)

વિનય

રથની પાછળ બેઠેલો હોય તે છતાં પણ સારથિ રથની આગળ આગળ ચાલનારા ઘોડાઓને એવા કાબુમાં રાખી શકે છે કે તેમને જ્યાં લઇ જવા હોય ત્યાં લઈ જાય છે. કુશળ સારથિની એજ ખુબી છે. પણ રથના પાછલા ભાગમાં બેઠેલો સારથિ રથના આગલા ભાગની સાથે જોડેલા ઘોડાઓને જે સાધન વડે પોતાના કાબુમાં રાખે છે તે સાધનની–અર્થાત્ **अभीशु** (લગામ)ની ખરી રીતે તો સ્તુતિજ કરવી જોઇએ, બધો યશ તેને આપવો જોઇએ. એ '**रश्मयः**' (રાસ–લગામ) ઘોડાઓને સારથિની ઇચ્છાને અનુકૂળ અને કાબુમાં રાખે છે. ઘોડાઓને જે લગામ બાંધેલી છે તે **अभीशु**ઓનું મહત્ત્વ તમને સમજાય છે? ઘોડાઓની લગામ તો બહારની વસ્તુ છે, પણ ખરેખરી લગામ તો મન નામના આન્તરજ્યોતિની વૃત્તિઓરૂપી કિરણોની બનેલી છે. અંતરાત્મારૂપી સૂર્યનાં કિરણો એજ ખરેખરી **अभीशु** અથવા લગામ છે કે જેનાવડે શરીરની અંદર બેઠેલો દેવ બહારના જગતની સાથે પોતાનો સંબંધ જોડી રાખે છે અને પોતાની સાથે સંબંધમાં આવનારા તમારા બાહ્યજગતને પોતાના કાબુમાં રાખે છે. વેદમાં તો કહ્યું છે કે, એ મન પણ દેવજ છે, જે એક બાહોશ સારથિની માફક તમામ મનુષ્યોરૂપી ઘોડાઓને ગમે તે દિશાએ હાંકીને લઇ જાય છે. (યજુર્વેદ, ૩૪–૬) ખરી રીતે જોતાં પાછળ બેઠેલો અંતરાત્મા મનોદેવ પોતાની લગામો વડેજ–અર્થાત્ પોતાની વૃત્તિઓ અથવા સંકલ્પોદ્વારા આગળ બેઠેલો અથવા સ્વતંત્ર દેખાતા બાહ્યજગતને પોતાની મરજી મુજબ ચલાવે છે. હે મનુષ્યો! તમે એ મનોવૃત્તિઓના, મનના સંકલ્પોના મહિમાનો અનુભવ તો લઇ જુઓ. આ લગા-

મને, આ રશ્મિઓને દૃઢતા સહિત તમારા હાથમાં પકડીને એક બાહોશ સારથિની માફક તમે તમારી જાતનું નિયમન કરીને તેની પરિચાલના કરો, તમે તમારી પોતાની જાત ઉપર અમલ ચલાવો; તમે તમારા શરીરને, તમારા હાથ–પગ વગેરે કર્મેન્દ્રિયોને તેમજ તમારી જ્ઞાનેન્દ્રિયોને તમારા રથમાં જોડેલા તમારા ઘોડાની માફક કાબુમાં રાખીને તેમને જ્યાં લઈ જવી હોય ત્યાં લઇ જાઓ, તેમની પાસે જે કામ કરાવવું હોય તે કરાવો. વાસ્તવિક રીતે આ લગામોને તમારા હાથમાં ધારણ કરીને તમે જે કોઇ કામ કરવા ધારો તે કામ કરી શકો છો. આ મનોવૃત્તિઓને, મનના સંકલ્પોને તમારા હાથમાં દૃઢતાપૂર્વક પકડતાં આવડે એટલીજ વાર છે. પછી તમે તમારી જાતને જે દિશાએ અને જે રીતે લઈ જવી હશે તે દિશાએ તે રીતે લઇ જશો; તમારી ઇન્દ્રિયો વગેરેને તમારી આજ્ઞા પ્રમાણે કામ કરવું પડશે; તમે તેમને જ્યાં લઇ જશો ત્યાં તેમને જવું પડશે અને જ્યાં જવાની મના કરશો ત્યાં તેમનાથી નહિજ જવાય. આવું થશે ત્યારે તમે પૂરેપુરા આત્મવશી બની જશો. પછી તમે જોશો કે, તમે તમારી જાતને મનમાં આવે એવી રીતે હલાવી ચલાવી શકો છો અને તમારી જાત જેવી રીતે હાલશે ચાલશે તેવી રીને આખો સંસાર પણ તદનુસાર હલન ચલન કરવા લાગશે; તમે આખા જગતને તમારી મરજી મુજબ હલાવી ચલાવી શકશો. **અભીશુઓનો**, રશ્મિઓનો આવો અજબ મહિમા છે.

શબ્દાર્થ

(रथे तिष्ठन्) રથના પાછલા ભાગ ઉપર બેઠેલો **(सुषारथिः)** કુશળ સારથિ **(पुरः)** આગળ જોડેલા, આગળ આગળ ચાલનારા **(वाजिनः)** ઘોડાઓને **(यत्र यत्र कामयते)** જ્યાં ચાહે ત્યાં **(नयति)** લઇ જાય છે. **(अभीशूनां)** લગામોને અથવા મનની વૃત્તિઓરૂપી કિરણોનો **(महिमानं)** મહિમા **(पनायत)** વખાણો; કેમકે **(पश्चात्)** પાછળ લગાડેલી **(मनः)** મનની (સારથિની) **(रश्मयः)** રશ્મિઓ, લગામો આગળ જોડેલા ઘોડાઓને **(अनुयच्छन्ति)** પોતાને અનુકૂળ અને કાબુમાં રાખે છે.

५ भाद्रपद

विजेषकृदिन्द्र इवा नवब्रवो अस्माकं मन्यो अधिपा भवेह ।
प्रियं ते नाम सहुरे गृणीमसि विद्मा तमुत्सं यत आबभूथ ॥
(ऋ० क० १०-८४-५ । अथर्व० ४-३१-५)

વિનય

હે મન્યુ! અમે ઈચ્છીએ છીએ કે, તું અમારી અંદરજ વાસ કરે, અમારી અંદરજ ઉત્પન્ન થયા કરે. હે મન્યુ! તું દેવ છે. તું અમારામાં આવીને વસી જા. ક્રોધ પણ તને ઘણી મળતી આવે એવી વસ્તુ છે તો ખરી, પરંતુ તે છતાં તારામાં અને ક્રોધમાં આકાશ–પાતાળ જેટલું અંતર છે. હે મન્યુ! તું દેવ છે અને ક્રોધ તો અસુર છે. તમારાં બેઉનાં ઉત્પત્તિસ્થાન તદ્દન જુદાં જુદાં છે. હે મન્યુ! તારૂં ઉત્પત્તિસ્થાન કયું તે અમે જાણીએ છીએ, જ્યાંથી તું પ્રકટ થાય છે તે મૂળ સ્રોતને પણ જાણીએ છીએ, નિર્મળ મનના મૂળ સ્થાનમાં રહેલો જે વિશુદ્ધ આત્મા છે તે તારો સ્રોત છે. ત્યાં આગળથી તારો ઉદ્ભવ થાય છે એટલા માટે તું દેવ છે. ક્રોધનો ઉદ્ભવ તો વિકારયુક્ત મનમાંથી થાય છે, દ્વેષથી દૂષિત થએલા મનમાંથી થાય છે, બીજાઓને નુકસાન કરવાની ભાવનામાંથી થાય છે. ક્રોધને વશ થનાર મનુષ્ય પોતે જ ગાંડો, વિવેકહીન બની જાય છે. બીજાઓને લાભ કરવાની અથવા હાનિ કરવાની વાસ્તવિક શક્તિ ક્રોધમાં હોતી જ નથી. ક્રોધ નિર્વીર્ય છે. પરંતુ હે મન્યુ! તારામાં એક અત્યંત ભારે શક્તિ રહેલી છે; તુંજ પ્રબળ શક્તિસ્વરૂપ છે; તું વિજય અપાવનાર દૈવી શક્તિ છે. વિશુદ્ધ આત્માના સ્રોતમાંથી જે ઇચ્છા ઉત્પન્ન થાય છે, જે ઇચ્છા રાગ–દ્વેષ વિનાની છે, જે પાપનું નિવારણ કરનારી એક શાંત ગંભીર અને પ્રબળ

પ્રેરણા હોય છે, તે તો કોઈ અદ્ભુત શક્તિ છે. અને હે મન્યુ ! એજ તારૂં સ્વરૂપ છે. એવા રૂપમાં તું જે કાંઈ ઇચ્છા રાખે તે સફળ થવીજ જોઇએ, તેને કોઇજ ખાળી શકતું નથી. એવી અવસ્થામાં તું જે કાંઇ બોલે તેને કોઇ દાબી શકતું નથી, કોઇ વ્યર્થ કરી શકતું નથી. ઇન્દ્ર (આત્મા)-ની માફક તારો અવાજ પણ અદમ્ય છે. તારી સામે કોઇ ઉભું રહી શકતુંજ નથી, પાપને તો તું જડ મૂળથી ઉખાડીને ફેંકી દે છે. એટલા માટે હે મન્યુ ! આ સંસારમાં આ જીવનસંગ્રામમાં તું મારો અધિષ્ઠાતા થઇને મારૂં રક્ષણ કરતો રહેજે. 'सहुरि' છે, તારામાં પાર વિનાની સહનશીલતા છે. તને 'सहुरि' એવા નામથી બોલાવવાનું મને ઘણું ગમે છે. ક્રોધ જરા પણ સહન કરી શકતો નથી ત્યારે તારામાં તો સહન કરવાની અનંત શક્તિ છે; એટલા માટેજ તું અજેય છે, આખરે અવશ્ય વિજયી થનારી અખંડનીય શક્તિ તું જ છે. અમે તારૂં આવાહન કરીએ છીએ. સંસારમાં પાપ અથવા અત્યાચારના વિનાશને માટે અમને તારી જરૂર પડે ત્યારે ત્યારે તું મારા વિશુદ્ધ આત્માની અંદરથી આવીને પ્રકટ થતી રહેજે.

શબ્દાર્થ

(मन्यो) હે મન્યુ ! **(तं उत्सं विद्म:)** અમે તે સ્રોતને ઓળખીએ છીએ **(यत: आबभूथ)** જ્યાંથી તું ઉત્પન્ન થાય છે. તું **(विजेषकृत्)** વિજય કરનાર છે અને **(इन्द्र: इव अनवब्रव:)** ઇન્દ્ર 'આત્મા'ની માફક તું પણ કદી દબાઈ ન જાય એવા અવાજવાળો છે. **(इह अस्माकं अधिपा भव)** તું આ સંસારમાં અમારો અધિષ્ઠાતા અથવા પાલક થા. **(सहुरे)** હે સહુરિ ! હે સહનશીલ ! **(ते प्रियं नाम गृणीमसि)** અમે તારા પ્રિય નામ વડે તારી સ્તુતિ કરીએ છીએ.

६ भाद्रपद

नवा उ देवाः क्षुधमिद् वधं ददुः, उताशित मुपगच्छन्ति मृत्यवः
उतो रयिः पृणतो नोपदस्यति, उतापृणन् मर्डितारं न विन्दते ॥
(ऋ. १०-११७-१)

વિનય

દેવોએ મનુષ્યમાત્રને ભૂખ વળગાડી છે તે જાણે એક પ્રકારનું મોતજ વળગાડયું છે. આખી દુનિયા ભૂખની મારી, બેકારી અને કંગાલિયતની મારી દુઃખી દુઃખી થઈ રહી છે. એટલા માટે બીજાને ખવડાવીને ખાવું, ગરીબોના પેટના પ્રશ્નનો ઉકેલ કરવો એ ખરૂં જોતાં ઘણું ભારે પુણ્ય છે અથવા એક ભારે અગત્યનું કર્તવ્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો ભૂખ્યાને જમાડવો એટલે તેને મરતો બચાવવો, તેને જીવનદાન દેવું. પણ આનો અર્થ કોઇએ એવો ન કરી લેવો કે, ભૂખ અને ગરીબાઇનોજ મૃત્યુની સાથે સંબંધ છે અને બીજા કોઇનો નથી. પરમેશ્વરે મૃત્યુને એકલી ભૂખના રૂપમાંજ નથી મોકલ્યું. પૈસેટકે પૂરા અને ખૂબ ખાતાપીતા શ્રીમંતોની પણ મૃત્યુ નાના પ્રકારે ખબર લે છે. એવો કયો શ્રીમંત અથવા અમીર-ઉમરાવ છે કે જે કદી મરેજ નહિ ? એટલા માટે બીજાઓને ભૂખથી મરતા જોઇને મારૂં પેટ તો ભરાયું છે તેથી હું નહિ મરૂં એવું સમજીને નિશ્ચિન્ત બની જવું એ મૂર્ખતા છે. જેની પાસે પૈસા-ટકા હોય તેણે પૈસાની તંગીવાળાઓને દાન દેવું જોઇએ. આ દુનિયામાં આપણે એકલા નથી, બીજાઓથી અળગા નથી, પણ આપણું જીવન આખા જનસમાજની સાથે જોડાએલું છે. જો આપણે આટલુંજ બરાબર સમજી લઇએ તો પછી બીજાને આપ્યાથી આપણા પૈસા ઓછા થઇ જશે એવો જે આપણા મનમાં ભય રહ્યા કરે છે તે નહિ રહે. આપણે જેને આપણા ધનનું દાન કરીએ

છીએ તે કોઇ પારકો નથી, પરંતુ આપણે પોતેજ છીએ અને તે દાન વડે જે એક આવશ્યકતા પૂરી થાય છે તેના વડે આપણે વધીએ છીએ, ઉન્નત થઇએ છીએ અને અંતે આપણું વ્યક્તિગત સુખ અને ધન પણ વધે છે. જે બીજાની તંગી વખતે તેને મદદ કરે છે તેને તેની પોતાની તંગીને વખતે પણ ખૂબ ઉદારતાપૂર્વક છૂટે હાથે જે જોઇએ તે મળી રહેતું હોવાના દાખલા આપણે રોજ જોઇએ છીએ. જેઓ દાન દેતા નથી, તેમનો સમાજની સાથેનો સંબંધ કપાઇ જાય છે. તેનો કોઇ મિત્ર થતો નથી, તેમ તેને સુખી કરવાની અથવા મદદ કરવાની કોઇને જરૂર પણ લાગતી નથી. માણસ ધન વડે નથી જીવતો. જેમના વિના તે નજ જીવી શકે તે વસ્તુઓ તો જ્ઞાન, બળ, સુખ, મૈત્રી, પ્રેમ એવી એવી અત્યંત મૂલ્યવાન વસ્તુઓ છે. એટલા માટે દુનિયામાં ભૂખે મરનારાઓની સાથે સાથે એકલા એકલા પેટ ભરીને ખાનારાઓ પણ મરે છે અને દાન આપનારાઓ તથા દાન નહિ આપનારાઓ બેઉ ભર્યે પેટે મરે છે તો ખરા, પણ બેઉના મોતમાં જે મોટો ફેર છે તે એ કે છ દાન આપનારાઓને અમૂલ્ય જીવનદાયિની સંપત્તિઓ આવી મળે છે અને તેના ધનમાં પણ ઘટાડો થતો નથી; પરંતુ જે દાન નથી આપતો તે એ સંપત્તિઓથી વંચિત રહે છે અને જીવે છે તે પણ સુખહીન સંકુચિત મૂડદાના જેવું જીવન વ્યતીત કરે છે.

શબ્દાર્થ

(**देवाः**) દેવોએ (**न वै उ**) ન કેવળ (**क्षुधं इत्**) ભૂખ અને ભૂખનાજ રૂપમાં (**वधं**) મૃત્યુ(**ददुः**) આપ્યું છે (**उत**) પણ (**आशितं**) ખાતા પીતા અમીર ઉમરાવો પણ (**मृत्यवः**) નાના પ્રકારના મોતે (**उपगच्छन्ति**) જાય છે, મરણ પામે છે. (**उत उ**) અને (**पृणतः**) દાન દેનારાની (**रयिः**) ધનસંપત્તિ (**न**) નથી (**उपदस्यति**) ક્ષીણ થતી, નથી ઘટતી. (**उत**) વળી (**अपृणन्**) જેઓ દાન નહિ દેનારા છે તેઓ કદી પણ (**मर्डितारं**) પોતાને કોઇ પણ પ્રકારનું સુખ આપનારાને (**न विन्दते**) નથી પામતા–નથી પ્રાપ્ત કરતા.

७ भाद्रपद

अदाभ्यो भुवनानि प्रचाकशत्, व्रतानि देवः सविताभिरक्षते ।
प्रास्त्राग् बाहू भुवनस्य प्रजाभ्यो, धृतव्रतो महो अज्मस्य राजति ॥
(ऋ० ४-५३-४)

વિનય

સવિતાદેવનું પરમ શાસન કેવું ચાલી રહ્યું છે તે તરફ જરા દૃષ્ટિ કરો. આ 'धृतव्रत' (વ્રત અથવા નિયમને ધારણ કરનાર) દેવ આ મહાન બ્રહ્માંડના ઉપર કેવી રીતે રાજ્ય કરી રહ્યા છે તે જરા જુઓ. આ 'अदाभ्य' સાચી સરકારના કેટલાક એવા સાચા ક઼ાયદા છે, કેટલાંક એવાં વ્રત છે કે જેમને કોઈ કાળે પણ દબાવી શકાયજ નહિ. એ વ્રતો, એ કાયદાઓ અને એ નિયમોનો અમલ આ સંસારમાં અખંડ, અટળ અને પરિપૂર્ણ રૂપે થઈ રહ્યો છે. તે દેવ પોતાનાં વ્રતોની સર્વ રીતે સતત રક્ષા કર્યા જ કરે છે. એટલા માટે જ એમનું શાસન પરિપૂર્ણ તેમજ અખંડ રીતે ચાલ્યા કરે છે. આ વ્રતોનું સતત રક્ષણ કરવાને માટે તેમણે આખા વિશ્વનાં તમામ ભુવનોને, તમામ ક્ષેત્રોને પ્રકાશિત કરી દીધાં છે, જ્ઞાનપ્રકાશથી યુક્ત કરી દીધાં છે. જ્ઞાનનો ફેલાવો કર્યા વગર, સત્ય જ્ઞાનનો આધાર રાખ્યા વગર કોઇ પણ કાયદાનું રક્ષણ નથી થઈ શકતું, તેમ તેનો અમલ પણ નથી કરી શકાતો. આ બધા ઉપરાંત તેમનો જ્ઞાનનો ફેલાવો પણ એવો પરિપૂર્ણ છે તથા એવો પ્રેમમય અને સર્વગત છે કે તેમણે પોતાના બ્રહ્માંડના રાજ્યના એકે એક પ્રજાજન સુધી—એકે એક જીવ સુધી પોતાનાં જ્ઞાનકિરણોરૂપી પ્રેમમય બાહુઓ ફેલાવી દીધા છે અને એ પ્રેમમય બાહુઓ દ્વારા પોતાના એકે એક પ્રજાજનના હૃદયની અંદર પ્રવેશ કરીને તેમની પાસે પોતાના ક઼ાયદા-

ઓનું પાલન કરાવ્યા કરે છે. પરંતુ એમનાં વ્રતો આમ પરિપૂર્ણ અને અખંડ રીતે ચાલુ રહે છે તેનું સૌથી મહત્ત્વનું અને મૂળ કારણ તો એ છે કે, તેમણે પોતેજ એ વ્રતોને પોતાનામાં પરિપૂર્ણ રીતે ધારણ કર્યાં છે, તે પોતેજ ધૃતવ્રત છે–તે વ્રતમય છે. એ બધાં વ્રતોને ધારણ કરનાર તે મહાન સૂર્ય છે. આ સંસારની અંદર સત્ય અટળ નિયમોના રૂપમાં જે વ્રતો આપણી નજરે પડે છે તે તો બીજાં કાંઇ જ નહિ, પણ તે દેવનાં જ્ઞાનકિરણો છે. એ કિરણો તે વ્રત–મહાસૂર્યમાંથી નીકળીને કોટિ કોટિ પ્રલયો સુધી અનંત યુગો સુધી આપણા પ્રતિ ચાલ્યાં જ આવે છે અને આપણને જીવોને નિત્ય નવું જીવન, નવું જ્ઞાન અને નવું બળ આપતાં રહે છે.

ત્યારે આવો, આપણે તે દેવનાં ચારે તરફ સર્વત્ર ફેલાએલાં પ્રકાશમય પ્રેમયુક્ત કિરણોરૂપી બાહુઓના સ્પર્શનો સદા અનુભવ કરતા થઇએ અને તેની પ્રિય પ્રજા બનીને રહીએ.

શબ્દાર્થ

(सविता देवः) સર્વપ્રેરક દેવ **(भुवनानि प्रचाकशत्)** ભુવનોને જ્ઞાન વડે પ્રકાશિત કરતા રહીને **(अदाभ्यः)** અદમ્ય–નહિ દબાય એવા બનીને **(व्रतानि)** સંસારમાં પોતાના સત્ય નિયમોનું, કાયદાઓનું **(अभिरक्षते)** પૂરી રીતે રક્ષણ કરે છે. તેમણે **(भुवनस्य)** સંસારની **(प्रजाभ्यः)** સર્વ પ્રજાઓને માટે **(बाहू)** પોતાના બાહુ **(प्रास्राक्)** ફેલાવ્યા છે. આ રીતે તે **(धृतव्रतः)** ધૃતવ્રત બનીને **(महः अज्मस्य)** આ મહાન જગતના ઉપર **(राजति)** રાજ્ય કરે છે.

૯ भाद्रपद

एकः सुपर्णः स समुद्रमाविवेश स इदं विश्वं भुवनं विचष्टे ।
तं पाकेन मनसा पश्यमन्तितः तं माता रेळि स उ रेळि मातरम् ॥
(ऋ. ૧૦-૧૧૪-૪)

વિનય

સંસારની અંદર આવી ચઢેલો જીવ કોણ છે? તે એક સુપર્ણ (સારી પાંખોવાળું) પક્ષી છે કે જે અંતરિક્ષ સમુદ્રમાં વિહાર કરવાને માટે ચાલ્યું આવ્યું છે. તે પોતાની જ્ઞાન અને કર્મરૂપી પાંખો હલાવતું હલાવતું આમ તેમ ઉડાઉડ કરતું આ આખા ભુવનને વિવિધ પ્રકારે જોઇને આનંદ માણી રહ્યું છે. સંસારસાગરમાં મનોમય આદિ સૂક્ષ્મ સંસારના અન્તરિક્ષોમાં, એક યોનિમાંથી બીજી યોનિમાં નાનાં પ્રકારના ભોગ ભોગવવાને ભ્રમણ કરતો કરતો અને ત્યાં બધે નાના પ્રકારના ભોગોને પ્રાપ્ત કરતો એ જીવ ગતિ કરી રહ્યો છે, ઉડી રહ્યો છે. અત્યાર સુધી તો હું જીવને આ સંસાર આકાશમાં વિહાર કરનાર સુપર્ણ પંખીના રૂપમાં જોતો આવ્યો છું, પણ અત્યારે તો હું તેને ઘણોજ નજીકથી જોઇ શકું છું, જ્ઞાન વડે પરિપકવ થયેલા મનની સહાયતાથી તેને હું ઘણોજ નિકટથી નિહાળી રહ્યો છું. એવું કરવાથી જીવ અને પ્રકૃતિના સંયોગને હું તદ્દન નવાજ સ્વરૂપમાં જોવાને શક્તિમાન થયો છું. હું જોઇ શકું છું કે, પ્રકૃતિ માતા તેને ચુંબન કરી રહી છે અને તે માતાને ચાટી રહ્યો છે. પ્રકૃતિ માતા—હું કહીશ કે, તે પરમેશ્વરી પ્રકૃતિ—જીવના ઉપર પ્રેમ વર્ષાવી રહી છે અને જીવ એ માતાની પાસેથી સુખનું આસ્વાદન કરી રહ્યો છે. જીવ અને પ્રકૃતિના સંયોગનું—જીવ આ સંસારમાં શા માટે આવ્યો તેનું આજ રહસ્ય છે. કોઇ કોઇ ઋષિઓ કહે છે કે, જીવ અને પ્રકૃતિનો સંયોગ એ તો લંગડા અને આંધળાના

સંયોગના જેવો છે, પણ એ વાત પરમેશ્વરહીન પ્રકૃતિની બાબતમાં કદાચ સાચી હોય, પરંતુ પરમેશ્વરી પ્રકૃતિ તો અંધ છેજ નહિ. મને તો તેમનો બેઉનો સંબંધ માતા અને પુત્રના સંબંધ સરખો દેખાય છે. એટલા માટે એ સંબંધ ફક્ત ભોગમાંજ નહિ પરંતુ અપવર્ગમાં (સ્વર્ગાદિના ભોગમાં) પણ કાયમનો કાયમજ રહે છે. પુત્ર માતા વિના રહી શકતો નથી અને માતા તો પુત્રને ચાહે છેજ. એક ઋષિએ યોગ્યજ કહ્યું છે કે "પૃથ્વી એ તમામ ભૂતોને માટે મધુરૂપ છે અને પૃથ્વીને માટે તમામ ભૂતો મધુરૂપ છે."× વાસ્તવિક રીતે જોતાં બેઉ એક બીજાથી સુખ પામી રહ્યાં છે અને બેઉ એકબીજાને સુખ આપી રહ્યાં છે. આપણે પ્રકૃતિથી સુખ પ્રાપ્ત કરીએ છીએ અને પ્રકૃતિ આપણાથી સુખી થતી નથી એવું તે કાંઇ હોય ? નહિ, નહિ; પ્રકૃતિને જડ માનતા નહિ, તે નિશ્ચેતન નથી. પ્રકૃતિને તમે 'પરમેશ્વરની પ્રકૃતિ'ના રૂપમાં જોતાં શીખો.

શબ્દાર્થ

(एकः सुपर्णः) એક સુપર્ણ પક્ષી છે **(स)** તે **(समुद्रं)** આ સંસારાન્તરિક્ષના સમુદ્રમાં **(आविवेश)** આવ્યું છે **(स)** તે [અંતરિક્ષમાં વિહાર કરતું કરતું] **(इदं विश्वं भुवनं)** આ સંપૂર્ણ સંસારને **(विचष्टे)** વિવિધ પ્રકારે જોઇ રહ્યું છે, તેનો સ્વાદ લઇ રહ્યું છે, પરંતુ **(तं)** તેને **(पाकेन मनसा)** પરિપક્વ જ્ઞાનયુક્ત મન વડે **(अन्तितः)** ખૂબ નજીકથી **(अपश्यं)** જોયું ત્યારે મેં દીઠું કે **(तं)** તેને **(माता)** માતા **(रेळि)** ચુંબન કરી રહી છે **(सः उ)** અને તે પણ **(मातरं)** માતાને **(रेळि)** ચાટી રહ્યું છે.

× પ્રસિદ્ધ મધુવિદ્યાના ઋષિ દધ્યઙ્ આથર્વણના આ વચનને માટે જુઓ બૃહદારણ્યક ઉપનિષદ્ ૨ જો અધ્યાય, પંચમ બ્રાહ્મણ.

—મૂળલેખક

९ भाद्रपद

आ वो धियं यज्ञियां वर्त ऊतये देवा देवीं यजतां यज्ञियामिह ।
सा नो दुहीयद् यवसेव गत्वी सहस्रधारा पयसा मही गौः ॥
(ऋ. १०-१०१-९)

વિનય

હે દેવો ! મેં તમારી કામધેનુને ઓળખી લીધી છે. હું એ ધેનુમાંથી મારી તમામ કામનાઓને ખરેખર દોહી શકું છું, પરિપૂર્ણ કરી શકું છું, એ પણ મેં જોઇ લીધું છે. એ કામધેનુ કોણ છે ? તે તો **'यज्ञिया धीः'**, યજ્ઞપરાયણા બુદ્ધિ છે.* આવી યજ્ઞબુદ્ધિને પ્રાપ્ત કરીને—આવી દિવ્ય, સર્વપૂજિત યજ્ઞપરાયણા બુદ્ધિને પ્રાપ્ત કરીને—હું તેની સહાયતાથી શું નથી પામી શકતો ? કયું કાર્ય સિદ્ધ નથી કરી શકતો ? ભગવાન કૃષ્ણે અર્જુનને નથી કહ્યું કે પ્રજાપતિએ આપણને પ્રજાઓને ઉત્પન્ન કરતી વખતે યજ્ઞભાવનાની સાથે સાથેજ આપણને પેદા કર્યા છે અને તે વખતે સૌને તેમણે કહી રાખ્યું છે કે **' अनेन प्रसविष्यध्वं, एषवोऽस्त्विष्ट कामधुक्'** આપણામાં યજ્ઞભાવનાને પેદા કરનાર પરમદેવ પ્રજાપતિના આ શબ્દોને હું આજે આ ઘડીએ પણ સાંભળી રહ્યો છું કે " આ યજ્ઞબુદ્ધિ દ્વારા તમારે જે જોઇએ તે બધું તમે ઉત્પન્ન કરી લ્યો, તે તમારી તમામ ઇષ્ટ કામનાઓને દોહનારી (આપનારી) નીવડો." પરંતુ મુશ્કેલી એ છે કે, યજ્ઞભાવના મારામાં સ્થિર નથી રહેતી. સ્વાર્થભાવના ઘણી વાર તેને દબાવી દે છે અથવા

---

* યજ્ઞ=આત્મબલિદાન. યજ્ઞપરાયણા એટલે આત્મત્યાગ કરવાને તત્પર. આ પુસ્તકમાં જ્યાં જ્યાં યજ્ઞ શબ્દ આવે ત્યાં ઘી અને છોડીઆં બાળવાનો જડ યજ્ઞ નહિ પણ આત્મત્યાગ એવો અર્થજ સમજી લેવો. **—સેવાનંદ**

તેને બહાર કાઢી મૂકે છે. એટલા માટે હું તેનું મારી અંદર આવાહન કરૂં છું. યજ્ઞના સર્વહિતકારી, સ્વાર્થસંહારી, સંગમનકારી સ્વરૂપને મારા હૃદયમાં વારંવાર પધરાવું છું. એ ભાવનાનું સતત ચિંતન કરૂં છું, તેનો જાપ જપું છું.

ખરી વાત તો એ છે કે, યજ્ઞ વિના આપણું મનુષ્યોનું રક્ષણ અને પાલન નથીજ થઇ શકતું. આટલી વાત જાણી લીધા પછી એ યજ્ઞરૂપી ધેનુને આપણી અંદર ધારણ કરવાની આપણે ઇચ્છા રાખીએ છીએ. આપણી સાંસારિકતા, સાંકડી સ્વાર્થબુદ્ધિ ઘણી વાર તેને ડરાવીને નસાડી દે છે. એવું થાય છે ત્યારે ફરીથી આપણે સર્વહિત-ચિંતનનો મંત્ર ભણીને તેને ફરીથી તેડી લાવીએ છીએ. હે દેવો! એટલી કૃપા કરો. આ **यज्ञिया धीः'** રૂપી ધેનુ અમારામાં સ્થિર થઇને વાસો કરે અને જવનાં ખેતરોમાં મનમાન્યું ચરીને આવેલી ગાયની માફક અમને પોતાના દૂધની હજારો ધારાઓ વડે પરિપૂર્ણ કરી દે. બસ, પરિપૂર્ણ કરી દે.

શબ્દાર્થ

(**देवाः**) હે દેવો! (**वः**) તમારી (**देवीं**) દિવ્ય (**यजतां**) પૂજ્ય (**यज्ञियां**) યજ્ઞપરાયણા (**यज्ञियां धियं**) યજ્ઞિય બુદ્ધિને યજ્ઞભાવનાને (**ऊतये**) મારા રક્ષણ અને પાલનને માટે (**इह**) મારા જીવનમાં (**आवर्ते**) ફરી ફરીને તેડી લાવું છું, તેને સ્થાપિત કરવા ઇચ્છું છું. (**सा**) તે યજ્ઞિય બુદ્ધિ (**यवसा गत्वी इव**) જવનાં ખેતરોમાં જઇને આવેલી (**सहस्राधारा मही गौः**) દૂધની હજારો ધારા આપનારી મોટી ગાય (**पयसा**) અમને દૂધથી પરિપૂર્ણ કરી દે છે તેવી રીતે તે પણ (**नः**) અમને (**दुहीयत्**) પરિપૂર્ણ કરે, અમારી તમામ કામનાઓને પૂર્ણ કરે.

१० भाद्रपद

स दर्शतश्रीरतिथिर्गृहेगृहे वने वने शिश्रिये तक्ववीरिव ।
जनं जनं जन्यो नातिमन्यते विश आक्षेति विश्यो विशं विशम् ॥
(ऋ. १०-९१-२)

વિનય

જુઓ, અગ્નિદેવની વિભૂતિ જુઓ. ઘેર ઘેર અગ્નિ સળગી રહ્યો છે, અગ્નિહોત્રી પુરુષ અતિથિની માફક સવાર-સાંજ આ અગ્નિને પોતાના ઘરની અંદર જાગૃત કરીને તેનું પૂજન કરે છે અને તેના બદલામાં દિવ્ય ફળની પ્રાપ્તિ કરે છે. આ ઉપરાંત પ્રદીપ્ત કરેલા સ્થૂળ અગ્નિની સહાયતાથી જે બીજાં અગણિત સાંસારિક કાર્યો થાય છે, લોકોને લાભ થાય એવાં અનેક કામ ચાલે છે તે બધાંને પણ આપણે જાણીએ છીએ. પરંતુ એ અગ્નિ પોતાના સૂક્ષ્મ અથવા અપ્રદીપ્ત રૂપમાં પ્રત્યેક જંગલની અંદર, ઝાડેઝાડની અંદર, પ્રત્યેક સમિધાની અંદર ચોરની માફક સંતાઇને બેસી રહેલો છે. લાકડાના એકેએક કટકામાંજ નહિ પણ જળમાં, કિરણમાં, જેનો જેનો આપણે ઉપયોગ કરીએ એવા પ્રત્યેક પદાર્થની અંદર તે છુપાઇને બેઠેલો છે. વળી વૈજ્ઞાનિક લોકો આવી એકે એક વસ્તુમાં વ્યાપી રહેલા ભૌતિક અગ્નિના અસંખ્ય પ્રકારોનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ ભૌતિક શાસ્ત્રોને જાણનારાઓ તથા વૈજ્ઞાનિકો જે સૂક્ષ્મતામાં નથી પ્રવેશ કરી શકતા તેમાં પ્રવેશ કરીને જો આપણે ડોકિયું કરીએ તો આપણને જણાશે કે, પ્રત્યેક સજીવ પ્રાણીમાં અગ્નિદેવ તેનું જીવન અને આત્મા બનીને બેઠેલા છે. પ્રત્યેક વ્યક્તિના વ્યક્તિત્વને ઘડતા અગ્નિદેવ એકેએક મનુષ્યની અંદર બિરાજેલા છે. એટલા વાસ્તેજ દરેક જણ પોતપોતાનાં વ્યક્તિત્વની મર્યાદાની અંદર બં-

ધાઈ ગયો છે. તેનાથી પોતાના વ્યક્તિત્વની સીમાનું ઉલ્લંઘન થઈ શકતુંજ નથી. આવા આત્માગ્નિની અનંત પ્રકારતાની જો આપણે ઝાંખી કરીએ અથવા એ અગ્નિનાં વિવિધ કિરણો તેમજ તેમનાં વિવિધ રૂપોને જોતા થઈએ તો તેઓ એટલાં બધાં અસંખ્ય અને વિવિધ માલૂમ પડશે કે આપણાથી તેમનો પારજ નહિ પમાય. પણ આવા '**जन्य**' (જનહિતકારી) અગ્નિના ઉપરાંત બીજાં કેટલાંય રૂપો અગ્નિદેવ ધારણ કરી શકે છે. આ અગ્નિ એકેએક '**विश**' માં, એકેએક પ્રજામાં, એકેએક જનસમૂહમાં પણ નિવાસ કરે છે. એકેએક પ્રજાજનની અંદર વસીને, તેનું પણ અતિક્રમણ કરીને આ અગ્નિ સંપૂર્ણ પ્રજાનો હિતકારી, વિશ્ય અગ્નિ બનીને સંપૂર્ણ પ્રજાનું જીવન અથવા આત્મા પણ બની જાય છે. આવો વિશ્ય અગ્નિ સમાજાગ્નિ અથવા રાષ્ટ્રાગ્નિના રૂપમાં પ્રકટ થાય છે, જેની અંદર મોટા મોટા જનસમૂહો પણ વખત આવતાં હવન કરવા મંડી જાય છે. આ રીતે અગ્નિદેવની વિભૂતિ અનન્ત પ્રકારે જોવા યોગ્ય છે, તે એવી અનંત છે કે વાણી તેનો પાર પામી શકતી નથી.

શબ્દાર્થ

(**दर्शतश्रीः**) દર્શનીય વિભૂતિવાળા (**सः**) તે અગ્નિદેવ (**गृहे गृहे**) ઘેર ઘેર (**अतिथिः**) અતિથિ બનીને અને (**वने वने**) વનવનમાં હરેક વસ્તુમાં (**तक्वीः इव**) ચોરની માફક (**शिश्रिये**) છુપાઈ રહ્યો છે. (**जन्यः**) જનહિતકારી અગ્નિના રૂપમાં તે અગ્નિ (**जनं जनं**) વ્યક્તિ વ્યક્તિમાં રહેલો છે. (**न अतिमन्यते**) તે વ્યક્તિત્વનું અતિક્રમણ નથી કરતો અને (**विश्यः**) સંપૂર્ણ પ્રજાના હિતકારી રૂપમાં તે અગ્નિ (**विशं विशं**) એકેએક પ્રજાજનમાં વસતો હોઈને (**विशः**) સંપૂર્ણ પ્રજામાં (**आक्षेति**) નિવાસ કરે છે.

११ भाद्रपद

सुदक्षो दक्षैः क्रतुनासि सुक्रतुः, अग्ने कविः काव्येनासि विश्ववित् ।
वसुर्वसूनां क्षयसि त्वमेक इत् द्यावा च यानि पृथिवी च पुष्यतः ॥
(ऋ० १०-९१-३)

વિનય

હે પરમ અગ્ને ! હે પરમેશ્વર ! આ જગતના નાના પ્રકારના અગ્નિઓ દ્વારા જે જાત જાતની શક્તિઓ પ્રકટ થાય છે તે બધી ખરી રીતે તો તારીજ શક્તિઓ છે. તેમાં તફાવત માત્ર એટલોજ છે કે, તેમનાં અપૂર્ણ બળ ઘણી વાર દૂષિત બળ નીવડે છે, પણ તે સર્વના મૂળમાં રહેનાર તું હમેશાં પરિપૂર્ણ અને શુભ બળયુક્ત છે. એવીજ રીતે જગતના ભૌતિક અને અભૌતિક અગ્નિઓ દ્વારા જે જે અગણિત ક્રિયાઓ અને ચેષ્ટાઓ નિરંતર થયા કરે છે તેઓના પણ મૂળમાં તો તું સુક્રતુ અને શોભનકર્માજ રહેલો છે અને તેમનો પ્રવાહ તારામાંથી જ ચાલ્યો આવે છે. એ સઘળા કર્મપ્રવાહ જયારે તારામાંથી નીકળે છે ત્યારે તો બધા ય નિર્મળજ હોય છે, પરંતુ આગળ જતાં તેમનામાં નાના પ્રકારની મલિનતા પ્રવેશ કરે છે તેને લીધે તેઓ દૂષિત થઇ જાય છે; અને વળી જગતમાં જે જે આત્માગ્નિઓ જનાગ્નિઓ પોતાના થોડા ઘણા જ્ઞાન વડે, ક્રાન્તદર્શી જ્ઞાન વડે, કવિત્વ વડે પ્રકાશિત થઈ રહેલ છે, તેમનું મૂળ કારણ તું જ સર્વાંગે પરિપૂર્ણ અને સર્વજ્ઞ કવિ છે. સંસારના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કવિઓ અને જ્ઞાનીઓ તારાજ અક્ષય અને નિત્ય કાવ્યમાંથી અને તારાજ જ્ઞાનરૂપી મહાનલમાંથી નાની નાની ચીનગારીઓ પ્રાપ્ત કરીને ચમકી રહ્યા છે. એટલું જ નહિ પણ તમામ વસુઓનો વસુ, સર્વ પ્રકારનાં ધનનું ધન તું એકલો જ છે. આ અખિલ દ્યાવા–પૃથિવીની

ઉપર જે વસુ, જે ઐશ્વર્ય નીપજે છે–દ્યુલોકનાં ઊંચામાં ઊંચાં, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અકલ્પનીય આધ્યાત્મિક ઐશ્વર્યો તથા આ ભૂલોકનાં તમામ પાર્થિવ ઐશ્વર્યો–એ બધાં તારામાં-જ નિવાસ કરે છે. એ બધા વસુઓનો વાસક–એક માત્ર વાસક–તુંજ છે. અમે અમારી અણસમજને લીધે ભૂલથી માની લઇએ છીએ કે, આ ઐશ્વર્ય તો આનું અને આ ઐશ્વર્ય તો પેલાનું, પરંતુ એ બધું તારૂં જ છે. એટલા માટે હે તમામ બળોથી સુબળી બનેલા બળવાન! હે તમામ કર્મોના શોભન આધાર! હે પરમ કવિ! હે તમામ રત્નોના ભંડાર! તમને અમારા વારંવાર નમસ્કાર છે.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ! તું **(दक्षैः)** બળો વડે **(सुदक्षः)** શુભ બળવાળો, **(क्रतुना)** કર્મ વડે **(सुक्रतु)** શોભન કર્મવાળો **(असि)** છે અને **(काव्येन)** પોતાના કાવ્ય વડે **(विश्ववित् कवि)** સર્વજ્ઞ કવિ **(असि)** છે. **(वसूनां वसु)** વસુઓનો પણ વસુ [વાસક] ધનોનો ધન બનીને **(यानि)** જે ઐશ્વર્યોને **(द्यावा च पृथिवी च)** સંપૂર્ણ દ્યુલોક અને પૃથિવી લોક **(पुष्यतः)** પેદા કરે છે, વધારે છે, તે તમામ ઐશ્વર્યોને **(त्वं)** તું **(एक इत्)** એકલોજ **(क्षयसि)** પોતાનામાં વસાવે છે.

* * *

१२ भाद्रपद

धृतव्रताः क्षत्रिया यज्ञनिष्कृतो बृहद्दिवा अध्वराणामभिश्रियः।
अग्निहोतार ऋतसापो अद्रुहः, अपो असृजन्ननु वृत्रतूर्ये ॥
(ऋ० १०-६६-८)

વિનય

ખરી વાત તો એ છે કે, જેટલી લડાઈઓ લડાય તે બધી પાપનો વિનાશ કરવાના હેતુથી જ લડાવી જોઇએ. એટલા માટે સંગ્રામને માટે વૈદિક શબ્દ* '**वृत्रतूर्य**' યોજાયો છે. પણ આવા પવિત્ર સંગ્રામ લડવાનો અધિકાર હરકોઇનો નથી હોઇ શકતો. તમે ઇચ્છો છો કે, તમે પણ કોઇ વૃત્રતૂર્યમાં સૈનિક તરીકે દાખલ થઇ શકો ? તો તેને માટે વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવા સારૂ તમારે નીચે બતાવેલા આઠ ગુણ કેળવવા જોઇશે.

(૧) સર્વથી પ્રથમ તો આ પવિત્ર કાર્યને માટે એક અથવા વધારે વ્રતોને ધારણ કરો અને તેમનું અડગ રીતે પાલન કરો, ધૃતવ્રત બની જાઓ.

(૨) સાચા ક્ષત્રિય–અર્થાત્ બીજાનું ક્ષતથી, ઇજાથી, ત્રાણ અર્થાત્ રક્ષણ કરનારા થાઓ. પીડિત લોકોનું રક્ષણ કરવાના હેતુથી જ યુદ્ધમાં પ્રવૃત્ત થાઓ.

(૩) યજ્ઞ કરનારા થાઓ–અર્થાત્ સ્વાર્થત્યાગમય, સર્વજનહિતકારી કર્મ કરનારા થાઓ. જે કોઈ કર્મ કરો તે સર્વાત્મભાવથી કરો. તમારા પવિત્ર સંગ્રામને પણ યજ્ઞ-જ સમજીને તેમાં પ્રવૃત્ત થાઓ.

(૪) ખૂબ તેજસ્વી થાઓ. તપ, બ્રહ્મચર્ય આદિ મહાન તેજોને તમારામાં ધારણ કરો.

---

* વૃત્ર એટલે પાપજનિત બાધાઓ અથવા પાપના અંધકારમય વિસ્તારનો તૂર્ય એટલે વિનાશ કરનાર.—**મૂળલેખક**

(૫) તમારા અહિંસામય વ્યવહારમાંજ તમારી ખરી શોભા હોય. તમે સર્વથા અહિંસામય, યજ્ઞિય અને પ્રેમયુક્ત કર્મ કરનારા થાઓ અને એવાં કર્મો કરનારા તરીકેજ પ્રસિદ્ધ થાઓ.

(૬) અગ્નિહોત્ર કરનારા–અર્થાત્ પોતાનામાં અગ્નિદેવને આહ્વાન કરનારા બનો.

(૭) પૂરેપુરા સત્યનિષ્ઠ થાઓ. ઋતની સાથે–અર્થાત્ સત્ય નિયમોની સાથે તમારી જાતને પૂરેપુરી એક કરી દો. હમેશાં સત્યના નિયમોનુંજ સેવન કરો.

(૮) તે ઉપરાંત અદ્રોહી થાઓ. તમારો વ્યવહાર એવો રાખો કે તેના વડે કોઇને કદી કોઇ વાતે હાનિ ન થાય, તમારા મનમાં કોઇને માટે લગારે ભૂંડો વિચાર પણ ન ઉત્પન્ન થાય, કોઇનું જરા પણ અહિત તમે કદી પણ તાકી શકોજ નહિ.

ઉપર કહ્યા તે ગુણોને ધારણ કરીને જેઓ વીર મહાનુભાવ બને છે તેઓ પવિત્ર **वृत्रतूर्य** સંગ્રામોના સૈનિક થઇ શકે છે. તેઓજ આવાં દિવ્ય યુદ્ધોમાં યુદ્ધને અનુકૂળ કાર્યો યથાવત્ કરી શકે છે.

શબ્દાર્થ

(धृतव्रताः) જેમણે વ્રત ધારણ કર્યાં છે એવા **(क्षत्रियाः)** સાચા અર્થોમાં ક્ષત્રિય **(यज्ञनिष्कृतः)** યજ્ઞકર્મોને પૂરેપુરાં સાંગોપાંગ રીતે કરનારા, તેમાં જરા પણ ન્યૂનતા નહિ રાખનારા **(बृहद्दिवा)** મહાતેજસ્વી **(अध्वराणां अभिश्रियः)** અહિંસામય કૃતિઓનું સેવન કરનારા, તેમના વડે શોભનારા **(अग्निहोतारः)** અગ્નિનું હવન અથવા આહ્વાન કરનારા **(ऋतसापः)** સત્ય વડે સમવેત બનેલા **(अद्रुहः)** કદી પણ દ્રોહ નહિ કરનારા પુરુષો જ **(वृत्रतूर्ये)** પાપવિનાશક સંગ્રામમાં **(अनु)** તેને અનુકૂળ **(अपः)** કર્મોને **(असृजन्)** કરે છે.

१३ भाद्रपद

क्रतूयन्ति क्रतवो हृत्सु धीतयो वेनन्ति वेना पतयन्त्या दिशः ।
न मर्डिता विद्यते अन्य एभ्यो देवेषु मे अधि कामा अयंसत ॥
(ऋ० १०-६४-२)

વિનય

દેવોના શરણમાં ગયા વિના હવે મને ચેનજ નથી પડતું. જ્ઞાન અને પ્રકાશયુક્ત હોય એવી દૈવી અવસ્થામાંજ સુખ મળે છે. સંસારમાં બીજે કોઇ ઠેકાણે સુખ છેજ નહિ. લોકો ભલે મોહ, આળસ અને નિષ્ક્રિયતામાં સુખ માન્યા કરે પણ મારાથી તો એવી તામાસિક અવસ્થા સહન થતી નથી. બીજી જાતના રજોગુણમાં પ્રવૃત્ત થએલા લોકો સુખ પ્રાપ્તિ કરવાને માટે રાતદહાડો વિષયોની પાછળ દોડતા ફરે છે. તેમની અવસ્થા પણ મને તો આસુરી અવસ્થા લાગે છે, તેમનાં ઉત્તેજનાપૂર્ણ 'સુખ' મને ડંખે છે, ઉલટાં દુઃખરૂપ લાગે છે. તેમની હાલત જોઇને મારો જીવ ગભરાઇ ઉઠે છે. ખરેખરૂં વાસ્તવિક સુખ તો દૈવી ભાવની અંદર સ્થિતિ કરવામાંજ રહેલું છે. સુખ એ સત્વગુણનોજ ધર્મ છે અને એ દેવલોક (દ્યુલોક)નીજ વસ્તુ છે. તો પછી દેવોના વિના આપણને બીજા કોઇના તરફથી સુખ મળી શકેજ નહિ. એટલા વાસ્તે આજથી હું હમેશાં દૈવી ભાવમાંજ અને દેવોના સંસારમાંજ રહેવા ઇચ્છું છું; જો કે મારા હૃદયમાં ધારણ કરેલા નાના પ્રકારના સંકલ્પ–વિકલ્પ ઉત્પન્ન થાય છે, તેમના તરંગો ઉછાળા મારે છે, નાના પ્રકારની પ્રેમમય કામનાઓ પોતપોતાના વિષયોની ઇચ્છા કરતી ઉત્પન્ન થયા કરે છે, વળી નાના પ્રકારનાં પ્રેરણાઓ અને નિર્દેશો ગમે ત્યાંથી મારા મનની અંદર ચાલ્યાં આવે છે, એ બધું થાય છે તો ખરૂં તો પણ આજથી હું મારા તમામ સંકલ્પો, કામના-

ઓ અને પ્રેરણાઓને દેવોના રાજ્યની સીમાની અંદરજ દબાવીને નિયંત્રિત કરી રાખું છું. નિયમ અને સંયમ દ્વારા મારી કોઇ પણ કામનાને દેવસંસારની સીમાની બહાર જવા નથી દેતો. મારામાં ઇન્દ્રિયો આદિ દેવો વસે છે, વળી મનની સાત્વિક વૃત્તિઓરૂપી દેવો તથા સૂક્ષ્મ જગતના બીજા દેવો છે તથા એ ઉપરાંત બહારના સાચા સરળ જ્ઞાનપ્રકાશયુક્ત પુરુષ–દેવો તથા સત્ય નિયમો પ્રમાણે પોતપોતાનાં કાર્યો કરનારા અગ્નિ આદિ પ્રાકૃતિક દેવો છે. હવે તો એમને વિષેજ મારા હૃદયના તમામ સંકલ્પો ઉદય પામે છે અને સંકલ્પન કરે છે, મારી પ્રેમમય અભિલાષાઓ હવે માત્ર તેમનેજ ચાહે છે અને મારી નાના પ્રકારની પ્રેરણાઓ તથા મારા તમામ નિર્દેશો પણ હવે તો તેમના સંબંધમાંજ આવે છે અથવા ઉત્પન્ન થયા કરે છે. હવે હું બીજું કરૂં પણ શું ? આ સંસારમાં એ દેવો સિવાય સુખ આપી શકે એવું બીજું કોઇ છેજ નહિ.

શબ્દાર્થ

(हृत्सु धीतयः) હૃદયમાં ધારણ કરેલા **(क्रतवः)** સંકલ્પો **(क्रतूयन्ति)** (દેવોનું) સંકલ્પન કરી રહ્યા છે, **(वेनाः)** પ્રેમમય કામનાઓ ઇચ્છાઓ **(वेनन्ति)** (દેવોની) કામના કરી રહી છે, તેમને ઇચ્છી રહી છે અને **(दिशः)** (દેવોના સંબંધમાં) નિર્દેશો, પ્રેરણાઓ **(आपतयन्ति)** ગમે ત્યાંથી ચાલ્યાં આવે છે, આવી પહોંચે છે. નિઃસંદેહ (**एभ्यः**) આ દેવોના (**अन्यः**) સિવાય બીજો કોઈ **(मर्डिता)** સુખ આપી શકનાર **(न)** નથી (**विद्यते**) દેખાતો–અર્થાત્ કોઇ સુખ આપે એવો છેજ નહિ. માટે **(मे)** મારી **(कामाः)** તમામ કામનાઓ, અભિલાષાઓ, પ્રેરણાઓ અને સંકલ્પો **(देवेषु अधि)** દેવોમાંજ **(अयंसत)** નિયમિત બની ગયાં છે.

१४ भाद्रपद

नृचक्षसो अनिमिषन्तो अर्हणा बृहद्देवासो अमृतत्वमानशुः ।
ज्योतिरथा अहिमाया अनागसो दिवो वर्ष्माणं वसते स्वस्तये ॥
(ऋ. १०-६३-४)

વિનય

દેવો કેવા હોય છે અને ક્યાં રહેતા હોય છે ?

દેવો પોતે અમરત્વની પ્રાપ્તિ કર્યા પછી પણ લોકકલ્યાણને માટે પોતાનું જીવન ધારણ કરે છે. તેઓ હમેશાં પોતાના દૈવી ભાવમાં રહે છે.

તેઓ પોતાના જ્ઞાનપ્રકાશ વડે મનુષ્યોને જેવા જોઇએ તેવા જોઈ શકે છે, દરેક માણસને તેના અસલ સ્વરૂપમાં જોઇ લે છે. તેઓ સદા જાગૃત ને જાગૃતજ રહે છે, પોતાની આંખો સહેજ પણ બંધ કરતા નથી, તમોગુણને જરા પણ વશ થતા નથી. એવા એ પૂજ્ય દેવો સંપૂર્ણ લોકકલ્યાણમાંજ રત રહે છે તેથી તેઓ તમામ લોકોમાં પૂજ્ય ગણાય છે અને મહાન અમૃતત્વની પ્રાપ્તિ કરે છે. સાપેક્ષિક અને સ્વલ્પ કાળનું અમરપણું તો આપણને પણ પ્રાપ્ત થયા કરે છે, પણ આ દેવો તો એવા ઉંચા પ્રકારના અમરપણાને પ્રાપ્ત કરે છે કે જ્યાં મૃત્યુ જેવું કાંઈ રહેતુંજ નથી, જ્યાં મૃત્યુ અને જીવન બેઉ એક બની જાય છે.

*જ્યોતિ, પ્રજ્ઞાલોકજ એમનો રથ કહેવાય છે. પોતાના પ્રજ્ઞાલોકના ઉપર ચઢીને તેમને જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં ચાલ્યા જાય છે. એમની આવી પ્રકાશમયી પ્રજ્ઞા (માયા)ને કોઈ દબાવી નથી શકતું, તેમ એ પ્રજ્ઞાને ભુલા-

---

* આના સંબંધમાં જુઓ યોગદર્શન પાદ ૪, સૂત્ર ૫-૬.
—મૂળ લેખક

વામાં પણ નથી નાખી શકાતી. એવા એ નિષ્પાપ દેવો હમેશાં દ્યુલોકના શરીરમાંજ રહે છે. ભૌતિક દૃષ્ટિએ તેઓ કોઈ પણ જગ્યાએ રહેતા નથી એ વાત ખરી છે, પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તેઓ હમેશાં પોતાની દૈવી સમાવસ્થામાંજ રહે છે. દ્યુલોકના સત્વને હમેશાં પોતાની આસપાસ ઓઢીને ફરે છે અથવા આ દિવ્ય વસ્ત્ર વડે હમેશાં પોતાની જાતને ઢાંકી રાખે છે એમ કહીએ તો પણ ચાલે. આવા દિવ્ય જીવનને તેઓ '**स्वस्ति**' ને માટે આખા વિશ્વના કલ્યાણને માટે ધારણ કરે છે.

શબ્દાર્થ

(नृचक्षसः) મનુષ્યોને યથાવત્ જોઇ શકનારા **(अनिमिषन्तः)** કદી પણ ઉંઘી જાય નહિ એવા **(अर्हणाः)** સૌને પૂજ્ય **(देवासः)** દેવલોકો **(वृहत् अमृतत्वं)** મહાન અમરત્વને **(आनशुः)** પ્રાપ્ત કરે છે, **(ज्योतिरथाः)** જ્યોતિ એજ જેમનો રથ છે અને **(अहिमाया)** જેમની પ્રજ્ઞાનો ઘાત કોઈથી નથી થઇ શકતો **(अनागसः)** એવા નિષ્પાપ દેવો **(दिवः वर्ष्माणं वसते)** દ્યુલોકના શરીરમાં રહે છે, દિવના શ્રેષ્ઠ સત્વ વડે પોતાને ઢાંકી રાખે છે.

१५ भाद्रपद

तन्तुं तन्वन्रजसो भानुमन्विहि, ज्योतिष्मतः पथो रक्षाधियाकृतान्
अनुल्बणं वयत जोगुवामपो मनुर्भव जनया दैव्यं जनम् ॥
(ऋ. १६-५३-६)

વિનય

હે વણકર ! તું વણતો રહે, દિવ્ય ખાદી વણતો રહે.

હે જીવ ! તું પણ હમેશાં કાંઇ ને કાંઇ વણ્યાજ કરે છે. તારા પોતાના ભાગ્યને, તારા પોતાના ભવિષ્યને, તારા જીવનને તું વણતોજ રહ્યા કરે છે. મનુષ્ય પોતાના જ્ઞાન (સમજશક્તિ) અનુસાર અમુક હદ સુધી જોઇ શકે છે અને પછી તેને અનુસરીને કર્મ કરવા મંડે છે એનુંજ નામ જીવન. જીવન એટલે જ્ઞાન અને કર્મરૂપી તાણાવાણાનું વણેલું વસ્ત્ર. જીવ પોતાના જ્ઞાનરૂપી તાણાની અંદર કર્મરૂપી વાણાના તાંતણા વણીને પોતાના જીવનપટને નિરંતર વણ્યોજ જાય છે. પરંતુ હે જીવ વણકર! તું હવે આવાં ધૂળ જેવાં નકામાં કપડાં વણવાનું છોડી દે અને દિવ્ય જીવનની ખાદીજ વણતો થઇ જા, તું '**दैव्यजन**'ને ઉત્પન્ન કર. એને માટે તારે ખૂબ લાંબો અને સુંદર તાણો પૂરવો પડશે. તું તારા રજઃના, તારા જ્યોતિના, તારા જ્ઞાન-પ્રકાશના ચમકતા તાણાને લંબાવતો લંબાવતો ઠેઠ ભાનુલોક સુધી, દ્યુલોક સુધી ચાલ્યો જા. દ્યુલોક સુધી પહોંચે એવો લાંબો, વિસ્તૃત અને પ્રકાશમાન તાણો પૂર. તારા દિવ્ય પટને માટે એ ઘણો જરૂરી છે. આવાં દિવ્ય વસ્ત્ર વણવાની લગભગ લુપ્ત થએલી કળાનું રક્ષણ કરવું હોય તો આ રીતેજ થઇ શકે છે. માટે તું એ કામની પાછળ સતત ઉદ્યોગશીલ થા અને પૂર્વના કળાવિદો પોતાની કુશળ બુદ્ધિ વડે ભારે યત્ન કરીને જે જ્ઞાનપ્રકાશમય પ્રણાલી-

ઓનો આવિષ્કાર કરી ગયા છે તેનું રખોપું કર, તેને છેક ભુલાઇ જવા દઇશ નહિ. દેવયાન આદિ પ્રકાશમાન માર્ગો જેમને જ્ઞાની યાત્રીઓએ શોધી શોધીને સાફ કરી રાખ્યા હતા તેમની રક્ષા કરવાને માટે તું દિવ્ય જીવનરૂપી વસ્ત્ર વણવા મંડી જા. ઉપર કહ્યા તેવા જ્ઞાનના તાણામાં તું ભક્તોનાં કર્મરૂપી વાણાના તાંતણા વણવા મંડી જા. ભક્તિરસથી પલાળેલા તાણાની અંદર તું તારાં વ્યાપક કર્મોરૂપી વાણો નાખતો જા. વણતી વખતે સાવધાનતા રાખજે અને તારૂં વણેલું વસ્ત્ર એકસરખું અને ગાંઠ વગરનુંજ હોય, કોઇ ઠેકાણે જરાએ નીચા ઉંચી ન હોય તેની ખાસ કાળજી રાખજે. જ્ઞાનને અનુસરીને તારાં કર્મો સદા થતાં રહે અને તે કર્મો પણ પ્રભુભક્તિ વડેજ પ્રેરિત હોય તેને માટે તું સાવધાન રહેજે. આવી સાવધાનતા પ્રાપ્ત કરવા માટે તારે મનનશીલ થવું પડશે. હમેશાં વિચારપરાયણ રહેવું પડશે. એવું કરીશ ત્યારેજ તું દિવ્ય જીવનનું સુંદર વસ્ત્ર વણી શકીશ. માટે હે વણકર! તું હવે દિવ્ય જીવનનું વસ્ત્ર વણવાને માટે ઉઠીને ઉભો થા અને દહાડે દહાડે લોપ પામતી આ અમૂલ્ય દિવ્ય કળાને સાચવી રાખ, તેનો નાશ થવા ન દે.

શબ્દાર્થ

(रजसः) પોતાના જ્યોતિના, જ્ઞાનપ્રકાશના **(तन्तं)** તાણાને **(तन्वन्)** તાણનારો બનીને, તાણતો રહીને તું **(भानुं)** દ્યુલોક સુધી **(अनु इहि)** અનુસરણ કરતો જા, ચાલ્યો જા. આ રીતે **(धिया कृतान्)** (કળાવિદો અથવા જ્ઞાનીઓના) બુદ્ધિકૌશલ વડે રચાએલ **(ज्योतिष्मतः पथः)** જ્ઞાનપ્રકાશમય રીતિઓનું પ્રણાલીઓનું, માર્ગોનું **(रक्ष)** તું રક્ષણ કર. આ તાણામાં **(जोगुवां)** ભક્તોનાં **(अपः)** વ્યાપક કર્મોને **(अनुल्बणं)** એકસરખાં **(वयत)** વણ, **(मनुःभव)** તું મનનશીલ થા અને વળી **(दैव्यं जनं)** દિવ્ય જન-(ના જીવન)ને, આ 'દૈવ્યજન' રૂપી વસ્ત્રને **(जनय)** પેદા કર–બનાવ.

१६ भाद्रपद

विशंविशं मघवा पर्यशायत जनानां धेना अवचाकशद् वृषा ।
यस्याह शक्रः सवनेषु रण्यति स तीव्रैः सोमैः सहते पृतन्यतः ॥
(ऋ. १०-४३-६)

વિનય

ઇન્દ્ર નારાયણ દરેક મનુષ્યના હૃદયની અંદર પેસીને ત્યાં સૂઇ રહ્યા છે. આપણને એ વાતની ખબર હોય કે ન હોય, પણ તે આપણા હૃદયમાં સૂતા છે એ વાતમાં કશોજ સંદેહ નથી. વળી એ નારાયણ સૌનાં હૃદયની અંદર ગુપચૂપ સૂતા સૂતા પણ દરેક જણની જ્ઞાનક્રિયાઓને પણ સાક્ષાત્ જોઇ રહ્યા છે, એટલુંજ નહિ પણ તે સઘળી જ્ઞાનક્રિયાઓને પોતાના પ્રકાશ વડે પ્રકાશિત કરી રહ્યા છે. જ્યારે આપણે તેમને સોમરસનું પાન કરાવીએ, જ્યારે તેમને આપણા જ્ઞાનની, આપણા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જ્ઞાનની ભેટ ચઢાવીએ, ત્યારે તે નારાયણ આપણામાં જાગૃત થાય છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભક્તિ, ઉંચામાં ઉંચા સોમરસનું સવન (નીચોડ) એ તત્ત્વજ્ઞાનનું નિષ્પાદનજ છે. ભગવાનને જો કોઇ વસ્તુની ભૂખ હોય તો આ એકનીજ. એટલા વાસ્તે તો તે સૌનાં હૃદયની અંદર બેઠા બેઠા સૌની જ્ઞાનક્રિયાઓ ઉપર નજર રાખ્યા કરે છે. દરેક જણ કાંઇ ને કાંઇ સોમરસ તો નીચોવતોજ રહે છે, દરેક જણ કોઇ કોઈ વાર સત્યાસત્યનો વિવેક કરવાનો, તત્ત્વજ્ઞાનની શોધ કરવાનો અથવા જ્ઞાનનો નિષ્કર્ષ કાઢવાનો પ્રયત્ન કરતોજ રહે છે; કેમકે તેને તેમ કરવાની ફરજ પડે છે. આટલા માટે ઇંદ્ર નારાયણ સૌની અંદર બેઠા બેઠા ઉત્તમમાં ઉત્તમ સોમરસ ક્યારે તૈયાર થાય તેની ખૂબ ધૈર્ય રાખીને રાહ જોયા કરે છે. ખૂબ તૃપ્તિપર્યંત સોમરસનું પાન કરીને જેની અંદર તે ભગવાન જાગૃત થઇ જાય છે તે ખરેખર ન્યાલ થઇ

જાય છે. તેની અંદર એવું અદ્‌ભુત સામર્થ્ય પ્રકટી નીકળે છે કે તેની આગળ આખા જગતની કોઇ પણ શક્તિ ટકી શકતીજ નથી. બસ, ઇન્દ્રદેવ ગમે તેના સોમરસના સવનનો સ્વીકાર કરે, તેનો પોતાનો કરી દે એટલીજ વાર. એટલું થયું એટલે તેનો બેડો પાર જાણો. જેને તે પોતાનો માની લે છે તેની આગળ તો તે પોતાના સંપૂર્ણ સર્વસમર્થ સ્વરૂપમાં, પોતાના પરિપૂર્ણ 'શક્ર'ના અથવા 'વૃષા'ના રૂપમાં પ્રકટ થઇ જાય છે. ખરેખર, જ્ઞાન એજ સર્વોત્તમ શક્તિ છે. સંસારના વિકટમાં વિકટ પાપોના આક્રમણની સામે એકલો જ્ઞાનીજ સ્થિર રહી શકે છે. જ્ઞાન વિના શયતાનના સૈન્યના હુમલાની સામે કોનાથી ઉભા રહેવાય છે? 'પ્રસંખ્યાન'ના સર્વશ્રેષ્ઠ જ્ઞાનને પણ પ્રભુને અર્પણ કરી દીધા પછી ભક્ત યોગીને પોતાની ધર્મમેઘ સમાધિમાં જે સોમરસની× વર્ષા સાંપડે છે તે તીવ્ર સોમો (ઉંચા પ્રકારના જ્ઞાન)ની સામે શયતાનનાં સેંકડો આક્રમણકારી સૈન્યોના એક ક્ષણમાં ભૂકા ઉડી જાય છે; તમામ પાપ અને ક્લેશની સમાપ્તિ થઇ જાય છે.

શબ્દાર્થ

(मघवा) પરમ ઐશ્વર્યવાન ઇશ્વર **(विशं विशं)** દરેક મનુષ્યમાં **(परि अशायत)** સૂઇ રહ્યા છે, ગુપચુપ વ્યાપી રહ્યા છે અને **(वृषा)** તે સુખ વર્ષાવનાર ઇશ્વર **(जनानां)** તમામ મનુષ્યોની **(धेनाः)** જ્ઞાનક્રિયાઓને **(अवचाकशत्)** જોઇ રહ્યા છે અથવા પ્રકાશિત કરી રહ્યા છે. **(अह)** પરંતુ **(शक्रः)** તે સર્વશક્તિમાન ઇશ્વર **(यस्य)** જેના **(सवनेसु)** સવનોમાં, જ્ઞાનના નિષ્પાદનમાં, નીચોડમાં, **(रण्यति)** રમે છે, પ્રસન્ન થાય છે, તેનો સ્વીકાર કરી લે છે **(सः)** તે માણસ **(तीव्रैः सोमैः)** પોતાના આવા તીવ્ર સોમો દ્વારા, મહાબળવાન ઉચ્ચ જ્ઞાન દ્વારા **(पृतन्यतः)** તમામ આક્રમણકારીઓને, ભારેમાં ભારે હુમલાઓને **(सहते)** સહન કરે છે, જીતી લે છે.

* * *

× આના સંબંધમાં જુઓ યોગદર્શન પાદ ૪, સૂત્ર ૨૯–૩૦
— મૂળલેખક

१७ भाद्रपद

सा मा सत्योक्तिः परिपातु विश्वतो द्यावा च यत्र ततनन्नहानि च
विश्वमन्यन्निविशते यदेजति विश्वाहापो विश्वाहोदेति सूर्यः ॥
(ऋ. १०-३७-२)

વિનય

હે ભગવન્ ! હું જે બોલીશ તે સત્યજ બોલીશ એવું વ્રત લઉં છું. એ વ્રત મારૂં રક્ષણ કરે, ચારે તરફથી રક્ષણ કરે. દુનિયાના લોકો તો કહે છે કે, જૂઠું બોલ્યા વિના ચાલેજ નહિ. વળી જૂઠું બોલ્યાથી ઘણી વાર રક્ષણ થાય છે. પણ હું તો જોઉં છું કે, જો કોઇ એક માત્ર રક્ષણ કરનાર હોય તો હે સત્યસ્વરૂપ ! તમેજ છો, તમારૂં સત્યજ છે. સત્ય એ એવી મહાન પ્રકાશસ્વરૂપ વસ્તુ છે કે જેના પ્રકાશ વડે સંસારના તમામ દ્યુલોક તેજોમય બની રહ્યા છે, અને જેના પ્રકાશનો એક અંશજ માત્ર પ્રાપ્ત કર્યાથી આપણાં જીવન અનંતકાળથી પ્રકાશિત થઈ રહ્યાં છે અને અનંત કાળ સુધી પ્રકાશિત થતાં રહેશે. સત્ય એ પ્રકાશ છે, ત્યારે અસત્ય અંધકાર છે. સત્ય સનાતન છે, ત્યારે અસત્ય ક્ષણભંગુર છે. આવો અંધકાર આપણું રક્ષણ કરી શકેજ શી રીતે ? જે વસ્તુ પોતેજ નાશવંત છે તેનો આધાર લઇને આપણે ક્યાં સુધી સલામત રહેવાના હતા ? જેઓ આ સત્ય સમજી ગયા છે તેઓ સત્યનું પાલન કરતાં પોતાના ઉપર આવી પડતી વિપત્તિઓને જોઇને જરા પણ ગભરાતા નથી અને લાચાર બની જઇને કદી અસત્યનો આશ્રય લેતા પણ નથી. કારણ કે તેઓ સારી રીતે જોઇ શકે છે કે, સત્યના સિવાય આ સંસારમાં જે કાંઇ છે તે બધુંજ નાશવંત છે. એ અસત્ય ભલેને ગમે તેટલું જીવતું ને જાગતું દેખાતું હોય—ગમે તેટલું પ્રચંડ અને કદાવર આકૃતિવાળું અથવા શક્તિશાળી દેખાતું હોય, ગમે

તેવું મૂલ્યવાન દેખાતું હોય—તો પણ તે બધુંજ થોડી વાર પછી હતું ન હતું થઇ જવાનું છે, તેની રાખ બની જવાની છે, તેનું નામ-નિશાન પણ નથી રહેવાનું. એકલું સત્યજ અચળ છે. જૂઠ-કપટની આંખોને અંજાવી નાખે એવી ભભકાભરી ફતેહોના ડંકા આપણે દુનિયામાં ગાજતા સાંભળીએ છીએ, પરંતુ એક ક્ષણવાર પછી તે જેવી આવી તેવી ચાલી જાય છે અને તેનો આધાર લેનારાઓને ત્યાંના ત્યાંજ પડતા મૂકીને અદૃશ્ય થઇ જાય છે. ઈશ્વરીય સત્ય નિયમોને લાંબા વખત સુધી દબાવી નથી રાખી શકાતા. ભયંકરમાં ભયંકર કાળરાત્રિઓ આવવાની; પણ તેની પાછળ સૂર્યોદય પણ ચાલ્યોજ આવે છે. સદા પ્રકાશમાન સૂર્યને લાંબા વખત સુધી કોઈ પણ આવરણ નથી ઢાંકી શકતું, ઢાંકે છે તે પણ થોડા વખતને માટેજ. જરાક જુઓ તો ખરા. આ સંસારમાં જો કોઇ પણ વસ્તુ અપ્રતિહત રૂપમાં વહી રહી હોય તો તે માત્ર ઈશ્વરના સત્ય અને વ્યાપક નિયમોનો પ્રવાહજ છે અને જેનો ઉદય પ્રતિદિન થયા કરતો હોય અથવા તો વાસ્તવિક રીતે જે સદા ત્રણે કાળમાં ઉદિતજ હોય તો તે (મહાન સત્યનો) સૂર્યજ છે.

શબ્દાર્થ

(यत्र) જે (સત્ય પ્રકાશ)માં **(द्यावा च)** દ્યુલોક પણ **(अहानि च)** અને તમામ દિવસો પણ **(ततनन्)** વિસ્તૃત થયા કરે છે, વિસ્તારને પ્રાપ્ત થયા છે **(सा)** તે **(सत्योक्तिः)** સત્ય ભાષણ કરવાનું વ્રત **(मा)** મને, મારૂં **(विश्वतः)** બધી બાજુએથી **(परिपातु)** રક્ષણ કરો. **(अन्यत्)** સત્યના સિવાય બીજું જે કાંઇ અને **(विश्वं)** બીજું બધુંજ **(यत् एजति)** જે કાંઇ હલન ચલન કરી રહ્યું છે, આકૃતિવાન, બળવાન અને જીવનયુક્ત દેખાય છે તે **(निविशते)** લીન બની જાય છે, તેનો વિનાશ થઇ જાય છે, **(विश्वाहा)** ત્રણે કાળમાં તો **(आपः)** વ્યાપક નિયમોનો પ્રવાહ (વહી રહ્યો છે) અને **(विश्वाहा)** સદાકાળ તો **(सूर्यः उदेति)** સૂર્યજ ઉદિત થએલો રહે છે.

१८ भाद्रपद

न ता नशन्ति न दभाति तस्करो नासामामित्रो व्यथिरादधर्षति ।
देवांश्च याभिर्यजते ददाति च ज्योगित्ताभिः सचते गोपतिः सह ॥
(ऋ० ६-२८-३ । अथर्व. ४-२१-३)

વિનય

અરે ગૌવાળાઓ ! અરે ગોપતિઓ ! જે કદી નાસી ન જાય, જેમને કોઇ ચોર લૂંટારા નસાડી ન લઈ જાય અને જેમને કોઇ શત્રુ સતાવી ન શકે અથવા ઇજા ન કરી શકે એવી ગૌઓને પણ તમે ઓળખો છો ખરા ? એ ગૌઓ તો 'ઈન્દ્ર' ની આપેલી છે, એમના વડે દેવોનું યજન થાય છે અને તેઓ હમેશાં પોતાના ગોપતિની સાથે ને સાથેજ રહે છે, તેનાથી કદી વિખૂટી પડતી નથી, એવી ગૌઓ આપણને દરેક જણને મળેલી છે. કેમ ? એ ગૌઓ કોણ તે હજી પણ તમે સમજી ગયા કે નહિ ?

એ ગૌઓ તો આપણી ઇન્દ્રિયો છે, એમનો ગોપતિ આપણું મન અથવા મનોમય આત્મા છે. આ આત્માની સાથે તેઓ સદા જોડાએલીજ રહે છે. તેઓ તો શકિતઓરૂપે મોક્ષસુખની અવસ્થામાં પણ આત્માની સાથેજ રહે છે. આત્મા જ્યારે એક શરીરને છોડીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે પણ તે તેની સાથેજ જાય છે. તેમના ગોપતિના હાથમાંથી તેમને કોઇ છીનવી શકતું નથી. તે તો પરમેશ્વરની આપેલી દિવ્ય અને અમર ગૌઓ છે. એ ગૌઓ પ્રભુએ દરેક જીવને દેવોનું યજન કરવાના હેતુથી આપેલી છે. ખરૂં જોતાં તેમને દેવોને અર્પણ કરી દેવાને વાસ્તે, તેમનેજ સોંપી દેવાને વાંસ્તે આપેલી છે. અમુક શુભ કાર્યમાં વાપરવાને વાસ્તે આપણને કોઇએ અમુક વસ્તુ વિશ્વાસપૂર્વક આપી હોય તે વસ્તુની માફક એ ગૌઓનો આપણે

ઉપયોગ કરવો ઘટે. આપણા ભરોસા ઉપર સોંપેલી થાપણની જેમ વાપરવી ઘટે, આ ચક્ષુ આદિ ગૌઓને જો આપણે સદા પવિત્ર અને યજ્ઞિય કામોમાં વાપરીશું અને તેમને બાહ્ય આદિત્ય આદિ તેમના પોતપોતાના દેવતાઓને સમર્પિત કરતા રહીશું તો એક બાજુએ આપણી સ્થૂલ ઇંદ્રિયો હમેશાં સંપૂર્ણ રીતે સ્વસ્થ, સમુન્નત અને અવિકલ રૂપમાં પૂરાં સો વર્ષ સુધી જેવી ને તેવીજ રહેશે અને બીજી બાજુએ પણ મૂળ સૂક્ષ્મ ઇન્દ્રિયો પણ ભારેમાં ભારે ઐશ્વર્યયુકત યોગવિભૂતિઓને આપણી આગળ લાવીને હાજર કરી દેવાને સમર્થ બની જશે. કેમ? હવે તમને પ્રભુના તરફથી સાંપડેલી આ દિવ્ય ગૌઓરૂપી અમૂલ્ય સંપત્તિને તમે જાણી લીધી? જો તમે તેમની ખરી કિંમત સમજ્યાજ હશો તો બહારની લાખો ગૌઓના માલિક બનવાની જગ્યાએ તમે આ દશ દિવ્ય ગૌઓના સાચા અર્થમાં સ્વામી બનવાનું પસંદ કરશો.

શબ્દાર્થ

(ताः) તે ગૌઓ **(न नशन्ति)** નાશ પામતી નથી, નાસી જતી નથી **(न)** ન તો તેમને **(तस्करः)** ચોર **(दभाति)** સતાવી શકે **(न)** તેમ ન તો **(आसां)** તેમને **(अमित्रः व्यथिः)** શત્રુઓ દ્વારા થએલા આઘાત **(आदधर्षति)** પીડા કરી શકે. તે **(याभिः)** જે આ ગૌઓ દ્વારા **(देवान् यजति)** દેવોનું યજન કરે છે **(ददाति)** અથવા દેવોને અર્પણ કરી દે છે **(ताभिः)** તે આ ગૌઓની **(सह)** સાથે **(गोपतिः)** તેમનો ગોસ્વામી જીવાત્મા **(ज्योक् इत्)** ચિરકાળપર્યંત, સદાકાળજ **(सचते)** સંયુક્ત રહે છે.

નોંધઃ—આ મંત્રમાં ‘ગૌ’ શબ્દ આલંકારિક રીતે ‘ગાય’ના અર્થમાં પણ વાસ્તવિક રીતે ‘ઇન્દ્રિય’ ના અર્થમાં વપરાયો છે; તેથી અનુવાદમાં મૂળનો ‘ગૌ’ શબ્દ કાયમ રહેવા દીધો છે. વૈદિક સાહિત્યમાં ‘ગૌ’ શબ્દ ગાયના અર્થમાં કવચિતજ વપરાયો છે. વધારે વિવેચન માટે જુઓ. **“બ્રાહ્મણની ગૌ”** **—સેવાનંદ**

१९ भाद्रपद

प्रत्नान्मानाद् अध्या ये समस्वरन् श्लोकयन्त्रासो रभसस्य मन्तवः
अपानक्षासो बधिरा अहासत ऋतस्यपन्थां न तरन्ति दुष्कृतः ॥
(ऋ. ९-७३-६)

વિનય

જુઓ, જુઓ, સ્વર્ગીય સંગીતના સ્વર સંભળાય છે; દિવ્ય પ્રકાશનાં કિરણ દષ્ટિગોચર થઇ રહ્યાં છે. એ શાના સ્વર હશે? એ તો સત્ય નિયમો (ऋत) જ એક-બીજાની સાથે એક તાલ અને સૂરમાં એકતાનતા મચાવીને ઝમકાર કરી રહ્યા છે તેનું એ દિવ્ય સંગીત છે. સત્ય નિયમો આપણને અનુકૂળ રૂપ ધારણ કરીને આપણી નજર સામે ઉભેલા છે, એ દિવ્ય ધ્વનિ અને પ્રકાશનાં કિરણ ઉપરથી આવે છે, દ્યુલોકમાંથી ચાલ્યાં આવે છે. ત્યાંજ આપણું સૌનું પુરાણું સદાતન ઉત્પત્તિસ્થાન છે, તેજ આપણું નિર્માણસ્થાન છે, તે અનાદિ બ્રહ્માંડ–વીણાના સૂર પણ ત્યાંથીજ નીકળતા રહેશે, સદાકાળ ત્યાંથીજ નીકળતા રહેશે. જે વીણાયંત્રમાંથી આ સ્વરો નીકળે છે તે તો પ્રભુની વાણીરૂપી વીણા છે, તેમની ઇક્ષણશક્તિરૂપી વીણા છે. તેને લીધેજ તે કિરણો આ વેગવાન મહાન સંસારને જાણતાં જોતાં ચાલ્યાં આવે છે, પોતાના પ્રભુના સર્વગત ચૈતન્યના સ્પર્શથી કદી પણ અળગાં થતાં નથી. એ સ્વરોને અને એ કિરણોને અનુકૂળ રહીને જેઓ પોતાનાં જીવન ઘડે છે, જેઓ તેમના તાલ સાથે પોતાના જીવનના તાલ બજાવે છે, જેઓ પોતાનાં શરીર, મન અને બુદ્ધિને તેમને અનુસરીનેજ નચાવે છે અને તાલસ્વરમાં જરાક જેટલી પણ ભૂલચૂક કરતા નથી, તેઓ ઘણીજ સહેલાઇથી ઉપરના ઉપર ચઢતા જાય છે. પરંતુ ખેદની વાત એ છે કે, આ બહેરો અને આંધળો સંસાર તેને સાંભળતો નથી અને જોઈ શકતો નથી. આપ-

ણે બધા અત્યંત બેપરવાઈ કરીને જાણે કાંઇજ દેખતાં ન હોઇએ, કાંઇજ સાંભળતાં ન હોઇએ તેમ અંધારામાં, કશા ઢંગધડા વગર આપણું ગાડું ગમે તે રીતે હાંકયા જઇએ છીએ. એટલા વાસ્તે આપણે દુઃખ વેઠીએ છીએ, ગમે ત્યાં અડબડીઆં ખાતા ફરીએ છીએ અને ઉન્નતિના માર્ગ ઉપર આગળ ધપી શકતા નથી. ખરૂં જોતાં આપણે આ બધાં દુઃખદાયી પ્રતિકૂળ કર્મો કરીએ છીએ, દુષ્કર્મો કરીએ છીએ અથવા કરવામાં પ્રવૃત્ત થઇએ છીએ, તે બધાનું એકજ મૂળ કારણ એ છે કે, આપણે પેલા સ્વર્ગીય સંગીતના સૂર સાંભળી શકતા નથી, તે દિવ્ય તેજનાં કિરણો આપણી આંખે દેખાતાં નથી. માટે આવો, મારા ભાઇઓ! આજથી આપણે આપણાં આંખ-કાન ઉઘાડાં મૂકીએ કે જેથી કરીને પ્રભુના ધામમાંથી અનવરત રીતે ચાલ્યાં આવતાં દિવ્ય તેજનાં કિરણોને આપણે ઝીલી શકીએ, દિવ્ય સંગીતના સ્વરને આપણે સાંભળી શકીએ. એ કામને માટે યોગ્ય કાન અને આંખો તો આપણી પાસે છેજ.

શબ્દાર્થ

(श्लोक यन्त्रास:) શ્લોક યંત્રયુક્ત, ઈશ્વરીય વાણીમાંથી નીકળનાર **(रभसस्य मन्तव:)** અને આ વેગવાન મહાન સંસારને જાણનાર **(ये)** જે (દિવ્ય પ્રકાશ અને દિવ્ય શબ્દોનાં કિરણો અથવા આંદોલનો) **(प्रत्नात् मानात् अधि)** પુરાણા નિર્માણસ્થાનમાંથી ઉત્પત્તિસ્થાનમાંથી **(आ)** નીકળીને **(सं अस्वरन्)** એકતાલ અને સ્વરમાં, પૂર્ણ સંવાદમાં વાગી રહ્યાં છે અથવા પ્રકાશિત થઈ રહ્યાં છે તેમને **(अनक्षास:)** આંખો વિનાના આંધળા અને **(बधिरा:)** કાને બહેરા [સંસારમગ્ન પાપી] લોકો **(अप अहासत)** સાંભળતા નથી, જોતા નથી, તેમની ઉપેક્ષા કરે છે, તેમનો લાભ લેતા નથી. આટલા માટે **(दुष्कृत:)** દુષ્કર્મ કરનારા લોકો **(ऋतस्य पन्थां)** સત્યના માર્ગને **(न तरन्ति)** તરી શકતા નથી.

२० भाद्रपद

सहस्रधारे वितते पवित्रे, आ वाचं पुनन्ति कवयो मनीषिणः ।
रुद्रास एषां इषिरास अद्रुहः स्पशः स्वंचः सुदृशो नृचक्षसः ।।
(ऋ० ९-६३-६)

વિનય

ઉપરના દ્યુલોકમાંથી સોમની વર્ષા હજારો ધારાઓમાં વરસી રહી છે. જ્યાં કેવળ શુદ્ધ ધર્મની–અશુક્લ અકૃષ્ણ કર્મની–વર્ષા થતી હોય છે, ત્યાં એવી ધર્મમેઘ સમાધિની અવસ્થા ઉપસ્થિત થઇ ગયા પછી ધ્યાનસ્થ લોકોને તેનો અનુભવ પણ થવા લાગે છે. વળી મસ્તકના સૌથી ઉપરના ભાગમાં જ્યાં હઠયોગીઓ 'સહસ્રાર કમળ અથવા ચક્ર' કહે છે તે સ્થાનમાં તેનો અનુભવ થાય છે. ત્યાં આગળ જ્ઞાનનો અનંત અપાર પારાવાર સમુદ્ર ભર્યો પડયો છે. તે **'सर्वावरण-मलापेत'*** શુદ્ધ જ્ઞાનનો સમુદ્ર છે. તેમાં સ્નાન કરીને ક્રાન્તદર્શી અને ક્રાન્તકર્મા જ્ઞાની મહાપુરુષો પોતાની વાણીને પવિત્ર કરે છે, તેમાં ડૂબકીઓ મારીને સર્વથા પવિત્ર કરેલી વાણીનુંજ ઉચ્ચારણ કરે છે. તેમની વાણીમાં અદ્ભુત ચમત્કારી શક્તિ જોવામાં આવે છે તેનું આજ કારણ છે. એ સ્થાનમાંથી નીકળેલી વાણી મારફતે જે કોઈ આજ્ઞા કરવામાં આવે છે તે અમોઘ નીવડે છે. મહાત્મા દિવ્ય પુરુષોની વાણીમાં તેમજ વિચાર (માધ્યમિક વાણી)-માં જે વિશેષ પ્રભાવ આપણે જોઇએ છીએ તે આનોજ મહિમા છે. તેઓ પોતાના ભાષણ અથવા વિચારની પાસે એક આજ્ઞાંકિત નોકરનું અથવા દૂતનું કામ કરાવી શકે છે. આઘેમાં આઘેના વિષયનો તેઓ જ્યાં વિચાર કરે છે અથવા

---

* જુઓ યોગદર્શન, ૪-૩૧.—મૂળલેખક

એ વિષે કાંઇક બોલે છે એટલામાં તો તેનો અમલ થઇ જાય છે, તે પૂર્ણ થઇ જાય છે. પરંતુ એ તો બહુ દૂરની વાત થઇ. આપણા કરતાં વધારે ઉંચા અને શ્રેષ્ઠ પુરુષો આપણે રોજ રોજ નથી જોતા કે જેમનાં ભાષણ અથવા વિચાર દુનિયાના છેડા સુધી પોતાનો પ્રભાવ બેસાડે, જેમના દ્વારા કોઇનું કશુંય અકલ્યાણ તો થાય જ નહિ, જેમની વાણી અને જેમના વિચાર હમેશાં વ્યવહારયુક્ત જ હોય, તેઓ જે કાંઇ બોલે તે પોતાની ઉત્તમ અને દિવ્ય દૂર દષ્ટિ વડે જોઇને જ બોલે અને સામા માણસની સારી રીતે પરીક્ષા કરી લીધા પછી જ તેને જે કહેવું યોગ્ય હોય તે કહે? જો કોઇ પણ મનુષ્યના ભાષણમાં અથવા વિચારમાં ઉપર કહેલા ગુણ નજરે પડતા હોય તો તેની વાણી પવિત્ર થતી જાય છે, પવિત્રતાકારક સોમરસનો તેને સ્પર્શ થતો જાય છે, '**वितत सहस्रधार पवित्र**'ના તરફ તે પ્રગતિ કરી રહી છે તેનું આ એક લક્ષણ અથવા સાબિતી છે એમ માની લેવું.

શબ્દાર્થ

(**कवयः मनीषिणः**) ક્રાન્તદર્શી અને ક્રાન્તકર્મા જ્ઞાની પુરુષો (**वाचं**) પોતાની વાણીને (**सहस्रधारे वितते पवित्रे**) હજારો ધારાઓવાળા વિસ્તૃત અને પવિત્રતાકારક પ્રવાહમાં [સોમસ્રોતમાં] (**आपुनन्ति**) પૂરેપુરી રીતે પવિત્ર કરે છે. આથી કરીને (**एषां**) આવા મનીષિઓના (**रुद्रासः**) પ્રાણ, પ્રાણરૂપ માધ્યમિક વાણીઓ (**इषिरासः**) ઘણે આઘે સુધી જઈ શકે એવા ઘણા સામર્થ્યવાળા પ્રભાવશાળી પણ (**अद्रुहः**) કોઇનો કદી પણ ઘાત, દ્રોહ અથવા હિંસા કરે નહિ એવા (**स्वंचः**) ઉત્તમ પ્રકારના વ્યવહાર કરનારા (**सुदृशः**) ઉત્તમ દિવ્ય દષ્ટિવાળા અને (**नृचक्षसः**) મનુષ્યોની બરાબર યથાયોગ્ય પરીક્ષા કરનારા (**स्पशः**) દૂતના જેવા બની જાય છે.

२१ भाद्रपद

समेत विश्वे वचसा पतिं दिवः, एको विभूः अतिथिर्जनानाम् ।
स पूर्व्यो नूतनमाविवासत्, तं वर्त्तनिः अनुवावृत एकमित् पुरु ।।
(अथर्व. ७-२१-१)

વિનય

હે મનુષ્યો ! તમે આવો, સૌ આવો. બધા એકત્ર થઇને આવો અને એકકે અવાજે તે '**दिवः पति**'નાં સ્તોત્ર ગાઓ. તે એકલોજ આપણને સૌને એકત્ર કરી શકે છે. આપણને સૌને એકબીજાની સાથે સાંધી રાખનાર સૂત્રરૂપે તે એકલોજ છે. કારણ કે તે એકલોજ વિભુ છે, તે એકલોજ સર્વવ્યાપક છે અને આપણા સૌમાં, મનુષ્યમાત્રમાં સતતરૂપે પ્રવેશ કરીને વસનાર પણ તેજ છે. આપણા સૌની અંદર તે અતિથિરૂપે રહે છે. આપણો સૌનો તે એકસરખી રીતે મહેમાન થઇને રહ્યો છે. એટલા માટે આપણે સૌ એકબીજાની સાથે તે સૌના પૂજ્ય દ્વારા, સૌના એક ઉપાસ્ય દ્વારા જોડાઇ શકીએ છીએ અને ખરૂ પૂછો તો જોડાયેલા છીએજ. તે એકલોજ ત્રણે કાળમાં એકસરખો પુરાણ પુરુષ છે, બાકીનો આખો પરિવર્તનશીલ સંસાર નિત્ય નવો નવો બનતોજ રહે છે. પણ એ પુરાણ પુરુષ રોજ રોજ નવા સંસારનો સ્વાદ નવા નવા રૂપમાં નિત્ય ભોગવતો રહે છે. તેમાં તે નિત્ય નવે નવે રૂપે વ્યાપેલો રહે છે. એટલા માટે એને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર સંસાર પોતપોતાને નવે નવે રૂપેજ તેની તરફ જઇ શકે છે. જે માર્ગે આપણે તેના તરફ પ્રગતિ કરીએ છીએ, તે માર્ગ આપણને સૌને તે એકના તરફજ લઇ જાય છે એમાં તો કશો શક નથી; પણ આપણને દરેક જણને પોતપોતાની અનોખી રીતે, પોતપોતાની અનોખી પગ-

દંડીએ થઇને તે પોતાના તરફ ખેંચે છે. આપણે અગર જો બધા પોતપોતાની જુદી જુદી રીતે તે એક ઉપાસ્ય દેવની ઉપાસના કરીએ, આપણી ઉપાસનાની રીતમાં ભલે ફેર હોય પણ સૌનો ઉપાસ્ય દેવ તો તે એકજ છે ને? માટે આવો, આપણે સૌ તે એક દેવના નામ ઉપર, તે એક દેવના છત્ર નીચે–આપણે તમામ મનુષ્યો એક બની જઇએ, એકબીજાની સાથે મળી જઇએ, તે એક પ્રભુના ધ્વજ નીચે આપણે સૌ એકત્ર થઇને ઉભા રહીએ અને બધાજ એક સ્વરે તેનાં યશોગાન ગાઇએ.

શબ્દાર્થ

(**विश्वे**) હે સૌ લોકો ! સા ભાઇઓ ! (**दिवः पतिं**) પ્રકાશના સ્વામી પરમેશ્વરના પ્રતિ (**वचसा**) એક વાણી વડે (**समेत**) એકત્ર થઇ જાઓ; કેમકે (**एकः विभूः**) તે એકજ સર્વવ્યાપક (**जनानां**) તમામ મનુષ્યોનો (**अतिथिः**) અતિથિ થઇ રહેલો છે. (**सः पूर्व्यः**) તે પુરાતન (**नूतनं**) આ નવા [સંસાર]ને (**आविवासत्**) સેવી રહ્યો છે, વ્યાપ્ત કરી રહ્યો છે. માટે (**तं**) તેના પ્રતિ (**वर्त्तनिः**) જે માર્ગ (**अनुवावृते**) જાય છે તે (**एकं इत्**) તે એકના તરફજ પણ (**पुरु**) બહુ પ્રકારે, નાના પ્રકારે જાય છે.

२२ भाद्रपद

सं जानामहै मनसा संचिकित्वा मा युष्महि मनसा दैव्येन ।
मा घोषा उत्स्थुर्बहुले विनिर्हते मेषुः पप्तत् इन्द्रस्य अहन्यागते
(अथर्व० ७-५२-२)

વિનય

સામુદાયિક હિતનાં કાર્યને લગતા જે કાંઈ વિચાર કરવા હોય તે આપણે બધાએ ભેગા મળીને એક મનથીજ કરવા ઘટે. કોઇ કાર્યનો પ્રારંભ કરવાનો હોય ત્યારે પણ આપણે બધા એકમત થઇનેજ કરીએ. ઘણી વાર આપણે એકબીજાની સાથે એકમત થતા નથી તેનું કારણ એ છે કે, આપણે '**दैव्य मन**' દ્વારા વિચાર ન કરતાં આસુર મન દ્વારા વિચાર કરવા બેસીએ છીએ. આસુરી વૃત્તિથી દોરવાઇને, સ્વાર્થપ્રેરિત થઇને, એકબીજા ઉપર અવિશ્વાસ કરતા રહીને, એકબીજાનો તિરસ્કાર કરતા રહીને મસલત કરવાની શરૂઆત કરીશું તો પછી આપણે એકમત ઉપર આવી શકીએજ શી રીતે? માટે આપણે નિઃસ્વાર્થ પ્રેમયુક્ત દૈવ્ય મનને આપણાથી જરા પણ દૂર ન કરીને પરસ્પર વિશ્વાસ રાખીને જેનાથી સૌનું હિત થાય એવા કામમાં એકમત થઇને, એક નિશ્ચય ઘડી કાઢીને કાર્યનો આરંભ કરવો જોઇએ. આવી શુભ રીતે ભારેમાં ભારે સાર્વજનિક હિતનાં કાર્યોનો આરંભ કર્યા પછી તેમને પૂર્ણ ઐક્ય સહિત આગળ ધપાવતા રહેવું જોઇએ. માર્ગમાં ભારેમાં ભારે અને ભયંકરમાં ભયંકર વિઘ્નો અને વિપત્તિઓ આવે તો પણ આપણે જરા પણ ગભરાઈએ નહિ, લેશમાત્ર પણ વિહ્વલ થઇએ નહિ. અસફળતા અને વિઘ્નોની અંધાર રાત્રિઓ તો પ્રત્યેક મહાન કાર્યમાં આવ્યાજ કરે છે. આવી ક્ષુદ્ર અસફળતાઓને જોઇને હાહાકાર કરીએ તે તો ઘણુંજ હલકું કહેવાય. એમને તો આપણે મનમાં પણ ન આણીએ, પણ કદાચ મહાદારુણ પ્રલયની કાળરાત્રિ આવી પહોંચે અને આ વિશાળ દ્યૌ તેમજ પૃથ્વીનો પણ

વિનાશ થવાની ઘડી આવી લાગે તોપણ આપણે આપણા ધ્યેયમાંથી વિચલિત થઇએ નહિ અને અટળ નિષ્ઠાસહિત આપણી સાધનામાં મંડયા રહીએ. એમ કરતાં એ કાળરાત્રિ પૂરી થાય અને ઉજમાળો દિવસ ઉગે, તમામ પ્રકારે અનુકૂળ પરિસ્થિતિ થઈ જાય ત્યારે પણ મોજમજાહ ઉડાવવામાં લુબ્ધ થવું ન જોઇએ. આપણા અંતિમ લક્ષ્યને ભૂલીને વિષયભોગમાં અથવા વિજયોત્સવોમાં ન લોભાવું જોઇએ. કારણકે એવે વખતેજ 'ઇન્દ્રનું ઈષુ' માથા ઉપર તૂટી પડે છે, એવે વખતેજ વજ્રપાત થાય છે, ઈશ્વરનો માર પણ એવે વખતેજ પડે છે. આ દૈવી માર ઘણો આકરો હોય છે. મોટાં મોટાં સામ્રાજ્યો જેઓ પોતાના બળવાનમાં બળવાન શત્રુઓનાં ભયંકર આક્રમણોની સામે ઉભાં રહી શકયાં, તેમની ટક્કરો ઝીલીને જીવતાં રહ્યાં, તેઓ પણ પાછળથી વિષયભોગોના મોહમાં લુબ્ધ થયાં ત્યારે આપોઆપ નષ્ટ થઇ ગયાં, 'ઇન્દ્રના ઈષુ'ના મારથી માર્યાં ગયાં. માટે આવો, આપણા અંધકારના સમયમાં તેમજ પ્રકાશકાળમાં પણ આપણા દૈવી મનનો કદી પણ ત્યાગ ન કરીએ; એકબીજાની સાથે પૂર્ણ ઐકય જાળવીને ખૂબ વિચાર કરીને, એકમત બનીને જેમાં સૌનું હિત હોય સૌનો ઉદય હોય એવાં મહાન કાર્યોને આગળ ધપાવતા જઇએ.

શબ્દાર્થ

અમે (**मनसा**) મન દ્વારા (**सं**) ભેગા મળીને (**जानामहै**) વિચાર કરીએ અને (**चिकित्वा**) અરસ્પરસ મસલત કરવાનું કામ (**सं**) એકત્ર થઇને કરીએ; (**दैव्येन मनसा**) દૈવ મનથી (**मा युष्महि**) કદી વિખૂટા ન થઇએ. (**बहुलेविनिर्हते**) અંધકાર વ્યાપે અથવા વિશાળ દ્યાવા–પૃથિવી તૂટી પડે તોપણ (**घोषाः मा उत्स्थुः**) અમારા મોઢામાંથી હાહાકારના શબ્દ ન નીકળે અને (**अहनि आगते**) દિવસ ઉગે ત્યારે, અનુકૂળ સ્થિતિ થઇ જાય ત્યારે (**इन्द्रस्य इषुः**) ઇંદ્રનું ઈષુ, ઈશ્વરનો માર (**मा पप्तत्**) અમારા ઉપર ન પડે.

२३ भाद्रपद

तं पृच्छता स जगामा स वेद स चिकित्वाँ ईयते सा न्वीयते ।
तस्मिन्त्सन्ति प्रशिषस्तस्मिन्निष्टयः स वाजस्य शवसः शुष्मिणस्पतिः
(ऋ. १-१४५-१)

વિનય

હે મનુષ્યો ! તમારે કાંઇ પણ જાણવાની ઇચ્છા હોય, તમારે કાંઈ પણ પૂછવું હોય તો તે તમારા અગ્નિદેવનેજ પૂછજો. આખા સંસારભરમાં તમારા પ્રશ્નોનો યથાયોગ્ય ઉત્તર આપનાર એમના સિવાય બીજો કોઈ છેજ નહિ. દુનિયાના મોટામાં મોટા વિદ્વાનો પાસેથી તમને જે જવાબ મળશે તેને પણ જ્યારે તમારી અંદરનો અગ્નિ, તમારો અંતરાત્મા પોતાની મંજુરી આપશે ત્યારેજ તમને તે જવાબથી સંતોષ થશે, નહિ તો નહિ. માટે તમારે જે કાંઇ પ્રશ્નો પૂછવા હોય, જે જે સમસ્યાઓના ઉકેલ જોઇતા હોય તે જ્યારે તમે છેવટે તમારા પોતાના અંતરાત્મ-દેવની આગળ રજૂ કરશો ત્યારે તેમના છેવટના સંતોષકારક ઉત્તર તમને મળશે. તમારા અંદરનો આત્મા તમામ જગ્યાએ અને તમામ વિષયોમાં પ્રવેશ કરી શકે છે એ વાતમાં તમને સંદેહ છે ? ના, ના, એ આત્મા તો હમેશાં પોતાના પરમ આત્માની અંદરજ વસે છે અને પોતાની ચિન્મય વૃત્તિને જ્યાં મોકલવી હોય ત્યાં મોકલી શકે છે. એ અગ્નિ તો બધી જગ્યાએ જઇ શકે છે અને બધુંજ જાણી શકે છે. અરે ! જુઓ, જુઓ. આ ચિત્તસ્વરૂપ આત્મા બધુંજ જાણે છે અને સર્વત્ર ગતિ કરી શકે છે. એક પલકવારમાં, એક સંકલ્પ કરતાની સાથેજ કરોડો માઇલ સુધી અને કરોડો યુગ સુધી જઇ પહોંચે છે. ખરી રીતે તો એવું કહેવું જોઈએ કે, એ જ્ઞાનમય અગ્નિ તમામ સ્થાનોમાં અને તમામ

વિષયોમાં પહેલેથીજ પહોંચી ગએલો છે અને જગતના મહાપુરુષોને કોઈ મોટાં મોટાં કાર્યો આદરવાની જે જે આજ્ઞાઓ, પ્રેરણાઓ મળ્યા કરે છે તે પણ આ અંતરાગ્નિમાંથીજ પ્રકટ થાય છે. તમામ આદેશો, ઈશ્વરીય આજ્ઞાઓ, પ્રેરણાઓનું મૂળ ઉત્પત્તિસ્થાન આ ઠેકાણેજ છે. વળી કોઇ કોઇ ઋષિઓને, મહાત્માઓને વખતોવખત તાત્કાલિક વિપત્તિઓનું શમન કરવાને માટે કોઇ વાર યજ્ઞો કરવાની, ઇષ્ટિઓ કરવાની દૈવી પ્રેરણાઓ થાય છે તેમનું મૂળ પણ આ અંતરાત્માની અંદરજ છે. ખરૂં કહેવા જઇએ તો તમામ યજ્ઞો અંતરાત્માની અંદરજ સ્થિતિ કરીને રહે છે, વળી સમસ્ત જ્ઞાન અને બળનો પણ તેજ એકમાત્ર સ્વામી છે. એકલું બળજ શા માટે? સંસારમાં જે જે બળવાન છે—મોટાં મોટાં સૈન્યો રાખનારા રાજાઓ અને સેનાપતિઓ વગેરે બળીઆઓનો પણ—તેજ એકલો પતિ છે. અહોહો! આવા તમારા પોતાના અગ્નિદેવ (આત્મદેવ)ના પરમ માહાત્મ્યનો અનુભવ કરો અને આજથી તમારા તમામ પ્રશ્નો, તમામ શંકાઓ તેની આગળજ રજૂ કરો. બીજે બધે ફોકટ ફાંફાં શા માટે મારો છો?

શબ્દાર્થ

હે મનુષ્યો! (**तं**) તે અગ્નિદેવને (**पृच्छत**) પૂછો. કારણ કે (**सः**) તે (**जगाम**) સર્વત્ર જઇ શકે છે, (**स वेद**) તે બધુંજ જાણે છે, (**सः**) તે (**चिकित्वान् ईयते**) બધું જાણતો રહીને જાય છે, (**सः**) તે (**नु**) ઘણી ત્વરાથી (**ईयते**) જાય છે. (**तस्मिन्**) તેમાં (**प्रशिषः**) તમામ પ્રશાસનો, આજ્ઞાઓ (**सन्ति**) છે (**तस्मिन्**) તેમાં (**इष्टयः**) તમામ યજ્ઞો અને ઇષ્ટિઓ છે, (**सः**) તે (**वाजस्य**) જ્ઞાનનો (**शवसः**) બળનો (**शुष्मिणः**) અને બળવાનોનો (**पतिः**) પતિ છે.

२४ भाद्रपद

तमित्पृच्छन्ति न सिमो विपृच्छति स्वेनेव धीरो मनसा यदग्रभीत्
न मृष्यते प्रथमं नापरं वचो अस्य क्रत्वा सचते अप्रदृपितः ॥
(ऋ. १-१४५-२)

વિનય

વળી સૌ પોતપોતાના અંતરાત્માનેજ જે પૂછવું હોય તે પૂછયાજ કરે છે. બીજી એક વાત એ છે કે, સૌ તેને પૂછે છે તો ખરા, પણ જેવી રીતે પૂછવું જોઇએ તેવી રીતે બરાબર પૂછી શકતા નથી; પણ બધા લોકો પોતપોતાના મન વડે (અંતરાત્મા વડે) જ વિચાર કરે છે અને પોતાના મનને જે ગમતું આવે તેજ કરે છે એટલી વાત તો સાચીજ છે. અંતરાત્માને વિશેષરૂપે (પૂર્ણરૂપે) પૂછી શકે એવા માણસો તો વિરલાજ હોય છે, સૌએ એટલી શક્તિ કેળવી હોતી નથી. સાચી વાત એટલીજ છે કે, દરેક જણ પોતપોતાની શક્તિના પ્રમાણમાં પોતાના અંતરાત્માને પૂછે છે. જેનાં મન અને બુદ્ધિ જેટલાં શુદ્ધ અને વિકસિત થયાં હશે-અર્થાત્ જેનામાં જેટલું જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ હશે તેટલું જ્ઞાન તેને તેના અંતરાત્માના અગ્નિમાંથી મળી રહેશે. એક બુદ્ધિમાન પુરુષ અંતરાત્માને ધૈર્યપૂર્વક પૂછવાનો પ્રયત્ન ભલે કરે તોપણ તેના પોતાના મનમાં જેટલું જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ હશે તેટલુંજ જ્ઞાન તેને તેના પ્રશ્નોના ઉત્તરના રૂપમાં તેના અંતરાત્મા પાસેથી મળી શકશે.

પણ આના સંબંધમાં એક વાત તો હંમેશ યાદ રાખવા જેવી છે. તે એ છે કે, દરેક જણે સર્વથા નિરભિમાન થઇ અગ્નિદેવની સમીપ જઇને ઉભા રહેવું જોઇએ. હું મોટો જ્ઞાની પંડિત છું એવા અભિમાનને અને પોતાના સઘળા પાંડિત્યને એક કોરે મૂકીને, પોતાને તદ્દન ખાલી

બનાવી દઇને, એક નાદાન બાળકના જેવા બની જઇને, જે પોતાની જાતને અગ્નિદેવનાં કર્મ અને પ્રજ્ઞાની સાથે જોડી દે છે તેને હમેશાં જેવાં જોઇએ તેવાં જ્ઞાન અને પ્રેરણા મળતાં રહે છે. અગ્નિદેવ જ્યારે બોલવા માંડે છે ત્યારે પોતાની આગળ અને પાછળ કોઈ બોલે તે તેમનાથી સાંખી શકાતુંજ નથી. તેમનો જવાબ બરાબર સાંભળી લેવા માટે આપણા પહેલા બોલને બધી રીતે પૂરેપુરો દબાવી દેવો જોઇએ. મતલબ કે, આપણા મનમાં જેટલા પૂર્વગ્રહ હોય, પૂર્વનિશ્ચયો હોય, પક્ષપાત હોય તે બધાને મનમાંથી બિલકુલ કાઢી મૂકી અગ્નિદેવ શું કહે છે તે સાંભળવાને બધું મન એકાગ્ર કરીને બેસવું જોઇએ. વળી તેમનો ઉત્તર સાંભળી લીધા પછી તેની અંદર પોતાના મનમાંનું કાંઈક, પોતાનો કોઇ શબ્દ ન ભળી જાય તેને માટે ખૂબ સાવધાન રહેવું જોઇએ. કહેવાનું તાત્પર્ય એ છે કે, અગ્નિદેવના ઉત્તરના કોઈ પણ અંશને આપણે આપણી કલ્પના વડે પૂરો કરી ન દઇએ અથવા તેના ઉપર આપણા પોતાના વિચારોનો રંગ ન બેસી જાય તેની કાળજી રાખવાની જરૂર છે. આત્મદેવ પાસેથી બરાબર સાચા જવાબ મેળવવાની આ એકજ સાચી ચાવી છે.

શબ્દાર્થ

(तं इत्) તે અંતરાત્માને જ **(पृच्छन्ति)** સૌ પૂછે છે, પણ **(स्विमः)** સૌ કોઈ **(विपृच्छन्ति न)** વિશેષરૂપે [પૂરેપૂરી રીતે] નથી પૂછતા. **(धीरः)** બુદ્ધિમાન અને ધૈર્યવાન પુરુષ પણ [એટલું જ પૂછી શકે છે] **(यत्)** કે જેટલું તે **(स्वेन इव)** પોતાના જ **(मनसा)** મન વડે **(अग्रभीत्)** ગ્રહણ કરી શકે. તે અગ્નિ **(प्रथमं वचः)** પોતાના બોલના કરતાં ન તો કોઈના પહેલા બોલને **(न अपरं)** તેમ ન તો ત્યાર પછીના બોલને **(मृष्यते)** સહન કરે છે. **(अप्रदृपितः)** નિરભિમાન બનીને આવેલો પુરુષજ **(अस्य)** તે અગ્નિના **(क्रत्वा)** કર્મ અને પ્રજ્ઞાની સાથે **(सचते)** પોતાની જાતને યુક્ત કરી શકે છે.

२५ भाद्रपद

प्र वो महे मन्दमानाय अन्धसो अर्चा विश्वानराय विश्वाभुवे ।
इन्द्रस्य यस्य सुमुखं सहो महि श्रवो नृम्णं च रोदसी सपर्यतः ॥

(ऋ० १०-५०-१ । यजु० ३३-२३)

વિનય

વારૂ, તમે તમારા વૈશ્વાનર દેવને પણ ઓળખો છો ખરા કે? એ તો તે દેવ છે, કે જેમાં આપણે '**विश्व**' (સઘળા) નર, આપણે સૌ મનુષ્યો સમાઇ જઇએ છીએ; એ તો તે નર છે, તે પુરુષ છે કે જેનું આ આખું વિશ્વ (આ બ્રહ્માંડ) શરીર છે. માટે હે નરો! હે મનુષ્યો! તમે તમારા આ મહાન વિશ્વાનર દેવનું પૂજન કરો. એ દેવ આખા વિશ્વમાં સમાઈ જઇ જઇને–વિશ્વવ્યાપી થઇને હમેશાં સુખમય આનંદમય અવસ્થામાં રહે છે. આપણને આપણો આનંદ, અન્ન આદિ તમામ ભોગ્ય પદાર્થો તેની તરફથી જ મળે છે. જો કોઇ '**अन्धस्**' (સુખભોગ) વાળો હોય તો તે જ છે. અને વળી તે જ ઈન્દ્ર (પરમેશ્વર) છે કે જેનું સુપૂજિત બળ, સર્વવંદિત તેજ અત્યંત મહાન છે. એના આવા મહાન '**सहस्**' (બળ–તેજ) ને લીધે તમામ લોકો, તમામ ભુવનો, તમામ બ્રહ્માંડો પોતપોતાનાં કાર્ય યથાયોગ્ય રીતે કરી રહ્યાં છે; અને એનાજ બળ અને યશના મનુષ્યોપયોગી અંશનું સેવન કરીને મનુષ્યો બળવાન અને યશસ્વી બને છે. અરેરે! તમે શું એટલું પણ નથી જોઇ શકતા કે, આ '**रोदसी**' આ વિશાળ દ્યૌ અને પૃથિવી, એ બેઉ તે દેવની જ પરિચર્યા કરી રહ્યાં છે, અહોનિશ તે દેવનું જ પૂજન કરી રહ્યાં છે! માટે ચાલો, આપણે પણ તે આપણા મહાન વિશ્વાનર દેવનાં ગીત ગાઇએ, આપણા સંપૂર્ણ જીવનદ્વારા તેને વંદન કરીએ.

શબ્દાર્થ

હે મનુષ્યો! (**वः**) તમે તે (**महे**) મહાન (**मन्दमानाय**) સદા સુખમય, આનંદમય (**अन्धसः**) સુખભોગને [આપનાર] (**विश्वाभुवे**) વિશ્વમાં સમાઇ રહેનાર, વિશ્વવ્યાપી (**विश्वानराय**) વિશ્વાનર દેવનું (**प्रअर्चा**) પૂજન કરો (**यस्य इन्द्रस्य**) જે ઈશ્વરનું (**सुमुखं**) સુપૂજિત (**सहः**) બળ ને તેજ (**महि**) મહાન છે અને જેના (**श्रवः**) યશ (**नृम्णं च**) અને બળનું (**रोदसी**) આ દ્યૌ ને પૃથિવી, બેઉ સંસાર (**सपर्यतः**) પૂજન કરી રહ્યાં છે, જેને વંદન કરી રહ્યાં છે,

२६ भाद्रपद

वाजस्य नु प्रसवे मातरं महीं अदितिं नाम वचसा करामहे ।
यस्यां इदं विश्वं भुवनमाविवेश, तस्यां नो देवःसविता धर्म सा विषत्
(यजु. १८-३०)

વિનય

પૃથ્વી માતા એ કોઇ કાલ્પનિક વસ્તુ નથી, એ તો 'રાજ્યવાન્ આત્મા' છે, રાષ્ટ્ર છે. પૃથ્વી માતા એટલે આખા રાષ્ટ્રનો, આખા દેશની ભૂમિનો, તેના ઉપર વસતી તમામ વ્યક્તિઓનો સામુહિક આત્મા છે અને રાષ્ટ્રશરીર એ તેનો દેહ છે. આપણી વચ્ચેના અનંત વ્યક્તિગત ભેદોને એક બાજુએ મૂકી દઇને જરાક વિશાળ દૃષ્ટિ કરીને જોઇએ, આખા દેશની ભૂમિને એક અ-ખંડિત (अ-दिति); સમષ્ટિના રૂપમાં જોઇએ તો તે વખતે આપણને 'अदिति' આપણી માતાનાં દર્શન થશે. તે વખતે આપણને માલૂમ પડશે કે, આખા દેશનાં તમામ મનુષ્યો, પશુઓ, વૃક્ષો વગેરે તમામ વ્યક્તિઓ–આખા દેશની કુલ સંપત્તિ, તમામ નાની મોટી વસ્તુઓ–એ બધાંજ અદિતિની અંદર સમાઇને રહેલાં છે. એક પણ ચીજ એનાથી બહારની નથી. એટલા માટે આપણને વ્યક્તિઓને આપણાં વૈયક્તિક સુખ-સંપત્તિ, તમામ 'वाज' અર્થાત્ અન્ન, જળ, બળ, જ્ઞાન ઈત્યાદિ વસ્તુઓ પણ, આપણને આ સમષ્ટિરૂપિણી એકાત્મા અદિતિ માતાની ઉપાસનાના ફળરૂપેજ મળી શકે છે; એ સિવાય આમાંનું કાંઈ મળી શકતુંજ નથી. માટે ચાલો, આપણે એ મહાન્ અદિતિ માતાનું મુખ આપણા તરફ ફેરવાવીએ, બધાજ એકકે અવાજે તેને આપણી માતા કહીને બોલાવીએ, પરસ્પર ચર્ચા અને પ્રચાર દ્વારા તે આપણી સૌની એક માતા છે, એ ભાવનાને આપણા મનમાં

જાગૃત કરીએ. આટલું કરીશું તોજ વૈયક્તિક બળ, જ્ઞાન વગેરે બાબતોમાં આપણે ઉન્નતિ કરી શકીશું. સર્વપ્રેરક પ્રભુ પણ તે સમષ્ટિરૂપ અદિતિમાંજ આપણી સૌની ધારણાને ઉત્પન્ન કરે, આપણને તે એવી સદ્બુદ્ધિ આપે કે જેથી આપણે બધાજ અદિતિને આપણી જનેતા માનતા થઇએ, વળી તેના પ્રતિ આપણા જે જે ધર્મો હોય તેમની પણ તે પ્રભુ આપણાં મનમાં પ્રેરણા કરતા રહે અને આખી સમષ્ટિની સાથે આપણા ઐક્યનું સદૈવ ભાન રાખતાં તેના તરફ આપણાં જે જે કર્તવ્યો અને ધર્મો ઉભા થતા જાય, તે બધાની પણ પ્રભુના તરફથી પ્રેરણા થતી રહે. જો પ્રભુ આપણામાં આપણા આ ધર્મની પ્રેરણા નહિ કરે અથવા આપણે કોઈ પણ કારણસર આ મહાન અદિતિ માતાની ઉપાસના નહિ કરીએ તો અન્ન, બળ, જ્ઞાન, સંપત્તિ–એમાંનું કાંઈ પણ આપણને મળશે નહિ. એટલા વાસ્તે હે સવિતઃ ! અમારી આ પૃથ્વી માતાના પ્રતિ અમારા જે જે ધર્મો હોય તે સઘળાની તમેજ હમેશાં પ્રેરણા કરતા રહેજો.

શબ્દાર્થ

(**अदितिं नाम**) અદિતિ નામની (**महीं मातरं**) મહાન પૃથ્વી માતાને (**वाजस्य प्रसवे नु**) અન્ન, બળ, જ્ઞાન આદિ સંપત્તિઓની ઉત્પત્તિને માટેજ આપણે (**वचसा**) વાણી દ્વારા (**करामहे**) અભિમુખ કરીએ છીએ, તેને આપણી માતા બનાવીએ છીએ, આપણી માતાનું સ્થાન આપીએ છીએ, (**यस्यां**) જે અદિતિમાં (**इदं विश्वं भुवनं**) આ બધી તમામ એકેએક વ્યક્તિઓ અને વસ્તુઓ (**आविवेश**) સમાઇ ગયેલી છે, (**तस्यां**) તેમાં, તેના પ્રતિ (**सविता देवः**) સર્વપ્રેરક પરમેશ્વર (**नः धर्मः**) આપણા ધર્મોની, આપણાં કર્તવ્યોની (**साविषत्**) સદા પ્રેરણા કરતા રહો.

२७ भाद्रपद

इमौ ते पक्षावजरौ पतत्रिणौ, याभ्यां रक्षांसि अपहंस्यग्ने ।
ताभ्यां पतेम सुकृतामु लोकं, यत्र ऋषयो जग्मुः प्रथमजाःपुराणाः
(यजु० १८-५२)

વિનય

હે અગ્ને ! હે આત્મન્ ! તું તારી બેઉ પાંખો વડે તમામ બાધાઓને-વિઘ્નોને ખસેડીને નિરંતર ગતિ કરતો જાય છે. તારામાં 'શવસ્' અને 'घृत'ની, બળ અને દીપ્તિની, કર્મ અને જ્ઞાનની., કાર્ય અને કારણની, સ્થૂળ અને સૂક્ષ્મની તથા દ્યૌ અને પૃથ્વીની બે વિભિન્ન શક્તિઓ મૂકી રાખેલી છે તે તારી બે અજર પાંખો છે, કદી પણ જે જીર્ણ થાય નહિ એવી એ તારી બે પાંખો છે, જે પતત્રવાળી છે-અર્થાત્ તને ઉંચે ચઢાવે, ઉંચે ઉડતો કરે એવી છે. તેમની મદદથી તું ઉડે છે, તારી તમામ બાધાઓને તથા વિઘ્નોને દૂર કરતો રહીને તું ઉંચે ઉડે છે, ઉન્નત થતો જાય છે. જેઓ ઉન્નતિને અટકાવનાર છે તેમનેજ 'रक्षस्' કહ્યા છે. એ તમામ રાક્ષસોને, વિઘ્નોને, અડચણોને, બંધનોને તું તારી બેઉ પાંખોની સમતોલ ક્રિયા દ્વારા અને સંમિલિત ચેષ્ટા દ્વારા કાપતો વીખેરતો આગળ ધપ્યો જાય છે. હે અગ્ને ! અમે પણ તારી આ દિવ્ય પાંખોની મદદ લઇને ઉડવા ઇચ્છીએ છીએ. અમે પણ અમારા જીવનમાં કર્મ અને જ્ઞાનની સમતોલતા સાચવતા રહીને એવી રીતે આગળ ધપીએ કે અમારી પ્રગતિમાં કદી કોઇ પ્રકારનું રોકાણ થાયજ નહિ. જ્યારે કોઇ વાર આપણે કોઇ પણ એક બાજુએ ઓછાવત્તાપણું કરીએ છીએ-અર્થાત જ્ઞાનમાં મગ્ન બની જઇને કર્મને છોડી દઇએ છીએ અથવા

જ્ઞાનને ભૂલીને એકલા કર્મ તરફ ખેંચાઇ જઇએ છીએ અથવા તો કોઈ વાર એ બેઉને આપણે પરસ્પર સંબદ્ધ નથી રાખી શકતા–અર્થાત્ કાં તો જ્ઞાનને અનુસરીને કર્મ નથી કરતા અથવા એક કર્મની આગળનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ તે નથી કરતા, ત્યારે આપણી પ્રગતિમાં અડચણ આવીને ઉભી રહે છે, ત્યારેજ રાક્ષસો જીતી જાય છે. એટલા માટે હે અગ્ને! એ તમારી દિવ્ય અજર અને પતત્રી પાંખો જો અમને મળી જાય તોજ અમે વગર અડચણે ઉન્નત થઇ શકીએ અને છેવટે એવા લોકમાં જઇને ઉભા રહીએ કે જ્યાં ઉત્તમ કર્મ અને ઉત્તમ જ્ઞાન પોતપોતાની પરાકાષ્ઠાએ પહોંચી ગયાં હોય; એવા ‘**सुकृतां लोक**’માં શ્રેષ્ઠ કર્મ કરનારા પુરુષોના લોકમાં અમે જઇ પહોંચીએ કે જ્યાં પ્રાચીન સમયના પ્રખ્યાત મહાજ્ઞાનીઓ પ્રયત્ન કરીને આખરે પહોંચ્યા હતા.

શબ્દાર્થ

(**अग्ने**) હે અગ્ને ! (**ते**) તારા (**इमौ**) આ (**अजरौ**) અજર (**पतत्रिणौ**) ઉંચે ઉડાવનારા (**पक्षौ**) બે પક્ષ છે, બે પાંખો છે (**याभ्यां**) જેમના વડે તું (**रक्षांसि**) રાક્ષસોને (**अपहंसि**) હઠાવે છે, મારીને નસાડી મૂકે છે, (**ताभ्यां**) તે પાંખો વડે (**उ**)જ અમે પણ (**सुकृतां लोकं**) ઉત્તમ કર્મવાળાઓના લોકમાં (**यत्र**) જ્યાં (**प्रथमजाः**) અમારા પહેલાં જન્મેલા (**पुराणाः**) પ્રાચીન (**ऋषयः**) જ્ઞાનીઓ (**जग्मुः**) પહોંચ્યા હતા ત્યાં (**पतेम**) અમે પણ ઉડી જઇએ, ઉન્નતિ કરતા કરતા જઇ પહોંચીએ.

२८ भाद्रपद

यदाकूतात् समसुस्रोत् हृदो वा मनसो वा संभृतं चक्षुषो वा।
तदनुप्रेत सुकृतामु लोकं यत्र ऋषयो जग्मुः प्रथमजाः पुराणाः॥
(यजु० १८-५८)

વિનય

એ લોકમાં ઉડી જવાનો, ત્યાં જઇ પહોંચવાનો રસ્તો ખૂબ સહજ ત્યારેજ થઇ શકે છે કે જ્યારે કોઇ પણ રીતે આપણી વૈયક્તિક પ્રકૃતિનો ઝોક તે તરફ થઇ જાય, આપણી પ્રવૃત્તિનું વહેણ તે તરફ વહેવા માંડે. હઠયોગની પરિભાષામાં કહીએ તો કોઇ પણ રીતે આપણી કુંડલિની શક્તિનું જાગરણ થઇ ગયું હોય. કારણ કે ઉપર કહી તેવી અવસ્થા થાય ત્યારેજ આપણા ઉપર વરસતી ઈશ્વરીય શક્તિને ધારણ કરવાની યોગ્યતા આપણામાં ઉત્પન્ન થાય છે. પછી તો ઈશ્વરીય શક્તિનું એક બિન્દુ મળી જાય તો તે પણ આપણે માટે તો પૂરતું થઈ પડે છે. એવા એકજ શક્તિબિંદુને ગ્રહણ કરીને આપણી વૈયક્તિક પ્રકૃતિ(શક્તિ) પોતાનું કામ કરવા મંડી જાય છે અને આપણા ધ્યેય સુધી બહુજ સહેલાઇથી પહોંચાડી દે છે. પ્રભુની દયા થઇ જાય તો આ શક્તિબિન્દુ આપણા 'आकूत'માંથી—આત્મિક ઇક્ષણ અથવા આત્મિક સંકલ્પમાંથી—ઝમે છે, ટપકે છે. આ શક્તિબિન્દુનું પતન કાં તો પોતાના આત્માના આકૂતમાંથી અથવા તો જેમ ઘણા દાખલામાં બને છે તેમ કોઈ બીજા બળવાન મહાન આત્મા (ગુરુ)ના આકૂતમાંથી થાય છે. આ શક્તિનો ઝરો આકૂતમાંથી નીકળીને ગુરુના હૃદય દ્વારા અથવા મન દ્વારા અથવા તેનાં નેત્રો દ્વારા બહાર પ્રકટ થાય છે. આ શક્તિને ગુરુ કાં તો પોતાના હૃદયમાંથી શિષ્યના હૃદયમાં રેડે છે અથવા તો પોતાના મનમાંથી

શિષ્યના મનમાં દાખલ કરે છે. કોઈ વાર વળી પોતાની આંખોમાંથી શિષ્યની આંખોમાં પણ તેનો સંચાર કરે છે. ઋષિઓ કહી ગયા છે કે, સુષુપ્તિ અવસ્થામાં આત્માનો નિવાસ હૃદયની અંદર હોય છે એ તો જેમ હોય તેમ, પણ પરમ ગુરુ પરમેશ્વરની કૃપા પ્રાપ્ત થયાથી 'આકૂત' દ્વારા નાના પ્રકારે શક્તિનો વિનિપાત થયા કરે છે અને અધિકારી આત્મા (શિષ્ય) તેને પોતાનામાં સારી રીતે ધારણ કરીને તેની બરાબર જમાવટ કરી લે છે. ભગવાનનો આવો આશીર્વાદ જેને પ્રાપ્ત થયો હોય તેવા પુરુષને ધન્ય છે! મારા ભાઈઓ ! જો તમારામાંથી કોઇનામાં કદી ઉપર કહી તે શક્તિનો નિપાત થયો હોય અને તમે તેને ધારણ કરીને તેની સારી રીતે જમાવટ કરી લીધી હોય તો બસ, તમે તેને લઇને હવે આગળ કૂચ કરવા માંડો, મનમાં જરા પણ શંકા રાખ્યા વગર આગળ ધપવા માંડો. એટલું કરશો તો તમને ચોખ્ખો સીધો અને વિશાળ રાજમાર્ગ મળી જશે; અને તમે નિશ્ચયપૂર્વક તમારા અભિષ્ટ લોકમાં જઈ પહોંચશો. જે સુકૃતિવાન આત્માઓનો લોક છે, જ્યાં શ્રેષ્ઠ કર્મ કરનારાઓ નિવાસ કરે છે, જ્યાં તમારી અગાઉ જન્મેલા પ્રાચીન જ્ઞાનીઓ ઋષિઓ જઇ પહોંચ્યા છે ત્યાં તમે પણ જઇને બેસી જશો.

શબ્દાર્થ

(यत्) જે શકિતબિંદુ **(आकूतात्)** આત્મિક ઈક્ષણમાંથી આત્મિક સંકલ્પમાંથી **(सं असुस्रोत्)** સારી રીતે ટપકે છે, વિનિપાત થાય છે' અને **(हृदः वा)** કાં તો હૃદયમાંથી, બુદ્ધિમાંથી **(मनसः वा)** અથવા મનમાંથી **(चक्षुषः वा)** અથવા આંખ (આદિ ઇન્દ્રિય)માંથી ટપકે છે તેને **(सं भृतं)** જો તમે સારી રીતે ધારણ કરી લીધી હશે તો તમે **(तत् उ)** તેનેજ લઇને **(अनुप्रेत)** ચાલવા માંડો, પાછળ પાછળ જવા માંડો; આ રીતે તમે **(सुकृतां लोकं)** તે શ્રેષ્ઠ કર્મ કરનારાઓના લોકમાં જઈ પહોંચશો કે **(यत्र)** જ્યાં, જે લોકમાં **(प्रथमजाः)** તમારા પહેલાં જન્મેલા **(पुराणाः)** પ્રાચીન **(ऋषयः)** ઋષિઓ **(जग्मुः)** જઇ પહોંચ્યા છે.

२९ भाद्रपद

प्रजापते रावृतो ब्रह्मणा वर्मणाहं कश्यपस्य ज्योतिषा वर्चसा च।
जरदष्टिः कृतवीर्यो विहायाः सहस्रायुः सुकृतश्चरेयम् ॥
(अथर्व. १७-१-२७)

વિનય

હે પ્રભો! મારા મનમાં એવી એક મહત્ત્વાકાંક્ષા છે કે હું પુણ્ય કર્મ કરતો રહીને હજાર વર્ષ પર્યંત જીવનને ધારણ કરૂં. આવું દિવ્ય જીવન વ્યતીક કરનારા સિદ્ધ પુરુષો સંસારમાં અવાર નવાર પ્રકટ થયા કરે છે. હું ઇચ્છું છું કે, હું પણ તેમના જેવોજ વિભૂતિસંપન્ન બની જાઉં. મારો અમર આત્મા પોતાના અમરત્વની અસર લગભગ મારા સ્થૂળ શરીર સુધી પહોંચાડી દેશે. સાધારણ કોટિના લોકોની હાલત તો એવી હોય છે કે તેમના આત્માની અને મનની તેમનાં શરીર ઉપર અસર થતી નથી; ઊલટું તેમનાં શરીરની અસર તેમના મન અને આત્મા ઉપર થયા કરે છે. આ કારણને લીધે તેમને આ સ્થૂળ અને ભૌતિક સંસારના વૃદ્ધિ, ક્ષય આદિ નિયમોને વશીભૂત થવું પડે છે અને એથીજ તેમને ઝટ ઝટ પોતાના સ્થૂળ શરીરરૂપી વસ્ત્ર બદલવાં પડે છે. પણ હું તો મારી જાતને એવાં દિવ્ય કવચો વડે સુરક્ષિત બનાવી દઇશ કે મારા આત્માનોજ પ્રભાવ આ મારા સ્થૂળ શરીરના ઉપર અને સ્થૂળ જગતના ઉપર વગર અડચણે પડતોજ રહેશે. હું મારા આત્માને, મારા કારણશરીરને **'प्रजापति'**ના **'ब्रह्म'** વડે અથવા ઈશ્વરની પ્રાજ્ઞાવસ્થારૂપી કવચ વડે ઢાંકી દઇશ અને મારાં બુદ્ધિ તેમજ મન વગેરે સૂક્ષ્મશરીરને **'कश्यप'**ના સર્વદર્શક હિરણ્યગર્ભના તેજ વડે ઢાંકી દઇશ અને મારા પ્રાણ શરીરને તેના વર્ચસ વડે, તેના પ્રાણમય તેજ વડે

ઢાંકી દઈશ. વળી મારા આત્મિક વીર્યનું તેમજ મારા માનસિક તથા શારીરિક વીર્યનું પણ હું ખૂબ યત્નપૂર્વક રક્ષણ કરીને તેનો મારામાં સંચય કરતો રહીશ. આથી કરીને હું એક હજાર વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવતો રહીશ તોપણ મારી આટલી લાંબી વૃદ્ધાવસ્થા થતા સુધી પણ હું સર્વ પ્રકારે સમર્થજ રહીશ. સર્વત્ર ગમન કરવાની સિદ્ધિઓ પણ મને પ્રાપ્ત થઇ હશે અને એક હજાર વર્ષ સુધી હયાત રહીને હું હમેશાં સર્વનું કલ્યાણજ કરતો રહીશ, સર્વદા સુકૃત કર્મ કરવામાંજ મારૂં જીવન વ્યતીત કરીશ. હે જગદીશ્વર ! મારી આ મહત્ત્વાકાંક્ષાને પૂર્ણ કરો !

શબ્દાર્થ

(प्रजापतेः) પ્રજાપાલક ઈશ્વરના **(ब्रह्मणा)** મહાન જ્ઞાનરૂપી 'પ્રાજ્ઞતારૂપી' (**वर्मणा**) કવચ વડે (**आवृतः**) ઢંકાયેલો અને **(कश्यपस्य)** મહાસૂર્ય 'હિરણ્યગર્ભ'ના (**ज्योतिषा**) પ્રકાશ વડે **(वर्चसा)** તથા તેજ વડે ઢંકાયેલો હું **(जरदष्टिः)** લાંબી વૃદ્ધાવસ્થામાં પણ તમામ કર્મ કરવાના સામર્થ્યવાળો, **(कृतवीर्यः)** સર્વ પ્રકારે વીર્યનો જેણે સંચય કર્યો છે એવો (**विहायाः**) વિવિધ દિશામાં ગમન કરવાની સિદ્ધિવાળો **(सहस्रायुः)** એક હજાર વર્ષની ઉંમરવાળો બનીને, સુકૃત કર્મ કરતો રહીને (**चरेयम्**) વિચરતો રહુ, જીવિત રહું.

३० भाद्रपद

स पर्यगात् शुक्रमकायमव्रणं, अस्नाविरं शुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतो-
ऽर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥ (यजु० ४-८)

વિનય

એ પરમેશ્વર તો સર્વત્ર ફેલાએલા છે, વ્યાપી રહેલા છે. તે તો પોતાના દેદીપ્યમાન શુક્ર (તેજસ્વી) રૂપમાં, તમામ પ્રકારનાં શરીરોથી રહિત બનીને અને તેથી કરીને વ્રણાદિ દોષોથી તથા સ્નાયુ આદિ બંધનોથી રહિત થઇને સર્વથા શુદ્ધ, સૂક્ષ્મ મલનાં પાપોથી પણ ત્રણે કાળમાં સર્વથા રહિત અને સદા સર્વદા મુક્તરૂપ બનીને સર્વત્ર ફેલાઇ રહ્યો છે, સર્વત્ર રમી રહ્યો છે. વળી તે સર્વવ્યાપક અને સર્વગત બનીને આખા જગતને ચલાવી રહ્યો છે અને તેની જેવી જોઇએ તેવી પરિપૂર્ણ અને ખામી વગરની વ્યવસ્થા કરતો રહે છે. શાશ્વત કાળથી પોતાની સનાતન પ્રજાને માટે, પ્રાણી માત્રને માટે તે તમામ પ્રકારના અર્થોને રચતો જ રહ્યો છે. જ્ઞાન, ઐશ્વર્ય, કર્મભોગ આદિ તમામ પદાર્થોને તે યથાવત્ પરિપૂર્ણ ન્યાયયુક્ત રીતે સૌને બરાબર આપ્યા કરે છે અને એ પ્રમાણે તે શાશ્વત કાળ સુધી આપતો રહેશે. કારણ કે તે ક્રાન્તદર્શી છે, કવિ છે, સૌના મનને જાણનારો અને પ્રેરણા કરનારો તે મનીષી છે, સૌ વસ્તુઓનો પરિભવ કરનાર સર્વત્ર સૌથી ઉંચો પરિભૂ છે અને તે પોતે પોતાની મેળેજ વિદ્યમાન, સ્વાધાર, આત્માશ્રય, અજન્મા અને સ્વયંભૂ છે. આપણા પરમ ઈશ્વરનું આવું સ્વરૂપ છે. હે મનુષ્યો ! એ સ્વરૂપને તમે તમારાં

હૃદયમાં ધારણ કરો, તેનું એવું ધ્યાન કરો કે તે તમારાં અંતઃકરણોમાં રમી રહે.

શબ્દાર્થ

(सः) તે પરમેશ્વર **(शुक्रं)** દીપ્યમાન, તેજસ્વીરૂપે **(अकायं)** શરીર રહિત થઇને **(अव्रणं अस्नाविरं)** વ્રણરહિત અને સ્નાયુરહિત થઇને **(शुद्धं)** સર્વથા શુદ્ધ અને **(अपापविद्धम्)** પાપથી પણ સર્વથા મુક્ત રહીને **(परि अगात्)** સર્વત્ર ફેલાઇ રહ્યો છે, સર્વત્ર વ્યાપી રહ્યો છે. તે **(कविः)** ક્રાન્તદર્શી છે **(मनीषी)** સૌનાં મનનો સ્વામી છે **(परिभूः)** સૌનો પરિભવ કરનાર સૌથી ઊંચો અને **(स्वयंभूः)** પોતે પોતાની મેળેજ વિદ્યમાન અજન્મા પરમેશ્વર **(शाश्वतीभ्यः समाभ्यः)** પોતાની સનાતન પ્રજાઓને માટે [શાશ્વત કાળથી] **(अर्थान्)** તમામ અર્થોને [વેદજ્ઞાન, ઐશ્વર્ય, કર્મફળ આદિ તમામ પદાર્થોને] જેવી જોઇએ તેવી રીતે, યથાવત્ પૂર્ણ ન્યાયયુક્ત રીતે **(व्यदधात्)** વિધાન કરે છે, રચે છે, આપે છે.

३१ भाद्रपद

आ रुद्रास इन्द्रवन्तः सजोषसो हिरण्यरथाः सुविताय गन्तन ।
इयं वो अस्मत् प्रतिहर्यते मतिः, तृष्णजे न दिव उत्सा उदन्यवे ॥
(ऋ० ४-३-२१)

વિનય

હે પ્રાણો ! તમે ઇન્દ્રવન્ત છો. આત્મશક્તિ તથા આત્મૈશ્વર્ય એ બે તમારી સાથે ને સાથેજ રહે છે. શરીર પ્રાણથી જેટલું ભરપૂર રહેશે તેટલીજ તેની અંદર આત્મશક્તિ પણ જાગૃત થતી રહેશે. અને તમે સૌ મળીને શરીરનું સેવન કરો છો, પ્રાણ અપાન આદિરૂપે તમે શરીરનાં જુદાં જુદાં અંગોમાં વહેંચાઇ જઇને આખા શરીરને તમે સંમિલિતરૂપે ધારણ કરો છો, એટલા વાસ્તેજ તમારી વૃદ્ધિની સાથે સાથે અમારી સર્વાંગીણ ઉન્નતિ થાય છે. વળી અમે એ પણ જાણીએ છીએ કે, તમારૂં રંહણ (સંચાર) હિતકર અને રમણીય પણ છે. સંસારમાં ઘણી ખરી હિતકારક વસ્તુઓ આનન્દદાયક નથી હોતી, પણ તમારા પ્રવેશથી જ્યાં જ્યાં ભારે હિત થાય છે, ત્યાં ત્યાં તમારા સંચારથી શરીરની અંદર આનંદનો પણ અનુભવ થતો રહે છે. શરીરમાં પ્રાણોના વધવાથી એક પ્રકારની શક્તિનો, યૌવનનો, ઉત્સાહનો એક હિતકારી નશો આવતો લાગે છે અને તેનાથી જે આનંદ અને ખુમારીનો અનુભવ થાય છે તેને તો પ્રાણની સાધના કરનારા જ જાણી શકે છે. એટલા માટે હે પ્રાણો ! મારૂં શરીર તમને ચાહે છે, તમને માગે છે. મને જ્યારથી તમારા આવા માહાત્મ્યની કાંઇક જાણ થઈ ગઇ છે અને કાંઇક કાંઇક અનુભવ પણ મળ્યો છે, ત્યારથી મારૂં લક્ષ તો બીજી બધી બાબતોમાંથી ખસીને એકજ વિષયમાં ચોંટયું છે કે મારા શરીરની અંદર પ્રાણોનું આગમન, પ્રાણોનું પૂરણ ક્યારે થાય ! તે ક્ષણથી મારી

મતિ, મારી કામના તમારા તરફજ દોડી રહી છે. હું જોઇ શકું છું કે, શરીરની અંદર તમારૂં આગમન થયા વિના મારૂં '**सुवित**', મારી ઉત્તમ ગતિ નથી જ થઇ શકતી. હું એ પણ જોઈ રહ્યો છું કે, શરીરમાં તમારો અભાવ થવાથી–પ્રાણની સાધના દ્વારા શરીરમાં તમારૂં પૂરણ ન થવાથી મને ભારે નુકસાન થાય છે. એટલા માટે હે પ્રાણ દેવો ! મને હવે તમારી પ્રાપ્તિ કરવાની લગની લાગી છે. ચાતક પક્ષીને જેમ આકાશમાંથી આવતી દિવ્ય ધારાઓની તરસ લાગે છે, અથવા ઉનાળાના દહાડામાં તરસથી પીડાતો માણસ જેમ 'પાણી' 'પાણી'* એવો પોકાર કર્યા કરે છે, તેવીજ રીતે હું તમારે માટે તલસું છું, મારા શરીરમાં તમારૂં આપૂરણ નહિ થાય ત્યાં સુધી મને જરા પણ ચેન નથી પડવાનું. એટલા માટે હે પ્રાણરૂપી દિવ્ય જળો ! મારા ઉત્તમ કલ્યાણને માટે તમે આવો અને મારી તરસને શાંત કરો. તમારા આગમનને માટે આ શરદ્ ઋતુ ઘણીજ અનુકૂળ છે, માટે આ ઋતુમાં તો તમે આવો, અવશ્ય આવો.

શબ્દાર્થ

(**रुद्रासः**) હે પ્રાણો ! (**इन्द्रवन्तः**) આત્મૈશ્વર્ય યુક્ત (**सजोषसः**) સાથે મળીને સેવન કરનારા (**हिरण्यरथाः**) હિતમય અને રમણીય રંહણવાળા તમે (**सवितायं**) અમારી ઉત્તમ ગતિને માટે (**आ गन्तन**) આવો, અમારામાં આવો, પ્રવેશ કરો. (**इयं**) આ (**अस्मत्**) મારી (**मतिः**) મતિ, ઇચ્છા (**वः**) તમને (**प्रति हर्यते**) ચાહે છે, તમારી કામના કરે છે. માટે (**तृष्णजे न उदन्यवे**) જેમ તરસ્યા ચાતકને માટે (**दिवः उत्साः**) આકાશમાંથી વર્ષાની ધારા આવે છે, તેવી રીતે તમને પ્રાપ્ત કરવાને માટે તરસ્યા બનેલા મારા (શરીર) માં તમે આવી જાઓ.

---

* '**आपोमयः प्राणः**' અર્થાત્ પ્રાણ જળમય છે.
(છાન્દોગ્ય ઉપનિષદ્ ૬–૫–૪.) —**મૂળલેખક**

ધ્યાન રાખો

अनागो-हत्या वै भीमा

(अथर्व. १०-१-२९)

નિરપરાધીની હિંસા કરવી મહાભયંકર છે,
નિઃસંદેહ મહાભયંકરજ છે.

शरद् ऋतु

(અનુષ્ટુપ્ છંદ)

શરદ્ની ઋતુચર્યા

લક્ષણ—વર્ષાઋતુ પૂરી થઈ ગયા પછી આકાશ મેઘમુક્ત અને નિર્મળ થઇ જાય ત્યારે વર્ષા અને ઠંડી (હેમન્ત) ઋતુની વચ્ચેના ગાળામાં આવનારી, બેઉ ઋતુઓનો યોગ કરાવનારી, વચ્ચેની ઋતુ તે શરદ્ ઋતુ કહેવાય છે. આશ્વિન અને કાર્તિક, એ બે મહિના આ ઋતુના મનાય છે.

મહિમા—આ વસન્ત ઋતુની તુલનામાં ઉભી રહે એવી અને એના સમાન છે. વસન્ત ઋતુ વડે ગરમીનો છ મહિનાનો કાળ શરૂ થાય છે ત્યારે શરદ્વડે ઠંડીનો છ મહિનાના કાળનો પ્રારંભ થાય છે. માટે વસન્તની માફક આ ઋતુમાં પણ અત્યંત ગરમી તેમજ અત્યંત ઠંડી નથી હોતાં. મોસમ પણ ઘણી સુંદર અને સુખદ હોય છે. મીઠી મધુરી ગુલાબી ઠંડી પડવા માંડે છે. વસંતઋતુમાં જેમ તમામ વૃક્ષ વનસ્પતિઓ નવપલ્લવિત અને નવપુષ્પિત થાય છે, તેવી રીતે શરદ્ ઋતુમાં એજ વૃક્ષ–વેલીઓ પરિપક્વ થાય છે, સૌને ફળ આવે છે અને એ રીતે તેઓની પાકી અવસ્થા થઇ જાય છે. વસન્તમાં કફ પ્રકુપિત થાય છે, ત્યારે શરદ્માં પિત્ત પ્રકુપિત થાય છે. હઠયોગીઓ આ ઠંડી છમાસીના પ્રારંભમાં પણ નેતિ, ધૌતિ આદિ ષટ્કર્મો દ્વારા શરીરની શુદ્ધિ કરતા રહે છે, ખાસ કરીને શરીરમાં પિત્તની વૃદ્ધિ ન થાય તેવા ઉપાય લે છે. વસન્તમાં જેમ કફનું નિવારણ કરવું જરૂરનું છે, તેમ શરદ્માં પિત્તનું નિવારણ કરવું તેટલુંજ જરૂરનું છે. વળી પ્રાણાયામાદિ વિષયના અભ્યાસને સારૂ આ ઋતુ પણ વસન્તના જેટલીજ ઉત્તમ કહેવાંય છે. પ્રાણાયામની શરૂઆત તથા પ્રાણોત્થાન કરવાનો અભ્યાસ આ ઋતુમાં કરવાથી ઘણો લાભ થાય છે.

વર્ષા ઋતુના ઉપદ્રવો શમી જવાથી આ ઋતુને લોકો ઘણા ઉત્સાહપૂર્વક વધાવી લે છે. પ્રાચીન કાળમાં પ્રવાસીઓ આ ઋતુ બેસતાંજ પોતાના પ્રવાસનો આરંભ કરતા અને રાજાઓ યુદ્ધયાત્રા વગેરે કાર્યોનો આરંભ પણ આજ ઋતુના પ્રારંભથી કરતા. વર્ષા ઋતુના ભેજને લીધે કટાઇ ગએલાં હથિયાર–ઓજાર વગેરેને સાફ કરવામાટે તથા ઘરબાર અને બીજી વસ્તુઓને ધોઇને ઠીકઠાક કરવામાટે તથા શણગારવા

માટે આજ ઋતુને લોકો પસંદ કરતા. આપણા દેશના દશેરા તથા દીવાળીના તહેવારો પણ આજ ઋતુમાં આવે છે.

ગુણ—શરદ્ ઋતુ ઉષ્ણ, પિત્તકારક તથા મનુષ્યોમાં બળને ઉત્પન્ન કરે છે. આ ઋતુમાં જઠરાગ્નિ તથા બળ મધ્યમ અવસ્થામાં રહે છે.

પથ્યાપથ્ય—વર્ષામાં કુપિત થનાર વાયુ શરદ્ ઋતુના બેસવાથી શાન્ત થાય છે તો ખરો, પણ વર્ષા ઋતુનાં પાણી તથા વનસ્પતિના વપરાશને લીધે શરીરમાં એકઠું થએલું પિત્ત આ ઋતુ બેસતાં પ્રકુપિત થવા લાગે છે. એટલે આ ઋતુમાં પિત્તનિવારક ઉપાયો અજમાવવા જોઇએ. આ ઋતુમાં તડકામાં ફરવું પણ સારૂં નથી. તેનાથી પિત્તનો પ્રકોપ થવાનો સંભવ રહે છે. વળી સારી પેઠે ટાઢ ન પડવા માંડે ત્યાંસુધી આહાર પણ અલ્પ પ્રમાણમાં લેવાની કાળજી રાખવી જોઇએ. પિત્ત પ્રકુપિત થતાં તેમાંથી વિષમ જ્વર (મેલેરિયા) ની ઉત્પત્તિ આ ઋતુમાં થાય છે. એટલા માટે લીંબુનો રસ, તુલસીનાં પાંદડાંની ચાહ વગેરેનું સેવન કરવું જોઇએ. શરીરમાંથી પિત્ત કાઢી નાખવા માટે મધની સાથે આમળાંનું ચૂર્ણ તથા કરીઆતું અને એવા બીજા કડવા પદાર્થોનો ઉકાળો એવાં તેવાં પિત્તવિરેચનો પણ લેવાં. પિત્તવિરેચનને માટે આ ઋતુ સારામાં સારી છે. પિત્તકારક ખાદ્ય પદાર્થો-અર્થાત્ ખાટી, તીક્ષ્ણ અને ગરમ વસ્તુઓ જેમકે મરચાં, મસાલા, તેલ, દહીં વગેરેથી બને તેટલા વેગળા રહેવું જોઇએ. મધુર, તૂરા અને કડવા રસ જે પિત્તનો નાશ કરે છે તેમનું સેવન કરવું તથા હલકા અને શીતળ પદાર્થો ખાવા. ઘી અને સાઠીચોખા ખાસ ફાયદાકારક છે. દૂધ, ઘઉં, જવ, મગ, શેરડી, સાકર, કપૂર ઇત્યાદિ પદાર્થો તથા જળાશય અને ચાંદની, એ બધા પદાર્થોનું સેવન આ ઋતુમાં હિતકર છે.

અતિ પરિશ્રમકારક વ્યાયામ અને દિવસના ઉંઘવાની ટેવ એ બેનો આ ઋતુમાં ત્યાગ કરવો જોઇએ.

હિન્દી કહેવત મુજબ આશ્વિનમાં કારેલાં અને કાર્તિકમાં દહીં ન ખાવું.

आश्विन मास

आश्विन मास (कन्या राशि) माटे

प्राणदायक व्यायाम

મૂત્રાશય (કિડની) તથા કેડના અવયવોને સ્વસ્થ રાખનારી કસરત

અગાઉ બતાવેલી રીતે ઉભા રહો. હાથને નીચે લટકતા રાખો અને હથેળીઓ ઉઘાડી રાખો. પગની માંસપેશીઓને ખૂબ તંગ કરો. આ આખી કસરત કરતા સુધી પગ જરા પણ ઢીલા ન રહે. બેઉ હાથને સામેની બાજુએ લઇ જવા અને માથા ઉપર જેટલે આઘે જઇ શકે તેટલા આઘા લઇ જવા. આ સ્થિતિમાં બેઉ હાથની વચમાં માથું આવી જાય ત્યારે શરીરના ઉપરના ભાગને નીચો નમાવવો અને હાથની આંગળીઓ પગના અંગૂઠાને અડકે તેટલા નીચા વળવું. પછી પહેલાંની સ્થિતિમાં આવી જવું, માંસપેશીઓને શિથિલ કરવી અને થોડી ક્ષણ પછી બીજી વાર ઉપર પ્રમાણે કસરત કરવી. જ્યારે હાથ માથાની ઉપર જતા હોય તેટલા વખતમાં એક પૂર્ણ દીર્ઘ શ્વાસ લેવો અને હાથ–પગ તરફ વળતા હોય તેટલા વખતમાં શ્વાસને બહાર કાઢી નાખવો.

આ કસરત કરતી વખતે મનને મૂત્રાશય અને કેડના ભાગ ઉપર સ્થિર કરવું અને પોતાના દીર્ઘ શ્વાસની સાથે આ અંગોને જીવન અને બળ મળે છે એવા ચિત્રને કલ્પીને તેનું ધ્યાન કરતા રહેવું અને એવી મતલબના શબ્દોનું પણ મનથી ઉચ્ચારણ કરતા જવું; જેમકે, મારા મૂત્રાશય વગેરે અવયવો પોતપોતાનાં કામ બરાબર કરી રહ્યા છે.

આ અવયવોને ચૈત્ર, આષાઢ અને પૌષ માસની કસરતો પણ ગૌણ રીતે લાભ કરે છે.

१ आश्विन

उद्वयं तमसस्परि ज्योतिष्पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यं अगन्म ज्योतिरुत्तमम् ॥
(ऋ. १-५०-१० । अथर्व. ७-५-५३)

વિનય

અમારે તો ઉંચે ને ઉંચે, વધારે ને વધારે પ્રકાશમય પ્રદેશમાં ચઢતા જવાનું છે. આ અંધકારમય અવસ્થામાંથી બહાર નીકળીને પરમ જ્યોતિ સુધી પહોંચી જવાનું છે. અમને અમારી અત્યારની અંધકારમય અવસ્થાનું ભાન થતું નથી; કારણ કે અમે આજ સુધીમાં એના સિવાયની બીજી કોઈ ઉચ્ચતર અવસ્થાનો અનુભવ લીધો નથી, આના કરતાં કોઇ વિશેષ પ્રકાશની અમને જાણ સરખી પણ થઇ નથી. વધારે નહિ તો ઓછામાં ઓછું અહીંના કરતાં એકજ ડગલું આગળની સ્થિતિનું અમને ભાન થાય, ત્યાંનોજ પ્રકાશ અમે જોતા થઇએ તો અમારાથી બીજું કાંઇ વિશેષ ન થાય તો પણ અત્યારની અંધકારમય અવસ્થામાંથી બહાર નીકળી નાસવાને માટે અમારા જીવને જરૂર તાલાવેલી થવા માંડે. સૌથી આગ્રેના પ્રકાશ સુધી તો અમે અલબત્ત ધીમે ધીમેજ પહોંચી શકીશું. અમારી આંખો તે પરમ જ્યોતિનાં કિરણને આજે ને આજે તો સહન પણ કરી ન શકે. આંખોને અંજાવી નાખે એવો તે મહાપ્રકાશ જો અત્યારે અમારી નજર આગળ આવીને ઉભો રહે તો તેને ઝીલવાને અણટેવાયલી અમારી આંખે કાં તો અંધાપો આવી જાય અથવા કદાચ અમારૂં મગજ



उद्वयं तमसस्परि ज्योतिष्पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यं अगन्म ज्योतिरुत्तमम् ॥

પણ ખસી જાય. એટલા માટે અમારે તો એક પછી એક પગથીઆં અનુક્રમે ચઢતા જઇને વધારે ને વધારે ઉજ્જવળ પ્રકાશને ઝીલતાં ઝીલતાંજ આગળ વધવાનું છે. પ્રથમ તો તામસિક દશામાંથી બહાર નીકળીને રાજસિક અવસ્થાઓમાંથી પસાર થઇને આખરે સત્વના પ્રકાશમાં દાખલ થવાનું છે. આ જડવાદ (નાસ્તિકતા) અને ભોગવાદના અંધકારમાંથી બહાર નીકળીને, જરાક વધારે ઉંચે ચઢીને દેવવાદ અને યજ્ઞવાદના વિવિધ પ્રકાશોને ઝીલતા ઝીલતા આખરે અમે એવા સર્વોચ્ચ પ્રકાશ સુધી જઈ પહોંચીશું, કે જ્યાં એકેશ્વરવાદનું અને સર્વોદયવાદનું અખંડ રાજ્ય પ્રવર્તે છે. જડતા અને સ્થૂળતાના પાર્થિવ અંધકારમાંથી ઉંચે ચઢીને સૂર્યનાં કિરણો વડે પ્રકાશિત થયેલા સૂક્ષ્મતર વિસ્તૃત અંતરિક્ષમાં વિહાર કરતા કરતા અમે આખરે એક એવા સૂર્યને પ્રાપ્ત કરીશું કે જેનાં જ્યોતિર્મય કિરણોમાંથી બીજા તમામ લોકો પ્રકાશ પામી રહ્યા છે. હે પ્રભો ! અમારા ઉપર એટલી કૃપા કરો કે અમે આ અંધકારમય પ્રકૃતિને વશ પડી રહેવાની અમારી આજની અવસ્થામાંથી બહાર નીકળીએ, નાના પ્રકારના દેવતાઓનાં અમને દર્શન કરાવી શકે એવા અમારા પોતાના આત્મિક પ્રકાશને વિવિધ પ્રકારે જોતા જોતા આખરે તમારા પેલા પરમ જ્યોતિને પામીએ, જેમાં તમે પોતેજ તમામ દેવોના દેવ અને તમામ બ્રહ્માંડોના પ્રેરક સૂર્ય બનીને તમારાં અનંત અપાર અખંડ પ્રકાશની અંદર સદૈવ દેદીપ્યમાન બની રહ્યા છો, સદાકાળ ઝગમગી રહ્યા છો.

શબ્દાર્થ

(वयं) અમે **(तमसः परि)** અંધકારથી ઉપર **(उत्)** ઉંચે ચઢીને **(उत्तरं ज्योतिः)** વધારે વધારે ઉંચા ઉંચા પ્રકાશને **(पश्यन्तः)** જોતા જોતા તે **(देवत्रा देवं)** તમામ દેવોના દેવ, તમામ પ્રકાશોના પ્રકાશક **(सूर्य)** સર્વપ્રેરક મહાસૂર્યના **(उत्तमं ज्योतिः)** તે સૌથી ઉત્તમમાં ઉત્તમ અને ઉંચામાં ઉંચા જ્યોતિને **(अगन्म)** પ્રાપ્ત કરીએ.

२ आश्विन

द्वाविमौ वातौ वात आ सिन्धोरा परावतः ।
दक्षं ते अन्य आ वातु परान्यो वातु यद्रपः ॥
(ऋ० १०-१३७-२)

વિનય

હે મનુષ્ય! તારામાં બે પ્રકારના વાયુ કાર્ય કરી રહ્યા છે. તારા શરીરમાં શ્વાસ અને પ્રશ્વાસના રૂપમાં પ્રાણની બે પ્રકારની ગતિ ચાલી રહી છે. તારા શ્વાસ દ્વારા બહારનો શુદ્ધ વાયુ તારી અંદર જે સિન્ધુ છે, તારૂં સ્પન્દનશીલ-ધડકતું હૃદય છે તેના સુધી પહોંચી જાય છે અને જ્યારે તું તારો પ્રશ્વાસ બહાર કાઢે છે ત્યારે તારી અંદરનો દૂષિત વાયુ બહાર **'परावत्'** સુધી બહારના વાયુમંડલ સુધી ચાલ્યો જાય છે. આપણી અંદર આપણું હૃદય એ એક સિન્ધુ (સમુદ્ર) છે કે જ્યાં સેંકડો રુધિરવાહિની નાડીઓરૂપી નદીઓ ચારે દિશાએથી આવી આવીને ભેગી થાય છે; એવીજ રીતે બહાર **'परावत्'** એ એક એવું વાયુમંડળ નામનું સ્થાન છે કે જ્યાં વાયુનો અપાર અખૂટ ભંડાર ભર્યો પડયો છે. હવે આ પરાવત્‌થી આપણી અંદરના સિન્ધુ સુધી અને સિન્ધુથી પાછી પરાવત્ સુધી બે પ્રકારના વાયુની નિરંતર ક્રિયા ચાલુ રહે છે. તેના ઉપર આપણા જીવનનો આધાર રહેલો છે. કારણકે આ બેમાંથી પહેલા પ્રકારનો વાયુ આપણા સિન્ધુની અંદર, બહારથી પ્રાણ અથવા નવજીવન લાવીને ભરી દે છે અને આપણા રુધિરના એકેએક કણને નવા તાજા બળથી સંયુક્ત બનાવી દે છે, ત્યારે જે બીજા પ્રકારનો વાયુ છે તે આપણા શરીરમાં જેટલા મળ, દોષ અને વિકાર હોય છે તે બધાને ખેંચી લાવીને બહાર પરાવત્‌માં લઇ જઇને ફેંકી આવે

છે. આ રીતે આપણું જીવન વૃદ્ધિ પામતું જાય છે. આપણે અધિક અધિક બળવાન અને નીરોગ બનતા જઈએ છીએ. પણ હે મનુષ્ય! આ બેવડી પ્રાણક્રિયા માત્ર તારા ભૌતિક સ્થૂળ જીવનને એકલાનેજ નથી લાગુ પડતી, પણ એની અંદર તો તારા માનસિક અને આત્મિક જીવનનું રહસ્ય પણ રહેલું છે. તું કદાચ નહિ જાણતો હોય પણ તારે જાણી લેવું જોઈએ કે, સઘળા મહાનુભાવ મહાત્માઓ પોતાના શ્વાસ મારફતે એકલી શારીરિક શક્તિનેજ નહિ પણ ઉત્સાહ, ધૈર્ય, બળ, સત્ય, પ્રેમ વગેરે નાના પ્રકારના માનસિક અને આત્મિક સદ્ભાવોને પણ પોતાની અંદર ખેંચી લે છે અને એવી જ રીતે પોતાના પ્રશ્વાસ દ્વારા તમામ મન્દતા, કાયરતા, અશક્તિ, અસત્ય, ઘૃણા વગેરે તમામ અસદ્ભાવોને અંદરથી બહાર ધકેલી કાઢે છે અને આવું કરવાથીજ તેમણે મહત્ પદ પ્રાપ્ત કર્યું છે. પ્રાણની સાથે મનનો એવો ઘાડો સંબંધ છે કે તમે તમારા શ્વાસની સાથે સાથે જે જે વિચાર કરશો તે તે વિચાર તમારા મનની અંદર દૃઢ મૂળબદ્ધ બનીને જામી જશે અને પ્રશ્વાસની સાથે જેનું ધ્યાન કરશો તે તમારામાંથી બહાર ચાલ્યું જશે. અરે ભાઈ! તું તારી પ્રાર્થના વખતે આ સિદ્ધાન્તનો જરાક પ્રયોગ તો કરી જો. તારે તારી અંદર જે જે ઉચ્ચ ભાવોની સ્થાપના કરવી હોય તેનું માનસિક ચિત્ર રચીને શ્વાસ લેતી વખતે તેનું ધ્યાન કરી જો અને જે અશુભ વિચારોને તારે ત્યજવા હોય અને છતાં જેઓ તારા મનમાંથી નીકળતા ન હોય તે જાણે તારા પ્રશ્વાસની સાથે બહાર ચાલ્યા જતા હોય એવું ધ્યાન કરવાનો તું પ્રયોગ અજમાવી તો જો. તું જરાક પ્રયત્ન કરી જોઈશ તો તને જરૂર સફળતા મળ્યા વિના રહેનાર નથી. એવીજ રીતે તું વ્યાયામ કરતી વખતે, પ્રાણાયામ કરતી વખતે અને પ્રાર્થના કરતી વખતે આ જગદ્વ્યાપક જીવનસિદ્ધાન્તનો સદૈવ ઉપયોગ કરતોજ રહેજે. તું એટલું ગોખી રાખજે કે, તું તારી આ બે પ્રકારની પ્રાણક્રિયાદ્વારા એક

અનંત અપાર શક્તિભંડારની સાથે જોડાએલોજ છે અને તું તારી એકે એક શ્વસનક્રિયા વડે એ શક્તિભંડારમાંથી તારે જેટલું જોઈએ તેટલું અને તું ખેંચી શકે તેટલું બળ ખેંચીને લઇ શકે છે. એજ પ્રમાણે તું તારા એકે એક ઉચ્છવાસ દ્વારા તે પવિત્રતાકારક મહાન્ પારાવારની અંદર તારી તમામ તુચ્છ મલિનતાઓને ફેંકી દઈને તું તારી જાતને સદાય પવિત્ર રાખી શકે છે. માટે હે મનુષ્ય! તું ઉઠ, સાવધાન થઇ જા અને તારા પ્રત્યેક શ્વાસપ્રશ્વાસની સાથે તું નિત્ય ઉન્નત અને નવજીવનસંપન્ન બનતો જા.

શબ્દાર્થ

(इमौ द्वौ) આ બે પ્રકારના **(वातौ)** વાયુઓ **(वातः)** વહે છે, તેમાંનો એક વાયુ **(आ सिन्धोः)** સિન્ધુ અર્થાત્ હૃદય સુધી ચાલ્યો આવે છે અને બીજો **(आ परावतः)** બહારના વાયુમંડળ સુધી ચાલ્યો જાય છે. **(अन्यः)** આમાંનો એક **(ते)** તારે સારૂ **(दक्षं)** બળને **(आवातु)** તારી અંદર વહી લાવે અને **(अन्यः)** બીજો **(यद्रपः)** જે જે અંદર દોષ અને અશુભ તત્ત્વો હોય તેમને **(परावातु)** બહાર ધસડી જાય.

३ आश्विन

आ वात वाहि भेषजं वि वात वाहि यदूरपः ।
त्वं हि विश्वभेषजो देवानां दूत ईयसे ॥
(ऋ. १०-१३७-३)

વિનય

હે વાયુ ! હે પ્રાણ ! તમે સર્વ ઔષધરૂપ છો, તમારામાં તમામ એકેએક દવાઓ હાજર છે. હું બહારની નાના પ્રકારની દવાઓ અને ઓસડીઆંને નકામોજ ખાધા કરૂં છું અને જૂઠી, ફાયદા વિનાની ઉપાધિ વહોરી લઉં છું. હે વાયુ ! જો હું તમારૂંજ યથાયોગ્ય રીતે સેવન કરૂં, તમારીજ શક્તિનો ઉપયોગ કરતો થઇ જાઉં તો મને કોઇ પણ દવાની જરૂરજ નહિ રહે. સંસારના સેંકડે નેવુ રોગીઓના રોગનું માત્ર એકજ કારણ હોય છે કે, તેમને જેવો જોઇએ તેવો શ્વાસ લેતાં નથી આવડતું. તમે જે સર્વૌષધમય છો તેમનો લાભ લેવાની કળાથી તેઓ અજાણ છે, તેથીજ તેઓ રોગગ્રસ્ત રહે છે. જો આપણે જેવો જોઇએ તેવો શ્વાસ લઇએ, જેવી રીતે અને જેટલો લેવો જોઇએ તેવી રીતે અને તેટલો શ્વાસ લઇએ, તો આપણે લીધેલો શ્વાસજ આપણું દિવ્ય ઔષધપાન બની જાય અને આપણે જે જે પ્રશ્વાસને બહાર કાઢીએ તેમની જોડે આપણા શરીરમાંના તમામ દોષ, વિકાર, મળ વગેરે શરીરની બહાર નીકળી જતા રહે. દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર કહેવાય છે. તેઓ ખરી રીતે કોણ છે? તેમનું એક નામ 'नासत्यौ' (નાકમાંથી ઉત્પન્ન થનારા) છે. એ નામજ બતાવી આપે છે કે, એ અશ્વિનીકુમાર બીજા કોઇ નહિ પણ શ્વાસપ્રશ્વાસ અથવા પ્રાણાપાન નામના વાયુઓજ છે, જેમને ઇડા, પિંગલા, ચંદ્રપ્રાણ, સૂર્યપ્રાણ એવાં કેટલાંક અન્ય પ્રકારનાં

રૂપમાં પણ આપણે જોઇએ છીએ. આ પ્રાણાપાનના યથાયોગ્ય નિયમન દ્વારા સંસારના તમામ વ્યાધિઓની દિવ્ય અને અમોઘ ચિકિત્સા કરી શકાય છે. હું તો ખાલી ફોકટજ બહારના વૈદ્ય ડાકટરોની પાછળ અથડાતો ફરૂં છું, કારણ કે ખરેખરો સાચો દિવ્ય વૈદ્ય તો મારી પોતાની અંદરજ બેઠેલો છે. વળી તમામ ઔષધિઓ પણ મારી અંદર ભરી પડી છે. અને છતાં હું બહારની જડીબુટ્ટીઓને શા માટે મિથ્યા ખોળતો ફરતો હોઇશ ?

અને વળી હે પ્રાણો ! તમે તો દેવદૂત છો. અમારી અંદર દેવદૂત બનીને બેઠા છો અને દેવોના દૂત તરીકે કાર્ય કરી રહ્યા છો. તમામ દેવોના સંદેશા તમે અમારી અંદર બેઠાબેઠા અમને સંભળાવતા રહો છો. અમે પ્રાણોપાસનાથી રહિત બની ગયા છીએ અને સ્થૂળ જીવનમાં આસક્ત થઇ ગયા છીએ તેથી કરીને અમે તમારા કહેલા સૂક્ષ્મ દેવ–સંદેશોને નથી સાંભળી શકતા અને તેથી કરીને તમારી દિવ્ય ચિકિત્સાનો લાભ નથી લઇ શકતા. પરંતુ જેઓ તમારા ઉપાસકો છે તેઓ તો પોતાના* પ્રાણમાં સૂક્ષ્મ રીતે કાર્ય કરી રહેલા પૃથ્વી, જળ, તેજ આદિ દેવોના સંદેશાને સાંભળી શકે છે. શરીરની તમામ ક્રિયાઓ, ગતિઓ અને ચેષ્ટાઓના પ્રેરક અને નિયામક હે વાયુદેવ ! હે પ્રાણ ! અમારા શરીરમાં જરા જેટલો વિકાર ઉત્પન્ન થવા માંડતાંજ તમે તો અમને તમારી દિવ્ય પ્રેરણા દ્વારા ચેતવણી આપો છો, શરીરને ખાસ પ્રકારને હલાવવાની, મરોડવાની, ખેંચવાની તથા આહાર, પાન અને આચ્છાદનમાં ઘટતો ફેરફાર કરવાની પ્રેરણા કરતાજ રહો છો. જો

---

* આ કથનમાં લેખક સ્વરોદય શાસ્ત્રના સિદ્ધાંતનું સૂચન કરતા લાગે છે. શ્વાસ દ્વારા વહન કરાતા પ્રાણમાં કયે વખતે કયા તત્ત્વનું પ્રાધાન્ય છે, પ્રત્યેક તત્ત્વનાં સ્વાદ અને ગંધ કેવાં કેવાં હોય છે, નસ્કોરાથી કેટલા તસુ સુધી તેની ગતિ છે અને તેનું કેવું ફળ આવે છે, વળી કયું તત્ત્વ જતું હોય ત્યારે કેવાં કેવાં કાર્યનો આરંભ કરવો, એનું એક શાસ્ત્ર છે તેને સ્વરોદય શાસ્ત્ર કહે છે.—સેવાનંદ

એ પ્રેરણાઓને અમે બરાબર ઝીલીએ, તમારી મારફતે ચાલ્યા આવતા પાંચ તત્ત્વોરૂપી દેવોના સંદેશા બરાબર શ્રવણ કરતા રહીએ અને તદનુસાર આચરણ કરતા રહીએ તો અમારા શરીરમાં ઉત્પન્ન થતા તમામ વ્યાધિઓની ચિકિત્સા તો આપોઆપજ થઇ જાય અથવા ઘણી ખરી વાર તો અમારા શરીરની અંદર રોગને પેદા થવાનો સંભવજ ન રહે. પણ અમે એવા છીએ કે અમે તેમને સાંભળતાજ નથી; આથી ઉલટું જેઓ સાંભળી શકે છે તેઓ તો પોતાની નાસિકાઓમાં ગાજી રહેલા તમારા ×'**स्वरो**'ને પણ સાંભળી શકે છે, એટલુંજ નહિ પણ તે સ્વરોને આધિદૈવિક જગતના સ્વરોની સાથે મેળવીને તેમની એકતાનતા સાચવતા રહે છે. આથી કરીને તેમનું જીવનજ એવું સંગીતિમય, તાલમય બની ગયું હોય છે કે જેથી નીરોગતા અને સ્વાસ્થ્ય એ તો તેમને માટે સ્વભાવસિદ્ધ થઇ જાય છે. હે પ્રાણ! ભલે અમે તમારા, દિવ્ય દૂતોના સંદેશા સાંભળીએ કે ન સાંભળીએ પણ એટલું તો સત્યજ છે કે, તમે અમારી અંદર આવીને વસેલા દિવ્ય ચિકિત્સકો તો છોજ. તમે સર્વૌષધરૂપ પણ છોજ. અમારા સ્વાસ્થ્યને માટે દેવોના સંપૂર્ણ દૂત બનીને ક્રિયા કરનારા હે પ્રાણો! તમે ખરેખર સર્વૌષધરૂપજ છો.

શબ્દાર્થ

(वात) હે પ્રાણ! **(भेषजं आवाहि)** મારામાં ઔષધને વહી લાવો, ખેંચી લાવો અને **(वात)** હે પ્રાણ! **(यद्रपः)** મારામાં જે જે દોષ, મલ વગેરે હોય તેમને **(वि वाहि)** મારામાંથી બહાર ધકેલી લઇ જાઓ. **(त्वं)** તમે **(हि)** નિશ્ચયપૂર્વક **(विश्वभेषजः)** સર્વ ઔષધરૂપ છો, **(देवानां दूत ईयसे)** તમે દેવતાઓના દૂત બનીને કાર્ય કરી રહ્યા છો.

× જુઓ આગલા પૃષ્ઠની નોટ. આટલા ઉપરથી એ શાસ્ત્રનું નામ સ્વરોદય શાસ્ત્ર કહેવાય છે.—**સેવાનંદ**

४ आश्विन

उदगादयमादित्यो विश्वेन सहसा सह ।
द्विषन्तं मह्यं रन्धयन्, मो अहं द्विषते रधम् ॥
(ऋ. १-५०-१३)

વિનય

મનુષ્ય જ્યાં સુધી પૂરેપુરો આસ્તિક ન બની જાય, જ્યાં સુધી તેના મનમાં પરમાત્માના પરિપૂર્ણ અને અટળ ન્યાયના ઉપર વિશ્વાસ ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી તે અહિંસક નથીજ થઇ શકતો. કોઇ દુષ્ટ પાપી મારા ઉપર અત્યાચાર કરતો હોય અને હું સાફ જોઇ શકતો હોઉં કે, તેને મારી નાખ્યા સિવાય મારી પાસે બીજો કશો ઇલાજજ રહ્યો નથી તો પછી હું તેનો શા માટે વિનાશ ન કરૂં ? પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ ચૂકયા પછી મનુષ્ય આવી રીતે વિચાર નથી કરતો. પરમાત્મ-સૂર્યનો ઉદય થયા પછી આખું દૃશ્ય અને દૃષ્ટિબિંદુ બધુંજ ફરી જાય છે; ત્યારે તેને સમજાઇ જાય છે કે, કોઇ પણ માણસની હિંસા કરવી એ તો તેને તાબે થઈ જવા અથવા તેના કાબુમાં આવી જવા બરોબર છે. આથી ઉલટું જો આપણા શત્રુને આપણા કાબુમાં લાવવો હોય તો તેનો એકજ ઉપાય છે અને તે એજ કે, તેને આપણો પોતાનો બનાવી દેવો, આપણા આત્માનો તેના સુધી વિસ્તાર કરીને તેને આપણા આત્માની અંદર સમાવી દેવો. આત્મપ્રકાશનો વિસ્તાર થઇ ગયા પછી જગતમાં કોઇ અનાત્મ જેવું રહેતુંજ નથી–અર્થાત્ પોતાના આત્માથી જુદું એવું કોઇ દેખાતુંજ નથી; તો પછી અમુક મારો શત્રુ છે અથવા અમુક દ્વેષ કરવા યોગ્ય છે એવું રહેજ કેવી રીતે ? તમે જરા જુઓ તો ખરા કે તે 'आदित्य' પોતાના પરિપૂર્ણ તેજ અને બળસહિત વિશ્વમાં ઉદિત થયો છે અને પોતાની પરિપૂર્ણ સર્વજ્ઞતા અને સર્વશક્તિમત્તા સહિત તે વિશ્વનો એક અદ્વિતીય અને અંખડ રાજા જગતનું શાસન કરી

રહ્યો છે! તે જ્યાં ઉદિત થયો, જાગૃત થયો એટલે સંપૂર્ણ બ્રહ્માંડની સુવ્યવસ્થા તરતજ યથાવત્ કરી દે છે. તેના સર્વજ્ઞ અને તેજસ્વી કાયદાઓ જેઓ સજાને પાત્ર હોય તેમને સ્વાભાવિક રીતેજ સજાએ પહોંચાડી દે છે, જેઓ હિંસનીય છે, હણાવાયોગ્ય છે તેમને હણતા, તેમનું દમન કરતા પોતાનું કાર્ય કર્યાજ જાય છે; તો પછી હું કેવો મૂર્ખ અને મહાઅજ્ઞાની કે આ સંસારમાં કોઇને પણ મારવાનો સંકલ્પ કરૂં? સત્ય હકીકત તો એવી છે કે, કોઇની પણ હિંસા કરવી એટલે ઈશ્વરના "કાયદાનો વહીવટ આપણા પોતાના હાથમાં લઇ લેવો." કોઈની હિંસા કરવી એનો અર્થ ઈશ્વરીય વ્યવસ્થામાં માથું મારવું; એટલુંજ નહિ પણ પોતેજ તે વ્યવસ્થાના (ઈશ્વરના કાયદાઓના) અપરાધી બની જવું એવો થાય છે. એટલા માટે પરમાત્મ-સૂર્યને ઉદય પામેલો જોયા પછી, જેઓ જેઓ સજાને પાત્ર છે તેમને સર્વને યથાયોગ્ય રીતે તેને સજા કરતો જોયા પછી હું તો સર્વ પ્રકારે નિશ્ચિન્ત અને શાંત બની બેઠો છું. હું હવે કોઇની હિંસા કરવાની મૂર્ખતા નથી કરી શકતો. હું એ પણ જોઇ શકું છું કે, મારે તેના સાચા શાસનમાં કાંઇક સહાયતા કરવી હોય અથવા હું કરી શકતો હોઉં, દુષ્ટ પાપી અને અત્યાચારીઓને સુધારવાનું કામ તે કરે છે તેમાં મારાથી જો મદદ થઇ શકતી હોય, તો તે માત્ર અહિંસા દ્વારા, પ્રેમ દ્વારા અને પોતાના આત્માના વિસ્તાર દ્વારાજ થઈ શકે છે. વળી આવી રીતે અહિંસાનું શરણ લીધા પછી હું બીજું એ પણ જોઇ શકું છું કે, હવે હું કોઇને અધીન નથી થઈ શકતો, કોઇનો તાબેદાર ગુલામ પણ નથી થઈ શકતો. કારણ કે કોઇની પણ હિંસા કરવી, કોઇનું '**रन्धन**' કરવું એ તેને તાબે થવા બરોબર છે.

શબ્દાર્થ

જુઓ, (**अयम्**) આ (**आदित्यः**) આદિત્ય, પરમાત્મસૂર્ય (**मह्यं**) મારે માટે (**द्विषन्तं**) શત્રુને, દુષ્ટ અત્યાચારી શત્રુને (**रंधयन्**) નાશ કરતો, તાબે કરતો (**विश्वेन सहसा सह**) પોતાના સંપૂર્ણ તેજ અને બળસહિત (**उद् अगात्**) ઉદિત થયો છે, તેથી કરીને (**अहम्**) હું (**द्विषते**) શત્રુની (**मो**) નહિ (**रधं**) હિંસા કરૂં, તેને તાબે નહિ થાઉં.

५ आश्विन

जिह्वाया अग्रे मधु मे जिह्वामूले मधूलकम् ।
ममेदह क्रतावसो मम चित्तमुपायसि ॥
(अथर्व० १-३४-२)

વિનય

હું તો માધુર્યને પ્રાપ્ત કરવાની સાધના કરવા મંડયો છું. સંસારની પ્રત્યેક વસ્તુના સેવન દ્વારા મને મધુરતાજ સાંપડે એવી અવસ્થા પ્રાપ્ત કરવાના મને કોડ છે. હે માધુર્ય ! તમે મારા સમસ્ત જીવનની અંદર ઓગળીને એકરસ બની જાઓ. મારા સમસ્ત જીવનને મધુર મધુર બનાવી દો—માધુર્યમય કરી દો. હું મારી વાણી વડે મીઠાં વચનોજ બોલું. મારી જિહ્‌વાનો અગ્રભાગ મધથી ભરેલો રહે અને મારી જીભના મૂળમાં તો વળી તેના કરતાંય વધારે મધ ભરેલું ને ભરેલું રહે. હે મધુમય પ્રભુ ! માધુર્યની ખુબી નહિ સમજનારા લોકો પણ પોતાનું કામ કાઢી લેવા પૂરતો મધુરતાનો આશ્રય તો લે છેજ. આથી કરીને પોતાના ઉપર ઉપરના વ્યવહારમાં, દેખાવ કરવા પૂરતી મધુરતા આવે તો તેટલું પૂરતું છે એમ તેઓ માની લે છે. તેમની જીભના મૂળમાં દ્વેષ ભરેલો હોય છે તોપણ તેઓ જીભના અગ્રભાગમાં તો પ્રેમ અને માધુર્યજ પ્રકટ કરે છે. પરંતુ તેમને ખબર નથી કે આવા જૂઠા, દંભથી ભરેલા માધુર્યના કરતાં તો કટુતા લાખગણી શ્રેષ્ઠ છે. આવા ખોટા માધુર્ય વડે વાસ્તવિક રીતે કોઈ પણ કાર્ય સિદ્ધ નથી થઇ શકતું. તેઓ બાપડા માધુર્યની સાચી અપાર શક્તિને ×મિત્રભાવમાં રહેલી અદ્‌ભુત તાકાતને

× મૈત્રીના સામર્થ્યને વિષે જુઓ યોગદર્શનનું વચનઃ—
"मैत्र्यादिषु बलानि" (यो. द. ३-२३)—મૂળલેખક

નથી ઓળખતા. મારી વાણીમાંથી તો જે પ્રેમમય મધુ ટપકે છે તે ફક્ત જીભના ટેરવા આગળથી નહિ પણ જીભના મૂળ આગળથી, મારા હૃદયમાંથી, મારા પ્રેમથી ભરપૂર થએલા માનસ્સ્રોતમાંથી નીકળીને વાણી દ્વારા બહાર પડે છે. મારૂં એકે એક કર્મ પણ મધુમય પુષ્પોનું વર્ષણ કરે છે. હે માધુર્ય ! તું મારી પ્રત્યેક ક્રિયામાં, પ્રત્યેક ગતિમાં, પ્રત્યેક વ્યવહારમાં સમાવેશ કરે એટલાથી મને સંતોષ થવાનો નથી, પણ મારી પ્રત્યેક બુદ્ધિમાં, પ્રત્યેક વિચારમાં પ્રત્યેક નિશ્ચયમાં તારો કાયમનો નિવાસ થાય એવી મારી ઇચ્છા છે. મારા રાતદિવસના એકે એક સંકલ્પ પણ મધુમય બની ગએલા હોય. હે મધુ ! મારા અંતઃકરણના એકે એક ભાગમાં તમે એવા રમી જાઓ કે મારો ચિત્તપ્રદેશ પણ તમારાથી અવ્યાપ્ત ન રહે-અર્થાત્ મારી એકે એક વાસના પણ માધુર્યથી ખુશબોદાર બની ગઈ હોય અને મારી સ્મૃતિમાં મારી સ્વપ્નાવસ્થામાં પણ દ્વેષ, કટુતા, અમૈત્રીનો નાનો સરખો પડછાયો પણ ન આવે. હે મારા પ્રેમ અને જ્ઞાનસ્વરૂપ પ્રભો ! હું તમારા મધુરૂપનો ઉપાસક બન્યો છું.

શબ્દાર્થ

(मे) મારી **(जिह्वाया: अग्रे)** જીભના અગ્રભાગમાં **(मधु)** માધુર્ય હોય અને **(जिह्वामूले)** મારી જીભના મૂળમાં **(मधूलकम्)** આના કરતાં પણ વધારે માધુર્ય હોય અથવા માધુર્યનું ઝરણું વહેતું હોય. હે મધુ ! તું **(इत् अह)** નિશ્ચયપૂર્વક **(मम)** મારા **(क्रतौ)** પ્રત્યેક કર્મમાં, પ્રત્યેક બુદ્ધિમાં **(अस:)** વિદ્યમાન થઇ જા અને તું **(मम)** મારા **(चित्तं)** અંતઃકરણના ચિત્તપ્રદેશ સુધી **(उपायसि)** પહોંચી જા, વ્યાપ્ત થઇ જા.

६ आश्विन

यन्मन्यसे वरेण्यं इन्द्र द्युक्षं तदाभर ।
विद्याम तस्य ते वयं अकूपारस्य दावने ॥
(ऋ० ५-३९-२)

વિનય

જગતમાં મનુષ્યોની પાસે અન્નભંડાર, પશુ, પુત્ર, વાહન, સરસામાન, રાચરચીલાં, સોનારૂપાના સિક્કા, પ્રતિષ્ઠા લાગવગ, વેપારી શાખ વગેરે નાના પ્રકારનાં ઐશ્વર્યો હોય છે અને આવાં ધન ઐશ્વર્ય વડે સંસારનાં મોટાંમોટાં કાર્યો નભી શકે છે, જાતે સુખ ભોગવી શકાય છે અને બીજાઓને પણ સુખ આપી શકાય છે, એ વાત પણ ખોટી નથી. પરંતુ તેની સાથે એવા પણ ઘણા લોકો હોય છે કે જેમની પાસે ઉપર કહ્યું તેવું ધન છે ખરૂં, પણ તે ધન તેમને સુખી અને ઉન્નત બનાવવાને બદલે ઉલટા દુઃખી કરે છે અને અવનતિ તરફ ઘસડી લઈ જાય છે. એ ધનને લીધેજ તેમનાં શરીર, મન અને આત્મા ઉત્તરોત્તર નિર્બળ અને નિસ્તેજ બનતાં જાય છે. વળી એવા લોકો પણ જગતમાં છે કે જેમનું ધન તેમના એકલાનાજ નહિ પણ તેમની સાથે સાથે બીજાઓના પણ વિનાશનું કારણ નીવડે છે. ત્યારે એવા ધનને સંપાદન કરીને આપણે કરવાના પણ શું ? એ ધન વરેણ્ય તો નથીજ. એના કરતાં તો એ ન હોય તે વધારે સારૂં. વળી કેટલાકનું ધન એવું નિસ્તેજ પણ હોય છે કે તેનાથી તેમને હાનિ તો નથી થતી, પણ તેની સાથે તેમને કશો લાભ પણ થતો નથી. એવા લોકોના ધનમાં કશી શક્તિજ નથી હોતી. તે તેમના ઉપયોગમાં આવતું નથી અથવા આવી શકતું નથી. એને એક જાતની માટીનો ઢગલો કહીએ તો પણ ચાલે. એવા ધનને પ્રાપ્ત કર્યાથી પણ આપણને શો લાભ થવાનો હતો ? માટે હે પ્રભો ! અમને તો તમારૂં વરેણ્ય દ્યુતિવાળું ધનજ આપો.

પણ આ જટિલ સંસારની અંદર આવા સાચા ધનની ભાળ મળવી પણ કાંઈ સહેલ નથી. મનુષ્યની બુદ્ધિ તો

પરિમિત છે. કયું ધન કેવા પ્રકારનું છે તેની તેને સમજ પણ શી રીતે પડે! અને કદાચ જરાતરા પડે તો પણ કેટલી થોડી! એટલા માટે હે પરમેશ્વર! તમે એવું કાંઇક કરો કે જે ધન વરવાને–ગ્રહણ કરવાને યોગ્ય હોય અને તેજસ્વી હોય તેજ અમારી પાસે ચાલ્યું આવે અને એથી ઉલટા પ્રકારનું હોય તે અમારાથી વેગળું ને વેગળુંજ રહે. હે પ્રભુ! તારી એકલાનીજ બુદ્ધિ કદી પણ ભૂલ કરે નહિ એવી અને પરિપકવ છે. માટેજ અમે તને કહીએ છીએ કે, જે ધનને તું સાચું માનતો હોય તે ધનનેજ અમારી પાસે આવવા દેજે. જે ધન વરણીય ન હોય, જે ધન તેજ રહિત હોય, એવા કુત્સિત ધનનો ખાલી બોજો અમારે માથા ઉપર લઇ લઇને ફરવું નથી, એવા ધનના ભલેને અમારી આગળ ઢગલા ને ઢગલા ખડકાઇ જાય અથવા નાના પ્રકારનાં મનોહર રૂપ ધારણ કરીને અમને લલચાવવાને આવે તોપણ તેને ગ્રહણ કરવાની અમને કદી ઇચ્છા થવાની નથી. એનાથી તો અમે ઉલટા વેગળા રહેવા ઇચ્છીએ છીએ. એવું કુત્સિત ધન અમારી પાસે કદી એકઠું ન થાઓ. માટે તમેજ એવું કાંઇક કરો કે અમારી પાસે માત્ર તેજ ધન ખેંચાઇ આવે, તેજ ધનનો અમારી પાસે જમાવ થાય કે જે વરવાને યોગ્ય હોય, જેના વડે વાસ્તવિક રીતે અમારાં શરીર, મન અને આત્માની ઉન્નતિ સિદ્ધ થાય અને જેના વડે સૌનું કલ્યાણજ થાય. વળી અમારી પાસે માત્ર તેજ ધન ચાલ્યું આવે કે જે કોઈ કાળે પણ નિસ્તેજ, નિરર્થક અને ભારરૂપ નીવડવાનુંજ ન હોય. હે પરમ ઐશ્વર્યવાળા પ્રભુ! અમે તારી પાસેથી સદા આવાજ ધનની પ્રાપ્તિ કરવા ઇચ્છીએ છીએ.

શબ્દાર્થ

(**इन्द्र**) હે પરમેશ્વર! (**यत्**) જેને તું (**वरेण्यं**) વરવાને યોગ્ય (**द्युक्षं**) અને તેજોયુક્ત ઐશ્વર્ય (**मन्यसे**) માનતો હોય (**तद्**) તે (**आभर**) અમારે સારૂ લાવ. જેના વડે (**वयं**) અમે (**ते**) તારા (**तस्य**) તે (**अकूपारस्य**) અકુત્સિતપૂરણ, જેના વડે પોતાની જાતને ભરવાથી કુત્સિત ન થવાય એવા (**दावने**) દાનને (**विद्याम**) પ્રાપ્ત કરી શકીએ.

७ आश्विन

ये नदीनां संस्रवन्ति उत्सासः सदमक्षिताः ।
तेभिर्मे सर्वैः संस्रावैः धनं संस्रावयामसि ॥
(अथर्व० १-१५-३)

વિનય

નિરંતર વહી જતી નદીઓને જુઓ. તેમનાં મૂળ જળના અક્ષીણ સ્રોતમાં હોવાથી તેમનો પ્રવાહ કદી તૂટી જતો નથી. તેમનાં મૂળમાંથી સદા નવું નવું જળ નીકળતુંજ જાય છે અને એ રીતે તે નદીઓ સદાકાળ વગર હરકતે આગળ ને આગળ વહન કરતી ચાલી જાય છે. નદીના કિનારા ઉપરના પ્રત્યેક સ્થાન આગળ ક્ષણે ક્ષણે નવું નવું પાણી ત્યાંથી આગળ આગળ આવતું જાય છે અને ત્યાં આગળનું પહેલાંનું પાણી ત્યાંથી આગળ આગળ વહેતું જાય છે. આજ પ્રમાણે માનવસંસારમાં ધનનો પ્રવાહ નિરંતર પ્રવાહિત થઇ રહ્યો છે. ધનનો પ્રવાહ એક માણસની પાસેથી નીકળીને બીજા માણસની પાસે જઇ પહોંચે છે. અમુક ધનરાશિ એકના હાથમાંથી બીજાના હાથમાં અને બીજાના હાથમાંથી કોઇ ત્રીજાના હાથમાં ચાલ્યો જાય છે. આવી રીતે આપણા માનવસમાજમાં અનેક પ્રકારે ધનની ધારાઓ વહ્યા કરે છે. નદીના વહેણને બાંધી લીધાથી બંધાઇ ગએલું પાણી જેમ સડી જાય છે અને તેમાંથી નાના પ્રકારના રોગોની ઉત્પત્તિ થાય છે, તેમ માનવસમાજની અંદર લોભી–લાલચુ લોકો, માત્ર પોતાનુંજ પેટ ભરનારા કંજુસ લોકો ધનના વહેણને પોતાની આગળ બાંધી લઇને તેને આગળ વહી જતું અટકાવે છે; તેથી કરીને તે જનસમાજમાં ધનની અસમાનતાને લીધે નાના પ્રકારના સામાજિક રોગો અને ઉપદ્રવો ઉત્પન્ન થાય છે–જમીનદારો અને ખેડુતોના, શેઠીઆઓ અને મજૂ-

રોના, ઉમરાવો અને ગરીબોના ઝઘડા ઉભા થાય છે અને તેમાંથી હડતાલો, અત્યાચારો અને ક્રાન્તિઓનો જન્મ થાય છે. આખુંય રાષ્ટ્રીય શરીર વ્યાધિગ્રસ્ત બની જાય છે. એટલા માટે હે પ્રભો! હું તો મારી પાસે આવેલા ધનને નદીના વહેણની માફક આગળ ને આગળ વહેવડાવતો રહું છું; તેને મારી પાસે બાંધી રાખવાની મૂર્ખતા નથી કરતો. રૂપીઆ પૈસાથી માંડીને આત્મિક ઐશ્વર્યો સુધીનાં ચારે દિશાએથી મારી પાસે વહી આવતાં તમામ પ્રકારનાં ધનને જેવાં આવે તેવાંજ પાછાં આગળ વહેતાં કરતો રહું છું. હે નાથ! બધાંજ ધન તારાં છે, મારાં નથી. હું તો માત્ર તારા તરફથી વહી આવતા ઐશ્વર્યના વહેણને ગ્રહણ કરનારો અને તેને આગળ પહોંચાડનારો છું. દરેક નવા ધનના રૂપમાં ઐશ્વર્યનું તાજું જળ જે મારી પાસે એકાદ ક્ષણને માટે આવી પહોંચે છે તેના ઉપભોગથી મને સંપૂર્ણ પુષ્ટિ તુષ્ટિ મળતાં રહે છે. ધનનો ઉપભોગ કરવાની આજ સાચી રીત છે. ધનને બાંધી રાખવાથી તે આપણને પુષ્ટિ આપી શકતું નથી, પણ ઉલટું તે ગંધાઈ ઉઠે છે અને તેથી આપણને પોતાને અને આખા જનસમાજને હાનિ પહોંચાડે છે. માટે હે નાથ! હું તો તારા પ્રત્યેક ઐશ્વર્યને તાજું તાજું ચાખી લઉં અને પાછું તેને આગળ ને આગળ મોકલતોજ જાઉં જેથી કરીને તારા અક્ષીણ સ્રોતમાંથી રોજ રોજ નવા નવા ઐશ્વર્યરૂપી જળનું વહેણ મારી આગળ આવ્યાજ કરે અને એ પ્રવાહ મને સર્વ પ્રકારે વિકસિત અને પરિપુષ્ટ કરતો રહીને મારી મારફતે પાછો આગળ ને આગળ વહેતોજ જાય, સદાય વહેતોજ જાય.

શબ્દાર્થ

(ये) જે **(सदं अक्षिताः)** સદા ગતિમાન રહેનારા, કદી પણ બંધ થાય નહિ એવા **(नदीनां उत्सासः)** નદીઓના પ્રવાહ વહી રહ્યા છે **(तेभिः मे सर्वैः संस्रावैः)** તે મારા તમામ પ્રવાહોની સાથે **(घनं)** હું મારા ધનને પણ **(संस्रावयामसि)** લાગલાગટ પ્રવાહિત કરતો રહું છું.

९ आश्विन

गायन्ति त्वा गायत्रिणो अर्चन्त्यर्कमर्किणः ।
ब्रह्माणस्त्वा शतक्रतो उदंशमिव येमिरे ॥
(ऋ. १-१०-१)

વિનય

હે ભગવન્ ! તમારા મહિમાનું જેણે જે રૂપમાં દર્શન કર્યું હોય અથવા અનુભવ લીધો હોય, તે માણસ તમારા તેજ રૂપનું વર્ણન કરે છે અને તેજ રૂપમાં તમને જોયા કરે છે. પરંતુ તમે તો શતક્રતુ છો, તમારૂં જ્ઞાન અનંત છે, તમારા ગુણ અને તમારાં કર્મ સંસારની અંદર સેંકડો જુદે જુદે પ્રકારે પ્રકટ થયા કરે છે અને લોકોને તેમનો અનુભવ મળ્યા કરે છે. આથી કરીને દરેક મનુષ્ય પોતપોતાના અનુભવ પ્રમાણે જુદી જુદી રીતે તારૂં ભજન કરે છે; જુદે જુદે પ્રકારે તારો અનુભવ કરતા હોવાથી તને મળવાને માટે, તારા સુધી પહોંચી જવાને માટે સૌ જુદી જુદી રીતે પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાક તારાં ભજન ગાઇને તારાથી પોતાની સમીપતાનો અનુભવ કરવા ઈચ્છે છે, તો કેટલાક વળી એનેજ માટે તારાં સ્તોત્રોનો પાઠ કરે છે, તારી સ્તુતિ કરે છે, અથવા તારૂં ધ્યાન કરે છે. હે શતક્રતો ! આ બધી ક્રિયાઓનો હેતુ તો એકજ છે કે, ગમે તેમ કરીને તારી અનુભૂતિનો પ્રકાશ કરવો અથવા પોતપોતાની રીતે તારી ધ્વજાને ઉંચી કરીને ઉભા રહેવું. અરેરે ! જુદા જુદા મત-મતાન્તરવાળાઓ, નાના પ્રકારે તારી ઉપાસના કરનારાઓ હરેક પ્રકારની ઉપાસનાપદ્ધતિમાં તારા એકલાનાજ મહિમાનો, તારાજ પ્રચારનો અનુભવ કેમ નહિ કરતા હોય ? અરેરે ! તું તો એ બધામાંજ બેઠેલો છે, તું કયાં નથી ? મનને મુગ્ધ કરે એવાં સામવેદનાં

દિવ્ય ગીતોમાં પણ તું છે, ગંધર્વોની વાણીમાં પણ તું છે અને ભક્ત જનોનાં મસ્તીભર્યાં મધુર ભજનોમાં પણ તું છે. વળી કોઈ ઉપાસકના અનવરત મંત્રજપમાં પણ તું છે, કોઇ સાચા વ્યાખ્યાનકર્તાના વ્યાખ્યાનમાં પણ તું બેઠેલો છે અને દૃઢ અડોલ આસન જમાવીને બેઠેલા યોગીના અખંડ ધ્યાનમાં પણ તું છે. તમામ મંત્રોમાં, તમામ સંતોની વાણીઓમાં, તમામ પ્રકારનાં ભજનોમાં પણ તુંજ છે. કારણ કે આ બધાં જુદાં જુદાં સાધનો દ્વારા તારાજ ભક્તોનો વંશ વૃદ્ધિ પામે છે અને જગતમાં તારીજ ભક્તિનો પ્રચાર થાય છે. આ જુદા જુદા પ્રકારનાં ભજનો, સાધનપ્રણાલીઓ એ કાંઇજ નથી પણ લોકોએ જુદી જુદી રીતે ઉંચા કરેલા તારાજ મહિમાની વિવિધરંગી ધ્વજાઓ છે. અહો ! આ દૃશ્ય તો ખરેખર એક વાર જોઇ લેવા જેવું છે ! આખા જગતના તમામ જ્ઞાની પુરુષો તારૂં સન્માન કરવાને માટે, તારા મહિમાને ઉચ્ચ સ્થાન ઉપર લઇ જવાને માટે, તારા યશનો વિસ્તાર કરવાને માટે પોતાની વિવિધ પ્રકારની ભજનપદ્ધતિરૂપી રંગબેરંગી ધ્વજાઓ ઉંચી કરીને કૂચકદમ કરતા ચાલ્યા આવે છે; તમામ જ્ઞાની મહાત્માઓ તારા માનમાં પોતપોતાના ધ્વજદંડ પકડીને ચાલ્યા આવે છે ! અહો ! કેવું એ અલૌકિક દૃશ્ય છે ! એ દૃશ્યને નિહાળવું એ તો એક જીવનનો લહાવો છે.

શબ્દાર્થ

(गायत्रिणः) સામવેદનાં ગાન ગાનારાઓ **(त्वा)** તારાંજ **(गायन्ति)** ગીત ગાય છે, **(अर्किणः)** મંત્રોની ઋચાઓ ભણીને સ્તુતિ કરનારાઓ **(अर्कं)** તું જે દેવ છે તેનુંજ **(अर्चन्ति)** પૂજન કરે છે, **(ब्रह्माणः)** વળી તમામ જ્ઞાની પુરુષો **(शतक्रतो)** હે અસંખ્ય પ્રકારની પ્રજ્ઞાવાળા અથવા અસંખ્ય પ્રકારનાં કર્મો કરનારા દેવ ! **(त्वा)** તનેજ, તારા મહિમાનેજ **(वंशं इव)** ધ્વજાના દંડની માફક **(उद् येमिरे)** ઉંચો ધરે છે.

१ आश्विन

श्रद्धयाग्निः समिध्यते श्रद्धया हूयते हविः ।
श्रद्धां भगस्य मूर्धनि वचसा वेदयामसि ॥
(ऋ. १०-१५१-१)

વિનય

સંસારનો કોઇ પણ અગ્નિ શ્રદ્ધા વિના પ્રદીપ્ત થઇ શકતો નથી; તેમ કોઇ પણ ત્યાગ, કોઇ પણ જાતનું બલિદાન શ્રદ્ધા વિના સમર્પિત થઈ શકતું નથી, કોઇ પણ પ્રકારની સફળતા પ્રાપ્ત કરવી હોય તો તેને સારૂ ત્યાગ કરવો પડે છે અથવા અગ્નિ પ્રદીપ્ત કરીને તેમાં બલિદાન દેવું પડે છે. કોઇ પણ અમુક દિશામાં ઉન્નતિ કરવાની ઇચ્છા હોય તો હમેશાં બે કામ કરવાંજ પડશે; એક તો આત્મબલિદાન દેવાને સારૂ હમેશાં તૈયાર રહેવું પડશે અને બીજું જે ધ્યેય આપણે આપણી સન્મુખ રાખ્યું હોય તેનો પવિત્ર અગ્નિ હમેશાં આપણા હૃદયમાં સળગતો ને સળગતોજ રહેવો જોઇશે. એ બેઉ કાર્ય–એક તો આત્મબલિદાન અને બીજું અગ્નિદીપન–શ્રદ્ધા વિના સિદ્ધ થઈ શકતાંજ નથી. આથી કરીને જગતના તમામ ધીર પુરુષો–કોઈ રાષ્ટ્રાગ્નિ તો કોઇ સંગ્રામાગ્નિ, કોઇ ધર્માગ્નિ તો કોઈ જ્ઞાનાગ્નિ, કોઇ આત્માગ્નિ તો કોઇ સંયમાગ્નિ એવા નાના પ્રકારના અગ્નિથી ધગધગતી વેદીઓને અમુક ઉચ્ચ ભાવનાથી પ્રેરિત બનીને પોતાના અટલ વિશ્વાસદ્વારા નિત્ય પ્રદીપ્ત કરતા રહે છે અને તે વેદીઓમાં પૂર્ણ શ્રદ્ધાપૂર્વક પોતાના સર્વસ્વની આહુતિઓ આપવાને હમેશાં તૈયાર ને તૈયારજ રહે છે. કોઈ પણ પ્રકારનો અગ્નિ–ભલે તે સ્થૂલ અગ્નિ કાં ન હોય–શ્રદ્ધા વિના સમિદ્ધ થઇ શકતોજ નથી. તમારી યજ્ઞવેદીનો ભૌતિક અગ્નિ પણ શ્રદ્ધા વિના નથી સળગી શકતો. જેઓ અગ્નિહોત્રનું રહસ્ય સમજી ગયા છે તેઓ તો સારી રીતે જાણે છે કે, અગ્નિહોત્રી ભક્તો જે અગ્નિને પ્રદીપ્ત કરે છે તે તો પોતાની અંદરની શ્રદ્ધાનેજ પેલા સ્થૂલ અગ્નિની અંદર સળગતી મૂકી દે છે ત્યારે તે સ્થૂલ અગ્નિ પણ પ્રદીપ્ત

થાય છે. શ્રદ્ધા વિના બહારનો અગ્નિ સળગાવવો એ વ્યર્થ છે, ખાલી લાકડાંની તાપણી કર્યા બરોબર છે. તેનાથી અગ્નિહોત્રનું કોઈ પણ ફળ મળતું નથી. અંદરનો શ્રદ્ધાગ્નિ સળગી ન ઉઠે ત્યાંસુધી એ બધીજ ક્રિયા વ્યર્થ છે. વાસ્તવિક રીતે કોઇ પણ યજ્ઞ, કોઇ પણ અગ્નિદીપન અને આત્મત્યાગ, ટૂંકામાં ઉન્નતિનું કોઇ પણ કાર્ય શ્રદ્ધા વિના આગળ ચાલી શકતુંજ નથી. એટલા વાસ્તે તો ×"શ્રદ્ધાને ધારણ કરો, શ્રદ્ધામય પુરુષ બનો" એવી અમે બૂમો પાડયા કરીએ છીએ. હે મનુષ્યો ! તમારૂં કોઈ પણ કામ તમે શ્રદ્ધાહીન બનીને ન કરતા. શ્રદ્ધા વિના કોઇ પણ કાર્યમાં કદી સફળતા મળી શકતીજ નથી. તમારાં તમામ કર્તવ્યોની સફળતાનો અને તમારા ધર્મના તમામ શાસ્ત્રોક્ત વિધિનિષેધનો આધાર કેવળ શ્રદ્ધા ઉપરજ છે. અમે વેદવાણીને નામે દાંડી પીટીને કહેતા ફરીએ છીએ, અમારા પોતાના શબ્દો વડે પણ જાહેર કરીએ છીએ, અમારા જાતિઅનુભવને આધારે પણ સૌ ભાઇઓને નિવેદન કરીએ છીએ કે 'શ્રદ્ધા એ તો ભજનીય ધર્મ--શરીરનું મસ્તક છે.' એ શ્રદ્ધા વિના ધર્મમાત્ર નિર્જીવ છે, મૂડદા સમાન છે. માટે મારા ભાઇઓ ! જ્યાં સુધી તમારા કોઇ પણ કાર્યમાં શ્રદ્ધાનો પ્રાણ ધમધમતો ન હોય ત્યાં સુધી તમે જે કાંઇ કરશો તે બધુંજ ફોકટ છે, તમારૂં જીવન પણ મૃત્યુના સરખુંજ છે.

શબ્દાર્થ

(श्रद्धया) શ્રદ્ધાવડે **(अग्निः)** અગ્નિ **(समिध्यते)** પ્રદીપ્ત થાય છે અને **(श्रद्धया)** શ્રદ્ધા વડેજ **(हविः हूयते)** આહુતિઓ દેવાય છે, આત્મબલિદાન કરાય છે. **(भगस्य)** તમામ ભજનીય વસ્તુઓના, ભાગધેય ધર્મના, ઐશ્વર્યના **(मूर्धनि)** મસ્તકના સ્થાન આગળ **(श्रद्धां)** શ્રદ્ધાને અમે **(वचसा)** વાણી વડે વેદવાણી વડે **(वेदयामसि)** ઘોષિત કરીએ છીએ, પ્રકટ કરીએ છીએ.

× પણ 'શ્રદ્ધા' એટલે ગમે તે લંગોટીઆ બાવાના વચનમાં અથવા ગમે તે પુસ્તકના નિર્ણયમાં અંધવિશ્વાસ નહિ, પણ જ્ઞાનયુક્ત, તેજસ્વી, અનુભવસિદ્ધ આત્મવિશ્વાસ–આત્મશ્રદ્ધા, વેદમાં જેને શ્રદ્ધા કહી છે તેનું સ્વરૂપ જાણવા માટે જુઓ કાર્તિક માસનો મંત્ર ૨૯ મો. —સેવાનંદ

१० आश्विन

शतहस्त समाहर सहस्रहस्त संकिर।
कृतस्य कार्यस्य चेह स्फातिं समावह ॥
(अथर्व० ३-२४-५)

વિનય

હે બે હાથવાળા માનવી ! તું સો હાથવાળો બનીને ધનનો સંગ્રહ કર; તું તારી શક્તિ સો ગણી વધારીને તે વડે ધન, ધાન્ય, ઐશ્વર્ય વગેરેની પ્રાપ્તિ કર અને તેમનો સંગ્રહ કર. પણ આવી રીતે સંપાદન કરેલા તારા ધનનું તું હજાર હાથવાળો બનીને યોગ્ય સુપાત્ર વ્યક્તિને દાન કરી દેજે. જો ધનને પ્રાપ્ત કરતી વખતે તું સો હાથવાળો થયો હોય તો તેની વહેંચણી કરતી વખતે, તેનું દાન કરતી વખતે તું સો હાથવાળો નહિ, પણ એક હજાર હાથવાળો થઇ જજે. એમ કરવાથી તારી નિઃસંદેહ ઉન્નતિ થતી રહેશે, તારી દિનપ્રતિદિન ચઢતી કળા થતી જશે, તારૂં પરમ કલ્યાણ થશે. તું તારા 'कृत'ને અને તારા 'कार्य'ને હમેશાં જોતો રહેજે. તેં જે કમાઇ કરી છે તે તો તારી કમાઇ છેજ, તે તો તારી 'कृत' કમાઇ છે; પણ તેં હજાર હાથ વડે દાન કરીને તારી કમાઇને દૂર દૂર ફેલાવી દીધી હશે તો તે પણ તારી કમાઇજ છે. તે તારી 'कार्य' કમાઈ છે, તે તને ભવિષ્યમાં તેનાં ફળ આપે એવી કમાઇ છે. સત્ય હકીકત તો એવી છે કે, જેમ એકત્ર કરેલા ધાન્યને ફળદ્રૂપ જમીનની અંદર સારી રીતે હળ ફેરવીને વેરી નાખવાથી-વાવવાથી તેમાંના એક એક કણમાંથી નવા અંકુર ફૂટે છે અને તે મોટા થશે ત્યારે તેને ફૂલ અને ફળ લાગશે અને તેમાંથી બીજા હજારો દાણા ઉત્પન્ન થશે, તેવી રીતે સત્પાત્રને દીધેલું દાન, કોઇ પણ યજ્ઞિય કાર્યમાં, લોકોપ-

કારના કાર્યમાં ખર્ચેલું ધન અનંતગણા ફળને નીપજાવે છે. આવી રીતે ધનનું દાન કરવાથી તું કેટલાગણી મોટી ફસલનો ધણી થઇશ તેનો હે માનવી ! તું વિચાર કર. તું કેટલી મોટી, કેટલી બધી મૂલ્યવાન ‘ **स्फाति** ’નો માલિક બનીશ તેને તું વિચાર. આ ઉન્નતિ “સો હાથ વડે કમાણી કરીને તેનું હજાર હાથ વડે દાન કર્યાનું” પરિણામ છે. તું આ સિદ્ધાન્તનું પાલન કરતો રહીને તારી પોતાની આવા પ્રકારની ઉન્નતિને યોગ્ય રીતે પ્રાપ્ત કરતો રહેજે.

શબ્દાર્થ

(शतहस्त) હે સો હાથવાળા મનુષ્ય ! **(समाहर)** તું એકત્ર કર અને **(सहस्रहस्त)** હે હજાર હાથવાળા ! **(संकिर)** તું દાન કર, તેને વિખેરી નાખ, વહેંચી નાખ. આ રીતે **(कृतस्य)** તેં જે કમાઇ કરી છે તેની અને **(कार्यस्य च)** જે તું કરવાનો છે તેની **(स्फातिं)** વૃદ્ધિને, ફસલને **(इह)** તું આ સંસારમાં **(समावह)** યથાયોગ્ય રીતે પ્રાપ્ત કરજે.

११ आश्विन

उत देवा अवहितं देवा उन्नयथा पुनः ।
उतगश्चक्रुषं देवा देवा जीवयथा पुनः ॥
(ऋ० १०-१३७-१ अथर्व० ४-१३-१)

વિનય

હે દેવો! તમારા આ સંસારની અંદર કોઇ પણ મનુષ્ય સદાને માટે પતિત નથી થતો, તેમ કોઈ સદાને માટે મૃત્યુ પણ નથી પામતો. માણસ ગમે તેવો પતિત થયો હોય, અવનતિના ખાડામાં ગબડી પડયો હોય તોપણ તે જ્યારે ઉન્નત થવાની ઇચ્છા કરે ત્યારે પાછો તે ઉન્નત થઇ શકે છે. હે દેવો! તમે તો મરી ગએલા મનુષ્યને પણ પાછો સજીવ કરી શકો છો. ગમે તેવો પાપી મનુષ્ય પણ તમારી સહાયવડે ફરીથી પુણ્યાત્મા બની શકે છે. અમે પતિત થયાથી ઘણીખરી વાર નિરાશ થઇ જઇએ છીએ. અમે એવું માની લઇએ છીએ કે, હવે તો અમારો કોઇ પણ રીતે ઉદ્ધાર નહિજ થાય. પણ હે દેવો! તમે તો ખરેખરા દેવજ છો. તમે તો ઘણીજ મહાન શકિત અને જ્ઞાનપ્રકાશયુકત છો, તમે બેઠા છો અને છતાં અમે ઉન્નતિ કરી ન શકીએ એવું તે કાંઈ હોય? પરોપકારને માટેજ જીવન ધારણ કરનાર શ્રેષ્ઠ પુરુષો! પતિત જનોને ઊંચકીને ઉભા કરનારા હે મહાત્મા પુરુષો! હે મારા કરુણાપરાયણ ગુરુજનો! તમે તો દેવજ છો. તમારી કૃપામાં ઘણીજ ભારે અદ્ભુત શકિત રહેલી છે. તમે તો કોણ જાણે કેટલાય પતિતોને તાર્યા હશે, કેટલાય ડૂબતાઓને ઉગાર્યા હશે? કંઠે પ્રાણ આવ્યા હોય એવી અવસ્થામાંથી પણ તમે ખરી અણીને વખતે આવીને જીવનદાન દીધાં છે અને નીચમાં નીચ પાપીઓને પણ વિનાશની છેવટની પળે તમે પુણ્ય-

જીવન તરફ પાછા વાળી દીધા છે. મરણ થયા પછી તો જીવ માત્ર પુનર્જન્મ પામે છે. પણ એ મૃત્યુ કાંઇ સાચું મૃત્યુ નથી; પાપી બનવું એજ સાચું મૃત્યુ છે. અમર આત્મા જો કદી મરણ પામતો હોય તો તે માત્ર અપરાધ કરવાથીજ મરણ પામે છે. પણ હે દેવો! તમે તો આવા અત્યંત વિકટ આત્મિક મૃત્યુમાંથી પણ ઉગારી લો છો અને ફરીથી પુણ્ય જીવનનો સંચાર કરો છો, તમે આવા સમર્થ છો અને અમે તમારા છીએ તો પછી અમે નિરાશ થઇએજ શા માટે? નિરુત્સાહી બની જઇને હાથપગ હલાવવાનું છોડી દઇએજ શા માટે? તે કરતાં તમારી જીવનદાયિની શક્તિનું શરણ શા માટે ન લઇએ? હે દેવો! અમને પૂરેપુરો વિશ્વાસ છે કે, તમે તમારે શરણે આવેલાને અવશ્ય ઉપર ઉંચકી લો છો અને અમારા સરખા મરેલાઓને ફરીથી જીવનદાન દો છો.

શબ્દાર્થ

(**देवाः**) હે દેવો! (**देवाः**) તમે દેવો (**अवहितं**) નીચે પડેલાને, પતિતને (**उत**) પણ (**पुनः**) ફરીથી (**उन्नयथाः**) ઉન્નત કરી દો છો, ઉઠાવી લો છો અને (**देवाः**) હે દેવો! (**देवाः**) તમે દેવો (**आगः चक्रुषं**) પાપ કરનારાઓને, પાપીઓને (**उत**) પણ (**पुनः**) ફરીથી (**जीवयथाः**) જીવતા કરો છો, જીવનદાન દો છો.

१२ आश्विन

वि ग्राम्याः पशव आरण्यैः व्यापस्तृष्णयासरन् ।
व्यहं सर्वेण पाप्मना वि यक्ष्मेण समायुषा ॥

(अथर्व. ३-३१-३)

વિનય

હું પવિત્રાત્મા હોઇ તમામ પ્રકારનાં પાપથી, દોષોથી સર્વથા વિયુક્ત છું, હું નિષ્પાપ હોવાથી તમામ પ્રકારના રોગોથી અળગો છું. આવી રીતે નિષ્પાપ અને નીરોગ હોઇને હું હમેશાં આયુ અને પ્રાણથી સંયુક્ત રહું છું. વસ્તીનાં ઢોર અને વન વગડાનાં ઢોર એ બેઉ કદી ભેગાં રહી શકે ખરાં? અરે! તેઓ તો એકબીજાને જોતાં વારજ સામસામી દિશામાં નાસવા માંડે છે. આવું છે તો પછી કોઈ પણ પ્રકારનું પાપ મારી આગળ ઉભુંજ કેવી રીતે રહે? જે પાણી છે તેને તે કદી તરસ લાગે ખરી કે? ત્યારે મારી આગળ પાપથી ફરકાયજ કેવી રીતે? નહિ, નહિ, હું જે વિશુદ્ધાત્મા છું તેની પાસે તો પાપની છાયા પણ ન હોય. હું જે નિષ્પાપ છું તેના ઉપર રોગની છાયા પણ કેવી રીતે પડવાની હતી! હે મારા નિર્લેપ વિશુદ્ધ આત્મન્! હું તો સદાય તારા પ્રાણ અને જીવનથી સંપન્ન છું અને એ પ્રાણ અને જીવન વડે સદાય સંપન્નજ રહીશ.

શબ્દાર્થ

(ग्राम्याः पशवः) ગામડાંનાં પશુઓ **(आरण्यैः)** જંગલનાં પશુઓથી **(वि असरन्)** ઉલટી દિશામાં જતાં રહે છે, **(आपः)** પાણી **(तृष्णया)** તરસથી **(वि)** વિયુક્ત રહે છે, તેવી રીતે **(अहम्)** હું **(सर्वेण पाप्मना)** તમામ પ્રકારનાં પાપોથી **(वि)** વિયુક્ત છું, **(यक्ष्मेण)** રોગથી **(वि)** વિયુક્ત છું અને **(आयुषा)** આયુ, પ્રાણ અને જીવન વડે હમેશાં **(सं)** સંયુક્ત છું.

१३ आश्विन

असद् भूम्याः समभवत् तद्यामेति महद् व्यचः ।
तद् वै ततो विधूपायत् प्रत्यक् कर्त्तारमृच्छतु ॥

(अथर्व. ४-१९-६)

વિનય

તમે શું એમ માનો છો કે, આ સંસારમાં 'અસત્' નો અને પાપનોજ વિજય થયા કરે છે ? હા, એ વાત ખરી છે કે, પરમેશ્વર પોતાના આ સંસારની અંદર જરૂર ઘણી વાર પાપને થોડી વાર સુધી ફાલવા દે છે, તેને પરિપકવ થવા દે છે, પણ વખત આવી પહોંચતાં તેનો વિનાશ થયા વિના રહેતોજ નથી. પાપનો વેલો ખૂબ ફાલે ફૂલે છે તો ખરો, પણ ઉખડે છે ત્યારે જડમૂળથી ઉખડી જાય છે. કોઈ કોઇ વાર પાપનો વેલો જમીનમાં ઉગીને વધતો વધતો આખાય અંતરિક્ષમાં ફેલાઇ જાય છે અને તેનો ફેલાવો એટલો બધો વધી જાય છે કે કોઇ કોઇ વાર તો દ્યુલોકના પ્રકાશને પણ ઢાંકી દે છે. આવું થાય છે ત્યારે તો લોકો હાહાકાર કરવા મંડી જાય છે. પણ તેની પછીનીજ પળે તે છિન્નભિન્ન થવા લાગે છે અને ત્યાંથી ગબડતો ગબડતો પોતાના વાવનારને દુઃખની પ્રતિક્રિયા ચખાડીને આખો ને આખોજ ત્યાંનો ત્યાં વિલીન થઈ જાય છે. જેટલા જેટલા અધર્મ ઉગે છે તે બધાય પૃથ્વીમાંથી, અજ્ઞાનમાંથી, અંધકારમાંથી, જડતામાંથી ઉત્પન્ન થાય છે. તે પોતાના સ્થૂળ બળને–પશુબળને વધારતા વધારતા ચારે દિશાએ ફેલાઈ જાય છે. તેઓ પોતાના સ્થૂળ બળ વડે પોતાનો અર્થાત્ પાપનો વિરોધ કરનારા તમામ લોકોને એક વાર તો દબાવી દે છે. તેના આવા દબાવી દેવાના સ્વભાવને લીધે ધીરે ધીરે આખાય સંસારમાં તેનાંજ દુંદુભિ ગાજી રહે છે, તેનીજ આણ વર્તાઇ જાય છે, જગતમાં તેનોજ શક્કો વાગવા માંડે છે. સંસારના ભલભલા દિવ્ય પુરુષોનું, મોટા

મોટા ઈશ્વરપરાયણ મહાત્માઓનું દિવ્ય તેજ પણ તેણે ઉરાડેલી આંધીના અંધકારમાં ઢંકાઇ જાય છે. એવે ટાણે સાધારણ લોકો તો બિચારા ભયભીત બની જઇને મોઢેથી ચૂં કે ચાં કર્યા વગરજ તેના અંધેર રાજ્યને નિભાવવામાં સહકાર આપતા થઇ જાય છે, પાપની સાથે સહકાર કરવામાંજ પોતાનાં હિત અને સ્વાર્થ સધાતાં હોય એવું માનતા થઈ જાય છે. આ અંધકારમાં તેઓને ભારે બેચેની અને ગભરાટ તો થયાજ કરે છે અને દહાડે દહાડે તેમનો ગભરાટ વધતો પણ જાય છે. આવે વખતે ઈશ્વરના નિયમોની અટળતાનો અનુભવ કરનારા કોઇ કોઇ વિરલાઓ જરા પણ ગભરાતા નથી, લેશમાત્ર પણ ક્ષોભ પામતા નથી, પરંતુ ઉલટા મનમાં રાજી થાય છે, કેમકે તેઓ તો જોઇ શકે છે કે, પાપ જેટલું વધી શકવાનું હતું તેટલું વધી ચૂકયું છે અને હવે તો તેના વિનાશકાળનાં ચોઘડિયાં વાગી રહ્યાં છે. અધર્મના લૂલા પાયા ઉપર ઉભી કરેલી પાપની ઊંચી અને ભભકભરી ઇમારત આખી ને આખી પોતાનાજ ભારને લીધે આપોઆપ તૂટી પડવા માંડે છે અને તેના રચનારને, તેને ઉભી કરનારને દુઃખ, સંતાપ આપતી આપતી નીચે આવી પહોંચે છે અને ધૂળમાં ગબડતી, પછડાતી અને પોતાના કર્તાને પણ સાથે ઘસડતી જમીનદોસ્ત બની જાય છે.

હે મનુષ્યો ! યાદ રાખજો કે, આ સંસારમાં વિજય તો સત્‌નો અને પુણ્યનોજ થાય છે.

શબ્દાર્થ

(असत्) પાપ, અધર્મ **(भूम्याः)** પૃથ્વીમાંથી **(समभवत्)** ઉત્પન્ન થાય છે અને **(तत्)** તે **(महत् व्यचः)** મોટા ભારે રૂપમાં (અંતરિક્ષની અંદર) ફેલાઇને **(द्यां)** દ્યુલોક સુધી **(एति)** ઉંચે ચઢી જાય છે. પણ **(ततः)** ત્યાંથી, આટલે સુધી વધ્યા પછી પણ **(तत्)** તે **(वै)** નિઃસંદેહ **(विधूपायत)** પોતાના કર્તાને સંતાપ આપીને **(प्रत्यक्)** તેના તરફ પાછું વળીને **(कर्तारं)** તે કર્તા [પાપકર્તા]ના ઉપરજ **(ऋच्छतु)** તૂટી પડે છે, આવી પડે છે.

१४ आश्विन

यश्चकार न शशाक कर्त्तुं शश्रे पादमङ्गुरिम् ।
चकार भद्रमस्मभ्यम्, आत्मने तपनं तु सः ॥
(अथर्व. ४-१८-६)

વિનય

કોઇ બળહીન અશક્ત પુરુષ ક્રોધના આવેશને વશ થઇને કોઈ બળવાન વ્યક્તિની હિંસા કરવાને ધુંવાં પુંવાં બનીને તૈયાર થઇ જાય છે, ત્યારે તે ઘણું કરીને તેના પોતાનાજ હાથપગ ભાંગી શકે છે, પેલા બળવાન માણસનું તે કાંઇજ નથી બગાડી શકતો. ઉતાવળાપણાનું, વગર વિચાર્યે ઝટ લઇને કાંઇ કરી બેસવાની ટેવનું, લાગણીના ઉભરાને વશ થઇને પરિણામનો વિચાર કર્યા વગર કામ કરી બેસવાનું આવુંજ પરિણામ થયા કરે છે. વળી સત્ય હકીકત એ છે કે, જે નિર્બળ હોય છે તેજ હિંસા કરે છે, અને હિંસા દ્વારા જે કામ કરવાની ઇચ્છા રાખીએ તે કામ કરવાને આપણે હમેશાં અશક્તજ નીવડીએ છીએ. કારણ કે હિંસા વડે આપણે કોઇનો પણ વિનાશ કરી શકતાજ નથી. અમુક વખત સુધી તેને સંતાપ આપ્યા કરીએ, તેના કાર્યને ભલે થોડી વાર સુધી રોકી રાખીએ, પણ તેથી કરીને જેની આપણે હિંસા કરીએ છીએ તેની તો આથી ઉલટી વૃદ્ધિ થાય છે, તે ઉલટો વધારે ફાલે ફૂલે છે અને આપણી પોતાની તો સદૈવ તેથી હાનિજ થાય છે. જરાક વધારે ઊંચી દૃષ્ટિ કરીને જોઇશું તો સમજાશે કે, જ્યારે જ્યારે આપણે કોઈ મનુષ્ય ભાઈની હિંસા કરીએ છીએ, ત્યારે આપણે ખરી રીતે તેનું તો કશું નથી બગાડી શકતા, પણ આપણા પોતાનાજ કોઇ કોઈ અવયવને, આપણા પોતાનાજ હાથ-પગને કાપી નાખીએ છીએ. હિંસા કરવાથી

આપણી પોતાની જાતને જે ચણચણાટ થાય છે, આપણો આત્મા અમુક અંશે નિર્બળ અને નિસ્તેજ થાય છે, તે નુકસાન તો જાણે થવાનુંજ. આટલા માટે જ્ઞાની પુરુષો તો પોતાની હિંસા કરનારના ઉપર હમેશાં દયાજ લાવે છે. કોઇ તેમને લાકડી વડે મારે છે ત્યારે તેમને પોતાના શરીરને થતી ઇજાની દરકાર નથી હોતી, પોતાની શારીરિક પીડાનો તેમને વિચાર નથી આવતો, પણ પોતાને મારનારના કોમળ હાથને લાકડી વીંઝવાથી પીડા તો નહિ થઇ હોય તેની તેમને ચિંતા થતી હોય છે. વાસ્તવિક રીતે કોઇ આપણી હિંસા કરે ત્યારે તેથી આપણું પોતાનું તો હમેશાં ભલુંજ થાય છે, તેનાથી આપણી સહનશક્તિ વધે છે, આપણી તપશ્ચર્યાનું બળ પણ વધે છે અને એમ કરતાં કદાચ શરીર છૂટી પણ જાય તો તેથી પણ આપણો એક અતિ પવિત્ર યજ્ઞ પૂર્ણ થઇ જાય છે અને પરિણામે આપણી આત્મિક શક્તિમાં વધારો તો થવાનોજ. આથી કરીને આપણું તો બધી બાજુએથી ભલું ને ભલુંજ થાય છે અને જો કાંઇ સહન કરવું પડે છે, જો કાંઇ હાનિ અથવા સંતાપ થાય છે તો તે પેલા બિચારા હિંસકનેજ. ખરી રીતે તો તેનેજ તપવું પડે છે. પ્રથમ તો તે પોતાનાજ ક્રોધાગ્નિના તાપમાં તપે છે અને ત્યારપછી પોતાની હિંસાની, પોતાના પાપની પ્રતિક્રિયારૂપે, ફળરૂપે આવી પડતાં દુઃખોની આગમાં પણ તેને તપવું પડે છે.

શબ્દાર્થ

(यः) તે જે **(चकार)** હિંસા કરે છે, **(कर्त्तुं न शशाक)** તે કંઇ નથી કરી શકતો, તે કાર્ય કરવામાં અશકત નીવડે છે અને તે **(पादं अंगुरिं)** પોતાનાજ પગની આંગળીને, પોતાનાજ કોઈ અંગને, અવયવને **(शश्रे)** કાપી નાખે છે, હિંસિત કરે છે. આપણી હિંસા કરનાર વ્યક્તિ **(अस्मभ्यं)** આપણું તો **(भद्रं)** હમેશાં ભલુંજ **(चकार)** કરે છે, **(तु)** પણ **(सः)** તે **(आत्मने)** પોતાની જાતને **(तपनं)** તપાવવાનું કરે છે, તે પોતાની જાતનેજ તપાવે છે.

१५ आश्विन

स्वर्यन्तो नापेक्षन्त आ द्यां रोहन्ति रोदसी ।
यज्ञं ये विश्वतोधारं सुविद्वांसो वितेनिरे ॥
(अथर्व. ४-१४-४ । यजु. १७-६८)

વિનય

આપણે જે જે યજ્ઞો કરીએ તે તે બધાજ **'विश्वतोधार'** બધી બાજુએથી બધાને ધારણ કરનારા હોવા જોઇએ, પણ ઘણી ખરી વાર આપણા યજ્ઞો **'एकतोधार'**–એકજ બાજુએથી માત્ર એકનેજ ધારણ કરનારા હોય છે. આમ થવાનું એકજ કારણ છે કે, આપણી દૃષ્ટિ આઘે સુધી નથી પહોંચતી, તેથી કરીને આપણે આખા વિશ્વના ઉપર દૃષ્ટિ રાખીને લોકોપકાર નથી કરતા. આથી કરીને આપણાં યજ્ઞકાર્ય–અર્થાત્ આપણાં લોકોપકારનાં કાર્યો સાંકડાં, અદૂરગામી અને એકપક્ષીય હોય છે. આપણે જે કાંઈ કરીએ છીએ તે કાં તો આપણા પોતાના સમાજના હિતને માટે, કાં તો આપણા સ્વદેશ અથવા રાષ્ટ્રના હિતને માટે અથવા અમુક સંસ્થાના અથવા આપણા પોતાના કુટુંબના હિતને માટે ભારે ભારે સ્વાર્થત્યાગ કરી નાખીએ છીએ; પણ એ સમાજનું, સંસ્થાનું, દેશનું અથવા રાષ્ટ્રનું હિત આખાય સંસારના હિતની સાથે વિરોધ ધરાવે છે કે નહિ, આમાંનું કોઇનું પણ હિત કરવા જતાં આખા સંસારનું હિત માર્યું જાય છે કે નહિ, એ વાત આપણે ધ્યાનમાં લેવી જોઇએ તે નથી લેતા. વિશ્વતોધાર યજ્ઞ તો તેજ કહેવાય, કે જે ***'सर्वभूतहित'** ને અર્થે થતો હોય, જે આખા વિશ્વના કલ્યાણને અર્થે, પ્રાણીમાત્રના હિતનો વિચાર રાખીને થતો હોય અથવા પરમાત્મપ્રીત્યર્થેજ થતો હોય એમ કહીએ તોપણ ચાલે. એજ યજ્ઞ ચારે દિશાએ પૂરેપુરો ફેલાયેલો,

---

* ગીતા, અ૦ ૫, શ્લોક ૨૫, અ૦ ૧૨, શ્લોક ૪.—**મૂળલેખક**

વિતત અને વ્યાપક નીવડે છે. એજ યજ્ઞ ×'**વિષ્ણુ**' કહેવાય છે. પણ યજ્ઞના આવા વિષ્ણુરૂપને અથવા વિશ્વતોધાર રૂપને ઓળખનારા ઉત્તમ જ્ઞાની પુરુષો વિરલાજ હોય છે અને એવા વિરલા નરોજ તે યજ્ઞને વિતત, વ્યાપક કરી શકે છે. આથી કરીને જેઓ '**सुविद्वान्**' છે તેઓ તો તરતજ પૃથિવી અને અંતરિક્ષની સ્થૂળ અને માનસિક ભૂમિકાઓને ઓળંગીને આત્માની સુખમય અને પ્રકાશમય સૃષ્ટિમાં ચાલ્યા જાય છે, ઘણીજ સુગમતાપૂર્વક ચઢી જાય છે. ત્યાં તેઓ આત્મિક સુખનો ઉપભોગ કરતા હોવાથી ત્યાંનો આનંદ માણતા હોવાથી તેમને દુનિયાની કોઇ પણ બીજી વસ્તુની જરાય પરવા રહેતી નથી. '**विश्वतोधार**' યજ્ઞ કરનારાઓને ઉપરોક્ત '**स्वः**'નું–આનંદમય અવસ્થાનું–એવું સરસ દૃઢ અવલંબન મળી જાય છે કે પછી તેમને સંસારની કોઇ પણ વસ્તુનો આધાર લેવાની લગારે અપેક્ષા રહેતી નથી. ભલે તેમના સાથીઓ તેમને તજીને ચાલ્યા જતા રહે, ભલે તેમનું બધુંજ પ્રભુત્વ નષ્ટ થઇ જાય, ભલે તેમની તમામ પ્રતિષ્ઠાના ઉપર પાણી ફરી વળે પણ આમાંની કોઇ પણ વસ્તુને પકડી રાખવાના હેતુથી તેઓ પોતાના યજ્ઞને થોડી વારને માટે પણ નાનો, સાંકડો અને અવ્યાપક નથી કરતા તે નથીજ કરતા. તેઓ પોતાની દૃષ્ટિને પણ કદી નીચી કે સંકુચિત નથી કરતા. ઉંચે ચઢતી વખતે આ બધી નીચેની ક્ષુદ્ર વસ્તુઓ ઉપર તેમની નજર પણ નથી પડતી. તેઓ ઉંચે ને ઉંચે ચઢતાજ જાય છે અને ત્વરાથી સુખમય અને પ્રકાશમય દ્યુલોકમાં જઇ પહોંચે છે તેનું આજ રહસ્ય છે.

શબ્દાર્થ

(ये) જે **(सुविद्वांसः)** ઉત્તમ જ્ઞાની મહાપુરુષો **(विश्वतोधारं यज्ञं)** વિશ્વતોધાર યજ્ઞને, બધાંને બધી બાજુએથી ધારણ કરે એવા યજ્ઞને **(वितेनिरे)** વિસ્તૃત કરે છે તેઓ **(स्वः यन्तः)** આનંદમય સ્થિતિને પ્રાપ્ત કરતા રહીને **(न अपेक्षन्त)** કોઇ અન્ય વસ્તુની અપેક્ષા રાખતા નથી, અથવા નીચે જોતા નથી **(रोदसी)** તેઓ દ્યાવા–પૃથ્વીને ઓળંગીને **(द्यां)** દ્યુલોકમાં **(आरोहन्ति)** ચઢી જાય છે.

× '**यज्ञं वै विष्णुः**,' શતપથ બ્રાહ્મણ ૧-૯-૩-૯, ૧-૧-૨-૨૩

—મૂળલેખક

१६ आश्विन

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।
उर्वारुकमिव बन्धनात् मृत्योर्मुक्षीय मामृतात् ॥
(ऋ. ७-५९-१२)

વિનય

સ્વાભાવિક અને જેવું થવું જોઇએ તેવું મૃત્યુ તો તેનું નામ કે જેમ ડાળ ઉપરથી પાકું ફળ ખરી પડે, તેમ શરીર સ્વાભાવિક રીતેજ કશી પીડા વગર એમ ને એમજ છૂટી જાય. આપણું મૃત્યુ પણ એવીજ રીતે થાય એવું આપણે જરૂર ઇચ્છીએ. પૂરેપુરા પાકા ગલ થઇ ગએલા ફળને વૃક્ષમાંથી મળવી જોઇતી ઘણામાં ઘણી પુષ્ટિ મળી ચૂકેલી હોય છે અને પાકી જવાથી તેનામાં એક પ્રકારની મનોહર સુગંધ પણ આવી હોય છેજ. એવા પાકા ગલ ફળને ઝાડની ડાળીએથી તોડતી વખતે જોર કરવું નથી પડતું, તે તો પોતાની મેળેજ સહેલાઈથી તૂટી પડે છે. આપણે ઇચ્છીએ છીએ આ સંસારથી જુદા થવાનો આપણો વખત આવી પહોંચે તે વખતે આપણું મૃત્યુ, પણ આમ સહેલાઈથી અને સ્વાભાવિક રીતેજ થાય તો કેવું સારૂં ! હે ભગવન્ ! અમે તમારૂં યજન કરીએ છીએ તેનું આ એક પ્રયોજન છે. તમારૂં યજન કરતાં કરતાં અમે આ સંસારવૃક્ષની ઉપર સ્વાભાવિક રીતે પરિપકવ થતા જઇશું. હે પ્રભો ! 'સુંદર સુગંધદાતા' અને 'પુષ્ટિને વધારનારા'ના રૂપમાં અમે તમારી ઉપાસના કરીએ છીએ. તમારી ઉપાસના કરતાં કરતાં અમે જેમ જેમ ધીરે ધીરે પરિપકવ થતા જઈશું, તેમ તેમ પરિપકવ અવસ્થાને ઉચિત સુંદરતા અને સુગંધ પણ અમારામાં આવી ગઇ હશે અને તેની સાથે અમને પૂરેપુરી પુષ્ટિ પણ મળી ચૂકી હશે. આવી પરિપકવ અવસ્થામાં શરીરને છોડી દેવું, સંસારની વિદાય લેવી એ ભયંકર અને દુઃખદાયક થવાને બદલે કેવું સ્વાભાવિક અને શાન્તિદાયક નીવડશે ! લોકો મૃત્યુથી નકામા બીએ છે. હે મૃત્યુના સ્વામી દેવ ! આવા લોકો તમારાથી પણ ડરે છે, તમારૂં રુદ્ર રૂપ જોઇને ગભરાઈ જાય છે. પણ હે રુદ્ર ! તમે તો 'त्र्यंबक' છો, ત્રણે લોકના નેત્રરૂપ છો,

ત્રણે અવસ્થાઓના—ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના—અધિદ્રષ્ટા છો. અરે ! ખરી રીતે તો એમજ કહેવું ઘટે કે, ત્રણે લોકની ત્રણે અવસ્થાઓમાં તમે અમ્બા છો, માતા છો. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર તમે તો અમારી માતા છો. જેમની નજરે તમારૂં કેવળ પ્રલયકારી સંહારકારક સ્વરૂપ નજરે પડે છે તેઓ તમારાથી અને તમારા મોકલેલા મૃત્યુથી ગભરાઇ ઉઠે છે. તેઓ તમારા પુષ્ટિવર્ધક અને સુંદર રૂપને નથી જોઈ શકતા. આથી કરીને તેઓ તમારૂં યજન કરતા હોય છે તોપણ તમારામાંથી રસ ગ્રહણ કરીને પરિપકવતા નથી પામી શકતા. આથી કરીને તેમને જોર-જુલમથી સંસાર છોડવો પડે છે, જેથી તેમને માટે મૃત્યુ ઘણું કલેશજનક નીવડે છે. હે અમ્બક ! તું ભલે સંહાર કરતી હોય, પણ અમારી તો માતાજ ને ! તું જ્યારે આ લોકરૂપી તારી ડાબી બાજુની સોડમાંથી ઉંચકીને (મૃત્યુ દ્વારા) અમને તારી બીજી બાજુએ સૂવાડે છે, ત્યારે અમે નાદાન બાળકો રડીએ છીએ. 'હાય રે ! અમે ગયાં રે ! અમે મુઆં રે !' એમ કરીને કલ્પાંત પણ કરીએ છીએ. કારણ કે તે વખતે તું અમને પરલોકરૂપી તારી બીજી બાજુની સોડમાં સૂવાડી દેવાને વાસ્તેજ અમને અહીંથી ઉપાડી લે છે તે અમે નથી જાણતાં હોતાં. અમે તારાં અણસમજુ બાળકો તારી અમૃતમયી સોડને, તારા સુખદાયક ખોળાને પણ નથી ઓળખતાં ! પણ હે જનનિ ! તું હવે અમને એવા પરિપકવ અને સુગંધયુક્ત બનાવી દે કે અમે મરતી વખતે પણ તારા અમૃતમય ખોળા થકી કદી પણ વિખૂટા થઇએ નહિ. ઓછામાં ઓછું એટલું તો હમણાં જરૂર કરી દે કે, મૃત્યુનો ભય તો અમારા મનમાંથી નીકળીજ જાય અને તારા અમૃતમય ખોળામાંથી અમને લગાર પણ આઘા ન ખસેડતી. હે માતા ! તારા અમૃતમય ખોળાથી તો અમે જરાય છૂટા પડી ન જઇએ.

શબ્દાર્થ

(सुगन्धिं) સારી ગંધ અને સૌન્દર્યવાળા તથા **(पुष्टिवर्धनं)** પુષ્ટિ વધારનારા **(त्र्यम्बकं)** ત્ર્યંબક દેવનું, સંસારના ત્રણે લોકોના અધિદ્રષ્ટારૂપી માતાનું **(यजामहे)** અમે યજન કરીએ છીએ. **(बन्धनात् उर्वारूक इव)** લતાના બંધનમાંથી જેમ પાકું ચીભડું જુદું થઇ જાય છે તેમ (મરતી વખતે) અમે **(मृत्योः)** મૃત્યુથી—મૃત્યુના ભયથી **(मुक्षीय)** મુક્ત થઇએ, **(अमृतात्)** અમૃતથી **(मा)** નહિ.

१७ आश्विन

दृष्ट्वा रूपे व्याकरोत् सत्यानृते प्रजापतिः ।
अश्रद्धामनृते दधात् श्रद्धां सत्ये प्रजापतिः ॥
(યજુ૦ ૧૯-૭૭)

વિનય

આ સંસારની અંદર સત્ય અને અસત્ય એવાં એક-બીજાની સાથે સેળભેળ થઈ ગએલાં દેખાય છે કે એ બેઉની પરીક્ષા કરીને જુદા પાડવાનું કામ અસંભવિત જેવું થઇ જાય છે. હરકોઇ સત્યની સાથે જુઠાણું પણ એવું સૂક્ષ્મ રીતે મળી ગએલું હોય છે કે સાચા અને જૂઠાનું પૃથક્કરણ કરવામાં મોટા મોટા તત્ત્વવેત્તાઓ પણ ઘણી વાર પોતાનો પરાજય કબૂલ કરી દે છે. પણ તે છતાં સત્ય અને અસત્ય એક બીજાથી તદ્દન ઉલટી વસ્તુઓ તો છેજ અને તે છતાં તેઓ એક જગ્યાએ સાથે રહી શકેજ શી રીતે ? આમ છતાં આ બેઉ સ્વાભાવિક રીતેજ પરસ્પર વિરોધી વસ્તુઓની વચ્ચેનો ભેદ આપણે પારખી નથી શકતા તેનું એકજ કારણ છે કે, આપણે સ્વાભાવિકતાથી ઘણે દૂર નીકળી ગયા છીએ, આપણે અસ્વાભાવિક બનીને પ્રજાપતિથી ઘણે આઘે જતા રહ્યા છીએ. પ્રજાપતિ, જેમણે આપણને પ્રજાઓને ઉત્પન્ન કરી છે, જે અખિલ સંસારના સ્વામી છે, તેમણે તો સંસાર માંહેના તમામ સત્ય અને અસત્યનાં રૂપોને ચોખ્ખેચોખ્ખાં એકબીજાથી જુદાં પાડીજ રાખ્યાં છે. આ બેઉનાં રૂપોની જુદાઇને આધારે જ ઘડેલા પોતાના નિયમોદ્વારા આ સંસાર ઉપર અને પોતાની પ્રજાઓ ઉપર શાસન ચલાવે છે અને તેમના સૌના પતિ, સંરક્ષક થઇ રહ્યા છે. ત્યારે શું તે આપણને તેમની પ્રજાઓને પોતાના જગત્–શાસક નિયમો જાહેર કર્યા વગર એમ ને એમજ એ નિયમો દ્વારા આપણી ઉપર રાજ્ય કરે છે ? નહિ, નહિ, જેવી રીતે તેમણે બાહ્ય જગતની અંદર

સત્ય અને અસત્યનો વિવેક કરી રાખ્યો છે, તેવીજ રીતે તેમણે આપણી અંદર પણ એક એવું સાધન મૂકી રાખ્યું છે કે જેના વડે આપણે પ્રજાઓ સત્ય અને અસત્યનો ચોખ્ખે ચોખ્ખો ભેદ કરી શકીએ. તેમણે આપણાં અંતઃકરણમાં સત્યને માટે શ્રદ્ધા અને અસત્યને માટે અશ્રદ્ધા સ્વાભાવિક રીતેજ પેદા કરી રાખ્યાં છે. વળી તે પ્રજાપતિ પોતેજ આપણા સૌના, એકેએક જણના હૃદયની અંદર આવીને બેસી ગયા છે અને જે જે સત્ય છે, તેને માટે આપણા હૃદયમાં શ્રદ્ધા ઉત્પન્ન કરે છે; અને જે જે અસત્ય છે તેનેમાટે અશ્રદ્ધા પેદા કરે છે. આટલું છતાં પણ જો આપણાથી સત્ય અને અસત્યનો વિવેક ન થઇ શકે તો પછી આપણા જેવા ભાગ્યહીન કોણ? સાચી હકીકત એવી છે કે, એક તરફથી સત્યાસત્યનો વિવેક કરવાનું કામ જેટલું અત્યંત કઠિન છે, તેટલું તે અત્યંત સહેલું પણ છે. મેલા મનનો માણસ જે પ્રજાપતિથી દૂર ખસી જઇને ફક્ત પોતાની તર્કશક્તિ વડે સત્યાસત્યનો નિર્ણય કરવા બેસે છે, તેને માટે તો અલબત્ત, એ કાર્ય ઘણુંજ કઠિન છે, પરંતુ જે પ્રજાપતિનું શરણ લે છે અને પોતાના શુદ્ધ અંતઃકરણની અંદર તેમની આપેલી શ્રદ્ધા અને અશ્રદ્ધારૂપી પાકી કસોટીનો ઉપયોગ કરી જાણે છે એવા ભક્તજનો માટે એ કામ અત્યંત સહજ છે.

માટે મારા ભાઈઓ! જરા તમારી પોતાની અંદર શું શું છે તેને જરાક હાથ ફેરવીને શોધી કાઢો, અંદર જોઇ શકાય તો જોઇ લ્યો. પ્રજાપતિએ તો આપણાં સૌનાં હૃદયમાં સત્યને માટે શ્રદ્ધા અને અસત્યને માટે અશ્રદ્ધા પહેલેથીજ ઉત્પન્ન કરી રાખ્યાં છે.

શબ્દાર્થ

(प्रजापतिः) પ્રજાપતિએ **(दृष्ट्वा)** જોઇને **(रूपे)** તમામ રૂપને બે વિભાગોમાં **(सत्यानृते)** સત્ય અને અસત્ય એવા બે વિભાગોમાં **(व्याकरोत्)** સ્પષ્ટ જુદાં પાડી રાખ્યાં છે. **(प्रजापतिः)** તે પ્રજાપતિએ **(अनृते)** અસત્યમાં **(अश्रद्धां)** અશ્રદ્ધાને **(दधात्)** મૂકી રાખી છે અને **(सत्य)** સત્યમાં **(श्रद्धां)** શ્રદ્ધાને મૂકી રાખી છે.

१९ आश्विन

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥
(ऋ. १०-१९१-२)

વિનય

હે મનુષ્યો ! તમે હમેશાં ભેગાં મળીને ચાલો; એક બનીને તમારાં કાર્યો કરો; એક બનીને બોલો અને તમારાં મન પણ એકબીજાની સાથે એકતા સાધીને હમેશાં એકજ પ્રકારના નિશ્ચય ઘડે આવો દૈવી નિયમ છે. દેવલોકો હમેશાં '**संजानाना**' બનીને–સમાન મન અને સમાન જ્ઞાનવાળા બનીનેજ પોતપોતાના ભાગનાં કામ નીભાવ્યે જાય છે. ખરી વાત એ છે કે, મન દ્વારા જે જ્ઞાનની એકતા સ્થાપિત થાય છે તેજ સાચી એકતા છે. એક વાર જ્યાં મનની એકતા સ્થપાઇ ગઇ એટલે પછી વચન અને કર્મ-(આચરણ) ની એકતા થતાં કશી વારજ નથી લાગતી. જુઓ, પેલા દેવલોકો કેવા '**संजानाना**' બનીને પોતપોતાનાં કાર્ય કરી રહ્યા છે ! વારૂ, આધિદૈવિક જગત તરફ દૃષ્ટિ કરો; ત્યાં પણ અગ્નિ, વાયુ આદિ દેવતાઓ સંસારના સંચાલનને અર્થે એક જ્ઞાન, એક મન તેમજ સમાન વિચાર સહિત પોતપોતાના ભાગનાં કાર્યો યથાયોગ્ય રીતે કર્યેજ જાય છે. આધ્યાત્મિક જગતમાં જોશો તો ત્યાં પણ પ્રાણ, ઇન્દ્રિયો વગેરે દેવો કેવા પરસ્પર સંગઠિત બનીને–હળી મળીને જીવનનો વ્યાપાર નીભાવી રહ્યા છે ! પગમાં જરા જેટલો કાંટો વાગે કે તરતજ ત્વચા, પ્રાણ, મન, હાથ વગેરે દેવો એક ક્ષણવારમાં એકબીજાની સાથે પોતાનો કેવો સુંદર સહકાર કરી બતાવે છે ! વળી આધિભૌતિક જગતમાં જોશો તો ત્યાં પણ તમામ જ્ઞાની દેવ–પુરુષો એક પ્રાચીન કાળથી માંડીને આજની ઘડી સુધી

એકબીજાની જોડે પૂરેપુરા સંગઠિત બનીને ભારે ભારે કઠિન કાર્યોમાં સફળતા મેળવતા આવ્યા છે. પરસ્પર મેળ, એકતા, એ દૈવી પ્રવૃત્તિ છે. પોતાના ક્ષુદ્ર સ્વાર્થને છોડી દેવાની અશક્તિ અને કોઈની સાથે મેળજ ન કરવો, એ આસુરી પ્રવૃત્તિ છે. એટલા વાસ્તે હે મનુષ્યો ! તમે એકબીજાની સાથે હળીમળીને ચાલો. તમારા સેંકડો અંગત સ્વાર્થોનો ભોગ આપો અને સૌ એક વિરાટ્ સમષ્ટિ–સ્વાર્થની સિદ્ધિને અર્થે હરહમેશ એક બનીને પુરુષાર્થ કરતા રહો. લાખો કરોડો માણસો ભેગા મળીને કાર્ય કરવાથી એવી અત્યંત મહત્ત્વની સામુદાયિક સિદ્ધિ પ્રાપ્ત થશે કે તેના વડે એ લાખો કરોડો પૈકી પ્રત્યેક વ્યક્તિના તમામ સાચા સ્વાર્થોની પણ પૂર્તિ થઇ જશે. એકતામાં, સંગઠનમાં ઘણુંજ ભારે બળ છે. તમે એક વાર પરસ્પર સંગઠિત થઇ જાઓ, એકત્ર થઇને જે કાર્ય કરવું હોય તે કરી તો જુઓ. એમ કરશો તો દુનિયામાં એવું એક પણ કાર્ય નથી કે જેને તમે સિદ્ધ ન કરી શકો. તમે એકે અવાજે બોલશો તો તમારા અવાજના બળથી તમે આખા જગતને ડોલાવી શકશો. અને વળી ભેગા થઇને ધ્યાન કરવામાં તો પાર વિનાનું અદ્ભુત બળ રહેલું છે. માટે હે મનુષ્યો ! તમે એક થાઓ; પરસ્પર મેળ સાધો; તમામ પ્રકારે પરસ્પર એક બનીને કાર્ય કરો અને તમારા તમામ અભીષ્ટ અર્થને પ્રાપ્ત કરો.

શબ્દાર્થ

હે મનુષ્યો ! (**संगच्छध्वं**) એકબીજાની સાથે મળીને ચાલો, હળી મળીને કાર્ય કરો, (**संवदध्वं**) હળીમળીને બોલો અને (**वः**) તમારાં (**मनांसि**) મન (**संजानतां**) એકબીજાની સાથે મળીને જ્ઞાન પ્રાપ્ત કરે, તમે સમાન જ્ઞાનવાળા થાઓ; (**यथा**) જેવી રીતે (**पूर्वे देवाः**) પહેલેથી દેવલોકો (**संजानानाः**) એકબીજાની સાથે મળીને જ્ઞાન પ્રાપ્ત કરતા હતા, એક સમાન જ્ઞાનવાળા થતા હતા અને એ રીતે (**भागं**) પોતાના ભાગની, ભજનીય વસ્તુની (**उपासते**) ઉપાસના કરતા હતા, પ્રાપ્તિ કરતા હતા.

१९ आश्विन

ईर्ष्याया ध्राजिं प्रथमां प्रथमस्या उतापराम् ।
अग्निं हृदय्यं शोकं तं ते निर्वापयामसि ॥

(अथर्व. ६-१८-१)

વિનય

માણસ બીજાની ઉન્નતિ સાંખી શકતો નથી એ થોડી આશ્ચર્યની વાત છે ! અદેખાઈ કરવાની જગ્યાએ જો તે પોતાના સાથીની ચઢતી કળાને જોઇને મનમાં પ્રસન્ન થાય, તેના તરફ પ્રેમ દાખવે તો કેવું સારૂં ? તેમ ન કરતાં તે ઇર્ષ્યાથી મનમાં ને મનમાં બળી જાય છે. ઈર્ષ્યા એ ઘણીજ ભૂંડી વસ્તુ છે. જ્યારે કોઇ પણ મનુષ્યના હૃદયમાં ઈર્ષ્યાની આગ સળગી ઉઠે છે, ત્યારે તે બીજા કોઇને નહિ પણ તેને પોતાનેજ ઘણીજ ખરાબ રીતે બાળી મારે છે, ઘણોજ સંતાપ આપે છે; એટલુંજ નહિ પરંતુ ઈર્ષ્યાની આગ જ્યારે ઘણી વધી જાય છે ત્યારે તો ઘણી વાર મોટાં ભર્યાં ભાદર્યાં કુટુંબોને સવંશ બાળીને ખાક કરી દે છે, કેટલીય પ્રગતિશીલ સમાજો લડાઇઓ લડીને નિર્બળ, નિઃસત્ત્વ અને પંગુ બની જાય છે ! એમાંથી કેટલાય સંગ્રામોનાં પગરણ મંડાયાં છે, જેમાં હજારો લાખો માનવીઓ ખુવાર થઇ ગયાં છે ! આટલા માટે ઈર્ષ્યારૂપી આગને શરૂઆતથી વધવા દેવીજ નહિ. ઈર્ષ્યાની આગનો સૌથી પહેલો ભડકો સળગી ઉઠે તે વખતેજ તેને હોલવી દેવી એજ સારૂં છે. એ આગને શરૂઆતમાંજ ઠંડી પાડી દેવી જોઇએ. એવે વખતે મનમાં વિચાર કરવો કે " મારા અમુક સાથીને સંપત્તિ મળી, લોકોએ તેનું સન્માન કર્યું, તેને પ્રતિષ્ઠા અથવા તો ઉંચી પદવી આપી, અથવા તેના ઉપર પ્રીતિ દર્શાવી તો તેથી મારૂં શું બગડી ગયું, કે જેથી હું બળી મરૂં અને મનમાં ચણચણ્યા કરૂં ? મારે તેથી શા માટે રાજી ન થવું ? જો મારામાં તેના જેટલી યોગ્યતા ન હોય તો મારે ધૈર્યપૂર્વક યત્ન કરીને તેના જેવા સદ્ગુણ પ્રાપ્ત કરવા જોઇએ. ખાલી પોતાની જાતને બાળી દેવી એ સારૂં નથી. તેની સંપત્તિ અથવા ઉન્નતિ જોઇને મારે બળવું તો નજ જોઇએ." જ્યારે જ્યારે મનમાં ઈર્ષ્યાનો ભડકો ઉઠે ત્યારે આવા વિચાર કરીને તેને શમાવી દેવો જોઇએ

અને વારંવાર મનમાં "મૈત્રીભાવ" ધારણ કરતા રહીને આપણા પેલા સૌભાગ્યશાળી સાથીની જોડે આપણું પૂરેપુરૂં ઐકય સ્થાપન કરવું જોઇએ, તેની સાથે આપણી પોતાની જાતને જોડીને એકમેક બની જવું જોઇએ. એમ કરતાં કરતાં આખરે તેના આત્માની સાથે આપણા આત્માની એકતા સિદ્ધ કરીને તેની સાથે એટલી હદ સુધી અભિન્નાત્મા બની જવું જોઇએ કે તેને પોતાની ઉન્નતિનો વિચાર આવતાં જેટલું તેનું અંતઃકરણ આનંદિત થાય તેટલું આપણું અંતઃકરણ પણ તેની ઉન્નતિને યાદ કરતાં આનંદિત થઈ જાય. તેની ઉન્નતિમાં, તેના સુખમાં આપણે આપણીજ ઉન્નતિનો અને આપણાજ સુખનો અનુભવ કરતા થઇ જઈએ. આવી અવસ્થા થાય ત્યારે જાણવું કે, હવે આપણે મૈત્રીભાવની સર્વોચ્ચ દશાએ પહોંચી ગયા. આવી અવસ્થા થશે એટલે ઈર્ષ્યાની આગ શમી ગયા વગર રહેશેજ નહિ અને તેને બદલે નિર્મળ પ્રેમની ગંગા વહેતી થઇ જશે.

પરંતુ આવી અવસ્થા થઇ ગયા પછી પણ છેક નિશ્ચિન્ત તો નજ થઇ જવું. કારણ કે ઈર્ષ્યાની આગ હોલવાઈ ગયા પછી પણ ફરી ફરીને પ્રજળી ઉઠે છે. કોઈ વાર આપણી અસાવધાનતાની ક્ષણે ઈર્ષ્યાની ચીનગારી ધીમે રહીને છાનીમાની સળગવા માંડે તેજ વખતે ચેતી જઇને તેના ઉપર મૈત્રીભાવના વિચારરૂપી જળનો છંટકાવ કરી દેવો અને તેને હોલવી નાખવી. તેનો ભડકો પહેલાંના કરતાં તો ઘણો નરમજ હશે એમાં તો કશો સંદેહ નથી. એમ કરતાં કરતાં જ્યાં સુધી હૃદયમાંથી શોક-સંતાપ તમામ પૂરેપુરા શમી જાય અને તેમની જગ્યાએ પ્રેમની શીતળતાનો અનુભવ થવા માંડે અને આત્મૈકયના ફુવારા ફૂટવા માંડે ત્યાં સુધી ખૂબ સાવધાનતાપૂર્વક આગને હોલવતા રહેવું જોઈએ.

હે ઈર્ષ્યાથી સંતપ્ત થએલા માનવી! અમે તારા ઈર્ષ્યાગ્નિને અમારી પ્રેમધારા વડે સર્વથા હોલવી નાખીએ છીએ.

શબ્દાર્થ

(ईर्ष्यायाः) ઈર્ષ્યાની **(प्रथमां)** પહેલીજ **(ध्राजिं)** વેગવતી ગતિને, જ્વાલાને **(निर्वापयामसि)** અમે હોલવી નાખીએ છીએ **(उत)** અને **(प्रथमस्याः अपरां)** એ પહેલીની પછીની જ્વાલાને પણ હોલવીએ છીએ, આ રીતે હે મનુષ્ય! **(ते)** તારી **(तं)** તે ઈર્ષ્યારૂપી **(हृदय्यं अग्निं)** હૃદયમાં સળગનારી આગને **(शोकं)** તથા તેના શોકસંતાપને **(निर्वापयामसि)** અમે તદ્દન શાંત કરી દઇએ છીએ.

२० आश्विन

ऋतस्यर्तेनादित्या यजत्रा मुंचतेह नः ।
यज्ञं यद् यज्ञवाहसः शिक्षन्तो नोपशेकिम ॥
(अथर्व० ६-११४-२)

વિનય

હે આદિત્યો ! તમે મારાં બંધનો છોડી નાખો. મારે યજ્ઞ કરવાની ઇચ્છા છે; હું ઇચ્છું છું કે, હું યજ્ઞ કરી શકું, પણ કરી શકતો નથી. અત્યારે હું મારા અમુક સ્વાર્થનો ત્યાગ કરી દઉં એવું હું ઇચ્છું છું, મારે તે કરવોજ જોઇએ, પણ થતો નથી. હું સ્પષ્ટ જોઇ શકું છું કે, મારે રાષ્ટ્રયજ્ઞમાં, સેવાયજ્ઞમાં અથવા ધર્મયજ્ઞમાં મારા ભાગની આહુતિ અવશ્ય આપવીજ જોઇએ, એવી આહુતિ આપવાનો ખરેખરો અનિવાર્ય અવસર પણ આવી પહોંચ્યો છે, પરંતુ કોણ જાણે શાથી મારાથી આહુતિ આપી શકાતીજ નથી ! કર્મમાં પ્રવૃત્ત થવાની મનમાં ઘણીએ ઇચ્છા હોવા છતાં હું પ્રવૃત્ત થઇ શકતોજ નથી તેનું કેમ ? મન કહે છે કે, અમુક કામ તો મારે કરવુંજ જોઇએ પણ કરવાનો વખત આવે છે ત્યારે હાથજ નથી ઉપડતા ! જાણે મારા હાથ-પગને કોઇએ બાંધી રાખ્યા ન હોય ! હે દેવો ! તમે મને મારી આવી બંધનગ્રસ્ત અવસ્થામાંથી છોડાવો. જે બંધનોને લીધે મારા હૃદયની ઈચ્છા મુજબ હું યજ્ઞકર્મ નથી કરી શકતો, મારે યજ્ઞ કરવાની ઇચ્છા હોવા છતાં પણ હું નથી કરી શકતો, તે બંધનોને તમે છોડી નાખો. હું જાણું છું કે, એનો માત્ર એકજ ઉપાય છે અને તે ઉપાય એજ છે કે, હે યજનીયો ! હે યજ્ઞવાહક આદિત્યો ! તમે મારામાં તે ‘ ऋत ’ના ऋतને, યજ્ઞોના પણ યજ્ઞને તેમજ તમામ સત્યોના એક પરમ સત્યને જાગૃત કરી દો. તે પરમ યજ્ઞરૂપનું, તે સત્યસ્વરૂપનું ધ્યાન કરતાંજ મારાં આ બંધનો આપોઆપ છૂટી જશે. બસ, તે પ્રભુ એક વાર મારા ધ્યાનની અંદર

આવીને સમાઈ જાય એટલીજ માત્ર વાર છે. અહોહો! તે પરમ યજ્ઞ–પુરુષ જેણે પોતાના આ ઐશ્વર્યથી ભરપૂર સમસ્ત વિશ્વ બ્રહ્માંડને જીવમાત્રના ઉપભોગને માટે છૂટે હાથે ખુલ્લું મૂકી દીધું છે, જેણે તેનો યજ્ઞ બનાવી દીધો છે, તે સત્યસ્વરૂપ પ્રભુ એક ક્ષણવારને માટે પણ જો દૃષ્ટિગોચર થઈ જાય, જે પ્રભુ સમસ્ત સંસારમાં એક માત્ર સત્ય વસ્તુ છે અને જેના સિવાયના બીજા બધાનોજ નાશ થઈ જનાર છે, એવા પ્રભુની જો એકજ વાર ઝાંખી થઇ જાય, એકજ વાર ધ્યાનમાં તેની ઝલક જોઈ જવાય તો તો પછી ભારેમાં ભારે ત્યાગ કરવો, મોંઘામાં મોઘું બલિદાન દઇ દેવું, કોઇ પણ યજ્ઞને અર્થે પ્રાણને પણ અર્પણ કરી દેવો, એ મારે માટે રમત જેવું બની જાય, અતિ તુચ્છ સાધારણ ખેલ થઇ જાય. એટલા માટે હે આદિત્યો! હે મારી ઉચ્ચ અને દિવ્ય પ્રકાશમય વૃત્તિઓ! જ્યારે જ્યારે હું યજ્ઞ કરવા અશક્ત નીવડું, ત્યારે ત્યારે મને તે પ્રભુનું દર્શન કરાવી દેજો, મને તેનું ધ્યાન કરાવી દેજો. તે '**ऋतस्य ऋत**'—સૌ ઋતોના ઋતસ્વરૂપ, સૌ સત્યોના સત્યસ્વરૂપ–નું ધ્યાન થઈ જતાં મને યજ્ઞ કરતો અટકાવનારી, મારી યજ્ઞ કરવાની શકિતને રોકી રાખનારી જે જે અડચણો હશે તે બધીજ નિશ્ચયપૂર્વક ખસી જશે, મને બાંધી રાખનારાં બંધનો ઢીલાં પડીને છૂટી જશે. આ રીતે, હે યજ્ઞવાહક આદિત્યો! તમે આ ઋતના ઋત દ્વારા મારાં યજ્ઞરોધક બંધનોને સદાને માટે છોડી નાખો.

શબ્દાર્થ

(यजत्राः) હે યજનીય **(आदित्याः)** આદિત્યો! પ્રકાશમય દેવો! **(इह)** આ લોકમાં **(नः)** અમને **(ऋतस्य ऋतेन)** યજ્ઞના યજ્ઞ, સત્યના સત્ય પરમેશ્વરદ્વારા **(मुंचत)** તે બંધનોથી મુક્ત કરી દો **(यद्)** કે જેમને લીધે **(यज्ञवाहसः)** હે યજ્ઞવાહક દેવો! અમે **(यज्ञं)** યજ્ઞને **(शिक्षन्तः)** કરવાની ઇચ્છા રાખતા હોવા છતાં **(न उपशेकिम)** કરવાને શકિતવાન નથી.

२१ आश्विन

यदि जाग्रद् यदि स्वपन् एन एनस्योऽकरम् ।
भूतं मा तस्माद् भव्यं च द्रुपदादिव मुंचताम् ॥
(अथर्व. ६-११५-२)

વિનય

હે ભૂત ! અને હે ભવિષ્ય ! તમે મને સદૈવ પાપથી મુક્ત કરો. હું જાગ્રત અવસ્થામાં તેમજ ઉંઘમાં પણ જે જે પાપ કરૂં છું, પાપમાં ખરડાતો જાઉં છું, તેનાથી મને મુક્ત કરો. જાગ્રત અવસ્થામાં હું સ્થૂળ વૈશ્વાનર લોકમાં રહીને જે જે સ્થૂળ પાપાચરણ કરૂં છું અને મારી સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ તૈજસ્ લોકમાં રહીને જે સૂક્ષ્મ માનસિક પાપ કરૂં છું, તેમના વડે હું બંધાઈ જાઉં છું. જે પ્રમાણે 'द्रुपद'માં, પાપબંધનમાં જકડાઈ જવાથી માણસના પગ એવા બંધાઈ જાય છે કે તે આગળ ચાલી શકતો નથી, તેમજ આ સ્થૂળ અને સૂક્ષ્મ પાપ કરવાથી અમારી ઉન્નતિના પગ એવા બંધાઇ જાય છે કે જ્યાં સુધી અમારી તેનાથી મુક્તિ ન થાય ત્યાં સુધી અમે નથી આગળ વધી શકતા કે નથી ઉન્નત થઇ શકતા. આ બંધનોમાંથી છૂટા થવાને વાસ્તે હું ભૂત અને ભવિષ્યકાળની પ્રાર્થના કરૂં છું. મારો ભૂતકાળ મારાં અત્યાર સુધીનાં આચરણની આત્મનિરીક્ષણ વડે પરીક્ષા કરીને અને મારો ભવિષ્યકાળ આગળને માટે મારી પાસે દૃઢ નિશ્ચયો કરાવીને, આ બે રીતે મને પાપબંધનમાંથી છૂટો કરે એવું હું ઇચ્છું છું. એક વાર આપણે હાથે કોઇ પાપ થઇ જાય તો થઇ ગયેલા પાપને માટે જ્યાં સુધી આપણે પશ્ચાત્તાપ ન કરીએ અને ભવિષ્યમાં તેવું પાપ ફરીથી ન કરવાનો દૃઢ નિશ્ચય ન કરીએ, ત્યાં સુધી નથી આપણે પાપમાંથી છૂટા થઇ શકતા તેમ નથી

આગળ પણ વધી શકતા. અહા ! અનાદિકાળથી ચાલ્યો આવતો મારો ભૂતકાળ અને અનંત કાળ સુધી ચાલુ રહેનાર મારો ભવિષ્યકાળ એ બેની અંદર હું મારા ચિંતનરૂપી ડૂબકી મારીને મારી સ્થૂળ–સૂક્ષ્મ તમામ પ્રકારની મલિનતાને સારી રીતે ધોઇ નાખીશ. આ ભૂતકાળનાં અથવા આ સ્થૂળ લોકનાં મારાં કામોનું હું પૂરેપુરું નિરીક્ષણ કરતો રહીને એવો કાર્યદક્ષ, સાવધાન અને સદા જાગ્રત બની જઇશ કે જાગ્રત અવસ્થાનાં સ્થૂળ પાપોથી ચેતતો રહીશ અને તેમનાથી સર્વદા બચતોજ રહીશ. આવી રીતે ભવિષ્યના બીજા સૂક્ષ્મ લોકની સહાયતા વડે મારી માનસિક સુદક્ષતાને એટલી હદ સુધી કેળવી કેળવીને તૈયાર કરીશ કે અસાવધાનીથી, વગર જાણ્યે, સ્વપ્નાવસ્થામાં થનારાં માનસિક પાપ પણ મારાથી દૂરનાં દૂરજ રહેશે. આવી આકરી સાધનામાં સિદ્ધિ મેળવ્યાથી મારો ભૂતકાળ અને મારો ભવિષ્યકાળ બેઉ મને જાગ્રત્ અને સ્વપ્નાવસ્થાનાં પાપબંધનોથી મુક્ત કરતા જશે, સદાય મને મુક્ત કરતા જશે.

શબ્દાર્થ

(यदि) જો **(जाग्रत्)** જાગતાં અને **(यदि स्वपन्)** જો ઊંઘતાં ઊંઘતાં **(एनस्यः)** હું પાપી બનીને **(एनः)** પાપ **(अकरं)** કરૂં છું તો **(तस्मात्)** તે પાપથી **(मा)** મને **(भूतं भव्यं च)** ભૂત અને ભવિષ્ય, ભૂત અને ભવિષ્યનું ચિંતન **(द्रुपदात् इव)** જેમ લાકડાની હેડ બેડીમાંથી કેદીને છોડાવાય છે તેમ **(मुंचताम्)** મને છોડાવી દે, મુક્ત કરી દે.

२२ आश्विन

पर्यावर्ते दुष्वप्न्यात् पापात् स्वप्न्यात् अभूत्याः ।
ब्रह्माहमन्तरं कृण्वे परा स्वप्नमुखाः शुचः ॥
(अथर्व० ७-१००-१)

વિનય

જ્ઞાનના દિવ્ય સૂર્યનો ઉદય થઇ ચૂકયો છે. તેથી કરીને મારી ચિરકાળની અજ્ઞાનરૂપી રાત્રિનો છેડો આવી ગયો છે અને હું મહાનિદ્રામાંથી જાગીને બેઠો થઇ ગયો છું. અત્યારલગી હું ખૂબ ઊંઘ્યો, ખૂબઊંઘ્યો અને ઊંઘમાં કોણ જાણે કેટલાંય ભયંકર દુઃસ્વપ્નો હું જોતો રહ્યો અથવા તો અકલ્યાણકારી, અનિષ્ટકર્તા અને દુઃખદાયક માઠાં સ્વપ્નોની દશામાં મેં આટલો કાળ વ્યતીત કર્યો; પણ હવે એ બધાંનો છેડોજ આવી ગયો છે. એ બધાં પાપ, દુઃખ વગેરે જે કાંઇ હતાં તે બધાં મારી અજ્ઞાન અવસ્થા પૂરતાંજ હતાં તેથી કરીને મારી નિદ્રાની સાથે તેમનો સૌનો પણ અંત આવી ગયો છે. હવે મેં પાપ–તાપ, ભય–સંકટ, દુઃખ–દારિદ્ર, એ બધાંથી અવળી દિશા તરફ મારૂં મોઢું ફેરવી દીધું છે. મેં બ્રહ્મને, મહાન જ્ઞાનને–આત્મજ્ઞાનને મારી પોતાની અંદર ધારણ કરી લીધું છે. પેલાં સ્વપ્નોમાંથી ઉત્પન્ન થનારાં તમામ દુઃખ, શોક, પીડા વગેરેને બહાર ધકેલી કાઢ્યાં છે. અરેરે ! મેં જે જે 'પાપ' કરેલાં તે બધાંજ દુઃસ્વપ્નો હતાં, જે જે 'अभूति' હતી તે પણ સ્વપ્નના જેવીજ હતી. મારી ઉંઘની સાથે તેમનો સૌનો પણ અંત આવી ગયો. ઉંઘ પોતાના ઉત્પન્ન કરેલા શોક, દુઃખ, કલેશ વગેરેને પણ પોતાની સાથે લેતી ગઇ. હવે હું પૂરેપુરો જાગી ઉઠયો છું, ખરેખરો જાગી ઉઠયો છું.

શબ્દાર્થ

(दुष्वप्न्यात्) દુઃખદાયક સ્વપ્નોમાં થનારા **(पापात्)** પાપથી અને **(स्वप्न्यात् अभूत्याः)** સ્વપ્નદશામાં થનારાં અકલ્યાણ તરફથી [અકલ્યાણ કરવાના પાપથી] **(पर्यावर्ते)** હું પાછો વળું છું, હું મારૂં મોઢું ફેરવી નાખું છું. **(अहं)** હું **(ब्रह्म)** મહાન જ્ઞાનને આત્મજ્ઞાનને **(अन्तरं)** મારી અંદર **(कृण्वे)** કરૂં છું, [ધારણ કરૂં છું] અને **(स्वप्नमुखाः)** સ્વપ્નમાંથી આવનારાં **(शुचः)** શોકને, દુઃખને **(परा)** **[कृण्वे]** દૂર ખસેડું છું.

२३ आश्विन

अपक्रामन् पौरुषेयाद् वृणानो दैव्यं वचः ।
प्रणीतीरभ्यावर्तस्व विश्वेभिः सखिभिः सह ॥
(અથર્વ૦ ૭-૧૦૫-૧)

વિનય

હે મનુષ્ય ! તું હવે પૌરુષેય (મનુષ્યકૃત) વાતો સાંભળવાનું પડતું મૂક અને ઈશ્વરીય વચનો કાને ધર. દરેક બાબતમાં જેટલો પૌરુષેય-મનુષ્યકૃત-અંશ હોય તેટલો તું છોડી દે અને તેમાં જે સારયુક્ત, સત્ય અને દૈવી અંશ હોય તેને તું ગ્રહણ કરી લે. જે નીતિ અનુસાર તારે તારૂં પોતાનું અને તારા સોબતીઓનું જીવન ઘડવાનું છે તે આજ નીતિ છે. જો તારે ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવાના કોડ હોય, સાચી શિક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા હોય, તો તું સાધારણ લોકોની સ્તુતિ અથવા નિંદાની માલ વિનાની વાતોથી, વર્તમાનપત્રોની મસાલેદાર અને ઉત્તેજક સામયિક અસ્થાયી અને ભ્રાન્તિપૂર્ણ ચર્ચાઓથી, માણસોના રાગદ્વેષ વડે રંગાએલા અને કાં તો અતિશયોક્તિવાળાં અને કાં તો હીનોક્તિવાળાં ભાષણોથી આઘોજ રહેજે, તારે કાને એવી વાતો આવે તોપણ તું તેમને સાંભળતોજ નહિ, અને હમેશાં મૂળભૂત સનાતન ઈશ્વરીય નિયમોનેજ ઈશ્વરના સત્ય સિદ્ધાંતોનેજ શોધતો રહેજે અને શોધી શોધીને તું તેમનો અભ્યાસ કરતો રહેજે. એવું કરીશ તો તું જ્યાં ત્યાં વેદનોજ અભ્યાસ કરી શકીશ અને ઈશ્વરની વાણીનેજ સાંભળતો થઇ જઇશ. આ રીતે તું હમેશાં સાચી અને દૈવી પ્રકૃષ્ટ નીતિઓને, ઉત્તમ શિક્ષાઓને અને સન્માર્ગોને પ્રાપ્ત કરતો રહેજે અને તેમને અનુસરીને તું તારૂં જીવન

ઘડજે, તારા સર્વ પ્રકારના વ્યવહાર પણ તેમની મર્યાદામાં રહીને કરજે; તારા પોતાના મિત્રો, સાથીઓ, શિષ્યો અને અનુયાયીઓ સહિત એ દૈવી નિયમો મુજબ તારું જીવન વ્યતીત કરજે અને તે દૈવી પ્રણીતિઓનું અનુસરણ કરજે. આ રીતે તું તારા મનુષ્યત્વને સફળ કરીશ, તારા જન્મને સાર્થક કરીશ.

શબ્દાર્થ

હે મનુષ્ય ! **(पौरुषेयात्)** માણસોની મનુષ્યકૃત [વાતોથી] **(अपक्रामन्)** આઘો ખસતો રહીને **(दैव्यं)** દેવ સંબંધી ઈશ્વરીય **(वचः)** વચનોને **(वृणानः)** શ્રેષ્ઠ માની તેમનો તું સ્વીકાર કર અને તું **(प्रणीतीः)** આ દૈવી પ્રકૃષ્ટ નીતિઓનું, સુશિક્ષાઓનું **(विश्वेभिः सखिभिः सह)** પોતાના તમામ સાથીઓ અને મિત્રોસહિત **(अभि आ वर्त्तस्व)** બધી રીતે પાલન કર, તેમને અનુસરીને આચરણ કર.

२४ आश्विन

सख्ये त इन्द्र वाजिनो मा भेम शवसस्पते ।
त्वामभि प्रणोनुमो जेतारमपराजितम् ॥
(ऋ० १-११-२)

વિનય

હે પરમ ઈશ્વર ! તમે મારા સખા છો એવું જાણ્યા પછી આ સંસારમાં ભય પામું પણ કોનાથી ? તમામ બળોના સ્વામી ‘शवसस्पति’ તો તમેજ છો; તમારીજ પાસેથી મને બળ મળ્યું, જ્ઞાન મળ્યું, હું **વાજી** બન્યો, હવે મારે ભય કેવો ? મારે કોઈનાથી પણ ડરવાનું કેવું ? તમારો હાથ ઝાલ્યો, તમારો આશ્રય લીધો તો પછી મારે ભય પામવાનું હોય ? નજીકનું ભવિષ્ય ભલેને ગમે તેટલું અંધકારમય દેખાતું હોય, સામેથી ગમે તેટલું ઘોર સંકટ ચાલ્યું આવતું નજરે પડતું હોય તો પણ હું તદ્દન ભય-

રહિત છું, કારણકે હું જાણું છું કે, એ તમામ સંકટો ને મુશીબતોને તમે ધારો તો એક ક્ષણવારમાં મારાથી દૂર કરી શકો છો. એક વાર તમારી જોડે સગપણ કર્યું, તમારે રસ્તે ચાલવા માંડયું, તો પછી દુઃખ, કલેશ, શારીરિક પીડા, ધનનો નાશ, સગાંસંબંધીઓનો વિયોગ, લોકનિંદા, ઈત્યાદિ સહન કરી લેવાં એમાં તે શું મોટું? તમે જે મહાબળવાન છો તેમનું નામ લેતાંજ, તમારૂં સ્મરણ કરતાંજ અમારામાં એટલી બધી તાકાત આવી જાય છે કે દુનિયાના ભારેમાં ભારે અત્યાચારોને પણ અમે સાધારણ રમત જેવા ગણીને સહન કરી લઈએ છીએ. તમારા પ્રિય સત્યના માર્ગ ઉપર થઇને ચાલતાં ચાલતાં એક વાર નહિ, બે વાર નહિ પરંતુ લાખ લાખ વાર મરવું પડે તો પણ અમે ઘણી ખુશીથી, હસતા હસતા મોતના મોઢામાં જઇ પડીશું. મરવું એમાં તે ભય પામવાનું છેજ શું? હે ઇન્દ્ર! ખરેખર, અમે તારૂં સખ્ય પામીને એવા નિર્ભય બની ગયા છીએ, એવા 'અભય' પદને પામી ગયા છીએ, એવા સાક્ષાત્ અભય બની ગયા છીએ કે કાંઈ કહેવાની વાતજ નહિ. પરંતુ હે મારા સ્વામી! આવી ઊંચી અવસ્થાએ જઇ પહોંચ્યા પછી પણ અમે એક ક્ષણવારને માટે અમારા મનમાં ગર્વ તો કરી શકીએજ શી રીતે? કદી નથી કરી શકતા; કેમકે અમે સારી રીતે જાણીએ છીએ કે, આ સંસારમાં જેને જેને વિજય મળે છે તેને તમારા બળની સહાયતાથીજ મળે છે; જગતમાં તમે એકલાજ વિજેતા છો, તમારો એકલાનોજ હમેશાં વિજય થયો છે અને થશે. તમને અને તમારી શક્તિને હરાવે એવો જગતમાં કોઈ છેજ નહિ. હે મારા સખા! અમે આવો અનુભવ કરતા રહીને જેમ જેમ તમારી નજીક જઇને તમને વિશેષ વિશેષ પ્રાપ્ત કરતા જઇએ છીએ, તેમ તેમ આત્માભિમાન વધતું જાય છે પણ તેની સાથે સાથે તમારા પ્રત્યે અમારી નમ્રતા પણ તેટલીજ વધી જાય છે. જેમ જેમ તમારી કૃપા વડે અમારામાં નિર્ભયતા આવતી જાય છે, તેમ તેમ

તમારા ચરણોપ્રતિ અમારી ભક્તિ પણ તેટલીજ વધી જાય છે. એટલા માટે હે અભય પદના આપનાર પ્રભો ! અમે તમને પ્રણામ કરીએ છીએ. હે વિજેતા ! હે અપરાજિત ! અમે તમારાં સ્તુતિગાન ગાઇએ છીએ. તમારા ગુણોનું નિત્ય અને નિરંતર કીર્તન કરતા ફરીએ છીએ. અહોહો ! તમારા ગુણોનું કીર્તન કરતાં અમે કદી કંટાળતા નથી, અમને લગારે થાક લાગતો નથી.

શબ્દાર્થ

(शवसस्पते) હે બળના સ્વામી ! **(इन्द्र)** પરમેશ્વર ! **(ते)** તારી **(सख्ये)** મિત્રતામાં આવીને **(वाजिनः)** બળ અને જ્ઞાનયુક્ત થએલા અમે **(मा भेम)** હવે કદી ભયભીત ન થઇએ, નિર્ભય બની જઇએ. **(जेतारं)** સદા જીતનારો **(अपराजितं)** કદી પણ જેની હાર થાયજ નહિ એવો **(त्वा)** જે તું તેની **(अभि प्रणोनुमः)** અમે વારંવાર સ્તુતિ ગાઇએ છીએ, અમે સર્વ પ્રકારે તેના ગુણ ગાઇએ છીએ.

२५ आश्विन

एता एना व्याकरं खिले गा विष्ठिता इव।
रमन्तां पुण्या लक्ष्मीर्याः, पापीस्ता अनीनशम् ॥
(अथर्व० ७-११५-४)

વિનય

મારા ઘરની અંદર સેંકડો પ્રકારની લક્ષ્મી છે અને નાના પ્રકારની ઐશ્વર્યની સામગ્રીઓ ભરી પડી છે. પરંતુ જ્યારથી મને જ્ઞાન થયું કે મારે પાપની કમાણીનો પરિત્યાગજ કરવો જોઇએ અને આવી રીતે પાપ કરીને પેદા કરેલી લક્ષ્મીનું સેવન કર્યાથી આખરે મારો વિનાશ થઇ જશે, ત્યારથી મેં ઠરાવ કરી દીધો છે કે આજથી એવી પાપ-લક્ષ્મીને મારા ઘરમાં પેસવા જ નહિ દઉં. આવા હેતુથી હું મારી પોતાની એકેએક વસ્તુનું નિરીક્ષણ કર-

વામાં ગૂંથાયો છું. ગાયોનો ગોવાળ ચરાઉ ખેતરોમાં ભેગી થએલી ગાયોમાંથી દરેક ગાયને ઓળખી કાઢે છે, તેમ હું પણ હવે મારા ઘરની વસ્તુઓને ઓળખી કાઢતો થયો છું, આ ગાય તો મારા ઘરની અને આ નહિ એમ ગોવાળ તરત પારખી કાઢે છે, તેમ હું પણ મારા ઘરની તમામ વસ્તુઓની પરીક્ષા કરી શકું છું--પુસ્તકો, પલંગ, ખુરશીઓ, પેટીઓ, કબાટ, તેમાંનાં મહામૂલ્યવાન વસ્ત્રો, રોકડ નાણું, ત્યાર પછી ઘરેણાં, જમીન, ઘરનું મકાન અને બીજી મિલ્કત, એ બધી એકેએક ચીજને હું જુદી પાડી શકું છું. હું બતાવી શકું છું કે, અમુક અમુક વસ્તુઓ તો તદ્દન ધર્મયુક્ત કમાણીની જ છે; તે સિવાયની બીજી કેટલીક વસ્તુઓ છે તે બધી અધર્મની કમાણીની છે. તે છળકપટ, પ્રપંચ આદિ વડે મેળવેલી મિલ્કત છે, તે ગરીબને સતાવીને તેની પાસેથી પડાવી લીધેલા પૈસા વડે ખરીદેલી છે, ગરીબોને ગળે ટૂંપો દઈને હરેક પ્રકારનાં કાળાં ધોળાં કરીને મેળવેલું આ ધન છે; આ ઘરેણાં, આ રાચરચીલાં એ બધાં ગરીબોનાં લોહીથી ખરડાએલાં છે, મારે એ ન ખપે. આજેજ હું તેમનો નાશ કરી દઉં છું. તેમને હું મારી પાસે રાખીજ કેમ શકું?

હું જન્મથીજ સેંકડો પ્રકારની દૈવી અથવા આસુરી સંપત્તિઓને મારી સાથે લઈનેજ પેદા થયો છું. પરંતુ આજે હું તેમનું વિવેકપૂર્વક પૃથક્કરણ કરવા લાગ્યો છું. મારા હૃદયની અંદર '**अभय**', '**सत्वसंशुद्धि**', જ્ઞાન, યોગસ્થિતિ વગેરે જે દૈવી સંપત્તિઓ છે તેમને હું પુણ્યલક્ષ્મી માનું છું, તેમને તો હું કહું છું કે "તમે મારા હૃદયની અંદર રમણ કરો, ત્યાં આનંદપૂર્વક તમે નિવાસ કરો." પણ દંભ, ગર્વ, અભિમાન, ક્રોધ, ઈર્ષ્યા, કપટતા, અજ્ઞાન વગેરે જે આસુરી સંપત્તિઓ છે તેઓ બધી પાપલક્ષ્મી છે અને તેમને કહી દઉં છું કે "ચાલો, મારા હૃદય-મંદિરમાંથી તમારૂં કાળું કરો, તમને હું મારા મનોરાજ્યની અંદર નહિ રહેવા દઉં."

શબ્દાર્થ

(एता:) આ **(एना:)** પેલી [પોતાના ઘરમાં તેમજ જીવનમાં સંઘરી રાખેલી સેંકડો પ્રકારની] લક્ષ્મીઓનું **(व्याकरं)** હું વિવેકપૂર્વક પૃથક્કરણ કરૂં છું **(खिले विष्ठिता गा: इव)** જેમ ચરાઉ ખેતરોની અંદર આવીને બેઠેલી ગાયોને ગોવાળ પારખી કાઢે છે કે આ મારી ગાય છે અને આ પારકી ગાય છે તેમ. હવે **(या: पुण्या: लक्ष्मी:)** જે પુણ્ય લક્ષ્મી છે, જે પુણ્ય અર્થાત્ ધર્મયુક્ત કમાઇથી મેળવેલું ઐશ્વર્ય છે, જે દૈવી સંપત્તિ છે **(रमन्तां)** તે ભલે મારા ઘરમાં, મારા હૃદયમાં રમણ કરે, આનંદપૂર્વક ત્યાં ભલે રહે પણ **(या: पापी:)** જે પાપની કમાઇવડે મેળવેલું ઐશ્વર્ય છે, જે આસુરી સંપત્તિ છે **(ता:)** તેને તો હું આજેજ **(अनीनशम्)** વિનષ્ટ કરી દઉં છું.

२६ आश्विन

हिरण्यगर्भं परमं अनत्युद्यं जना विदुः ।
स्कम्भस्तदग्रे प्रासिंचत् हिरण्यं लोके अन्तरा ॥
(अथर्व०-१०-७-२८)

વિનય

આ જગતનું મૂળ ખોળતાં ખોળતાં આપણે મનુષ્યો ઘણું કરીને હિરણ્યગર્ભ સુધીજ ગતિ કરી શકીએ છીએ. એ હિરણ્યગર્ભને તમામ શાસ્ત્રોમાં જગતનો હિરણ્યમય ગર્ભ માન્યો છે અને જગતની ઉત્પત્તિ તેમાંથી થઇ એવું સૌ એકમતે કહે છે. વૈજ્ઞાનિક લોકો પણ કહે છે કે, આ આખી સૂર્યમાળાની ઉત્પત્તિ એક આવાજ હિરણ્યમય *મહાતેજ:પિંડમાંથી થઇ હતી અને આગળ જતાં તેમાંથી નાના મોટા ગોળાઓ છૂટા પડયા અને ઠંડા થઇ ગયા ત્યારે તેઓ પૃથ્વી આદિ ગ્રહો બન્યા, જેઓ આજે પોતાના

---

*એ તેજ:પિંડને પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો 'નેબ્યુલા' કહે છે. એનો મધ્યભાગ તેજોમય હોવાથી એને હિરણ્યગર્ભ કહી શકાય. —**સેવાનંદ**

અસલના મધ્યબિંદુ સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કર્યા કરે છે. પણ આ હિરણ્યગર્ભના કરતાં પણ બીજું કોઇ પરમ તત્ત્વ જેમાંથી એ હિરણ્યગર્ભની પણ ઉત્પત્તિ થઇ હશે તે કેમ કોઇ શોધીને બતાવવું નથી ? શોધ કરીએ તો પણ ન મળે એવું તો હોયજ નહિ. એજ પ્રમાણે આપણા પ્રાણીમાત્રના વ્યક્તિગત જીવનનું મૂળકારણ આપણે વીર્યને (વીર્ય=હિરણ્ય) અથવા વીર્યના એક અણુને, વીર્યજન્તુને માનીએ છીએ. પરંતુ એ વીર્યના અણુમાં જીવન પેદા કરવાની શક્તિ આવીજ ક્યાંથી તેનો ઉત્તર આપણે નથી આપી શકતા. પ્રશ્ન એ છે કે, અસલ જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન થઇ હશે ત્યારે સૌથી પહેલો વીર્યજન્તુ ક્યાંથી પેદા થયો અથવા આ વિશ્વના પ્રારંભમાં તૈજસ સૂક્ષ્મ લોકમાં સૌથી પહેલા હિરણ્યગર્ભને કોણે પ્રકટ કર્યો ? આનો જવાબ આપણે નથી આપી શકતા. અલબત્ત, આ સંસાર સત્વ, રજસ્ અને તમસ્ (માઇન્ડ, મોશન અને મૅટર)નું બનેલું એક પૂતળુંજ છે. તમસ્‌ની પાછળ રજ છે અને રજની પાછળ સત્ત્વ છે. પરંતુ એ સત્વની (માઇન્ડ–મન–બુદ્ધિ) પાર ચાલી જાય અથવા આ સંસારથી પણ ઉપરના કોઇ બીજા સંસારમાં પ્રવેશ કરે એવી કોઇ શક્તિજ નહિ હોય ? હે મનુષ્યો ! સત્વનું હિરણ્ય પણ જેને આધારે ચળકે છે તે 'સ્કંભ'ને તમે દેવ માનો. દરેક સૃષ્ટિના પ્રારંભમાં જે હિરણ્યગર્ભને પણ ઉત્પન્ન કરે છે અને જે આ સંસારની પ્રક્રિયાને સૌથી પહેલી વારની ગતિ આપીને ચાલુ કરી દે છે તે સ્કંભદેવને તમે ઓળખી લો. આ બ્રહ્માંડરૂપી શરીરને જીવન અર્પનાર દિવ્ય વીર્ય (હિરણ્ય) તેની નસેનસમાં વહી રહ્યું છે તે વીર્ય સ્કંભનુંજ સિંચેલું છે. વળી આ બ્રહ્માંડમાં જીવન, ચૈતન્ય, પ્રાણ, દિવ્યત્વ, પ્રકાશ, ચળકાટ વગેરે જે કોઇ દેખાય છે તે બધુંજ હિરણ્ય પેલા સ્કંભમાંથી આવેલું છે. આટલા માટે હે મનુષ્યો ! તમે તે જગદાધાર સ્કંભનેજ પરમ અને 'અનત્યુદ્ય' વસ્તુ માનજો. એના સિવાય બીજા કોઇને નહિ.

શબ્દાર્થ

(जनाः) લોકો **(हिरण्यगर्भं)** હિરણ્યગર્ભને **(परमं)** સૌથી આદ્યેની, સૌના મૂળ કારણરૂપ અને **(अन्-अति-उद्यं)** જેને ઓળંગી શકાતી નથી, જેની પાછળ શું છે તે કહી શકાતું નથી એવી વસ્તુ **(विदुः)** માને છે. પણ **(तत् हिरण्यं)** તે હિરણ્યને, તે તેજોમય વીર્યને તો **(अग्रे)** પ્રારંભમાં **(लोके अन्तरा)** આ સંસારની અંદર **(स्कंभः)** જગદાધાર પરમેશ્વરે **(प्रासिंचत्)** સીંચ્યું છે.

२७ आश्विन

कथं वातो नेलयति कथं न रमते मनः ।
किमापः सत्यं प्रेप्सन्तीः नेलयान्ति कदाचन ॥

(अथर्व०-१०-७-३७)

વિનય

આ વાયુ શાથી બધો વખત દોડાદોડ કરતો હશે ? ઘડી વાર પણ સ્થિર રહેતો નથી, એ શાથી હશે ? આ મન પણ કદીજ વિરામ લેતું નથી તેનું શું કારણ હશે ? શા માટે કોઇ પણ એક વિષયમાં આનંદ પ્રાપ્ત કરીને સ્થિર નહિ થતું હોય ? આ નદીઓ, આ પ્રજાઓ, આ જીવો, જીવોના કર્મપ્રવાહ—એ બધા કદી સ્થિર રહેતાજ નથી તેનું શું કારણ ? એ શા માટે બધો વખત ગતિમાન રહેતા હશે ?

એ બધાં એમ ને એમ ચાલ્યાંજ જાય છે તે કોને પ્રાપ્ત કરવાને સારૂ જતાં હશે ? આ વાયુ, આ પ્રાણ કોની પાસે જઈ પહોંચવા માટે હમેશાં ચાલ ચાલ કરતા હશે ? અને આ મન તેના કયા પ્રિય પદાર્થને પ્રાપ્ત કરવાને આતુર હશે અને તે પદાર્થ તેને કોઈ પણ દિશાએથી મળતો નથી તેથી કરીને ક્ષણે ક્ષણે ચંચળ બનીને દોડાદોડ કરતું હશે ? આ બધી પ્રજાઓ, આ બધાં પ્રાણી રાત–

દહાડો કાંઇ ને કાંઈ કાર્ય કરતાંજ રહે છે, તે એ બધી પ્રવૃત્તિ કોને પ્રાપ્ત કરવાને માટે કરતાં હશે ? એ બધાંને કોને મળવાની ભૂખ હશે ?

જે પરમ સત્ય છે તેની એકલાનીજ પ્રાપ્તિ કરવાને સારૂ તો એ બધાં ગતિમાન નહિ થઇ રહ્યાં હોય ? હાં, હાં, એમજ હોવું જોઇએ. ખરેખર, તે પરમ સત્યને પ્રાપ્ત કરવાને માટેજ પ્રાણ નિરંતર ગતિ કરી રહ્યો છે, મન પણ અહીં તહીં ભટકે છે અને તમામ પ્રાણીઓનો કર્મ-પ્રવાહ પ્રતિક્ષણ ચાલ્યોજ જાય છે તે આટલા માટેજ. અને એમ કરતાં કરતાં કોઇ વાર, કોઇ ધન્ય ક્ષણે તે આપણા પરમ પ્રિય ‘ સત્ય ’ને આપણે જરૂર જરૂર પ્રાપ્ત કરીશું અને ત્યારે આપણા પ્રાણને કરાર વળશે, ત્યારે મનનો નિરોધ થઇ જશે, ત્યારે આપણી તમામ ચેષ્ટાઓ ક્રિયાઓ બધીજ એકદમ હમેશને માટે બંધ થઈ જશે. અને આપણે પણ તે મહામોંઘા અને ઘણા કાળથી આતુરતાપૂર્વક ઇચ્છેલા પરમાનંદનો રસાસ્વાદ લઇને સમાધિસ્થ બની જઇશું. પણ ભાઇઓ ! તેની પ્રાપ્તિ કર્યા વિના નથી વિશ્રાન્તિ અને નથી સુખશાંતિ, કોઇ ઠેકાણે પણ વિશ્રાન્તિ નથી.

શબ્દાર્થ

(वातः) વાયુ, પ્રાણ **(कथं)** શા માટે **(न इलयति)** નથી સ્થિર રહેતો ? **(मनः)** મન **(कथं)** શા માટે **(न रमते)** વિરામ નહિ લેતું હોય ? **(किं)** શું **(सत्यं प्रेप्सन्तीः)** સત્યને પ્રાપ્ત કરવા ઇચ્છતી **(आपः)** પ્રજાઓ, જીવો, જીવોના કર્મપ્રવાહ **(कदाचन)** કદી પણ **(न इलयन्ति)** સ્થિર નથી રહેતા ? શું હમેશાં ગતિમાનજ રહે છે ?

२८ आश्विन

अन्ति सन्तं न जहाति अन्ति सन्तं न पश्यन्ति ।
देवस्य पश्य काव्यं न ममार न जीर्यति ॥
(अथर्व० १०-८-३२)

વિનય

માણસ પરમેશ્વરને કદી પણ છોડી શકતો નથી, તેમ તેનાથી કદી અળગો પણ થઇ શકતો નથી. કારણ કે તે પરમેશ્વરનાથી એટલો બધો નજદીક છે, તેની સાથે એવા ઘનિષ્ટ સંબંધથી જોડાએલો છે કે પરમાત્મા એ જાણે તેનો પોતાનો આત્માજ છે. પણ તે છતાં મોટા આશ્ચર્યની વાત તો એ છે કે, તે પરમેશ્વરથી આટલો બધો પાસે હોવા છતાં તેને જોઇ શકતોજ નથી! અથવા એમાં કશું નવાઇ પામવા જેવું પણ નથી. તે નથી દેખાતો કારણ કે તે ઘણોજ નજીક છે. જુઓને, આંખ પોતાનીજ કીકીને કાંઇ જોઇ શકે છે? તો પછી જે પરમેશ્વરે આંખને જોવાની શક્તિ આપી છે તેને તો તે જોઇ શકેજ કેવી રીતે? એટલા વાસ્તે હે મનુષ્ય! તારે પરમાત્માને તારી પોતાની આંખ વડેજ જો જોવો હોય તો તું તેના કાવ્યને જો. ગુણોને જોવાથીજ ગુણવાનને જોઈ શકાય છે. આ તારી સમક્ષ તેનું રચેલું મહાકાવ્ય પડયું છે, જે નજરે જોઇ શકાય એવું છે. તેની અંદર તું પરમાત્માનું દર્શન કર. જુઓ, તેનું આ દૃશ્ય કાવ્ય બધો વખત ચાલુ ને ચાલુજ રહે છે, તેના રચેલા નાટકનો અભિનય થયાજ કરે છે. આ દૃશ્ય કાવ્યનું પુસ્તક વેદ છે, પણ તેનો અભિનય હાલતો ચાલતો અને દૃશ્યમાન થતો આખો સંસાર કરી રહ્યો છે. માણસનું રચેલું નાટક તો બે ચાર વાર ભજવાય એટલે જૂનું થઇ જાય છે અને તેના અભિનયનો છેડો તો આવ્યા વિના રહેતોજ નથી. પરંતુ ઈશ્વરીય નાટક તો એવું છે કે નથી

જૂનું થતું, નથી સમાપ્ત થતું, નથી મરતું કે નથી કદી જીર્ણ થઈ જતું. કારણકે એનો રચનાર નથી કદી મરે એવો અને નથી કદી ઘરડો થાય એવો. તેના હૃદયમાંથી નિત્ય અને સદાય નવીન રહે એવું મહાકાવ્ય બધો વખત વહ્યા જ કરે છે. હે મનુષ્ય ! તું એ કાવ્યને, એ નાટકને જોતાં શીખ અને તેની અંદર તું તારા પરમાત્મદેવનું પણ હરઘડીએ અને હરેક ક્ષણે દર્શન કર્યા કર.

શબ્દાર્થ

મનુષ્ય **(अन्ति सन्तं)** હમેશાં પાસેના પાસેજ વિદ્યમાન્ [પરમાત્મદેવ] ને **(न जहाति)** છોડી શકતો નથી, તેનાથી જુદો થઈ શકતો નથી અને **(अन्ति सन्तं)** જે પોતાની પાસેજ વિદ્યમાન છે તેને **(न पश्यति)** જોઇ શકતો પણ નથી. હે મનુષ્ય ! તું **(देवस्य)** તે પરમાત્મદેવના **(काव्यं)** કાવ્યને **(पश्य)** જો, જે કાવ્ય **(न ममार)** કદી મરી ગયું નથી, કદી મરતું નથી અને જે **(न जीर्यति)** કદી જીર્ણ થતું નથી, તેમ કદી જૂનું પુરાણું બનતું નથી.

* * *

२९ आश्विन

मधुमन्मे निक्रमणं मधुमन्मे परायणम् ।
वाचा वदामि मधुमद् भूयासं मधुसन्दृशः ॥
(अथर्व. १-३४-३)

વિનય

મારૂં પ્રત્યેક કાર્ય મધુમત્—મીઠું મધ જેવું-થઈ જાઓ. મારૂં હલનચલન, મારૂં કોઇની સમીપ જવું અથવા કોઇથી દૂર જવું, મારી પ્રવૃત્તિ અને નિવૃત્તિ, મારી તમામ ક્રિયાઓ માધુર્યમય અને પ્રેમપૂર્ણ બની જાઓ. લોકો કહે છે કે કોઇની પાસે જવું-કોઇનાથી આકૃષ્ટ થવું એ તો પ્રેમનું લક્ષણ છે, એવો વ્યવહાર તો પ્રેમયુક્ત વ્યવહાર છે, પણ કોઈનાથી દૂર ખસી જવું પડેજ તો તે વખતે પણ

તેના તરફ-આપણું હૃદય તો તેના તરફજ પ્રેમપૂર્ણ હોવું જોઇએ. કોઇનાથી દૂર જતી વખતે અથવા તેનાથી જુદા થતી વખતે પણ આપણે જેનાથી દૂર જતા હોઇએ તે ભાઈના તરફ આપણો વ્યવહાર પ્રેમપૂર્ણ અને માધુર્યમય હોવો જોઇએ. આપણા વ્યવહારમાંથી પ્રેમ અને માધુર્ય એ બે ગુણોનો કદી પણ અભાવ ન થવો જોઈએ. કોઇનાથી અલગ થઇ જવાનો, કોઇની સાથે અસહકાર કરવાનો અથવા અમુક પ્રવૃત્તિમાંથી ખસી જવાનો કોઇ કોઇ વાર ધર્મ ઉભો થાય છે; પણ તે વખતે જેની સાથે આપણે અસહકાર કરતા હોઈએ તે આપણા અત્યારના પ્રતિપક્ષી પણ એક સમયના સાથીના તરફ પહેલાંના જેટલો પ્રેમભાવ રાખવો એ પણ એક આવશ્યક ધર્મ પેદા થાય છે. એટલા માટે મારી તો પ્રત્યેક નિક્રમણની-નિકટગમનની ક્રિયા જેટલી મધુમય છે તેટલીજ મધુમય, તેટલીજ પ્રેમપૂર્ણ મારી પ્રત્યેક પરાયણની અથવા દૂરગમનની ક્રિયા પણ હોય છેજ. આ નિક્રમણ અને પરાયણને બાદ કરતાં બીજી મારી ક્રિયા રહી પણ કયી ? મારી વાણી વડે પણ હું મધુર વચનોજ બોલું છું; મારી સ્થૂળ વાણી દ્વારા, મારા હૃદયની વાણી દ્વારા અથવા મારા લેખોની વાણી દ્વારા અથવા મારાં આચરણ દ્વારા પણ હું માધુર્યજ વહેવડાવું છું. મારા શરીરની અથવા મનની પ્રત્યેક અભિવ્યક્તિમાંથી કેવળ માધુર્યજ વરસે છે. હે પ્રભુ ! હું આ રીતે મારી પ્રત્યેક ચેષ્ટામાં, પ્રત્યેક ક્રિયામાં, પ્રત્યેક ગતિમાં, મારા પ્રત્યેક વચનમાં માધુર્યજ પ્રકટ કરૂં અને એ રીતે હુંજ 'મધુસંદશ' બની જાઉં એવું હું ઇચ્છું છું. હે મધુસ્વરૂપ ! જ્યારે હું આ રીતે મારા જીવનમાં માધુર્યની પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે માધુર્યની ઉપાસના કરવા મંડી જાઉં તો બાહ્ય જગતમાં મારે સારૂ સર્વત્ર નર્યું માધુર્ય ને માધુર્યજ આવીને ઉભું રહ્યું હશે. મારી દૃષ્ટિમાં એવું માધુર્ય ભરાઇ ગયું હશે કે જ્યાં મારી નજર પડશે ત્યાં હું તો નર્યું માધુર્યજ જોઇ શકીશ અને એ માધુર્ય સિવાય બીજું કશુંજ મારી

નજરે પણ નહિ પડે. માધુર્ય સિવાય મને બીજા કશાનો જરા જેટલો સ્પર્શ પણ નહિ થાય. બીજાની વાત તો ઠીક, પણ મારા પર થતા પ્રહારોમાં, ગાળોમાં આક્ષેપોમાં, નિંદામાં, ટીકાઓમાં—સર્વત્ર હું તો માધુર્ય અને માધુર્યનોજ અનુભવ કરતો થઇ ગયો હોઇશ. હે પરમ મધુયુકત પ્રભો ! તારા માધુર્યથી રસબસ બની ગએલા આ તારા સંસારની અંદર માધુર્ય સિવાય બીજી કોઇ વસ્તુને હું જોઇ શકુંજ શી રીતે ?

શબ્દાર્થ

(मे) મારૂં **(निक्रमणं)** નિકટ જવું, મારી પ્રવૃત્તિ **(मधुमत्)** માધુર્યમય થાઓ, તેમજ **(मे)** મારૂં **(परायणं)** દૂર ખસી જવું, મારી નિવૃત્તિ પણ **(मधुमत्)** માધુર્યપૂર્ણ થાઓ. હું **(वाचा)** વાણી વડે **(मधुमत्)** માધુર્યયુક્તજ **(वदामि)** બોલું છું. આથી કરીને (હે મધુસ્વરૂપ) હું **(मधुसंदृश)** મધુરૂપ અથવા સર્વત્ર મધુનેજ જોનારો **(भूयासम्)** બની જાઉં.

३० आश्विन

पूर्णात् पूर्णमुदचति पूर्णं पूर्णेन सिच्यते ।
उतो तदद्य विद्याम यतस्तत् परिषिच्यते ॥
(अथर्व० १०-८-३९)

વિનય

હે મનુષ્યો ! આવો. આજે આપણે એક વાતનો અનુભવ કરી લઇએ કે, આ સંસાર પરિપૂર્ણ છે. સંસાર માંહેની કોઇ પણ એક વસ્તુને છૂટી છૂટી તપાસીશું તો તે અલબત્ત અપૂર્ણ, અધુરી અને ખોડ-ખાંપણવાળી માલૂમ પડશે, પણ આ આખા સંસારને એકસામટો જોઇએ—આ સંસારમાં જે કાંઇ છે તે બધાનો એકસામટો સરવાળો કરીને એક અખંડ અસ્તિત્વરૂપે જોઇએ—તો તે પરિપૂર્ણ-

જ ઠરશે. સંસાર સામટી રીતે પરિપૂર્ણજ છે. સંસારની પરિપૂર્ણતાનો આપણને અનુભવ ન થતો હોય તો તેનું કારણ એકજ છે કે, આપણે હજી સંસાર શી વસ્તુ છે તે જાણ્યુંજ નથી. એકસામટી સર્વગ્રાહી દૃષ્ટિએ જ્યારે આપણે સંસારને જોતાં શીખીશું ત્યારે આપણે જોઇ શકીશું કે, આ સમષ્ટિ સંસારમાં કશી ખોડ–ખાંપણ, અપૂર્ણતા કે ઓછપ છેજ નહિ. સંસાર પરિપૂર્ણ ન કેમ હોય ? જ્યારે પૂર્ણ પુરુષે તેને રચ્યો છે તો તે પૂર્ણની રચના પણ પૂર્ણ હોવીજ જોઇએ ને ? પૂર્ણમાંથી પૂર્ણજ ઉત્પન્ન થાય છે. આ પૂર્ણ જગત નિઃસંદેહ પૂર્ણ પરમેશ્વરમાંથી નીકળ્યું છે અથવા પ્રાદુર્ભાવ પામ્યું છે.

મારા ભાઇઓ ! આ ઉપરાંત તમે બીજું એ પણ જોઇ શકશો કે, તે પૂર્ણ પ્રભુએ આ પૂર્ણ જગતને માત્ર એક વાર પેદા કરીને છોડી દીધું નથી, પણ તેને લાગલાગટ પોષી રહ્યા છે, તેનામાં પોતાના જીવનરસનું સતત સિંચન કરીને તેનું પાલન પણ કર્યાજ કરે છે. આનો અર્થ એવો થયો કે, આ જગત કેવળ પૂર્ણરૂપે પેદા થયું, એટલું જ નહિ પણ તે પૂર્ણપણે નીભી રહ્યું છે, સદાકાળ પૂર્ણ ને પૂર્ણરૂપેજ ચાલ્યા કરે છે. જે પૂર્ણ માળીએ તેને જન્મ આપ્યો છે, તે તેને પૂરી રીતે પોષણ આપ્યા કરે છે અને એ રીતે તે હમેશાં પૂર્ણપણે ફાલે ફૂલે છે.

હે મારા ભાઇઓ ! આ જગત એક પરિપૂર્ણ કૃતિ છે એટલું જો આપણે સમજી લીધું હોય અને જગત પૂર્ણ છે તો તેનો કર્તા પણ પરિપૂર્ણ હોવોજ જોઇએ એ પણ આપણી સમજમાં આવી ગયું હોય તો ચાલો, આપણે બધા તે પરિપૂર્ણ પરમાત્માને જાણીએ, ઓળખીએ અને તેની પ્રાપ્તિ કરી લઇએ. જે પરમાત્મા આ પૂર્ણ જગતને ઉત્પન્ન કરીને તેનું પરિપૂર્ણ રીતે સિંચન કરી રહ્યો છે, તેને આપણે આપણો પોતાનો બનાવી દઇએ. ચાલો, ચાલો, જે પોતે પરિપૂર્ણ છે અને બીજાઓને પરિપૂર્ણતા આપી શકે છે તેની આજથીજ આપણે શોધ કરવા મંડી જઇએ.

મારા બંધુઓ ! જે માર્ગે જતાં આપણે એક દિવસ પરિપૂર્ણતાના પદ ઉપર જઇ પહોંચીશું તે માર્ગના આપણે બધા આજથીજ પ્રવાસી બની જઇએ.

શબ્દાર્થ

(पूर्णात्) પૂર્ણમાંથી **(पूर्णं)** પૂર્ણ **(उदचति)** ઉત્પન્ન થાય છે અને **(पूर्णं)** આ પૂર્ણ **(पूर्णेन)** તે પૂર્ણ દ્વારા **(सिच्यते)** સીંચાયા પણ કરે છે. **(उतो)** તો પછી **(अद्य)** આજથી, અબઘડીજ આપણે **(तद्)** તે [પૂર્ણ] ને, તે પૂર્ણને **(विद्याम)** જાણીએ, ઓળખીએ, પ્રાપ્ત કરીએ કે **(यत्)** જેના વડે **(तत्)** તે (બીજું પૂર્ણ) **(परिसिच्यते)** પૂર્ણ રીતે સીંચાયા કરે છે.

३१ आश्विन

इयं कल्याण्यजरा मर्त्यस्यामृता गृहे ।
यस्मै कृता शये स यश्चकार जजार सः ॥
(अथर्व०-१०-८-२६)

વિનય

જુઓ, જુઓ, આ કલ્યાણસ્વરૂપિણી દેવી છે, જે કદી પણ ઘરડી થતી નથી, જે સદા કાળ અજરામર રહે એવી છે. મરણશીલ મનુષ્યના ઘરની અંદર આવીને બેઠેલી કદી ન મરે એવી એ અમૃતરૂપિણી દેવી છે. આ ઘરની અંદર તે કોણ જાણે કયારનીય બેઠી હશે ! પરંતુ ભારે અફસોસની વાત તો એ છે કે, એ દેવી જેને માટે આવી છે, જેને સારૂ એને ધારણ કરી છે તેજ ઉંઘવા પડયો છે. કોણ જાણે કયારનોય સૂતો છે અને હજી ઉંઘ્યાજ કરે છે. તેને ધારણ કરનાર ઘર જૂનું થતું જાય છે, તેનાં દોદળાં બની ગએલાં ભીંતડાં ધસી પડવા લાગ્યાં છે, તોપણ તેનો માલિક જાગતો નથી, તેની નિદ્રા પૂરી થતી નથી !

આ કલ્યાણી દેવી કોને સારૂ આવીને બેઠી છે તે તમે હજી સમજયા કે નહિ ? શરીરરૂપી નાશવંત ઘરની અંદર આત્મદેવતા× શા પ્રયોજનને માટે આવીને બેઠી હશે તે તમે ન જાણ્યું ? એ તો જીવનું કલ્યાણ કરવાને આવી છે. એ માતા પોતાના પુત્રને, જીવને કલ્યાણમય મંગલધામમાં તેડી જવાને આવી છે અને દીકરો કયારે ઉંઘમાંથી જાગે તેની રાહ જોતી કોણ જાણે કયારનીય બેસી રહી છે ? તેને ધારણ કરનારાં એક બે નહિ પણ પાર વિનાનાં ઘર જીર્ણ થઇ ગયાં, કેટલાંય શરીર ઘરડાં ખખ બની ગયાં, પણ એ હજી તેમના માલિક ઉંઘમાંથી જાગે તેની રાહ જોતી બેઠી તે બેઠીજ છે. એ અજરા અમૃતા માતા તો અનંત કાળ સુધી જેવી ને તેવી નિર્વિકારપણે બેસી રહે એવી છે અને જયાં સુધી જીવ જાગૃત નહિ થાય ત્યાંસુધી એમની એમ બેસીજ રહેવાની. પણ અરેરે ! ચિન્તા હોય તો તે એકજ બાબતની છે કે, પેલો જીવ જાગશે કયારે ? એ તે દેવીનો પુત્ર ઉંઘમાંથી ઉઠશે કયારે ? આળસ મરડીને બેઠો થશેજ કયારે ?

શબ્દાર્થ

(इयं) આ **(कल्याणी)** કલ્યાણસ્વરૂપિણી દેવતા **(अजरा)** કદી પણ જીર્ણ થાય નહિ, કદી પણ ઘરડી થાય નહિ એવી છે તે **(मर्त्यस्य)** મરણશીલ માણસના **(गृहे)** ઘરમાં, શરીરમાં ધારણ કરાએલી **(अमृता)** અમૃતરૂપિણી છે, કદી પણ મરે નહિ એવી છે. પણ **(यस्मै)** જેને માટે **(कृता)** તેને ધારણ કરવામાં આવી છે **(सः)** તે **(शये)** સૂતો પડયો છે, તે [શરીર] **(यः)** જેણે **(चकार)** તેને ધારણ કરી છે **(सः)** તે પણ **(जजार)** જીર્ણ થતું જાય છે.

* * *

× સંસ્કૃતમાં 'દેવતા' શબ્દ નારીજાતિમાં વપરાય છે.—**સેવાનંદ**

યાદ રાખો

माता भूमिः पुत्रो अहं पृथिव्याः

(अथर्ववेद १२-१-१२)

ભૂમિ (જન્મભૂમિ) મારી જનેતા છે અને
હું પૃથ્વી માતાનો પુત્ર છું.

कार्तिक मास

કાર્તિક માસ (તુલા રાશિ) માટે

પ્રાણદાયક વ્યાયામ

જનનેન્દ્રિયોને સ્વસ્થ તથા નીરોગ રાખનારી કસરત

અગાઉ બતાવ્યા મુજબ ઉભા રહો. હાથ નીચે લટકતા રાખો, પણ મુઠ્ઠીઓ ખૂબ ભીડેલી રહે અને આખા શરીરની તમામ માંસપેશીઓ ખેંચાઇને તંગ થઈ હોય. પછી જમણા પગને જમીનથી એક-બે ઇંચ ઉંચો કરો, પણ તે વખતે ઘૂંટણમાંથી જરા પણ પગ વળવો ન જોઈએ. ઘૂંટણ તંગ અને સીધોજ રહે. પછી શરીરનો બધો ભાર ડાબા પગના ઉપર આવી જાય. આટલું કર્યા પછી જમણા પગને જાંઘના મૂળના સાંધાની આસપાસ ગોળ ફેરવતા જવો અને તેને ડાબી બાજુ તરફ જેટલો આઘે લઇ જવાય તેટલો આઘે લઇ જવો. ત્યાર પછી પાછો તેને ઉલટી દિશામાં ફેરવીને જમણી બાજુ તરફ જેટલો આઘે લઇ જવાય તેટલો લઇ જવો. આ બધી ક્રિયાઓ કરતી વખતે શરીર કોઈ પણ એક અથવા બીજી બાજુ તરફ હાલે નહિ અને જે પગને ફેરવતા હો તે પગ જમીનને અડકે પણ નહિ. ત્યાર પછી આજ પ્રમાણે ડાબા પગને ઉંચો કરીને તેને પણ એ રીતે ફેરવવો. બેઉ પગની કસરત થઇ રહે ત્યારે શરીરની માંસપેશીઓને ઢીલી કરીને થોડીક ક્ષણ વિશ્રાન્તિ લઇને ફરીથી ઉપર પ્રમાણે થાય તેટલી વાર કસરત કરો અને જ્યાં સુધી વ્યાયામ કરો ત્યાં સુધી ઠેઠ પેટ સુધી પહોંચે તેવા દીર્ઘ શ્વાસ લેતા રહેજો.

આ વ્યાયામથી જનનેન્દ્રિયોને ખૂબ ફાયદો થાય છે. વ્યાયામ કરતી વખતે મારૂં શરીર બળવાન છે અને પ્રાણશક્તિથી ભરપૂર છે એવું ધ્યાન કરતા રહેવું. મારા શરીરમાં નવા બળનો, નવા જીવનનો સંચાર થાય છે એવા માનસિક ચિત્રની કલ્પના કરવી.

આ ઉપરાંત વૈશાખ, શ્રાવણ અને માઘ માસની કસરતોથી પણ જનનેન્દ્રિયોને લાભ થાય છે.

१ कार्तिक

मायाभिरिन्द्र मायिनं त्वं शुष्णमवातिरः।
विदुष्टे तस्य मेधिराः तेषां श्रवांस्युत्तिर ॥
(ऋ० १-११-७)

વિનય

હે પરમેશ્વર! તારા રચેલા આ સંસારમાં **'શુષ્ણ'** અસુર પણ ઉત્પન્ન થયા કરે છે. એ અસુરો કોણ હશે? જે મનુષ્ય અથવા મનુષ્યસમૂહ બીજાઓના શોષણ ઉપર–બીજાઓને ચૂસીને, બીજાઓએ મહેનત કરીને જે પેદા કર્યું હોય તે બેઠાં બેઠાં ખાઇને નિર્વાહ કરે છે તેમનું નામ શુષ્ણ અસુર છે.* એ અસુરોની માયા બહુ વિચિત્ર પ્રકારની હોય છે. તેઓ બીજાઓનું લોહી ચૂસે તો છે પણ ભારે ચતુરાઇપૂર્વક, ઝટ પારખી શકાય નહિ એવા કાવાદાવા અને છળકપટથી ચૂસે છે. તેઓ પોતાનું કામ એવી યુક્તિથી અને એવી કુનેહથી કાઢી લે છે કે આપણે તો એમજ જાણીએ કે, એમનાથી આપણને કશી હાનિ થતી નથી. આપણું સર્વસ્વ ચૂસાઇ જાય અને છતાં કોણ ચૂસે છે તેની આપણને ખબર પડે નહિ એવી એમની માયા છે; અને એમ કરતાં કરતાં તેઓ આપણું સત્વ, આપણી વિદ્યા, આપણી તમામ સંપત્તિ, એ બધાનુંજ ચોરી છૂપીને અપહરણ કરતાજ જાય છે. એમની માયાની અસર જ્યારે પૂરેપુરી ફેલાઇ જાય, ત્યારે તો એવી અવસ્થા ઉત્પન્ન થાય છે કે, શુષ્ણ અસુરના શિકાર થઇ પડેલા લોકો તેમના ઉપર એવા મુગ્ધ બની જાય છે કે, તેઓ પોતાની રાજીખુશીથી, ખૂબ હરખાઇ હરખાઇને પોતાનું લોહી તેમને

---

* કાર્લ માર્ક્સ, લેનિન વગેરે સામ્યવાદી ઋષિઓ બેઠાખાઉ 'બૂર્જવા' લોકોની આવીજ વ્યાખ્યા કરે છે. એ અસુરોમાં બીજા પાસે ખેતી કરાવીને બેઠા બેઠા ખાનારા જમીનદારો, વ્યાજખાઉ શાહુકારો, બાવાઓ, માગી ખાનારા બ્રાહ્મણો, વકીલો, વેશ્યાઓ વગેરેનો સમાવેશ થાય છે. **—સેવાનંદ**

ચૂસવા દે છે, પોતાના સર્વસ્વનું તેમને શોષણ કરવા દે છે. પણ હે ઇન્દ્ર ! તું આવા માયાવી મહાઅસુરને તેમની માયાશક્તિઓ દ્વારાજ વિનષ્ટ કરી દે છે. તારૂં જગતનું તંત્ર અને તારૂં નિયમન એવાં સાચાં અને પરિપૂર્ણ છે કે તેઓના ઉપર તેમની પોતાનીજ માયાની પ્રતિક્રિયા થવા માંડે છે. એક માયા પોતાની હરીફ બીજી માયાને ઉત્પન્ન કરીને તેની સાથે અથડાઇને પોતાનો આત્મઘાત કરી લે છે. ચાલબાજી કરનારાઓ આખરે તેમની પોતાની ચાલબાજીનાજ ભોગ બનીને માર્યા જાય છે. તારી સાચી માયાશક્તિ (પ્રજ્ઞા)ની આગળ પેલા શુષ્ણાસુરોની જૂઠી માયા ઓગળી જાય છે. પણ તારી સૃષ્ટિના આવા રહસ્યને, તારા સામર્થ્યને, મેધાયુક્ત વિરલા જ્ઞાનીઓજ જાણતા હોય છે. સાધારણ માણસોને તો જ્યારે આ ભયંકર ચૂસણની ખબર પડે છે ત્યારે તેઓ બેબાકળા બની જાય છે અને એમજ માની લે છે કે, આ સંસારમાં કોઇ ઇન્દ્ર છેજ નહિ, પરમેશ્વરજ નથી, ગરીબની હાય સાંભળનાર કોઇજ નથી. પણ પેલા 'મેધિર' લોકો પોતાની શ્રદ્ધાભરી આંખો તારા ઉપર ઠેરવીને પોતાનું કામ કર્યે જાય છે. પણ હે ઇન્દ્ર ! હવે તો ઘણી વેળા વીતી ગઇ. શુષ્ણાસુરનો ઉપદ્રવ તેની પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે. પદદલિતોની, ચૂસાએલાંઓની, પીડાએલાંઓની વહારે તમે કયારે આવશો ? જુઓ તો ખરા, હવે ચૂસાતાં ચૂસાતાં તેમનામાં કશુંજ રહ્યું નથી. મેધાવી લોકો હવે માત્ર તમારા તરફ નજર ઠેરવીને જોઇ રહ્યા છે. લૂંટાઈ જતા ગરીબોના પેટનું અન્ન તમે લૂંટાઇ જતું બચાવો, તેમનું સત્ત્વ નીચોવાઇ જવા આવ્યું છે, તેને તમે જાળવી લો. શુષણની માયાને છિન્નભિન્ન કરીને તેના વડે ઢંકાઈ ગએલા સજ્જનોના યશને પાછો ફરીથી ઝળકતો કરી દો. હે પ્રભો ! હવે તો હદ થઇ ગઇ છે! હે ઇન્દ્ર ! તમે આવી અણીને વખતે નહિ દોડી આવો તો તમારૂં ઇન્દ્રત્વ બીજે કયે વખતે કામ આવવાનું હતું ?

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર ! **(त्वं)** તમે. **(मायिनं)** માયા કરવામાં કુશળ, કપટી **(शुष्णं)** શોષણ કરનાર રાક્ષસને **(मायाभिः)** માયાઓ દ્વારાજ **(अवातिरः)** નીચા પાડી દો છો, વિનષ્ટ કરી દો છો. **(ते)** તમારા **(तस्य)** તે રહસ્યને **(मेधिराः)** મેધાવાળા જ્ઞાની લોકોજ **(विदुः)** સમજે છે; તમે હવે **(तेषां)** તેમનાં **(श्रवांसि)** અન્નોને, સત્ત્વોને, યશોને **(उत्तिर)** ઊંચા કરો, તેમનો ઉદ્ધાર કરો.

२ कार्तिक

ब्रह्मचर्येण तपसा देवा मृत्युमपाघ्नत ।
इन्द्रो ह ब्रह्मचर्येण देवेभ्यः स्वराभरत् ॥
(अथर्व० ११-५-१९)

વિનય

શરીરમાં કોઈ જીવનવર્ધક વસ્તુ હોય તો તે વીર્ય છે. એ વીર્યને આપણે શરીરમાં જેમ જેમ ધારણ કરતા જઇશું, તેમ તેમ આપણે વધારે વધારે જીવનપૂર્ણ થતા જઇશું અને એમ કરતાં મૃત્યુને પણ જીતી વળીશું. હે મનુષ્યો ! જો તમારે મૃત્યુની પેલી પાર ચાલ્યા જવાની ઇચ્છા હોય તો બ્રહ્મચર્યનું પાલન કરો, બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરો. જે સઘળા દેવતાઓ અમર બનીને બેઠા છે; જ્ઞાનીઓ, સન્તો, ઋષિઓ, મહાત્માઓ, જેઓ મૃત્યુને જીતીને નિશ્ચિન્ત થઇ ગયા છે, તેમણે આ સ્પૃહણીય અવસ્થા બ્રહ્મચર્યનું પાલન કરવાના તપોબળ વડેજ પ્રાપ્ત કરી હતી. શારીરિક વીર્ય, માનસિક તેજ અને આત્મિક શક્તિ, એ ત્રણનું સર્વદા રક્ષણ કરવું અને કોઇ પણ પ્રકારના ભોગની લાલચને વશ થવાથી તેનો ક્ષય થાય તે ન થવા દેવો એજ બ્રહ્મચર્યનું કઠિન તપ છે. પણ એ તપના તેજ આગળ મૃત્યુ રાંક બની જાય છે અને સાચું પરમ સુખ પ્રાપ્ત થાય છે. આવા સંયમી અને બ્રહ્મચારી મહાત્માઓ જે દિવ્ય સુખનો અનુભવ કરે છે તેના સોળમા ભાગનું સુખ પણ ભોગવિલાસીઓના ભાગ્યમાં નથી હોતું. સુખ એ શી વસ્તુ છે તે બિચારા ભોગવિલાસી લોકો જાણતા પણ નથી. પૂરેપુરા આત્મવશ થવામાં જે સાચું સુખ રહેલું છે તેની જો એ લોકોને જાણ થઇ જાય તો પછી તેઓ કદી ભોગવિલાસની સામે ભાળે પણ નહિ. મારા ભાઇઓ ! તમે આ પરમ બ્રહ્મચારી પરમેશ્વરના ભણી કેમ નથી નજર

કરતા ? તે ઇન્દ્ર છે, પરમ ઐશ્વર્યવાન્ છે; છતાં તે ત્રણે કાળમાં ભોગવાસનાથી દૂરના દૂરજ રહે છે અને સર્વથા નિષ્કામ રહે છે. આ કારણને લીધેજ તેમની પાસે પોતાની શક્તિનો અક્ષય ભંડાર એવો ભર્યો ને ભર્યો રહે છે કે તેમાંથી તે દેવરાજ પોતાના અગ્નિ આદિ દેવતાઓને તથા મનુષ્ય દેવોને તેજ અને સુખની લાગલાગટ લહાણી કર્યેજ જાય છે. આ સંસારના પાયામાં તે ઇન્દ્ર પ્રભુનું બ્રહ્મચર્ય ન હોય તો તે એક ક્ષણવાર પણ ટકી ન શકે. એજ રીતે શરીરની અંદર આત્મારૂપી ઇન્દ્ર પોતાના બ્રહ્મચર્ય વડેજ ઇન્દ્રિયોરૂપી દેવોને તેજ અને સુખનું હમેશાં દાન કર્યાજ કરે છે. ભોગને વશ થવાથી ઇન્દ્રિયોનું તેજ દહાડે દહાડે ક્ષીણ થતું જાય છે, પણ તેઓ પાછી આત્માભિમુખ થાય છે એટલે બ્રહ્મચર્ય દ્વારા સુરક્ષિત રહેલા આત્માના પાર વિનાના તેજ અને સુખ વડે ફરીથી પરિપૂર્ણ બની જાય છે; તેમનામાંથી તેજ અને સુખ છલકાઈ જાય એટલે સુધી આત્મા તેમને એ બે પદાર્થોનું દાન કરતો રહે છે. માટે હે મનુષ્યો ! તમારે જો મોતને જીતવું હોય, મોતને મારી નાખવું હોય તો બ્રહ્મચર્યની સાધના કરવા મંડી જાઓ. જો સાચા સુખનો સ્વાદ ચાખવાની ઇચ્છા હોય તો બ્રહ્મચર્યની ઉપાસના કરો.

શબ્દાર્થ

(**देवाः**) દેવો, જ્ઞાની પુરુષો (**ब्रह्मचर्येण तपसा**) બ્રહ્મચર્યના તપોબળ વડે (**मृत्युं**) મૃત્યુને (**अपाघ्नत**) મારી નાખે છે. (**इन्द्रः**) પરમેશ્વર અથવા આત્મા (**ह**) પણ નિશ્ચયપૂર્વક (**ब्रह्मचर्येण**) પોતાના બ્રહ્મચર્ય વડેજ (**देवेभ्यः**) દેવોને માટે (**स्वः**) સુખ અથવા તેજને (**आभरत**) લાવે છે, પ્રાપ્ત કરાવે છે.

३ कार्तिक

ब्रह्मचर्येण तपसा राजा राष्ट्रं वि रक्षति ।
आचार्यो ब्रह्मचर्येण ब्रह्मचारिणमिच्छते ॥
(अथर्व० ११-५-१७)

વિનય

જે રાજા અજિતેન્દ્રિ અને ભોગવિલાસી બની જાય છે, તેના નિર્બળ હાથ રાજ્યની લગામને સાચવી નથી શકતા. તેનું રાજ્યતંત્ર ઢીલું પડી જાય છે. કારણ કે ભોગવિલાસી રાજાના અથવા સરકારના અધિકારી અથવા નોકરો પણ વિષયલોલુપ, આચારહીન અને લંપટ બની જાય છે. આવા અધિકારીઓને વશ થએલી પ્રજાનું જેવું જોઇએ તેવું રક્ષણ અને પાલન થતું નથી. તે દુઃખી થવા લાગે છે, પીડાવા માંડે છે અને એવી સંતપ્ત થએલી પ્રજા તે સરકારને શાપ જ દેતી રહે છે. પછી તો તે સરકાર થોડા વખતમાંજ પોતાના પદ ઉપરથી ભ્રષ્ટ થઇ જાય છે. એટલા વાસ્તે હે રાજાઓ! જો તમારે ખરેખરૂં રાજ્યજ કરવું હોય, તમારી પ્રજાનું તમારે યથાવત્ રંજન અને રક્ષણ કરવું હોય, તમારી પ્રજાને ધનથી સમૃદ્ધ, જ્ઞાનવિકસિત અને ઉન્નત બનાવવી હોય તો તમેજ પહેલા બ્રહ્મચારી થાઓ, તપસ્વી થાઓ. તમે તમારા પોતાના જીવનને સારૂં, સંયમી અને તેજસ્વી બનાવો, તમે જાતેજ જિતેન્દ્રિય, કષ્ટસહિષ્ણુ અને ઈશ્વરપરાયણ થઇ જાઓ.

એજ પ્રમાણે જે આચાર્ય પોતાના શિષ્યને શિક્ષિત કરવા ઈચ્છતો હોય, તેની પાસે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરાવીને તેને વેદજ્ઞાન આપવા ઈચ્છતો હોય, તેણે પોતેજ બ્રહ્મચારી થવું જોઇએ, ખૂબ ઊંચા પ્રકારના બ્રહ્મચારી થવું જોઇએ. પોતે તેમ ન કરે તો પોતાના શિષ્યો પાસેથી

બ્રહ્મચર્ય પળાવવાની આશા પણ તે ન રાખી શકે. સાચી હકીકત એવી છે કે, આચાર્યનું પોતાનું સદા બ્રહ્મચર્યમય અને શાંતિપ્રાપ્ત જીવનજ એવું હોય છે કે જેને લીધે બીજા ઘણા લોકો બ્રહ્મચારી થાય અને એવા બ્રહ્મચારીઓ ઘણામાં ઘણા પેદા થાય એવી તેના મનમાં સ્વાભાવિક રીતે જ ઇચ્છા થયા કરે છે. વાસ્તવિક રીતે આચાર્ય પોતાના બ્રહ્મચર્યના બળ વડે બ્રહ્મચારીઓને પોતાના તરફ આકૃષ્ટ કરે છે, તેમના ઉપર શાસન ચલાવે છે, તેમને પોતાને વશ રાખે છે, તેમની પોતાની સાથે સદા સંયુક્ત કરી રાખે છે અને તેમને બ્રહ્મામૃતનું પાન કરાવીને પરિપુષ્ટ કરતો રહે છે.

તાત્પર્ય એ છે કે, કોઇ પણ પ્રકારનું શાસન–રાજ્યશાસન, શિક્ષાશાસન, ક્ષાત્રશાસન અથવા બ્રાહ્મણનું શાસન–બ્રહ્મચર્ય વિના થઇ શકતુંજ નથી.

શબ્દાર્થ

(राजा) રાજા **(ब्रह्मचर्येण तपसा)** બ્રહ્મચર્યના તપ વડે **(राष्ट्रं)** રાષ્ટ્રનું **(वि रक्षति)** જેવું જોઇએ તેવું રક્ષણ કરે છે. અને **(आचार्यः)** આચાર્ય **(ब्रह्मचर्येण)** બ્રહ્મચર્ય વડેજ **(ब्रह्मचारिणं)** બ્રહ્મચારીને **(इच्छते)** ઇચ્છે છે.

४ कार्तिक

तस्माद् वै विद्वान् पुरुषं इदं ब्रह्मेति मन्यते ।
सर्वा ह्यस्मिन् देवता गावो गोष्ठ इवासते ॥
(अथर्व० ૧૧-૮-૩૧)

વિનય

સૌ જ્ઞાનીઓ કહે છે કે આ 'પુરુષ' છે તે બ્રહ્મ છે. તેઓ એવું શા માટે કહે છે તેનું કારણ તમે જાણો છો? એનું કારણ એ છે કે, તમામ દેવતાઓ આપણા શરીરમાં આવીને વસી ગયા છે અને એ બધા દેવતાઓના દેવ, પરમદેવ પરમેશ્વર પોતે પણ આપણી અંદર છે. પોતાના ગોષ્ઠમાં, ગૌશાળામાં ગાયો જેમ પોતપોતાની જગ્યાએ આવીને બેસી જાય, તેમ સૂર્ય, વાયુ, અગ્નિ વગેરે દેવતાઓ આપણા શરીરની અંદર વાસો કરીને યથાસ્થાને બેસી ગયા છે. ખરૂં કહીએ તો આપણું શરીર એ પેલા દેવોનું વાસસ્થાનજ છે. સૂર્યદેવતા આપણાં નેત્રોમાં આસન માંડીને બેઠા છે અને ત્યાં બેઠા બેઠા આપણા જ્ઞાન ઉપર અને જ્ઞાનના વિસ્તૃત ભંડારના ઉપર અધિકાર ચલાવે છે. એજ પ્રમાણે સૂર્યદેવની સાથે સાથે સંપૂર્ણ દ્યુલોક અને દ્યુલોકના તમામ દેવતાઓ આપણા શરીરની અંદર આવી બેઠા છે. વળી વાયુદેવ આપણા પ્રાણની અંદર સમાયા છે; તે ઉપરાંત આપણા પ્રાણમય ને મનોમય શરીરમાં વ્યાપી ગએલા છે અને તેમની સાથે સંપૂર્ણ અંતરિક્ષલોક અને અંતરિક્ષના તમામ દેવો પણ ચાલ્યા આવ્યા છે. એજ રીતે અગ્નિદેવ આપણા બાકી રહેલા સ્થૂળ દેહને પોતાનો કરીને બેઠા છે અને તેમની સાથે આખો પૃથ્વીલોક અને પૃથ્વીલોકના તમામ દેવતાઓ પણ આવીને હાજર થઇ ગયા છે. આ રીતે ત્રણે લોક, ત્રણે લોકનાં તમામ ભુવન ને ભુવનોના બધાજ તેત્રીસે

તેત્રીસ અથવા ત્રણસો ને ત્રણ અથવા ત્રણ હજાર ને ત્રણ દેવો* આ શરીરની અંદર આવીને બેઠા છે. આખું બ્રહ્માંડજ આ નાના સરખા પિંડની અંદર સમાઇ ગયું છે એમ કહીએ તો પણ ચાલે. અને એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી. જ્યારે ખુદ પરમ દેવ આપણી અંદર બિરાજ્યા છે તો પછી તેમની તમામ વિભૂતિ, તેમનું સંપૂર્ણ વિશ્વ આપણી અંદર હોય એમાં કાંઇ નવાઈ છે ! ખરૂં કહીએ તો બધુંજ આપણી પોતાની અંદર છે અને માણસને જો કોઇ દિવસ પણ સર્વસ્વની પ્રાપ્તિ થશે ત્યારે તે તેને તેની પોતાની અંદરથીજ આવી મળ્યું હશે. બહાર કશું છેજ નહિ. જે છે તે અંદરજ છે. જે બહાર છે તે તો જે આપણી અંદર છે તેનો પડછાયોજ છે અને તે પડછાયો પણ અસ્થિર છે. એટલા માટે હે મનુષ્યો ! જે દહાડે આ પરમ સત્યનો તને સાક્ષાત્કાર થઈ જશે તે દહાડે તું પણ નિશ્ચયાત્મક ભાવે બોલી ઉઠીશ કે "**इदं ब्रह्म**"—"આ **બ્રહ્મ** છે," "આ **બ્રહ્મ** છે." એજ પ્રમાણે 'પુરુષ' ના સંબંધમાં પણ તું બોલી ઉઠીશ કે " એ **બ્રહ્મ** છે," " એ **બ્રહ્મ** છે."

શબ્દાર્થ

(तस्मात्) આ કારણને લીધે **(वै)** જ, નિશ્ચયપૂર્વક **(विद्वान्)** જ્ઞાની લોકો **(पुरुषं)** આ પુરુષને **(इदं ब्रह्म इति)** 'આ બ્રહ્મ છે' એવું **(मन्यते)** માને છે; કારણ કે **(अस्मिन्)** આ પુરુષ દેહમાં **(सर्वा हि देवता)** તમામ એકેએક દેવતાઓ **(गावः गोष्ठे इव)** ગૌશાળાની અંદર ગાયો પોતપોતાની જગ્યાએ આવીને બેસી જાય છે, તેમ **(आसते)** આવીને બેસી ગયા છે.

---

* જુઓ બૃહદારણ્યક ઉપનિષદ્ ૯-૧-૧ —મૂળ લેખક

५ कार्तिक

अहमस्मि सहमान उत्तरो नाम भूम्याम् ।
अभीषाडस्मि विश्वाषाड् आशामाशां विषासहिः ॥
(अथर्व. १२-१-५४)

વિનય

સહનશક્તિમાં હું કોઇથી હારૂં એવો નથી. હું સહન કરી કરીને આખરે સૌને હરાવી દઇશ, બધાનેજ જીતી વળીશ; મારી જન્મભૂમિને સારૂ હું બધુંજ સહન કરી છૂટીશ. એવું કાંઈજ નથી કે જેને હું મારી ભૂમિ માતા માટે સહન ન કરૂં. હું આ ભૂમિના ઉપર "ઉત્તર" બનીને ઉત્પન્ન થયો છું, ઊંચામાં ઊંચી મનુષ્યયોનિમાં ઉત્પન્ન થયો છું. મને મારા મનુષ્યત્વનું અભિમાન છે. હું માણસ થઇને સહન કરવાની કસોટીમાં નાપાસ થાઉંજ કેમ ? મારી માતૃભૂમિનું સુખ ઉજ્જવળ કરવાને સારૂ હું અસહ્યમાં અસહ્ય તાવણીઓમાં તપવા અને ભારેમાં ભારે મુશીબતોને માથા ઉપર ઝીલવા ખુશી છું, તૈયાર છું, જે કોઈ મારી સાથે સ્પર્ધામાં ઉતરશે તેને હું મારી સહનશક્તિ વડે વશ કરી લઇશ, મારી સામે નમાવી પાડીશ. મારી સામે કોઇ પણ પ્રતિસ્પર્ધી ઉભોજ નથી રહી શકતો. હું "ઉત્તર" છું, હું બધુંજ સહન કરી લઇશ, હું ભૂમિ માતાનો પુત્ર છું. હું સૌનો પરાભવ કરી દઈશ. હે સંસારની ભારેમાં ભારે અને ઊંચામાં ઊંચી તાકાત ! ચાલ આવી જા, હું આજે બધાને જીતી વળવાનો છું. હું જે દિશામાં પગલું ભરીશ તે દિશાને હું મારી સહનશક્તિ વડે નમાવી દઇશ, જે આશા અથવા જે ઈચ્છા રાખીને હું મારા અમોઘ અસ્ત્ર વડે કર્મનો પ્રારંભ કરીશ તેને હું પ્રાપ્ત કર્યા વિના છોડીશ નહિ. હું 'અભીષાડ્' છું, હું 'વિશ્વાષાડ્' છું.

શબ્દાર્થ

(अहं) હું **(सहमानः)** સહન કરૂં એવો **(अस्मि)** છું. **(भूम्यां)** આ ભૂમિ ઉપર **(उत्तरः नाम)** સર્વોત્તમ તરીકે પ્રસિદ્ધ છું, હું **(अभीषाड्)** મુકાબલો કરવા આવનારને સહન કરનાર **(अस्मि)** છું, **(विश्वाषाड्)** બધુંજ સહન કરૂં એવો છું. **(आशां आशां)** દરેક દિશામાં દરેક ઇચ્છાની પૂર્તિને સારૂ બધુંજ **(विषासहिः)** ખાસ કરીને વારંવાર સહન કરૂં એવો છું.

६ कार्तिक

इयं या परमेष्ठिनी वाग् देवी ब्रह्मसंशिता ।
ययैव ससृजे घोरं तयैव शान्तिरस्तु नः ॥
(अथर्व० १९-१-३)

વિનય

આપણી અંદર જે વાણી છે તે એક ઘણી ઉંચા પ્રકારની દેવી છે અથવા દૈવી શક્તિ છે. પણ આપણું મહાન દુર્ભાગ્ય છે કે આપણે તેનો મહિમા નથી જાણી શક્તા. એ તો ‘ પરમેષ્ઠિની ’ છે. જે પરમ તત્ત્વ છે તેમાંજ વસનારી છે. એનું સ્થાન પરમ દેવમાંજ છે. પણ આપણે એને કશી કિંમત વિનાની નકામી ચીજ ગણીએ છીએ. એ તો ‘ પરમેશ્વરની સાથે સંબંધ રાખનારી વાગ્દેવતા ’ છે એવું સમજીને તેની સાથે જેવું વર્તન રાખવું જોઇએ તેવું આપણે નથી રાખતા. આપણે તેની સાથે યથાયોગ્ય વર્તન રાખીએ, તેને ‘બ્રહ્મસંશિતા’ બનાવીએ તો તેના જેવી બળવાન શક્તિ આખી દુનિયામાં બીજી એક પણ નથી. બ્રહ્મ વડે, ઈશ્વરીય જ્ઞાન વડે, બ્રહ્મચર્ય દ્વારા પ્રાપ્ત કરેલા બ્રહ્મતેજ વડે સંશિત થએલી, સુતીક્ષ્ણ થએલી વાણી એક એવું શસ્ત્ર છે કે જે કદી નિષ્ફળ જતું નથી, જે અમોઘ છે, એજ ઇન્દ્રનું વજ્ર છે. એ તો આત્માની એકમાત્ર શક્તિ છે. તમામ દિવ્ય લોકો, દેવ પુરુષો, મહાત્માઓ અનાદિ કાળથી આ દિવ્ય શસ્ત્રનો ઉપયોગ કરતા આવ્યા છે. જેવી રીતે બીજાં બધાં શસ્ત્રોનો સારો અને માઠો એવા બે જાતના ઉપયોગ થાય છે, તેવો વાણીનો પણ સદુપયોગ અને દુરુપયોગ બેઉ થઇ શકે છે અને હમેશાં થતા આવ્યા પણ છે. તેમાંથી ભયંકર કૃત્યો નીપજ્યાં છે. આ જગતમાં કજીઆકંકાસ, લડાઇ [illegible], [illegible], [illegible] વગેરે [illegible] થતાં આવ્યાં

છે તે બધાનુ મૂળ કારણ કોઈ ને કોઇ રૂપમાં આ વાણીનો દુરુપયોગજ હોય છે. વાણીરૂપી શસ્ત્રનો જખમ કેટલો કારી હોય છે અને તેમાંથી કેવાં કેવાં ભયંકર દુષ્પરિણામ નીપજે છે તે બધાજ અનુભવી લોકો જાણે છે અને નજરે જુએ પણ છે. પરંતુ આપણે તો એ વાણીનો કદી દુરુપયોગ કરવાનાજ નથી. હમેશાં શાન્તિનો ફેલાવો કરવામાં, પ્રેમ અને સંપની વૃદ્ધિ કરવામાંજ આપણે વાણીનો ઉપયોગ કરીશું. આ દેવીનો, પરમેશ્વરની આપેલી પરમ પવિત્ર વસ્તુનો આપણે ખૂબ વિચાર કરી કરીને ઘટતોજ ઉપયોગ કરીશું. એના વડે જખમોને રૂઝાવીશું, જેમની વચ્ચે અણબનાવ થયો હશે તેમનાં હૃદયને ફરીથી સાંધીશું અને જેઓ લડી વઢીને છૂટાં પડયાં છે તેમને પાછાં ફરીથી ભેટાડીશું. અમારો આવો સત્ય સંકલ્પ છે કે, અમે વાણીની શક્તિ વડે સંસારમાં શાન્તિનો પ્રચાર કરીશું અને શાન્તિની સ્થાપના કરીશું.

શબ્દાર્થ

(इयं) આ **(या)** જે **(परमेष्ठिनी)** પરમદેવ પરમેશ્વરમાં નિવાસ કરનારી **(ब्रह्मसंशिता)** જ્ઞાનથી તીક્ષ્ણ થએલી **(वाक्)** વાણી રૂપી **(देवी)** દેવી છે, **(यया एव)** જેના વડે નિઃસંદેહ **(घोरं)** ભારેમાં ભારે ભયંકર કૃત્યો **(ससृजे)** નીપજે છે **(तया एव)** તેજ વાણી વડે **(नः)** અમારે માટે, અમારા જેવાં મનુષ્યોને માટે **(शान्तिः)** શાન્તિ **(अस्तु)** થાઓ, ફેલાઇ જાઓ.

७ कार्तिक

ईशा वास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुंजीथा मा गृधः कस्य स्विद्धनम् ॥
(यजु० ४०-१)

વિનય

હે મનુષ્ય ! તું તો તારો જન્મ થયો ત્યારથીજ વગર જાણ્યે, વગર પૂછ્યે આ સંસારનાં ઐશ્વર્યોનો ઉપભોગ કરવાજ મંડયો છે. આ ઐશ્વર્યધન કોનું છે તેની તેં કદી શોધ કરી ? આ ધનનો માલિક કોણ છે, તેનો ઈશ કોણ છે તે જાણવા તેં કદી યત્ન પણ કર્યો છે ? અરેરે ! એનો માલિક તો હરેક જગ્યાએ વિદ્યમાન છે. તે નજરે દેખાતો નથી છતાં તે પ્રત્યેક વસ્તુમાં રમી રહ્યો છે. આ આખા વિશ્વમાં જે જે જગત, જે જે ભુવનો નજરે પડે છે, તેમની અંદર જે જે પદાર્થો દેખાય છે તે બધાનેજ તે ઈશે ઉત્પન્ન કરીને જેની તેની જગ્યાએ ગોઠવી રાખ્યાં છે અને તેમના સર્વના ઉપર એકમાત્ર અધિકાર તે ઈશનોજ છે. તારે એ ઐશ્વર્યોનો ભોગ કરવો હોય તો તારે પ્રથમ તે ઈશની રજા લેવી જોઇએ. તારે જે કાંઈ ભોગ ભોગવવા હોય તે તેની અનુમતિ લઇને ભોગવવા—અર્થાત તારી પોતાની અંદર બેઠેલો તે ઈશ તને જે કાંઈ આપી રહ્યો છે તેટલાનોજ તું ભોગ કર. તેણે બીજાઓને આપેલા ધનને જોઇને તેને પણ ભોગવવાની લાલચમાં તું ફસાઈશ નહિ. તારૂં તારે વાસ્તે છે અને જે બીજાનું છે તે બીજાને વાસ્તે છે; અને ખરૂં જોતાં બધુંજ તે ઈશનું છે. તે આપણા કલ્યાણને માટે અને આખા જગતના કલ્યાણને માટે આપણને મનુષ્યોને જે જે વખતે જેટલું જરૂરનું હોય તેટલું ધન તે આપ્યાજ કરે છે. એટલા વાસ્તે હે મનુષ્ય ! તું લોભ ન કર અને બીજાને આપેલા ધનના ઉપર નજર પણ ન કર. જે તને મળ્યું હોય તેટલાથીજ સંતુષ્ટ રહે

અને તેટલાનોજ તું ઉપભોગ કર. એમાંજ તારૂં કલ્યાણ છે. એટલુંજ નહિ પણ જે ધન તને પ્રાપ્ત થયું છે તેનો તું ત્યાગપૂર્વક ઉપભોગ કર. જે ધન તારી આગળ આવીને ઉભું રહે તેમાંથી પણ તું યજ્ઞનો ભાગ જુદો કાઢીને (દેશ-કલ્યાણને અર્થે વાપરવાના અંશને જુદો કાઢીને) પછી જે કાંઇ બાકી રહે તેટલાનોજ તું ઉપયોગ કર. તારે જગતના કલ્યાણને માટે, સાર્વજનિક હિતને માટે જે કાંઇ આપી દેવું જોઇએ તે બધું આપી દીધા પછી તારા હાથમાં જે રહે તેજ તારા પોતાના ઉપયોગને માટેનું છે એવું સમજ. પેલો યજ્ઞનો ભાગ તો તે ઇશનો છે. એ ભાગ તેને આપી દેતાં જે કાંઇ તારા હાથમાં બાકી રહે, જે કાંઇ 'ત્યક્ત' ઠરે તે 'ત્યક્ત' વડેજ તું તારો વ્યવહાર નીભાવ, તેટલા વડેજ તારો નિર્વાહ કર. એ અમૃત છે; પરંતુ એ અમૃતને પણ તું ઈશને અર્પણ કરીને ભોગવજે. તું તારા મનમાં બરાબર કોતરી રાખજે કે, તું પોતે અને તારૂં જે કાંઈ છે તે બધુંજ તે ઈશનું છે. માટે તું જે કાંઇ ભોગવે તે મનમાં સદા એવી ભાવના કરીને ભોગવ કે તે ભોગવ્યાથી તને જે શારીરિક, માનસિક અને આત્મિક પુષ્ટિ પ્રાપ્ત થાય તેનો ઉપયોગ તે ઇશના કામને અર્થેજ થાય, તે ઈશની સેવામાંજ વપરાય. યાદ રાખો, આ સંસારની અંદર ઈશના તમામ ધનને ભોગવવાનો આ એકજ નિયમ છે, એકજ ઉચિત વિધિ છે.

શબ્દાર્થ

(जगत्यां) આ સંસારમાં **(यत् किंच)** જે કાંઇ પણ **(जगत्)** સૃષ્ટિ છે, ઉત્પન્ન થયું છે તે **(इदं)** આ સામે દેખાય છે તે **(सर्वं)** બધુંજ **(ईशा)** ઇશ વડે, ઇશ્વર વડે **(वास्यं)** વસ્યું છે, ભરાઇ ગએલું છે, વ્યાપ્ત થએલું છે. તેથી કરીને **(तेन)** તે ઇશ્વરે **(त्यक्तेन)** ત્યાગ કર્યું હોય તે વડે, તેણે તને કાઢી આપેલા ધન વડેજ **(भुंजीथाः)** તું તારો પોતાનો ભોગ પ્રાપ્ત કર, **(कस्यचित्)** બીજા કોઇના પણ **(धनं)** ધનની કદી પણ **(मा गृधः)** કામના ન કર.

८ कार्तिक

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः ।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥
(यजु० ४०-२)

વિનય

પોતે પોતાનાં કર્મ કરતા રહીનેજ મનુષ્યે જીવવાની ઇચ્છા રાખવી જોઇએ. જો તે કર્મ ન કરે તો તેને જીવતા રહેવાનો અધિકાર પણ ન હોવો જોઇએ. આ જીવન મળ્યું છે તે કર્મ કરવાને વાસ્તેજ મળ્યું છે. હે મનુષ્ય! શું તારા મનમાં એવો ભય છે કે જો હું કર્મ કરીશ તો કર્મમાં લેપાયમાન થઇ જઇશ? કર્મની જાળની અંદર બંધાઈ જઇશ? નહિ નહિ, જો તું પૂર્વોક્ત રીતે (પૂર્વના મંત્રમાં બતાવ્યા પ્રમાણે) ત્યાગપૂર્વક જગતનો ભોગવટો કરતો રહીશ, ઈશ્વરાર્પણ ભાવના રાખીને તું તારા બધા વ્યવહાર ચલાવતો રહીશ, સર્વથા ‘મારૂં’ અને ‘હું’ એ બે ભાવોને દૂર રાખીને કર્મ કરતો રહીશ તો એવી રીતે કરાએલાં કર્મ કદી પણ બંધનકારક નહિ નીવડે. આવાં નિષ્કામ કર્મો તને ‘નર’ને કદી પણ લેપાયમાન નહિ કરે. ખરૂં કહીએ તો આવાં નિષ્કામ કર્મો કરનારાઓજ સાચા અર્થમાં ‘નર’ છે, તેઓજ સંસારનો વ્યવહાર ચલાવે છે, તેઓજ સંસારના નેતા હોય છે. એટલા માટે હે નર! તું અનાસક્ત થઇને ત્યાગપૂર્વક તારાં કર્મો કરતો રહે. કર્મના લેપનથી, બંધનથી બચવાનો આ એકજ ઉપાય છે. આવી નિષ્કામ કર્મની સાધના સિવાય કર્મના લેપથી ઉગરવાનો આ સંસારમાં બીજો કોઇ ઉપાયજ નથી એમ કહીએ તો પણ ચાલે. તું શું તારા મનમાં એવું માની બેઠો છે કે, હું કર્મ નહિ કરૂં તો કર્મના લેપમાંથી ઉગરી જઈશ? અરે નાદાન! જ્યાં સુધી આ તારૂં શરીર છે, જ્યાં સુધી

તું જીવતો છે ત્યાંસુધી તું કર્મનો ત્યાગ કરવાનો હતોજ શી રીતે? કાંઈ ને કાંઇ શારીરિક તથા માનસિક કર્મો કર્યા વિના તું જીવી શકવાનોજ કેવી રીતે? કર્મથી બચવાને માટે કદાચ તું આત્મહત્યા કરી નાખે તો તેથી પણ તારો છૂટકારો નહિ થાય; તારે બીજો જન્મ લેવો પડશે અને તને આત્મહત્યાનું પાપ ચોંટશે તે વધારામાં. તું બરાબર સમજી રાખ કે, જે વખતે કર્મ કરવાની આવશ્યકતા હોય તે વખતે તે કર્મ ન કરવાથી અકર્મનું પાપ પણ લાગુ પડે છે. તેથી કરીને તું એટલું ગોખી રાખ કે, કર્મનો ત્યાગ કરવાથી તને નિર્લેપતા નથીજ મળવાની. નિર્લેપ થવું હોય તો માત્ર એકજ ઉપાય છે અને તે એ કે, તું કર્મ કરતોજ રહે પણ નિર્લેપ રહીને–અનાસક્ત થઇને જે કરે તે કર. માટે હે મનુષ્ય! તું ઉઠ, ઉભો થા અને આ તારી અકર્મની તામસિક અવસ્થાને ફગાવી દે. તું ઉત્સાહપૂર્વક, નિર્લેપ ભાવથી કર્મોને કરતોજ રહે; હમેશાં નિરહંકાર અવસ્થામાં રહીને જે કાંઈ કર્મ કરે તે ઈશ્વરાર્પણ કરીને, તારાં મન બુદ્ધિ ઇત્યાદિને ઈશ્વરાર્પિત અવસ્થામાં રાખીને જે કાંઇ કર્મ તને સહજ રીતે પ્રાપ્ત થાય તેમને તું નિઃસંગ બનીને કર્યોજ જા. આવી ભાવનાપૂર્વક નિષ્કામ કર્મોને તું તારાં સંપૂર્ણ સો વર્ષ સુધી કરતો જજે, તારા જીવનની છેલ્લામાં છેલ્લી પળ સુધી પણ તું તારાં કર્મ કરતો રહેજે.

શબ્દાર્થ

મનુષ્ય **(इह)** આ સંસારમાં **(कर्माणि)** પોતાનાં કર્મોને **(कुर्वन्)** કરતો રહીને **(एव)** જ, નિશ્ચયપૂર્વક **(शतं समाः)** સો વરસ સુધી **(जिजीविषेत्)** જીવતા રહેવાની કામના કરે. **(एवं)** એ રીતે, પૂર્વોક્ત પ્રકારે ત્યાગપૂર્વક કર્મ કરવાથી **(त्वयि नरे)** તું કે જે નર છે તેમાં, કર્મ કરનારા પુરુષમાં **(कर्म)** કર્મ **(न लिप्यते)** લિપ્ત નહિ થાય, કર્મનો લેપ એવા નરને લાગુ નહિ પડે. **(इतः अन्यथा)** આ સિવાય [કર્મના લેપનથી બચવાનો] બીજો કોઇ ઉપાય **(न अस्ति)** છેજ નહિ.

१ कार्तिक

बह्विदं राजन् वरुण अनृतमाह पूरुषः ।
तस्मात् सहस्रवीर्य मुंच नः पर्यंहसः ॥
(अथर्व. १९-४४-८)

વિનય

હે સાચા રાજા ! હે પાપનિવારક ! માણસો બહુજ જૂઠાબોલા થઇ ગયા છે અને છેક ધૂળ જેવી વાતને માટે પણ જૂઠું બોલી નાખે છે. સવારથી માંડીને સાંજ સુધીમાં એકજ દિવસમાં કોણ જાણે કેટલીય વાર તે જૂઠું બોલતો હશે ? અમારૂં મનુષ્યોનું જીવન એવું અસત્યમય બની ગયું છે કે અમે આટલું બધું જૂઠું બોલીએ છીએ તેની ઘણી ખરી વાર તો અમને ખબર પણ પડતી નથી. એ ખબર તો ત્યારેજ પડે, કે જ્યારે માણસ જૂઠું બોલતી વખતે જૂઠથી ગભરાઇ જાય અને હમેશાં મોંમાંથી સાચું હોય તેજ બોલાય તેને સારૂ ખૂબ સાવધાન રહેવા માંડે. એવે વખતે મોઢામાંથી નીકળતા પ્રત્યેક વચનનું જ્યારે તે પૂરેપુરૂં નિરીક્ષણ અને પરીક્ષણ કરવા લાગે છે, ત્યારે પોતે સૂક્ષ્મ રૂપમાં કેટલું બધું અસત્ય બોલી દે છે તેની તેને જાણ થાય છે. ખરી વાત તો એ છે કે, આપણામાંથી જેઓ સત્ય વક્તા કહેવાય છે તેઓ પણ વાસ્તવમાં પુષ્કળ અસત્ય બોલી નાખે છે. જો કોઇ પૂરેપુરો સત્યવાદી હશે તો તેની વાણીમાં પતંજલિ, વ્યાસ વગેરે ઋષિ-મુનિઓના કથનાનુસાર એટલું બધું તેજ આવી ગયું હશે કે તેના મોઢામાંથી જે નીકળશે તે સાચુંજ પડશે; તેનું પ્રત્યેક વચન, ક્રિયા અને ફલયુક્ત બની જશે. દાખલા તરીકે તે કોઇને કહે કે "તું નીરોગ થઇ જા" તો તે માણસ નીરોગ થઇ જવાનોજ.* આનું તાત્પર્ય એ છે કે, જે કાર્ય આપણે

---

* જુઓ યોગદર્શન, ૨-૩૬ અને તેના પરનું વ્યાસભાષ્ય.-**મૂળલેખક**

હાથ, પગ વગેરેની સ્થૂળ શક્તિ વડે કરીએ છીએ, તે કાર્ય પૂરેપુરા સત્યવાદી પુરુષની વાણી વડેજ સિદ્ધ થઇ જાય છે. માટે ખરી વાત એ છે કે, જેઓ આપણામાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુરુષો ગણાય છે તેઓ પણ આજ સુધી તો પૂરેપુરા અસત્યરહિત નથીજ થયા.

હે સહસ્રવીર્ય ! આ અસત્યમાંથી હવે તો તમેજ અમને બચાવો. આત્મનિરીક્ષણ કરતી વખતે અમે ઘણીવાર જોયું છે કે, અમે અસત્ય બોલીએ છીએ તે હમેશાં તુચ્છ ભય, લોભ, આસક્તિ એવાં ધૂળ જેવાં કારણોને લીધેજ. ખરૂં જોતાં, અમારી પોતાની નિર્બળતા, વીર્યહીનતા અને ક્ષુદ્રતાને લીધેજ બોલીએ છીએ. એટલા માટે હે અપરિમિત વીર્યવાળા ! તમે અમારામાં એવું વીર્ય અને બળ ભરી દો કે અમે આજ પછી હમેશાં નીડરપણે સત્યજ બોલીએ, જૂઠું વચન અમારા મોઢામાંથીજ ન નીકળે, જૂઠું બોલવાની અમને કદી જરૂરજ ન પડે. વાસ્તવમાં તમારી સહસ્રવીર્યતાનું ધ્યાન કરવાથી અમારામાં એટલા બધા બળનો સંચાર થઇ જાય છે કે અમે પણ કોઇ ને કોઇ દિવસ પૂરેપુરા સત્યવાદી બની જઇશું એવો અમને મનમાં અનુભવ થવા માંડે છે, વિશ્વાસ જાગ્રત થઈ જાય છે. હે સહસ્રવીર્ય ! આ રીતે તમે અમને સદા અસત્યના પંજામાંથી છોડાવતા રહો અને તેના પાપમાંથી અમને બધી બાજુએથી મુક્ત કરતા જાઓ.

શબ્દાર્થ

(वरुण) હે પાપનિવારક દેવ ! **(राजन्)** હે સાચા રાજા ! **(पूरुषः)** મનુષ્ય **(इदं)** આ [તુચ્છ, નજીવાં] **(बहु)** ઘણાં ઘણાં **(अनृतं)** અસત્ય, જૂઠાણાં **(आह)** બોલી નાખે છે. **(तस्मात्)** તે **(अंहसः)** પાપથી **(सहस्रवीर्य)** હે અપરિમિત વીર્ય–પરાક્રમવાળા ! તું **(नः)** અમને **(परिमुंच)** બધી તરફથી મુક્ત કરી દે.

१० कार्तिक

ये ग्रामा यदरण्यं या सभा अधिभूम्याम् ।
ये संग्रामाः समितयः तेषु चारु वदेम ते ॥
(अथर्व. १२-१-५६)

વિનય

હે ભૂમિ માતા ! અમે પ્રત્યેક સ્થાનમાં, પ્રત્યેક પ્રસંગે, પ્રત્યેક વિષયમાં તારા સંબંધી સારૂંજ ભાષણ કરીએ, તારે માટે ઉત્તમ વાણીજ બોલીએ. અમે હમેશાં જે બોલીએ તે એવુંજ બોલીએ, કે જેથી તારો યશ વધે, જે તારે માટે હિતકર હોય, જે તારી ઉન્નતિ કરે એવું હોય. અમે તારાં ગામોમાં કે નગરોમાં રહીએ તો ત્યાં અમે પરસ્પર પ્રેમપૂર્વક તારાજ વિષયોની ચર્ચા કરતા રહીએ, તારા ગૌરવપૂર્ણ ભૂતકાળની કથાઓ સાંભળીએ અને સંભળાવીએ તથા તારા ઊજમાળા ભવિષ્યની વાતો એકબીજાને કહીએ. અમે તારાં જંગલોમાં ભટકતા હોઈએ તો ત્યાં અમે એકલા એકલા પણ તારી સ્તુતિનાંજ ગીત ગાઇએ, તારા પ્રેમનાં ગીતોને ગાઇ ગાઇને હરખાઇએ. તારી સભાઓમાં જઇએ તો ત્યાં તારા પક્ષનાં ભાષણ કરીએ, તારી ઉન્નતિ થાય એવા ઠરાવો ઉપર અમે અમારાં પ્રભાવશાળી ભાષણો લલકારીએ. જો કદાચ સંગ્રામોમાં ઝુકાવવું પડે તો તે રણક્ષેત્રમાં પણ ઉચ્ચ સ્વરે તારા જયઘોષ ગજવીએ, પોતાના પક્ષના સૈનિકોના ઉત્સાહની, શૌર્યની વૃદ્ધિ કરતા રહીને એવા જયધ્વનિ ઉચ્ચારીએ કે જેથી નભોમંડળ ગાજી ઉઠે. અને જો તારી સમિતિઓમાં બેસવાનો પ્રસંગ આવે તો ત્યાં ખૂબ ઉંડો વિચાર કરીને, પરિસ્થિતિના ઉપર એકસામટો ગંભીર વિચાર કર્યા પછી જે અભિપ્રાય આપવો ઘટે તે આપીએ. તારો દ્રોહ થાય એવું વચન તો અજાણપણે પણ અમારા મોઢામાંથી કદી પણ નીકળેજ નહિ. હે ભૂમિ માતા !

અમારી વાણી સદા તારે વિષે જે સારૂં હોય, જે ઉચિત હોય તેજ બોલે અને સદા કાળ તારી સેવામાંજ સમર્પિત થઇને રહે.

શબ્દાર્થ

(**अधि भूम्यां**) આ ભૂમિ ઉપર (**ये ग्रामाः**) જે જે ગામો છે, (**यद् अरण्यं**) જે જે અરણ્યો છે, (**याः सभाः**) જે જે સભાઓ ભરાય છે, (**ये संग्रामाः**) જે જે લડાઇઓ લડાય છે, (**समितयः**) જે જે સમિતિઓ સ્થપાય છે, (**तेषु**) તે સૌમાં અમે હે ભૂમિ માતા! (**ते**) તારે માટે, તારા સંબંધમાં (**चारु**) ઉત્તમ વાણીજ (**वदेम**) બોલીએ.

११ कार्तिक

यथा प्राण बलिहृतः तुभ्यं सर्वा प्रजा इमाः ।
एवा तस्मै बलिं हरान् यस्त्वा शृणवत् सुश्रवः ॥
(अथर्व०११-४-१९)

વિનય

હે મહાસમ્રાટ્ પ્રાણ! જુઓ, આખા સંસારનાં સર્વ પ્રાણીઓ, તમામ પ્રજાઓ, તમામ જીવો તમારે સારૂ કર લાવી લાવીને તમારી આગળ ધર્યાજ કરે છે, રોજ તમને અન્નરૂપી ભેટ અર્પણ કર્યાજ કરે છે. તમે એવા પ્રતાપી સમ્રાટ્ છો કે તમારા ડરને લીધે, પોતે મરી જશે તેના ભયને લીધે આખા જગતના તમામ જીવો રોજ ને રોજ તમારા પ્રાણાગ્નિમાં અન્નનું બલિદાન ચઢાવી શકાય તે માટે જ્યાંથી મળી શકે ત્યાંથી અન્ન પેદા કરીને લાવે છે; તન તોડીને, પરસેવો પાડીને અન્ન તથા ધન વગેરેનો સંગ્રહ કરે છે અથવા કોઇ ને કોઇ રીતે તમને સારી રીતે તૃપ્ત કરે છે. એટલા વાસ્તે હે પ્રાણ! તમે જીવમાત્રના સૌથી પહેલા નંબરના ઉપાસ્ય દેવ બની બેઠા છો. હે સુશ્રવઃ!

હે સુંદર રીતે સંભળાવનાર ! હે સુંદર યશવાળા ! તમારા ભક્તો પણ એવી રીતે સૌ લોકના ઉપાસ્ય અને સૌએ અર્પેલા બલિઓને ગ્રહણ કરનાર બની જાય છે. જેઓ તમારા પૂર્ણ ઉપાસક બની જાય છે, જેઓ તમારા સુંદર યશને સાંભળે છે, તેઓ તમારી આજ્ઞાઓ અને સૂચનાઓ કાને ધરે છે અને તે પ્રમાણે આચરણ કરે છે. જે મનુષ્યો પ્રાણની ઉપાસના કરે છે, પ્રાણના મહિમાનું શ્રવણ–મનન કરે છે તેમના કાનમાં તમે તમારાં દિવ્ય ગાન તો સંભળાવો છોજ, પણ તે ઉપરાંત તેમણે કયે વખતે શું કરવું તેનો સંદેશ પણ તમે દરેક વખતે તેમને સંભળાવતા રહો છો. જેણે પ્રાણના શ્રોતા બનવાનું મહાસૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે, તે પુરુષને ધન્ય છે ! હે પ્રાણ ! એવા લોકો મનુષ્યસમાજના પ્રાણ બની જાય છે. અમે આ સંસારની અંદર જોઇએ છીએ કે, મનુષ્યસમાજના એવા પ્રાણભૂત મહાપુરુષોને તમામ લોકો પોતપોતાની નાના પ્રકારની ભેટ અર્પણ કરવામાં પોતાનું અહોભાગ્ય સમજે છે, તેમના આગળ પોતાનાં ઘરબાર, માલમિલ્કત, પુત્ર અને પોતાનું જીવન સુદ્ધાં સમર્પિત કરી દે છે. તેમને જીવતા રાખવાની આખી દુનિયાને કાળજી હોય છે અને જાતે મરવું પડે તો મરીને પણ તેમને જીવતા રાખવા ઇચ્છે છે. હે પ્રાણ ! જ્યારે તમારા શ્રોતાનો આવો મોટો મહિમા છે, ત્યારે તમારા પોતાના મહિમાનાં તો અમે તુચ્છ જીવો શી રીતે વખાણ કરી શકીએ ?

શબ્દાર્થ

(**प्राण**) હે પ્રાણ ! (**यथा**) જેમ (**इमाः**) આ (**सर्वाः**) બધી (**प्रजाः**) પ્રજાઓ, જીવો (**तुभ्यं**) તારે માટે (**बलिहृतः**) બલિને, કરને, ભેટને લાવનારાં હોય છે (**एवा**) એ રીતે (**अस्मै**) તે પુરુષને માટે પણ તમામ પ્રજાઓ (**बलिं**) ભેટને (**हरान्**) લાવે છે (**यः**) કે જે પ્રાણોપાસક પુરુષો, (**सुश्रवः**) હે સુંદર રીતે સંભળાવનારા ! હે સુંદર યશવાળા ! (**त्वां**) તને (**शृणवत्**) સાંભળે છે.

१२ कार्तिक

नमस्ते अस्त्वायते नमो अस्तु परायते ।
नमस्ते प्राण तिष्ठते आसीनायोत ते नमः ।।
(अथर्व. ११-४-७)

વિનય

હે પ્રાણ ! તું જયારે જયારે આવે છે અને જાય છે, ત્યારે ત્યારે હું તારા આવવા–જવા ઉપર નજર રાખું છું. તારી આવવા જવાની ગતિની સાથે હું મારી મનોવૃત્તિને પણ અંદર લાવું છું અને બહાર લઇ જાઉં છું. અથવા તો તારા આવવા–જવાની સાથે સાથેજ હું 'ओ-अं' મંત્રનો જપ કરતો જાઉં છું.× એ રીતે દિવસ–રાતના ચોવીસ કલાકમાં બધું મળીને તું એકવીસ હજાર ને છસો વાર આવે છે અને જાય છે, ત્યારે તેટલી વાર મારો અજપા જાપ પણ સધાઇ જાય છે. આવી સાધના કરવા માંડતાં તું સ્થિર થવા લાગે છે અને કોઇ કોઈ વાર પોતાની મેળેજ થોડા સમયને માટે બિલકુલ થંભી પણ જાય છે. આ રીતે તારી ગતિનું સ્વાભાવિક અનુસરણ કરવાથી ચારે જાતના પ્રાણાયામ પણ સિદ્ધ થઇ જાય છે. તું આવે છે તેટલો વખત બાહ્ય વૃત્તિ (રેચક) પ્રાણાયામ થાય છે, તું જાય છે તેટલા વખતમાં આભ્યંતર વૃત્તિ (પૂર્વક)+ પ્રાણાયામ થાય છે અને તું જેટલો વખત થંભી જાય છે, ત્યારે તેટલા વખતમાં સ્તંભ વૃત્તિ (કુંભક) પ્રાણાયામ થઈ જાય

× **'ओ-अं'** નહિ પણ **'सोऽहम्-हंसो'** એ મંત્રનું વિધાન તો સર્વત્ર પ્રચલિત છે.—**સેવાનંદ**

+ પૂર્વક કે પૂરક ? પૂર્વક શબ્દ લેખકનો પોતાનો લાગે છે. પ્રાણ આવે ત્યારે પૂરક થાય અને જાય ત્યારે રેચક થાય એ ક્રમ પણ લેખકે ઉલટાવીને આવે ત્યારે રેચક અને જાય ત્યારે પૂરક માન્યો છે.—**સેવાનંદ**

છે, અને જ્યારે તું પોતાની મેળેજ સ્થિર થઈ જાય છે, ત્યારે તેટલા વખતમાં બાહ્યાભ્યંતર વિષયાક્ષેપી પ્રાણાયામ થાય છે. હું તો હઠયોગના પ્રાણાયામની કડાકૂટમાં પડતોજ નથી, પણ હે પ્રાણ! તું જતો હોય, આવતો હોય અથવા થંભી જતો હોય તેટલો વખત હમેશાં તને નમસ્કાર કરૂં છું. બસ, મને તો આટલાથીજ પ્રાણાયામ કર્યાનું ફળ મળી જાય છે. હું તારી તમામ સ્થિતિઓમાં અને તમામ કાળમાં તને માત્ર નમસ્કારજ કરૂં છું. આખો વખત તારી આગળ નમન કરૂં છું. તને મારી પોતાની ઇચ્છાનુસાર વાળવાની ઘાતક ચેષ્ટા હું કદી પણ નથી કરતો. તું તારી સહજ સ્વાભાવિક ગતિથી મારી અંદર ચાલ્યો આવે છે, ત્યારે તારી ગતિને અનુસરીને હું તને નહિ પણ મારી જાતનેજ નમાવું છું, તારી ગતિને અનુસરીને હું મારા જીવનનું સંચાલન કરૂં છું; પરંતુ મારી પોતાની સગવડ પ્રમાણે તારી ગતિને વાળવાની, તેમાં ફેરબદલી કરવાની અક્ષમ્ય મૂર્ખતા હું કદી પણ કરતો નથી. હે પ્રાણ! હું તો તું આવે ત્યારે તને નમસ્કારજ કરતો રહું છું, તું જાય ત્યારે તને નમસ્કાર કરૂં છું, તું થંભી જાય ત્યારે તને નમસ્કાર કરૂં છું અને તું જ્યારે સ્થિર થઇને બેઠો હોય ત્યારે પણ તને નમસ્કારજ કરૂં છું.

શબ્દાર્થ

(प्राण) હે પ્રાણ! **(आयते)** તું આવતો હોય ત્યારે **(ते)** તને **(नमः अस्तु)** નમસ્કાર હો, **(परायते)** જતો હોય ત્યારે તને **(नमः अस्तु)** નમસ્કાર હો. **(तिष्ठते)** તું થંભી ગયો હોય ત્યારે **(ते)** તને **(नमः)** નમસ્કાર કરૂં છું **(उत)** અને **(आसीनाय)** તું બેઠો હોય, સ્થિર થયો હોય ત્યારે **(ते)** તને **(नमः)** નમસ્કાર કરૂં છું.

१३ कार्तिक

सनातनमेनमाहुः उताद्य स्यात् पुनर्णवः ।
अहोरात्रे प्रजायेते अन्यो अन्यस्य रूपयोः ।।
(अथर्व० १०-८-२३)

વિનય

આત્મા–પરમાત્મા, ઈશ્વર અને બ્રહ્મ, એવા એવા વિષયોની ચર્ચામાં જેમને રોજ રોજ રસ પડતો હોય, એ ચર્ચા જેમને આનંદદાયક લાગતી હોય એવા માણસો તો વિરલાજ હોય છે. આપણને સાધારણ લોકોને તો એ ચર્ચા જૂની પુરાણી, જીર્ણ થઇ ગએલી, ચવાઇ ચવાઇને કૂચા જેવી નીરસ થઇ ગએલી, કોચરાના કાળની કથા જેવીજ લાગે છે. સમાજ મંદિરમાં દરરોજ વેદની કથા થાય છે, ત્યાં દરરોજ ઈશ્વરની પ્રાર્થના, ભજનકીર્તન વગેરે થાય છે. ત્યાં જઇને બેસવાનું જ્યારે આપણને કોઈ કહે છે ત્યારે આપણે હમેશાં આવોજ ઉત્તર દઈએ કે “ત્યાં જઇને અમે શું કરવાના હતા ? ત્યાં તો રોજ ને રોજ એકની એકજ વાતનું ટાહ્યલું થયા કરે છે, કોઇ નવી વસ્તુ તો સાંભળવાની મળતીજ નથી.” અલબત્ત, એ વાત ખરી છે કે, જેમાં કશું નવીન જાણવા જેવું તત્ત્વ ન હોય, કશી નવીનતાજ ન હોય તેમાં કોઇને કદી રસ પડેજ નહિ, આનંદ આવેજ નહિ. કેટલાક લોકોને ઈશ્વરના ભજનમાં રોજ રોજ આનંદ પ્રાપ્ત થાય છે તે આનંદ થવાનું ખરૂં કારણ એ છે કે, પ્રભુ એવા ભક્તોને માટે દરરોજ નવા નવા બનતા રહે છે, તેમને દરરોજ નવું નવું જીવન આપતા રહે છે. જ્યારે ઈશ્વરના ધ્યાનમાં આપણે નિત્ય નવો નવો આનંદ અનુભવીએ ત્યારેજ તેમાં રસ પડે અને ત્યારેજ તેના તરફ રુચિ ઉત્પન્ન થાય. ઈશ્વરનું અતિ પુરાણું

નામ જપતાં જપતાં અને વારંવાર એનું એ નામ જપતાં જપતાં જેને દરેક વખતે, દરેક નામોચ્ચારણમાં નવો નવો રસ, નવો નવો પ્રેમ, નવું નવું જ્ઞાન અને નવી નવી ભક્તિ એ બધાની પ્રાપ્તિ થયાજ કરતી હોય, તેજ સાચો જપ કરે છે. અરે મારા ભાઈઓ! જુઓ, આ દિવસ અને રાત કેટલાં પ્રાચીન છે! આપણે જન્મ્યા ત્યારથી તેમને રોજ ને રોજ ઉઠીને એકના એકજ રૂપમાં જોતા આવ્યા છીએ અને છતાં તે જૂનાં, નીરસ, કોચરા કાળનાં શાથી નથી લાગતાં? કારણ કે તેમાંથી દરરોજ રાત દહાડો આપણને નવું નવું જીવન મળતું રહે છે, દરરોજ આપણે વિકસિત થતા જઈએ છીએ. એવીજ રીતે જો તમે પરમેશ્વરની અંદર જીવતા થઈ જાઓ, તેમાંથી પ્રતિદિન આધ્યાત્મિક વિકાસ પામતા જાઓ તો તમે પણ બોલી ઉઠશો કે "આ અનાદિકાળનો પુરાણો સનાતન પ્રભુ મારે સારૂ રોજ રોજ નવો બનતો જાય છે, પ્રત્યેક નવું પ્રભાત થતાં, પ્રત્યેક નવી આજ થતાં તે નવો નવો બનતો જાય છે."

શબ્દાર્થ

(एनं) આ દેવને **(सनातनं)** સનાતન, અનાદિકાળનો **(आहुः)** કહે છે, **(उत)** તોપણ તે **(अद्य)** આજ, પ્રતિદિન **(पुनः नवः)** ફરી ફરીને નવો **(स्यात्)** થાય છે. જુઓ, **(अन्यः)** એક **(अन्यस्य)** બીજાનાં **(रूपयोः)** રૂપોમાંજ **(अहोरात्रे)** દિવસરાત **(प्रजायेते)** સદા પેદા થયા કરે છે.

१४ कार्तिक

बालादेकमणीयस्कं उतैकं नेव दृश्यते ।
ततः परिष्वजीयसी देवता सा मम प्रिया ॥
(अथर्व. १०-८-२५)

વિનય

મારામાં જે પ્રેમશક્તિ છે તેનું પ્રયોજન શું છે? મારા પ્રેમનો સાચો પાત્ર–અધિકારી કોણ છે? આ બે પ્રશ્નના ઉત્તરને માટે જ્યારે હું સંસારને જોઈ વળું છું, ત્યારે હું તેમાં ફક્ત ત્રણજ તત્ત્વોને જોઉં છું. એ ત્રણ તત્ત્વોમાંજ આખો સંસાર, જે કાંઇ અસ્તિત્વ ધરાવે છે તે બધુંજ સમાઇ ગએલું મને દેખાય છે. એમાં જે પહેલું તત્ત્વ છે તે વાળથી પણ વધારે સૂક્ષ્મ છે. વાળની અણીના સેંકડો વિભાગ કરતાં કરતાં છેવટે જે અવિભાજ્ય અંશ બાકી રહે તે અણુ અથવા પરમાણુરૂપ આ તત્ત્વ છે. પ્રકૃતિનાં આવાં પરમાણુઓમાંથી આ દૃશ્ય જગત બન્યું છે. જે બીજું તત્ત્વ છે તે એના કરતાં પણ સૂક્ષ્મ છે. પણ એની સૂક્ષ્મતા તદ્દન જુદાજ પ્રકારની છે. તેની સૂક્ષ્મતાની સાથે કોઇ પણ ભૌતિક વસ્તુની સૂક્ષ્મતાની સરખામણી થઇ શકતી નથી. એ તત્ત્વ એવું અદ્ભુત છે કે તે ન હોવા સરખું છે. પરંતુ તે છતાં તે છે ખરૂં, પણ નહિ જેવું. આ બીજા તત્ત્વથી પણ પર, એના કરતાં પણ સૂક્ષ્મ અને એને બધી બાજુએથી આલિંગન દેનાર, લપેટી લેનાર, વ્યાપી લેનાર એક ત્રીજું તત્ત્વ છે, જે ત્રીજી દેવી× છે, તે મને પ્રિય છે. પહેલી પ્રકૃતિ

× મૂળ મંત્રમાં તથા હિન્દીમાં પણ 'દેવતા' શબ્દ છે. સંસ્કૃતમાં તેમજ હિન્દીમાં એ શબ્દ સ્ત્રીલિંગમાં વપરાય છે. પણ ગુજરાતીમાં નથી વાપરી શકાતો; તેથી સ્ત્રીલિંગનો ભાવ જાળવવા 'દેવી' શબ્દ વાપર્યો છે. હિન્દીમાં આત્મા પણ સ્ત્રીલિંગમાં વપરાય છે. —**સેવાનંદ**

દેવી જડ અને આનંદરહિત છે તેથી કરીને તે મને પ્રિય થઈ શકેજ નહિ. બીજી વસ્તુ તો હું પોતેજ છું, મારો પોતાનો આત્મા છે. જોનાર હું પોતે તો પછી હું મારી નજરે પડી શકુંજ કેવી રીતે ? એટલા વાસ્તે હું છું ખરો, પણ નહિ જેવો છું. વળી હું તો પ્રેમ કરનાર છું તેથી કરીને હું પ્રેમનો વિષય નથી થઈ શકતો. માટે મારા સિવાયની બીજી બે વસ્તુઓ મારી સમક્ષ બાકી રહે છે, એક તો પ્રકૃતિ અને બીજી સચ્ચિદાનંદરૂપિણી પરમાત્મદેવતા. હવે હું પોતે ચિત્સ્વરૂપ છું તેથી કરીને ચૈતન્ય અને આનંદરહિત પ્રકૃતિ ઉપર તો મને પ્રેમ ઉપજેજ કેવી રીતે ? મને તો સ્વાભાવિક રીતેજ પરમાત્મદેવતા ઉપરજ પ્રેમ ઉપજે છે; કેમકે તે મારા આત્માનો પણ આત્મા છે, મારા આત્માને અંદરથી બહારથી ચારે તરફથી વીંટાઇ વળીને તેની અંદર સર્વદા વ્યાપી રહ્યો છે અને તે મને આનંદ આપવા સમર્થ છે. હું તો સ્પષ્ટ જોઇ શકું છું કે, લોકો જેમને પ્રકૃતિનાં મોટાં મોટાં ઐશ્વર્યો માને છે તે, તેમજ દિવ્યથી પણ દિવ્ય સુખ આપનારા પ્રકૃતિના અગણિત પદાર્થો તે બધાજ આનંદશૂન્ય અને જ્ઞાનપ્રકાશથી વેગળા છે, તેથી કરીને હું તો પ્રકૃતિથી આઘો ખસીને મારા પ્યારા પરમાત્માની તરફ દોડયો જાઉં છું. હું બીજું એ પણ સ્પષ્ટ જોઇ શકું છું કે, હું જો એક વાર તેને મારા પ્રેમ દ્વારા, પ્રાપ્ત કરી લઇશ તો મારી આડી અવળી ભટકતી પ્રેમશક્તિ તેના મૂળ પ્રયોજનને પામી જશે અને તે પ્રયોજન સિદ્ધ થશે એટલે તો મારા પ્રેમને સંપૂર્ણ અંશે ચરિતાર્થ અને કૃતકૃત્ય થતાં વારજ નહિ લાગે.

શબ્દાર્થ

(एकं) એક **(बालात्)** વાળથી પણ **(अणीयस्कं)** ઘણી ઘણી સૂક્ષ્મ છે, અણુ છે **(उत)** અને **(एकं)** એક **(न इव)** છેક નહિ જેવો **(दृश्यते)** દેખાય છે. **(ततः)** તેનાથી પર **(परिष्वजीयसी)** તેને વળગીને આલિંગન દઇને, વ્યાપી રહેલી **(देवता)** જે દેવતા છે **(सा)** તે **(मम)** મને **(प्रिया)** વહાલી છે.

१५ कार्तिक

उत्तिष्ठत अवपश्यत इन्द्रस्य भागमृत्वियम् ।
यदि श्रातं जुहोतन यद्यश्रातं ममत्तन ॥
(ऋ. १०-१७९-१ । अ. ७-७२-१)

વિનય

હે મનુષ્યો ! ઉઠો, જાગ્રત થાઓ અને જોઇ લ્યો કે અત્યારે ઇંદ્રને કોઇ આહુતિ આપવાનો સમય આવી પહોંચ્યો છે કે નહિ ? આ કાલ-ઇંદ્ર વખતોવખત દુનિયાના લોકોની પાસેથી ભારેમાં ભારે આહુતિઓની માગણી કરે છે અને એના માગ્યા મુજબ આહુતિઓ અપાતી રહે તોજ દુનિયાની ઉન્નતિ થતી જાય. એજ પ્રમાણે દેશ-ઇંદ્ર પણ વખતોવખત ભારેમાં ભારે બલિદાન માગે છે, અને તે એવાં બલિદાનોથી તૃપ્ત થાય ત્યારેજ તે પોતાના એક મહાન અભ્યુત્થાનના પગલાને આગળ ધપાવે છે. વળી આ જીવાત્મા-ઇંદ્રને માટે પણ સમયોચિત આત્મબલિદાન દેવાં પડે છે, ઋતુ ઋતુને અનુકૂળ યજન હવન કરવા પડે છે; અરે ! એક એક દિવસના જુદા જુદા ભાગમાં તે તે વખતને અનુકૂળ અન્ન, જ્ઞાન વગેરે હવિઓ આપીને તેમને તૃપ્ત રાખવા પડે છે. એવું કરીએ ત્યારેજ આત્મોન્નતિ સાધી શકાય છે. એટલા માટે આપણે બધોજ વખત સાવધાન રહેવું જોઇએ, હમેશાં જાગતાજ રહેવું જોઇએ, ઉભા થઇ થઇને જોતા રહેવું જોઇએ કે, આહુતિ આપવાનો વખત આવી તો નથી પહોંચ્યો ! સંસારને માટે, દેશને માટે અથવા આપણા આત્માને માટે કોઇ પણ પ્રકારનું બલિદાન દેવાની જરૂર તો નથી ઉભી થઈ ? યાદ રાખજો, જો આપણે પ્રમાદ કરીને વખત ચૂકી ગયા, જે વખતે બલિદાન દેવું જોઇએ તે વખત જો એમ ને એમ વીતી ગયો તો આપણી ઉન્નતિ તો એક બાજુએ રહી, પણ ઉલટા એવા

પછડાઇ જઇશું, એવા અવનત થઇ જઈશું, એવા પતિત થઈ જઇશું, એવા ઉંડા ખાડામાં ગબડી પડીશું કે કાંઇ કહેવાની વાતજ નહિ. માટે ઉઠો, સાવધ થાઓ અને જોતા રહો કે ઇંદ્રને તેનો ભાગ આપવાની વેળા તો નથી વીતી જતી!

પરંતુ એ પણ લક્ષમાં રાખજો કે, જે આહુતિ આપો તે પાકીજ આપજો. કાચી આહુતિ આપ્યાથી કશું ફળ તો નથી મળતું, પણ સામું નુકસાન થાય છે. જેમ ઝાડ ઉપરથી કાચું તોડેલું ફળ કશા કામનું નથી, ઉલટું ખાવાથી નુકસાન પણ થાય છે, તેવી રીતે પોતાની જાતને પકવ્યા વગર એમ ને એમ આવેશમાં આવી જઇને જો બલિદાન દેવાય તો તે બલિદાન નિષ્ફળજ જાય છે; એટલું જ નહિ પણ ઘણી વાર તે આત્મઘાતરૂપ નીવડે છે. માટે જો આહુતિ પાકી થઇ ગઇ હોય અને સમય આવી પહોંચ્યો હોય તો તો તેનો હવન કરીજ દો, પણ જો આહુતિ કાચી હોય તો થોભી જજો. એને વાસ્તે મનમાં દુઃખી પણ ન થતા. આહુતિનો વખત આવી પહોંચ્યો અને તેટલા વખતમાં પણ તમે તેને પાકી ન કરી શકયા તો પછી શોક કર્યાથી શું વળવાનું હતું? માટે ખેદ ન કરતાં પ્રસન્ન મનથી તેને ફરીથી પાકી કરવા મંડી જાઓ, વખત ન ગુમાવતાં પકાવતાજ જાઓ, કે જેથી બીજી વારનો આહુતિકાળ આવી પહોંચે ત્યારે તો તમે જરૂર તેનું બલિદાન દઇ શકો, આવતા બલિદાનને ટાંકણે તો તમે જરૂર પાકી ગયાજ હો.

શબ્દાર્થ

(उत्तिष्ठत) ઉઠો, ઉભા થઇ જાઓ **(अवपश्यत)** અને ખૂબ સાવધાનીથી જોતા રહો. **(इन्द्रस्य)** ઇન્દ્રના **(ऋत्वियं)** ઋતુ ઋતુને અનુકૂળ, વખતોવખત આપવાના **(भागं)** હવિને, બલિદાનના ભાગોને જોતા રહો. **(यदि)** જો **(श्रातं)** [તે હવિ] પાકો થઈ ગયો હોય તો **(जुहोतन)** તેનો હવન કરી દો અને **(यदि)** જો **(अश्रातं)** પાકયો ન હોય તો **(ममत्तन)** [થોભી જાઓ, દુઃખી ન થાઓ] પ્રસન્ન થઇને વધારે પકાવતા જાઓ.

१६ कार्तिक

अव मा पाप्मन् सृज वशी सन् मृडयासि नः ।
आ मा भद्रस्य लोके पाप्मन् धेहि अविहुतम् ॥
(अथर्व० ६-२६-१)

વિનય

હે પાપ! હવે તું મારો પીછો છોડ. તેં ઘણી વાર સુધી મને તારો તાબેદાર કરી રાખ્યો. હવે તો મારો વારો આવ્યો છે. હવે તારે મારે તાબે થવાનો વખત આવી પહોંચ્યો છે. તારા તાબામાં રહીને મેં પાર વિનાનાં દુઃખ વેઠયાં છે. હવે મારો સુખ ભોગવવાનો વખત આવ્યો છે. હે પાપ! તારા તરફથી મળેલાં દુઃખ પણ હવે મારા સુખનું કારણ થઇ જશે. દુઃખની પાછળ સુખ એ તો ઇશ્વરનો નિયમજ છે. એવી રીતે પાપની પ્રતિક્રિયારૂપે પુણ્યની ઉત્પત્તિ થવી એ પણ ઈશ્વરીય નિયમ છે. હવે એ પ્રતિક્રિયાનો સમય આવી પહોંચ્યો છે. તારાં આપેલાં દુઃખ વેઠીને હું સીધો થયો છું, સરળ અકુટિલ બની ગયો છું. મારી કુટિલતા, મારી વક્ર નીતિ, મારાં જૂઠાણાં અને પાખંડ, એ બધાં મને તું પાપની તરફ ઘસડી લાવનારાં હતાં. પણ આજે હું અકુટિલ, સરળ, સીધો અને સાચો બનીને કલ્યાણના પ્રદેશ તરફ વળ્યો છું. હે પાપ! તારી લાલચમાં લપટાઇને હું આટલી વાર સુધી અથડાયો ન હોત, આટલું દુઃખ મેં વેઠયું ન હોત તો મને કુટિલ અને પાપી જીવનનાં દુઃખનો, ગંદાપણાનો કદી પણ અનુભવ ન મળત, અને હું પુણ્યનો સાચો પૂજારી પણ નજ બની શકત. આ રીતે હે પાપ! મને કલ્યાણના પ્રદેશ તરફ વાળનાર તુંજ છે—કલ્યાણના લોકમાં મારો પગ જમાવનાર તુંજ છે. હે પાપ! તું હવે અકુટિલ બનીને મને તે કલ્યાણના પ્રદેશમાં મોકલી દે. હું જેટલો નફ્ફટ, નિર્લજ્જ

અને રીઢો પાપી હતો તેટલોજ દૃઢ, તેટલોજ સાચો અને તેટલો સત્યાગ્રહી પુણ્યાત્મા બનાવી દે. પાપના ખાડામાં જેટલે ઉંડે હું ગરકી ગયો હતો તેટલીજ પુણ્ય પ્રદેશની ઉંચાઈ ઉપર મને લઇ જઇને બેસાડી દે.

શબ્દાર્થ

(पाप्मन्) હે પાપ! તું **(मा)** મને **(अवसृज)** છોડી દે. **(वशी सन्)** હવે મારા તાબામાં આવી ગયેલ તું **(नः)** મને **(मृडयासि)** સુખી કરી દે. **(पाप्मन्)** હે પાપ! તું હવે **(अविहुतं)** કુટિલતારહિત અને સરળ થઇને **(मा)** મને **(भद्रस्य लोके)** કલ્યાણના લોકમાં **(आ धेहि)** સ્થાપિત કરી દે.

१७ कार्तिक

यः सपत्नो योऽसपत्नो यश्च द्विषन् शपाति नः ।
देवास्तं सर्वे धूर्वन्तु ब्रह्म वर्म ममान्तरम् ।।
(अथर्व० १-१९-४)

વિનય

હું તો કોઇનો પણ દ્વેષ નથી કરતો. પરંતુ તે છતાં પણ કોઇ કોઇ ભાઇ મારા 'સપત્ન' અને 'અસપત્ન' થઇને મારા પ્રતિ દુશ્મનાવટ કરે છે. જેઓ મારા સપત્ન છે–અર્થાત્ જેઓ મારા સમાન ક્ષેત્રવાળા છે, તેઓ તો ઘણું કરીને મારા ઉપર ઈર્ષ્યા અને મત્સર રાખીને મારા પ્રતિ વેરભાવ રાખે છે; અને જેઓ અસપત્ન છે–અર્થાત્ જેઓ અસમાન ક્ષેત્રવાળા છે તેઓ મારા તરફ એટલા વાસ્તે વેરભાવ રાખે છે કે હું મારૂં કર્તવ્યપાલન કરૂં છું તેથી કરીને તેમના અમુક સ્વાર્થને હાનિ પહોંચે છે. ગમે તે કારણને લીધે કોઈ મારા સપત્ન અથવા અસપત્ન અથવા બેમાંથી એકે ન હોય એવો બીજો કોઇ પણ ભાઈ જ્યારે મારા ઉપર દ્વેષ રાખે છે, મારા ઉપર પ્રેમ નથી રાખતો, મને

શાપ આપે છે, ગાળો દે છે, મને પજવે છે, મારી જૂઠી નિંદા કરે છે, પોતાનાથી થાય તેટલું મારૂં ભૂડું ઇચ્છે છે, તો પણ તેથી મારૂં કશુંજ બગડતું નથી પણ ઉલટો તેનોજ નાશ થાય છે. મને જ્યારે જ્ઞાન થયું ન હતું, ત્યારે તો હું આવા શાપ સાંભળીને ગભરાઇ ઉઠતો હતો અને એવા શાપની મારા ઉપર વાસ્તવમાં ઘણી અસર પણ થતી હતી. જ્યારે જાહેર સભામાં અથવા પત્રોમાં મારી નિંદા થતી અથવા મારા જાણીતા લોકોના મંડળમાં મારી જૂઠી નિંદા ફેલાવવાનો પ્રયત્ન થતો, ત્યારે તે વાતની જાણ થતાં મારૂં મન ઘણુંજ અશાન્ત થઇ જતું અને ઘણી વાર સુધી મને ઉદ્વેગ થયા કરતો. પણ જ્યારથી મને જ્ઞાન થઇ ગયું છે, થોડોક વેદનો પ્રકાશ મને પ્રાપ્ત થયો છે, પ્રભુની ભક્તિની કૃપા વડે કાંઇક આત્મજ્ઞાન લાધ્યું છે, ત્યારથી તે 'બ્રહ્મ'–તે જ્ઞાનજ મારૂં અંદરનું કવચ બની ગયું છે. આ જ્ઞાનરૂપી કવચ વડે હું સુરક્ષિત હોવાથી મને પેલા શાપોનો, ગાળોનો હવે સ્પર્શ પણ નથી થતો અને બહાર ગમે તે થાઓ, પણ અંદરથી હું સદા આનંદમાંજ રહું છું. પણ જે બિચારો મારો દ્વેષ કરે છે, તેજ ઉલટો માર્યો જાય છે. માનવસમાજના તમામ દેવ પુરુષો, તમામ જ્ઞાની મહાત્માઓ આવા દ્વેષીલા લોકોને હમેશાં વારે છે, કડવી શિખામણો દે છે, સજા પણ કરે છે અને ઈશ્વરીય દેવો, 'ઋતના દેવો તો આવા અપરાધની સજા કર્યા વગર છોડતાજ નથી. એમાં કોઇ શું કરી શકે ?

શબ્દાર્થ

(यः) જે **(सपत्न)** મારા સમાન ક્ષેત્રમાં હરીફ છે **(यः)** જે **(असपत्नः)** મારા અસમાન ક્ષેત્રમાં હરીફ છે **(यः च)** અને જેઓ **(द्विषन्)** મારો દ્વેષ કરે છે, **(नः)** મને **(शपाति)** શાપ દે છે, મેણાં મારે છે **(तं)** તેમને **(सर्वे देवाः)** સૌ દેવો **(धूर्वन्तु)** સજા કરો, **(मम)** મારૂં તો **(अन्तरं)** અંદરથી રક્ષણ કરનાર **(वर्म)** કવચ, રક્ષાતું સાધન **(ब्रह्म)** બ્રહ્મ છે, જ્ઞાન છે, વેદનું જ્ઞાન છે.

१८ कार्तिक

इन्द्र शुद्धो हि नो रयिं शुद्धो रत्नानि दाशुषे ।
शुद्धो वृत्राणि जिघ्नसे शुद्धो वाजं सिषाससि ॥
(ऋ. ८-९५-९)

વિનય

હે ઇંદ્ર ! હે આત્મન્ ! તમે પરમ ઐશ્વર્યવાળા છો. તમે અમોને સર્વ પ્રકારનાં ઐશ્વર્ય આપી શકો છો, છતાં અમે ખાલી બહાર ભટકતા ફરીએ છીએ, બહારના પદાર્થોનો આશ્રય શોધતા ફરીએ છીએ. સર્વ પ્રકારનાં અનિષ્ટોને દૂર કરવા અને સર્વ પ્રકારનાં અભિષ્ટોનું દાન કરવા સમર્થ એવા હે મારા આત્મા ! તમે મારી અંદર સર્વદા વિદ્યમાન છો અને છતાં હું બીજાની મદદને માટે વલખાં મારૂં ! પણ તે છતાં હજી તમારી તે શક્તિ અમારામાં આજે પ્રકટ થઇ નથી તેનું કારણ એ છે કે, અમે અમારી પોતાની અંદર તમારી શુદ્ધિ નથી કરી, જેને 'आत्मविशुद्धि' કહે છે, તે અવસ્થા હજી અમે પ્રાપ્ત નથી કરી. જેનો આત્મા શુદ્ધ થઈ જાય છે, જે તપશ્ચર્યા દ્વારા અથવા નિષ્કામ કર્મયોગની સાધનાદ્વારા અથવા પવિત્ર સામોપાસના (ઈશ્વરસ્તવન) દ્વારા પોતાના રાગ–દ્વેષની મલિનતાઓને, નાના પ્રકારની વિષયવાસનાઓની અશુદ્ધિને તેમજ અજ્ઞાનનાં મળ–આવરણ વગેરેને દૂર કરી પોતાના આત્માને વિશુદ્ધ કરી દે છે–તે આત્મારામ બની જાય છે. એક વાર પોતાની વિશુદ્ધતા પ્રાપ્ત થઇ એટલે પછી તેને કોઇ પણ બાહ્ય વસ્તુની ગરજ રહેતી નથી. પછી તો તે પોતાના વિશુદ્ધ આત્માની આગળ જે કાંઇ માગે તે તેને મળી જાય છે, મળતુંજ રહે છે. હે આત્મન્ ! તમે શુદ્ધ થઇ ગયા એટલે તમે નિઃસંદેહપણે અમને સર્વ પ્રકારનાં ઐશ્વર્યો આપ્યાજ કરો છો. સંસારની અંદર દાનશીલ લોકોને, સ્વાર્થત્યાગી

દેશસેવકોને, ઉદાર પુરુષોને જે સઘળું રમણીય ધન મળ્યા કરે છે, **અસ્તેય** વ્રતને ધારણ કરનારાઓને માટે તેમનું તે વ્રતજ '**सर्वरत्नोपस्थान**' (સર્વ રત્નનો ભંડાર) બની રહે છે, તે હે વિશુદ્ધ આત્મન્! બધો તમારોજ પ્રતાપ છે, તમારૂંજ આપેલું દાન છે, તમારીજ વિશુદ્ધતાનો મહિમા છે. તમે જ્યાં વિશુદ્ધ બની ગયા એટલે વિઘ્ન-બાધાઓ તમારી આગળ ઉભાં રહી શકતાંજ નથી. તમે બધાંને મારીને નસાડી મૂકો છો. તમામ પાપોનો નાશ કરી દો છો, તમામ વૃત્રોને હણો છો, તમામ અડચણોને ખસેડી દો છો અને છેવટે હે શુદ્ધ થયેલા ઇંદ્ર! તમે અમને સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યને, જેને '**वाज**' કહે છે તે જ્ઞાનબળને પણ આપી દો છો. આટલા માટે હે ભાઇઓ! હવેથી જ્યારે પણ આપણને ઐશ્વર્યનો અભાવ જણાય, તેના અભાવથી આપણને પીડા થાય અથવા જો રમણીય ધનને પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય તો પ્રથમ આપણે આપણા આત્માનેજ શુદ્ધ કરવા મંડી જઇએ. વૃત્રના-પાપોના-પ્રહારથી જ્યારે પણ આપણે હેરાન હેરાન થઇ જઇએ, ત્યારે ત્યારે હમેશાં આત્મવિશુદ્ધિનું શસ્ત્ર ધારણ કરીએ, વળી જ્યારે સર્વોત્તમ અને ઉંચામાં ઉંચા જ્ઞાનબળની આવશ્યકતા જણાય ત્યારે પણ આત્મવિશુદ્ધિનુંજ શરણ લઇએ, આત્મવિશુદ્ધિનોજ આશ્રય ગ્રહણ કરીએ. આટલુંજ કરશું તો જે જોઇતું હશે તે બધુંજ મળી રહેશે.

શબ્દાર્થ

(इन्द्र) હે આત્મન્! **(शुद्धः हि)** શુદ્ધ થઇ ચૂકેલો તું **(नः)** અમને **(रयिं)** ઐશ્વર્ય આપે છે. **(शुद्धः)** શુદ્ધ થઇ ચૂકેલો તું **(दाशुषे)** દાનશીલ લોકોને **(रत्नानि)** રત્નોને, રમણીય ધનોને આપે છે. **(शुद्धः)** શુદ્ધ થઇ ચૂકેલો તું **(वृत्राणि)** વૃત્રોને, પાપોને, વિઘ્નોને **(जिघ्नसे)** હણે છે અને **(शुद्धः)** શુદ્ધ થયેલો તું **(वाजं)** જ્ઞાનબળને **(सिषाससि)** આપવા ઇચ્છે છે, આપે છે.

१९ कार्तिक

अव यत्स्वे सधस्थे देवानां दुर्मतीरीक्षे ।
राजन्नप द्विषः सेध, मीढ्वो अप स्रिधः सेध ॥
(ऋ० ८-७९-९)

વિનય

હે સાચા રાજા ! હે સોમ ! આ હૃદય તમારૂં **‘સધસ્થ’** છે, સહસ્થાન છે. આ હૃદયની અંદર તમે તમારા પરમ પદના ઉપર બિરાજેલા છતાં પણ તમે મારી સાથે ને સાથેજ બેઠા છો. માટે આજ પછી જ્યારે આ મારા હૃદયમાં દેવોની સુમતિઓની જગ્યાએ દૈત્યોની દુર્મતિઓને તમે પ્રકટ થતી જુઓ, દિવ્ય વૃત્તિઓનો વિપરીત ભાવ તમારી નજરે પડે તો એ માઠી અવસ્થાને દૂર કરવાને વાસ્તે, હે મીઢ્વઃ ! હે અમૃતનું સિંચન કરનારા ! મારા તમામ દ્વેષોને દૂર કરી દેજો, મારી હિંસાવૃત્તિઓને મારી કાઢીને હઠાવજો અને તમારા પ્રેમરસનું પૂર વહેવડાવીને મારા દ્વેષભાવોને, હિંસક વૃત્તિઓને મારા હૃદયની બહાર ઘસડી કાઢજો. હે સોમ ! તમારા અમૃતનું સિંચન જયાં થવા લાગ્યું ત્યાં પછી એ દ્વેષ આદિને માટે સ્થાનજ કયાં મળવાનું છે ? મારા હૃદયમાંથી દેવોનું રાજ્ય ખસી જવાનું કારણ આ દ્વેષ અને હિંસા આદિ દોષોજ છે. દેવોની સુમતિઓ ચાલી ગઇ અને તેથી મારી ઘણી માઠી દશા થઇ ગઇ તે બધાનું પણ એનું એજ કારણ છે. હે સોમ ! તમે તમારા પવિત્ર સધસ્થની આવી દુર્દશા તમારી નજરે જોઇ શકો છો ? નહિ, નહિ, તમારાથી તે નજ સાંખી શકાય. માટે તમને અમારી એકજ પ્રાર્થના છે કે, આ હૃદયમાં તમારા અમૃતનું એવું સિંચન કરી દો કે તેની અંદર દ્વેષ, હિંસા આદિની છાયા પણ ન રહેવા પામે. આવું થશે

ત્યારે મારા હૃદયમાં દેવોના રાજ્યનીજ સ્થાપના થઇ જશે, દેવોના સુમતિપૂર્ણ રાજ્યનીજ આણ ગાજી ઉઠશે.

શબ્દાર્થ

(**राजन्**) હે સાચા રાજા! હે સોમ! તમે (**यत्**) જ્યારે (**स्वे**) તમારા પોતાના (**सघस्थे**) આ સહસ્થાનમાં, આ હૃદયમાં (**देवानां**) દેવોની (**दुर्मतीः**) દુર્મતિઓને, વિપરીત ભાવોને (**ईक्षे**) જુઓ ત્યારે (**मीद्वः**) હે અમૃતનું સિંચન કરનારા! તમે (**द्विषः**) દ્વેષોને (**अपसेध**) દૂર કરો અને (**स्निघः**) હિંસાવૃત્તિઓને (**अपसेध**) દૂર કરો.

* * *

२० कार्तिक

यद् वर्चो हिरण्यस्य, यद् वा वर्चो गवामुत ।
सत्यस्य ब्रह्मणो वर्चः तेन मा संसृजामसि ॥
(साम० ६-१३-१०)

વિનય

હું પૂરેપુરો વર્ચસ્વી બની જઇશ, તેજસ્વી બની જઇશ. હું દરેક વસ્તુમાંથી વર્ચસ્નો સંગ્રહ કરીશ અને એ રીતે દરેક પ્રકારના વર્ચસ્નો હું મારામાં સંગ્રહ કરીશ. મૂળ સાચું હિરણ્ય જે વીર્ય છે, તેના વર્ચસ્ની સાથે, તથા ગૌઓના અથવા ઇન્દ્રિયોના વર્ચસ્ની સાથે, તેમજ સત્યસ્વરૂપ બ્રહ્મના વર્ચસ્ની સાથે હું મારી જાતને સંપૂર્ણ રીતે સંયુક્ત કરી દઇશ. હિરણ્યોના, તૈજસ્ પદાર્થોના સેવન વડે હું શારીરિક વીર્યને, વર્ચસ્ને મારા શરીરમાં ઉત્પન્ન કરીશ અને બ્રહ્મચર્યનું પાલન કરીને શરીરની અંદર તેની સંસ્થાપના કરીશ, તેની જમાવટ કરીશ. જે તેજ મારી ઇન્દ્રિયોની અંદર આત્મા(ઇન્દ્ર)માંથી ચાલ્યું આવે છે અને જેને ઇન્દ્રિયો વિષયભોગમાં પડીને ક્ષીણ કરે છે,

તે તેજને હું સંયમ દ્વારા સુરક્ષિત કરીને મારી માનસિક વર્ચસ્વિતાને પ્રાપ્ત કરીશ. વળી આત્મિક તેજને પ્રાપ્ત કરવા સારૂ સત્ય જ્ઞાનના, વેદજ્ઞાનના, સત્ય સ્વરૂપ બ્રહ્મના તેજને હું મારા આત્માની અંદર ધારણ કરીશ. આ રીતે બ્રહ્મતેજથી યુક્ત થઇને જાગૃત થએલો મારો આત્મા પોતાના અનંત તેજ વડે ઝળકી ઉઠશે અને તે તેજની આભાથી મારૂં મન, મારૂં શરીર, એ બધાંજ તેજોમય બની જશે. ત્યાર પછી તો હું આ જગતમાં એક ઝળકતા તેજના ગોળાના જેવો બનીને વિચરીશ. જે કોઇ મારા સંપર્કમાં આવશે તેના શરીરને, મનને અને આત્માને હું મારા તેજ વડે પ્રદીપ્ત, પ્રજ્વલિત અને ઉદ્બુદ્ધ કરતો કરતો હું સર્વત્ર વિચરણ કરીશ. હું વર્ચોમય–વર્ચસ્વી બની જઇશ.

શબ્દાર્થ

(हिरण्यस्य) વીર્યનું **(यत्)** જે **(वर्चः)** તેજ છે **(उत)** અને **(गवां)** ઇન્દ્રિયોનું **(यद् वा)** જે કાંઇ **(वर्चः)** તેજ છે તથા **(सत्यस्य)** સત્ય સ્વરૂપ **(ब्रह्मणः)** બ્રહ્મનું, જ્ઞાનનું, વેદનું **(वर्चः)** જે તેજ છે **(तेन)** તે તમામ તેજ વડે **(मा)** મને, મારી જાતને **(सं सृजामसि)** પૂરેપુરી સંયુક્ત કરી દઇશ.

२१ कार्तिक

पुनरेहि वाचस्पते देवेन मनसा सह ।
वसोष्पते निरमय मय्येवास्तु मयि श्रुतम् ॥
(अथर्व० १-१-२)

વિનય

હું જે કાંઇ કાને સાંભળું છું, તે મારામાં સ્થિર થઇને ટકી રહેતું નથી. એમજ કહો ને કે "હું એક કાનથી સાંભળું છું અને બીજે કાનેથી કાઢી નાખું છું." આ રીતે મારૂં મનોમય શરીર એવું રોગી બની ગયું છે કે ઉત્તમોત્તમ સત્ય ઉપદેશ સાંભળ્યા છતાં અથવા ઉંચામાં ઉંચા પ્રકારનું વેદજ્ઞાન પામ્યા છતાં પણ હું તેને ધારણ નથી કરી શકતો, પચાવી નથી શકતો. એનું એકજ કારણ છે કે, મારૂં આ શરીર મનનક્રિયા કરવાનુંજ ભૂલી ગયું છે. મેં મનન કરવાનું, આત્મચિંતન કરવાનું, એકાન્તમાં બેસીને આત્મનિરીક્ષણ કરવાનું છોડીજ દીધું છે. આમાંની કોઇ પણ ક્રિયા કરવી એ હવે મારા સ્વભાવથીજ વિરુદ્ધ થઇ ગયું છે. મતલબ એ કે, મારૂં મન હવે 'દેવ' નથી રહ્યું; પ્રકાશમાન, પ્રજ્વલિત તેમજ જીવનસંપન્ન નથી રહ્યું, મારૂં મનોમય શરીર લગભગ મૂડદા જેવું બની ગયું છે. માટે હે વાચસ્પતે! હે વાણી અને જ્ઞાનના પાલક દેવ! હે મારા મનોમય શરીરના પ્રાણ! તમે ફરીથી પાછા મારામાં પધારો અને મારામાં પ્રવેશ કરીને મારા મૃતપ્રાય થઇ ચૂકેલા મનોમય શરીરને પુનરુજ્જીવિત કરો. તમે દેવ (પ્રકાશિત) મનની સાથે ફરીથી મારામાં આવીને બિરાજો અને મારામાં મનન, ચિંતન તેમજ આત્મભાવન અથવા આત્મનિરીક્ષણ કરવાનો અભ્યાસ ફરીથી જારી કરી દો. જેમ ભૂખ વિના, રુચિ વિના સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ ખાવાનું

પણ તદ્દન નિરર્થક છે, તેમ કાને સાંભળેલું સુંદરમાં સુંદર વેદજ્ઞાન મને નીરસ અને અરુચિકર લાગે છે; પણ હે વસુઓના પતિ! હવે તમે મારામાં દેવ મનને જાગૃત કરી દઇને મને વેદજ્ઞાનમાં ખૂબ રત કરો, રમણ કરતો કરી દો. હે નિવાસ કરનારી સ્થિર વસ્તુઓના પતિ! જ્ઞાન–ઐશ્વર્યના હે રક્ષક! તમે એટલી કૃપા કરો કે નીરસમાં નીરસ છતાં જે સત્ય અને હિતકારી ઉપદેશ હોય તેમાં મને ઘણામાં ઘણો રસ પડે, તે મને ઘણામાં ઘણો આનંદદાયક લાગે અને તેથી કરીને તે મારામાં પચી જાય, સ્થિર થઇ જાય, મારામાં વસી જાય. તમે મારામાં એવી મનનક્રિયા જાગૃત કરી દો કે તેમાં અજવાળું અજવાળું થઇ જાય, તેની અંદર માનસિક અગ્નિની જ્વાલા ધગી ઉઠે, જ્ઞાનની સાચી ભૂખ જાગે, સત્ય જાણવાની જિજ્ઞાસાવૃત્તિ જાગૃત થઇ જાય. ખરેખરી ભૂખ લાગી હોય ત્યારે લૂખું સૂકું પણ સ્વાદિષ્ટ લાગે છે, તેવી રીતે નીરસમાં નીરસ લાગે એવા પણ ઊંચામાં ઊંચા જ્ઞાનમાં મને ખૂબ મજા પડે, મને તેને સાંભળીને પચાવવામાં ખૂબ આનંદ મળે. એવું થાય ત્યારે તો હું કાંઇક સાંભળુંય ખરો અને જે સાંભળું તેને મનમાં જમાવીને પચાવું પણ ખરો. જ્ઞાન પચી જાય તો તેના વડે મારૂં મનોમય શરીર ઘડાતું જાય અને એ રીતે દરરોજ નવું નવું જ્ઞાન ગ્રહણ કરતો રહું તો તેથી મારી ક્રમશઃ માનસિક ઉન્નતિ થતી જાય અને હું સદાય વૃદ્ધિ પામતો પામતો વિકસિત અને સમુન્નત થતો જાઉં.

શબ્દાર્થ

(वाचः पते) હે વાણી અને જ્ઞાનના પાલક દેવ! તમે **(पुनः)** ફરીથી **(एहि)** મારામાં પ્રવેશ કરો. **(देवेन)** દેવ, પ્રકાશમાન **(मनसा)** મનની મનનક્રિયાની **(सह)** સાથે મારામાં આવો. **(वसोः पते)** હે વસુના પતિ! તમે **(निरमय)** મને [આ જ્ઞાનમાં] રમણ કરાવો, રસ ઉત્પન્ન કરાવો, આનંદિત કરાવો અને વળી **(मयि श्रुतं)** મારૂં સાંભળેલું જ્ઞાન **(मयि एव)** મારામાંજ **(अस्तु)** રહે, સ્થિર થઈ જાય.

२२ कार्तिक

काले तपः काले ज्येष्ठं काले ब्रह्म समाहितम् ।
कालो ह सर्वस्येश्वरो यः पितासीत् प्रजापतेः ॥
(अथर्व. ११-५३-८)

વિનય

હરકોઇ કાર્ય તેનો સમય આવે તોજ સિદ્ધ થાય છે. જે કાર્યનો, જે વાતનો યોગ્ય સમય ન થયો હોય તો તેને માટે યત્ન કરવો, તેની સિદ્ધિની આશા રાખવી એ નિરર્થક છે, મૂર્ખાઇ ભરેલું છે. એટલા માટે જે કાર્ય કરવું તે તેનો યોગ્ય કાળ આવે ત્યારેજ તેટલા કાળની અંદરજ કરવું જોઇએ. તપ કરવું હોય, જયેષ્ઠત્વ પ્રાપ્ત કરવું હોય, જ્ઞાન જોઇતું હોય, ગમે તે કરવું હોય તોપણ તે કાર્ય તેના કાળને અનુસરીનેજ કરવું જોઈએ. જુઓ, પરમેશ્વર પણ જે કાર્ય કરે છે તે પોતાના મુકરર કરી રાખેલા કાળમાંજ કરે છે. સમયના પાલનમાં પણ ઈશ્વર પરિપૂર્ણ છે, પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. આ જગતની ઉત્પત્તિ કરવાને માટે ઈશ્વર જે જ્ઞાનમય તપ કરે છે તે બરાબર યોગ્ય કાળમાંજ કરે છે, જયેષ્ઠ હિરણ્યગર્ભને બરાબર ચોક્કસ કાળમાંજ બહાર કાઢે છે અને બ્રહ્મ (વેદ)નું પ્રકાશન પણ તેને માટે જે કાળ નિયત કરી રાખ્યો હોય છે તે કાળમાંજ હમેશાં કરે છે. એ ભગવાન પોતાના કાળરૂપમાં પ્રજાપતિના પણ પિતા છે. આ આખો સંસાર, અલબત્ત, સૂર્ય પ્રજાપતિમાંથી અથવા હિરણ્યગર્ભ-પ્રજાપતિમાંથી ઉત્પન્ન થયો છે. તેથી કરીને તેના જનક પણ એ કાળ પરમેશ્વરજ છે. આ નિયમ એકલી સૃષ્ટિની ઉત્પત્તિનેજ લાગુ પડે છે એમ નહિ, પણ સૃષ્ટિનું ક્ષણ ક્ષણનું સંચાલન પણ એ કાળ દ્વારાજ થઇ રહ્યું છે. આ જગત ઉપરનું નાનું સરખું એક તણખલું પણ તેનો

કાળ આવ્યા વિના નથી હાલી શકતું. ખરી રીતે જોતાં કાળજ સૌનો ઈશ્વર છે. ભૂતકાળનું, ચાલુ કાળનું અને ભવિષ્ય કાળનું સમસ્ત બ્રહ્માંડ અને તેમાંની તમામ અગણિત વસ્તુઓ, એ બધાં કાળની અંદર યથાસ્થાન ગોઠવાઇ ગએલાં છે. કાળનું અતિક્રમણ કોઇ કરી શકતું નથી. માટે આવો, આપણે પણ તે કાળદેવની ઉપાસના કરીએ. આપણે એટલું બરાબર જોઇ રાખીએ કે, આપણું એક પણ કામ કાળને પ્રતિકૂળ થવા ન પામે અને આપણું એકેએક કાર્ય, આપણી એકેએક ચેષ્ટા તે કાળદેવની અનુમતિ મુજબજ થયા કરે.

શબ્દાર્થ

(काले) કાળમાં, ઉચિત કાળમાં **(तपः)** તપ, **(काले)** કાળમાં **(ज्येष्ठं)** જ્યેષ્ઠત્વ અને **(काले)** કાળમાંજ **(ब्रह्म)** જ્ઞાન **(समाहितं)** ગોઠવી રાખ્યું છે. **(ह)** નિશ્ચયપૂર્વક **(कालः)** કાળ **(सर्वस्य)** સૌનો **(ईश्वरः)** ઈશ્વર છે. **(यः)** જે **(प्रजापतेः)** સૌ પ્રજાને ઉત્પન્ન કરનાર હિરણ્યગર્ભનો પણ **(पिता)** ઉત્પાદક **(आसीत्)** થાય છે.

२३ कार्तिक

अव्यचसश्च व्यचसश्च बिलं विष्यामि मायया ।
ताभ्यां उद्धृत्य वेदं अथ कर्माणि कृण्महे ।।
(अथर्व. १९-६८-१)

વિનય

વેદનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તદનુસાર કર્મ કરવાં એ વાત તો બહુ ઉત્તમ છે, પણ વેદના જ્ઞાનને પ્રાપ્ત કરવું એ કાંઈ રમત વાત નથી. વેદનું જ્ઞાન તો એવું છે કે બહુ ઉંડી ડૂબકી મારીને, ખૂબ ઉંડા પાણીમાંથી બહાર લઇ આવીએ તોજ તે મળે એમ છે. જ્યાં સુધી '**अव्यचस**' અને '**व्यचस**' સાન્ત અને અનંત, અંદરનું અને બહારનું, '**अह**' અને બાકીનું બીજું બધું '**त्वं**' એ બધાની વચ્ચેનો તફાવત પૂરેપુરો ન સમજાય, એ આખો કોયડો પૂરેપુરો ઉકલી ન જાય ત્યાં સુધી 'જ્ઞાન' એ શી વસ્તુ છે તેનુંજ આપણને પૂરૂં ભાન હોતું નથી; તો પછી વેદના જ્ઞાનની તો વાતજ શી કરવાની? "જ્ઞાન થયું એટલે શું?" તેનોજ અર્થ સમજી શકાતો નથી; તો પછી વેદજ્ઞાન તો કેટલી આઘેની વસ્તુ! તેની આશાજ શી? અહાહા! આજે પ્રભુની કૃપા વડે મેં તો એ '**अव्यस**' અને '**व्यचस**'નું કોકડું ઉકેલી નાખ્યું. અંદરનું અને બહારનું એમ કહેવામાં શું તાત્પર્ય છે તે હવે મને સમજાઇ ગયું છે. જ્યાં સાન્ત અને અનંત એકબીજામાં મળી જાય છે, ત્યાં આગળ જે ગુપ્ત રહસ્યમંદિર છે તેનો દરવાજો ઉઘાડીને મેં અંદર ડોકિયું કરી જોયું છે. મેં જોઇ લીધું છે કે, આ અનંત બ્રહ્માંડ અને તેની અંદર જે કાંઈ છે, ટુંકામાં જે કોઇ અસ્તિત્વ ધરાવે છે તે બધુંજ મારા આત્માની અંદર, હું કે જે એક અણુ સમાન છું તેની અંદર સમાઈ ગયેલું છે. મારો આત્મા, મારૂં પોતાપણું, મારૂં વ્યક્તિત્વ, મારો '**अहं**' આ સૌને, અખિલ બ્રહ્માંડને વ્યાપ્ત કરી રહ્યો છે. આવી વાત કરૂં છું, ત્યારે સાંભળનારને તે ઘણી વિચિત્ર લાગે છે; પણ મારી

'माया,' મારી ઉંચા પ્રકારની પ્રજ્ઞા મને જે સાક્ષાત્ અનુભવ કરાવી દે છે તે અનુભવને હું ઉપર કહી તેવી પરિભાષા સિવાય બીજે કોઇ પણ પ્રકારે દર્શાવી શકતો નથી. અરે! વેદજ્ઞાન કોઇ પુસ્તકમાં તો છેજ નહિ. વેદજ્ઞાન તો મારા આત્માની અંદર પ્રકાશિત થાય છે. તે તો પરમાત્માની અંદર નિત્ય સંબંધ વડે સ્થિતિ કરીને રહેલું છે. જે જ્ઞાન આ બેઉ દ્વારા—આ આત્મા (**अव्यचस**) દ્વારા અને તે પરમાત્મા (**व्यचस**) દ્વારા પ્રકાશિત થાય છે, તે બેઉમાંથી 'ઉદ્ધૃત' થાય છે તેજ સાચો અને મૂળ વેદ છે, તેજ વેદનું જ્ઞાન છે અને તેને અનુસરીને કર્મ કરવાં એનુંજ નામ વૈદિક કર્મ.÷ માટે આવો, મારા ભાઇઓ! આપણે આજથી ઉપર બતાવી તે રીતે વેદની પ્રાપ્તિ કરીએ અને આપણે જે જે કર્મ કરીએ તે તેને અનુસરીનેજ કરીએ. આ રીતે આપણે આપણી જાતનો તે અનંતની સાથે યોગ કરીને, આપણા આ ક્ષુદ્ર શરીરને વિશ્વ બ્રહ્માંડની સાથે મેળવી દઇને, આપણી પરિમિત ઇંદ્રિયો વગેરેના બહારના વ્યાપક દેવોની સાથે મેળ કરીને, તેમની સાથે સમસ્વરતા સાધીને જે જે કર્મો કરીશું તે બધાં કર્મો વૈદિક કર્મ કહેવાશે, તે વેદને અનુસરીનેજ થયાં હશે, જેને સાચા× અર્થમાં વેદાનુસારી કહેવાય તેવાંજ થયાં હશે.

શબ્દાર્થ

(**अव्यचसः**) અવ્યાપક, સાન્ત, એકદેશીય, 'અહં' ના (**च**) પણ અને (**व्यचसः**) વ્યાપક, અનંત, બહાર ફેલાઇ ગયેલા **'त्वं'** ના (**च**) પણ (**विलं**) ઉંડા કોતરને—ભેદભરેલા રહસ્યને (**मायया**) પોતાની પ્રજ્ઞા દ્વારા (**विष्यामि**) હું ઉઘાડું છું. (**ताभ्यां**) તે બેઉ [**अव्यचस्** અને **व्यचस्**] દ્વારા (**वेदं**) વેદને, વેદજ્ઞાનને (**उद्धृत्य**) ઉપર ઉંચકી આણીને, ઉદ્ધૃત કરીને (**अथ**) ત્યાર પછી, આ રીતે વેદને પ્રાપ્ત કર્યા પછી (**कर्माणि**) કર્મોને, વૈદિક કર્મોને આપણે (**कृणमहे**) કરીએ.

÷ નહિ કે સ્વાહા સ્વાહા કરીને ઘી–છાણાં બાળવાં. —**સેવાનંદ**

× આના સંબંધમાં જુઓ મનુસ્મૃતિ અ. ૧૨, શ્લો. ૧૧૮ થી ૧૨૬

—મૂળલેખક

२४ कार्तिक

प्रियं मा कृणु देवेषु, प्रियं राजसु मा कृणु ।
प्रियं सर्वस्य पश्यतः, उत शूद्रे उतार्ये ॥

(अथर्व. १९-६२-१)

વિનય

હે મારા પ્રિય પ્રભુ ! તમે મને સૌનો પ્રિય બનાવી દો. જો હું સાચા અર્થમાં તમારો પ્રિય બનવા ઇચ્છું તો મારે તમારા આ આખા જગતના પણ પ્રિય થવુંજ જોઇએ. તમે તો આ જગતમાં સર્વત્ર છોજ, નાનાં-મોટાં તમામ પ્રાણીઓની અંદર તમારૂં એક એક મંદિર બનાવીને તેમાં વસ્યા છો. જો હું એ બધાંજ તમારાં રૂપોમાં તમારી સાથે પ્રીતિ ન કરી શકું તો પછી હું તમને 'હે પ્રિય !' એમ કહીને કેવી રીતે બોલાવી શકું ? આ સંસારી લોકો તો જે પોતાનાથી મોટા હોય, બળવાન હોય, ધનવાન હોય, લાગવગવાળા હોય, પ્રતિષ્ઠાવાળા હોય તેમનાજ વહાલા થવા ઇચ્છે છે, પરંતુ પોતાનાથી જે નાના હોય, ગરીબ હોય, પદદલિત હોય, અસહાય હોય, એવાંના વહાલા થવાની કોઇને કશી જરૂરજ લાગતી નથી. તેઓ પોતાના રાજાઓની, પોતાના માલિકોની પ્રીતિ સંપાદન કરવા ઇચ્છે છે પણ પોતાની પ્રજાની, પોતાના સેવકોની પ્રીતિ સંપાદન કરવાની કોઇને ઇચ્છાજ થતી નથી. પરંતુ તમારા સાચા પ્રેમી હોવાની આજ ખરી કસોટી છે. કારણ કે ગરીબો ઉપર, દબાએલા ઉપર, પીડિતો ઉપર, અસહાય ઉપર પ્રેમ રાખવો એજ તમારા ઉપર સાચો પ્રેમ રાખ્યા સમાન છે. કોઇ બળવાનના ઉપર, ધનવાન ઉપર અથવા સત્તાવાળા ઉપર કે રાજાના ઉપર પ્રેમ રાખવો અથવા તેમના વહાલા થવાની ઈચ્છા રાખવી એનો અર્થ તો એવો થયો કે, સાંસા-

રિક બલની સાથે, સાંસારિક ધનની સાથે અથવા સાંસારિક સત્તાની સાથે પ્રેમ જોડવો છે, નહિ કે પ્રભુની સાથે. માટે મને તો તમે જો દેવોનો અને રાજાઓનો વહાલો બનાવો તો તેની સાથે સાથે મને બધું જોનારા સામાન્ય લોકોનો, ગરીબોનો અને સેવકોનો પણ વહાલો બનાવજો. બ્રાહ્મણોનો અને ક્ષત્રિયોનો વહાલો બનાવો તેજ વખતે મને સામાન્ય પ્રજાનો (વૈશ્યોનો) અને શૂદ્રોનો પણ વહાલો બનાવજો. શૂદ્રોનો અને આર્યોનો, નીચ અને ઉંચનો, શિષ્યોનો અને ગુરુઓનો, માલિકોનો અને સેવકોનો, અધિકારીઓનો અને તાબેદાર લોકોનો, નાનાંઓનો અને મોટાંઓનો, સૌનો વહાલો બનાવી દેજો. મને એવો બનાવી દો કે આ સંસારમાં જે કોઇ મને જુએ અથવા મારા સમાગમમાં આવે, તે મારી સાથે પ્રીતિજ કરે. હે પ્રભો ! હું આ તમારા સંસારની પાસે માત્ર એક પ્રેમની ભિક્ષા માગી રહ્યો છું. કેમકે હું સમજી ગયો છું કે, જયાં સુધી તમારા નાના મોટા સમસ્ત સંસારની સાથે પ્રીતિ ન કરૂં, ત્યાં સુધી હે મારા પરમ પ્રિય ! તમારા પ્રેમનો પાત્ર હું નહિજ બની શકું, તમારા પ્રેમનો અધિકારી હું કદાપિ નહિ થઇ શકું.

શબ્દાર્થ

હે પ્રભો ! (**मा**) મને (**देवेषु**) દેવોમાં [બ્રાહ્મણોમાં] (**प्रियं कृणु**) પ્રિય બનાવો. (**मा**) મને (**राजसु**) રાજાઓમાં [ક્ષત્રિયોમાં] (**प्रियं कृणु**) પ્રિય બનાવો. (**सर्वस्य पश्यतः**) બધું જોનારાઓનો (**प्रियं**) પ્રિય બનાવો, (**उत शूद्रे**) શૂદ્રોનો પણ (**उत आर्ये**) અને આર્યોનો પણ, સૌનો મને પ્રિય બનાવો.

२५ कार्तिक

त्वं बलस्य गोमतो अपावोऽद्रिवो बिलम् ।
त्वां देवा अविभ्युषः तुज्यमानास आविशुः ॥

(ऋ. १-११)

વિનય

હે ઇંદ્ર! તું 'બલ' નો–અસુરનો સંહાર કરીને તેણે સંતાડી રાખેલી દેવોની 'ગૌ'ઓને પાછી ફરીથી દેવોને સ્વાધીન કરી દે છે. તમારો આ નિત્ય ઇતિહાસ અમારામાંથી પ્રત્યેક જીવમાં એકસરખોજ આલેખાયેલો અમે રોજ રોજ જોઇએ છીએ. અમારૂં આત્મિક ઐશ્વર્ય અમે આવીજ રીતે ગુમાવી બેઠા છીએ. તે ક્યાં ગયું તેનો અમને કાંઈ પત્તોજ મળતો નથી. એને સંતાડી રાખનાર 'બલ'* નામનો અજ્ઞાનરૂપી અસુરજ છે. તેણેજ આત્મિક ઐશ્વર્યોરૂપી અમારી 'ગૌ'ઓને સંતાડી રાખી છે. એ અસુરને તાબે થઇને અજ્ઞાનાંધકારમાં અમે કોણ જાણે કેટલા વખતથી પડયા પડયા ઊંઘ્યા કરીએ છીએ! પરંતુ હે ઇંદ્ર! તમે જ્યારે અજ્ઞાનાંધકારનો નાશ કરો છો, અજ્ઞાન–મેઘનું ભેદન કરો છો, અમારી 'ગૌ'ઓને સંતાડી રાખનાર 'બલ' ની ગુફાને ઉઘાડી કરી દો છો, અમારી સૂતી પડેલી સુષુમ્ણા નાડીના માર્ગને ઉઘાડીને ખુલ્લો કરી દો છો, અમારી સૂતેલી શક્તિને જગાડી દો છો ત્યારે તો જે આશ્ચર્યકારક અવસ્થા ઉત્પન્ન થાય છે તે તો જાતેજ અનુભવી જોવા યોગ્ય છે. પછી તો બલાસુરે ગુફાની અંદર સંતાડી રાખેલી 'ગૌ'ઓ ડબાડબ બહાર નીકળી પડે છે, એક એકથી ચઢી જાય એવાં આત્મિક ઐશ્વર્યો પ્રકટ થવા લાગે છે.

---

* 'बलो वृणीतेः' निरुक्त ६-२ —મૂળલેખક

અંદરના ભાગમાં અજવાળું અજવાળું થઇ જાય છે, શરીરમાં આનંદદાયક કંપન થવા લાગે છે અને આનંદના એક પછી એક તરંગો ખેલવા લાગે છે. તે વેળા હે આત્મન્! તમારી તમામ દિવ્ય શક્તિઓ આવી આવીને તમારી સાથે જોડાઇ જાય છે. હે ઇન્દ્ર! તમારાં પરાક્રમોનાં અમે શાં વખાણ કરીએ? બલાસુર તો પોતાના અંધકારદ્વારા તમારા દેવોને તેમનાં ઐશ્વર્યોથી વિખૂટા કરી ચૂક્યો હતો એટલુંજ નહિ પણ તેણે એ દેવોને તમારાથી પણ વિચ્છિન્ન કરી દીધા હતા. આવી માઠી દશા થઇ ગયા પછી પણ જ્યારે તમે તમારૂં વજ્ર ઉગામીને તેનો સંહાર કરવા મંડો છો, ત્યારે એકદમ પ્રકાશની ધારાઓ વહેવા લાગે છે અને એ પ્રકાશની મદદથી દેવોને તેમનું ગુમાવેલું બધુંજ ઐશ્વર્ય પાછું આવી મળે છે અને એ રીતે ઐશ્વર્યયુક્ત બનેલા જે દેવો કોઈ કોઈ વાર બલાસુરના પ્રહારથી માર્યા જવાની તૈયારીમાં હતા અથવા ધ્રૂજી ઉઠયા હતા તેઓ પણ તમારા દર્શનથી હવે નિર્ભય બનીને તમારામાં પ્રવિષ્ટ થવા લાગે છે, આવી આવીને તમારી સાથે સંયુક્તજ થઇ જાય છે.

શબ્દાર્થ

(अद्रिवः) હે વજ્રવાળા ઇન્દ્ર! **(त्वं)** તમે **(गोमतः)** ગાયોને રોકી રાખનાર **(बलस्य)** બલની **(बिलं)** ગુફાને **(अपावः)** ઉઘાડી નાખો છો ત્યારે **(देवाः)** સૌ દેવો **(तुज्यमानासः)** માર્યા જતા જતા-ધ્રૂજતા ધ્રૂજતા **(अविभ्यूषः)** નિર્ભય થઇને **(त्वां)** તમારામાં ફરીથી **(आविशुः)** પ્રવેશ કરવા માંડે છે.

२६ कार्तिक

अग्नये समिधमाहार्षं बृहते जातवेदसे ।
स मे श्रद्धां च मेधां च जातवेदाः प्रयच्छतु ॥
(अथर्व० १९-६४-१)

વિનય

સમિધા જ્યારે અગ્નિમાં પડે છે ત્યારે તે સળગી ઉઠીને અગ્નિરૂપ બની જાય છે. સમિધાની અંદર છુપાઇ રહેલો અગ્નિ જાગૃત થઇ જાય છે, પ્રદીપ્ત અવસ્થામાં આવી જાય છે. આટલા માટે વૈદિક કાળમાં જિજ્ઞાસુ લોકો હાથમાં સમિધા લઇને ' સમિત્પાણિ ' બનીને ગુરુની પાસે જતા હતા, પોતાની જાતને સમિધા જેવી બનાવીને ગુરુને અર્પણ કરતા હતા, કે જેથી તે પોતાના ગુરુના અગ્નિ વડે પ્રદીપ્ત બની જાય. આ વૈદિક વિધિને અનુસરીને હું પણ મારા આચાર્યના ચરણો આગળ આવીને ઉપસ્થિત થાઉં છું અને તેમના અગ્નિ દ્વારા તેમના જેવોજ પ્રદીપ્ત થવા ઇચ્છું છું. પ્રદીપ્ત થવું ઘણુંજ કઠણ છે તે હું જાણું છું. પ્રદીપ્ત થતા પહેલાં આપણી જાતને, આપણા ' अहं 'ને અગ્નિમાં સળગાવી દેવાં પડે છે. અને જાતને સળગાવી દેવાનું પણ ત્યારેજ બની શકે છે, કે જ્યારે પૂર્ણ શ્રદ્ધા જાગૃત થઇ ગઇ હોય કે, આ રીતે સળગવાથી હું અવશ્ય પ્રદીપ્ત અને જ્ઞાનમય થયા વિના રહીશજ નહિ. આને માટે સૌથી પ્રથમ તો મારામાં શ્રદ્ધા હોવી જોઇએ. કોઇ વાર એવું પણ બને છે કે, સમિધા લીલી હોવાથી અગ્નિની ઝાળને ઝટ પકડી નથી લેતી અને તેથી તેઓ પ્રદીપ્ત નથી થતી. આટલા વાસ્તે મારામાં પ્રથમ જ્ઞાનને ધારણ કરવાની બુદ્ધિ અથવા મેધા પણ ઘણાં જરૂરનાં છે. શ્રદ્ધા અને મેધા વિના કદી પણ જ્ઞાનથી પ્રદીપ્ત થવાતુંજ નથી. પણ એ શ્રદ્ધા અને મેધાને

મારે લાવવાં ક્યાંથી ? હું તો આ **'जातवेदा'** અગ્નિને અને મારા આચાર્યદેવનેજ વિનવું છું કે, મને તો તમેજ શ્રદ્ધા અને મેધાનું દાન કરો. તેઓ જાતવેદા છે, તેમને જ્ઞાન ઉત્પન્ન થઇ ચૂકયું છે, તેઓ જ્ઞાનના સળગતા અગ્નિ સમાન છે. આથી કરીને તે 'જાતવેદા'ઓ ધારે તો મને શ્રદ્ધા અને મેધા બેઉનું દાન કરી શકે છે.

પરંતુ આ બધું છતાં છેવટે તો ભૌતિક અગ્નિને માટે હું સવારે અને સાંજે જે કાષ્ઠની સમિધા લાવું છું, શિષ્યરૂપી હું મારા આચાર્યરૂપી અગ્નિને સારૂ મારાં શરીર, મન અને આત્માનું પ્રદીપન કરવાને સારૂ દરરોજ જે ત્રણ ત્રણ સમિધાઓ લાવું છું, વળી રાષ્ટ્રસેવક અથવા ધર્મસેવક બનીને રાષ્ટ્રાગ્નિ અથવા ધર્માગ્નિને માટે તેમને તેમને લાયકની સમિધાઓ લઇ આવું છું, એ તમામ સમાધિઓ આખરે તો તે **'बृहत जातवेदाः'**ને સારૂ, તે બધુંજ જાણનાર સર્વજ્ઞ મહાન્ અગ્નિને સારૂજ હું લાવું છું કે જે તમામ આચાર્યોનો પણ આચાર્ય છે, સૌ અગ્નિઓનો પણ અગ્નિ છે, જે પરમ પરમ અગ્નિ છે અને છેવટે જે પરમ શ્રદ્ધામય છે અને જે મેધાનો ભંડાર છે તે '**बृहत् जातवेदाः**' ની આગળ હું શ્રદ્ધા અને મેધાને માટે યાચના કરૂં છું.

શબ્દાર્થ

(बृहते) ઘણાજ મોટા, પરમ **(जातवेदसे)** જાતમાત્રને જાણનારા, જ્ઞાનયુક્ત **(अग्नये)** અગ્નિને માટે હું **(समिधं)** સમીધાને પ્રદીપનીય, સળગી ઉઠે એવી વસ્તુઓને **(आहार्षं)** આહરણ કરૂં છું, લાવું છું, **(सः)** તે **(जातवेदाः)** જ્ઞાનયુક્ત અગ્નિ **(मे)** મને **(श्रद्धां च)** શ્રદ્ધાને પણ અને **(मेधां च)** મેધાને પણ **(प्रयच्छतु)** પ્રદાન કરો.

२७ कार्तिक

अश्विना सारघेण मा मधुनाङ्क्तं शुभस्पती ।
यथा वर्चस्वतीं वाचं आवदानि जनां अनु ॥ (अथर्व० ९-१-१)

વિનય

હે અશ્વિનીકુમારો ! હે યુગલ દેવો ! સર્વત્ર રસ અને જ્યોતિ આપનારા હે દિવ્ય દેવો ! તમે નાના પ્રકારનાં રૂપ ધારણ કરીને જગતમાં વ્યાપી રહ્યા છો. તમે મારી અંદર સૂર્યશક્તિ અને ચંદ્રશક્તિના રૂપમાં કાર્ય કરી રહ્યા છો, તમે પ્રાણ અને અપાનના રૂપમાં મારા શરીરની રક્ષા કરો છો. હે અશ્વિનીકુમારો ! તમે સદા '**शुभस्पति**' છો, દીપ્તિના પાલક છો, તેજના સંરક્ષક છો. એટલા વાસ્તે હું તમારી આગળ વાણીના તેજની યાચના કરૂં છું. હું ઇચ્છું છું કે, હું જનતાની સેવાને અર્થે મારી શારીરિક વાણીને, માનસિક વાણીને અને આત્મિક વાણીને તેજસ્વી, વર્ચસ્વી અને ઓજસ્વી બનાવી શકું. તમે તો મધુને માટે પ્રસિદ્ધ છો. આ સ્થૂળ મધ, મધમાખીઓનું બનાવેલું મધ, તે પણ તમારાજ જ્યોતિ અને રસ દ્વારાજ બને છે. એ મધનું સેવન કરીને હું મારી સ્થૂળ વાણીને તેજસ્વી અને બળવાન બનાવી દઇશ. પણ તમારૂં સાચું મૂળ મધ તો અમારી અંદર છે. તમારી ક્રિયા દ્વારા પ્રાણ ઊંચે ચઢીને મસ્તકમાં વ્યાપી જાય છે, ત્યારે કપાળ આગળ તમારૂં મધ ટપકે છે, જે સારયુક્ત અમૃતનું પાન હઠયોગીઓ ખેચરી મુદ્રા કરીને પોતાની જિહ્વા દ્વારા પણ કરી શકે છે. તે તમારા મધુ વડે, હે પ્રાણાપાનરૂપી અશ્વિનીકુમારો ! તમે મારા આખા શરીરને ભરી દો, રસબસ બનાવી દો, તમારા મધુનો મારાં રોમેરોમમાં સંચાર કરી દો. આવી રીતે મધુસંચિત થવાથી મારી માનસિક વાણી નિઃસંદેહ એવી વર્ચસ્વી બની જશે કે જ્યારે હું જનસમૂહની આગળ ભાષણ કરવા ઉભો થઇશ ત્યારે મારી વાણીમાંથી વહેતું તેજસ્ સાંભળનારનાં હૃદયને ભેદી નાખશે, તેમને પાણી પાણી કરી દેશે. પરંતુ હે સૂર્યપ્રાણ તથા ચંદ્રપ્રાણરૂપી અશ્વિનીકુમારો ! જે મધુને

માટે તમે પ્રસિદ્ધ છો તે તો તમારૂં મધુજ્ઞાન છે, તમારી જ્ઞાન-સારયુક્ત મધુવિદ્યા છે. તમારા તે મધુ વડે જ્યારે મારો આત્મા તૃપ્ત થઇ જશે, ત્યારે તો મારી વાણીમાંથી આત્માનાજ બોલ ગાજી ઉઠશે. તે વખતે મારા આત્મામાંથી નીકળતા શબ્દો એવા ઓજસ્વી થયા હશે કે તેનાથી સાંભળનારનાં હૃદય ઉપર ઘણો પ્રભાવ પડી જશે અને જેથી તેઓ નિઃસંદેહ પોતપોતાનાં ઉચિત કર્મો કરવા પ્રેરાઇ જશે. હે અશ્વિનીકુમારો ! આવી સારભરી મધુ વડે સિંચિત થએલી આત્મિક વાણી દ્વારાજ મારે લોકસેવા કરવી છે, મારે તેમનો સાચો ઉપકાર સાધવો છે.

શબ્દાર્થ

(**अश्विना**) હે અશ્વિનીકુમારો ! (**शुभस्पती:**) હે દીપ્તિના પાલકો ! તમે તમારા (**सारघेन मधुना**) મધમાખીઓના મધથી અથવા સારયુક્ત અમૃત અથવા મધુજ્ઞાનથી (**मा**) મને (**अङ्क्तं**) આંજી દો, ભરી દો (**यथा**) જેના વડે હું (**जनान् अनु**) જનો પ્રતિ, જનતાની સેવા કરવાને સારૂ (**वर्चस्वतीं वाचं**) તેજસ્વી વાણીને (**आवदानि**) બોલું, બોલી શકું.

२९ कार्तिक

देवान् यन्नाथितो हुवे ब्रह्मचर्यं यदूषिम ।
अक्षान् यद् बभ्रून् आलभे ते नो मृडन्त्वीदृशे ॥
(अथर्व० ७-१०९-७)

વિનય

હે મારા પ્રભો ! ઘણો વિકટ સમય આવી પહોંચ્યો છે. આ અત્યારની સંકડામણમાં મારે હવે કરવું શું ? તેને ટાળું કેવી રીતે ? મારો કોઇ ઉપાય હવે નથી ચાલતો. હું ઉપરાઉપરી પરાજય ખાતોજ જાઉં છું. જેમણે મારી આવી માઠી હાલત કરી દીધી છે, તેમણે પોતાનાં અન્યાયપૂર્ણ દુષ્કૃત્યોવડે મારા બધા ન્યાયોચિત પ્રયત્નોને નિષ્ફળ કરી દીધા છે અને હજી પણ કરતાજ જાય છે. હવે મારે

કરવું શું ? આજે હું સંતપ્ત થઇને દેવતાઓને આહ્વાન કરી રહ્યો છું, આર્ત્ત સાદે પોકાર કરી રહ્યો છું તે મારો બધો પ્રયત્ન શું ફોકટજ જશે ? મારી આવી અવસ્થામાં દેવતાઓ શું મને મદદ નહિજ કરે ? અત્યાર સુધી હું કઠોર બ્રહ્મચર્યનું પાલન કરતો આવ્યો છું તે મારૂં બ્રહ્મચર્યનું તપ પણ મારી આવી માઠી દશાને નહિ ફેરવી નાખે ? આ ઇન્દ્રિયો જે સૌને ઘસડી લઇ જાય છે, ભલભલા વિદ્વાનોને પણ ઘસડી પાડે છે, તે દુર્દમ ઇન્દ્રિયોના ઉપર પણ મેં ચારે તરફથી સખત દાબ બેસાડી દીધો છે તે મારી સંયમશક્તિ પણ મને શું આ વખતે ફતેહ નહિ અપાવે ? આ બધાં મને આવી અણીને વખતે કામ નહિ આવે તો પછી તેઓ કામમાં આવવાનાંજ ક્યારે ? અરેરે ! જુઓ, જુઓ, આ બધા લોકો મારી મશ્કરી કરે છે. તેઓ કહે છે કે, દેવોનું આહ્વાન, બ્રહ્મચર્યની તપશ્ચર્યા, ઇન્દ્રિયોનો નિગ્રહ, એ બધુંજ ફોકટનું છે, ખાલી વહેમ છે. એટલા માટે હે પ્રભો ! હવે તો તમે એવું કાંઇક કરો, કે જેથી મારાં તમામ પુણ્યકર્મો–મારૂં દેવોનું આહ્વાન, બ્રહ્મચર્ય, સંયમ વગેરે મારા તમામ પુણ્ય પ્રયત્નો–મને સુખી કરે; મને વિજય અપાવે અને મને સુખપ્રાપ્તિ કરાવવામાં કારણરૂપ નીવડે. હવે તો એવું કરો કે પેલી દિવ્ય શક્તિઓનો ચમત્કાર એક વાર ફરીથી આ સંસારની સમક્ષ પ્રકટ થઇ જાય. હે પ્રભુ ! હું તમને બીજું શું કહું ? આ વખતે તો બીજું કહેવા જેવું પણ શું છે ?

શબ્દાર્થ

(यत्) જે **(नाथितः)** ઉપતપ્ત થએલો હું **(देवान्)** દેવોને **(हुवे)** પોકાર કરૂં છું, **(यत्)** જે **(ब्रह्मचर्यं)** મેં બ્રહ્મચર્યને **(ऊषिम)** પાળ્યું છે અને **(यत्)** જે **(बभ्रून्)** હરણ કરનારી **(अक्षान्)** ઇન્દ્રિયોને **(आलभे)** બધી બાજુએથી દાબમાં રાખી છે **(ते)** તે મારાં બધાં કર્મ **(इदृशे)** આવા વિકટ સમયમાં **(नः)** મને **(मृडन्तु)** સુખી કરો, જય પ્રાપ્ત કરાવીને સુખી કરો.

२९ कार्तिक

व्रतेन दीक्षामाप्नोति दीक्षयाप्नोति दक्षिणाम् ।
दक्षिणा श्रद्धामाप्नोति श्रद्धया सत्यमाप्यते ॥
(यजु० १९-३०)

વિનય

મારા પ્રિય બંધુ ! તું શું સત્યની પ્રાપ્તિ કરવાને ખરેખર વ્યાકુળ થઇ ગયો છે ? તો ચાલ, હું તને બતાવું તે ચાર પગથીઆં ચઢી જા. એટલું કરીશ તો તું અવશ્ય સત્યને પામીશ. શરૂઆતમાં જો સત્યના ઉપર તારો ખરેખરો પ્રેમજ હોય તો જે કોઇ 'સાચા' નિયમની–વ્રતની તને જેમ જેમ જાણ થતી જાય, તેમ તેમ તું તેમનું પૂરેપુરા આગ્રહપૂર્વક પાલન કરવા મંડી જા. આ રીતે વ્રતને શોધી શોધીને જાણી લેવાની અને જાણ્યા પછી તેનું યથાશક્તિ પાલન કરવાની તારી પ્રવૃત્તિ તને થોડાજ વખતમાં દીક્ષાને પાત્ર બનાવી દેશે. તું દીક્ષિત થયો એટલે પહેલું પગથિયું તો તું ચઢીજ ગયો એમ જાણજે. દીક્ષિત થવું એટલે સત્યના સામ્રાજ્યની હદમાં પેસવાનો પ્રવેશપત્ર (પાસપોર્ટ) મેળવવો અને સત્યના દરબારમાં જઈ પહોંચવાના અધિકારી સાબિત થવું. દીક્ષિત થયા પછી તું જ્યારે બીજું પગથિયું ચઢી જઈશ, ત્યારે તું સત્યના વાતાવરણમાં રહેવાને અને સત્યપ્રેમી સાથીઓના કુટુંબમાં દાખલ થવાને યોગ્ય થઇશ. તેમ થશે એટલે તારા બીજા સત્યપથિક ભાઇઓના અનુભવોનો તને લાભ મળશે. તેમની સહાયતા વડે તું સત્ય નિયમોને વધારે ઝીણવટથી સમજતો થઈશ અને તેમનું યથાવત્ પાલન કરવાનું તારે માટે ઘણુંજ સહજ થઇ જશે. આ પ્રમાણે સત્યના પાલનનો અભ્યાસ કરતો કરતો તું જ્યારે વધારે આગળ વધી

જઇશ, ત્યારે તું ત્રીજા પગથીઆ ઉપર પગ મૂકવાને લાયક ગણાઇશ. આ વખતે સત્યના પાલનથી તારી વૃદ્ધિ (દક્ષિણા) થતી જાય છે, તારી ઉન્નતિ થાય છે એવો તને સ્વાત્મ-અનુભવ થવા માંડશે. સત્યનું પાલન કરવાથી તું બળવાન અને ઉન્નત થતો જાય છે એવો તને પોતાની મેળેજ અનુભવ થવા લાગશે. આ વખતે બહારનું જગત તારૂં ખૂબ સન્માન કરે, તારી પ્રતિષ્ઠા વધારે, નાના પ્રકારની દક્ષિણાઓ તારી આગળ ધરે, તારા બળનો અને તારી ઉન્નતિનો સૌ સ્વીકાર કરે તો તેમાં કશું આશ્ચર્ય પામવા જેવું પણ નથી. બીજાઓને અનુભવ થાય કે ન થાય, પણ તને પોતાને તો તારી વૃદ્ધિનો સ્વાનુભવ થયા વિના રહેશેજ નહિ. આ અનુભવજ તને સત્યના ઉપર શ્રદ્ધા ઉત્પન્ન કરાવશે અને તને શ્રદ્ધા પ્રાપ્ત થઇ એટલે તું ત્રીજા પગથીએ પહોંચીજ ગયો. પછી તો તને સત્યના ઉપર એવી દઢ અટળ શ્રદ્ધા જામી જશે કે સત્ય વડે કોઇ વાર હાનિ પણ થાય છે એવી શંકા તને કોઇ કાળે પણ ઉત્પન્ન નહિ થાય. શ્રદ્ધા પ્રાપ્ત થયા પછી મનુષ્ય બહુજ વેગથી ઝપાટાબંધ આગળ વધવા લાગે છે. હવે તું જ્યારે તારી શ્રદ્ધામાં મગ્ન થઇને સત્યને—કેવળ સત્યનેજ—પ્રાપ્ત કરવાને ખૂબ વ્યાકુળ અને એકાગ્રચિત્ત બનીને આગળ વધતાં વધતાં તું એક દિવસ સૌથી ઉપરના ચોથા પગથીઆ સુધી આવી પહોંચીશ એટલે તેના ઉપર પગ મૂકતાંજ તને 'સત્ય'નું દર્શન થઇ જશે, તને સત્યનો—તારા પ્રિય સત્યનો સાક્ષાત્કાર થઇ જશે.

શબ્દાર્થ

(व्रतेन) વ્રત વડે, સત્ય નિયમના પાલન વડે મનુષ્ય **(दीक्षां)** દીક્ષા, પ્રવેશ **(आप्नोति)** પ્રાપ્ત કરે છે. **(दीक्षया)** દીક્ષા વડે **(दक्षिणां)** દક્ષિણાને, વૃદ્ધિને, ઉન્નતિને **(आप्नोति)** પ્રાપ્ત કરે છે. **(दक्षिणा)** દક્ષિણા વડે **(श्रद्धां)** શ્રદ્ધાને **(आप्नोति)** પ્રાપ્ત કરે છે. અને હમેશાં **(श्रद्धया)** શ્રદ્ધા વડે **(सत्यं)** સત્યને **(आप्यते)** પ્રાપ્ત કરાય છે.

३० कार्तिक

यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद् विजानतः ।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥
(यजु० ४०-७)

વિનય

મોહ તેમજ શોકની પેલે પાર જવું હોય તો શું કરવું ? જો તમારામાંથી કોઇને પણ મોહ અને શોકની પેલે પાર ચાલ્યા જવાની ખરેખરી લગની લાગીજ હોય તો ઉપલા પ્રશ્નનો ઉત્તર સાવધાનીથી સાંભળી લ્યો. એક એવી સ્થિતિ તો અવશ્ય છેજ, કે જ્યાં પહોંચી ગયા પછી નથી મોહ રહેતો કે નથી શોક રહેતો. ત્યાં શોક અને મોહને ઉત્પન્ન થવાનો પ્રસંગજ નથી મળતો. જો તમારે તે અવસ્થાએ જઇ પહોંચવું હોય તો તમારી જાતનો વિસ્તાર કરતા જાઓ, જેટલો બની શકે તેટલો વિસ્તાર કરતા જાઓ. એટલો વિસ્તાર કરી દો કે, આખા સંસારમાંથી કોઇ પણ વસ્તુ, કોઇ પણ પ્રાણી, કોઇ પણ સ્થાન તમારા આત્માથી રિક્ત (ખાલી) રહ્યુંજ ન હોય. બધાંનેજ તમે તમારા આત્માની અંદર સમાવી લીધાં હોય. તમે પ્રેમથી પરિપૂર્ણ બની જઈને તમારા 'अहं'ને, તમારા 'હું'ને ચારે તરફ સર્વત્ર ફેલાવી દો. 'હું'ને હણવાનો, અહંભાવનો નાશ કરવાનો આ એકજ ઉપાય છે. એ 'હું' એવો છે કે એને દબાવ્યાથી દબાતો નથી, પણ એનો ફેલાવો કર્યાથી પોતાની મેળેજ વિનષ્ટ થઈ જાય છે. તમારે જે 'હું'ને મારવો છે તેનો આ રીતેજ અંત આવી જશે. આવું થશે ત્યારે તમારી આત્મવત્—સમાન દૃષ્ટિ થઈ જશે. ખરી હકીકત એ છે કે આ સ્થિતિને વિશેષ જ્ઞાનીઓ–**'विजानन्'** પુરુષોજ પામી શકે છે. એ સ્થિતિએ માત્ર તેઓજ જઈ

પહોંચે છે, કે જેમણે જ્ઞાનસમાધિ દ્વારા પોતાના પરમ આત્માનું દર્શન કરી લીધું હશે અથવા તેના સર્વગત સ્વરૂપનો સાક્ષાત્કાર કરી લીધો હશે. એવા જ્ઞાનીની નજરે તો ઉપર, નીચે, આગળ, પાછળ, બધેજ પોતાનો આત્મા ને આત્માજ ફેલાઇ ગયેલો દેખાય છે. આ દૃશ્યમાન પ્રાપંચિક સંસાર, તે માંહેનાં તમામ પ્રાણી પદાર્થ, તમામ ભૂતો જાણે તેના આત્માની અંદરજ સામાન્ય રૂપે ગોઠવી રાખ્યાં હોય, તેના આત્માને આધારેજ લટકી રહ્યાં હોય એવાં દેખાય છે. આમાંના કોઈ પદાર્થો ઉપર અથવા ભૂતો ઉપર વિશેષ રૂપમાં તેની નજર પડી જાય છે, ત્યારે પણ તે બધાંની અંદર તેનો પોતાનો એક આત્માજ દૃષ્ટિગોચર થાય છે, તે એકલોજ જાણે સૌમાં અનુસ્યૂત થયો હોય એવું તેને દેખાય છે. એ આત્માના સિવાય તેના સહજ ધ્યાનમાં બીજી કશી વસ્તુ કદી આવતીજ નથી. તે બધો વખત અને સર્વત્ર પોતાના એક અદ્વિતીય પરમ આત્માનુંજ દર્શન કરતો રહે છે અને એ દર્શનની અંદર પોતાના 'હું'ને ડૂબાવી દે છે. પછી એને મોહ શોક રહેજ શાના? જ્યાં સર્વત્ર પ્રકાશજ પ્રકાશ થઇ રહ્યો હોય ત્યાં પછી મોહનો અંધકાર આવી શકેજ શી રીતે? જ્યાં આનંદની બાદશાહી મહેલાતો ઉભી થઇ ગઈ હોય ત્યાં પછી પામર શોક ફરકી શકેજ કેવી રીતે? આખો સમુદ્રજ જ્યાં સૂકાઇને ભાઠું થઇ ગયો હોય ત્યાં ભરતી ઓટ થાયજ કેવી રીતે? જ્યાં આખા વિશ્વમાં બધુંજ પોતાનું–આત્મસ્વરૂપ થઇ ગયું હોય તો પછી મોહ અને શોક થાયજ કોને સારૂ?

શબ્દાર્થ

(यस्मिन्) જે જ્ઞાનમાં, જે જ્ઞાનમય અવસ્થામાં **(सर्वाणि भूतानि)** સર્વ ભૂતો, સર્વ પદાર્થો, પ્રાણીમાત્ર **(आत्मा एव)** આત્માજ, પોતાનું સ્વરૂપજ **(अभूत्)** થઈ જાય છે **(तत्र)** તે સ્થિતિમાં **(एकत्वं अनुपश्यतः)** પરમ આત્માના એકત્વનો સાક્ષાત્ અનુભવ કરનારા **(विजानतः)** તે વિશેષ જ્ઞાનીને માટે **(कः मोहः)** કયો મોહ અને **(कः शोकः)** કયો શોક હોઇ શકે?

ગૃહસ્થાશ્રમીએ

अशितावत्यतिथौ अश्नीयात्

(अथर्व. ९-८८)

અતિથિને-પોતાને ઘેર આવેલા મહેમાનને ભોજન કરાવ્યા પછીજ પોતે ભોજન કરવું.

वैदिक-विनय

(तृतीय खण्ड)

हेमन्त ऋतु

(पंक्ति छंद)

હેમન્તની ઋતુચર્યા

લક્ષણઃ—ઠંડીનો પ્રારંભ કરનારી શરદ્ ઋતુ પૂરી થઇ ગયા પછી જે બે મહિના દરમિયાન ઠંડી પૂરેપુરી રીતે પોતાનો અમલ જમાવે છે તે ઋતુને હેમન્ત કહે છે. એ બે મહિનામાં ટાઢ ઘણામાં ઘણી પડે છે. કોઇ કોઇ દેશમાં બરફ અને હીમ પણ પડે છે. આ ઋતુના માર્ગશીર્ષ અને પૌષ એ બે મહિના ગણાય છે. કેટલાક લોકો પૌષ અને માઘને હેમન્ત ઋતુના મહિના માને છે. માઘના કેટલાક દિવસ લગભગ હેમન્ત ઋતુના જેવા પણ હોય છે.

મહિમાઃ—શારીરિક પુષ્ટિ પ્રાપ્ત કરવાને માટે આ ઋતુ સર્વોત્તમ છે. કૃષ્ણ ભગવાને “**मासानां मार्गशीर्षोऽहम्**” એવું કહીને માર્ગશીર્ષ માસને સર્વોત્તમ મહિનો કહ્યો છે. આ ઋતુમાં શરીરનું અને મગજનું કામ થાકયા વિના ઘણામાં ઘણું કરી શકાય છે. આ ઋતુમાં વાત, પિત્ત અને કફ સમાવસ્થામાં રહે છે. શારીરિક બળ અને જઠરાગ્નિ પણ ખૂબ પ્રબળ અવસ્થામાં રહે છે. એ દહાડામાં વિસર્ગકાળ તેના પૂર્ણ યૌવનમાં આવી ગએલો હોય છે. મતલબ કે, દક્ષિણાયનનો સૂર્ય મનુષ્યોને માટે રસનું વિસર્જન કરે છે, પ્રાણીમાત્રનાં શરીરોમાં વૃદ્ધિ, પુષ્ટિ ને બળનું દાન કરે છે.

ગુણઃ—આ ઋતુ ઠંડી અને સ્નિગ્ધ છે તથા પદાર્થોમાં સુસ્વાદ ઉત્પન્ન કરનારી છે. વળી પ્રાણીમાત્રના જઠરાગ્નિને ઉત્તેજિત કરે છે.

પથ્યાપથ્યઃ—આ ઋતુમાં તડકાનું ખૂબ સેવન કરવું. આ દહાડામાં શારીરિક બળ તથા જઠરાગ્નિ સારામાં સારી સ્થિતિમાં હોવાથી ખૂબ ઘીવાળા, પચવામાં ભારે તેમજ પૌષ્ટિક પદાર્થો, જેવા કે-દૂધ, માખણ, તેલ, ગોળ વગેરે ખાવાં તથા આ ઋતુમાં પાકતા ગરમ અને સ્નિગ્ધ પદાર્થો જેવા કે-બાજરી, સરસવ, ગાજર વગેરેનું પણ સેવન કરવું. ઊનનાં અથવા અંદર રૂ ભરેલાં કપડાં પહેરવાં અને કસરત પણ સારી રીતે કરવી.

હિન્દી કહેવત મુજબ માર્ગશીર્ષમાં જીરૂ ન ખાવું અને પૌષમાં ધાણા નહિ ખાવા.

मार्गशीर्ष मास

मार्गशीर्ष मास (वृश्चिक राशि) माटे

प्राणदायक व्यायाम

કૂલાં અને જાંઘોને બળવાન બનાવનારી કસરત

(૧)

આ કસરતને માટે જમીન ઉપર લાંબા પગ કરીને ચત્તા સૂઈ જવું અને હાથને સ્વસ્તિકની આકૃતિમાં છાતી ઉપર રાખવા. આટલું કર્યા પછી પગને ઢીંચણમાંથી જરા પણ વાળ્યા વગર અને પગ તથા પગની એડીઓને જમીનથી જરા પણ ઉંચકયા વગર માથાને ધીરે ધીરે ૧૮" થી ૨૦" ઇંચ જેટલું ઊંચું કરો. પછી એજ રીતે પાછું જમીન ઉપર લાવો. આ પ્રમાણે ૭–૮ વાર કરવું. માથાને ઊંચું કરતા હો તેટલી વારમાં પેટ સુધી પહોંચે એવો ઉંડો દીર્ઘ શ્વાસ લેવો અને માથાને નીચું કરતા હો તેટલા વખતમાં શ્વાસને બહાર કાઢી નાખવો.

(૨)

પહેલાની માફક સૂઇ જવું પણ આ વખતે હાથને માથાની નીચે રાખવા. પછી ધડ જરાપણ હાલે નહિ અને પગ ઢીંચણમાંથી વળે નહિ એવી રીતે કેડને મધ્યબિન્દુ બનાવીને પગને ઉંચા કરતા જવું અને તે ધડની સાથે કાટખૂણે આવી જાય તેટલા ઉંચા લાવવા. ત્યારપછી પાછા પગને નીચા ઉતારીને જમીન ઉપર લાવી મૂકવા. આ પ્રમાણે કેટલીક વાર સુધી કર્યા કરવું. પગ જેટલો વખત ઉંચે જતા હોય તેટલા વખતમાં દીર્ઘ શ્વાસ લેવો અને નીચે ઉતરતા હોય તેટલા વખતમાં છોડી દેવો.

આ કસરત કરતી વખતે મનને જાંઘ અને ફૂલાંના પ્રદેશ ઉપર સ્થિર કરવું અને એ અવયવો બળવાન બનતા હોય એવી અવસ્થાનું ધ્યાન કરવું.

ધ્યાનઃ—હું બળવાન બનતો જાઉં છું. મારૂં આખું શરીર પ્રાણના સંચારથી વિદ્યુન્મય અને પૂર્ણ સ્વસ્થ થતું જાય છે. હું બાળસ્વરૂપ છું...આવી મતલબનો ભાવ લઇને તેનું ધ્યાન કરવું.

આ અવયવોને જ્યેષ્ઠ, ભાદ્રપદ અને ફાલ્ગુન માસની કસરતો પણ ગૌણ રીતે ફાયદો કરે છે.

१ मार्गशीर्ष

उदीर्ध्वं जीवो असुर्न आगात्, अप प्रागात्तम आ ज्योतिरेति ।
आरैक् पन्थां यातवे सूर्याय, अगन्म यत्र प्रतिरन्त आयुः ॥
(ऋ० १-१३१-१६)

વિનય

હે મનુષ્યો! ઉઠો, ઉઠો, જાગૃત થાઓ અને આંખો ઉઘાડીને જુઓ. જાગો, જુઓ, પ્રભાત થવા આવ્યું છે, અંધકારના પડદાને ચીરીને ઉષાનાં કિરણો ચાલ્યાં આવે છે. આ દિવ્ય પ્રકાશ આપણને જીવન અર્પતો, આપણામાં નવા તાજા પ્રાણનો સંચાર કરતો ચાલ્યો આવે છે. હે ભાઈઓ! એ જ્યોતિને ઝીલવાને તો જાગો. એ પ્રકાશને ઝીલો, શરીરમાં ધારણ કરો અને મનમાં અનુભવ કરતા જાઓ કે, આજે ફરીથી આપણા જીવનમાં એક નવીન પ્રભાતનાં પગરણ મંડાયાં છે. અત્યારસુધી તો આપણે અંધારામાં હતા. એક પ્રકારનું નિષ્પ્રાણ અને જીવનરહિત ‘જીવન’ વ્યતીત કરતા હતા. આજે આ જ્યોતિના પવિત્ર પ્રાણદાયક સંસ્પર્શથી આપણામાં જે નવીન ચૈતન્ય ઉત્પન્ન થતું જણાય છે, તે પૂર્વે આપણે કદી અનુભવ્યુંજ ન હતું. અહોહો! જુઓ, જુઓ, આ જ્યોતિએ તો તે પરમ જ્યોતિ સૂર્યને માટે પણ માર્ગ મોકળો કરી દીધો લાગે છે! આ આત્મજ્યોતિએ પોતે ઉદય પામીને પરમાત્મજ્યોતિ સુધી પહોંચવાની વાટ ચોખ્ખી કરી દીધી છે. હવે આપણે એવી અવસ્થાએ જઇ પહોંચ્યા છીએ, કે જ્યાંથી ક્ષીણ થવાનો, સંકોચ પામવાનો

અથવા નીચા ઉતરી પડવાનો ભય રહ્યોજ નથી; પણ જ્યાંથી આગળ ને આગળ વધવાની, ઉત્તરોત્તર વિકસિત અને ઉન્નત થવાની સીડીનો આરંભ થાય છે. આ આત્મપ્રકાશની અંદર એવા પ્રકારની જીવન-શક્તિઓ ભરી પડી છે કે જેમને પામીને હવે આપણે દિવસે દિવસે ઊંચે ચઢતા જઇશું. આપણું જીવન, આપણું જ્ઞાન, આપણું મનુષ્યત્વ-આપણા તમામ સદ્ગુણો હવે આજ પછી ક્રમવાર વધતાંજ જશે. આ જીવનનો પ્રકાશ આ નવપ્રભાતની આગળ ને આગળ ક્રમવાર વિશેષ તેજસ્વી બનતોજ જશે. માટે મારા ભાઇઓ! જાગો ને આ નવીન પ્રકાશને ઝીલો. જુઓ, જુઓ, પેલી ઉષાદેવી નવજીવનનો સંદેશ લાવીને આપણી આગળ આવી ઉભી છે અને આપણને જાગૃત થવાને પ્રેરી રહી છે.

શબ્દાર્થ

હે મનુષ્યો! (**उदीर्ध्वं**) ઉઠો, (**नः**) આપણે સારૂ (**जीवः**) જીવન (**असुः**) પ્રાણ (**आगात्**) આવી ગયો છે, ઉદિત થઈ ગયો છે. (**तमः**) અન્ધકાર (**अप प्रागात्**) ઢળી ગયો છે અને [આમ જુઓ] (**ज्योतिः**) ઉષાનો પ્રકાશ (**आ एति**) આવે છે. આ જ્યોતિએ (**सूर्याय**) સૂર્યને માટે (**पन्थां**) માર્ગને (**यातवे**) જવાને, પહોંચવાને માટે (**आरैक्**) મોકળો કરી દીધો છે, (**यत्र**) જ્યાં [જીવનશક્તિઓ] (**आयुः**) જીવનને (**प्रतिरन्त**) વધારે છે. [આ અવસ્થાએ આપણે] (**आ अगन्म**) પહોંચી ગયા છીએ.

२ मार्गशीर्ष

ये त्वा देवोस्रिकं मन्यमानाः पापा भद्रमुपजीवन्ति पज्राः ।
न दूढ्ये अनुददासि वामं बृहस्पते चयस इत् पियारुम् ॥
(ऋ. १-१९०-५)

વિનય

હે દેવ ! દુષ્ટ બુદ્ધિવાળા લોકો તારા આપેલા ભોગવિલાસમાં એવા લટ્ટુ બની જાય છે કે તેઓ આંધળા થઇને ભોગ ભોગવ્યેજ જાય છે અને બીજું કશું જોતાજ નથી. આ જગતમાં તેં તારી નાના પ્રકારની ભોગ્ય વસ્તુઓરૂપી 'ગૌ'ઓ તેમને આપી મૂકી છે, તેમને યથેચ્છ દોહી દોહીને ભોગવિલાસરૂપી દૂધ તેઓ દોહ્યાજ જાય છે, પણ એ સિવાય પોતાનું બીજું કશું કર્તવ્ય છે કે નહિ તેનો વિચાર પણ નથી કરતા. તેઓ ઉલટા તનેજ અક્કલ વગરનો મૂર્ખ ધારે છે. તેઓ એમજ માની લે છે કે, તું કોઇ ભોળો ઓલીઆ જેવો છે અને તારી પાસે જે ભોગ્ય વસ્તુઓ છે તે બધી વગરવિચાર્યે એમની એમજ સૌને લૂંટાવી દે છે અને તેથી કરીને મરજી મુજબ જેને જેટલી જોઇએ તેટલી કશું દામ આપ્યા વગર મફ્ત લૂંટી લેવાની સૌને છૂટ છે. એ મૂર્ખ લોકો ભોગપ્રાપ્તિનું રહસ્ય સમજતાજ નથી. ભોગ અને યજ્ઞ (ત્યાગ) એ બે અવિચ્છેદ્ય બંધનથી એકબીજાની સાથે જોડાઈ ગએલા છે, તે તેમના સમજવામાંજ નથી આવતું. તેઓ એટલો વિચાર નથી કરતા કે અમારા ભોગવિલાસને લીધે પ્રકૃતિમાં જે ખાડો પડે છે, જે ઉણપ આવે છે તે જો અમે યજ્ઞ કરીને પૂરી નહિ કરતા જઇએ તો એક દિવસ અમારી ભોગપ્રાપ્તિનું કલ્પવૃક્ષજ આખું ને આખું સૂકાઇ જશે ત્યારે શું કરીશું? તેમને તો ફક્ત ભોગજ ભોગવવા છે. યજ્ઞાર્થે કોઇ પણ કર્મ નથી કરવું. આ પાપ છે. ઝીણી નજરે જોઇએ તો માલૂમ પડશે કે, કોઇ પણ પ્રકારના પાપના મૂળમાં જે

ભાવ રહ્યો હોય છે તે આજ છે. આવી પાપી ભાવનાને વશ થઇને, પાપી બનીને તેઓ એક તુચ્છ નજીવા ભદ્રનો–સુખનો આશ્રય લઇને જીવતા રહેવા ઇચ્છે છે. જાણે તારી ભલમનસાઇનો લાભ (?) લઇને પાપી થઇને પણ તેઓ તારી ભદ્રતા વડે પોતાની જાતને પુષ્ટ કરવા ઇચ્છે છે. થોડા વખત સુધી તો તેઓ આ રીતે આંબે વળગેલા વાંધાની માફક હરામનું ખાઇને જીવે પણ છે. પણ યજ્ઞ કર્યા વિના ભોગ તે કયાં સુધી મળ્યા કરે? ગાયને ખવરાવીએ નહિ, તેની બરદાસ્ત લઇએ નહિ તો તે કયાં સુધી દૂધ આપ્યા કરવાની? આથી કરીને તું તેમને ભવિષ્યને માટે તારાં ઉત્તમ ઐશ્વર્યો આપવાનું બંધ કરી દે છે, એકસામટું બંધ કરી દે છે. એટલુંજ નહિ પરંતુ આવા હિંસકોનો તું વિનાશ કરી દે છે. આવા ભોગલુબ્ધ માણસોની ભોગપ્રાપ્તિમાં તારા સાચા નિયમોને લીધે જયારે અડચણો આવીને ઉભી રહે છે ત્યારે તેઓ તારા ઉપર ક્રોધે ભરાય છે અને નાના પ્રકારની ભયંકર હિંસાઓ કરીને તેઓ ભોગનાં સાધનો પ્રાપ્ત કરવા ઇચ્છે છે. એવે વખતે, હે બૃહસ્પતે! તું તેમનો સમૂળો નાશ કરી દે છે. તું જો આવું ન કરે તો આવડા મોટા બૃહત્ સંસારનું પાલન પણ તું કેવી રીતે કરી શકે? તારૂં બૃહસ્પતિપણું પણ તું જાળવી ન શકે. પણ તું તો તારા અટળ અને ન્યાયી નિયમો દ્વારા આ બૃહત્ બ્રહ્માંડનું પાલન કરે છે.

શબ્દાર્થ

(देव) હે દેવ! **(ये)** જે **(त्वा उस्रिकं मन्यमानाः)** તને ફક્ત ભોગોને આપનાર અને 'ગૌ'ઓ વાળોજ માને છે એવા **(पज्राः)** [ભોગ્ય વસ્તુઓને] પ્રાપ્ત કરનારા (ઐશ્વર્યોનું) પાર્જન કરનારા **(पापाः)** પાપી લોકો **(भद्रं उपजीवन्ति)** તું ભદ્રના ઉપર ઉપજીવન ગુજારે છે, તું સુખદાતાની ઉપરજ જીવે છે [વાંધાની માફક, પેરેઝાઇટની પેઠે] એવા **(दूढ्ये)** દુષ્ટ બુદ્ધિવાળા લોકોને માટે **(बृहस्पते)** આ બૃહત્ જગતનું પાલન કરનાર દેવ! તું **(वामं)** શ્રેષ્ઠ ઐશ્વર્યને **(न अनुददासि)** નથી આપતો. ઉલટો તું **(पियारुं)** તે હિંસકને **(चयसे इत्)** વિનષ્ટ કરી દે છે.

३ मार्गशीर्ष

यस्मै त्वं सुद्रविणो ददाशो अनागस्त्वमदिते सर्वताता ।
यं भद्रेण शवसा चोदयासि प्रजावता राधसा ते स्याम ॥
(ऋ. १-९४-१५)

વિનય

હે પ્રભો ! અમે તારાજ બની જઇએ. અમે ઇચ્છીએ છીએ કે અમે અમારા ન રહીએ, પણ તારા થઇ જઇએ. અમે તારા બની જઈશું એટલેજ તરી જઇશું. પણ તારા બની જનારા સૌભાગ્યશાળી પુરુષો તો ફક્ત તેઓજ હોય છે, કે જેમને તું 'નિરપરાધત્વ' નામના ગુણનું પ્રદાન કરે છે. એવા પુરુષો નાના પ્રકારનાં કર્મ કરતા રહે છે, પણ તેમનાં કર્મોનો ગમે તેટલો બહોળો વિસ્તાર હોવા છતાં તમારી કૃપા વડે તેઓ બધાં નિર્દોષજ રહે છે. હે અખંડ ! હે પૂર્ણ અગ્ને ! તારી મદદથી કરાએલાં કર્મોમાં અપૂર્ણતાનો દોષ આવી શકેજ કેવી રીતે ? તેમનામાં ત્રુટી રહી જાયજ શી રીતે ? તું તો અદિતિ છે, તારામાં ' દિતિ '– ખંડતા અથવા બંધન સંભવેજ નહિ. આથી કરીને જેઓ તારા બની ચૂકયા છે, જેઓ તારા અનન્ય ઉપાસકો છે તેમનાં કર્મ પણ ખંડિત અને દોષયુક્ત હોયજ કેવી રીતે? તારા આવા ભકતોનાં ભયંકરમાં ભયંકર દેખાતાં કર્મ પણ નિર્દોષ અને ઉચિતજ હોય છે. તારી કૃપાને પામનાર તે વિશુદ્ધ આત્માઓ, જેમનાં કર્મ–પ્રવાહની અંદર, હે સુદ્રવિણ ! હે શુદ્ધ બળ અને ધનવાળા ! તું આવી નિર્દોષતાનું દાન કરતો રહે છે, તેઓ ખરેખર ધન્ય છે. અમે વળી એ પણ જોઇએ છીએ કે, તારી કૃપા વડે તેમનું બળ (**शवस्**) અને ધન (**राधस्**) અસાધારણ પ્રકારના થઇ જાય છે. તેમનું બળ હમેશાં ' ભદ્ર ' જ હોય છે અને તેમનું ધન

હમેશાં '**પ્રજાવાન્**' હોય છે. તું તેમનામાં જે કોઇ પ્રકારના બળની પ્રેરણા કરે તે બળ ભદ્ર બની જાય છે, કલ્યાણકારી નીવડે છે. એ એવું બળ નથી, કે જેનો ઉપયોગ નબળાંઓને સતાવવામાં અથવા આત્મહવન કરવામાં થવાથી પરિણામે અભદ્ર સાબિત થાય; તે તો હમેશાં આત્મોન્નતિ કરવામાં, દુઃખીઆંની, પીડાએલાંઓની રક્ષા કરવામાંજ નિરંતર કામ આવે છે. એવી રીતે તેમનું ધન પણ 'પ્રજાવાન' હોય છે–અર્થાત્ તે પ્રજનન કરનાર, *ઉત્પાદક ધન છે. તે પોતામાંથી બીજા નવા ધનને ઉત્પન્ન કરે છે. તે કદી પણ અનુત્પાદક નથી થતું. તેમનું ઐશ્વર્ય પણ કશું ઉત્પન્ન ન કરે એવું વંધ્ય નથી હોતું, પણ ઉલટું ઉત્તરોત્તર ઉત્તમ ઉત્તમ પરિણામને ઉત્પન્ન કરે છે. અહો ! આવા ધનની સાથે, આવા બળની સાથે, હે અદિતે ! અમે નિષ્પાપ બનીને તારાજ થઇ જઇએ.

શબ્દાર્થ

(अदिते) હે અખંડસ્વરૂપ અગ્ને ! (**त्वं**) તું (**यस्मै**) જે પુરુષને માટે (**सर्वताता**) તેનાં તમામ કર્મવિસ્તારમાં, તમામ કર્મોમાં (**अनागस्त्वं**) નિરપરાધતા, નિર્દોષતા (**ददाश:**) પ્રદાન કરે છે અને તેથી કરીને (**यं**) જે પુરુષને તમે (**सुद्रविण:**) હે સુંદર બળ અને ધનવાળા ! (**भद्रेण शवसा**) કલ્યાણકારક બળ વડે તથા (**प्रजावता राधसा**) ઉત્પાદક ધન વડે (**चोदयासि**) પ્રેરિત કરો છો, અનુપ્રાણિત કરો છો, તેવા થઇને અમે પણ (**ते**) તારા (**स्याम**) બની જઇએ.

---

* સંપત્તિશાસ્ત્ર (પોલિટિકલ ઇકોનોમી) માં ધન અને શ્રમ બે પ્રકારનાં ગણાવ્યાં છેઃ (૧) ઉત્પાદક (૨) અનુત્પાદક. ખેડૂત, વણકર, લુહાર, ખાણ ખોદનાર વગેરે ઉત્પાદક શ્રમ કરે છે, કારણ કે તેઓ નવું ધન ઉત્પન્ન કરે છે. પણ નાચનારીઓ, ભવૈયાઓ, વકીલો, જોષીઓ, મંત્ર તંત્ર કરનારાઓ કામ તો કરે છે, પણ નવું ધન પેદા કરતા નથી, ઉલટું જે હોય તેનો પણ નાશ કરે છે. માગી ખાનારા બ્રાહ્મણો, બાવાઓ, જ્ઞાનસાધન કરવાનો ઢોંગ કરનારા નિષ્કર્મ સંન્યાસીઓ, માકણ–ચાંચડની માફક પારકા લોહી ઉપર જીવનારાં પ્રાણીઓ છે. વેદમાં તેમને 'શુષ્ણાસુર' કહ્યા છે. —**સેવાનંદ**

४ मार्गशीर्ष

नकीरेवन्तं सख्याय विन्दसे, पीयन्ति ते सुराश्वः ।
यदा कृणोषि नदनुं समूहसि, आदित्पितेव हूयसे ॥
(ऋ. ८-२१-१४ । सा. उ. ६-२-४ । अ. २०-११४-२)

વિનય

હે ઇંદ્ર ! સાધારણ રીતે જગતના ધનવાન લોકો તારા સખ્યને લાયક નથી હોતા. કારણ કે તેઓ હિંસક છે. ધનની અંદર એવો મદ (એવો નશો) હોય છે કે તેનાથી મદોન્મત્ત બનીને ભાનભૂલા બની ગયેલા લોકોને કર્તવ્ય શું અને અકર્તવ્ય શું તેનો વિવેક હોતો નથી. ધન પણ હિંસા કર્યા વિના ભેગું થઇ શકતુંજ નથી. બીજાને દુઃખ દીધા વગર ધનવાન થયા હોય એવા શ્રીમંતો જગતમાં બહુજ જવલ્લે જોવામાં આવે છે. આપણે અત્યારે આપણી સગી આંખે નથી જોતા કે, ઐશ્વર્યનો મદિરા પીને ઉન્મત્ત બનેલા ધનપતિઓ બેધડક ગરીબોનાં લોહી ચૂસી રહ્યા છે, જેઓ બિચારા દયાને પાત્ર છે તેમના ઉપર જુલ્મ કરે છે, એટલુંજ નહિ પણ જેઓ તેમના સન્માનને પાત્ર છે તેમના ઉપર પણ અત્યાચાર કરતાં અચકાતા નથી ! એટલા માટે હે ઇંદ્ર ! તારા સખ્યને યોગ્ય માણસો તને ધનપતિઓના વર્ગમાંથી નથી મળી આવતા. તેઓ તારી નજીક પણ નથી આવી શકતા. જેઓ તારા સખા અથવા તારા પુત્રો હોય છે તેઓ તો તદ્દન જુદાજ પ્રકારના લોકો છે. ધનનો ત્યાગ કરનારા તપસ્વીઓ, મદરહિત શાંત પુરુષો અને સૌની સાથે પ્રેમ રાખનારા અહિંસાવાદી મહાત્માઓજ તને ઓળખે છે અથવા તેઓ એકલાજ તને ઓળખી શકે છે. તેઓ જયારે તારા મહિમાનો અનુભવ કરીને તારી સ્તુતિ કરનારા અથવા તારા ભક્તો બની જાય છે અને ખાસ કરીને જયારે તું સારી રીતે તેમનો યોગક્ષેમ વહન કરે છે અને તેમનું પાલનપોષણ-રક્ષણ કરનાર તુંજ

છે એવું તેઓ જુએ છે ત્યારે તેઓ તને "પિતા, પિતા" કહીને બોલાવવા મંડી જાય છે. એવા લોકો તારા પ્રિય પુત્ર બની જાય છે. આટલા વાસ્તે હે ઇન્દ્ર! અમે ધન વડે તને નથી પામી શકતા, તને પામવાને માટે તો ધનનો અથવા ઓછામાં ઓછો ધનના મોહનો તો ત્યાગ કરવોજ પડે છે. કારણ કે જે 'નદનુ'ની સ્થિતિએ પહોંચીને તારા ભક્તો તને "પિતા, પિતા" કહીને બોલાવે છે અને તારા વાત્સલ્યથી પોષાનારા તારા પ્રિય પુત્રો બની જાય છે તે સ્થિતિ ધનના મોહનો ત્યાગ કર્યાથીજ પ્રાપ્ત કરી શકાય છે.

શબ્દાર્થ

હે ઇન્દ્ર! (**रेवन्तं**) તું ધનવાન પુરુષને (**नकिः**) કદી પણ નહિ (**सख्याय**) સખ્યને માટે, સખાભાવને માટે (**विन्दसे**) પામે છે–અર્થાત્ નથીજ પામતો; કેમકે (**ते**) તેઓ (**सुराश्वः**) ઐશ્વર્યથી મત્ત બની ગએલા લોકો (**पीयन्ति**) હિંસા કરે છે. (**यदा**) જ્યારે તું કોઇને (**नदनुं**) તારો સ્તોતા અથવા ભક્ત (**कृणोषि**) બનાવે છે (**सं ऊहसि**) અને જેમને તું સમ્યક્ પ્રકારે વહન કરે છે (**आत् इत्**) ત્યારેજ (તેમના વડે તું) (**पिता इव**) પિતાની પેઠે (**हूयसे**) પોકારાય છે.

९ मार्गशीर्ष

अपाङ् प्राङ् एति स्वधया गृभीतः, अमर्त्यो मर्त्येना सयोनिः।
ता शश्वन्ता विषूचीना वियन्ता, न्यन्यं चिक्यु र्ननिचिक्युरन्यम्॥
(ऋ० १-१६४-३८। अ० ९-१०-१६)

વિનય

એકજ ઘરની અંદર બે મિત્રો રહે છે. તેમાંના એકને લોકો જુએ છે અને ઓળખે પણ છે. બીજાને તેઓ બિલકુલ નથી ઓળખતા. આ બે મિત્રોમાંથી એક કદી નહિ મરે એવો અમર્ત્ય છે અને બીજો મરી જાય એવો–અર્થાત્ મર્ત્ય છે. આવા પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા હોવા છતાં તેઓ ભેગા થયા છે અને જાણે કદી પણ વિખૂટા ન પડવા-

ના હોય એવા એકબીજાના સાથી થઇ ગયા છે. એ બેનો આ રીતે યોગ કરાવી આપનારી '**स्वधा**' છે, પોતાની અંદર ધારણ કરેલી ભોગેચ્છા છે, '**अन्न**' (ભોગ)ની ઇચ્છા છે. આ ઇચ્છા જ્યાં સુધી શાન્ત ન થાય અથવા સમાપ્ત ન થઇ જાય, ત્યાં સુધી આ સાથીઓને કોઇ એકબીજાથી વિખૂટા પાડી શકશેજ નહિ. ઉપર કહી તે રીતે ભોગેચ્છા વડે–સ્વધાવડે પકડાએલો આ અમર્ત્ય પેલા પોતાના મર્ત્ય સોબતીને લઇને તેની સાથે અભિન્ન શરીરના જેવો બની જઇને સંસારમાં ભ્રમણ કર્યા કરે છે અને સુખભોગની શોધમાં સારાં તેમજ માઠાં બધીજ જાતનાં કામ કરતો ફરે છે. નઠારાં કામ કરવાથી તેને નાછૂટકે નીચે ઉતરી જવું પડે છે, હલકી યોનિઓમાં જવું પડે છે. તેને હાથે જો સારાં કામ થાય તો તે વધારે ઉંચી યોનિઓમાં પ્રવેશ કરે છે. આ પ્રમાણે કોઈ વાર ઉંચે તો કોઇ વાર નીચે એમ તે મુસાફરી કર્યા કરે છે. પણ પેલા બેઉ જણા સાથેના સાથેજ, કદી છૂટા તો પડતાજ નથી. જ્યાં જવાનું થાય ત્યાં બન્ને જણ ભેગા ને ભેગાજ જાય છે. બેઉ જણ ભોગને વશ થઇને નાના પ્રકારના લોકોમાં આવ–જા કરે છે. પણ તે છતાં આશ્ચર્યની વાત તો એ છે કે, લોકો આ બે જણા પૈકી માત્ર એકનેજ, પેલા મર્ત્યનેજ ઓળખે છે અને બીજો જે અમર્ત્ય છે, તેને તો કોઈ જોતા સુદ્ધાં પણ નથી! એ ઓછી નવાઈની વાત છે!

શબ્દાર્થ

(अमर्त्यः) નહિ મરનાર **(मर्त्येन)** મરનારની સાથે **(सयोनिः)** એકજ ઘરનો વાસી બનીને **(स्वधया)** અન્નની, ભોગની ઇચ્છા વડે **(गृभीतः)** પકડાઇ જઇને કદી **(अपाङ् एति)** નીચે જાય છે અને કદી **(प्राङ् एति)** ઊંચે ચઢે છે. **(ता)** તે બે **(शश्वन्ता)** હમેશાં ભેગા રહેનારા **(विषूचिना)** બધી જગ્યાએ ફરી વળનારા **(वियन्ता)** વિવિધ લોક સુધી પહોંચી જાય છે. પણ એ બે પૈકી **(अन्यं)** એકને–મર્ત્યને **(निचिक्युः)** લોકો ઓળખે છે **(अन्यं)** બીજાને **(न निचिक्युः)** નથી ઓળખતા.

६ मार्गशीर्ष

पश्वा न तायुं गुहा चतन्तं नमो युजानं नमो वहन्तम् ।
सजोषा धीराः पदैरनुग्मन्, उप त्वा सीदन् विश्वे यजत्राः ॥
(ऋ. १-६५-१)

વિનય

અરે મારા અગ્નિ ! મારે તને કયાં શોધવો ? તું મારાથીજ સંતાઇ જઇને કોણ જાણે કયાં ભરાઈ બેઠો છે ? કયી ઉંડી ગુફાની અંદર જઇને છુપાઇ રહ્યો છે ? જ્યારે કોઈ ચોર પારકાં ઢોર ચોરી જઇને કોઈ પર્વતનાં કોતરોમાં, ગુફાઓમાં તે ઢોરને સંતાડી રાખીને પોતે પણ કયાંક સંતાઇ જાય છે, ત્યારે તે ઢોરનો માલિક પોતાના ઢોરને ઘેર આવેલાં ન જોઇને ખોળાખોળ કરી મૂકે છે. તેવી રીતે જયારથી મને ખબર પડી ગઇ છે કે, મારાં 'पशु'ઓ મારી દર્શનશક્તિ, મારી જ્ઞાનશક્તિ વગેરે—ચોરાઈ ગયાં છે, ત્યારથી હે મારા આત્મન્ ! હું તને ખોળવા મંડી પડયો છું. હું જાણી ગયો છું કે, મારી દર્શનશક્તિ તારી સાથે ચાલી ગઇ છે અને જો તે કોઇ દહાડો પણ મને પાછી મળશે તો તે તારી પાસેથીજ મળશે, બીજા કોઇની પાસેથી તો નહિજ. પણ હે આત્મન્ ! હું તને કયાં શોધું ? કેવી રીતે શોધું ?

લોકો કહે છે કે, તું તો મારી અંદરજ, જેને મારૂં હૃદય કહે છે તેમાંની ઉંડી ગુફાની અંદર તું સંતાઇ બેઠો છે. લોકો કહે છે કે, તું ત્યાં બેઠો બેઠો તારા અન્નને, નમસ્કારને ગ્રહણ કરે છે; પણ તે છતાં તું મને દર્શન નથી દેતો, તારો ભેટો તો મને કદી થયોજ નહિ. ધીર પુરુષો, જેઓ લાગલાગટ તને શોધવાનો યત્ન કરનારા જ્ઞાનયોગીઓ છે તથા પરસ્પર સહકાર કરીને, પ્રીતિયુક્ત થઇને સેવા કરનારા કર્મશીલ કર્મયોગીઓ છે તેઓ તારી પગલીઓ

પારખી પારખીને તને શોધવા મંડી જાય છે. તેઓ વેદમંત્રોનાં ×પદો દ્વારા તથા તારી પ્રાપ્તિનાં સાધનરૂપ બીજાં નાના પ્રકારનાં પદો દ્વારા તારી પૂંઠ લે છે. સંસારનાં દુઃખ, દર્દ, શોક, ભય, પીડા વગેરેમાંથી તારી જ્યાં જ્યાં એંધાણી માલૂમ પડે છે, તેને ખૂબ બારીક નજરે નિહાળે છે. વળી દરરોજ સુષુપ્તિ, સંધ્યા અને મૃત્યુના બનાવોમાં તારાં પદચિહ્ન મળી આવે છે, ઇન્દ્રિયોની અંદર તપાસ કરતાં તારી પગલીઓ પકડાઈ જાય છે, તમામ પ્રકારની જ્ઞાનક્રિયામાં તારી એંધાણીઓ હાથ આવી જાય છે, તે સઘળા ઉપર નજર રાખીને તેઓ તને ખોળવા નીકળી પડે છે, તારે પગલે પગલે ચાલ્યા જાય છે. આ રીતે તારી શોધ કરતાં કરતાં આખરે એક દહાડો તારા યજનના અભિલાષીઓ, તારૂં પૂજન કરવાને ઉત્સુક થએલા તારા ભક્તજનો તને પામે છે અને પછી તે બધા યજનશીલ લોકો ભેગા મળીને તારું '**यजन**'–તારી ઉપાસના કરવા મંડી જાય છે.

હે મારા આત્મન્! મારે સારૂ પણ કોઇ એવો શુભ દિવસ આવશે કે જ્યારે હું પણ તને પ્રાપ્ત કરીને, '**यजत्र**' બનીને તારી ઉપાસના કરવા બેસી જાઉં ?

શબ્દાર્થ

હે અગ્ને! (**पश्वा**) પશુની, દર્શનશકિતની સાથે (**तायुं न**) ચોરની પેઠે (**गुहां चतन्तं**) ગુફામાં, હૃદયની ગુફામાં ભરાઇ જઇને (સંતાઇ જઇને) અને ત્યાં (**नमो युजानं**) અન્ન તથા નમસ્કારથી યુકત થઇને તથા (**नमो वहन्तं**) તે અન્ન તથા નમસ્કારને ધારણ કરનારા--તેનો સ્વીકાર કરનારા એવા તને (**सजोषाः**) સૌ ભેગા મળીને પરસ્પર પ્રીતિ તથા સેવન કરનારા (**धीराः**) ધૈર્યશાળી જ્ઞાની પુરુષો (**पदैः**) પદચિહ્નો વડે, પગલીઓ વડે, તને પ્રાપ્ત કરવાનાં સાધનો વડે (**अनुग्मन्**) તારી પૂંઠ લે છે, તને શોધવા નીકળી પડે છે અને શોધ કરતાં કરતાં આખરે તને ખોળી કાઢયા પછી (**विश्वे**) સૌ (**यजत्राः**) યજનશીલ લોકો, ભકતજનો (**त्वा**) તને તારી (**उपसीदन्**) ઉપાસના કરે છે.

× પદ=પગલાં, ચોરની પગલીઓ.—**સેવાનંદ**

७ मार्गशीर्ष

अयं कविरकविषु प्रचेता मर्त्तेष्वग्निरमृतो नि धायि ।
स मा नो अत्र जुहुरः सहस्वः सदा त्वे सुमनसः स्याम ॥
(ऋ. ७-४-४)

વિનય

આપણે કોણ છીએ તેજ આપણે નથી જાણતા. જેને આપણે આપણી જાત, ‘આપણે પોતે’ એવું માની લઈએ છીએ તે તો એક અત્યંત વિનશ્વર પદાર્થોની પોટલી અથવા ઢગલી છે; છતાં આપણામાં જે જ્ઞાન, જે ચૈતન્ય, જે શક્તિ અને જે આનંદ ચમકે છે, તે એવા એક તત્ત્વમાંથી ઉદ્ભવે છે, કે જે એકલુંજ આપણા આખા શરીરમાં અવિનશ્વર છે. તેજ આપણો અગ્નિ છે, આપણો આત્મા છે, અથવા ખરેખરી આપણી જાત, આપણું સ્વરૂપ તેજ છે. આપણો દેહ, આપણી ઇન્દ્રિયો વગેરે જડ ભૌતિક વસ્તુઓનો તે એકલોજ પ્રચેતા છે, ચેતનદાતા છે. આ બધા ‘અકવિઓ’માં* તે એકલોજ ‘કવિ’ છે, આ અક્રાન્તદર્શીઓમાં તે એકલોજ ક્રાન્તદર્શી છે, આ સઘળાં અવાચકોમાં તે એકલોજ બોલવાની શક્તિ આપનારો છે, આ બધા સૌંદર્યરહિત પદાર્થોમાં તે એકલોજ સુંદર છે, આ બધી અકાવ્યમય વસ્તુઓમાં તે એકલોજ કાવ્યમય છે. આ બધી નાશવંત, મરી જનારી, મર્ત્ય અનગ્નિઓમાં તે એકલોજ અવિનશ્વર અમૃત અગ્નિ છે. તેજ આપણું સાચું મૂળ ‘હું” છે, તેજ આત્મા છે.

---

* વૈદિક સાહિત્યમાં ‘કવિ’ એટલે કાવ્યનો રચનાર નહિ, પણ સર્વદ્રષ્ટા, સર્વજ્ઞ. વેદમાં ઈશ્વરને ‘કવિ’ કહીને ઘણે ઠેકાણે સંબોધ્યો છે. જુઓ ગીતામાં ‘**कविं पुराणमनुशासितारम्**’ આ વચન વેદને અનુસરીને ઉચ્ચારાયેલું છે.—**સેવાનંદ**

અરેરે ! એવા આત્માની ઉપેક્ષા કરીને અત્યાર સુધી આપણે રાત–દહાડો બીજી બધી ક્ષણભંગુર વસ્તુઓનીજ સેવા–ચાકરીમાં ગૂંથાઇ ગયા, એ આપણે થોડો અનર્થ કર્યો છે ? હે આત્મન્ ! આજે અમે તને ઓળખ્યો છે, આજે અમે જોઈ લીધું છે કે, ઇન્દ્રિયો, મન, પ્રાણ વગેરેમાં જે ચેતન, જે બળ, જે તેજ અને સામર્થ્ય દેખાય છે તે તેમનાં પોતાનાં નથી, પણ તે બધાં તારાંજ છે. એટલા માટે હે અગ્નિ ! હે '**सहस्वः** !' હે બળ, તેજ અને સામર્થ્યના ભંડાર ! આ સંસારમાં તું અમારો કોઇ કાળે પણ વિનાશ ન કરતો. અલબત્ત, અમે અત્યાર સુધી તને, અમારા પોતાના અગ્નિનેજ વિસારી દઇને ભારે ભૂલ કરી છે, આત્મઘાત કર્યો છે. પરંતુ હવેથી અમે એવો આત્મઘાત કદી નહિ કરીએ. હવે તો અમારે તને એકલાનેજ પ્રસન્ન કરવો છે. આખું જગત ભલે અમારી ઉપર રૂઠે, પણ તું એકલો રૂઠવો ન જોઇએ. હવે તો અમે તને કદી રૂઠવા નહિ દઇએ. હે અમારી અંદર બિરાજમાન થયેલા અમારા અંતરાત્મન્ ! જ્યાં સુધી અમારા તરફ તું '**सुमना**' હોઈશ, તું પ્રસન્ન હોઈશ, ત્યાં સુધી ભલેને આખું જગત અમારી નિંદા કરે, અમને ધિક્કારે, જે કાંઇ કરવું હોય તે કરે, તેની અમે જરા જેટલી પણ પરવા કરતા નથી. અમે તો આખી મર્ત્ય દુનિયાને પડતી મૂકીને તને એકલાનેજ પ્રસન્ન રાખીશું. કારણ કે તુંજ જે છે તે છે, અમારૂં સર્વસ્વ તુંજ છે એમાં કાંઈજ સંદેહ નથી.

શબ્દાર્થ

(**अयं**) આ (**प्रचेताः अग्निः**) ચેતન અગ્નિ (**अकविषु कविः**) આ અકવિઓમાં કવિ બનીને (**मर्त्येषु अमृतः**) આ મરનારાઓમાં અમૃત બનીને (**निधायि**) નિહિત છે, રાખેલો છે. (**सहस्वः**) હે બળ તેજ અને શક્તિવાળા ! (**सः**) તે તું (**नः**) અમને (**अत्र**) આ સંસારમાં (**मा**) કદી ના (**जुहुरः**) વિનાશતો, પણ અમે (**सदा**) સદા (**त्वे**) તારામાં (**सुमनसः**) સારાં મનવાળા, પ્રસન્નતા પ્રાપ્ત કરનારા (**स्याम**) થઇએ.

८ मार्गशीर्ष

चित्र इद्राजा राजका इदन्यके यके सरस्वती मनु ।
पर्जन्य इव ततनाद्धि वृष्टचा सहस्रमयुता ददत् ॥
(ऋ. ८-२१-१८)

વિનય

આ સંસારની અંદર જો કોઇ રાજા હોય તો તે એકલો 'ચિત્ર'દેવજ છે. અહાહા ! તે 'ચિત્ર' દેવ જે પરમપૂજનીય પરમેશ્વર છે, જે મહા અદ્ભુત છે, જે વિલક્ષણ શક્તિશાળી છે, જે જગદીશ્વર છે, જે પોતાના અનંત પ્રકારનાં ઐશ્વર્યોને આ જગતની સપાટી ઉપર લાગલાગટ વરસાવ્યાજ કરે છે, તેજ એક સંસારના સાચા અર્થમાં રાજા–રાજ્યકર્તા છે. જેની પાસે અમુક એકાદ પ્રકારનું થોડુંક ઐશ્વર્ય હોય અને જે તેટલાનુંજ દાન કરી શકતો હોય એવા લોકો જેઓ દુનિયામાં 'રાજા' અથવા 'મહારાજા'ના નામથી ઓળખાય છે, એવા સંસારના ઐશ્વર્યશાળી પુરુષોમાં પણ જે સૌથી શ્રેષ્ઠ હોય તે પણ આ 'ચિત્ર'દેવની સરખામણીમાં, જગતના એક સાર્વભૌમ રાજાની સરખામણીમાં શા હિસાબમાં છે ? તમે એટલુંજ જોઇ લ્યો કે, તેના ચારે દિશાએ વરસી રહેલા લાખો પ્રકારના અનંત ઐશ્વર્યનો કેટલો ક્ષુદ્ર અંશ આ કહેવાતા રાજાઓને પ્રાપ્ત થએલો છે ? 'ચિત્ર' પ્રભુની ઐશ્વર્યવર્ષામાંથી નીકળીને વહી જતી ચોમાસીઆ નદીના જેવી સમષ્ટિ ઐશ્વર્યની એક અલક્ષિત સરસ્વતી નદી આપણા મનુષ્યલોકમાં થઇને વહી જાય છે, તેમાંથી દુનિયાના રાજાઓ બીજાઓના કરતાં કાંઇક વધારે ઐશ્વર્ય–જળ પ્રાપ્ત કરીને 'રાજા' બની બેઠા છે. એમની પાસે જે કાંઈ ઐશ્વર્ય છે તે આટલુંજ છે. એથી વધારે તેમની પાસે કાંઇજ નથી.

ત્યારે એ રાજાઓ પેલા અનંત ઐશ્વર્યવાન, ઐશ્વર્યની વૃષ્ટિ કરીને (રાજાઓના) ઐશ્વર્યના જેવી ઐશ્વર્યની લાખો સરસ્વતી નદીઓને વહેવડાવનારની સરખામણીમાં કેવા ક્ષુદ્રાતિક્ષુદ્ર દીસે છે !

હું અત્યાર સુધી એજ વિચાર કર્યા કરતો હતો અને મનમાં પૂછયા કરતો હતો કે, મારી પાસે જે નાના પ્રકારનાં ઐશ્વર્ય છે તેનો દાતા કોણ હશે ? હું અત્યાર લગી એવુંજ માનતો હતો કે, મારી પાસે જ્ઞાન, તપ, બળ અને ધન વગેરે જે નાના પ્રકારનાં વિલક્ષણ ઐશ્વર્ય છે તેમનું દાન કરનાર તે તે ઐશ્વર્યો જેમને પ્રાપ્ત થયાં હોય એવા ધનવાન પુરુષોજ હશે. પણ જ્યારથી મને આ મહાન ઐશ્વર્યની વૃષ્ટિનો અનુભવ થયો અને તેને વરસાવનાર 'ચિત્ર' પ્રભુનું મને દર્શન થયું, ત્યારથી તો હું તે પ્રભુના આ દિવ્ય મહાદાનનાંજ સ્તુતિગીતો ગાવા લાગ્યો છું. અહો ! એ ચિત્ર'જ આ અખિલ સંસારના સાચા રાજા છે, એ 'ચિત્ર'જ આ સંસારના એકમાત્ર સાચા રાજા છે.

શબ્દાર્થ

(**चित्रः**) તે પરમપૂજનીય અને વિલક્ષણ શક્તિવાળા પરમેશ્વર (**इत्**) જ, એકમાત્ર (**राजा**) રાજા છે. (**अन्यके**) બીજા (દુનિયાના રાજાઓ) તો (**राजकाः इत्**) નાના નાના ક્ષુદ્ર રાજાઓજ છે, (**यके**) જે ક્ષુદ્ર રાજાઓ (**सरस्वतीं**) [તેણે (પરમેશ્વરે) મનુષ્યલોકમાં વહેવડાવેલી] સમષ્ટિ ઐશ્વર્યની નદી (**अनु**) દ્વારા બન્યા છે, કેમકે (**सहस्रा अयुता**) હજારો લાખો પ્રકારનાં ધનને, ઐશ્વર્યોને (**ददत्**) આપતો રહીને (**पर्जन्य इव**) મેઘની જેમ (**वृष्ट्या**) પોતાની ઐશ્વર્યવૃષ્ટિ વડે (**हि**) જ, નિશ્ચયપૂર્વક (આ દુનિયાના રાજાઓને) (**ततनत्**) ભરે છે, ઐશ્વર્યજળથી પૂર્ણ કરે છે, મોટા બનાવે છે.

९ मार्गशीर्ष

न त्वा रासीयाभिशस्तये वसो न पापत्वाय सन्त्य ।
न मे स्तोता अमतीवा न दुर्हितः स्यान्न पापया ॥
(ऋ० ८-१९-२६)

વિનય

હે જગતને વસાવનાર! હે વસુ! બીજાઓનો તમે વિનાશ કરો એવી પ્રાર્થના હું તમારી આગળ કદી કરૂંજ નહિ; અને હે સન્ત્ય! હે સંભજનીય! એ ઉપરાંત બીજા કોઇ પણ પાપ અથવા જુલમને માટે પણ હું તમારૂં સંભજન ન કરૂં, તમે કોઇને સતાવો એવી પ્રાર્થના હું તમારી આગળ કદી પણ ન કરૂં. બીજાની હિંસા થાઓ અથવા એવુંજ કાંઇ ભૂંડું થાઓ એવી ઇચ્છા રાખીને હું તમને કદી પણ હવિનું પ્રદાન ન કરૂં. હે સન્ત્ય! હે સૌને વસાવનાર! કોઈનો વિનાશ થઓ, કોઇનું ભૂંડું થાઓ એવી પ્રાર્થના તમારી આગળ કરવી, એવી મનમાં ઇચ્છા રાખવી એ કેવું વિપરીત કહેવાય? પણ અમે અજ્ઞાની લોકો ઘણીય વાર મોહવશ બનીને તમારી આગળ આવી અણઘટતી પ્રાર્થનાઓ પણ કરીએ છીએ. અમે તો એવા છીએ કે મારણ, ઉચ્ચાટન, અભિચરણ જેવાં કાર્યોમાં પણ તમારી આગળ સફળતાને માટે પ્રાર્થના કરીએ છીએ, આવાં અણછાજતાં કામોમાં પણ તમે અમને મદદ કરો એવું ઇચ્છીએ છીએ. પણ આટલા માટેજ અમે આ સંસારમાં ઠગાતા હોઈશું. અમને એવા સ્તોતા અથવા પ્રશંસકો આવી મળે છે, કે જેઓ મનથી અમારૂં ભૂંડું ઇચ્છતા હોય તો પણ ઉપર ઉપરથી અમારી સ્તુતિ કરે છે. હે અગ્નિ! હું તો એવું ઇચ્છું છું કે, કોઈ પણ મૂર્ખ માણસ

મારી સ્તુતિ કરેજ નહિ, મનમાં મારૂં ભૂંડું ઇચ્છનાર અથવા મારા ઉપર દુર્ભાવ રાખનાર કદી મારો સ્તોતા અથવા પ્રશંસક ન થાય, જેના મનમાં પાપબુદ્ધિ હોય એવો માણસ કદી પણ મારી ખુશામત ન કરે. હું કેવો છું તેની સાચી પરીક્ષા એજ છે કે કેવી જાતના લોકો મારાં વખાણ કરે છે તે જોઇ લેવું. આથી કરીને એક બાજુએ હું એવું ઇચ્છું છું કે, કમઅક્કલવાળા અને દુષ્ટ હૃદયના લોકો મારાં કદી વખાણ કરે જ નહિ ત્યારે બીજી બાજુએ હું એવું બળ અને જ્ઞાનપ્રકાશ પણ પ્રાપ્ત કરવા ઇચ્છું છું કે જેથી હું કોઈ વાર પણ તમારી આગળ હિંસા અથવા પાપયુક્ત પ્રાર્થના કરીજ ન શકું. હે પ્રભો! હું તમારી આગળ પવિત્ર જ પ્રાર્થના કરૂં અને મને પણ લોકોનાં સાચાં અને પવિત્ર વખાણજ પ્રાપ્ત થાઓ.

શબ્દાર્થ

(वसो) હે જગતને વસાવનાર! હું **(अभिशस्तये)** કોઈની હિંસા કરવાને માટે **(त्वा न रासीय)** કદી પણ તમારી સ્તુતિપ્રાર્થના ન કરૂં, તમને હવિ અર્પણ ન કરૂં અને **(सन्त्य)** હે સંભજનીય! **(पापत्वाय)** પાપયુક્ત ઇચ્છા રાખીને હું તમારી કદી પણ પ્રાર્થના ન કરૂં, તેમ તમને હવિ પણ અર્પણ ન કરૂં. અને **(अग्ने)** હે અગ્નિ! **(मे स्तोता)** મારા પ્રશંસકો કદી **(अमतीवा)** મૂર્ખ બુદ્ધિહીન લોકો **(न स्यात्)** ન હોય, **(दुर्हितः)** દુષ્ટ કામનાવાળા લોકો **(न)** ન હોય અને **(पापया)** પાપબુદ્ધિથી (યુક્ત પુરુષો પણ) **(न)** ન હોય.

१० मार्गशीर्ष

हस्ते दधानो नृम्णा विश्वानि अमे देवान्धात् गुहा निषीदन् ।
विदन्तीमत्र नरो धियन्धा, हृदा यत्तष्टान् मन्त्राँ अशंसन् ॥
(ऋ० १-६७-२)

વિનય

મંત્રોનો ભારે મહિમા છે. મંત્રોની શક્તિ પણ અદ્ભુત છે. જે કાંઇ ઇચ્છીએ તે મંત્રશક્તિવડે પ્રાપ્ત કરી શકાય છે. આપણે દરરોજ વેદમંત્રોનાં ઘણીય વાર ઉચ્ચારણ કરીએ તો છીએ છતાં આપણને તેનું કશુંજ ફળ મળતું નથી એ વાત સાચી છે. પરંતુ એમ થવાનું ખરૂં કારણ તો એ છે કે એ મંત્રો આપણાં હૃદયમાંથી નથી નીકળતા. જે ભક્તોનાં હૃદય ખૂબ ઉંડાં થઇ ગયાં હોય છે, તેઓ પોતાનાં હૃદયના છેક ઉંડામાં ઉંડા ભાગમાંથી હાર્દિક ભાવનાવડે તીક્ષ્ણ કરીને અને પોતાનાં પવિત્ર અંતઃકરણની ગંભીર સૂક્ષ્મ અને વિસ્તૃત જ્ઞાનશક્તિ વડે ખૂબ તેજોયુક્ત કરીને જ્યારે વેદના મંત્રનો ઉચ્ચાર કરે છે, ત્યારે તેમના વેદમંત્રોના ઉચ્ચારણમાંથી 'ઇક્ષણ' નામની એક દિવ્ય શક્તિ કામ કરતી થઇ જાય છે અને એ શક્તિ કરતાં વધારે ચઢીઆતી શકિત કોઇ છેજ નહિ. આથી કરીને તે નર, તે સાચા પુરુષો પોતાની અંદરથીજ જે જોઈએ તે બધુંજ પ્રાપ્ત કરી શકે છે. એવા '**ધી**'ને ધારણ કરનારા પુરુષો, જેઓ નિષ્કામ કર્મ કરતા રહીને અને સ્થિતપ્રજ્ઞ બનીને હૃદયની (આત્માની) એવી પવિત્રતા પ્રાપ્ત કરે છે કે તેઓ જે જોઇએ તે પોતાનાં હૃદયમાંથી જ મેળવી શકે છે. હૃદયની ગુફાની અંદર જે અગ્નિદેવ સંતાઇને બેસી રહ્યા છે–તમામ પ્રકારના ઐશ્વર્યોને પોતાના હાથમાં ધારણ કરીને અને તમામ દેવતા-

ઓને પણ પોતાના હાથમાં રાખીને હૃદયની અંદર ગુપચુપ બેઠા છે, તેમનેજ તેઓ પ્રાપ્ત કરે છે; અને જેને અગ્નિદેવ પ્રાપ્ત થઇ ગયા, જેની મંત્રશક્તિ વડે અગ્નિદેવજ જેના પોતાના થઇ ગયા તેવા 'નર'ને માટે સંસારનું કયું ઐશ્વર્ય, કયો દિવ્ય ગુણ અપ્રાપ્ય હોય? સંસારનાં સર્વ પ્રકારનાં ધનને, સર્વ પ્રકારનાં ઐશ્વર્યને પોતાના હાથમાં ધારણ કરીને, તમામ દેવો (દિવ્ય ગુણો) ને પોતાના જ્ઞાનમય શરણમાં રાખીને અગ્નિદેવ આપણા હૃદયની અંદર આસન માંડીને બેઠા છે છતાં પણ આપણેજ એવા છીએ કે 'મંત્રોનું ઉચ્ચારણ' કરીને આપણે તેમને પ્રાપ્ત નથી કરતા, હૃદયમાંથી મંત્રોચ્ચાર કરવાનું પણ નથી શીખતા, હૃદયના ઉંડાણમાંથી વેદમંત્રોનું ઉચ્ચારણ કરીને હૃદયની અંદર બેઠેલા અગ્નિદેવને પ્રાપ્ત નથી કરતા!

શબ્દાર્થ

અગ્નિદેવ (**विश्वानि**) સંપૂર્ણ (**नृम्णा**) ઐશ્વર્યોને (**हस्ते**) પોતાના હાથમાં (**दधानः**) ધારણ કરીને (**देवान्**) દેવોને, દિવ્ય ગુણોને (**अमे**) પોતાના ઘરમાં, પોતાના જ્ઞાનમય શરણમાં (**धात्**) ધારણ કરે છે. આ રીતે તે (**गुहा**) હૃદયની ગુફાની અંદર (**निषिदन्**) બેઠા છે, સંતાઇને બેઠેલા છે. (**अत्र**) આ હૃદયગુફાની અંદર (**ईं**) તેને (**धियन्धाः**) બુદ્ધિ અને કર્મને યોગ્ય પ્રકારે ધારણ કરનારા (**नरः**) પુરુષ (**विदन्ति**) ત્યારેજ પ્રાપ્ત કરી શકે છે કે (**यत्**) જ્યારે તેઓ (**हृदा**) પોતાના હૃદય દ્વારા, ખરા હાર્દિક ભાવ દ્વારા (**तष्टान्**) નીકળેલા, તેજોયુક્ત થઇને નીકળેલા (**मंत्रान्**) મંત્રોને (**अशंसन्**) બોલે છે, મંત્રોનું ઉચ્ચારણ કરે છે.

११ मार्गशीर्ष

वसन्त इन्नु रन्त्यो ग्रीष्म इन्नु रन्त्यः ।
वर्षाण्यनु शरदो हेमन्तः, शिशिर इन्नु रन्त्यः ॥
(साम० पू० ६-३-१३-२)

વિનય

મારા પ્રભુની સૃષ્ટિમાં તમામ ઋતુઓ રમણીયજ છે. હરેક ઋતુમાં તેની પોતાની વિશેષ રમણીયતા રહેલી છે. જેઓ પ્રભુના પ્રેમનો મહિમા નથી જાણતા તેઓજ બધો વખત હરકોઇ ઋતુમાં અસંતુષ્ટ રહે છે. ઉનાળામાં તેમને શિયાળો સાંભરે છે, અને જ્યારે શિયાળો બેસે છે ત્યારે તેઓ કહે છે કે "આ શિયાળો તો કાંઇ સારો નહિ, ઉનાળાની ઋતુ ઘણી મજેની હતી." ગરમીના દહાડામાં તેઓ બધો વખત "ક્યારે વરસાદ આવે," "ક્યારે વરસાદ આવે" એવું રટણ કર્યા કરે છે પણ જ્યારે ખરેખરૂં ચોમાસું બેસે છે ત્યારે તેઓ વરસાદથી કાયર કાયર થઇ જાય છે અને બીજી કોઈ ઋતુની ઇચ્છા રાખે છે. આ પ્રમાણે હરેક ઋતુમાં તેઓ હમેશાં બડબડતા અને ચીઢવાતાજ રહે છે. કોઇ પણ ઋતુ તેમને પસંદ આવતી નથી, સુખકર નથી લાગતી. હું પણ એક વાર એમના જેવોજ હતો; પણ જે દિવસથી પ્રભુના પ્રેમની કાંઈક પ્રસાદી મને મળી ગઇ ત્યારથી મને તો પ્રત્યેક ઋતુમાં મારા પ્રભુનીજ કોઇ ને કોઇ પ્રતિમાનું દર્શન થતું રહે છે. આથી કરીને હું તો ગરમ ઋતુમાં ગરમીનો આનંદ ભોગવું છું અને ઠંડી ઋતુમાં ઠંડીનો. વર્ષા ઋતુ બેસે છે ત્યારે વરસાદનો ખૂબ આનંદપૂર્વક ઉત્સવ ઉજવું છું અને પાનખર ઋતુ આવે છે ત્યારે તેમાં મારા પ્રભુના જુદા પ્રકારના સૌન્દર્યનું દર્શન કરૂં છું. આ રીતે હરકોઇ ઋતુમાં, બધોજ વખત હું મારા પ્રભુના દર્શનનું સુખ ચાખું છું અને હું એ પણ જોઇ શકું છું કે, દરેક ઋતુ પોતપોતાની નવી નવી અનોખી રમણીયતાની સાથે મારા પ્રભુનો નવો નવો સંદેશ વહન

કરતી મારી પાસે ચાલી આવે છે.

એજ પ્રમાણે મારા જીવનરૂપી સંવત્સરમાં પણ સર્વ પ્રકારની ઋતુઓ આવે છે અને જાય છે. કોઈ કોઇ વાર સુખ-સંપત્તિની ઘડીઓ આવી જાય છે તો કોઇ વાર દુઃખ-દારિદ્ર્યના લાંબા દોહ્યલા દહાડા આવે છે અને ચાલ્યા પણ જાય છે. કોઇ વાર અતિ કાર્ય-વ્યગ્રતાથી ભરેલો રાજસિક સમય વરસોનાં વરસ સુધી ચાલ્યોજ આવે છે તો વળી કોઇ વાર ઘણા લાંબા કાળ સુધી શિથિલતા અને દીર્ઘસૂત્રિતાના દહાડાનો પણ વારો આવે છે. પણ હું તો એ બધાનો રસાસ્વાદ લઉં છું. એ બધામાંથી હું તો આનંદનુંજ શોષણ કરૂં છું. એ બધાજ પ્રકારના રસ પોતપોતાના યોગ્ય સમયે ચાલ્યા આવતા હોવાથી મને ઘણાજ પ્રિય લાગે છે. આ રીતે હું મારા બાળપણરૂપી વસંત ઋતુમાં ખૂબ રમ્યો હતો, નવયૌવનની ગ્રીષ્મ ઋતુના જુસ્સાભર્યા દહાડા અને પ્રૌઢતારૂપી વરસાદની ઋતુના પ્રેમપૂર્ણ દિવસોનો આનંદ મને યાદ છે. અત્યારે સાર્વજનિક જીવનની શરદ્ અને હેમન્ત ઋતુઓનો લહાવો લઈ રહ્યો છું અને વૃદ્ધાવસ્થારૂપી શિયાળાની ઋતુ પોતાની પરિપકવતા, અનુભવપૂર્ણતાના સફેદ વાઘા સજીને મારી વાટ જોઇ રહી છે તેને પણ હું આઘેથી જોઇ શકું છું. પ્રભુની વસન્ત ઋતુ તો રમણીય છેજ એમાં તો કશો સંદેહ નથી; પણ તેમનો પ્રેરેલો ઉનાળો પણ રમણીય છે, તેમની મોકલેલી વર્ષા ઋતુ પણ રમણીય છે અને તેની પાછળ પાછળ ચાલી આવતી શરદ્, હેમન્ત અને શિશિર ઋતુઓ પણ તેટલીજ રમણીય છે.

શબ્દાર્થ

(वसन्तः) વસંત ઋતુ **(इत् नु)** નિશ્ચયપૂર્વક **(रन्त्यः)** રમણીય છે અને **(ग्रीष्मः)** ઉનાળાની ઋતુ પણ **(इत् नु)** નિશ્ચયપૂર્વક **(रन्त्यः)** રમણીય છે. **(वर्षाणि)** વર્ષાના દિવસ, **(अनु शरदः)** તેની પાછળ આવનારી શરદ્ ઋતુના દિવસ **(हेमन्तः)** અને હેમન્ત ઋતુ તથા **(शिशिरः)** પાનખર ઋતુ પણ **(इत् नु)** નિઃસંદેહ **(रन्त्यः)** રમણીય છે.

१२ मार्गशीर्ष

इमे हि ते ब्रह्मकृतः सुते सचा मधौ न मक्ष आसते ।
इन्द्रे कामं जरितारो वसूयवो रथो न पादमा दधुः ॥
(ऋ. ७-३२-२ । सा. उ. ८-२-६-२)

વિનય

હે ઇન્દ્ર ! હમેશાં તારા જ્ઞાનનું નિષ્પાદન કરનારા, તારે સારૂ બ્રહ્મયજ્ઞ કરનારા તારા ભકતજનો ઠામ ઠામથી તારા જ્ઞાનનો, તારા પ્રેમની એંધાણીઓનો સદા સંગ્રહ કરતાજ રહે છે. જેમ "मधुकृत्" મધમાખીઓને જ્યાંજ્યાં પણ મધની ભાળ મળે છે ત્યાં ત્યાં દોડી જાય છે અને એ રીતે જ્યાંથી મધ મળી આવે ત્યાંત્યાંથી મધ એકઠું કરતી રહે છે. એજ પ્રમાણે 'ब्रह्मकृत्' લોકો જ્યાં જ્યાં વિકસિત થએલું જ્ઞાનપુષ્પ દેખે છે, જ્યાં જ્યાંથી તેમને તારા ગુણોની ખુશબો આવે છે ત્યાં ત્યાં તેઓ જઈ પહોંચે છે; અને તેમાં સમવેત થઇને–તલ્લીન બની જઇને તારા ભક્તિરસનું આસ્વાદન કરે છે, અને તેનું સંગ્રહણ પણ કરે છે. જ્યાં જ્યાં બ્રહ્મચર્ચા થતી હોય, જ્યાં જ્યાં હરિકીર્તન કરનારી મંડળીઓ એકત્ર થતી હોય, જ્યાં જ્યાં શુભ યજ્ઞો થતા હોય, ત્યાં ત્યાંથી તેઓ તારા મધનું, તારા જ્ઞાનનું શોષણ કરે છે. અરે ! એકેએક સદ્ગ્રન્થનાં પૃષ્ઠમાંથી અથવા જીવને સચેતન કરી દે એવી પ્રત્યેક સાંસારિક ઘટનામાંથી અથવા જ્યાં જ્યાં તારે સારૂ " સોમરસ અભિષુત " થતો હોય, સોમરસ—જ્ઞાનરસ—નીચોવાતો હોય ત્યાં ત્યાં તેઓ જઈ પહોંચે છે અને છાનામાના મધને, સોમરસને અથવા જ્ઞાનામૃતને ચૂસવા મંડી જાય છે. આમ કરતાં કરતાં તેઓ જ્ઞાનધની ભક્તશિરોમણિ બની જઇને સમસ્ત સંસારને માટે ભક્તિપૂર્ણ જ્ઞાનની લહાણી કરે છે, આ જગતનાં તરસ્યાં

માનવીઓને જ્ઞાનામૃત પાવાની પરબ માંડીને બેસે છે.

આ ભક્તોમાં આવું સામર્થ્ય પ્રકટી નીકળવાનું એક કારણ એ છે કે, તેઓ દુનિયાદારીની કામનાઓથી પીડાતા નથી હોતા. તેઓ નિષ્કામ બની ગયા હોય છે. તેમણે તેમની તમામ કામનાઓ ઇન્દ્ર પ્રભુના ચરણ આગળ ઠાલવી દીધી છે, તેમનેજ સમર્પિત કરી દીધી છે. જેમ રથ ઉપર પગ રાખનારને અથવા રથમાં બેસનારને પોતાને ઇષ્ટ સ્થાન તરફ જવાને કશો પ્રયત્ન કરવો નથી પડતો, પોતાના પ્રયત્ન વડે અંતર કાપવું નથી પડતું, પણ રથજ તેમને જ્યાં જવું હોય ત્યાં લઈ જાય છે, તેમ તારા સ્તોતાઓ, તારા ભક્તજનો પોતાની તમામ કામનાઓને તને પરમેશ્વરને સમર્પિત કરીને નિશ્ચિન્ત બની જાય છે. તેમને વિશ્વાસ છે કે, તું સર્વશક્તિમાન અને સર્વજ્ઞ પ્રભુ છે, તુંજ તારી મેળે વગર કહ્યે તેમની તમામ શુભ કામનાઓને બરાબર પૂર્ણ કરી દઇશ, તું પોતેજ તેમને તેમનાં અભીષ્ટ ફળ પ્રાપ્ત કરાવી દઇશ. અહો! આવા ઇન્દ્રરૂપી રથનો આશ્રય ગ્રહણ કરીને આપણી કામનાઓ રૂપી પગને સંકોડીને રથની અંદર બેસી ગયા પછી કોઇ તૃષ્ણા આપણને નહિ સતાવે, કોઇ વ્યાકુળતા આપણને વ્યગ્ર નહિ કરે, કોઇ પણ પ્રકારની ચિન્તાનો ચણચણાટ નહિ થાય અને કોઈ પણ જાતની માથાફૂટ અને લોહીઉકાળો કરવાનો વખતજ નહિ આવે.

શબ્દાર્થ

(मधौ न) જેમ મધ ઉપર **(मक्षः)** મધમાખીઓ **(आसते)** બેસે છે તેમ **(इमे)** આ **(ते)** તારા **(ब्रह्मकृतः)** જ્ઞાન નિષ્પાદન કરનારા ભક્તજનો **(हि)** નિશ્ચયપૂર્વક **(सुते)** જ્યાં જ્યાં સોમરસ નીચોવાતો હોય, જ્ઞાનતું નિષ્પાદન થતું હોય ત્યાં **(सचा)** એકત્ર થઇને, તન્મય બનીને બેસી જાય છે. અને જે **(वसूयवः)** વસુ અને અભીષ્ટ ફળને ઇચ્છનારા **(जरितारः)** તારા સ્તોતા, તારા ભક્તો **(इन्द्रे)** પરમેશ્વરમાં **(कामं)** પોતાની ઇચ્છાઓને, તમામ કામનાઓને **(आदधुः)** સમર્પિત કરી દે છે, **(रथे न)** જાણે રથમાં **(पादं)** પગ મૂકી દીધા હોય તેમ. (અથવા બેસી ગયા હોય તેમ.)

१३ मार्गशीर्ष

महि महे तवसे दीध्ये नॄन् इन्द्रायेत्था तवसे अतव्यान् ।
यो अस्मै सुमति वाजसातौ स्तुतो जने समर्यश्चिकेत ॥
(ऋ. ५-३३-१)

વિનય

જીવનનો સંગ્રામ અત્યંત વિકટ છે; અને હું છું અત્યંત ક્ષુદ્ર અને અત્યંત નિર્બળ. પરંતુ હે ઈન્દ્ર! તમે તો મહાન છો, બળવાન છો, સર્વ શક્તિઓના ધામ છો. તમારી શક્તિનો આશ્રય પામીને હું ગમે તેવો નિર્બળ છું તો પણ મહાબળવાન બની શકું છું. આટલા વાસ્તે આજે હું "**अतव्यान्**" છું તો પણ મહાન બળને પ્રાપ્ત કરવાના ઇરાદાથી એક મહત્ત્વપૂર્ણ "આરંભ" કરવા માંડું છું. તારૂં ધ્યાન કરીને મારામાં સૂતી પડેલી શક્તિઓને હું જાગૃત કરૂં છું, મારામાં છુપાઇ રહેલી "નર" શક્તિઓને, નેતૃત્વની શક્તિઓને જગાડું છું, ધ્યાન દ્વારા મારા પૌરુષોને પ્રદીપ્ત કરૂં છું, હું મારી જાતને પ્રકાશિત કરૂં છું. આ રીતે હું મહાબળને પ્રાપ્ત કરીશ, તેને મારામાં ધારણ કરીશ અને તેની મદદથી હું મારી વિજયયાત્રા પૂરી કરીશ, સફળ કરીશ. પરંતુ હે ઇન્દ્ર! આ બધું મને તારૂં અવલંબન મળશે ત્યારેજ બની શકશે. તુંજ '**समर्य**' છે, આ સંસારના રણસંગ્રામમાં વિજય અપાવનાર તુંજ છે. જે શ્રેષ્ઠ બુદ્ધિ વડે આ દારુણ જીવન-સંગ્રામમાં ફતેહ મેળવી શકાય છે તે તારી એકલાનીજ પાસે છે અને તેનું દાન પણ તુંજ કરી શકે છે. હું એ પણ જાણું છું કે, જો હું ભક્તિ વડે તને અભિમુખ કરીશ, તારૂં મુખ મારા તરફ ફેરવાવીશ તો તું મને નિત્ય સુમતિ આપતો રહીશ અને મારો માર્ગદર્શક બની જઇશ. માટે તમે આ દીન

કંગાલના ઉપર પણ કૃપા કરો. તમારું નામ લઈને, તમારે માટે હું આજે આવા મહાન કાર્યનો આરંભ કરૂં છું, મહાન બળ પ્રાપ્ત કરવાને માટે મારા પૌરુષોને પ્રદીપ્ત કરવાના મહાન કાર્યનો પ્રારંભ કરૂં છું.

શબ્દાર્થ

(मंहि) મહત્ત્વની સાથે **(महे तवसे)** મહાન બળને માટે હું **(नून्)** મારી નર-શક્તિઓને, પૌરુષોને પ્રદીપ્ત કરૂં છું, ધ્યાન દ્વારા પ્રદીપ્ત કરૂં છું; **(इत्था)** આ રીતે (**तवसे इन्द्राय**) બળસ્વરૂપ ઇન્દ્રને [પામવાને] માટે **(अतव्यान्)** હું નિર્બળ [મારી નૃશક્તિઓને પ્રદીપ્ત કરૂં છું] **(यः)** કે જેમને ઇન્દ્ર (**स्तुतः**) ભક્તિ વડે અભિમુખ બનેલો **(समर्यः)** સંગ્રામ કરાવનાર, સંગ્રામમાં હિતકારક **(अस्मै जने)** આ નિર્બળ જનને માટે **(वाजसातौ)** જીવનસંગ્રામમાં **(सुमतिं)** ઉત્તમ મતિને **(चिकेत)** જાણે છે.

१४ मार्गशीर्ष

स इत्तन्तुं स वि जानात्योतुं स वक्त्वान्यृतुथा वदाति ।
य ई चिकेतदमृतस्य गोपा अवश्चरन् परो अन्येन पश्यन् ॥
(ऋ० ६-९-३)

વિનય

આ સંસારરૂપી વસ્ત્ર જે વણાતું જાય છે તેનો તાણો શો છે અને વાણો શો છે તેની તો મને ખબરજ નથી. વળી કોઈ વાર વણતાં વણતાં તેનો દોરો તૂટી જાય છે ત્યારે તેને પાછો સાંધી લેનારો કોણ છે? વૈશ્વાનર અગ્નિ તો એ બધું જાણે છેજ. આ સંસારરૂપી વસ્ત્રને માટે તાણો પૂરવાનું અને તાણામાં વાણો ભરવાનું તેને એકલાનેજ આવડે છે. તે અગ્નિ '**ऋक्**' (જ્ઞાન)ના તાણાની અંદર '**यजु**' (કર્મ)નો વાણો નાખતો જાય છે અને એ રીતે આ મહા યજ્ઞરૂપી

વસ્ત્રને નિરંતર વણતોજ જાય છે. વળી જ્યારે વણતાં વણતાં કોઇ કોઈ વાર કોઇ જ્ઞાનતંતુ તૂટી જાય છે ત્યારે નવું જ્ઞાન આપીને, જે કહેવું ઘટે તે કહીને તેને પાછો સાંધી દે છે.

એ વૈશ્વાનર અગ્નિ છે કોણ? એ તો તેજ અગ્નિ છે, કે જે આખા વિશ્વ–શરીરનો અગ્નિ છે, જે અસંખ્ય વ્યષ્ટિ (વ્યક્તિગત) અગ્નિઓનો સમન્વય કરીને એક સમષ્ટિ (સામુદાયિક) અગ્નિ ઉભો કરી દે છે, વિશ્વની બધી અગ્નિજવાળાઓની એક વિરાટ અગ્નિજવાળા બનાવી દે છે. આથી કરીને વ્યક્તિઓ મરે, વ્યષ્ટિ અગ્નિઓ હોલવાઇ જાય તોપણ તે અમર રહે છે, તે અમૃતત્વનો રક્ષક છે માટે તેને “**अमृतस्य गोपा**” કહ્યો છે. આ અગ્નિ આ સમસ્ત સંસારને જ્ઞાન, ચૈતન્ય તેમજ સ્ફુર્તિ આપી રહ્યો છે. તે એવો છે કે જ્યારે તે નીચે પૃથ્વી ઉપર વ્યષ્ટિરૂપે પગની આકૃતિ ધારણ કરીને વિચરે છે ત્યારે તે પોતાના સમષ્ટિરૂપે ઉપરના દ્યુલોકમાં નેત્ર બની જઇને બધાનું અવલોકન કરે છે. મારા ભાઇઓ! તમે હવે એ ‘વૈશ્વાનર અગ્નિ’ને બરાબર ઓળખી લીધો? એ તો તેજ અગ્નિ છે, કે જેમાં અથવા જેના વડે આ સંસારરૂપી મહાન્ યજ્ઞ થઇ રહ્યો છે.

શબ્દાર્થ

(**सः**) તે વૈશ્વાનર અગ્નિ (**इत्**)જ, નિશ્ચયપૂર્વક (**तन्तुं**) તાણો પૂરવાનું (**सः**) તેજ (**ओतुं**) વાણો ભરવાનું (**विजानाति**) જાણે છે, (**सः**) તે (**ऋतुथा**) વખતોવખત (**वक्त्वानि**) વકતવ્ય જ્ઞાનોને પણ (**वदाति**) બોલે છે, પ્રકાશિત કરે છે. (**यः**) જે [વૈશ્વાનર અગ્નિ] (**अमृतस्य गोपाः**) અમૃતત્વનો રક્ષક છે (**अवः**) અહીં, નીચે (**चरन्**) ચાલતો રહીને અને (**परः**) ત્યાં, ઉપર (**अन्येन**) પોતાના બીજા રૂપ વડે (**पश्यन्**) જોતો રહીને (**ईं**) આ સંસારને (**चिकेतत्**) જાણે છે, તેમાં જ્ઞાનચૈતન્ય રેડયા કરે છે.

१५ मार्गशीर्ष

आ संयतमिन्द्र णः स्वस्तिं शत्रुतूर्याय वृहतीममृध्राम् ।
यया दासान्यार्याणि वृत्रा करो वज्रिन्त्सुतुका नाहुषाणि ॥
(ऋ. ६-२२-१०)

વિનય

હે ઇંદ્ર! તમે શત્રુઓનો પૂરેપુરો વિનાશ કરો એવા છો. તમે શત્રુનો એવો આબાદ અને સામટો વિનાશ કરો છો કે તેનું તમામ શત્રુત્વ, તેની બધી દુષ્ટતા વિનષ્ટ થઇ જાય છે અને તે છતાં તે માણસનો તેમજ તેનામાં જે જે સારા ગુણો હોય તેનો જરા પણ વિનાશ થતો નથી, પણ ઉલટો તે માણસ હતો તે કરતાં વધારે શ્રેષ્ઠ બની જાય છે. તમે 'દાસ' જાતિના શત્રુઓને પણ આર્ય બનાવી દઇને તેમનામાં રહેલા શત્રુપણાનો નાશ કરો છો અને મનુષ્યજાતિના શત્રુઓને પણ ઉત્તમ આચરણવાળા માણસ બનાવીને તેમનામાં જે શત્રુત્વ હતું તેને નિર્મૂળ કરી દો છો. તમે આ કાર્ય તમારી જે **'સ્વસ્તિ'** વડે, જે સ્વસ્થતા વડે, જે નિર્વિકારતા વડે અને જે કલ્યાણમય અવસ્થા વડે સિદ્ધ કરો છો તેનું અમને પણ દાન કરો. તેના વડે અમે પણ અમારા શત્રુઓનો સાચા અર્થમાં વિનાશ કરી શકીએ. એટલા માટે અમને પણ તમારી સ્વસ્તિની, તમારી નિર્વિકારતાની પ્રાપ્તિ કરાવી દો. અમારામાં તમારા જેવો સંયમ નથી, તમારી મહત્તા નથી, તમારી અહિંસા નથી અને તેથી કરીને તમારી તે સ્વસ્તિ અમને પ્રાપ્ત થતી નથી એ વાત ખરી છે, પણ એ બધા ગુણો અમને તમારા સિવાય બીજો કોણ આપનાર છે? હે ઇંદ્ર! જે મહાન્ અહિંસા અને સંયમયુક્ત સ્વસ્તિ-શક્તિના પ્રયોગ વડે મનુષ્યત્વથી નીચે ઉતરી પડેલા, જગતને હાનિ પહોંચાડનારા 'દાસ'

લોકો પણ આર્ય મનુષ્ય બની શકે છે અને મનુષ્યોમાં પણ જેઓ 'વૃત્ર' છે, તારા શત્રુઓ છે, તેઓ પણ ઉત્તમ ગમન અને ઉત્તમ આચરણવાળા, સુંદર વૃદ્ધિ કરનારા તારા સુપુત્રો બની જાય છે, તારા શત્રુ મટી જાય છે. તે શક્તિ તમે અમારામાં ભરી દો, અમને તેનાથી પરિપૂર્ણ કરી દો. હે વજ્રવાળા ! હે પાપોનું વર્જન કરાવનાર ! અમે પણ તારી માફકજ શત્રુઓનો યોગ્ય રીતે વિનાશ કરવાને શક્તિવાન થવા ઇચ્છીએ છીએ. એનાથી અવળી રીતે, અસંયમ વડે, હિંસાની પદ્ધતિ વડે શત્રુનો વિનાશ કરવાને માટે અમે ઘણાં ફાંફાં માર્યાં. હવે અમે હારી બેઠા છીએ. યત્ન કરતાં કરતાં થાકી ગયા છીએ. એટલા માટે હે ઈન્દ્ર ! હવે તો તમે તમારા સંયમનું, તમારી મહત્તાનું, તમારી અહિંસાશક્તિનું અમને દાન કરો, અને વળી તમારી સ્વસ્તિનું અને તમારી નિર્વિકારતાનું દાન કરો, કે જે સાધન વડે મનુષ્ય કોઇની પણ હિંસા કર્યા વગર સૌની ઉન્નતિજ કરતો રહે અને એ રીતે આખા સંસારમાં તે પૂરેપુરો શત્રુરહિત થઇ જાય.

શબ્દાર્થ

(इन्द्र) હે ઇન્દ્ર ! **(शत्रुतूर्याय)** શત્રુઓનો વિનાશ કરવાને માટે **(नः)** અમને તે **(वृहतीं)** મહાન્ **(अमृध्रां)** હિંસા રહિત, અહિંસક **(संयतं)** સંયમવાળી **(स्वस्तिं)** સ્વસ્થતા, નિર્વિકારતાની અવસ્થા, કલ્યાણમયતાને **(आ [भर])** બધી બાજુએથી પ્રાપ્ત કરાવી દો; **(यया)** જે (સ્વસ્તિ) દ્વારા તમે **(दासानि वृत्रा)** દાસ જાતિના શત્રુઓને **(आर्याणि)** આર્યો **(करः)** કરી દો છો અને **(वज्रिन्)** હે વજ્રવાળા! **(नाहुषाणि [वृत्रा])** મનુષ્યજાતિના શત્રુઓને **(सुतुका)** ઉત્તમ ગમન અને વૃદ્ધિવાળા અથવા સુપુત્રો બનાવી દો છો.

१६ मार्गशीर्ष

विश्वेषामदितिर्यज्ञियानां विश्वेषामतिथिर्मानुषाणाम् ।
अग्निर्देवानामव आवृणानः सुमृडीको भवतु जातवेदाः ॥
(ऋ. ४-१-२० । यजु. ३३-१६)

વિનય

આપણે જે જે દેવોનું યજન કરીએ છીએ અને તેના બદલામાં તે દેવો આપણને મનુષ્યોને ઈષ્ટ ફળ આપે છે, એ બધું કેવી રીતે બને છે તેની તમને ખબર છે કે? આપણે મનુષ્યો દેવોની સાથે જે યજ્ઞિય સંબંધથી જોડાઇ ગએલા છીએ તે સંબંધને જોડનાર કોણ છે તે તમે જાણો છો? તે અગ્નિ છે, તે **'जातवेदा'** છે. એટલા માટે તો તે અગ્નિદેવ એક રીતે તમામ દેવોના 'અદિતિ' છે; ત્યારે તે બીજી રીતે આપણા મનુષ્યમાત્રના અતિથિ છે. તે અગ્નિદેવ સૌ યજ્ઞિયોના, સૌ યજનીઓના, સૌ દેવોના અખંડિત નિવાસસ્થાન છે, તે સર્વની માતા છે; તેની સાથે સાથે તે આપણા મનુષ્યોના ઉપકારાર્થે પોતેજ યજનીય, પૂજનીય અતિથિ બનીને આપણી પાસે આવી ઉભા છે. આવા અતિથિ બનીને તે આપણા હોમેલા હવિને ગ્રહણ કરે છે અને પછી અદિતિરૂપે તે હવિને દેવો સુધી પહોંચાડી દે છે. તેના બદલામાં આપણે સારૂ દેવો જે **'अवः'** રક્ષા, તૃપ્તિ ઇત્યાદિ મોકલે છે તેનો પણ અગ્નિદેવ સ્વીકાર કરે છે અને તેના વડે **'जातवेदा'** થઇને આપણને મનુષ્યોને અભીષ્ટ સુખ પહોંચાડે છે. આ વખતે એમનું નામ **'जातवेदा'** એટલા માટે રાખ્યું છે કે, દેવોએ આપણા હવિના બદલામાં આપેલું **'वेदस्'** અર્થાત્ અભીષ્ટ ઐશ્વર્ય તેમનામાં (અગ્નિદેવમાં) આજ ટાંકણે ઉત્પન્ન થઇ ચૂકયું હોય

છે. આપણને જે પ્રક્રિયા વડે યજનના બદલામાં અભીષ્ટ ફળ, સુખ-શાન્તિ, સમૃદ્ધિ વગેરે મળે છે, તે આજ પ્રક્રિયા છે. જેમના દ્વારા આપણે "દેવોને ભાવિત કરીએ છીએ અને દેવો આપણને ભાવિત કરે છે અને એ પ્રમાણે આપણે પરસ્પર ભાવિત કરતા કરતા આપણે પરમ કલ્યાણ તરફ ગતિ કરતા જોઇએ છીએ" તે પણ આ અગ્નિદેવજ છે. જુઓ, જુઓ, આ બધો અગ્નિદેવનો મહિમા છે. ઉપનિષદોમાં એમના મહિમાને પ્રાણાગ્નિ વગેરે નામોની હેઠળ ખૂબ વખાણ્યો છે. એમનો મહિમા તો એવો અદ્ભુત છે કે એનાં જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં.

હે પરમેશ્વર! હે અગ્નિઓના અગ્નિ! તમે અમારા ઉપર એવી કૃપા કરો, કે જેના વડે આવા મહિમાવાન અગ્નિદેવ અમે યજનશીલ પુરુષોને માટે હમેશાં ઉત્તમ પ્રકારનાં સુખ દેનારા નીવડે અને અમને સર્વદા શ્રેષ્ઠ સુખોજ આપતા રહે.

શબ્દાર્થ

અગ્નિદેવ **(विश्वेषां)** સૌ **(यज्ञियानां)** યજનીયોના, દેવોના **(अदितिः)** અખંડિત નિવાસસ્થાન છે, અથવા તેમની માતા છે અને **(विश्वेषां)** સૌ **(मानुषाणां)** મનુષ્યોના **(अतिथिः)** અતિથિ છે, ઘરમાં આવેલા મહેમાન છે. **(अग्निः)** તે અગ્નિદેવ **(देवानां)** દેવોના **(अवः)** રક્ષણ, તૃપ્તિ આદિ ફળને **(आवृणानः)** ગ્રહણ કરતા રહીને **(जातवेदाः)** અને અભીષ્ટ ઐશ્વર્યોથી યુક્ત થતા રહીને (અમારે સારૂ સર્વદા) **(सुमृडीकः)** ઉત્તમ પ્રકારનાં સુખ દેનારા **(भवतु)** થાઓ.

१७ मार्गशीर्ष

ये रूपाणि प्रतिमुंचमाना असुराः सन्तः स्वधया चरन्ति ।
परापुरो निपुरो ये भरन्ति, अग्निष्टाँल्लोकात्प्रणुदात्यस्मात् ।।
(यजु० २-३०)

વિનય

હે જગદીશ્વર ! આ અસુરોને તમે અહીંથી હાંકી કાઢો. જે છુપા અસુરો છે તેમને તો મારીને કાઢીજ મૂકો. આ લોક, આ સ્થાન તો દેવોને વસવાનું સ્થાન છે. આ મારા અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવ, એ ત્રણે લોકમાં દેવભાવ, દેવમનુષ્ય અને દૈવી શક્તિઓજ રહેવી જોઇએ. પણ હે અગ્નિ ! અહીં તો આસુરી ભાવ, આસુરી લોકો અને આસુરી શક્તિઓ અંદર ઘૂસી ગઇ છે. એ અસુરો તેમના ઉઘાડા રૂપમાં તો અહીં નથી આવી શકતા. તેથી કરીને તેઓ તેમનાં અજ્ઞાન, અધર્મ અને અનૈશ્વર્યનાં મૂળ સ્વરૂપોને સંતાડી દઇને જ્ઞાન, ધર્મ અને ઐશ્વર્યનાં જૂઠાં રૂપ ધારણ કરીને અહીં ચાલ્યા આવે છે. પોતાના મૂળ દુર્ભાવોને અંદર ને અંદર દબાવી રાખીને જાણે પોતે ઉંચા પ્રકારના સદ્ભાવોથી પ્રેરાયા હોય એવો દેખાવ કરે છે. પોતાના સ્વાર્થપૂર્ણ અભિપ્રાયોને ઉચ્ચ સિદ્ધાન્તોમાં લપેટીને લોકોની આગળ રજૂ કરે છે. તેથી કરીને લોકો તેમને 'દેવ' માની લે છે. આમ થવાથી તેઓ જાતે અસુર હોવા છતાં અહીંની 'સ્વધા'ને પ્રાપ્ત કરે છે, અહીંનાં અન્ન, રસ અને સ્થૂલ પાર્થિવ શક્તિઓથી યુક્ત થઇને બધે વિચરે છે. પરંતુ તે છતાં તેઓ અંદરથી તો તદ્દન અસુરજ હોય છે અને અસુરના જેવા કદ્રૂપા તથા ભૂંડા હોય છે. યજ્ઞનો, શ્રેષ્ઠ પ્રકારના સંગઠનનો ધ્વંસ કરવો એજ તેમનું કામ હોય છે. તેઓ 'અસુઓ' (પ્રાણો)માંજ રમણ કરનારા

ઇન્દ્રિયોના ભોગવિલાસમાંજ રત રહે છે. આથી કરીને તે સ્વાર્થીઓ પોતાનાજ પેટની પૂજા કરવામાં રચ્યાપચ્યા રહે છે. તેઓ '**परापुर**' અને '**निपुर**' હોય છે. ધર્મથી અત્યંત દૂર ચાલ્યા જાય છે, અથવા તો ધર્મથી તદ્દન વિમુખ બની જઇને પોતાનું પેટ શાથી ભરાય તેજ શોધતા ફરે છે. વળી ધર્મથી નીચે ઉતરી પડીને છેક અધમ ઉપાયો વડે પરંતુ પોતાનું પેટ ભરવા ચૂકતા નથી. અધર્મ અને અન્યાય દ્વારા બીજાઓને ચૂસાય તેટલા ચૂસીને પોતાનો સ્વાર્થ સાધી લે છે, પણ આટલું બધું કર્યા છતાંય પોતે ઉપર ઉપરથી ધાર્મિકપણાનો એવો આબાદ ડોળ કરે છે કે, જાણે તેઓ સાચા ધાર્મિક હોય એવા દેખાય છે. આ રીતે તે અસુર લોકો આ જગતમાં ધન, સુખ તથા યશ પામીને મનમાની મોજ ઉડાવતા ફરે છે. આટલા માટે હે અગ્નિ! આ છુપા અસુરો, જેઓ પ્રકટ અસુરોના કરતાં વધારે ભયંકર છે, તેમને આ પવિત્ર લોકમાંથી કાઢી મૂકો. ખરેખર, તારી સંતાપક શક્તિની આગળ તેમનાથી ટકીને ઉભા તો નહિજ રહેવાય. માટે તમે તે અસુરોને હવે અહીંથી બહાર કાઢી મૂકો અને આ સ્થાનને, આ સમાજને, આ પવિત્ર સંગઠનને અસુરોથી રહિત કરી દો.

શબ્દાર્થ

(ये) જે **(रूपाणि प्रतिमुंचमानाः)** [પોતાનાં રૂપોને સંતાડી રાખીને] રોચક રૂપોમાં પ્રકટ થાય છે **(असुराः सन्तः)** અને પોતે અસુર રાક્ષસ હોવા છતાં **(स्वधया)** અન્ન વડે, રસ વડે, સ્થૂળ પાર્થિવ શકિત વડે [યુક્ત થઇને આ લોકમાં] **(चरन्ति)** વિચરે છે અને **(ये)** જે **(परापुरः)** ધર્મથી દૂર જઇને પોતાની જાતને સંતોખે છે અને **(निपुरः)** અવનત થઇને નીચ ઉપાયો વડે પણ પોતાનું પેટ ભરે છે; **(भरन्ति)** આ રીતે પોતાની જાતને સંતોખતા અને બીજાઓને ચૂસતા ફરે છે. **(तान्)** તે [છુપા અસુરો]ને **(अग्निः)** તેજોમય સંતાપક અગ્નિ **(अस्मात् लोकात्)** આ લોકમાંથી **(प्रणुदाति)** દૂર કરે, કાઢી મૂકે.

१८ मार्गशीर्ष

ईशे ह्यग्निरमृतस्य भूरेः, ईशे रायः सुवीर्यस्य दातोः ।
मा त्वा वयं सहसावन्नवीरा माप्सवः परिषदाम मा दुवः ॥
(ऋ० ७-४-६)

વિનય

હે અગ્નિ ! અમે ઘણી વાર તમારી નિષ્ફળ ઉપાસના કરીએ છીએ. તમે તો સર્વશક્તિમાન છો. અમને બધુંજ આપી શકો તેમ છો. અમને ભરચક અમૃત, નાના પ્રકારનાં આધ્યાત્મિક ઐશ્વર્ય, એ બધુંજ આપી દેવાને સમર્થ છો. સુવીરતા આદિ તમામ જાતનાં ભૌતિક ધન આપવામાં પણ સમર્થ છો, પણ અમેજ એવા છીએ કે તમારી આરાધના કરવાની યોગ્યતા ગુમાવી બેઠા છીએ. આથી તમે સર્વદાતા હોવા છતાં તમારી પાસેથી અમે કાંઇજ પ્રાપ્ત કરી શકતા નથી. અમે તે કાંઇ થોડા મૂર્ખ છીએ કે અમે નિર્વીર્ય બનીને, વિકારયુકત થઇને, સેવારહિત થઇને તમારું ભજન કરવાની ઇચ્છા રાખીએ છીએ ! હે સહસાવન્ ! અમે નામર્દ કાયર લોકો શું ધૂળ તમારી ઉપાસના કરવાના હતા ? અમારાં હૃદય તો વિકારયુકત અને મલિન છે. એવાં હૃદય લઇને અમે શી રીતે તમારી ઉપાસના કરવાના હતા ? અને અમને સેવારહિત સ્વાર્થી લોકોને તમારી ઉપાસનાથી લાભ પણ શો થવાનો હતો ? માટે આજથી અમે નિશ્ચય કર્યો છે કે, અમે વીર્યહીન, વિકૃત અને સેવાવિમુખ બનીને કદી પણ તમારી ઉપાસના નહિ કરીએ. અમે અમારી તમામ નિર્બળતાઓને હાંકી કાઢીને પહેલાં તો નિર્ભય વીર બની જઇશું અને એવા વીર બનીને તમારા સાચા ઉપાસક થઇશું. કામ–ક્રોધાદિ તમામ મલિનતાઓને ધોઇ નાખીને

શુદ્ધ સ્વરૂપ બનીને તમારી આરાધના કરવા બેસીશું અને રાત–દિવસ સેવા કર્યા કરતા રહીને પણ સવાર–સાંજ તમારૂં ભજન કરવા ચૂકીશું નહિ. આટલું કરીશું ત્યારેજ તમારી ઉપાસના કરવા–અર્થાત્ તમારી પાસે બેસવા અમે યોગ્ય થઇશું, ત્યારેજ તમારૂં ભજન કરવાને અધિકારી ઠરીશું. એવા થઇશું ત્યારે ઉપાસના દ્વારા તમારી પાસેથી અમૃતત્વ અને બીજાં આધ્યાત્મિક ઐશ્વર્યો, વીરતા આદિ સદ્ગુણો અને બીજાં ભૌતિક ઐશ્વર્યને પણ પ્રાપ્ત કરી શકીશું.

શબ્દાર્થ

(अग्निः) પરમેશ્વર **(हि)** નિશ્ચયપૂર્વક **(भूरेः)** ઘણી જાતનાં **(अमृतस्य)** અમરપણાનું, આધ્યાત્મિક ઐશ્વર્યોનું **(दातोः)** દાન કરવામાં **(ईशे)** સમર્થ છે અને **(सुवीर्यस्य)** સુંદર વીરતા સહિત **(रायः)** ધન અને ભૌતિક ઐશ્વર્યને આપવામાં **(ईशे)** સમર્થ છે. પરંતુ **(सहसावन्)** હે સર્વશક્તિમાન ! હે બળવાન ! **(वयं)** અમે **(त्वा)** તમને **(अवीराः)** વીરતા રહિત, કાયર થઇને **(मा)** ન **(परिसदाम)** ભજીએ, **(अप्सवः)** કુરૂપ, વિકૃત થઇને **(मा)** ઉપાસના ન કરીએ અને **(अदुवः)** અસેવક થઇને **(मा)**ઉપાસના ન કરીએ.

१९ मार्गशीर्ष

त्वे असुर्यं वसवो नृण्वन् क्रतुं हि ते मित्रमहो जुषन्त ।
त्वं दस्यूँ रोकसो अग्न आज उरु ज्योतिर्जनयन्नार्याय ॥
(ऋ. ७-५-६)

વિનય

હે અગ્નિ ! તારો આશ્રય લઇને આ પૃથિવી આદિ વસુઓ પોતપોતાના અસુર્યને, પ્રાણને, સામર્થ્યને પ્રાપ્ત કરતા રહે છે, તારોજ આશ્રય લઇને બ્રહ્મચર્યને ધારણ કરનાર વસુ લોકો પણ પોતાના પ્રાણવત્વ અને પ્રજ્ઞાવત્વને (બળ અને જ્ઞાનને) પ્રાપ્ત કરતા રહે છે. તારો આશ્રય પણ તેઓ પ્રાપ્ત કરે છે તેનું કારણ એ છે કે, તેઓ તારા 'क्रतु' (કર્મ)નું સેવન કરે છે. આ સંસારની અંદર તારૂં જે મહાન કર્મ ચાલી રહ્યું છે, તેનું તેઓ સેવન કરે છે—અર્થાત્ તેને અનુકૂળ રહીને પોતાનાં આચરણ કરે છે. તારા મહાન સંકલ્પ અને જ્ઞાનને અનુસરીને તેઓ પોતાનો વ્યવહાર અને કર્મ કરતા રહે છે. આથી ઉલટું જેઓ તારા 'क्रतु'નું સેવન નથી કરતા, તેઓ તારા ઘરમાંથી બહિષ્કૃત થઇ જાય છે, વિનષ્ટ થઇ જાય છે. હે અગ્નિ ! તમે તો **'मित्रमहा'** છો. તમારૂં તેજ મિત્ર છે, સ્નેહ કરે એવું છે. જેઓ તમારા આ મિત્રતેજની સાથે મૈત્રી કરે છે તેઓ જગતમાં 'આર્ય' કહેવાય છે; પણ આવી રીતે સ્નેહ કરનારા તારા તેજનો જેઓ દ્વેષ કરે છે, જેમને તારૂં તેજ સારૂં નથી લાગતું તેમને લોકો 'દસ્યુ' એવા નામથી બોલાવે છે. કારણ કે તારા આ તેજની સાથે મૈત્રી કરનારાઓજ તારા પ્રકાશને પ્રાપ્ત કરી શકે છે. તેથી કરીને તેઓજ તારો પ્રકાશ પામીને શ્રેષ્ઠ આચરણવાળા—અર્થાત્ 'આર્ય' બની જાય છે. પોતાના સ્વાર્થમય ક્ષુદ્ર પ્રકાશમાંજ મસ્ત રહે-

નારા બીજા લોકો જેઓ 'દસ્યુ' કહેવાય છે તેમને તારો વિસ્તૃત પ્રકાશ નથી મળી શકતો. તેઓ દસ્યુ-અર્થાત્ બીજાઓને હાનિ કરનારાઓ બની જાય છે તેનું કારણ એ છે કે, તેઓ સ્વાર્થાન્ધ હોય છે, તારા પ્રકાશના પ્રતિ તેમનો પ્રેમ ન હોવાથી તારૂં વિસ્તૃત તેજ તેમને મળતું નથી, તેથી તેઓને પોતાની જાત સિવાય બીજું કશું દેખાતુંજ નથી, તેઓ સ્વાર્થાન્ધ બની જાય છે. એટલા માટે જ્યારે તું તારા કોઇ ઘરમાં-અર્થાત્ કોઇ લોકમાં તારા વિસ્તૃત જ્યોતિ વડે અજવાળુંજ અજવાળું કરી દે છે ત્યારે ત્યાં પેલા અંધકાર-પ્રિય દસ્યુઓથી ઉભાજ નથી રહેવાતું. ત્યાંથી તેઓ બીજે કોઈ ઠેકાણે નાસી જાય છે. હે મિત્રમહઃ! આ રીતે તું આર્યોને મહાન જ્યોતિનું દાન દઇને દસ્યુઓને મારી કાઢે છે. એજ રીતે તારા ક્રતુઓનું સેવન કરનારાઓને તારો આશ્રય આપે છે અને એથી વિપરીત આચરણ કરનારાઓને તારા આ પરમ અવલંબનથી વંચિત રાખે છે. વળી એવીજ રીતે તારો આશ્રય લેનારાઓને તું પ્રાણ અને બળનું દાન દે છે અને બાકીના બીજાઓનો તું વિનાશ કરી નાખે છે.

શબ્દાર્થ

(**वसवः**) વસુઓ (**त्वे**) તારામાં [આશ્રિત થઇને] (**असुर्यं**) પ્રાણવત્વને, સામર્થ્યને (**नि ऋण्वन्**) પ્રાપ્ત કરે છે. (**हि**) કારણ કે તેઓ (**ते**) તારા (**क्रतुं**) કર્મનું, (**मित्रमहः**) હે મિત્રતેજવાળા! (**जुषन्त**) સેવન કરે છે. (**अग्ने**) હે અગ્નિ! (**त्वं**) તું (**आर्याय**) આર્યોને માટે, શ્રેષ્ઠ પુરુષોને માટે (**उरु**) વિસ્તૃત (**ज्योतिः**) જ્યોતિને (**जनयन्**) પ્રકાશિત કરીને (**दस्यून्**) દસ્યુઓને, બીજાઓને હાનિ કરનારાઓને (**ओकसः**) ઘરમાંથી (**आजः**) હાંકી કાઢે છે, કાઢી મૂકે છે.

२० मार्गशीर्ष

त्वावते हीन्द्र क्रत्वे अस्मि त्वावतोऽवितुः शूर रातौ ।
विश्वेदहानि ताविषीव उग्र ओकः कृणुष्व हरिवोन मर्धीः ॥
(ऋ. ७-२५-४)

વિનય

હે જગદીશ્વર ! તમે તો મારા આત્માના પણ આત્મા છો. આવું સમજી લીધા પછી હું તમારા જેવા પરમ આત્મીયનું કામ કરવાને માટે હમેશાં તૈયારજ રહું છું. હું સવારથી સાંજ સુધી અને પાછો સાંજથી બીજી સવાર થાય ત્યાં સુધી જે કાંઇ કર્મ કરૂં છું તે બધાંજ, હે મારા પ્રભુ ! હું તમારેજ અર્થે કરૂં છું. હે શૂર ! તમે સમસ્ત જગતના રક્ષક છો. એટલા માટે હું તમારે અર્થે કર્મ કરતો હોવાથી તમારા સરખા મહાન્ રક્ષકના દાનમાં પણ હું આવી ગયો છું, તમારી મહાન્ રક્ષાની સીમાની અંદર હું દાખલ થઇ ચૂકયો છું. હવે તો તમારી સાથે મારો સંબંધ બરાબર સ્થાપિત થઇ ગયો છે. તો પણ આ સંસારનો સંગ્રામ જેવો તેવો નથી, અતિ વિકટ છે. પાપની પ્રબળ શક્તિઓ મારી સામે વારંવાર આવી આવીને મને ડર બતાવે છે, મને ત્રાસ આપ્યા કરે છે, મને સતાવ્યા કરે છે. એવે વખતે હે ઇન્દ્ર ! હું ભાનભૂલો બની જાઉં છું, મારી શુધબુધ ઠેકાણે નથી રહેતી. તમારૂં રખોપું, તમારી શક્તિ, એ બધુંજ હું ભૂલી જાઉં છું. એટલા માટે હે ઇન્દ્ર ! હું ઈચ્છું છું કે, તમે મારામાં તમારૂં ઘર બનાવી દો, કાયમને માટે તમારૂં નિવાસસ્થાનજ બનાવી દો. તમે તમારી સઘળી દિવ્ય સેના સહિત, તમારી તમામ ઉગ્રતા અને ઓજસ્વિતા સહિત મારામાં તમારો નિવાસ

કરી દો. હે સેનાવાળા ! હે ઉગ્ર ! હું કહું છું કે, તમે મારામાં તમારૂં ઘરજ બનાવી દો. એવું કરશો તોજ પેલી આસુરી શક્તિઓ મને ભયભીત નહિ કરી શકે; નહિ તો હું તો એ ભય અને આશંકાઓને લીધેજ મરી જાઉં છું. હે ઇન્દ્ર ! મને આવા મૃત્યુથી બચાવો. હું તમારી પાસે બીજું કાંઇજ નથી માગતો, કશીજ આકાંક્ષા નથી રાખતો. બસ, એટલુંજ માગું છું કે તમે મારામાં તમારૂં ઘર બનાવીને રહો. હે 'હરિ'ઓ વાળા ! હે જ્ઞાનક્રિયા અને બળક્રિયાવાળા ! તમે તમારી જ્ઞાનક્રિયા અને બળક્રિયારૂપી હરિઓ–અશ્વો–વડે આ સંસારને ધારણ કરી રહ્યા છો, તેનું પાલન પોષણ કરી રહ્યા છો. તમે મને હવે ઉપર કહી તે રીતે વિનષ્ટ થવા ન દો. મારામાં તમારૂં ઘર બનાવીને મને એ રીતે વિનાશ પામતો બચાવી લો.

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર ! હું **(त्वावतः)** તારા જેવા [આત્મીય]-ના **(क्रत्वे)** કર્મને માટે **(हि)** જ, નિશ્ચયપૂર્વક **(अस्मि)** છું, હમેશાં તૈયાર છું અને **(शूर)** હે શૂરવીર ! **(त्वावतः)** તારા જેવા **(अवितुः)** રક્ષકના **(रातौ)** દાનમાં પણ હું છું. પરંતુ **(तविषीवः)** હે સેનાવાળા ! **(उग्र)** હે ઉગ્ર ! હે ઓજસવાળા ! તમે હવે **(विश्वाइत् अहानि)** બધાજ દિવસને માટે, કાયમને માટે મારામાં **(ओकः)** તમારૂં ઘર **(कृणुष्व)** કરી દો, બનાવી દો. **(हरिवः)** હે હરિઓવાળા ! જ્ઞાનક્રિયા અને બળક્રિયાવાળા ! **(न मर्धीः)** મને મરવા ન દેશો.

२१ मार्गशीर्ष

का ते अस्त्यरङ्कृतिः सूक्तैः कदा नूनं ते मघवन् दाशेम ।
विश्वा मतीरा ततने त्वाया अधा म इन्द्र शृणवो हवेमा ॥
(ऋ. ७-२९-३)

વિનય

હે ઇન્દ્ર ! અમારાં સૂકતો વડે, સ્તોત્રો વડે અને વેદના મંત્રો વડે તારી સ્તુતિ કરીને અમે તારી કઇ અલંકૃતિ કરી શકવાના હતા ? તારી શોભામાં શો વધારો કરી શકવાના હતા ? અમે અમારી જાતને પૂરેપુરી તારા હાથમાં સોંપી દઇએ, તને સમર્પિત કરી દઇએ, એ સમયની અમે તો વાટ જોઇ રહ્યા છીએ. હે મઘવન્ ! એવો શુભ દિવસ કયારે આવે કે તારે માટે અમે અમારી જાતનું બલિદાન દઇ દઇએ ? કયારે તેવો અવસર આવીને ઉભો રહેશે ? અમે તો અમારી જાતને તને અર્પણ કરી દેવા માટે એટલા બધા ઉત્સુક થઇ ગયા છીએ કે કાંઇ કહેવાની વાતજ નહિ ! મારૂં સંપૂર્ણ જ્ઞાન, મારૂં સંપૂર્ણ ધ્યાન, મારા બધાજ વિચારો, મારા બધાજ સંકલ્પો, એ સર્વનું લક્ષ્ય તારીજ કામના કરવા ઉપર ચોંટયું છે. મારી તમામ મતિઓ રાત-દહાડો પાંખો ફફડાવતી તારા તરફજ ઉડી રહી છે. મારા મનની સંપૂર્ણ ગતિ તારા એકલાના ઉદ્દેશ્યથીજ ચાલી રહેલી છે. હું મારા પૂરા અંતઃકરણ વડે નિરંતર તારૂંજ સ્મરણ કર્યા કરૂં છું તે છતાં હે ઇન્દ્ર ! કોણ જાણે શા કારણથી તું મારા પોકારો સાંભળ્યા ન સાંભળ્યા કરે છે ! તારૂં દર્શન કરવાને, તને આત્મસમર્પણ કરી દેવાને માટે હું પોકાર કરી રહ્યો છું. ઓ ઈન્દ્ર ! કોણ જાણે હું કેટલાય યુગો થયાં પોકાર કર્યા કરૂં છું ! હવે તો તું મારૂં ક્રન્દન સાંભળ ! મારો પોકાર કાને ધર ! હે ઐશ્વર્યવાળા ! હે મઘવન્ ! હવે તો

તું મારા પોકારની સુનાવણી કર, મારા આટલા વખતના પોકારને સફળ કર.

શબ્દાર્થ

(सूक्तैः) સ્તુતિનાં સુંદર વચનો વડે **(ते)** તારી **(का)** શું **(अरंकृतिः)** અલંકૃતિ–શોભા **(अस्ति)** થઇ શકે છે ? **(मघवन्)** હે ઐશ્વર્યવાળા ! **(ते)** તારે માટે અમે **(कदा)** ક્યારે **(नूनम्)** સાચેસાચી **(दाशेम)** અમારી જાતને સમર્પિત કરી દઇએ ? હું મારી **(विश्वाः)** સંપૂર્ણ **(मतीः)** મતિઓ **(त्वाया)** તારી કામના વડેજ **(आततने)** વિસ્તૃત કરી રહ્યો છું, કામના કરી રહ્યો છું; **(अधा)** હવે તો **(इन्द्र)** હે ઇન્દ્ર ! **(मे)** મારા **(इमा)** આ **(हवा)** પોકારોને **(शृणवः)** તમે સાંભળો.

२२ मार्गशीर्ष

तस्य वयं सुमतौ यज्ञियस्य, अपि भद्रे सौमनसे स्याम ।
स सुत्रामा स्ववाँ इन्द्रो अस्मे आराच्चिद् द्वेषः सनुतर्युयोतु ॥
(ऋक् ६-४७-१३ । यजु० २०-५२ ॥ ऋक्० १०-१३१-७)

વિનય

અમે ઇચ્છીએ છીએ કે, અમે પૂજનીય પરમેશ્વરને પ્રિય થઈએ. અમે હમેશાં તે યજ્ઞિય દેવની સુમતિમાંજ રહીએ, તેના કલ્યાણકારક સૌમનસમાંજ વસીએ. અમને હમેશાં તેની શ્રેષ્ઠ મતિ મળતી રહે, તેની શુભ પ્રસન્નતા પ્રાપ્ત થતી રહે. જો આપણે તેનું યજન કરતા રહીએ તો એ બધાં વાનાં ઘણાંજ સુલભ છે. આખા સંસારમાં સૌ મનુષ્યોનો તે એકલોજ યજનીય છે, યજ્ઞને–પૂજાને યોગ્ય છે. જેનું સૌ યજન કરે છે એવો તે એકલોજ આપણો **'सुत्रामा'** છે. તેના જેવો શ્રેષ્ઠ રક્ષક બીજો હોય પણ કોણ ? જેનામાં પોતાની સ્વતંત્ર શક્તિ હોય એવો તે એકલોજ

છે. સંસારમાં બધાજ એની પાસેથી થોડી થોડી શક્તિ પ્રાપ્ત કરીને પોતે શક્તિમાન કહેવાય છે. જો કોઇ '**स्ववान्**' હોય તો તે એકલોજ છે. પણ એવા '**सुत्रामा**' પ્રભુનું યજન કરવું કાંઇ સહેલ નથી. તેના યજ્ઞમાં ભારેમાં ભારે વિઘ્નકર્તા કોઇ હોય તો તે આપણો 'દ્વેષ' છે. આપણા હૃદયમાં જરાક પણ દ્વેષ રહી ગયો હોય ત્યાં સુધી આપણે તેનું યજન નથીજ કરી શકતા. જેને માટે આખી પૃથ્વી–આખો સંસાર દ્વેષરહિત બની ગયો હોય તે એકલોજ માત્ર ઇન્દ્ર પ્રભુનું યજન કરી શકે છે. એટલા માટે તે ઇન્દ્ર પ્રભુજ આપણા ઉપર કૃપાવંત થઇને આપણા સૌના હૃદયમાંથી દ્વેષને પૂરેપુરો કાઢી નાખે, આપણા હૃદયને તદ્દન નિર્મળ, દ્વેષરહિત બનાવી દે. અહાહા ! સર્વથા દ્વેષરહિત બની જવું, કોઇ પણ ઠેકાણે, કોઇ પણ સમયે કદી પણ હૃદયમાં દ્વેષને સ્થાન ન આપવું, એ કાંઇ જેવી તેવી સુંદર અને સુખદ અવસ્થા છે ! એ અવસ્થાનો આનંદ કાંઈ જેવો તેવો છે ? એ અવસ્થાને જ્યાં આપણે પ્રાપ્ત કરી એટલે તો ઇન્દ્રની સુમતિનો આપણા ઉપર વરસાદજ વરસવા લાગે છે અને તેના સૌમનસમાં આપણે સ્નાન કરવા મંડીએ છીએ.

શબ્દાર્થ

(**वयं**) આપણે (**तस्य**) તે (**यज्ञियस्य**) યજનીય દેવની (**सुमतौ**) સુમતિમાં (**स्याम**) હોઇએ અને તેની (**भद्रे**) કલ્યાણકારક (**सौमनसे**) સુમનસ્કતામાં, પ્રસન્નતામાં [**अपि**] પણ હોઇએ. (**सः**) તે (**सुत्रामा**) શ્રેષ્ઠ રક્ષક (**स्ववान्**) પોતાની શક્તિવાળા (**इन्द्रः**) પરમેશ્વર (**अस्मे**) આપણાથી (**आरात्**) આઘે (**चित्**)જ, (**द्वेषः**) દ્વેષને (**सनुतः**) તદ્દન (**युयोतु**) હઠાવી દો.

२३ मार्गशीर्ष

त्वं नो अग्ने वरुणस्य विद्वान् देवस्य हेडो अवयासिसीष्ठाः ।
यजिष्ठो वन्हितमः शोशुचानो विश्वा द्वेषांसि प्रमुमुग्ध्यस्मत् ॥
(ऋ. ४-१-४ । यजु० १२१-३)

વિનય

દેવોનો અનાદર કરવાથી ભારે અનર્થ થાય છે. આપણે પ્રકૃતિના દેવોની અથવા તેમના નિયમોની અવજ્ઞા કરીને તેમનો અનાદર કરવાનો અપરાધ કરીએ છીએ અથવા મનુષ્યદેવો (વિદ્વાનો)ના ઉપદેશોને તુચ્છકારી કાઢીને તેમનું અપમાન કરીએ છીએ, ત્યારે તે વખતે (આપણને તેની જાણ હોય કે ન હોય તોપણ) આપણે પાપનાં બંધનમાં ફસાઇ જઇએ છીએ. હે અગ્નિ ! એમ થવાનું કારણ એ છે કે, તમારી પાપનિવારક વરુણ નામની શક્તિ અમારા ઉપર રોષયુક્ત થઇને તેજ વખતે અમને પોતાના પાશ વડે બાંધી લે છે. જે ઘડીએ ધર્મની મર્યાદાનો જરાક પણ ભંગ કર્યો કે તરતજ વરુણદેવના પાશમાં પકડાઈ ગયાજ જાણો; અને તે પાપના બદલામાં પૂરતું દુઃખ, ક્લેશ, સંતાપ ભોગવી લઇએ ત્યાર પછીજ તે બંધનમાંથી છૂટકારો થઇ શકે છે. એટલા માટે હે અગ્નિદેવ ! તમે તો વિદ્વાન્ છો, સર્વજ્ઞ છો, અમારાં પાપનાં બંધનોની (વરુણની) બાબતમાં બધુંજ જાણો છો. તમે હવે અમારા ઉપર એવી કૃપા કરો કે અમે આજ પછીથી પેલાં 'देवहेडनो'થી (દેવોના અનાદરથી) દૂર રહીએ, તેમનાથી સાચવીને ચાલીએ. અમે તમારા વરુણના ક્રોધના પાત્ર કદી પણ ન થઇએ, પરંતુ એ બધું તો ત્યારેજ બની શકે કે જ્યારે અમે દ્વેષોથી-તમામ પ્રકારના દ્વેષોથી-તદ્દન મુક્ત બની ગયા હોઇએ. અમે કોઇ ને કોઈ તીવ્ર રાગ-દ્વેષની ચુંગાલમાં ફસાઇ

ગયેલા હોઇએ ત્યારેજ અમારાથી દેવોનો અનાદર થઇ જાય છે. એટલા માટે હે અગ્નિ! પહેલાં તો તમે અમને દ્વેષ, ક્રોધ, હિંસા, અન્યાય વગેરેના ફંદામાંથી છોડાવો. આખા સંસારમાં અમારે માટે તમારાથી શ્રેષ્ઠ હોય એવો કોઈ યજનીય દેવ છેજ નહિ. તમેજ યજનીયતમ છો. તમારી કૃપા વડે અમારામાં જો યજ્ઞભાવના જાગૃત થઇ જાય તો પછી અમારામાં દ્વેષને ઉત્પન્ન થવાનો અવકાશજ ન મળે; પણ કદાચ કોઇ વાર તે ફૂટી નીકળે તોપણ હે વન્હિતમ! હે સર્વશ્રેષ્ઠ વાહક! શુભ ગુણોની પ્રાપ્તિ કરાવનાર તમારી વાહક શક્તિને પ્રતાપે તે અમારામાં ટકીને રહીજ નહિ શકે, સ્થિર-બદ્ધમૂળ થઇજ નહિ શકે અને તેમ છતાં કદાચ સ્થિર પણ થઇ ગયા તો પણ હે શોશુચાન! હે અત્યંત પ્રદીપ્ત અગ્નિ! તમે તેને તમારા જાજ્વલ્યમાન તેજ વડે બાળીને ભસ્મ કરી દો, તેની રાખોડી બનાવી દો. હે અગ્નિ! ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એવાં તમારાં ત્રિવિધ રૂપ દ્વારા તમે અમારામાંથી દ્વેષોને એવા નિર્મૂળ કરી દો કે તેમનું નામ-નિશાન પણ રહેવા ન પામે. એ દ્વેષોની ચુંગાલમાંથી અમારો સર્વથા છૂટકારો કરી દો.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ! **(त्वं)** તમે **(वरुणस्य)** વરુણની, પાપનિવારક દેવની, તેના પાપબંધનની બાબતમાં **(विद्वान्)** વિદ્વાન છો, બધુંજ પૂરેપુરૂં જાણો છો; **(देवस्य)** દેવના **(हेडः)** અનાદરોને **(नः)** અમારી પાસેથી **(अवयासिसीष्ठा)** દૂર કરો. તમે **(यजिष्ठः)** યજનીયતમ છો, **(वन्हितम)** સૌથી શ્રેષ્ઠ વાહક છો, **(शोशुचानः)** અને અત્યંત પ્રદીપ્ત છો, તમે **(अस्मत्)** અમને **(विश्वा द्वेषांसि)** તમામ દ્વેષોથી **(प्रमुमुग्धि)** પૂરેપુરા છોડાવી દો.

२४ मार्गशीर्ष

स त्वं नो अग्नेऽवमो भवोति नेदिष्ठो अस्या उषसो व्युष्टौ ।
अवयक्ष्व नो वरुण रराणो वीहि मृडीकं सुहवो न एधि ॥
(ऋ. ४-१-५ । यजु. २१-४)

વિનય

હે અગ્નિ! અમે તમારે માટે પોકાર કરી રહ્યા છીએ. તમે આવીને અમને અમારાં પાપનાં બંધનોથી છૂટા કરો; એટલા માટે અમે તમને સાદ કરીને બોલાવીએ છીએ. તમે તમારી રક્ષાશક્તિ સહિત આવી પહોંચો. તમે અમારા રક્ષક બની જાઓ. ખરેખર, તમે બધી વાતે **'परम'** છો–ઉંચામાં ઉંચા છો, પરંતુ અમારૂં રક્ષણ કરવાને માટે **'अवम'** બની જાઓ–નીચે ઉતરો, અમને તમારી નિકટતાનો અનુભવ કરાવો. અમારૂં, પતિતોનું રક્ષણ કરવાને વાસ્તે તમારે **अवम** થવું જરૂરનું છે. આ તરફ જુઓ, ઉષાનો ઉદય થઇ રહ્યો છે, એક નવા દિવસની શરૂઆત થઇ ચૂકી છે. હે અગ્નિ! આ નવીન પ્રભાતના મંગળ ચોઘડીએ તો અમારી પાસે પધારો, અમારા નિકટતમ બની જાઓ, તમે આવો અને અમને તમારા પોતાના બનાવી દો. તમને પ્રસન્ન કરવાને માટે અમે કોણ જાણે કેટલોય કાળ થયાં મથીએ છીએ. તમારા પ્રેમની પ્રાપ્તિ કરવાને માટે અમે ત્યાગ, તપ, સંયમ, નિયમ એવાં એવાં બધાંજ સાધનો અજમાવી ચૂકયા છીએ, એક પણ સાધન અધૂરૂં રાખ્યું નથી, તેમ કોઇને પણ પડયું મૂકયું નથી. હવે આજે તો અમે અમારી પવિત્ર આત્મબલિદાનની ભેટ હાથમાં લઇને તમને પોકારીએ છીએ. આવા મહાન અને સુંદર બલિદાનને જોઇને પણ તમે પ્રસન્ન નહિ થાઓ? હે અગ્નિ! અ-

મારી આ સુખદાયી આત્માહુતિનો તો તમે જરૂર સ્વીકાર કરો. આજે તો તમે પ્રસન્ન થઈ જાઓ અને રમમાણ બનીને–ખૂબ સંતુષ્ટ ચિત્તવાળા થઇને–આવી પહોંચો અને અમારાં આ પાપબંધનોને કાપી નાખો અને એ રીતે અમારા આ યજનને સફળ કરો. તમને પોકારતાં પોકારતાં હવે તો ઘણો કાળ વીતી ગયો. હવે તો હે અગ્નિ ! તમે '**સુહવઃ**' બની જાઓ, તમને સુગમતાપૂર્વક બોલાવી શકાય એવા બની જાઓ. અમે પોકાર કરીએ કે તરત તમે આવીને ઉભા રહો એવા બની જાઓ. હે અગ્નિ ! આવો, આવો, આ આહુતિનો સ્વીકાર કરીને અમને પાપબંધનથી મુક્ત કરો.

શબ્દાર્થ

(**अग्ने**) હે અગ્નિ ! (**सः**) તે પ્રસિદ્ધ (**त्वं**) તમે (**नः**) અમારે સારૂ (**ऊती**) તમારા રક્ષણ સહિત, રક્ષાશક્તિ સહિત (**अवमः**) નીચે ઉતરો, અમારી નજીક (**भव**) થઇ જાઓ. (**अस्याः**) આ (**उषसः व्युष्टौ**) ઉષાના ઉદયકાળમાં, નવીન પ્રકાશની પ્રાપ્તિના સમયમાં (**नेदिष्ठः**) અમારી અત્યંત નિકટ આવી જાઓ. (**रराणः**) પ્રસન્ન થઇને, રમમાણ બનીને (**नः**) અમારા (**वरुणं**) વરુણપાશને, બંધનને (**अवयक्ष्व**) યજન દ્વારા કાપી નાખો. (**मृडीकं**) [અમારા આ] સુખદાયક હવિને (**वीहि**) સ્વીકારો, (**नः**) અમારે માટે (**सुहवः**) સુગમતાથી બોલાવાય એવા (**एधि**) બની જાઓ.

२५ मार्गशीर्ष

यस्येमे हिमवन्तो महित्वा यस्य समुद्रं रसया सहाहुः ।
यस्येमा प्रदिशो यस्य बाहू कस्मै देवाय हविषा विधेम ॥
(ऋ. १०-१२१-४ । यजु० २५-१२)

વિનય

અમે કયા દેવની ઉપાસના કરીએ એવું તમે પૂછો છો? તો લ્યો, અમે તમારા સવાલના જવાબમાં કહીએ છીએ કે જુઓ, પેલા આકાશની સાથે વાતો કરનારા અને બરફથી ઢંકાએલા શિખરવાળા પર્વતો જેનો મહિમા ગાઇ રહ્યા છે; આ સમુદ્ર, દિગંત સુધી પથરાઇ ગએલો આ અતળ સીમાહીન અનંત જલધિ, પોતાની અંદર આવી આવીને ઠલવાતી નદીઓ સહિત જેનાં ઐશ્વર્યોનાં વખાણ કરી રહ્યો છે અને આ દિશાઓ, આ અનંત દિશાઓ જે દેવના લાંબા કરેલા બાહુને ઠેકાણે છે, તે દેવને હે મનુષ્યો! તમે ઓળખતા થઇ જાઓ. આ ઊંચા ગગનચુંબી, હિમમંડિત ગિરિશિખર તેમના મહાન રચનારના તરફ ઇસારો કરતા તમને દેખાતા હોય, જગતને ચારે તરફથી વીંટી વળતો અપાર પારાવાર પોતાની ઉછળતી લહરિઓની ક્રીડા દ્વારા તમને કોઇની અદ્‌ભુત શકિતઓનું સ્મરણ કરાવતો હોય અને આ સુદીર્ઘ દિશાઓ જેના બાહુ છે એવું ધ્યાન કરતાં જો તમને કોઇ વિરાટ્ પુરુષનો અનુભવ થતો હોય તથા એ દિશાઓની અંદરના ભાગમાં પથરાઇ ગએલા સંસારને જોતાં એ સર્વના જીવન અને પ્રાણ બનીને એની અંદર રમી રહેલા કોઇ આત્માનું તમને દર્શન થતું હોય તો તેજ એક માત્ર દેવ છે, જે આપણો સૌનો ઉપાસ્ય-આરાધ્ય ઈશ્વર છે. તે સુખસ્વરૂપ છે તે માટે તેનું એક નામ 'क' છે. આપણે સૌ તેની

પ્રજાઓ છીએ માટે તે પ્રજાપતિ કહેવાય છે. ચાલો આવો, આપણે સઘળા પ્રજાજન, આપણે સૌ તેનાં સંતાનો તે પરમ દેવને નમસ્કાર કરીએ, આપણા અભિમાનને ત્યજી દઇને તેના ચરણમાં મસ્તક ઝુકાવીએ અને આપણા સર્વસ્વની તુચ્છ ભેટ તેની આગળ ધરીને તે આનંદસ્વરૂપનું પૂજન કરીએ.

શબ્દાર્થ

(यस्य) જેના **(महित्वा)** મહિમાને **(इमे हिमवन्तः)** આ બરફથી ઢંકાએલા પર્વતો **(आहुः)** વખાણે છે અને **(यस्य)** જેના મહિમાને **(रसया सह)** નદીઓ સહિત **(समुद्रं)** આ સમુદ્ર વખાણે છે, **(इमाः प्रदिशः)** આ પ્રકૃષ્ટ દિશાઓ **(यस्य)** જેની છે, એ દિશાઓ **(यस्य)** જેના **(बाहू)** બાહુને ઠેકાણે છે **(कस्मै)** એવા સુખસ્વરૂપ **(देवाय)** પ્રજાપતિ દેવનું અમે **(हविषा)** હવિ વડે **(विधेम)** પૂજન કરીએ.

२६ मार्गशीर्ष

ऋचं वाचं प्रपद्ये मनो यजुः प्रपद्ये साम प्राणं प्रपद्ये ।
चक्षुः श्रोत्रं प्रपद्ये । वागोजः सहौजो मयि प्राणापानौ ॥
(यजु० ३६-१)

વિનય

હે પ્રભુ ! મારે પૂર્ણ પુરુષ બનવું છે. જેવો તું પોતે પૂર્ણ છે, તારી સૃષ્ટિ પૂર્ણ છે, તેવો હું પણ પૂર્ણ પુરુષ બની જઇશ. એ પૂર્ણતાની પ્રાપ્તિ કરવાને માટે જરૂરની તમામ સામગ્રી તેં પોતેજ મારી અંદર ભરી રાખી છે. આટલા માટે હું **ऋक्** રૂપી વાગ્દેવનું શરણ લઉં છું, **यजु**રૂપી મનોદેવને શરણે જાઉં છું અને **साम**રૂપી પ્રાણદેવને શરણે જાઉં છું. આ રીતે હું ત્રણે પ્રકારની શક્તિઓને પ્રાપ્ત કરી લઇશ. વાણીની ભારે શક્તિને ઋગ્વેદ દ્વારા, સંપૂર્ણ જ્ઞાનકાંડ દ્વારા, સંપૂર્ણ શ્રવણ દ્વારા પ્રાપ્ત કરી લઇશ. આવીજ રીતે સંપૂર્ણ યજુર્વેદ દ્વારા, કર્મકાંડ દ્વારા, મન દ્વારા હું મારી મન (દર્શન)ની શક્તિને સમૃદ્ધ કરી લઇશ. મારી પ્રાણશક્તિને સંપૂર્ણ સામવેદ દ્વારા–અર્થાત્ ઉપાસનાકાંડ અને નિદિધ્યાસન દ્વારા, પ્રદીપ્ત કરી દઇશ. એજ રીતે ચક્ષુ(વિજ્ઞાન)ની મહાન શક્તિને, શ્રોત્રની વિસ્તૃત શક્તિને અને બીજી ઇન્દ્રિયો તથા અવયવોની શક્તિને હું પ્રાપ્ત કરીશ. દરેક અવયવની શક્તિને હું એવી સંપૂર્ણપણે પ્રાપ્ત કરીશ કે મને તે તે અવયવનું **ओजस्** પણ પ્રાપ્ત થયુંજ હશે. ઓજસ્ એક એવી સર્વોત્કૃષ્ટ શક્તિ છે અથવા શક્તિનું સર્વોત્કૃષ્ટરૂપ છે કે જેને આત્મિક તેજ કહેવું જોઇએ. જ્યારે હું મારી વાક્ આદિ તમામ ઇન્દ્રિયોનું અથવા આત્માઙ્ગોનું ઓજસ્ પ્રાપ્ત કરીશ, ત્યારે મને સંપૂર્ણ આત્માનું 'સહઓજ'–સંપૂર્ણ શરીરનું સામુહિક તેજ–પણ

સહેલાઇથી પ્રાપ્ત થઇ જશે. આવા ઓજસ્‌ની પ્રાપ્તિ વડે મારૂં જીવન પરિપૂર્ણ જીવન બની જશે. પરિપૂર્ણ જીવનમાં 'પ્રાણ' અને 'અપાન' નામની બે જીવનક્રિયાઓ જેવી જોઇએ તેવી રીતે ચાલ્યા કરતી હશે. તે મારામાં પોતાનું કાર્ય જેવું જોઇએ તેવી રીતે કરીને સ્થિર થઇને રહી હશે. ઉપર કહી તે આદાન અને વિસર્ગની ક્રિયાઓમાં જ્યાં બગાડો થયો એટલે તરતજ જીવન બગડવા માંડે છે, જીવનમાં હ્રાસ થવા માંડે છે. પણ મારા શરીરમાં તો પ્રાણાપાનની ક્રિયાઓ દ્વારા શારીરિક ભોજનનું આદાન અને શારીરિક દોષોનો, મલોનો વિસર્ગ (ગ્રહણ કરવાની અને બહાર કાઢવાની ક્રિયાઓ) એ બેઉ કાર્ય બરાબર થતાંજ રહેશે. તેની સાથે સાથે માનસિક અને આત્મિક ભોજનનું આદાનકાર્ય તથા માનસિક અને આત્મિક દોષોનું વિસર્જનકાર્ય એ પણ બરાબર થયાજ કરશે. એટલે પછી મારૂં સમગ્ર જીવન (શારીરિક, માનસિક અને આત્મિક જીવન) પરિપૂર્ણ જીવન બની જશે. એવું થશે ત્યારે, હે પ્રભુ ! હું પરિપૂર્ણ પુરુષ છું એવું કહેવાને માટે અધિકારી થયો હોઇશ.

શબ્દાર્થ

હું (**ऋचं वाचं**) ઋક્‌રૂપી વાક્‌ને (**प्रपद्ये**) પ્રાપ્ત કરૂં છું, (**मनः यजुः**) યજુરૂપી મનને (**प्रपद्ये**) પ્રાપ્ત કરૂં છું, (**सामप्राणं**) સામરૂપી પ્રાણને (**प्रपद्ये**) પ્રાપ્ત કરૂં છું અને (**चक्षु श्रोत्रं**) ચક્ષુ, શ્રોત્ર આદિને (**प्रपद्ये**) પ્રાપ્ત કરૂં છું. એ (**वाक्**) વાક્‌શક્તિ આદિ (**ओजः**) વાક્ આદિનું ઓજસ તથા (**सह ओजः**) એ બધાનું સામટું ઓજસ (**प्राणापानौ**) અને પ્રાણની તથા અપાનની ક્રિયાઓ, આદાન અને વિસર્ગની ક્રિયાઓ (**मयि**) મારામાં થાઓ, જેવી જોઇએ તેવી રીતે થાઓ.

२७ मार्गशीर्ष

यन्मे छिद्रं चक्षुषो हृदयस्य मनसो वातितृण्णं ।
बृहस्पतिर्मेतद्दधातु । शं नो भवतु भुवनस्य यस्पतिः ॥
(यजु० ३६-२)

વિનય

મેં મારી જાત ઉપર નજર ફેરવીને જોયું, બધે હાથ ફેરવીને તપાસી જોયું ત્યારે મેં તો મારામાં નરી ત્રુટિઓ ને ત્રુટિઓજ દીઠી, મારી જાતને દોષોથી ભરેલી દીઠી. જ્યાં સુધી મેં મારી જાતને તપાસીને જોઇ ન હતી ત્યાં સુધી હું પણ દુનિયાના બીજા સામાન્ય લોકોની માફક અમુકમાં આટલા આટલા દોષ છે અને અમુકમાં આટલી આટલી ખામીઓ છે એવું કહીને મનમાં વ્યર્થ સંતોષ માન્યા કરતો. પણ જ્યારથી મેં બરાબર આત્મનિરીક્ષણ કરી લીધું ત્યારથી મારી આંખ આદિ બાહ્ય કરણો (ઇંદ્રિયો) ને થતા રોગ, તેમની અશક્તિ વગેરે તરફ મારૂં લક્ષ ખેંચાયું અને તેમનામાં રહેલા સ્વાભાવિક પ્રસિદ્ધ દોષ (ભ્રમ ઇત્યાદિ) મારા જાણવામાં આવ્યા. તે વખતથી મારી પોતાની ખામીઓનો તથા દોષોનો હું અનુભવ કરવા લાગ્યો છું. પરંતુ એથી પણ વધારે ઉંડે ઉતરીને મેં નજર ફેરવી ત્યારે તો મારાં મન અને બુદ્ધિ (હૃદય) ને લાગેલા જખમો દીઠા, ઉંડાં પાકી ગએલાં ચાંદાં દીઠાં, ગંધાતી ગંદકી દીઠી, એ બધું મેં જોયું ત્યારથી તો હું ગભરાઇ ઉઠયો છું. અરેરે ! મારૂં મન કેટલું મલિન છે, કેટલું દુર્બળ છે, મારી બુદ્ધિ કેટલી વિકૃત થઇ ગઇ છે ! મારી અંદરના કરણો(ઇંદ્રિયો)ની ભયંકર દુર્દશા જોઇને, તેમની ભયંકર ખામીઓ જોઇને હું તો હવે લગભગ નિરાશ જેવોજ થઇ ગયો છું. હું વિચાર કરૂં છું કે, મારી આ ખામીઓ કોઇ કાળે પણ સુધરી શકશે કે હું સદાય આવો ને આવોજ

રહીશ ? એટલા વાસ્તે હે બૃહસ્પતિ ! હે જ્ઞાનના સ્વામી ! હવે તો તમેજ કૃપા કરીને મારી એ ખામીઓને દૂર કરો, મારાં પેલા ચાંદાંને રૂઝાવી દો. તમે તો આ બૃહત્ જગતના પાલક છો, રક્ષક છો. તો તમે મારૂં પણ રક્ષણ કરો. આ જગતનો—આ સમસ્ત ભુવનનો જે કોઈ પતિ હશે, પાલનકર્તા હશે તેણે અમને ઉત્પન્ન કર્યા પછી અમારા રક્ષણને માટે શું કશીજ વ્યવસ્થા નહિ કરી રાખી હોય ? નહિ, નહિ, એમ તો હોયજ નહિ. હે બૃહસ્પતિ ! હે ભુવનપતિ ! તમારા ધ્યાનથી, તમારા વિચાર કરવાથી જે શક્તિ અમને મળે છે તેના પ્રવાહ વડે અમારાં અસંખ્ય છિદ્રો, ચાંદાંઓ પુરાઈ જાય છે, અમારી ભારેમાં ભારે ખામીઓ એક ક્ષણમાં સુધરી જાય છે. એટલા માટે હે જ્ઞાનપતિ ! તમે હવે મારી તમામ ત્રુટિઓને પૂરી કરી દો, મારા તમામ દોષોને સુધારી દો. એકલા મારે સારૂજ નહિ પણ અમારે સૌને માટે, આખી માનવ જાતિને માટે તમે કલ્યાણકારી નીવડો. તમે તો સૌને ધારણ કરનાર છો, જે કાંઈ બગડયું હોય તેને સમારનાર છો. હું મારી જાતે તો સર્વથા અશક્ત છું, કાંઇજ કરી શકતો નથી. માટે હે બૃહસ્પતિ ! હવે તો તમેજ મારી તમામ ત્રુટિઓને પૂરી કરી દો, મારી ખામીઓને સુધારી દો, મારી ન્યૂનતાઓને પૂર્ણ કરી દો. આટલું કરશો તોજ હું પૂર્ણ પુરુષ બની શકીશ.

શબ્દાર્થ

(मे) મારી **(चक्षुषः)** આંખોનાં, બાહ્ય ઇન્દ્રિયોનાં **(यत्)** જે છિદ્ર, દોષ, ન્યૂનતા વગેરે છે અને **(हृदयस्य)** મારા હૃદયના, બુદ્ધિના **(मनसो वा)** અથવા મારા મનમાં જે **(अतितृण्णम्)** ઉંડા જખમો હોય **(तत्)** તે છિદ્રોને, તે જખમોને **(बृहस्पतिः)** બૃહત્ સંસારનો જ્ઞાનમય પાલક પરમેશ્વર **(दधातु)** સુધારી દે, રૂઝાવી દે. **(यः)** જે **(भुवनस्य)** જગતનો **(पतिः)** સ્વામી છે તે **(नः)** અમારે માટે **(शं)** કલ્યાણકારી **(भवतु)** થાઓ.

२८ मार्गशीर्ष

मन्ये त्वा यज्ञियं यज्ञियानां मन्ये त्वा च्यवनं अच्युतानाम्।
मन्ये त्वा सत्वनामिन्द्र केतुं मन्ये त्वा वृषभं चर्षणीनाम्॥
(ऋक्० ८-९६-४)

વિનય

હે ઇન્દ્ર ! હવે મેં તને જાણ્યો છે, બરાબર ઓળખી લીધો છે. તું યજ્ઞિયોનો પણ યજ્ઞિય છે, એ હવે મેં જોઇ લીધું છે. આ સંસારની અંદર જે કોઇ યજ્ઞો સારી રીતે થઈ રહ્યા છે એવા અસંખ્ય યજ્ઞો દ્વારા અલબત્ત, અસંખ્ય દેવોનું યજન થાય છે એ વાત ખરી, પણ તે બધાજ યજ્ઞો અને યજનીય દેવો છેવટે જેનું યજન કરે છે તે એક દેવાધિદેવ તો તુંજ છે. જેનું અંતિમ ધ્યેય તું ન હોય તે યજ્ઞને યજ્ઞજ ન કહેવાય. વળી હું એ પણ જોઉં છું કે, જે જે અચ્યુત છે, સ્થિર છે, અચળ છે તેમનું પણ ચ્યવન તું છે, તેમને પણ સ્થિર રાખનાર તું છે. દુનિયામાં લોકો જેમને ઘણાજ ધ્રુવ અથવા સ્થાયી માને છે, તેમને પણ તું એક પલક વારમાં ચ્યુત કરી દે છે. પોતાને અચળ માની લેનારા મોટા મોટા અભિમાની સમ્રાટોનાં સિંહાસનો તું એક પળવારમાં ધૂળ ભેગાં કરી દે છે. મોટા મોટા અચળ પહાડોને ધરતીકંપના એકજ આંચકાથી જમીનદોસ્ત કરી નાખે છે. લાખો વર્ષના આયુષ્યવાળા સંપૂર્ણમાં સંપૂર્ણ ગ્રહોને પણ કોઇ કોઈ વાર એકબીજાની સાથે અથડાવી મારીને તેમના ભુક્કા ઉડાવી દે છે. તારી શકિતની અમે મનુષ્યો કલ્પના પણ નથી કરી શકતા. અમારામાં—પ્રાણીઓમાં જે કોઈ થોડા ઘણા બળવાન, સત્વશાળી દેખાય છે એવા બળવાનોના બળ કરતાં તારૂં બળ એટલું બધું ચઢીઆતું છે કે તે તેમના સૌના કેતુરૂપ છે, ધ્વજાને ઠેકાણે

છે. જેમ પોતાના આદર્શસૂચક ઝંડાને જોઇને તે તે ઝંડાના ઉપાસકોમાં નવું બળ, નવું ચેતન, નવો ઉત્સાહ આવે છે, તેમ હું પણ તારા અનંત અને ઉન્નત બળને જોઉં છું ત્યારે મારામાં પણ કોઇ મહાન્ શક્તિ પ્રવેશ કરતી હોય એવું મને લાગે છે. તું ‘ અમારા સત્વોનો કેતુ ’ છે. તું બળ–(સત્વ)નો આદર્શ છે અને પ્રાણી(સત્વ)ત્વ અથવા પુરુષત્વ તારામાં પરાકાષ્ઠાએ પહોંચી ગયું છે. એટલા માટે તું ‘ પુરુષોત્તમ ’ છે, મનુષ્યોમાં ‘ વૃષભ ’ છે. તું પુરુષ હોઇને પણ અમારાથી એટલો બધો શ્રેષ્ઠ છે, એટલો બધો ઊંચે જઇ પહોંચેલો છે કે તું ઉપર રહ્યો રહ્યો અમો સૌ પ્રાણીઓના ઉપર ઇષ્ટ ફળોનો વરસાદજ વરસાવી રહ્યો છે. આ સંસારમાં અસંખ્ય પ્રાણીઓની અસંખ્ય મનોકામનાઓ પ્રતિક્ષણે પૂર્ણ થયા કરે છે, તે તુંજ ઉપર રહ્યો રહ્યો તેમના ઉપર વરસાવે છે. અજ્ઞાની લોકો એવું સમજે છે કે, અમારી ઇચ્છાઓ પૂર્ણ કરનાર અમુક અમુક માણસ છે. બીજા કેટલાક એમ માને છે કે, અમારી ઇચ્છાઓને પૂર્ણ કરનાર અમારૂં જ્ઞાન અથવા અમારૂં બળ અથવા અમારૂં ધન છે. પરંતુ હે ઇન્દ્ર ! હું તો અનુભવ કર્યાજ કરું છું કે, તમામ મનુષ્યોની તમામ ઈચ્છાઓને પૂર્ણ કરનાર તુંજ છે અને એકલો તુંજ છે.

શબ્દાર્થ

(**इन्द्र**) હે ઇન્દ્ર ! હું (**त्वा**) તને (**यज्ञियानां यज्ञियं**) યજ્ઞાર્હોનો પણ યજ્ઞાર્હ (**मन्ये**) માનું છું, (**त्वा**) તને (**अच्युतानां च्यवनं**) ચ્યુત ન થાય એવાઓનો ચ્યવન, સ્થિર કરનાર (**मन्ये**) માનું છું. (**त्वा**) તને (**सत्वनां**) બળવાન પ્રાણીઓમાં (**केतुं**) ઝંડા જેવો ઘણોજ ઉંચે ચઢી ગએલો (**मन्ये**) જોઉં છું અને (**त्वा**) તને (**चर्षणीनां**) મનુષ્યોની (**वृषभं**) તમામ કામનાઓને પૂર્ણ કરનાર, વરસાવનાર (**मन्ये**) અનુભવું છું.

२९ मार्गशीर्ष

अरण्योर्निहितो जातवेदा गर्भ इव सुधितो गर्भिणीषु ।
दिवे दिव ईड्यो जागृवद्भिर्हविष्मद्भिर्मनुष्येभिरग्निः ॥
(ऋ. ३-२९-२ । सा. पू. १-२-८-७)

વિનય

તમે કહો છો કે, આત્મા દેખાતો તો છેજ નહિ. પણ જો તમારે તેને જોવોજ હોય તો તમે એ આત્માગ્નિને પ્રજ્વલિત કેમ નથી કરતા ? અરણીના લાકડામાં અથવા દીવાસળીમાં રહેલો ભૌતિક અગ્નિ પણ જ્યાં સુધી તેમને ઘસીને પ્રજ્વલિત ન કરીએ ત્યાં સુધી તો બિલકુલ દેખાતોજ નથી. તમે જરાક તમારી જાતરૂપી દીવાસળીનું અથવા અરણીના લાકડાનું પ્રણવ (ઈશ્વરનું નામ)રૂપી ડબ્બી (દીવાસળીની) અથવા બીજા અરણીના લાકડાની સાથે ધ્યાનરૂપી મંથન કરી જુઓ, તો તમને તમારો આત્માગ્નિ ઝળકી ઉઠતો દેખાશે, જે જાતવેદા છે તે જાગૃત થઇ જશે. અરે ! યોગરૂપી અરણી અને સ્વાધ્યાયરૂપી બીજી અરણી એ બેના સંબંધ વડે તો અંતઃકરણની અંદર પરમાત્મા પણ પ્રકાશિત થઇ જાય છે. અલબત્ત, શરૂઆતમાં તો આ આત્મજ્યોતિ માત્ર એક નાનીશી ચીણગારીના રૂપમાંજ પ્રકટ થાય છે. આથી કરીને જેમ ગર્ભિણી સ્ત્રી પોતાના ગર્ભની રક્ષા કરે છે, તેવી રીતે શરૂઆતની અવસ્થામાં એ આત્મજ્યોતિની ખૂબ રક્ષા કરવી જોઇએ. શું આપણે આપણા જ્ઞાનગર્ભની જરા પણ રક્ષા કરીએ છીએ ખરા ? અરેરે ! આપણે તો અજાણપણામાં ગર્ભપાત કરવાના મહાપાપના ભાગી બનીએ છીએ. માતા-પિતારૂપી અરણીઓના મંથનથી ઉત્પન્ન થયેલો સંતાનરૂપી અગ્નિ જેમ શરૂઆતમાં ગર્ભાવસ્થામાં હોય છે, તેવીજ રીતે આપણા મનુષ્યશરીરધારીઓનો આત્મજ્યોતિ જે જીવ અને મનુષ્યયોનિના સંબંધથી ઉત્પન્ન થયેલો છે, તે આપણા જન્મકાળથી ગર્ભિત અવસ્થામાં રહેલો હોય છે. પરંતુ એ ગર્ભિત **'सुधित'**

જ્યોતિને પાળી-પોષીને વિકસાવવાની જગ્યાએ આપણે નાના પ્રકારના ભોગની લાલચને વશ થઇને તેને દબાવી દઇએ છીએ, તેને સુરક્ષિત રાખવાને બદલે ઉલટો વિનષ્ટ કરી દઇએ છીએ. હવે વિચાર કરો કે, આપણને ગર્ભહત્યાનું કેટલું ઘોર પાપ લાગે છે? એ ગર્ભિત આત્મજ્યોતિ વિકસાવીને તેની મદદથી જેઓ પોતે પોતાને જાગૃત કરે છે, જ્ઞાનોપાર્જનરૂપી સમિધાઓ હોમીને આ શિશુ-અગ્નિને પ્રજ્વલિત કરે છે અને '**जागृवत्**' બની જાય છે તથા ઘૃતાહુતિરૂપી આત્મબલિદાનો દેતા રહીને એ અગ્નિને ખૂબ પ્રચંડ પણ બનાવી દે છે, તેઓજ ખરેખરા પુણ્યાત્માઓ છે અને તેઓજ સાચા '**हविष्मत्**' યજ્ઞ કરનારા છે. જુઓ, જગતના મહાત્માઓ શું કરી રહ્યા છે? તેઓ એજ રીતે પોતાનામાં જાતવેદાની ચીનગારીને એટલી બધી વધારી દે છે કે આજે તેઓ બધુંજ બાળીને ભસ્મ કરવાને સમર્થ એવા મહાનલ સમાન બની ગયા છે, મહાશક્તિમાન થઇ ગયા છે, 'મહાત્મા' બની બેઠા છે. જુઓ, જાગૃવાન્, હવિષ્માન્ મનુષ્યો પોતાના આવા પ્રજ્વલિત આત્માગ્નિનું પ્રતિદિન કેવું ભજન અને સ્તવન કરી રહ્યા છે, તેને કેવો વધારે ને વધારે તેજસ્વી કરી રહ્યા છે! એમની અંદર રહેલો આત્મદેવ નિરંતર જ્ઞાનોપાર્જન અને બલિદાનો દ્વારા પૂજાય છે અને પોષાય છે. અરે મનુષ્યો! તમે ઉઠો, જાગૃત થાઓ અને તમે પણ તમારા આત્માગ્નિને પ્રજ્વલિત કરો, વિકસિત કરો. તમે જાગૃત થઈને તથા હાથમાં હવિ લઇને (આત્મબલિદાન વડે) તમારા આત્માગ્નિને નિત્ય અધિક અધિક પ્રદીપ્ત કરતા જજો.

શબ્દાર્થ

(**जातवेदा:**) જ્ઞાન તથા ઐશ્વર્યવાળા અગ્નિ (**अरण्यो:**) અરણીઓમાં (**निहित:**) છુપાઇ રહે છે અને તે ત્યાં (**गर्भिणीषु गर्भ इव**) ગર્ભિણી સ્ત્રીઓના પેટમાં ગર્ભની માફક (**सुधीत:**) સારી રીતે ધારણ થાય છે-રક્ષાય છે. (**अग्निः**) આ અગ્નિદેવ (**जागृवद्भिः**) જાગ્રત રહેનારા, જ્ઞાનયુક્ત (**हविष्मद्भि:**) હવિવાળા, આત્મયોગીઓ (**मनुष्येभि:**) મનુષ્યો દ્વારા (**दिवे दिवे**) પ્રતિદિન (**ईड्यः**) પૂજાય છે.

યાદ રાખો

न ऋते श्रान्तस्य सख्याय देवाः

(ऋक्० ४-३३-११)

જાતે પરિશ્રમ કર્યા વિના, થાકયા વિના
દેવોની મૈત્રી નથી મળતી.

पौष मास

पौष मास (धनु राशि) माटे

प्राणदायक व्यायाम

પગ અને ઢીંચણને મજબૂત બનાવનારી કસરત

બેઉ પગ એકબીજાને અડકે એવી રીતે ટટાર ઉભા રહો. પગના અંગૂઠા જરાક બહારની બાજુ તરફ વળેલા રહે, બેઉ હાથ લટકતા રહે અને હથેળીઓ બહારની બાજુ તરફ રહે એવી રીતે ઉભા રહેવું. હાથ અને પગની માંસપેશીઓને બને તેટલી તંગ કરવી. પછી ફૂલાની ઉપરની માંસપેશીઓ દ્વારા પગની માંસપેશીઓને ઉપરની બાજુ તરફ ખેંચતા હોઈએ તેમ ખેંચાય તેટલી ખેંચીને જમણા પગને જમીન પરથી ઊંચો કરવો. આ વખતે પગના ઘૂંટણ આગળથી પગ જરા પણ વળવો ન જોઇએ, તેમ કોઈ પણ એક બાજુ તરફ નમેલો ન રહે. આખો પગ તદ્દન સીધોસટ, ટટાર અને ખેંચાએલી માંસપેશીઓવાળોજ રહેવો જોઈએ. માંસપેશીઓના ખેંચાવાથી જમણો પગ એટલો પાતળો થઇ જવો જોઇએ કે તે જમીનથી બે ત્રણ ઇંચ જેટલો તો આપોઆપ ઉંચકાઈ આવે. એજ પ્રમાણે જમણા પગને ભોંય ઉપર ટેકવી રાખીને ડાબા પગને કસરત આપવી. મતલબ કે, ડાબા પગને ખૂબ તંગ કરીને ઊંચો કરવો. આ રીતે કેટલીક વાર સુધી બેઉ પગને વારા ફરતી કસરત આપ્યા કરવી. પગ જમીન ઉપરથી ઊંચો થાય તેટલી વારમાં શ્વાસને અંદર ખેંચવો અને પગ નીચો આવે તેટલી વારમાં બહાર કાઢી નાખવો. આ કસરત કરતી વખતે આખું શરીર બરાબર ટટાર રહે. અને જરા પણ હાલે નહિ તેની કાળજી રાખવી. આ બધો વખત મનને પગ અને ઘૂંટણોમાંજ પરોવી રાખવું. વળી નીચે પ્રમાણે ધ્યાન કરવું:—

ધ્યાન—"હું શક્તિ અને ઉત્સાહથી પરિપૂર્ણ થતો જાઉં છું. આ વ્યાયામ વડે મને નવીન તેજ અને જીવન મળતું જાય છે." ઇત્યાદિ.

વળી એ અવયવોને માટે ચૈત્ર, આષાઢ અને આશ્વિન માસની કસરતો પણ ગૌણ રીતે લાભદાયક નીવડે છે.

१ पौष

त्वद् विश्वा सुभग सौभगान्यग्ने वियन्ति वनिनो न वयाः ।
श्रुष्टी रयिर्वाजो वृत्रतूर्ये दिवो वृष्टिरीड्यो रीतिरपाम् ॥
(ऋ० ६-१३-१)

વિનય

અમે કેવા મૂર્ખ છીએ, કે મૂળમાં પાણી સીંચવાને બદલે પાંદડાં ઉપર પાણી સીંચ્યા કરીએ છીએ ! હે અગ્નિ ! તમે તો સૌભાગ્યોના કલ્પવૃક્ષ છો. છતાં પણ અમે તમારૂં એકલાનું સેવન ન કરતાં અમારી અગણિત ઇચ્છાઓ અને ઈષ્ટ વસ્તુઓની પાછળ પાછળ દોડતા ફરીએ છીએ અને હેરાન પરેશાન થઇ જઇએ છીએ. આ જગતમાં સુખ અને સૌભાગ્યની જે જે વિવિધ પ્રકારની વસ્તુઓ અમારી નજરે પડે છે, જે કાંઈ સુંદર તેમજ શુભ ઐશ્વર્ય જેવું દેખાય છે, તે બધાનું મૂળ ઉત્પત્તિસ્થાન તમારામાંજ રહેલું છે. તમારામાંથી નીકળીને તેઓ આખા જગતમાં ચારે દિશાએ ફેલાઇ ગયાં છે. આ આખું વિશ્વ અનંત પ્રકારની સુંદર સુંદર સંપત્તિઓ વડે ભરપૂર છે. તે બધાના મૂળમાં, હે સુભગ ! એક તમેજ રહેલા છો. અમે જો એકલા તમનેજ ભજીએ, તમારી એકલાનીજ ઉપાસના કરીએ તો અમારી બાકીની ઉપાસ્ય વસ્તુઓ તો તેમની મેળેજ અમારી પાસે ખેંચાતી ચાલી આવે, અમને અનાયાસે પ્રાપ્ત થઈ જાય. તમને વૃક્ષનેજ પ્રાપ્ત કરીએ એટલે ડાળી-ડાંખળાં, પાંદડાં, ફળ, ફૂલ વગેરે તમામ એમની મેળેજ અમારા હાથમાં આવ્યા વિના રહેશેજ નહિ. તમારા એકલાના, સુભગના સેવન દ્વારા જે જે સૌભગ છે, જે જે સુંદર ઐશ્વર્યો છે, તે બધાંજ યથાસમય, યથાપ્રમાણમાં, યથારીતિએ અમને આવીજ મળશે. અમે માત્ર તમારી એકલાનીજ સેવા કરતા

રહીશું તો અમને જે વખતે જે ઐશ્વર્યની આવશ્યકતા હશે તે તે ઐશ્વર્ય બરાબર ક્રમવાર, તેના યોગ્ય વખતે, જેટલા પ્રમાણમાં અમને તેની જરૂર હશે બરાબર તેટલાજ પ્રમાણમાં, વગર વિલંબે અતિ શીઘ્રતાપૂર્વક અમારી સન્મુખ આવીને હાજર થઇ જશે. જેઓ તમને ભજશે તેમને તમામ પ્રકારનું ભૌતિક ધન, તેમની પાર્થિવ (શારીરિક) આવશ્યકતાઓની પૂર્તિને માટે જરૂરનાં તમામ સાધનો, જે વખતે જેની જેટલી જરૂર હશે તે બધાંજ તે વખતે તેટલા પ્રમાણમાં આવીજ મળવાનાં. પાપનો નાશ કરવાને માટે, પાપની સામે યુદ્ધ કરવાને માટે, જીવનના સંઘર્ષમાં વિજયી થવાને માટે જે વખતે જે તેજ, બળ તેમજ સામર્થ્યની આવશ્યકતા ઉભી થતી જશે તે વખતે તે સઘળાં યોગ્ય પ્રમાણમાં તેને તમારા તરફથી મળતાંજ રહેશે. એ બધા ઉપરાંત ઉપરના અંતરિક્ષ લોકમાંથી ચાલી આવતી દિવ્ય સૂક્ષ્મ ઐશ્વર્યની વૃષ્ટિ, માનસિક જગતની દુર્લભ અને મહાન સંતુષ્ટિ, આનંદ અને તૃપ્તિ પણ તેને પ્રાપ્ત થઇ જશે. વારૂ, એકલી દિવ્ય વૃષ્ટિજ નહિ, પણ એ દિવ્ય વૃષ્ટિનાં જળને પ્રેરનાર, તેમને ગતિ આપનાર જે સ્તુત્ય જગદ્વંદ્ય દિવ્ય જ્યોતિ છે તે આદિત્ય જ્યોતિ પણ તેને છેવટે પ્રાપ્ત થઇ જશે. આ રીતે એક એકથી ચઢીઆતાં ઐશ્વર્યો–પાર્થિવ, આન્તરિક્ષ અને દિવ્ય (આત્મિક) આદિ તમામ ઐશ્વર્યો, તારૂં એકલાનુંજ સેવન કરવાથી પૂરેપુરાં આવી મળે છે. તે છતાં અમે એવા મૂર્ખ છીએ કે તારૂં સેવન નથી કરતા, તારો એકલાનોજ આશ્રય નથી લેતા, સકલ ઐશ્વર્યના મૂળરૂપ તું એકલાનોજ આધાર નથી લેતા.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ ! **(सुभग)** હે સુંદર ઐશ્વર્યવાળા ! **(त्वत्)** તારામાંથીજ **(विश्वा)** તમામ **(सौभगानि)** સુંદર ઐશ્વર્યો **(वियन्ति)** વિવિધ પ્રકારે નીકળે છે, **(वनिनः न)** જેમ વૃક્ષમાંથી **(वयाः)** શાખાઓ [વિવિધ પ્રકારે નીકળે છે] તું વૃક્ષતું સેવન કરનારાઓને] **(श्रुष्टी)** તરતજ **(रयिः)** ભૌતિક ધન **(वृत्रतूर्ये वाजः)** યુદ્ધમાં બળ **(दिवः वृष्टिः)** અંતરિક્ષની દિવ્ય વૃષ્ટિ તથા **(अपां रीतिः)** આ જળને ગતિ આપનાર **(इड्यः)** સ્તુત્ય જ્યોતિ પણ પ્રાપ્ત થાય છે.

२ पौष

क्व स्य ते रुद्र मृडयाकुर्हस्तो यो अस्ति भेषजो जलाषः ।
अपभर्त्ता रपसो दैवस्य, अभी नु मा वृषभ चक्षमीथाः ॥
(ऋक्. २-३३-७)

વિનય

મેં ખરેખર પાર વિનાના અપરાધ કર્યા છે. એ અપરાધનાં ફળ મારે ભોગવવાં પડતાં હોવાથી હું દુઃખી છું, પીડાયમાન છું, રોગગ્રસ્ત છું. પરંતુ હે રુદ્ર! હું એટલું જાણું છુંજ કે, તમે એક બાજુએ સજા કરો છો ત્યારે બીજી બાજુએ સજાની સાથે સાથેજ અમારા ઉપર પ્રેમ પણ કરો છો. જેવા તમે રુદ્ર છો, તેવા તમે વૃષભ પણ છો. તમે કોઇ કોઇ વાર અપરાધ કરતાની સાથેજ ઝટ સજા કરી દો છો તો કોઈ વાર સહન (ક્ષમા) પણ કરો છો. તમારો કઠોર હાથ અમને જ્યાં સજા કરવા મંડી જાય છે ત્યાં તેજ વખતે તમારો બીજો કરુણામય હાથ અમને પ્રેમથી પંપાળે પણ છે. આજે હું તમારા ભયદાયક હાથનો સારી રીતે અનુભવ કરી રહ્યો છું. આજે તે ઉગ્ર રૂપ ધારણ કરીને મને મારા અપરાધની યોગ્ય સજા કરી રહ્યો છે. પરંતુ હું એ પણ જાણું છું કે, તમારો બીજો **'मृडयाकु'** સુખદાયક હાથ પણ છે, જે કલ્યાણરૂપ હોઇને મને શાંતિ અને સાંત્વન આપતોજ જાય છે. હું જાણું છું કે, મેં દેવોના અક્ષમ્ય અપરાધ કર્યા છે, તેમ છતાં તેના બદલામાં મેં દુઃખ પણ કાંઇ થોડાં નથી વેઠયાં. હવે તો દુઃખ વેઠી વેઠીને હું અત્યંત દુર્બળ થઇ ગયો છું. હવે આથી વધારે સજા ખમવાની મારામાં શક્તિ પણ રહી નથી. એટલા માટે હે કામનાઓને પૂર્ણ કરનાર! હે સુખને વર્ષાવનાર! હવે તમે મારા અપરાધ સહન કરી જાઓ, ક્ષમા કરો. જે અસહ્ય પીડાઓ હું સહન કરી

રહ્યો છું તેમણે મને પાપની દુઃખરૂપતાનો પૂરો અનુભવ કરાવી દીધો છે. વાસ્તે હવે હું સહનીય છું, ક્ષમાને પાત્ર છું. હવે અત્યારે તો મને તમારા કોમળ કરુણામય હાથના સ્પર્શનો અનુભવ કરાવો. તમે સાચા વૈદ્ય છો, તમેજ પૂર્ણ ચિકિત્સક છો. અરેરે ! ક્યાં છે પેલો તમારો સુખદાયક હાથ, જે ઔષધમય છે, જે આનંદજનક છે ? ક્યાં ગયો પેલો તમારો '**मृडयाकु**' હાથ, જે મારાં આ 'દૈવ્ય' પાપોનું શમન કરી દેશે, જે આ મારાં પાપરૂપી વ્યાધિનું નિવારણ કરશે ? મને હવે તમારા એજ હાથનો સ્પર્શ કરાવો. હે વૃષભ ! હવે મને ક્ષમા કરો અને તમારા પેલા સુખદાયક હાથનોજ અનુભવ કરાવો.

શબ્દાર્થ

(रुद्र) હે રુદ્ર ! દુઃખ અને રોગનો નાશ કરનાર ! **(ते)** તારો **(स्य:)** તે **(मृडयाकु)** સુખદાયક **(हस्त:)** હાથ **(क्व)** ક્યાં છે **(य:)** જે **(भेषज:)** ઔષધમય અને **(जलाष:)** આનંદજનક **(अस्ति)** છે, જે **(दैवस्य)** દેવ સંબંધી **(रपस:)** પાપને, રોગને **(अपभर्ता)** દૂર કરે છે ? **(वृषभ)** હે સુખને વરસાવનાર ! તું **(नु)** હવે તો **(मा)** મને **(अभिचक्षमीथा:)** ક્ષમા કર, સહન કર.

३ पौष

यो मर्त्येष्वमृत ऋतावा देवो देवेष्वरतिर्निधायि ।
होता यजिष्ठो मह्ना शुचध्यै हव्यैरग्निर्मनुष ईरयध्यै ॥
(ऋ० ४-२-१)

વિનય

આ આત્માગ્નિને આપણી અંદર મૂકી રાખ્યો છે તેનું બીજું પ્રયોજનજ શું હોય ? આખરે માટી થઇને માટીમાં મળી જનારા આ આપણા મર્ત્ય શરીરની અંદર તે કદી પણ ન મરે એવું એક અમૃત તત્ત્વ રહ્યું છે. જે એકલુંજ સત્ય છે, જે સત્યસ્વરૂપ છે, જે 'આત્મા' કહેવાય છે, આ ઇન્દ્રિયોરૂપી દેવોની વચમાં તેમના સૌના દેવાધિદેવરૂપે, આ બધા દેવોની મંડળીમાં નિઃસંગ, નિર્લેપ ભાવે રહે એવો જે એક અમર દેવ બિરાજે છે તેનું બીજું કયું પ્રયોજન હશે ? અલબત્ત, તેનું માત્ર એકજ પ્રયોજન હોવું જોઇએ અને તે એ કે, આપણે તેની વૃદ્ધિ કરીએ, તેને સદાય પ્રદીપ્ત રાખીએ અને તેનો મહિમા, તેનો પ્રકાશ પ્રતિદિન વિવિધ પ્રકારે વધતોજ જાય એવું આચરણ રાખીએ. આ જીવનનો હેતુજ એ છે કે, તેના દ્વારા આત્મા પોતે પોતાનો વિકાસ સાધી શકે. આ સંસારનું અસ્તિત્વજ એટલા માટે છે કે, તેમાં રહીને આત્માગ્નિ પોતાના પ્રકાશને ઘણામાં ઘણી હદ સુધી વધારે; પોતાના મહાન્ મહિમા દ્વારા, પોતાના અદ્‌ભુત સામર્થ્ય દ્વારા, પોતાનાં દિવ્ય ઐશ્વર્યો દ્વારા પોતાના સ્વરૂપને ઘણામાં ઘણું પ્રકાશિત કરી શકે. એટલા માટે તો આત્મા '**होता**' બન્યો છે, દાન અને આદાન કરનાર બન્યો છે. આત્માને અર્થે આપણે જે કાંઇ બલિદાન ચઢાવીએ તો તેના બદલામાં તેના કરતાં હજારગણું આદાન આપણને નાના પ્રકારના ઐશ્વર્યોના રૂપમાં પ્રાપ્ત થાય છે. આ કારણને લીધે આત્માજ યજિષ્ટ છે. સર્વશ્રેષ્ઠ યજનીય છે. એનુંજ યજન કરીને આત્મિક સામર્થ્યો અને આત્મિક

ઐશ્વર્યો પ્રાપ્ત કરવાં જોઇએ અને તેમના દ્વારા આપણી જાતને, આપણા સ્વરૂપને પ્રદીપ્ત કરી દેવું જોઇએ. પણ આત્મા ઉપર કહ્યાં તેવાં અદ્ભુત ઐશ્વર્યોનું અને સામર્થ્યોનું આદાન ત્યારેજ કરે છે, કે જયારે તેને અર્થે આપણે બલિદાન ચઢાવ્યું હોય, આત્મબલિદાન દીધું હોય. અરે ! એ દિવ્ય અગ્નિની જ્વાલા તો મનુષ્યની પાસે આત્મબલિદાન માગીજ રહી છે, તેને નિત્ય પ્રેરણા કર્યાજ કરે છે. બાહ્ય અગ્નિહોત્રનો ભૌતિક અગ્નિ આપણને કાંઇક પ્રિય લાગે છે, એના પ્રતિ આપણું હૃદય આકર્ષાય છે, તો તેના કરતાં હજારોગણો પ્રિય અને આકર્ષક આપણી અંદરનો આત્માગ્નિ છે ! એ અતિપ્રિય આત્માગ્નિની જયારે ઝાંખી થઇ જાય છે ત્યારે તો તેને અર્થે આખા જગતને હોમી દઇને પણ તેના પ્રેમને પ્રાપ્ત કરવાની મનુષ્યને તાલાવેલી લાગે છે. તેનું તેજ એટલું પ્રિય લાગે છે કે તેના દર્શનમાત્રથી બાકીના આખા ને આખા અનાત્મ સંસારને એકદમ બલિદાનમાં હોમી દેવા મનુષ્ય ઉત્સુક બની જાય છે. એટલા માટે હે ભાઇઓ ! જરા તમારી અંદર ડોકિયું કરો. તમે તેને કયારે પ્રદીપ્ત કરો તેનીજ રાહ જોતો તમારો આત્માગ્નિ તમારી અંદર બેઠેલો છે. તમે શું તેને પ્રદીપ્ત નહિજ કરો ? આ અમૃત તમને બલિદાન (યજન)ને માટે નિરંતર પ્રેરણા કર્યાજ કરે છે, તમે તેનો અવાજ સાંભળશો કે નહિ ?

શબ્દાર્થ

(यः) જે **(मर्त्येषु)** મરણશીલ મનુષ્યોમાં **(अमृतः)** કદી મરે નહિ એવો **(ऋतावा)** સત્યરૂપ થઇને અને **(देवेषु)** ઇન્દ્રિયાદિ દેવોની વચમાં **(अरतिः देवः)** અસંગ ભાવે રહે એવો એક દેવ **(निधायि)** નિહિત છે, તે **(होता)** દાન આદાન કરનાર **(यजिष्ठः)** સર્વશ્રેષ્ઠ યજનીય **(अग्निः)** આત્માગ્નિ અમારામાં **(मह्ना)** પોતાના મહિમા દ્વારા **(शुचध्यै)** પ્રદીપ્ત થવાને માટેજ [નિહિત છે] અને **(मनुषः)** મનુષ્યને **(हव्यैः)** આત્મ–હવનો વડે [યજનની] **(ईरयध्यै)** પ્રેરણા કરવાને માટેજ નિહિત છે.

४ पौष

नाहमतो निरया दुर्गहैतत्, तिरश्चिता पार्श्वान्निर्गमाणि ।
बहूनि मे अकृता कर्त्वानि युध्यै त्वेन स त्वेन पृच्छै ॥
(ऋ० ४-१८-२)

વિનય

જે સાંસારિક પગદંડીઓ ઉપર થઇને સંસાર ચાલ્યો જાય છે તેના ઉપર થઇને હું પ્રવાસ નહિ કરૂં. મારે તો મારા લક્ષ્ય તરફ સીધા જ પહોંચી જવું છે. હું કાંઇ જેવો તેવો નથી, હું તો શ્રેષ્ઠ દેવ છું. હું કાંઇ ભોગ ભોગવવાને આવેલો, જમીન ઉપરની ધૂળ અથવા કાદવમાં સળવળતો સાંસારિક કીડો નથી. હું તો પરબ્રહ્મના તરફ વેગથી ઉડી જનાર અને કોઇથી રોકયો રોકાય નહિ એવો અદમ્ય આત્મા છું. સંસારનાં સુખોની પાછળ દોડવું અને પછી ત્યાં નાના પ્રકારનાં દુઃખ ભોગવવાં–એ રસ્તો મારે નથીજ લેવો. એ રસ્તો તો મને ઘણોજ દુઃખદાયક નીવડે એવો છે. બીજા સંસારી લોકોની માફક આ સંસારરૂપી વિશાળ ગર્ભાશયમાં પરિપકવ થવા માટે અપરિમિત સમય સુધી મારે પડયા નથી રહેવું. હું તો હમણાં ને હમણાંજ આ સંસારનાં બંધનોથી છૂટો થનાર છું, મુક્ત પુરુષ થઇ જનાર છું. સંસારનાં સુખ કેવાં દુઃખરૂપ છે તે હું બરાબર જાણી ગયો છું. હું જ્ઞાની થયો છું, હવે હું નીચો નથી ઉતરનારો. હવે તો હું સીધો સડસડાટ ઉંચે ને ઉંચેજ ચઢતો જઇશ, મારી સામેનાં ભીતડાંને ભાંગી તોડીને બહાર નીકળી જઈશ. તમે મને ભલેને ચાલુ પગદંડી ઉપર થઇને ચાલવાની શિખામણ દીધા કરો, પણ હું તો પ્રવાહને સામે મોઢે, રસ્તામાં પર્વતો આવે તો તેમને પણ ઓળંગીને મારા લક્ષ્યસ્થળ ઉપર સીધો જઇ પહોંચવાનો છું. તમે મને કહેશો કે, અલ્યા ! એ તો અસંભવિત છે, પણ હું તમને કહું છું કે, દુનિયાને માટે નવાં હોય, કોઇએ કદી પણ કર્યાં ન હોય એવાં ઘણાં ય કામ મારે કરવાં છે. વટાએલી વાટે મારે નથી ચાલવું. મારે મારોજ રસ્તો કાપી કાઢવો છે. મારે ચાર આશ્રમોનું ક્રમ વાર પાલન કરવા જેટલો વખત નથી ગુમાવવો, હું તો સીધોજ એકદમ સંન્યાસી થઇ જનાર છું. લોકો કહે છે કે, આ

સંસારમાં રહીને પૂર્ણ બ્રહ્મચર્ય તો પાળી શકાયજ નહિ, એ અસંભવિત તો છે, પરંતુ મારે તે પાળીજ બતાવવું છે. હું પૂર્ણ અખંડિત બ્રહ્મચર્ય પાળનાર છું, પૂર્ણ બ્રહ્મચારી થનાર છું. પોતાનામાંથી રાગ–દ્વેષને તદ્દન કાઢી નાખવા એ તો સમુદ્રને સૂકો કરી નાખવા બરાબર છે; પણ હું તો રાગ–દ્વેષથી તદ્દન મુક્ત થઇ જ જનાર છું. અલબત્ત, તમે તો મને ચાલુ રસ્તે, વટાએલી વાટે રહીને જવાની સલાહ આપો છો, ધીમે ધીમે ચાલવાની સલાહ આપો છો પણ મારે તો દુનિયાથી ઉલટાજ ચાલવું છે. આખી દુનિયાની સામે જંગ માંડવો છે. પણ જ્યાં આખા સંસારની સામે ઝૂઝવાને હું તૈયાર છું ત્યાં ઈશ્વરની આગળ ઝૂકી પડવા પણ તેટલોજ તૈયાર છું. એક બાજુએ આ પ્રમત્ત સંસારનીસાથે હું એકલે હાથે બાખડી બાંધીશ–બથ્થંબથ્થા કરીશ, ત્યારે બીજી બાજુએ હું મારા પરમ* ગુરુને અતિ નમ્ર ભાવે પ્રશ્નો પૂછીશ, તેમની આગળ મારી શંકાઓ રજૂ કરીશ અને તેઓ જે ઉપદેશ આપશે તે હું શિષ્યભાવે ગ્રહણ કરીશ. વળી એજ મારા પ્રભુના તરફ વેગથી ખેંચાઇને અને પ્રભુના એવા પ્રબળ આકર્ષણના બળે મારા માર્ગમાં આડે આવનારાં તમામ વિઘ્નોને, અડચણોને છૂંદતો, દબાવતો હું આગળ ધપીશ. આ સંસારના બંદીખાનામાંથી બહાર નીકળી પડીશ અને મોક્ષ પ્રાપ્ત કરીશ. હમણાં ને હમણાંજ મુક્ત થઈ જઈશ.

શબ્દાર્થ

(अहं) હું **(अतः)** આ સંસારી લોકોને રસ્તેથી **(न निरयाः)** નહિ ચાલું. **(एतत् दुर्गहा)** એ રસ્તો મારે માટે ઘણો કઠિન છે, દુર્ગ્રહ છે. હું તો **(तिरश्चिता)** તદ્દન સીધે રસ્તે **(पार्श्वात्)** સામેની બાજુએથીજ **(निर्गमाणि)** ભેદન કરીને બહાર નીકળી પડીશ. મારે તો **(बहूनि)** એવાં ઘણાંય **(अकृता)** આજ સુધીમાં કોઇએ કદી પણ કર્યાં ન હોય એવાં કામ **(कर्त्त्वानि)** કરવાં છે. **(त्वेन)** એકની સાથે હું **(युध्यै)** લડતો જઈશ તેજ વખતે હું બીજાને **(संपृच्छ्यै)** પૂછતો રહીશ, નમ્ર બનીને પ્રશ્નો પૂછીશ અને તેનો ઉપદેશ ગ્રહણ કરીશ.

---

* પરમ ગુરુ એટલે પરમેશ્વર; કાન ફૂંકનાર અને કંઠીઓ બાંધનાર કોઈ બાવો કે સંન્યાસી નહિ. —**સેવાનંદ**

५ पौष

त्वं महीमवनिं विश्वधेनां तुर्वीतये वय्याय क्षरन्तीम् ।
अरमयो नमसैजदर्णः सुतरणाँ अकृणोः इन्द्र सिन्धून् ॥
(ऋ. ४-१९-६)

વિનય

'હે ઇંદ્ર ! તું તો તેનેજ મદદ કરે છે, કે જે પોતેજ પોતાની જાતને મદદ કરવા મંડી જાય છે.' એટલા વાસ્તે જે મનુષ્ય પોતાની જાતેજ પોતાની આડે આવનારાં તમામ વિઘ્નોને, અડચણોને દૂર કરવા સમર્થ છે, જે પોતાનો રસ્તો રોકીને ઉભેલા શત્રુઓનો વિનાશ કરનાર **'तुर्वीति'** છે તેનેજ તું મદદ કરે છે, તેનોજ રસ્તો તું સાફ કરી દે છે. પણ એવા પુરુષો બીજાઓ તરફ હમેશાં સેવાભાવી હોય છે, હરકોઇને જ્યારે જરૂર પડે ત્યારે તેમની મદદ લઈ શકે છે, સૌ જેમની ઇચ્છા રાખે એવા સૌના વાંચ્છનીય, સૌના પ્રાપ્તવ્ય **'वय्य'** પણ તેઓ અવશ્ય હોય છેજ. હે ઇન્દ્ર ! તારા ભકતો ફક્ત વિનાશજ કરી શકે એવા અને હમેશાં કરડા દેખાવવાળાજ નથી હોતા, પણ હમેશાં બીજાઓને મદદ કરવાને માટે તૈયાર અને સૌમ્ય આકૃતિવાળા હોય છે. તારા સાચા ભક્તો એક બાજુએ પોતાના માર્ગમાં આડે આવનારા રાક્ષસોનો અને અસુરોનો સંહાર કરનારા હોય છે, ત્યારે બીજી બાજુએ જનતાની સેવા કરનારા, તેમને આશ્રય આપનારા અને સૌની પ્રીતિ સંપાદન કરનારા પણ અવશ્ય હોય છેજ. હે ઇંદ્ર ! તારા એવા સર્વોત્તમ ભકતોને માટે તું કશું બાકી નથી રાખતો. ઉપર કહ્યા તેવા **'तुर्वीति'** અને **'वय्य'** પુરુષોને માટે તેં આ મહાન્ પૃથ્વીને મનોવાંચ્છિત ફળ આપનારી બૃહત્ ગૌ બનાવી રાખી છે અને મોટા મોટા સમુદ્રોને તું 'સુતરણ' કરી દે છે. તેમના માર્ગમાં જે કાંઇ આવે, જળ આવે કે સ્થળ આવે, પરંતુ એવી કોઇ પણ વસ્તુ તેમની પ્રગતિને ખાળી શકતી નથી. જ્યારે કોઇ પણ માણસ **'तुर्वीति'** અને **'वय्य'** બની જઇને તને પ્રાપ્ત કરવાને માટે નીકળી પડે

છે, તારા પંથના પથિક બને છે, તો તેના રસ્તામાં ઉભેલી મોટામાં મોટી અડચણો નડતર નથી કરી શકતી; પણ તારી કૃપા વડે તેઓ ઉલટી કામધેનુની માફક મનોવાંચ્છિત ફળ આપનારી જેની જેની જરૂર હોય તે બધી આવશ્યકતાઓ તત્કાળ પૂરી પાડનારી, અને વિવિધ પ્રકારે સહાયતા આપનારી નીવડે છે. તેમના માર્ગમાં આવતા ભયંકર તોફાની સમુદ્રોને તું તારા '**नमः**' વડે શાંત કરી દે છે. ગમે તેવો ઉછળતો અને ઘૂઘવતો તોફાની સમુદ્ર હોય તો પણ તારૂં '**नमः**' નામનું શાંતિ-વજ્ર, જેનામાં હરકોઇને નમાવી દેવાનું સામર્થ્ય છે, તે જ્યાં તેં અજમાવ્યું કે તરતજ તે શાંત, રમમાણ અને પ્રસન્ન બની જાય છે અને પછી તે સમુદ્રનું જળ તારા ભક્તને ડૂબાડી દેવાને બદલે તેને તરવામાં સામું મદદગાર નીવડે છે. હે ઇન્દ્ર ! આ બધો તારો મહિમા છે, તારા ભકતો પ્રતિ તારી કેટલી કરુણા છે તે બતાવી આપે છે. ના, ના, હું તો એવુંજ કહીશ કે એ બધું '**तुर्वीति**' અને '**वय्य**'પણાનો મહિમા છે, તારી ઉત્કૃષ્ટ ભક્તિનું માહાત્મ્ય છે.

હે ઇન્દ્ર ! એક વાત તો નિઃસંદેહ છે કે, તું અમને વિપત્તિઓના મોટા મોટા વિકટ પર્વતોને પણ ઓળંગાવી દઈશ, ભયંકરમાં ભયંકર તોફાની સમુદ્રોને પણ તું તરાવી દઈશ, તું બધુંજ કરી દઈશ. બસ, અમે તારા પૂરેપુરા ભક્ત બની જઇએ, '**तुर्वीति**' અને '**वय्य**' બની જઇએ એટલીજ વાર છે.

શબ્દાર્થ

(**इन्द्र**) હે ઇન્દ્ર ! (**त्वं**) તું (**तुर्वीतये**) શત્રુઓનો નાશ કરનારાઓને માટે અને (**वय्याय**) બીજાઓને પ્રાપ્તવ્ય અને વાંચ્છનીય ભક્તજનોને માટે (**महीं अवनीं**) આ વિશાળ પૃથ્વીને (**विश्वधेनां**) બધુંજ મનમાગ્યું આપનારી, તમામ પ્રકારે પ્રીણન કરનારી, પ્રસન્ન કરનારી અને (**क्षरन्तीं**) અભીષ્ટ ફળોની પ્રાપ્તિ કરાવનારી (બનાવી દે છે) તથા (**एजत्**) ખૂબ ઉછળતા, તોફાની (**अर्णः**) સમુદ્રના જળને (**नमसा**) તારા નમઃ દ્વારા, વજ્ર દ્વારા (**अरमयः**) રમમાણ અને શાંત બનાવી દે છે. વળી (**सिन्धून्**) સમુદ્રોને (**सुतरणान्**) સુગમતાપૂર્વક તરી જવાય એવા (**अकृणोः**) કરી દે છે.

६ पौष

प्र ते पूर्वाणि करणानि विप्र, आविद्वाँ आह विदुषे करांसि।
यथा यथा वृष्ण्यानि स्वागूर्त्ता अपांसि राजन् नर्य्याविवेषीः ॥
(ऋ. ४-१९-१०)

વિનય

હે ઇન્દ્ર ! તમે અમારાં કર્મોમાં પણ વસો છો. પણ જે કર્મો પોતાની મેળેજ અમારી અંદરથી સ્વાભાવિક રીતે પ્રકટ થાય એવાં '**स्वगूर्त्त**' હોય, જે સૌ નરોમાં હિતકારી '**नर्य**' હોય અને જે બળકારક (શક્તિને વધારનાર) '**वृष्ण्य**' હોય, એવાં શ્રેષ્ઠ કર્મોની અંદરજ, હે ઇન્દ્ર ! તમે નિવાસ કરો છો. અથવા એમજ કહેવું જોઇએ કે, તમારા નિવાસને લીધેજ અમારાં કર્મોમાં ઉપર કહી તેવી શ્રેષ્ઠતા અને શક્તિ ઉત્પન્ન થાય છેં. જેનાં કર્મોમાં તમે આવી રીતે વ્યાપી રહો છો, આવિષ્ટ થાઓ છો તે પુરુષને ધન્ય છે ! હે રાજન્ ! હે સાચા રાજા ! કોઇ પણ મનુષ્યનાં કર્મોની અંદર તમે આ રીતે જેમ જેમ વધારે ને વધારે વિરાજતા જાઓ છો, તેમ તેમ તેનું કર્મ-સામર્થ્ય વધતું જાય છે, તેમ તેમ તેનાં કર્મો વધારે ને વધારે વિશાળ ક્ષેત્ર ઉપર પોતાનો પ્રભાવ પાડતાં જાય છે. છેવટે તેનાં માનસિક કર્મો અને તેનું જ્ઞાન અત્યંત વ્યાપક અને તેજસ્વી થઇ જાય છે; તેનાં જ્ઞાન-કર્મમાં તમારોજ નિવાસ થઇ જાય છે. આથી કરીને પોતાનાં કર્તવ્ય કર્મોને યથાવત્ સમજી શકે અને બીજાઓને પણ તેમનાં કર્મોનો બોધ કરી શકે એવા કોઇ પુરુષ હોય તો હમણાં જેમનું વર્ણન કરી ગયા તેજ હોઇ શકે. કારણ કે હે વિપ્ર ! હે સર્વજ્ઞાનમય ! ઉપર કહી તેવી અવસ્થા થાય ત્યારેજ તમારા પૂર્વકરણોને પણ પૂરેપુરી રીતે જાણી શકે એવો તે પુરુષ '**आविद्वान्**' બની જાય છે. આ સંસારની અંદર તમારૂં સનાતન કર્મ ચાલ્યા કરે છે અને તે કર્મ જે સનાતન શુદ્ધ સાધનો અને કરણો દ્વારા થઇ રહ્યું છે તેનો પણ તે પુરુષને સાક્ષાત્ અનુભવ થવા

માંડે છે. આથી કરીને અમુક સમયમાં કયું કર્મ કરવા જેવું છે તેનો સાચો નિર્ણય તેજ કરી શકે છે અને બીજાને તેનો બોધ કરી શકે છે. બીજાઓને તેમના કર્તવ્યનો માર્ગ તેજ બતાવી શકે છે, સાચા જ્ઞાનનો ઉપદેશક પણ તેજ થઇ શકે છે, વાસ્તવિક રીતે સાચી ભવિષ્યવાણી પણ તેજ કરી શકે છે; કારણ કે તારાં સનાતન કરણોથી (સાધનોથી) તે જાણકાર હોવાથી તારી સૃષ્ટિમાં હવે કયું કર્મ થનાર છે તે તેજ કહી શકે છે. ખરૂં કહેવા જઇએ તો આ વાતો સામાન્ય જનતામાં કરવા જેવી પણ નથી. આવી '**आविद्वान्**' ની વાતોને માત્ર વિદ્વાનોજ સમજી શકે છે. હે સર્વજ્ઞ ! માત્ર વિદ્વાન લોકોજ તારાં આવાં કરણોની અને તારાં કાર્યોની અંદર અંદર ચર્ચા કરવા યોગ્ય છે. પણ જેમનાં કર્મોમાં તમારો નિવાસ થઇ જાય છે તેમનેજ આવી જ્ઞાનમય ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત થાય છે. જેનાં કર્મોમાં તમે જેમ જેમ વધારે વધારે વ્યાપ્ત થતા જાઓ છો, તેમ તેમ તેનામાં તેટલું સાચું જ્ઞાન પ્રકટ થાય છે. હે મનુષ્યો ! જ્ઞાન અને કર્મના આવા ગાઢ સંબંધને તમે જુઓ અને તેને વિષે વિચાર કરો. પોતાનાં કર્મોને શુદ્ધ કર્યા વિના કોઈ પણ મનુષ્ય જ્ઞાનનો ઉપદેશક નથી બની શકતો. પોતાનાં કર્મોની અંદર પ્રભુની પધરામણી કર્યા વગર, પ્રભુને વસાવ્યા વગર કોઈ પણ મનુષ્યને ઈશ્વરની ચર્ચા કરવાનો અધિકાર હોઈ શકેજ નહિ.

શબ્દાર્થ

(राजन्) હે સાચા રાજા ! **(यथा यथा)** જેમ જેમ તું **(वृष्ण्यानि)** બલકારક **(स्वगूर्त्ता)** પોતાની મેળે અંદરથી નીકળેલાં **(नर्या)** મનુષ્યોને હિતકારી **(अपांसि)** કર્મોને **(अविवेषीः)** વ્યાપ્ત કરતો જાય છે, તેમ તેમ **(विप्र)** હે સર્વજ્ઞાનમય ! **(ते)** તારાં **(पूर्वाणि करणानि)** સનાતન કર્મોને, કર્મસાધનોને **(आविद्वान्)** પ્રત્યક્ષ રીતે જોનાર, સમજનાર જ્ઞાની **(करांसि)** પોતાનાં કાર્યોને, કર્તવ્ય કર્મોને **(विदुषे)** જાણનાર જ્ઞાનીને માટે **(प्र आह)** વધારે વધારે વિસ્તારથી કહી શકે છે, કહે છે, ચર્ચા કરે છે.

૭ પોષ

नू ष्टुत इन्द्र नू गृणानः इषं जरित्रे नद्यो न पीपेः ।
अकारि ते हरिवो ब्रह्म नव्यँ धिया स्याम रथ्यः सदासा ॥
(ऋ. ४-१६-१७-२१ । १९-२०-२१-२२-२३-२४-११)

વિનય

હે પરમેશ્વર ! તમામ સાધુ-સંતો તારી સ્તુતિ કરી ગયા છે અને હું પણ આજે તારી સ્તુતિ કરૂં છું. તું સ્તૂયમાન બનીને મુજ સ્તોતાની, તારી સ્તુતિ કરનારની પણ હવે ઈચ્છાઓ પૂર્ણ કરી દે. જે इष નો હું ભૂખ્યો છું તેનું હવે મને દાન દઈ દે. એ અન્ન આપીને તું હવે મને પરિતૃપ્ત કરી દે. નદીઓ જેમ જળથી ભરપૂર બની જાય છે, તેમ તું મને મારા ‘इष’ વડે ભરપૂર કરી દે. હું તો તારા દર્શનનો ભૂખ્યો છું. હે ઇન્દ્ર ! મને તારૂં દર્શન દઇને સારી પેઠે પરિતૃપ્ત કરી દે, મારા લાંબા સમયની ભૂખ ભાંગી નાખ. આજ મને તારા એક નવા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયું છે, તારો મને એક નવીન અનુભવ મળ્યો છે અને મેં તારા એ સ્વરૂપનો મહિમા પેટ ભરીને ગાયો છે. ‘हरिवन्’ ! હે જ્ઞાન અને બળવાળા ! તું મને હવે તારા એજ રૂપનું દર્શન દઇને પૂરેપુરો પરિતૃપ્ત કરી દે. હે હરિઓવાળા ! હું જોઉં છું કે, તારા આ સંસારરૂપી રથને તું તારી જ્ઞાનક્રિયા અને બળક્રિયારૂપી ‘हरि’ (ઘોડા) જોડીને ચલાવી રહ્યો છે. તારૂં આવું સ્વરૂપ જાણ્યા પછી મને બીજા કશાની ઈચ્છા રહી નથી. હું તો હવે એટલુંજ માત્ર ઈચ્છું છું કે, હું આ તારા રથને માટે યોગ્ય બની જાઉં, તારો ‘रथ्य’ થઇ જાઉં. તારા આ સંસારની અંદર વસવાને લાયક બની જાઉં, હું સાચો મનુષ્ય

વ. ૫૭

બની જાઉં-તારો મનુષ્ય બની જાઉં. હવે તો મારે તારા મનુષ્ય બનીનેજ સંસારમાં રહેવાની ઇચ્છા છે. તારૂં હરિવાન સ્વરૂપ જ્યારથી મારા જોવામાં આવી ગયું, ત્યારથી મને તો બસ એકજ વાતની રઢ લાગી છે કે, હું મારી બુદ્ધિ વડે અને મારા કર્મ વડે તારો રથ્ય બની જાઉં અને સદાકાળ તારૂં **'संभजन'**—રૂડી રીતે સેવા કરનારો બની જાઉં. એટલા માટે હે ઇન્દ્ર! હવે તું મારા ઉપર એવી કૃપા કર કે મારી પ્રત્યેક બુદ્ધિ વડે, મારા પ્રત્યેક કર્મ વડે હું સર્વદા તારો રથ્ય બનીનેજ રહું અને સદાકાળ તારૂં સંભજનજ કરતો રહું.

શબ્દાર્થ

(इन्द्र) હે ઇન્દ્ર! **(नु)** નિઃસંદેહ **(स्तुत:)** તારી સ્તુતિ થતી આવી છે. **(नु)** અત્યારે પણ **(गृणानः)** મારા વડે તારી સ્તુતિ થઇ રહી છે. **(जरित्रे)** હું જે તારો સ્તોતા છું, તારો ભક્ત છું તેને માટે **(इषं)** ઇષ્ટ વસ્તુનું, અન્નનું **(नद्य: न)** નદીઓની જેમ **(पीपेः)** ભરપૂર કરી દે—અર્થાત્ તું મને મારી ઇષ્ટ વસ્તુથી ભરપૂર કરી દે—તૃપ્ત કરી દે. **(हरिव:)** હે હરિઓવાળા! **(ते)** તારો **(नव्यं)** નવીન **(ब्रह्म)** અનુભવજ્ઞાન **(अकारि)** મેં કર્યો છે, મને થયો છે. હું **(धिया)** બુદ્ધિ અને કર્મ વડે **(रथ्य:)** તારા રથને યોગ્ય **(सदास:)** તારૂં સદા સંભજન કરવા યોગ્ય **(स्याम)** થાઉં.

९ पौष

एवा वस्य इन्द्रः सत्यः सम्राट्, हन्ता वृत्रं वरिवः पूरवे कः।
पुरुष्टुत क्रत्वा नः शग्धि रायः, भक्षीय ते अवसो दैव्यस्य ॥
(ऋ. ४-२१-१०)

વિનય

સાચો સમ્રાટ્ તો એક પરમેશ્વરજ છે. આ સંસારમાં બીજા કોઈને હું સમ્રાટ્ માનતો નથી અને મારે માટે કોઇ સમ્રાટ્ છે પણ નહિ. દુનિયામાં સમ્રાટ્‌ને નામે ઓળખાતા માનવીઓ જૂઠા સમ્રાટ્ છે. તેમનામાં કશુંજ સમ્રાટ્‌પણું નથી. તેઓ અનીશ્વર (ઐશ્વર્યવિહીન) અશક્ત તુચ્છ પ્રાણીઓ છે એવો મને પગલે પગલે અનુભવ થાય છે. એ માનવસમ્રાટોની શક્તિ ઇન્દ્રની શક્તિની સરખામણીમાં રમકડાંના સમ્રાટ્ કરતાં જરા પણ વધારે નથી. ઈન્દ્રની મરજીમાં આવે ત્યારે આ 'સમ્રાટો'ને સિંહાસન ઉપરથી ઉઠાડીને નીચે બેસાડી દે છે અથવા આ દુનિયામાંથી ઉંચકીને બીજી દુનિયામાં મોકલી આપે છે. આ જગતમાં કોઇ પણ ઠેકાણે જરા પણ **'વસુ'** (ઐશ્વર્ય) નજરે પડતું હોય તો તેનો અધીશ્વર એક ઇન્દ્રજ છે. એ બધાં ઐશ્વર્યોના માલિક તરીકે એના સિવાય બીજા કોઇને કદી જોયોજ નથી. આવો આખા જગતનો એકમાત્ર સમ્રાટ્ અધીશ્વર હોવા છતાં એ ઈન્દ્ર મનુષ્યની સેવા કરે છે, મનુષ્યમાત્રની સેવા કરે છે. મનુષ્યના **'વૃત્રો'**નું, શત્રુઓનું હનન કરીને તથા તેને નાના પ્રકારનાં ઐશ્વર્યથી નવાજીને તેની સેવા કર્યાજ કરે છે. ખરી વાત તો એ છે કે, જે સેવા કરે તેજ સાચો સમ્રાટ્; કારણ કે જેઓ વાસ્તવિક રીતે સમ્રાટ્ હોય છે તેઓ પોતાની પ્રજાની સેવાજ કરે છે. પોતાની પ્રજાની ઉન્નતિમાં આડે આવનાર તમામ વિઘ્નોને,

અડચણોને (વૃત્રોને) મારી હઠાવવાં, પ્રજાનાં શારીરિક માનસિક ને આત્મિક ઐશ્વર્યોનો વિકાસ કરવો, એજ સમ્રાટ્નું કર્તવ્ય છે. હે સાચા સમ્રાટ્ ! બધા જેની સ્તુતિ કરે છે એવા હે પ્રભો ! હું તારી પાસે શું માગું ? જે જે ઐશ્વર્યોને માટે હું યોગ્ય છું તે તું મને વગર માગ્યે આપીજ રહ્યો છે. મને તો તમે હવે એવી શક્તિ આપો, કે જેના વડે હું તમારાં ઐશ્વર્યોને પ્રાપ્ત કરવા અને સાચવી રાખવાને સમર્થ થાઉં. મારાં 'ક્રતુ'ને, મારાં કર્મને, મારી પ્રજ્ઞાને તમે એવાં બળવાન અને શુદ્ધ બનાવો કે તેમની સહાયતા વડે હું તમારાં ઐશ્વર્યોને ઝીલવાને યોગ્ય પાત્ર બની જાઉં. હું એક વાર આવો પાત્ર બની જઇશ એટલે તો હું તમારા દૈવી રક્ષણોનો પણ ભાગીદાર થઇ જઇશ. આ દુનિયાના કહેવાતા બાદશાહો ચાહે તો મારૂં રક્ષણ કરે અને ચાહે તો મને મારી નાખે તેની મને જરા જેટલી પણ દરકાર નથી. આવા માનુષી રક્ષણ પ્રાપ્ત કરવાની મને લેશમાત્ર પણ ચિંતા નથી. મને તો તમારૂં દૈવી રક્ષણ મળી જાય એટલે બસ. હું સારી રીતે જાણું છું કે, મને તમારૂં દૈવી રક્ષણ મળી ગયું એટલે પછી દુનિયા જખ મારે છે. કોઇનાથી મારો વાળ પણ વાંકો થઈ શકનાર નથી. એટલા માટે હે સાચા સમ્રાટ્ ! હું તો એક તારાજ સામ્રાજ્યમાં, તારાજ છત્ર નીચે રહેવા ઇચ્છું છું અને તારૂં દિવ્ય રક્ષણજ માગું છું.

શબ્દાર્થ

(इन्द्रः) પરમેશ્વર **(एव)** જ **(वस्वः)** ઐશ્વર્યનો **(सत्यः सम्राट्)** સાચો સમ્રાટ્ છે, **(वृत्रं)** શત્રુનો–વિઘ્નોનો **(हन्ता)** વિનષ્ટ કરનારો છે, **(पूरवे)** માણસોને માટે **(वरिवः)** સેવનને અથવા ઐશ્વર્યને **(कः)** કરે છે. **(पुरु स्तुत)** ઘણાઓએ જેની સ્તુતિ કરી છે એવા **(नः)** અમને **(क्रत्वा)** કર્મ અથવા પ્રજ્ઞા વડે **(रायः)** ઐશ્વર્યને [પામવાને] **(शग्धि)** સમર્થ બનાવ. હું **(ते)** તારા **(दैव्यस्य अवसः)** દિવ્ય રક્ષણને **(भक्षीय)** ભોગવું, પ્રાપ્ત કરૂં.

१ पौष

तस्मा अग्नि र्भारतः शर्म यंसत् ज्योक् पश्यात् सूर्यमुच्चरन्तम्।
यो इन्द्राय सुनुवामेत्याह नरे नर्याय नृतभाय नृणाम्॥
(ऋ. ४-२५-४)

વિનય

"ચાલો, આવો, આપણે ઇન્દ્રનું યજન કરીએ," આવું જેઓ કહે છે, જેઓ પોતે ઇન્દ્રનું યજન કરે છે અને બીજાઓને યજ્ઞ કરવાની પ્રેરણા કરતા રહે છે, જેઓ જાતે યજ્ઞ કરે છે અને બીજાને યજ્ઞ કરતા કરે છે, તેઓ નિઃસંદેહ મહાપુરુષ છે. તેઓજ ખરા અર્થમાં બ્રાહ્મણો છે, તેઓજ માનવસમાજના સાચા નેતા છે. તેઓજ આદર્શ પુરુષો બને છે. એ તો તેજ ઇન્દ્ર છે, કે જે સાચો 'નર' છે, જે વાસ્તવિક રીતે પુરુષ છે, જે આપણામાં, સૌ નરોમાં 'નૃતમ' (નરોત્તમ) છે, સૌ પુરુષોમાં પુરુષોત્તમ છે, તે ઇંદ્રનું આપણે નર લોકો જો યજન નહિ કરીએ તો બીજા કોનું યજન કરવાના હતા? તે નેતા 'નર' ઈન્દ્ર, જેના હાથમાં આ વિશાળ બ્રહ્માંડની લગામ છે, જે સકળ ચરાચર સૃષ્ટિનો સંચાલક છે, તે 'નર'નું યજન કરવું એ મનુષ્ય 'નર'ની ઉન્નતિને માટે આવશ્યક છે. એ ઈન્દ્ર 'નર'નું યજન કર્યા વિના મનુષ્ય પોતાના મનુષ્યત્વની પૂર્ણતાને કદી પણ પ્રાપ્ત નથી કરી શકતો, તે પૂર્ણ નર નથી બની શકતો. આથી કરીને જેઓ ઇન્દ્રનો યજ્ઞ પોતે કરે છે અને બીજાઓને યજ્ઞ કરવા પ્રેરે છે તે મહિમાશાળી પુરુષોજ પોતાના પુરુષાર્થને પ્રાપ્ત કરે છે.

આવા ઈન્દ્રયાજી પુરુષોનેજ 'ભારતઅગ્નિ' પોતાના શરણમાં લે છે, પોતાનો આશ્રય આપે છે, પોતાનું સુખ પ્રદાન કરે છે. 'ભારતઅગ્નિ' એ તો અગ્નિનું નામ છે કે જે આપણું ભરણ કરે છે, જે આપણા શરીરનું અને આ સંસારરૂપી શરીરનું ભરણ (ધારણ, પોષણ) કરે છે. એનું બીજું

નામ પ્રાણાગ્નિ છે. ઇન્દ્રને માટે જે યજ્ઞ કરવાનો છે તેની આહુતિઓ આ પ્રાણાગ્નિમાંજ આપવાની છે. એ અગ્નિની અંદર ઇન્દ્રને અર્થે જ્યારે આપણા ભોગ્ય જગતરૂપી સોમની અથવા આપણી ભોગેચ્છારૂપી સોમરસની આહુતિઓ આપીએ, ત્યારે પેલા પ્રાણાગ્નિની જ્વાળા આપણામાં ખૂબ ભડકી ઉઠે અને પ્રાણરૂપી સૂર્ય 'ઇન્દ્ર'ની મારફતે આપણી હોમેલી સોમની આહુતિ ઇન્દ્ર પરમેશ્વર સુધી પહોંચાડી દે. આવી રીતે પ્રદીપ્ત થયેલો આ 'ભારતઅગ્નિ' આપણું 'ભરણ' કરે છે, આપણને પૂરેપુરો આશ્રય આપે છે, આપણું પૂરેપુરી રીતે ધારણ અને પોષણ કરે છે. વળી આપણામાં 'ભારતપ્રાણ' પણ ભરપૂર થાય છે અને એ પ્રાણની સાથે સાથે આપણું સંપૂર્ણ મનુષ્યત્વ વિકસિત થવા માંડે છે. સૂર્યદેવ આપણે સારૂ પ્રાણ, પ્રકાશ, જાગૃતિ અને જીવનની ચિરકાળ લહાણી કરતા ઉદય પામે છે અને સદા ઉદિત રહે છે. આવું થાય એટલે પૂર્ણજીવન પ્રાપ્ત થઇ ગયું જાણવું. ત્યાર પછી પ્રાણરૂપી આદિત્યમાંથી નિત્ય નવો નવો પ્રાણ પ્રકટ થતો રહેશે અને તેનાં રોજ દર્શન કરતાં કરતાં મનુષ્યના આયુષની પૂર્ણ અવધિ સુધી આપણે હયાતી ભોગવીશું અને એ રીતે સંપૂર્ણ જીવનનો લહાવો લઇશું. એમ કરતાં કરતાં છેવટે આપણે મહાન શક્તિસંપન્ન મહાન જીવનવાળા મહાપુરુષ બની જઇશું. આ બધો ઇન્દ્રનું યજન કરવાનો મહિમા છે, ઇન્દ્રયાજી બનીને ભારતઅગ્નિનું શરણ પ્રાપ્ત કરવાનો મહિમા છે.

શબ્દાર્થ

(नरे) સાચા નરને માટે **(नर्याय)** નરોને હિતકારી અને **(नृणां नृतमाय)** નરોમાં જે નરોત્તમ છે એવા **(इन्द्राय)** ઇન્દ્રને માટે **(यः)** જે પુરુષ **(सुनुवाम इति)** 'આવો આપણે તેનું યજન કરીએ' એવું **(आह)** કહે છે **(तस्मै)** તેને માટે **(भारतः अग्निः)** ભરણ કરનાર પ્રાણાગ્નિ **(शर्म)** પોતાના શરણને, સુખને **(यंसत्)** આપે છે, તે **(ज्योक्)** ચિરકાળ પર્યંત **(उच्चरन्तं)** ઉદય પામતા **(सूर्यं)** સૂર્યને **(पश्यात्)** જુએ છે.

૧૦ પોષ

अयं होता प्रथमः पश्यतेमं, इदं ज्योतिरमृतं मर्त्येषु ।
अयं स जज्ञे ध्रुव आ निषत्तो, अमर्त्यस्तन्वा वर्धमानः ।।
(ऋ. ६-९-४)

વિનય

હે મનુષ્યો! તમે તમારા આત્માનું દર્શન કરો. એ અભૌતિક અગ્નિ છે, કદી પણ ન હોલવાય એવો ચેતન અગ્નિ છે. તે પહેલેથીજ વિદ્યમાન '**होता**' છે, દાન અને આદાન બેઉ કામ કરે એવો છે. ભૌતિક અગ્નિનો હવન તો આપણે પાછળથી કરીએ છીએ, જન્મ લીધા પછી કરીએ છીએ, પણ આ આત્માગ્નિનો હવન તો અનાદિકાળથી ચાલ્યોજ આવે છે. જે કાંઇ જ્ઞાન, બળ તેમજ ઐશ્વર્યનું આદાન આપણને મળતું રહે છે તે બધું આ આત્માગ્નિના હવનમાંથીજ ચાલ્યું આવે છે. એને આપનાર બીજું બહારનું કોઇ નથી, પણ આપણી અંદર બેઠેલો પેલો હોતા જે આપણો પોતાનો આત્મા છે તેજ છે. હે મનુષ્યો! તમે તેનું દર્શન કરો. તે તમારૂં સાચું મૂળ સ્વરૂપ છે. તે અવિનાશી છે. તેને તમે ઓળખો અને જુઓ. આપણા મૃત્યુ બાદ જ્યારે આપણું બીજું બધું બળીને રાખોડી બની જાય છે, ત્યારે પણ જે હયાત રહે છે તે આપણો અમર આત્મજ્યોતિ છે. મૃત્યુ પછી તે માત્ર અપ્રકટ અવસ્થામાં રહે છે, સંસારની આગળથી અદૃશ્ય થઇ જાય છે; પણ તે પાછો બીજી વાર જન્મ ધારણ કરે છે, ત્યારે તે ધ્રુવ-સ્થિર-નિત્ય આત્મા, જે પહેલેથીજ સ્થિર અને અવિકારી રહ્યો છે તે પાછો ફરીથી પ્રાદુર્ભાવ પામે છે, પ્રકટ થાય છે અથવા તેનો પુનર્જન્મ થાય છે. કાષ્ઠમાં રહેલો ભૌતિક અગ્નિ સંઘર્ષણ આદિ ક્રિયા દ્વારા પ્રદીપ્ત થાય છે, પહેલેથીજ જઠરની અંદર વિદ્યમાન રહેલો જાઠર અગ્નિ (પાચક અગ્નિ) યથાસમય ક્ષુધાના રૂપમાં પ્રકટ થાય છે, બરાબર તેજ પ્રમાણે આ '**ध्रुव आनिषत्त**' આત્માગ્નિ જન્મ વખતે માત્ર પુનર્જનિત થાય છે, માત્ર બીજી વાર તેનું પ્રકટીકરણ થાય છે. તે નવેસરથી પેદા થતો નથી, પણ જે પહેલેથીજ વિદ્યમાન છે અને છતાં જે અપ્રકટ હતો તે પાછો પ્રકટ

થાય છે એટલુંજ. આથી કરીને એ આત્મા જો કે અમર્ત્ય છે, અવિકારી છે, કદી પણ વૃદ્ધિ–ક્ષય પામે એવો નથી તો પણ તે પુનર્જનિત થઇને પોતાના શરીર દ્વારા પોતાનાં શરીરો વગેરેનાં બાહ્ય પ્રકટ આવરણો દ્વારા વધે છે અથવા વૃદ્ધિ પામતો દેખાય છે. શરીર એ બીજું કાંઇજ નથી પણ આત્માનો એક વિસ્તાર (એક્સટેન્શન) છે, બાહ્ય અભિવ્યક્તિ છે. એકલા સ્થૂળ શરીર દ્વારાજ નહિ પણ એ ઉપરાંત બીજાં મનોમય, વિજ્ઞાનમય આદિ આંતરશરીરો દ્વારા પણ આત્માગ્નિ વધે છે, નાના રૂપે વધે છે. તે પોતાનાં મન અને બુદ્ધિની વૃત્તિઓ વડે તો એટલી હદ સુધી વિસ્તૃત થઇ જાય છે કે આખા સંસારને વ્યાપ્ત કરી લે છે.

હે મનુષ્યો ! તમે તમારી અંદરના તમારા સાચા મૂળસ્વરૂપને જુઓ કે જેનો આવાં આવાં નાના પ્રકારનાં રૂપો દ્વારા બહારની બાજુએ વિસ્તાર થઇ રહ્યો છે. જુઓ, જુઓ, આપણે બધાજ વાસ્તવિક રૂપમાં આ અમૃત અગ્નિજ છીએ. આ આપણાં શરીર આદિનો જે મર્ત્ય નાશવંત વિસ્તાર થયો છે તે અવાસ્તવિક છે, તેનું ખરા અર્થમાં કશુંજ અસ્તિત્વ નથી. એ બીજું કાંઇજ નથી, પણ આપણા અગ્નિઓના નાના પ્રકારના અનિત્ય ભડકા છે, આપણો અગ્નિઓનો નાના પ્રકારનો અનિત્ય અસ્થિર આત્મપ્રકાશ છે.

હે મનુષ્યો ! તમે આ આત્માગ્નિને કેમ નથી જોતા ? તમે તમારાં કોણ જાણે કેટલાંય મર્ત્ય રૂપોને રાતદહાડો જોયા કરો છો, પણ આ જે તમારૂં અમૃત વાસ્તવિક મૂળરૂપ છે, જે તમારૂં પોતાનુંજ સ્વરૂપ છે, જે તમારી પોતાની જાતજ છે તેને તમે કેમ નથી જોતા ? તમે તેને જરાક જોઇ લ્યો તો તમે અમર બની જાઓ, અરે ! અત્યારે અબ ઘડી અમર બની જાઓ.

શબ્દાર્થ

(अयं) આ આત્માગ્નિ **(प्रथमः)** પહેલેથીજ વિદ્યમાન છે, **(होता)** તે હોતા છે, તે દાન અદાનનો કર્તા છે. હે મનુષ્યો ! તમે **(इमं)** તેને **(पश्यत)** જુઓ. **(इदं)** આ (આત્માગ્નિ) **(मर्त्येषु)** આપણે બધા મરનારાઓમાં **(अमृतं ज्योतिः)** કદી ન મરે એવો જ્યોતિ છે. **(अयं सः)** એજ **(ध्रुवः)** નિત્ય, સ્થિર **(आनिषत्तः)** પહેલેથીજ બેસી રહેલો અગ્નિ **(जज्ञे)** ફરીથી પ્રાદુર્ભૂત થાય છે અને **(अमर्त्यः)** અમર્ત્ય અભાતિક હોવા છતાં પણ **(तन्वा)** પોતાનાં શરીર આદિના વિસ્તાર દ્વારા **(वर्धमानः)** વૃદ્ધિ પામવા લાગે છે.

११ पौष

उपक्षेतारः तव सुप्रणीते अग्ने विश्वानि धन्या दधानाः ।
सुरेतसा श्रवसा तुंजमाना अभिष्याम पृतनायूँ अदेवान् ॥
(ऋ. ३-१-१६)

વિનય

જે જે અદેવો છે, જે જે અદૈવ ભાવો છે તે બધાને અમે વિનષ્ટ કરી દઇશું. એ રાક્ષસો અમારા ઉપર વારંવાર હુમલા કરે છે, પોતાની આસુરી સેનાને લઇને અમારા ઉપર ચઢાઇઓ કર્યાજ કરે છે, પણ હે અગ્નિ ! અમે તારો આશ્રય લઇને એ રાક્ષસોની પ્રબળમાં પ્રબળ સેનાના પણ ભુક્કા ઉડાવી દઇશું. તારૂં શરણ લીધા પછી, તારા નિકટવર્તી '**उपक्षेता**' બની ગયા પછી કોઈ પણ આસુરી ભાવ અમને દબાવી નહિ શકે. હે સુંદર અને પ્રકૃષ્ટ નીતિવાળા! અમે કોઇ કોઇ વાર જ્યારે આસુરી વૃત્તિઓને તાબે થઈ જઇએ છીએ તેનું એકજ કારણ છે કે, અમે તમારી શ્રેષ્ઠ નીતિનું અનુસરણ નથી કરતા. જો અમે તમારા શ્રેષ્ઠ અને પ્રબળ નેતૃત્વની નીચે રહીને ચાલીએ તો અમારો પરાજય કોઇ કાળે પણ થાય નહિ. આટલા માટે અમે આજથી તારા નૈતિક નિયમોનું પૂરેપુરૂં પાલન કરવાનો દૃઢ નિશ્ચય કરી નાખ્યો છે. હવે આજથી તારી નીતિની મર્યાદામાં રહીને અમે ચાલીશું એટલે પછી જે જે ગુણોને લીધે મનુષ્ય ધન્ય અને કૃતાર્થ થયો કહેવાય છે તે અહિંસા, સત્ય, અસ્તેય આદિ ગુણોને અમે અમારામાં ધારણ કરતા જઇશું. વળી અદેવોને—અસુરોને—દૂર કરનારી અભય, સત્વશુદ્ધિ આદિ દૈવી સંપત્તિઓવડે અમે સમૃદ્ધ બનતા જઇશું. આ રીતે તમામ ધન્ય ગુણોને અમારામાં ધારણ કરતા રહીને તથા આત્મબલિદાનો દેતા જઇને અમે તમામ અસુ-

રોનો પરાભવ કરી નાખીશું. આ ધન્ય ગુણોને ધારણ કરવાથી અમારામાં એવું એક પ્રકારનું શ્રેષ્ઠ વીર્યયુક્ત ઐશ્વર્ય અને પ્રભુત્વ પેદા થઈ જશે કે પછી તેની સહાયતા વડે અમારે સારૂ આત્મત્યાગ કરવાનું કામ ઘણુંજ સુગમ અને સ્વાભાવિક બની જશે. એ આત્મત્યાગરૂપી વજ્ર એવું છે કે જેની સામે કોઇ પણ અસુરથી ઉભા પણ નથી રહેવાતું. **'सुरेता श्रव'** વડે સુતીક્ષ્ણ કરેલા એ વજ્રને ધારણ કરીને અમે અમારામાં ભરાઇ રહેલી અને અમારા ઉપર ચઢી આવતી તમામ આસુરી વૃત્તિઓને જડમૂળથી વિનષ્ટ કરી દઇશું. હે અગ્નિ ! આવી રીતે જ્યાં તારૂં દૃઢ શરણ લીધું, તારો આશ્રય ગ્રહણ કર્યો એટલે પછી કોઇ પણ આસુરી ભાવ અમારા ઉપર આક્રમણ કરી શકશેજ નહિ, સમુદ્રના પ્રચંડ તોફાનની માફક ઉછાળા મારનારા પ્રબળમાં પ્રબળ આસુરી ભાવો તેમના પૂરેપુરા બળથી કદાચ અમારા ઉપર તૂટી પડે તોપણ તેમાં તેમને સફળતા નહિ મળે, ઉલટા અમારી સામે અથડાઇને તેમનાજ ભાગીને ભુક્કા થઈ જશે.

શબ્દાર્થ

(सुप्रणीते) હે શ્રેષ્ઠ અને પ્રકૃષ્ટ નીતિવાળા ! **(तव)** તારી **(उपक्षेतारः)** પાસે રહેનારા, તારા શરણમાં આવેલા અમે અમારામાં **(विश्वानि)** તમામ **(धन्या)** ધન્ય કરે એવા ગુણોને **(दधानाः)** ધારણ કરતા રહીને અને **(सुरेतसा)** શ્રેષ્ઠ વીર્યથી યુક્ત **(श्रवसा)** ઐશ્વર્ય દ્વારા, પ્રભુત્વ દ્વારા **(तुंजमाना)** દાન કરતા રહીને, આત્મબલિદાન દેતા રહીને **(पृतनायून्)** આક્રમણ કરનારા **(अदेवान्)** અદેવોનો, અસુરોનો **(अभिष्याम)** પરાભવ કરી નાખીશું.

१२ पौष

को नानाम वचसा सौम्याय, मनायुर्वा भवति वस्त उस्राः ।
क इन्द्रस्य युज्यं कः सखायं भ्रात्रं वष्टि कवये क ऊती ॥
(ऋ० ४-२५-२)

વિનય

આ દુનિયા કયી દિશા તરફ ચાલી જાય છે? કરવાનું છે શું અને કરી શું રહી છે? લોકો કોણ જાણે કેટલીય જડ અને ચેતન મૂર્તિઓ આગળ માથાં નમાવે છે, પણ પણ પોતાના સાચા પ્રભુ પરમેશ્વરને નમન કરનારા તો કોઈ વિરલાજ છે. તે અમૂર્ત, રૂપરંગ અને આકાર વિનાના, પ્રભુની સામે ભૌતિક રૂપે નમવાનું તો બની શકે એવું છેજ નહિ. અને કદાચ આ જડ મસ્તક નમાવીએ તો પણ તેનો કશો અર્થ નથી, પરંતુ તેને વાસ્તવિક નમન તો માનસિક અને બાહ્ય અથવા વૈખરી વાણી વડે થઇ શકે છે. ત્યારે હવે પોતાના પ્રભુની સન્મુખ વાણી દ્વારા, વિચાર દ્વારા અથવા તો પ્રાર્થના દ્વારા નમ્ર બનીને ઉભા રહે એવા માણસો કેટલા છે? જો કોઈ એવા હોય તો તેઓ 'સૌમ્ય' છે, સોમરસના અધિકારી છે, સંપૂર્ણ સોમના પાત્ર છે. આપણો ધર્મ તો આપણી પાસે એવું માગે છે આપણા તમામ ભોગ્ય પદાર્થોને, તમામ ઐશ્વર્યોને તેની આગળ ધરી દેવાં જોઇએ, તેને સમર્પિત કરી દેવાં જોઇએ. એટલુંજ નહિ પણ આપણા તમામ સોમસહિત આપણી પોતાની જાતને જ તેના ચરણોમાં ધરી દેવી જોઇએ. એનું નામ ઈશ્વરનું સાચું પૂજન. પણ જગતના એકમાત્ર સ્વામીનું આવું વાસ્તવિક પૂજન કરવાની જેનામાં યોગ્યતા હોય એવો તે વળી આપણામાંથી હોયજ કોણ? એવા પૂજનની તો મનમાં કલ્પના કરવી એ પણ ઘણી દુર્લભ વસ્તુ છે, પણ કલ્પના કરવાનું ય જેને મન થતું હોય એવા પણ કેટલા થોડાક હોય છે? માત્ર મનન કરીને જ તે ઇન્દ્રનાં

જ્ઞાનરૂપી કિરણોને પોતાનામાં ધારણ કરવાનો પ્રયત્ન કરનારા પણ કેટલા ગણ્યાગાંઠયા છે? અથવા આ ઇન્દ્રિયોરૂપી '**उस्रा**' જે તે ઇન્દ્રનીજ છે, જે તે ઇન્દ્રનીજ ગૌઓ અથવા તેનાં કિરણો છે, તે ઇન્દ્રિયોને અથવા શરીરોને તે ઈન્દ્રનાં જ સમજીને વસ્ત્રની માફક ઓઢનાર–અર્થાત્ નિઃસંગ નિર્લેપ ભાવે ઇન્દ્રિયોને અને શરીરોને ધારણ કરનાર વિરલા કેટલા હશે? આપણે આ સંસારમાં નાના પ્રકારના લોકોને (ધનવાનોને, જ્ઞાનીઓને, વગ–વસીલાવાળાઓને, આબરૂદાર લોકોને) આપણા સોબતી, મિત્ર, ભાઇ, સગા, હિતેચ્છુ બનાવતા ફરીએ છીએ અથવા માની લઇએ છીએ, પણ ઇન્દ્રને પોતાનો સાથી બનાવવા ઈચ્છે, ઇન્દ્રને પોતાનો સખા અથવા ઈષ્ટમિત્ર બનાવવા ઇચ્છે અથવા તેને પોતાનો સગો, સંબંધી અને હિતેચ્છુ માને, તેની સાથેજ ભ્રાતૃભાવ જોડવા ઇચ્છે એવો છે કોઇ વિરલો? તે ક્રાન્તદર્શી સર્વજ્ઞ પુરુષના પ્રતિ જેને એટલો પ્રેમ, ભક્તિ અને હૈયાનો ઉમળકો હોય એવો કોઇ છે? અરેરે! આ સંસારમાં આપણે બધા આંધળા બનીને પોતપોતાના કામમાં મંડયા રહીએ છીએ, પણ જે આ આખા જગતનો સ્વામી છે, જે આપણું સર્વસ્વ છે, જે આપણો પોતાનોજ છે, જે કાંઇ કહીએ તે તે જ છે, તેના તરફ કોઈનું લક્ષ પણ નથી જતું! અરે! આ આપણે કરીએ છીએ શું?

શબ્દાર્થ

(सोम्याय) સોમને યોગ્ય ઇન્દ્રને **(कः)** કોણ **(वचसा)** વાણી દ્વારા **(ननाम)** નમન કરે છે? **(वा)** અથવા એવો કોણ છે કે જે ઇન્દ્રને વિષે **(मनायुः)** મનન કરવાની ઇચ્છાવાળો **(भवति)** હોય છે? કોણ તેનાં **(उस्राः)** કિરણો અથવા તેની ગૌઓને **(वस्ते)** ધારણ કરે છે? **(कः)** કોણ **(इन्द्रस्य)** ઇન્દ્રના **(युज्यं)** સાથની, **(कः)** કોણ તેની **(सखायं)** મૈત્રીની **(भ्रात्रं)** અથવા ભ્રાતૃભાવની **(वष्टि)** કામના કરે છે? **(कः)** કોણ **(कवये)** તે ક્રાન્તદર્શી ઇંદ્રને માટે **(ऊती)** કાન્તિ, પ્રીતિ અથવા ભક્તિ રાખે છે?

૧૩ પૌષ

त्वं वर्धन्ति क्षितयः पृथिव्यां त्वां राय उभयासो जनानाम् ।
त्वं त्राता तरणे चेत्यो भूः पितामाता सदमिन् मानुषाणाम् ॥
(ऋ० ६-१-५)

વિનય

આ પૃથ્વી ઉપર વસતા લોકો નાના પ્રકારનાં પ્રયોજનોને નિમિત્તે પૃથ્વી ઉપર ભૌતિક અગ્નિને પ્રદીપ્ત કરે છે અને જે પ્રદીપ્ત થએલા હોય છે તેમની વૃદ્ધિ કરે છે, તેમને સતેજ કરે છે. લોકો પોતાના વ્યક્તિગત અથવા સામુદાયિક ધનો દ્વારા વ્યક્તિગત અથવા સામુદાયિક ભૌતિક અગ્નિઓને નાના પ્રકારે વધારતા જાય છે. પરંતુ હે અભૌતિક અગ્નિ! આ પૃથ્વી ઉપર વસનારા એવા અમે તને પણ આ પૃથ્વી ઉપર વધારીએ છીએ તો ખરાજ, પણ તેની અમને જરાય જાણ નથી. આ પૃથ્વી ઉપર જે કાંઇ નજરે પડે છે, બળ તેજ જ્ઞાન વગેરેમાં વૃદ્ધિ થાય એવાં જે જે કાર્યો થઈ રહ્યાં છે તે બધો તારોજ મહિમા છે, તારીજ વિભૂતિ છે, તારીજ વૃદ્ધિ છે. એ જ રીતે મનુષ્યોનાં બેઉ જાતનાં ધનો દ્વારા—વ્યક્તિગત અને સામુદાયિક ધનદ્વારા—જે કાંઇ રચના રચાય છે, સામુદાયિક અને વ્યક્તિગત ઉન્નતિનાં—પ્રગતિનાં જે જે કાર્યો થતાં રહે છે તે બધાં હે અગ્નિ! તારાંજ જવલનો છે, એ તારોજ પ્રકાશ છે. આ રીતે આ પૃથ્વીના ઉપર ચારે દિશાઓમાં સર્વત્ર સૌ ક્રિયાઓમાં તું ને તુંજ પ્રકાશિત થઇ રહ્યો છે, બધી બાજુએ તારૂંજ તેજ ચમકી રહ્યું છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે, અમે તારી વૃદ્ધિ કરનારા હોવા છતાં અમેજ આ સંસારમાં રહ્યાં રહ્યાં દુઃખસાગરની અંદર ડૂબકાં માર્યાજ કરીએ છીએ. આઠે પહોર દુઃખ, દુઃખ ને દુઃખજ ભોગવીએ છીએ, નાના પ્રકારના સંતાપને લીધે અહો-

નિશ શેકાતાજ રહીએ છીએ. આમ થવાનું એકજ કારણ છે કે, અમે તને વધારીએ તો છીએ, પણ જ્ઞાનપૂર્વક નથી વધારતા. તું તો '**चेत्य**' છે, અમારો સંજ્ઞેય છે, અમારે માટે જાણવા યોગ્ય જો કાંઈ હોય તો તે તુંજ છે. જો અમે સમ્યક્ પ્રકારે જ્ઞાનપૂર્વક તારી વૃદ્ધિ કરીએ તો આ દુઃખસાગરને પેલે પાર અમે ચાલ્યા જઈએ, કારણકે જ્યાં અમે તારી જ્ઞાનપૂર્વક વૃદ્ધિ કરી એટલે અમે તારો યજ્ઞ કરનારા બની ગયા. જો અમે માત્ર આટલુંજ બરાબર જ્ઞાનપૂર્વક સમજી લઈએ કે આ સંસારની અંદર જે કાંઈ અમારી નજરે પડે છે તે બધું તારાજ તેજ વડે પ્રકાશિત થઈ રહ્યું છે તો પછી આ આખા સંસારની અંદર અમારે માટે પછી દુઃખ જેવું કાંઇ રહેજ નહિ, કોઇ દુઃખદાયક વસ્તુ હોઇ શકેજ નહિ, બધુંજ પવિત્ર અને યજ્ઞિય બની જાય. અમારૂં જીવન એક પવિત્ર યજ્ઞ બની જાય અને આ સંસાર યજ્ઞશાળાના રૂપમાં ફેરવાઇ જાય. આટલા વાસ્તે હે '**तरणे**'! અમને તારનારા! તું અમારામાં તારા જ્ઞાનને પ્રદીપ્ત કરી દઇને અમારો સંત્રાતા, અમારો રક્ષક બની જા. હે અગ્નિ! તું તો ત્રણે કાળમાં અમ મનુષ્યોનો પિતા છે, અમારી જનેતા છે, પણ તે છતાં અમે તને નથી જાણતા. હે ચારે તરફથી પ્રજ્વલિત થનારા અગ્નિ! અમારા દ્વારા વર્ધમાન થનારા પ્રભો! હવે તો તુંજ અમારો ત્રાતા થઈ જા, અમારો પિતા અને અમારી માતા થઇ જા.

શબ્દાર્થ

(त्वां) તને **(पृथिव्यां)** પૃથ્વી ઉપર **(क्षितयः)** પૃથ્વી ઉપર વસતા લોકો **(वर्धन्ति)** વધારે છે, **(त्वां)** તને **(जनानां)** માણસોનાં **(उभयासः)** બેઉ પ્રકારનાં **(रायः)** ધન વધારે છે. **(तरणे)** હે દુઃખસાગરની પાર લઇ જનારા! **(त्वं)** તું **(चेत्यः)** સંજ્ઞેય, સમ્યક્ પ્રકારે જાણવા યોગ્ય બનીને **(त्राता)** અમારો રક્ષક **(भूः)** થા, તું તો **(सदं इत्)** હમેશાંજ **(मानुषाणाम्)** મનુષ્યોનો **(पिता माता)** માતાપિતા છે.

१४ पौष

शिक्षेयमिन् महयते दिवे दिवे राय आ कुहचिद् विदे ।
नहि त्वदन्यन् मघवन् न आप्यं वस्यो अस्ति पिता चन ॥
(ऋ. ७-३२-१९ । अथर्व. २०-८२-२)

વિનય

હે પરમેશ્વર ! હે મારા પિતા ! હું તને આપી દેવા ઇચ્છું છું, મારી પાસે જે કાંઇ છે તે બધુંજ આપી દેવા ઇચ્છું છું. હે મારા પ્રતિપાલક ! જ્યારે હું તારા અનંત ઉપકારોનો મનમાં અનુભવ કરૂં છું, ત્યારે તને મારૂં સર્વસ્વ અર્પણ કર્યા વિના મારાથી નથી રહેવાતું. મારી પાસે જે કાંઇ છે તે બધુંજ, સર્વસ્વ, હું તારા ચરણ આગળ ઠાલવી દેવા આતુર થઇ જાઉં છું. પણ હે ઈંદ્ર ! તું છે ક્યાં ? મારે તને ક્યાં ખોળવો ? હું ક્યાં જાઉં તો મને તારો મેળાપ થઇ જાય ? મારે તને આપવું તો છે, પણ તને આપવાને માટે મારે જવું ક્યાં ? આની મને કાંઇજ સૂઝ પડતી નથી. આ જગતમાં જેઓ તારા સાચા ભક્તો છે, જેમનામાં હું તારો ઘણામાં ઘણો પ્રકાશ જોઉં છું એવા તારૂં હમેશાં પૂજન કરનારા તારા પૂજનીય ભકતોને હું હમેશાં મારૂં ધન આપતો રહું છું, તેમનું નિરંતર ભરણ-પોષણ કરતો રહું છું. એવા ત્યાગી મહાત્માઓને માટે, ઉપર કહ્યા તેવા તારા 'બન્દા'ઓને માટે મારા ઘરના દરવાજા સદાય ખુલ્લા ને ખુલ્લાજ રહે છે. એટલુંજ નહિ પણ એવા સંતો ગમે ત્યાં રહેતા હોય તો પણ તેમને શોધી કરીને હું મારૂં ધન તેમને પહોંચાડતો રહું છું અને એ રીતે હું મારા ધનને સફળ કરૂં છું. આવા મહાનુભાવોને નિત્ય દાન દેતી વેળા હું જાણે તનેજ આપતો હોઉં એવો મનમાં અનુભવ કરૂં છું. હે ઇંદ્ર ! તારા મહિમાને

વધારનારા આવા તારા પૂજનીય ભક્તોને તૃપ્ત કરવા એ તનેજ તૃપ્ત કર્યા બરોબરજ છે. તને તૃપ્ત કરવાને માટે હું બીજું કરૂં પણ શું? હે મઘવન્! ખરેખર, મારે તો એક તમારા સિવાય બીજો કોઈ બન્ધુ નથી, તમારા સિવાય બીજું કશું પ્રાપ્તવ્ય નથી, તમારા જેવો પ્રતિપાળક પિતા નથી. ખરેખર, તમારા જેવો સાચો અને શ્રેષ્ઠ પિતા કોઇ છેજ નહિ. પણ હવે તું કે જે અમારો પિતા છે તેને અમે અમારી ભેટ પહોંચાડીએ કેવી રીતે? તેના હાથમાં અર્પણ કરીએ કેવી રીતે? મને તો એકજ રીત આવડી ગઈ છે કે, તને અમારી ભેટ પહોંચાડવાને માટે નિત્ય તારા સંતોની સેવા કરવી અને તે પ્રમાણે હું કરતો રહું છું, તને તૃપ્ત કરવાને માટે હું તારા ભક્તોને નિત્ય દાન દેતો રહું છું.

શબ્દાર્થ

(कुहचिद् विदे) કોઈ પણ જગ્યાએ જયાં જયાં વિદ્યમાન હોય એવા **(महयते)** તારૂં પૂજન, તારી સ્તુતિ કરનારા તારા ભક્તોને માટે હું **(रायः)** ધનોને **(दिवे दिवे)** પ્રતિદિન, હમેશાં **(आ)** પૂરેપુરી રીતે **(शिक्षेयम् इत्)** આપતોજ રહું છું. **(मघवन्)** હે પરમેશ્વર! **(त्वत् अन्यत्)** તારા સિવાય બીજો કોઇ **(नः)** અમારો **(आप्यं)** સંબંધી, પ્રાપ્તવ્ય **(नहि अस्ति)** નથી; તથા તારા સિવાય કોઇ **(वस्यः)** શ્રેષ્ઠ **(पिता)** પિતા **(चन)** પણ અમારો કોઈ નથી.

१५ पौष

विश्वदानीं सुमनसः स्याम पश्येम नु सूर्यमुच्चरन्तम् ।
तथा करत् वसुपतिर्वसूनां देवाँ ओहानो अवसा गमिष्ठः ॥
(ऋ. ६-५२-५)

વિનય

લોકો કોણ જાણે કેટલીય જાતની ઇચ્છાઓ મનમાં સેવ્યાજ કરે છે? પણ અમે તો માત્ર એટલુંજ ઇચ્છીએ છીએ કે, અમે સદા પ્રસન્ન રહીએ, આનંદમાં રહીએ, બધો વખત **'सुमनाः'** રહીએ. વળી અમારો આનંદ પણ અજ્ઞાનજનિત આનંદ ન હોય અથવા વિપરીત પ્રકારનો આનંદ ન હોય. એટલા વાસ્તે અમે વિશેષમાં એક બીજી વસ્તુ માગીએ છીએ તે એ છે કે, અમને નિરંતર નવો નવો પ્રકાશ મળતોજ રહે, અમે સૂર્યના ઉદયને સદા અમારી આંખ આગળ જોતા રહીએ, અમે જ્ઞાનના ઉદયની સદાય ઉપલબ્ધિ કરતાજ રહીએ. આ રીતે અમે જ્ઞાનપ્રકાશમાં ઉત્તરોત્તર ઉન્નતિ પ્રાપ્ત કરતા જઇને અધિક અધિક શ્રેષ્ઠ પ્રકારના આનંદનાં સુખ ચાખતા જઇએ અને તેથી કરીને અમે સદા આનંદિત રહીએ, પ્રસન્ન રહીએ. વસુઓના વસુપતિની પાસે, સંપૂર્ણ ઐશ્વર્યોના અધીશ્વરની પાસે અમે આના સિવાય બીજું કાંઇજ નથી માગતા. તેના અનંત ઐશ્વર્ય-ભંડારમાંથી અમે બસ આટલુંજ મેળવવા ઈચ્છીએ છીએ અને એનેજ અમે સર્વોત્તમ ઐશ્વર્ય માનીએ છીએ. અમે એ પણ જાણીએ છીએ કે, અમારો પ્રભુ દેવોનો દેવ છે, તમામ દેવોનું વહન કરે એવો છે, તમામ દિવ્ય ગુણોની સંપૂર્ણ પ્રાપ્તિ કરાવે એવો છે અને જ્યારે અમારા ઉપર કોઈ વિપત્તિ આવી પડે ત્યારે અમારી રક્ષા કરવા દોડી આવે છે, જ્યારે ભીડ પડે ત્યારે પોતાના ભક્તોની ભીડ ભાંગવા પોતાની તમામ રક્ષાઓ સહિત અમારી

વહારે ધાય છે. અમે તો એટલુંજ માગીએ છીએ કે પોતાની રક્ષાઓ સહિત અમારી મદદે આવનાર અમારો વસુપતિ પ્રભુ અમને પોતાના દિવ્ય ગુણોની પ્રાપ્તિ કરાવતો રહીને અમારા ઉપર એવી કૃપા કરે કે અમે એના સૂર્યપ્રકાશમાં વિકસિત થતા જઇએ અને સદા આનંદિત રહીએ, બધો વખત પ્રસન્ન મનવાળા બની રહીએ. બસ, આ ઉપરાંત અમે બીજું કાંઇજ માગતા નથી, બીજું કશું માગવા જેવું છે પણ નહિ.

શબ્દાર્થ

અમે (**विश्वदानीं**) સદા, સર્વકાળમાં (**सुमनसः**) આનંદિત–પ્રસન્નમન (**स्याम**) રહીએ (**नु**) અને (**उच्चरन्तं**) ઉદય પામતા (**सूर्य**) સૂર્યને (**पश्येम**) જોતા રહીએ, (**वसूनां**) ઐશ્વર્યોના (**वसुपतिः**) ઐશ્વર્યાધિપતિ (**देवान्**) દેવોને, દિવ્ય ગુણોને (**ओहानः**) વહન કરનારા, પ્રાપ્ત કરાવનારા અને (**अवसा आगमिष्ठः**) રક્ષણ–શક્તિની સાથે આવનારાઓમાં સર્વશ્રેષ્ઠ પ્રભુ (**तथाकरत्**) એવુંજ કરતા રહે.

१६ पौष

सुपर्णोऽसि गरुत्मान् पृष्ठे पृथिव्याः सीद, भासान्तरिक्षमापृण ।
ज्योतिषा दिवमुत्तमान, तेजसा दिश उद् दंह ॥

(यजु० १७-७२)

વિનય

હે જીવ! તું તારી પોતાની જાતનેજ નથી ઓળખતો. તું તો ‘**सुपर्ण**’ છે. ‘**गरुत्मान्**’ છે. તું તો સુંદર પતનવાળો છે, તું સારી રીતે, સુંદર રીતે ઊંચે ઉડવામાટે, સદા ઉન્નતિ કરવાને માટે ઉત્પન્ન થયો છે. તું સર્વ શુભ લક્ષણયુક્ત છે. તારો આત્મા ગુરુ છે, ગૌરવયુક્ત છે, અતિ મહાન્ છે. ઉઠ, ઉભો થા, અને આ પૃથ્વી ઉપર તારૂં આસન માંડ. તું સમસ્ત પૃથ્વીનો વાસી છે. તું એક ઘરનો,

એક સ્થળનો, એક દેશનો અથવા એક જાતિનો નથી, પણ આખી પૃથ્વીનો પુરુષ છે. તું પૃથ્વીની પીઠ ઉપર તારું આસન માંડીને ચમકી ઉઠ અને તારા પ્રકાશ વડે અંતરિક્ષને પૂર્ણ કરી દે. તું જ્યારે તારા માનસિક પ્રકાશનાં કિરણો ચારે તરફ ફેલાવી દઇશ, ત્યારે તારી પ્રભા વડે આ સંસારના તમામ માનસિક જગતની આંખો અંજાઇ જશે. નહિ, નહિ, તું તો વધારે ઊંચે ને ઊંચે ચઢતો જા અને તારા પોતાના તેજ વડે સમસ્ત દ્યુલોકને પણ તારી સાથે ઊંચે લેતો જા. આ દ્યુલોક જે દિવ્ય પુરુષોવડે વસાયેલો છે, જેમના આધારે રહ્યો છે, તેમના જેવીજ દિવ્યતા તારામાં પણ છે. તું તારા આત્મપ્રકાશને જરા પ્રકટાવ તો ખરો. તારા દિવ્ય જ્યોતિનો ઝગઝગાટ જગતને જોવા તો દે. તારામાં પાર વિનાનો પ્રકાશ ભર્યો પડયો છે તેને બહાર તો પ્રકટાવ. એ રીતે તું પોતે ઊંચે ને ઉંચે ચઢતો જા અને તારા દિવ્ય પ્રકાશ વડે ચારે દિશાઓને, આખા અંતરિક્ષને અજવાળતો, પ્રકાશમાન કરતો, દિશાઓને પણ ઉન્નત કરતો તું આગળ ને આગળ ધપતો જા. તારૂં તેજ દિગ્-દિગન્ત સુધી એવું ફેલાઈ જાય કે તારી સાધનાના બળ વડે ચારે દિશાના મનુષ્યોની પણ સાથે સાથે ઉન્નતિ થતી જાય, તેમને પણ તું દૃઢ અને ઉન્નત બનાવતો જાય. તું સાધારણ માનવીઓની માફક કેમ બેસી રહ્યો છે ? તું તો તે અગ્નિ છે કે જે પોતાના પ્રદીપન વડે સંપૂર્ણ સંસારને વ્યાપ્ત કરી લેવા સમર્થ છે અને એક દિવસ વ્યાપ્ત કર્યેજ છૂટકો છે. તું ઉઠ. તું સુપર્ણ છે, તું ગરુત્માન્ છે.

શબ્દાર્થ

તું (**सुपर्णः**) સુંદર ઉન્નતિ કરનારો (**गरुत्मान्**) ગારવયુક્ત આત્મવાળો (**असि**) છે, તું (**पृथिव्याः**) પૃથ્વીના (**पृष्ठे**) પીઠ ઉપર (**सीद**) બેસ, (**भासा**) તારા તેજ વડે (**अन्तरिक्षं**) અંતરિક્ષને (**आपृण**) ભરી દે, (**ज्योतिषा**) પોતાના જ્યોતિ વડે (**दिवं**) દ્યુલોકને (**उत्तभान**) ઉંચે લેતો જા અને (**तेजसा**) તારા તેજ વડે (**दिशः**) દિશાઓને (**उद् दंह**) ઉન્નત કર.

१७ पौष

अहं च त्वं च वृत्रहन् संयुज्याव सानिभ्य आ ।
अरातीवा चिदद्रिवोऽनु नौ शूर मंसते, भद्रा इन्द्रस्य रातयः ॥
(ऋ. ८-६२-११)

વિનય

'ઇન્દ્રનું દાન કલ્યાણકારી છે, ઇન્દ્રનું દાન ઘણુંજ કલ્યાણકારી છે' આવી ધૂન અથવા ટેકવાળી તારી ઘણીય સ્તુતિઓ મેં ગાઈ છે. હે ઇંદ્ર! તારાં દાનની તારી દીધેલી ભેટોની મેં પાર વિનાની સ્તુતિ કરી છે, ઘણુંય સ્તોત્રો ગાયાં છે. હે વૃત્રહન્! આવી વાચિક સ્તુતિઓ તો હવે બહુ થઇ ચૂકી, હવે તો હું અને તું મળી જઇએ અને એક બનીને ક્રિયામયી વાણી દ્વારા દુનિયાને દાનનો મહિમા બતલાવીએ. કોઈ પણ મેળ, કોઇ પણ સંયોગ, કોઇ પણ સંગઠન, દાન અને પ્રતિદાન, લેવું અને આપવું, એ બે વિના અસંભવિત છે. મારો અને તારો આવો સંયોગ ત્યારેજ થઇ શકે કે જયારે હું મારૂં સર્વસ્વ તને અર્પણ કરી દઉં અને તેના બદલામાં મારૂં ઇચ્છેલું ઐશ્વર્ય તું મને આપી દે; અથવા મારા વિકારોને, મારા તમામ વાંકાચૂકાપણાને, તારાથી મને જૂદો કરી દે એવી મારી નઠારી ખાસિયતોને હું તજી દઉં અને તેના બદલામાં, હે વૃત્રહન્! તું મારા માર્ગમાં આડે આવનારાં તમામ વિઘ્ન બાધાઓ, અડચણો વગેરેને છિન્ન ભિન્ન કરી દે અને તારી સમતા વડે તથા તારી પવિત્રતા વડે તું મને ભરી દે, પરિપૂર્ણ કરી દે. આ આપણો સંયોગ, યોગ, અથવા આ યોગની પ્રક્રિયા ત્યાં સુધીજ ચાલ્યા કરશે, કે જ્યાં સુધી તારા તરફથી મને મારૂં અભીષ્ટ ઐશ્વર્ય પૂરેપુરૂં ન મળી રહે, જ્યાં સુધી મને તેની પૂર્ણ પ્રાપ્તિ નહિ થઇ હોય. ત્યારે આવો, મારો ઇંદ્ર! તમે પણ આવો અને જુઓ કે તમારી

સાથે સંયુક્ત થવાને માટે હું આત્મબલિદાનને પંથે કેવો આગળ ધપતો જાઉં છું. હું એવાં એવાં એક એકથી ચઢીઆતાં લસલસતાં આત્મબલિદાન દેતો જઇશ કે તે જોઇને જગત આશ્ચર્યથી આંગળાં કરડશે અને પથ્થર પીગળે પણ પોતે ન પીગળે એવા કઠણ અદાનીઓનાં હૈયાં પણ હલમલી ઉઠશે. દાનના માહાત્મ્યનું દર્શન કરીને એકવાર તો આખું જગત આત્મત્યાગ કરવા માટે તૈયાર થઇ જશે. આત્મત્યાગમાં જે લોકોને જરા પણ વિશ્વાસ નથી, આત્મબલિદાનમાં જેમને લેશ માત્ર પણ શ્રદ્ધા નથી એવા લોકો પણ દાનની શક્તિનો અનુભવ કરતા થઇ જશે, આપણી આત્માહુતિઓનો મહિમા જોશે, સમજશે અને આપણા દાન અને પ્રતિદાનને પોતાનું અનુમોદન આપવા લાગશે. ત્યારે આજથી હું મારા એક પછી એક અવયવ કાપી કાપીને તમારા ચરણ આગળ ધરતો જાઉં છું અને તેમના બદલામાં હે વજ્રને ધારણ કરનારા ! તમે વિઘ્ન–બાધાઓનું ભેદન કરીને મારે માટે તમારાં એક એકથી ચઢી જાય એવાં ઐશ્વર્યોનો પ્રવાહ વહેવડાવતા જાઓ. હે શૂર ! મારાં આવાં મહાન્ આત્મબલિદાનોના બદલામાં જ્યારે તમે મને પૂર્ણ પ્રાપ્તિ કરાવી દેશો, તમારાં ઐશ્વર્યો વડે તમે જ્યારે મને ન્યાલ કરી દેશો ત્યારે તો આખી દુનિયા પણ બોલી ઉઠશે કે “નિઃસંદેહ, ઇંદ્રનું દાન અતિ કલ્યાણકારી છે.”

શબ્દાર્થ

(वृत्रहन्) હે વિઘ્નોને છિન્નભિન્ન કરનાર ઇન્દ્ર ! **(अहं च त्वं च)** હું અને તું, આપણે બેઉ **(संयुज्याव)** સંયુક્ત થઈ જઇએ, ત્યાં સુધી કે **(आ)** જ્યાં સુધી **(सनिभ्यः)** પૂર્ણ પ્રાપ્તિઓ થઇ જાય કે જેના વડે **(अरातीवा)** અદાનીઓ, કદી પણ ત્યાગ નહિ કરનારા **(चित्)** પણ, **(अद्रिवः)** હે વજ્રવાળા ! **(शूर)** હે શૂર ! **(नौ)** આપણા [આપણા દાન પ્રતિદાનનું] **(अनुमंसते)** અનુમોદન કરે, વિચાર કરીને સમજી જાય કે નિઃસંદેહ **(इन्द्रस्य)** પરમેશ્વરનાં **(रातयः)** દાન, બક્ષિસો **(भद्राः)** કલ્યાણકારી છે.

१९ पौष

सत्यमिद् वा उतं वयं इन्द्र स्तवाम नानृतम् ।
महाँ असुन्वतो वधो भूरि ज्योतींषि सुन्वतः, भद्रा इन्द्रस्य रातयः
(ऋ० ८-६२-१२)

વિનય

ઇન્દ્રનાં પરમકલ્યાણકારી દાનોની અમે જે સ્તુતિઓ કરી છે, તે નિઃસંદેહ સાચી સ્તુતિઓ છે, જૂઠી નથી. અમે મહાન ઇન્દ્રનો જે મહાન મહિમા ગાયો છે તે પણ નિઃસંદેહ સાચો છે, જૂઠો નથી. અમે તે સાચા ઈન્દ્રના ગુણોનું કીર્તન કરીએ છીએ, કોઈ જૂઠા ઇન્દ્રનું નહિ, તે પણ અમે જાણીએ છીએ. અમે સાચા પરમેશ્વરની સ્તુતિ કરીએ છીએ, કોઇ જૂઠાની નહિ. એટલા માટે અમને વિશ્વાસ છે કે, અમારી આ સ્તુતિ કદી પણ નિષ્ફળ નહિજ જાય, તેનું ફળ અવશ્ય આવશેજ. અમારી આ સાચી સ્તુતિ અમને અવશ્ય ઈન્દ્રનું દર્શન કરાવી દેશે, અમને તેના કલ્યાણકારી દાનનો અનુભવ પણ કરાવી દેશે. અમારી આ સ્તુતિ એટલી સાચી છે કે તેના પ્રતાપે અમને એટલી શક્તિ પ્રાપ્ત થઇ છે કે આ સંસારમાં મોટા મોટા યજ્ઞો કરનારા (આત્મત્યાગનાં મહાન્ કાર્યો કરનારા) 'सुन्वत्' લોકોનું જેટલું કલ્યાણ થાય છે બરાબર તેટલુંજ યજ્ઞ નહિ કરનારા 'असुन्वत्' લોકોનું અકલ્યાણ થાય છે તે અમે નજરોનજર જોઇ શકીએ છીએ. 'असुन्वत्' લોકોનો વધ થવાનું કારણ એ છે કે, તેઓ યજ્ઞ કરતા નથી તેથી કરીને તેમને યજ્ઞના બદલામાં ઇન્દ્રનાં કલ્યાણકારી દાન મળવાં જોઇએ તે નથી મળતાં. આથી ઉલટું 'सुन्वत्' લોકોનું કલ્યાણ થાય છે, કારણ કે તેમણે કરેલા યજ્ઞના બદલા-

માં તેમને ઇન્દ્રના તરફથી તમામ જ્યોતિઓનાં ભારે ભારે દાન મળતાંજ રહે છે. અને એક વાર જેને જ્યોતિઓની પ્રાપ્તિ થઈ ગઇ તેને બીજી કયી વસ્તુ ન મળે? હે મનુષ્યો! તમે આવા પ્રત્યક્ષ અનુભવી શકાય એવા સત્યને પણ કેમ નથી જોઈ શકતા? સત્ય ઇન્દ્રના આવા સત્ય સ્વભાવનો અનુભવ કેમ નથી કરતા? અરે! તમે કોણ જાણે કયી જૂઠી દુનિયામાં અથડાતા ફરો છો? શા માટે તમે ઉપરાઉપરી ભૂલોના ભોગ થઇ પડો છો? જુઓ, જુઓ, જગતમાં જે બીના બની રહી છે તે એજ છે કે અત્યાગીઓનો નિરંતર વધ થઇ રહ્યો છે અને આત્મત્યાગીઓ દહાડે દહાડે ઉન્નત થતા જાય છે. આ બધું ઇન્દ્રની 'ભદ્ર રાતિ' મળ્યાનું અને નહિ મળ્યાનું પરિણામ છે. તો ભલા, તમે પણ તેનો અનુભવ શા માટે નથી કરતા અને બધા મળીને એક સ્વરથી શા માટે બોલી નથી ઉઠતા કે "ઇન્દ્રની 'राति' ભદ્ર છે, ખરેખર, ઈન્દ્રનાં દાન કલ્યાણકારી છે."

શબ્દાર્થ

(वयं) અમે **(तं)** તે **(इन्द्रं)** ઈન્દ્રની **(वै उ)** નિઃસંદેહ **(सत्यं इत्)** સાચીજ **(स्तवाम)** સ્તુતિ કરીએ છીએ, **(अनृतं)** જૂઠી **(न)** નહિ. જુઓ, **(असुन्वतः)** યજ્ઞ નહિ કરનારા લોકોનો **(महान्)** ભારે **(वधः)** વિનાશ થઇ રહ્યો છે અને **(सुन्वतः)** યજ્ઞ કરનારાઓને **(भूरि)** ઘણી ઘણી **(ज्योतींषि)** જ્યોતિઓની બક્ષિસ [મળી રહી છે,] કેમકે **(इन्द्रस्य)** ઇન્દ્રનું **(रातयः)** દાન **(भद्राः)** કલ્યાણકારી છે.

१९ पौष

यमग्ने मन्यसे रयिं सहसावन् अमर्त्य ।
तमा नो वाजसातये वि वो मदे यज्ञेषु चित्रमाभर विवक्षसे ॥
(ऋ. १०-२१-४)

વિનય

હે સહસાવન્ ! હે શક્તિના ભંડાર ! તમે મહાન છો. તમે જ્ઞાન, બળ આદિ બધીજ બાબતોમાં મહાન છો, અત્યંત મહાન છો. હે અમર અગ્નિ ! તમારી આવી મહત્તાનો અનુભવ કરીને હું તમારે શરણે આવ્યો છું. તમારા શરણ નીચે આવ્યા પછી મારે તમારી પાસે બીજું માગવાનુંજ શું હોય ? મને તો શું માગવું અને શું ન માગવું તેનું ભાનજ નથી. મારે કયી વસ્તુ ખપની છે અને કયી વસ્તુ ખપની નથી તેને બરાબર પારખી લેવા જેટલું મારામાં જ્ઞાનજ નથી. એટલા માટે હે અગ્નિ ! તમારી નજરમાં જે ઐશ્વર્ય મને આપવા જેવું લાગે તે મને આપી દો, તેનેજ મારી આગળ આવવા દો. મારા વિકાસને માટે અત્યારે મારે કયા ઐશ્વર્યની જરૂર છે તે હું સારી રીતે નથી સમજી શકતો, તે તો તમેજ જાણો છો. એટલા માટે મારી ઉન્નતિને માટે, મારા '**वाजसाति**' (બળપ્રાપ્તિ) ને માટે જે '**रयि**' (ઐશ્વર્ય) યોગ્ય હોય તે તમે નક્કી કરીને મને આપતા રહેજો. અરે ભૂલ્યો ! 'મારા બળલાભ (**वाजसाति**)ને માટે' એવું મારાથી કહેવાયજ કેમ ? બળલાભ કરીને મારે બીજું કરવું છે પણ શું ? મારે તો તમારા '**विमद**'ને માટે, તમારી તથા દેવોની વિશેષ પ્રસન્નતાને માટે, યજ્ઞોમાં તમારી પરિતૃપ્તિ કરવાને માટેજ મારે તમારૂં આપેલું '**रयि**' જોઇએ. તારા આપેલા આવશ્યક રયિને પ્રાપ્ત કરીને, જ્ઞાન, બળ આદિ વડે સંપન્ન બનીને મારે તો તારે સારૂજ યજ્ઞકર્મ કરવાં છે, બીજું

મારે કરવાનું પણ શું છે? હે અગ્નિ! યજ્ઞોમાં હું તારી પરિતૃપ્તિ કરી શકું એટલા માટે તારૂં 'चित्र' ધન તું મને આપ. તું મને જે ઐશ્વર્ય આપીશ તે મારા હિતને માટે અદ્ભુત ગુણકારકજ હશે, એ મારે સારૂ તારી પવિત્ર અને પૂજ્ય બક્ષિસજ હશે. તેના વડે મારૂં નિઃસંદેહ કલ્યાણજ થશે. એટલા માટે હે અગ્નિ! તું મને તારા ચિત્ર ઐશ્વર્યનું દાન કર, તારી પોતાની પરિતૃપ્તિને માટે આપ અને તે પરિતૃપ્તિ દ્વારા તું મહાન થા. તારા દિવ્ય રૂપવડે મહાન બનતો રહીને પણ મારી આ પરિતૃપ્તિ દ્વારા માનુષિક રૂપથી પણ મહાન થા.

શબ્દાર્થ

(सहसावन्) હે શક્તિના ભંડાર! **(अमर्त्य अग्ने)** હે અમર અગ્નિ! તું **(यं)** જેને **(रयिं)** મને આપવા જેવું ઐશ્વર્ય **(मन्यसे)** માનતો હોય **(तं)** તે **(नः)** અમને **(वाजसातये)** બળલાભને માટે, ઉન્નતિને માટે **(आभर)** આણી આપ. **(यज्ञेषु)** યજ્ઞોમાં **(वः)** તમારી **(वि मदे)** વિશેષ પ્રસન્નતા અથવા પરિતૃપ્તિને માટે **(चित्रं)** તે આશ્ચર્યકારક અથવા પૂજ્ય ધનને **(आ)** આણી આપ, **(विवक्षसे)** તું મહાન થાય છે.

૨૦ પોષ

हृदिस्पृशस्ते आसते सोम विश्वेषु धामसु ।
अध कामा इमे मम वसूयवो वि वो वितिष्ठन्ते विवक्षसे ।।
(ऋ. १०-२५-२)

વિનય

હે સોમ! તારા હૃદયને સ્પર્શ કરનારા તારા અનન્ય ભક્તો સ્થળે સ્થળે વિરાજમાન છે તે હું જાણું છું. દરેક ધામમાં, દરેક સ્થાનમાં, દરેક લોકમાં વસનારા તારા નિષ્કામ ભક્તો તારૂં ભજન કરતા હોય છે. હું તારી ભક્તિ

વડે તારા હૃદયને સ્પર્શ કરી શકીશ કે નહિ તે હું નથી જાણતો. ઓછામાં ઓછું એટલું તો હું સમજી ગયો છું કે, મારાથી તારી નિષ્કામ ભક્તિ નથી થઇ શકવાની. મારામાં તો ઘણીઘણી કામનાઓ ભરી પડી છે. મારામાં હજી મહત્ત્વાકાંક્ષાઓ છે, મોટા માણસમાં ગણાવાની, પ્રતિષ્ઠા મેળવવાની, સિદ્ધિઓને પ્રાપ્ત કરવાની, એવી એવી તો કેટલીય ઇચ્છાઓ હજી મારામાં વાસો કરી રહી છે. નાના પ્રકારના વસુઓને–ઐશ્વર્યોને–પ્રાપ્ત કરવાની અનેક તૃષ્ણાઓ મારામાં વિવિધ પ્રકારે જાગ્યાજ કરે છે. એટલું સાચું છે કે, મારી એ બધી ઇચ્છાઓ છેવટે તને પ્રસન્ન કરવાને, તને પરિતૃપ્ત કરવાને માટેજ ઉત્પન્ન થયા કરે છે. આખરે, એ બધી તનેજ સમર્પિત થઈ જવાની છે, તો પણ અત્યારે તેમનાથી મારૂં હૃદય ભરાઇ ગયું છે! હે સોમ! આ મારી કામનાઓને પૂર્ણ કરીને તું મારા હૃદયને હલકું ફૂલ જેવું નહિ બનાવી દે? નહિ, તમે તેમને પૂર્ણ કરો અને મારી પરિતૃપ્તિ પામીને મહાન થઇ જાઓ. તારા હૃદય સુધી પહોંચી જનારા તારા જ્ઞાની નિષ્કામ ભક્તો તને વધારે સાચા અર્થમાં વધારી રહ્યા છે એ હું કબૂલ કરૂં છું, પણ આ મારી અર્થાર્થી ભક્તિ—અમુક હેતુની સિદ્ધિ માટે કરેલી સકામ ભક્તિ–મારી આ બધી ઇચ્છાઓ અંતે તો તારી વૃદ્ધિ કરવાને માટેજ છે. એટલા માટે હે સોમ! તમે મારી આ કામનાઓને પૂર્ણ કરો તો કદાચ હું પણ પેલાઓના જેવો તારો નિષ્કામ ઉપાસક બની જાઉં, તારા હૃદયને સ્પર્શ કરે એવો ભક્ત બની જાઉં.

શબ્દાર્થ

(सोम) હે સોમ! **(ते)** તારા **(हृदिस्पृशः)** હૃદયને સ્પર્શ કરનારા ભક્તો **(विश्वेषु धामसु)** તમામ સ્થાનોમાં **(आसते)** બેઠા છે, વિરાજમાન છે. **(अध)** પણ મારામાં **(इमे)** આ **(मम)** મારી **(वसूयवः)** ઐશ્વર્યોને ઇચ્છનારી **(कामाः)** કામનાઓ **(वः विमदे)** તમારી પ્રસન્નતા અથવા પરિતૃપ્તિને માટે **(वि तिष्ठन्ते)** વિવિધ પ્રકારે ઉઠયા કરે છે, **(विवक्षसे)** તમે મહાન થાઓ છો.

२१ फौक

आ पवस्व दिशांपते आर्जीकात् सोम मीढ्वः ।
ऋतवाकेन सत्येन श्रद्धया तपसा सुतः इन्द्रायेन्दो परिस्रवः ।।
(ऋ० ९-११३-२)

વિનય

હે સોમ! તમે ઇન્દ્રને માટે પરિસ્રુત થાઓ-તમારા રસને પ્રવાહ વહેવડાવે-તમારા જ્ઞાનને પ્રવાહ વહેવડાવે. હે જ્ઞાનમનભક્તિભાવ! મારા આત્માને માટે તમે પરિસ્રુત થાઓ. કયાંથી તમે પરિસ્રુત થાઓ છે અને કયાંથી અભિષુત થાઓ છે તે હું જાણું છું. હે દિશાઓના પતિ! તમે ઉપરથી વરસે છે અને ચારે દિશાઓમાં વસનારા આખા સંસારને રસપ્રદાન કરીને સૌનું પરિપાલન કરે છે. તમે મારી અંદરની દિશાઓના, ચતુર્વિધ પ્રેરણાઓના પણ સંરક્ષક છે. પણ ઉપરની એક ખાસ જગ્યા જયાંથી તમે આવે છે તેનું નામ '**आर्जीक**' છે, ઋજુભાવ છે, તે સરળતા અને સમતાની દુનિયા છે. જયાં સરળતા અને અકુટિલતા ન હોય ત્યાં તમારે પ્રાદુર્ભાવ કદી થતોજ નથી. સરળભાવ એજ તમારી જન્મભૂમિ છે. હે સિંચન કરનાર! તમે '**आर्जीक**'થી નીચે ઉતરી આવીને મારા સંપૂર્ણ અંતસ્તલને તમારા રસ વડે સિંચિત કરી દો. મારા રોમેરોમને તમારા અમૃતરસથી અભિષિક્ત કરી દો—નવરાવી દો. હે સોમ! તમે આવી રીતે મારામાં પ્રવેશ કરો. તમે સત્ય વચન, સત્ય વ્યવહાર, શ્રદ્ધા અને તપ દ્વારા ઉત્પન્ન થઇને તમે મારામાં પ્રવિષ્ટ થાઓ. હું સારી રીતે જાણું છું કે, સત્ય વચન અને સત્ય કર્મોના નિયમોનું પાલન કર્યા વિના ભક્તિભાવને ઉદય નથી થતો. શ્રદ્ધાપૂર્વક કષ્ટ સહન કર્યા વિના પ્રેમને પ્રસાદ નથી મળતો. આ ચારે સાધનોને

સારી રીતે સાધિત કર્યા પછીજ જ્ઞાનનું નિષ્પાદન થાય છે અને ભક્તિરસનો પ્રાદુર્ભાવ થાય છે. એટલા માટે વચન અને કર્મથી સત્યપાલન કરવાનું વ્રત લઇને અટળ શ્રદ્ધાપૂર્વક તેને ધારણ કરીને અને તે અર્થે કઠોર તપશ્ચર્યા કરતો રહીને હું તમારી પ્રાર્થના કરૂં છું કે હે સોમ ! તમે મારામાં પ્રવેશ કરો. મારો આત્મા તમારે માટે તલસી રહ્યો છે. આટલા માટે હે ઇન્દુ ! તમે મારામાં પરિસ્રુત થાઓ, આ આત્માને માટે ક્ષરિત થાઓ.

શબ્દાર્થ

(सोम) હે સોમ ! **(दिशांपते)** હે દિશાઓનું પાલન કરનારા ! **(मीढ्वः)** હે સિંચન કરનારા ! તમે **(आर्जीकात्)** સરળતાના લોકમાંથી **(आपवस्व)** ઉતરી આવો, ક્ષરિત થાઓ. તમે **(ऋतवाकेन)** સત્ય વચન થકી, **(सत्येन)** સત્ય વ્યવહાર થકી **(श्रद्धया)** શ્રદ્ધા થકી **(तपसा)** તપ થકી **(सुतः)** અભિષુત થાઓ છો, ઉત્પન્ન થાઓ છો. **(इन्दो)** હે ઇન્દુ ! હે સોમ ! તમે **(इन्द्राय)** આત્માને માટે **(परिस्रव)** પરિસ્રુત થાઓ.

३२ पौष

यत्र ज्योतिरजस्रं यस्मिन् लोके स्वर्हितम् ।
तत्र मा धेहि पवमान अमृते लोक अक्षिते, इन्द्रायेन्द्रो परिस्रव ॥
(ऋ० ९-११३-७)

વિનય

હે સોમ ! તમે ઇન્દ્રને સારૂ પરિસ્રુત થાઓ. હે જ્ઞાનમય ભક્તિભાવ ! તમે મારા આત્માને સારૂ પ્રાદુર્ભૂત થાઓ. હું તમારા અદ્ભુત મહિમાને જાણું છું. હું એ પણ જાણું છું કે તમે મને ઊંચામાં ઊંચા લોકસુધી લઇ જઇ શકો છો, તમે મને મોક્ષસુખ સુધી પહોંચાડી શકો છો. એટલા માટે હે પવમાન ! હે અતિ અતિ પવિત્ર ! તમે મને તે સ્થાનમાં

લઇ જઇને બેસાડી દો કે જ્યાં પ્રકાશનો કદી પણ છેડો આવતો નથી, જ્યાં અવિનશ્વર જ્યોતિ ઝળહળ્યા કરે છે. તમે મને એવા ધામમાં લઇ જઇને મૂકી દો કે જ્યાં અખંડ સુખ છે, જ્યાં અખંડ નિરવધિ આનંદ છે, એ રીતે તમે મને અમૃતના અક્ષીણ લોકની પ્રાપ્તિ કરાવી દો કે જ્યાં મૃત્યુનો કદી પ્રવેશ થઈ શકતો નથી, જ્યાં મૃત્યુની છાયા પણ પડી શકતી નથી, જ્યાં ક્ષયનો કદી સંભવ નથી, શંકા પણ નથી. હે સોમ ! હે ક્ષરિત થનારા સોમ ! તમે મને આવા અમૃતલોકમાં પહોંચાડી શકો છો, ઉપર કહ્યું તે બધાંની જ તમે મને પ્રાપ્તિ કરાવી દઇ શકો છો. તમારો હાથ પકડીને, તમારી મદદ વડે હું પરમધામ સુધી ગતિ કરી શકું છું. આટલા માટે મારો આત્મા તમારે સારૂ ઝંખી રહ્યો છે, ચાતકની માફક તમારી અમૃતવર્ષાની એક એક કણિકાને માટે વ્યાકુળ થઈ ગયો છે. આથી કરીને હે ઇન્દુ ! તમે મારામાં પરિસુત થાઓ; આ મારા આત્માને માટે ક્ષરિત થાઓ.

શબ્દાર્થ

(यत्र) જ્યાં **(अजस्रं)** અવિનશ્વર **(ज्योतिः)** જ્યોતિ છે, **(यस्मिन् लोके)** જે લોકમાં **(स्वः)** સુખ, આનંદ **(हितं)** નિહિત છે, ભરી રાખ્યું છે, **(पवमान)** હે પવિત્રતમ સોમ ! તું **(मा)** મને **(तत्र)** ત્યાં **(अमृते)** મરણરહિત **(अक्षिते)** ક્ષયરહિત **(लोके)** લોકમાં **(धेहि)** સ્થાપિત કરી દે. **(इन्द्रो)** હે સોમ ! **(इन्द्राय)** આત્માને માટે તું **(परिस्रव)** પરિસુત થા.

२३ पौष

प्रेह्य भीहि धृष्णुहि न ते वज्रो नियंसते ।
इन्द्र नृम्णं हि ते शवो हनो वृत्रं जया अप अर्चन्ननु स्वराज्यम्॥
(ऋ० १-८०-३)

વિનય

હે ઇન્દ્ર! હે આત્મા! તું તારા રાજત્વને, તારી રાજસત્તાને, તારા રાજ્યને નથી ઓળખતો; તેમનો તું અનુભવ નથી કરી શકતો. તું તારા સ્વરાજ્યને ભૂલી ગયો છે. તું રાજા છે તેનું તને સ્મરણ રહ્યું નથી. આ શરીરનું રાજ્ય, આ શરીરની અંદરનું સામ્રાજ્ય, એ બધું તારૂંજ છે. એ સર્વનો તું રાજા છે. પણ અત્યારે તો ત્યાં તારી સત્તા ચાલતી નથી, પણ તારી જગ્યાએ ત્યાં વૃત્ર (આસુરી શક્તિ) પોતાનું થાણું જમાવી બેઠો છે. કામ, પાપ વગેરે પરદેશી શત્રુઓ તારૂ રાજ્ય બથાવી પડયા છે. તારી ઇન્દ્રિયો, તારી મનોવૃત્તિઓ, તારી વાસનાઓ, તારી બુદ્ધિઓ પણ અત્યારે તો એ વૃત્રનુંજ દાસત્વ કરી રહી છે. પણ ઓ ઇન્દ્ર! વાસ્તવિક રીતે તો તેઓ તારી રૈયત છે, તારો હુકમ માનવાને બંધાએલી છે. પણ તું તારા રાજ્યની લગામ તારા હાથમાં લે ત્યારે ને! માટે હે ઇન્દ્ર! તું તારા સ્વરાજ્યને સંભારી લે, તારી આણ વર્તાવ અને તારી રૈયતના ઉપર પાછો ફરીથી રાજ્ય કરતો થઈ જા. તું તેમનો રાજા બની જા. તું તારા સ્વરાજ્યને પુનઃ પ્રાપ્ત કરવા તૈયાર થઈ જા. તારી સ્વરાજ્યસાધના કરવા મંડી જા. જો, જો, આ રાજ્યના ઉપર તારા સિવાય બીજો કોઇ આધિપત્ય નથીજ કરી શકતો. એ તો તારાજ અધિકારનો વિષય છે. એટલા માટેજ હે ઇન્દ્ર! તું તારા સ્વરાજ્યની સ્થાપના કરવા સારૂ ઉઠીને ઉભો થઇ જા. જા, આગળ વધ. શત્રુની સાથે મુકાબલો કર. તેમને તારા બળનો સ્વાદ ચખાડ. તારા શત્રુઓ, જેઓ તારૂ સ્વરાજ્ય દબાવી બેઠા છે, તેમના દાંત ભાંગી નાખ, તેમનો પૂરેપુરો પરાજય કરી નાખ. તારૂં વજ્ર હાથમા ધારણ કર. આ સંસારમાં

તારા વજ્રના પ્રહારને ખાળે એવી કોઇ તાકાત છેજ નહિ. તારી શક્તિની ગતિને રોકવા કોઇ સમર્થ નથી. તે અપ્રતિહત છે. તારૂં શસ્ત્ર અમોઘ છે. શું તું એમ કહેવા માગે છે કે, રાગ–દ્વેષ દુર્જેય છે? ના, ના, તારા સંકલ્પરૂપી વજ્રને માટે કશુંજ દુઃસાધ્ય નથી. તારો પ્રતાપાગ્નિ એવો જ્વલંત છે કે રાગ–દ્વેષ આદિ તમામ ક્લેશ બળીને ખાક બની જશે. તારા સ્વરાજ્યની સ્થાપનામાં અડચણ કરે એવો હોયજ કોણ? તારા સામર્થ્યને તું ઓળખતો અને અનુભવતો થાય એટલીજ વાર છે. સંસ્કાર ઘણા પ્રબળ છે એવું તું તારા મનમાં સમજતો લાગે છે? તારી ભૂલ થાય છે. તું તારા બળને હજી પૂરૂં નથી ઓળખી શકયો તેમાં તું આવા ભ્રમમાં પડે છે. તારૂં બળ તો બેશક **'नृम्ण'** છે, સૌને નમાવી દે એવું છે, તે એકલુંજ વાસ્તવિક બળ છે. દૃઢમાં દૃઢ સંસ્કારોને પણ તે જડમૂળથી ઉખાડીને ફેંકી દેશે. તેમનું નામ–નિશાન પણ રહેવા ન પામે એવા ભૂંસી નાખશે. આ સંસારમાં આજસુધીમાં એવી એક પણ વસ્તુ પેદા નથી થઈ કે જેને તારૂં બળ નમાવી ન દે, જે તારા બળને આધીન ન થાય. આ રીતે હે ઇન્દ્ર! તું તારા વજ્ર દ્વારા, તારા વીર્ય દ્વારા **'वृत्रासुर'** નો વધ કર અને વિજયી બનીને તારી રૈયતના ઉપર ફરીથી તારી આણ વર્તાવ. તારૂં રાજ્ય તું સંભાળી લે. હે ઇન્દ્ર! તું તારા સ્વરાજ્યની સ્થાપના કર, તારા પોતાના સ્વરાજ્યના ઉપર ફરીથી તારો અધિકાર જમાવ અને રાજ્ય કરતો થઇ જા.

શબ્દાર્થ

(इन्द्र) હે આત્મા! તું **(स्वराज्यं अनु)** સ્વરાજ્યને અનુકૂળ **(अर्चन्)** સાધના કરતો રહીને **(प्रेहि)** આગળ વધ. **(अभीहि)** (શત્રુની સાથે) મુકાબલો કર, **(धृष्णुहि)** શત્રુનું ધર્ષણ કર, તેમનો પરાજય કર. **(ते)** તારૂં **(वज्रः)** વજ્ર **(न)** નથી **(नियंसते)** રોકી શકાતું. **(ते)** તારૂં **(शवः)** બળ **(हि)** નિશ્ચયપૂર્વક **(नृम्णं)** સૌને નમાવે એવું છે, તે સાચું બળ છે. **(वृत्रं)** વૃત્રાસુરને, કામ અથવા પાપરૂપી વૃત્રને **(हनः)** તું હણ અને **(अपः)** તારી પ્રજાઓને **(जय)** જીતી લે.

૨૪ પોષ

इन्द्र तुभ्यमिदद्रिवो अनुत्तं वज्रिन् वीर्यम् ।
यद्ध त्यं मायिनं मृगं तमु त्वं मायया वधी रर्चन्ननु स्वराज्यम् ॥
(ऋ. १–८०–७)

વિનય

હે ઇન્દ્ર! તું સ્વરાજ્યપ્રાપ્તિની સાધનામાં સફળ થઈશ, અવશ્ય સફળ થઇશ. જે માયાવી મૃગ છે તેને માયા દ્વારાજ મારી નાખીને તું અવશ્ય વિજય પામીશ, કારણ કે તારૂં બળ, તારૂં વીર્ય સ્વાભાવિક છે. સંસારમાં જો એવો કોઇ હોય કે જેનું બળ બહારથી પ્રેરિત થતું ન હોય, બહારથી બીજી કોઇ વસ્તુમાંથી ઉત્પન્ન થતું ન હોય, બીજી કોઇ પણ બાહ્ય વસ્તુ ઉપર આધાર રાખતું ન હોય તો એકલો તુંજ છે. તારૂં બળ તારા પોતામાંથીજ ઉદ્ભવે છે, તે તારૂં પોતાનુંજ બળ છે, તે સ્વ–બળ છે, આપબળ છે અને સ્વ–બળ વડેજ સ્વરાજ્ય પ્રાપ્ત કરી શકાય છે. તારા સામા પક્ષમાં જે માયાવી મૃગ ઉભેલો છે તેની પાસે કશુંજ સ્વબળ નથી, છળ–કપટ કરીને તારા પોતાનાજ બળનો તારી વિરુદ્ધ પ્રયોગ કરીને તારા ઉપર રાજ્ય કરી રહ્યો છે. પણ આવું માયાવી બળ તે ક્યાં સુધી ટકી રહેવાનું? તને ખબર નથી કે માયા વસ્તુજ એવી છે કે પોતે ઉત્પન્ન થતાની સાથેજ પોતાની વિરુદ્ધ કાર્ય કરે એવી બીજી માયાવી શક્તિને પણ ઉત્પન્ન કરે છે. માયા તેના જન્મ વખતે તેના વિનાશનો અભિશાપ લઇનેજ જન્મ ધારણ કરે છે. ભાવાત્મક વીજળી (પોઝિટિવ ઇલેક્ટ્રિસિટી) નિષેધાત્મક (નેગેટિવ) વીજળીને પોતાની સાથે સાથે ઉત્પન્ન કર્યા વિના પોતે પેદા થઇ શકતીજ નથી. આ રીતે માયા પોતેજ પોતાનો વિનાશ કરનારી બીજી માયાવી શક્તિને જન્મ આપે છે. એટલા માટે હે આત્મન્! ભયંકરમાં ભયંકર દેખાતા માયાવી સિંહોથી, પ્રકૃતિનાં પૂતળાંઓથી, તું શા માટે ભયભીત થાય છે? એ માયા તો પોતે પોતાને હાથેજ વિનાશ પામે એવી છે, એનો સ્વભાવજ સ્વયં વિનશ્વર છે. પોતાનામાંજ પરસ્પર વિરોધી તત્ત્વો હોવાને લીધે તે પોતે પોતાનોજ વિનાશ કરી લે છે. જો, રજ અને તમ એ બે પરસ્પર વિરોધી ગુણો પોતાની મેળે લડી રહ્યા છે, તેમાં તમ નિષેધાત્મક (નેગેટિવ) છે

અને રજ ભાવાત્મક (પોઝિટિવ) છે; તેથી રજનો વિજય તો થાય છે, પણ તેને વળી તેના કરતાં વધારે ભાવાત્મક સત્વ ખાઇ જાય છે. આ રીતે રજ અને તમ બેઉ ખતમ થઇ ગયા પછી એ બેઉના આશ્રય વિના એકલા સત્વથી રહી શકાતુંજ નથી; તેથી વિજયી સત્વ પોતે પોતાની મેળેજ નાસી જાય છે. આ શરીર એવું છે કે આત્મહત્યા કરવાથી પણ તેનો નાશ નથી થતો, ફરી ફરીને પેદા થયા કરે છે. પણ આ અન્નમય પ્રકૃતિમાંથી ઘડાએલા આ દેહનેજ જો તું જેવી જોઇએ તેવી સ્થિતિમાં રાખે અને તેનીજ અંદર રહેલી તેની વિરોધિની પ્રાણમય, મનોમય આદિ પ્રકૃતિની સાધના કરીને જો તું મોક્ષ પ્રાપ્ત કરી લે તો આ તારો દેહ સદાને માટે પોતાની મેળેજ છૂટી જાય. એવીજ રીતે આ ચંચળ મન જે રાજસિક પ્રકૃતિનું બનેલું છે, તેજ પ્રકૃતિનો આશ્રય લઇને નિરંતર તેનાથી વિરોધી મનનક્રિયા કરવા માંડે, એકાગ્રતાની સાધના કરવા માંડે તો એ મન એકાગ્ર થઈ જાય, શાંત થઈ જાય, ચૂપ થઇ જાય અને એમ કરતાં કરતાં આખરે તે મરી પણ જાય. વળી આવીજ રીતે તું તારા દૃઢ અને અજેય સંસ્કારોને પણ તેનાથી વિરુદ્ધ સંસ્કારો વડે દબાવી દઇને અંતે તેમનો પણ તું જય કરી શકે છે. માટે હે ઇન્દ્ર! તું દેહ વડે દેહને દગ્ધ કરી શકે છે, મન વડે મનને મારી શકે છે અને સંસ્કારો વડે સંસ્કારોનો નાશ કરી શકે છે. પ્રકૃતિનાં પૂતળાંઓને તું પ્રકૃતિ દ્વારાજ ઓગાળી નાખે છે. આ માયાનાં મૃગલાંને તું માયાથી હણે છે. પણ એ માયા માયાથીજ મરે છે તેનું કારણ એ છે કે, એનામાં પોતાનું સ્વબળ જેવું કાંઇજ નથી. માટે હે ઇન્દ્ર! જો તું તારૂં પોતાનું સ્વબળ પ્રકટ કરીશ તો તારોજ વિજય થશે, તારૂંજ સ્વરાજ્ય થશે, તારૂં સ્વરાજ્ય નિઃસંદેહ સ્થપાઇ જશે.

શબ્દાર્થ

(इन्द्र) હે ઇન્દ્ર! **(अद्रिवः)** હે દુર્ભેદ્ય શસ્ત્રવાળા અથવા હે વૃત્રને તાબે કરનારા! **(वज्रिन्)** હે વજ્રને ધારણ કરનારા! **(तुभ्यं इत्)** તારે માટેજ **(वीर्यं)** વીર્ય, બળ **(अनुत्तं)** અપ્રેરિત છે, બહારથી આવતું નથી. **(यत् ह)** જે જે કારણને લીધે નિશ્ચયપૂર્વક **(स्वराज्यं अनु)** સ્વરાજ્યને માટે **(अर्चन्)** સાધના કરતો રહીને **(त्वं)** તું તે પ્રસિદ્ધ **(मायिनं)** માયાવી **(मृगं)** બીજાની સંપત્તિ છીનવી લેનાર અસુરને **(तं ऊ)** એવા અસુરને પણ **(मायया)** માયા વડેજ **(अवधीः)** હણી શકે છે.

२५ पौष

स्वादोरित्था विषूवतोमध्वः पिबान्तिगौर्यः ।
या इन्द्रेण सयावरीं वृष्णा मदन्ति शोभसे वस्वीरनु स्वराज्यम् ॥
(ऋ. १-८४-१० ॥ सा० पू० ५-१-३-१ ॥
सा० उ० ३-२-१५ अथर्व. २०-१०९-१)

વિનય

પ્રજાઓને સાચું સુખ તો સ્વરાજ્યમાંજ મળી શકે છે. સ્વરાજ્યની અંદર રહીનેજ પ્રજાઓ પોતાનો ઘણામાં ઘણો વિકાસ સાધી શકે છે. જ્યારે અંદર સ્વરાજ્યની સ્થાપના થઈ જાય છે, જ્યારે આ શરીર–રાજ્યની લગામ ઈંદ્ર (આત્મા)ના હાથમાં આવી જાય છે ત્યારે ગૌરિઓ, ઇંદ્રિયો વગેરે ઇંદ્રની પ્રજાઓને જે અલૌકિક દિવ્ય સુખ મળે છે, તેમની શોભામાં, તેજમાં જે અદ્ભુત વિકાસ થઇ જાય છે તેની આપણે સાધારણ માનવીઓ આપણી હાલની સ્થિતિમાં કલ્પના પણ નથી કરી શકતા. કારણકે આપણી અંદર કાં તો આત્મિક અરાજકતા ફેલાઇ ગએલી છે અથવા કોઇ અસુરનું વિદેશી રાજ્ય ચાલે છે, પણ સ્વરાજ્ય તો નથીજ. આથી કરીને આપણી અંદર તો અત્યારે પેલી ગૌરિઓ વિષયરૂપી મદિરાનુંજ પાન કરી રહી છે અને એવા કેફી આત્મઘાતક 'સુખ'–નેજ સુખ માની બેઠી છે. આથી કરીને દિવ્ય સોમરસના પાનનું સુખ તો તેને આ હાલતમાં મળેજ શી રીતે ? કારણકે એ સુખ તો આત્મ-રાજ્યની સ્થાપના થયા વિના મળી શકતુંજ નથી. કોઇ કોઇમાં જ્યાં તેમનો **'वृषा'** બળવાન આત્મા ફરીથી પોતાના **'સ્વ'** રાજ્યને સંભાળી લે છે, તેમની અવસ્થા તદ્દન બદલાઇ જાય છે. તેમની ઇંદ્રિયો સ્વરાજ્યને અનુકૂળ વર્તન કરનારી સંયમયુક્ત થઈ જાય છે. તેઓ વસુરૂપ, સ્વરાજ્યની સંપત્તિરૂપ અથવા સાચી સ્વરાજ્યવાસિની થઇ હોય છે. તેઓ

પોતાની પ્રદીપ્તિને અર્થે બળવાન ઇંદ્રની સહચારિણી બની જાય છે. ઇંદ્રના સાહચર્યને લીધે ખરેખર તેમની શોભામાં અને તેજમાં અકલ્પનીય વધારો થઇ જાય છે. પ્રાતિભ, શ્રાવણ, વેદન આદિ સિદ્ધિઓ વડે તથા નાના પ્રકારની બીજી અદ્ભુત શક્તિઓ વડે તેઓ અત્યંત સુશોભિત અને પ્રદીપ્ત થઈ જાય છે. એવે વખતે તે ગૌરિઓએ સાચી સ્વાધીનતા પ્રાપ્ત કરેલી હોવાથી તેઓ ઇંદ્રની સાથે અત્યંત આનંદનો લહાવો લે છે. તેવે વખતે તેમને '**મધુ**', મોક્ષ-સુખ, સોમરસ ઇત્યાદિનું પાન કરવાની તક મળે છે, જે અત્યંત સ્વાદિષ્ટ છે, જે બ્રહ્માનંદના રસ વડે રસીલું છે, જે માધુર્યથી ભરપૂર છે, જે વ્યાપક છે તેમજ સૌને માટે એકસમાન છે, ભૌતિક સુખની જેમ એકદેશીય અને સાપેક્ષ નથી. આથી કરીને વિષય-મદિરાના જેવું કેફી પણ નથી. આજ સાચું સોમરસનું પાન છે અને જે આત્મવશ્ય-આત્માને વશ રહેનારી-ઇંદ્રિયોજ ચાખી શકે છે. વાસ્તવિક ભોગ, 'શુદ્ધ ભોગ' તે આનુંજ નામ છે. તે અવિદ્યા આદિ ક્લેશ અને મલોથી સર્વથા રહિત નિર્મળ ભોગ છે, જેનો ઉપભોગ મોક્ષાવસ્થામાં આત્મશક્તિરૂપિણી ગૌરિઓ-ઇંદ્રિયો-કરી શકે છે. અરેરે ! આપણે બદ્ધ પુરુષો તો 'શુદ્ધ ભોગ' એ શી વસ્તુ છે તેની કલ્પના પણ નથી કરી શકતા, 'વ્યાપક મધુ' કોને કહેવાય તેની અટકળ કરવી એ પણ આપણી શક્તિ બહારનો વિષય છે.

શબ્દાર્થ

તે (**गौर्यः**) પ્રકાશમાન ઇન્દ્રિયો અથવા આત્મશકિતઓ (**इत्था**) આ રીતે (**स्वादोः**) સ્વાદિષ્ટ, બ્રહ્માનંદના રસથી રસીલા (**विषूवतः**) વ્યાપક (**मध्वः**) સોમરસનું, શુદ્ધ ભોગનું, મોક્ષસુખનું (**पिबन्ति**) પાન કરે છે (**याः**) જે (**स्वराज्यं अनु**) સ્વરાજ્યનું અનુસરણ કરનાર હોઇને (**वस्वीः**) વસુરૂપ અથવા વાસિની બનીને અને (**शोभसे**) પોતાની શોભા અથવા દીપ્તિને માટે (**वृष्णा**) બળવાન (**इन्द्रेण**) આત્માની (**सयावरीः**) સાથે મળીને ચાલનારી થઇને (**मदन्ति**) આનંદયુક્ત થાય છે.

२६ पौष

यच्चिद्धि सत्य सोमपा अनाशस्ता इव स्मसि ।
आ तू न इन्द्र शंसय गोषु अश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ ॥
(ऋग्० १-२९-१ ॥ अथर्व० २०-७४-१)

વિનય

હે ઇન્દ્ર ! અમે નઠારા તો છીએજ. અપ્રશસ્ત પણ છીએ, છતાં તમે અમને શ્રેષ્ઠ બનાવી દો, અમને પ્રશસ્ત બનાવી દો. અમે તારા ભક્ત થયા એટલે એવું તો નજ બનવું જોઇએ કે અમે છેકજ આશાતીત હદ સુધી અવનતિના ખાડામાં ગરકી જઇએ. અમારામાં જે કાંઇ અવગુણો હોય તેમને તમે તમારી દયાને પ્રતાપે દૂર કરી દો. તમારી દયાનાં પાત્ર બન્યા પછી પણ જો અમે પ્રશસ્ત ન થઇ શકીએ તો પછી થવાના હતાજ ક્યારે ? હે સત્યસ્વરૂપ ! હે સોમરસનું પાન કરનારા ! તમે તમારી સત્યમયતાને પ્રતાપે, તમારા સોમપાનના ગુણ વડે અમને પ્રશસ્ત બનાવી દો. હે અપાર ઐશ્વર્યવાળા ! આ સંસારમાં સામાન્ય દુનિયાદારીની પ્રશસ્તતા દુનિયાદારીની સંપત્તિઓ વડેજ બને છે. માટે તમે અમને ગૌઓ અને અશ્વોનું દાન કરો અને એ ગૌઓ તથા અશ્વો પણ એટલી બધી સંખ્યામાં અને એવાં રૂડી રીતે શોભાયમાન હોય એવાંજ આપજો, કે જેમને પ્રાપ્ત કરીને અમે પ્રશસ્ત થઇ જઇએ. અમારી પાસે મોટી મોટી અને ખૂબ દેખાવડી ગૌઓ અને અશ્વો હોય અને તે પણ પાછાં હજારોની સંખ્યામાં હોય. પણ એ બહારની સ્થૂળ ગૌઓ અને અશ્વો તો નિરર્થક છે, ઉલટાં બોજારૂપ છે. અને જ્યાં સુધી અમે અંદરની સાચી ગૌઓ અને અશ્વો વડે પ્રશસ્ત ન થઇએ ત્યાં સુધી તો બહારની ગૌઓ અને અશ્વો અમને ઉલટાં પરાધીન બનાવી દે છે. અમને સાચા અર્થમાં પ્રશસ્ત બનાવનાર વાસ્તવિક ગૌઓ તો અમારી વાણી આદિ ઇન્દ્રિયો છે અને અમારા ખરા અશ્વો તો અમારી આત્મિક શક્તિઓ છે, અમારાં

વીર્ય, બળ અને આત્મતેજ છે. અમારે જે ગૌઓ અને અશ્વો જોઇએ છે તે આવી સાચી ગૌએ અને અશ્વો જોઇએ છે. એમનેજ અમે અમારી ગૌઓ અને અશ્વો માનીએ છીએ. માટે હે 'તુવીમઘ'! હે અપાર ઐશ્વર્યવાળા! તમે તમારા પોતાના સત્ય દ્વારા અમારી વાણી આદિ ઇંદ્રિયોને શ્રેષ્ઠ સુંદર અને શુભ્ર બનાવી દો અને એવી કૃપા કરો કે આવી સુંદર આત્મશક્તિઓ અમારામાં હજારો પ્રકારે પ્રકટી નીકળે. તમે તમારા સોમપાનના ગુણ વડે અમારા વીર્ય આદિ બળોને ઉત્તમ, તેજસ્વી અને સુશોભિત બનાવી દો. વળી એવી કૃપા કરો કે એ આત્મતેજ અમારામાં હજારો પ્રકારે ઝળકી નીકળે. હે ઇંદ્ર! આ રીતે તમે અમને અપ્રશસ્તોને પ્રશસ્ત બનાવી દો, અમને ગૌઓ અને અશ્વો દ્વારા પ્રશસ્ત કરી દો.

શબ્દાર્થ

(सत्य) હે સત્ય સ્વરૂપ! **(सोमपाः)** હે સોમપાન કરનારા! **(यत् चित् हि)** અગર જો અમે **(अनाशस्ताः इव)** અપ્રશસ્ત જેવા, નઠારા જેવા **(स्मसि)** છીએ **(तु)** તોપણ **(तुवीमघ)** હે બહુ ઐશ્વર્યવાળા! **(इन्द्र)** હે ઇન્દ્ર! તું **(नः)** અમને **(शुभ्रिषु)** શોભીતી, શ્રેષ્ઠ **(सहस्रेषु)** હજારો પ્રકારની **(गोषु)** ગૌઓમાં **(अश्वेषु)** તથા અશ્વોમાં **(आ शंसय)** પ્રશસ્ત બનાવી દે.

૨૭ પૌષ

ससन्तु त्या अरातयो बोधन्तु शूर रातयः ।
आ तु न इन्द्र शंसय गोषु अश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ ॥
(ऋ० १-२९-४ । अथर्व २०-७४-४)

વિનય

અમે અપ્રશસ્ત છીએ તેનું કારણ એ છે કે, અમારામાં બધી નઠારી વૃત્તિઓ જાગૃત અવસ્થામાં છે અને જેટલી શુભ વૃત્તિઓ છે તે બધી સૂતેલી પડી છે. હે શૂર ઇન્દ્ર! તમે તમારા પરાક્રમ વડે આ સ્થિતિને પલટાવી

દો. તમે એવી કૃપા કરો કે અમારામાં જે અદાન કરવાની નઠારી વૃત્તિઓ છે તે બધીજ ઊંઘી જાય, દબાઇ જાય અને દાનની શુભ વૃત્તિઓ જાગી ઉઠે. અમારી અદાનની, કંજુસાઇની, હૃદયના સાંકડાપણાની, એકલપેટાપણાની, સ્વાર્થની, હિંસાની જે જે આસુરી વૃત્તિઓ હોય તે બધી ઊંઘી જાય અને તેનાં બીજ માત્ર એવાં બળીને ખાક થઇ જાય કે ફરીથી તેના અંકુર ફૂટવા પામેજ નહિ. તેની સાથે અમારામાં દાનની, ઉદારતાની, યજ્ઞ કરવાની, પ્રેમની જે જે દૈવી વૃત્તિઓ હોય તે બધી જાગૃત થઇ જાય અને પૂર્ણરૂપમાં વિકસિત થઇ જાય. એ અરાતિ વૃત્તિઓ, સ્વાર્થાદિ કિલષ્ટ વૃત્તિઓજ અમને નઠારા અપ્રશસ્ત બનાવી રહી છે. માટે એજ અમારી ખરેખરી દુશ્મન છે. અમારી મિત્ર તો પેલી યજ્ઞ આદિની શુભ અને ઉદાર વૃત્તિઓ છે, જે અમને શોભન બનાવે છે, અમને નીચેથી ઊંચે લઇ જાય છે. એટલા વાસ્તે હે શૂર ! તમે હવે એવી લડાઇ લડો કે અમારા પેલા બધાજ સ્વાર્થાદિ શત્રુઓ અમારા હૃદયરૂપી રણભૂમિ ઉપર સદાને માટે લાંબા થઇને સૂઇ જાય અને અમારા યજ્ઞાદિ મિત્રો આ હૃદય મંદિરમાં સદા જાગૃતજ રહે એવા સચેતન બની જાય. એવું જ્યારે થશે ત્યારે અમારામાં અશોભન ગૌઓ અને અશુભ અશ્વો રહેવાજ નહિ પામે, પણ તેમની જગ્યાએ શ્રેષ્ઠ આત્મશક્તિઓ તથા શ્રેષ્ઠ આત્મિક વીર્ય બળ અને તેજ પ્રકટી નીકળશે અને તે પણ થોડા ઘણા નહિ પરંતુ હજારો પ્રકારે પ્રકટી નીકળશે. આ રીતે હે '**तुवीमघ**' ! તમે અમને હવે પ્રશસ્ત કરી દો, શ્રેષ્ઠ ગૌઓ તથા શુભ્ર અશ્વો દ્વારા પ્રશસ્ત કરી દો.

શબ્દાર્થ

(शूर) હે શૂર ! **(त्याः)** તે **(अरातयः)** અદાન વૃત્તિઓ, શત્રુઓ **(ससन्तु)** સૂઇ જાઓ અને **(रातयः)** દાનવૃત્તિઓ, મિત્રો **(बोधन्तु)** જાગૃત થઇ જાઓ. **(तु)** આ રીતે **(तुवीमघ)** હે બહુ ઐશ્વર્યવાળા ! **(इन्द्र)** ઇન્દ્ર ! તું **(नः)** અમને **(शुभ्रिषु)** શોભીતી, શ્રેષ્ઠ **(सहस्रेषु)** હજારો પ્રકારની **(गोषु)** ગૌઓમાં **(अश्वेषु)** તથા અશ્વોમાં **(आ शंसय)** પ્રશસ્ત કરી દે.

२९ पौष

नकि देवा मिनीमसि नकि रायोपयामसि, मंत्रश्रुत्यं चरामसि ।।
पक्षेभि रपिकक्षेभि रत्राभि संरभामहे ।।

(ऋ. १०-१३४-७ । सा० पू० २-२-९-२)

વિનય

હે દેવો ! હે વેદોક્ત દેવો ! અમે આ સંસારમાં વેદમંત્રોનું શરણ લીધું છે. અમે જોઈ લીધું છે કે, વેદના મંત્રોનું મનન કર્યાથી, વેદજ્ઞાન પ્રાપ્ત કર્યાથી અમે આ ભવસાગરને પેલે પાર ચાલ્યા જઇશું. એટલા વાસ્તે અમે વેદને અનુસરીને ચાલીએ છીએ, વેદને અનુકૂળ રહીને આચરણ કરીએ છીએ. મંત્રોમાંથી જે કાંઈ જ્ઞાન અમે પ્રાપ્ત કરીએ છીએ, મંત્રોના અર્થનું મનન કરવાથી જે તત્ત્વોપદેશ અમે ગ્રહણ કરીએ છીએ, બરાબર તેજ પ્રમાણે અમે વર્તન કરીએ છીએ, અમારા જીવનને અમે તદનુસારજ ઘડીએ છીએ. અમે કદી કોઇની હિંસા નથી કરતા, કદી કોઇને વિમોહિત નથી કરતા. ક્રોધ, દ્વેષ આદિને વશ થઇને અમે કોઇ પણ ભાઇના પ્રતિ હિંસા નથી કરતા, કોઇને જરા પણ દુઃખ, ક્લેશ કષ્ટ નથી આપતા અને કોઇને પણ લોભાવીને લલચાવીને, મોહિત કરીને તેની પાસેથી નથી અમારૂં કશું કામ કઢાવી લેતા અથવા નથી અમારો કોઇ સ્વાર્થ સાધી લેતા. રાગદ્વેષ વડે ગ્રસ્ત થયેલા મલિન મનવાળા લોકો, જેઓ બીજાની હિંસા કરે છે, બીજાને છેતરે છે, તેઓ તો પવિત્ર વેદમંત્રોનું અધ્યયન કરવાને પણ યોગ્ય નથી. વેદના મંત્રોને વિચારવાને તેઓ અધિકારીજ નથી; કેમકે વેદના આશયને તેમનાં હૃદય ગ્રહણજ નહિ કરી શકે. વળી હે દેવો ! તેઓ તમને ઓળખીજ નથી શકતા. એટલા માટે અમે તો હિંસા તથા વિમોહનના કાદવમાંથી સર્વથા બહાર નીકળીને વેદમંત્રોના પવિત્ર શરણમાં આવીને બેસી ગયા છીએ અને એ રીતે,

હે દેવો ! અમે તમારા મહાન વિસ્તૃત અવલંબનનો આશ્રય ગ્રહણ કર્યો છે. અમે તો અમારી બેઉ બાજુએથી તમારો આધાર લીધો છે અને બેઉ હાથે તમને વળગી પડીને તમારો આશ્રય લઇ લીધો છે. જેમકે–હિંસાનો ત્યાગ કરીને અમે 'पक्षो' દ્વારા તમારો આશ્રય લીધો છે અને વિમોહન–છેતરપિંડીનો ત્યાગ કરીને 'अपिकक्षो' વડે તમારું અવલંબન લીધું છે. એ રીતે તમારું પૂરેપુરૂં અવલંબન લીધાથી અમે હવે નિશ્ચિંત બની બેઠા છીએ અને અમે જોઈ શકીએ છીએ કે, આ રીતે તમારી બાંહ્ય ઝાલીને અમે બરાબર સીધે રસ્તેજ ચાલ્યા જઇશું, અમારા પુરુષાર્થની પ્રાપ્તિ કરીશું અને અમારા મનુષ્યજન્મને સફળ કરીનેજ મરીશું.

શબ્દાર્થ

(देवा:) હે દેવો ! અમે **(नकिः)** ન તો **(मिनीमसि)** કોઇની હિંસા કરીએ છીએ **(आ)** અને **(नकि:)** ન તો કદી **(योपयामसि)** વિમોહન કરીએ છીએ–અર્થાત્ અમે કોઇને કદી છેતરતા નથી. અમે **(मंत्र श्रुत्यं)** મંત્રશ્રુતિને અનુસરીનેજ–વેદના મંત્રોને અનુસરીનેજ **(चरामसि)** અમારાં આચરણ કરીએ છીએ. આ રીતે અમે **(अत्र)** આ સંસારમાં **(पक्षेभिः)** અમારી બાજુઓ વડે અને **(अपिकक्षेभिः)** અમારા બાહુઓ વડે **(अभिसंरभामहे)** બધી બાજુએથી તમારું અવલંબન લીધું છે.

२९ पौष

यो भूतानां अधिपति येस्मिँल्लोका अधिश्रिताः ।
य ईशे महतो महाँस्तेन गृह्णामि त्वामहं मयि गृह्णामि त्वामहम्॥
(यजु. २०–३२)

વિનય

હું તારા રૂપને જોઇ રહ્યો છું, તારા એક મહાન્ રૂપને જોઇ રહ્યો છું. હે પરમાત્મન્ ! તને પરમાત્માને હું

તારા આજ રૂપમાં મારા આત્માની અંદર ગ્રહણ કરવા ઇચ્છું છું. તું તેજ છે, કે જે ભૂતમાત્રનો અધિપતિ છે, સકળ ચરાચર પ્રાણીમાત્રનો અધિષ્ઠાતા અને પરિપાલક છે; તું તેજ છે કે જેના આધારે તમામ લોકો અને ભુવનો સ્થિતિ કરી રહ્યાં છે, જેની અંદર અનંત લોક અને અનંત બ્રહ્માંડો સમાઇ જાય છે અને આશ્રય પામે છે, અને તું તેજ મહાન્ છે કે જે મહત્ તત્ત્વથી માંડીને પ્રકૃતિના તમામ વિકારોનો, આકાશ આદિ મોટા મોટ પદાર્થોનો માલિક છે, ઈશ્વર છે. હે મહાન્! હું તને તારા આ સ્વરૂપમાં, તારા એ મહત્ત્વ સહિત ગ્રહણ કરૂં છું. મારામાં (મારી જાતની અંદર) તને ગ્રહણ કરૂં છું. હા, હા, હું ગમે તેટલો ક્ષુદ્ર છું અને તું અતિ અતિ મહાન છે તો પણ હું તને ગ્રહણ કરૂં છું. એમાં કાંઈ પણ આશ્ચર્ય જેવું છેજ નહિ. કારણકે જે મહત્ત્વ દ્વારા, તારાજ ઈશ્વરત્વ દ્વારા તું મહાન બન્યો છે, તું આવડો મોટો ઈશ્વર બન્યો છે, તે મહત્ત્વ અને ઈશ્વરત્વ વડેજ હું તને ધારણ કરૂં છું. અને (**'मयि'**) મારામાં તને ધારણ કરવાનો અર્થજ એ થાય છે કે, હું તારો બનીને, તારા જેવો બનીને તને મારામાં (મારી જાતમાં) ધારણ કરૂં છું, હું આત્મા બનીને તને આત્માને ધારણ કરૂં છું. અહો ! આ રીતે તને મારામાં ધારણ કરીને તારા સામ્રાજ્યને, તમામ બ્રહ્માંડોને પણ મારામાં ધારણ કરી લઉં છું. ખરેખર, જે કાંઇ છે તે બધુંજ મારામાં ગ્રહણ કરી લઉં છું.

શબ્દાર્થ

(**यः**) જે (**भूतानां**) પ્રાણીમાત્રનો (**अधिपतिः**) આધિષ્ઠાતા અથવા પતિ છે, (**यस्मिन्**) જેમાં (**लोकाः**) તમામ લોકો, બ્રહ્માંડો (**अधिश्रिताः**) આશ્રય લે છે અને (**यः**) જે (**महान्**) મહાન્ (**महतः**) તમામ મહત્ આદિ મોટી મોટી વસ્તુઓનો (**ईशे**) ઈશ્વર છે, (**तेन**) તેના વડે, તેના મહત્ત્વ અથવા ઈશ્વરત્વ દ્વારા (**अहं**) હું (**त्वां**) તને (**गृह्णामि**) ગ્રહણ કરૂ છું; ધારણ કરૂં છું (**मयि**) મારામાં (**अहं**) હું (**त्वां**) તને (**गृह्णामि**) ધારણ કરૂં છુ.

જુઓ

सत्य मूचुर्नर एवा हि चक्रुः।

(ऋ० ४-३३-६)

‘નર’ લોકો હમેશાં સાચુંજ બોલ્યા છે અને
તેમણે સત્ય આચરણજ કર્યું છે.

શિશિર ઋતુ

(નાના પ્રકારના છંદ)

શિશિરની ઋતુચર્યા

લક્ષણ:—શિયાળાનું જોર નરમ પડતાં ઠંડી જરા જરા ઓછી થવા માંડે, શિયાળો નમતો થઇ જાય, પણ ઠંડી એટલી બધી ઓછી ન થઇ હોય કે સમાન ઠંડી-ગરમીની (વસંત) ઋતુ બેઠી કહેવાય. એવી વચ્ચેની મોસમનું નામ શિશિર ઋતુ છે. કેટલાક લોકો એને પાનખર ઋતુ પણ કહે છે, કારણકે આ ઋતુમાં ઝાડનાં પાંદડાંને પકવીને ખંખેરી પાડે એવો વાયુ વાવા માંડે છે. આ ઋતુમાં ઘણું કરીને માઘ અને ફાલ્ગુન, એ બે મહિના આવે છે.

મહિમા:—શિશિર ઋતુમાં સૂર્ય નારાયણ ઉત્તરાયણના થઇ જાય છે. ઉત્તરાયણ એ એવો દિવ્ય અને પ્રશસ્ત કાળ છે કે જેમાં શરીરત્યાગ કરવાને માટે ભીષ્મ પિતામહ જેવા મહાપુરુષ છ છ મહિના સુધી રાહ જોતા હતા. જ્ઞાનીઓને મુક્તિ અપાવનાર જ્યોતિર્મય કાળનો પ્રારંભ આ શિશિર ઋતુમાંજ થાય છે. આ ઋતુમાં ઠંડીની તમામ વિપત્તિઓ દૂર થઇ જાય છે. ટાઢ પડે છે પણ તે સહન થઇ શકે એવી અને સુખદાયક હોય છે. ટાઢ વાય છે તે પણ પવનની ટાઢ હોય છે. થથરાવી નાખે એવી સખત ટાઢના દહાડા પૂરા થઇ ગયા હોય છે. આ ઋતુમાં જે પવન વાય છે તેના વડે ઝાડનાં જૂનાં પાંદડાં ખરી પડે છે અને વસંતના નવા તાજા અંકુરને માટે બધાં ઝાડ તૈયાર થઇ જાય છે.

ગુણ:—શિશિર ઋતુ શીતળ, અત્યંત રૂક્ષ તથા વાયુ અને જઠરાગ્નિને વધારનારી છે.

પથ્યાપથ્ય:—આ ઋતુમાં વ્યવહાર તો હેમન્તના જેવોજ કરવાનો છે. ફેર એટલોજ કે, હેમન્ત ઋતુ સ્નિગ્ધ છે, પણ આદાનકાળ આવી પહોંચવાથી શિશિર ઋતુ ખૂબ રૂક્ષ (સૂકી) થાય છે અને 'વાત'ને ઉત્પન્ન કરનારી હોય

છે. એટલા વાસ્તે ખોરાક તથા વસ્ત્રની બાબતમાં કાળજી રાખવી જોઇએ, કે જેથી વાતની વૃદ્ધિ થવા પામે નહિ. વાત, પિત્ત અને કફ કયી કયી ઋતુઓમાં સંચિત, કુપિત અને શાંત થાય છે તેની સમજણને વાસ્તે આ નીચે એક કોષ્ટક આપીએ છીએઃ—

દોષનું નામ	સંચિત	કુપિત	શાંત
વાત	ગ્રીષ્મમાં	વર્ષામાં	શરદ્‌માં
પિત્ત	વર્ષામાં	શરદ્‌માં	હેમન્તમાં
કફ	શિશિરમાં	વસંતમાં	ગ્રીષ્મમાં

આ કોષ્ટક ઉપરથી જણાશે કે, શિશિર ઋતુમાં કફનો સંચય થાય છે. આ ઋતુની શીતળતા અને તેની સાથે શુષ્કતાને લીધે સંચિત થએલો કફ આ ઋતુમાં તો કુપિત નથી થતો, પણ આગળ જતાં વસંત ઋતુમાં કુપિત થાય છે. એટલા માટે આ ઋતુમાં ઘીવાળા પદાર્થોનું અતિશય સેવન કરવાનું છોડી દેવું, કે જેથી કરીને શરીરમાં કફનો વધારે પડતો સંચય થવા પામે નહિ.

હિન્દી લોકોક્તિ અનુસાર માઘ મહિનામાં સાકર ન ખાવી અને ફાગણ મહિનામાં ચણા* ન ખાવા.

---

* પણ ફાગણ મહિનામાં હોળીને દહાડે આખો ગુજરાત ધાણી-ચણા ખાય છે અને ખાવા જોઇએ પણ ખરા, કારણ કે ચણા કફને તોડે છે. હિન્દી કહેવતો ભલે એમના પ્રાન્તને લાગુ પડતી હોય, પણ ગુજરાતને તેમની સાથે ઝાઝી લેવા દેવા નથી. —આનંદ

माघ मास

माघ मास (मकर राशि) माटे

प्राणदायक व्यायाम

પગના ગોટલાને મજબૂત કરનારી કસરત

અગાઉ બતાવેલી રીત મુજબ ઉભા રહો. હાથ નીચે લટકતા રાખો અને છાતી આગળ કાઢો. હથેળીઓ શરીરની બાજુ તરફ રહે એવી રીતે હાથ રાખીને મુઠ્ઠીઓ જોરથી ભીડવી અને હાથની માંસપેશીઓને ખૂબ તંગ કરવી. આટલું કર્યા પછી પગના અંગૂઠાના ઉપર ભાર દઇને ઉભા થવું અને ઢીંચણમાંથી વળીને આખા શરીરને જમીનથી જેટલું નજીક લાવી શકાય તેટલું લાવવું. પછી પાછા ધીમે ધીમે ઉભા થઇ જવું. આ કસરતમાં શરીરનો બધો ભાર પગના અંગૂઠા ઉપરજ રહેવો જોઇએ અને પગની એડીઓ તો ભોંયને અડકવીજ ન જોઇએ. શરીર જેટલો વખત નીચેની બાજુએ જતું હોય તેટલો વખત એક ઉંડો શ્વાસ લેવો અને ઉભા થતા સુધીમાં તેને બહાર કાઢી નાખવો.

મનને પગની માંસપેશીઓમાંજ પરોવી રાખવું.

ધ્યાનઃ—‘‘મારા પગ મજબૂત બને છે, પગની માંસપેશીઓ મોટી અને બળવાન બને છે, મારામાં ચાલવાનું અપાર સામર્થ્ય છે. હું પૂર્ણ સ્વસ્થ બનતો જાઉં છું.”...એવી મતલબનું ધ્યાન કરવું.

વૈશાખ, શ્રાવણ અને કાર્તિક માસની કસરતો પણ ગૌણ રીતે પગની માંસપેશીઓને લાભ કરે છે.

१ माघ

मूषो न शिश्ना व्यदन्ति माध्यः स्तोतारं ते शतक्रतो ।
सकृत् सु नो मघवन्निन्द्र मृडयाधा पितेव नो भव ॥
(ऋ. १०-३३-३)

વિનય

હું તારો સ્તોતા છું, તારૂં સંધ્યા–વંદન કરનાર તારો ભક્ત છું, તારે અર્થે હવન, પૂજન ઇ૦ હમેશાં યથાનિયમ કરતો રહું છું. છતાં પણ હે શતક્રતો! પેલી 'આધિ'ઓ, પેલી માનસિક પીડાઓ મને કોતરી ખાય છે. પાંજણી પાયેલા સૂતરને જેમ ઉંદર ચારે બાજુએથી કરડી ખાય છે, તેમ પેલી માનસિક પીડાઓ મને વિવિધ પ્રકારે સતાવ્યાજ કરે છે, મને કોતરી ખાય છે. મારા મનમાં ભરાઇ રહેલી અસંખ્ય અતૃપ્ત વાસનાઓ મને કરડી ખાય છે, કામ–ક્રોધ–લોભ મારામાં ઉભરાયા કરે છે, રાગ-દ્વેષ મને દુઃખ દીધાજ કરે છે, નાના પ્રકારના મોહ મારા ઉપર સ્વાર થઇને મને દબાવ્યાજ કરે છે, ભયંકર ભય મને ડરાવ્યા કરે છે, મદ મત્સર મને તેમની ચાબૂકોનો માર માર્યા કરે છે, વિવિધ પ્રકારની ચિંતાઓ મને રાત–દહાડો શેકયા કરે છે. આ રીતે અગણિત 'આધિ'ઓ મારા ઉપર ચારે બાજુએથી ચઢી આવે છે અને મને ક્ષણે ક્ષણે વ્યાકુળ કરી દે છે, એક પળવાર પણ મને ચેન પડવા દેતી નથી. હે મારા પ્રભુ! હવે મારે કયાં સુધી આ બલાઓના ભોગ થયા કરવું? કયાં સુધી અશાંતિ, અસ્વ-

સ્થતાની પીડા મારે સહન કર્યા કરવી ? આ દુઃખમાંથી મને કોણ છોડાવશે ? આ તારા સ્તોતાની, તારા ભક્તની વહારે કોણ ધાશે ? હે મઘવન્ ! હવે તો તમેજ મને એક વારનો સામટો પૂરેપુરો સુખી કરી દો. પેલી આધિ'ઓને વીખેરી નાખીને, પેલા ઉંદરડાઓને નસાડી મૂકીને મને સુખી કરી દો, મારા પિતાની માફક મારા પાલક, મારા રક્ષક બની જાઓ. તારા સિવાય આ સંસારમાં મારો રક્ષક, મારો પિતા, મારો બેલી બીજો છે પણ કોણ ? એટલા માટે હે ઈન્દ્ર ! મારા, તમારા સ્તોતાના, તમારા પુત્રના તમે પિતા બની જાઓ, રક્ષક થઈ જાઓ. પિતાની પેઠે મને ઉંચકીને તમારા ખોળામાં બેસાડી દો, મને તમારી શાંત, ઉપદ્રવરહિત, નિર્ભય, સુરક્ષિત છત્રછાયામાં બેસાડી દો, કે જ્યાં પેલી આધિઓથી આવી શકાયજ નહિ, પેલા ઉંદરડાઓથી જ્યાં આગળ ફરકાયજ નહિ.

શબ્દાર્થ

(शतक्रतो) હે બહુ કર્મવાળા ! **(ते)** તારા **(स्तोतारं)** સ્તોતાને **(मा)** મને **(आध्यः)** માનસિક પીડાઓ **(वि अदन्ति)** વિવિધ પ્રકારે ખાઈ જાય છે. **(मूषो न)** જેમ ઉંદર **(शिश्ना)** પાંજણી પાએલા સૂતરને કરડી ખાય તેમ. **(मघवन्)** હે ઐશ્વર્યવાળા ! **(इन्द्र)** હે ઇન્દ્ર ! તું **(नः)** અમને **(सकृत्)** એક વાર **(सु)** સારી રીતે **(मृडय)** સુખી કરી દે, **(अध)** અને **(नः)** અમારા **(पिता इव)** પિતાના જેવો રક્ષક **(भव)** બની જા.

२ माघ

वयं घा ते त्वे इद्विन्द्र विप्रा अपि स्मसि ।
न हि त्वदन्यः पुरुहूत कश्चन मघवन्नास्ति मर्डिता ॥
(ऋ. ८-६६-१३)

વિનય

હે પરમેશ્વર ! અમે તારા છીએ, નિઃસંદેહ તારાજ છીએ. અમે સમજપૂર્વક તારા થયા છીએ, અમે જ્ઞાનપૂર્વક અમારી જાત તને સમર્પિત કરી દીધી છે. અને હવે તારામાંજ રહીને અમારે જીવવું છે, તારામાં રહીનેજ અમારે અમારો બાકીનો બધો આત્મવિકાસ સાધવો છે. અમારે જ્ઞાની થવું છે, વિપ્ર (સર્વજ્ઞ) બનવું છે, પરંતુ તે પણ તારામાં રહીનેજ, તારા આશ્રય વડેજ બનવું છે. જે જ્ઞાન તારા આશ્રય વડે ઉત્પન્ન થતું ન હોય તે જ્ઞાન નથી, પણ હડહડતું અજ્ઞાન છે. એવી વિપ્રતાને, એવા જ્ઞાનીપણાને અમારે નથી જોઇતું. એવા જ્ઞાનને અમારે કરવું પણ શું ? જે જ્ઞાન અમને તારાથી દૂર કરે તે જ્ઞાન અમને ન ખપે. એવા જ્ઞાન કરતાં તો મૂર્ખતા સારી. અમારે તારાથી વિમુખ બનીને પંડિતમાં ખપવાની, બ્રાહ્મણમાં ગણાવાની, વિદ્વાન કહેવડાવવાની જરા પણ સ્પૃહા નથી. આ બધી ઉપાધિઓ જો અમને તારાથી દૂર જવાથી મળતી હોય તો અમને તેમના વિના ચાલશે. અમે આખા સંસારના હરકોઇ જ્ઞાનમાં, હરકોઈ કર્મમાં, દરેક વાતમાં પહેલું એજ જોઇ લઇએ છીએ કે, એમાં તારૂં અવલંબન છે કે નહિ ? જે વસ્તુમાં તારૂં અવલંબન ન હોય, તારો નિવાસ ન હોય, તે વસ્તુ ભલેને આખા સંસારમાં ઉંચામાં ઉંચું પાંડિત્ય હોય, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધન હોય, મોટામાં મોટી સેના હોય, ભારેમાં ભારે સામ્રાજ્ય હોય પણ તેની સાથે અમારે

કાંઇજ લેવા દેવા નથી. અમારી દૃષ્ટિએ તો એ બધાંની કોડીની પણ કિંમત નથી. એ બધાંજ સારહીન છે. કારણ કે અમે હવે બરાબર સમજી ગયા છીએ કે, આ સંસારમાં તારા સિવાય બીજા કોઇ પણ વિષયમાં કશું સુખજ નથી, તારા સિવાય આવડા મોટા સંસારમાં બીજું કોઇ સુખ આપી શકે એવું છેજ નહિ, સુખ આપવાની બીજા કોઈનામાં તાકાતજ નથી. અમે તો આ સંસારની એકે એક વસ્તુ પારખી પારખીને જોઈ લીધી છે કે જ્યાં તું ન હોય એવી કોઇ પણ વસ્તુમાં સુખ આપવાનો ગુણ હોતોજ નથી. માટે હે પુરુહૂત ! જેને હમેશાં અનેક માણસો પોકારતા આવ્યા છે એવા હે પ્રભો ! તારો આશ્રય છોડીને અમારે જવું પણ ક્યાં ? એટલા વાસ્તે હે મઘવન્ ! અમે તો એક વાર સર્વતોભાવે તારા બની ગયા પછી શાંતજ થઈ ગયા છીએ, તારાજ બની ગયા છીએ, પૂરેપુરી રીતે તારા બની ગયા છીએ.

શબ્દાર્થ

(**इन्द्र**) હે પરમેશ્વર! (**वयं**) અમે (**घ**) નિશ્ચયપૂર્વક (**ते**) તારા થઇ ગયા છીએ અને (**त्वे**) તારામાં, તારો આશ્રય લઇને (**इत् उ**) જ, નિશ્ચયપૂર્વક અમે (**विप्राः**) જ્ઞાની, વિપ્ર, વિદ્વાન (**अपि**) પણ (**स्मसि**) થઇએ. (**पुरुहूत**) ઘણા જણ જેને પોકારે છે એવા હે પ્રભુ ! (**मघवन्**) હે ઐશ્વર્યવાળા ! (**त्वत्**) તારા સિવાય (**अन्यः**) બીજો (**कश्चन**) કોઇ (**मर्डिता**) સુખ આપનાર (**हि**) નક્કી (**न अस्ति**) નથી.

३ माघ

यद् द्याव इन्द्र ते शतं, शतं भूमी रुत स्युः ।
न त्वा वज्रिन् सहस्रं सूर्या अनुन जातमष्ट रोदसी ॥
(ऋ. ८-७०-५ ॥ सा० पू. ३-२-९-६ ॥ सा० उ. २-२-११ ॥
अथर्व० २०-८१-१ । २०-९२-२०)

વિનય

હે પરમેશ્વર ! આ જે વિશાળ દ્યૌ-દ્યલોક-દેખાય છે, એવા બીજા સેંકડો દ્યુલોક ઉત્પન્ન થઇ જાય તોપણ તારી અનંતતાનો પાર આવે એમ નથી. આવડી મોટી પૃથ્વીજ નહિ, પણ એવડી એવડી સેંકડો પૃથ્વીઓનો સરવાળો કરીએ તોપણ તેમનાથી તારા વિસ્તારને વ્યાપી શકાય એમ છેજ નહિ. નાના પ્રકારના જીવોથી ભરેલી આ એકલી ભૂમિજ નહિ પણ બીજી એવી એવી સેંકડો ભૂમિઓ ઉત્પન્ન થઇ જાય તોપણ તેમના અનંત કોટિ જીવો ભેગા થઇને પણ તારા ચૈતન્યનો પાર નથી પામી શકતા. હે વજ્રને ધારણ કરનારા ! હે અનંત સામર્થ્યવાળા ! આ જાજ્વલ્યમાન એક સૂર્ય તો શું પણ એવા હજારો, અરે ! અનંત સૂર્યોનો પ્રકાશ એકત્ર થાય, એકકે વખતે એકત્ર બનીને પ્રકાશવા માંડે તોપણ તારા જ્યોતિની આગળ તેમનું તેજ કાંઇજ હિસાબમાં નથી, તેમનાથી તારા પરમ પ્રકાશની બરોબરી કદાપિ કરાયજ નહિ. આ ઉત્પન્ન થએલા સંસારનો પ્રલય થઇ જાય અને તેના પછી બીજા હજારો અનંત સંસાર એક પછી એક ઉત્પન્ન થઇને, તેમના મુકરર સમય-પર્યન્ત સ્થિતિ કરીને પાછા લય પામી જાય અને એમ કરતાં અનંત કાળ વહી જાય તોપણ તારા આયુષ્યનું માપ કાઢી શકાય નહિ. આ રોદસી, આ દ્યાવાપૃથિવી, આ પૃથ્વી અને આ આકાશ, આ આખું બ્રહ્માંડ અને એવાં બીજાં

હજારો લાખો બ્રહ્માંડો ભેગાં મળીને પણ તારી વિશાળતાનો, તારી ગંભીરતાનો પાર પામી ન શકે, તેમનું માપ કાઢી ન શકે. તો પછી હે ઇન્દ્ર! અમે અતિ અતિ ક્ષુદ્ર જીવડાંઓ અમારા અત્યંત તુચ્છ જ્ઞાન વડે તને કેવી રીતેજ વ્યાપ્ત કરી શકીએ? તારી કલ્પના કરવા જતાં પણ અમારી વિચારશક્તિ હારી જાય છે, અમારી બુદ્ધિ સ્તબ્ધ થઇ જાય છે, ચૂપ થઇ જાય છે. અમે તો એટલુંજ કહી શકીએ કે "તમે અનંત છો, તમે અનંત છો; હે પ્રભો! તમે સીમારહિત છો, અપાર છો, તમે કલ્પનાથી પણ અગોચર છો, સર્વ રીતે અગોચર છો."

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર! **(यत्)** જો **(ते)** તારા **(शतं)** સો **(द्याव:)** દ્યુલોક હોય **(उत)** અને જો **(शतं)** સો **(भूमी:)** ભૂમિઓ **(स्यु:)** હોય [તોપણ તેઓ તને નથીજ માપી શકતાં]. **(वज्रिन्)** હે અનંત સામર્થ્યવાળા! **(सहस्रं)** હજારો, અનંતો **(सूर्या:)** સૂર્યો **(त्वा)** તને **(न)** નથી વ્યાપ્ત કરી શકતા અને **(जातं)** આ ઉત્પન્ન થએલો સંસાર તથા **(रोदसी)** આ વિશાળ દ્યાવા–પૃથિવી, આ જમીન અને આકાશ હજારોગણાં થાય તો પણ **(न अनु अष्ट)** તને વ્યાપ્ત નથી કરી શકતાં, તારી અનંતતાનો પાર નથી પામી શકતાં.

४ माघ

न पापासो मनामहे नारायसो न जल्हवः ।
यदिन्नु इन्द्रं वृषणं सचा सुते सखायं कृणवामहै ॥
(ऋ. ८-६१-११)

વિનય

જુઓ, અમે **'વૃષણ'** ઇન્દ્રને અમારો સખા બનાવી દીધો છે, બળવાન અને સર્વશક્તિમાન ઇન્દ્ર જે તમામ કામનાઓને વરસાવનાર છે, જે તમામ કામનાઓની તૃપ્તિની વૃષ્ટિ વરસાવે છે તેને અમે અમારો સખા બનાવી દીધો છે. અમે તેને અમારો એવો સખા બનાવી દીધો છે કે અમારાં હરિકીર્તનોમાં, અમે બધા ભેગા થઇને ધ્યાન કરવા બેસીએ છીએ તે વખતે, અમારાં યજ્ઞકર્મોમાં, સોમરસને નીચોવવાના અમારા તમામ પ્રસંગોમાં, એવા એવા તમામ અવસરોમાં અમે એકત્ર થઇને, તન્મય બનીને હમેશાં તે ઇન્દ્રની મિત્રતાનો અનુભવ કરીએ છીએ. તમારૂં શું એવું પૂછવું છે કે, અમે તેની સાથે આવી મૈત્રી જોડી કેવી રીતે? અમે તેનું સખ્ય પ્રાપ્ત કર્યું કેવી રીતે? એનું કારણ એ છે કે, અમે પાપી થઇને, પાપ કરીને તેની ઉપાસના નથી કરતા, પાપથી હાથ ખરડીને તેની સેવા–શુશ્રષા નથી કરતા. પોતે પરમેશ્વરના ભક્ત કહેવાવું, અમે ઈશ્વરને માનીએ છીએ એવો દાવો કરવો અને છતાં સાથે સાથે પાપ કરતા જવું, સત્ય બ્રહ્મચર્ય આદિ નિયમોનો ભંગ કરવો એ કેટલું બધું શરમભરેલું કહેવાય? માટે અમે તો નિષ્પાપ થઇનેજ પરમેશ્વરની ઉપાસના કરીએ છીએ. વળી બીજું અમે કદી પણ દાનહીન બનીને પરમેશ્વરનું ભજન કરવા નથી બેસતા. અનુદાર થવું, હૃદયને સંકોચવું, આત્મત્યાગ કરવાનો અવસર આવે ત્યારે ડરીને પાછાં પગલાં કરવાં અને પરમેશ્વરના રસ્તા ઉપર ચાલવું, એ બે એકબીજાથી તદ્દન ઉલટી વાતો છે. માટે અમે તો એવો નિયમ કરી રાખ્યો છે કે, સર્વસ્વનો ત્યાગ કરવો પડે તો તે કરવો,

અમારી પોતાની જાતને હોમી દેવી પડે તો હોમી દેવી અને એ રીતે ભગવાનનું ભજન કરવું. જ્વલનરહિત–યજ્ઞરહિત–બનીને અમે ઇન્દ્રનું આરાધન કદી પણ નથી કરતા. જેઓ અગ્નિનું આધાન નથી કરતા, જેઓ પોતાની જાતને પ્રજ્વલિત નથી કરતા તેમની સ્તુતિ, તેમની પ્રાર્થના નિષ્ફળ જાય છે, તે ઇન્દ્ર સુધી પહોંચતીજ નથી, તેનો અને પરમેશ્વરનો યોગ કરાવી શકતીજ નથી. એટલા માટે અમે તો અગ્નિચર્યા કરતા રહીને, અમારી પોતાની જાતને સારી રીતે પ્રદીપ્ત કરીનેજ અમે ઇન્દ્રની આરાધના કરવા બેસીએ છીએ. અમે ઇન્દ્રનું હૃદય જીતી લીધું છે તેનાં આ ત્રણ કારણો છે. અરે! એ ઇન્દ્ર તો આપણને–સૌ મનુષ્યોને એકી સાથે પોતાના મિત્રો બનાવી શકે છે અને બનાવવાને તૈયાર પણ છે અને એના જેવો સર્વશક્તિમાન તથા સર્વ કામનાઓને પૂર્ણ કરે એવો મિત્ર બીજો કોણ મળવાનો હતો? પણ એના મિત્ર બનવાને માટે પેલી ત્રણ શરતો તો પૂરી કરવીજ જોઇશે. જો આપણે પાપી થયા વગર, અદાની થયા વગર અને અનગ્નિ (અગ્નિરહિત) થયા વગર તેની પાસે જઇને ઉભા રહીશું, આપણે નિષ્પાપ, ઉદાર અને પ્રજ્વલિત બનીને તેની મિત્રતાની માગણી કરીશું, ઉપર કહ્યા તે ત્રણ ગુણોને ધારણ કરીને આપણો હાથ લંબાવીશું તો ઇન્દ્ર પણ તેનો હાથ આગળ કરશે અને આપણને પોતાના મિત્રો ગણી લેશે.

શબ્દાર્થ

અમે **(न)** ન તો **(पापासः)** પાપી બનીને, **(न)** ન તો **(अरायासः)** અદાની થઇને, **(न)** ન તો **(जल्हवः)** અપ્રજ્વલિત થઇને **(मनामहे)** ઇન્દ્રને મનાવીએ છીએ, તેની ઉપાસના કરીએ છીએ. **(यत् इत्)** જે કારણને લીધેજ અમે **(नु)** હવે **(वृषणं)** બળવાન, કામનાઓને વરસાવનાર **(इन्द्रं)** પરમેશ્વરને **(सुते)** અમારાં યજ્ઞકર્મોમાં **(सचा)** એકત્ર બનીને તન્મય થઇને **(सखायं कृणवामहै)** અમારો સખા–મિત્ર બનાવી દઇએ છીએ.

५ माघ

अकर्मा दस्युरभि नो अमन्तु रन्यव्रतो अमानुषः ।
त्वं तस्यामित्रहन् वधो दासम्भ दम्भय ॥

(ऋ० १०-२२-८)

વિનય

હે પરમેશ્વર! તારો અમિત્ર, તારો શત્રુ થઇજ કોણ શકે અને તારો શત્રુ થઇને આ તારા સંસારમાં જીવી શકે પણ કેવી રીતે? નહિ, નહિ, માણસ તો એટલી હદ સુધી અધોગતિએ પહોંચી જાય છે કે તારો દુશ્મન બનતાં પણ અચકાતો નથી. માણસ તારો શત્રુ ત્યારેજ થાય છે, કે જ્યારે તે તારા સંસારની સાથે દુશ્મનાવટ કરે છે, જ્યારે તે સંસારનો ઉપક્ષય કરનાર '**दस्यु**' બની જાય છે. '**दस्यु**' તો તેજ માણસને કહી શકાય, કે જે અકર્મા થાય છે, કર્મહીન બને છે, બેઠાખાઉ થાય છે, જે કર્મ કર્યા વિના બીજાની મહેનતનું રળેલું ખાઇને જીવવા ઇચ્છે છે, જેને મહેનત કરવી નથી અને બેઠાં બેઠાં ખાવું છે. જેને યજ્ઞ કરવો નથી અને ફળનો ઉપભોગ કરવો છે. આવો માણસ પોતાના આવા અકર્મ દ્વારા જગતને હાનિ કરે છે, જગતની સંપત્તિનો ક્ષય કરે છે, એટલા માટે તેને '**दस्यु**' અથવા '**दास**' કહ્યો છે. એવા દસ્યુ '**अमन्तु**' અમનનશીલ હોય છે. જો તેઓ મનન કરતા થાય, જો વિચાર કરવા લાગે તો તેઓ કદી અકર્મા પણ ન રહે અને દસ્યુ પણ ન થાય. પરંતુ એમના નિયમ તો તદ્દન અવળા છે, એમણે તો કોઈ જુદાજ પ્રકારનાં અવળાં વ્રત લીધેલાં છે. તેઓ મનન કરેજ શા માટે? તેઓ અહિંસા, સત્ય, અસ્તેય એવાં સાચાં વ્રતોની જગ્યાએ હિંસા, અસત્ય, સ્તેય એવાં નહિ કરવાનાં કામ બેધડક કર્યે જાય છે. એટલે મનુષ્ય મટીને '**अमानुष**'—મનુષ્યના દરજ્જાથી નીચે ઉત-

રી પડેલા, નામનાજ માણસ બની જાય છે. આવા મનુષ્યત્વહીન મનુષ્યો તારી સાથે શત્રુતા ન કરે તો બીજું કરવાના પણ શું? આવા દસ્યુઓ જ્યારે અમારી સામે થાય છે, અમારા ઉપર હુમલો કરવા આવે છે ત્યારે હે '**अमित्रहन्**'! અમિત્રને–શત્રુને હણનાર! આવા દાસ અથવા દસ્યુને માટે, જગતને હાનિ પહોંચાડનારાઓને માટે તું વધરૂપ બની જાય છે, તારા સહજ સ્વભાવ વડે તું તેમના મૃત્યુરૂપ બની જાય છે. હે ઇંદ્ર! તું હમેશાં આવા દસ્યુઓનું દંભનજ કરતો રહેજે, તું એવાઓનો વિનાશજ કરતો રહેજે અને તેમ કરીને તું સંસારનું રક્ષણ કરજે, પાલન કરતો રહેજે.

શબ્દાર્થ

હે ઇન્દ્ર! (**अकर्मा**) કર્મહીન મનુષ્યો (**दस्युः**) દસ્યુઓ, ઉપક્ષય કરનારાઓ, જે (**नः**) અમારી (**अभि**) સામે થાય છે, હુમલો કરે છે, (**अमन्तुः**) તેઓ મનન નહિ કરનારા (**अन्यव्रतः**) અવળાં વ્રત લેનારા અને અવળાં કર્મ કરનારા (**अमानुषः**) અને મનુષ્યના સ્વભાવથી નીચે ઉતરી પડેલા હોય છે. (**अमित्रहन्**) હે શત્રુને હણનાર! (**तस्य**) તે (**दासस्य**) દસ્યુનો (**त्वं**) તું, (**वधः**) વધ, મૃત્યુ થાય છે, (**दंभय**) તેનો નાશ કરજે.

६ माघ

अस्मे ता त इन्द्र सन्तु सत्याऽहिंसन्तीरुपस्पृशः ।
विद्याम यासां भुजो धेनूनां न वज्रिवः ॥

(ऋ. १०-२२-१३)

વિનય

હે પ્રભો! અમે તમારી આગળ જે જે પ્રાર્થનાઓ કરીએ છીએ તે બધી શુભજ કરીએ છીએ. અમારી બધીજ પ્રાર્થનાઓ સર્વથા હિંસારહિત છે. કોઇનું અનિષ્ટ કરનારી

નથી, હમેશાં સૌનું સર્વ પ્રકારે ભલું થાઓ એવીજ કામનાયુક્ત છે અને એ બધીજ પ્રાર્થનાઓ અમારા નિર્મળ અંતઃકરણમાંથી નીકળેલી છે અને અમારા હૃદયના સાચા આવેગથી ભરેલી છે તેથી કરીને તેઓ અવશ્ય તમારી છેક નજીક પહોંચી જઈને તમને સ્પર્શ કરશે, તમારા હૃદય સુધી પહોંચી જશે અને તમારા હૃદયના ઉપર અસર કરશે. હે પરમેશ્વર ! અમારી એવી પ્રાર્થનાઓને તમે અવશ્ય સાચી પાડો, ક્રિયાવંત કરો, સફળ કરો. જેમ દૂઝણી ગાયની મારફતે તે ગાયના માલિકને નાના પ્રકારની ભોગ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તેજ પ્રમાણે અમારી આ પ્રાર્થનાઓ ધેનુ બનીને અમને અમારા અભીષ્ટ ભોગ, સુખ, ફળ વગેરેથી પરિપૂરિત કરી દે. અમારી આ પ્રાર્થનાઓ દ્વારા અમે જે જે ક્રિયા અથવા ફળરૂપ ભોગ ઇચ્છીએ છીએ, તે અમે અવશ્ય પ્રાપ્ત કરી લઇએ. હે વજ્રવાળા ! હે શક્તિમય ! તમારી આગળ નિવેદિત કરેલી પ્રાર્થનાઓ અને તે પણ પાછી તદ્દન હિંસારહિત, સ્વાર્થબુદ્ધિરહિત અને તમારા હૃદયને સ્પર્શ કરે એવી પ્રાર્થનાઓ અસત્ય અને અપૂર્ણ નીવડેજ કેવી રીતે ?

શબ્દાર્થ

(**इन्द्र**) હે પરમેશ્વર ! (**ते**) તારી આગળ કરવામાં આવેલી (**ताः**) તે (**अहिंसन्तीः**) હિંસારહિત, સૌનું ભલું ઇચ્છનારી પ્રાર્થનાઓ (**उपस्पृशः**) તારી ખૂબ નજીક પહોંચી જઇને તને સ્પર્શ કરે એવી પ્રાર્થનાઓ (**अस्मे**) અમારે માટે (**सत्या**) સાચી સફળ (**सन्तु**) નીવડે; તેઓ એવી નીવડે કે (**यासां**) તે પ્રાર્થનાઓના, તે પ્રાર્થનાઓ દ્વારા માગેલા (**भुजः**) ભોગોને ફળોને (**वज्रिवः**) હે વજ્રવાળા ! અમે (**धेनूनां न**) દૂઝણી ગાયોની (ભોગોની) જેમ (**विद्याम**) પ્રાપ્ત કરીએ.

૭ माघ

त्वमग्ने व्रतपा असि देवा आमर्त्येष्वा । त्वं यज्ञेषु ईड्यः॥
(ऋ. ८-११-१ । यजु. ४-१६ । अथर्व. १९-६०-१ ॥

વિનય

હે અગ્નિ ! તું તો વ્રતોનું પાલન કરનારો છે, તમામ સત્ય નિયમોનું પૂરેપુરી રીતે પાલન કરનાર છે, તું તેમનું સૌનું તારા સ્વભાવ વડેજ પાલન કરે છે. તું એવો સંપૂર્ણ વ્રતપાલક છે, તેથીજ તું દેવ છે, સંપૂર્ણ અર્થમાં દેવ છે. અને આવો દેવ બનીને તું અમ મર્ત્ય મનુષ્યોની વચમાં આવી વસ્યો છે, અમારામાં સમાઇ ગયો છે. તું પૂર્ણ વ્રતપાલક બનીને અમ મનુષ્યોની અંદર આવીને બેઠો છે. હે અગ્નિ ! હે આત્મન્ ! આવો તું અમારી પોતાની અંદર હોય, આવો તું અમારો પોતાનોજ બની બેઠો હોય અને છતાં અમે વ્રતોનું પાલન ન કરીએ તો અમે કેટલા બધા ભાગ્યહીન કહેવાઈએ ? અમે પણ તારા દ્વારા, તારી સહાયતા વડે વ્રતપાલક થઇ જઇએ, અમે પણ તારા વ્રતપાલન કરવાના સ્વભાવને અમારામાં સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરી દઇએ એટલા વાસ્તે તું અમારી અંદર આવીને બેઠો છે. અને વળી તું અમારા તમામ યજ્ઞોમાં* અમારો ઈડ્ય પૂજનીય-બન્યો છે, અમારાં તમામ શરીરોમાં-(સ્થૂળ, સૂક્ષ્મ, કારણ)-અમારાં તમામ સ્વરૂપોમાં તું અગ્નિદેવ બનીને-અમારો પૂજનીય બનીને વસ્યો છે તે એટલાજ માટે કે અમે તારૂં યજન કરતાં કરતાં આખરે વ્રતપાલક થઇ જઇએ, તને યોગ્ય હવિઓ અર્પણ કરતા રહીને અમે પણ એક દિવસ 'व्रतपाः'-ની અવસ્થાએ જઇ પહોંચીએ.

---

*અગ્નિદેવ-આત્મા-શરીરની, મનની તમામ ક્રિયાઓનો સાક્ષી અને સહાયક છે એવો આ વાક્યનો ભાવાર્થ છે. —**સેવાનંદ**

હે અગ્નિ ! આજે અમે તારા '**व्रतपाः**' સ્વરૂપનો સાક્ષાત અનુભવ કરીએ છીએ અને ઇચ્છીએ છીએ કે, અમે પણ એજ રીતે અમારાં અહિંસા, સત્ય, અસ્તેય અને બ્રહ્મચર્ય આદિ વ્રતોનું સંપૂર્ણ રીતે પાલન કરતા થઇ જઇએ. એટલા માટે હે અગ્નિ ! તું અમને પણ '**व्रतपाः**' બનાવી દે, અમને પણ તારા જેવા પૂરેપુરા વ્રતપાલક કરી દે.

શબ્દાર્થ

(**अग्ने**) હે આત્મન્ ! હે આત્મદેવ ! (**त्वं**) તું (**व्रतपाः**) વ્રતપાલક (**असि**) છે, (**देवः**) તું દેવ છે (**आ**) અને (**मर्त्येषु**) અમ મનુષ્યોમાં (**आ**) આવીને સમાઇ ગયો છે. (**त्वं**) તું (**यज्ञेषु**) યજ્ઞોમાં (**ईड्यः**) પૂજનીય છે.

---

८ माघ

न देवानामति व्रतं शतात्मा चन जीवति ।
तथा युजा विवव्रते ॥ (ऋ. १०-३३-९)

વિનય

હે મનુષ્યો ! તમે જુઓ, જુઓ, દેવો પોતપોતાનાં વ્રતોના–નિયમોના પાલનમાં ઘણાજ કઠોર છે, ચુસ્ત છે. એ દેવોના નિયમો અટળ છે. તેઓ કોઇની પણ ખાતર જરા પણ બદલાતા નથી. સૌને એકસરખી રીતે લાગુ પડે છે. એવા ઈશ્વરીય નિયમોને તોડવાનો યત્ન કરવો એ મોટી મૂર્ખતા છે. એ નિયમોને તોડવાનો યત્ન કરનારજ તૂટી જશે, તેનાજ ભુક્કા ઉડી જશે, પરંતુ નિયમો તો કદાપિ નહિ તૂટે. એ નિયમોનું ઉલ્લંઘન કરનાર, તેમનું અતિક્રમણ કરનાર ભલે '**शतात्मा**' પુરુષ હોય–સો મનુષ્યોનું બળ પોતાની એકલી જાતમાં ધારણ કરનાર હોય તો પણ તે નથીજ બચી શકતો, સોગણું વીર્ય રાખનાર

માણસ પણ જીવતો નથીજ રહી શકતો. વળી એ નિયમોનો ભંગ કરવાનો પ્રયત્ન કરતાની સાથેજ તેના મોટામાં મોટા સાથીઓ અને સહાયકોથી પણ તેને અળગા થઇ જવું પડે છે. દૈવી નિયમોનો જ્યાં ભંગ થયો એટલે સંસારની સાથેના આપણા તમામ સંબંધોને ધક્કો લાગી જાય છે, સાંકળે સાંકળ અને કડીએ કડી છૂટી છૂટી થઇ જાય છે. સંસારભરમાં કોઇ બંધુ, કોઇ સહાયક, કોઇ આશ્રય આપનાર નથી રહેતો. બળવાનમાં બળવાન અને વફાદારમાં વફાદાર મિત્ર હોય, સાથી હોય, સહાયક હોય અને તે મદદ કરવાની ઇચ્છા રાખે તોપણ તેના હાથ હેઠા પડી જાય છે, તેનાથી મદદ નથીજ કરી શકાતી. સૌ ઉભા ઉભા જોયા કરે છે, જોતાજ રહી જાય છે અને ઈશ્વરના નિયમોનો ભંગ કર્યા બદલ કઠોર સજા ભોગવવીજ પડે છે. તે વખતે કોઇ આપણને બચાવી શકતું નથી, કોઇનું કશું ચાલતુંજ નથી. એટલા માટે મારા ભાઇઓ ! આપણે ખૂબ સાવધાન રહીએ કે કદી પણ મદમાં ભાનભૂલા બની જઇને, આપણા કોઇ પણ જાતના બળના અભિમાનથી છકી જઇને, ભૂલથી, પ્રમાદથી, દેવોના વ્રતોનું, નિયમોનું જરા પણ ઉલ્લંઘન ન કરીએ, ઉલ્લંઘન કરવાનો વિચાર પણ ન કરીએ.

શબ્દાર્થ

(देवानां) દેવોના **(व्रतं)** અટળ નિયમોનું **(अति)** અતિક્રમણ કરીને **(शतात्मा)** સો મનુષ્યો જેટલો બળવાન, સોગણું વીર્ય ધારણ કરનાર પુરુષ **(चन)** પણ **(न)** નથી **(जीवति)** બચી શકતો **(तथा)** અને એવા લોકોજ, એ માણસ **(युजा)** પોતાના સાથીઓથી, સાથીઓની મદદથી **(विववृते)** છૂટો પડી જાય છે.

१ माघ

नहि नु ते महिमनः समस्य न मघवन् मघवत्त्वस्य विद्मः।
न राधसो राधसो नूतनस्य, इन्द्र न कि र्ददृशे इन्द्रियं ते॥
(ऋ० ६-२७-३)

વિનય

હે પરમેશ્વર! અમે તારા મહિમાને જાણતાજ નથી. તું ઘણો મહાન્ છે. જ્ઞાનમાં, કર્મમાં, શક્તિમાં, પરિમાણમાં, વિસ્તારમાં–તમામ ગુણોમાં અતિ મહાન્ છે, અતિ અતિગણો મોટો છે, એવો અમને લગભગ હમેશાં અનુભવ મળતોજ રહે છે અને અમારા એવા અનુભવોનાં અમારા માનવબંધુઓની સમક્ષ અમે વખાણ પણ કરીએ છીએ. પણ તે છતાં હે પ્રભો! તમારા સંપૂર્ણ મહિમાને તો અમે સમજી શકીએજ કેવી રીતે? હે મઘવન્! અમે તમારા મઘવત્ત્વને પૂરૂં કયાં ઓળખીએ છીએ? હે ઐશ્વર્યવાળા! અમે તારા ઐશ્વર્યવત્ત્વનો, તારાં ઐશ્વર્યોનો પાર કયાં પામી શકીએ છીએ? સંસારનાં કોઈ કોઈ ઐશ્વર્યોને જોઇને અમે કલ્પના કરીએ છીએ કે, તારાં ઐશ્વર્ય આવાંજ, પણ આથી વધારે ભવ્ય હશે, આથી વધારે દિવ્ય હશે; પણ એ બધી અમારી કલ્પનાજ છે. તારા ઐશ્વર્યનું વાસ્તવિક સ્વરૂપ તો કોણ જાણે કેટલું દિવ્ય, કેટલું અદ્‌ભુત હશે? વળી અમે કલ્પના કરીએ છીએ કે, તમામ સ્થાનોમાં તમામ બ્રહ્માંડોમાં તારૂં આવું ને આવુંજ ઐશ્વર્ય સર્વત્ર વરસી રહ્યું હશે અને એજ પ્રમાણે ત્રણે કાળમાં અનાદિ ભૂત અને અનંત ભવિષ્યમાં વરસતુંજ રહેશે. તારા ઐશ્વર્યનો આવો વિસ્તાર કેટલો અનંત અને કેટલો અદ્‌ભુત છે! એજ પ્રમાણે તારા '**રાધસો**'નો, તારી સિદ્ધિઓનો, તારાં સફળતા અપાવનારાં સામર્થ્યોનો, તારાં કાર્યસાધક ઐશ્વર્યનો અંત અમે મનુષ્યો

શી રીતે પામી શકીએ ? તારાં ‘ **राधस्** ’ આવાં છે, તું આવી આવી રીતે સિદ્ધિ અપાવે છે એવો અમે તો વિચારજ કરતા રહી જઇએ છીએ અને એટલી વારમાં તો તું એક એકથી ચઢી જાય એવાં અદ્ભુત અને જેનો કદી પણ અંત ન આવે એવાં નવાં નવાં ‘ **राधसो** ’ નવાં નવાં કાર્યસાધક સામર્થ્યો બહાર કાઢતોજ જાય છે અને દુનિયાને આશ્ચર્યમાં ગરકાવ કરતોજ જાય છે ! હે ઇન્દ્ર ! ખરેખર, અમે તારી ઇન્દ્રિયોનો, તારા ઇન્દ્રપણાનો પાર નથીજ પામી શકતા. તેને અમે નથીજ સમજી શકતા. તારી ઇન્દ્રિયશક્તિ ઘણીજ ઉંડી છે, ઘણીજ ગંભીર છે, ઘણીજ ગહન છે. જે ઇન્દ્રિયો દ્વારા અમે કામ કરીએ છીએ, તે ઇન્દ્રિયોની માફક તારી ઇન્દ્રિયો દૃષ્ટિગોચર થાય એવી નથી. છતાં તું કોણ જાણે શી રીતે આ બ્રહ્માંડને હલાવી ચલાવી રહ્યો છે, દરેક વસ્તુની અંદર તેમાં અંતર્યામી બનીને કેટલી બધી અદ્ભુત રીતે જરાપણ ભૂલ વગર તારૂં કામ કર્યોજ જાય છે ? અહોહો ! તારી શક્તિ અસીમ છે ! હે ઇન્દ્ર તારાં ‘ **राधसो** ’ અગાધ છે, તારાં ઐશ્વર્ય અનંત છે, તારો મહિમા અપાર છે.

શબ્દાર્થ

(ते) તારા **(समस्य)** સમસ્ત **(महिमनः)** મહિમાને **(नु)** નિઃસંદેહ અમે **(नहि)** નથીજ **(विद्मः)** જાણી શકતા, **(मघवन्)** હે ઐશ્વર્યવાળા ! **(मघवत्त्वस्य)** તારી ઐશ્વર્યમયતાને પણ **(न)** અમે નથી સમજી શકતા. અને તારા **(नूतनस्य)** નવા નવા **(राधसो राधसः)** એકએક રાધસને, કાર્યસાધક ઐશ્વર્યને **(न)** અમે નથી જાણી શકતા, અને **(इन्द्र)** હે ઇન્દ્ર ! **(ते)** તારી **(इन्द्रियं)** ઇન્દ્રશક્તિ, તારૂં ઇન્દ્રપણું **(न किः)** નથી **(ददृशे)** દેખી શકાતું.

१० माघ

स नः पप्रिः पारयाति स्वस्ति नावा पुरुहूतः ।
इन्द्रो विश्वा अति द्विषः ॥ (ऋ० ८-१६-११)

વિનય

તે '**पप्रि**' અને '**पुरूहूति**' પરમેશ્વર અમને પણ પાર ઉતારી દે. જે પૂરણ કરે છે, જે જે ત્રુટિ પણ હોય તેની પૂર્તિ કરે છે, જે ખોટ હોય તેને પૂરી કરી દે છે, તે પ્રભુનું અમે સ્મરણ કરીએ છીએ. જે પ્રભુને સંતો સર્વદા પોકારે છે, જેને બધાજ લોકો વખતોવખત યાદ કરે છે, જેની મદદ માગે છે તેને અમે પણ પોકારીએ છીએ. તે પ્રભુ અમને આ દ્વેષ–સાગરની પેલી બાજુએ લઈ જાઓ. અમે અત્યાર લગી ખૂબજ દ્વેષ કર્યો અને તેના બદલામાં અમે પુષ્કળ દ્વેષ વેઠયો પણ ખરો. ઘણાની સાથે દુશ્મનાવટ કરી અને ઘણાને અમારા શત્રુ બનાવ્યા. અત્યારે તો ચારે બાજુએ જ્યાં નજર કરીએ છીએ ત્યાં અમને અમારા શત્રુ ને શત્રુજ દેખાય છે, જ્યાં જોઈએ ત્યાં અમારા ઉપર દ્વેષ રાખનારાઓજ જોઈએ છીએ. આ દ્વેષના સાગરને અમે કેવી રીતે પાર કરી જઇએ ? એ દ્વેષસાગર અમારી અંદર ભરેલી દ્વેષભાવના સિવાય બીજું કાંઇજ નથી. અમારી અત્યાર લગી પોષેલી દ્વેષભાવનાજ દુસ્તર સમુદ્ર બનીને અમારી આડે આવીને ઉભી છે. હવે જ્યારથી અમને જ્ઞાન થયું છે ત્યારથી અમે તે '**पप्रि**' પ્રભુનું રટણ કર્યા કરીએ છીએ. અમે એટલું જાણી ગયા છીએ કે, બધી ત્રુટિઓને પૂર્ણ કરનાર એ પ્રભુ જો અમને પોતાના શરણરૂપી નૌકામાં આશ્રય લેવા દે તો અમે આ દ્વેષ–સાગરને સામે કિનારે ક્ષેમકુશળ ચાલ્યા જઈએ. અમે બીજું એ પણ જાણી ગયા છીએ કે, અમારા હૃદયની અંદર ક્ષુદ્રતાઓના મોટા મોટા

ખાડા પડયા છે તે જો ભરાઇ જાય અને અમારૂં હૃદય વિશાળ ઉદાર તથા પ્રભુપ્રેમથી ભરપૂર બની જાય તો અમારા દ્વેષની ભાવનાને ઉભા રહેવા જેટલી જગ્યા પણ નહિ મળે; એટલા માટે તે પૂરણ કરનારા પ્રભુને અમે વારંવાર યાદ કરીએ છીએ અને તેને માટે પોકાર કર્યા કરીએ છીએ. અરેરે ! હવે તો અમને તેજ પુરુહૂત પપ્રિ પરમેશ્વર આ દ્વેષ–સાગરની પાર ઉતારી દે, આ દુસ્તર સાગરને સામે કિનારે પહોંચાડી દે એટલે બસ.

શબ્દાર્થ

(सः) તે **(पप्रिः)** પૂરણ કરનાર **(पुरुहूतः)** ઘણા જેને માટે પોકાર કરે છે એવા **(इन्द्रः)** પરમેશ્વર **(नावा)** નૌકા દ્વારા પોતાના શરણરૂપી તરવાના સાધન દ્વારા **(नः)** અમને **(स्वस्ति)** કુશળતાપૂર્વક **(विश्वा द्विषः अति)** તમામ દ્વેષોને ઓળંગાવીને **(पारयाति)** પાર ઉતારી દે.

११ माघ

स नः शक्रश्चिदाशकद् दानवाँ अन्तराभरः ।
इन्द्रो विश्वाभिरूतिभिः ॥ (ऋ. ८-३२-१२)

વિનય

તે શક્ર પરમેશ્વર અમને પણ શક્તિસંયુક્ત બનાવી દે. અમે અશક્ત લોકો–ડગલે ને પગલે ગબડીઆં ખાનારા બળહીન લોકો–શક્તિની યાચના કરવા બીજે કયાં જવાના હતા ? તે સર્વશક્તિમાન ઇન્દ્રને છોડીને બીજા કોની પાસેથી શક્તિ પ્રાપ્ત કરવાની અમે આશા પણ રાખી શકીએ ? અહો ! એ શક્ર તો '**दानवान्**' અને '**अन्तराभर**' છે. એવા પરિપૂર્ણ પરમેશ્વર તો કોઇની પાસેથી કશું લેતા નથી, એ તો હમેશાં સૌને આપ્યાજ કરે છે. તે દાનવાન

બનીને અમારાં અંતરોને, અમારાં છિદ્રોને, અમારી ત્રુટિઓને પૂર્ણ કરે છે, અમારાં અંતસ્તલને (ત્યાંના દોષો અને ત્રુટિઓને) તે ભરી દે છે. અંદરના ભાગમાં જે કાંઈ ખામી હોય તેને પૂર્ણ કરે છે, અંદરની બાજુએથી અમારાં આંતરસ્થળને ભરપૂર કરી દે એવા છે. એ ઇન્દ્ર ધારે તો પોતાની તમામ ઊતિઓ સહિત, પોતાની તમામ રક્ષાશક્તિઓ સહિત, સઘળી પાલન કરવાની શક્તિઓ સહિત, તમામ તૃપ્તિઓ સહિત અમારી તમામ તંગીઓ દૂર કરી શકે છે અને અમને અંદરથી ભરપૂર કરી દઇને શક્તિમાન કરી શકે છે. ઉન્નતિને માર્ગે કૂચ કરતાં ડગલે ને પગલે અમારી અશક્તિનો અમને અનુભવ થયાજ કરે છે. આવી રીતે અમારી ભયંકર અશક્તિનો અને ભારે નબળાઇનો અમને અનુભવ થાય છે ત્યારેજ અમે આજે શક્તિને માટે યાચના કરતા ઉભા છીએ. અને જયારથી અમને સમજાઈ ગયું છે કે, શક્તિ તો અંદરથીજ મળવાની છે અને અમારાં અંતરને શક્તિથી ભરપૂર કરી દેનાર એકલા શક્ર પ્રભુજ છે ત્યારથી અમે તેનેજ બારણે અડંગો નાખીને બેઠા છીએ. આજે અમે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે, એ શક્રના સિવાય આખા સંસારમાં શક્તિનો આપનાર બીજો કોઇ છેજ નહિ, અમારાં અંતરને ભરપૂર કરનાર પણ કોઈ હોય તો તે એકજ છે. બસ, હવે તો તે સર્વશક્તિમાન શક્રજ અમને શક્તિથી ભરપૂર કરી દે, તે સર્વસમર્થ ઇન્દ્ર અમને શક્તિ પ્રદાન કરી દે.

શબ્દાર્થ

(सः) તે **(शक्रः)** શક્તિમાન **(नः)** અમને **(चित्)** પણ **(आ अशकत्)** શક્તિયુક્ત કરે, સમર્થ કરે. કારણ કે તે **(दानवान्)** દાન દેનાર **(अन्तराभरः)** અંતસ્તલને અંદરથી ભરપૂર કરનાર અંદરની બાજુએથી [છિદ્રોને, ત્રુટિઓને] ભરી દેનાર છે. **(इन्द्रः)** તે પરમેશ્વર પોતાની **(विश्वाभिः)** તમામ **(ऊतिभिः)** રક્ષાઓ વગેરે વડે [અમને શક્તિયુક્ત કરે, સમર્થ બનાવે].

१२ माघ

त्वं ह्यग्ने अग्निना विप्रो विप्रेण सन् सता ।
सखा सख्या समिध्यसे ॥ (ऋ० ८-४३-१४)

વિનય

હે અગ્નિ ! તને નિઃસંદેહ અગ્નિ વડેજ પ્રદીપ્ત કરી શકાય છે. આ સંસારમાં જેમ આગ વડે આગ સળગાવી શકાય છે, એક જ્ઞાની વિપ્ર દ્વારા બીજો માણસ પણ જ્ઞાનસંપન્ન થઇ શકે છે, વિપ્ર (સર્વજ્ઞ) આચાર્ય દ્વારા બ્રહ્મચારી જ્ઞાન વડે સમિદ્ધ થઇ શકે છે, કોઇ શ્રેષ્ઠ સાત્વિક પુરુષના સંસર્ગ વડે બીજા મનુષ્યમાં પણ સાત્વિક ભાવ જાગૃત થાય છે, સાધુના સત્સંગ વડે બીજો માણસ પણ સાધુ થઇ જાય છે, સાચા મિત્ર દ્વારા બીજા માણસમાં પણ મૈત્રીભાવ પેદા થાય છે, સાચા પ્રેમ વડે બીજા માણસના હૃદયમાં પણ પ્રેમભાવ જાગે છે, તેમ હે અગ્નિ ! મારા પરમ આત્માગ્નિ ! તું તો આત્માગ્નિ દ્વારાજ, મારા પોતાના અગ્નિ દ્વારાજ પ્રદીપ્ત થઇ શકે છે તે હું સમજી ગયો છું. હું અગ્નિ બનીને, મારા આત્માને તેજસ્વી બનાવીનેજ તને મારી અંદર પ્રદીપ્ત કરી શકીશ. હું પોતે જ્ઞાની વિપ્ર બનીને–સાચો બ્રાહ્મણ બનીનેજ તને જ્ઞાનમય બ્રહ્મને મારામાં પ્રકાશિત કરી શકીશ, હું શ્રેષ્ઠ સજ્જન સાત્વિક પુરુષ બનીને મારી સજ્જનતા વડે, મારા સાત્વિક ભાવો વડેજ તને 'शत्' ને પ્રાપ્ત કરી શકીશ. વળી હું મારા સખ્યભાવ દ્વારા, મારા પ્રેમમય ભક્તિભાવ દ્વારાજ તને સાચા સખાને મારો સખા બનાવી શકીશ. હે અગ્નિ ! હું તને સમિદ્ધ કરીશ, તને સમિદ્ધ કર્યા વિના છોડનાર નથી. હું તને અગ્નિ દ્વારાજ સમિદ્ધ કરીશ. હું જ્ઞાનનો અગ્નિ, શ્રેષ્ઠતાનો અગ્નિ અને પ્રેમનો અગ્નિ બનીને તને મારી અંદર સમિદ્ધ કરીશજ.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ ! **(त्वं)** તું **(हि)** જ, નિઃસંદેહ **(अग्निना)** અગ્નિ વડે **(समिध्यसे)** પ્રદીપ્ત થઇ શકે છે. **(विप्रः)** તું વિપ્ર, તું પરમ જ્ઞાની **(विप्रेण)** હુ વિપ્ર દ્વારા, **(सन्)** તું સત્, શ્રેષ્ઠ **(सता)** હું શ્રેષ્ઠ, હું સાધુ દ્વારા અને **(सखा)** તું સાચો સખા **(सख्या)** હું સખા દ્વારા પ્રદીપ્ત કરી શકાય છે, પ્રકાશિત કરી શકાય છે.

१३ माघ

ते घेदग्ने स्वाध्यो अहा विश्वा नृचक्षसः ।
तरन्तः स्याम दुर्गहा ॥ (ऋ० ८-४३-३०)

વિનય

હે પ્રભો ! અમે તારે અર્થેજ કર્મ કરનારા બની જઇએ. અમે સદા, સદા કાળ, આઠે પ્રહર, દિન-રાત જે કાંઇ કર્મ કરીએ તે બધાં તારે અર્થેજ કરીએ અને તે બધાં શુભ કર્મજ હોય. અહો ! પોતાનાં પ્રત્યેક કર્મ, નાનામાં નાનાં તેમજ મોટામાં મોટાં એવાં પ્રત્યેક કર્મ તનેજ સમર્પિત કરતા રહેવું, પોતાના એકેએક કર્મદ્વારા આઠે પ્રહર નિરંતર તારૂંજ પૂજન કરવું એ કેટલું સાત્વિક, કેટલું શાન્ત અને કેટલું સુખમય જીવન હોવું જોઇએ ? અમારી શ્વાસ-પ્રવાસની ક્રિયા સુધીનાં અમારાં એકેએક કર્મ તારેજ અર્થે અને પવિત્ર ભાવના સહિત કરતા રહીએ તો અમારૂં જ્ઞાન પણ પવિત્ર અને વિશુદ્ધ થયા વિના રહેજ નહિ. એવી અવસ્થા થયા પછી અમે પ્રત્યેક વસ્તુને નિર્લેપ ભાવથી તેના શુદ્ધ સ્વરૂપમાં જોતા થઈશું. સઘળા મનુષ્યોને અને બીજી બધી બાબતોને પણ તેમના દરેકના અસલ સ્વરૂપમાં જોતા અને ઓળખતા થઇ જઇશું. સારાંશકે, અમે '**नृचक्षस्**' બની જઇશું. હે પરમાત્મન્ ! આવી રીતે ઉત્તમ કૃતિ અને વિશુદ્ધ દૃષ્ટિવાળા બનીને અમે તમામ '**दुर्गहो**'ને-દુસ્તર પ્રસંગોને-ઓળંગતા આગળ ને આગળ ચાલ્યા જઈશું. અહો ! નિર્લેપ બનીને કર્મ કરનારા '**नृचक्षस्**' પુરુષોને માટે આ સંસારના કઠિનમાં કઠિન પ્રસંગો, વિકટમાં વિકટ ઘાટીઓ દુસ્તરને બદલે 'સુતર' બની જાય છે. ભયંકરમાં ભયંકર દેખાતી વિપત્તિઓ તેની આગળ પોતાની ભયંકરતા ત્યજી દે છે. હે

અગ્નિ! તારી કૃપા વડે અમે પણ એજ રીતે તમામ દુર્ગાહનીય, દુસ્તર સંજોગોને ઘણી સહેલાઇથી ઓળંગી જઇએ, 'स्वाध्यः' અને 'नृचक्षस्' બનીને રમતાં રમતાં ઓળંગી જઇએ.

શબ્દાર્થ

(**अग्ने**) હે પરમાત્મન્! અમે (**विश्वा अहा**) સદાકાળ, બધા દિવસોમાં (**घ**) નિશ્ચયપૂર્વક (**ते इत्**) તારેજ અર્થે (**स्वाध्यः**) ઉત્તમ કર્મ કરનારા થઇએ, (**नृचक्षसः**) માણસોને બરાબર યથાવત્ ઓળખનારા થઈ જઇએ અને એ રીતે (**दुर्गहा**) દુર્ગાહનીય, દુસ્તર પ્રસંગોને (**तरन्तः**) તરી જનારા (**स्याम**) થઇએ.

१४ माघ

अग्निं मन्द्रं पुरुप्रियं शीरं पावकशोचिषम् ।
हृद्भिः मन्द्रेभिः ईमहे ॥ (ऋ० ८-४३-३१)

વિનય

આ અગ્નિદેવ મન્દ્ર છે, હર્ષિત કરી દેનારા છે, આનંદરૂપ છે. તે એવા મન્દ્ર છે, એવા મસ્ત બનાવી દે એવા છે કે તેમના દર્શનથી તો શું પણ સ્મરણમાત્રથી આપણાં હૃદયમાં આનંદની છોળો ઉછળવા માંડે છે. એટલા વાસ્તે આ અગ્નિ સૌને અત્યંત પ્રિય છે, બધી રીતે સર્વતોભાવે પ્રિય છે. વાસ્તવમાં સૌને અત્યંત પ્રિય એવો કોઇ હોય તો તે અગ્નિદેવજ છે. પણ એ અગ્નિદેવ આપણી અંદર સૂતા પડેલા છે—આ પવિત્ર જ્યોતિર્મય અગ્નિદેવ આપણી અંદર સૂતેલા છે. એમનાં તેજ—જ્યોતિ એવાં પવિત્રતાદાયક છે કે જો તે એકવાર આપણામાં જાગૃત થઈ જાય તો તે આપણને નખથી શિખ સુધી એવા

પવિત્ર બનાવી દે, આપણી નસેનસને-રોમેરોમને પવિત્રતાથી એવાં ભરપૂર કરી દે, આપણાં પ્રાણ મન આદિના એકેએક પરમાણુને એવાં પવિત્ર કરી દે કે પછી આપણા ભાગ્યોદયમાં કાંઇ મણાજ ન રહે. પણ આપણું દુર્ભાગ્યજ એટલું છે કે તે જાગૃત થયા નથી, સૂઈ રહ્યા છે, હવે અમને જગાડે કોણ? અને જગાડવા પણ શી રીતે? અરે હા! એ મન્દ્ર અગ્નિને મન્દ્રો વડેજ, મન્દ્ર હૃદયો વડે જ જગાડી શકાય છે. એમને જગાડવા હોય તો હૃદય જોઇએ, મન્દ્ર હૃદય જોઇએ. માટે ચાલો, મારા ભાઇઓ! આપણાં મન્દ્ર હૃદયો વડે આ મન્દ્ર પરમાત્માને આપણા હૃદયમાં જાગૃત કરી દઇએ, આપણામાં પ્રાપ્ત કરી લઇએ. જુઓ, જુઓ, પેલા ભક્તજનો પોતાનાં આવાં જ ભક્તિભાવભર્યાં હૃદયો દ્વારા જેમ મેઘગર્જન સાંભળીને મોર નાચી ઉઠે, તેમ પ્રભુની વાણી સાંભળીને આનંદોલ્લાસથી મસ્ત થઇને નાચી ઉઠે છે, તેમનાં હૃદયના મનોભાવો અતિ કોમળ હોવાને લીધે હરિ નામનું જરાક સ્મરણ થતાં તેઓ રોમાંચિત અને પુલકિત થઈ જાય છે અને પોતાનાં અંતઃકરણના આવાજ પ્રકારના મનોવેગો દ્વારા પ્રિયતમ પ્રભુનો હાર્દિક અનુભવ કરીને આનંદાશ્રુથી વિગલિત બની જાય છે, આવી પ્રેમભક્તિપૂર્ણ અવસ્થામાં તેઓ પોતાના મન્દ્ર પ્રભુને કેવા નાના પ્રકારે રીઝાવે છે, કેવા નાના પ્રકારે જગાડી રહ્યા છે! ત્યારે ચાલો, આપણે પણ આવીજ રીતે આપણામાં સૂઈ રહેલા આ મન્દ્ર અગ્નિ દેવની આરાધના કરીને શામાટે તેમને ન જગાડીએ, આપણાં મન્દ્ર હૃદયોદ્વારા તેમને રોજ રોજ શામાટે ન રીઝાવીએ?

શબ્દાર્થ

(पुरुप्रियं) અતિ પ્રિય અને **(पावकशोचिषं)** પવિત્ર જ્યોતિવાળા **(शीरं)** પણ સૂઇ રહેલા **(मन्द्रं)** મસ્ત બનાવે એવા, હર્ષોન્મત્ત કરે એવા, આનંદરૂપ **(अग्निं)** પરમાત્માને આપણે **(मन्द्रैः)** હર્ષિત થનારાંજ **(हृद्भिः)** હૃદયો વડે **(ईमहे)** ચાહીએ છીએ, પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ.

१५ माघ

यो अग्निं तन्वो दमे देवं मर्त्तः सपर्यति ।
तस्मा इद्दीदयद् वसु ॥ (ऋ. ८-४४-१५)

વિનય

હે મનુષ્યો ! વસુ આપનારા અગ્નિદેવ જેને તમે શોધી રહ્યા છો તે બહાર તો ક્યાંઇએ છેજ નહિ; તે તો આપણી અંદરજ છે, આપણા શરીરમાંજ વિદ્યમાન છે. તે અગ્નિ આપણા શરીરરૂપી ઘરમાં, આપણા શરીરરૂપી યજ્ઞશાળામાં નાના પ્રકારે સળગ્યાજ કરે છે, અનેક રૂપે પ્રદીપ્ત થઇ રહ્યા છે. આ શરીરરૂપી મંદિરમાં જ્વલંત રૂપે રહેલા અગ્નિદેવનું જે મનુષ્ય યોગ્ય રીતે પૂજન કરે છે, તેનેજ વસુ તથા તમામ અભીષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. જરાક જુઓ, આ જઠરાગ્નિથી માંડીને આત્માગ્નિ અથવા પરમાગ્નિ સુધીના તમામ અગ્નિઓ, પાર્થિવ અગ્નિથી માંડીને પરમ દિવ્ય અગ્નિ સુધીનાં અગ્નિદેવનાં તમામ ભિન્નભિન્ન સ્વરૂપો આપણા દેહરૂપી યજ્ઞશાળામાં જાજ્વલ્યમાન થઇ રહ્યા છે. જો આપણે નિયમિત રીતે ભોજન, શયન અને વ્યાયામ આદિ ક્રિયાઓ દ્વારા આપણા જઠરમાં રહેલા જાઠર અગ્નિનું યોગ્ય રીતે પૂજન-સેવન કરતા રહીશું તો આપણને બેશક શારીરિક વસુ, શારીરિક સંપત્તિ પ્રાપ્ત થશે. એજ રીતે પ્રાણાયામાદિ ક્રિયાઓ દ્વારા જો પ્રાણાગ્નિનું સેવન કરીશું, તો પ્રાણબળની પ્રાપ્તિ થઇ જશે. વળી સૂક્ષ્મ પ્રાણાગ્નિમાં તેમજ ઇન્દ્રિયાગ્નિમાં વિધિપૂર્વક હવન કરવાથી ઇચ્છાસંયમ તથા શબ્દાદિ વિષયોને લગતી સિદ્ધિઓ-વસુઓ-પ્રાપ્ત થશે. મનરૂપી અગ્નિનું યોગ્ય રીતે યજન કરવાથી બહુમૂલ્ય વિચારોનો ભંડાર આપણે હસ્તગત કરી શકીશું. બુદ્ધિરૂપી અગ્નિનું પૂજન કરવાથી જ્ઞાનનું દિવ્ય ઐશ્વર્ય પણ આપણા હાથમાં આવીજ રહેશે. એજ રીતે આત્મસંયમ

યોગાગ્નિમાં તમામ પ્રકારનાં કર્મો હોમી દેવાથી તથા આત્માગ્નિ અને બ્રહ્માગ્નિમાં નાના પ્રકારના ઉચ્ચ યજ્ઞો કરવાથી ઉંચામાં ઉંચાં અધ્યાત્મ ઐશ્વર્યો, જેમને માટે દેવો પણ ભૂખ્યા છે, તે બધાં આપણુને આવી મળશે. એટલા માટે હે મનુષ્યો ! ચાલો, આપણે આપણા શરીરનું દમન કરીને –દમની સાધના કરીને તે ઉચ્ચ અગ્નિને શોધી કાઢીએ કે જેની જવાળાઓ આપણાં શરીર પ્રાણ મન આદિમાં ભભૂકી રહી છે. એનામાં હવન કરવાથી આપણને વસુ મળી શકશે, કેવળ એનુંજ યજન કરવાથી તમામ પ્રકારનાં ઐશ્વર્યોની પ્રાપ્તિ થઇ શકશે.

શબ્દાર્થ

(यः) જે **(मर्त्तः)** મનુષ્ય **(तन्वः)** શરીરના **(दमे)** ઘરમાં અથવા દમનમાં **(देवं)** દેવને **(अग्निं)** અગ્નિને **(सपर्यति)** સેવે છે, તેનું યજન કરે છે, **(तस्मै)** તેને **(इत्)** જ [તે અગ્નિદેવ] **(वसु)** ઐશ્વર્ય **(दीदयत्)** આપે છે.

૧૬ માઘ

त्वामग्ने मनीषिणः त्वां हिन्वन्ति चित्तिभिः ।
त्वां वर्धन्तु नो गिरः ॥ (ऋ. ८-४४-१९)

વિનય

હે અગ્નિ ! તમારૂં ખરેખરૂં પ્રીણન કરનારા, તમને સારી રીતે વધારનારા તો માત્ર તેઓજ છે, કે જેઓ મનીષી છે, જેઓ મનના ઈશ્વર છે, જેઓ પોતાના મનના પૂરેપુરા માલિક છે, પ્રભુ છે. મનના ગુલામ તો આ સંસારમાં લગભગ બધાજ લોકો છે, પણ જેઓ મનના સાચા સ્વામી હોય, મનને પૂરેપુરી રીતે પોતાના કાબુમાં રાખી શકતા હોય એવા મહાત્માઓ તો ઘણા વિરલાજ હોય છે. એવા

મનીષી લોકો પોતાના મનના સંયમને અર્થે જે નિરંતર બલિદાન દેતા રહે છે, તે આહુતિઓ વડે, હે અગ્નિદેવ! તમે ખૂબ સંતૃપ્ત રહો છો અને ખૂબ પ્રદીપ્ત પણ થાઓ છો. બીજા કેટલાક પુરુષો તમને **'ચિત્તિ'**ઓ વડે, ચિત્ત-કર્મો વડે આરાધે છે, તમારૂં સંતર્પણ કરે છે, તેઓ ચિત્ત-શુદ્ધિ દ્વારા તથા જેનાથી ચિત્તશુદ્ધિ થાય એવાં નિષ્કામ કર્મો દ્વારા તમારી વૃદ્ધિ કરે છે. આવી ચિત્તશુદ્ધિ અને નિષ્કામતા પ્રાપ્ત કરવાને માટે તેમને જે આત્મત્યાગ કરવો પડે છે, તે ત્યાગની આહુતિઓ વડે હે અગ્નિ! તમે ખૂબ સંતૃપ્ત અને પ્રદીપ્ત થાઓ છો. તમારો ખરેખરો પ્રચાર કરનારા, તમારા મહિમાને વધારનારા તો પેલા મનીષી અને **'ચિત્તિ'**વાળા લોકોજ છે, એમાં તો કાંઇજ સંદેહ નથી, તો પણ અમારી વાણીઓ વડે મંત્ર, પાઠ, સ્તુતિઓ, ભજનો, સ્તોત્રો, તમારી કથાઓ, ચર્ચાઓ, એ બધાં વડે પણ–તમારા મહિમામાં થોડી ઘણી વૃદ્ધિ તો અવશ્ય થાય છેજ, કાંઇ ને કાંઇ પ્રચાર તો થાય છેજ. વળી એ સ્તોત્ર-પાઠ, ભજન ઇત્યાદિ અમારી વૈખરી વાણીથી નહિ, પણ જો બીજી અંદરની ગમે તે વાણીઓ વડે થાય તો તેમના વડે તમારા મહિમાનો આથી પણ વિશેષ પ્રચાર થાય, તમારો સાચો પ્રચાર થાય. એટલા માટે હે અગ્નિ! હે આત્માગ્નિ! તમે અમારી તે અંદરની વાણીઓ દ્વારા પણ વૃદ્ધિ પામો. જેમ તમે મનીષીઓ અને શુદ્ધ ચિત્તવાળા પુરુષોનાં મન અને ચિત્ત દ્વારા વૃદ્ધિ પામો છો, તેજ પ્રમાણે અમારી પણ તે તે વાણીઓ દ્વારા વૃદ્ધિ પામતા જાઓ, પ્રદીપ્ત થતા જાઓ.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ! **(त्वां)** તને **(मनीषिणः)** મનના સ્વામીઓ **(हिन्वन्ति)** પ્રીણિત કરે છે, તારી વૃદ્ધિ કરે છે અને **(त्वां)** તને [બીજા લોકો] **(चित्तिभिः)** ચિન્તન દ્વારા અને ચિત્તશુદ્ધિ થાય એવાં કર્મો દ્વારા વધારે છે. એવી રીતે **(नः)** અમારી **(गिरः)** તે વાણીઓ પણ **(त्वां)** તને **(वर्धन्तु)** વધારો.

૧૭ માઘ

अग्निः शुचिव्रततमः शुचिर्विप्रः शुचिः कविः ।
शुची रोचत आहूतः ॥ (ऋ० ८-४४-२१)

વિનય

આ સમસ્ત સંસારમાં *અગ્નિદેવના કરતાં વધારે પવિત્ર, વધારે શુચિવ્રત બીજી કોઈ વસ્તુ છેજ નહિ. એ તો શુચિવ્રત નથી, પણ શુચિવ્રતતમ છે, પવિત્ર વ્રતોવાળાઓમાં–નિયમોવાળાઓમાં ઉત્તમ છે. શુચિ, પવિત્રતા એ તો એમનું વ્રત છે, એમનો નિયમ છે, એમના સ્વાભાવિક ગુણ છે. એ એવા શુચિવ્રત છે કે એમના સંસર્ગમાં આવનાર કોઈ પણ વસ્તુ અપવિત્ર રહી શકતીજ નથી. આ આખો સંસાર મહામલિન છે એમાં જરાય સંદેહ નથી, પરંતુ એ મલિન સંસાર પણ પવિત્ર અગ્નિદેવ તેનામાં રમણ કરતા હોવાથી ખૂબ ઉપાદેય–ગ્રહણ કરવા લાયક બની ગયો છે. આ દેહ જ્યારે અગ્નિરહિત થઇ જાય છે, ત્યારે તેને સ્પર્શ કરીને પણ સ્નાન કરવું પડે છે. તે પણ પવિત્ર અગ્નિદેવનો તેમાં નિવાસ થવાથી કેટલો બધો પવિત્ર બની જાય છે ! આ અગ્નિ શુચિજ્ઞાની છે, શુચિ કવિ છે, આ આત્મામાંથી જે જ્ઞાન ઝરે છે તે જ્ઞાન ઘણુંજ પવિત્ર હોય છે. આ આત્મામાંથી જે કાવ્ય પ્રકટે છે તે પણ ઘણુંજ પવિત્ર કાવ્ય હોય છે. આ જ્ઞાન અને કાવ્યની તો વાતજ શી, પણ અગ્નિદેવના પ્રકાશનો એક એક ઝબકારો, એકેએક દીપ્તિ શુચિ હોય છે, પવિત્ર ને પવિત્રજ હોય છે. એવા આહુત થએલા, આહુતિઓ વડે પરિપુષ્ટ થએલા અગ્નિદેવનું તમે કદી દર્શન કર્યું છે ? અહા ! જ્યારે અગ્નિમાં આહુતિઓ હોમાય છે અને એ આહુતિ પામીને અગ્નિદેવ પ્રદીપ્ત થાય છે, વિશાળ રૂપમાં દેદીપ્યમાન થાય છે ત્યારે તે વખતની તેમની દિવ્ય તેજથી ઝગમગતી કાન્તિમાં પવિત્રતા, તેમની પવિત્ર તેજસ્વી છટા જોવા જેવી હોય છે, અનુભવ કરવા જેવી હોય છે. અહાહા ! અગ્નિદેવની એવી પાવનકારી મૂર્તિ

---

* અગ્નિદેવ એટલે આત્મા—એવાનંદ

ઉપર સો સો જીવનનાં બલિદાન ચઢાવી દઈએ તોય થોડું છે ! અહાહા ! અગ્નિદેવથી ચઢી જાય એવી પવિત્રતાદાયક વસ્તુ આ સંસારમાં બીજી કોઈજ નથી; ખરેખર, બીજી કોઈજ નથી. હે **મનુષ્યો** ! જો તમારે પવિત્રતા પ્રાપ્ત કરવીજ છે તો તમે આ અગ્નિદેવનું આરાધન શા વાસ્તે નથી કરતા ? તમારી પોતાની અંદર રહેલા અગ્નિદેવને શા માટે પ્રદીપ્ત નથી કરતા ?

શબ્દાર્થ

(अग्निः) અગ્નિ **(शुचिव्रततमः)** સૌથી અધિક પવિત્ર વ્રતવાળા છે, તે **(शुचिः विप्रः)** પવિત્ર જ્ઞાની અને **(शुचिः कविः)** પવિત્ર કવિ છે. તે **(आहुतः)** આહુતિઓ પામીને **(शुचिः)** પવિત્ર બનીને, પવિત્ર રૂપમાંજ **(रोचते)** પ્રકાશિત થાય છે.

१९ माघ

वृहन्नित् इध्म एषां भूरि शस्तं पृथुः स्वरुः ।
येषामिन्द्रो युवा सखा ॥ (ऋ. ८-४५-२ । सा० उ० ५-२-२१)

વિનય

સદા શક્તિમાન ઇંદ્ર જેનો સખા થાય છે તે માણસ સંસારમાં ઘણો ચળકે છે, ખૂબજ યશસ્વી બને છે. જેને વૃદ્ધાવસ્થા તો કદી આવી શકતીજ નથી. જેની શક્તિનો કદી પણ ક્ષય થતોજ નથી, તે સદા તરુણ પરમેશ્વર જેને પોતાના સખ્યનું પ્રદાન કરે છે તે એક મહાન્ યજ્ઞ કરે છે અને તે મહાયજ્ઞ દ્વારા સંસારમાં ઘણોજ દેદીપ્યમાન થાય છે. તે એવો મહાન્ યજ્ઞ કરે છે કે જેમાં '**इध्म**' અગ્નિનું સંદીપન ઘણાજ મોટા પાયા ઉપર થાય છે, જેમાં '**शस्त**' સ્તુતિપાઠ અતિ ઘણા થાય છે અને જેનો '**स्वरु**' યજ્ઞસ્તંભ ઘણોજ મોટો હોય છે. બાહ્ય દ્રવ્યમય યજ્ઞ કરવો હોય તો મોટામાં મોટું **इध्म** પ્રજ્વલિત કરવાને આખી દુનિયાની કાષ્ઠસમિધાઓ ભેગી કરીને બાળવી પડે છે, મોટામાં મોટો **शस्त** તો ચારે વેદોનો પાઠ કરવાથી થાય છે, મોટામાં મોટો **स्वरु** એક પ્રચંડ વૃક્ષના થડમાંથી

બનાવી શકાય છે. પણ જેઓ ઇંદ્રસખા છે–ઇન્દ્રના મિત્રો છે એવા લોકો તો જ્ઞાનમય યજ્ઞ કરે છે, તેમનું અગ્નિસંદીપન તો ઘણાજ મોટા પાયા ઉપર થાય છે; કારણ કે તેઓ **'आत्मा'** ને× તેમની પોતાની જાતનેજ **इध्म** ની જગ્યાએ સળગાવી દે છે, પોતાની જાતને એટલી હદ સુધી સંદીપિત કરી દે છે કે તેઓ આખી દુનિયામાં ચળકી ઉઠે છે, પોતાના આત્માગ્નિ વડે સમસ્ત વિશ્વને પ્રકાશિત કરી દે છે. તેમના આવા આંતરિક યજ્ઞમાં **शस्त** પણ ઘણોજ થાય છે, કારણ કે ભક્તજનો રાતદિવસ જે કાંઇ પોતાની જીભ દ્વારા બોલે છે, જે કાંઇ પોતાની માનસિક વાણી દ્વારા ઉચ્ચારે છે તે સર્વ દ્વારા ભગવાનનો સ્તુતિપાઠજ થાય છે, તે બધું ઇન્દ્રનું શંસનજ છે. આ રીતે આવા યજ્ઞમાં અખંડ સ્તુતિપાઠ ચાલ્યાજ કરે છે અને એવો ભારે શસ્ત થાય છે કે જેનો કોઇ કાળે છેડોજ નથી આવતો. આ રીતે એવા ભક્તજનોના યજ્ઞનો **'स्वरु'** પણ ઘણોજ મોટો હોય છે, કારણ કે જેના વડે સમસ્ત સંસારરૂપી પશુઓ બંધાયા છે એવા **'आदित्य'**ને+ તેઓ પોતાનો યૂપ–યજ્ઞસ્તંભ–બનાવીને અધ્યાત્મ યજ્ઞનો આરંભ કરે છે, તેમના આવા યજ્ઞના ઝંડા (કેતુ) ની જગ્યાએ એવો દેદીપ્યમાન સૂર્ય ગોઠવાઇ જાય છે કે જે કદી ઝાંખો પડતો નથી કે કદી નીચો નમતો નથી. અહા ! ઇંદ્રનો સખા બની ગયાથી મનુષ્ય કેટલો મહાન્ બની જાય છે, કેટલો બધો મહિમાવાન્ બની જાય છે !

શબ્દાર્થ

(येषां) જેમનો **(युवा)** સદાશક્તિમાન્ **(इन्द्रः)** પરમેશ્વર **(सखा)** સખા હોય છે **(तेषां)** તેમનું **(इध्मः)** આગ્નસંદીપન ઘણુંજ મોટું, ઘણાજ મોટા પાયા ઉપર થએલું હોય છે, **(शस्तं)** તેમનો સ્તુતિપાઠ **(भूरि)** ઘણોજ મોટો હોય છે અને **(स्वरुः)** તેમનો યજ્ઞસ્તંભ **(पृथुः)** પણ ઘણોજ મોટો હોય છે.

× **'आत्मा वा इध्मः तैतरीय उप. ३–२–१०–३**—મૂળલેખક

+**'आदित्यो वै यूपः '** ઐ૦ ઉ૦ ૫–૨૮, તૈ. ઉ. ૨–૧–૫–૨

—મૂળલેખક

१९ माघ

अयुद्ध इत् युधावृतं शूर आजति सत्वभिः ।
येषामिन्द्रो युवा सखा ॥

(ऋ० ८-४५-३। सा० उ० ५-२-२१-३)

વિનય

યુદ્ધોમાં વિજયી થવાને માટે આપણે લશ્કર એકઠાં કરીએ છીએ, છાવણીઓ સ્થાપીએ છીએ, સૈનિકોમાં હિંસક વૃત્તિ જાગૃત કરીએ છીએ, તેમને પુષ્ટ રાખીએ છીએ, યુદ્ધવિદ્યાની પાઠશાળાઓ ઉઘાડીએ છીએ, અત્યંત ઘાતક શસ્ત્રાસ્ત્રોનો આવિષ્કાર કરતા જઇએ છીએ; પણ વિજયને માટે સદાયુવા 'ઇંદ્ર'નું સખ્ય મેળવવનો આપણે કદી યત્ન પણ કરી જોયો ? વિજય મેળવવાને માટે મનુષ્યોની સાત્વિક વૃત્તિઓને જાગૃત કરીને તેમનાં મહાન્ સત્વોનો—મહાન્ બળોનો સંગ્રહ કરવાની અગત્ય આપણને કદી પણ સમજાઇ છે ? સાચી વાત તો એ છે કે, ઇંદ્ર જેનો સખા થાય છે તેનામાં એટલી શૂરતા આવી જાય છે કે તે એકલોજ, યુદ્ધવિદ્યાનો આંકડો પણ જાણ્યા વગર, યુદ્ધનો જરા પણ અનુભવ મેળવ્યા વગર યોદ્ધાઓથી ભરેલાં સૈન્યોને નસાડી મૂકે છે, પોતાનાં સત્વો દ્વારા હરાવી દે છે, એ વાત ઉપર આપણો વિશ્વાસજ નથી. મૂળ મુદ્દાની વાતજ એ છે કે, જેણે પરમેશ્વરની મૈત્રી પ્રાપ્ત કરી છે તે માણસ યુદ્ધ કર્યા વગરજ, શ્રીકૃષ્ણની માફક હાથમાં શસ્ત્ર પકડ્યા વગરજ પોતાના પ્રતિસ્પર્ધીને જીતી લે છે. પરમેશ્વરની પાસેથી શક્તિ પ્રાપ્ત કરનાર મહાપુરુષ એકલે હાથેજ ચતુરંગિણી સૈન્ય રાખનારા મહાબળવાન શત્રુને પોતાની ઇંદ્રશક્તિ (આત્મિક શક્તિ) આગળ નમાવી દે છે, એ વાત તદ્દન સાચી અને સંશયરહિત છે. પણ આ સત્યમાં આપ-

ણને શ્રદ્ધા નથી તેનું કારણ એ છે કે, આપણે પરમેશ્વરને નથી ઓળખતા, તેની શક્તિને નથી જોતા અને તેને રસ્તે ચાલતા પણ નથી. અરેરે! ક્યારે આપણે તે રસ્તે વળીશું? વિજય પ્રાપ્ત કરવાને માટે પરમેશ્વરનું સખ્ય અનિવાર્ય છે એ સત્ય આપણે ક્યારે સમજતા થઇશું? પશુબળ વધારવાની જગ્યાએ જગતને આત્મિક બળ વધારવાનું શીખવીને ક્યારે સંસારને સુખી કરીશું?

શબ્દાર્થ

(येषां) જેનો **(युवा)** સદાયુવાન, નિત્યશકિતમાન **(इन्द्रः)** પરમેશ્વર **(सखा)** સખા છે, તે **(शूरः)** શૂર થઇને **(अयुद्ध इत्)** યુદ્ધવિદ્યા નહિ જાણનાર, યુદ્ધનો બિનઅનુભવી હોવા છતાં **(युधावृतं)** યોદ્ધાઓથી ભરેલા શત્રુબળને **(सत्वभिः)** પોતાના આત્મિક સત્વ વડે—સાત્વિક બળ વડે, **(आ अजति)** હરાવી દે છે.

૨૦ માઘ

उत त्वं मघवन् शृणु, यस्ते वष्टि ववक्षि तत् ।
यद् वीळयासि वीळु तत् ॥ (ऋ० ८-४५-६)

વિનય

હે મઘવન્! તું મારી વાત પણ સાંભળ, જરાક મારી પ્રાર્થના પણ સાંભળ. તું તો પ્રાર્થનાઓને એવો સાંભળી લે છે કે તારી આગળ જે કાંઇ માગ્યું હોય, જે કોઇ વસ્તુની કામના કરી હોય તે તું અમને પ્રાપ્ત કરાવી દે છે, તે વસ્તુ તું અમને આપી દે છે. હું જાણી ગયો છું, સારી રીતે જાણી ગયો છું કે, મનુષ્યને તું બધુંજ આપ્યા કરે છે, તેની જેટલી શુભ કામનાઓ હોય છે તે બધીજ તું પૂર્ણ કરી દે છે, ત્યારે તું મારી પ્રાર્થનાઓ કેમ નથી સાંભળતો? મારી કામનાઓ કેમ પૂરી નથી કરતો?

હે ઇન્દ્ર! તું મને દૃઢ બનાવી દે, શક્તિયુક્ત કરી દે,

પૂરેપુરો સમર્થ બનાવી દે. અરે ! તું તો જેને દૃઢ કરવા ઇચ્છે છે અને જેને તું દૃઢ બનાવી દે છે તે તો સંપૂર્ણ રીતે દૃઢ થઇ જાય છે, તે તો અચળ-અડગ બનીજ જાય છે. પછી સંસારની કોઇ પણ શક્તિ તેને દબાવી શકતી નથી. તે અચ્છેદ્ય, અભેદ્ય થઇ જાય છે. આ સંસારના હજારો શત્રુ તેને હરાવી શકતા નથી, લાખો પ્રકારનાં દુઃખ-કલેશ તેને ડરાવી શકતાં નથી, અંસખ્ય પ્રલોભનોથી પણ તે ચલાયમાન થતો નથી. તે પૂરેપુરો '**વીળુ**' થઇ જાય છે. હે ઇંદ્ર ! તું મને પણ એવો વીર બનાવી દે, એવો દૃઢ બનાવી દે. તું મારી આટલી પ્રાર્થના સાંભળ, મારી આટલી કામના પૂર્ણ કરી દે.

શબ્દાર્થ

(**मघवन्**) હે ઐશ્વર્યવાન્! હે ઈશ્વર ! (**त्वं**) તું (**उत**) મને પણ, જરાક વિશેષ પણ (**शृणु**) સાંભળ. (**यः**) જે પ્રાર્થના કરનાર (**ते**) તારી પાસે જે કાંઇ (**वष्टि**) માગે છે, કામના કરે છે તેને તું (**तत्**) તે તે માગેલી વસ્તુઓની (**विवक्षि**) પ્રાપ્તિ કરાવી દે છે. (**यत्**) જેને તું (**वीळयसि**) દૃઢ કરી દે છે (**तत्**) તે (**वीळु**) દૃઢ થઇ જાય છે.

* * *

૨૧ माघ

यच्चिद्धि शश्वतामसि इंद्र साधारणस्त्वम् ।
तं त्वा वयं हवामहे ॥ (ऋ० ८-६५-७)

વિનય

હે પરમેશ્વર ! તમે મનુષ્યમાત્રમાં વ્યાપી રહ્યા છો. તમે તો બધીજ વસ્તુઓમાં વ્યાપી રહ્યા છો, બરાબર એકસરખી રીતે વ્યાપી રહ્યા છો. તમે સૌને માટે સાધારણ છો. તમે સૌના છો, એકસરખી રીતે સૌના છો. જે જીવો અનાદિકાળથી ઉત્પન્ન થઇને જીવતા આવ્યા છે તે સૌના તમે થયા છો અને બીજા અનંત કાળ સુધી જે જે જીવો ઉત્પન્ન

થતા રહેશે તેમના પણ તમે હશોજ. આ રીતે તમે સનાતન અને સર્વસાધારણ છો. જો કોઇ એક વસ્તુ સૌમાં સાધારણ હોય તો તમે એકલાજ છો; છતાં અમે તમને પોકારીએ છીએ. તમે સર્વસાધારણ હોવા છતાં અમે તમને પોકારીએ છીએ. તમે એવા અદ્ભુત છો કે તમે સૌને માટે સાધારણ હોવા છતાં પણ તમે સૌને માટે વિશેષ પણ થઈ જાઓ છો. તમે તમારા તમામ ભક્તોની આવશ્યકતાઓ એવી આબાદ પૂરી કરતા આવ્યા છો કે દરેક ભક્તને એવુંજ લાગે છે કે, જાણે તેના એકલાના સિવાય તમારે બીજા કોઈની ફિકર કરવાની છેજ નહિ. આખી સૃષ્ટિમાં કોઈ બીજો જીવ તમારે આશરે પડયોજ નથી. દરેક જણનો વિકાસ તમે એટલી બધી પરિપૂર્ણતાથી, એટલી બધી ઝીણી ઝીણી બાબતો વિષે ધ્યાન આપતા રહીને કરતા રહો છો કે તેથી દરેકને એવુંજ લાગે છે કે, તમે તમારી સંપૂર્ણ શક્તિ તેના એકલાના વિકાસને ખાતરજ વાપરી દો છો. એટલા માટે હે ઈન્દ્ર ! અમે તમને પોકારીએ છીએ. માટે અમે તમને વિનવીએ છીએ કે, સૌનું કલ્યાણ કરતા રહીને તમે અમારૂં કલ્યાણ કરવા આવી પહોંચો, સૌની ઉન્નતિ કરતા રહીને અમારી ઉન્નતિ કરવા ચાલ્યા આવો. બીજાનું અકલ્યાણ અને અવનતિ ઇચ્છતો રહીને જે પોતાના એકલાના સ્વાર્થને માટે તમને પોકારે છે તે મૂર્ખ તમને ઓળખતોજ નથી. તમારો સ્વભાવ તે જાણતોજ નથી. એટલા માટે હે ઇન્દ્ર ! હે સર્વસાધારણ ! તમે તો સૌના રહીને અમારી ઉન્નતિ અને કલ્યાણને માટે ચાલ્યા આવો. હે ઇન્દ્ર ! અમે તમને બોલાવીએ છીએ, પ્રેમવશ બનીને તમને બોલાવીએ છીએ.

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર ! **(यत् चित्)** અગર જો **(हि)** વાસ્તવિક રીતે **(त्वं)** તું **(शश्वतां)** સનાતન રૂપ વડે સૌ મનુષ્યોને માટે **(साधारण:)** સાધારણ **(असि)** છે, તો પણ **(तं)** એવા **(त्वा)** તને **(वयं)** અમે **(हवामहे)** પોકારીએ છીએ.

૨૨ માઘ

इन्द्रं वृत्राय हन्तवे देवासो दधिरे पुरः ।
इन्द्रं वाणी रनूषत समोजसे ॥ (ऋ ८-१२-२२)

વિનય

દેવો વૃત્રાસુરનો વધ કરવાને માટે ઇન્દ્રને આગળ મોખરે રાખે છે, ઇન્દ્રને પોતાનો પુરોહિત બનાવે છે. વૃત્રાસુરનો વધ કરી શકે એવો કોઇ હોય તો તે માત્ર આ ઈન્દ્રજ છે. જેમ આધિદૈવિક જગતમાં સૂર્ય-ઇન્દ્ર મેઘ-વૃત્રનો હમેશાં વધ કરતો રહે છે, અધિભૂત જગતમાં દેવો, વિદ્વાન લોકો રાજા-ઇન્દ્ર દ્વારા પાપી લોકોનો વિનાશ કરાવે છે, તેવી રીતે અહીં અધ્યાત્મ-જગતમાં આત્મા-ઇન્દ્ર **'पाप्मा'**-પાપી વૃત્તિઓરૂપી વૃત્રને હણતો રહે છે. પાપ આપણા ઉપર રાતદહાડો હુમલા કર્યાજ કરે છે અને ઘણી ખરી વાર તેના હુમલા સફળ થાય છે પણ ખરા. અમુક કામ પાપ છે તે આપણે જાણીએ પણ છીએ, તે કામ આપણે ન કરવું જોઇએ એવું સમજીએ પણ છીએ, છતાં આપણું મન ઝાલ્યું રહેતું નથી. આપણે ઇંદ્રિયોને રોકવાનો પ્રયત્ન કરીએ છીએ, મનથી વિચાર કરીએ છીએ અને બુદ્ધિ વડે નિશ્ચય પણ કરીએ છીએ, પરંતુ તે છતાં પાપ થઈ જાય છે; મન અને ઇન્દ્રિયો આપણા કાબુમાં નથી રહેતાં. એમ થવાનું શું કારણ છે ? કારણ એ છે કે, આપણે આત્મા દ્વારા પાપનો નાશ નથી કરતા. આપણે આત્માને તો સૌથી પાછળ રાખી મૂકયો છે. જુઓ, ઇન્દ્રિયોની પાછળ મન છે, મનની પાછળ-મનથી પર-બુદ્ધિ છે અને જે બુદ્ધિથી પણ પર છે તે આપણો મૂળ સાચો આત્મા છે. હવે એ આત્માને જો આગળ કરીએ, આપણો પુરોહિત બનાવીએ, ઇંદ્રિયોરૂપી દેવોને એ આત્માના અનુયાયી, તાબેદાર અને પાછળ પાછળ ચાલનારા સૈનિકો બનાવી દઇએ તો વૃત્રાસુરને એવો દબાવી દેવાય કે ફરીથી આપણી સામે લડવા તેનાથી ઉઠીને ઉભા થવાયજ નહિ-અર્થાત્ તેનો સમૂળો નાશજ થઇ જાય. કામ, ઇચ્છા, સ્વાર્થ એજ તમામ પાપોની જડ છે, પાપોનું ઉત્પત્તિસ્થાન છે. પરંતુ આત્માનો જ્યાં એક વાર પ્રકાશ થઇ ગયો એટલે પછી આ સ્વાર્થને આપણામાં કશું કામ કરવાનું મળતું નથી, ઉભા રહેવાનું

ઠેકાણું પણ રહેતું નથી, તેથી તે પોતાની મેળેજ વિલીન થઈ જાય છે. આત્મરાજ્ય સ્થપાઇ ગયા પછી આ 'કામ' ઇંદ્રિયોને પોતાનાં અધિષ્ઠાન નથી બનાવી શકતો, ઇંદ્રિયોના ઉપર પોતાનાં થાણાં નથી બેસાડી શકતો. 'કામ'ની જગ્યાએ આપણા દેવ (ઇન્દ્રિયો) આત્મિક ઓજસના અધિષ્ઠાન થઈ જાય છે. વૃત્રનો અંધકાર ખસી જાય છે અને પછીથી આત્મસૂર્યનાં તેજ આપણી અંદર ચળકવા લાગે છે. વળી તમારે એ પણ જોવું જોઇએ કે, આત્માના આ ઓજસને પ્રકટાવવાને માટે વાણીઓ, વાણી વડે કરેલી સ્તુતિઓ ઘણી સહાયક નીવડે છે. આપણે જ્યારે આત્મવિષયક ચર્ચા સાંભળીએ છીએ, આત્માના ગુણનું, તેના મહિમાનું કીર્તન સાંભળીએ છીએ, કોઇ સદ્ગ્રંથનો સ્વાધ્યાય કરીએ છીએ અથવા આપણી મેળેજ કોઇ ભજન, પ્રાર્થના ઇત્યાદિ ગાઈએ છીએ ત્યારે આત્માની શક્તિ કેટલી મહાન છે તેનું આપણને સ્મરણ થાય છે અને તેથી આત્માનું ઓજસ આપણામાં જાગૃત થઈ જાય છે. વેદના મંત્રો ઇન્દ્રની (આત્માની) સ્તુતિઓથી ભરપૂર છે તે એટલા માટે કે, આપણે વેદની દિવ્ય વાણી દ્વારા આત્માના ઓજસને આપણામાં સારી રીતે પ્રકટ કરી શકીએ અને તેની સહાયતાથી મહાબળવાન વૃત્રાસુરનો સંહાર કરી નાખીએ. માટે આવો, મારા ભાઇઓ! આપણે પણ ઇંદ્રને (આત્માને) આપણો પુરોહિત બનાવીએ અને આપણામાં ઘર કરી બેઠેલા વૃત્રાસુરનો સમૂળો નાશ કરી નાખીએ. અને એ અર્થે સ્તુતિ, પ્રાર્થના ઇત્યાદિ દ્વારા આપણામાં આત્મિક ઓજસનો સારી રીતે સંગ્રહ કરીને આત્મબળથી બળવાન બનીએ.

શબ્દાર્થ

(देवास:) દેવોએ **(वृत्राय हन्तवे)** વૃત્રનું હનન કરવા માટે **(इन्द्रं)** ઇન્દ્રને **(पुरः दधिरे)** પુરોહિત બનાવ્યો છે, મોખરે રાખ્યો છે અને **(संओजसे)** આત્મિક ઓજસ્‌ને સમ્યક્ પ્રકારે ઉત્પન્ન કરવાને માટે **(वाणीः)** વાણીઓ, સર્વ પ્રકારની વાણીઓ **(इन्द्रं)** ઇન્દ્રનીજ **(अनूषत)** સ્તુતિ કરી રહી છે.

२३ माघ

न ह्यंग नृतो त्वदन्यं विन्दामि राधसे ।
राये द्युम्नाय शवसे च गिर्वणः ॥ (ऋ. ८-२४-१२)

વિનય

હે નચાવનાર ! તમામ ચરાચર સૃષ્ટિને, સૃષ્ટિઓને કાષ્ઠનાં પૂતળાંની માફક ચલાવનારા ! હું તમારે શરણે આવ્યો છું. આ ગતિમય સમસ્ત બ્રહ્માંડને ગતિ આપનાર તુંજ છે, આ સંસારમાં થનારાં નાનામાં નાનાં અને મોટામાં મોટાં તમામ કર્મોનો મૂળ પ્રેરક તુંજ છે, તારી ઇચ્છા વિના જગતમાં ઘાસનું એક તણખલું પણ નથી હાલી શકતું અને તારી ઇચ્છા થતાંને વારજ એક પળમાં આખી પૃથ્વી ઉપર પ્રલયનાં પૂર ફેલાઈ જાય છે; એવું જ્યારથી મને સમજાઇ ગયું, એવો જ્યારથી મને જાતિ અનુભવ મળ્યો ત્યારથી હું તમારે શરણે આવ્યો છું. હું જોઇ શકું છું કે, તમારી કૃપા વિના મને કાંઈજ નથી મળી શકતું. આ સંસારમાં મને સિદ્ધિ અથવા સફળતા અપાવે એવો તમારા સિવાય બીજો કોઇ છેજ નહિ. મને મારૂં ક્ષુદ્રમાં ક્ષુદ્ર અભિષ્ટ ફળ અપાવે એવો પણ કોઈ હું જગતમાં દેખતો નથી. મારી જીવન–સાધનાના એકમાત્ર આધાર તમેજ છો. પણ વાણીઓ વડે જેનું સંભજન થાય છે એવા હે દેવ ! હું જોઇ શકું છું કે, જો મારે ધન જોઈતું હોય, તેજ જોઇતું હોય, બળ જોઇતું હોય અથવા બીજું કાંઇ પણ જોઇતું હોય તો એ બધી વસ્તુઓને આપનાર આ જગતમાં તું એકલોજ છે અને તારા સિવાય બીજો કોઇ છેજ નહિ. આવું જાણ્યા પછી હું તારા સિવાય બીજા કોનો આશ્રય લઉં ? માટે હે ઇંદ્ર ! હું તો તમારેજ શરણે આવીને બેઠો છું, આખી દુનિયામાં બધે ભટકીને અથડાઇને આખરે તારેજ આશરે આવી પડ્યો છું.

શબ્દાર્થ

(अंग) હા, **(नृत:)** હે નચાવનારા ! **(राधसे)** સાધનાની સિદ્ધિ અથવા સફળતાને માટે હું **(त्वत्)** તારા સિવાય **(अन्यं)** બીજા કોઇને **(न हि)** નથી **(विन्दामि)** જોતો. **(गिर्वण:)** હે વાણી વડે સંભજનીય ! **(राये)** ધનને માટે **(द्युम्नाय)** તેજને માટે **(च)** અને **(शवसे)** બળને માટે હું બીજા કોઇની તરફ નથી જોતો.

२४ माघ

यतो यतः समीहसे ततो नो अभयं कुरु ।
शं नः कुरु प्रजाभ्यः, अभयं नः पशुभ्यः ॥
(यजु० ३६-२२)

વિનય

અમે કોઇ પણ બનાવથી, કોઈ પણ સ્થાનમાં અથવા કોઇ પણ સમયમાં ડરીએ છીએ શા માટે? ખરૂં જોતાં ડરવાનું કાંઇજ પ્રયોજન નથી, છતાં હે પરમેશ્વર! અમે ડરીએ તો છીએજ અને તેનું એકજ કારણ છે કે, અમે તમને ભૂલી જઇએ છીએ, સર્વત્ર અને તમામ ઘટનાઓમાં અમે તમારો હાથ નથી જોઇ શકતા. સંસારની તમામ ઘટનાઓમાં અમે તમારૂંજ **संचेष्टित** જોઇ શકીએ, તમામ ઘટનાઓ તમારીજ પ્રેરણાથી, તમારા દ્વારા સમ્યક્ રીતે બનતી આવે છે એ જો અમે બરાબર જોઇ લઇએ તો પછી અમારે માટે ડરવાનું કશું પ્રયોજનજ ન રહે. ડર અમારા મનમાંથી નીકળીજ જાય. કારણ કે તમે તો પરમ મંગલકારી છો, જે કાંઇ કરો છો તે શુભજ કરો છો, હમેશાં સૌનું કલ્યાણજ થાય એવીજ ચેષ્ટા કરો છો. એવું છે તો હે પ્રભુ! તમે જ્યાં જ્યાં ચેષ્ટા કરતા હો, જે જે સ્થાનમાં જે જે કાળમાં જે જે કારણસર અને જે જે કર્મ દ્વારા તમે તમારૂં સંચેષ્ટન કરતા હો ત્યાં ત્યાં બધેથી અમને અભય કરી દો, ત્યાં ત્યાં બધેજ અમારામાં નિર્ભયતાની સ્થાપના કરી દો. પણ જગતમાં એવી કયી જગ્યા છે કે જ્યાં તમે સંચેષ્ટન ન કરતા હો, એવી કયી જગ્યા છે કે જ્યાં તમે જાગ્રત બનીને બેઠા ન હો? અરેરે! અમે સંસારી લોકો એટલોજ અનુભવ કરતા થઇ જઇએ તો આ જગતમાં અમારે સારૂ અભય ને અભયજ હોય, આ જગતમાં સુખ, સૌહાર્દ,

પ્રેમ અને નિર્ભયતાનુંજ રાજ્ય સ્થપાઇ જાય. નબળાને કદી કોઇ સતાવે નહિ અને મૂંગા પ્રાણી ઉપર પણ કોઈ હાથ ઉગામે નહિ. ત્યારે તો તમામ પ્રજાઓ સુખ–શાંતિમાં રહે, બાળક અને સ્ત્રીઓ પણ બધે નિર્ભયપણે વિચરે, સૌ મનુષ્યો એકબીજાનું કુશળજ ઇચ્છે અને તદનુરૂપ વ્યવહાર કરે; એટલુંજ નહિ પણ જગતમાં આગળ ઉપર જન્મ લેનારી આપણી સંતતિઓનું પણ કલ્યાણ થઇ જાય. આખું જગત તેના ઉપરનાં તમામ પ્રાણીઓનું એક બૃહત્ કુટુંબ બની જાય અને પશુ–પક્ષીઓ પણ આ કુટુંબનાં એક અંગ ગણાઇને નિર્ભયપણે પૃથ્વી ઉપર હરેફરે અને આનંદ કરે. વર્તમાન સમયમાં જગતના લોકો સ્વાર્થાન્ધ થઇને ગરીબોના ઉપર તરેહ તરેહના અત્યાચાર કરે છે, પોતાના ભોગવિલાસને માટે રોજ અસંખ્ય પશુ–પક્ષીઓની હત્યા કરે છે–એ બધાજ ઘોર અનર્થો અને હત્યાકાંડોનો પછી અંત આવી જાય, દુનિયા ઉપર પાપ અને અન્યાયનો પડછાયો પણ રહે નહિ. હે પ્રભો! હે જગદીશ્વર! તમે એવી કૃપા કરો. અમે બધાંજ પ્રાણીઓ સદા અને સર્વત્ર તમારાજ **'समीहन'**નો અનુભવ કરીએ એવો અમને કૃપા કરીને આશીર્વાદ આપો. વળી અમારી પ્રજાઓને માટે, અમારી ભવિષ્યની સંતતિને માટે પણ તમે એવુંજ **'शं'** કરી દો, અમારાં ગરીબ પશુઓને માટે પણ તમે આવુંજ પરિપૂર્ણ અભય રાજ્ય સ્થાપી દો.

શબ્દાર્થ

(यतः यतः) જ્યાં જ્યાંથી તમે **(सं ईहसे)** સમીહન કરો છો, સમ્યક્ રીતે ચેષ્ટા કરો છો **(ततः)** ત્યાં ત્યાંથી **(नः)** અમને **(अभयं)** અભય **(कुरु)** કરી દો. **(नः)** અમારી **(प्रजाभ्यः)** પ્રજાઓને માટે **(शं)** કલ્યાણ **(कुरु)** કરી દો અને **(नः)** અમારાં **(पशुभ्यः)** પશુઓને માટે **(अभयं)** અભય કરી દો.

२५ माघ

ब्रह्म सूर्यसमं ज्योतिः द्यौः समुद्रसमं सरः ।
इन्द्रः पृथिव्यै वर्षीयान् गोस्तु मात्रा न विद्यते ॥
(यजु० २३-४८)

વિનય

આ સૂર્ય જે સ્વયંપ્રકાશ છે અને જે સર્વ જગતનો પ્રકાશક છે; જે આખા જગતને અજવાળે છે તેને જોઈને તમે આશ્ચર્ય પામો છો અને મનમાં એવું સમજો છો કે, એના જેવી તેજસ્વી બીજી કોઈ વસ્તુ આ સંસારમાં હોયજ નહિ! ના, ના, તમારી ભૂલ છે. આ બ્રહ્મ અને આ વેદ એવાજ સ્વયંપ્રકાશ છે અને એવાજ સર્વજગતપ્રકાશક છે. આપણી અંદર આ બ્રહ્મ, આ જ્ઞાન, આ જ્ઞાનમય બ્રહ્મ—એ અંદરની જ્યોતિ છે, અંદરનો સૂર્ય છે, સાચો સૂર્ય છે. આ પારાવાર સમુદ્રને જોઈને તમે મનમાં એવું ધારો છો કે, આવું જળાશય, જળનો આવડો મોટો ભંડાર બીજો કોઈ પણ નહિ હોય? ના, ના, જરાક ઝીણી નજરે જોતાં શીખો. આ અન્તરિક્ષ છે જે પાણીની વરાળથી ભરેલો એક ઘણોજ વિરાટ જલસમુદ્ર છે, આપણી અંદર પણ એક એવુંજ બીજું હૃદયાન્તરિક્ષ છે, જે ઘણુંજ વિશાળ માનસ સરોવર છે. એ તો ઘણોજ ગંભીર, મોટા મોટા જબરદસ્ત તરંગોથી વિક્ષુબ્ધ થએલો, મનસ્તત્ત્વનો બનેલો દિવ્ય સમુદ્ર છે. આ અતિ મોટી પૃથિવીને જોઈને તમે મનમાં એવો વિચાર કરો છો કે, એના કરતાં મોટી અને એના કરતાં વધારે ચિરસ્થાયી બીજી કોઇ વસ્તુજ નહિ હોય? અરે! પણ જુઓ, જુઓ, આ ઇન્દ્ર, આ આદિત્ય પૃથિવીના કરતાં લાખોગણા મોટા છે અને તેમનું આયુષ્ય પણ પૃથિવીના આયુષ્ય કરતાં લાખોગણું લાંબું છે વળી

આપણી અંદર જે 'ઈન્દ્ર' આત્મા છે, પરમાત્મા છે તે તો પેલી પૃથિવીના કરતાં અનંતગણો મોટો અને એના આયુષ્યનો વિચાર કરવા જઈએ તો એનો આદિ તો મુદ્દલ પણ છેજ નહિ. એ તો અનાદિ છે, સનાતન છે. વળી આ પૃથિવીનો આવડો મોટો ઘેરાવો જોઇને તમે એવું ધારો છો કે, જેનું માપજ ન હોય, જેની હદજ ન હોય, જેના ક્ષેત્રફળનો કશો હિસાબજ ન થઇ શકતો હોય એવી કોઇ વસ્તુ જગતમાં હશે કે નહિ ! ત્યારે લ્યો જુઓ, આ આદિત્યની 'ગૌ'ઓ, તેનાં કિરણો જે એટલાં બધાં છે કે જેનું કાંઈ માપજ નથી, જેની ગણનાજ થઇ શકતી નથી. વળી અંદર આત્મા-ઇન્દ્રનાં જે ગૌરૂપી કિરણ-અર્થાત્ વાણી આદિ આત્મશક્તિઓ એટલી બધી છે કે તેનો તો કશો અડસટ્ટો કરી શકાતોજ નથી. બહુ બહુ તો આપણે એટલુંજ કહી શકીએ કે, તે અનંત છે, અપાર છે.

શબ્દાર્થ

(ब्रह्म) વેદ અથવા જ્ઞાનમય બ્રહ્મ **(सूर्यसमं)** સૂર્યના જેવી **(ज्योतिः)** જ્યોત છે. **(द्यौः)** અન્તરિક્ષ સાગર અથવા માનસ-સમુદ્ર **(समुद्र समं)** પૃથ્વી ઉપરના સમુદ્રના જેવો **(सरः)** જળનો ભંડાર છે, સરોવર છે. **(इन्द्रः)** આદિત્ય અથવા મહાન્ આત્મા **(पृथिव्यै)** પૃથિવીના કરતાં વધારે મોટો છે અને વયમાં અધિક વૃદ્ધ છે. **(गोः)** કિરણોનું અથવા આત્મશકિતઓનું કશું **(मात्रा)** પરિમાણ **(न विद्यते)** હોતું નથી.

२६ माघ

इयं वेदिः परो अन्तः पृथिव्याः,
अयं यज्ञो विश्वस्य भुवनस्य नाभिः ।
अयं सोमो वृष्णो अश्वस्य रेतः ब्रह्मायं वाचः परमं व्योम ॥
(ऋ० १-१६४-३५ ॥ यजु० २३-६२ ॥ अथर्व० ९--१०-१४)

વિનય

કેમ તમે એવું પૂછો છો કે, આ અતિ વિસ્તીર્યમાણ, અતિ વિસ્તારને પામેલી પૃથ્વીનો સામેનો છેડો ક્યાં હશે? તેની આખરની સીમા ક્યાં હશે? પણ જુઓ, જુઓ, તમે જ્યાં આગળ ઉભા છો ત્યાં આગળ જે વેદિ છે, જે યજ્ઞવેદિ છે, તેજ પૃથ્વીની અંતિમ સીમા છે, ત્યાં આગળજ પૃથ્વી સમાપ્ત થઇ જાય છે. દરેક માણસની પોતપોતાની યજ્ઞવેદિ એ તેને માટે આ ગોળાકાર પૃથ્વીની આખરની સીમા છે. યજ્ઞના રહસ્યને જાણનારાઓ તો જાણે છેજ કે આ આખી પૃથ્વીજ એક મોટિ વેદિ છે, અને અધ્યાત્મયજ્ઞને માટે આપણે પોતે, આપણું શરીર, એજ વેદિરૂપ છે. આ ભ્રમણ કરનાર આખા સંસારચક્રની, આ સંસારના સંચરણની સીમા પણ આ શરીરરૂપી આપણી વેદિજ છે. આ સંસારસાગરને પેલે કિનારે ચાલ્યા જવાને માટે આપણે બીજે કોઈ ઠેકાણે જવાની જરૂરજ નથી; જ્યાં જવાનું છે તે તો **'परो अन्तः'** આપણી અંદરજ **'उरः'** (હૃદય) રૂપી યજ્ઞવેદિજ છે. કોઇ પણ માણસને જ્યારે આ સાચી યજ્ઞવેદિની ભાળ લાગી જાય છે પછી તેને ભવસાગરને તરી જતાં વાર લાગતી નથી.

આ સંપૂર્ણ ભુવનનું નાભિસ્થાન ક્યાં હશે એવું તમે પૂછો છો? જુઓ, આ યજ્ઞજ એક એવું મધ્યબિન્દુ છે કે જ્યાં આગળ આખું વિશ્વ બ્રહ્માંડ, આ બ્રહ્માંડમાં રહેલાં તમામ જગત અને જગત ઉપરની તમામ વસ્તુઓ એક-બીજાની સાથે જોડાઈ ગએલી છે. પરમેશ્વર આ અખિલ

જગતને યજ્ઞ વડેજ બરાબર જોડી રાખે છે. યજ્ઞ ન રહે તો આ આખા સંસારની રેવડી દાણાદાણ થઇ જાય, બધી વસ્તુઓ એકબીજાથી છૂટી છૂટી થઇ જાય, અણુએ અણુ અળગાં અળગાં થઇ જાય. એ બધાને જોડી રાખનારી સૌની સંગતિ કરનાર જો કોઇ વસ્તુ હોય તો તે યજ્ઞજ છે, અને એજ સૌની નાભિ છે.

આ આદિત્યરૂપી મહાવીર્યવાન 'अश्व'નું વીર્ય એ કયી વસ્તુ છે એવું તમે પૂછો છો ? તો લ્યો જુઓ, એ વીર્ય તે સોમ છે. સોમાદિ વનસ્પતિના રસના હવન વડે આદિત્યદ્વારા આખા સંસારમાં તમામ પ્રકારની સમૃદ્ધિની ઉત્પત્તિ થાય છે, વૃષ્ટિરૂપી સોમરસના સિંચન વડે ભાત ભાતનાં અન્ન પેદા થાય છે અને તેથી અન્નને આધારે જીવનાર આખો સંસાર ઉત્પન્ન થાય છે. આ સમસ્ત સંસાર તે વૃષા (બળવાન) 'आदित्य'પુરુષ દ્વારા પ્રકૃતિની ભોગ્યતારૂપી સોમ વડે અથવા જીવોમાં રહેલા ભોગ પ્રાપ્ત કરવાના રસ (ભોગેચ્છા)રૂપી સોમ વડે ઉત્પન્ન થયો છે અને તેના વડેજ ટકી રહે છે.

વળી તમે શું એવું પૂછો છો કે, બધા પ્રકારની વાણીઓનું પરમ વ્યોમ કોણ છે? આ બ્રહ્મા, ચારે વેદોને જાણનારા બ્રહ્મજ્ઞ બ્રહ્મા, અથવા તો ચારે પ્રકારના સંપૂર્ણ જ્ઞાનના આશ્રયસ્થાન પરબ્રહ્મ બ્રહ્મા પોતેજ તે પરમ આકાશ છે, જ્યાંથી આખા સંસારની તમામ વાણીઓ નીકળે છે અને પાછી ત્યાંજ લીન થઇ જાય છે. આપણાં તમામ શાસ્ત્રોનું, તમામ વાણીઓનું, તમામ પ્રકારનાં જ્ઞાનનું એકમાત્ર રક્ષાસ્થાન છે, એજ તેમનું નિત્યસ્થાન છે ને એજ પરમવ્યોમ છે.

શબ્દાર્થ

(इयं) આ **(वेदिः)** યજ્ઞવેદિ **(पृथिव्याः)** પૃથિવીને **(परः)** સામી બાજુનો **(अन्तः)** છેડો છે, **(अयं)** આ **(यज्ञः)** યજ્ઞ **(विश्वस्य)** સંપૂર્ણ **(भुवनस्य)** બ્રહ્માંડને **(नाभिः)** જોડી રાખનાર નાભિસ્થાન છે, **(अयं)** આ **(सोमः)** સોમ **(वृष्णः)** મહાવીર્યવાન **(अश्वस्य)** વ્યાપક આદિત્યનું **(रेतः)** વીર્ય, ઉત્પાદક બીજ છે અને **(अयं)** આ **(ब्रह्मा)** ચારે વેદને જાણનાર **(वाचः)** વાણીનું **(परमं)** પરમ **(व्योम)** આશ્રયસ્થાન છે.

૨૭ માઘ

यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति ।
दूरंगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसंकल्पमस्तु ।
(यजु० ३४-१)

વિનય

આ મન ઘણું પ્રબળ છે. સૂતા હોઇએ કે જાગતા હોઇએ, પણ તે જરા વાર ઠરીને બેસતું નથી અને બેસવા દેતું નથી. જેટલી વાર જાગતો રહું છું એટલી વાર એ કાંઇ ને કાંઈ વિચાર કરતું કરતું પ્રતિક્ષણ બધે દોડાદોડ કરતું ફરે છે. કોઈ વાર ભૂતકાળની, કોઈ વાર ભવિષ્યની, ઘડીમાં અહીંની અને ઘડીમાં તહીંની, ખૂબ દૂર દૂરની એવી કોઇ ને કોઈ બાબતમાં માથું મારીને લાગલાગટ સંકલ્પ વિકલ્પ કર્યાજ કરે છે. પછી જ્યારે હું સૂઇ જાઉં છું, જ્યારે મારી જાગૃત ક્રિયાઓ તમામ બંધ થઇ જાય છે, ત્યારે પણ મન તો ઠરીને બેસતુંજ નથી. તે એકલું એકલું દિવસની માફક કામ કર્યાજ કરે છે અને દૂર દૂરનાં વિચિત્ર વિચિત્ર સ્વપ્નો જોતું ફરે છે. એટલે મારી સુષુપ્તિ અવસ્થામાં પણ એની વૃત્તિ બંધ થતી નથી. બાબરા ભૂતની પેઠે એને પણ ચોવીસે ચોવીસ કલાક કામ કામ ને કામ જોઇએજ છે, બધો વખત એ ભૂતની માફક ખૂબ ઝપાટાબંધ કાંઇ ને કાંઇ કામ કરતુંજ રહે છે. હમણાં અહીં તો બીજી ક્ષણે કોણ જાણે કેટલુંય આઘે દોડી જાય છે. પ્રકાશનાં મોજાં અતિ વેગથી દોડી જાય છે, એ ઘણી જાણીતી વાત છે; પણ મનના વેગની આગળ તો પ્રકાશનો વેગ પણ હારી જાય છે. મનનો આન્તરપ્રકાશ તો એક ક્ષણમાં ગમે તેટલો દૂર, અસંખ્ય માઇલ આઘે ચાલ્યો જાય છે. મન પણ પેલા બાબરા ભૂતના જેવી મોટાં મોટાં કામોનો ઉકેલ કરી નાખે એવી એક બળવાન શક્તિ છે, પરંતુ એ દૈવશક્તિ છે, પ્રકાશમય જ્યોતિર્મય શક્તિ છે. એ આન્તરજ્યોતિ છે. બહારના ફક્ત રૂપનોજ પ્રકાશ નહિ પણ શબ્દ, સ્પર્શ, ગંધ આદિ સર્વનો પ્રકાશ આપણને આપણી જે જે બાહ્ય ઇન્દ્રિયો દ્વારા થયા કરે છે, તે

તમામ ઇન્દ્રિયોરૂપી જ્યોતિઓનો પણ એક જ્યોતિ આ મન છે. એ અંદરનું કરણ (જ્ઞાનસાધન) છે. જ્ઞાનપ્રકાશનાં કુલ તમામ સાધનો આ આન્તરજ્યોતિમાં—આ મનમાં—એકરૂપ થઈ જાય છે. આ મન એક મહાશક્તિ છે, દિવ્ય જ્યોતિર્મય મહાશક્તિ છે. હે પ્રભુ ! મને તો જ્યારથી આ મનનું, આ સંકલ્પમય દિવ્ય મહાશક્તિનું, જ્ઞાન થયું છે, ત્યારથી મારે તો તમારી પાસે બીજું કશું માગવા જેવું રહ્યુંજ નથી, ત્યારથી હું તો તમારી આગળ માત્ર એકજ વસ્તુની યાચના કર્યા કરૂં છું કે "તમે મને એવું બળ આપો કે મારૂં મન કેવળ શુભ અને કલ્યાણમય સંકલ્પોજ કરતું થઇ જાય." આ મારૂં મન જે ચોવીસે ચોવીસ કલાક કાંઇ ને કાંઇ સંકલ્પોજ કરતું ફરે છે, તેના સંકલ્પ પ્રવાહમાં એક પણ ભૂંડો અશુભ સંકલ્પ આવી ન જાય. બસ, જો આટલુંજ થઇ જાય તો બાકીનું બીજું બધું તો આપોઆપજ થઇ રહેશે. તમે મને આ દિવ્ય શક્તિનું દાન કરીને બધુંજ આપી દીધું છે. બસ, હવે મને એટલી શક્તિ આપી દો કે તમારા આ દિવ્ય યંત્રની દિવ્યતાને સાચવી રાખું, તેને કલુષિત ન થવા દઉં, એ યંત્ર દ્વારા નિત્ય શુભ દિવ્ય અને કલ્યાણકારી સંકલ્પોના પ્રવાહનેજ વહેતો ફરૂં; કોઇનું અહિત ઇચ્છનારા, નીચે ઘસડી પાડનારા, અપવિત્ર અશિવ સંકલ્પોને કદી ઉત્પન્નજ ન થવા થઉં. હે મારા પ્રભુ ! બસ, તું મારા મનને આવું શિવસંકલ્પ બનાવી દે, આ મહાશક્તિને શિવ સંકલ્પમયી કરી દે. પછી મારે બીજું કાંઈજ નહિ જોઇએ, બીજું જોઇએ પણ શું ?

શબ્દાર્થ

(यत्) જે **(दैवं)** દિવ્ય શકિતરૂપ [મારૂં મન] **(यत्)** જે **(जाग्रत:)** હું જાગતો હોઉં ત્યારે **(दूरं उदैति)** દૂર દૂર ભટકે છે અને **(सुप्तस्य)** હું સૂતો હોઉં ત્યારે **(उ)** પણ **(तत्)** જે **(तथैव एति)** એવીજ રીતે ભટકે છે, **(तत्)** જે **(दूरंगमं)** દૂર દૂર પહોંચી જનાર **(ज्योतिषां एकं ज्योतिः)** જ્યોતિઓનો એક જ્યોતિ છે, તે **(मे मन:)** મારૂં મન **(शिवसंकल्पं)** સદા શુભજ સંકલ્પ કરનારૂં **(अस्तु)** થાઓ.

२८ माघ

अहस्ता यदपदी वर्धत क्षाः शचीभिर्वेद्यानाम् ।
शुष्णं परि प्रदक्षिणित् विश्वायवे निशिश्नथः ॥
(ऋ० १०-२२-१४)

વિનય

હે ઇન્દ્ર ! તમે સર્વ મનુષ્યોનું ભલું કરનારા છો, આખા વિશ્વનું કલ્યાણ કરનારા છો. જ્યારે કોઈ પણ મહા અસુર વિશ્વવ્યાપી બની જઇને આખા વિશ્વને પીડિત કરવા લાગે છે ત્યારે એક તમેજ તેનો સંહાર કરીને વિશ્વનું સંરક્ષણ કરો છો. આ માયાવી ×'शुष्णासुर' અમારૂં લોહી ચૂસી રહ્યો છે, અમારા ધનનું નિત્ય શોષણ કરે છે, અમારી ખાદ્ય વસ્તુઓ બધી તે એકલો એકલોજ ઓહીઆં કરે છે, અમને ભૂખે મારીને હાડપિંજર જેવાં બનાવી દે છે, અમારા જીવનનું, પ્રાણનું શોષણ કરે છે પણ એવી ચતુરાઈથી કરે છે કે અમને તેની ખબરજ પડતી નથી. અમે દિવસે દિવસે નિર્ધન અને નિર્બળ બનતા જઈએ છીએ, પણ અમારા ધનને, અમારા બળને કોણ કેવી રીતે હરી લે છે તે અમે જાણતા નથી.* એ અસુર બે પ્રકારના છે. એક તો મૂળ ખરેખરૂં શોષણકર્મ કરનારા અને બીજા તેમને મદદ કરીને તેમના ચૂસણકાર્યમાં ભાગ પડાવનારા તેમના દલાલો. જેઓ પણ મોટા મોટા અસુરો છે, તે બેઉ પોતાની જાતને

× બીજાનું લોહી પીને જીવનાર, બીજાનું રળેલું બેઠાં બેઠાં ખાનાર, અંગ્રેજીમાં જેને વેમ્પાયર, પેરેઝાઇટ કહે છે, જેનું વર્તમાન સ્વરૂપ મૂડીવાદ છે. **—સેવાનંદ**

* મોટા મોટા કરોડપતિ અને અબજપતિ શેઠીઆઓ, ધનકુબેરો; રેલ્વે લાઇનોના, કોલસાની, ઘાસલેટની, સોનારૂપાની ખાણોના માલિકો, મોટા મોટા શરાફો, એ પહેલા પ્રકારના મુખ્ય અસુર છે, જેમની ત્રિજોરીમાં આખા જગતની દોલત ઘસડાઇ આવે છે, એમને કાચો માલ અને સસ્તા મજૂરો પૂરા પાડનારા, એમનો તૈયાર માલ વેચનારા દલાલો એ બીજા પ્રકારના અસુર છે. એ બે મળીને બાકીની આખી દુનિયાને લૂંટે છે. **—સેવાનંદ**

છેવટ સુધી છુપાવીજ રાખે છે. અમારા શરીરનું રુધિર જયારે છેકજ ઘટી જાય છે ત્યારે અમને કોઈક ચૂસી રહ્યું છે એવું ભાન થાય છે, તે વખતે અમને ચૂસનાર કોણ છે તે અમે જાણવા ઇચ્છીએ છીએ, પણ કશો પત્તોજ લાગતો નથી. ચૂસનારા પકડાતાજ નથી. છેવટની ઘડી લગી તેઓ '**वेद्य**'જ રહે છે. એટલુંજ નહિ પરંતુ એ '**वेद्य**' અસુર લોકો પોતાના રાક્ષસી શોષણનાં ઘાતકી કૃત્યોને છુપાવવાને માટે પોતાની આસુરી '**शची**'ઓની મારફતે, શક્તિઓ અને કર્મો વડે એક ભારે અને વિસ્તીર્ણ આવરણ ઉભું કરી દે છે. એક નવી પૃથ્વી, એક નવી સૃષ્ટિ ખડી કરીને અમારી આંખોમાં ધૂળ નાખીને અમને છેતરે છે. અમે એમની માયાજાળના એટલી હદ સુધી ભોગ થઇ પડીએ છીએ—અમે એમની કૌશલપૂર્ણ પાર્થિવ રચનાને જોઇને "વાહ ! વાહ !" કહેતા જઈએ છીએ અને અમારૂં લોહી ચૂસાવતા જઇએ છીએ. પરંતુ હે ઇન્દ્ર! આવી રીતે ગુપ્ત રહીને પરાયાં લોહી પીને પુષ્ટ થનારા શોષક (એકસપ્લોઇટર્સ) અસુરોનો આ પાર્થિવ વિસ્તાર ભલેને ગમે તેટલો મોટો હોય, ભલેને ઘણોજ આડંબરપૂર્ણ હોય, પરંતુ એને નથી હોતા હાથ અને નથી હોતા પગ. એ તો માયા ને માયાજ છે. તમારી પ્રાણશક્તિ તેનામાં પ્રવિષ્ટ થઇ નથી તેથી કરીને તેનામાં સાચી કર્મશક્તિ નથી હોતી, તેમજ તેને કશાનો આધાર પણ નથી હોતો. આથી કરીને આ '**अहस्ता अपदी**' હાથ-પગ વગરની માયામયી સૃષ્ટિને તમે જાણી જોઇને પુષ્કળ હદ ઉપરાંત વધવા પણ દો છો.*

---

* દુનિયા ઉપર આજે કોણ રાજ્ય કરે છે તે ઘણાજ થોડા માણસો જાણતા હોય છે. ખરૂં જોતાં, રાજાઓ, પ્રધાનો, મુત્સદ્દીઓ, પત્રકારો, ધર્મગુરુઓ, યુનિવર્સિટીઓના સંચાલકો, ન્યાયાસન પર બેસનારાં પ્રાણીઓ, એ બધાંજ મૂડીવાદીઓનાં પૂતળાં છે. પાર્લામેન્ટની ચૂંટણી તેમની મરજી મુજબ થાય છે, પ્રધાનમંડળની રચના તેઓજ કરાવે છે. લડાઇઓ કરાવનાર પણ એજ ધનપતિઓ છે. જગત ઉપર રાજ્ય તેમનુંજ ચાલે છે, છતાં કોઇ જાણતું નથી.—**સેવાનંદ**

શુષ્ણાસુર પોતાની વિશ્વવ્યાપી શોષણનીતિને ઢાંકવાને વાસ્તે પોતાના માયાવી આવરણને એટલું બધું બહોળું ફેલાવી દે છે કે તે આખા વિશ્વમાં સચરાચર ફેલાઇ જાય છે અને પછી એવા વિશ્વવ્યાપી આવરણની પાછળ પોતાની જાતને ચારે બાજુએથી બરાબર સંતાડી દઇને, બધી તરફથી સારી રીતે ઢાંકીઢૂમીને એક વિશ્વવ્યાપી કિલ્લાની અંદર બરાબર સલામત રીતે રહે છે. પરંતુ હે ઇન્દ્ર ! તે આટલો બધો બળવાન થઇ ગયો હોય તો પણ તેના—શુષ્ણાસુરના—સઘળા પાર્થિવ વિસ્તારને (મૂડીવાદે ફેલાવેલી આસુરી માયાજાળને) તમે એક ક્ષણમાં તોડી ફોડીને ધૂળધાણી કરી દો છો, શુષ્ણાસુરના તમામ આડંબરને માટી ભેળો કરી દો છો, તેની તમામ માયાને હતી ન હતી કરી નાખો છો, તેનું નામોનિશાન પણ નથી રહેવા દેતા.* હે ઇન્દ્ર ! આ બધું કામ તમારૂંજ છે. તમે એ કામ તમામ મનુષ્યોના કલ્યાણને માટે, વિશ્વના કલ્યાણને માટે કરો છો અને એ કામ તો તમેજ કરી શકો, એકલા તમેજ કરી શકો.

શબ્દાર્થ

હે ઇન્દ્ર! (**यत्**) જ્યારે (**वेद्यानां**) જેમને જાણવાનું હજી બાકી છે એવા છુપાએલા (શોષક અસુરો)ની (**शचीभिः**) શક્તિઓ વડે (**अहस्ता**) હાથ વગરની (**अपदी**) પગ વગરની (**क्षाः**) પૃથ્વી, પાર્થિવ આવરણ, માયાવી સૃષ્ટિ (**वर्धत**) વધે છે તો તમે (**शुष्णं**) શુષ્ણાસુરને (**परि**) પરિવેષ્ટિત કરીને ચારે તરફથી ઢાંકીને (**प्रदक्षिणत्**) ઘેરીને, લપેટીને સંતાડનારી [પેલી માયાવી પૃથ્વી અથવા સૃષ્ટિને] (**विश्वायवे**) તમામ મનુષ્યોના કલ્યાણને માટે (**निशिश्नथः**) પૂરેપુરી વિનષ્ટ કરી દો છો.

---

* સને ૧૯૧૭ના માર્ચમાં કટ્ટર શાહીવાદી ઝારનાં અને તેના ખેરખાં ઉમરાવો અને શ્રીમંતોના એકજ રાતમાં ભુક્કા ઉડી ગયા અને આજે આખા સોવિયેટ રશિયામાં તેમનું નામોનિશાન રહ્યું નથી.

—સેવાનંદ

૨૧ માઘ

तेजोऽसि तेजो मयि धेहि, वीर्यमसि वीर्यं मयि धेहि ।
बलमसि बलं मयि धेहि, ओजोऽस्योजो मयि धेहि ।
मन्युरसि मन्युं मयिं धेहि, सहोऽसि सहो मयि धेहि ॥
(यजु० १९-९)

વિનય

હે સોમ ! તું તેજસ્વરૂપ છે, તું મારામાં તેજને ધારણ કરાવ. તેજસ્વિતા, ઉગ્રતા વિના મારાથી પ્રલોભનો ઉપર ફતેહ નહિ મેળવાય અને પ્રલોભનોને હું જ્યાં સુધી ન જીતી શકું ત્યાં સુધી શારીરિક વીર્યનું રક્ષણ કરવાનું પણ શી રીતે બને ? એટલા માટે હે વીર્યના ભંડાર ! તું મને તારૂં તેજ આપ, તું મારામાં વીર્યને ધારણ કરાવ, મને ઊર્ધ્વરેતા બનાવ, મારાં તમામ અંગોમાં નવજીવનનો ઉત્સાહ પેદા કર, કે જેથી કરીને હું સાચા બળને ધારણ કરી શકું. તું તો બળ છે, બળરૂપ છે. દુનિયામાં જે જે બળ છે—જેમકે હસ્તિબળ, વિદ્યુત્બળ, પૃથ્વી આદિ ગ્રહોને ધારણ કરનાર ઇન્દ્રબળ સુધીનાં તમામ બળ—તે બધાંજ તારા સેવનથી પ્રાપ્ત થાય છે. તો પછી હું નિર્બળ તારા સિવાય બીજા કોની આગળ બળને માટે યાચના કરૂં ? હું બળહીન રહું ત્યાં સુધી આત્માની પ્રાપ્તિ નથી કરી શકતો; ઓજસને, આત્મિક તેજને પણ પ્રાપ્ત નથી કરી શકતો; માટે હે ઓજસ્મય ! તું મને બળવાન બનાવ અને તારા ઓજસ્નું પણ પ્રદાન કર. જ્યારે મારામાં ઓજસ્ આવી જશે, આત્મતેજ વ્યાપી જશે ત્યારે હે મન્યુરૂપ ! મારામાં પણ પાપનું દલન કરવાને માટે, અન્યાયનો વિધ્વંસ કરવાને માટે સ્વાભાવિક રીતેજ એવું મન્યુ પ્રદીપ્ત થયા કરશે, રાગ-દ્વેષરહિત પ્રશાંત આત્મજ્વલન (મૉરલ ઇન્ડિગ્નેશન) પ્રકટ થયા કરશે કે જેનો ઉદય થતાની

સાથેજ પાપમાત્ર ભસ્મ થઇ જાય છે અને અસત્યો વિલીન થઇ જાય છે. પણ હે સહસ્વરૂપ! આ બળની સાથે સાથે તું મને આત્માની પેલી 'સહઃશક્તિ' પણ આપવાનું ભૂલતો નહિ કે જેના વડે હું ભયંકરમાં ભયંકર મુસીબતોને પણ હસતાં હસતાં સહન કરી લઉં. જેની સામે કોઇ વિરોધિની શક્તિ ટકીજ નથી શકતી, જેનો ઉદય થવાથી અસહ્યમાં પણ અસહ્ય વિપત્તિઓ પણ બાળકની રમત જેવી થઇ જાય છે અને જેના ઉત્તાપથી અત્યંત કઠોર હૃદય પણ મૃદુ બની જાય છે તે તપશ્ચર્યાની શક્તિને પણ મારામાં ધારણ કરાવજે. આ રીતે હે સોમ! મારામાં તારી પધરામણી કરાવીને, તારૂં પાન કરીને હું સ્થૂળ તેજથી માંડીને તપશ્ચર્યાના તેજ સુધીનાં તારાં તમામ તેજને અપનાવી લઉં. હે સોમ! તારા છએ છ સામર્થ્યોને હું મારામાં ધારણ કરીને સોમમય બની જાઉં.

શબ્દાર્થ

(तेजः) તું તેજ **(असि)** છે, **(तेजः)** તેજને **(मयि)** મારામાં **(धेहि)** ધારણ કરાવ. **(वीर्यं)** તું વીર્ય **(असि)** છે, **(वीर्यं)** વીર્યને **(मयि)** મારામાં **(धेहि)** ધારણ કરાવ. **(बलं)** તું બળ **(असि)** છે, **(बलं)** બળને **(मयि)** મારામાં **(धेहि)** ધારણ કરાવ. **(ओजः)** તું ઓજસ્ **(असि)** છે, **(ओजः)** ઓજસને **(मयि)** મારામાં **(धेहि)** ધારણ કરાવ. **(मन्युः)** તું મન્યુ **(असि)** છે, **(मन्युं)** ÷મન્યુને **(मयि)** મારામાં **(धेहि)** ધારણ કરાવ. **(सहः)** તું સહઃ–વિપત્તિઓને સહન કરવાની શક્તિ **(असि)** છે, **(सहः)** સહઃને **(मयि)** મારામાં **(धेहि)** ધારણ કરાવ.

÷ મન્યુ એટલે પાપ, અન્યાય ઇ૦ ને જોઇને તેમનો વિરોધ કરવાની સદિચ્છા, પુણ્ય [illegible]. [illegible]

३० माघ

तच्चक्षुर्देवहितं पुरस्तात् शुक्रमुच्चरत् । पश्येम शरदः शतं,
जीवेम शरदः शतं, शृणुयाम शरदः शतं, प्रब्रवाम शरदः
शतं, अदीनाः स्याम शरदः शतं, भूयश्च शरदः शतात् ॥
(यजु० ३६-२४ ॥ ऋ० ७-६६-१६.)

વિનય

જુઓ, આ તમારી સામે આખા સંસારના નેત્રરૂપ, દેવોના હિતકારી ચક્ષુરૂપ સૂર્ય પોતાના નિર્મળ શુક્ર (શુદ્ધ) પ્રકાશ સહિત ચળકી રહે છે, ઉદિત થઈ રહ્યો છે. નહિ, જરાક વધારે ઉંડા ઉતરીને જુઓ. તે મહાન્ સૂર્ય, સૂર્યોનો સૂર્ય, સર્વપ્રેરક પ્રભુ, આપણામાંથી પ્રત્યેક મનુષ્ય સન્મુખ સદા ઉદિત થએલોજ છે; પોતાના પ્રકાશવડે અખા સંસારને દર્શનશક્તિનું દાન કરતું, દેવસ્વભાવવાળા, દૈવી પ્રકૃતિવાળા તમામ મનુષ્યોનું સદા હિતસાધન કરતું, આ પરમ વિશુદ્ધ ચક્ષુ અનાદિકાળથી ચમકયા કરે છે. હે મનુષ્યો ! આવો, આપણે બધા આ સૂર્યને જોતા રહીને સો વર્ષ સુધી જીવીએ, આપણે સો વર્ષ સુધી આ દિવ્ય સૂર્યનો આપણાં આન્તરચક્ષુ વડે અનુભવ કરતા રહીએ અને સો વર્ષ સુધી તેને અનુકૂળ રહીને તેના આપેલા પ્રાણોને, પ્રાણશક્તિને આપણામાં ધારણ કરીએ. જો આપણે એટલુંજ બરાબર સમજી લઇએ અને યાદ રાખીએ કે, તેની આંખ ઉપર રહી રહી આપણને સદા જોઈ રહી છે, તે વિશુદ્ધ ચક્ષુ આપણી નિરંતર બરાબર તપાસ રાખ્યાજ કરે છે, આપણા વિચાર–આપણાં કામ જરેજર જોતી રહે છે તો પછી આપણે વિશુદ્ધ આચરણવાળા કેમ ન થઇએ ? અને જો આચરણમાં વિશુદ્ધ થયા તો પછી સો વર્ષ સુધી ન કેમ જીવાય ? આપણે એટલુંજ ધ્યાનમાં રાખતા રહીએ કે, તે દેવોની હિતકારી

આંખ આપણું નિરંતર રખોપું કરી રહી છે, આપણા ઉપર નિગાહ રાખી રહી છે તો પછી આપણે દિવ્ય આચરણવાળા ન કેમ થઈએ અને સો વર્ષ સુધી દિવ્ય જીવન શા માટે વ્યતીત ન કરીએ? એમજ છે તો ચાલો, ભાઈઓ! આપણે તે સૂર્યના પ્રકાશમાં સો વર્ષ સુધી જોઈએ, સો વર્ષ સુધી જીવતા રહીએ; એ દિવ્ય આંખની નીચે રહીને આપણે સો વર્ષ સુધી સાંભળીએ, સો વર્ષ સુધી પ્રવચન કરતા રહીએ; અને એની અધ્યક્ષતા નીચે રહીને આપણે સો વર્ષ સુધી દીનતારહિત સ્વાવલંબી અને ઉત્સાહપૂર્ણ જીવન વ્યતીત કરીએ. તેમની અધ્યક્ષતા નીચે રહેવું અને છતાં દીન અને પરાધીન રહેવું એ બનેજ કેવી રીતે? ના, ના, અમે તો સો વર્ષ કરતાં પણ વધારે મુદત સુધી આંખે દેખતા, કાને સાંભળતા અને મોઢેથી બોલતા રહીને જીવીશું, અપરાધીન પુરુષાર્થમય પૂર્ણ જીવન વ્યતીત કરીશું. આવી રીતે અદીન બનીને સો વર્ષ તો શું પણ તેના કરતાંય વધારે વર્ષ સુધી જીવતા રહીશું, અવશ્ય સો વર્ષ કરતાં પણ વધારે જીવીશુંજ.

શબ્દાર્થ

(**तत्**) તે (**देवहितं**) દેવોનું હિત કરનાર (**चक्षुः**) ચક્ષુ, સૌને જોનાર, સર્વાધ્યક્ષ, જ્ઞાનસ્વરૂપ (**पुरस्तात्**) આપણી સન્મુખ, સદા સમક્ષ (**शुक्रं**) શુદ્ધરૂપ (**उत् चरत्**) ઉદિત થયું છે. તેની સહાયતા વડે આપણે (**शतं शरदः**) સો વર્ષ સુધી (**पश्येम**) જોઇએ, (**शतं शरदः जीवेम**) સો વર્ષ સુધી જીવતા રહીએ, (**शतं शरदः शृणुयाम**) સો વર્ષ સુધી સાંભળીએ, (**शतं शरदः प्रब्रवाम**) સો વર્ષ સુધી બોલીએ, (**शतं शरदः अदीनाः स्याम**) સો વર્ષસુધી દીનતારહિત જીવીએ, (**शतात् शरदः भूयश्च**) સો વર્ષથી પણ વધારે વર્ષસુધી જોતા સાંભળતા બોલતા રહીને અદીનપણે જીવતા રહીએ.

कृतं मे दक्षिणे हस्ते जयो मे सव्य आहितः ।
(अथर्ववेद ७-५२-८)

મારા જમણા હાથમાં કર્મ છે, પુરુષાર્થ છે
અને મારા ડાબા હાથમાં વિજય તો
રાખી મૂકેલોજ છે.

फाल्गुन मास

ફાલ્ગુન માસ (કુંભ રાશિ) માટે

પ્રાણદાયક વ્યાયામ

પગને સ્વસ્થતા અને બળ આપનારી કસરતો

*(૧)

હાથની હથેળીઓ અને પગના અંગુઠા સિવાય શરીરનો બીજો કોઈ પણ અવયવ ભોંયને ન અડકે એવી રીતે જમીન તરફ મોઢું રાખીને જમીનથી અદ્ધર લાંબા થઇ જવું. પછી હાથને કોણીમાંથી વાળીને શરીરને એટલું નીચું લાવવું કે નાકની દાંડી ભોંયને અડકે. પછી હાથને સીધા કરીને પહેલાંની સ્થિતિમાં આવી જવું, પણ ઘૂંટણ જમીનને ન અડકે તેની કાળજી રાખવી. આ પ્રમાણે થાય તેટલી વાર કરવું. શરીર જ્યારે નીચેની બાજુ તરફ જતું હોય ત્યારે ઉંડો શ્વાસ લેવો અને ઉપર જતું હોય ત્યારે બહાર કાઢવો.

(૨)

આ બીજા પ્રકારની કસરતને માટે ટટાર ઉભા થઇ જાઓ. હથેળીઓને શરીરના ભણી રાખીને મુઠ્ઠીઓ વાળી દો. પછી પગના અંગૂઠા ઉપર ભાર દઇને એડીઓ અદ્ધર રાખીને આખા શરીરને જમીનથી ઉંચું કરો અને તેમ કરતી વખતે હાથપગની માંસપેશીઓને તંગ કરવી. પછી શરીરને નીચું કરવું. આ પ્રમાણે વારંવાર કરતા જવું. શરીર ઉંચું થતું હોય તેટલા વખતમાં એક ઉંડો શ્વાસ લેવો અને નીચે આવતું જાય તેટલા વખતમાં બહાર કાઢી નાખવો અને માંસપેશીઓને પણ શિથિલ કરી દેવી.

ધ્યાનઃ—આ કસરત કરતી વખતે મનને પગમાં એકાગ્ર કરવું અને પગની સ્વસ્થતાનું તથા પૂર્ણતાનું ચિત્ર મનમાં કલ્પીને તેના ધ્યાનમાં તન્મય થવું.

“મારામાં અદ્‌ભુત સ્ફૂર્તિ છે, જીવનપ્રવાહ મારામાં ચાલ્યો આવે છે” એવી મતલબના શબ્દો ગોઠવીને તેનું ધ્યાન કરવું.

જયેષ્ઠ, ભાદ્રપદ અને માર્ગશીર્ષ માસની કસરતો પણ આ અવયવોને ગૌણ રીતે લાભ કરે છે.

---

* ટૂંકમાં આ કસરત એ દંડનો એક પ્રકાર છે. એને કેટલાક ‘સેન્ડો’ના દંડ પણ કહે છે.—**સેવાનંદ**

१ फाल्गुन

अति तृष्टं ववक्षिथ अथैव सुमना असि ।
प्रप्रान्ये यन्ति पर्यन्य आसते येषां सख्ये असि श्रितः ।।

(ऋ. ३-९-३)

વિનય

જેને તારી તૃષા લાગી છે, જેને તારી સાચી લગની લાગી છે, જે તારા દર્શનને માટે ખરેખરો વ્યાકુળ બની ગયો છે—સારાંશ કે, જેના હૃદયમાં તીવ્ર વૈરાગ્ય જાગૃત થયો છે, તેને તું પણ અતિશય પ્રેમથી વહન કરવાની ઇચ્છા રાખે છે, તેના અભીષ્ટને તું પ્રાપ્ત કરાવે છે, તેની તૃષાને તું શમાવી દે છે. અરે! એમ નહિ, પણ એવા ભક્તની તૃષાને તું શમાવે છે ત્યારેજ તને સંતોષ થાય છે, ત્યારેજ તું **‘सुमना’** થાય છે. અલબત્ત, તારે પોતાને તો **‘सुमनाः’** અથવા **‘दुर्मनाः’** જેવું કાંઇ હોયજ નહિ, પણ તે છતાં તને જો કોઇ વાર પણ સુમના કહી શકાય તો તારા ભકતોની મનકામના પૂર્ણ કરતી વખતે તું અવશ્ય સુમના થાય છેજ, તું જરૂર પ્રસન્ન થાય છેજ. તું તો આ સંસારમાં તારા પુત્રોની, તારા ભક્તોની મનઃકામનાઓ સદાય પૂરી કરતોજ આવ્યો છે અને સદા પ્રસન્નજ રહેતો આવ્યો છે. પણ અમારે જે જોવું જોઇએ તે તો એ છે કે, અમે બધા તારા પુત્રોમાંથી એવા કેટલા છે કે જેઓ તને આ રીતે સુમના કરતા હોય? એવા કેટલા છે કે જેમને તને પામવાની સાચી લગની લાગી હોય ? તારી ખરા અંતઃકરણથી કામના કરતા હોય એવા વિરલા કેટલા છે ? અરેરે ! આ દુનિયાદારીના લોકો તો માત્ર વિષયભોગોનીજ—ફક્ત વિષયભોગોનીજ—કામના કરે છે. એવાની વાત તો એક બાજુએ રાખીએ પણ જેમના સખ્યમાં તું વિદ્યમાન છે—અર્થાત જેઓ તને સખા તરીકે પસંદ કરે છે,

તારા પ્રતિ પ્રેમ રાખે છે, ભેગા મળીને તારી આરાધના કરે છે, તારા ઉપાસક છે, એવા તારા સખાઓમાં પણ તારા અનન્ય ભક્તો કેટલા છે કે જેમને તને પામવાની ઉત્કટ ઇચ્છા હોય, જેઓ તારા સિવાય બીજા કશાનીજ કામના કરતા ન હોય ? કેટલાક ધાર્મિક લોકો ધર્મસમાજોમાં, મંદિરોમાં કોઇ કોઇ વાર તારા મહિમાનું હૃદયસ્પર્શી વર્ણન સાંભળીને તારૂં અનન્ય ભજન કરવાની શરૂઆત કરે છે, પરંતુ થોડા વખતમાં તેઓ ઢીલા પડી જાય છે, ભજનથી કંટાળી જાય છે, સાંસારિક વાસનાઓ તેમના મનને વિષય તરફ ઘસડવા માંડે છે, સુખ–વૈભવ, પ્રતિષ્ઠા વગેરે પ્રાપ્ત કરવાની દબાઈ ગએલી વાસનાઓ પાછી જોર કરે છે એટલે તેઓ ભજન કરવાનું છોડી દઇને પાછા પોતાને જૂને રસ્તે વળે છે. લાગલાગટ ભજનસાધનમાં મંડયા ને મંડયા રહે, દીર્ઘકાળપર્યન્ત શ્રદ્ધાપૂર્વક તારી ભક્તિ કર્યાજ કરે એવા તો બહુજ થોડા હોય છે. આ સંસારરૂપી મેળામાં તારૂં નામ સાંભળીને તારૂં દર્શન કરવાને માટે તો તારા બધાય સખા ચાલ્યાજ આવે છે, પણ તેમાં કેટલાક ભક્તો એવા હોય છે કે તને મૌનમુદ્રા ધારણ કરીને બેઠેલો જોઇને થોડીક વાર સુધી તો તું કયારે મૌન ભંગ કરે તેની પ્રતીક્ષા કરતા બેસી રહે છે; પણ પછી ઉઠીને ઉભા થાય છે અને તને પ્રણામ કરીને ચાલતા થાય છે. પણ બીજા કેટલાક એવા હોય છે કે જેઓ તારા સ્વભાવને ઓળખી જાય છે. તેઓ તો તને ઘેરીને ત્યાંજ બેસી જાય છે અને આસન લગાવીને તારા ધ્યાનમાં મગ્ન બનીને ત્યાં ને ત્યાંજ સમાધિસ્થ થઇ જાય છે; અને તું તેમના તમામ અભીષ્ટોને પૂર્ણ ન કરે, તેમને ન્યાલ ન કરી દે ત્યાં સુધી તેઓ ત્યાંથી ઉઠતાજ નથી.

શબ્દાર્થ

(तृष्टं) તરસ્યાને તું **(अति ववक्षिथ)** અતિશય વહન કરવા ઇચ્છે છે **(अथ एव)** અને જ્યારે **(सुमनाः)** તું પ્રસન્નમના **(असि)** થાય છે; **(येषां)** જેના **(सख्ये)** સખાભાવમાં તું **(श्रितः असि)** વિદ્યમાન છે, તેમનામાં પણ **(अन्ये)** એક એવા છે કે જે **(प्रप्रयन्ति)** પોતપોતાને રસ્તે ચાલ્યા જાય છે અને **(अन्ये)** બીજા એવા છે કે જે **(परि आसते)** તને ઘેરીને બેસે છે, તારી ઉપાસના કરતા બેસી રહે છે.

२ फाल्गुन

मा चिदन्यत् विशंसत सखायो मा रिषण्यत।
इन्द्रमित स्तोता वृषणं सचा सुते मुहुरुक्थ्या च शंसत॥
(ऋ० ८-१-१ ॥ सा० पू० ३-१-१०)
(सा० उ० ६-१०५ ॥ अथर्व० २०-८५-१)

વિનય

મારા ભાઇઓ ! આ સંસારમાં પ્રભુના સિવાય બીજો કોઇ આપણી સ્તુતિને યોગ્ય છેજ નહિ. બીજા કોઇની સ્તુતિ કર્યાથી આપણું કાંઇજ વળે એમ નથી. વળી આપણે અમસ્તા આખો દહાડો નકામા બડબડ બડબડ કર્યા કરીએ છીએ, તેનાથી આપણને પોતાને નુકસાનજ કરીએ છીએ. જે વાણીનો ઉપયોગ પરમાત્માને ઉદ્દેશીને ન થતો હોય, પ્રભુની સેવાને અર્થે જે ન વપરાતી હોય, પ્રભુને સાક્ષી રાખીને જેનું ઉચ્ચારણ ન થતું હોય અથવા પ્રભુની સાથે જેનો કશોજ સંબંધ ન હોય તે વાણી વૃથા તો છેજ, પણ ઉલટો આપણો નાશ કરે એવી છે. દેડકો બધો વખત ડ્રાઉં ડ્રાઉં કર્યા કરે, પણ તેનું કશુંજ પરિણામ આવતું નથી અને કદાચ આવે તોપણ એજ કે સાપને તેની ખબર પડી જાય છે, જેથી તે પોતાના મોતને પોતેજ નિમંત્રણ દઇને બોલાવે છે. એવીજ રીતે મનુષ્ય પોતાના નિરર્થક અને પરમેશ્વરહીન પ્રલાપો કરતો રહે તો તે કાળનો જલદી ભોગ થઈ પડે છે. એટલા માટે હે મનુષ્યજન્મ પામનારાઓ ! હે સખાઓ ! તમે શા માટે વ્યર્થ વિનષ્ટ થાઓ છો ? પોતાના પ્રભુ, પોતાના સાચા માલિકને છોડીને બીજાઓની સ્તુતિ કરીને શા માટે હાથે કરીને હિંસિત થાઓ છો ? સ્વાર્થ, હિંસા અને રાગદ્વેષથી ભરેલી વાણીઓ બોલી બોલીને શા માટે હિંસક બનો છો અને પરિણામે પોતાની જાતેજ વિનષ્ટ થાઓ છો ? જો તમારાથી નિરંતર પ્રભુના નામનો જપ ન થઇ શકતો હોય તો ઓછામાં ઓછા મૂંગા તો રહો; પણ બીજો કોઇ જે અસ્તુત્ય છે, જે સ્તુતિ કરવાને અયોગ્ય છે તેની સ્તુતિ તો નજ કરો. તમે એવી વાણી

તો નજ બોલો કે જે તમને પ્રભુથી અળગા કરીને વિનાશના તરફ ઘસડી જતી હોય. એટલા માટે મારા ભાઇઓ ! તમે જાગો, આજથી રાત-દિવસ ફક્ત ઇન્દ્રનુંજ સ્તવન કરો. તમામ અભિષ્ટોને વરસાવનારા સર્વશક્તિમાન એક પરમેશ્વરનીજ સ્તુતિ કરો. તેનાંજ કીર્તન ગાઓ. આ સંસાર-યજ્ઞમાં સંમિલિત થએલા આપણે સૌ સખાઓ ભેગા મળીને તે પરમ પ્રભુનાં સ્તોત્રો લલકારીએ, આપણા પ્રત્યેક યજ્ઞ-કર્મ(સંસારના પ્રત્યેક કામને યજ્ઞરૂપ જાણીને)માં તે ઇન્દ્રનાંજ એકાગ્રચિત્તે તન્મય બનીને ગુણગાન ગાઇએ. જરા જુઓ, આ 'वृषण' પ્રભુના સિવાય સંસારમાં બીજો છે પણ કોણ કે જે આપણા ઉપર તમામ પ્રકારનાં સુખ અને અભીષ્ટોની વૃષ્ટિ કરતો હોય ? આપણે ખાલી મૂર્ખતાને વશ થઇને કોઇ મનુષ્યને આપણો સ્વામી અથવા રાજા માનીએ છીએ અથવા બીજી કોઈ શક્તિને સમર્થ માની લઇએ છીએ અને તેમની વ્યર્થ સ્તુતિઓ ગાતા ફરીએ છીએ. પરંતુ હે મનુષ્યો ! તમે જુઓ, તે સર્વ સમર્થ પરમેશ્વરના સિવાય જેને આપણો પોતાનો કહી શકીએ અને જે આપણને બધુંજ આપી દેવાને સમર્થ હોય એવો બીજો કોઇ છે ? ખરેખર નથીજ, ત્યારે ચાલો, આપણે બધા સર્વદા તેના એકલાનાંજ સ્તુતિગાન ગાઇએ અને બીજું બધુંજ ભૂલી જઇએ. બસ, મસ્ત બનીને વારંવાર તેનાંજ સ્તોત્રોનું રટણ કરીએ, પ્રેમાશ્રુથી ગદ્ગ ગદ્ગ બનીને તેનાંજ ગીત નિરંતર ગાયા કરીએ.

શબ્દાર્થ

(अन्यत्) બીજા કોઇનાં સ્તોત્રોનું **(मा चित्)** કદાપિ નહિ **(विशंसत)** ઉચ્ચારણ કરો અને એજ રીતે **(सखायः)** હે સખાઓ ! હે મનુષ્ય ભાઇઓ ! **(मा)** નહિ **(रिषण्यत)** આપણી જાતને વિનષ્ટ કરો. **(सुते)** આ સંસાર-યજ્ઞમાં, પ્રત્યેક યજ્ઞ-કર્મમાં **(सचा)** સૌ ભેગા થઇને, તન્મય બનીને **(वृषणं)** સર્વશક્તિમાન્, અભીષ્ટ વસ્તુઓને વરસાવનાર **(इन्द्रं)** પરમેશ્વરની **(इत्)** જ **(स्तोत)** સ્તુતિ કરો **(च)** અને **(मुहुः)** વારંવાર **(उक्थ्या)** [તેનાંજ] ભજનોનું **(शंसत)** ઉચ્ચારણ કરો.

३ फाल्गुन

अग्ने व्रतपते व्रतं चरिष्यामि, तच्छकेयं तन्मे राध्यताम् ।
इदमह मनृतात् सत्यमुपैमि ॥ (यजु० १-५)

વિનય

હે અગ્નિ ! તમે વ્રતપતિ છો. હું ઘણાંય વ્રત ધારણ તો કરૂં છું, પણ તેમને નીભાવી શકતો નથી. એક વાર મનને ખૂબ દૃઢ કરીને, પાકો નિશ્ચય કરીને, પૂરી ગંભીરતાપૂર્વક અમુક વ્રત ગ્રહણ કરૂં છું, પણ પાછળથી મારો ટેક સચવાતો નથી, ધીરે ધીરે મારા વ્રતના પાલનમાં શિથિલતા આવતી જાય છે. મારા વ્રતમાંથી હું ચલાયમાન થાઉં છું અને એમ કરતાં કરતાં મારૂં વ્રત આખરે છૂટી જાય છે. એટલા માટે હે વ્રતપતિ ! હું આજે તારે શરણે આવ્યો છું. આજે હવે તે શુભ દિન આવી પહોંચ્યો છે કે જ્યારે હું તારી, વ્રતપતિની સમક્ષ અટળ અડગ વ્રતને ધારણ કરી શકીશ. હે અગ્નિ ! આજે હું તને સાક્ષી રાખીને તારા પ્રતાપ વડે એવું પરિપૂર્ણ રીતે વ્રત ધારણ કરીશ કે તેનો આગળ ઉપર કદી પણ ભંગ થઇ શકેજ નહિ. હું ખરા અંતઃકરણથી પ્રતિજ્ઞા કરૂં છું કે, આજે હું જે વ્રત ધારણ કરૂં છું તેને હું પ્રાણપણથી નીભાવીશ, તેનો બરાબર અમલ કર્યા વિના રહીશ નહિ અને તેમાંથી એક તલપૂર પણ વિચલિત નહિ થાઉં, જરા પણ શિથિલતા નહિ આવવા દઉં. હે વ્રતપતિ ! હું જાણું છું કે, તમે વ્રતોના એવા પરિપૂર્ણ પતિ છો કે તમારાં વ્રતમાં કોઇને માટે પણ કદી પણ જરા જેટલો પણ ફેરફાર નથીજ થતો; તો પછી આજે તમે મારા વ્રતના પણ પતિ બની જાઓ, મારા વ્રતની પણ એવીજ રીતે રક્ષા કરો, તેના પાલક બની

જાઓ. તમે મારા ઉપર એવી કૃપા કરો, મને એવી શક્તિ આપો કે આ વ્રતનું હું યથાવત્ પાલન કરી શકું, એને સંપૂર્ણ કરવાને હું અવશ્ય સમર્થ નીવડું. હું એટલું માગું છું કે, મારૂં આ વ્રત સંસિદ્ધ થઈ જાય, અવશ્ય પૂર્ણ થઈ જાય. આજે તો હું બીજી બધી બાબતોને પડતી મૂકીને સત્યના મહાન વ્રતને ધારણ કરૂં છું. જો આ સત્યના વ્રતનુંજ હું બરાબર પાલન કરી શકીશ તો બાકીનાં બીજાં વ્રતોનું પાલન કરવાનું મારે સારૂ જરા પણ મુશ્કેલ નહિ રહે. ત્યારે હે અગ્નિ! આજથી હું અસત્યનો ત્યાગ કરીને સત્યને ગ્રહણ કરૂં છું. હે પ્રકાશસ્વરૂપ અગ્નિ! આજથી હું અસત્યમાંથી સત્ય તરફ વળું છું. આજથી હું મન, વાણી અને કર્મથી સત્યનુંજ પાલન કરીશ. હું સત્યને જાણીશ અને સત્યનેજ પ્રકટ કરીશ. જે કાંઇ મારા મનમાં હશે તેનેજ હું વાણી દ્વારા જાહેર કરીશ અને તેનોજ હું મારી ક્રિયા દ્વારા અમલ કરીશ. હું જાણું છું કે, આ વ્રત ઘણુંજ કઠિન છે. પણ હે અગ્નિ! તારી સહાયતા મળી જાય તો આ સંસારમાં કાંઇજ કઠિન નથી, કશુંજ અસંભવિત નથી. એટલા વાસ્તે હે વ્રતપતિ! આજથી હું સત્યવ્રતી થઈ ગયો છું, આજથી 'સત્ય'નોજ બની ગયો છું.

શબ્દાર્થ

(**अग्ने**) હે અગ્નિ! (**व्रतपते**) હે વ્રતનું પાલન કરનારા! હું (**व्रतं**) વ્રતનું (**चरिष्यामि**) આચરણ કરીશ, પાલન કરીશ. તમે એવી કૃપા કરો કે (**तत्**) તે વ્રતને હું (**शकेयं**) પૂર્ણ કરી શકું, (**मे**) મારૂં (**तत्**) તે વ્રત (**राध्यतां**) સિદ્ધ થાય, પૂર્ણ થાય. (**अहं**) હું (**इदं**) આ, આજથી (**अनृतात्**) અનૃતથી જૂઠથી દૂર રહીને (**सत्यं**) સત્યને, સત્યના વ્રતને (**उपैमि**) ગ્રહણ કરૂં છું.

४ फाल्गुन

त्वं विश्वस्य धनदा असि श्रुतो य ईँ भवन्त्याजयः ।
तवायं विश्वः पुरुहूत पार्थिवो अवस्यु नाम भिक्षते ॥
(ऋ. ७-३२-१७)

વિનય

આ આખા વિશ્વને ધન આપનાર એકલા તમેજ છો. આ સંસારમાં કોઇને કોઇ પણ પ્રકારનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે તે મૂળ તમારી પાસેથીજ મળેલું છે. ઐશ્વર્યના આપનાર તરીકે તમે પ્રસિદ્ધ છો. તમે ઇન્દ્ર છો, તમે પરમ ઐશ્વર્યવાળા છો. આ સંસારમાં નાના પ્રકારનાં ઐશ્વર્યોને માટે જાત જાતના સંઘર્ષો મચી રહ્યા છે, દેવાસુર-સંગ્રામ ચાલી રહ્યા છે, તેમાં જેઓ વિજયી થઇને ઐશ્વર્યોની પ્રાપ્તિ કરે છે તે ઐશ્વર્યો તારાંજ આપેલાં છે, તે તારી પાસેથીજ તેઓ પામે છે. અમે પહેલેથીજ સાંભળતા આવ્યા છીએ કે, ધન અને ઐશ્વર્યોને અપાવનાર તમેજ છો. એવું છે તો અત્યારે આ પૃથ્વી ઉપર કેવો હત્યાકાંડ મચી રહ્યો છે, મહાન્ વિનાશની તૈયારી થઇ રહી છે ! તે તરફ તમે શામાટે નજર નથી કરતા ? ધર્મમાત્રની મર્યાદાઓ તૂટી ગઇ છે, માનવજીવન વિશૃંખલિત થઇ ગયું છે, અંધેર મચી રહ્યું છે. સંસાર તમારા આપેલા ઐશ્વર્યથી રહિત થઈ ગયો છે. પૃથ્વી ઉપર એક એવો સંગ્રામ મચી રહ્યો છે કે જેને પરિણામે તમામ લોકો દુઃખી અને બળહીન બની ગયા છે અને સાચું ઐશ્વર્ય ગુમાવી બેઠા છે. આજે સંત્રસ્ત થએલા લોકો તમારા તરફ જોઇને પોકાર ઉઠાવે છે. હે પુરુહૂત ! વારંવાર તમને સાદ કરે છે. હે ઇન્દ્ર ! તમે આ પૃથ્વીને ફરીથી સુખી, ઉપદ્રવરહિત, ભયરહિત કયારે કરશો ? આ સંગ્રામમાં અમને વિજય અપાવીને તમારૂં ઐશ્વર્ય કયારે આપશો ? જુઓ, જુઓ, આ પૃથ્વી ઉપરની તમામ પ્રજાઓ તમારા રક્ષણને માટે ભિક્ષા માગતી ઉભી છે, મનુષ્યમાત્ર રક્ષણને માટે તમારા નામનું રટણ કરતા, તમને પોકાર કરતા ઉભા છે.

શબ્દાર્થ

(त्वं) તમે **(विश्वस्य)** આખા સંસારનું **(धनदाः)** ધન, ઐશ્વર્ય આપનાર તરીકે **(श्रुतः)** પ્રસિદ્ધ **(असि)** છો, **(ये)** જે **(ई)** આ [સંસારમાં] **(आजयः)** સંગ્રામ **(भवन्ति)** થાય છે તેમાં જીત અપાવનારા તમેજ છો. જુઓ, **(अयं)** આ **(विश्वः)** બધા **(पार्थिवः)** પૃથ્વીના લોકો **(पुरुहूत)** ઘણા જેને પોકારે છે એવા! **(अवस्युः)** રક્ષણ માગતા **(तव)** તારા **(नाम)** નામની, પ્રસિદ્ધ રક્ષણની **(भिक्षते)** ભીખ માગી રહ્યા છે.

५ फाल्गुन

ऋतावान ऋतजाता ऋतावृधो घोरासो अनृतद्विषः ।
तेषां वः सुम्ने सुच्छर्दिष्टमे नरः स्याम ये च सूरयः ॥
(ऋ. ७-६६-१३)

વિનય

હે આદિત્યો! અમે હવે તમારા '**सुम्न**'માં રહેવા ઈચ્છીએ છીએ, તમારાં સુખ અને ઐશ્વર્યોની વચ્ચે આવીને વસવા ઇચ્છીએ છીએ. અત્યાર સુધી તો તમારા મહિમાનું અમને ભાન ન હતું, તમે અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કર્યો છે અને આદિત્ય બન્યા છો—તેના સામર્થ્યનો અમને કશો ખ્યાલજ ન હતો. તમે તો આ સંસારના '**नर**' છો, નેતૃત્વ કરનારા છો. સંસારના નેતા એવા તમે જો અમને તમારી છાયાનો આશ્રય આપશો, અમને તમારા શરણમાં આવીને બેસવા દેશો તો અમે કૃતકૃત્ય બની જઇશું એમાં કશોજ સંદેહ નથી. પણ અમને તમારા સર્વશ્રેષ્ઠ અને સુખમય શરણમાં સ્થાન ત્યારેજ મળી શકે કે જ્યારે અમે સત્યસેવી—સત્યને ધારણ કરનારા બની ગયા હોઇએ. તમે પોતે કેવા ભારે '**ऋत**'ના ઉપાસક છો અને '**अनृत**'ના કેવા ઘોર વિરોધી છો તે અમે ક્યાં નથી જાણતા? તમે આવું ઉંચું પદ પ્રાપ્ત કર્યું

છે તેનું રહસ્યજ એ છે કે, તમે અનન્ય ભાવે સત્યનું સેવન કર્યું છે. કોઈ પણ માણુસ જ્યારે સત્યની આરાધનાનો આરંભ કરે છે, ત્યારે તેને સૌથી પ્રથમ તો યજ્ઞના, ત્યાગના મહાન્ સત્ય સિદ્ધાન્તનું જ્ઞાન થઇ જાય છે; એટલા માટે 'ऋत' શબ્દનો એક અર્થ યજ્ઞ પણ થાય છે. તમે સત્ય અને યજ્ઞથી પૂરેપુરા યુક્ત તો છોજ. તમે **ऋतावान्** પણ છોજ, એટલુંજ નહિ પણ **'ऋतजात'** છો, તમે ઋતમાંથી ઉત્પન્ન થએલા છો, તમે તમારી જાતને બદલીને તમે સત્યમાંથીજ નવો જન્મ લીધો છે, તમારાં અણુએ અણુ સત્યનાંજ બનેલાં છે, યજ્ઞભાવનાથી ભાવિત થઇ ચૂકેલાં છે, અને હવે તમારૂં જીવન સત્યની વૃદ્ધિ, સત્યનો પ્રચાર, એ અર્થેજ વ્યતીત થાય છે. માટે તમે **'ऋतावृघ'** છો, અનૃતને—અસત્યને—હઠાવીને તેની જગ્યાએ તમે સત્યની સ્થાપના કરો છો, સત્યની વૃદ્ધિ કરો છો. એટલા વાસ્તે અનૃતના કટ્ટા શત્રુ છો. અનૃતની સાથે તમારૂં સ્વાભાવિક વૈર છે. જ્યાં તમે હો ત્યાં અનૃત ઉભુંજ નથી રહી શકતું, અને તમારાથી અનૃતની છાયા સરખી પણ સહન થતી નથી. એટલા માટે હે **'नरो'**! અમે પણ આજથી સત્યસેવી થઇને તમારા **'सुम्न'**ને પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ, તમારા સર્વશ્રેષ્ઠ શરણનું સુખ ચાખવા ઇચ્છીએ છીએ. એકલા અમનેજ નહિ પરંતુ બીજા જે કોઇ અમારી માફક તમારો મહિમા જાણી ગયા હોય અને 'સુરિ' અથવા જ્ઞાની થયા હોય તે સૌને, હે આદિત્યો ! તમે તમારૂં સુખ પ્રાપ્ત કરાવો, સૌને તમારૂં સર્વશ્રેષ્ઠ શરણ અપાવનારૂં મહાન સુખ પ્રાપ્ત કરાવો.

શબ્દાર્થ

(नरः) હે સંસારના નેતાઓ ! આદિત્યો ! જે તમે **(ऋतावानः)** સત્ય અને યજ્ઞથી યુક્ત છો, **(ऋतजाताः)** સત્યમાંથી જન્મ્યા છો, **(ऋतावृघः)** સત્યને વધારનારા છો અને **(घोरासः)** ઘોર **[अनृतद्विषः]** અસત્યના વિરોધી છો **(तेषां)** તેમના એટલે **(वः)** તમારા **(सुछर्दिष्टमे)** ઉત્તમ સર્વશ્રેષ્ઠ શરણ આપનારા **(सुम्ने)** સુખ અને ઐશ્વર્યમાં **(स्याम)** અમે હોઇએ, **(ये च)** અને બીજા જેઓ **(सूरयः)** જ્ઞાની છે તેઓ પણ હોય.

६ फाल्गुन

द्यामिन्द्रो हरिधायसं पृथिवीं हरिवर्षसम् ।
अधारयद् हरितोर्भूरि भोजनं ययोरन्तः हरिश्चरत् ॥
(ऋ० ३-४४-३)

વિનય

ઇન્દ્ર, પરમેશ્વર '**हरि**' છે. કારણ કે તે પાપ--તાપનું હરણ કરે છે. એટલા માટે તો આ ઇન્દ્ર-સૂર્યનાં અસંખ્ય કિરણોને પણ 'હરિ' કહેવામાં આવે છે. તેઓ પણ અજ્ઞાન, અંધકાર, મલિનતા અને રોગોનું હરણ કરે છે. વળી એજ કારણને લીધે ઇન્દ્રની બે પ્રસિદ્ધ શક્તિઓનાં નામ પણ ' હરિ ' પડયાં છે; કોઈ તેમને ઋક્ અને સામ કહે છે, કોઇ તેમને વાણી અને પ્રાણ કહે છે, વળી કોઈ તેમને જ્ઞાન અને બળ પણ કહે છે. ઉપરોક્ત હરિઓની સાથે તે હરિ (ઈશ્વર) આ સંસારનાં અણુ અણુમાં-રોમરોમમાં રમી રહ્યો છે અને સંસારને હરિમય બનાવી રહ્યો છે. તેટલા માટે તો **द्यौः** '**हरिधायस्**' થાય છે, આ પૃથ્વી '**हरिवर्षस्**' થઇ છે અને દ્યાવા-પૃથ્વી બેઉ '**हरित्**' બને છે. આ '**द्यौः**' (અંતરિક્ષ) અસંખ્ય હરિનાં કિરણોથી ભરપૂર છે, એ કિરણો વડે તે ધારણ થાય છે. આ પૃથિવી પણ એજ હરિ-રશ્મિઓથી છવાઈ ગઈ છે, તેમના હરિત્વથી રંગાઇને હરિવર્ણી બની ગઇ છે. એ દ્યાવાપૃથિવી બેઉ '**हरित्**' અથવા હરિમય બની ગએલાં છે. આ રીતે તે ઇન્દ્રે હરિ બનીને દ્યૌ અને પૃથિવી બેઉને ધારણ કરી રાખ્યાં છે. એમણે આ દ્યાવા-પૃથિવી ધારણ કરી રાખ્યાં છે એટલું કહેવું પૂરતું નથી, પણ તેમનું લાગલગાટ પોષણ પણ કર્યાજ કરે છે. તેણે એ હરિ તો (દ્યાવાપૃથિવી)માં પાર વિનાનો ખોરાક નાના

પ્રકારની ભોગની સામગ્રી સચરાચર પ્રાણીઓને માટે ગણ્યા ગણાય નહિ એટલા પ્રકારના ભોગ્ય પદાર્થોને ભરી રાખ્યા છે અને તે વડે તેમનું સૌનું નિરંતર પાલન-પોષણ કરતો રહે છે. તેણે દ્યાવા-પૃથિવીને તો ધારણ કરી રાખ્યાંજ છે, પણ તેની સાથે તેમને સારૂ પાર વિનાનું ભોજન પણ ધારણ કરી રાખ્યું છે. એ ધારણ અને પોષણ કરવાને માટે તો હરિ તેમની અંદર પેસી ગયો છે, દ્યાવા-પૃથ્વીમાં તેમનો અંતર્યામી બનીને વિચરી રહ્યો છે, પ્રત્યેક પ્રાણી અને પદાર્થમાં તેમનો પ્રાણ બનીને તેમને અંદરથી ગતિ આપી રહ્યો છે. હરિ આ રીતે પોતાની હરિશક્તિઓ સહિત આ દ્યાવા-પૃથિવીનો અંતશ્ચારી થઈ રહ્યો છે તેથી કરીને તો દ્યાવાપૃથિવી બેઉ હરિત્ બની ગયાં છે. જુઓ, જુઓ, આ આખો સંસાર કેવો હરિમય બની ગયો છે! આપણા 'હરિ' પ્રભુ તેની અંદર રમી રહ્યા છે તેથી કરીને તે કેવો હરિમય થઇ રહ્યો છે!

શબ્દાર્થ

(इन्द्रः) પરમેશ્વર **(हरिधायसं द्यां)** પોતાનાં 'હરિ' કિરણો વડે ધારણ થએલા દ્યુલોકને (અંતરિક્ષને) તથા **(हरिवर्पसं पृथिवीं)** હરિત્વ વડે રંગાઇ ગએલી, હરિવર્ણી ભૂમિને **(अधारयत्)** ધારણ કરી રહ્યો છે અને તે આ **(हरितोः)** હરિત, હરિમય થએલાં [દ્યાવા પૃથિવી)ના **(भूरि)** ઘણાજ અગણિત **(भोजनं)** ભોગસામગ્રીને પણ ધારણ કરી રહ્યા છે. **(ययोः)** જે [હારતો, દ્યાવા-પૃથિવી)ના **(अन्तः)** અંતર્યામી બનીને **(हरिः)** તે હરિ પ્રભુ **(चरत्)** ચાલી રહ્યા છે, વિચરણ કરી રહ્યા છે.

७ फाल्गुन

नहि ते शूर राधसो अन्तं विन्दामि सत्रा ।
दशस्या नो मघवन् नू चिद्, अद्रिवो धियो वाजेभि राविथ ॥
(ऋ. ८–४६–११)

વિનય

અહા ! તારા '**राधसो**'નો તો અંતજ નથી. તારાં સફળતા અપાવનારાં ઐશ્વર્યો, તારાં સિદ્ધિ અપાવનારાં સામર્થ્યો એક એકથી ચઢીઆતાં છે. આ સંસારની અંદર જે નાના પ્રકારનાં ભૌતિક ધન છે, જે જે વિજ્ઞાનનાં ચમત્કારી ઐશ્વર્યો છે, તે અમારી માણસોની દૃષ્ટિએ તો અગણિત છે. તારા અનેક દેવોમાંનો એકજ દેવ અગ્નિ અમારાં એટલાં બધાં કામ કરી દે છે કે અમે તેનો હિસાબજ કરી શકતા નથી. પરંતુ માણસ જ્યારે ઉંચી ભૂમિકાઓમાં પ્રવેશ કરે છે ત્યારે ત્યાં ગયા પછી જે દિવ્ય સિદ્ધિઓનો અને ઐશ્વર્યોનો ભંડાર તેની આગળ ખુલ્લો થઇ જાય છે તે તો અનંત છે, અદ્ભુત છે, અપાર છે; તેના વિષયમાં અમે બીજું કશું કહી શકતાજ નથી. અમારે માટે એ સિદ્ધિઓ વર્ણનાતીત છે. હે શૂર ! સાચી હકીકત એવી છે કે, તું તારાં ચિત્રવિચિત્ર રાધસોની વૃષ્ટિ કરીને સંસારનાં નાનાં મોટાં માણસોને તેમનાં અનંત ક્ષેત્રોમાં વિજય અપાવી રહ્યો છે અને સંસારમાં આગળ પડતું સ્થાન અપાવે છે–તેનું રહસ્ય અમે ક્ષુદ્ર મનુષ્યો શી રીતે સમજી શકીએ ?

હે મઘવન્ ! તું અમને પણ અમારે યોગ્ય ઐશ્વર્યોનું દાન કર, અવશ્ય અવશ્ય દાન કર. પણ નહિ, નહિ, અમે ભૂલ્યા. હે ઇન્દ્ર ! અમે તારી પાસે ઐશ્વર્યની ભિક્ષા

માગીએજ શા માટે? ઐશ્વર્યોની તો તું અમારા ઉપર વિના માગ્યે વર્ષા કરીજ રહ્યો છે. અમારે જે માગવાનું છે તે તો એ છે કે, તું અમારી 'ધિ'-બુદ્ધિઓને જેવી જોઇએ તેવી બનાવી દે. તારી ઐશ્વર્યવર્ષાની વચ્ચોવચ અમે ઉભેલા છીએ, છતાં અમારા ઉપર તેનું એક બિંદુ પણ પડતું નથી. અમે તદ્દન ઐશ્વર્યહીન રહી જઇએ છીએ તેનું કારણ એ છે કે, અમારી બુદ્ધિઓ જેવી જોઇએ તેવી નથી. અમારી 'ધિ'ઓ-બુદ્ધિઓ-કર્મો દ્વારાજ તારાં આપેલાં ઐશ્વર્યોને અમે ગ્રહણ કરી શકીએ છીએ. પણ અમારાં એ જ્ઞાન અને કર્મ દૂષિત થઇ ગયેલાં છે, ઘણીજ અરક્ષિત હાલતમાં આવી પડયાં છે. કામ, ક્રોધ આદિનાં લાગલાગટ પ્રબળ આક્રમણોને લીધે અમારી બુદ્ધિઓ યથાવત્ વિચાર નથી કરી શકતી, યોગ્ય નિર્ણય નથી કરી શકતી, તેથી કરીને અમારાં કર્મ પણ જેવાં જોઇએ તેવાં નથી હોતાં. આનું પરિણામ એ થાય છે કે, અમે તારાં ઐશ્વર્યોથી વંચિત રહી જઈએ છીએ. હે વજ્રવાળા! આ આક્રમણોમાંથી અમારૂં રક્ષણ તુંજ કર. તું તારાં પોતાનાં **'वाज'** દ્વારા, તારાં પોતાનાં જ્ઞાન અને બળો દ્વારા અમારી બુદ્ધિઓની અને અમારાં કર્મોની રક્ષા કર. હે અનંત ઐશ્વર્યવાળા! અમે તો તારી પાસે આટલુંજ માગીએ છીએ, આટલી એકજ વસ્તુની ભિક્ષા માગીએ છીએ.

શબ્દાર્થ

(शूर) હે શૂર! **(सत्रा)** ખરેખરજ **(ते)** તારાં **(राधसः)** ઐશ્વર્યોનો **(अन्तं)** અંત **(नहि)** હું નથી **(विन्दामि)** પામી શકતો. **(मघवन्)** હે ઐશ્વર્યોવાળા! **(नः)** અમને **(नू चित्)** તું અવશ્યજ **(दशस्य)** (ઐશ્વર્યનું) પ્રદાન કર, **(वाजेभिः)** જ્ઞાનો અને બળો દ્વારા **(धियः)** અમારી બુદ્ધિઓ અને કર્મોની **(अद्रिवः)** હે વજ્રવાળા! **(आविथ)** રક્ષા કર.

८ फाल्गुन

अभ्यूर्णोति यन्नग्नं भिषक्ति विश्वं यत् तुरम् ।
प्रेमन्धः ख्यत्, निः श्रोणो भूत् ॥ (ऋ. ८-७९-२)

વિનય

તે પરમ દેવના મહિમાનાં સ્તુતિગાન હું ક્યાં લગી ગાયા કરૂં ? તે પરમ દયાળુ દેવના દયાળુપણાનું વર્ણન કરવાને માટે જે પ્રકારની વાણી જોઈએ તે મારે લાવવીજ ક્યાંથી ? તે સોમ પ્રભુ આ દુર્બળ દુનિયાના ઉપર પ્રતિક્ષણ પાર વિનાના ઉપકાર વર્ષાવી રહ્યા છે, આ દુઃખી સંસારના ઉપર બધો વખત પોતાનું કરુણાવારિ સીંચી રહ્યા છે, તેનું જ્યારે હું ધ્યાન કરૂં છું, ત્યારે મારૂં હૃદય ભરાઇ આવે છે, મારો કંઠ ગદ્ ગદ્ થઈ જાય છે, રૂંધાઇ જાય છે, તે પ્રેમસાગરના પ્રેમની કથા એ મોઢેથી કહેવા જેવી વસ્તુ નથી. એ તો અનુભવ કરવા જેવી, જાતેજ અનુભવ લઇને જાણવા જેવી વસ્તુ છે. અરે ! હું તો સાક્ષાત્ જોઇ રહ્યો છું કે, તે દયામય પિતા બનીને નાગાંને ઢાંકી રહ્યો છે, તેજ વૈદ્ય બનીને રોગીઓની પરિચર્યા કરી રહ્યો છે, તેજ સૌનું ભલું કરી રહ્યો છે; આ વાત માત્ર ભૌતિક વિષયમાં, સ્થૂળ અર્થમાંજ લાગુ પડે છે એવું કોઇએ ન માની લેવું. તે પ્રેમમય સોમ પ્રભુ જેને જે ગુણમાં નગ્ન જુએ છે, ગુણરહિત જુએ છે, તેને તે ગુણ દઇને, તે ગુણરૂપી વસ્ત્ર વડે તેને ઢાંકી દે છે અને આ આખો સંસાર જે પોતપોતાના વ્યાધિઓને લીધે તરફતો પડયો છે તે બધાની ચિકિત્સા અને શુશ્રૂષા તે કરુણાપરાયણ સોમ પ્રભુ કર્યાજ કરે છે અને સૌને ઉલ્લાઘ (નીરોગ) બનાવી દે છે. વિશેષ શું કહું ? એ સોમ ભગવાનની જો કૃપા થાય તો આંધળો પણ દેખતો થઇ જાય છે અને લૂલો પણ ચાલવા માંડે છે. અજ્ઞાની માણસને એકજ ક્ષણમાં જ્ઞાનનો પ્રકાશ મળી જાય છે અને અસમર્થ પણ શક્તિપૂર્ણ થઈ જાય છે. આ બધી વાતો બેશક

આપણે માટે ચમત્કારપૂર્ણ છે, પણ એમાં આપણને ચમત્કાર અથવા અલૌકિકતા જેવું દેખાય છે તેનું કારણ એ છે કે, આપણે અલ્પજ્ઞ જીવો તે સોમ પ્રભુની મહાન્ વિભૂતિઓથી સાવ અજાણ્યા છીએ, આપણે તેમનો મહિમા નથી સમજી શકતા. ખરેખર, તે સોમની કરુણાનું વાણી વડે વર્ણન નથીજ થઈ શકતું, અને એવું કોઈ 'અસંભવિત' કાર્ય નથી કે જે તેની કૃપા વડે સંભવિત ન બની જાય.

શબ્દાર્થ

(यत्) જે **(नग्नं)** નગ્ન છે તેને [સોમ પ્રભુ] **(अभ्यूर्णोति)** ઢાંકે છે અને **(यत्)** જે **(तुरं)** આતુર છે, રોગી છે **(विश्वं)** તે સૌની, આખા સંસારની **(भिषक्ति)** ચિકિત્સા કરે છે. તેની કૃપા વડે **(अन्धः ईं)** આંધળો પણ **(प्र ख्यत्)** જોતો થઈ જાય છે અને **(श्रोणः)** લૂલો પણ **(निर्भूत्)** ચાલવા માંડે છે.

९ फाल्गुन

सुशेवो नो मृडयाकुः अदृप्तक्रतुः अवातः ।
भवा नः सोम शं हृदे ॥ (ऋ. ८-७९-७)

વિનય

હે સોમ! નિઃસંદેહ તમે હૃદયોની અંદર સમાઈ ગએલા છો. અમે જાણીએજ છીએ કે, તમારા રસનું, તમારા સોમરસનું પાન અમારાં એ હૃદયો દ્વારાજ થઇ શકે છે. તો હે સોમ! તમે અમારાં હૃદયોની અંદર નિવાસ કરતા હોવા છતાં તમે અમને શાંત અને સુખી કેમ નથી કરતા? અમને તમારૂં રસપાન કરાવીને રસયુક્ત અને સુખમય શામાટે નથી બનાવી દેતા? આવો, આવો, આજે અમારાં હૃદયને માટે તમે ઉત્તમ સુખવાળા અને સુખનું પ્રદાન કરનારા બની જાઓ. અમને સુખી કરો, અમને ઉત્તમ પ્રકારનાં સુખ આપીને સુખી કરી દો. તમારાં સુખ વડે, તમારાં ઉત્તમોત્તમ સુખ વડે અમને એવા ભરપૂર

કરી દો કે પછી સંસારનાં તમામ દોષયુક્ત સુખ, આરંભમાં મીઠાં પણ પરિણામે વિષરૂપ નીવડનારાં વિષયાદિ સુખ અમારે મનથી સ્વાભાવિક રીતે અળખામણાં બની જાય, હમેશને માટે અમને તે કડવાં ઝેર જેવાં અકારાં થઈ જાય, તેમના ઉપરનો મોહ જડ મૂળથી ઉખડી જાય. જો તમે અમારે માટે આવા સુ–સુખયિતા થશો તો અમે પણ તમારે માટે '**अदृप्तक्रतु**' અને '**अवात**' બની જઇશું, તમારી કૃપા વડે અમે અભિમાનરહિત જ્ઞાન અને કર્મવાળા તથા અચલાયમાન થઇ જઇશું. અમે અમારા જ્ઞાનનું અભિમાન કરીએ છીએ, અમે કર્મ કરીએ છીએ તે પણ ભારે અભિમાનયુક્ત બનીને કરીએ છીએ, અમારા ક્ષુદ્ર અભિમાનને લીધે અમે ઉછળીએ છીએ, કૂદીએ છીએ અને વાંકા વાંકા ચાલીએ છીએ. વળી જરા જરામાં ઉદ્વિગ્ન અને ચંચળ ચિત્તવાળા બની જઇએ છીએ, તે બધું શાથી થાય છે? તેનું એકજ કારણ છે કે, તમે તમારા સોમરૂપ વડે અમારાં હૃદયની અંદર સમાઇ રહ્યા છો એ વાતનો અમે અનુભવ નથી કરી શકતા, તમને અમારાં હૃદયમાં ધારણ કરવા છતાં પણ અમે તમારા સોમરસથી સર્વથા વંચિતજ રહીએ છીએ. જે ધન્ય પુરુષોનાં હૃદયને તમે તમારા રસ વડે પરિપૂર્ણ કરી દો છો તેઓ તો સર્વથા શાંત અને નિરહંકારજ હોય છે, તેઓ મહાન્ જ્ઞાન અને કર્મની શક્તિથી યુક્ત હોવા છતાં તદ્દન અભિમાનરહિત અને નમ્ર હોય છે, ગંભીર અને પ્રશાંત હોય છે. એટલા માટે હે સોમ! અમે તમારી પ્રાર્થના કરીએ છીએ કે, તમે અમારાં હૃદયોને માટે કલ્યાણકારી નીવડો, અમને તમારી પરમ રસયુક્તતા અને શીતળતાનું દાન કરતા રહીને અમારાં હૃદયોને માટે સુખકારી નીવડો.

શબ્દાર્થ

(सोम) હે સોમ ! તમે **(नः)** અમારે માટે **(सुशेवः)** ઉત્તમ સુખવાળા **(मृडयाकुः)** સુખદાતા થાઓ, **(अदृप्तक्रतुः)** અભિમાનરહિત જ્ઞાન અને કર્મવાળા અને **(अवातः)** અચલાયમાન તથા શાંત થાઓ, **(नः)** અમારાં **(हृदे)** હૃદયને માટે **(शं)** કલ્યાણકારી, સુખકારી **(भव)** થાઓ.

१० फाल्गुन

न ह्यन्यं वळाऽकरं मर्डितारं शतक्रतो ।
त्वं न इन्द्र मृडय ॥ (ऋ. ८-८०-१)

વિનય

હે શતક્રતો ! ખરેખર, આ સંસારમાં તારા સિવાય બીજો કોઇ સુખદાતા છેજ નહિ. આ બધા ભોગ્ય વિષયો જેમની પાછળ આખી દુનિયા આંધળી થઇને દોડે છે, તેમની મેં ખૂબ પરીક્ષા કરી લીધી છે, ખૂબ નાણી જોયા છે. પરંતુ હે ઇન્દ્ર ! મારી ખાત્રી થઇ ગઈ છે કે, એમાં તો લેશમાત્ર પણ સુખ નથી. સ્વજનોનો પ્રેમ, ધનવૈભવ, માન, પ્રતિષ્ઠા વગેરે સુખદાયક છે એવું લગભગ બધાજ અનુભવથી કહે છે, પરંતુ હે ઇન્દ્ર! મેં તો જોઇ લીધું છે કે, એમાંની કોઇ પણ વસ્તુમાં સુખ નથી, જે કાંઇ થોડુંક સુખ એમનામાંથી પ્રાપ્ત થાય છે તે પણ તેમનું પોતાનું નથી. હું તો એ પણ જોઇ ગયો છું કે, ખરેખરી ભૂખ લાગી હોય અને એવે વખતે લૂખો સૂકો રોટલો ખાવાથી જે સ્વાભાવિક સુખ મળે છે અથવા ગુરુદેવના ચરણને સ્પર્શ કરવાથી જે સાત્વિક સુખનો અનુભવ થાય છે તે સુખ પણ નથી રોટલામાં તેમજ નથી ગુરુના ચરણમાં; પણ હે શતક્રતો ! એ તો તારામાંજ છે, કેવળ તારામાંજ છે. એ બધાંજ સુખનું મૂળ કારણ તુંજ છે. આટલું જાણી લીધા પછી મારા જેવો પુરુષ સુખને માટે આ સંસારમાં શા માટે જગ્યાએ જગ્યાએ અથડાતો ફરે? જેણે એટલી એક વાત બરાબર સમજી લીધી હોય કે સંસાર, જે એઠા બોટેલા અને આંશિક સુખની મઝા લઇ રહ્યો છે તે સુખનો મૂળ ભંડાર તો તુંજ છે, તે માણસ સુખને માટે બીજે ક્યાં જવાનો હતો ? એટલા માટે મેં તો સુખદાતા તરીકે

તનેજ ઓળખી લીધો છે. મારી દૃષ્ટિએ તો હવે આખા સંસારમાં તારા સિવાય સુખ આપી શકે એવો કોઈ રહ્યોજ નથી. આ સાંસારિક વિષયો અલબત્ત, પોતપોતાનાં સુખદ રૂપ ધારણ કરીને, પોતાના મનમોહક, હૃદયહારી પોશાકમાં સજ્જ થઇને મારી આસપાસ ભમ્યા તો કરે છે, પણ એવા દુ:ખરૂપ અને નામમાત્રનાજ સુખને લઇને હું કરૂં પણ શું ? હું તેમના તરફ નજર પણ નથી કરતો. એવીજ રીતે ધન, માન વગેરે મારી આગળ તેમના મલિન સુખોનો પ્રસ્તાવ રજૂ કરે છે, પણ હું તેમનો અસ્વીકાર ન કરૂં તો બીજું કરૂં પણ શું ? મને તો હવે એકજ સુખની તરસ લાગી છે અને તે તો તારૂંજ સુખ છે, સીધું અપરોક્ષ રીતે તારી પાસેથીજ મળનારૂં વિશુદ્ધ સુખ છે. માટે બીજા, ત્રીજા કે હજારમા હાથથી મળેલું એઠું, બોટેલું, ખંડિત થએલું તારૂં સુખ પણ ન જોઇએ. મારૂં સુખ તો તેજ, કે જે સીધું તારી પાસેથીજ આવેલું હોય. મારે તો ચાતકની માફક સીધું આકાશમાંથી, તારી પાસેથી ચાલ્યું આવેલું દિવ્ય અને નિર્મળ સુખજ જોઇએ. મારી તૃષા તો તેના વડેજ છીપે એમ છે. એટલા માટે હે ઇંદ્ર ! તું હવે મને તારૂં પોતાનું સુખ આપ, તારે હાથેજ તું તારૂં સુખ આપ અને મને સુખી કરી દે.

શબ્દાર્થ

(शतक्रतो) હે શતયજ્ઞ ! અનેક કર્મ કરનારા ! **(अन्यं)** તારા સિવાય બીજા કોઇને **(मर्डितारं)** સુખદાતા તરીકે **(वळा)** ખરેખરજ હું **(नहि अकरं)** નથી જાણતો, તેથી **(इन्द्र)** હે પરમેશ્વર ! **(त्वं)** તું **(नः)** અમને **(मृडय)** સુખી કર.

११ फाल्गुन

यो नः शश्वत् पुराविथ, अमृध्रो वाजसातये ।
स त्वं न इन्द्र मृडय ॥ (ऋ० ८-८०-२)

વિનય

હે ઇન્દ્ર ! તું તો તેજ છે કે જે સર્વથા અહિંસક છે. તું એટલો તો પ્રેમમય છે અને એવો તો સર્વસમર્થ છે કે જેથી કરીને તને કોઇની હિંસા કરવાની જરૂરજ નથી પડતી. અને તું પોતે અહિંસક હોવાથી તું સર્વથા અહિંસિત પણ હોય છે, તારો કદી વિનાશ થઈ શકતો જ નથી. વળી હે ઈન્દ્ર ! તું તો તેજ છે, કે જે આવો અહિંસક રહીને, આવો પ્રેમમય થઇને પહેલેથીજ હમેશાં અમારૂં રક્ષણ કરતો આવ્યો છે. જ્યારે જ્યારે દુનિયાનાં તમામ બળોથી નિરાશ થઇને, અમારા ખંડિત થએલા અભિમાનને તજી દઇને, અમારી નિર્બળતાનો સ્વીકાર કરીને તને સાદ કર્યો હશે, ત્યારે ત્યારે તેં હમેશાં અમારી વહારે દોડી આવીને અમારી રક્ષા કરીજ હશે; અમને બળ, હિંમત પ્રેર્યાં જ હશે. નવાં નવાં બળની અમને પ્રાપ્તિ કરાવીને તું અમારૂં રક્ષણ કરતો આવ્યો છે. હે ઇન્દ્ર ! ઉપર કહ્યા તેવાજ અમારા ઈન્દ્ર ! તું આ વખતે પણ અમારૂં રક્ષણ કર અને અમને સુખી કર. અત્યારે તો ચારે દિશાએ નિરાશાનાં કાળાં વાદળ ઘેરાઇ ગયાં છે, પાપની શક્તિઓએ અમને ચારે બાજુએથી દબાવી દીધા છે. અમારૂં કાંઇજ ચાલતું નથી. અમારૂં બધુંજ બળ નકામું નીવડયું છે. માટે હવે તો હે ઈન્દ્ર ! આ વખતે તુંજ અમારી મદદે આવ અને અમને બચાવી લે, તુંજ અમારો ઉદ્ધાર કર. અમને નવું બળ પ્રાપ્ત કરાવીને અમને ફરીથી સુખી કર.

પહેલેથીજ હમેશાં અમારૂં રક્ષણ કરનારા ! હે અમૃધ્ર ! તું અમને સુખી કર, ફરીથી સુખી કર.

શબ્દાર્થ

(इन्द्र) હે ઇન્દ્ર ! હે પરમેશ્વર ! **(यः)** જે **(अमृध्रः)** અહિંસક અને અહિંસનીય એવા તેં **(नः)** અમારી **(पुरा)** અગાઉ **(शश्वत्)** સદા **(वाजसातये)** બળપ્રાપ્તિને માટે **(आविथ)** રક્ષા કરી છે, બળ પ્રેરીને અમારૂં રક્ષણ કર્યું છે, **(सः त्वं)** તેજ તું **(नः)** અમને **(मृडय)** સુખી કર.

१२ फाल्गुन

इन्द्र प्र णो रथं अव, पश्चाच्चित् सन्त मद्रिवः ।
पुरस्तात् एनं म कृधि ॥ (ऋ० ८-८०-४)

વિનય

હે ઇન્દ્ર ! તમે મારા રથની રક્ષા કરો, મારા પાછળ પડી ગએલા જીવનરથની પણ રક્ષા કરો. મારો રથ પાછળ રહી ગયો છે. એટલા વાસ્તે તો હે વજ્રવાળા ! તમારે તેની ખાસ કાળજી રાખીને વધારે રક્ષા કરવી જોઇશે. હું જોઉં છું કે, મારા ઘણાય સાથીઓ મારાથી આગળ નીકળી ગયા છે, મારા જોતજોતામાં પોતાના જીવનને ઉન્નત બનાવીને મારાથી ઘણાજ આગળ નીકળી ગયા છે. કેટલાક ધૃતિ આદિ ધાર્મિક ગુણોને પોતાના જીવનમાં ધારણ કરીને ઉન્નત થઇ ગયા છે, કોઈ અભય આદિ દૈવી સંપત્તિઓની કમાણી કરીને આગળ વધી ગયા છે; કોઇ ઉગ્ર તપશ્ચર્યા કરીને તેની સહાયતાથી વિશેષ વેગવાન બનીને મારાથી આગળ નીકળી ગયા છે તો વળી કોઇ વિવેક, વૈરાગ્ય આદિ સાધનચતુષ્ટયની સાધના કરીને મારાથી ઘણાજ આગળ

ચાલ્યા ગયા છે, કોઈ કોઇ મહાન આત્મા આત્મિક શક્તિઓના દિવ્ય ઘોડા પર સ્વાર થઈને એકદમ બધાને પાછળ મૂકી દઈને સૌના આગેવાન બની બેઠેલા છે. જુઓ, જુઓ, પેલા કર્મશૂરા કર્મયોગીઓના એક એકથી ચઢીઆતા રમણીય રથ, જ્ઞાનીઓ અને યોગીઓના એકએકથી વધી જાય એવા તેજસ્વી રથ અને ભક્ત મહાત્માઓના એકબીજાની સાથે સરસાઇ કરે એવા દિવ્ય રથ મને પાછળ રહેવા દઈને આગળ દોડયા જાય છે. કેટલાક જેઓ મારી પાછળ હતા તેઓ પણ **'तीव्र संवेग'**ને લીધે મારાથી આગળ નીકળી જાય છે. ઓ પરમેશ્વર! હું કયાં સુધી આમ ને આમ પાછળનો પાછળજ રહીશ? કયાં સુધી હું રગશીઆ ગાડાને વેગે પાછળ પાછળ ઘસડાયા કરીશ? તમે મને નિરંતર પાછળનો પાછળ પડતાં બચાવો, મારી સતત અવનતિમાંથી મને ઉગારી લ્યો. ના, ના, મને ફક્ત અવનતિમાંથી ઉગારી લો એટલુંજ બસ નથી, પણ મારી ઉન્નતિ કરતા રહો, મને પ્રગતિ કરાવો. મારા આ જીવન–રથને આગળ ધપાવો, તેનામાં તમારૂં ઈન્દ્ર–બળ પ્રેરીને બીજા રથોના કરતાં આગળ દોડાવી જાઓ.

શબ્દાર્થ

(इन्द्र) હે ઈન્દ્ર! **(अद्रिवः)** હે વજ્રવાળા! **(नः)** અમારા **(पश्चात् चित् सन्तं)** પાછળ પડી ગએલા **(रथं)** રથને **(प्र अव)** પ્રકૃષ્ટ રીતે રક્ષો. **(मे)** મારા **(एनं)** આ રથને **(पुरस्तात्)** આગળ વધતો **(कृधि)** કરી દો.

१३ फाल्गुन

हन्तो नु किमाससे प्रथमं नो रथं कृधि ।
उपमं वाजयु श्रवः ॥ (ऋ. ८-८०-५)

વિનય

તો પછી હે ઇન્દ્ર! હવે વાર શાની છે? તમે હજી સુધી બેસી કેમ રહ્યા છો? ચાલો, ઉઠો, આજ્ઞા કરો અને મારા રથને સૌ કરતાં આગળ કરી દો અને મને પહેલો નંબર અપાવી દો. ખરેખર, મારે સર્વશ્રેષ્ઠ મનુષ્ય બનવું છે, શ્રેષ્ઠતામાં પહેલું સ્થાન પ્રાપ્ત કરવું છે. હું રામના જેવો મર્યાદા પુરુષોત્તમ બનીશ, કૃષ્ણની માફક પૂર્ણ પુરુષોત્તમ બનીને ઉભો રહીશ. ગમે તેમ કરીને પણ મારે જીવનની સ્પર્ધામાં પહેલો નંબર મેળવવો છે. મારી આ મહત્ત્વાકાંક્ષા સ્વાભાવિક છે; કારણ કે મનુષ્યમાત્ર પૂર્ણત્વ પ્રાપ્ત કરવાને માટેજ સરજાયો છે. જે કાર્ય કોઇ પણ એક મનુષ્ય કરી શકયો છે તે હું પણ કેમ ન કરૂં? જરૂરજ કરવાનો. મારામાં પણ તેના જેવોજ આત્મા છે. જેવો આત્મા રામમાં હતો, કૃષ્ણમાં હતો અથવા બીજા કોઈ પણ મહાપુરુષમાં હતો તેવો આત્મા મારામાં પણ છે. તો પછી હું તેમના જેવો થાઉં તેમાં અડચણ શાની છે? વળી હે ઇંદ્ર! મને સર્વશ્રેષ્ઠ બનાવવાને માટે જે જે સાધનો જોઇએ તે બધાં તમારી પાસે હાજરજ છે. મારે સારૂ જ્ઞાન, બળ, જે કાંઇ જરૂરનું હોય તે બધુંજ તમારી પાસે છે. તમે જો ધારો તો તમારા **'श्रवस्'** દ્વારા, ઐશ્વર્ય દ્વારા મારા જીવનમાં **'वाज'** બળ અને જ્ઞાન ભરી શકો છો અને તેમના વડે મને ઘણામાં ઘણો ઉન્નત કરી શકો છો. તો પછી હે ઇન્દ્ર! તમે ઉઠો અને મારામાં જાગૃત થઈ જાઓ.

તમે એક વાર મારામાં જાગૃતજ થઇ જશો તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મહાપુરુષ થવાને માટે **वाज**, જ્ઞાન, બળ વગેરે જેમ જેમ તેમની જરૂર પડતી જશે, તેમ તેમ તેઓ મારામાં પ્રકટ થતાંજ જશે. ત્યારે હવે તમે શું જોઇને બેસી રહ્યા છો ? તમારા ઐશ્વર્ય દ્વારા મને '**वाज**'નું દાન દઇને મારા જીવનને સર્વોત્તમ બનાવી દો, મારા જીવન-રથને સૌથી શ્રેષ્ઠ સ્થાને લાવીને સ્થાપિત કરી દો.

શબ્દાર્થ

(**हन्तो**) તો પછી (**इन्द्र**) હે ઈન્દ્ર ! તમે (**नु**) હવે (**किं**) શા માટે (**आससे**) બેસી રહ્યા છો ? (**नः**) અમારા (**रथं**) રથને (**प्रथमं**) સૌની આગળ, પ્રથમ સ્થાન ઉપર (**कृधि**) લાવી દો. (**वाजयु**) વાજ (બળ જ્ઞાન)ને માગતાં (**श्रवः**) ઐશ્વર્ય તો (**उपमं**) તમારી પાસે [છેજ].

१४ फाल्गुन

अवा नो वाजयुं रथं सुकरं ते किमित् परि ।
अस्मत् सु जिग्युषः कृधि ॥ (ऋ० ८-८०-६)

વિનય

હે ઈન્દ્ર ! આ તરફ નજર કરો. અમારો રથ, અમારૂં જીવન તમારા '**वाज**'ને માટે યાચના કરે છે, આગળ વધવાને માટે તમારી પાસેથી જ્ઞાન અને બળની ભિક્ષા માગે છે. તમારા તરફથી અમને જેટલું '**वाज**' મળી રહેશે તેટલા પ્રમાણમાંજ અમારો જીવનરથ આગળ વધી શકશે. એટલા માટે આ મારા '**वाजयु**' રથને તમારા જ્ઞાન અને બળનું દાન દઇને તેની રક્ષા કરો, તેને તૃપ્ત કરો. તેની ત્રુટિની પૂર્તિ કરો. અરેરે ! મારે તો આ જીવનની રસા-

કસીમાં સૌથી પહેલે નંબરે આવવું છે. વિજય ઉપર વિજય મેળવતા જઇને મારે તો જીવનના ઉચ્ચતમ લક્ષ્યને પ્રાપ્ત કરવું છે. એટલા માટે હે ઇન્દ્ર ! તમે આ મારા વાજયુ રથને તમારા વાજ વડે એવો પરિપૂર્ણ કરી દો કે મારૂં જીવન સર્વાંગ સંપૂર્ણ જીવન બની જાય અને મારો રથ સૌની આગળ દોડતો થઇ જાય. હે ઇન્દ્ર ! તારે માટે બધુંજ શકય છે. તું ધારે તે કરવા સમર્થ છે અને તે પણ ઘણી સહેલાઈથી રમતાં રમતાં કરી શકે છે. તારે માટે તો બધાંજ કામ સુગમ છે. ત્યારે હે ઇન્દ્ર ! બસ, તું મને સૌથી આગળ કરીજ દે. તું મને સર્વોત્તમ વિજેતા બનાવી દે. તું અમને એવા સર્વશ્રેષ્ઠ વિજેતા બનાવી દે કે અમે માર્ગનાં તમામ વિઘ્નોને અમારા પગ તળે કચરીને, જીવનનાશિની આસુરી શક્તિઓના ઉપર એક પછી એક મહિમાવન્ત વિજય પ્રાપ્ત કરતા જઇને અમારી યાત્રાને સફળ કરીએ અને જીવનની પૂર્ણતાને સિદ્ધ કરીએ.

શબ્દાર્થ

(नः) અમારા **(वाजयुं)** વાજ, જ્ઞાનસામર્થ્ય અને બળની માગણી કરનારા **(रथं)** જીવન-રથની **(अव)** રક્ષા કરો, તેને તૃપ્ત કરો, **(ते)** તારે માટે **(किं इत्)** કોઇ પણ કામ, બધુંજ **(परि)** બધી રીતે, સર્વથા **(सुकरं)** સુગમ છે, સહેલ છે. **(अस्मत्)** અમને **(सु जिग्युषः)** ઉત્તમ વિજયી, શ્રેષ્ઠ વિજેતા **(कृधि)** બનાવી દો.

१५ फाल्गुन

विद्मा हित्वा तुविकूर्मिं तुविदेष्णं तुवीमघम् ॥
तुविमात्रं अवोभिः ॥ (ऋ. ८-८१-२ ॥ सा. उ. १-२-६)

વિનય

અહો ! તું અમારા પ્રત્યે કેટલો બધો દયાળુ છે, અમારા ઉપર દયાની અખંડ અવિરત વર્ષા કેવી રીતે કર્યાજ કરે છે તે અમે જાણ્યું છે, અમને સમજાઇ ગયું છે. તારા તરફની રક્ષાઓ, તૃપ્તિઓ, દીપ્તિઓ, વૃદ્ધિઓ, તારા તરફથી ક્ષણે ક્ષણે મળ્યા કરતી તારી કૃપાઓ, તારા પ્રસાદ, તારા તમામ પ્રકારના '**अवस्**' અમને ક્ષણેક્ષણે અગણિત પ્રકારે પ્રાપ્ત થયાજ કરે છે. અહાહા ! તું તો અમારા ઉપર તારી દયા વરસાવવાને માટેજ '**तुविकूर्मिं**' બન્યો છે, અનેક પ્રકારે કર્મ કરનારો અનંતકર્મા થયો છે. તારે પોતાને માટે તો ત્રણે કાળમાં, ત્રણે લોકમાં કશુંજ કર્તવ્ય નથી હોતું, તે છતાં પણ તું તારાં આ અનંત બ્રહ્માંડોમાં તારૂં અખંડ મહાન્ કર્મ પ્રતિક્ષણે કરતોજ રહે છે તે માત્ર અમારા જીવોના કલ્યાણને માટે, અમારા ઉપર પ્રેમવશ થઇને તું કરે છે. અમારા ઉપર કૃપાર્દ્ર બનીનેજ તું '**तुविदेष्ण**', ઘણું આપનારો, ક્ષણે ક્ષણે લાગલાગટ સૌને યથાયોગ્ય દાન કરનારો થઇ રહ્યો છે. મનુષ્ય જ્યારે તારાં દાનોનો અનુભવ કરવા લાગે છે, ત્યારે તે જોઇ શકે છે કે, તારે તો અમને સદાકાળ દાન દીધા સિવાય બીજું કામજ નથી અને વળી તારાં એવાં દાનનો કોઇ પણ સ્થળે છેડો પણ નથી આવતો. આવી રીતે તું અમારે માટે, ફક્ત અમારેજ માટે **तुविमघ** પણ બન્યો છે, અપાર અનંત ઐશ્વર્યયુક્ત ઐશ્વર્ય-ભંડાર બન્યો છે. તું પોતે તો પરિ-

પૂર્ણ આપ્તકાળ છે, તારે પોતાને તો ત્રણે કાળમાં કોઇ પણ ભોગની આવશ્યકતા છેજ નહિ, છતાં પણ તું આ સંસારમાં બધોજ વખત તરેહ તરેહના ભોગ્ય પદાર્થો ઉત્પન્ન કર્યા કરે છે અને તેમનું દાન દીધા કરે છે તે અમારી, જીવોની તૃપ્તિને માટે અમારી પૂર્ણતાને માટેજ કરે છે. અને વળી તું જે '**तुविमात्र**' બન્યો છે, અનેક પરિમાણવાળો બન્યો છે, તે પણ તારાં '**अवसो**' વડેજ થયો છે, તારાં પોતનાં રક્ષણ વગેરે અમને પૂરાં પાડવાને માટેજ થયો છે. તું અમને સદા અને સર્વત્ર તારી રક્ષાનું દાન કરી શકે એટલા માટેજ તું તારી જાતને અનંત કાળપર્યંત અને અનંત દેશપર્યન્ત ફેલાવી બેઠો છે. અહાહા ! અમે જે તારાં સંતાન છીએ તેમને માટે, અમારા સૌના હિતને માટે તું પ્રેમવિહ્વલ બનીને અનંતકર્મા, અનંતદાની, અનંતધન અને અનંતપરિમાણ થઇ રહ્યો છે. હે પ્રભુ ! અમે આવા તારા અગણિત ઉપકારોનો બદલો તો વાળી શકીએજ શી રીતે ? તારી અનંત કૃપાઓના ઋણમાંથી અમે અનંત કાળ પછી પણ મુક્ત થઇ શકતા નથી.

શબ્દાર્થ

(**हि**) નિઃસંદેહ અમે (**त्वा**) તને (**अवोभिः**) રક્ષા, તૃપ્તિ, દીપ્તિ, વૃદ્ધિ વગેરે વડે (**तुविकूर्मिं**) બહુ કર્મવાળો, (**तुविदेष्णं**) બહુ દાની, (**तुविमघं**) બહુ ધનવાળો અને (**तुविमात्रं**) બહુ પરિમાણવાળો (**विद्म**) જાણીએ છીએ.

१६ फाल्गुन

एतोन्विन्द्रं स्तवाम ईशान वंस्वः स्वराजम् ।
न राधसा मर्धिषन्नः ॥ (ऋ० ८-८१-४)

વિનય

જુઓ, જુઓ, આ આખો સંસાર ધનને માટે વિનાશ તરફ દોડયો જાય છે. લોકો સમજી બેઠા છે કે, ધન વડે અમને જીવન પ્રાપ્ત થશે, તેટલા માટે તેઓ ધનની પાછળ દીવાના બન્યા છે અને ભલી ભૂંડી ગમે તે રીતે ફક્ત અમને ધન મળે એવી મતલબથી ધન કમાવાને મથન કરી રહ્યા છે. એમ કરતાં કરતાં વર્તમાન સમયમાં ધન પોતાની મર્યાદાને એટલી હદ સુધી ઓળંગી ગયું છે કે ધન આપણું ‘स्व’ નથી રહ્યું, પણ તેજ ઉલટું આપણું સ્વામી બની બેઠું છે; આથી કરીને ધનને લીધે તો આપણી શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ એકદમ અટકી પડી છે. ધનનો કાટ ચઢી જવાથી આપણું આ ત્રિવિધ તેજ ઝાંખું પડી ગયું છે, ભોગમાં ફસાઇ પડીને આપણે આ ત્રણે પ્રકારના વીર્યને ગુમાવી બેઠા છીએ. એટલા માટે, હે મનુષ્યો ! આપણે આ ધનના મારથી કેવી રીતે ઉગરીએ તેનો વિચાર કરીએ. હે આખા સંસારના લોકો ! આવો, આપણે પેલા આપણા ઇન્દ્રની સ્તુતિ કરીએ, તેની આગળ નમ્રપણે મસ્તક નમાવીએ, તેજ આપણો પરમ ઐશ્વર્યવાન્ પ્રભુ છે. આપણે એ પરમ ઐશ્વર્યવાળાને ભૂલીશું નહિ, આપણા ઉપર એ ‘ઐશ્વર્યોના ઈશ્વર’ નું રાજ્ય ચાલે છે એટલું સદા ધ્યાનમાં રાખીશું, આ સ્વયં-રાજમાન, સ્વયંપ્રકાશ, ‘स्वराज्’ સ્વયં રાજાના રાજ્યના નિયમો પ્રમાણે હમેશાં વર્તન કરતા રહીશું તો એ ધન આપણને ગાંડા નહિ બનાવી શકે, એ ધન આપણું માલિક બનીને આપણા માથા ઉપર નહિ ચઢી બેસે. આપણને જ્યારે જે ઐશ્વર્યની સાચી જરૂર પડે છે, ત્યારે તેજ

ઐશ્વર્ય જેના તરફથી આપણને વિના માગ્યે મળી રહે છે તે **'वस्वः ईशान'** ને આપણે ભૂલી જઇએ છીએ તેજ આપણા ગાંડપણનું મૂળ કારણ છે; આપણે ધનના ગુલામ એટલા માટે થઇએ છીએ કે આપણે પોતેજ સ્વયં રાજમાન થવાને બદલે, સ્વયંપ્રકાશિત થવાને બદલે, ધન વડે રાજમાન થવા ઇચ્છીએ છીએ, આપણા **'स्व'** ઉપર આપણા શરીર, ઇન્દ્રિયો આદિ ધન ઉપર તથા બાહ્ય ધન ઉપર–રાજ્ય કરવાને બદલે આપણે તેમનેજ આપણા ઉપર રાજ્ય કરવા દઇએ છીએ. એમ કરવાનું પરિણામ એવું થાય છે અને થવું જોઇએ કે, ભૌતિક ધન અને આધ્યાત્મિક ઐશ્વર્ય, (વિભૂતિઓ, સિદ્ધિઓ ઇત્યાદિ) આપણાં સાધન થવાની જગ્યાએ આપણાં લક્ષ્ય બની જાય છે અને તેથી તેઓ આપણી ઉન્નતિને અટકાવી પાડે છે. એટલા માટે મારા ભાઇઓ ! ચાલો, આપણે આપણા ઐશ્વર્યોના ઇશાન, **'स्वराट्'** પ્રભુનું ભજન કરીએ, તેનું ભજન કર્યા વગર તેના ધનનો જરા પણ ભોગ ન કરીએ. જે દહાડે સંસારભરના માનવબંધુઓ સંમિલિત થઇને આપણા સૌના પ્રભુ 'ઇન્દ્ર'-ની સ્તુતિ કરશે અને તેનું પૂજન કરીનેજ તેના આપેલા ધનને તેનો પ્રસાદ ગણીને ભોગવતા થશે તે ઉજમાળો દિવસ કયારે ઉગશે ? અહા ! તે દશ્ય કેવું જોવા જેવું હશે ? એવું થશે ત્યારે ધન પણ આપણું દાસ બનીને આપણી સેવા કરશે અને આપણી ઉન્નતિનું એક યોગ્ય સાધન બની જશે.

શબ્દાર્થ

હે મનુષ્યો ! **(एत उ)** આવો, આપણે **(नु)** હમણાં **(वस्वः ईशानं)** ઐશ્વર્યોના ઇશ્વર **(स्वराजं)** સ્વયં રાજમાન, સ્વરાટ્ **(इन्द्रं)** પરમેશ્વરની **(स्तवाम)** સ્તુતિ કરીએ, ભજન કરીએ, જેથી કરીને તે **(नः)** આપણને **(राधसा)** ધન દ્વારા, સિદ્ધિઓના ઐશ્વર્ય દ્વારા **(न मर्धिषत्)** મારી ન નાખે, વિનષ્ટ ન કરે.

१७ फाल्गुन

विश्वा हि मर्त्यत्वना अनुकामा शतक्रतो।
अगन्म वज्रिन् आशसः॥ (ऋ. ८-९२-१३)

વિનય

હે શતક્રતુ ! અમે મર્ત્ય છીએ, મરણશીલ મનુષ્યો છીએ. તેથી કરીને અમારાં હૃદય કામનાઓથી ભરપૂર હોય એ સ્વાભાવિકજ છે. એ કામનાઓ અમારામાં ન રહે તો પછી અમે મર્ત્યજ ન રહીએ. મર્ત્ય મટીને અમર્ત્ય બની જઇએ અથવા મર્ત્યથી ઉપરના દરજ્જામાં જે કોઇ હોય તેવા બની જઇએ. મનુષ્યત્વ કામનાઓનું અનુગત છે, આપણામાં જેટલું પણ મર્ત્યપણું છે તે બધુંજ કામનાઓને અનુસરવાનું પરિણામ છે. આપણે નાના પ્રકારનાં મૃત્યુઓને અધીન થઇએ છીએ, દુઃખના ખાડામાં ગબડી પડીએ છીએ; એ બધાનું એકજ કારણ છે કે, આપણે ચારે બાજુએથી કામનાઓ વડે ઘેરાઈ ગયા છીએ, ઇચ્છાઓ આપણને સતાવી રહી છે. એટલા માટે, હે ઇન્દ્ર ! તમે ગમે તેમ કરીને અમને આ કામનાઓના પ્રદેશથી ઉંચે ઉપાડી લ્યો. ખરેખરી મુશ્કેલી તો એ છે કે, આ કામનાઓને અમે દબાવી દેવા મથીએ છીએ, પણ એ દબાતીજ નથી; ઉલટી અંદર રહી રહી અમનેજ કોતરી ખાય છે. હવે જો અમે તેમને તૃપ્ત કરીએ છીએ તો એ ઉલટી વધારે બળવાન થાય છે. જેમ અગ્નિમાં ઘીની આહુતિ આપવાથી તે વધારે પ્રજ્વલિત થાય છે, તેમ ઇચ્છાને તૃપ્ત કર્યાથી તેઓ વધારે જોરાવર બની જાય છે. એટલા માટે હે શતક્રતો ! હે પ્રભૂતસંકલ્પ ! અમે તમને વિનવીએ છીએ કે, હવે તો તમેજ એવી કૃપા કરો, કે જેથી અમારી એ કામનાઓ 'आशस्'ના રૂપમાં ફેરવાઈ જાય. હે વજ્રવાળા ! તમે અમને એવી વિવેકશક્તિની બક્ષિસ આપો કે અમે અમારી ક્ષુદ્ર અનુચિત કામનાઓને જ્ઞાનપૂર્વક જડમૂળથી ઉખાડીને ફેંકી દઇએ અને અમારી **व्यापी** (વ્યાપક) અથવા શુભ ઇચ્છાઓને, આશસોને માટે ક્ષેત્ર ખુલ્લું કરી દઇએ. બસ, તમે એટલી-

જ કૃપા કરશો તો અમારામાં જે દાબી દેવા જેવી નઠારી ઇચ્છાઓ હશે તે બધી નિર્મૂળ થઇ જશે અને ઉછેરવા લાયક, શુભ ઇચ્છાઓ હશે તેઓ સંકલ્પરૂપ બની જશે, શક્તિસ્વરૂપ થઇ જશે. કામનાઓની સાધના દ્વારા અમે કોઇ દહાડો મર્ત્ય મટીને અમર્ત્ય બની જઇશું અને તમને પ્રાપ્ત કરી લઇશું તો તે આ રીતેજ. એટલા માટે, હે પ્રભો ! અમે તમને વિનવીએ છીએ કે, તમે અમને કામનાઓમાંથી છોડાવીને '**आशसो**'ની પ્રાપ્તિ કરાવો, અમારી વિશાળ અને દૃઢ આશાઓને પૂર્ણ કરો.

શબ્દાર્થ

(शतक्रतो) હે પ્રભૂત સંકલ્પવાળા ! **(विश्वा हि)** બધાંજ **(मर्त्यत्वना)** મર્ત્યત્વ, મરણશીલતા, મનુષ્યપણું **(अनुकामाः)** કામનાઓનું અનુગત છે, કામનાઓનું ફળ છે. **(वज्रिन्)** હે વજ્રવાળા ! અમે **(आशसः)** આશાઓને, દૃઢ વિશાળ ઇચ્છાઓને **(अगन्म)** પ્રાપ્ત કરીએ.

१९ फाल्गुन

त्वयेदिन्द्र युजा वयं प्रति ब्रुवीमहि स्पृधः ।
त्वमस्माकं तव स्मसि ॥ (ऋ० ८-९२-३२)

વિનય

હે જગદીશ્વર ! આ સ્પર્ધામય જગતમાં અમે તો તમારો પાલવ પકડ્યો છે. તમારાથી યુક્ત રહીનેજ અમે આ સંસારમાં વિજયી થઇ શકીએ છીએ. લોકો તો કહે છે કે, સંસારમાં વિજયી થવાને માટે ધન જોઇએ, પ્રચાર (પ્રોપેગેન્ડા) કરવાની કુશળતા જોઇએ, સૈન્ય જોઈએ, શસ્ત્ર જોઇએ, એવું એવું જોઇએ; પણ અમે તો જોઇએ છીએ કે, જો તમારાથી સંયુક્ત ન હોઇએ તો એ તોપો અને બંદુકો તો એમ ને એમ હવા ખાતી રહી જાય છે. સત્ય, પ્રેમ આદિ અવિનશ્વર સત્ય નિયમો અમને તમારી સાથે સંયુક્ત કરી રાખે છે. ઉપર કહ્યા તે તમારા પ્રેમબંધનોને

તોડીને અમે તમારાથી અળગા થઈ જઇએ છીએ, કોઇ સ્પર્ધામાં ઝટ વિજય મેળવવાની લાલચને વશ થઇને અથવા કોઇ પણ શત્રુને ગમે તેમ કરીને અવશ્ય પરાજિત કરવાને માટે તમારાં આવાં પ્રેમબંધનોને તોડીને તમારાથી જુદા થઇ જઇએ છીએ; ત્યારે દુનિયામાં અમારૂં કશું ઠામ ઠેકાણુંજ નથી રહેતું અને ઉલટા માર્યા જઇએ છીએ. એટલા માટે, હે ઇન્દ્ર! હવે તો અમે તમારા એકલાનીજ મદદ વડે–ફક્ત તમારોજ આશ્રય લઇને–અમારા પ્રતિસ્પર્ધીઓની સાથે અમારે હરિફાઈમાં ઉતરવું છે, અમારા શત્રુઓનો પ્રતિકાર કરવો છે. તમે અમને એવી શક્તિનું દાન કરો કે ભારેમાં ભારે પ્રલોભનો વડે પણ અમે તમારા સત્ય નિયમોનો ભંગ કરવાનો વિચાર પણ ન કરી શકીએ અને તેમ કરીને તમારાથી અલગ થવાનો તો સંભવજ ન રહે. અરેરે! તમારાથી અમે જુદા થઈ શકીએજ કેવી રીતે? તમને છોડી શકાયજ શી રીતે? તમે તો અમારા છો; અને અમે તમારા છીએ. તમે એકલાજ અમારા છો અને અમે પણ તમારાજ છીએ. તમે અમારા પિતા, માતા, સ્વામી, સખા, ગુરુ જે કહીએ તે તમેજ છો. તમે કોણ નથી? એવો કયો સંબંધ છે જે તમારી સાથે અમે જોડયો ન હોય? એટલા વાસ્તે અમે તો તમને કહીએ છીએ કે, તમે અમારા છો, અમારા છોજ અને અમે તમારાજ છીએ. તમારા પુત્ર, તમારા લાડકા બાળકો, તમારા સેવક, તમારા સખા, તમારા શિષ્ય, તમારા વહાલા, જે કાંઈ કહો તે બધાજ અમે છીએ. ખરેખર, તમેજ અમારા છો અને અમે તમારાજ છીએ. તો પછી અમને તમારાથી અળગા કરનાર હોયજ કોણ! અમે તમારાથી જુદા થઇ શકીએજ શી રીતે?

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર! **(त्वया इत्)** તારાજ **(युजा)** સાથ વડે તારી સાથેજ જોડાઇને **(वयं)** અમે **(स्पृधः)** સ્પર્ધા કરનારાઓનો **(प्रतिब्रुवीमहि)** પ્રતિકાર કરીએ, મુકાબલો કરીએ, તેમને જીતીએ. **(त्वं)** તું **(अस्माकं)** અમારો છે અને અમે **(तव)** તારા **(स्मसि)** છીએ.

१९ फाल्गुन

त्वामिद्धि त्वायवो अनुनोनुवतश्चरान् ।
सखाय इन्द्र कारवः ॥ (ऋ. ८-९२-३३)

વિનય

હે ઇન્દ્ર ! અમે બધા, સૌ સખાઓ ફક્ત તારીજ પરિચર્યા કરીએ; અમે બધા '**कारु**' સખાઓ સદા તારૂંજ સેવન કરીએ. જેમના હૃદયમાં તને ભજવાની ઈચ્છા ઉત્પન્ન થઇ છે, જેમને તારી થોડી ઘણી પ્રીતિ પ્રાપ્ત થઈ છે, એવા અમે બધા સખાઓ **कारु** બનીને તારીજ સેવા કરીએ, અમારા પ્રત્યેક આચરણ દ્વારા તારૂંજ સેવન કરીએ. તને ચાહીને, તને પ્રાપ્ત કરવાની મનમાં ઇચ્છા રાખીને, તારા સુધી પહોંચી જવાની ઇચ્છા રાખીને અમે બધા પ્રેમમાં મસ્ત બનીને તારાંજ સ્તુતિ-ગાન ગાઇએ, જ્યાં જઇએ ત્યાં બધે તારાજ નામનો અહાલેક જગાવીએ. અમે કારૂ થઇએ, તારા સ્તોતા થઇએ અને તારાં કર્મ કરનારા સ્તોતા થઇએ. અમે તારી મોઢા મોઢાની સ્તુતિ કરનારા નહિ, લૂખી લૂખી સ્તુતિ કરનારા નહિ, પણ અમારાં એકે એક કર્મ તારી સ્તુતિરૂપ નીવડે, અમારાં પ્રત્યેક કામ બોલી ઉઠે અને તારી ગુણગાથા ગાવા લાગે. અમે કારૂ થઇને, તારી સક્રિય સ્તુતિ કરનારા થઇને, તારાં પુષ્કળ ભજન-સ્તવન ગાતા ગાતા, અહોનિશ તારાં ગુણગાન ગાતા ગાતા, આખા સંસારમાં સર્વત્ર વિચારીએ. અમે તારા સખાઓ તારી ભક્તિનો આવો પ્રચાર કરતા રહીએ અને એમ કરતાં કરતાં અમારાં જીવનનો તારી સેવામાં લય કરતા જઇએ, તારી સક્રિય સેવામાં અમારાં જીવનને સમર્પિત કરતા જઇએ અને એ રીતે સંસારને એક એક પગથિયું ઊંચે લેતા જઇએ. હે ઇન્દ્ર ! બસ, આજ રીતે અમે તારા સખાઓ તારૂં આખું [illegible] ક્રિયાત્મક ભજન અન-

વરત કરતાજ રહીએ અને તારી શક્તિમતી ભક્તિનો પ્રવાહ આખા સંસારમાં નિરંતર વહન કરતો થઈ જાય ! હે પ્રભો ! એ ભક્તિ-પ્રવાહ નિરંતર વહેતો થઇ જાય !

શબ્દાર્થ

(इन्द्र) હે પરમેશ્વર ! **(त्वायवः)** તને ચાહનારા **(कारवः)** તારી ક્રિયાત્મક સ્તુતિ કરનારા **(सखायः)** અમે ભક્ત સખાઓ **(अनुनोनुवत:)** એક પછી એક તારી ઘણીજ અને વારંવાર સ્તુતિ કરતા રહીએ. **(त्वां इत् हि)** ફક્ત તનેજ **(चरान्)** ભજીએ, તારીજ સેવા કરીએ.

* * *

२० फाल्गुन

अभ्यादधामि समिधं अग्ने व्रतपते त्वयि ।
व्रतं च श्रद्धां चोपैमि ईन्धे त्वा दीक्षितो अहम् ॥
(यजु० २०-२४)

વિનય

હે અગ્નિ ! હે વ્રતપતિ ! હું તારી અંદર મારી સમિધાઓ અર્પણ કરૂં છું. એ સમિધાઓને તારામાં મૂકીને હું વ્રત અને શ્રદ્ધાને પ્રાપ્ત કરૂં છું. આ રીતે દીક્ષિત થઇને, હે અગ્નિ ! હું તને સમિદ્ધ કરૂં છું, તને પ્રદીપ્ત કરૂં છું.

હે આચાર્ય અગ્નિ ! તમે પોતે વ્રતોને, ઈશ્વરના નિયમોને યથાયોગ્ય રીતે પાલન કરો છો, માટે તમે પણ વ્રતોનું પાલન કરવાને સમર્થ બનાવી શકો છો. એટલા માટે હે વ્રતપતિ ! હે આચાર્ય ! તમારારૂપી અગ્નિમાં હું મારી જાતની સમિધા બનાવીને તેની આહુતિ આપું છું, સમિદ્ધ થવાને યોગ્ય હું, તમારા વડે સમિદ્ધ થવાને તમારામાં મારી જાતને સમર્પિત કરૂં છું. આ રીતે મારી જાતને સંપૂર્ણ રીતે તમારે અધીન બનાવીને હું વ્રત અને શ્રદ્ધાને પ્રાપ્ત થાઉં છું; સત્યપાલન આદિ શિષ્યે પાળવા

જેવાં વ્રતને તથા સત્યની ધારણારૂપ, સત્યને ધારણ કરાવવાને તમારામાં દૃઢ વિશ્વાસરૂપ શ્રદ્ધાને પ્રાપ્ત થાઉં છું. સત્ય વ્યવહાર આદિ વ્રતોનું પાલન કરવાનો દૃઢ નિશ્ચય કરીને તથા સત્યમાં તેમજ તમારામાં અવિચળ શ્રદ્ધા રાખીને આજથી હું તમને મારી જાત સર્વતોભાવે સમર્પિત કરી દઉં છું. આ રીતે તમારી પાસેથી દીક્ષા પ્રાપ્ત કરીને, દીક્ષિત બનીને, બ્રહ્મચર્યાશ્રમમાં પ્રવિષ્ટ થઈને, તમારો બ્રહ્મચારી બનીને, હે જ્ઞાનમય અગ્નિરૂપ આચાર્ય! હું તમને સમિદ્ધ કરૂં છું, તમને પણ પ્રદીપ્ત કરૂં છું. નિઃસંદેહ, તમારા સરખા પવિત્ર અગ્નિમાં મારી પોતાની જાતને સળગાવીને જ્યાં હું પ્રદીપ્ત થઈ ગયો એટલે પછી મારી સળગતી સમિધાને પ્રાપ્ત કરીને, હે અગ્નિસ્વરૂપ આચાર્ય! તમે પણ અવશ્ય પ્રદીપ્ત થવાનાજ, જગતમાં પ્રકાશિત થઈ જવાનાજ.

હે પરમ આચાર્ય! હે પરમ અગ્નિ! હે આત્મન્! વ્રતને પૂર્ણપણે પાળનારા અને બીજાને વ્રતનું પાલન કરવાની શક્તિ આપનારા! હું મારી સમિધાને તમારામાં પૂર્ણપણે પ્રદીપ્ત કરવાને માટે, સંસારમાં જન્મ ધારણ કરવાના હેતુને સંપૂર્ણ રીતે સિદ્ધ કરવાને માટે અર્પણ કરૂં છું. હું મહાન વ્રતને અને તમારામાં અટળ શ્રદ્ધાને પ્રાપ્ત થાઉં છું. હે પરમ અગ્નિ! આ રીતે તમારો બનીને હું તમને વધારૂં છું, તમારા પરમ તેજની વૃદ્ધિ કરૂં છું.

શબ્દાર્થ

(अग्ने) હે અગ્નિ! **(व्रतपते)** વ્રતોના પાલક! **(त्वयि)** તારામાં હું **(समिधं)** સમિધાને **(अभि आ दधामि)** મૂકું છું. **(व्रतं च)** વ્રતને **(श्रद्धां च)** અને શ્રદ્ધાને **(उपैमि)** પ્રાપ્ત થાઉં છું. **(दीक्षितः)** અને દીક્ષિત થઇ **(अहं)** હું **(त्वा)** તને **(ईन्धे)** પ્રદીપ્ત કરૂં છું.

२१ फाल्गुन

दूराच्चकमानाय प्रतिपाणाय अक्षये ।
आस्मा अशृण्वन्नाशाः कामेना जयन् स्वः ॥
(अथर्व० १९-५२-३)

વિનય

અહા ! આજે મારી ફરિયાદની સુનાવણી થઇ ગઇ, આજે મને મારૂં 'પ્રતિપાલન' મળી ગયું; બસ, આજે હું સુખી થઇ ગયો, ન્યાલ ગઈ ગયો ! દિશાઓએ મારી પ્રાર્થના સાંભળી લીધી છે. અરે ! તેમણે સાંભળી છે એટલું-જ નહિ પરંતુ મારા સંકલ્પ દ્વારા મને મારૂં અભીષ્ટ પ્રાપ્ત કરાવીને મારામાં તેને લીધે થતું સુખ પણ ઉત્પન્ન કરી દીધું. એક સમય એવો પણ હતો કે જ્યારે હું દૂરથી તેની ઇચ્છા કર્યા કરતો હતો. વારંવાર કામના કર્યા કરતો હતો. તે દૂરસ્થ વિષયની, તે દુષ્પ્રાપ્ય વસ્તુની વારંવાર પ્રાર્થનાઓ કરતો હતો. તે વખતે લોકો મારી મશ્કરી કરતા હતા, મને ગાંડો કહેતા હતા. કોઇ કહેતા કે "અરે ! એ તો અસંભવ છે," કોઈ કહેતા કે "હજી એનો વખત નથી આવ્યો," "આ દેશના લોકોને તે વળી હમણાં રક્ષણ કેવી રીતે મળી શકે," "આ જન્મમાં તો એ બનવા જોગ નથી," આવું આવું કહ્યા કરતા; પણ મારી ધારણા દૃઢ હતી. મારી ઇચ્છા સાચી હતી. એટલા માટે મેં પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. મારૂં હૃદય રક્ષણને માટે, પ્રતિપાલનને માટે નિરંતર પોકાર કર્યાજ કરતું હતું. તે વખતે તો અલબત્ત, એવુંજ માલૂમ પડતું હતું કે, મારા હૃદયમાંથી નીકળેલા તમામ પોકાર, તમામ પ્રાર્થનાઓ આ શૂન્ય આકાશમાં વિલીન થઇ જાય છે, નષ્ટ થઇ જાય છે, તદ્દન વ્યર્થ ચાલી જાય છે. પણ હવે હું જોઇ શકું છું કે, મારી પ્રાર્થનાઓ નષ્ટ થતીજ ન હતી, વ્યર્થ જતીજ ન હતી; પણ પ્રભુના અક્ષય હૃદયની અંદર, અક્ષય અંતરિક્ષના હૃદયની અંદર ઇશ્વરીય મનોમય વાયુમંડળની અંદર બરાબર સ્વીકૃત થતી હતી અને ત્યાં સુરક્ષિત રહેતી હતી. મારી એક પણ પ્રાર્થના વ્યર્થ નથીજ ગઇ. મારી

પ્રાર્થનાને સાંભળવાનો વખત આવી પહોંચ્યો, દિશાઓએ તેને સાંભળી, ચારે દિશાઓના વાસીઓમાં તેની ખૂબ ચર્ચા થઇ તે બધું એનુંજ પરિણામ છે. લોકો મારી પ્રાર્થનાને સંભવિત, યોગ્ય અને શીઘ્ર ફળી શકે એવી માનવા લાગ્યા અને આજે તો 'પ્રતિપાલન' સાક્ષાત્ મારી સામે આવીને ઉભુંજ રહ્યું છે અને મને સુખી કરી રહ્યું છે. ખરેખર, પ્રભુની સૃષ્ટિમાં કોઈ પણ સાચો અને દૃઢ સંકલ્પ **(काम)** વ્યર્થ નથીજ જતો, કદી પણ વ્યર્થ નથી જતો.

શબ્દાર્થ

(दूरात्) દૂરથી, દૂરસ્થ વિષયની **(चकमानाय)** વારંવાર કામના કરતો રહીને **(अक्षये)** અક્ષય [ઈશ્વરીય હૃદય]માં **(प्रतिपाणाय)** પ્રતિપાલનને માટે, રક્ષણને માટે (પોકાર કરીને) **(अस्मै)** એમ કર્યાથી મને **(आशाः)** દિશાઓએ **(आश्रृण्वन्)** સાંભળી લીધો છે અને **(कामेन)** સંકલ્પ દ્વારા **(स्वः)** તેના સુખને **(अजनयन्)** ઉત્પન્ન કરી દીધું છે.

२२ फाल्गुन

मेधामहं प्रथमां ब्रह्मण्वतीं ब्रह्मजूतां ऋषिष्टुताम् ।
प्रपीतां ब्रह्मचारिभिः देवानां अवसे हुवे ॥
(अथर्व० ६-१०८-२)

વિનય

હું મેધાના અભાવને લીધે માર્યો જાઉં છું. હું ઘણુંય વાચન કરૂં છું. ઉત્તમોત્તમ ઉપદેશ સાંભળું પણ છું, પરંતુ તેમને હું ધારણ નથી કરી શકતો. મારા માનસિક દેહની તો એવી અવસ્થા થઈ ગઈ છે કે, જેમ વમન અથવા સંગ્રહણીના દર્દવાળા માણસના પેટમાં અન્ન ટકી શકતું નથી, તેમ મારા મનમાં કોઈ ઉત્તમ લાભકારી બાબત ટકીને રહેતીજ નથી. મારી આવી દયાપાત્ર દશા થઇ જવાનું કારણ એ છે કે, મારામાં ધારણા કરનારી બુદ્ધિનો અથવા મેધાનો અભાવ છે. મેધાશક્તિની ખામીને લીધે એક તો

મારી આગળ વધવાની ગતિ બંધ થઇ ગઇ છે, પણ મારામાં જે 'દેવ' વિદ્યમાન છે, જે દિવ્ય શક્તિઓ છે તે પણ ક્ષીણ થવા બેઠી છે, તેમને જ્ઞાનનો આહાર ન મળવાથી દહાડે દહાડે નિર્બળ બની જઇને વિનષ્ટ થવાની તૈયારી કરે છે. એટલા માટે હવે જો કોઇ વસ્તુની હું ભિક્ષા માગતો હોઉં તો તે એક મેધાજ છે. આજે હું મેધાશક્તિનું આવાહન કરૂં છું, મારી દિવ્ય શક્તિઓની રક્ષાને માટે તે મેધાશક્તિને સાદ કરી રહ્યો છું. અહા! મેધાશક્તિ તો તેજ મુખ્ય અને સર્વોત્તમ શક્તિ છે, કે જે **'ब्रह्मण्वती'** છે, જે બ્રહ્મને, જ્ઞાનને, વેદના જ્ઞાનને ધારણ કરનારી છે; એટલા વાસ્તે તે **'ब्रह्मजूत'** કહેવાય છે અને જ્ઞાનીઓ, બ્રહ્મજ્ઞાનીઓ, બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો જેનું સદા સેવન કરે છે. મેધા વિના વેદનું જ્ઞાન મળી શકતુંજ નથી, એટલા માટે તમામ જ્ઞાનીજનો સર્વદા આ મેધાનું સેવન કરતા રહે છે. મેધા તો તે પ્રશસ્ત શક્તિ છે, કે જેની ઋષિઓએ પણ સ્તુતિ કરી છે, જેનો સાક્ષાત્ અનુભવ કરનાર મુનિઓએ પણ જેના ગુણ ગાયા છે. વળી મેધા તો તે અમૃત છે, કે જેનું બ્રહ્મચારી–બ્રહ્મની પરિચર્યા કરનારા–પાન કરે છે, જેનું પાન કરીને તેજસ્વી થએલા બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય–શક્તિની પૂર્ણતાને પ્રાપ્ત કરે છે અને જેનું પાન કરીને અમર થઇ ગએલા બ્રહ્મચારીઓ પોતાની અંદર ત્રણે લોકોને તથા તમામ દેવોને ધારણ કરે છે. તે મેધાશક્તિનું હું આજે આવાહન કરૂં છું, તે દિવ્ય શક્તિઓની મારામાં પધરામણી કરવાને વાસ્તે હું તેમને સાદ કરી રહ્યો છું કે, હે મેધાશક્તિ! તું આવી જા, તું મારામાં પ્રવેશ કર અને આ દેવોને વિનષ્ટ થતા બચાવી લે.

શબ્દાર્થ

(अहं) હું **(प्रथमां)** મુખ્ય, સૌથી પ્રથમ **(ब्रह्मण्वतीं)** જ્ઞાનને ધારણ કરનારી, વેદજ્ઞાનને ધારણ કરનારી, **(ब्रह्मजूतां)** બ્રહ્મજ્ઞાનીઓ જેની સેવા કરે છે એવી **(ऋषिष्टुतां)** ઋષિઓએ જેની સ્તુતિ કરી છે એવી **(ब्रह्मचारिभिः प्रपीतां)** બ્રહ્મચારીઓએ જેનું પાન કર્યું છે એવી **(मेधां)** મેધાશક્તિનું **(देवानां अवसे)** મારી દિવ્ય શક્તિઓના રક્ષણને માટે **(हुवे)** આવાહન કરૂં છું.

२३ फाल्गुन

महे नो अद्य बोधय, उषो राये दिवित्मती ।
यथा चिन्नो अबोधयः सत्यश्रवसि वाय्ये सुजाते अश्वसूनृते ।।
(ऋ० ५-७९-१ ।। सा० पू० ५-१-४-३ ।। सा० उ० ८-३-११)

વિનય

હે ઉષા ! તું મને આજે મહાન્ ઐશ્વર્યને માટે જાગૃત કર. હે જાગૃત કરનારી દેવિ ! તું મને એવો જાગૃત કરી દે કે મારે માટે આજે આત્મજ્ઞાનનો પ્રકાશ થઇ જાય, જે સઘળાં ઐશ્વર્યોનું પણ ઐશ્વર્ય છે, જે મોટામાં મોટું દિવ્ય ઐશ્વર્ય છે તે આત્મજ્ઞાનની મને પ્રાપ્તિ થઇ જાય. તું તો '**दिवित्मती**' છે, દિવ્ય પ્રકાશને ધારણ કરનારી છે. તું મને તારા આવા સર્વશ્રેષ્ઠ દિવ્ય પ્રકાશની લહાણી ક્યારે કરીશ ? જેવી રીતે તું મને દરરોજ સમયે સમયે જગાડી દે છે, મારામાં નવા નવા જ્ઞાનનો પ્રકાશ ઝળકાવે છે, મને બરાબર યોગ્ય વખતેજ દિવ્ય ઉદ્બોધનો પ્રેરીને પ્રબુદ્ધ કરતી રહે છે, તેવીજ રીતે હે સુજાતા ! હે અશ્વસૂનૃતા ! તું આજે મારા આ '**सत्यश्रवा वाय्य**' જીવનમાં તારા પરમ જ્યોતિને ઝગમગાવી દે, તે જ્યોતિનો ઝબકાર કરીને મારા આખાજ જીવનને સફળ કરી દે. મારા જીવનનો આધાર સત્યના ઉપર છે, હમેશાં સત્યશ્રવણને અનુસરીને ચાલનાર '**सत्यश्रवा**' છે એટલા માટે તે તારા દ્વારા '**वाय्य**' છે, નિરંતર પ્રાપ્ત કરવાને યોગ્ય છે, અવિચ્છન્નરૂપે વિસ્તારણીય, વિસ્તાર કરવાને યોગ્ય છે. તું તો મહાન્ વ્યાપક પ્રિય સત્યાત્મિકા વાણી છે, તું તો મહાન્ સત્ય સંકલ્પસ્વરૂપા શક્તિ છે. તેથી કરીને હું મારા આ '**सत्य श्रवस्**' જીવનના અવિચ્છિન્ન વિસ્તારને અર્થે તારી પ્રાર્થના ન કરૂં

તો બીજા કોની કરૂં ? એટલા વાસ્તે હે અશ્વસૂનૃતે ! આજે તો તું મને પેલું પરમ સત્ય પણ સંભળાવીજ દેજે. હે સુજાતે ! હે સુન્દર પ્રકાશની સાથે જન્મ ધારણ કરનારી ! હે ઉત્તમ જ્ઞાનની સાથે પ્રકટ થનારી ! તું મારે સારૂ આજે નહિ તો વળી બીજે કયે દહાડે સુજાતા થનારી હતી ? જો, ભૌતિક ધનોની તો મેં કોઇ દિવ્ય કામના કરીજ ન હતી, ઋદ્ધિ-સિદ્ધિ આદિનાં દિવ્ય ઐશ્વર્યોની કામનાને છોડી દીધે પણ ઘણો વખત વહી ગયો, ત્યારે હવે તો હું તારા પેલા પરમ ઐશ્વર્યનો અધિકારી બન્યો હોવોજ જોઇએ. એટલા માટે હે ઉષા ! તું મને આજે અવશ્ય જાગૃત કરી દે, મને તારા પેલા આત્મજ્ઞાનના મહાન્ ઐશ્વર્યમાં જાગૃત કરી દે. જે ઐશ્વર્યને પ્રાપ્ત કરીને મહાત્માઓ સમૃદ્ધ બને છે, જેમાં જાગૃત થઇને મુક્ત જીવો ન્યાલ થઈ જાય છે તે મહાન્ આત્મજ્ઞાનમાં તું મને જાગૃત કરી દે. હે ઉષા ! તું આજે મને બરાબર એવોજ જાગૃત કરી દે, એવા ન્યાલ કરી દેનારા મહાન્ ધનને માટે જાગૃત કરી દે.

શબ્દાર્થ

(उषः) હે ઉષા ! **(दिवित्मती)** તું દિવ્ય પ્રકાશવાળી છે, **(नः)** અમને **(अद्य)** આજે **(महेराये)** મહાન્ ઐશ્વર્યને માટે **(बोधय)** જગાડી દે. **(यथाचित्)** જે રીતે તું અગાઉ **(नः)** અમને **(अबोधयः)** જગાડતી આવી છે તે રીતે **(सुजाते)** હે સુંદર પ્રકાશની સાથે જન્મ ધારણ કરનારી ! **(अश्वसूनृते)** હે મહાન્ વ્યાપક પ્રિય સત્યાત્મિકા વાણી ! તું આજે મારા આ **(सत्य श्रवसि)** સત્યજ્ઞાનવાળા. **(वाय्ये)** નિરંતર વિસ્તાર કરવાને યોગ્ય જીવનમાં [પ્રકટ થા].

२४ फाल्गुन

प्रजाभ्यः षुष्टिं विभजन्त आसते रयिमिव पृष्ठं प्रभवन्तमायते ।
असिन्वन् दंष्ट्रैः पितुरत्ति भोजनं,यस्ता अकृणोः प्रथमं सास्युक्थ्यः
(ऋ. २-१३-१४)

વિનય

હે પ્રભો ! અમે જોઈએ છીએ કે, જે લોકો સાચો યજ્ઞ કરે છે, તેઓ શુષ્ણાસુર (મૂડીવાદી ધન ચૂસનાર)ને તાબે થઇને પોતાની જાતનેજ પુષ્ટ કરવા નથી મંડી જતા, પણ તમામ પ્રજાજનોને પુષ્ટિની વહેંચણી કરે છે, યોગ્ય રીતે વહેંચણી કરે છે. તેઓ બેઠા બેઠા એવા યજ્ઞચક્રને ચલાવ્યા કરે છે કે સંપત્તિની ઉત્પત્તિ, વિનિમય, વ્યય આદિ ક્રિયાઓ બરાબર સુયોગ્ય રીતે યજ્ઞને ધોરણેજ ચાલ્યા કરે, ધનથી પ્રાપ્ત થતી પુષ્ટિ દરેક પ્રજાજનને તેની વાજબી જરૂરીઆતના પ્રમાણમાં મળ્યાજ કરે. કોઇ પણ પ્રજાજન પુષ્ટિને અભાવે નિર્બળ, અવિકસિત, દીનહીન દશામાં ન રહેવા પામે. એમ થવાથી તો આખા રાષ્ટ્રમાં અમીર અને ગરીબ, ધનવાન અને કંગાલ, એવા ભયંકર ભેદ ન રહે, સમાજની વિષમ વ્યવસ્થા ન રહે અને તેથી કરીને એ વિષમતામાંથી જન્મ પામતા ભયંકર ઉપદ્રવો (નિર્ધનતા, ખુશામતીઆપણું, ચોરી, વ્યભિચાર, ગુલામી, ક્રાન્તિ ઇત્યાદિ) પણ ઉત્પન્ન ન થાય.* આવા સાચા અતિથિયજ્ઞના

---

* સોવિયેટ રશિયામાં ચાલી રહેલો સામ્યવાદરૂપી વિરાટ્ યજ્ઞ, જેની જ્વાલાઓ દેશે દેશમાં પ્રકટ થવા લાગી છે, જેના દેદીપ્યમાન પ્રકાશને જોઇને મૂડીવાદીઓ, શાહીવાદીઓ, નોકરશાહીઓ, ધર્માચાર્યો, જાગીરદારો, વ્યાજખાઉ શાહુકારો, રાજા કહેવાતાં મુકુટધારી પૂતળાંઓ, ધર્મના ઠેકેદાર બ્રાહ્મણો, એદીખાઉ બાવાઓ, ટૂંકામાં પારકાની મહેનત ઉપર તાગડધિન્ના કરનારાઓ થરથરે છે તેની આ વેદમંત્રમાં ગુણગાથા ગાય છે. —સેવાનંદ

સિદ્ધાન્તને તેઓ પોતાના આખા રાષ્ટ્રને લાગુ પાડી રહ્યા છે. જેવી રીતે ઘેર આવી ચઢેલા અતિથિની આગળ ગૃહસ્વામી પોતાની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને મોંઘામાં મોંઘી સંપત્તિ ધરી દે છે, તેજ પ્રમાણે જેની પાસે પોતાની વાજબી જરૂરીઆતના કરતાં વધારે ધન આવી ગયેલું હોય તે પોતાના ધનને, સંપત્તિવાળાઓ પોતાની સંપત્તિને સૌના સામાન્ય ઉપભોગને માટે વહેંચી દે છે, મનુષ્યમાત્રને માટે સુલભ કરી દે છે. હે ઇન્દ્ર ! આ રીતે તે આખું રાષ્ટ્ર એક કુટુંબની માફક તારા તરફથી, તેમના સૌના પિતાના તરફથી મળેલું, સૌના યથાવત્ પાલનને માટે મળેલું ભોજન યોગ્ય વહેંચણી કરીને ખાય છે, તેનો ઉપભોગ કરે છે. તેઓ ખાતી વખતે પોતાના ભોજનને દાંતની સાથે વળગાડી રાખતા નથી, તેમના દાંત ખોરાકને પકડી રાખતા નથી પણ ચાવીને-એકરસ કરીને આખા શરીરની પુષ્ટિને માટે નીચે ઉતારી દે છે. તારૂં, તેમના સૌના પિતાનું આપેલું ભોજન તમામ પુત્રોને મળી જાય છે. આખા રાષ્ટ્રના એકે એક પ્રજાજનને તેની વાજબી જરૂરીઆત પૂરતું અન્ન મળી રહે છે અને +આખા રાજ્યમાં એક પણ માણસ ભૂખે મરતો નથી તેનું આજ કારણ છે. તેમ કરવાને બદલે દાંત એ ભોજન વડે પોતાની એકલાનીજ પુષ્ટિ પ્રાપ્ત કરવા તેને પકડી રાખતા તો આખા શરીરના કોઇ પણ અવયવને પુષ્ટિ ન મળત અને દાંતને પોતાને પણ ન મળત. એટલા માટે 'સૌની પુષ્ટિમાં પોતાની પણ પુષ્ટિ છે' એવું સમજીને તે રાષ્ટ્રમાં એવો નિયમ કરી રાખ્યો છે કે, જેમના હાથમાં ધન આવે તેઓ ધનને, ભોજનને કદી પણ પોતાના હાથમાં પકડી ન રાખે, તેના માલિક ન બની બેસે; પણ તે ધનને, ભોજનને સૌના તરફ યથોચિત રૂપે મોકલી દે. એમ કરવાથીજ દરેક પ્રજાજનને ઘણામાં ઘણું સુખ પ્રાપ્ત

+ આજે સોવિયેટ રશિયામાં એક પણ માણસ ભૂખે મરતો નથી; કેમકે એક પણ માણસને વગર મહેનતે ખાવાનું મળતું નથી.

—સેવાનંદ

થાય છે. આ બધો મહિમા યજ્ઞ-સિદ્ધાન્તનો છે, યજ્ઞના સિદ્ધાન્તને વ્યવહારમાં મૂકયાનો છે. પણ નહિ, નહિ, હે ઇન્દ્ર! અમે તો તમારો એકલાનોજ મહિમા વખાણીએ છીએ. તમને એકલાનેજ ધન્યવાદ દઇએ છીએ; કારણ કે આ યજ્ઞ-સિદ્ધાન્તના મૂળમાં પણ તમેજ છો, સૌથી પ્રથમ યજ્ઞ કરનાર, યજ્ઞસ્વરૂપજ તમે છો. સૌથી પ્રથમ તમેજ **'अनश्नन्'** બનીને, આખા સંસારને માટે તમે તમામ ભોગોને, તમામ ભોજનોને તજી બેઠા છો અને તેમ કરીને એક વિરાટ યજ્ઞ અથવા હવન કરી રહ્યા છો. માટે સૌથી પ્રથમ યજ્ઞકર્તા તમે છો અને યજ્ઞપુરુષ પણ તમેજ છો. વળી તમારા આ સંસારમાં વખતોવખત યજ્ઞચક્રને ગતિ આપનારા-શુષ્ણાસુરોએ (મૂડીવાદીઓએ) અટકાવી પાડેલા યજ્ઞ-ચક્રને ફરીથી ગતિમાન કરનાર મહાપુરુષો* ઉત્પન્ન થયા કરે છે અને યજ્ઞ-ભાવનાનો પુનરુદ્ધાર કરીને સંસારનો ઉદ્ધાર કરતા રહે છે તે પણ તમારા યજ્ઞનોજ પ્રતાપ છે. એટલા માટે હે ઇન્દ્ર! ખરૂં જોતાં તમે એકલાજ સ્તુતિ કરવા યોગ્ય છો, તમેજ સૌથી પ્રથમ સ્તુતિ કરવા યોગ્ય છો.

શબ્દાર્થ

(इव) જેમ **(आयते)** ઘેર આવી ચઢેલા અતિથિને માટે **(पृष्ठं)** ધારણ કરનાર **(प्रभवन्तं)** પ્રભાવશાળી **(रयिं)** ઐશ્વર્યને પ્રસ્તુત કરવામાં આવે છે, તેવીજ રીતે સાચા યાજ્ઞિક લોકો **(पुष्टिं)** પુષ્ટિને **(प्रजाभ्यः)** તમામ પ્રજાઓને માટે **(विभजन्तः)** વહેંચી દઇને **(आसते)** બેઠા બેઠા યજ્ઞ કરી રહ્યા છે. એવું રાષ્ટ્ર **(पितुः)** તમે, તેમના પિતાની પાસેથી આવેલા **(भोजनं)** ભોગને **(दंष्ट्रैः असिन्वन्)** દાંતો વડે પકડી ન રાખતાં **(अत्ति)** ખાય છે, ભોગવે છે, **(ता)** તે ભોજનોનો **(यः)** જેણે **(प्रथमं)** સૌથી પહેલો **(अकृणोः)** યજ્ઞ કર્યો છે, હવન કર્યો છે **(सः)** એવો તું **(उक्थ्यः)** સ્તુતિને યોગ્ય **(असि)** છે.

---

* સામ્યવાદ શાસ્ત્રના આદિઋષિ કાર્લ માર્ક્સ, લેનિન, ટૉલ્સ્ટૉય, મહાત્મા ગાંધીજી, જેઓ જગતને લાગુ પડેલા મહાવ્યાધિનું નિદાન કરીને ઈશ્વરના ઉદ્દેશને સિદ્ધ કરે છે. —લેખક.

२५ फाल्गुन

सक्तुमिव तितउना पुनन्तो यत्र धीरा मनसा वाच मक्रत।
अत्रा सखायः सख्यानि जानते भद्रैषां लक्ष्मीर्निहिताधिवाचि॥
(ऋ. १०-७१-२)

વિનય

જેમ ચાળણી વડે સત્તુ (લોટ) સાફ થાય છે, તેવી રીતે મન વડે, વિચાર મનન વગેરે સાધનો વડે વાણીને શુદ્ધ અને પવિત્ર કરી શકાય છે. જે ધીર પુરુષ ખૂબ સાવધાનીપૂર્વક પવિત્ર કરેલી વાણીનું ઉચ્ચારણ કરે છે, જે ખૂબ વિચાર કર્યા પછીજ મોઢેથી શબ્દનો ઉચ્ચાર કરે છે, મનરૂપી ચાળણીથી સારી રીતે ચાળીને, કલ્યાણકારી અને પવિત્ર શબ્દોજ મોઢામાંથી કાઢે છે તેની વાણીમાં લક્ષ્મીનો નિવાસ થાય છે. પણ સત્તુને ચાળીને સાફ કરવાનું કામ જેમ કઠણ છે, તેમ વાણીને શુદ્ધ પવિત્ર બનાવવાનું કામ પણ ઘણુંજ દુઃસાધ્ય છે. પરંતુ ધૈર્યવાન અને પ્રજ્ઞાવાન પુરુષ મનનના સાધન દ્વારા પોતાની વાણીને દોષ રહિત અને નિર્મળ બનાવવાનો લાગલાગટ પ્રયત્ન કરતો રહે છે. તે જરૂર એક વાર એવી અવસ્થાએ જઇ પહોંચે છે કે જયારે તેની વાણીમાંથી અદ્ભુત શક્તિ અને ઓજસ્વિતા બહાર ઝળકી નીકળે છે. આવી અવસ્થા પ્રાપ્ત કર્યા પછી તે ધીર પુરુષ વાણીનો એવો સખા બની જાય છે, શબ્દશક્તિની સાથે એવા ઘનિષ્ટ સંબંધથી જોડાઈ જાય છે કે તે વાણીના સખ્યને, તમામ શબ્દોનાં હૃદયોને, તેમના આત્માને ઓળખવા લાગે છે; શબ્દ અને અર્થની વચ્ચે જે નિત્યસંબંધ છે, બેઉનું જે અવિચ્છિન્ન સાહચર્ય છે, તેનો તેને સાક્ષાત્ અનુભવ થવા માંડે છે. એવે વખતે તેની વાણીમાં એવું તેજ આવી જાય છે કે તેથી કરીને

તેની વાણીમાંથી નીકળતા શબ્દોના અર્થને બરાબર ઉપસ્થિત કરી દેવાની શક્તિ તેનામાં પ્રકટી નીકળે છે. તેની વાણીમાં કલ્યાણમયી લક્ષ્મી પોતેજ આવીને વિરાજમાન થઈ જાય છે અને એવો પુરુષ જે વખતે જે ઐશ્વર્યની કામના કરે તે ઐશ્વર્ય તેજ ઘડીએ તેની વાણી તેની આગળ હાજર કરી દે છે એ તદ્દન સત્ય હકીકત છે.

શબ્દાર્થ

(यत्र) જે અવસ્થામાં **(धीराः)** ધૈર્યવાન જ્ઞાની પુરુષો **(तित उना सक्तुं इव)** જેમ ચાળણી વડે સત્તુ સાફ કરાય તેવી રીતે **(मनसा)** મન દ્વારા, મનન દ્વારા **(पुनन्त:)** પવિત્ર કરતા રહીને **(वाचं)** વાણીને **(अक्रत)** કરે છે, આચરે છે, બોલે છે, **(अत्र)** તે અવસ્થામાં **(सखाय:)** વાણીના સખા થઈ ચૂકેલા તે પુરુષો **(सख्यानि)** વાણીના સખ્યોને, તેનાં હૃદયોને **(जानते)** અનુભવે છે, ત્યારે **(एषां)** એવા પુરુષોની **(अधिवाचि)** વાણીમાં **(भद्रालक्ष्मीः)** કલ્યાણી લક્ષ્મી **(निहिता)** નિહિત થઇ હોય છે—આવી વસેલી હોય છે.

* * *

२६ फाल्गुन

महे चन त्वामद्रिवः परा शुल्काय देयाम् ।
न सहस्राय नायुताय वज्रिवो न शताय शतामघ ॥
(ऋ० ८-१-५ ॥ सा० पू० ३-१०-९)

વિનય

હે ઇન્દ્ર ! હું તને કદી પણ નહિ વેચું, તારી ગમે તેટલી કિંમત ઉપજશે તો પણ નહિ વેચું. ગમે તો કોઇ મને હજાર આપે, લાખ આપે, કરોડ આપે, આ પૃથ્વી ઉપરનાં તમામ સોના, મોતી અને હીરા માણેકથી મને લાદી દે તોપણ તે બધાના બદલામાં હું તને તો કદાપિ ન આપી દઉં, તને તો પ્રાણાન્તે પણ ન છોડું. હે અદ્રિવઃ ! હે સંસારરૂપી વૃત્રનો વશ કરનારા ! તેના ઉપરનાં તમામ ઐશ્વર્યો સહિત આ આખું જગત તારા ચરણરજના એક

કણની બરોબરી પણ નથીજ કરી શકતું. તો પછી હે શતામઘ ! હે અનંત ઐશ્વર્યવાળા ! તારા પરમ ઐશ્વર્યનો પાર અમારી વાણી શી રીતે પામી શકે ? તારી કિંમતનો આંક શી રીતે બતાવી શકે ? તું તો મારા ઇન્દ્ર ! અમૂલ્ય છે, બસ અમૂલ્ય છે ! વળી એવો અમૂલ્ય છતાં સંસારનાં તમામ પ્રાણીઓને તું સહેલાઇથી પ્રાપ્ત થએલો છે, તેમની સર્વની અંદરજ આવીને વસી ગયો છે. પણ અફસોસ એટલોજ છે કે એ નિદ્રાવશ પડેલા જીવો તને જોતાજ નથી, તારૂં મૂલ્ય સમજી શકતાજ નથી, એ બુદ્ધિહીન લોકો ધૂળ જેવી લાલચને વશ થઇને અથવા નહિ જેવા ભયથી ડરી જઇને તને ત્યજી દે છે, રોજ ને રોજ તને વેચી દે છે. એ લોકો તો એવા છે કે તેમને જે આરામ ભોગવવાની ટેવ પડી ગઈ છે તે કદાચ નહિ મળે તો શું કરીશું અથવા અમારી ‘રોજી’ જતી રહેશે એવા ક્ષુદ્ર ભયથી તને છોડી દે છે, સત્યનો ત્યાગ કરીને, ન્યાય વગેરે સત્ય નિયમોનું ઉલ્લંઘન કરીને તને ત્યજી દે છે. એ લોકો પૈસા કમાવાની લાલચને વશ થઇને, થોડાંક સાંસારિક સુખ મેળવવાના લોભમાં લેવાઈ જઇને તને વેચી મારે છે, અસત્ય અને અન્યાયનો સ્વીકાર કરીને તને છોડી દે છે. પણ હે વજ્રવાળા ! એવા મૂર્ખ લોકો તને નથી ઓળખતા, તારી કિંમત નથી કરી શકતા. પણ હું તો તારા સરખા અમૂલ્ય રત્નને પામીને તારી કિંમત જાણ્યા પછી તને કદી ગુમાવું ખરો ? મને તો તું મળ્યો એટલે બધુંજ મળી ગયું. આખા જગતનું ઐશ્વર્ય હવે મારી આગળ કશા હિસાબમાં નથી. હવે એવી એક પણ વસ્તુ હું જોતો નથી કે જેને મેળવવાને વાસ્તે તને હું મારા હાથમાંથી જવા દઉં. મારી સામે મોહકમાં મોહક પ્રલોભનો આવીને ઉભાં રહે અથવા ભયંકરમાં ભયંકર ભયસંકટ મારા ઉપર તૂટી પડે તોપણ હું તને છોડવાનો નથી. હું સંસારના તમામ સુખભોગથી હાથ ધોઇ નાખીશ, અસંખ્ય મૃત્યુઓને સહન કરવાં પડશે તો તે પણ હું સહન કરી છૂટીશ, પણ તને તો હવે મેં એવો

ઓળખી લીધો છે, તારી કિંમત હવે હું એવી સરસ સમજી ગયો છું કે તને છોડી દેવાનો હવે તો મારા મનમાં વિચાર સરખો પણ નથી આવી શકતો, સ્વપ્નમાં પણ તને નથી છોડી શકતો.

શબ્દાર્થ

(अद्रिवः) હે આખા સંસારને વશ કરનાર! હું **(त्वां)** તને **(महे)** ભારેમાં ભારે **(शुल्काय)** કિંમતે **(चन)** પણ નથી **(परादेयां)** વેચી શકતો. **(शतामघ)** હે અનંત ઐશ્વર્યવાળા! **(वज्रिवः)** હે વજ્રવાળા! **(न सहस्राय)** હજારના બદલામાં નહિ, **(न अयुताय)** લાખ કરોડના બદલામાં પણ નહિ, **(न शताय)** અગણિત ધનરાશિના બદલામાં પણ તને નહિ છોડી દઉં.

२७ फाल्गुन

उत स्वया तन्वा संवदे तत् कदा न्वन्तर्वरुणे भुवानि ।
किं मे हव्यमहृणानो जुषेत कदा मृळीकं सुमना अभि ख्यम् ॥

(ऋ. ७-८६-२)

વિનય

હવે તો વરુણ ભગવાનનાં દર્શન વિના મને એક પળવાર પણ ચેન નથી પડતું. મને તો હવે તે પાપ નિવારક દેવનાં સાક્ષાત્ દર્શન કરવાની ભૂખ લાગી છે. સૂતાં-જાગતાં, ઊઠતાં-બેસતાં મારું મન ફરી ફરીને ત્યાંનું ત્યાંજ દોડી જાય છે. હું ખાતો હોઉં, પીતો હોઉં, હરતો ફરતો હોઉં-ગમે તે કરતો હોઉં છતાં પણ મારા મનમાં એના એજ વિષયને લગતા તરેહ તરેહના તર્ક-વિતર્ક થયાજ કરે છે. હું મારા પોતાના મનની સાથેજ એ વરુણદેવની બાબતમાં એકલો એકલો વાતચીત કરવા મંડી જાઉં છું. મને તો એવી તાલાવેલી લાગી છે કે વરુણદેવના ધ્યાનમાં ક્યારે નિમગ્ન થઈ જાઉં, ક્યારે નિમગ્ન થઈ જાઉં, એવું-

જ મનમાં થયા કરે છે. હું એમના ધ્યાનમાં ડૂબી જાઉં, ઓગળી જાઉં એવો વખત ક્યારે આવશે ? વરુણદેવની અંદર હું સ્થિતિ કરી શકું એવો શુભ અવસર મારે માટે કદી પણ આવશે ખરો ? એ વરુણ ભગવાનના મહાન્ આશ્રયને પ્રાપ્ત કરીને તેમના આધાર વડે પ્રાણ ધારણ કરતો રહીને હું નિરંતર તેમનામાંજ રમણ કર્યા કરૂં એવું કદી બનશે ખરૂં ? હું તો હવે તેમના દર્શનને વાસ્તે સર્વસ્વની કુરબાની કરી દેવા તૈયાર થઇને બેઠો છું, ભારેમાં ભારે અને મોંઘામાં મોંઘી ભેટ ચઢાવી ઉત્સુક થઈ ગયો છું. પરંતુ મારા હૃદયનો વરુણદેવ સ્વીકાર કરશે કે નહિ તે શું કહી શકાય ? તે મારી ભેટને અયોગ્ય અમેધ્ય (યજ્ઞમાં હોમવાને અયોગ્ય) સમજીને તુચ્છકારી તો નહિ કાઢે ? આવી તુચ્છ ભેટને જોઇને નારાજ તો નહિ થાય ? મારા આવા ક્ષુદ્ર સમર્પણને શું તેઓ અક્રુદ્ધ ભાવે, પ્રસન્ન મનથી સ્વીકારી લેશે ? જે દહાડે પ્રભુનાં દર્શન પામીને હું આ મારા જીવતરને સફળ કરૂં એવો શુભ દિવસ મારે સારૂ કદી આવશે કે નહિ, તેની મને તો શંકા છે. અરેરે ! પરમ આનંદથી પનોતો થએલો તે મંગળ દિવસ, મને **'સુમનાઃ'** કરી દેનાર તે ઉજમાળો દિવસ ક્યારે ઉગશે, કે જ્યારે હું તે પરમ સુખકારી અને આનંદસ્વરૂપ મારા વરુણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરી શકું, બરાબર તેમની સામે ઉભો રહીને તેમને નજરોનજર નિહાળી શકું ?

શબ્દાર્થ

(उत) અને હું **(तत्)** તે વરુણની બાબતમાં **(स्वया तन्वा)** મારા મનની સાથે, એકલો એકલો **(संवदे)** વાર્તાલાપ કરવા મંડી જાઉં છું કે **(कदा नु)** હવે ક્યારે **(वरुणे अन्तः)** વરુણદેવની અંદર **(भुवानि)** હું હોઇશ ? **(किम्)** શું **(अहृणानः)** અક્રુદ્ધ અને પ્રસન્ન થઇને તેઓ **(मे)** મારા **(हव्यं)** હવિને, ભેટને **(जुषेत)** સ્વીકારી લેશે ? **(कदा)** ક્યારે **(सुमनाः)** સુમના બનીને પ્રસન્ન થઇને **(मृडीकं)** હું તે સુખકારી વરુણનાં **(अभिख्यं)** સાક્ષાત્ દર્શન કરી શકીશ ?

२८ फाल्गुन

परीत्य भूतानि परीत्य लोकान् परीत्य सर्वा प्रदिशो दिशश्च ।
उपस्थाय प्रथमजामृतस्य, आत्मानमभि सांविवेश ॥
(यजु. ३२-११)

વિનય

આ જીવ ભટકયાજ કરે છે, અથડાયાજ કરે છે, આમ તેમ ખૂબ આથડીઆં માર્યાજ કરે છે. તેનો પ્રભુ તેને મળી જાય તે પહેલાં તે બધીજ જગ્યાએ વારાફરતી અથડાયાજ કરે છે. વાત એમ છે કે, જ્યાંસુધી આખા સંસારની નિઃસારતા, ઈશ્વરને બાદ કરીને બાકીની તમામ વસ્તુઓની નિઃસારતા તેને અનુભવ વડે પૂરેપુરી સમજાઇ જાય નહિ, બધીજ અનાત્મ વસ્તુઓ સારહીન છે એવી તેની પક્કી ખાત્રી થાય નહિ, ત્યાં સુધી સારભૂત વસ્તુઓના પણ પરમ સારરૂપ પરમેશ્વરનું શરણ તે લઇ શકેજ શી રીતે! તે તમામ ભૂતોમાં, સર્વ પ્રકારનાં પ્રાણીઓમાં, નાના પ્રકારની અગણિત યોનિઓમાં ચક્કર મારતો ફરે છે; ઉપરના, નીચેના, વચ્ચેના, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ, એવા બધી જાતના સારા નરસા લોકમાં ભટકી વળે છે, સારા નરસા અનુભવો લેતો લેતો આખા વિશ્વના તમામ લોકમાં ફરી વળે છે તેનું આજ કારણ છે કે, તેને અનાત્મ વસ્તુઓની સારહીનતાની ખાત્રી થઇ નથી. એટલા માટે શાન્તિની શોધમાં, સુખને માટે ઝંખતો ચારે દિશાઓમાં માર્યો માર્યો ફરે છે, ચારે દિશાઓમાં, તમામ ઉપદિશાઓમાં, તમામ ખુણાઓમાં સુખ અને શાન્તિની શોધમાં ભટકતો ફરે છે. એમ કરતાં કરતાં આખરે તેનો દૃઢ નિશ્ચય થઇ જાય છે કે, આમાં કશો માલજ નથી. અનાત્મ વસ્તુ ગમે તેવી શ્રેષ્ઠ હોય તો પણ તેનામાં સુખ આપવાનો ગુણ હોઇ શકેજ નહિ, આવું જ્યારે તેને પાકું જ્ઞાનયુક્ત વૈરાગ્યનું ઉદ્દીપન થાય છે અને એવું થવાથી એને સંસારના કોઈ પણ પદાર્થના ઉપર મોહ અથવા આકર્ષણ નથી રહેતું ત્યારે તે સંસારના ભણીથી પોતાનું મોઢું ફેરવીને પરમાત્મા તરફ વળે છે, ભોગમાર્ગને છોડીને અપવર્ગના પંથનો પથિક બને છે. આ પ્રવાસ દરમ્યાન સત્યસ્વરૂપ 'ऋत'માંથી સૌથી પહેલીજ ઉત્પન્ન થએલી અને તેથી કરીને બીજાના

કરતાં જે **ऋत**થી સૌથી વધારે નજદીકની છે એવી એક શક્તિનો તેને અનુભવ થવા માંડે છે—એ શક્તિને બુદ્ધિ કહો, ‘**महत्-तत्त्व**’ કહો, બ્રહ્મ-વાણી કહો, અથવા શક્તિજ કહો, જે કહો તે—પણ તે ‘**ऋतस्य प्रथमजा**’ ઋતમાંથી સૌથી પ્રથમ ઉત્પન્ન થએલી શક્તિનો આશ્રય લેતો થઇ જાય છે અને તેનું સારી રીતે સેવન કરે છે. તે શક્તિના ઉપસ્થાનથી, તેના સંસેવન વડે તેનો આત્મા જાગૃત થઇ જાય છે, અથવા તે આત્મા બની જાય છે. પોતાના સ્વરૂપને પામી જાય છે, પછી તે આત્માની મદદથી પોતાના આત્માના આત્માને, પરમ આત્માને પણ સારી રીતે પ્રાપ્ત કરી લે છે; તેનામાં સંપ્રવિષ્ટ થઇ જાય છે, બરાબર તેની સન્મુખ અવસ્થિત થઇ જાય છે.

શબ્દાર્થ

(**भूतानि**) પ્રાણીઓમાં, યોનિઓમાં (**परीत्य**) ફરી ફરીને (**लोकान्**) નાના લોકમાં (**परीत्य**) ફરી વળીને (**सर्वाः**) સઘળી (**दिशः**) દિશાઓ (**प्रदिशः च**) તથા ઉપદિશાઓમાં (**परीत्य**) ફરી વળીને (**ऋतस्य**) સત્યસ્વરૂપની (**प्रथमजां**) સૌથી પ્રથમ ઉત્પન્ન થએલી શક્તિનો (**उपस्थाय**) આશ્રય ગ્રહણ કરીને, તેનું સારી રીતે સેવન કરીને (**आत्मना**) આત્મા વડે (**आत्मानं**) પોતાના આત્માની (**अभिसंविवेश**) સન્મુખ અવસ્થિત થઇ જાય છે.

२९ फाल्गुन

वेदाहमेतं पुरुषं महान्तं आदित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वाऽति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥
(यजु० ३१-१८)

વિનય

હું તે પુરુષને ઓળખું છું, હું તે મહાન્ પુરુષને ઓળખું છું, કે જે આખા સંસારમાં પરિપૂર્ણ થઇને અવસ્થિતિ કરી રહ્યો છે. જે એટલો મહાન્ છે કે સઘળી ચરાચર સૃષ્ટિ અને તમામ બ્રહ્માંડો તેના એક અંશમાં સમાઇ જાય છે. તે પરિપૂર્ણ પુરુષ છે, તે બધી રીતે મહાન્ છે. હું તેને જોઈ રહ્યો છું, તેનો અનુભવ કરી રહ્યો છું. તે

પોતાના પ્રકાશસ્વરૂપમાં, પોતાના ઉજ્જવળ જ્યોતિર્મય રૂપમાં સદા સર્વત્ર પરિપૂર્ણ થઇ રહ્યો છે, સદા સર્વત્ર પ્રકાશિત થઇ રહ્યો છે. આ સંસારમાંની કોઇ પણ વસ્તુ વડે તેના સ્વરૂપનો કાંઇક ખ્યાલ આપી શકાતો હોય તો તે જાજ્વલ્યમાન આદિત્ય છે. એ આદિત્યના વર્ણના જેવો તેનો વર્ણ છે, તે આદિત્યના જેવોજ પ્રચંડ ઉજ્જવલ સ્વયં-પ્રકાશસ્વરૂપ છે. હે મનુષ્યો ! તમે તેને જુઓ, તમે તેને ઓળખો. તેનેજ ઓળખ્યાથી મનુષ્ય મૃત્યુને તરી જાય છે. અરે ઓ મૃત્યુથી મૂઆ પડેલા મરણશીલ માનવીઓ ! અરે નાના પ્રકારના કલેશ–કંકાસથી સંતપ્ત થએલા સંસારી લોકો ! તમે તેને નથી કેમ જોતા ! તેને એકજ વાર જોઈ લીધા પછી સંસારના બીજા કલેશના તો ભારજ શા, પણ મૃત્યુરૂપી મહાકલેશનો પણ છેડો આવી જાય છે. તેનું દર્શન કરીને મનુષ્ય અમર અને અભય બની જાય છે. એટલા માટે તમને કહું છું કે, જો તમારે તમામ પ્રકારના દુઃખ, કલેશ, ભય વગેરેની પેલે પાર ચાલ્યું જવું હોય, તમારે એ કલેશનાં બંધનોથી સદાને માટે છૂટા થઇ જવું હોય તો તે વ્યાપક પ્રભુને ઓળખતા થઈ જાઓ. તે આદિત્યવર્ણ પ્રભુની ઓળખ કરો. સુખ–શાન્તિભરી અભીષ્ટ સ્થિતિએ જઇ પહોંચવાને માટે, મુક્તિનું મહાન્ અને અખંડ સુખ પ્રાપ્ત કરવાને માટે, પોતાના પરમ અયનને પ્રાપ્ત કરવાને માટે માત્ર એકજ રસ્તો છે, બીજો નથી, નથી ને નથી અને તે રસ્તો એજ છે કે, તમે તે પ્રભુને ઓળખો, તે પૂર્ણ પુરુષનું દર્શન કરો. એ સિવાય બીજો રસ્તો છેજ નહિ.

શબ્દાર્થ

(अहं) હું **(एतं)** આ **(महान्तं)** ઘણા મહાન્ **(पुरुषं)** વ્યાપક પરિપૂર્ણ પુરુષ [પરમેશ્વર] ને **(आदित्यवर्णं)** આદિત્યના જેવા સ્વયં-પ્રકાશસ્વરૂપવાળા **(तमसः परस्तात्)** જે અજ્ઞાન અને અંધકારથી તદ્દન પર છે **(वेद)** તેને હું જાણું છું, જોઉં છું. **(तं एव)** તેને એકલાનેજ **(विदित्वा)** જાણ્યાથી મનુષ્ય **(मृत्युं)** મૃત્યુને **(अति एति)** ઓળંગી જાય છે. **(अयनाय)** અભીષ્ટ સ્થાન સુધી પહોંચવાને માટે, પરમ પદની પ્રાપ્તિ કરવાને માટે **(अन्यः)** બીજો કોઇ **(पन्थाः)** માર્ગ **(न विद्यते)** નથી.

३० फाल्गुन

द्यौः शान्तिरन्तरिक्षꣳशान्तिः पृथिवी शान्तिरापः शान्ति-रोषधयः शान्तिः । वनस्पतयः शान्तिर्विश्वेदेवा शान्तिर्ब्रह्म शान्तिः सर्वꣳशान्तिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि॥

(यजु. ३६-१७)

વિનય

હે પ્રભો ! અમારે માટે ત્રણે લોક શાન્તિ દેનારા નીવડો. ઉપરનો પ્રકાશમય આધ્યાત્મિક દ્યુલોક, મધ્યનો મનોમય અંતરિક્ષલોક તથા આ સ્થૂળ અન્નમય પાર્થિવ લોક, એ ત્રણે અમને શાન્તિ પ્રદાન કરે. અમને આત્મિક, માનસિક અને શારીરિક શાન્તિ પ્રાપ્ત થાઓ. વળી આ પાર્થિવ લોક તેના ત્રણે રૂપોમાં અસને શાન્તિ પ્રદાન કરે. આ બધું જળ, આ બધો રસ, આ બધાય પ્રાણો, આ લોકનાં દિવ્ય રૂપને માટે શાન્તિદાયક થાઓ. આ સોમાદિ ઔષધિઓ રોગોનું શમન કરનારી, અમારાં હૃદયને, અમારા મધ્યભાગને શાન્તિ દેનારી નીવડો. વળી આ બધી ખાવાને યોગ્ય વનસ્પતિઓ અમારા શરીરના પાર્થિવ અંશોનું સારી રીતે પોષણ કરનારી થાઓ. તેજ પ્રમાણે ત્રણે લોકના દેવો, ત્રણે લોકની અંદર પણ જે બીજા ત્રણ ત્રણ લોક છે ત્યાંના પણ તમામ દેવો, બધાજ અમારે સારૂ શાન્તિદાયક થાઓ. સઘળા જ્ઞાનમય દેવો અને તેમનું જ્ઞાન, બધુંજ જ્ઞાન, વેદજ્ઞાન, પરબ્રહ્મ અમને શાન્તિદાયક થાઓ. એ રીતે આ આખું 'ब्रह्म' બ્રહ્માંડ આખો સંસાર અને તેની અંદર જે સઘળું છે તે બધુંજ અમને સદા શાન્તિ પ્રદાન કરતું રહે. પરંતુ આ શાંતિ પણ સાચી શાંતિ હોવી જોઈએ. જૂઠી અથવા બનાવટી શાંતિ અમારે નથી જોઇતી. નિર્જીવતામાં જે શાંતિ દેખાય છે તે તો મૂડદાંની શાંતિ છે, તે અમારે ન જોઇએ. વળી અશાંતિને છુપાવવાને માટે જે કૃત્રિમ શાંતિનો ઢોંગ રચાય છે તે

જૂઠી શાંતિ પણ અમને ન ખપે. અમારે તો મૂળ સાચી શાંતિ જે જીવંત શાંતિ છે તેજ જોઇએ. એટલા માટે હે પ્રભો ! તમે અમને સદા એવીજ શાંતિ પ્રાપ્ત કરાવો—અમને વાસ્તવિક અને જીવંત શાંતિનું દાન કરો.

શબ્દાર્થ

(द्यौः) દ્યુલોક **(शान्तिः)** અમને શાંતિ આપે, **(अन्तरिक्षं)** અંતરિક્ષ લોક **(शान्तिः)** અમને શાંતિ આપે, **(पृथिवी)** આ પાર્થિવ લોક **(शान्तिः)** શાંતિ આપે, **(आपः)** જળ, પ્રાણ **(शान्तिः)** શાંતિ આપે, **(ओषधयः)** રોગનાશક ઔષધિઓ **(शान्तिः)** શાંતિ આપે, **(वनस्पतयः)** ખાવા લાયક વનસ્પતિઓ **(शान्तिः)** શાંતિ આપે, **(विश्वेदेवाः)** તમામ દેવો **(शान्तिः)** શાંતિદાયક થાઓ. **(ब्रह्म)** જ્ઞાન **(शान्तिः)** શાંતિ આપે, **(सर्वं)** બધુંજ **(शान्तिः)** શાંતિ આપે, **(शान्तिः)** તે શાંતિ પણ **(शान्तिः एव)** સાચી શાંતિજ હોય, **(सा)** તે, એવા **(शान्तिः)** શાંતિ **(मा)** મને **(एधि)** પ્રાપ્ત થાઓ.

अधिक फाल्गुन

द्वादश प्रधयश्चक्रमेकं त्रीणि नभ्यानि क उ तच्चिकेत ।
तस्मिन् साकं त्रिशता न शंकवो अर्पिताः षष्टिर्न चलाचलासः ॥
(ऋ. १-१६४-४८ ॥ अथर्व० १०-८-४)

વિનય

જુઓ, આ એક ચક્ર નિરંતર ફર્યાજ કરે છે, આંટા લીધાજ કરે છે. એમાં બાર **પ્રધિ**ઓ—અર્થાત્ બાર આરા છે. એમાં ત્રણ **નભ્ય** છે—અર્થાત્ એની ધરીની સાથે જોડાએલાં ત્રણ નાભિસ્થાન છે. એ ચક્રની અંદર ખીલાની જગ્યાએ ત્રણુસો ને સાઠ ચલાચલ અહોરાત્ર જડી દીધેલા છે. એ ચક્ર તે કયું તે તમે સમજી ગયા ? ફરી ફરીને ત્યાંનું ત્યાં આવે એવું એ ચક્ર છે. એના વર્ણન ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે, તે સંવત્સરના ચક્રને લાગુ પડે છે; કારણ કે તેમાં બાર આરાની જગ્યાએ બાર મહિના છે, જે બધો વખત ભ્રમણ કરતા કરતા પાછા ફરી ફરીને

આવ્યા કરે છે, જેમાં ઉનાળો, શિયાળો અને ચોમાસું એ ત્રણ મુખ્ય ઋતુકાળ, ત્રણ ચાતુર્માસ એક પછી એક ચાલ્યા આવે છે અને જેમાં ત્રણસો ને સાઠ રાત્રિદિવસ પોતાના ચક્રમાં ફર્યા કરે છે. પણ એ ચક્રના મૂળ રહસ્યને, એના ગૂઢ તત્ત્વને સમજનારા તો વિરલાજ છે. આ ‘કાળચક્ર’ શા પ્રયોજન નિમિત્તે ફર્યા કરતું હશે? અને એના ઉપર સ્વાર થએલો સમસ્ત સંસાર કયા લક્ષ્યસ્થાન તરફ ગતિ કરી રહ્યો છે? આ રહસ્યને સમજનારા આપણામાં કેટલા હશે? માટે એ ચક્રને ચલાવનારા, એના પ્રવર્તક કાળદેવને આપણે આજે ઓળખીએ, આપણા પ્રભુને આપણે ઓળખીએ. આપણે તેને ઓળખતા થઇએ એટલા માટેજ ત્રણસો ને સાઠ અહોરાત્ર દરરોજ આપણી આગળ આવીને ઉભા રહે છે, ચૈત્ર વૈશાખ વગેરે મહિના એટલા માટેજ આપણા જીવનમાં વારાફરતી આંટા માર્યા કરે છે, ત્રણે ઋતુઓનાં જોડકાં એટલા માટેજ આપણને પોતપોતાના અનોખા અનોખા અનુભવો ચખાડતાં ચાલ્યાં આવે છે. ત્યારે આવો, મારા ભાઇઓ, આજથી આપણે હવે પછી આવનારા વર્ષના ત્રણે મુખ્ય વિભાગોને આવીજ ઉંચી ભાવનાસહિત આવકાર દઇએ, એવાજ પવિત્ર લક્ષ્યસહિત આપણે પ્રત્યેક મહિનામાં પ્રવેશ કરીએ અને પ્રત્યેક અહોરાત્રને પણ એજ રીતે વ્યતીત કરીએ, જેથી કરીને આપણે તે ‘એક’ને ઓળખતા થઇએ. તે પરમ પ્રભુના સાંનિધ્યમાં જઇને ઉભા રહીએ. ॥ૐ॥

શબ્દાર્થ

(एकं) એક **(चक्रं)** ચક્ર છે, જેમાં **(द्वादश)** બાર **(प्रधय:)** આરા છે. **(त्रीणि)** ત્રણ **(नभ्यानि)** નાભિસ્થાન છે. **(तस्मिन्)** તે ચક્રમાં **(साकं)** સાથે સાથેજ **(शंकवो न)** ખીલાની જગ્યાએ **(त्रिशता षष्ठिर्न)** ત્રણસો ને સાઠ **(चलाचलास:)** ચળ અને અચળ દિવસ અને રાત્રિ, ચાલ્યા જનારા અહોરાત્ર **(अर्पिता:)** અર્પિત છે, જડી રાખ્યા છે. **(कः उ)** કોણ છે એવો જે **(तत्)** તે ચક્રના રહસ્યને **(चिकेत)** સમજતો હશે?

पुस्तकालय

અંદર જુઓ

प्रत्यङ् जनास्तिष्ठति सर्वतो मुखः

(यजु० ३२–४)

હે મનુષ્યો ! બધી બાજુ તરફ જેનું મુખ છે એવો
(અન્તરાત્મા) પ્રત્યેક મનુષ્યની સામે
પોતાનું મુખ રાખીને ઉભેલો છે.

[illegible]

ईश्वरनुं अनंत ऐश्वर्य

હે પરમેશ્વર! અમે તારા મહિમાને જાણતાજ નથી. તું મહાન છે. જ્ઞાનમાં, કર્મમાં, શક્તિમાં, પરિમાણમાં, વિસ્તારમાં-તમામ ગુણોમાં અતિ મહાન છે, અતિ અતિગણો મોટો છે, એવો અમને લગભગ હમેશાં અનુભવ મળતોજ રહે છે અને અમારા એવા અનુભવોનાં અમારા માનવબંધુઓની સમક્ષ અમે વખાણ પણ કરીએ છીએ. પણ તે છતાં હે પ્રભો! તમારા સંપૂર્ણ મહિમાને તો અમે સમજી શકીએજ કેવી રીતે! હે મઘવન્! અમે તમારા મઘવત્વને પૂરું ક્યાં ઓળખીએ છીએ? હે ઐશ્વર્યવાળા! અમે તારા ઐશ્વર્યવત્વનો, તારાં ઐશ્વર્યોનો પાર ક્યાં પામી શકીએ છીએ? સંસારનાં કોઇ કોઇ ઐશ્વર્યોને જોઇને અમે કલ્પના કરીએ છીએ કે, તારાં ઐશ્વર્ય આવાંજ, પણ આથી વધારે ભવ્ય હશે, આથી વધારે દિવ્ય હશે; પણ એ બધી અમારી કલ્પના માત્રજ છે. તારા ઐશ્વર્યનું વાસ્તવિક સ્વરૂપ તો કોણ જાણે કેટલું દિવ્ય, કેટલું અદ્ભુત હશે! વળી અમે કલ્પના કરીએ છીએ કે, તમામ સ્થાનોમાં-તમામ બ્રહ્માંડોમાં તારૂં આવું ને આવુંજ ઐશ્વર્ય સર્વત્ર વરસી રહ્યું હશે અને એજ પ્રમાણે ત્રણે કાળમાં-અનાદિ ભૂત અને અનંત ભવિષ્યમાં વરસતુંજ રહેશે. તારા ઐશ્વર્યનો આવો વિસ્તાર કેટલો અનંત અને કેટલો અદ્ભુત છે! એજ પ્રમાણે તારા *'**રાધસો**'નો, તારી સિદ્ધિઓનો, તારાં સફળતા અપાવનારાં સામર્થ્યોનો, તારાં કાર્યસાધક ઐશ્વર્યોનો અંત અમે મનુષ્યો શી રીતે પામી શકીએ? તારાં '**રાધસ્**' આવાં છે, તું આવી આવી રીતે સિદ્ધિ અપાવે છે એવો અમે તો વિચારજ કરતા રહી જઇએ છીએ અને એટલી વારમાં તો તું એક એકથી ચઢી જાય એવાં અદ્ભુત અને જેનો કદી પણ અંત ન આવે એવાં નવાં નવાં '**રાધસો**'-નવાં નવાં કાર્યસાધક સામર્થ્યો બહાર કાઢતોજ જાય છે અને દુનિયાને આશ્ચર્યમાં ગરકાવ કરતોજ જાય છે! હે ઇન્દ્ર! ખરેખર, અમે તારી ઇંદ્રિયોનો, તારા ઇન્દ્રપણાનો પાર નથીજ પામી શકતા. તેને અમે નથીજ સમજી શકતા. તારી ઇન્દ્રિયશક્તિ ઘણીજ ઉંડી છે, ઘણીજ ગંભીર છે, ઘણીજ ગહન છે. જે ઇન્દ્રિયો દ્વારા અમે કામ કરીએ છીએ, તે ઇન્દ્રિયોની માફક તારી ઇન્દ્રિયો દૃષ્ટિગોચર થાય એવી નથી. છતાં તું કોણ જાણે શી રીતે આ બ્રહ્માંડને હલાવી-ચલાવી રહ્યો છે, દરેક વસ્તુની અંદર તેમાં અંતર્યામી બનીને કેટલી બધી અદ્ભુત રીતે જરા પણ ભૂલ વગર તારૂં કામ કર્યેજ જાય છે? અહોહો! તારી શક્તિ અસીમ છે! હે ઇન્દ્ર! તારાં '**રાધસો**' અગાધ છે, તારાં ઐશ્વર્ય અનંત છે, તારો મહિમા અપાર છે.

(આ ગ્રંથમાંથી)

---

* **રાધસ:**=કાર્યસાધક ઐશ્વર્ય